THE INDIAN PENALCODE
OR
The Criminal Law Of India.
ACT NO. 45 OF 1860.

(WITH AMENDMENTS UPTO DATE AND GUJARATI COMMENTORY.)

Origianlly Compiled By

The Late

Mr. Bhogilal Punjabhai Shah

B. A. L. L. B.

(Sometime Dakshina Fellow Gujarat College.)

AND

Chaturbhuj Mankeshwar Bhatt

Pleader, Ahmedabad and Mahikantha Agency.

Revised and brought upto date

by

Chaturbhuj Mankeshwar Bhatt.

Late Judicial Secretary and Sessions Judge Idar State

Now Pleader **Sadra.** (Mahikantha.)

Published by

Mahadev Ramchandra Jaguste,

Three Gats--**AHMEDABAD.**

Edition 2nd. Copies 1000.

Samvat 1972. A. D. 1916.

Price Rs. 7 Seven.

Printed by

Motilal Kalidas Patel,

Manager, Shri "**Satyanarayan**" Printing Press,

Near Civil Hospital, Panabhai's Vadi,

AHMEDABAD.

ઇન્ડીયન પીનલકોડ.

અથવા

હિંદુસ્થાનનો ફોજદારી કાયદો.

સને ૧૮૬૦ નો ઍકટ ૪૫ મો.

જેમાં આજદીન સુધીના તમામ સુધારા વધારા સામીલ કર્યા છે.

તૈયાર કરનાર,

મર્હુમ મી. ભોગીલાલ પુંજાભાઈ શાહ.

બી. એ; એલ. એલ. બી.

(કેટલોક વખત ગુજરાત કૉલેજના દક્ષિણ ફેલો.)

અને

ચતુર્ભુજ માણકેશ્વર ભટ્ટ,

વકીલ, અમદાવાદ અને મહીકાંઠા એજન્સી.

સુધારો કરનાર,

ચતુર્ભુજ માણકેશ્વર ભટ્ટ.

ઇડર સ્ટેટના માજી જુડીશીયલ સેક્રેટરી અને સેશન્સ જજ

હાલમાં વકિલ સાદરા. (મહીકાંઠા.)

છપાવિ પ્રસિદ્ધ કરનાર,

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે,

કાયદાના ખાસ બુકસેલર અને પબ્લીશર

ત્રણ દરવાજા—અમદાવાદ.

સંવત ૧૯૭૨. સને ૧૯૧૬.

આવૃત્તિ બીજી. પ્રત ૧૦૦૦.

કીંમત રૂ. ૭-૦-૦.

શ્રી "સત્યનારાયણ" પ્રિન્ટિંગ પ્રેસમાં
પટેલ મોતીલાલ કાળીદાસે છાપ્યો.
ઠે. સીવીલ હસ્પીતાલ સામે, પાનાભાઇની વાડીમાં—**અમદાવાદ.**

To,

Colonel J. R. B. G. Carter

I. A; J. P.

Political Agent, MAHIKANTHA.

This Book is respectfully dedicated

with kind permission

in token of

grateful remembrance, of the keen interest shown by him, for spread of Education in this Agency and for his earnest desire for the general advancement of the people of Mahikantha.

By the author.

મહેરબાન કર્નલ જે. આર. બી. જી. કાર્ટર

સાહેબ બહાદુર.

આઇ. એ; જે. પી.

પોલીટીકલ એજંટ, મહિકાંઠા.

મહિકાંઠામાં કેળવણીના વિસ્તાર માટેની કાળજી અને મહિકાંઠાની પ્રજાના હીતની વૃદ્ધી માટેની ઇચ્છાના સ્મરણાર્થે ઘણા માનની સાથે, પરવાનગીથી, ગ્રંથકર્તા તરફથી આ પુસ્તક એઓ સાહેબને અર્પણ કરવામાં આવે છે.

ગ્રંથકર્તા.

શ્રી "લક્ષ્મી" પ્રીન્ટીંગ પ્રેસ પાનકોરના નાકે અમદાવાદ.

બીજીઆવૃત્તિની

પ્રસ્તાવના.

આ ટીકાવાળા પીનલકોડની પ્રથમ આવૃત્તિ સને ૧૯૦૩ માં પ્રસિદ્ધ કરવામાં આવી હતી. જૂદાં જૂદાં દેશી રાજ્યોની કૉર્ટોમાં તેમજ એજન્સી કૉર્ટો અને ઇંગ્રેજીના જેવી ને જેટલીજ ટીકાની અગત્ય ગુજરાતીમાં પણ જોવા ઇચ્છનારા માજીસ્ટ્રેટો અને વકિલોમાં પ્રથમ આવૃત્તિની પ્રતોની માગણી જો કે બહુજ ધીમી ધીમી પણ સતત ચાલુ જોવામાં આવ્યા ઉપરથી એમાંની ટીકાનું ઉપયોગીપણું સમજાવા લાગેલું જણાય છે.

આમાં સાદી સરળ ભાષામાં, અમુક કલમ ઉપર હિંદુસ્તાનની જૂદી જૂદી હાઇકોર્ટોએ મૂકેલા અર્થ, ચૂકાયલા મુકદમાદ્વારા સમજાવવામાં આવ્યા છે. અને તેમાં ઇન્ડીયન લૉ રિપોર્ટ સીરીઝ, તેમજ પંજાબ અને બ્રહ્મદેશની મુખ્ય કોર્ટોના ફેંસલા પણ દાખલ કરેલા છે. તેમજ જ્યાં જ્યાં જરૂરના લાગ્યા ત્યાં ત્યાં ઈંગ્લંડની કૉર્ટોના ફેંસલા પણ દૃષ્ટાંત તરીકે ટાંકેલા જોવામાં આવશે.

પ્રથમ આવૃત્તિમાં મ્હારા વિદ્વાન મિત્ર મર્હુમ મી. ભોગીલાલ પુંજાભાઇની સંપૂર્ણ મદદ વડે ટીકા પૂરી કરાઈ હતી. અને તે મર્હુમ શેઠ સવાઇભાઇ રાયચંદે પ્રસિદ્ધ કરી હતી. મી. ભોગીલાલનો દેહાંત થવાથી આ બીજી આવૃત્તિમાં છેલ્લાં બાર વર્ષમાં જૂદી જૂદી હાઇકૉર્ટોએ ચૂકવેલા ફેંસલાઓ દાખલ કરવાનું કામ મ્હારે માથે આવી પડયું છે ને તેમ કરતાં સુમારે સો પાનાં જેટલું છાપેલું મેટર આ આવૃત્તિમાં વધી પડેલું છે; તેમજ મર્હુમ શેઠ સવાઇભાઇ રાયચંદના પુત્ર મી. કેશવલાલે બીજી આવૃત્તિ છાપવા ઇચ્છા ન બતાવ્યાથી એ કામ અમદાવાદના સુપ્રસિદ્ધ પબ્લીશર **મી. ગોવિંદરાવ મહાદેવ રામચંદ્ર**ને સોંપવું પડયું છે. અને તેમણે આ બીજી આવૃત્તિમાં સો પાનાં જેટલું લખાણ વધી પડવા છતાં પ્રથમ થનારા ગ્રાહકો પાસેથી લેવાની કીંમતમાં વધારો કર્યો નથી.

આ પુસ્તકમાં ઇન્ડીયન લૉ રિપોર્ટ સીરીઝ, તથા બૉમ્બે લૉ રિપોર્ટર તેમજ રાજકોટના સુપ્રસિદ્ધ કાયદાના પ્રસિદ્ધ કર્તા મી. રતનજી માધવજી ધ્રુવના ગુજરાતી ક્રીમીનલ લૉના પુસ્તકમાંથી તેમજ મેસર્સ રતનલાલ અને ધીરજલાલના (ઇંગ્રેજી) લૉ ઑફ ક્રાઇમ્સ, મી. મેનના (ઇંગ્રેજી) ક્રીમીનલ લૉ, મદ્રાસના મી. સંજીવરાવના સને ૧૮૩૬ થી ૧૯૧૦ સુધીના ઑલ ઇન્ડીયા ડાઇજેસ્ટ; વડોદરાના મી. બી. આર. દેસાઇના ૧૮૧૧ થી ૧૯૧૦ સુધીના સેનચરી ડાઇજેસ્ટમાંથી તેમજ મી. ત્રીકમલાલ રણછોડલાલ દેશાઈના સુપ્રસિદ્ધ ઈંગ્રેજી માસીક " લૉયર " માંથી વધારાની ટીકા દાખલ કરવામાં મને મદદ મળી છે તેથી તે વિદ્વાન પ્રસિદ્ધ કર્તાઓનો ઉપકાર માનું છું.

આ પુસ્તકોમાં કવચિત્ ભૂલો જોવામાં આવે તો તે સુધારીને વાંચવા વિનંતી છે. પુસ્તકને વધારે ઉપયોગી બનાવવા કંઈ સુચનાઓ કરવામાં આવશે તે ઉપકાર સાથે સ્વીકારવામાં આવશે.

સાદરા.
(મહિકાંઠા.)

ચતુર્ભુજ માણેકેશ્વર ભટ્ટ.

અનુક્રમણિકા.

બાબ ૩ જો.

શીક્ષા બાબત.

બાબ ૪ થો.

સાધારણ અપવાદ.

ખાનગી બચાવના હક બાબત.

બાબ ૫ મો.

મદદગારી બાબત.

બાબ ૬ ઠો.

રાજ્ય વિરૂદ્ધ ગુન્હાઓ બાબત.

બાબ ૭ મો.

જમીનપરની તથા દરીઆઇ ફોજ સંબંધી ગુન્હાઓ બાબત.

બાબ ૮ મો.

લોકની સમાધાની વિરૂદ્ધ ગુન્હાઓ બાબત.

બાબ ૯ મો.

સરકારી નોકરોના અથવા તેઓ સંબંધી ગુન્હાઓ બાબત.

બાબ ૧૦ મો.

સરકારી નોકરના કાયદેસર અખ્તીઆરના તીરસ્કાર બાબત.

બાબ ૧૧ મો.

ખોટા પુરાવા તથા સરકારી ઇન્સાફ વિરૂદ્ધ ગુન્હા બાબત.

બાબ ૧૨ મો.

સીકકા તથા સરકારી સ્ટાંપ સંબંધી ગુન્હાઓ બાબત.

બાબ ૧૩ મો.

કાટલાં તથા માપ સંબંધી ગુન્હા બાબત.

બાબ ૧૪ મો.

લોકની તંનદુરસ્તી, સલામતી, અનુકુલતા, લજ્જા તથા નીતિ સંબંધી ગુન્હાઓ બાબત.

બાબ ૧૫ મો.

ધરમ સંબંધી ગુન્હાઓ બાબત.

બાબ ૧૬ મો.

માણુસના શરીર સંબંધી ગુન્હાઓ બાબત.—જીંદગી સંબંધી ગુન્હાઓ બાબત.

ગર્ભપાત કરવા, નહી જન્મેલાં બચ્ચાંઓને નુકશાન બાબત; બચ્ચાંઓને ખુલ્લાં મુકવા બાબત તથા જન્મ છુપાવવા બાબત.

વ્યથા બાબત.

જબરાઈથી કઢાવવા બાબત.

અપહરણ અથવા ડાકાઇટી બાબત.

મીલકતના સાપરાધ ખોટા ઉપયોગ બાબત.

સાપરાધ વિશ્વાસઘાત બાબત.

ચોરીની મીલકત લેવા બાબત ઠગાઈ.

ઠગાઈ બાબત.

દગાનાં ખતો તથા મીલકતની વ્યથા બાબત.

બીગાડ બાબત.

સાપરાધ પ્રવેશ બાબત.

બાબ ૧૮ મો.

લેખ સંબંધી તથા વ્યાપારના અથવા મીલકતની નીશાનીઓ સંબંધી ગુન્હાઓ બાબત.

બાબ ૧૯ મો.

નોકરી કરવાના કરાર તોડવાના ગુન્હા બાબત.

બાબ ૨૦ મો.

લગ્ન સંબંધી ગુન્હાઓ બાબત.

બાબ ૨૧ મો.

આબરૂ લેવા બાબત.

બાબ ૨૨ મો.

સાપરાધ ધમકી તીરસ્કાર તથા દુઃખ બાબત.

બાબ ૨૩ મો.

ગુન્હા કરવાની કોશીશ બાબત.

શાક પાક પકવાન શાસ્ત્ર.

મનુષ્ય જીંદગી નીભાવવાને ખોરાક, એ મુખ્ય ચીજ છે, પરંતુ જો તે રીતસર તૈયાર કરવામાં ન આવે તો દેહને પોષણ કરવાને બદલે ચુક, સુળ, ઉલટી, આફરો, ઝાડો, મરડો, અજીર્ણ વિગેરે અનેક દરદો ઉત્પન્ન કરે છે અને તેથી ખોરાક કેવી રીતે તૈયાર કરવો તેનું જ્ઞાન ધંધાનાં માહિતગારો પાસેથી મેળવી આપવામાં આવ્યું છે. આમાં દક્ષણી, મદ્રાસી, બંગાલી, અને પંજાબી રીત રીવાજના શાક પાક પકવાન, મુરબ્બા, અથાણા, ભાતો, કઢીઓ, ચટણી અને મસાલાદિ ૫૫૦ વિષયનો સંગ્રહ છે. દરેક સ્ત્રી પુરૂષોને ખાસ એકવાર વાંચવાની ભલામણ છે. ગ્લેજ કાગળ પાકું સોનેરી પુંઠું. કિ. ૧ રૂ. પોષ્ટેજ બે આના.

શારંગધર સંહિતા. આ ગ્રંથ સરળ ગુજરાતીમાં છે. આ એક વૈદ્યકનો સંપ્રમાણ અને વિશ્વાસપાત્ર ગ્રંથ છે જેથી કોઇને કશી વાત પુછવાની જરૂર પડતી નથી પૃષ્ઠ સંખ્યા ૬૮૦ છે કિ. ૩ રૂ.

વ્યાપાર શીક્ષક—(વેપાર શીખવનાર સાચો સલાહકાર) ટુંક સમયમાં જુદા જુદા વેપારો વિષે માહિતી આપનારૂં આ એક ઉત્તમ પુસ્તક છે. એકજ હાથે સો પચાસ વેપાર કરનાર સારૂ આ પુસ્તક વાંચવાની ખાસ જરૂર છે, આમાં જુદા જુદા ૪૦૦ વિષયોની ઘણીજ સારી માહેતી આપેલી છે. વરસો વરસ ગુમાસ્તી કર્યા છતાં જે ખરા વેપારી રહસ્યો સમજાતાં નથી તે આથી સહેજમાં સારા સમજાય છે. પાકું પુઠું કિં. ૧—૮—૦ પોસ્ટેજ ૦—૪—૦

ભવીષ્ય ફળ—જેમાં રૂ. સુતર, અફીણ, ચાંદી, ઘઉં, અલસી, સરસવ, તલ, ઘી, ગોળ, વિગેરે દરેક વસ્તુની તેજી મંદી તથા સુકાળ દુકાળનો નિર્ણય દર્શાવ્યો છે, કિંમત રૂ. ૦—૨—૦ બહારગામવાળાઓએ ટપાલ ખર્ચ સહિત ૦—૩—૦ ની પોષ્ટની ટીકીટ મોકલાવવી.

રામાયણ—ગોસ્વામી શ્રી તુલસીદાસજી કૃત. (ગુજરાતીમાં) શ્રી રામાયણ એ શાસ્ત્રનું શાસ્ત્ર છે, ઇતિહાસનો ઇતિહાસ છે અને જ્ઞાન તેમજ ઉપદેશથી અક્ષરે અક્ષર રસમય બનેલું વાર્તામય વાંચન છે. આ તુલસીદાસની રસમય વાણીથી રચેલું છે કે તેનું રસામૃત પાન કરતાં ભકતોના હૃદય ડોલવા લાગે છે અને ભક્તિ રસથી ઉછળી ઉછળીને ઉભરાઇ જાય છે. બાળબોધ ન જાણનારા સારૂ આનો મુળ ભાગ પણ ગુજરાતી અક્ષરમાંજ રાખેલો છે જેથી થોડું ભણેલા સ્ત્રી પુરૂષો તુલસીદાસની અમુલ્ય વાણી ઘણીજ સહેલાઇથી વાંચી સમજી શકે છે. ઉંચા કાગળ પાકું સોનેરી પુઠું ૬||x૯|| ઇંચ લાંબા મોટા ૧૧૪૦ પૃષ્ટ છતાં કિ. રૂ. ૩—૦—૦ પોષ્ટેજ ૧૨ આના.

સ્પર્શકાન્ત—આ પુસ્તક સંસાર સાગરમાંથી તરવા એક નૌકારૂપ છે. આ પુસ્તકમાં સંસાર વ્યવહારમાંજ રહિ કૈવલ્ય પદનો માર્ગ દેખાડેલો છે. વિશેષમાં ધાર્મીક બાબતો દૃષ્ટાન્ત સીદ્ધાન્ત રૂપે આપેલી હોવાથી ગમે તેવા અજ્ઞાન સ્ત્રી પુરૂષોને પણ ગમત, ગોષ્ટી સાથે જ્ઞાન થાય છે, જેથી વાંચતાં મુદ્દલ કંટાળો આવતો નથી વિશેષ ખાત્રી પુસ્તક વાંચવાથીજ થશે છતાં કિંમત માત્ર રૂ. ૨|| પોષ્ટેજ ૪ આના.

પ્રવીણ સાગર—(ગુજરાતી ટિકા સહિત) આખો ગ્રંથ આશુક માશુકની ખરેખરી પ્રેમ મહીમાથીજ વર્ણવેલો છે, સાથે નાયક નાયકના ભેદ, નાના વિધ અલંકારથી રસમય વાણી વડે વર્ણવેલાં છે. ટુંકામાં જેમ કલ્પવૃક્ષ તળે જે ઇચ્છા રાખીએ તે તેને મળે છે તેમ આ ગ્રંથમાંથી જેને જે ઇચ્છા થાય તેમ પામશે. ભોગી પુરૂષો આ ગ્રંથમાંથી ભોગ વિલાસ પામશે; યોગીજનો યોગ વિદ્યાને પામશે; તેમજ પ્રેમીજનો પ્રેમ લીલાને પામીને મનમાં હર્ષ લાવશે, કવિયો રસ અલંકાર અને છંદોને પામશે, ચતુર પુરૂષો ચતુરાઇને પામી રાજી થશે. ૮૪ લેહેરો તથા ૧૦૪ ચિત્ર કાવ્ય સાથે ગ્લેજ ઉંચા કાગળ પાકું સોનેરી પુઠું પૃષ્ટ ૮૭૫ છતાં કિં. ૨|| રૂ. પો. ૬ આના.

મહા ભારથ—વ્યાસ વલ્લભરામ સુરજરામ કૃત (વાર્તારૂપે) કથા કહેવામાં પંકાએલા વ્યાસ વલ્લભરામની રસિક વાણીથી કોઇ ભાગ્યેજ અજાણ્યું હશે. તેમનું રચેલું ભારત અતિ રસિક અને મનવાંચ્છીત ફળ આપનારૂં છે. ઉત્તમ ચિત્રો ૬॥×૯॥ ઈંચિ લંબાઇ પહોળાઇવાળાં ૯૨૪ પૃષ્ટનું મોટું કદ હોવા છતાં કીંમત રૂ. ૨–૮–૦ પોષ્ટેજ ૦–૮ જુદા.

લતા અને લલીતા—(ભા. ૧–૨–૩ જો.) આ એક સંસારીક સચીત્ર નવલ કથા છે. સંસારિક વિચીત્રતાના કેવા કેવા પ્રસંગો બને છે તેની બીના આમાં ઘણીજ અસરકારક છે, પુસ્તક એક વાર વાંચવા લીધા પછી તે પુરૂં કર્યા વગર મુકાતું નથી. ગ્લેજ ઉંચા કાગળ ફોટોગ્રાફીક આઠ સુંદર ચિત્રો સહિત પાકુ સોનેરી પુઠું દરેક ભાગની કિં. ૧૨ આના મુજબ કુલ રૂ. ૨॥.

નૂતન હુન્નર સાગર જાતિ અનુભવ તેમજ વિવિધ ગ્રંથોના આધારે આ પુસ્તકમાં વિવિધ વિષયો ઉપર ઘણીજ લંબાણથી માહેતી આપેલી હોવાથી ગમે તેવો અજ્ઞાન માણસ પણ આ પુસ્તક વાંચવાથી હુન્નર શીખી શકે છે, આમાં જુદી જુદી જાતનાં ૧૩૦૦ હુન્નર છે, શીખાઉ તેમ અજ્ઞાન માણસોને આ ઘણુંજ ઉપયોગી થાય તેમાં નવાઇ નથી. ગ્લેજ ઉંચાં કાગળ. પાકું સોનેરી પુઠું. પૃષ્ટ ૩૫૦ હોવા છતાં માત્ર કીં. રૂ. ૨) બે, પોષ્ટેજ ૩ આના જુદા.

શંકરાચાર્ય દ્વાદશ રત્ન. મુળ શ્લોક, ટીકા તથા ઘણાજ વિસ્તારથી વિવેચન સાથે. આમાં શંકરાચાર્યનાં વેદાન્ત વીષયથી છલોછલ ભરેલ બાર સ્તોત્રો છે. વેદાન્ત વિષયમાં શંકરાચાર્ય શ્રેષ્ટ પંકતી ધરાવે છે તો પછી તેમના સ્તોત્રોની પ્રશંસા શું થઇ શકે ? આમાં વેદાન્ત વીષય એટલો નીપુણ છે કે તેને મુખાગ્રહ કરતાં પણ તેની ભુખ ભાંગતી નથી. પાકું સોનેરી પુંઠું ઉંચા કાગળ કીં. ૧॥ રૂ. પોષ્ટેજ ૩ આના.

નવ-દંપતીને શિખામણ.—અજ્ઞાન, વહેમ, ખરાબ સોબત, કુટેવો, વિહારનો અતિયોગ, સ્ત્રીઓની આરોગ્ય સંબંધી અણસમજ, વાંઝીયાપણું, જુવાન વયમાં થતાં અનેક ભયંકર તથા ગુપ્ત દર્દો, ગર્ભ સંચાર પ્રસવ અને બાળકની માવજત સંબંધી અજ્ઞાન વગેરે કારણથી દુઃખી થતાં પતિ–પત્નીઓએ આ પુસ્તક પોતાના નિત્યના મિત્ર તરીકે સાથે રાખવું જોઇએ. દુઃખી ગૃહ સંસારને સુખી બનાવવા અને શરીરને નીરોગી રાખવા માટે આ પુસ્તક પ્રત્યેક પરણેલા પુરૂષ કે સ્ત્રી પાસે હોવું જોઇએ. પાકું પુંઠું, મૂલ્ય રૂ. ૧॥.

કાશ્મીર અને કેસરી. હિંદુસ્થાનનાં નેપોલીયન રણજીતસિંહ તથા અફઘાનોની ઝપાઝપીનું હૃદય ભેદક વર્ણન એક મુસલમાન અબળાના પવીત્ર વિચાર વાંચી મનન કરવા યોગ્ય છે. ઉંચા કાગળ પાકું પુંઠું છતાં કિંમત ૧ રૂ.

ઇંગ્રેજી થોડું ભણેલા માટે નવી સગવડ.

આજ સુધીમાં પ્રગટ થએલાં આવી જાતનાં ગુજરાતી અંગ્રેજી પત્રવ્યવહાર કરવાની સમજણ આપનારાં પુસ્તકોને ટક્કર મારે તેવું આ પુસ્તક છે.

ધી એંગ્લોહીંદ કોરસ્પોન્ડન્સ.

આ એકજ પુસ્તક છે કે જે હમેશાં પત્ર વ્યવહાર કેમ કરવો તેમજ ગુજરાતી તથા અંગ્રેજી ચીઠ્ઠી પત્રીઓ સ્નેહીઓ, સગા વહાલા વગેરે અરજીઓ, ભલામણ પત્રો, વ્યાપારીઓ, વગેરેને લગતા, રેલ્વે પોષ્ટ વીગેરે મંદવાડ મરણ તથા દીલસોજી પત્રો, માફી પત્રો, સરકારી કામ, ચાંદ, ખેતાબ, પદવીઓ અને પત્ર વ્યવહારમાં વપરાતા ટુંકા અક્ષરોની સમજણ વગેરે ઘણી બાબતો છે. પૃષ્ટ ૩૧૦ છતાં કિંમત રૂ. ૧–૪–૦, પોસ્ટેજ માફ.

પ્રેકટીસ ઓફ મેડીસીન—અથવા (**ઔષધોનો અનુભવ**) ચાલુ સમયમાં વૈદ્યવિદ્યા પારંગત—વિદ્વાનોએ લાંબી શોધનાં અંતે એવું સિદ્ધ કર્યું છે કે જ્યારે કેટલાક દરદો ટાળવાને અનાર્ય (ઇંગ્રેજી) ઔષધો અપૂર્વ છે ત્યારે વળી કેટલાંક દરદો માટે (સ્વદેશી) ઔષધો **રામબાણ** છે. અને તેથી જેઓ વૈદ્યકીય ધંધામાં પુર્ણ કુશળતા ધરાવવાને ઇચ્છતા હોય તેમને દેશી વિદેશી બન્ને પુર્ણપણે જાણવાની ખાસ અગત્ય છે, આમાં તે ખોટ પુરી પાડેલી હોવાથી ગમે તે માણસ કોઇની મદદ શિવાય સ્વતંત્રપણે નાના શહેર યા ગામમાં વૈદ્યકીય દવાખાનું સારી રીતે ચલાવી શકે છે. કદ ૬।।x૯।। ઇંચ લાંબી પહોળાઈના ૧૧૨૦ પૃષ્ઠ ગ્લેજ ઉંચા કાગળ પાકું સોનેરી પુંઠું છતાં કિ. રૂ. ૬ પોષ્ટેજ ૯ આના.

પિશાચ—મંદિર—રેનોલ્ડઝના ઑાઝ સ્ટેચ્યું પુસ્તકના આધારે આ પુસ્તક લખવામાં આવેલું છે. આમાં ચમત્કારીક ભેદ ભરમો એવા હૃદય દ્રાવક અને આકર્શક આપેલા છે કે એકવાર વાંચવા લીધા પછી તે સંપૂર્ણ વાંચ્યા શિવાય મુકાતું નથી એટલુંજ નહી પણ આ પુસ્તક પહેલીજવાર વાંચતાં પાત્રો પ્રત્યે જે ભાવ ઉત્પન્ન થાય છે તેજ ભાવ બીજીવાર વાંચતાં ઘણો સ્પષ્ટ થતો હોવાથી જે સંવાદો અરસપરસ થાય છે તે એવા આકર્શક જણાય છે કે તે વાંચવાથી ગલપચી થાય છે અને તેટલાજ માટે તેના મુળ લેખક આ પુસ્તકને બે વાર વાંચવા ખાસ ભલામણ કરે છે. પુસ્તકમાં સુંદર આકર્શક ફોટોઝીકોનાં પાંચ ચિત્રો આપેલા છે. આજેજ મંગાવી ખાત્રી કરો. પાકું પુઠું લગભગ ૨૫૦ પૃષ્ટ છતાં કિ. રૂ. બે.

મળવાનું ઠેકાણું:—

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

ત્રણ દરવાજા—**અમદાવાદ.**

ચતુરભુજ માણકેશ્વર કૃત પુસ્તકો.

રત્નગ્રંથિ અથવા ટુંકી વારતાઓ—કિ. રૂ. ૦—૮—૦

આ પુસ્તક મુંબઇ ઇલાકાની પ્રાથમીક અને એંગ્લોવર્નાકયુલર સ્કુલોમાં લાઇબ્રેરી માટે તથા નામદાર ગાયકવાડ સરકારમાં ઈનામ તથા લાઇબ્રેરી માટે મંજુર થયેલું છે. ગુજરાતના વિદ્વાનોએ તેમજ છાપાએ ઉત્તમ અભિપ્રાયો આપેલા છે. અભિપ્રાયોનું ચોપાનીયું લખવાથી મોકલવામાં આવે છે.

સ્ત્રીગીતા અથવા **વીજળી ગામડીયણ** (ગુજરાતી પંચની બીજા વર્ષની ભેટ) એક અદ્દભૂત સંસારી નવલકથા બીજી આવૃતી છપાય છે. કી. રૂ. ૧—૦—૦

સુવર્ણકુમારી—પૂર્વનો વર્ણાશ્રમ ધર્મ પુનઃ પ્રાપ્ત પેટા જ્ઞાતિઓ એકીકરણનો એક પ્રયત્ન.

સાંજ વર્તમાન લખે છે કે × × × હાલના જ્ઞાતિબંધનના ત્રાસનું વીવેચન પણ ઘણું સરસ લખ્યું છે......આવી નવલકથા હીંદુ સંસારનું ગાડું આગળ ખેંચવા માટે આવશ્યક છે.

પદ્મકુમારી—અથવા આધુનીક નાટકોનો ઉદ્દેશ શો દેખાય છે, શો હોવો જોઇએ. પ્રથમ ભાગ કી. રૂ. ૦—૧૨—૦ બીજો ભાગ છપાય છે.

કાયદાનાં પુસ્તકો.

મુંબઇનો મામલતદારની કોર્ટનો એકટ. સને ૧૯૦૬ નો બીજો ગુજરાતીમાં શુદ્ધ સરલ ટીકા સાથે કી. ૦—૧૨—૦.

ઈન્ડીયન પીનલકોડ, અથવા હીંદુસ્થાનનો ફોજદારી કાયદો ગુજરાતી સંપૂર્ણ ટીકા ઇગ્લાંડ તેમજ હીંદુસ્થાનની તમામ કોર્ટોના ફેંસલા સુધારા વધારા તથા ક્રીમીનલ પ્રોસીજરના પરિશિષ્ટ સાથે કીંમત રૂ. ૭.

મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

કાયદાના ખાસ બુકસેલર, ત્રણદરવાજા—**અમદાવાદ.**

ACT NO. XLV OF 1860

હિંદુસ્તાનનો ફોજદારી કાયદો.

પીનલકોડ ટીકા સાથે.

સન ૧૮૬૦ નો આકટ ૪૫ મો.

જેમાં

આજદીન સુધીના તમામ સુધારાના આકટોથી સુધારો કરી લેવામાં આવ્યો છે.

નીચે લખેલો આકટ હિંદુસ્થાનની કાયદા કરનારી સભાએ પસાર કર્યો તે રાઈટ ઓનરેબલ ધી ગવર્નર જનરલે સને ૧૮૬૦ ના અકટોમ્બર મહીનાની ૬ ઠી તારીખે મંજુર કર્યો, અને સર્વે લોકોને જાણ થવા સારૂ અત્રે પ્રસિદ્ધ કર્યો છે.

બાબ ૧ લો.

કારણ. બ્રિટીશ ઇંડીઆને માટે એક સામાન્ય ફોજદારી કાયદો કરવો યોગ્ય છે માટે નીચે મુજબ ઠરાવ્યું છે.

આ આકટનું નામ 'હિંદુસ્તાનનો ફોજદારી કાયદો' અને 'હિંદુસ્તાનનો રાજકારભાર વધારે સારી રીતે ચલાવવા બાબતનો આકટ' એ નામના વિકટોરીઆના રાજના ૨૧ મા તથા ૨૨ મા વર્ષમાં કરેલા કાયદાના બાબ ૧૦૬ ઉપરથી રાણી સાહેબને હાથ જે મુલક આવ્યો છે અથવા આવે તે સઘળા મુલકમાં.

કાયદાનું નામ તથા એ કયાં કયાં અમલમાં આવશે.

ટીકા—આ કલમમાં હાલમાં મુકી દીધેલા શબ્દો, રદ કરનારા ૧૮૯૧ ના ૧૨ મા આકટની કલમ ૧ લી તથા ૨ જીથી રદ કરવામાં આવ્યા છે.

કાયદો હિન્દુસ્તાનને લાગુ પાડયાનો ઇતિહાસઃ—પહેલું ઇન્ડીયન લૉ કમીશન કે જેનો પ્રેસીડેન્ટ લૉર્ડ **મેકોલે** હતો તે કમીશને હિંદુસ્તાનના ફોજદારી કાયદાનો મુસદ્દો કરીને સને ૧૮૩૭ માં હિંદુસ્તાનના ગવર્નર જનરલ ઈન કાઉન્સીલની આગળ રજુ કરવામાં આવેલો. પરંતુ કેટલીક અડચણોને લીધે તે મુસદ્દો ૨૦ વર્ષ ઉપરાંત સુધી મોકુફ રાખવામાં આવેલો, અને છેક સને ૧૮૬૦ ની સાલમાં તેને હિંદુસ્તાનની સ્ટેચ્યુટ બુકમાં કાયદા તરીકે દાખલ કરવામાં આવ્યો.

સને ૧૮૬૦ પેહેલાં મુંબાઈ, કલકત્તા અને મદ્રાસ એ ત્રણ શેહેરોમાં ઇગ્રેજાંનો ફોજદારી કાયદો, કેટલાક એકટોથી સુધારી વધારી ફેરફાર કરીને, અમલમાં મુકવામાં આવેલો હતો. પરંતુ એ ત્રણ શેહેરો સિવાયના ઈલાકાના અંદરના ભાગમાં ઇન્સાફની કોરટો મુખ્ય કરીને મુસલમાની ફોજદારી કાયદાને અનુસરીને અમલ કરતી હતી, જો કે તે કાયદાની કેટલીક મોટી મોટી દેખીતી ભુલો સ્થાનિક સરકારોએ રેગ્યુલેશનો (કાયદાઓ) કરીને દુર કરવાની કેટલેક અંશે કોશીશ કરી હતી.

સને ૧૮૨૭ માં મુંબાઇની ન્યાયની રીતિ પૂર્ણ રીતે સુધારવામાં આવી, અને તે વખતથી ફોજદારી ઇન્સાફની કોરટોને અમલમાં મુકવાનો કાયદો એક રેગ્યુલેશન (સને ૧૮૨૭ નો રેગ્યુલેશન ૧૪ મો) કરીને બાંધવામાં આવ્યો; તે ૧૪ મા રેગ્યુલેશનમાં ગુન્હાઓની વ્યાખ્યાઓ આપવામાં આવી છે. અને દરેક ગુન્હા બદલ કરવાની સજાઓ બતાવવામાં આવી છે. પરંતુ મદ્રાસ અને કલકત્તા ઇલાકાઓમાં તો જ્યાં સુધી હિંદુસ્તાનનો ફોજદારી કાયદો (ઈન્ડીયન પીનલકોડ) અમલમાં મુકાયો ત્યાં સુધી મુસલમાની ફોજદારી કાયદો ચાલતો હતો.

કાયદો લાગુ પાડયાની તારીખઃ—ઇન્ડીયન પીનલકોડ સને ૧૮૬૨ ના જાન્યુઆરીની ૧ લી તારીખથી હિંદુસ્તાનને લાગુ પાડવામાં આવ્યો. પ્રથમ તે કાયદો સને ૧૮૬૧ ના મેએ માસની ૧ લી તારીખથી લાગુ પાડવાનો હતો, પરંતુ તે તારીખ પાછળથી ફેરવવામાં આવી હતી એવું વિચારીને કે લોકોની જાણને માટે તે કાયદાનો દરેક ભાષામાં તરજુમો કરીને પ્રસિદ્ધ કરવામાં આવે તે પહેલાં, તથા દેશી ન્યાયાધિકારીઓને તથા બીજા અમલદારોને તે કાયદો સારી રીતે સમજવાનો પુરતો વખત મળે તે પેહેલાં જે કાયદાથી આખા દેશનો ફોજદારી કાયદો બદલાઈ જાય તેવો કાયદો અમલમાં મુકવો તે વ્યાજબી અને યોગ્ય થશે નહી.

જે મુલકોને ઇન્ડીયન પીનલકોડ લાગુ પાડવામાં આવ્યો છે તેઃ—વિકટોરિયાના રાજના ૨૧ મા તથા ૨૨ મા વર્ષમાં કરેલા કાયદાના બાબ ૧૦૬ ઉપરથી રાણી સાહેબને હાથ જે મુલક આવ્યો છે તેને સારૂ તે બાબની કલમ ૧ લી જુઓ. સ્ટેચ્યુટ ૨૮ વિકટોરીયા ચાપ્ટર ૧૭ ની કલમ ૪થીથી ગવર્નર જનરલ ઈન કાઉન્સીલને બ્રીટીશ હિંદુસ્તાનનો કોઇ પણ ભાગ તેને યોગ્ય લાગે તે ઇલાકામાં અથવા લેફ્ટેનન્ટ ગવર્નરની હકુમત હેઠળ મુકવાનો અધીકાર મળેલો છે. પીનલકોડ તેની બીજી કલમથી, અને ક્રીમીનલ પ્રોસીજર કોડ તેની પાંચમી કલમથી બ્રીટીશ હિંદુસ્તાનના બધા ભાગોને સામાન્ય રીતે લાગુ પડે છે.

પીનલકોડ અમલમાં આવ્યા પછી તે નીચેના મુલકોને પણ લાગુ પાડવામાં આવેલો છેઃ—

૧ પ્રીન્સ ઑફ વેલ્સના ટાપુનું થાણું, સીંગાપુર અને મલાકા.[૧]

૨ એડન,[૨] પેરીમ,[૩] અને લક્કદીવ ટાપુઓ.

૩ નીકોબાર ટાપુઓ,[૫] અને આરાકાન હીલ ડીસ્ટ્રીક્ટ.[૬]

૪ સંયુક્ત પ્રાંતોનો તરાઇનો મુલક.[૭]

૫ ઝાંઝીબારની બ્રીટીશ રૈયત,[૮] અને બ્રીટીશ બલુચિસ્તાન.[૯]

---

૧. સને ૧૮૬૭ ના આકટ ૫ માથી.

૨. જુઓ ૧૮૬૪ નો આકટ ૨ જો.

૩. સને ૧૮૮૪ ના ફેબ્રુઆરીની ૧૩ મી તારીખના ગવર્મેન્ટ નોટીફીકેશનથી. વળી જુઓ રેજાઇના વિ. મંગળ ટેકચંદ ૧૦ મુંબાઈ ૨૫૮.

૪. જુઓ રેજાઇના વિ. ચેરીયાકોયા. ૧૩ મદ્રાસ ૨૫૩.

૫. ગવર્મેન્ટ નોટીફીકેશન નંબર ૪૯૧૮ તા. ૨૭–૧૦–૧૮૬૯ થી.

૬. આરાકાન હીલ ડીસ્ટ્રીક્ટ લૉઝ રેગ્યુલેશન (૧૮૭૪ ના ૯ માની) કલમ ૩ થી.

૭. શેડયુલ્ડ ડીસ્ટ્રીકટસ આકટ (૧૮૭૪ ના ૧૪ માની) કલમ ૩ અ થી.

૮. ૧૮૮૪ ના ઝાંઝીબાર ઓરડર્સ ઇન કાઉન્સીલથી.

૯. બ્રીટીશ બલુચીસ્તાન લૉઝ રેગ્યુલેશન (૧૮૯૦ ના ૧ લાની) કલમ ૩ થી.

૬ શાન સ્ટેટ સીવાયનો અપર બર્માનો મુલક.૧

૭ સિંધની સરહદ ઉપર પીનલકોડની કલમો સને ૧૮૭૨ ના પાંચમા રેગ્યુલેશનથી તથા સને ૧૮૯૨ ના ત્રીજા રેગ્યુલેશનથી જેટલી વિરૂદ્ધ હોય તેટલા પુરતો પીનલકોડ તે બંને રેગ્યુલેશનોથી બંધ પાડવામાં આવેલો છે, અર્થાત્ તે બે રેગ્યુલેશનોથી વિરૂદ્ધ પડતી પીનલકોડની કલમો સિંધની સરહદ ઉપર અમલમાં મુકવામાં આવતી નથી.૨

હિંદુસ્તાનની સરકારના ધારા બાંધનારા ખાતા તરફથી સુધરેલી નીચેની યાદી મેઇન સાહેબના ફોજદારી કાયદામાં પ્રગટ કરવામાં આવી છે. પીનલકોડ કયાં કયાં લાગુ પાડવામાં આવ્યો છે તે તે યાદીમાં બતાવવામાં આવ્યું છે.

યાદી.

૧. સને ૧૮૭૪ ના શેડયુલ્ડ ડીસ્ટ્રીકટસ આકટ અન્વયે બહાર પાડેલા જાહેરનામાથી તથા ૩૩ વિકટોરીઆ ચાપ્ટર ૩ અન્વયે કરેલા રેગ્યુલેશનોથી પીનલકોડ બ્રીટીશ હિંદુસ્તાનની બહાર આવેલા ભાગોમાં અમલમાં મુકાયલો જાહેર કરવામાં આવ્યો.

૨. ગેઝીટ ઓફ ઇન્ડીયામાં પ્રગટ કરેલા જાહેરનામાથી અગર ગવર્નર-જનરલ ઇન કાઉન્સીલની મંજુરીથી કરેલા સ્થાનિક કાયદાઓથી પીનલકોડ દેશી રાજ્યોને અગર તેમના ભાગોને પાછળથી લાગુ પાડવામાં આવ્યો છે.

૩ કેટલાક દેશી રાજ્યોએ અને સ્ટ્રેટસ સેટલમેન્ટ અને સીલોનવાળાએ (સુધારા વધારા સાથે અગર સુધારા વધારા વગર (તેને મંજુર રાખી પોતાની હદમાં ચલાવ્યો છે.)

૪ કેટલાક પુર્વ તરફના દેશો કે જ્યાં ગ્રેટબ્રીટનની હકુમત ચાલે છે તે દેશોમાં કાઉન્સીલના હુકમથી તેને લાગુ પાડવામાં આવ્યો છે.

૧. બ્રીટીશ સ્ટેટો.

(अ) સંયુક્ત (જુનાવાળા) પ્રાંતોનો તરાઇનો મુલક, હજારી બાગ, લોહારડગા (જે હાલમાં રાચી ડીસ્ટ્રીકટ તરીકે ઓળખાય છે), અને માનભમના મુલકો, ધાલભમ પરગણા, સીંગભમ પ્રાંતમાં કોલ્હાન, સેંટ્રલ ઇન્ડીયા એજન્સીમાં માનપુરનું પરગણું, અને લુશાઇ હીલ્સ.

(ब) સાંથલ પરગણાં આરાકાનહીલ ડીસ્ટ્રીકટ, (શાન સ્ટેટ સીવાયનો) અપર બર્મા, બ્રીટીશ બલુચીસ્તાન, અંગુલ અને ખોન્ડ મહાલો, અને કેટલાક ફેરફાર સાથે ચીનાગોંગ હીલ ડીસ્ટ્રીકટ, અને હીલટ્રાઇબો (જાતો) ના સંબંધમાં કાચીન અને ચીન હીલટ્રેકટો.

૨ દેશી રાજ્યો.

ધ્યાનમાં રાખવાનું છે કે પીનલકોડની ૩૭ અને ૪થી કલમોની રૂઇએ અને ફોરીન જ્યુરીસડીકશન આકટ (૧૮૭૯ ના ૨૧મા ની કલમ ૮ ની રૂઇએ આવાં બધાં રાજ્યોના કેટલાક લોકોને પીનલકોડ કાયદેસર લાગુ પાડવામાં આવ્યો છે, પરંતુ તેનો અમલ નીચેના મુલકોમ પાછળથી વધારવામાં આવ્યો છે.

अ ૧. હાઈદ્રાબાદ એસાઇન્ડ ડીસ્ટ્રીકટ (હાઈદ્રાબાદના આપી દીધેલા પ્રાંતો કે જે બીજી રીતે બીરાર તરીકે ઓળખાય છે) જેની અંદર અકોલા, અમરાવતી અને ઈલીચપુરના કેન્ટોનમેન્ટો (કાંપ) નો સમાવેશ થઇ જાય છે.

---

૧ ના લૉઝ એકટ (સને ૧૮૯૮ ના ૧૩ મા) ના ૧ લા પરિશિષ્ટથી તથા કલમ ૪ (૧) થી.

૨ એ કોડની બીજી આવૃત્તિના ૧ લા વાલ્યુમનાં પાનાં ૨૭૨ અને ૨૭૮ જુઓ.

૨. બેંગલોરનાં સીવીલ અને મીલીટરી સ્ટેશનો (દીવાની અને લશ્કરી મથકો).[1]

૩. રજપુતાના, જોધગડનાં પરગણાં, દેવેર, સારોથ, ચંગ, કોટકરાણા અને આબુનું મથક.

૪. હાઈદ્રાબાદ રેસીડેન્સીનાં બજારો.

૫. કાઠીઆવાડ એજન્સી.

૬. સુરત એજન્સી.

૭. કોલ્હાપુર સીવીલ સ્ટેશન.

૮. કસુમ્પટી (કીઓનથાલ).

૯. સરહદ ઉપરના મુલકો, દેરા ગાઝીખાન, અને દેરા ઇસ્માઈલખાન.

૧૦. બલુચીસ્તાન એજન્સીના મુલકો.

૧૧. સતારા જાગીરો (થોડાક ભાગમાં).

૧૨. અપર બરમામાં ભામોની પાસે નાનેવાન એસાઇન્ડ ટ્રેકટ (આપી દીધેલા મુલક) નો કેટલીક ભાગ.

૧૩. કેટલીક બાબતોમા હકુમતના કામને સારૂ જમ્મુ અને કાશ્મીરના નામદાર મહારાજાના મુલકો.

ब ૧. દેશી રાજ્યોમાં નીચેના બ્રીટીશ કેન્ટોન્મેન્ટો (કાંપ):—
સીકંદરાબાદ, ડીસા, દેવલી, ભુજ, વડોદરા, મહુ, નીમચ, નાઉગોંગ, અગર, ગુના, સીહોર, સુતના, સરદારપુર.

૨. ઔરંગાબાદ, જાલના, હીંગોલી, રાઈચુર, અને બોલેરમનાં હાઈદ્રાબાદ કંટીન્જંટ સ્ટેશનો, મોમીનાબાદ.

क નીચેની રેલવેઓના જેટલા ભાગ દેશી રાજ્યોમાં થઇને જાય છે તે ભાગ:—

૧. ભાવનગર–ગોંડલ—
ભાવનગર–ગોંડલ–જુનાગડ–પોરબંદર રેલવે.
જેતલસર–વીરાવળ વિભાગ.
ધોરાજી–પોરબંદર વિભાગ.
જેતલસર–રાજકોટ વિભાગ.

૨. બોમ્બે બરોડા એન્ડ સેન્ટ્રલ ઈન્ડીયા રેલવે.

૩. ગ્રેટ ઇન્ડીયન પેનીનસ્યુલા રેલવે.

૪. મદ્રાસ રેલવે.

૫. માઇસોર.
મદ્રાસ રેલવેનો બેન્ગ્લોર વિભાગ કોલાર ગોલ્ડફીલ્ડસ રેલવે.
સધર્ન મરાઠા રેલવેનો માઇસોર વિભાગ.
માઇસોર સ્ટેટ રેલવે.

૬ વેસ્ટર્ન રજપુતાના રેલવે.
રજપુતાના માલવા રેલવે.
રેવારી ફીરોજપુર વિભાગ.

૭ ઇન્ડીયન મીડલાન્ડ રેલવે.

૮ મોરબી સ્ટેટ રેલવે.

૯ બંગાલ નાગપુર રેલવે.

---

૧. પરંતુ જુઓ. રેજાઇના. વિ. હેઇઝ. ૧૨ મદ્રાસ. ૩૯ જેમાં આ બેંગલોરનાં મથકો બ્રીટીશ હિંદુસ્તાનની હદની અંદર નથી એમ ઠરાવવામાં આવ્યું છે.

૧૦ દીલ્હી-અંબાલા કાલકા રેલવે.
૧૧ નોર્થ-વેસ્ટર્ન (પેહેલાંની સીંધ-પંજાબ અને દીલ્હી) રેલવે
૧૨ જમ્મુ અને કાશ્મીર.
૧૩ નીઝામ્સ ગેરન્ટીડ સ્ટેટ રેલવે.
૧૪ સધર્ન મરાઠા રેલવે.
સાઉથ-દક્ષિણ વિભાગ.
વેસ્ટ દક્ષિણ લાઈન.
હરિહર-વિભાગ.
૧૫ ધ્રાંગદ્રા રેલવે.
૧૬ જામનગર રેલવે.
૧૭ કોલાપુર સ્ટેટ રેલવે.
૧૮ અમદાવાદ-પ્રાંતીજ રેલવે.
૧૯ કોત્રી-શેહરી રેલવે.
૨૦ મેસાણા-વીરમગામ રેલવે.
૨૧ પાલનપુર-ડીસા રેલવે.
૨૨ રાજપીપળા સ્ટેટ રેલવે.
૨૩ તાપ્તી વેલી રેલવે.
૨૪ આઉદ એન્ડ રોહીલખંડ રેલવે.
બરેલી-રામપોર-મોરાદાબાદ વિભાગ.
૨૫ સધર્ન પંજાબ રેલવે.
ભરતપુર અને બીકાનેર વિભાગ.
૨૬ કાનપુર-અચનેરા સ્ટેટ.
૨૭ ગુના-બવાન રેલવે.
૨૮ બારસી લાઈટ રેલવે.
૨૯ ધોન્ડ-મન્માડ રેલવે.
૩૦ હાઈદ્રાબાદ-ગોદાવરી વેલી રેલવે.
૩૧ ગોધરા-રતલામ-નાગદા રેલવે.

૩. નીચેનાં દેશી રાજ્યોએ શબ્દે શબ્દ પીનલકોડ સુધારા વધારા સાથે અગર સુધારા વધારા વગર કબુલ રાખી પોતાના રાજ્યમાં ચલાવ્યો છે.

अ. મુંબાઈનાં દેશી રાજ્યો:-અક્કલકોટ, જંજીરા, જાટ, કોલ્હાપુર, માળીઆ, મીરજ (નાની બ્રાંચ) મુળી, સમસુરી, સાવાનુર, સાવંતવાડી, સોલાપુર.

ब. મધ્ય પ્રાંતો:—બામરા, ખેરગડ, નંદગામ અને કાંન્કર.

क. ઇન્દોર:—સને ૧૮૬૦ ના આકટ ૪૫ મા ઉપરથી રચાયેલો પીનલકોડ ૧૮૯૦ પેહેલાં કેટલાંક વર્ષ પેહેલાં માહારાજા હોલ્કરે પસાર કરેલો છે.

ड. માઇસોર:—તે રાજ્ય ઉપરના બ્રીટીશ વહીવટ દરમ્યાન પીનલકોડ અમલમાં હતો. ૧૮૮૧ ના માર્ચની ૧ લી તારીખે થયેલા ટ્રાન્સફર દસ્તાવેજની રૂએ કાયદાના પરીશિષ્ટમાં પીનલકોડને દાખલ કરવામાં આવ્યો હતો, અને તે દસ્તાવેજની ૧૯મી કલમ પ્રમાણે તે કાયદો ચાલુ રાખવાને બંધાયેલા હતા.

(ई) પુદુકોટા:—પુદુકોટાના રાજાએ સને ૧૮૮૨ માં પીનલકોડને પોતાના રાજ્યનો કાયદો જાહેર કર્યો હતો.

(એફ) ત્રાવણકોરઃ—પીનલકોડ અને વ્હીપીંગ એકટ ૧૮૮૧માં દાખલ કરવામાં આવ્યા હતા.

(જી) સીલોન અને સ્ટ્રેઇટસ સેટલમેન્ટના ધારા બાંધનારાઓએ પણ પીનલકોડને પોતાના મુલકોમાં દાખલ કરી ચલાવ્યો છે.

૪. કાઉન્સીલના હુકમોથી આફ્રીકાના પુર્વ કીનારા ઉપરના બ્રીટીશ પ્રોટેકટોરેટો (બ્રીટીશ રક્ષણ નીચેનાં રાજ્યો)ને પીનલકોડ અને ક્રીમીનલ પ્રોસીજર કોડ લાગુ પાડવામાં આવ્યા છે, અને તે કાઉન્સીલના હુકમો વખતો વખત ફરીફરીને પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. પુર્વ આફ્રીકા અને ઝાંઝીબારના સંબંધમાં જે કાઉન્સીલના હુકમો હાલમાં અમલમાં છે તે સને ૧૮૯૭ના હુકમો છે. અને સોમાલીલેન્ડના સંબંધમાં ૧૮૯૯ ના હુકમો છે. પર્શીઅન (ઇરાનના) કીનારા અને ટાપુઓ ઉપર ચલાવવામાં આવતી હુકમત ૧૮૮૯ ના કાઉન્સીલના હુકમથી ભોગવવામાં આવે છે.

કાઠીઆવાડમાં આવેલો વઢવાણકાંપ બ્રીટીશ હિંદુસ્તાનની હદની અંદર છે,[1] પરંતુ રાજકોટનું સીવીલ સ્ટેશન બ્રીટીશ હિંદુસ્તાનની હદની અંદર નથી[2] એવું ઠરાવવામાં આવ્યું છે.

સદરહુ મુલકમાં થયેલા ગુન્હાઓની શિક્ષા.

૨. સદરહુ મુલક મધે આ કાયદાના ઠરાવો વીરૂદ્ધનાં જે કામ અથવા કસુરનો જે શખસ ગુન્હેગાર થશે તે શખસને તે કામ અથવા કસુર બાબત આ કાયદા મુજબ શિક્ષા કરવામાં આવશે. બીજી રીતે કરવામાં આવશે નહી.

ટીકા—આ કલમથી પીનલકોડ બ્રીટીશ ઈન્ડિઆના બધા ભાગોને એક સરખી સામાન્ય રીતે લાગુ કરવામાં આવ્યો છે. પરંતુ શીડયુલ્ડ ડીસ્ટ્રીકટસના સંબંધમાં જે સ્થાનિક સરકારના તાબામાં આવો કોઈ પણ ડીસ્ટ્રીકટ મુકવામાં આવ્યો હોય તે ગવર્નર–જનરલ ઇન કાઉન્સીલની મંજુરીથી એવું જાહેર કરી શકે કે પીનલકોડ આવા અમુક ડીસ્ટ્રીકટમાં અમલમાં નથી.

દરેક સખસઃ—જો જે ગુન્હાનું કોઈ પણ સખસ ઉપર તહોમત મુકવામાં આવ્યું હોય તે ગુન્હો બ્રીટીશ હિંદુસ્તાનના કોઈ પણ ભાગમાં બન્યો હોય તો તેવો કોઇ પણ સખસ દેશ, દરજ્જો, નાતજાત અથવા ધર્મના કોઇપણ તફાવત વગર પીનલકોડ મુજબ સજાને પાત્ર થાય છે. જે પરદેશી બ્રીટીશ શેહેનશાહતની અંદર દાખલ થાય છે અને આ પ્રમાણે બ્રીટીશ કાયદાના રક્ષણનો આશ્રય લે છે તે તે કાયદા તરફ વફાદારીની અને તે કાયદાને તે માન્ય કરી તે કાયદાના અમલને તે તાબે થશે તેવી વાસ્તવીક રીતે ખાતરી આપે છે. જો કે તેના પોતાના દેશમાં તેના ઉપર મુકેલા તહોમતદારવાળુ કૃત્ય ગુન્હો ન ગણાતો હોય તો પણ તે પરદેશીથી એવો બચાવ લાવી શકાય નહી કે તે ગુન્હો કરતો હતો એવી તેને ખબર નહોતી, છતાં એવું ઠરાવવામાં આવ્યું છે કે સજા કરતી વખતે આ બીના ધ્યાનમાં રાખી કોરટ કાંઇક ઓછી સજા ફરમાવશે.[3]

એ ધ્યાનમાં રાખવાનું કે "સખસ" શબ્દની અંદર કોરપોરેશન અગર મંડળી અગર સંસ્થાનો સમાવેશ થઇ શકતો નથી. આવી કોરપોરેશન અગર મંડળીએ કાંઇ ગુન્હો કર્યો હોય તો તે ગુન્હો કરવામાં ખરેખર ભાગ લેનાર તે મંડળીના માણસોજ સજાને પાત્ર થાય છે.

અપવાદઃ—જો કે બ્રીટીશ હિંદુસ્તાનની અંદર ગુન્હો કરનાર દરેક સખસ સજાને પાત્ર થાય છે એવું ઉપર જણાવ્યું છે છતાં તેના કેટલાક અપવાદો છે. દાખલા તરીકે ગવર્નર-જનરલ અને તેની

---

૧. ત્રીકમ પાનાચંદ. વિ. બી. બી. એન્ડ સી. આઇ રેલ્વે કંપની. ૯ મુંબાઇ. પાનું ૨૪૪.

૨. રેન્જાઈના વિ. અબદુલ લતીબ. ૧૦ મુંબાઇ. પાનું ૧૮૬.

૩. રેન્જાઈના વિ. ઇસોપ. ૭ કેરીંગટન અને પેનના રીપોર્ટ પાનું ૪૫૬.

કાઉન્સીલના મેમ્બરોની સામે મુંબાઇ અને મદ્રાસના ગર્વનરો અને તેમની કાઉન્સીલના મેમ્બરોની સામે અને હિંદુસ્તાનની હાઈકોર્ટોના ચીફ જસ્ટીસો અને જડજોની સામે મુકાયેલા કોઇ પણ ગુન્હા અગર આરોપો સાંભળવાની, તપાસ કરવાની અગર તેના ચુકાદા કરવાની સત્તા હિંદુસ્તાનની હાઈકોર્ટોને નથી.[1] તેમણે કરેલા ગુન્હાઓની તપાસ ઇન્સાફ અને ચુકાદા લંડનમાં કીંગ્ઝ બેન્ચની કોરટ કરશે.[2] આવા ગુન્હાઓની તપાસ અને ઇન્સાફ કરવાની ખાસ રીત યાને પ્રોસીજર, ૨૪ જયોર્જ ત્રીજો ચાપ્ટર ૨૫ અને ૨૬ જયોર્જ ત્રીજો ચાપ્ટર ૫૭ માં સ્થાપીત કરેલી છે.

તેજ પ્રમાણે રાજા અગર શાહનશાહ ઉપર મુકેલા આરોપનો ઈન્સાફ હિંદુસ્તાનની કોઇપણ હાઈકોર્ટ કરી શકતી નથી, કેમકે રાજા કાંઇજ ખોટું કરેજ નહી, અને તેટલા માટે તે રાજાને પાત્ર નથી. બ્લેકસ્ટન કહે છે કે "દીવાની કામની અંદર પણ રાજાની સામે દાવો અગર ફરીયાદ લાવી શકાય નહી. કેમકે "રાજા ઉપર કોઇ પણ કોરટની હકુમત હોઈ શકે નહી. દરેક હકુમતની સાથે સત્તાનું સર્વોપરીપણું રહેલું "છે, માગેલી દાદ આપવાની સત્તા વિના ઇન્સાફ કરવાની સત્તા નકામી અને નિરર્થક છે, અને જો કોરટે "કરેલી સજા અમલમાં મુકવાની તે કોરટની સત્તા અને શક્તિ ન હોય તો તેવી સજા હાંસીને પાત્ર થશે; "પરંતુ પોતાના રાજાની સામે કોણ હુકમ અગર સત્તા ચલાવી શકે? તેથીજ કાયદાના ફરમાન મુજબ "રાજાનું શરીર પવિત્ર ગણેલું છે, તો જો કે તેના રાજ્યમાં ચાલતાં કામ જુલમી અને આપખુદી ભરેલાં "હોય. કેમકે આ દુનિઆ ઉપર એવી કોઇપણ હકુમત નથી કે જેને ફોજદારી રાહે રાજાની તપાસ કરવાનો "અધિકાર યાને સત્તા હોય, પછી તેને સજા ફરમાવવાની. સત્તા તો કયાંથીજ હોય.[3]

"બીજી રીતે કરવામાં આવશે નહીં":—જે ગુન્હાને માટે ઠીનલકોડમાં સજા ફરમાવેલી છે તેવા કોઈપણ ગુન્હાની સજાને વાસ્તે આગળના સઘળા કાયદાઓ આ શબ્દોથી રદ થાય છે. પીનલકોડથી નહી પરંતુ બીજા કોઈ પણ કાયદાથી ગુન્હાને પાત્ર ઠરાવેલાં કૃત્યો અગર કસુરોનો ઈન્સાફ તે તે કાયદાઓ પ્રમાણે થશે.[4]

આ કાયદાના ઠરાવો વિરૂદ્ધનાં કામ અથવા કસુરો:—ફોજદારી કાયદાઓનો અર્થ કરવામાં કોરટોએ પ્રથમ તો તે કાયદાના શબ્દો ઉપર ધ્યાન આપવાનું છે, અને જ્યાં તે શબ્દો ચોખ્ખા સ્પષ્ટ હોય ત્યાં તે શબ્દો ઉપરથી નિર્ણય કરવાનો છે. પરંતુ જો શબ્દો શંકા પડતા હોય તો પછી વિષય ધ્યાનમાં લેવાનો છે.[5] કેમકે મેકસવેલના ફરમાવ્યા મુજબ "ન્યાય કરનાર ઈન્સાફદારે ધારા બાંધનારની ભાષાનો, પ્રમાણીકપણે અને એકનિષ્ઠાથી, ચોખ્ખો સ્પષ્ટ અને સીધો અર્થ કરવો અને તેનો હેતુ અમલમાં આણવો તે તેની સર્વોપરી ફરજ છે. એક ગુન્હાની વ્યાખ્યા બાંધવી અને તે બદલ સજા ફરમાવવી તે કોરટનું નહી પણ ધારા બાંધનારનું કામ છે."

"સદરહુ મુલક મધે":—હિંદુસ્તાનની હકુમત અને અધિકાર—એક ગામના કેટલાક રહેવાશીઓ બોટમાં બેશીને દરિએ નીકળી પડયા, અને પડોશના બીજા ગામના લોકોએ દરિઆ કીનારેથી ત્રણ માઇલની અંદર દરિઆમાં કાયદેસર રીતે રોપેલા માછલાં પકડવાના સળીઆ ઉખાડી નાંખ્યા, ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે જગ્યાની સ્થાનિક ફોજદારી કોરટને તે ગુન્હેગારોનો ઈન્સાફ કરવાની હકુમત હતી, તે કેસને જે કાયદો લાગુ પડી શકે તે પીનલકોડજ હતો, અને તે ગુન્હો બગાડવાનો થતો હતો.[7]

---

૧. ૬૩ જયોર્જ ત્રીજો ચાપ્ટર ૬૩, અને ડ૭ જયોર્જ ત્રીજો ચાપ્ટર. ૧૪૨ કલમ ૧૧ જૂઓ.
૨. ૧૧ વીલીયમ ત્રીજો ચાપ્ટર ૧૨, ૧૮ જયોર્જ ત્રીજો ચાપ્ટર ૬૩, કલમ ૩૯, ૨૧, જયોર્જ ત્રીજો ચાપ્ટર ૭૦, કલમો ૪-૫.
૩. કરફૃત બ્લેકસ્ટન કોમેન્ટરીઝ (૪ થી આવૃત્તિ) વાલ્યુમ ૧ લું પાનું ૨૨૪.
૪. કમીશનરોનો બીજો રીપોર્ટ કલમો ૫૩૬-૫૩૮.
૫. રાણી વિ. હોડનેટના રેહેવાસીઓ ૧ ફર્નફર્ડ અને ઈસ્ટકૃત ટર્મરી રીપોર્ટસ. પાનું ૯૬, ૧૦૧.
૬. જુઓ મેકસવેલ ઓન ધ ઇન્ટરપ્રીટેશન ઓફ સ્ટેચ્યુટસ (૪ થી આવૃત્તિ) પ્રકરણ ૧૦ મું.
૭. રેજાઇના વિ. કાસ્ત્યા રામા. ૮ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ, ક્રીમીનલ કેશીસ પા. ૬૩.

સેંટ કેથેરાઈન્સ ડોકમાં પડેલા એક ઇસ્ટ ઈન્ડીયા વાહાણ ઉપર કરેલા સૃષ્ટિક્રમ વિરુદ્ધના ગુન્હાનું તહોમત ગુન્હેગાર ઉપર મુકવામાં આવ્યું હતું. તે ગુન્હેગાર તરફથી એવો બચાવ કરવામાં આવ્યો હતો કે તે બગદાદનો રહેવાસી હતો, અને તેના વતન બગદાદમાં આવા કૃત્યથી કાંઇ પણ ગુન્હો બનતો નહોતો, તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેનો તેવો બચાવ કાંઈ કાયદેસર બચાવ નહોતો, અને તે સજાને પાત્ર હતો.

જે ગુન્હા સદરહુ મુલકની બાહાર થયા હોય પણ તેની તજવીજ કાયદા પ્રમાણે તે મુલકની માંહે થઇ શકે તે ગુન્હાઓની શિક્ષા.

૩. સદરહુ મુલકની હદની બાહાર કોઈ ગુનાહને માટે જે સખસની તજવિજ હિંદુસ્તાનના ગવરનર જનરલ ઇન કાંઉનસીલે કરેલા કોઈ કાયદાથી થઇ શકતી હોય તે સખસના ઉપર સદરહુ મુલકની બાહાર કરેલા કામને માટે તે કામ જાણે સદરહુ મુલકની માંહેજ કર્યું હોય એ પ્રમાણે આ કાયદા પ્રમાણે કાયદાના ઠરાવો મુજબ અમલ કરવામાં આવશે.

ટીકા—જે સખસ ગુન્હો કરવાનું તહોમત તેના ઉપર મુકવામાં આવ્યું હોય તે વખતે બ્રીટીશ હિંદુસ્તાનની કોરટની હકુમતના તાબામાં હોય તેવા સખસને આ કલમ લાગુ પડે છે.[૨]

હિંદુસ્તાનની સરકારને **કાયદા બાંધવાની સત્તા** નીચેના આકટોથી આપવામાં આવી છે.

(૧) નામદાર શાહાનશાહની સત્તા નીચેના હિંદુસ્તાનના મુલકોની અંદર તેમજબાહાર અને તેની પેલી પાર તે શાહાનશાહની હિંદુસ્તાન માંહેની દેશી રૈયત હોય તેવા સઘળા સખસોની બાબતમાં ૧૮૬૫ ના ઇન્ડીયન કાઉન્સીલ્સ આકટની ૧ લી કલમથી (૩૨ અને ૩૩ વિક્ટોરીઆ ચાપ્ટર-૯૮)

(૨) મિત્રાચારીવાળાં દેશી રાજ્યોની અંદરના સરકારી નોકરોના સંબંધમાં–૧૮૬૧ ના ઇન્ડીયન કાઉન્સીલ્સ આકટની કલમ ૨૨ થી (૨૪ અને ૨૫ વિક્ટોરીઆ ચાપ્ટર ૬૭).

(૩) દેશી રાજાઓના મુલકોની અંદરની નામદાર શાહાનશાહની સઘળી બ્રીટીશ રૈયતની બાબતમાં–ગવર્મેન્ટ ઓફ ઇન્ડીઆ આકટ (૨૮ અને ૨૯ વિક્ટોરીઆ ચાપ્ટર ૧૭) ની કલમ ૧ લીથી.

(૪) કોઇ પણ ઠેકાણે નોકરી ઉપર ચડેલા નામદાર શાહાનશાહના હિંદુસ્તાન માહેના લશ્કર (ઇન્ડીયન આર્મી) ની બાબતમાં ૧૮૩૩ ના ગવર્મેન્ટ ઓફ ઈન્ડીયા આકટની ૭૩ મી કલમથી (૩ અને ૪ વીલીઅમ ૪ થો ચાપ્ટર ૮૫)

સાઇપ્રસમાં નોકરી કરતો ઇન્ડીયન આર્મીનો એક સોલ્જર:—નામદાર શાહાનશાહની હિંદુસ્તાન માંહેની દેશી રૈયતનો એક માણસ કે જે ઇન્ડીયન આરમીમાં સોલ્જર હતો તે માણસે સાઈપ્રસમાં આવા લશ્કરમાં નોકરી પર હતો તે વખતે ખુન કર્યું. તેના ઉપર આગ્રામાં આજ ખુનના ગુન્હાનું તહોમત મુકી કામ ચલાવવામાં આવ્યું. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આગ્રાની ફોજદારી કોર્ટો આવા ગુન્હાની બાબતમાં તેના ઉપર કામ ચલાવી શકે છે.[૩]

---

૧. રાણી વિ. હસોપ ૭ કેરીંગટન એન્ડ પેઈન્સ રીપોટર્સ પા. ૪૫૬.

૨. મોતીચંદ વિ. મહેંદ્રનાથ ૯ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર. પા. ૨૯.

૩. રેજાઈના વિ. સરમુખસીંગ. ૨. અ. ૨૧૮ (ફુલ બેન્ચ).

પરમુલકી ગુન્હાઓને આ કાયદો લાગુ કરવા બાબત. ૪. તેમજ આ કાયદાના ઠરાવો—

(૧) રાણીસાહેબની હિંદુસ્તાન માંહેની કોઇપણ દેશી રૈયતે બ્રિટીશ ઇંડિઆની બાહારની તથા પેલીગમની કોઇપણ જગાએ,

(૨) બીજી કોઇપણ બ્રિટિશ રૈયતે હિંદુસ્તાન માંહેના કોઇપણ દેશી રાજા અથવા સરદાર-મુલકોની અંદર,

(૩) રાણીનો જે કોઇ નોકર બ્રિટિશ રૈયત હોય કે ન હોય તેણે, હિંદુસ્તાન માંહેના કોઇપણ દેશી રાજા અથવા સરદારના મુલકોની અંદર,

કરેલા કોઇપણ ગુન્હાને લાગુ છે.

ખુલાસો —આ કલમમાં 'ગુન્હો' આ શબ્દમાં, બ્રિટીશ ઇંડિઆની બાહાર કરેલું જે કાં કામ બ્રિટીશ ઇંડીઆમાં કર્યું હોત તો તે બદલ આ કાયદા મુજબ શિક્ષા કરી શકાત, તે દરેક કામનો સમાવેશ થાય છે.

દૃષ્ટાંતો.

(અ) અ એક મજુર હિંદુસ્તાનની દેશી રૈયત છે, અને તે યુગંડામાં ખુન કરે છે, તે બ્રિટીશ ઇંડીઆ માંહેની જે કોઇપણ જગામાંથી મળી આવે તે જગાએ તેનો ઇનસાફ કરી શકાય તથા તેના ઉપર ખુનની સાબીતીનો ઠરાવ કરી શકાય.

(બ) બ એક યુરોપીયન બ્રિટીશ રયત છે, અને તે કાશમીરમાં ખુન કરે છે. તે બ્રિટીશ ઇંડીઆ માંહેની જે કોઇપણ જગામાંથી મળી આવે તે જગાએ તેનો ઇનસાફ કરી શકાય તથા તેના ઉપર ખુનની સાબીતીનો ઠરાવ કરી શકાય.

(ક) ક એક પરદેશી માણસ જે પંજાબ સરકારની નોકરીમાં છે તે જીંદમાં ખુન કરે છે. તે બ્રિટીશ ઇંડીઆ માંહેની જે કોઇપણ જગામાંથી મળી આવે તે જગાએ તેનો ઇનસાફ કરી શકાય તથા તેના ઉપર ખુનની સાબીતીનો ઠરાવ કરી શકાય.

(ડ) ડ એક બ્રિટીશ રઇયત ઇંદોરમાં રહે છે, અને ઇ ને મુંબાઇમાં ખુન કરવાને ઉસ્કેરે છે. ખુન કરવામાં ડ એ મદદગારી કરી એમ સમજવું.

☞ આ કલમ સને ૧૮૯૮ ના આકટ ૪ થી તદન નવી થઇ છે.

ટીકા.—૧ લી કલમમાં કહેલા પ્રદેશોમાં બનેલા ગુન્હાના સંબંધમાં કલમ ૨ જી પુરતી અને સ્પષ્ટ છે, પરંતુ તે પ્રદેશોની બહાર બનેલા ગુન્હાના સંબંધમાં આ કોડ એકલો સ્પષ્ટ નથી. કલમો ૩ જી તથા ૪ થી ઇંગ્રેજી શહેનશાહતની હિંદુસ્તાનની દેશી પ્રજા, બીજી ઇંગ્રેજી પ્રજા, અને ઇંગ્રેજી રાજ્યના સરકારી નોકરોના સંબંધમાં તથા અમુક વર્ગના માણસોએ દેશી રજવાડામાં કરેલા ગુન્હાની બાબતમાં કેટલાક નિયમો નિર્દિષ્ટ કરે છે. પરંતુ ઉપરના જેટલાજ અગત્યના વર્ગના કેસનો, અર્થાત જે માણસો શાહાનશાહના નોકરો નથી; અને જે માણસોની ધારા બાંધનારા મંડળે પસાર કરેલો કોઈ આકટની રૂએ નહી, પણ પાર્લામેન્ટના આકટની રૂઇએ તપાસ થાય એમ છે તેવા માણસોનો આ બેમાંથી એકે કલમમાં સમાવેશ થતો નથી. પાર્લામેન્ટના જે આકટથી તે માણસો ઉપર હિંદુસ્તાનમાં હકુમત (Jurisdiction) મળે છે ને આકટમાં નિર્દિષ્ટ કરેલો કાયદો આ માણસોને લાગુ પડશે.

એક રાજ્યનો ગુન્હેગાર બીજા રાજ્યને સોંપી દેવો (extradition)—બ્રીટીશ હિંદુસ્તાનની હદની બહાર ગુન્હો કરી. બ્રીટીશ હિંદુસ્તાનની હદની અંદર આવી રહેલા ગુન્હેગારના ગુન્હાઓની તપાસ કાંતો હિંદુસ્તાનમાં થઇ શકે, અથવા તો જે દેશમાં ગુન્હો બન્યો હોય તે દેશમાં તપાસને વાસ્તે ગુન્હેગારને સોંપી દેવામાં આવે.

૧૮૭૯ ના આકટ ૨૧ મા (ફોરીન જયુરીસડીકશન એન્ડ એકસ્ટ્રાડીશન આકટ) પણ હવે ૧૯૦૩ ના આકટ ૧૫ માં (ઈન્ડીયન એકસ્ટ્રાડીશન આકટ) પ્રમાણે હવે બીજા (ઉપર જણાવેલા બે જાતનાં કેસમાંથી પાછળના) વર્ગના કેસનો નીકાલ કરવામાં આવશે. આ આકટમાં બે ભિન્ન પ્રકારના કેસ સંબંધી લખાણ કરવામાં આવ્યું છે. ૧ લું; હિંદુસ્તાનની સાથે ખાસ સંબંધ ધરાવતાં જે રાજયોમાં ગવર્નર–જનરલ ઈન કાઉન્સીલની સત્તા અને હકુમત છે, કે જે સત્તા અને હકુમત પોલીટીકલ એજંટ મારફતે વાપરવામાં આવે છે (૧૮૭૯ ના ૨૧ મા આકટની કલમ ૩ જી) તેવાં રાજયોમાંના કોઇપણ રાજ્યમાં ગુન્હો બન્યો હોય તેવા કેસ. બીજુ; જે રાજ્યત્રાં આવી હિંદુસ્તાન (ના ગવર્નર જનરલ) ની કાઈપણ હકુમત નથી, તેનો કોઈપણ રાજ્યમાં, અથવા શેહેનશાહની હકુમતવાળા પ્રદેશમાંના બીજા કોઇ ભાગમાં ગુન્હો બન્યો હોય તેવા કેસ.

પેહેલું—પેહેલા પ્રકારના કેસના દ્રષ્ટાંતમાં દેશી રાજયો અને રજવાડા મુકી શકાય, જેમના બ્રીટીશ શેહેનશાહત સાથેના સંબંધને વાસ્તે જુઓ અચીનસન્સ ટ્રીટીઝીસ, ત્રીજી આવૃત્તિ. ૧૮૯૨–૧૮૯૪.

વળી કોઈ માણસ દેશી રાજ્યમાં ગુન્હો કરીને બ્રીટીશ હિંદુસ્તાનમાં નાશી ગયો હોય તો તેને પકડવાંને શાં શાં પગલાં લેવાં તથા તેની તપાસ કયાં કરવી તેનાં સંબંધમાં નિર્દિષ્ટ કરેલા નિયમોને વાસ્તે જુઓ ૧૮૭૯ નો આકટ ૨૧ મો (ફોરીન જ્યુરીસડીકશન એન્ડ એકસટ્રાડીશન આકટ) ની કલમો ૧૧, ૧૨ અને ૧૩, પણ હાલમાં ૧૯૦૩ ના આકટ ૧૫ માની કલમો ૭–૯.

એટલું ધ્યાનમાં રાખવાનું છે કે જો ગુન્હેગાર યુરોપીયન બ્રીટીશ પ્રજા હોય તો ગમે તો તે દેશી રાજ્યમાં હોય અથવા તો ઇંગ્રેજી હદમાં હોય તો પણ પોલીટીકલ એજંટ તેના સંબંધમાં કાંઇ કરી શકે નહી. તેની તપાસ તો ક્રીમીનલ પ્રોસીજર કોડ (૧૮૯૮ ના ૫ મા) ના પ્રકરણ ૩૧ માં લખ્યા મુજબ થવી જોઈએ.

એક માણસ ઉપર દેશી રાજ્યમાં ગુન્હો કર્યાનું તહોમત મુકવામાં આવ્યું હતું. તે માણસને તે દેશી રાજ્યના સત્તાવાળાઓ તેનો યોગ્ય ન્યાય કરે તેટલા સારૂ સોંપી દેવાના વિચારથી તે માણસને એક પોલીસ અમલદારે હિંદુસ્તાનમાં પકડયો. તેનું તે પકડવું જો વારંટ વગર થયું હોય તો તે ગેરકાયદેસર હતું, અને પીનલકોડની ૩૪૨ મી કલમ પ્રમાણે તે (પોલીસ) ને સજા થાય એમ હતું. ૧

બીજું—જ્યારે જે રાજ્યમાં ગુન્હો બન્યો હોય તે પરદેશી રાજ્ય હોય (એટલે કે જ્યાં પોલીટીકલ એજંટની અગર બીજા કોઇની મારફતે ગવર્નર—જનરલની અગર ગવર્નરની કાંઈ પણ સત્તા ન હોય પરંતુ જ્યાં અમુક પ્રસંગને વાસ્તે ૧૮૯૦ અને ૧૮૯૩ ના એકસ્ટ્રાડીશન આકટો લાગુ પાડવામાં આવ્યા હોય) ત્યારે જો હિંદુસ્તાનની સરકારને અગર સ્થાનીક સરકારને યોગ્ય લાગતું હોય અને તે ગુન્હો રાજ્યદ્વારી ગુન્હો ન હોય તો, નાશી આવેલા ગુન્હેગારને તેની માગણી થઈ હોય તો તે રાજ્યને સોંપી દેવાય છે. (જુઓ ૧૯૦૩ ના આકટ ૧૫ માં–ઇન્ડીયન એકસ્ટ્રાડીશન આકટ–ની કલમ ૩ જી). પરંતુ જો તે પરદેશી રાજ્ય ઉપર વર્ણવેલા પ્રકારનું ન હોય તો પરદેશી રાજ્યમાં ગુન્હો કરી બ્રીટીશ હિંદુસ્તાનની અંદર નાશી આવેલી પરદેશી રૈયતને સોંપી દેવાને સારૂ કોઇ પણ આકટ નથી, તેમજ કોઇ પણ આકટમાં કાંઈ ઠરાવ અગર ખુલાસો નથી. પરંતુ—એશિઆનાં નહિ એવા રાજ્યની વચ્ચે અને અંગ્રેજ સરકારની વચ્ચે એક રાજ્યનો ગુન્હેગાર બીજા રાજ્યે તે રાજ્યને સોંપી દેવાનું (extradition) કોઈપણ કોલકરાર અથવા તહનામાની રૂઇએજ માત્ર થાય છે, જે તહનામાને અમલમાં મુકવાને વાસ્તે પાર્લામેન્ટના આકટની અથવા કોઇ સ્થાનિક આકટની જરૂર છે. હિંદુસ્તાનનાં સંબંધમાં તો ઘણુંકરીને આવી માંગણીઓ આપણી સરકાર અને પોરટુગાલની સરકારની વચ્ચે અથવા આપણી સરકાર અને ફ્રાન્સની સરકારની વચ્ચે થવાનો સંભવ છે.

---

૧ રીમકુંદ. ૧૯ મું. ૭૨.

પોર્ટુગાલને તાબેનાં સંસ્થાનોમાં ગુન્હો કરીને ઇંગ્રેજી હદમાં નાશી આવેલાને માટે તથા ઇંગ્રેજી હદમાં ગુન્હો કરીને પોર્ટુગીઝ હદમાં નાશી ગયેલા ગુન્હેગારોને માટે પોર્ટુગીઝ ટ્રીટી આકટ (૧૮૮૦ નો ૪ થો) થયેલો છે, કે જેમાં એક બીજાના ગુન્હેગારો ગુન્હો બન્યાની હદવાળી સરકારને સોંપી દેવાનું ફરમાવ્યું છે.

ફ્રાસની સરકારને તાબેનાં સંસ્થાનોના સંબંધમાં પણ ઉપરના જેવાજ કોલકરાર (૧૮૭૬ ના આગસ્ટની ૧૪ મી તારીખે) થયેલા છે. પણ પોર્ટુગાલની સાથેના કોલકરારમાં નથી એવી એક ખાસ સરત તેમાં નાંખવામાં આવી છે કે કોઇપણ રાજ્યદ્વારી ગુન્હાને વાસ્તે અથવા રાજ્યદ્વારી સાથે સંબંધ ધરાવતા કોઈપણ કામને વાસ્તે એક રાજ્યમાંથી ગુન્હો કરીને બીજા રાજ્યમાં નાશી આવેલા ગુન્હેગારો તે રાજ્યમાં સોંપવામાં આવશે નહી. રાજ્યદ્વારી ગુન્હા કોને કહેવા તે નીચેની જસ્ટીસ કેવની ટીકા ઉપરથી માલમ પડશેઃ—"રાજ્યદ્વારી ગુન્હાની જાતનો ગુન્હો થવાને સારૂ રાજ્યમાં બે અથવા વધારે પક્ષ હોવા જોઈયે, "અને દરેક પક્ષ પોતાની પસંદગીનું રાજ્ય બીજા પક્ષ ઉપર સર્વોપરી રીતે સ્થાપન કરવાને પ્રયત્ન કરતો "હોવો જોઇએ, અને તેમના તેવા હેતુને અનુસરીને જો કોઇ પણ પક્ષવાળા ગુન્હો કરે તો તે રાજ્યદ્વારી ગુન્હો છે, "નહી તો તે રાજ્યદ્વારી ગુન્હો કહેવાય નહી."[૨]

આ કેસમાં એક ફ્રાન્સનો અનાર્કીસ્ટ (કોઈપણ મુલકમાં કાંઇપણ પ્રકારનું રાજ્ય જોઇએ નહી એવા અભિપ્રાયવાળો) પારીસમાં એક ભોજન ગૃહમાં (cafe') દારૂગોળો ઉરાડીને નુકશાન કરીને ઇંગ્લાંડમાં નાશી આવ્યો હતો. તેના ઉપર ભોજન ગૃહમાં દારૂગોળાના ધડાકા કરવાનું તહોમત મુકીને સોંપી દેવાની માગણી કરવામાં આવી હતી, તેમાં જસ્ટીસ કેવે એવું ઠરાવ્યું હતું કે આ રાજ્યદ્વારી ગુન્હો નહોતો.

એક રાજ્યમાં ગુન્હો કરીને બીજા રાજ્યમાં નાશી ગયેલા ગુન્હેગારને સોંપી દેવાની પેહેલું રાજ્ય માંગણી કરતું હોય તો તે માંગણી કરનાર રાજ્યનો તે ગુન્હેગાર પ્રજા નહોતો એવો વાંધો કોઈ પણ કેસમાં લઇ શકાય નહી. તે (માગણી કરનાર) રાજ્યમાં તે હતો તે વખતે તેણે ગુન્હો કર્યો હતો તે વાતથી તે રાજ્યની હકુમતને આધીન થાય છે.[૩]

મુંબાઈમાં થોડા વખત ઉપર ચુકેલા એક કેસમાં એક બીજાના ગુન્હેગારો સોંપી દેવાને માટે બ્રીટીશ રાજ્ય અને એક દેશી રાજ્યની વચ્ચે થયેલા કરારની રૂઇએ એક માણસ ઉપર ડાકાઇટી (પાંચ અથવા વધુ માણસોએ મળીને કરેલી લુંટ) કરવાનું તહોમત મુકીને તે તહોમતદારને તે દેશી રાજ્યમાંથી (બ્રીટીશ સરકારને) સોંપી દેવાની માગણી કરવામાં આવી હતી. પણ પાછળથી ચોરીના ગુન્હા બદલ તેની તપાસ કરવામાં આવી હતી અને તે ચોરીના ગુન્હાનો તેને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. તે કેસમાં હાઇકાર્ટે એવું ઠરાવ્યું હતું કે તેને ગુન્હેગાર ઠરાવવાનું કાયદેસર હતું કેમકે એક બીજાના ગુન્હેગાર સોંપી દેવાના કોલકરારમાં કોઈ પણ જગાએ એવું લખાણ નહોતુ કે એક ગુન્હાના તહોમત બદલ સોંપવામાં આવેલા માણસની બીજા ગુન્હા બદલ તપાસ થવી જોઇએજ નહી.[૪] અને જો તેવું ખાસ લખાણ હોય તો પણ આવું ગુન્હેગાર ઠરાવવું તે ગેરકાયદેસર શી રીતે થઈ શકે તે જાણવું ઘણું મુશ્કેલ છે, અથવા તેવું ગુન્હેગાર ઠરાવવું ગેરકાયદેસર થતું નથી.

જે રાજ્યની સાથે ગુન્હેગાર સોંપી દેવા સબંધી કોલકરાર ન હોય તો રાજ્યમાં નાશી ગયેલા ગુન્હેગારના સબંધમાં ચીફ જસ્ટીસ કોકબર્ન નીચે પ્રમાણે ટીકા કરે છેઃ—"ધારો કે એક માણસે "આ દેશમાં ખુનનો ગુન્હો કર્યો છે, અને તેને પકડવામાં આવે તે પહેલાં જે દેશની સાથે ગુન્હેગાર "સોંપી દેવા સબંધી કોલકરાર થયા નથી તે દેશમાં નાશી જાય છે, કે જેથી કરીને સત્તાવાળાઓ

૧. લૉ રીપોર્ટસ, ૫ પ્રીવીકાઉન્સીલ. ૧૮૯ વાળા ફેંસલામાં લોર્ડ જસ્ટીસ મેલીશના ટીકા.

૨. રી મ્યુનીઅર. (૧૮૯૪) ૨ કવીન્સ બેન્ચ રીપોર્ટસ. ૪૧૫, પાને ૪૧૯ મે,

૩. રેજાઈના. વિ. ગાન્ઝ. લા રીપોર્ટસ. ૯ કવીન્સ બેન્ચ ડીવીઝન. ૯૩.

૪. રેજાઈના વિ. ખોડા ઉમા ૧૭ મું. ૩૬૯.

"તેને આપણે હવાલે કરે એવું આપણાથી થઇ શકતું નથી, અને ધારો કે ઇંગ્રેજી પોલીસ અમલદારે "તે ગુન્હેગારની પુંઠ પકડી છે, અને જે જગ્યાએ તે અમલદાર તે ગુન્હેગારનો હાથ પકડી શકે અને "જ્યાંથી સેહેલાઇથી દરિયા માર્ગે જઇ શકાય એમ છે તેવી જગાએ તે ગુન્હેગારને જોઇને (તેને પકડે "છે) અને તેને એક વહાણ ઉપર બેસાડીને તેને ઇંગ્લાંડમાં આણે છે, અને તે ગુન્હેગારને સૌથી "પેહેલો "એક માજીસ્ટ્રેટ પાસે લઈ જવામાં આવે છે; (આવી હકીકત હોય ત્યારે) માજીસ્ટ્રેટ તેને સેસન્સમાં "નોંધવાની ના પાડી શકે નહી. જો તેને અહીંઆં તપાસને માટે આણવામાં આવ્યો હોય તો ને ન્યાય-"માંથી (અર્થાત કાયદાની ચુંગાલમાંથી) છટકી ગયો હતો, અને અમુક ગેરવ્યાજબી સાધનોથી "તેને પાછો આણવામાં આવ્યો હતો એવી દલીલ કોર્ટની હકુમતની સામે લેવામાં આવે તો તે ચાલશે "નહી. તેને એવું કહેવામાં આવશે; 'તમે હવે અહીંઆ છો, અમુક ગુનોહ કર્યાનું તમારા ઉપર "તહોમત મુકવામાં આવ્યું છે, અને તમારે તમારી તપાસને માટે તૈયાર રહેવું જોઇએ. તમને આવી સ્થી-"તિમાં લાવવામાં જે માણસે ગેરકાયદેસર કામ કર્યું છે તે માણસને તમારી નજરમાં આવે તેમ કરવાની "અમે તમને છુટ આપીએ છીએ; તે વાતનું તમે તેની સાથે સમજી લેજો."[1]

૧૮૭૦ નો એકસટ્રાડીશન આકટ (એક બીજા રાજ્યના ગુન્હેગાર સોંપી દેવાનો કાયદો—૩૩ અને ૩૪ વિકટોરીઆ ચાપ્ટર. પર) એવું વિધાન કરે છે કે કાઉન્સીલમાં થએલો હુકમ કે જે ગોઠવણુની શરતો જણાવશે; અને પરરાજ્યને આ આકટ લાગુ પડશે એવું ઠરાવશે (કલમ ૨ જી) તે હુકમથી ગુન્હેગારોને સોંપી દેવાને વાસ્તે પરરાજ્યોની સાથે થયેલા કોલકરારને અમલમાં મુકવામાં આવશે.

હિંદુસ્તાનના સત્તાવાળાઓને કરેલી ગુન્હેગારોને સોંપી દેવાની સઘળી માગણીઓ અમલમાં લાવ-વાની રીતિ ૧૮૭૯ ના આકટ ૨૧ મા માં સ્થાપિત કરવામાં આવેલી છે, જેને વાસ્તે તે આકટની કલમો ૧૪, ૧૫ અને ૧૬ જુઓ.

ફ્યુજીટીવ ઓફેન્ડર્સ આકટ (નાશી ગયેલા ગુન્હેગારોનો કાયદો):—જે ગુન્હેગારો શેહેનશાહ એડ-વર્ડના હસ્તકના મુલકોમાંના એક ભાગમાંથી બીજા ભાગમાં નાશી જાય તેમના સંબંધમાં સાદો ઉપાય ૧૮૮૧ ના ફ્યુજીટીવ ઓફેન્ડર્સ આકટ (૪૪ અને ૪૫ વિકટોરીઆ ચાપ્ટર. ૬૯) માં બતાવેલો છે તે નામદાર શેહેનશાહના મહારાજ્યના એક ભાગમાં ગુન્હો કર્યાનું તહોમત આવવાથી જે માણસ તે ભાગ છોડીને જતો રહ્યો હોય અને તે મહારાજ્યના બીજા ભાગમાં માલમ પડી આવે તેવા કોઈપણ માણસને આ આકટની કલમો ૨ જી અને ૯ મી લાગુ પડે છે. પરંતુ જ્યાં ગુન્હો કરવામાં આવ્યો હોય તે દેશમાં બાર મહિના અથવા તેથી વધારે મુદતની શખત મજુરીની શિક્ષા થઈ શકે એવો તે ગુન્હો હોવો જોઇએ.

વળી તેના સંબંધમાં આ આકટની કલમો ૩, ૪, ૫, ૬, ૭, ૯, ૨૯ અને ૩૯ જુઓ.

૧૮૦૭ નો ઈસ્ટઆફ્રિકા ઓર્ડર ઇન કાઉન્સીલ (કાઉન્સીલમાં થએલો પુર્વ આફ્રિકા સંબંધી હુકમ) ગુન્હાઓને લાગુ પાડવાના કાયદા અને પ્રોસીજર (કામ ચલાવવાની રીત)ના સંબંધમા ઉપરના જેવોજ નિયમ સ્થાપિત કરે છે (કલમો ૧૧ અને ૧૪), પરંતુ જો કોઇને સેશન્સમાં નોંધાવો હોય અથવા અપીલ કરવાની હોય તો તે ઝાંઝીબારની કોરટને કરવાં પડે છે.

હિંદુસ્તાનની હકુમત:—હિંદુસ્તાનની બહાર થએલા ગુન્હાઓની હિંદુસ્તાનના સત્તાવાળાઓથી થવાની તપાસના સંબંધમાં એટલું યાદ રાખવું જોઇએ કે હિંદુસ્તાનની કોર્ટો સ્વાભાવિક રીતે સ્થાનિક હકુમતવાળી કોર્ટો છે, અને જો કોઈ ખાસ કાનુનથી હિંદુસ્તાનની બાહાર થએલા ગુન્હાઓની તપાસ કરવાનો અધિકાર તેમને ન આપ્યો હોય તો તેવા ગુન્હાને વાસ્તે કોઇ પણ માણસ ઉપર કામ ચલાવવાની તેમને કાંઈ પણ સત્તા નથી. જ્યારે આવો ગુન્હો કરવામાં આવ્યો હોય, અને ગુન્હેગાર હિંદુસ્તાનની હકુમતમાં હોય ત્યારે એટલું તપાસવવું જરૂરનું છે કે, ૧ લું, કઈ કોર્ટો તે ગુન્હાની તપાસ કરી શકે; ૨ જું, તે કોર્ટો

---

૧. રેજાઈના. વિ. નેલશન (જે ૧૮૬૭ માં પ્રસિદ્ધ થયો છે)—તેમાં કોકબરન જસ્ટીસની ટીકા. પાનું ૧૧૮

કેવા માણસોની તપાસ કરી શકે; અને ૩ જું, ગુન્હો નક્કી કરવાને વાસ્તે અને તેની શિક્ષાનો નિર્ણય કરવાને વાસ્તે કયો કાયદો લાગુ પાડવાનો છે. વળી જે પ્રમાણે ગુન્હો જમીન ઉપર અથવા દરિયા ઉપર બન્યો હોય તે પ્રમાણે બીજી જુદી જુદી બાબતોનો વિચાર કરવો પડે છે.

હવે જમીન ઉપર બનેલા ગુન્હાઓના સંબંધમાં ૧૮૭૯ ના એક્ટ ૨૧ માની કલમ ૮ મી લાગુ પડે છે. તેમાં એવું નિર્દીષ્ટ કરેલું છે કે બ્રિટિશ હિન્દુસ્થાનમાં ચાલતા વખતને વાસ્તે ગુન્હાઓના સંબંધમાં તથા ફોજદારી કામ ચલાવવાની રીત (પ્રોસીજર)ના સંબંધમાં જે કાયદો અમલમાં હોય તે, ગવર્નર જનરલ ઇન કાઉન્સિલ વખતોવખત જે સુધારા વધારા કરે તેને પાત્ર રહીને, મહારાણીની સાથે મિત્રાચારી અને સંપ ધરાવતા હિંદુસ્થાનના ઠાકોરો (princes)ના મુલકોમાં અને (દેશી) રાજ્યોમાં (વસ્તી) સઘળી યુરોપિયન બ્રિટિશ પ્રજાઓને, તથા બ્રિટિશ હિંદુસ્થાનની હદની બહારની કોઇ પણ જગામાં મહારાણીની સઘળી દેશી, હિંદુસ્થાનની પ્રજાઓને લાગુ પડે છે. આના સંબંધમાં વળી ક્રીમીનલ પ્રોસીજર કોડ (૧૮૯૮ નો ૫ મા)ની કલમ ૧૮૮ મી જુઓ.

આ ૮ મી કલમ પ્રમાણે હિંદુસ્થાનની દેશી પ્રજાનાં માણસો કે જે અમદાવાદમાં માલમ પડયા હતા, તેમને, ગોઆમાં તેમણે કરેલા મજુર તરીકે વિશ્વાસઘાતના ગુન્હાના ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા.[1]

આ બાબતને ટુંકમાં મુકાયે તો—

૧ બ્રિટિશ શહેનશાહતની રૈયત પરરાજ્યોમાં ગુન્હો કરે તો બ્રિટિશ કોર્ટ તેની તપાસ કરી શકે (કલમ ૩ જી પ્રમાણે);

૨ પરરાજ્યની પ્રજા પોતાના દેશમાં ગુન્હો કરી બ્રીટીશ હદમાં નાસી આવ્યો હોય તોપણ તેમનો ઈન્સાફ તેમના મુલકની કોર્ટો કરી શકે;

૩ ઇંગ્રેજ સરકારની રૈયત પરરાજ્યમાં ગુન્હો કરીને બ્રીટીશ હદમાં નાશી આવ્યો હોય તો બ્રીટીશ કોર્ટો તેમની તપાસ કરી શકે.

૪ પરરાજ્યના માણસો પરરાજ્યમાં ગુન્હો કરી બ્રીટીશ હદમાં નાશી આવ્યા હોય અને તેમને તે રાજ્યને સ્વાધીન કરવાનો સવાલ હોય ત્યાં જો નીચે લખેલી પીનલકોડની કલમો પ્રમાણે તેમણે ગુન્હો કર્યો હોય તોજ તેમને પકડી તે રાજ્યને સ્વાધીન કરી શકાય છેઃ—

કલમો ૨૦૬, ૨૦૮, ૨૨૪, ૨૩૦ થી ૨૬૩, ૨૯૯ થી ૩૦૩, ૩૦૭ થી ૩૧૦, ૩૧૧, ૩૧૨ થી ૩૧૭, ૩૨૩ થી ૩૩૩, ૩૪૭, ૩૪૮, ૩૬૦ થી ૩૭૩, ૩૭૫ થી ૩૭૭, ૩૮૮ થી ૪૧૪, ૪૩૫ થી ૪૪૦, ૪૪૩ થી ૪૪૬, ૪૬૪ થી ૪૬૮, અને ૪૭૧ થી ૪૭૭ (૧૮૭૯ ના એક્ટ ૨૧ માની કલમ ૧૨ મી.)

હિંદુસ્તાનની દેશી રૈયત કોને કહેવીઃ—આના સંબંધમાં નીચે લખેલો કેસ થોડા વખત ઉપર થયો હતો. તહોમતદારનું કુટુંબ વડોદરા રાજ્યમાં આવેલા બાકુલ ગામનું વતની હતું. આ તહોમતદારના દાદાએ ઇંગ્રેજી મુલકમાં એટલે કાલોલમાં નોકરી લીધી પણ તે બાકુલમાં ઘર રાખી રહ્યો હતો, અને કાલોલમાં તેનું બીજું ઘર હતું કે જ્યાં તે સાધારણ રીતે રહેતો હતો. તહોમતદારનો બાપ લગભગ પુરેપુરો કાલોલમાંજ રહેતો હતો અને વળી ઇંગ્રેજ સરકારની નોકરીમાં હતો. તે વડોદરેથી વહુ પરણી લાવ્યો; અને તહોમતદાર ત્યાં ગાયકવાડી મુલકમાં જન્મ્યો હતો. તહોમતદારને થોડીક કાલોલમાં કેળવણી આપવામાં આવી હતી, અને પાછળથી તેણે વડોદરામાં કેળવણી લીધી હતી, અને તેણે પણ ઇંગ્રેજ સરકાર સાથે દોસ્તી રાખનારા ખંભાતના રાજ્યમા ગુન્હો કર્યો, અને તે અમદાવાદમાં પકડવાથી ત્યાં તેના ઉપર કામ ચલાવવામાં આવ્યું અને તેને ગુન્હેગાર ઠરાવ્યો. તેની સજા રદ કરવામાં આવી હતી. આવી હકીકત ઉપરથી એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે સ્વાભાવિક જન્મેલો વડોદરાનો રૈયત હતો તેની ગાયકવાડી

---

૧. રેજાઈના વિ. ડાયા ભીમા. ૧૩ મું. ૧૪૭.

૨. રેજાઈના વિ. ડાયા ભીમા. ૧૩ મું. ૧૪૭.

પ્રજા તરીકેની સ્થિતિ બદલવાને તેણે કાંઇ કર્યું નહોતું, અર્થાત કાલેલનાં તેના બાપના અને દાદાના ઘર છતાં તે ગાયકવાડી પ્રજા રહ્યો હતો; અને (ઇંગ્રેજી) હીંદુસ્થાનમાં તેના રહેવાથી, અથવા તો ઇંગ્રેજ સરકારની નોકરી કરવાથી તે હીંદુસ્થાનની દેશી રૈયત થતો નહોતો. મહારાણીના નોકર તરીકે તેને પીનલ-કોડની ૪ થી કલમ મુજબ સજા થઇ શકે એવી હતી, પણ આ કલમ, જો કે તે સજાની રીતિ જણાવે છે તોપણ હીંદુસ્તાનની કોર્ટોની હદની બહાર બનેલા ગુન્હા ઉપર તે કોર્ટોને હકુમત આપી નથી.[૧]

ઉપરનું લખાણ જ્યાં ગુન્હેગાર બ્રીટીશ હીંદુસ્થાનની બહાર ગુન્હો કરીને પાછળથી બ્રીટીશ હીંદુ-સ્થાનમાં માલમ પડે છે તેવા કેસને લાગુ પડે છે; પરન્તુ જે દેશના ગુન્હેગારે ગુન્હો કર્યો હોય તે દેશમાંજ ગુન્હેગાર રહે તો ફોરીન જ્યુરીસ્ડીકશન એકટ (૧૮૭૯ નો ૨૧ મા)ની કલમ ૬ ઠી પ્રમાણે તેની તપાસ કરવી જોઇએ. આ છઠ્ઠી કલમ ગવર્નર-ઇન-કાઉન્સીલને બ્રીટીશ હીંદુસ્થાનની બહારની જગાઓમાં જસ્ટીસ ઓફ ધી પીસ નીમવાની સત્તા આપે છે. યુરોપિયન બ્રીટીશ પ્રજાની સામે અથવા આવી પ્રજાની સાથે મળીને ગુન્હો કરવાનું જે માણસોને માથે તહોમત આવ્યું હોય તેવા માણસોની સામેના પ્રોસીડીંગોમાં (કામ ચલાવવામાં) આ જસ્ટીસ-ઓફ-ધી-પીસને પહેલા વર્ગના મેજીસ્ટ્રેટો કે જેઓ જસ્ટીસ ઓફ ધી પીસ હોય અને જેઓ યુરો-પિયન બ્રીટીશ પ્રજા હોય તેવા મેજીસ્ટ્રેટોને ક્રીમીનલ પ્રોસીજર કોડથી જે સત્તા આપવામાં આવી છે, તેટલીજ સત્તા મળશે.

" ગમે તે હકો, દિવાની અથવા બીજી જાતના, એક માણસને હોય, કે જેના ઉપર તેનાં (અમુક મુલકમાં) સ્થાપી રેહેઠાણથી અસર થતી હોય, તો પણ સઘળી પ્રજાઓના કાયદાથી એતો સંપુરણ રીતે ખુલ્લું છે અને ખુલ્લું હોવું જોઈએ કે દરેક માણસ કે જે, અમુક દેશ કે જેમાં તે ગુન્હો કરે છે તે દેશની હકુમતમાં હોય તે તે (દેશની) હકુમતને પાત્ર થાય છે; આમ ન હોય તો કોઇ પણ સુધરેલી રીત પ્રમાણે ફોજદારી કાયદો ચલાવી શકાશે નહી. ૨ "

પરન્તુ અંગ્રેજ સરકારની પ્રજાને પરરાજ્યમાં ગુન્હો કર્યા બદલ તે પરરાજ્યવાળાએ સજા કર્યાનો તે દાખલો બતાવે તો તેના ઉપર ફરીથી તેજ ગુન્હાબદલ કામ ચલાવવું નહીં.

યુરોપીયન બ્રીટીશ પ્રજા ઉપર બ્રીટીશ શહેનશાહતની હકુમતઃ—સાધારણ રીતે એવું અનુ-માન થાય છે અને તે અનુમાન ખરૂં છે કે ઇંગ્રેજ સરકારનો તેની સઘળી યુરોપિયન બ્રીટીશ પ્રજા, પછી તે ઇંગ્રેજી હદની બહાર હોય તો પણ તે પ્રજા ઉપર એકલી (exclusive) ફોજદારી હકુમત ભોગવવાનો હક હીંદુસ્થાનના સાધારણ કાયદાનો એક ભાગ થઈ ગયો છે. પછી તે હક બીજા રાજ્યોની સ્પષ્ટ અથવા ગર્ભીત સંમતીથી અથવા તેમના ઉપર આણેલા રાજ્યદ્વારી દબાણથી અથવા બીજા કોઈ કારણથી મળ્યો હોય, પણ તે હક તો સિદ્ધ વાત છે.

ઉપર જણાવેલા એકલી સ્વતંત્ર હકુમતના હક ઉપરાંત બીજી બે જાતના કેસ છે કે જેમાં એકલી સ્વતંત્ર હકુમતનો હક સ્થાનિક સ્થિતિ ઉપરથી ઉત્પન્ન થાય છે અને તે સ્થીતિથી અસર થનારા ભાગમાં જે જે માણસો હોય તે સઘળા માણસોને તે લાગુ પડે છે. તે સઘળા માણસોને તે લાગુ પડે છે. આ બે પ્રકારના કેસ ઇંગ્રેજી કાંપ અને ઇંગ્રેજી રેલ્વે છે.

કાંપના—સંબંધમાં જે જે દેશી રાજ્યે ઇંગ્રેજી રાજ્યને કાંપ બાંધવાને વાસ્તે જગા અથવા જમીન આપી તે તે રાજ્યની સાથે શરૂઆતથીજ એવી શરત કરવામાં આવી હતી કે તે કાંપની અંદર રહેનાર તમામ માણસો ઉપર તે રાજ્યની કાંઇ હકુમત રહેશે નહી પણ તેની સ્વતંત્ર હકુમત તે કાંપના ઉપરી-ઓના હાથમાં રહેશે, દાખલા તરીકે રાજકોટ કાંપ, વડોદરા કાંપ, વઢવાણ કાંપ, અમદાવાદ કાંપ વિગેરે.

---

૧ રેનાઇના વિ. નટવરરાય. ૧૬ મું. ૧૭૮.

૨ રેનાઇના વિ. ગાન્ડ. લૉ. રીપોર્ટસ, ૯ કવીન્સ બેન્ચ ડીવીઝન, પાનુ ૧૦૦ તેમાં બેરન પોલો-કની ટીકા.

રેલ્વે લાઇનો—રેલ્વેને વધારતી વખતે એવું ઘણીવાર બને છે કે ઇંગ્રેજી રેલ્વે દેશી રાજ્યમાં થઇને પસાર થાય છે, આવા કેસમાં સાધારણ રીતે એક કરાર થાય છે કે જે કરારથી તે રાજ્ય ઇંગ્રેજ સરકારને આપી દે છે.[૧]

હૈદ્રાબાદ સ્ટેટ રેલ્વે ઉપર આવી હકુમત ભોગવવાના સંબંધમાં છેલ્લે પ્રીવીકાઉન્સિલમાં ગયેલો કેટલીક અગત્યતા ધરાવતો એક કેસ ઉભો થયો હતો.[૨] તે કેસમાં ઉપર જણાવેલી રેલ્વે નીઝામ સરકારે બંધાવી હતી અને તે નીઝામ સરકારની માલકીની હતી, અને તે (રેલ્વેવાળી) જમીન ઇંગ્રેજ સરકાર કદી માગી નહોતી અને તેમને આપવામાં પણ આવી નહોતી. પરંતુ સને ૧૮૮૭માં બ્રીટીશ રેસીડેન્ટે રેલ્વેવાળી જમીન ઉપરની સંપુરણ દીવાની અને ફોજદારી હકુમત નિઝામ સરકાર ઇંગ્રેજ સરકારને સોંપી દે એવી નિઝામ સરકારની પાસે માંગણી કરી. અને કેટલોક પત્ર વ્યવહાર ચાલ્યા પછી નિઝામ સરકારે રેલ્વે-લાઇન ઉપરની દિવાની અને ફોજદારી હકુમત ઇંગ્રેજ સરકારને સોંપી દીધી. અને તે બાબતમાં ગવરનર જનરલે એક જાહેરનામું પણ કાઢયું હતું.

તે પછી હકીકત નીચે પ્રમાણે બની; અપેલેન્ટ કે જે નિઝામની રઈયત હતો અને હઈદ્રાબાદનો રેહેવાસી હતો તે સીમલે ગયો, અને હઈદ્રાબાદના રાજ્ય સબંધી કેટલીક સરકારી ખબરો તેને જણાવવાને વાસ્તે હીંદુસ્તાનની ફોરીન આફીસના રેકરડ–કીપર (દફતર-રાખનાર) ને લાંચ આપવાનો તેણે પ્રયત્ન કર્યો એમ કહેવામાં આવતું હતું. પછી તે હઈદ્રાબાદ પાછો આવ્યો, અને સીમલાના ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટે તેને પકડવાનું વારંટ કાઢ્યું, અને તેનો અમલ થવાને વાસ્તે રેસીડેન્ટ તરફ મોકલ્યું, અને તે વારંટની રૂઇએ નિઝામ રેલવેના એક સ્ટેશન ઉપર તે અપેલેન્ટને પકડવામાં આવ્યો હતો. આ પ્રમાણે તેને પકડયો તે કાયદેસર હતું કે નહી તે સવાલ (પ્રીવી કાઉન્સીલની) જયુડીસીયલ કમીટી આગળ આવ્યો.

રેલવે લાઈન ઉપરની હકુમતના સંબંધમાં ગવરનર જનરલે જે જાહેરનામું કહાડયું હતું તે જાહેરનામાની અસર વિષે લોર્ડ ચાન્સેલર લોર્ડ હાલ્સબરીએ એવું બતાવી આપ્યું કે રેલવેવાળી જમીન કોઈપણ દીવસ બ્રિટિશ હિંદુસ્તાનનો ભાગ થયો નહોતો, "તેટલા માટે, ફોજદારી વારંટ બજાવવાની "સત્તા કોઈપણ રીતે તે જમીન ના હાકેમની પાસેથી મળેલી હોવી જોઈએ, અને અહીંઆ જે સત્તા "ઉપર આધાર રાખવામાં આવ્યો છે તે જે પત્રવ્યવહારમાં નિઝામ સરકારે ઇંગ્રેજ સરકારને રેલવે લાઈન "ઉપર) હકુમત આપી છે તે પત્ર વ્યવહારથી આપવામાં આવેલી સત્તા છે..........જો જે હકુમત "આપવામાં આવી છે તે માત્ર એજ હોય......તો એ ખુલ્લુ છે કે આપેલી હકુમત, 'સ્વતંત્ર (દેશી) "રાજ્યોમાં થઇને પસાર થતી બીજી લાઇનો ઉપર છે તેમ રેલવે લાઈન ઉપરની' દિવાની અને ફોજ-"દારી હકુમત છે; તેટલા માટે સવાલ માત્ર એટલોજ રહે છે કે આ કેસમા જે કૃત્ય વિષે ફરીઆદ કર-"વામાં આવી છે તે કૃત્ય એવુ છે કે નહી કે જે કોઇપણ અર્થમાં 'રેલવે લાઈન ઉપરની' હકુમતની "અંદર આવે એવું ગણાઇ શકાય. એવુ બતાવવામાં આવ્યુ નથી કે જે અમુક ગુન્હાનું તહોમત મુકવામાં "આવ્યુ છે તે ગુન્હો રેલવે ઉપર કરવામાં આવ્યો હતો, અથવા તો તે કોઈપણ રીતે રેલવેના વહીવટની "સાથે સંબંધ ધરાવતો હતો. જે બતાવવામાં આવ્યું છે તે એ છે કે હિંદુસ્તાનના બીજા ભાગમાં (સીમ-"લામાં) બ્રીટીશ હદની અંદર ગુન્હો કરવામાં આવ્યો હતો, અને જે રેલવે લાઇન ઉપર દિવાની અને "ફોજદારી હકુમત આપવા સારૂ હકુમત આપવામાં આવી હતી તે લાઈનના એક ભાગ ઉપર અપેલેન્ટ "જાતે હાજર હતો તેટલા કારણુ સારૂ બીજે ઠેકાણે કરેલા ગુન્હાને વાસ્તે ફોજદારી કામ ચલાવવાની રીત તેને લાગુ પડતી હતી. (જ્યુડીશીયલ કમીટીના) નામદાર લોરડ સાહેબોનો એવો અભિપ્રાય છે કે આવો કોઇ પણ હક બીન પાયાદાર છે. અને તેને પકડયો તે ગેરકાયદેસર હતુ."[૩]

---

૧. ૬ અઇટીકીશન. ૨૭૯. ૨૮૫.

૨. મહમ્મદ યુસુફ–ઉદ–દીન વિ. રેજાઇના. ૨૫. ક. પાનું ૨૦.

૩. મહમદ યુસુફ—ઉદ—દીન (૨૫ ક ૨૦) ના કેસમાં લોરડ હાલ્સબરીના ટીકા,

ભરસમુદ્ર ઉપર કરેલા ગુન્હાઓની તપાસ એડમીરાલ્ટી હકુમત (Admiralty Jurisdiction)થી અને અમુક કાનુનો કે જે મરચન્ટ શીપીંગ કોડનો ભાગ છે તે કાનુનો પ્રમાણે થાય છે.

એડમીરાલ્ટી હકુમતઃ—૧૮૯૧ ના આકટ. ૧૬ માની કલમ. ૨ જીથી બંગાળાની, મદ્રાસની અને મુંબાઇની હાઇકોરટને ૧૮૯૦ ના **કોલોનીઅલ કોર્ટસ ઑફ એડમીરાલ્ટી આકટ** (૫૩ અને ૫૪ વિક્ટોરિઆ. ચાપ્ટર. ૨૭) ના અર્થમાં આવી જાય તેવી રીતે કોલોનીઅલ કોર્ટસ ઓફ એડમીરાલ્ટી જાહેર કરવામાં આવી છે. ટુંકમાં ઇંગ્લાંડની એડમીરાલ્ટી કોરટને જે જે માણસો ઉપર હકુમત હોય તેવા બધા માણસોએ બધી ગમે તે જગોએ કરેલા કોઇ પણ ગુન્હાના સંબંધમાં ઇંગ્લાંડની તે એડમીરાલ્ટી કોરટને જેવી અને જેટલી હકુમત છે તેવી અને તેટલીજ હકુમત આ કાયદાઓથી હીંદુસ્તાનની હાઇકોરટોને આપવામાં આવી છે.

ઈલાકાના માંહેલા ભાગની (mofussil) કોરટોએ પણ ૧૮૪૯ ના એડમીરાલ્ટીઓ ફેનસીસ (કોલોનીઅલ) આકટથી, ૧૨ ૧૩ વિક્ટોરીઆ. ચાપ્ટર. ૯૬ ની કલમો ૧ લી અને ૨જીથી, તથા ૨૩ અને ૨૪ વિક્ટોરીઆ. ચાપ્ટર. ૮૮ ની કલમ ૧ લીથી ઉપરના જેવીજ હકુમત આપવામાં આવેલી છે.

વળી એવીજ જાતના બીજા બીજા નિયમોને વાસ્તે જુઓ ૧૮૯૪ નો મરચંટ શીપીંગ આકટ, ૫૮ અને ૫૯ વિક્ટોરિઆ. ચાપ્ટર, ૬૦.

એડમીરાલ્ટી હકુમતઃ—દરિયા ઉપર થયેલ, કૃત્યોનીજ માત્ર, અને ગુન્હાના સંબંધમાં જે ગુન્હાઓ દરિયા ઉપર પરિપૂર્ણ થયા હોય તેવા ગુન્હાઓનીજ માત્ર તપાસ કરે છે. મદ્રાસમાં બનેલા એક કેસમાં એક વહાણના કપ્તાને કાલીકટમાં લઇ જવા સારૂ માંગલોરમાં (પોતાના વહાણ ઉપર ચોખા લીધા, અને પોતાનું વહાણ ગોવે લઈ ગયો, જ્યાં તેણે ચોખ, વેચી નાંખ્યા, અને ઉપજેલા પઇસા તે ખાઈ ગયો, તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે ૧૨ અને ૧૩ વિક્ટોરીઆ. ચાપ્ટર, ૯૬ પ્રમાણે તેની તપાસ થઇ શકતી નહોતી, કેમકે દરિયા ઉપર તેણે કાંઇ ગુન્હો કરયો નહોતો, તેમજ ગોવાને કિનારે ઉતર્યો ત્યાં સુધી તેણે બીલકુલ કાંઈ પણ ગુન્હો કર્યો નહોતો૧ અને તેથી ઉલટુ, જ્યાં કિનારા (અર્થાત્ જમીન) ઉપર કરેલા ગેરઆજબી કામનું ગુન્હો બને તેવું પરિણામ દરિઆ ઉપર થાય છે ત્યાં તે ગુન્હાની તપાસ એડમીરાલ્ટી કોર્ટથી થઇ શકે છે, અને જે કોર્ટની હદમાં તે ગુન્હેગાર રહેતો હતો તે કોર્ટથી તેવા ગુન્હાની તપાસ થઈ શકે નહી.૨

એડમીરલ્ટી હકુમત ક્યાંથી શરૂ થાય છેઃ—જ્યાં આગળ ભરતી કિનારાને અટકે છે ત્યાંથી દરિયાઇ હકુમત શરૂ થાય છે અને આખી દુનિઆ ઉપર દરેક દેશના કિનારા સુધી, અને દરેક અખાતમાં સમુદ્રના ફાંટામાં અને નદીમાં જે જગા સુધી મોટાં વહાણો જઇ શકે ત્યાં સુધી તે હકુમત પ્રસરે છે.૩ એક ઇંગ્રેજી વાહાણ કે જે રોટરડામના ડકા આગળ લાંગરવામાં આવ્યું હતું તે વાહાણ ઉપરના સઘળા માણસોને દરિયાઈ (એડમીરાલ્ટી) હકુમત લાગુ પડતી હતી એવું ઠરાવવામાં આવ્યું હતું.૪ પરંતુ જ્યાં હાવરેમાં એક ચારે બાજુથી બંધીયાર ગોદી કે જેમાં તે ગોદીના માલીકોની ખુશી પડે ત્યારે પાણી ભરવામાં આવતું હતું અને તેમને ઠીક લાગે ત્યારે તે પાણી ગોદીમાંથી કાડી નાખવામાં આવતું હતું તેવી ગોદીમાં એક અમેરિકાનું વહાણ પહેલું હતું ત્યાં મી. જસ્ટીસ સ્ટોરીએ એવું ઠરાવ્યું કે આ કેસને દરિયાઈ હકુમત લાગુ પડતી નહોતી.૫

---

૧. બાપુ દાલ્દી વિ. રેજાઈના ૫ મ. ૨૩

૨. કોમ્બીનો કેસ, ૧ લીચ. ક્રીમીનલ કેસીસ. ૩૮૮; રેજાઇના વિ. કીન. ૨ એકસ્ચીકર ડીવીઝન, પા. ૧૦૨.

૩. રેજાઈના. વિ. એલન, ૧ મુડ. ક્રીમીનલ કેસીસ ૪૯૯; રેજાઇના. વિ. એન્ડરશન. લૉ. રીપોર્ટસ. ૧ ક્રીમીનલ કેસીસ. ૧૬૧.

૪. રેજાઈના. વિ. કાર. લૉ રીપોર્ટસ. ૧૦ કવીન્સ બેન્ચ ડીવીઝન. ૭૬.

૫. યુનાઇટેડ સ્ટેટસ. વિ. હેમીલ્ટન. ૧ એસન. ૧૫૨.

એડમીરાલ્ટી ફોજદારી હકુમત કેવી જાતનાં માણસોને લાગુ પડે છે:—આ હકુમત નીચે જણાવેલાં ત્રણ પ્રકારનાં માણસોને લાગે છે; (૧) દરિઆ ઉપરની બધી બ્રીટીશ રૈયત. (૨) જ્યારે ગુન્હો બન્યો ત્યારે જે વહાણ તેની સ્થીતિને લીધે અથવા અમુક દેશની પ્રજાને લગતું હોવાને લીધે બ્રીટીશ હકુમતને તાબે હોય તેવા કોઇપણ વાહાણ ઉપરના સઘળા માણસો; અને (૩) જેમના ઉપર ચાંચીયાનો ધંધો કરવાનું તહોમત હોય તેવા સઘળા માણસો, પછી તે ગમે તે દેશના અથવા ગમે તે પ્રજાને લગતા હોય.

પેહેલા કેસના સંબંધમાં, દરિઆ ઉપરની એટલે દરિઆ ઉપરના વહાણ ઉપરની, અર્થાત સામાન્ય રીતે બ્રીટીશ વહાણ ઉપરની બ્રીટીશ રૈયત; દાખલા તરીકે બોમ્બે એન્ડ પરશીઆ સ્ટીમ નેવીગેશન કંપનીને લગતા એક વાહાણના મુખ્ય અધિકારી ઉપર દરિઆઈ મુસાફરી દરમીઆન એક જાત્રાળુ પાસેથી તેણે લીધેલા ભાડાના પૈસાની બાબતમાં નોકર તરીકે સાપરાધ વિશ્વાસઘાત કરવાનું તહોમત મુકવામાં આવ્યું હતું. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ તેની તપાસ કરી શકે, અને પીનલકોડ મુજબ તેના ઉપર તહોમતનામુ ફરમાવવું જોઇએ અને ગુન્હો પુરવાર થાય તો પીનલકોડ મુજબ તેને સજા કરવી જોઇએ.૧

શાહનશાહના મુલકની બાહાર કોઈ પણ બીજી પ્રજાનાં વાહાણ ઉપર બનેલા ગુન્હાને વાસ્તે બ્રીટીશ પ્રજા ઉપરની હકુમતના સંબંધમાં જોઇએ તેવા ફેંસલા નથી, અને જે ફેંસલા છે તે પરસ્પર વિરૂદ્ધ હોઈ સંતોષકારક નથી.૨

બીજા કેસના સંબંધમાં સાધારણ નિયમ એવો છે કે જે કોઇ માણસ જે પરદેશી રાજ્યની અંદર માલમ પડે તે માણસ તે રાજ્યના કાયદાને પાત્ર થાય છે અને તે રાજ્યના કાયદા પ્રમાણે તેને સજા થાય છે. તેજ મુજબ દરેક વહાણ જ્યાં સુધી તે ભરસમુદ્ર ઉપર હોય છે ત્યાં સુધી તે વહાણ જે દેશનો વાવટો તેની ડોલ કાઠી ઉપર ઉડે છે તે દેશના મુલકનો એક ભાગ ગણાય છે. તેથી કરીને જો કોઇ પરદેશી માણસ ઇંગ્રેજી વહાણ ઉપર ગુન્હો કરે તો પછી તે હમેશને વાસ્તે તે વાહાણ ઉપર હોય, અથવા સહેજજ તે વાહાણ ઉપર આવ્યો હોય તો પણ તે (આપણી) એડમીરાલ્ટી હકુમતને પાત્ર થાય છે.

રેજાઇના વિ. એન્ડરસન૩ ના કેસમાં અમેરિકાના એક શેહેરનો રહેનાર એક ઇંગ્રેજી વાહાણ ઉપર નોકરી કરતો હતો. તે વાહાણ ગુન્હો બન્યો તે વખતે બોરડો શેહેર તરફ જતાં ગેરોન નદીમાં હતું. તે માણસે તેજ વાહાણ ઉપર નોકરી કરતા બીજા એક અમેરિકાના રેહેવાશીને મારી નાંખી મનુષ્ય-વધનો ગુન્હો કર્યો. તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેના ગુન્હાની તપાસ એડમીરાલ્ટી હકુમતથી થઇ શકે એવી હતી. વળી જુઓ **રેજાઇના વિ. કાર.૪**

બીજા એક કેસમાં ચીફ જસ્ટીસ લોર્ડ કેમ્પબેલ ટીકા કરે છે કે "આ કેસમાં ભર દરિયે ઇંગ્રેજી "વાહાણ ઉપર કેદીએ ગુન્હો કર્યો છે, જે ગુન્હો જો કોઇ ઇંગ્રેજે ઇંગ્રેજી મુલકમાં કર્યો હોત તો તે ખુનનો "ગુન્હો થાત, એમાં અમારો એવો અભિપ્રાય છે કે આવી હકીકતની અંદર, હેમ્બર્ગ આગળ તેને પકડયો "અને પાછળથી તેને કેદમાં રાખ્યો તે કાયદેસર કે ગેરકાયદેસર હોય તો પણ કેદી ખુનના ગુન્હાનો અને "ઇંગ્લાંડના કાયદાની સામે ગુન્હાનો ગુન્હેગાર હતો; કેમકે તે ઇંગ્રેજી વાહાણ કે જે ઇંગ્લાંડના મુલકનો એક "ભાગ છે તેમાં હતો, ઇંગ્રેજી કાયદાથી અપાતુ રક્ષણ મેળવવાને હકદાર હતો, અને તે કાયદાનો હુકમ માન્ય

---

૧. યુનાઇટેડ સ્ટેટસ. વિ. ડેવીસ. ૨ સમનર. ૪૮૨; કોમ્બીનો કેસ (પાછળ), અને રેજાઈના વિ. કીન. (પાછળ) ના ફેંસલા જુઓ.

૨. રેજાઈના વિ. ચીફ ઓરીસર ઓફ સ્ટીમશીપ મુસ્તારી—૩ બોમ્બે લૉ રીપોર્ટર પાનું ૨૫૩.

૩. લા રીપોર્ટસ. ૧ ક્રીમીનલ કેસીસ.

૪. લા રીપોર્ટસ. ૧૦ ક્વીન્સ બેન્ચ ડીવીઝન. ૭૬.

" કરવાને તે બંધાયેલો હતો; અને તેણે ખુનનો ગુન્હો કર્યો હતો—અર્થાત, તેણે પોતાનો છુટકારો મેળવવાના હેતુથી નહી, પણ વૈરની અને ઇર્ષાની લાગણીથી તે અમલદારને ગોળી મારીને મારી નાખ્યો હતો."૧

એક અમેરિકાના માણસે એક અમેરિકાના વાહાણ ઉપર એક જર્મનીના રેહનાર માણસને ઈજા (વ્યથા) કરી, અને તે જર્મનીવાળો માણસ, લીવરપુલમાં વાહાણના આવ્યા પછી તે ઈજાને લીધે મરી ગયો તેથી તે અમેરિકાના માણસને લીવરપુલમાં કેદ કરવામાં આવ્યો. તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે ૯ જોર્જ ધ ફોર્થ ચાપ્ટર ૩૧, કલમ ૮ મી પ્રમાણે પણ, ઈંગ્લંડમાં તે ગુન્હાની તપાસ કરવાની કાંઇ પણ હકુમત મળતી નહોતી.૨

ભરદરિએ ચાલતુ વેહેપારી વાહાણ તે (વાહાણના) ના પોતાના દેશનો તરતો મુલક છે (અર્થાત જે દેશનું તે વાહાણ હોય તે દેશનો એક ભાગ છે) તે નિયમ, જ્યારે તે વાહાણ કોઈ પણ પરદેશી જે નદી અથવા બંદર કે જે પૂરેપૂરી રીતે તે પરદેશી મુલકનો એક ભાગ છે તેમાં જાય છે ત્યારે તે નિયમની મર્યાદા આવી રહે છે. આવું હોય ત્યારે અસલ તે વાહાણવાળા દેશની હકુમત કાયમ રહે છે, પણ તેની સાથે જો તે વાહાણનો વેહેપારી અથવા ખલાસી વેહેપારને સારૂ અથવા બીજા કોઇ કામને સારૂ જમીન ઉપર ઉતરે તો જે પ્રમાણે તે વેહેપારી અથવા ખલાસી તે જગાની હકુમતને પાત્ર થશે તેજ પ્રમાણે તે વહાણને અને તે વહાણ ઉપરના સઘળા માણસોને તે જગાની હકુમત લાગુ પડે છે. આમ હોવાને લીધે **કર્નીંગહામના** કેસ૩માં બ્રીસ્ટલચાનલમાંઆવેલા એક અમેરિકાના વાહાણ ઉપરના અમેરિકન લોકોને તે વહાણ ઉપરના એક ખલાસીને ઘાયલ કરવાના ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા, અને તે ગુન્હો ગ્લેમોરગનશાયર નામના પ્રગણાની અંદર થયેલો ગણીને તે ગુન્હાની તપાસ તે પ્રગણામાં કરવામાં આવી હતી.

હિંદુસ્તાનના અમુક ભાગની દરિયા કિનારાથી કેટલે દુર સુધી હકુમત પોહોચી શકે છે:— આવી હકુમતના સંબંધમાં ૧૮૭૮ નો **ટેરીટોરીઅલ વોટર્સ જુરીસડીકશન આકટ** (૪૧ અને ૪૨ વિક્ટોરિઆ ચાપ્ટર ૭૩) થયો છે. તેની કલમ ૭ મીમાં લખેલું છે કે આ આકટના કામને સારૂ કલમ ૨ જીમાં જણાવેલા "નામદાર શેહેનશાહના મુલકોના રાષ્ટ્રિય પાણીની અંદરના ખુલ્લા દરિયા"માં નીચામાં નીચી (ભરતીના) પાણીની હદથી માપતાં કિનારેથી ત્રણ દરિઆઈ માઈલ સુધીના ખુલ્લા દરિયાના કોઈ પણ ભાગનો સમાવેશ થાય છે.

આ આકટની ૨ જી કલમમાં એવું સ્થાપિત કરેલું છે કે " કોઇ પણ માણસ, પછી તે નામદાર
" શેહેનશાહની રૈયત હોય કે ન હોય તો પણ, તેણે તે નામદાર શેહેનશાહના મુલકોનાં રાષ્ટ્રિય પાણીની
" અંદરના ખુલ્લા દરિઆ ઉપર કરેલો ગુન્હો એડમીરલની હકુમતની અંદર આવી જાય તેવો ગુન્હો છે,
" પછી જો કે તે ગુન્હો પરદેશી વહાણ ઉપર અથવા પરદેશી વહાણ વડે કરવામાં આવ્યો હોય તો પણ
" તેની કાંઇ હરકત નહી; અને આવો ગુન્હો કરનાર માણસને તે પ્રમાણે એડમીરલ પકડી શકે, અને તેને
" સજા કરી શકે."

ટુંકમાં, જે રાજ્યની પડોશમાં દરિઓ હોય તે રાજ્યની હકુમત કિનારેથી (નીચામાં નીચી ભરતીનાં પાણીની હદથી) માપતાં દરિઆની અંદર ત્રણ દરિઆઇ માઇલ સુધી પહોંચે છે.

ઉપર જણાવેલા આકટ પ્રમાણે તપાસ થઈ શકે તેવા ગુન્હાનું જે માણસ ઉપર તહોમત મુકવામાં આવ્યું હોય તે માણસને પકડવાના કામને સારૂ. હિંદુસ્તાનના કોઈ પણ ભાગની પડોશમાં રાષ્ટ્રિય (સમુદ્ર વિગેરેનાં) પાણી, (તે ભાગના) જે જડજ, માજીસ્ટ્રેટ અથવા બીજા અમલદારને તેની હકુમતની અંદર ગુન્હો

---

૧. રેજાઈના. વિ. સૅટલર. ડી. એન્ડ બી. પાનુ ૫૩૯. પાને ૫૪૭ મે ટીકા.
૨. રેજાઈના વિ. લુઈ. ડી. એન્ડ બી. પાનુ ૧૮૨.
૩. બેલ. ક્રીમીનલ કેસીસ. ૭૨, ૨૮ લા. જનરલ એમ. સી. ૫૦.

કરવાનું જે માણસ ઉપર તહોમત મુકવામાં આવ્યું હોય તે માણસને પકડવા સારૂ વારંટ કાઢવાનો અથવા પકડવાનો અધિકાર આપેલો હોય છે તે જડજ, માજીસ્ટ્રેટ અથવા બીજા અમલદારની હકુમતની અંદર આવેલાં ગણવાનાં છે. (ઉપરના આકટની કલમ ૭ મી).

ચાંચીઆનો ધંધો કરવો તે સઘળા દેશની પ્રજાઓની સામે ગુન્હો છે, અને તેથી ચાંચીઆનો ધંધો કરનાર ગમે તે ઠેકાણે માલમ પડયો હોય, ગમે તે દેશનો હોય, અને આવા ગુન્હાની તપાસ કરવાની હકુમતવાળી ગમે તે કોરટમાં તેને ઉભો કરવામાં આવ્યો હોય તોપણ તેના પકડનારાઓથી તેને સજા કરી શકાય છે;૧ અર્થાત્ જે દેશના ચાંચીઆઓ પકડાયા હોય તે દેશવાળાઓ તેમને સજા કરી શકે છે.

જ્યાં એક વહાણ ખરેખરી રીતે ચાંચીઆ વહાણ તરીકે ફરતુ રહે છે ત્યાં તે ચાંચીઆઓ બીજા વહાણ ઉપર કોઈ પણ પ્રકારનો હુમલો કરે તો પછી તે હુમલામાં તેઓ ફતેહમંદ થાય અથવા હાર ખાય તોપણ ચાંચીઆના કામ તરીકે તેમને તે હુમલા બદલ સજા થઇ શકે છે; અને એ પણ નક્કી વાત છે કે સઘળા કાયદા કાનુનોને બાજુએ મુકીને (ના ફરમાન કરીને) વર્તનારા, અને કોઇ પણ દેશની સરકારનો હુકમ નહી માનનારા ખલાસીઓના ચાંચીઆના ધંધા અર્થે ફરતા રહેવાનાજ માત્ર કૃત્યને માટે તેમને ચાંચીઆઓ તરીકે સજા થઈ શકે છે.૨

બાર દરિએ કરેલા ગુન્હાને ક્યાંનો કાયદો લગાડવો અને તે ગુન્હાના સંબંધમાં કોની હકુમત હોય તે બાબતમાં કેટલોક મતભેદ છે. **ફિલિપ્સ વિ. આયર ૩** માં ચીફ જસ્ટીસ કોકબરને કહેલું છે કે "અમને " એ તો સ્પષ્ટ જણાય છે કે જ્યાં બીજા દેશના કાયદા પ્રમાણે જે કૃત્ય બાબત ફરિઆદ કરવામાં આવે " છે તે કૃત્ય કાયદેસર હોય તો, આવું કૃત્ય, જો કે તે આપણા દેશમાં કર્યું હોત તો આપણા દેશના કાયદા " પ્રમાણે તે ગેરકાયદેસર થાત તો પણ, ઇંગ્રેજી કોર્ટમાં દાવાનું કારણ કરી શકાય નહીં. " તેજ કેસ જ્યારે અપીલમાં૪ ગયો ત્યારે જસ્ટીસ વીલ્સે કહ્યું, " જે ખોટુ કૃત્ય ઇંગ્લાંડની બહાર થયેલું જણાવવામાં આવે " છે તે કૃત્ય બદલ ઇંગ્લાંડમાં દાવો લાવવાને વાસ્તે બે શરતો પળાવવી જોઇએ; ૧ લી, ખોટું કૃત્ય એવા " પ્રકારનું હોવું જોઇએ કે જો તે ઇંગ્લાંડમાં થયું હોય તો તેના ઉપર દાવો લાવી શકાત; ૨ જી, જે " જગાએ તે કૃત્ય કરવામાં આવ્યું હતું તે જગાના કાયદાથી તે કૃત્ય વ્યાજબી ગણાવું હોવું જોઇએ નહીં." આ નિયમ ફોજદારી જવાબદારીના સંબંધમાં વધારે સારી રીતે લાગુ પડી શકશે.

હિંદુસ્તાનની કોર્ટોમાં ચુકેલા ફેંસલા સાધારણ રીને ઉપરના અભિપ્રાયની સાથે મળતા આવે છે.

રેજાઇના વિ ટોમ્સન ૫ માં કેદી કે જે બ્રીટીશ રૈયત હતો તેના ઉપર એડમીરાલ્ટી હકુમતની અંદર આવી જતા ભર સમુદ્રમાં ચાલતા ઇંગ્રેજી વહાણ **સિંધિઆ** ઊપર ઈ. નેડ નામના માણસને નિર્બળ કરી નાંખવાના હેતુથી ગુન્હો થાય એમ જાણી બુજીને તેને કાપી નાંખવાનું અને ઘાયલ કરવાનું ૧. વિકટોરીઆ. ચાપ્ટર ૮૫ ની કલમ ૨ જી પ્રમાણે તોહોમત મુકવામાં આવ્યું હતું. જ્યુરીએ ઠરાવ્યું કે જાણી બુજીને ગુન્હો કરવાનો તેનો ઈરાદો નહોતો, અને (ઈ. નેડને) ગેરકાયદેસર રીતે ઘાયલ કરવાનો તેને ગુન્હેગાર ઠરાવ્યો. આમ કરવાનો તેમને ૧૪ અને ૧૫ વિકટોરીઆ ચાપ્ટર. ૧૯ ની કલમ. ૫ મીથી અધિકાર હતો. અને ૧૮ અને ૧૯ વિકટોરીઆ ચાપ્ટર. ૧૯ ની કલમ. ૨૧મીથી કોર્ટને હકુમત મળતી હતી. ચીફ જસ્ટીસ પીકોકે કહ્યું, " ત્યારે ઇંગ્રેજી કાયદા પ્રમાણે તહોમત મુકવામાં આવ્યું છે. હિંદુસ્તાનના કાયદાની કામ

---

૧. ૧ ફીલીમોરસ ઇન્ટરનેશનલ લા. પાનું ૩૭૯.

૨. યુનાઇટેડ સ્ટેટસ વિ. કલીન્ટોક. ૫ વ્હીટન. ૧૪૪; યુનાઇટેડ સ્ટેટસ. વિ. પાઇરેટસ, ૫ વ્હીટન. ૧૮૪; ૨ સ્ટીવન્સ ક્રીમીનલ લા. પાનુ, ૨૮.

૩. લા. રીપોર્ટર્સ. ૪ કવીન્સ બેન્ચ. પાને ૨૩૯.

૪. લા. રીપોર્ટર્સ. ૬ કવીન્સ બેન્ચ. પાને ૧૮ મે.

૫. ૧ બંગાલ લા. રીપોર્ટર્સ. ઓરીજીનલ ક્રીમીનલ પાનું ૧.

" ચલાવવાની રીત મુજબ તેની તપાસ કરવામાં આવી છે, અને ઈંગ્રેજી કાયદા પ્રમાણે સજા કરવી જોઈએ." (પાનું ૧૧).

રેજાઈના વિ. એલ્મસ્ટન. અને બીજાઓ[૧]ના કેસમાં હેરીઅટ અને માર્ક્સ કે જે **ઓરારા** નામના એક ઇંગ્રેજી વહાણના કપ્તાન અને સુતાર (અનુક્રમે) હતા તેમના ઉપર મુંબાઇથી લીવરપુલની તે વહાણની સફર દર્મીઆન જ્યારે તે વહાણ તેના માર્ગ ઉપર આસરે ૫૦ મૈલ ગયું ત્યારે તેને આગથી જાણી બુજીને નાશ કરવાનું તહોમત મુકવામાં આવ્યું હતું; અને એલ્મસ્ટન અને વ્હીટવેલ કે જે તે વહાણના દલાલ હતા તેમના ઉપર તે ગુન્હો કરવાની ઉશ્કેરણી કરવાનું તહોમત મુકવામાં આવ્યું હતું. ફુલ (આખી) કોર્ટના સવિસ્તર લંબાણ જજમેન્ટમાં ચીફ જસ્ટીસ. વેસ્ટરોપે એવો નિર્ણય કર્યો કે વહાણ ઉપરના ગુન્હેગારોને અથવા તો કિનારેથી ત્રણ કરતાં વધારે માઈલ ઉપર અને ભર દરિયે ગુન્હો કરવાની જે લોકોએ મુંબાઈમાં ઉશ્કેરણી કરી હતી તે લોકોને (હિન્દુસ્તાનના) પીનલકોડ લાગુ પાડી શકાય નહીં, (પરંતુ તેમને ઇંગ્લાંડનો કાયદો લાગુ પાડવો જોઈએ).

આ કેસ પછી થયેલા એક કેસમાં ૨ કે જ્યાં ઇંગ્રેજી વહાણ ઉપર ભર દરિએ એક બ્રીટીશ ખલાસીએ કરેલા ગુન્હાને વાસ્તે તેની તપાસ કરવામાં આવી હતી ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે ગુન્હો ઇંગ્રેજી કાયદાની સામે થએલા ગુન્હા તરીકે ગણવો જોઇએ, તો જો કે કામ ચલાવવાની રીત ક્રીમીનલ પ્રોસીજરકોડ (હિન્દુસ્તાનનો ફોજદારી કામ ચલાવવાનો કાયદો) પ્રમાણેજ હતી તેજ કોર્ટનો એક આગલો ફેંસલો૩ કે જ્યાં આવોજ અભિપ્રાય મોઘમ રીતે બાંધવામાં આવ્યો હતો તેને અનુસરીને આ ફેંસલો કરવામાં આવ્યો હતો.

પરંતુ રેજાઇના. વિ. શેખ અબદુલ રેહેમાન૪ના ફેંસલામાં ઉપરના ફેંસલાથી જુદોજ નિર્ણય કરવામાં આવ્યો છે. (આ કેસની હકીકત માટે પાછળ જુઓ). તે કેસમાં ગોવાના કિનારાથી ત્રણ માઇલ કરતાં વધારે દૂર (ભરદરિએ) ગુન્હા બન્યા હતા. તેમ છતાં પણ ૩૦ અને ૩૧ વિકટોરીઆ ચાપ્ટર, ૧૨૪ ની કલમ ૧૧ કે જે હિંદુસ્તાનને લાગે છે તેના ઉપર તથા ૩૭ અને ૩૮ વિકટોરીઆ ચાપ્ટર, ૨૭ ઉપર આધાર રાખીને ઇંગ્લાંડનો કાયદો લગાડવાને બદલે હિંદુસ્તાનનો પીનલકોડ લાગુ પાડવામાં આવ્યો હતો, અને સજા પણ તેજ કોડ પ્રમાણે કરવામાં આવી હતી.

હિંદુસ્તાનમાં પાણીમાં બનેલા ગુન્હાઓઃ—ગુન્હો દરિઆ કાંઠાથી ત્રણ માઈલની અંદર બન્યો હોય ત્યારે ગુન્હેગારને (સ્થાનિક કાયદો) (હિંદુસ્તાનના કેસમાં પીનલકોડ) લાગુ પડે છે.

રેજાઇના વિ. ઇરવીન ૫ મા જસ્ટીસ હોલોવેએ એવું સુચવ્યું હતું કે ૧૨ અને ૧૩ વિકટોરીઆ ચાપ્ટર. ૯૬ ની કલમ. ૧ લી પ્રમાણે ત્રણ માઈલના છેડા સુધી પીનલકોડ લાગુ પડતો હતો આ પેહેલી કલમ એવું ફરમાવે છે કે નામદાર શેહેનશાહની માલીકીવાળા આખા મુલકમાં તે લગાડવો જોઇએ.

રેજાઈના વિ. કારત્વારામા૬ માં એવું ઠરાવવામાં આવ્યું હતું કે કિનારેથી ત્રણ માઈલની અંદર દરિઆમાં મુકેલી માંછલા પકડવાની કાંટાવાળી લાકડીઓ ખસેડવી તે પીનલકોડની કલમો ૪૨૫ અને ૪૩૭ પ્રમાણે ગુન્હો હતો. અને ૧૨ અને ૧૩ વિકટોરીઆ ચાપ્ટર ૯૬ પ્રમાણે તેને માટે હિન્દુસ્તાનમાં સજા થઇ શકે એવું હતું. આ ફેંસલો એવા અભિપ્રાય ઉપર કરવામાં આવ્યો હતો કે હિન્દુસ્તાનનો મુલક કિનારેથી

---

૧. ૭ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ. ક્રીમીનલ કેસીસ. ૮૯.

૨. રેજાઇના વિ. ગનીંગ. ૨૧ ક, ૭૮૨.

૩. રેજાઇના. વિ. બાર્ટન ૧૬ ક. ૨૩૮.

૪. ૧૪ મું. ૨૨૭,

૫. પેહેલી મદ્રાસની સેશન. ૧૮૬૭,

૬. ૮ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ. ક્રીમીનલ કેસીસ. પાનું ૬૭.

ત્રણ માઈલ સુધી પહોચતો હતો અને તેટલા માટે કલમો ૧લી અને ૨૭ પ્રમાણે પીનલકોડ લાગુ પડતો હતો.

બ્રીટીશ હિન્દુસ્તાનની હદની બાહાર ગુન્હો કરીને નાશી આવેલ પરદેશી ગુન્હેગારોની તેવા ગુન્હાઓને વાસ્તે બ્રીટીશ હિન્દુસ્તાનમાં જવાબદારીઃ—એવું કોઇપણ કાયદાનું ફરમાન નથી કે જેથી હિંદુસ્તાનનું ધારા બાંધનારૂં મંડળ હિન્દુસ્તાનની હદની બાહાર પરદેશીઓએ કરેલા ગુન્હાઓની બાબતમાં તેવા પરદેશીઓને બ્રીટીશ હિન્દુસ્તાનના ફોજદારી કાયદાને આધીન કરી શકે. તેના સંબંધમાં એક કેસમાં જસ્ટીસ કૉકબર્ન ટીકા કરે છે કે "પ્રજાઓના સામાન્ય કાયદાની રૂએ, એક પરદેશીને અમુક પ્રજાના મુલકની હદની બાહાર કરેલા કૃત્યોને વાસ્તે તે "પ્રજાનો કાયદો કે જે તેનો પોતાનો નથી તે કાયદાને ફોજદારી રાહે જવાબદાર હોવાનું ઠરાવી શકાય નહીં." એ કાયદાનું ફરમાન બીન તકરારી અને સર્વત્ર માન્ય કરાએલું છે.૧ તેટલા માટે બ્રીટીશ હિંદુસ્તાનની હદની બાહારના મુલકમાં એક પરદેશીએ કરેલાં કૃત્યો બ્રીટીશ હિંદુસ્તાનમાંના પીનલકોડ પ્રમાણે કોઈપણ ગુન્હા બનતાં નથી. આ પ્રમાણે, અમુક માણસ કે જે બ્રિટીશ રૈયત નથી તે માણસને અમુક કૃત્યના સંબંધમાં ગુન્હેગાર તરીકે સજા કરવાની માગણી કરવામાં આવે ત્યારે સવાલ એવો નથી કે 'કૃત્ય કયા બન્યું હતું.' પરંતુ સવાલ એવો પુછવાનો છે કે "જે વખતે તે કૃત્ય કરવામાં આવ્યું તે વખતે તે માણસ હિંદુસ્તાનના મુલકમાં હતો કે કેમ" કેમકે જો તે માણસ તે વખતે બ્રીટીશ હદની અંદર નહી હોય તો તે કૃત્ય ગુન્હો બનતો નથી, તે કૃત્ય કરનાર માણસ ગુન્હેગાર તરીકે સજાને પાત્ર થતો નથી, અને તેટલા માટે તે માણસ ફોજદારી કોરટની હકુમતના તાબામાં આવતો નથી.૨ તેજ પ્રમાણે ક્રીમીનલ પ્રોસીજર કોડ (ફોજદારી કામ ચલાવવાના કાયદા) ની કલમ ૧૮૮ માં એવું કાંઇપણ લખાણ નથી કે જે પરદેશી રાજ્યમાં કરેલા ગુન્હાઓની બાબતમાં કોઇપણ કોરટને પરદેશીઓ ઉપર કાંઈપણ હકુમત નથી એવો માહ્રા પ્રજાઓના (ઈન્ટર નેશનલ) કાયદાના સામાન્ય નિયમની વિરૂદ્ધ જાય.૩

ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૮૮ અને બ્રિટીશ હિંદુસ્તાનની કોરટોની ગુન્હેગારો ઉપરની હકુમતઃ—નામદાર શહેનશાહની હીંદુસ્તાન માંહેની એક દેશી રૈયતે એક દેશી રાજ્યના મુલકમાં ચોરીનો ગુન્હો કર્યો અને બીજા દેશી રાજ્યના મુલકમાં તે પકડાયો અને ત્યાંથી તેને અમદાવાદ આણવામાં આવ્યો, અગર પોતાની ખુશીથી આવ્યો. પોલીટીકલ એજન્ટે એવું સરટીફીકેટ આપ્યું કે તે ગુન્હાની તપાસ બ્રીટીશ હીંદુસ્તાનમાં થવી જોઇએ. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તહોમતદારની તપાસ કરવાને અમદાવાદની સેશન્સ કોરટને અધિકાર હતો.૪

ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૮૮ મુજબ સરટીફીકેટ ન આપવામાં આવ્યું હોય ત્યાં કેમ કરવું:—તહોમતદારો, કે જેઓ નામદાર શહેનશાહની હિંદુસ્તાન માંહેની દેશી રૈયત હતા, તેઓના ઉપર મજુરો (બોજો લઇ જનારા) તરીકે તેમને સોંપેલી કેટલીક મીલકતના સંબંધમાં સાપરાધ વિશ્વાસઘાત કરવાનું તહોમત મુકવામાં આવ્યું હતું. પોર્ચ્યુગીઝ મુલકમાં ગુન્હો બન્યાનું કહેવામાં આવતું હતું, અને તેઓ બ્રીટીશ હિંદુસ્તાનના અમુક ભાગમાંથી પકડાયા હતા તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૮૮ મુજબ તેઓ જ્યાં પકડાયા હતા ત્યાં તેઓની તપાસ થઇ શકતી હતી, અને તે કલમ નીચે નાંખેલી શરત આ કેસને લાગુ પડતી નહોતી કેમકે પોર્ચ્યુગીઝ મુલકમાં કોઇ પોલીટીકલ એજંટ નહોતો.૫

---

૧. ફ્રેન્કોનીયા કેસ અથવા ક્રીન. ૨. એકસ્ચીકર ડીવીઝન પાનું ૬૩.

૨. રેજાઈના વિ. મુસંમાત ક્રીશન કુંવર. ૨૦ પંજાબ રેકર્ડ પાનું ૭૮ માં જસ્ટીસ પાકડન નાટીકા; વળી જુઓ શાહાનશાહ વિ. બળદેવ. ૨૮ અલ્હાબાદ પાનું ૩૭૨.

૩. રેજાઈના વિ. જયમલસીંગ. ૧ પંજાબ રેકર્ડ પાનુ ૧૯૦૧.

૪. રેજાઈના વિ. મગનલાલ ૬ મુંબઈ. પાનુ ૬૨૨.

૫. રેજાઇના વિ. ડાયા ભીમા ૧૩ મુંબઇ પાનુ ૧૪૭.

બીજો કેસ:—એક સગીર ઉમરની છોકરી કે જે ૧૬ વરસની અંદરની હતી તેને તહોમતદાર સોલાપુરથી તુલજાપુર (પરદેશી મુલક) માં લઇ ગયો, અને ત્યાં અંબામાતાને અર્પણ કરી, એવા ઇરાદાથી અથવા એવું જાણીને કે તે છોકરીને વેશ્યાકર્મ કરાવવાનો સંભવ હતો, સોલાપુરના ડીસ્ટ્રીક્ટ માજીસ્ત્રેટે પીનલકોડ કલમ ૩૭૨ મુજબના ગુન્હા બદલ તહોમતદારને સજા કરી. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે સગીર છોકરીને અર્પણ કરી દેવાનો ગુન્હો બ્રીટીશ હિંદુસ્તાનની બહાર બન્યો હતો તેથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૮૮ માં ફરમાવ્યા મુજબ પોલીટીકલ એજંટના સરટીફીકેટની ગેરહાજરીમાં અથવા તો સ્થાનિક સરકારની મંજુરીની ગેરહાજરીમાં તે ગુન્હાની તપાસ કરવાનો તે માજીસ્ત્રેટને કાંઇપણ અધીકાર નહોતો.૧ ક્રીમીનલ પ્રો. કોડની કલમ ૧૮૮ મુજબ સરટીફીકેટ મેળવ્યા સીવાય એક હિંદુસ્તાન માંહેની દેશી રૈયતની સામે ફ્રેન્ચ મુલકમાં તેણે કરેલા કેટલાક ગુન્હાઓની બાબતમાં એક ડીસ્ટ્રીક્ટ માજીસ્ત્રેટે બ્રીટીશ હિંદુસ્તાનમાં ફોજદારી રાહે કામ ચલાવવા માંડયું તેમાં એવો ઠરાવ કરવામાં આવ્યો હતો કે જો કે તે માજીસ્ત્રેટ પોતેજ પોલીટીકલ એજંટ હતો કે જેણે તે કલમ પ્રમાણે સરટીફીકેટ આપ્યું હોત, તો પણ તેણે સરટીફીકેટ નહી આપેલું હોવાથી તેણે ચલાવેલું કામ રદ બાતલ, અને નિરર્થક હતું.૨ અલ્હાબાદ હાઈકોર્ટે પણ તેજ પ્રમાણે એવું ઠરાવ્યું છે કે પોલીટીકલ એજંટના સરટીફીકેટની ગેરહાજરીમાં ગુન્હેગાર ઉપર કામ ચલાવવાનો અધીકાર સમુળગો નષ્ટ થાય છે. ૩

સોળ વરસની અંદરની એક પરણેલી છોકરીને તેણીના બાપનું ઘર કે જ્યાં તે થોડા વખતને માટે રહેતી હતી તે ઘરમાંથી તહોમતદાર તે છોકરીને કાશ્મીરના મહારાજાના મુલકમાં ફોસલાવી લઈ ગયો. તે છોકરીને એક દગાભરેલો સંદેશો મોકલીને તેનું ઘર છોડાવવામાં આવ્યું હતું, અને પછીથી તહોમતદારની સાથે જતી રહેવાને તેને સમજાવવામાં આવી હતી. પછી બ્રીટીશ હિંદુસ્તાનના મુલક ગુજરાતમાં તેણીને એવી અરજી આપવાને લલચાવવામાં આવી કે તેનું કોઈ વાલી વારસ નહોતું, અને વેશ્યાનો ધંધો ચલાવવા સારૂ તે ત્યાં રહેવા માગતી હતી. તે ધંધો ચલાવવાને સારૂ તે તહોમતદારે એક દુકાન પણ ભાડે રાખી. તે કેસમાં પોલીટીકલ એજંટનું સરટીફીકેટ મેળવવામાં આવ્યું નહોતું પરંતુ નીચલી કોરટમાં તેના સંબંધી તહોમતદાર તરફથી કાંઈપણ વાંધો લેવામાં આવ્યો નહોતો. તે કેસમાં પંજાબની ચીફ કોરટે એવું ઠરાવ્યું કે (૧) એક દગા ભરેલો સંદેશો મોકલીને તે છોકરીને તેનું ઘર ત્યજી દેવા ફોસલાવવામાં આવી હતી અને પછી તહોમતદારે તેને પોતાની સાથે આવવાને સમજાવી હતી તેથી અને ગેરકાયદેસર આડો વ્યવહાર કરવાના ઇરાદાથી તહોમતદાર તેને ખરેખરીરીતે ફોસલાવી લઇ ગયો હતો તેથી તેણે જે ગુન્હો કર્યો હતો તેનો પીનલકોડની કલમ ૩૬૬ ની અંદર સમાવેશ થઈ જતો હતો; (૨) સરટીફીકેટની ગેરહાજરીથી ઉત્પન્ન થતી ખામી બાબતનો વાંધો ઘણો મોડો લેવામાં આવ્યો હતો અને તેટલા માટે સરટીફીકેટ વિના તે કેસની તપાસ તે માત્ર ગેરશિરસ્તે (Irregularity) હતું કે જે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૩૭ મુજબ સુધરતું હતું કેમકે તહોમતદારને અન્યાય થયાનું કહેવામાં આવતું નહોતું તેમ પુરવાર કરવામાં આવ્યું નહોતું. ૪

☞ આ કલમ સને ૧૮૯૮ ના આકટ ૪ થી તદ્દન નવી થઇ છે.

૫. ચોથા વીલીયમના રાજ્યના ૩ જા તથા ચોથા વરસમાં કરેલા કાયદાના ૨૮ મા બાબના અથવા ત્યારપછી કોઇપણ પ્રકારે ઇસ્ટ

---

૧. રેન્જાઈના વિ. બકુ તુકારામ ૧ બોમ્બે લૉ રીપોર્ટર પાનુ ૬૬૮, સરદાર મેરૂ. વિ. જેઠાભાઈ અમીરભાઇ ૮ બોમ્બે લૉ રીપોર્ટર પાનુ ૫૧૩.

૨. રેન્જાઈના વિ. કથા પેરૂમલ. ૧૩ મદ્રાસ પાનુ ૪૨૩.

૩. રેન્જાઈના વિ. રામસુંદર ૧૯ અલ્હાબાદ પાનુ ૧૦૯.

૪. શાહાનશાહ વિ. ફતેહદીન ૩. પંજાબ લૉ રીપોરટર પાનુ ૯૧ (ફુલબેન્ચ). વળી જુઓ શાહાનશાહ વિ. મહમદબક્ષ કરીમબક્ષ ૮ બોમ્બે લો રીપોરટર પાનું ૫૦૭.

કેટલાએક કાયદાઓપર આ આકટથી કાંઈ અસર થતી નથી.

ઇન્ડીયા કંપની કેટલાએક કાયદાઓપર આ અથવા સદરહુ મુલક અથવા તે માંહેલા રહેવાશીઓ સંબંધી કરેલા પાર્લામેન્ટના કોઇપણ આકટના અથવા રાણી સાહેબની અથવા ઇસ્ટ ઇન્ડીયા કંપનીની નોકરી માંહેલા ઓફીસરો તથા સોલજરો બંડ કરે તથા નાશી જાય તેઓને શીક્ષા કરવાસારૂ કરેલા કોઇપણ આકટ અથવા હીંદુસ્તાનની દરીઆઈ ફોજનો બંદોબસ્ત કરવાના કોઇપણ આકટના અથવા કોઇપણ વિશેષ અથવા સ્થાનિક કાયદાના કોઇપણ ઠરાવને આ આકટ માંહેની કોઇ બીનાથી રદ કરવાનો અથવા તેમાં ફેરફાર કરવાનો અથવા તેને મોકુફ કરવાનો અથવા તે પર કોઈ રીતે અસર કરવાનો ઇરાદો નથી.

ટીકા.—" વિશેષ " અથવા " સ્થાનિક કાયદા " ની વ્યાખ્યાને માટે બીજા બાબની કલમો ૪૧ તથા ૪૨ જુઓ.

જો કે કોઇ ગુન્હાને વાસ્તે વિશેષ અથવા સ્થાનિક કાયદામાં ખાસ કરીને શિક્ષા ઠરાવી હોય તો પણ જો તેની હકીકત પીનલકોડની વ્યાખ્યાની અંદર આવી જતી હોય તો પીનલકોડ પ્રમાણે તે ગુન્હા બદલ સજા થશે.૧

તે પ્રમાણે મદ્રાસની હાઈકોર્ટે એવું ઠરાવ્યું હતું કે જો કે ૧૮૪૧ ના ૧૦ મા આકટ (શીપ રજીસ્ટર આકટ) ની કલમ ૫ મી મુજબ જુઠો ઈકરાર કરવાને વાસ્તે ખાસ શિક્ષા તે આકટની ૨૩ મી કલમમાં ઠરાવી છે તો પણ તેવો જુઠો ઇકરાર કરવા બદલ કેદીને પીનલકોડની કલમ ૪૬૫ મી પ્રમાણે શિક્ષા થઇ શકે.૨

પરંતુ જો વિશેષ કાયદાના બંધારણ ઉપરથી એવું જણાય છે કે તે કાયદો પોતે એકલો સંપુર્ણ હોવાનો ઇરાદો રાખવામાં આવ્યો હતો, અને તેમાં થએલી શિક્ષાઓથીજ માત્ર તેને અમલમાં મુકવાનો ઇરાદો રાખવામાં આવ્યો હતો તો આવી પીનલકોડ કલમો અને તેમાં થએલી સજા પુરવામાં દાખલ કરી શકાય નહી.૩

આવા વિશેષ અને સ્થાનિક કાયદા મુજબ કોઇ માજીસ્ટ્રેટે કરેલી સજા ઉપર અપીલ સાંભળવાને સેશન્સ કોરટને હકુમત છે. ૪

પરંતુ (પુરાવામાં પડેલી) હકીકત ઉપરથી પીનલકોડ મુજબ સજા થઇ શકે એવો ગુન્હો બને છે તે વાત કોઈ વિશેષ કાયદા પ્રમાણે (દાખલા તરીકે ૧૮૬૧ ના જનરલ પોલીસ આકટ મુજબ) કરેલા ગુન્હા બદલની સજા રદ કરવાનું કાંઈ કારણ નથી. ૫ પણ અલબત એટલું ધ્યાનમાં રાખવાનું છે કે એક માણસને એકને એકજ ગુન્હાને વાસ્તે પીનલકોડ તેમજ કોઇ વિશેષ કાયદો એ બન્ને પ્રમાણે સજા થઈ શકે નહી.૬

---

૧. રેજાઈના. વિ. રામચંદ્રાપા. ૬. મ. ૨૪૯; વળી જુઓ શાહાનશાહ. વિ. એચ. સી. બેઇન. ૮ બોમ્બે લો રીપોરટર પાનુ. ૪૧૪ માં જસ્ટીશ. આસ્ટનની ટીકા.

૨. ૫ મી કલમ ઉપર ૧૮૬૫ નાં રૂલીંગ.

૩. ચન્ડી પરસાદ. વિ. અબદુલ રહેમાન. ૨૧ ક. ૧૩૧, પાને ૧૩૮ મે.

૪. ૧૬૧ ના ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૦૯ ઉપર ૧૮૬૫ નાં મદ્રાસ હાઈકોર્ટના રૂલીંગ.

૫. ઇનરી કાસીમુદ્દીન. ૮ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર. પાનુ ૫૫.

૬. રેજાઈના. વિ. હુસન અલી. ૫ નોર્થવેસ્ટ પ્રોવીન્સીસ રીપોર્ટસ ૪૯; વળી જુઓ તેજ સંબંધમાં જનરલ ક્લોઝીઝ આકટ (૧૮૯૭ નો ૧૦ મો) ની કલમ ૨૬.

જે ગુન્હો પોલીસ આક્ટ (૧૮૬૧ નો ૫ મો) ની અંદર આવતો હોય તેમ પીનલકોડની અંદર પણ આવતો હોય તે ગુન્હો પીનલકોડ મુજબ સજાને પાત્ર થાય છે.૧ પરંતુ એક બીજા કેસમાં એવું ઠરાવવામાં આવ્યું છે કે જ્યારે કોઇ પણ કૃત્ય અથવા કસુર બે આક્ટ પ્રમાણે સજાને પાત્ર થતો હોય તેમાં એક સામાન્ય આક્ટ મુજબ અને બીજા વિશેષ આક્ટ મુજમ–ત્યારે સજા વિશેષ આક્ટ મુજબ કરવી જોઇએ.

બાબ ૨ જો.

સાધારણ સમજણ.

આ કાયદા માંહેના લક્ષણો-ને અપવાદો લાગુ પડે છે એમ સમજવું.

૬. આ કાયદામાં સઘળે ઠેકાણે ગુનાના પ્રત્યેક લક્ષણને તથા શીક્ષા સંબંધી પ્રત્યેક ઠરાવને તથા એવા પ્રત્યેક લક્ષણ અથવા શીક્ષા સંબંધી ઠરાવને પ્રત્યેક દ્રષ્ટાંતને "સાધારણ અપવાદો" એ નામના બાબ મધ્યે લખેલા અપવાદો લાગુ પડે છે એમ સમજવું; અગર તે અપવાદો તે લક્ષણમાં અથવા શીક્ષા સંબંધી ઠરાવમાં અથવા દ્રષ્ટાંતમાં ફરીથી લખ્યા નથી તોપણ,

દ્રષ્ટાંતો.

(અ) આ કાયદા મધ્યે જે જે કલમોમાં ગુન્હાઓનાં લક્ષણો લખ્યાં છે તેઓમાં એમ નથી લખ્યું કે એ ગુન્હા સાત વરસથી ઓછી ઉમ્મરના બાળકથી થઈ શકે નહી પણ જે સાધારણ અપવાદમાં લખેલું છે કે સાત વરસથી ઓછી ઉમ્મરના બાળકે કરેલું કાંઇ પણ કામ ગુન્હો ગણાશે નહી તે અપવાદ તે લક્ષણોને લાગુ પડે છે એમ સમજવું.

(બ) ઝ એ ખુન કર્યું છે તેને અ પોલીસ અમલદારે વગર વારંટે પકડયો. તો એ ઠેકાણે અ ગેરવ્યાજબી કેદના ગુન્હાનો તકસીરવાર નથી કેમકે કાયદા પ્રમાણે ઝ ને પકડવાની તેની ફરજ છે માટે જે અપવાદમાં એમ લખેલું છે કે "જે કામ કરવાની કાયદા પ્રમાણે જે શખસની ફરજ છે તે કામ તે શખસે કર્યું તો તે ગુન્હો નથી" તે સાધારણ અપવાદમાં આ બીના દાખલ થાય છે.

ટીકા—સર જેમ્સ સ્ટીવન સુચવે છે કે આ બાબના હેતુ એવો છે કે વહેમી અને કડક જડજોને પીનલકોડને જાણી બુઝીને ખોટી રીતે (ઉંધો) સમજતા અટકાવવા, અને લુચ્ચા ગુન્હેગારોને તેનાં ફરમાનોમાંથી છટકી જતા અટકાવવા. ગમે તેવા બધા કેસોને સારૂ આ બાબ ખુલાસા પુરા પાડતો નથી; પરંતુ જ્યાં જ્યાં મુશ્કેલી ઉભી થાય, અને કોડનો શો અર્થ છે તે જોવાને સારૂ આ બાબને જોઇ જવાનું જરૂરનું હોય ત્યાં તેવા કેસોને સારૂજ માત્ર આ બાબમાં ખુલાસા આપેલા છે.૩

---

૧. રેજાઈના વિ. ફતેહખાન. ૧૧ પંજાબ રેકર્ડ. ૭૪.

૨. શાહાનશાહ. વિ. કુલોદાપ્રસાદ મજમુંદાર. ૧૧ કલકત્તા વીકલી નોટસ. ૧૦૦.

૩. ગવર્નર–જનરલની ધારા બાંધનારી સભાનાં પ્રોસીડીંગ સને ૧૮૬૦ પાનુ ૧૨૬૧.

આ કાયદામાં જે શબ્દનો અર્થ એકવાર સમજાવ્યો હોય તે શબ્દ સઘળે ઠેકાણે તેજ અર્થમાં વાપર્યો છે.

૭. આ કાયદાના કોઇ પણ ભાગમાં જે શબ્દનો અર્થ સમજાવ્યો છે તે શબ્દ આ કાયદાના પ્રત્યેક ભાગમાં તેજ અર્થ પ્રમાણે વાપર્યો છે.

લીંગ.

૮. પુરૂષ સર્વનામ "તે" તથા "તે"ને વિભક્તિ લાગીને સીધ થએલા શબ્દો પુરૂષ તથા સ્ત્રી એ બંનેને લાગુ પડે છે.

વચન.

૯. એક વચનમાં લખેલા શબ્દોને અનેક વચનમાં પણ સમજવા અને અનેક વચનમાં લખેલા શબ્દોને એક વચનમાં પણ સમજવા પણ જે ઠેકાણે તે શબ્દો લખ્યા હોય તે ઠેકાણે તેમ ન સમજવા એવું જણાય તો ત્યાં તેમ ન સમજવા.

"પુરૂષ" "સ્ત્રી"

૧૦. "પુરૂષ" એ શબ્દવડે કોઇ પણ વયનો માનવી પુરૂષ સમજવો અને "સ્ત્રી" એ શબ્દવડે કોઇપણ વયની "સ્ત્રી" સમજવી.

"શખસ"

૧૧. "શખસ" એ શબ્દમાં કોઇ પણ કંપની અથવા સભા અથવા માણસોની મંડળીનો સમાવેશ થાય છે. પછી તે કંપની સભા અથવા મંડળીને કારપોરેશનના હક મળ્યા હોય કે નહી તોપણ.

"લોક"

૧૨. "લોક" એ શબ્દમાં લોકના કોઇ પણ વર્ગનો અથવા કોઇ પણ જમાતનો સમાવેશ થાય છે.

"રાણી"

૧૩. "રાણી" એ શબ્દવડે ગ્રેટબ્રીટન તથા આયર્લેન્ડના એકઠાં મળેલાં રાજ્યનો જે વખતે જે સત્તાધીશ હોય તે સમજવા.

ટીકા—આની સાથે જનરલ ક્લૉઝીઝ આકટ (સને ૧૮૯૭ નો ૧૦ મો) સરખાવોઃ—" નામદાર શાહાનશાહબાનુ " (હર મેજેસ્ટી) અથવા 'રાણી' એ શબ્દોમાં તેણીના વારસોનો સમાવેશ થાય છે. (જનરલ ક્લૉઝીઝ આકટની કલમ (૩૨૩).

"રાણીનો નોકર"

૧૪. "રાણીનો નોકર" એ શબ્દવડે હીંદુસ્તાનનો રાજકારભાર વધારે સારી રીતે ચલાવવા બાબતનો આકટ એ નામનો વિકટોરીઆના રાજ્યમાં ૨૧ મા તથા ૨૨ મા વરસમાં કરેલા સદરહુ કાયદાના બાબ ૧૦૬ ઠાએ

અથવા તેના આધાર ઉપરથી અથવા હીંદુસ્તાનની સરકારે કે કોઈ પણ સરકારે અથવા તેની સત્તાથી હીંદુસ્તાન મધે કાયમ રાખેલા, ઠરાવેલા અથવા મુકરર કરેલા સઘળા અમલદારો અથવા નોકરો સમજવા.

૧૫. "બ્રીટીશ ઇન્ડીઆ" એ શબ્દ હીંદુસ્તાનનો રાજકારભાર વધારે સારી રીતે ચલાવવા બાબતનો આકટ એ નામના વીકટોરીયાના રાજ્યના ૨૧ મા તથા ૨૨ મા વરસમાં કરેલા સદરહુ કાયદાના બાબ ૧૦૬ ઠા ઉપરથી રાણી સાહેબને હાથ જે મુલક આવ્યો છે અથવા આવે તે મુલક સમજવો.

"બ્રીટીશ ઈન્ડીઆ"

☞ આ કલમ સને ૧૮૯૧ ના આકટ ૧૨ થી સુધરેલી છે.

૧૬. "હીંદુસ્તાનની સરકાર" એ શબ્દોવડે હીંદુસ્તાનના ગવર્નર જનરલ ઇન્ કાઉન્સીલ અથવા હીંદુસ્તાનના ગવર્નર જનરલ પોતાની ઈન્ કાઉન્સીલથી ગેરહાજર હોય તે દરમીઆનમાં પ્રેસીડેન્ટ ઈન્ કાઉન્સીલ અથવા એકલા હીંદુસ્તાનના ગવર્નર જનરલ સમજવા ને તેઓ અથવા તે જે જે અખત્યાર પ્રમાણે કાયદા મુજબ અમલ કરી શકે તે તે અખત્યારને સંબંધે સમજવા.

"હીંદુસ્તાનની સરકાર"

૧૭. "સરકાર" એ શબ્દ વડે જે શખસ અથવા શખસોને બ્રિટિશ ઇંડિયાના કોઇ પણ ભાગમાં હકુમત કરવાનો કાયદા પ્રમાણે અખત્યાર છે તે શખસ અથવા શખસો સમજવા.

"સરકાર"

ટીકા—કોઇ ખાસ માહાલ કે જે સરકારની મીલકત છે તેવા ખાસ મહાલનો વહીવટ કરતો કલેક્ટર તેના સરકારી ઓદ્ધાની બીજી કોઈપણ ફરજો બજાવતી વખતે જેટલો "સરકાર" ગણાય તેટલોજ આ કલમના અર્થની અંદર તે "સરકાર" ગણાશે.[૧]

૧૮. "પ્રેસીડેન્સી" એ શબ્દ વડે એક પ્રેસીડેન્સી સરકારનો તાબેનો મુલક સમજવો.

"પ્રેસીડેન્સી"

૧૯. "જડજ" એ શબ્દ વડે જે શખસને તેના ઓદ્ધાને લીધે જડજનું નામ આપ્યું હોય તે શખસજ નહી પણ જે જે શખસને કાયદાથી કોઇ પણ દીવાની અથવા ફોજદારી મુકદમામાં આખરી ફેંસલો અથવા જે પર અપીલ ન થાય તો આખરી ગણાય એવા ફેંસલા અથવા બીજા કોઈ અધીકારીએ બાહાલ રાખેલી આખરી થાય એવો ફેંસલો આપવાનો અખ્તીયાર હોય અથવા

"જડજ"

---

૧. રેજાઇના વિ. બજુસીંગ ૨૬ કલકત્તા પાનુ ૧૫૮

એવો ફેંસલો આપવાને કાયદાથી અખ્તીયાર પામેલા અનેક શખસોમાંનો જે એક હોય તે દરેક શખસ પણ સમજવો.

દ્રષ્ટાંતો.

(અ) સને ૧૮૫૯ ના ૧૦ મા આકટ મુજબ કલેકટર કોઇ મુકદમામાં અધીકાર ચલાવતો હોય તે જડજ છે.

(બ) જે તોહોમત બાબત દંડનો અથવા કેદનો હુકમ કરવાનો જે માજીસ્ત્રેટને અખ્તીયાર હોય તે માજીસ્ત્રેટને તોહોમત બાબત પોતાનો અધીકાર ચલાવતો હોય તે વખતે જડજ છે; પછી તેના ફેંસલા ઉપર અપીલ હોય કે નહી તોપણ.

(ક) મદ્રાસના કાયદાના પુસ્તક માંહેલા સને ૧૮૧૬ ના ૭ મા કાયદા મુજબ મુકરદમાઓની તજવીજ કરીને ફેંસલા કરવાનો જે પંચાયતને અખ્તીયાર છે તે પંચાયતમાંનો કોઇ પણ માણસ જડજ છે.

(ડ) જે તોહોમત બાબત તજવીજને સારૂ બીજી કોર્ટમાં કાંઇ મુકરદમો મોકલવાનોજ અખ્તીયાર જે માજીસ્ત્રેટને હોય તે માજીસ્ત્રેટ તે તોહોમત બાબત પોતાનો અધીકાર ચલાવતો હોય તે વખતે જડજ નથી.

ટીકા.—દ્રષ્ટાંત ક માં જણાવેલો ૧૮૧૬ નો ૭ મો રેગ્યુલેશન, ૧૮૩૭ ના આકટ ૩ જા (સીવીલ કોર્ટસ આકટ) થી રદ કરવામાં આવ્યો છે.

દ્રષ્ટાંત અમાં લખેલો ૧૮૫૯ નો આકટ ૧૦ મો બંગાળા ઈલાકાને લાગુ પડે છે.

આવા નોકરોએ સરકારી નોકરો હોઈને સરકારી કામ કરતાં કાંઈ ગુન્હો કર્યો હોય તો સ્થાનિક સરકારની અથવા સ્થાનિક સરકારે મંજુરી આપવાનો અખતીઆર આપેલા કોઇ અમલદારની મંજુરી વગર તેમના ઉપરની આવી ફરીયાદ ફોજદારી કોર્ટથી સાંભળી શકાય નહિ.[૧]

પરંતુ આવા નોકરો જે વખતે ખાનગી શખસો હોય; અને તેમનાં ખાનગી કામની દરમીઆનમાં કોઈ ગુન્હો બન્યો હોય તે વખતે તો બીજા સાધારણ શખસોની માફક તેમની ઉપર કામ ચાલી શકે.

"ઇન્સાફની કોરટ"

૨૦. "ઇનસાફની કોરટ" એ શબ્દો વડે જે જડજને કાયદાથી એકલો રહીને ઇન્સાફનું કામ કરવાનો અખ્તીઆર મળ્યો હોય અથવા જે જડજોને કાયદાથી એકઠા રહીને ઇનસાફનું કામ કરવાનો અખ્તીયાર મળ્યો હોય તે જડજ અથવા જડજો સમજવા. પણ જ્યારે તે જડજ અથવા જડજો ઇન્સાફનું કામ કરતા હોય ત્યારે.

---

૧. ક્રીમીનલ પ્રોસીજરકોડ (૧૮૯૮ નો આકટ ૫ મો) કલમો ૧૯૫ અને ૧૯૭.

દૃષ્ટાંત.

મદ્રાસના કાયદાના પુસ્તક માંહેલા સને ૧૮૧૬ ના ૭ મા કાયદા મુજબ કામ કરનારી પંચાયત જેને મુકરદમાઓની તજવીજ કરીને ફેંસલા કરવાનો અખ્તીયાર છે. તે એક ઇન્સાફની કોર્ટ છે.

"સરકારી નોકર"

૨૧. "સરકારી નોકર" એ શબ્દોવડે નીચે લખેલા બ્યાનો માંહેલા કોઇપણ બ્યાનમાં દાખલ થાય એવો શખસ સમજવો તેની વીગત,

ટીકા.—સામાન્ય પ્રજાજનના સમુહની અને સરકારની નોકરી કરતા અને પગાર ખાતા અગર જુદા જુદા જાહેર (સરકારી) ઓદ્ધાઓ ભોગવતા મનુષ્યોને અમુક વર્ગોની વચ્ચે આ કલમથી ભેદ બતાવવામાં આવ્યો છે. આવા તમામ વર્ગના મનુષ્યોનો અહીંઆ "સરકારી નોકર" શબ્દોમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જે ગુન્હાઓ સરકારી નોકરો અને પ્રજાજનના બીજા માણસોની વચ્ચે સામાન્ય છે તે ગુન્હાઓને સામાન્ય એકસરખી રીતે પીનલકોડની કલમો લાગુ પડે છે પરંતુ એવા કેટલાક ગુન્હાઓ છે કે જે સરકારી નોકરોથીજ માત્ર થાય છે; અને બીજા હાથ ઉપર તેમની ફરજ બજાવતા સરકારી નોકરોને તેમને માટે ખાસ રાખેલા ઘણા હકો હોય છે.

પહેલું—રાણીનો હરેક કવેનાન્ટેડ સરવન્ટ.

બીજું—રાણીની જમીનપરની અથવા દરીયાઈ ફોજમાંનો હરેક કમીશંડ આફીસર, તે હીંદુસ્તાનની સરકાર અથવા કોઇ પણ સરકારના હુકમ તળે નોકરી કરતો હોય ત્યાં સુધી.

ત્રીજું—હરેક જડજ.

ચોથું—ચોથું કોઈ પણ ઇન્સાફની કોર્ટનો હરેક અમલદાર જેનું કામ પોતાના હોદ્દાને લીધે કાયદાની અથવા હકીકતની કોઇ બાબતની તજવીજ કરવાની અથવા તે વિષે રિપોર્ટ કરવાનું અથવા કાંઈ લેખ કરવાનું તેના ખરાપણા વિષે સહી કરવાનું કે તે લેખ પોતાના હવાલામાં રાખવાનું અથવા કાંઇ મીલકત પોતાના હવાલામાં લેવાનું કે તેની વ્યવસ્થા કરવાનું અથવા ઇન્સાફની બાબતમાં કાંઇ હુકમો બજાવવાનું અથવા કાંઇ સોગંદ આપવાનું કે સમજાવવાનું કે કોર્ટમાં બંદોબસ્ત રાખવાનું હોય તે તથા તે કામો માંહેનાં કોઇ પણ કામો કરવાનો કોઇ ઇન્સાફની કોર્ટે ખસુસ અખત્યાર આપેલો હરેક શખસ.

પાંચમું—હરેક જુરીનો માણસ આસેસર અથવા કોઈ ઇન્સાફની કોર્ટને સરકારી નોકરને મદદ કરનારી પંચાયતનો માણસ.

છટ્ઠું—હરેક લવાદ અથવા બીજો શખસ જેને કોઇ ઇન્સાફની કોર્ટ કે કોઇ બીજા મુખત્યાર સરકારી અધીકારીએ કાંઇ મુકદમો અથવા તે બાબત ફેંસલો અથવા રીપોર્ટ કરવા સારૂ સોંપ્યો હોય તે.

સાતમું—હરેક શખસ જેને પોતાના હોદ્દાના જોરથી કોઇ સખસને કેદ કરવાનો અથવા કેદમાં રાખવાનો અખત્યાર હોય તે.

---

૧. મોરગન અને મેકફરસન કૃત ઇન્ડીયન પીનલકોડ પાનુ ૨૦ મું.

આઠમું—સરકારનો હરેક અમલદાર જેનું કામ પોતાના હોદ્દાને લીધે ગુન્હા અટકાવવાનું, ગુન્હાની ખબર આપવાનું ગુનેહગારોને તેઓનો ઇનસાફ થવા સારૂ કોર્ટમાં હાજર કરવાનું અથવા લોકોની તન્દુરસ્તી, સલામતી કે અનુકુળતા સંભાળવાનું હોય તે.

ટીકા—(સરકારનો અમલદાર):—કલકતાની પોલીસ કોર્ટોમાં સરકાર તરફથી કેસ ચલાવવાને, ગવર્નર-જનરલ-ઇન કાઉન્સીલે આપેલા અધીકારની રૂઇએ સરકારી સોલીસીટરે નીમેલો માણસ આ કલમની અંદર આવી જાય તે પ્રમાણે સરકારી નોકર છે. ૧

કોરોનર (ઓચિંતા મુવેલાં માણસો ઉપર ભરાતા પંચના પ્રમુખ) સરકારી નોકર છે. ૨

મુંબાઇ (ઇલાકા)માં રેવન્યુ અને પોલીસ પટેલ (મુખી) પણ સરકારી નોકર છે. ૩

નવમું—હરેક અમલદાર જેનું કામ પોતાના હોદ્દાને લીધે સરકારની વતી કાંઇ મીલકત લેવાનું, કબુલ કરવાનું, રાખવાનું કે ખરચ કરવાનું અથવા સરકારનીવતી કાંઇ તપાસણી અથવા માપણી, જમાબંધી, કે કરાર કરવાનું અથવા મેહેસુલ બાબતના કાંઇ હુકમ બજાવવાનું અથવા સરકારના પૈસા સંબંધી લાભની કાંઇ બાબતની તજવીજ કરવાનું કે તે વિષે રીપોર્ટ કરવાનું અથવા સરકારના પૈસા સંબંધી લાભ બાબતના કાંઇ લેખ કરવાનું તેના ખરાપણા વિષે સહી કરવાનું કે તે લેખ પોતાના હવાલામાં રાખવાનું અથવા સરકારના પૈસા સંબંધી લાભની સંભાળને માટે કરેલા કોઇ કાયદા તોડતાં અટકાવવાનું હોય તે તથા હરેક અમલદાર જે સરકારની ચાકરી કે પગારમાં હોય તે અથવા જેને કાંઇ સરકારી કામ કરવા સારૂ ફી કે કમીશન મળતું હોય તે.

ટીકા—આ પેટા કલમમાં "અમલદાર" શબ્દનો અર્થ જે માણસ સીધી રીતે સરકારના પ્રતિનિધિ તરીકે વર્તે છે, અથવા આવા સીધા પ્રતિનિધિના તાબાના માણસ તરીકે કામ કરે છે તેવો માણસ એવો થાય છે, જે માણસ તેના પોતાના હિસાબે તેના પોતાને વાસ્તે મીલકત અથવા જમાબંદી લે છે, દાખલા તરીકે કોઇ ગામ ગીરો રાખનાર, તે માણસ જો કે હિસાબ રાખવાને અને સરકારને અમુક ભાગ આપવાને બંધાયેલો છે તો પણ તે સરકારનો અમલદાર નથી. ૪ વળી બેન્કનો કલાર્ક કે જે તીજોરીનું કામકાજ ચલાવે છે તે સરકારી નોકર નથી કેમકે જે કાંઇપણ નાંણું તેને મળે છે તે બેન્કની વતી બેન્કની તરફથી તેને મળે છે. ૫

કલેકટરની કોરટનો એક વધારાનો સિપાઇ કે જેને કાંઇ બાંધ્યો પગાર મળતો નથી, પણ જ્યારે પ્રોસેસ (સમન, નોટીસ, જાહેરનામું વિગેરે બજાવવામાં તેને રોકવામાં આવે છે ત્યારે ફીથી તેને મહેનતાણું મળે છે તે સરકારી અમલદાર કહેવાય છે. ૬

નીચેના માણસોને સરકારી નોકરો ગણ્યા છેઃ—

(ચોથું) કોઈપણ દિવાની પ્રોસેસ બજાવનારા, ૭ અથવા કેદનાં વારંટો બજાવનારા ૮ પટાવાળાઓ.

---

૧. ઈમ્પેરેટ્રીકસ વિ. બટો કીસ્તો ૩ ક. ૪૯૭.
૨. ૧૮૭૧ ના આકટ ૪ થાની કલમ ૫ મી,
૩. ઇમ્પેરેટ્રીકસ વિ. આપાજી ૨૧ મું. ૫૧૭.
૪. રેજાઇના વિ. રામાજીરાવ. ૧૨ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ, પાનું ૪
૫. ઈનરી મદનમોહન. ૪ ક. ૩૭૬.
૬. રેજાઈના વિ. રામકૃષ્ણ ૭ બંગાળ લૉ રીપોર્ટસ ૪૪૬
૭. રેજાઈના વિ. ભગાઈ દફેદાર. ૨ બેન્ગૉલ લૉ રીપોર્ટસ. પાનું ૨૧. (ફુલ બેન્ચ)
૮. શિવપ્રકાશ તીવારી. વિ. ભુપ નારાયણપ્રસાદ, ૨૨ ક. ૭૫૯.

(સાતમું) કેદીઓને સાચવનારાઓ (વારડરો)

(આઠમું) કોઈ ગામનો ગોરાયત;૨ બેન્ગાલ પોલીસ આક્ટ (૧૮૬૧ નો ૫ મો) મુજબ નીમાયેલા મુંગા પ્રાણીઓ ઉપર ગુજરતુ ઘાતકીપણું અટકાવનારી મંડળીના અમલદારો, ખાસ મહાલ ખાતામાં કલેકટરે નીમેલા સરવેયર,૪ સૉલ્ટ ડીપાર્ટમેન્ટ (નીમકખાતા) ના સુપ્રીન્ટેન્ડેન્ટની ઓફીસમાં મુકેલો સરકારની નોકરીમાં અને સરકારનો પગાર ખાતો પટાવાળો.૫

(દશમું)—મ્યુનીસીપાલ એન્જીનીયરો.૬ સીટી ઓફ બોમ્બે મ્યુનીસીપાલ આક્ટ (સને ૧૮૮૮ નો ૩ જા) ની રૂઇએ મ્યુનીસીપાલ નોકરો.૭ પરંતુ નીચેના સખસો સરકારી નોકરો ગણાતા નથી.

ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ. ૧૪૫ મુજબ ચાલતા કામનાં પક્ષકારોએ નીમેલા લાંજગડીઓ અથવા પંચ;૮ સબ રજીસ્ટ્રારે રાખેલો કારકુન કે જેને તે સબ રજીસ્ટ્રાર પોતાને મળતા ભથ્થામાંથી પગાર આપતો હોય;૯ મ્યુનીસીપાલેટીનો પાણીનો કર ઉઘરાવનાર.૧૦

પીનલકોડની ૨૧ મી કલમની પેટા કલમ ૯ મી ના અર્થ પ્રમાણે સરકારની નોકરી કરતો અથવા સરકારનો પગાર ખાતો અમલદાર તે છે કે જે કોઇ જાહેર ફરજ બજાવવાને સારૂં કોઇ ઓહ્ડા ઉપર નીમાયલો હોય એવું ઠરાવવામાં આવે છે કે સરકારનો પગાર ખાઈ સરકારી નોકરી કરનાર સિપાઈ કે જે સોલ્ટ ડીપાર્ટમેન્ટ (મીઠાનું ખાતુ) ના સુપરીન્ટેન્ડેન્ટની ઓફીસમાં નોકરી ભરે છે તે સરકારી નોકર છે, અને એવું પણ ઠરાવવામાં આવે છે કે કોર્ટ ઓફ વોર્ડઝ (સગીરોને સંભાળનારી કોરટ) ની દેખરેખ નીચે મુકેલી મીલકતનો વહીવટદાર (મેનેજર) સરકારી નોકર નથી.—રેજાઈના વિ. રામાજીરાવ ૧૨ મુંબાઈ હાઈકોર્ટ રીપોર્ટસ, પાનુ ૧, તથા ધ કવીન. વિ. આરાયી. ૭. મ. ૧૭ ધ્યાનમાં લીધા; અને કવીન—એમ્પ્રેસ. વિ. મથુરાપ્રસાદ ૨૧ અ. ૧૨૭ થી વિરૂદ્ધ પડીને ફેંસલો કર્યો.૧૧

દશમું—હરેક અમલદાર જેનું કામ પોતાના હોદ્દાને લીધે કોઈ ગામ, શેહેર કે જીલ્લાના કાંઇ સામાન્ય લૌકીક કારણ માટે કાંઇ મીલકત લેવાનું કબુલ કરવા રાખવાનું કે ખર્ચ કરવાનું અથવા કાંઈ તપાસ કે માપણી કે રકમબંદી કરવાનું અથવા કાંઈ વેરો કે કર વસુલ કરવાનું અથવા કોઈ ગામ શેહેર કે જીલ્લાના લોકોના હક મુકરર કરવા સારૂ કાંઈ લેખ કરવાનું તેના ખરાપણા વિષે સહી કરવાનું અથવા તે લેખ પોતાના હવાલામાં રાખવાનું હોય તે.

ટીકા—એક એન્જીનીઅર કે જે મ્યુનિસિપાલીટીનાં નાણાં લેઈને તે નાણાં બીજાને આપે છે તે સરકારી નોકર છે, તો જો કે આવાં નાણાં ખરચવાની મંજુરી આપવાની તેને સત્તા નથી.૧૨

---

૧. રેજાઇના. વિ. કાલાચંદ મોઇત્રી. ૭ સધર લાન્ડઝ વીકલી રીપોર્ટર પાનુ ૯૯.
૨. શાહાનશાહ. વિ. સિધ્ધુ. ૧ અલ્હાબાદ લો જનરલ પાનુ ૨૪૩
૩. શાહાનશાહ. વિ. ઉપેન્દ્રકુમાર ઘોસ. ૩ કલકતા લો જનરલ. પાનુ ૪૭૫
૪. રેજાઇના વિ. બજુસિંગ. ૨૬ ક. ૧૫૮
૫. રેજાઈના વિ. નઝામુદિન ૨૮ ક. ૩૪૪.
૬. રેજાઇના વિ. નૌતમરામ. ૬ બોમ્બે હાઇકોર્ટ રીપોટર્સ. ૬૪
૭. શાહાનશાહ વિ. ઇઝેકીલ. ૬ બોમ્બે લો રીપોર્ટર ૫૪.
૮. શાહાનશાહ. વિ. સુંદર મજી. ૩૦ ક. ૧૦૮૪
૯. શાહાનશાહ, વિ. ભગવતી સહાઇ ૩૨ ક. ૬૧૪
૧૦. શાહાનશાહ, વિ. ગુલાબ ૧ અલ્હાબાદ લો જનરલ. ૧૨૫.
૧૧. નઝામુદીન, વિ. કવીન—એમ્પ્રેસ. ૨૮ ક. ૩૪૪
૧૨. રેજાઈના વિ. નઉત્તમરામ. ૬. બોમ્બે હાઇકોરટ રીપોર્ટસ ક્રીમીનલ કેસીસ ૬૪.

એક મજુર અથવા ચાકર કે જેને સરકારની તરફથી કામ કરવાને અથવા મજુરી કરવાને શખવામાં આવ્યો હોય, દાખલા તરીકે ગાડાવાળો, તે સરકારી નોકર નથી.૧

કોર્ટ ઓફ વાર્ડઝ (વાલીઓની કોરટ) ના વહીવટ નીચેની મીલકતના વહીવટદારે શખેલો માણસ સરકારી નોકર નથી,૨ પરંતુ તેવા વહીવટદારને પોતાને અલ્હાબાદની હાઇ કોરટથી સરકારી નોકર ઠરાવવામાં આવ્યો હતો.૩

સને ૧૮૬૭ ના આકટ ૩૧ મા મુજબ રેલવેના નોકરો સરકારી નોકર છે એવું પીનલકોડની કલમો ૧૬૧ થી ૧૬૫ સુધીના અર્થ પ્રમાણે ગણવાનું છે. વળી સરકારી નોકરને ફરીયાદ અરજી ઉપરના સ્ટાંપની માફી છે. (જુઓ કોરટ ફીઝ આકટની કલમ ૧૯ મી.)

દ્રષ્ટાંત.

મ્યુનિસિપલ કમીશનર સરકારી નોકર છે.

ખુલાસો ૧ લો—ઉપર લખેલા બ્યાનો માંહેલા કોઇપણ બ્યાનમાં દાખલ થાય તે શખસો સરકારી નોકર છે એમ સમજવું, પછી તેઓને સરકારે મુકરર કર્યા હોય કે નહી તોપણ.

ખુલાસો ૨ જો—જે જે ઠેકાણે "સરકારી નોકર" એ શબ્દો આવે તેને ઠેકાણે તે શબ્દો જે માણસ સરકારી નોકર માફક હોદ્દો ચલાવતો હોય તેને વિષે સમજવા પછી તે માણસના તે હોદ્દા ચલાવવા બાબતના અખત્યારમાં કાયદા સબંધી ગમે તે ખામી હોય તોપણ.

ટીકા—કોઇપણ માણસ, પછી તેને પગાર મળતો હોય કે નહી તોપણ, જો તે સરકારી નોકરના હોદ્દાને લગતી ફરજો અને જવાબદારીઓ પોતાને માથે લેવાનું પસંદ કરે, અને તે ફરજો બજાવે, અને તે જવાબદારીઓ માથે લે, તેમજ તે સરકારી નોકરના હોદ્દામાં છે એમ તે ઓળખાતો હોય તો તેને સરકારી નોકર ગણવો જોઈએ. અને પાછળથી તેવા માણસના મ્હોમાં એવું કહેવું શોભવું નથી (કહી શકે નહી) કે તે સરકારી નોકરની ફરજો બજાવતો હતો તે છતાં પણ, અને તેવી ફરજો બજાવતો (સરકારી નોકર) બીજા લોકો તેને ગણતા હતા તે છતાં પણ તે સરકારી નોકર નથી.

એક માણસ કે જે તહેસીલદારના હોદ્દાનું ખુશીથી (મફત) કામ કરતો હતો તે માણસની બાબતમાં અલ્હાબાદની હાઈકોરટે આ પ્રમાણે તેને સરકારી નોકર ઠરાવ્યો હતો.૪

૨૨. "જંગમ મીલકત" એ શબ્દોવડે જમીન તથા જમીનને ચોટેલી વસ્તુ અથવા જમીનને ચોટેલી વસ્તુ જોડે જાથુ જોડાએલી વસ્તુ સીવાયની કોઇપણ પ્રકારની સહકાર મીલકત સમજવી.

"જંગમ મીલકત"

"સહકાર મીલકત":—સહકાર મીલકત તે એવી મીલકત છે કે જે ઈન્દ્રીઓ વડે ઓળખાઇ શકાય છે. સહકાર નહી એવા હકો કે જે આ પ્રમાણે ઓળખાઈ શકતા નથી જેવા કે સઘળી જાતના

૧. રેનાઈના વિ. નચીમુત્વુ. ૭ મ. ૧૮.
૨. રેનાઈના વિ. આશયી. ૭ મ. ૧૭.
૩. રેનાઇના વિ. મથુરાપ્રસાદ. ૨૧ અ. ૧૨૭.
૪. રેનાઇના વિ. પરમેશર. ૮. અ. ૧૦૧.

ફ્રરજો. અગર જવાબદારીઓ—તેવા હકકોની સાથે ભેદ બતાવવા સારૂ સહકાર મીલકતની વ્યાખ્યા આપી છે. આ પ્રમાણે ભેજવાળી જગ્યામાં થતુ મીઠું,૧ અને કોઈ પણ કેસના રેકર્ડની અંદરના કાગળો૨ આ કલમના અર્થની અંદર મીલકત ગણાય છે.

"**જમીનને ચોટેલી વસ્તુઓ**" છુટી પાડવાથી જે ચીજો સ્થાવર હોય છે તે જંગમ થાય છે અને જે ચીજો પાડી શકાય તે ચીજોને ચોટેલી ચીજો કહેવી તે તદ્દન બરાબર છે. અને જમીનમાંથી માટીને જુદી પાડવાનું અને ફરીથી તેને જમીન સાથે જોડી દેવાનું નિઃસંશય રીતે સંભવીત છે. માટી અગર રેતી અને માટીની અંદરના બીજા સઘળા પદાર્થો જેવા કે પથરા, ખનીજ પદાર્થ વિગેરે જ્યારે જમીનમાંથી છુટા પાડવામાં આવે છે, ત્યારે તે જંગમ મીલકત થાય છે અને તે ચોરીનો વિષય થવાને પાત્ર થાય છે.૩ માટીનો કોઈ પણ ભાગ પછીથી પથરા રેતી શુદ્ધ માટી અથવા બીજો કોઈ પણ પદાર્થ હોય તો પણ જ્યારે તે જમીનમાંથી છુટો પડે છે ત્યારે તે જંગમ મીલકત થાય છે.૪

"ગેરવ્યાજબી લાભ"

૨૩. "ગેરવ્યાજબી લાભ" એટલે કાયદા વિરૂદ્ધ ઉપાયોથી મીલકતનું મેળવવું કે જે મીલકત પર તે મેળવનાર શખસને કાયદા પ્રમાણે હક નથી.

"ગેરવ્યાજબી હાની"

"ગેરવ્યાજબી હાની" એટલે કાયદા વિરૂદ્ધ ઉપાયોથી મીલકતનું જવું, જે મીલકતપર તે જેની પાસેથી જાય છે તે શખસનો કાયદા પ્રમાણે હક્ક છે.

"ગેરવ્યાજબી લાભમાં મીલકતનું ગેરવ્યાજબી રાખવું પણ સમજવું 'ગેરવ્યાજબી હાનીમાં કાંઇ મીલકત લેવામાં ગેરવ્યાજબી પ્રતિબંધ થાય તે પણ સમજવું."

કોઇ શખસને ગેરવ્યાજબી રીતે કાંઇ મળે ત્યારે તેમજ તે ગેરવ્યાજબી રીતે પોતાની પાસે રાખે ત્યારે પણ તેને ગેરવ્યાજબી લાભ થયો એમ સમજવું. કોઇ શખસની પાસેથી ગેરવ્યાજબી રીતે કાંઇ મીલકત લઇ લેવાય ત્યારે તેમજ તેને કાંઈ મીલકત લેતાં ગેરવ્યાજબી રીતે પ્રતિબંધ થાય ત્યારે પણ તેને ગેરવ્યાજબી હાની થઈ એમ સમજવું.

ગેરવ્યાજબી લાભ અગર હાની:—ગેરવાજબી લાભ અગર ગેરવાજબી હાની થવાને સારૂ મીલકત તેના માલધણી પાસેથી જતી રહેલી હોવી જોઇએ, અથવા તે મીલકત તેની પાસે જતી ગેરવાજબી રીતે અટકાવેલી હોવી જોઇએ. આ પ્રમાણે એક પાઘડી ઘરાણે રાખનાર શખસે તે પાઘડી બંધાવીને પહેરી તેમાં

---

૧. રેગ્યુલર વિ. તમાબંટાયા. ૪. મ. ૨૨૮.

૨. રામસ્વામી આયર વિ. વઈથીલીંગા મુદાલી. ૧. વેર કૃત લૉ ઓફ ઓફેન્સીઝ એન્ડ ક્રીમીનલ લૉ. પાનુ ૨૮.

૩. રેગ્યુલર વિ. શીવરાંમ. ૧૫. મુ. ૭૭૨.

૪. સુરી વેનકટા પાયા શાસ્ત્રી. વિ. મધુલા વેનકાના. ૨૭–મ. ૫૩૧, ૫૩૫, (ફુલબેન્ચ) જેનાથી રેગ્યુલર. વિ. કોટાયા. ૧૦ મ. ૨૫૫ નો ફેંસલો રદ થયો છે.

એવું ઠરાવવામાં આવ્યું હતું કે પાઘડી વપરાસથી બગડી તે તેના માલધણીને પોતાના માલની ગેરવાજબી હાની નહોતી, અને ઘરાણે રાખનાર શખસે તે પાઘડીનો ગેરવાજબી રીતે ઉપયોગ કર્યો તેથી તે શખસને ગેરવાજબી લાભ થતો નહોતો.૧

કોલેજના ભાષણોમાં હાજરી આપવા સારૂ કોલેજમાં ભરવાની ફી આ કલમના અર્થની અંદર "મીલકત" ગણાય છે. ૨

એક વિધવાના મરનાર ધણીના દેવા બદલ તોહોમતદાર કે જે તેનો લેહેણદાર હતો તે તોહોમતદારે તે વિધવાના બળદો જબરજસ્તીથી અને ગેરકાયદેસર રીતે પકડયા તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે વિધવાને તેથી ગેરવાજબી હાની થઈ હતી.૩

તોહોમતદારે ઢોરને ગેરકાયદેસર રીતે પકડીને ડબામાં પુર્યાં તે કેસમાં તે ઢોરના માલધણીને તેથી ગેરવાજબી હાની થયાનું ઠરેલું નહોતું, તો જો કે તેમ કરવામાં તોહોમતદારનું તે ઢોરના માલધણીઓને વધુ ખરચ અગવડ અને હેરાનગતીમાં ઉતારવાનો બદ ઇરાદો હતો.૪

કરારની સરત તોડવાથી ગેરવ્યાજબી હાની થતી નથી:—દુકાળમાં મદદ કરવાને સારૂ નીમાએલા (ફેમીન રીલીફ) અમલદાર પાસેથી એક વેપારીએ અમુક ભાવથી ચોખા ખરીદ કીધા અને લેતી વખત એવી સરત કરી કે તે વેપારીએ તે ચોખા એક રૂપીએ લીધેલા તેના કરતાં એક શેર ઓછાના ભાવથી વેચવા. પરંતુ તે વેપારીએ તે નકી કરેલા ભાવથી ચોખા વેચેલા નહી પણ તેણે કરેલી સરત તોડીને એક રૂપીએ ચારશેર ઓછાના ભાવથી ચોખા વેચ્યા. તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ કલમના અર્થની અંદર આવે તેવી રીતે કોઈ પણ માણસને ગેરવ્યાજબી લાભ અગર ગેરવ્યાજબી હાની થઈ નહોતી. તોહોમતદારને ચોખા વેચ્યા અને તેણે તેના પૈસા ચુકાવી આપ્યા પછી તેની નજરમાં આવે તે ભાવે ફરીથી વેચી દેવાનું તેને માટે ગેરકાયદેસર નહોતું. ૫

"બદદ્યાનતથી." ૨૪. જે માણસ કાંઇ વસ્તુ એક શખસને ગેરવ્યાજબી લાભ કરવાના અથવા બીજા શખસને ગેરવ્યાજબી હાની કરવાના ઇરાદાથી કરે તે માણસે તે વસ્તુ બદદ્યાનતથી કરી એમ સમજવું.

"દગલબાજી." ૨૫. જો કોઇ શખસ કાંઇ વસ્તુ દગો કરવાના ઇરાદાથી કરે તે વસ્તુ તેણે દગલબાજીથી કરી એમ સમજવું, નહીં તો નહી.

ટીકા—દગો કરવાના ઇરાદાથી:—સર જેમ્સ સ્ટીવન પોતાના ઇંગ્લાંડના ફોજદારી કાયદાના ઈતિહાસ (પુસ્તક ૨ જુ પાને ૧૨૧)માં ટીકા કરે છે કે:—"જ્યારે જ્યારે 'દગો' અથવા 'દગો કરવાનો ઈરાદો' અથવા 'દગલબાજીથી' એ શબ્દો કોઇ ગુન્હાની વ્યાખ્યામાં આવ્યા હોય ત્યારે ઓછામાં ઓછા બે તત્વો તે ગુન્હો બનવાને સારૂ જરૂરના છે:-એટલે કે, ૧ દગો અથવા છેતરવાનો ઇરાદો અથવા કેટલાક કેસોમાં, માત્ર ગુપ્તપણું કે ચુપકી; અને ૨. કાંતો ખરેખરૂં નુકશાન અથવા તો નુકશાન કરવાનો સંભવ

---

૧. ૩ મદ્રાસ હાઈકોર્ટ રીપોર્ટસ. અપીલ. કેસીસ. પાનું ૧.

૨. રેજાઈના. વિ. શશીભૂષણ. ૧૫. અ. ૨૧૦, ૨૧૬.

૩. રેજાઈના. વિ. પ્રિયોનાથ બાનરજી. ૫. સધરલેન્ડઝ વીકલી રીપોર્ટર. પાનુ ૬૮.

૪. આશાબુલમંડલ. વિ. મીયાંખાન તકતગીર. ૨૪. સધરલેન્ડઝ વીકલી રીપોર્ટર. પા ૭.

૫. રેજાઇના વિ. લાલમહમદ. ૨૨. સધરલેન્ડઝ વીકલી રીપોર્ટર. પાનુ ૮૨.

અથવા કોઈ માણસને તેવા દગા અથવા ચુપકીવડે ખરેખર નુકશાનમાં ઊતારવાનો અથવા નુકશાન થવાના સંભવના જોખમમાં ઊતારવાનો ઇરાદો. મારે વધારામાં કહેવું જોઇએ કે આ ઈરાદો કોઇક વખત જવલ્લે દગો કરનાર માણસે રાખેલો માત્ર એકલોજ અથવા મુખ્ય ઈરાદો હોય છે કેમ કે લગભગ દરેક કેસમાં તેનો મુખ્ય હેતુ તેનો પોતાનો લાભ મેળવવાનો હોય છે. ગુન્હા ભરેલા કામને સારૂ કરેલી દગલબાજી દગા ભરેલી છે કે કેમ તેનો ચોકસ રીતે નિર્ણય કરવાનો એક રસ્તો છે અને તે એ છે કે: દગો કરનાર શખસે તેનાથી કાંઈ પણ લાભ મેળવ્યો કે કેમ: કે જે લાભ જો ખરી હકીકત જણાઇ હોત તો તેને મળત નહિ? જો તેને તેવો લાભ મળ્યો હોય તો તે ભાગ્યેજ સંભવિત છે કે તે લાભની સાથે બીજા શખસને તેટલીજ હાની અથવા હાનીનું જોખમ થયું ન હોય અને જો તેમ થયું હોય તો દગો હતો એમ સમજવું."

આ ટીકાને અનુસરીને અલ્હાબાદ હાઇકોરટે એવું ઠરાવ્યું છે કે જ્યાં છેતરવાનો ઈરાદો હોય અને તેવી છેતરપીંડીવડે કાંઈ લાભ મેળવવાનો ઇરાદો હોય ત્યાં દગો થાય છે.૧ મુંબાઈ હાઇકોરટના રેજાઇના વિ. વિઠ્ઠલ નારાયણના ફેંસલામાં જસ્ટીસ લી વ્લેન્ક પોતાના જજમેંટમાં કહે છે કે:—દગો એટલે છેતરવાનો ઇરાદો હું સમજું છું, પછીથી તે દગો કરનાર શખસને પોતાને કાંઇ લાભ મળવાની આશાથી હોય અથવા તો બીજા કોઇ માણુસ તરફની દુશ્મનાવટને લીધે હોય."૨

છેતરવાનો ઇરાદો સાબીત કરવાને સારૂ તે બીલકુલ જરૂરનું નથી કે કોઇ માણુસ છેતરાયલો હોવો જોઈએ અગર તેને છેતરવાનો સંભવ હોય. એક માણસનો કોઇને છેતરવાનો ઇરાદો હોય અને છતાં પણ એવો કોઈપણ માણસ ન હોય કે જે તેના કૃત્યની છેતરાયો હોય.૩

કલમ ૨૪ (**બદદાનતથી**) અને કલમ ૨૫ (**દગલબાજીથી**) વચ્ચે ભેદઃ—'બદદાનતથી' અને 'દગલબાજીથી' એ શબ્દોના અર્થની વચ્ચે ખરેખરો ફેર છે; કેમકે 'દગલબાજીથી' શબ્દ છેતરવાનો ઇરાદો બતાવે છે. દાખલા તરીકે, કોઈ દાવામાં એક માણસ ખોટી સહીવાળો દસ્તાવેજ કોરટને એવું મનાવવાના ઇરાદાથી રજુ કરે કે તેણે રજુ કરેલા તે અમુક દસ્તાવેજના આધારે નાણાં મેળવવાને તે હકદાર હતો તેથી જો કે કલમ ૨૪ ના અર્થની અંદર તેવો દસ્તાવેજ રજુ કરવો તે બદદાનત થાય નહિ તોપણ તે કલમ ૪૭૧ ના અર્થની અંદર દગલબાજીભરેલું થશે.૪

"માનવાનું કારણ." ૨૬. જો કોઇ શખસને કાંઈ વસ્તુ માનવાનું પાકુ કારણ હોય તો તેને તે વસ્તુ "માનવાનું કારણ" છે એમ સમજવું, નહીં તો નહી.

સ્ત્રી, મેહેતા અથવા નોકરના કબજામાંની મીલકત. ૨૭. જ્યારે કાંઇ મીલકત કોઇ શખસની વતી તે શખસની સ્ત્રી, મેહેતા અથવા નોકરના કબજામાં હોય ત્યારે આ કાયદાના અર્થ પ્રમાણે તે તેજ શખસના કબજામાં છે એમ સમજવું.

ખુલાસો—જે શખસને થોડીવાર અથવા કોઇ વિશેષ પ્રસંગે મેહેતા અથવા નોકરની માફક રાખ્યો હોય તેને આ કલમના અર્થ પ્રમાણે મેહેતો અથવા નોકર સમજવો.

---

૧. રેજાઈના વિ. મહમદ સઇદખાંન ૨૧. અ. ૧૧૩, ૧૧૫.

૨. ૧૩ મું. ૫૧૫; તેને અનુસરીને રેજાઇના વિ. લલિતમોહન સરકાર. ૨૨ ક. ૩૧૩, ૩૨૨. અને રેજાઈના વિ. ખંડુસીંગ ૨૨ મું. ૭૬૮.

૩. રાજા વિ. ચાર્લ્સનેશ ૨ ડેનીસન્સ કાઉન કેસીઝ પાનું ૪૯૩, ૪૯૯.

૪. રેજાઇના વિ. કેદારનાથ ચતરજી ૫. કલકત્તા વીકલી નોટસ પાનું ૮૯૭.

૨૮. જે શખસ એક વસ્તુ બીજી વસ્તુના સરખી કરે એવા ઇરાદાથી કે તે સરખાપણામાંથી ફરેબ કરવો અથવા એવું જાણીને કે તેથી ફરેબ થશે એવો સંભવ છે તે શખસે તે વસ્તુ ખોટી બનાવી એમ સમજવું.

ખોટું બનાવવું.

ખુલાસો ૧ લો.—કાંઇ વસ્તુ ખોટી બનાવવામાં નકલ બરાબર થવી જોઈએ એમ જરૂર નથી.

"**ખુલાસો ૨જો.**—જે શખસ એક વસ્તુ બીજી વસ્તુના સરખી કરે અને તે સરખાપણું એવું હોય કે તેથી બીજા કોઇ શખસ ઉપર ફરેબ થશે ત્યારે એક વસ્તુ બીજી વસ્તુના સરખી કરનાર શખસનો તે સરખાપણાથી ફરેબ થશે એવો ઇરાદો હતો. અથવા તેથી ફરેબ થશે એવો સંભવ છે એમ તે જાણતો હતો એવું અનુમાન, તે વિરૂદ્ધ સાબિત કરવામાં આવશે નહિ ત્યાં સુધી, કરવું."

☞બીજો ખુલાસો સન ૧૮૮૯ના આકટ ૧૦ની કલમ ૯મીથી વધારેલો છે.

૨૯. લેખ એ શબ્દવડે કાંઇ પણ બાબત સમજવી જે બાબત કાંઇ પણ વસ્તુ ઉપર અક્ષર અંક કે ચીન્હ વડે અથવા એ માંહેના એકથી વધારે સાધનો વડે સમજાવી અથવા બ્યાન કરેલી હોય અને જે સાધનો તે બાબતના પુરાવા દાખલ વાપરવાનો ઇરાદો કર્યો હોય અથવા વપરાય.

"લેખ"

ખુલાસો ૧ લો.—ગમે તે સાધનવડે અથવા ગમે તે વસ્તુ ઉપર તે અક્ષર અંક અથવા ચીન્હ કહાડયાં હોય અને તે પુરાવો કોઇ ઇનસાફની કોર્ટને માટે ઇરાદો રાખીને કર્યો હોય કે નહી અથવા તે કોઇ ઇનસાફની કોર્ટમાં વપરાય કે નહી તેની ફીકર નહી.

દ્રષ્ટાંત.

એક લખતમાં કાંઇ કરારની શરતો લખી છે અને લખત તે કરારના પૂરાવાની માફક વાપરી શકાય એવું છે તો તે લેખ છે.

કોઇ શરાફની ઉપરનો એક લેખ છે.

વકીલાતનામુ અથવા મુખતીયારનામુ લેખ છે.

નકસો જે પુરાવામાં વાપરવાનો ઇરાદો કરેલો હોય અથવા જે પૂરાવામાં વપરાય તે લેખ છે.

જે લખતમાં કાંઇ હુકમ લખ્યો હોય અથવા કેમ કરવું એ બાબત કાંઇ સલાહ લખી હોય તે લેખ છે.

ખુલાસો ૨ જો—અક્ષર અંક અથવા ચીન્હોવડે વેપારીઓના અથવા બીજા રીવાજ મુજબ જે સમજાતું હોય તે આ કલમના અર્થ પ્રમાણે તે અક્ષર અંક અથવા ચીન્હો વડે સમજાય છે એમ સમજવું પછી તે સઘળું સવીસ્તર લખ્યું ન હોય તોપણ.

દ્રષ્ટાંત.

અ હુકમ કરે તેને નાણાં આપવાં એવી તરેહની એક હુંડીની પાછળ અ પોતાનું નામ લખે તો એ પાછળ લખવાનો અર્થ વેહેપારીઓના રીવાજ મુજબ એવો છે કે એ હુંડી જેની પાસે હોય તેને નાણાં આપવાં. હવે પાછળ જે લખ્યું છે તે લેખ છે અને "આ જેની પાસે હોય તેને નાણાં આપજો." એ શબ્દો અથવા એજ મતલબના બીજા શબ્દો જાણે તે સહીની ઉપર લખ્યા હોય એ પ્રમાણે તેનો અર્થ કરવો.

ટીકા:—કલમથી લખેલી, કોતરીને કરેલી અથવા છાપીને અગર બીજી કોઇ પણ રીતે કરેલી દરેક વસ્તુ કે જેથી કરીને કાગળ ઉપર કાગળ જેવા બીજા કોઈ ચીકણા પદાર્થ ઉપર, લાકડા ઉપર, અથવા બીજી કોઈ વસ્તુ ઉપર શબ્દોની અથવા શબ્દોના સરખા આંકડાઓની આંખને જોવાને સારૂ આકૃતિ પાડેલી હોય તેવી દરેક વસ્તુનો 'દસ્તાવેજ' શબ્દમાં સમાવેશ થાય છે.૧ આ વ્યાખ્યાની સાથે હિંદુસ્તાનના પુરાવાના કાયદાની ૩ જી કલમમાં અને જનરલ કલોઝીઝ એકટ (૧૮૯૭ નો ૧૦ મા) ની કલમ ૩ (૧૬) માં આપેલી 'દસ્તાવેજ' ની વ્યાખ્યાઓ સરખાવો.

૩૦. "કીમતી દસ્તાવેજ" એ શબ્દો વડે જે લેખથી કાંઇ કાયદેસર હક ઉત્પન્ન થતો હોય, વધતો હોય, બીજાને અપાતો હોય, ઓછો થતો હોય, નાબુદ થતો હોય, અથવા છોડી દેવાતો હોય, અથવા જે લેખથી કોઇ શખસ કબુલ કરતો હોય કે મારી કાયદેસર જુમેદારી છે અથવા ફલાણો કાયદેસર હક મારો નથી એવો લેખ અથવા એવી મતલબનો લેખ સમજવો.

"કીમતી દસ્તાવેજ."

દ્રષ્ટાંત.

અ એ એક હુંડીની પાછળ પોતાનું નામ લખ્યું હવે એ લખવાની અસર એવી છે કે તે હુંડીપરનો હક જે માણસની પાસે તે હુંડી કાયદા પ્રમાણે આવે તેને પહોંચે; માટે પાછળ જે લખ્યું તે "કીમત દસ્તાવેજ" છે.

ટીકા:—લખીત હિસાબ નક્કી કર્યો હોય તે જો કે સહી કર્યા વગરનો હોય, અને આપવાનું વચન તેમાં ન હોય તો પણ જવાબદારીના પુરાવા તરીકે "કીંમતી દસ્તાવેજ" છે એવું ઠરાવવામાં આવ્યું છે.૨

કોઇ માન ભરેલો ઈલકાબ આપનારી સણંદ કીંમતી દસ્તાવેજ નથી. ૩

પટાની નકલ એ કાંઈ આ કલમના અર્થમાં આવી જાય તેવી રીતે કીંમતી દસ્તાવેજ નથી.૪

છુટા છેડા બાબતનો દસ્તાવેજ આ કલમ મુજબ કીંમતી દસ્તાવેજ છે.૫

કોઈ દસ્તાવેજ સ્ટાંપ ઉપર લખેલો ન હોય, અને તેટલા માટે તે પુરાવામાં લેવાય એવો ન હોય તો પણ તે કીંમતી દસ્તાવેજ છે.૬

---

૧. મોરગન એન્ડ મેકફરસન્સ ઈન્ડીઅન પીનલકોડ.
૨. એકસપાર્ટી કપાલાવાયા. ૨ મદ્રાસ હાઇકોર્ટ રીપોર્ટસ. ૨૪૭.
૩. જાનમહમદ. વિ. એમ્પ્રેસ. ૧૦ ક. ૫૮૪.
૪. ૪. મુંબાઇ પાનુ. ૨૮; ૧૭ મી જુલાઈ સને ૧૮૬૭.
૫. ૧૧. સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર ફોજદારી. પાનુ ૧૫.
૬. ૭. મદ્રાસ હાઇકોર્ટ રીપોર્ટસ. પાનું ૨૬.

" વીલ "

૩૧. " વીલ " એ શબ્દ વડે કોઈ પણ વશીઅતનામાનો લેખ સમજવો.

કામને કહેનારા શબ્દોમાં કાયદા વિરૂદ્ધ કસુરો પણ સમજવી.

૩૨. આ કાયદાના હરેક ભાગમાં કરેલા કામોનો બોધ કરનારા શબ્દો હોય તે શબ્દો કાયદા વિરૂદ્ધ કસુરોને પણ લાગે છે એમ સમજવું પણ જે ઠેકાણે તે શબ્દો લખ્યા હોય તે ઠેકાણે મતલબ જોતાં એથી ઉલટો અર્થ દેખાતો હોય તો ત્યાં તેમ અર્થ કરવો.

" કામ. "
" કસુરો. "

૩૩. " કામ " એ શબ્દ એક કામને તેમજ એક પછી એક એ પ્રમાણે કરેલા અનેક કામોને પણ લાગે છે. અને ' કસુર ' એ શબ્દ એક કસુરને તેમજ એક પછી એક એ પ્રમાણે કરેલી અનેક કસુરોને પણ લાગે છે.

ઘણા શખસોનો ઇરાદો પાર પાડવા સારૂ તે સઘળા શખસોએ મળી કરેલા કામની જવાબદારી.

૩૪. ઘણા શખસોનો ઇરાદો હોય તે પાર પાડવા સારૂ તે સઘળા શખસોએ મળીને જ્યારે કાંઇ ગુનાહનું કામ કર્યું હોય ત્યારે તેઓમાંનો હર એક શખસ તે કામ તેણે એકલાએજ કર્યું હોય એ રીતે તે કામને માટે જવાબદાર છે.

ટીકા—જ્યાં ગુન્હો બને તેવો હેતુ પાર પાડવાને સાધારણ ઈરાદાથી કેટલાક માણસ એકઠા થાય ત્યાં તે સાધારણ ઇરાદો પાર પાડવામાં મદદ કરનાર દરેક જણ, પછી તે જે જગ્યાએ ગુન્હો બને ત્યાંથી દુર હોય, અને જે ખરેખરૂં બનતું હોય તેનાથી અજાણ હોય તોપણ, સરખી રીતે ગુન્હેગાર થાય છે.૧

એક એવા કેસની વ્યવસ્થા કરવાને સારૂ આ કલમ ઘડવામાં આવેલી છે કે જેમાં એક ટોળીનાં જુદાં જુદાં માણસોનાં કૃત્યોની વચ્ચેનો ભેદ બતાવવાનું અથવા તો તે દરેક માણસે બરાબર કેટલો અને શો ભાગ લીધો હતો તે સાબીત કરવાનું મુશ્કેલ હોય.૨

પરંતુ જો કોઇ ખાસ અમુક ગુન્હો,–દાખલા તરીકે ઘર ફોડવાનો ગુન્હો–કરવાના ઇરાદાથી કેટલાક માણસો એકઠા મળે, અને તે ગુન્હો કરવામાં ઘરમાંના એક માણસનું ખુન થાય, તો તેમાંથી અવશ્ય કરીને એવું નીકળતું નથી કે જે લોકો ઘરની બાહાર સંભાળ રાખવાને ઉભા હતા તેઓ ખુનના ગુન્હેગાર થશે. બધાનો સાધારણ ઇરાદો, ઘર ફાડીને લુંટ કરવાનો માત્ર નહી, પણ જો ઘરવાળા સામા થાય તો જુલમ કરીને (અર્થાત ખુન વિગેરે કરીને પણ) તેમનો હેતુ પાર પાડવાનો હતો કે નહિ તે હકીકતનો સવાલ (question of fact) રહેશે. જો ઘરમાં પેઠેલાઓની પાસે હથીઆર હોય, અને તેમની પાસે તે હથીઆર છે એવી બીજાઓને ખબર હોય તો જુલમ કરીને (અર્થાત્ મારી નાંખીને પણ) તેમનો હેતુ પાર પાડવાનો તેમનો ઇરાદો હતો એવું અનુમાન વ્યાજબી ગણાશે.૨ જ્યાં કેટલાક માણસો એકઠા થઇને એક માણસ ઉપર ચોરીનું તહોમત મુકીને જોર જુલમથી તેને થાણામાં લઇ જતા હતા, અને રસ્તે જતાં કેટલાકોએ તેને માર્યો, ત્યાં

૧. ફૉસ્ટર કૃત ક્રીમીનલ લૉ પાનુ ૩૫૭; ગણેશસીંગ. વિ. રામરાજા. ૩ બંગાલ લૉ રીપોર્ટસ પ્રીવી કાઉન્સીલ ૪૪; રેજાઈના વિ. મહાબીર. ૨૧ અ. ૨૬૩.

૨. ડેક્રીઝ કેસ. ૧ હેલ પ્રીવી કાઉન્સીલ. ૪૩૯, ૪૪૩; રેજાઇના વિ. જમાનુલ્લા. ૨૩ ક. પાનુ ૯૭૮

ચીફ જસ્ટીસ પીકોકે બતાવ્યું કે જ્યારે એક બાજુએ એવું અવશ્ય કરીને નીકળતું નહોતું કે માર મારવો તે (તેમના) સામાન્ય ઈરાદાનો એક ભાગ હતો કે જેથી કરીને જે લોકો ત્યાં હાજર હતા, પણ જેઓ તેને મારવામાં સામેલ થયા નહોતા તેઓ પણ જવાબદાર થાય, ત્યારે બીજી બાજુએ એ પણ ધ્યાનમાં લેવાનું હતું કે તેઓ ત્યાં હાજર હતા, અને બીજાઓને તેમના જુલમી વર્તનમાંથી વારવાને તેઓએ કાંઈ કર્યું નહોતું તે વાતથી તદન યોગ્ય રીતે એવું અનુમાન નીકળે કે તેઓ સઘળાઓની તેમાં સંમતિ હતી અને બધા એકઠા વર્તતા હતા, અને સાધારણ ઈરાદો પાર પાડવામાં તેને માર મારવામાં આવ્યો હતો.૧

ત્રણ સોલજરો ભેગા થઈને એક બાગ લુંટવાને ગયા; બે જણા પેર (એક જાતનું સ્વાદિષ્ટ ફળ)ના ઝાડ ઉપર ચડયા, અને ત્રીજો ઝાંપા આગળ ઉઘાડી તરવાર લઇને ઉભો રહ્યો. માલધણીના છોકરાએ ત્યાં આવીને ઝાંપા આગળ ઉભેલા માણસની ગળચી પકડી, અને તેને પુછ્યું કે તે ત્યાં શું કામ આવ્યો હતો, જે ઉપરથી તે સોલજરે તેને તરવારના ઝટકાથી મારી નાંખ્યો. ચીફ જસ્ટીસ હોલ્ટે એવું ઠરાવ્યું હતું કે તે (ઝાંપા આગળ ઉભેલા) માણસે ખુન કર્યું હતું, પણ ઝાડ ઉપર ચડેલા માણસો (ખુનના) બીન ગુન્હેગાર હતા. તે લોકો એક નાનો જુજ સાપરાધ પ્રવેશ કરવા આવ્યા હતા અને તેમની જાણ વગર એકદમ ઓચીંતા થયેલા બખેડામાં તે માણસ માર્યો ગયો હતો. ચીફ જસ્ટીસ હોલ્ટે એવી ટીકા કરી કે " જો તેઓ બધા જે કોઈ સામે થાય તે " બધાની સામે સામાન્ય ઠરાવથી ત્યાં આવ્યા હોત તો પરિણામ હાલના કરતાં જુદી રીતનું થાત. " (અર્થાત તે બધા ગુન્હેગાર ઠરત.)૨.

એક માણસ તેના સોબતીના ખુન કરવાના ઈરાદાથી અજાણ્યો હોય તો જો કે તે તેની સોબતમાં હોય તો પણ ગેરકાયદેસર કૃત્ય કર્યા બદલ તે જવાબદાર થશે નહિ. આ કેસમાં જસ્ટીસ પાર્કે જ્યુરીને નીચે મુજબ ' ચાર્જ કરેલીઃ–" જો ત્રણ માણસો ચોરી કરવાને સારૂ બહાર જાય, અને તેઓમાંનો એક બીજાઓ ન જાણે તેવી રીતે પોતાના ગજવામાં પીસ્તોલ મુકે, અને જુદીજ જાતનો ગુન્હો–દાખલા તરીકે ખુન,–કરે તો બીજા બે જણાઓ કે જે આ બીજા ગુન્હામાં સામેલ નહોતા તેઓ ખુનના ગુન્હેગાર થશે નહી, તો જો કે જે ગુન્હો કરવાને સારૂ તેઓ બહાર ગયા હતા તે ગુન્હામાંઉ તેઓ તેની સાથે જોડાયેલા હતા, તે વખતે તે બીજો ગુન્હો થયો હતો. "

બીજા એક કેસમાં કેટલાક સોલજરો કે જેમને એક માણસને પકડવામાં મદદ કરવાને રોકવામાં આવ્યા હતા, તેઓએ એક ઘર કે જેમાં તે હતો એમ ધારવામાં આવતું હતું તે ઘર ગેરકાયદેસર રીતે તોડીને ઉઘાડયું, અને પછી તેમનામાંના કેટલાકે ત્યાં પડેલી કેટલીક વસ્તુઓ ચોરી લીધી. આમાં જે માણસે ખરેખર ચોરી કરી હતી તે માણસેજ માત્ર ગુન્હો કર્યો હતો એમ ઠરાવવામાં આવ્યું હતું.૪

છેવટે માત્ર પાસે ઉભો રહેનાર માણસ તેની સમક્ષ બનેલા ગુન્હાને વાસ્તે, જો કે તેણે તે ગુન્હો અટકાવવાનો કાંઇ પણ પ્રયત્ન ન કર્યો હોય, અથવા તો ગુન્હેગારોની સામે (સત્તાવાળાઓને) ખબર ન આપી હોય તો પણ જવાબદાર થશે નહી.૫

જ્યાં બંને શેઠ અને નોકર તે (શેઠ) ને મળેલા ઇજારાની શરતોથી વિરૂદ્ધ વર્તીને કરેલા ગાંજાના વેચાણ વખતે હાજર હતા અને ગાંજાની કીંમત બદલ આપેલા પૈસા તે નોકરે લીધા ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે પીનલકોડને ૩૪ મી કલમની શરતો ધ્યાનમાં લઇએ તો તે નોકર પરવાનગી વગર ગાંજો

---

૧. રેંજાઇના વિ. ગોરાચંદ ગોપે. બંગાલ લા રીપોર્ટર્સ, વધારાનું વાલ્યુમ પાનુ ૪૪૩.
૨. ફાસ્ટર કૃત ક્રીમીનલ લા. પાનુ ૩૫૩; રેંજાઈના વિ, હુમા ૧૯ મ. ૪૮૩.
૩. ૭ ફ્રીસ કેસ. લેવીન્સ ક્રાઉન કેસીસ. પાનુ. ૧૯૪.
૪. નનામો ૧ લીચ. ૭ (એન)
૫. ૧ હેલ પ્રીવી કાઉન્સીલ. ૪૩૯, રેંજાઇના, વિ. મગનલાલ ૧૪ મું. પાનુ ૧૨૫; ઈશાનચદ્ર વિ. રેંજાઈના. ૨૧ ક. ૨૬૨.

વેચવાના ગુન્હાનો ગુન્હેગાર હતો, અને કેસની હકીકત જોતાં પીનલકોડની કલમ ૧૧૪મી બીલકુલ લાગુ પડતી નહોતી.૧

સઘળા સખસોનો સામાન્ય ઇરાદો પાર પાડવાને સારૂ:—રાણી વિ. ગોરાચંદર ના કેસમાં સર બાર્નીસ પીકોકે ભાર મુકીને સ્પષ્ટ રીતે ઠરાવ્યું છે કે ગુન્હાવાળી જગ્યાએ માણસોની હાજરી માત્ર તેમને ગુન્હેગાર બનાવવાને પુરતી નથી, અને કોઈ પણ માણસને આ ૩૪ મી કલમનો નિયમ લાગુ પાડતા પહેલાં "સામાન્ય ઇરાદો પાર પાડવા "ની શરત ખાસ જરૂરી શરત છે. ઘણું કરીને સર બાર્નીઝ પીકોકના આવા સ્પષ્ટ અભીપ્રાયને લીધેજ કાયદા બાંધનારાઓએ સને ૧૮૭૦ ના આકટ ૨૭ માની પહેલી કલમથી અસલની જુની ૩૪ મી કલમ રદ કરીને હાલની નવી કલમ " સઘળા સખસોનો સામાન્ય ઇરાદો પાર પાડવાને સારૂ " એ શબ્દો દાખલ કરીને થઈ છે.

મુખ્ય ગુન્હો કે મદદગારી:—જ્યારે કોઇ સામાન્ય હેતુ પાર પાડવાને સારૂ કેટલાક માણસો ગુન્હો કરવામાં ભેગા મળે છે ત્યારે જેઓ તે હેતુ પાર પાડવામાં મદદ કરે છે તેવા સઘળા માણસો મુખ્ય ગુન્હાના ગુન્હેગાર થાય છે, અને નહીં કે મદદગારીના.૩

	૩૫. જો કાંઈ કામ ઘણા શખસોએ કર્યું હોય અને તે કામ કાંઇ સાપરાધ જ્ઞાન અથવા ઇરાદાથી થયાને લીધેજ ગુનો ગણાતું હોય તો તેઓમાંનો હરએક શખસ જે તે કામમાં તેવા જ્ઞાન અથવા ઈરાદાથી સામેલ થયો હોય તે તેણે એકલાએજ તેવા જ્ઞાન અથવા ઈરાદાથી તે કામ કર્યું હોય એ રીતે તે કામને માટે જવાબદાર છે.
જ્યારે એવું કાંઇ કામ સાપરાધ જ્ઞાન અથવા ઇરાદાથી થયાને લીધે ગુનો ગણાતું હોય ત્યારે.	

ટીકા:—દાખલા તરીકે રહેવાના ઘરમાં રાત્રે ચોરી કરતાં માલમ પડેલા ઘર ફોડનારને મારી નાંખવું તે કાયદેસર ગણાશે. પરંતુ માત્ર વૈરને લીધે તેને મારી નાંખવામાં આવ્યો હોય તો તેને ખુન ગણવામાં આવશે. હવે જો એકથી વધુ માણસો આવા કામમાં એકઠા મળે તો જે માણસો શુદ્ધ બુદ્ધિથી પ્રમાણિકપણે તે ઘર ફોડનારની સામે પોતાનો સ્વસંરક્ષણનો હક વાપરતા હોય તેઓ બીન ગુન્હેગાર થશે, પરંતુ જેઓ માત્ર વૈરથી તેના ઉપર હુમલો કરતા હશે તેઓ ગુન્હેગાર ઠરશે. દરેક ગુન્હેગાર માણસ આખા ગુન્હાનો ગુન્હેગાર થશે પછી જો કે પ્રાણઘાતક ઘા માત્ર એકજ માણસનું કૃત્ય હોય.

'ઇરાદો' કોને કહેવો:—અમુક સખસે અમુક કૃત્ય ઇરાદાથી કર્યું તેનો અર્થ એ છે કે તે શખસે તે કૃત્ય ખુશીથી કર્યું ખુશીથી કૃત્ય કરવામાં આવે ત્યારે કાયદો એવું અનુમાન કરે છે કે "કરેલા કૃત્યનું અમુક પરિણામ આવશે એવું તે જાણતો હોવો જોઇએ;" તેથી અમુક પરિણામ નીપજશે એવું તેણે ધાર્યું ઇચ્છયું કિંવા ઇરાદો કર્યો ન હોય, તો પણ માણસ જાતના અનુભવ પ્રમાણે કરેલા કૃત્યથી અમુક પરિણામ નીપજશે એવું માણસો જાણે છે તે નિયમ પ્રમાણે નીપજેલું પરિણામ તેણે ઈરાદાપુર્વક આણ્યું એવું માનવામાં આવે છે. ન્યાયનું એક મહા વાકય છે કે બહારના કૃત્યથી મનની અંદરનો ઈરાદો જણાઈ આવે છે. એટલે કે ઇચ્છા જે કૃત્ય અમલમાં લાવવા ધારે છે તે બહારની ઇંદ્રિથી અમલમાં લેવાય છે, કેમકે માણસના મનની અંદર પેસી તેનો ઇરાદો કેવો છે તે જાણી શકાતું નથી. દાખલા તરીકે માણસ જાતમાં પોતાને કરેલા નુકશાન બદલ વૈર લેવાનો સ્વાભાવીક ગુણ હોય છે તે નિયમ પ્રમાણે કોઇ અમુક માણસને કોઈ શખસે હાની વગર ઇજા કરી હોય તેણે વૈર લેવું જોઇએ એવું મનની ઈચ્છા અને વૃત્તિઓ સુચવે તો

---

૧. ઈશ્વરલાલ શાહા. વિ. ગિરીશચન્દર દત્ત, ૨૯ ક. ૪૯૬.
૨. ૫. સધર લેન્ડઝ વીકલી રીપોર્ટર. પાનુ ૪૫.
૩. શાહાનશાહ. વિ. ફા. લંઊંગ. ૭. લોઅર બર્મા રૂલીંગ્ઝ પાનુ ૨૬૪.

આટલાથીજ તે માણસનો ઈરાદો આપણાથી જાણી શકાય નહી પરંતુ જો આવી ઈચ્છા અને વૃત્તિઓને તાબે થઈને તરવાર હાથમાં લઈને તે માણસ તેની ઇચ્છાને અમલમાં લાવવા માટે તેને નુકશાન કરનાર શખસ ઉપર ઉઘાડી તરવાર સાથે ધસવાનું કરે એટલી વધારાની હકીકત હોય તો તહોમતદારનો ઇરાદો તેને નુકશાન કરનાર શખસને તરવારથી મારી નાંખવાનો હતો એમ સમજી શકાય.

થોડીએક કાંઇ કામથી તથા થોડીએક કાંઇ કસુરથી કરેલી અસર.

૩૬. જો કાંઇ કામથી અથવા કાંઇ કસુરથી કાંઇ અસર કરવી અથવા અસર કરવાની કોશીશ કરવી એ કાંઇ ગુન્હો હોય તો તેજ અસર થોડી કાંઇ કામથી કરવી, અને થોડી કાંઇ કસુરથી કરવી, એ પણ તેજ ગુન્હો છે એમ સમજવું.

દ્રષ્ટાંત.

અ **જ** ને ખોરાક આપવાની કાયદા વિરૂદ્ધ કસુર કરીને તથા **જ** ને મારીને ઇરાદાથી **જ** નું મોત થાય એમ કરે તો **અ** એ ખુન કર્યું એમ સમજવું.

ઘણાં કામો મળીને કાંઈ ગુન્હો થતો હોય તો તેઓમાંનું એક કામ કરીને મદદ કરવી.

૩૭. જો કોઇ ગુન્હો ઘણાં કામો કરવાથી થયો હોય તો જે શખસ એકલો અથવા બીજા કોઈ શખસોની સાથે રહીને તે કામો માંહેનું ગમે તે એક કામ કરીને ગુન્હો કરવામાં ઇરાદાથી સહકાર કરે તે શખસે તે ગુન્હો કર્યો છે એમ સમજવું.

ટીકાઃ—મોરગન અને મેકફરસન પોતાના પીનલકોડમાં નીચે મુજબ ટીકા કરે છેઃ—આપણે જોયું છે કે જો કેટલાક શખસો ઇરાદામાં અને કૃત્ય કરવામાં બંનેમાં ભેગા મળે તો દરેક માણસ જાણે કે તે એકત્ર ગુન્હાભરેલું કૃત્ય તેણે એકલાએ કર્યું હોય તેમ તેવા કૃત્યને માટે જવાબદાર છે; અને તેજ પ્રમાણે જો દરેક માણસને પોત પોતાનો જુદો જુદો ભાગ બજાવવાનો હોય અને તે જુદા જુદા ભાગનું છેવટનું એકજ પરિણામ થતું હોય તો તે દરેક માણસ તેવા એકત્ર ગુન્હાભરેલા આખા કૃત્યને માટે જવાબદાર થશે. ક્યો અમુક ભાગ કરવાનું કામ દરેક માણસને સોંપવામાં આવ્યું છે તે બીન જરૂરનું છે અથવા એકજ વખતે અને જગ્યાએ હાજર થયેલા સઘળા માણસોએ એકત્ર થઈને તેમનો હેતુ પાર પાડયો છે અથવા દરેક માણસ પોતાનો ભાગ જુદો જુદો બજાવે છે તે બીનજરૂરનું છે. જ્યાં ગુન્હા ભરેલું પરિણામ આણવામાં સઘળા એકઠા મળે છે ત્યાં જેટલે દરજ્જે દરેકને તેને પોતાનો ભાગ બજાવવાનો છે તેટલે દરજ્જે તે દરેક જણ તે કૃત્ય કરે છે અને બાકીનાને માટે ગુન્હેગાર એજંટની મારફતે તે દરેક જણ તે કૃત્ય કરાવે છે. સઘળા જવાબદાર માણસો એક બીજાના પ્રીન્સીપલ અને એજંટ (મુખ્ય માણસ અને તેની વતી કામ કરનાર) ના પરસ્પર સંબંધમાં રહેલા ગણાય છે.

દ્રષ્ટાંત.

(અ) **અ** તથા **બ** હરએક જુદે જુદે વખતે થોડું થોડું ઝેર આપીને **જ** ને મારી નાંખવાના ઠરાવ કરે અને **અ** તથા **બ** તે ઠરાવ મુજબ **જ** ને મારી નાંખવાના ઈરાદાથી ઝેર આપે અને તેને જુદે જુદે વખતે આપેલા તે ઝેરની અસરથી **જ** મરી જાય તો એ ઠેકાણે ખુન કરવામાં **અ** તથા **બ** ઇરાદાથી સહકારી થયા અને તેઓનાં કામ જુદાં જુદાં હોય તોપણ તે બંને તે ગુન્હાના તકશીરવાર છે એમ સમજવું, કેમકે તેઓમાંના હરએકે જેથી મોત થયું એવું કામ કીધું છે.

(ખ) અ તથા બ એ બે એકઠા જેલર છે અને તેઓના હોદ્દાને લીધે જ એક કેદી છે. તે વારાફરતી ૭ ૭ કલાક એક એકના હવાલામાં રહે છે. હવે જ નું મોત આણવાના ઇરાદાથી તે અસર પેદા કરવામાં જાણી બુઝીને તેઓ સહકારી થાય એવી રીતે કે જ ને પહોચાડવા સારૂ તેઓને આપેલો ખોરાક તેઓ પોતપોતાની હાજરીની દરમીઆનમાં જ ને પોહોચાડવા કાયદા વિરૂદ્ધ કસુર કરે અને જ ભુખે મરી જાય તો અ તથા બ એ બંનેએ જ નું ખુન કર્યું એમ સમજવું.

(ક) અ જેલરના હવાલામાં જ કેદી છે. જ નું મોત આણવાના ઇરાદાથી અ જ ને ખોરાક આપવામાં કાયદા વિરૂદ્ધ કસુર કરે જેથી જ ઘણો અશક્ત થઇ જાય પણ તે ભુખમરો એટલો થઇ ન પડે કે તેથી તે મરી જાય પછી અ પોતાના હોદ્દા પરથી બરતરફ થઇ બ તેની જગોપર મુકરર થાય અને બ અ ની સાથે મેળાપી અથવા સહકારી ન થતાં જ ને ખોરાક આપવામાં કાયદા વિરૂદ્ધ કસુર કરે એવું જાણીને કે તેમ કરેથી જ મરી જશે એવો સંભવ છે અને ભુખે જ મરી જાય તો બ એ ખુન કર્યું એમ સમજવું પણ અ કંઈ બ ની સાથે સહકારી થયો નહી માટે અ એ માત્ર ખુન કરવાની કોશીશ કરી એમ સમજવું.

ટીકા.—એક કેસમાં એક માણસે અમુક ઘરમાંનો સામાન ચોર્યો, અને તે ઘરની બાહાર ઉભા રહેલા તેના મળતીઆને તે સામાન સોંપ્યો. તે મળતીઓ તે સામાન લઇને ચાલ્યો ગયો. આ કેસમાં બંને જણાઓને (સામાન ચોરનાર અને તેનો મળતીઓ) ચોરીના ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા.૧ પરંતુ જો આજ કેસમાં બાહાર ઉભેલો માણસ તેને તે સામાન સોંપવામાં આવ્યો ત્યાંસુધી પેલા ચોરનાર માણસના ચોરી કરવાના ઇરાદા વિષે કાંઈ જાણતો ન હોત તો તેના ઉપર ચોરી કરવાનું તહોમત મુકી શકાત નહી; તેનો ગુન્હો તો ચોરેલો માલ રાખવાનો થાત.૨

કંઇ ગુન્હાનું કામ કરવામાં ઘણા શખસો સામેલ થયા હોય તો તેઓ જુદા જુદા ગુન્હાના તકશીરવાર થઇ શકે.

૩૮. કોઇ ગુન્હાનું કામ કરવામાં ઘણા શખસો લાગેલા અથવા સામેલ હોય તો તેઓ તે કામથી જુદા જુદા ગુન્હાના તકશીરવાર થઇ શકે.

ટીકા.—એક બાજુએ ક અને બીજી બાજુએ અ ને બ એ બે પક્ષની વચ્ચે તકરાર થઇ. ક એ અ ને ગાળો દીધી જે ઉપરથી અ એ તેને લાકડી મારી અને બ એ ક ના માથા ઉપર કુહાડી મારીને તેને નીચે પાડયો. ક ને તેના શરીરના બીજા ભાગ ઉપર પણ કુહાડીના બીજા બે ઘા થયા હતા. તે કુહાડીના ત્રણ ઘાનો ગમે તે ઘા અને તેમાં ખાસ કરીને માથા ઉપરનો ઘા તેનું મોત નીપજાવવાને પુરતા હતા. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે બ શિક્ષણીય મનુષ્યવધ કરવાના ગુન્હાનો ગુન્હેગાર હતો, જ્યારે અ બુદ્ધિપૂર્વક વ્યથા કરવાના ગુન્હાનો ગુન્હેગાર હતો.૩

દ્રષ્ટાંતો.

અ જ ની ઉપર હુમલો કરે તે વખતે તેને એટલો ભારે ક્રોધ ચડેલો હોય કે તેને હાથે જ નું મરવું ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્ય વધ થાય તેમજ જ ની ઉપર દ્વેષ-

---

૧. રેજાઈના. વિ. પરકીન્સ. ૨. ડેન. ક્રીમીનલ કેસીસ. ૪૫૯.
૨. રેજાઈના. વિ. હીલ્ટન. બેલ ક્રીમીનલ કેસીસ, ૨૦.
૩. રેજાઈના. વિ. ઇંદર. ૨. અલાહાબાદ. વીકલી નોટસ. પાનું ૨૩.

ભાવથી તથા જ ને મારી નાંખવાના ઇરાદાથી અ ની માફક ક્રોધ ન ચડયા છતાં, જ ને મારી નાંખવામાં બ અ ને મદદ કરે તો એ ઠેકાણે અગર જ નું મોત આણવામાં અ તથા બ એ બંને સામીલ છે તોપણ બ એ ખુન કીધું અને અ એ માત્ર શીક્ષણીય મનુષ્ય વધ કીધો એમ સમજવું.

ટીકા.—ઉપરની કલમ. ૩૭ નીચે આપેલો કેસ લઇએ તો, જો ઘરમાંથી પ્રથમ સામાન ખસેડનાર માણસ તે સામાનના માલીકનો અર્થાત્ ઘર ધણીનો નોકર હોત તો તે માણસ પીનલકોડની કલમ ૩૮૧ મી પ્રમાણે ગુન્હેગાર થાત, જ્યારે તેના મળતીઆને કલમ ૩૭૯ મી પ્રમાણેજ માત્ર સજા થાત.

૩૯. “બુદ્ધિપૂર્વક” જ્યારે કોઇ શખસે જે ઉપાયથી કંઇ અસર પેદા કરવાનો ઇરાદો કર્યો હોય તે ઉપાયથી અથવા જે ઉપાયથી તે અસર પેદા થશે એવો સંભવ છે એમ તે ઉપાય કામે લગાડતી વખતે તેણે જાણ્યું હોય અથવા એમ માનવાનું તેને કારણ હોય તે ઉપાયથી તે તે અસર પેદા કરે ત્યારે તેણે બુદ્ધપૂર્વક તે અસર પેદા કરી એમ સમજવું.

દ્રષ્ટાંત.

એક મોટા શહેરમાં એક ઘર છે તેમાં માણસો રહે છે. તે ઘરમાં રાતને વખતે અ અપહરણનો ગુન્હો સેહેલ કરવા માટે અ આગ લગાડે અને તેથી એક શખસનું મોત થાય તો એ ઠેકાણે કાંઇ મોત આણવાને અ એ ઇરાદો ન કીધો હોય અને પોતાના કામથી મોત થયું એમ જાણીને અ દીલગીર થાય તોપણ તેણે બુદ્ધિપૂર્વક તે મોત આણ્યું એમ સમજવું.

ટીકા.—જે માણસ બંદુક અથવા ભાલા જેવું પ્રાણઘાતક હથિઆર વાપરે છે તે માણસે, જો તેના કૃત્યથી મોત નીપજે તો, બુદ્ધિપૂર્વક મોત નીપજાવ્યું છે એવું ઠરાવવામાં આવશે[1] પરંતુ જો કોઈ માણસ તેની જાતના બચાવમાં અથવા તેની મીલકતના બચાવમાં બીજા માણસને મુકકો મારીને પાડી નાંખે, અથવા એક સાધારણ લાકડીથી તેને મારે, અને જે (પેહેલેથી) કળી શકાય નહી એવા કોઇ કારણથી મોત નીપજે તો તેણે કાંઈ પણ ગુન્હો કર્યો કહેવાય નહી.[2] જ્યાં હકીકતજ એવી હોય કે જેથી મોત શીવાયની બીજી કોઈ ઈજા (વ્યથા) કરવાનું (જરૂરનું) અને વ્યાજબી હોય ત્યાં સ્વસંરક્ષણ (પોતાના બચાવ)માં બુદ્ધિપુર્વક મોત નીપજાવવું તે ખુન નથી, પણ—જો તે કૃત્ય (ઈજા કરવાનું) શુદ્ધ બુદ્ધિથી કરવામાં આવ્યું હોય, અર્થાત્ પોતાના બચાવને વાસ્તે, અને બીજા કોઈ ઉપાયથી પોતાનો બચાવ થશે નહી એવું માનીને તે કૃત્ય કરવામાં આવ્યું હોય તો—શિક્ષણીય મનુષ્ય વધ (નો ગુન્હો) છે; દૃષ્ટાંત; ઘોડાના જેરબંધનો માર પડવામાંથી બચવાને સારૂ (જેરબંધથી માર મારવા આવનારને) ગોળીથી મારી નાંખવો.[3]

પરંતુ જે ગુન્હામાં પોતાના બચાવને સારૂ ગુન્હો કરનાર માણસને મારી નાંખવાનું વ્યાજબી હોય તેવો ગુન્હો કરતાં માલમ પડેલા માણસને મારી નાંખવાનું, જો તે (મારી નાંખવાનું) દ્વેષથી અને વૈરની ખાતર કરવામાં આવ્યું હોય તો, ખુન ગણાશે; દાખલા તરીકે એક કેસમા અમુક માણસે, કોઈ

---

૧. રેજાઈના વિ. ગઉરચન્દ. ૧૮ સધરલાન્ડઝ વીકલી રીપોરટર (ફોજદારી) ૨૯.

૨. રેજાઇના. વિ. નોક. ૧૪ કોકસ. ૧; રેજાઈના વિ. મોકી. ૧૨ સધરલાન્ડઝ વીકલી રીપોરટર (ફોજદારી) ૧૫.

૩. કલમ ૩૦૦, અપવાદ ૨ જો.

બદમાશને રાત્રે ઘર ફોડવાના કામમાં (ખરેખરો) લાગેલો જોઇને તે બદમાસને મારી નાંખવાના ખાસ હેતુંથી હથિઆર મંગાવ્યું અને તેને મારી નાંખ્યો; વળી કેસની હકીકત ઉપરથી એવું જણાતું હતું કે તે ઘર ફોડનારો બદમાશ તે વખતે નાસી જવાનો પ્રયત્ન કરતો હતો, પણ ઘણું કરીને તે નાશી જવાને અશક્ત થાત. આ કેસમાં બંગાળની હાઇકોર્ટે એવો ઠરાવ કર્યો હતો કે તેના તે કૃત્યથી તેણે ખુન કર્યું હતું. ૧

વળી આના સંબંધમાં કલમ ૩૫ મી નીચેની છેલ્લી ટીકા જુઓ.

૪૦. "ગુન્હો" — આ કલમની બીજી અને ત્રીજી રકમમાં લખેલા બાબ અને કલમો શીવાય ગુન્હો એ શબ્દ વડે વસ્તુને માટે આ કાયદામાં શીક્ષા કરવાનું ફરમાવ્યું છે, તે વસ્તુ સમજવી.

"૪ થા બાબમાં અને હેઠળ લખેલી કલમોમાં એટલે ૬૪ મી, ૬૫ મી, ૬૬ મી, ૬૭ મી, ૬૧મી, ૧૦૯મી, ૧૧૦ મી, ૧૧૨ મી, ૧૧૪ મી, ૧૧૫ મી, ૧૧૬ મી, ૧૧૭ મી, ૧૮૭ મી, ૧૯૪ મી, ૧૯૫ મી, ૨૦૩ જી, ૨૧૧ મી, ૨૧૩ મી, ૨૧૪ મી, ૨૨૧ મી, ૨૨૨ મી, ૨૨૩ મી, ૨૨૪ મી, ૨૨૫ મી, ૩૨૭ મી, ૩૨૮ મી, ૩૨૯ મી, ૩૩૦ મી, ૩૩૧ મી, ૩૪૭ મી, ૩૪૮ મી, ૩૮૮ મી, ૩૮૯ મી, અને ૪૪૫ મી, કલમમાં 'ગુન્હો' આ શબ્દ લખેલો છે તે શબ્દ વડે જે વસ્તુને માટે આ કાયદામાં અથવા આ કાયદામાં વ્યાખ્યા લખેલી છે તેવા કોઇ વિશેષ કાયદામાં અથવા સ્થાનીક કાયદામાં શીક્ષા કરવાનું ફરમાવ્યું છે તે વસ્તુ સમજવી.

"અને ૧૪૧ મી, ૧૭૬ મી, ૧૭૭ મી, ૨૦૧ મી, ૨૦૨ જી, ૨૧૨ મી, ૨૧૬ મી, અને ૪૪૧ મી કલમમાં "ગુન્હો" આ શબ્દ લખેલો છે તે શબ્દનો અર્થ જે વસ્તુને માટે વિશેષ કાયદામાં કે સ્થાનિક કાયદામાં શીક્ષા કરવાનું ફરમાવ્યું છે અને તેજ કાયદા ઉપરથી તે વસ્તુને માટે દંડ સુદ્ધાં અથવા દંડ વગર ૭ મહીનાની અથવા તે કરતાં વધતી મુદ્દતની કેદની શીક્ષા કરવા ફરમાવ્યું હોય ત્યારે તેવોજ અર્થ સમજવો.

ટીકા:—"ગુન્હો." શબ્દ ઇંગ્રેજી કાયદાથી શિક્ષા થાય એવાં કૃત્યોને લાગુ પડતો નથી; તેમજ ૧૮૮૨ ના ક્રીમીનલ પ્રોસીજર કોડ (૧૮૯૮ ના ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૫૫ મી) ની કલમ ૫૫ પ્રમાણે જે કેસમાં પકડવાનો અધિકાર આપેલો છે તે કેસને પણ તે "ગુન્હો" શબ્દ લાગુ પડતો નથી.૨

સુધારો:—અસલ ૪૦ મી કલમને બદલે આ કલમ ૧૮૭૦ ના આકટ ૨૭ માંની ૨ જી કલમથી દાખલ કરવામાં આવી છે. વળી આ કલમમાં ૬૪, ૬૫, ૬૨, અને ૭૧ એ આંકડા ૧૮૮૨ ના આકટ ૮ માથી અને ૬૭ આંકડો ૧૮૮૬ ના આકટ ૧૦ માથી દાખલ કરવામાં આવ્યા છે. આ પ્રમાણે કેટલીક બાબતોમાં 'ગુન્હો' શબ્દ કોઇ પણ ખાસ અથવા સ્થાનિક કાયદા મુજબ સજાને પાત્ર થાય એવી વસ્તુઓને પણ લાગુ પાડવામાં આવ્યો છે.

કોઈ ગુન્હો કરવાની **કોશીશ૩** તેમજ કોઇ ગુન્હો કરવામાં **મદદગારી૪** આ કલમના અર્થની અંદર આવે તેવી રીતે સ્વતંત્ર ગુન્હા બને છે.

---

૧. રેજાઈના. વિ. દરવાન. ૧ વીમ. ક્રીમીનલ કેસીસ ૬૮,
૨. એમ્પ્રેસ. વી. કાન્ધીઆ. ૭ અ. ૬૭.
૩. રેજાઇના. વિ. અજાુધિયા. ૧૭. અ, ૧૨૦,
૪. રેજાઈના. વિ. રપીઅર. ૪૯. પંજાબ રેકર્ડ પાનું, ૧૮૮.

ખોરાકીનો હુકમઃ—ખોરાકી આપવાનો હુકમ કરે તે કોઇ ગુન્હાને માટે સજા ગણાતી નથી.૧

"વિશેષ કાયદો." ૪૧. "વિશેષ કાયદો" એટલે કાંઇ ખાસ બાબતને લાગુ પડે એવો કાયદો.

"સ્થાનિક કાયદો." ૪૨. "સ્થાનિક કાયદો" એટલે બ્રીટીશ ઈંડીઆના કોઇ વિશેષ ભાગનેજ લાગુ પડે એવો કાયદો.

૪૩. "કાયદા વિરૂદ્ધ" એ શબ્દો જે જે વસ્તુ ગુન્હો છે અથવા કાયદાએ મના કરેલી છે અથવા દીવાની ફરીયાદનું કારણ થાય છે તે પ્રત્યેકને

"કાયદા વિરૂદ્ધ" લાગુ પડે છે; અને જે શખસ જે વસ્તુ કરવામાં કસુર

"કાયદા પ્રમાણે ફરજ" કરે તો કાયદા વિરૂદ્ધ થાય તે વસ્તુ કરવાની તે શખસની "કાયદા પ્રમાણે ફરજ છે" એમ સમજવું.

દીવાની ફરિયાદનું કારણ થાય છે તે પ્રત્યેક વસ્તુઃ—આના સંબંધમાં કમીશનરો પોતાના પહેલા રીપોર્ટની ૯૧ મી કલમમાં નીચે મુજબ ટીકા કરે છે " સામાન્ય રીતે અમે ધારીએ છીએ કે જે કાંઇ વસ્તુ કરવા બદલ અથવા કરવામાં કસુર કરવા બદલ (નહિ કરવા બદલ) કોઈ માણસ દિવાની ફરીઆદને પાત્ર થતો હોય તેવી કોઇ પણ વસ્તુને કાયદા વિરૂદ્ધ કહેવી તે વાંધા વગરનું ગણાશે. "

કોઇ પણ ખાતા તરફના હુકમનો ભંગ તે ફોજદારી ગુન્હો નથીઃ—તોહોમતદારે પોતાના કબજા ભોગવટાની જમીનોનું પત્રક ભરવામાં પોતાની પાસે કાંઇ પણ જમીનો નથી એવું ખોટું પત્રક ભરીને પોતાના ઉપરી અધિકારી આગળ રજુ કર્યું; અને વળી મુલકી રાહે તેની તપાસ ચાલી તેમાં પણ તેજ મતલબની જુઠી હકીકત જણાવી. એમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેથી કાંઇ પણ ગુન્હો બનતો નહોતો કેમકે તહોમતદારનું કૃત્ય 'કાયદા વિરૂદ્ધ' નું નહોતું.૨ અલબત તે ખાતા તરફથી થએલા હુકમનો ભંગ કરવાનો તે ગુન્હેગાર હતો, પરંતુ આ કલમના અર્થમાં આવે તેવી રીતે આવી હકીકત પુરી પાડવાને માટે તે કાયદેસર રીતે બંધાયલો નહોતો.

'કાયદા વિરૂદ્ધ':—એવી દરેક વસ્તુ કે જેથી ગુન્હો બનતો હોય, અથવા જેની કાયદાએ મના કરેલી હોય, અથવા જેથી દિવાની ફરીઆદ કરવાનું કારણ મળતું હોય તેવી દરેક વસ્તુને 'કાયદા વિરૂદ્ધ' શબ્દ લાગુ પડે છે, અને જે જે કૃત્ય કરવામાં કસુર કરવાનું કાયદા વિરૂદ્ધ થતું હોય તેવું દરેક કૃત્ય કરવાને વાસ્તે તે માણસ કાયદેસર રીતે બંધાયલો છે એમ કહેવાય છે.૩

"નુકશાન" ૪૪. "નુકશાન" એ શબ્દ વડે કોઈ પણ શખસના શરીરને મનને આબરૂને અથવા મીલકતને કાયદા વિરૂદ્ધ રીતે કરેલી કાંઈ પણ હાની સમજવી.

'મીલકત':—'મીલકત' શબ્દમાં હયાતીમાં હોય એવી કોઇ પણ વસ્તુનો સમાવેશ થાય છે; પરંતુ આર્થિક (પૈસા મળવાના) લાભની વાસ્તવિક આશા જે નષ્ટ થવા બદલ મરનાર માણસના વારસ વકીલનો દિવાની દાવો ચાલી શકે છે તેને આ 'મીલકત' શબ્દ લાગુ પાડી શકાય નહિ.૪

---

૧. રેજાઇના. વિ. પોનામલ. ૧૬. મ, ૨૩૪; રેજાઇના. વિ ઠાકુર બીન ઈશ. ૫ બોમ્બે હાઈકોટ રીપોર્ટસ પાનુ. ૮૧.

૨. રેજાઈના વિ. અપાયા. ૧૪. મ. ૪૮૪.

૩. શાહનશાહ. વિં. ટન આડોંગ બ્યાવ. ૧૩. બર્મા લો રીપોર્ટસ પાનુ. ૮૩.

૪. યલાગંગુલુ. વિ૦ આમીદીહાલી. ૨૧. મ. ૭૪ પાનું. ૭૬ (ફુલ બેન્ચ).

ખોટું તોહોમત તે 'નુકશાન' છે:—પોલીસની આગળ મુકેલું કોઈ ગુન્હાનું ખોટું તોહોમત કે જે બદલ કોરટમાં કામ ચલાવવાનો કદી ઈરાદો રાખવામાં આવ્યો ન હોય તેવા ખોટા તોહોમતથી આ કલમમાં વર્ણવ્યા મુજબ ઘણું ભારે નુકશાન તોહોમતદાર શખસને થઈ શકે છે.૧

"જીંદગી" ૪૫. "જીંદગી" એ શબ્દ વડે માણુસની જીંદગી સમજવી. પણ જે ઠેકાણે એ શબ્દ લખ્યો હોય તે ઠેકાણે મતલબ જોતાં એથી ઉલટો અર્થ દેખાતો હોય તો ત્યાં તેમ અર્થ કરવો.

"મોત" ૪૬. "મોત" એ શબ્દ વડે માણુસનું મોત સમજવું પણ જે જે ઠેકાણે એ શબ્દ લખ્યો હોય તે ઠેકાણે મતલબ જોતાં તેથી ઉલટો અર્થ દેખાતો હોય તો ત્યાં એમ અર્થ કરવો.

"જાનવર" ૪૭. "જાનવર" એ શબ્દ વડે માણુસ શીવાય બીજી કાંઇ પણ જીવવાળી વસ્તુ સમજવી.

"વહાણુ" ૪૮. "વહાણુ" એ શબ્દ વડે જળ માર્ગે માણુસોને અથવા મીલકતને લેઇ જવા માટે કરેલી કાંઇ પણ વસ્તુ સમજવી.

"વરસ" ૪૯. જે જે ઠેકાણે "વરસ" એ શબ્દ અથવા "મહીનો" એ શબ્દ લખ્યો હોય તે તે ઠેકાણે એમ સમજવું કે ઈંગ્રેજી પંચાંગ પ્રમાણે તે વરસ અથવા મહીનો ગણુવો.

'મહિનો'—જે શખસને એક મહિનાની મુદતની સજા થઇ હોય તે માણસ જે દિવસે તેની સજા શરૂ થાય તેજ દિવસ (તેજ તારીખ) બીજા મહિનાનો આવે તેને પહેલે દિવસે (તારીખે) છુટો થવાને હકદાર છે. દાખલા તરીકે એક કેદીને ઓકટોબર મહિનાની ૩૧ મી તારીખે એક ગુન્હા બદલ એક મહિનાની સજા થઈ, અને બીજા ગુન્હા બદલ ૧૪ દિવસની સજા થઈ. પરંતુ, બીજી સજા પહેલી સજાનો એક મહિનો ભોગવી રહ્યા પછી શરૂ થવાની હતી. તેને કરેલી સજા પ્રમાણે તેને ૧૪ મી ડીસેંબર સુધી કેદમાં રાખવામાં આવ્યો હતો, તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેને ૧૪ મી ડીસેંબર સુધી કેદમાં રાખ્યો તે બરાબર કાયદેસર હતું. કેમકે એક મહિનો ૩૦ મી નવેંબર સુધી પુરો થયો નહોતો તેથી ૧ લી ડીસેંબરથી ગણુતા ૧૪ દિવસની મુદત પુરી થાય નહિ ત્યાં સુધી બીજી સજામાંથી તે છુટવાને હકદાર નહોતો.૨

"કલમ" ૫૦. "કલમ" એ શબ્દવડે આ કાયદાના જે જે ભાગોની આગળ આંકડા લખીને તેઓને જુદા પાડેલા છે તેઓમાંનો એક ભાગ સમજવો.

૫૧. "સોગંદ" એ શબ્દમાં સોગંદને ઠેકાણે ધર્મપૂર્વક પ્રતીજ્ઞા કરવાનું કાયદામાં ફરમાવેલું હોય તે પ્રતીજ્ઞા તથા ઇનસાફની

---

૧. રેજાઈના. વિ૦ અશરફઅલી. ૫. ક. ૨૮૧. પાનું. ૨૮૨.

૨. મિગોટી. વિ૦ કોલવીલ. ૪. કોમનપ્લીઝ ડીવીઝન લોરીપોર્ટસ. પાનુ ૨૩૩.

" સોગંદ " કોર્ટમાં કે બીજે ઠેકાણે કોઇ સરકારી નોકરની આગળ કોઇ પણ એકરાર કરવાનું કાયદામાં ફરમાવ્યું અથવા રજા આપી હોય અથવા જે ઇકરાર પુરાવાના કારણસર વાપરવો હોય તે એકરારનો પણ સમાસ થાય છે એમ સમજવું.

ટીકા:—જુઓ ઇંડીયન ઓથ્સ આકટ (સોગંદ ખવડાવવાનો આકટ)–૧૮૭૩ નો ૧૦ મો આ આકટ પ્રમાણે નીચે જણાવેલી કોરટોને સોગંદ ખવરાવવાનો તથા પ્રતિજ્ઞા આપવાનો અધિકાર છે:—

૧. જેઓને કાયદા પ્રમાણે જુબાની લેવાનો અધિકાર હોય તે.
૨. લશ્કરી મથકમાં મીલીટરી ખાતાના કમાન્ડીન્ગ ઓફીસરને.
૩. જેઓને **જસ્ટીસ ઓફ ધી પીસનો** અધિકાર મળ્યો હોય તે.

સોગન ખવરાવવાને ઠેકાણે પ્રતિજ્ઞા આપ્યાથી કાંઈ કાયદાવિરૂદ્ધ થતું નથી (આ આકટની કલમ ૧૩ મી).

વળી જુઓ જનરલ કલોઝીઝ આકટ (સામાન્ય શબ્દોના અર્થનો આકટ)—૧૮૯૭ ના આકટ ૧૦ મી ની કલમ ૩ ની પેટા કલમ ૩૬ મી.

" શુદ્ધ બુદ્ધિથી " ૫૨. જે વસ્તુ ઘટતી સંભાળ તથા ધ્યાન વિના કરી અથવા માની હોય તે કરી અથવા માની એમ સમજવું નહીં.

દરેક કામમાં જેવી સંભાળ રાખવી જોઇએ તેવી સંભાળથી જે કામ કરવામાં આવે તેને ઘટતી સંભાળ અને ધ્યાન કહે છે. પણ જોઇએ તેવી સંભાળ અથવા ધ્યાન રાખ્યા વગર કરવામાં આવે તેને ઘટતી સંભાળ અને ધ્યાન કહેવાતું નથી.

ટીકા:—દરેક કામમાં જેવી સંભાળ રાખવી જોઇએ તેવી સંભાળથી જે કામ કરવામાં આવે તેને ઘટતી સંભાળ અને ધ્યાન કહે છે. પણ જોઈએ તેવી અને તેટલી સંભાળ રાખ્યા વગર કરવામાં આવે તેને ઘટતી સંભાળ અને ધ્યાન કહેવાતું નથી. આના સંબંધમાં જુઓ **ભાઉ જીવાજી. વિ. મુળજી દયાળ.** ૧૨ મું. ૩૭૭.

મોરગન અને મેકફરસન પોતાના પીનલકોડમાં ટીકા કરે છે કે જો કોઇ માણસ કાંઇ અધીકાર અથવા ફરજ બજાવવાનું પોતાને માથે લે કે જેમાં ખાસ હોંશીઆરી અગર સંભાળની જરૂર હોય અને પછી તેમાં એવો સવાલ ઉઠે કે તે શુદ્ધબુદ્ધિથી વર્ત્યો છે કે નહી તો તેણે સાબીત કરવું જોઈએ કે તેનો ઈરાદો શુદ્ધ (સારો) હતો એટલુંજ નહીં પરંતુ તે ફરજ ઘટતી રીતે બજાવવાને સારૂ જેટલી સંભાળ અને હોંશીઆરીની વાસ્તવીક રીતે જરૂર હતી તેટલી સંભાળ અને હોંશીઆરી તેણે રાખી હતી. ઘટતી સંભાળની ગેરહાજરીને પરિણામે જેટલે દરજ્જે નુકશાન થાય તે ઉપર સંભાળ કેટલે દરજ્જે જરૂરની હતી તેનો આધાર રહેશે.

શુદ્ધ બુદ્ધિની ખામી:—એક પોલીસ અમલદારે એક ઘોડો જોયો કે જે તેના બાપે થોડા વખત પહેલાં ખોએલા ઘોડાને મળતો આવતો હતો. તે ઘોડો બ ના મકાનમાં બાંધેલો હતો. તે ઘોડો જોઇને તે અમલદાર એવા નિર્ણય ઉપર આવી ગયો કે બ એ કાંતો તે ઘોડો ચોર્યો હતો, અથવા ચોર પાસેથી ખરીદ કર્યો હતો. તેને માલમ પડયું કે બ એ તે ઘોડો એક સ નામના માણસ પાસેથી ખરીદ કીધો હતો; તેથી તેણે સ ને બોલાવ્યો અને તે ઘોડો તેના બાપનો હતો કે નહિ તે બાબત કાંઇ પણ ભરોંસા લાયક ખબર મેળવવાની તસ્દી લીધા વિના સ ના ઉપર ચોરીનું

તોહોમત મૂક્યું. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે ઘટતી કાળજી અને સંભાળ રાખ્યા વગર તે વર્ત્યો હતો.૧

એક કેસમાં તોહોમતદાર એવું માનતો હતો કે એક ઘુંધુ છોકરૂં કે જે, જે જગા તોહોમતદાર અને તેના ગામના બીજા લોકો ભુતના વાસવાળી ગણતા હતા તે જગાએ અંધારામાં રખડતું જોવામાં આવ્યું હતું તે છોકરૂં ભુત અથવા પ્રેત છે આ પ્રમાણે માનવા ઉપરથી તોહોમતદારે તેને પોતાની ભુલ માલમ પડી તે પેહેલાં તે છોકરાને પથરા મારીને મારી નાંખ્યું. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તોહોમતદારને ૩૦૪ મા કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવીને સજા કરવામાં આવી હતી તે બરાબર વ્યાજબી હતું. કેમકે, જો કે તે ખરી હકીકતની ભુલમાં હતો તોપણ શુદ્ધ બુદ્ધિથી અર્થાત્ ઘટતી કાળજી અને સંભાળથી તે માનતો નહોતો કે તે કૃત્ય કરવામાં તે વ્યાજબી કરતો હતો.૨

બાબ ૩ જો.

શિક્ષા બાબત.

"શીક્ષા" ૫૩. આ કાયદાના ઠરાવો પ્રમાણે ગુન્હેગારો જે શીક્ષાઓને લાયક છે તે નીચે પ્રમાણેઃ—

પેહેલી મોત.
બીજી સમુદ્રપાર.
ત્રીજી સાસનીક દાસત્વ.
ચોથી કેદ બે પ્રકારની છે.
(૧) સખ્ત એટલે સખ્ત મજુરી સાથે.
(૨) આશાન.
પાંચમી મીલકત સરકાર જપ્ત કરવી.
છઠ્ઠી દંડ.
સાતમી ફટકા.

☞ આ કલમ ૧૮૬૪ ના આકટ છઠ્ઠાની કલમ ૧ લીથી સુધારી છે.

ટીકા.—સજાઓઃ—સામાન્ય રીતે તે એક સલામતી ભરેલો નિયમ ગણાશે કે જે હેતુ રાખવામાં આવ્યો હોય તે હેતુની સાથે બંધ બેસે તેવી રીતે સજાઓ ઓછી અને હલકી હોવી જોઈએ. પ્રમાણમાં વત્તી અને ભારે સજા તે બદલ રાખવામાં આવેલો હેતુ નિષ્ફળ કરે છે, અને લોક લાગણીની વિરૂદ્ધતા ઉત્પન્ન કરે છે કે જે વાત અનુભવથી સિદ્ધ થઇ છે. ખરેખરી રીતે જરૂરનું હોય તે કરતાં વધુ વખત સુધી કોઇ માણસને કેદખાનામાં ગોંધી રાખવો તે તે માણસને પોતાને માટે ખરાબ છે એટલુંજ નહી પણ તે નકામી વ્યર્થ ક્રુરતા છે અને આર્થિક રીતે ખર્ચાળ અને જનસમુહને નુકસાનીનું કારણ છે.૩

૧. શીવશરણ સહાઈ. વિ૦ મહમદ ફાઝીલ ૧૦. સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર. પાનું ૨૦.
૨. રેનાઈના વિ૦ હયાત. ૧૧. પંજાબ રેકર્ડ પાને ૧૮૯.
૩. રેનાઇના વિ. જગાકુ. ૧. અપર બર્મા રૂલીંગ્ઝ પાનું. ૩૩૦. ને પાને ૩૩૪ મે ચીફ જસ્ટીસ બર્ગેસની ટીકા.

મોત:—"અમારી ખાત્રી થઇ છે કે તે (મોતની સજા) ઘણીજ થોડી કરવી જોઈએ અને જ્યાં કાંતો ખૂન અથવા રાજ્યની સામે મોટામાં મોટો ગંભીર ગુન્હો કરવામાં આવ્યો હોય તેવાજ કેસમા માત્ર તે (મોતની સજા) કરવાનું અમે સુચવીએ છીએ. મનુષ્ય જાતના મોટા ભાગમાં જીંદગી જેવું વહાલું કંઇ નથી. અને અમારો અભિપ્રાય એવો છે કે લૂંટ કરનારા, બઇરાંની લાજ લેનારા અને હાડકાં ભાંગનારાઓને ખૂન કરનારાની સાથે એકજ પાયરીમાં મૂકવા તે એવી ગોઠવણ છે કે જેથી જીંદગીની સલામતી ઓછી થાય છે. તે (પ્રથમ બતાવેલા) ગુન્હાઓ હંમેશાં એવી સ્થીતિની અંદર થાય છે કે ગુન્હેગારને તેના ગુન્હાની સાથે ખૂનનો ગુન્હો ઉમેરવો તે તેના હાથમાં હોય છે. લગભગ હંમેશાં ખૂન કરવાનું તેના હાથમાં અને તેની સત્તામાં હોવાથી ખૂન કરવાનું તેને ઘણું મજબુત કારણ હોય છે, કેમકે ખૂન કરવાથી તેણે ખૂન કરતા પહેલાં જે ગુન્હો કરેલો હોય તે ગુન્હાનો એકલો સાક્ષી દૂર કરવાની તેને ઘણી વાર આશા રહે છે. જો તેણે પ્રથમ કરેલા ગુન્હાની સજા ખૂનની સજાના જેટલી અને જેવી હોય તો તેને ખૂન કરતાં અટકવાનું કાંઇ કારણ રહેશે નહી. જે કાયદો બળાત્કાર સંભોગ અને લૂંટના ગુન્હાને માટે કેદની સજા ફરમાવે છે અને ખુનને માટે ફાંસીની સજા ફરમાવે છે તે કાયદો બળાત્કાર સંભોગ કરનારાઓને અને લૂંટ કરનારાઓને તેમણે જે શખસોને નુકસાન કર્યું હોય તેમની જીંદગી બચાવવાની મજબુત લાલચ આગળ ધરે છે (બતાવે છે.) જે કાયદો બળાત્કાર સંભોગ અને લૂંટના ગુન્હાને વાસ્તે ફાંસીની સજા કરે છે, અને ખૂનને વાસ્તે પણ ફાંસીની સજા કરે છે તે કાયદો જો તે બરાબર સખ્ત રીતે અમલમાં મુકવામાં આવ્યો હોય તો માણસોને બળાત્કાર સંભોગ અને લૂંટના ગુન્હા કરતા અટકવાનું મજબુત કારણ આપે છે, પરંતુ જેવો તે માણસે બળાત્કાર સંભોગ કર્યો અગર લૂંટ કરી કે તુરતજ તેના ગુન્હાની સાથે ખૂન પણ કરી નાંખવાનું જબરૂ કારણ આગળ ધરે છે (બતાવે છે)."[1]

સમુદ્ર પારની શિક્ષા:—પીનલ કોડ બનાવનારાઓ ટીકા કરે છે કે "તે જાતની (સમુદ્ર પારની) શિક્ષા કાયમ રાખવામાં જે વિચારથી અમે દોરાયા છીએ તે વિચાર અમારી એવી સમજુત છે કે હિંદુસ્તાનના દેશીઓ અને ખાસ કરીને જે લોકો સમુદ્રથી દુર રહે છે તે લોકો સમુદ્રપારની શિક્ષાને ખાસ ભયથી જુએ છે. તેનાથી જે ધાસ્તી ઉપજે છે તેથી સારી અસર ઉત્પન્ન થાય છે; અને આ દેશમાં સમુદ્રપારની શિક્ષા ખરેખર પડતા દુઃખના પ્રમાણમાં જેટલો ભય ઉત્પન્ન કરે છે તેટલો ભય બીજી કોઈપણ શિક્ષા કદાચ ઉત્પન્ન કરતી નથી, લાંબા વખતનું કેદખાનું ખરેખર ભોગવવામાં વધારે દુઃખદાયક થઈ પડે; પરંતુ તેનો અગાઉથી એટલો બધો ભય રહેતો નથી; તેમજ તોહોમતદારને અથવા પાસે ઉભા રહેલા જોનારાઓને જેને તેઓ કાળુ પાણી કહે છે તે કાળા પાણીની પાર જેટલો ત્રાસ મનમાં ઉપજાવે છે તેટલો ત્રાસ કેદખાનાની સજા ઉપજાવી શકતી નથી. અમારા માનવા મુજબ દેશનીકાલ થએલા કેદીની શી ગતી થશે તે બાબતમાં રહેલા ગુપ્તપણા અને અંજાણપણાને લીધે આ લાગણી ઉત્પન્ન થાય છે. મોતની ઘડીએ જે વિયોગ થાય છે તેને મળતો આ વિયોગ લાગે છે." (નોટ अ.)

કેદખાનું:—જ્યાં પીનલકોડ એવું ફરમાવે છે કે ગુન્હેગારને કેદની સજા થશે, "અને દંડને પણ પાત્ર થશે" ત્યાં સજાની અંદર ગમે તેટલી થોડી તોપણ કાંઇક મુદતની કેદની સજા થવી જોઈએ.[2]

"મિલ્કત સરકાર જપ્ત કરવી":—આ બાબતમાં પીનલકોડ બનાવનારાઓ કહે છે કે:—ભારે રાજદ્વારી ગુન્હાઓના ગુન્હેગાર શખસો ઉપર માત્ર મીલકત સરકાર જપ્ત કરવાની સજા કરવાનું અમે સુચવીએ છીએ. આવા માણસોની જગા જાગીરોના કબજાઓને લીધે ઘણીવાર સાર્વજનીક શાંતિનો ભંગ કરવાને અને સરકારીની સામે માથું ઉંચકવાને તેઓ શક્તિવાન થાય છે; અને તે વ્યાજબી લાગે છે કે આવી ભયભરેલી સત્તા તેમની પાસેથી છીનવી લેવી." (નોટ अ).

ફટકાની શિક્ષા:—પીનલકોડમાં ઠરાવેલી શિક્ષાને બદલે ફટકાની શિક્ષા કરવાની છે. કાંઈ બેવડી શિક્ષા થઇ શકતી નથી અર્થાત્ પીનલકોડની કલમો ૩૭૮–૩૮૦ પ્રમાણે કેદ તથા ફટકાની બેવડી શિક્ષા

---

1. પીનલકોડ ઘડનારાઓની નોટ अ.
2. રેજીઈના વિ. ડુમા વૈધ ૧૯. મ. ૪૮૩.

કરવી જોઇએ નહી. (મુંબાઈ હાઇકોર્ટ ક્રીમીનલ રૂલીંગ્ઝ ૯ મી જાનેવારી તથા તા. ૨૪ મી જુલાઈ સને ૧૮૯૭.)

નાની ઉમરના ગુન્હેગારને ઉમર લાયક ગુન્હેગારના સરખીજ ફટકાની બાબતમાં સજા કરવાની છે, અને બંનેને સરખી રીતે ૧૮૯૪ ના આકટ છઠ્ઠાની કલમ ૩ જી લાગુ પડે છે. (૭ મુંબાઈ હાઇકોર્ટ રીપોર્ટસ. પાનુ ૭૦.)

નાની ઉંમરના ગુન્હેગારને ફટકા મારવાની બાબતમાં જે સોળ વરસથી ઓછી ઉંમરનો હોય તેને નાની ઉમરનો ગણવો (૮ મુંબાઇ હાઈકોર્ટ રીપોર્ટસ. પાનુ ૬૯).

૩૭૮ મી કલમ પ્રમાણે ગુન્હો કર્યા પછી ૩૮૦ મી કલમ પ્રમાણે કરેલા ગુન્હામાં એક જાતનો ગુન્હો બે વખત કરેલો ગણી ફટકાની સજા કરેલી તે રદ કરી, કેમકે તે બંને કલમો પ્રમાણેનો એકજ ગુન્હો નથી (૭ મુંબાઇ હાઇકોર્ટ રીપોર્ટસ પાનુ ૬૮).

ફટકાના સંબંધમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૧ મી જુઓ.

મોતની શીક્ષાને બદલે બીજી શીક્ષા.

૫૪. જે જે બાબતમાં મોતની શીક્ષાનો હુકમ કરવામાં આવ્યો હોય તે બાબતમાં ગુન્હેગારની રજામંદી શીવાય હીંદુસ્તાનની સરકાર અથવા જે ઠેકાણે ગુન્હેગારને શીક્ષાનો હુકમ થયો હોય તે ઠેકાણાની સરકાર તે શીક્ષાને બદલે આ કાયદામાં ઠરાવેલી બીજી ગમે તે શીક્ષા કરવાને મુખત્યાર છે.

ટીકા.—સેસન્સ કોર્ટ અમુક ગુન્હેગારને મોતની સજા ફરમાવે તો તે સજા અમલમાં આણ્યા પહેલાં હાઇકોર્ટની મંજુરી લેવી જોઇએ. ક્રી. પ્રો. ક. ૩૮૧ આ સાથે વાંચવાની છેઃ—

" સેશન કોર્ટે મોતની શીક્ષાનો હુકમ કર્યો હોય, તે મંજુર થવા સારૂ હાઈકોર્ટની પાસે મોકલ્યો " હોય ત્યારે, તે ઉપરથી હાઇકોર્ટ જે મંજુરીયાતનો અથવા બીજો હુકમ કરે, તે પહોંચ્યેથી સદરહુ સેશન " કૉર્ટે વૉરંટ કહાડીને અથવા બીજા જે ઉપાયો જરૂરના હોય તે ઉપાયો કરીને સદરહુ હુકમ અમલમાં " આણવો. " (ક્રી. પ્રો. ક. ૩૮૧.)

જીવતાં સુધી સમુદ્ર પારની શીક્ષાને બદલે બીજી શીક્ષા.

૫૫. જે જે બાબતમાં જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષાનો હુકમ કરવામાં આવ્યો હોય તે તે બાબતમાં ગુન્હેગારની રજામંદી સીવાય હીંદુસ્તાનની સરકાર અથવા જે ઠેકાણે તે ગુન્હેગારને શીક્ષાનો હુકમ થયો હોય તે ઠેકાણેની સરકાર તે શીક્ષાને બદલે ચૌદ વરસની મુદત સુધીની બેમાંની ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવાને મુખત્યાર છે.

ટીકા.—શિક્ષા અમલમાં લાવવાનું બંધ રાખવાના સબંધમાં તથા શિક્ષાનો કોઈ ભાગ માફ કરવાના સબંધમાં, જુઓ ક્રીમીનલ પ્રોસીજરકોડ કલમ ૪૦૧, અને ૧૮૮૬ ના આકટ ૧૦ માની કલમ ૧૧ ની પેટા કલમ ૧ લી; તથા એક ભારે સજાને બદલે તેનાથી હલકી સજા કરવાના સબંધમાં જુઓ ક્રીમીનલ પ્રોસીજરકોડની કલમ ૪૦૨. જે શરતોથી સજાને અમલમાં મુકવાનું બંધ રાખવામાં આવ્યું હોય અથવા સજા માફ કરવામાં આવી હોય તેવી કોઇ શરત તોડવાના પરિણામે મારી પાછી ખેંચી લેવામાં આવશે, અને સજાનો અધુરો રહેલો ભાગ ભોગવી લેવાનો હુકમ કરવામાં આવશે. (૧૮૮૬ ના આકટ ૧૦ માની કલમ ૧૧ ની પેટા કલમ ૨ જી)

ક્રી. પ્રો. ક. ૪૦૧ અને ૪૦૨ આ સાથે વાંચવાની છે :—

"જ્યારે કોઈ પણ શખસની ઉપર કંઇ ગુન્હા બાબત શિક્ષાનો હુકમ કર્યો હોય, ત્યારે કોઈ વખતે, "બીન સરતે અથવા જે શખસની ઉપર શિક્ષાનો હુકમ કર્યો હોય, તે શખસ કબુલ કરે એવી કાંઈ સરત "કરીને, તેની ઉપર જે શિક્ષાનો હુકમ કર્યો હોય, તે અમલમાં લાવવાનું મોકુફ રાખવાનો અથવા જે "શિક્ષાનો હુકમ તેની ઉપર કરેલો હોય ને સઘળી શિક્ષા અથવા તેમાનો કોઈ ભાગ માફ કરવાનો ગવર્નર "જનરલ ઇન કૌન્સીલ અથવા સ્થાનિક સરકારને અધિકાર છે.

(૨) જ્યારે કોઈ શિક્ષા મોકુફ રાખવા અથવા માફ કરવા સારૂ ગવર્નરજનરલ ઇન કૌન્સીલને અથવા સ્થાનિક સરકારને અરજી કરવામાં આવે, ત્યારે તે કોર્ટની આગળ અથવા જે કોર્ટે ગુન્હાની સાબીતિનો ઠરાવ કર્યો હોય, અથવા મંજુર કર્યો હોય તે કોર્ટના પ્રમુખ જડજને, પ્રસંગ પ્રમાણે, ગવર્નર જનરલ ઈન કાઉન્સીલ અથવા સ્થાનિક સરકારને, તે અરજી કબુલ કરવી જોઇએ કે નાકબુલ કરવી જોઇએ તે વિષે તે જડજનો મત તથા તે મતનાં કારણ જણાવવાનું ફરમાવવાનો અધિકાર છે.

(૩) જે કોઇપણ શરતે કોઈ શિક્ષા મોકુફ રાખી હોય, અથવા માફ કરી હોય, તે શરત પાળવામાં નથી આવી, એમ પ્રસંગ પ્રમાણે, ગવર્નર જનરલ ઈન કાઉન્સીલને, અથવા સ્થાનિક સરકારને લાગે, તો આ પ્રમાણે મોકુફ રાખવાનો અથવા માફ કરવાનો હુકમ, ગવર્નર જનરલ ઇન કાઉન્સીલ અથવા સ્થાનિક સરકાર રદ કરવાને મુખત્યાર છે. અને તે પછી જે શખસ બાબત તે શિક્ષા મોકુફ રાખી હોય, અથવા માફ કરી હોય, તે શખસ છુટો હોય તો તેને કોઇપણ પોલીસ અમલદારને વગર વૉરંટે પકડવાનો અને બાકી રહેલા ભાગની શિક્ષા ભોગવવા માટે તેને પાછો કેદમાં મોકલવાનો અધિકાર છે.

(૪) કોઈ શિક્ષા જે શરતે આ કલમ પ્રમાણે મોકુફ કરી હોય, અથવા માફ કરી હોય, તે શરત જે શખસ બાબત તે શિક્ષા મોકુફ રાખી હોય, અથવા માફ કરી હોય, તેણે પૂરી કરવી એવી હોવી જોઇએ અથવા તેની ઇચ્છા ઉપર આધાર ન રાખે તેવી હોવી જોઈએ.

(૫) મારી આપવાના, શિક્ષા મોકુફ કરવાના, મુલતવી રાખવાના, અથવા માફ કરવાના મલીકામા આઝમાના અધિકારને આ કલમ માંહેના કોઇપણ મજકુરથી બાધ આવે છે એમ સમજવું નહીં.

(૬) શિક્ષા તહકુબ રાખવાના સંબંધમાં અને જે શરતોએ અરજીઓ રજુ કરવાની, તથા તેની વ્યવસ્થા કરવાની તે શરતોના સંબંધમાં સાધારણ કાનુનો અથવા વિશેષ હુકમ કરીને, હુકમ ફરમાવવાનો ગવર્નર જનરલ ઇન કાઉન્સીલને અથવા સ્થાનિક સરકારને અધિકાર છે. (ક્રી. પ્રો. ક. ૪૦૧.)

જે શખસની ઉપર શિક્ષાનો હુકમ કર્યો હોય, તે શખસની સંમતિ વગર ગવર્નર જનરલ ઈન કાઉન્સીલ અથવા સ્થાનિક સરકાર હેઠળ કહેલી શિક્ષાઓમાંની કોઇપણ શિક્ષાને બદલે તે શિક્ષાની આગળ લખેલી બીજી કોઇ પણ શિક્ષાનો હુકમ કરવાનો મુખત્યાર છે:—

મોત—સમુદ્રપાર—શાસનિક દાસત્વ જેટલી મુદતની શિક્ષાનો હુકમ તે શખસની ઉપર થયો હોય. તેટલી મુદત સુધીની સખત મજુરીની કેદ તેટલીજ મુદત સુધીની આસન કેદ દંડ. (ક્રી પ્રો. ક. ૪૦૨)

યુરેપીઅન તથા અમેરિકન લોકોને સમુદ્રપારની શીક્ષાને બદલે સાશનીક દાસ્તવની શીક્ષા કરવી.

૫૬. જે જે બાબતમાં કોઇ સખસ યુરેપીઅન અથવા અમેરિકન છતાં આ કાયદામાં જેને માટે સમુદ્રપારની શિક્ષા ઠરાવી છે, એવો કોઈ ગુન્હો તેહની ઉપર સાબીત થાય તો તે બાબતમાં સમુદ્રપારની શિક્ષાનો હુકમ ન કરતાં સને ૧૮૫૫ ના ૨૪ મા આકટના ઠરાવો મુજબ કોરટે તે ગુન્હેગારને સાશનીક દાસ્તવની શીક્ષાનો હુકમ કરવો.

જીવતાં સુધીની શિક્ષાનો ઠરાવ નહી હોય અને દશ વરસ કરતાં વત્તી મુદતની કેદની શિક્ષાનો ઠરાવ હોય તે બાબત વિશેષ ઠરાવ.

પણ એવું ઠરાવ્યું છે કે સદરહુ આકટ ઠર્યો નહીં હોય તો જે ગુન્હા બાબત યુરોપીઅન અથવા અમેરિકન માણુસ જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષાને લાયક થતે નહી પણ દશ વરસ કરતાં વધતી મુદત સુધી સમુદ્રપાર મોકલવાની શીક્ષા પામવાને અથવા તેને તે શીક્ષા કરવાને હુકમ થવાને તે લાયક થતે તો તે ગુન્હા બાબત તે માણુસ કોર્ટની નજરમાં આવશે તે પ્રમાણે છ વરસ કરતાં વધતી મુદત સુધી સાશનીક દાસ્તવની શિક્ષા પામવાને અથવા તેને તે શિક્ષા કરવાનો હુકમ થવાને તે લાયક થશે પણ જીવતાં સુધી શાસનીક દાસ્તવની શિક્ષાને લાયક થશે એવું સમજવું નહી.

શાસનીક દાસત્વની શિક્ષા માત્ર યુરોપીઅન અને અમેરિકનોને માટેજ છે. ઇ. લો. રિ. ૧૯ મદ્રાસ ૪૮૩. યુરોપીયનોના સંબંધમાં ચલાવવાના પ્રોસીજર માટે જુઓ ક્રીમીનલ પ્રોસીજર કોડ બાબ ૩૩.

શિક્ષાની મુદતના ભાગ.

૫૭. શિક્ષાની મુદતોના ભાગોની ગણુતરી કરવામાં જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષાને વીશ વરસની સમુદ્રપારની શિક્ષાની બરાબર ગણુવી.

જે ગુન્હેગારોને સમુદ્રપારની શીક્ષાનો હુકમ કરવામાં આવે તે ગુન્હેગારોને સમુદ્રપાર કરતાં સુધી શું કરવું.

૫૮. જે જે બાબતમાં સમુદ્રપારની શિક્ષાનો હુકમ કરવામાં આવે તે બાબતમાં જે ગુન્હેગારને સમુદ્રપાર કરતાં સુધી જાણે તેને સખ્ત કેદની શીક્ષાનો હુકમ થયો હોય એ રીતે તેની ઉપર અમલ કરવો અને તે કેદ રહે તે મુદતની દરમીઆનમાં તેણે સમુદ્રપારની શિક્ષા ભોગવી એમ સમજવું.

ટીકા.—દેશનીકાલની સજા ભોગવવાની જગા અથવા જંગાઓ ગવરનર-જનરલે નક્કી કરવાની છે, અને દરેક દેશનીકાલ કેદીને ખસેડવાના હુકમો સ્થાનિક સરકારે આપવાના છે. (પ્રીઝનર્સ આકટ આમેન્ડમેન્ટ આકટ-૧૮૮૨ નો ૯ મો.) સજા કરનાર કોર્ટે દેશનીકાલની સજા ભોગવવાની અમુક જગા બતાવવાની નથી, (ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૩૬૮).

કેદને ઠેકાણે સમુદ્રપારનો હુકમ કયારે થઇ શકે.

૫૯. જે જે બાબતમાં ગુન્હેગારને સાત વરસ અથવા તેથી વધારે મુદતની કેદની શિક્ષા થઈ શકતી હોય તે તે બાબતમાં તે ગુન્હેગારને કેદની શિક્ષાનો હુકમ ન કરતાં સમુદ્રપારનો હુકમ કરવાને તે ગુન્હેગારને શિક્ષાનો હુકમ કરનારી કોરટ મુખ્ત્યાર છે. પણ તે સમુદ્રપારની શિક્ષા સાત વરસ કરતાં ઓછી મુદતની હોવી ન જોઇયે તથા આ કાયદા મુજબ જેટલી મુદતની કેદની શિક્ષાને તે ગુન્હેગાર લાયક હોય તે કરતાં વધારે મુદતની પણ હોવી ન જોઇયે.

ટીકા.—કેદીને દેશનીકાલની સજા કરવાને વાસ્તે તેને સાત વરસ અથવા તેથી વધારે મુદતની સજા થાય એવા ગુન્હાનો તે ગુન્હેગાર હોવો જોઇએ. પણ જ્યાં તેને જુદા જુદા ગુન્હાઓનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હોય, અને તે દરેક ગુન્હો સાત વરસ કરતાં ઓછી મુદતની સજાને લાયક હોય; તો જો કે તે બધી સજાઓને ભેગી કરે તો સાત વરસ કરતાં વધારે મુદતની કુલ સજા થતી હોય ત્યાં બધા ગુન્હાઓને માટેની સજાઓની મુદતો એકઠી કરીને તેને દેશનીકાલની સજામાં ફેરવી નાંખવાનો જડજને અધિકાર નથી૧ જો એક કેદીને એકજ વખતે બે ગુન્હા બદલ ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હોય, અને તે દરેક ગુન્હાને વાસ્તે સાત વરસની કેદની સજા કરી શકાય તો દસ વરસની દેશનીકાલની સજા–એટલે સાત વરસ પેહેલા ગુન્હાને વાસ્તે અને ત્રણ વરસ બીજા ગુન્હાને વાસ્તે–કરવી તે ગેરકાયદેસર થશે; કેમકે કોઇપણ ગુન્હાને વાસ્તે સાત વરસ કરતાં ઓછી મુદતની દેશનીકાલની સજા થઇ શકે નહી.૨ જ્યાં એક ગુન્હાને વાસ્તે બે જાતની સજાઓ ફરમાવી હોય–જન્મ દેશનીકાલની સજા, અથવા દસ વરસની કેદની સજા–ત્યાં જો જડજને જન્મ દેશનીકાલની સજા કરવાની મરજી ન હોય તો તેણે દસ વરસની દેશનીકાલની સજા કરવી જોઇએ, પણ દસ વરસ કરતાં વધારે વરસની દેશનીકાલની સજા તેનાથી કરી શકાય નહી.૩

ઇન્ડીયન પીનલકોડ પ્રમાણે જેને સજા કરવામાં આવેલી હોય તેનાજ સંબંધમાં આ કલમનો ઉપયોગ કરી શકાય છે. કોઇ સ્થાનીક કાયદા અગર ખાસ કાયદાની રૂએ સજા કરવામાં આવેલી હોય તેવી સખસના સંબંધમાં એનો ઉપયોગ થઈ શકતો નથી. એટલે રજીસ્ટ્રેશન એકટ મુજબ જેને શિક્ષા કરવામાં આવી હોય તેના સંબંધમાં આ કલમ લાગુ થઇ શકતી નથી. (૧૧ મદ્રાસ લૉ જનરલ ૧૨૭.)

જ્યાં કોઈ ગુન્હાની શિક્ષાને માટે સાત વરસ કરતાં વધારે મુદતની કેદ અને દંડ ઠરાવેલાં હોય છે ત્યાં કોરટ દેશનીકાલની અને દંડની સજા અને જો દંડ ન આપે તો વધારે મુદત સુધી દેશનીકાલની સજા કરી શકે નહી. ૫૯ મી કલમ પ્રમાણે કેદને બદલે મુળ (substantive) સજા તરીકેજ માત્ર દેશનીકાલની સજા કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. તે પ્રમાણે એક કેસમાં એક કેદીને કોરટે નવ વરસની દેશનીકાલની અને ૩૦૦ રૂપઈઆ દંડની સજા કરી હતી, અને જો દંડ ના ભરે તો ત્રણ વરસ વધારે દેશનીકાલની સજા તેને કરવામાં આવી હતી. તે કેસમાં દંડ ન આપે તો તે બદલ કરવાની સજાની બાબતમાં (કરેલી) સજા સુધારીને સજા કરવાનો જડજને હુકમ કર્યો હતો. ૪ (સવાલ: દંડને બદલે કેવી સજા તે કરી શકે ?)

જે અમલદારને સાત વરસની કેદની સજા કરવાનો અધિકાર હોય તેનાથી ૫૯ મી કલમમાં આપેલી સત્તા વાપરી શકાય. પરંતુ માજીસ્ત્રેટને બે વરસની કેદનીજ સજા કરવાનો અખત્યાર હોવાથી, જો કે જે ગુન્હાની તે તપાસ ચલાવે છે તે ગુન્હાને વાસ્તે સાત વરસ કરતાં વધારે મુદતની કેદની સજાને લાયક હોય તોપણ તે માજીસ્ત્રેટથી દેશનીકાલની સજા કરી શકાય નહી.૧

કેટલીએક બાબતોમાં કેદ આખી મુદત અથવા થોડી મુદત

૬૦. જે જે બાબતમાં ગુન્હેગારને બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા થઇ શકતી હોય તે તે બાબતમાં આખી કેદ સખ્ત અથવા આખી આશાન અથવા તે કેદનો કાંઇ ભાગ સખ્ત તથા બાકીનો ભાગ આશાન એ પ્રમાણે

---

૧. રેગ્યુલર્ડના. વિ. પ્રેમચન્દ. સધરલાન્ડનો ખાસ (Special) ફોજદારી રીપોર્ટ. ૩૫; વળી જુઓ રેગ્યુલર્ડના. વિ. મુલ્કી. ૨ સધરલાન્ડનો ફોજદારી રીપોર્ટ. ૧; રેગ્યુલર્ડના. વિ. શોનઉલ્લા ૫ સધરલાન્ડનો ફોજદારી રીપોર્ટ. ૪૪.

૨. રેગ્યુલર્ડના. વિ. ગઉરચન્દરરાય. ૮ સધરલાન્ડનો ફોજદારી રીપોર્ટ પાનુ ૨.

૩. રેગ્યુલર્ડના. વિ. રઘુ. સધરલાન્ડનો ખાસ ફોજદારી રીપોર્ટ ૩૦; રેગ્યુલર્ડના. વિ. કેઇફાર્શીંગ. ૩ સધરલાન્ડનો ફોજદારી રીપોર્ટ. ૧૬; રેગ્યુલર્ડના. વિ. મરિયમ. ૧૦ સધરલાન્ડનો ફોજદારી રીપોર્ટ ૧૦.

૪. કુન્હુસા. વિ. ધ કવીન. ૫. મ. ૨૮.

સુધી સખ્ત અથવા આશાન એવો હુકમ થઇ શકે. શિક્ષાના હુકમમાં ફરમાવવાને તે ગુન્હેગારને શિક્ષાનો હુકમ કરનારી કોરટ મુખત્યાર છે.

ટીકા—સોળ વરસની અંદરના ગુન્હેગારોને જ્યારે કોઈ ગુન્હા બદલ દેશનીકાલની અથવા કેદની સજા કરવામાં આવી હોય ત્યારે તેઓને સજા કરનારી કોરટના હુકમથી; અથવા સજા કર્યા પછી માજીસ્ટ્રેટના હુકમથી તેમને ફોજદારી જેલમાં મોકલવાને બદલે ઉદ્યોગશાળા (રેફરમેટરી—reformatory)માં મોકલાવાય (રેફરમેટરી સ્કુલ્સ આકટ—૧૮૭૬ ના આકટ ૫ માની કલમો ૭ થી ૯).

ફોજદારી કોરટે કરેલી શિક્ષા અનુસારે કેદની મુદત જે તારીખે આવી શિક્ષા કરવામાં આવી હોય તેજ તારીખથી ગણાય છે. વળી જો ગુન્હેગાર માણસે અપીલ કરી હોય અને તેને જામીન ઉપર છોડવામાં આવ્યો હોય, અને પછી અપીલ રદ કરીને નીચેની કોરટનો હુકમ બહાલ રાખ્યો હોય, તો જેટલી મુદત સુધી તે સજા બંધ રાખીને છુટો રહ્યો હોય તેટલી મુદત કેદની મુદતની ગણતરી કરવામાં ધ્યાનમાં લેવાની નથી; અર્થાત આટલી મુદત તેણે કેદની સજા ભોગવી નથી એમ ગણીને કેદની પુરી મુદત સુધી તેણે જેલમાં રહેવાનું છે. (૧૮૯૨ ના એપ્રીલની ૨૮ મી તારીખના સદર કોરટના નિયમો.)

કેદની સજાની ગણતરી કરવામાં હરકોઈ દીવસ પહેલી રાતના બાર વાગ્યાથી શરૂ થાય છે. દાખલા તરીકે જો ૨૦ મી જાનેવારીએ એક માસની કેદની સજા કરવામાં આવી હોય તો ૧૯ મી જાનેવારીની મધ્યરાતથી (બાર વાગ્યા પછીથી) ૨૦ મીનો દીવસ શરૂ થયેલો ગણીને ત્યારથી ગુન્હેગાર સજા ભોગવે છે એમ ગણવું જોઇએ. અને તેની એક મહીનાની કેદની સજા તા. ૧૯ મી ફેબ્રુઆરીની મધ્યરાત્રે પૂરી થયેલી ગણી તેને તા. ૨૦ મી ફેબ્રુઆરીએ છોડી મુકવામાં આવશે. ટુંકામાં જે તારીખે એક મહીનાની કેદની સજા કરવામાં આવી હોય તેજ તારીખે બીજે મહીને તેને છોડી મુકવામાં આવશે, અને જે તારીખે તેને કેદની સજા કરવામાં આવે તે તારીખ બીજા મહીનામાં ન આવતી હોય તો તે બીજા મહીનાની છેલ્લી તારીખે તેની સજા પુરી થયેલી ગણાશે.

દ્રષ્ટાંતઃ ૨૮ મી ફેબ્રુઆરીએ કરેલી એક માસની કેદની સજા ૨૭ મી માર્ચે મધ્યરાત્રે પુરી થઇ ગણાશે. ૩૧ મી માર્ચે કરેલી એક માસની કેદની સજા ૩૦ મી એપ્રીલની મધ્યરાત્રે પુરી થશે. તેમજ જાનેવારીની ૩૧ મી તારીખે કરેલી એક માસની કેદની સજા ૨૮ મી ફેબ્રુઆરીએ મધ્યરાત્રે પુરી થઇ ૧ લી માર્ચે તેને છોડી મુકવામાં આવશે. વધારે મહીના અથવા વરસોની સજાની ગણતરી કરવામાં પણ આજ નિયમ લાગુ પાડવો.૨

સજા કરી તેજ વખતથી કેદની સજા શરૂ થવી જોઇએ પણ જો કોઈ હવે પછી (ભવિષ્ય) ની તારીખથી તે સજા શરૂ થવાનો હુકમ કરવાનું કાઇ કાયદેસર કારણ હોય તો તેમ પણ થઈ શકે. જે સજા તરત શરૂ થવી જોઈએ તે ક્રીમીનલ પ્રોસીજરકોડની કલમ ૪૨૬ મીમાં લખ્યું છે તે શિવાય મુલતવી રહી શકે નહી.૩

૧૮૭૧ ના પાંચમાં આકટ (કેદીઓનો) ની કલમ ૩૦ માં આપેલી સત્તા બરાબર ચોકસ રીતે વાપરવી જોઇએ; અને તેટલા માટે સ્થાનિક સરકાર અથવા જેલોનો ઈન્સ્પેકટર-જનરલ શિવાયના બીજા કોઈપણ સત્તાધિકારીએ કેદીને એક જેલખાનામાંથી બીજા જેલખાનામાં લઈ જવાનો હુકમ કર્યો હોય, અથવા તેજ સ્થાનિક સરકારની હકુમત બહારની કોઇપણ જેલમાં કેદીને ખસેડવામાં આવ્યો હોય તો તેને કેદમાં રાખવો તે ગેરકાયદેસર થશે, અને તેને છોડી મુકવાની માગણી કરવાનો તેનો હક થશે. એક લેફટેનન્ટ એલન નામના માણસને ચાર વરસની કેદની સજા કરવામાં આવી હતી, અને આગ્રાના કિલ્લામાં તેને કેદમાં રાખવામાં આવ્યો

---

૧. ઈનરી બુધીઓવા. ૯ સધરલાન્ડના ફોજદારી રીપોર્ટ પાનુ ૬.
૨. મીગોટી. વિ. કાલવેલ. ૪ કોમન પ્લીઝ ડીવીઝન. ૨૩૩.
૩. ઇનરી કૃષ્ણાનંદ. ૩ બંગાલ લો. રીપોર્ટ. એપેલેટ ક્રીમીનલ પાનુ ૫૦.

હતો. પછીથી જે અમલદારના હુકમ નીચે તે પ્રાંત હતો તેણે એવો હુકમ કર્યો કે બાકીની સજા ભોગવવાને સારૂ તેને ઇગ્લાંડમાં લઈ જવો જોઈએ, પણ તેને કઈ જગાએ કેદ રાખવો તે વાત તે હુકમમાં નિર્દીષ્ટ કરવામાં આવી નહોતી. તેના ઇગ્લાંડમાં આવવા પછી તેને જુદાં જુદાં કેદખાનામાં રાખવામાં આવ્યો હતો, અને છેવટે લશ્કરના કમાન્ડર-ઇન-ચીફના હુકમની રૂઇએ તેને કવીન્સ પ્રીઝનમાં કેદ કરવામાં આવ્યો હતો. તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે (એલન) ને કેદમાં રાખવાનો કવીન્સ પ્રીઝનના દારોગાને કાંઇપણ અધિકાર નહોતો, કેમકે તે કેદખાનામાં તેને કેદ રાખવાનો કાંઈ હુકમ કરવામાં આવ્યો નહોતો.૧

મીલકત સરકાર જપ્ત થાય એવો હુકમ.

૬૧. જે જે બાબતમાં કોઇ શખસની ઉપર એવો ગુન્હો સાબીત થાય કે તે ગુન્હાને માટે તે ગુન્હેગાર પોતાની સઘળી મીલકત સરકાર જપ્ત થવાને લાયક છે તે તે બાબતમાં ફરમાવેલી શિક્ષા અથવા તેને બદલે કરવામાં આવી હોય એવી બીજી શિક્ષા ભોગવી રહ્યા વીના અથવા તેને માફ થયા વીના સરકારના લાભ શિવાય બીજી રીતે તે ગુન્હેગારથી કાંઇ મીલકત મેળવી શકાશે નહી.

દ્રષ્ટાંત.

હીંદુસ્તાનની સરકારની સામે લડાંઇ કરવાનો ગુન્હો **અ** ની ઉપર સાબીત થયો તેથી તેની સઘળી મીલકત સરકાર જપ્ત થવાને **અ** લાયક છે. હવે શિક્ષાનો હુકમ થયા પછી તથા તે હુકમ કાયમ છે તે દરમીયાનમાં **અ** નો બાપ કંઇ મીલકત મુકીને મરી જાય જે મીલકત અગર સરકાર જપ્તીનો હુકમ ન થયો હોય તો **અ** ની થાય તો તે મીલકત સરકારની થાય એમ સમજવું.

ટીકાઃ—તે વખતે (અર્થાત તે સજા ભોગવતો હોય તે દરમીઆન) ગુન્હેગારને જે મીલકતની માલકી મળે છે તેવી મીલકતજ માત્ર સરકાર જપ્ત થાય છે.

બાપના ગુન્હાને વાસ્તે દીકરાના હકો સરકાર જપ્ત કરવાના પરીણામની બાબતમાં એક ભાગ પડી ન શકે તેવી જમીનદારીના સંબંધમાં બંગાળાની હાઈકોર્ટમાં નિર્ણયને વાસ્તે સવાલ ઉત્પન્ન થયો હતો. ૧૮૫૭ ના ૨૫ મા આકટ (દેશી લશ્કરનો બળવો કરવા બદલ મીલકત જપ્ત કરવી) ની રૂઇએ બળવો કરવા બદલ મીલકત સરકાર જપ્ત કરવામાં આવી હતી, અને બાપના મરણ પછી દીકરાને વાસ્તે તે મીલકત ઉપર હક કરવામાં આવ્યો હતો અને તેનું એવું કારણ બતાવવામાં આવતું હતું કે બાપનાજ હક માત્ર સરકાર જપ્ત થઇ શકતા હતા, અને મિતાક્ષરા શાસ્ત્ર કે જે બંને પક્ષકારોની કબુલત પ્રમાણે આ કેશને લાગુ પડતું હતું તે મિતાક્ષરા શાસ્ત્ર પ્રમાણે છોકરો તેના જન્મથીજ તેના બાપની સાથે સહ-માલીક થતો હતો, અને તેના બાપના કૃત્યોથી તેના હકને બાધ નડી શકતો નહોતો. (અર્થાત નુકશાન થઈ શકતું નહોતું.) પરંતુ કોરટે એવું ઠરાવ્યું કે આખી મીલકતનો પ્રતિનિધિ બાપ હતો, અને મિતાક્ષરા શાસ્ત્ર કે જેની રૂઇએ દરેક છોકરાનો બાપીકી મીલકતમાં જન્મથીજ માલકી હક છે તે મિતાક્ષરા શાસ્ત્ર રીવાજ કે જે પ્રમાણે તે મીલકત ભાગ પાડી ન શકાય તેવી છે, અને સૌથી મોટા છોકરાને વારસામાં મળે છે તે રીવાજથી વિરૂદ્ધ છે.૨

જ્યાં ગુન્હાની સાથે ખાસ કરીને મીલકત સરકાર જપ્ત થવાનું લખેલું ન હોય ત્યાં નીચેની (૬૨મી)

---

૧. ઈનરી એલન. ૩૭ લા જનરલ કવીન્સ બેન્ચ. ૩૮; રેજાઇના વિ. માઉન્ટ. લા જનરલ. ૬ પ્રીવી કાઉન્સીલ. ૩૦૫.

૨. ઠાકુર કપિલનાથ. વિ. ધ ગવરમેન્ટ, ૧૩ બંગાલ લો રીપોર્ટસ. ૪૪૫, ૪૬૦; રાણી સરતાજ કુંવરી વિ. રાણી દેવરાજ. ૧૦ અ. ૨૭૨; પીત્તા પુરકેશ ૨૩ મ. ૩૮૩.

કલમ પ્રમાણે કોરટ મીલકત સરકાર જપ્ત થયાનું ખાસ જાહેર કરે, પણ આવું જાહેર કરવું તે શિક્ષાનો એક ભાગ હોવો જોઈએ અને શિક્ષા કરતી વખતેજ આ પ્રમાણે જાહેર કરવું જોઈએ.

જે ગુન્હેગારોને મોતની, સમુદ્રપારની અથવા કેદની શિક્ષા થઇ શકે એમ હોય તેઓની મીલકત સરકાર જપ્ત થવી.

૬૨. જે બાબતમાં કોઈ શખસની ઉપર મોતની શિક્ષા થઇ શકે એવો ગુન્હો સાબીત થાય તે તે બાબતમાં તે શખસની સ્થાવર જંગમ સઘળી મીલકત સરકાર જપ્ત થાય એવો હુકમ કરવાને કોરટ મુખત્યાર છે. અને જે જે બાબતમાં કોઈ શખસની ઉપર એવો ગુન્હો સાબીત થાય કે તે ગુન્હાને માટે તેને સમુદ્રપાર કરવામાં આવે અથવા સાત વરસ અથવા તે કરતાં વધારે મુદતની કેદની શિક્ષાનો હુકમ કરવામાં આવે તો તે બાબતમાં તેને સમુદ્રપારની અથવા કેદની મુદતના દરમીઆનમાં તે શખસના કુટુંબ તથા અનુભવીઓને માટે સરકારની નજરમાં દુરસ્ત જણાય તેવો બંદોબસ્ત સરકાર કરે એવી છુટ રાખીને તે મુદતની દરમ્યાનમાં તે શખસની સર્વે સ્થાવર તથા જંગમ મીલકતનું ભાડું તથા ઉપજ સરકાર જપ્ત થાય એવો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે.

સાત વર્ષ અથવા તે ઉપરાંતની સજા કરવામાં આવી હોય તોજ આ કલમ પ્રમાણે મીલકત સરકાર જપ્ત કરવાનો હુકમ થઇ શકે છે. ૮. વી. રી. ૩૫.

ઈ. પી. કોડ. ક. ૬૨ મુજબની ખાસ ફરમાવવામાં આવેલી સજા, ઘણા ભયંકર ગુન્હા કરેલા બહાર પડે અથવા જુલમ ભરેલા સંજોગોમાં ગુન્હા થયા હોય ત્યારેજ લાગુ કરવામાં આવે છે. ૧૨. વી. રી. ક્રી. ૧૭. ઈ. લો. રિ. ૨૯. અલ્હાબાદ ૨૫.

દંડની રકમ.

૬૩. એટલે સુધી દંડ કરવો એની રકમ જ્યાં ઠરાવી નથી ત્યાં ગુન્હેગારને જે જે દંડ થઇ શકે તે દંડની કંઇ હદ બાંધી નથી પણ અતિશય દંડ કરવો નહિ.

ટીકાઃ—દંડ કરવાના પ્રસંગે માજીસ્ટ્રેટોએ તેમને માટે બાંધેલી હદ દરમ્યાન કેટલા દંડની સજા કરવી તે બાબત સ્પષ્ટપણે દર્શાવ્યું નથી. કારણ કે તેમ બતાવવું બની શકે તેમ નથી. ગુન્હેગારની સ્થીતિ ઉપર ખ્યાલ રાખી દંડ કરવાનો છે. પાંચ કે પચીસ રૂપિઆની રકમ એક સટોરીયો દરરોજ ઉડાવી દેતો હોય ત્યારે એક ગરીબ માણસને તેટલી રકમ મેળવવા કેટલાક માસ સુધી મજુરી કરવી પડે તેમ હોય છે. એવે પ્રસંગે ગુન્હેગારની વાસ્તવિક સ્થીતિ ઉપર નજર રાખી માજીસ્ટ્રેટોએ પોતાની વિવેક બુદ્ધિનો ઉપયોગ કરવાનો છે.

જ્યાં જ્યાં પીનલકોડમાં એવું વિધાન હોય કે ગુન્હેગારને કેદની સજા થશે, અને તે દંડને પણ પાત્ર થશે. ત્યાં ત્યાં એ જરૂરનું છે કે શિક્ષાની અંદર (વધારે નહી તો) એક પળની પણ કેદની સજા હોવી જોઈએ. એક કેસમાં આવી કલમો પ્રમાણે (શિક્ષા કરતી વખતે) ફક્ત દંડની સજા કરવામાં આવી હતી. તે કેસમાં કોરટે (દંડની) સજા ગેરકાયદેસર ગણીને રદ કરી, અને દંડ પાછો આપવાનો હુકમ કર્યો, અને નીચલી કોરટે નવી સજા કરવી કે જેનો થોડો અથવા આખો ભાગ કેદની સજા હોવી જોઈએ, એવો હુકમ કર્યો.[૧]

---

૧. રેજાઇના વિ. ચેનવીઓવા. ૧ બોમ્બે હાઈકોર્ટ રીપોર્ટસ ૪; રેજાઇના. વિ. રામ. ૧ બોમ્બે હાઇ કોર્ટ રીપોર્ટસ. ૩૪; રેજાઇના. વિ. બહીરજી. ૧ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ ૩૯.

જ્યાં એકત્ર ગુન્હાને વાસ્તે ગુન્હેગાર ઠર્યા પછી એક કરતાં વધારે માણસોનો દંડ કરવામાં આવે ત્યાં દરેક ગુન્હેગાર ઉપર અમુક ચોકસ દંડની રકમ નાંખવી જોઇએ.૧

ચાલુ રહે તેવો ગુન્હો જ્યાં સુધી ફરી ફરીને કરવામાં આવશે ત્યાં સુધી દરરોજ દંડ આપવો પડશે એવો હુકમ ગેરકાયદેસર છે.૨

દંડ ન આપે તો કેદનો હુકમ.

૬૪. કેદની તથા દંડની શીક્ષા થઇ શકે એવા ગુન્હાની જે જે બાબતમાં ગુન્હેગારને કેદ સાથે કે કેદ વગર દંડની શીક્ષાનો હુકમ કરવામાં આવે તે તે બાબતમાં અને કેદની અથવા દંડની અથવા ફક્ત દંડની શીક્ષા થઇ શકે એવા ગુન્હાની જે જે બાબતમાં ગુન્હેગારને દંડની શીક્ષાનો હુકમ કરવામાં આવે તે તે બાબતમાં તે ગુન્હેગાર દંડ ન આપે તો તે આટલી મુદત સુધી કેદ ભોગવે એ પ્રમાણે તે ગુન્હેગારને શીક્ષાનો હુકમ કરનારી કોરટ તે હુકમમાં ફરમાવવાને મુખત્યાર છે અને તે કેદ બીજી કાંઇ કેદની શીક્ષાનો હુકમ તે ગુન્હેગારની ઉપર થયો હોય તે કેદની ઉપરાંત અથવા એક શીક્ષાને બદલે બીજી શીક્ષા કરવાના હુકમ ઉપર જે કેદને તે લાયક હોય તે કેદની ઉપરાંત સમજવી.

ટીકા:—વીલેજ પોલીસ પટેલને એક તહોમતદારને દંડને બદલે કેદની સજા કરવાનો અખ્તીયાર નથી. મુંબઇ વીલેજ પોલીસ એકટની રૂએ ચલાવેલ પ્રોસીડીંગને મુંબઇ જનરલ કલૉઝીઝ ઍકટથી, ક. ૬૪મી લાગુ કરવામાં આવી નથી. (૬ મુંબઇ લૉ રિપોર્ટર. ૩૫૭.)

એક કેસમાં તહોમતદારો એક સ્ત્રી અને તેનો ધણી હતાં. તેમણે જાહેર રસ્તામાં ઉઘાડી ગાળો બોલવાથી તેમના ઉપર ઈ. પી. કોડ ક. ૨૯૪ મુજબનું તહોમત રાખી તેમને તકસીરવાન ઠરાવવામાં આવ્યાં હતાં. અને દરેકને ચાર આના દંડ આપવાની સજા માજીસ્ટ્રેટે ફરમાવી હતી. અને દંડ ન આપે તો સાત દીવસની સખત મજુરી સાથે કેદની સજા કરી હતી. તેમા ઠરાવવામાં આવ્યું કે—જો ચાર આનાની દંડની સજા તહોમતદારો માટે બસ હતી તો પછી તેના બદલામાં કેદની સજા પ્રમાણ વગરની હતી. માજીસ્ટ્રેટોએ સંભાળ રાખવી જોઇએ કે, દંડની સજાની સાથે તેના બદલામાં કરેલ કેદની સજાને કંઇક વ્યાજબી પ્રમાણ હોઈ શકે. (લોઅર બર્મા રિપોર્ટ (૧૮૭૨-૧૮૯૨) ૩૫૩.)

આ કલમ ૧૮૮૬ ના ૧૦ મા તથા ૧૮૮૨ ના ૮ મા આકટથી સુધારી છે.

આ કલમ ક્રીમીનલ પ્રોસીજરકોડ (૧૮૯૮ નો ૫ મો)ની કલમ ૩૩ મી સાથે વાંચતાં એવું ફરજીઆત ફરમાવતી નથી કે દંડ ન આપે તો કેદની સજા કરવીજ.૩

પીનલકોડ પ્રમાણેના કોઇ ગુન્હા બદલ કોઈ માણસ ગુન્હેગાર ઠર્યો હોય તોજ માત્ર આ કલમ લાગુ પડે છે તેટલા માટે જ્યાં એક માજીસ્ટ્રેટે પોલીસ આકટ (૧૮૫૯ નો ૨૪ મો)ની કલમ ૪૮ પ્રમાણે દંડ કર્યો. અને પછી જો દંડ ન આપે તો આ કલમ પ્રમાણે અમુક મુદતની કેદની સજા કરી ત્યાં મદ્રાસ હાઇકોર્ટે કરેલી સજાઓ રદ કરી. તે હાઇકોર્ટે એવું ઠરાવ્યું હતું કે પોલીસ આકટ પ્રમાણે તેણે દંડની અને કેદની સજાની વચ્ચે પસંદગી કરવાની હતી, અને તેણે જો દંડની સજા પસંદ કરી તો, ૧૮૬૫ ના ૫ મા આકટ (મદ્રાસ પોલીસ આકટ)માં લખેલી રીત પ્રમાણેજ માત્ર તે દંડની સજા અમલમાં લાવી શકે. (૩ મદ્રાસ હાઇકોર્ટ રીપોર્ટર્સ. પરિશિષ્ટ પાનુ ૯; ૭ મદ્રાસ હાઇકોર્ટ રીપોર્ટર્સ. પરિશિષ્ટ પાનુ ૨૨)

---

૧. ૫ મદ્રાસ હાઇકોર્ટ રૂલીંગ્ઝ. ૫

૨. રામકૃષ્ણ. વિ. મહેન્દ્ર. ૨૭ ક. ૫૬૫.

૩. મદ્રાસ હાઈકોર્ટ રૂલીંગ્ઝ ૭ મી ડીસેમ્બર ૧૮૬૬; મદ્રાસ હાઇકોર્ટ રૂલીંગ્ઝ. ૫ મી એપ્રીલ ૧૮૭૦.

અને તેજ પ્રમાણે એક સ્થાનિક આક્ટ (૧૮૬૪ નો ૩ જો આબકારી મદ્રાસ આક્ટ) કે જેમાં તે આક્ટની શરતો તોડે તોજ માત્ર દંડ કરવાનું લખેલું હતું, અને જેમાં દંડ વસુલ કરવાની ખાસ રીત બતાવેલી હતી તે આક્ટના સંબંધમાં પણ ઉપર મુજબ નિર્ણય કરવામાં આવ્યો હતો.[૧]

જે ગુન્હાને માટે કેદ તથા દંડ એ બંને શીક્ષા થઈ શકતી હોય તેવા ગુન્હામાં દંડ ન આપે તો તેને બદલે કેદની મુદતની હદ.

૬૫. અગર કોઈ ગુન્હાને માટે કેદ તથા દંડ એ બંને શીક્ષા થઇ શકતી હોય તો તે ગુન્હો કરનાર દંડ ન આપે તો તેને આટલી મુદત સુધી કેદ કરવો. એ પ્રમાણે જે કોર્ટ ફરમાવે તેણે તે મુદત તે ગુન્હાને માટે ઠરાવેલી ઘણામાં ઘણી કેદની જે મુદત હોય તેના ચતુર્થાંસ કરતાં વધારે ઠરાવવી નહિ.

ટીકા:—આ કલમની સાથે ક્રીમીનલ પ્રોસીજર કોડ (૧૮૯૮ નો ૫ મો)ની કલમ ૩૩ મી વાંચો.

૩૩. (૧) દંડ ન આપે તો જેટલી મુદતની કેદ કાયદા પ્રમાણે થઇ શકતી હોય તેટલી મુદતની કેદ તે દંડ ન આપે તો ઠરાવવાને હરકોર્ટ માજીસ્ટ્રેટની કોર્ટ મુખત્યાર છે,

પણ એવું ઠરાવ્યું છે કે—

(અ) સદરહુ મુદત આ કાયદા પ્રમાણે તે માજીસ્ટ્રેટના અધિકાર કરતાં વત્તી નહિ જોઈએ.

(બ) જે મુકદમામાં ફેંસલો કોઇ માજીસ્ટ્રેટે કર્યો હોય અને જેમાં પહેલાંની શિક્ષાના હુકમનો ભાગ કેદ ઠરાવી હોય તે મુકદમામાં દંડ ન આપેથી કેદ કરવાની જે મુદત ઠરાવવી તે, દંડ ન આપેથી જે કેદ ઠરાવવામાં આવે તે સિવાય તે ગુન્હાને સારૂ જેટલી મુદતની બીજી કેદની શિક્ષા કરવાનો તે માજીસ્ટ્રેટને અધિકાર હોય તે મુદતના ચતુર્થાંશ કરતાં કદાપિ વધારે ઠરાવવી નહિ.

(૨) આ કલમ પ્રમાણે જે કેદ ઠરાવવી તે, ૩૨ મી કલમ પ્રમાણે ઘણામાં ઘણી જેટલી મુદતની પહેલાંની કેદની શિક્ષાનો હુકમ તે માજીસ્ટ્રેટથી કરી શકાય તે ઉપરાંત ઠરાવવાનો અખત્યાર છે.

૧૮૭૨ ના ક્રીમીનલ પ્રોસીજરકોડની કલમ ૩૦૯ મી કે જે ૧૮૯૮ ના ૫ મા આક્ટની કલમ ૩૩ મી સાથે મળતી આવે છે, અને જે બંને કલમોના શબ્દો એકંદર એકના એક છે તે કલમ ઉપર મદ્રાસ હાઇકોર્ટ નીચે મુજબ ટીકા કરે છે:—

" તે કલમ એક સામાન્ય નિયમથી શરૂ થાય છે, અને તે સામાન્ય નિયમ એવો છે કે કાયદામાં જે " સજા ગુન્હા બદલની વધુમાં વધુ (કેદની) સજા તરીકે ઠરાવેલી હોય તેના ચોથા ભાગ કરતાં વધારે " મુદતની કેદની સજા દંડ ન આપે તો કોઈ પણ ફોજદારી કોર્ટથી કરી શકાય નહી. તે પછી ફક્ત " માજીસ્ટ્રેટોને લાગુ પડતું ' પણ વાક્ય ' (proviso) આવે છે, અને તેમની કેદની સજા કરવાની " સત્તા ક્રીમીનલ પ્રોસીજરકોડની આ કલમ પહેલાંની કલમોથી નિયમિત કરવામાં આવેલી છે......(આ " કલમની પહેલી તથા બીજી પેટા કલમો લેતાં એવું નીકળે છે કે) અમુક ગુન્હાને વાસ્તે ઠરાવેલી વધુમાં " વધુ મુદતની સજાના ચોથા ભાગ કરતાં વધારે મુદતની સજા તેઓ કરી શકશે નહિ એટલુંજ નહિ પણ " આની પહેલાંની કલમો પ્રમાણે જેટલી મુદતની (સજા કરવાની) સામાન્ય સત્તા તેમને આપવામાં આવી " છે તે મુદતના ચોથા ભાગ કરતાં વધારે મુદતની સજા તેઓ કરી શકશે નહિ...........હું ધારતો નથી " કે (અમુક) ગુન્હાને વાસ્તે ઠરાવેલી વધુમાં વધુ મુદતની કેદની સજાના ચોથા ભાગ કરતાં વધારે

---

૧. ૬ મદ્રાસ હાઇકોર્ટ રીપોર્ટસ. પરિશિષ્ટ પાનુ ૪૦; રેનાઇના, વિ. સુબ્રહ્મણ્ય. ૨૦ મ. ૩૮૫.

" મુદતની કેદની દંડ ન આપ્યા બદલની (દંડ ન આપે તો) સજા કોઈ પણ કેસમાં કરવાની કાયદામાં " છુટ આપેલી હોય. "૧

એક કેસમાં તહોમતદારને ઇ. પી. કોડ. ક. ૫૧૦ મુજબ બે આનાનો દંડ કરવામાં આવ્યો હતો, અને તે ન આપે તો એક દીવસના કેદખાનાની સજા કરવામાં આવી હતી. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે, કાયદેસર રીતે વધારેમાં વધારે છ કલાકની શિક્ષા કરી શકાય. ૧ વેર. ૩૧ હુમલાના એક કેસમાં પચાસ રૂપીઆના દંડની સજા કરવામાં આવી હતી. અને તે ન આપે તો તેના બદલામાં એક મહિનાની કેદની સજા કરવામાં આવી હતી તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે ગેરકાયદે છે. ૧૬. વી. રી. ૪૨.

ઈ. પી. કોડ. ક. ૬૫મી એવા ગુન્હાઓને લાગુ પડતી નથી કે જેમાં કેદ **અથવા** દંડની સજા ફરમાવેલી હોય, પરંતુ જેમાં દંડ **અને** કેદની સજા ફરમાવેલી હોય તેવા ગુન્હાનાને તે લાગુ પડે છે. લો. બ. રિ. (૧૮૭૨-૧૮૯૨) પાનું ૪૮૬.

ઉપરનો ફેંસલો લો. બ. રિ. (૧૮૯૩-૧૯૦૦) ૪૯૪ માં રદ કરવામાં આવ્યો છે, અને એને મળતો અભિપ્રાય ૧. અ. ૪૬. ૧૦ મદ્રાસ ૧૬૫. ૨ વેર. ૨૬ માં બતાવેલો છે.

મુંબઈના ગેમ્બલીંગ એકટ સને ૧૮૮૭ ના ની રૂએ શિક્ષા ફરમાવતાં ઈ. પી. કોડની ક. ૬૫ મી ધ્યાનમાં લેવાની છે. ક્વીન એમ્પ્રેસ વી. વેકટા ટીમાના. ૨ બોમ્બે લૉ રિપોર્ટર ૧૦૮૧.

દંડ ન આપે તો કેદનો પ્રકાર.

૬૬. દંડ ન આપવાને સારૂ જે કેદનો કોરટ હુકમ કરે તે કેદ તે ગુન્હાને માટે ગુન્હેગારને જે પ્રકારની કેદની શિક્ષાનો હુકમ થઇ શકે તે પ્રકારની થઇ શકે.

ગુન્હાની શીક્ષામાં દંડજ થઇ શકતો હોય ત્યારે અગર દંડ ન આપે તો કેદની મુદત.

૬૭. અગર દંડનીજ શિક્ષા થઇ શકે એવો ગુન્હો હોય તો તે દંડ ન આપે તો કોરટ જે કેદની શિક્ષા કરે તે આશાન હોવી જોઇએ, અને દંડ ન આપે તેને બદલે તે ગુન્હેગારને કેદ કરવાનું કોરટ ફરમાવે તેવી મુદત નીચે લખી છે તે કરતાં વધારે ન હોવી જોઇએ; એટલે દંડની રકમ પચાસ રૂપીઆથી વધારે ન હોય તો કેદની મુદત બે મહીનાથી વધારે ન હોવી જોઇએ, અને દંડની રકમ ૧૦૦ રૂપીઆથી વધારે ન હોય તો કેદની મુદત ચાર મહીનાથી વધારે ન હોવી જોઇએ, અને બીજી બાબતમાં છ મહીનાથી વધારે હોવી ન જોઇએ.

ટીકા—જે કેસમાં કાંતો કેદની સજા લાયકનો અથવા તો દંડની સજા લાયકનો ગુન્હો છે, પણ બંને સજા લાયકનો નહી તે કેસને આ કલમ લાગુ પડતી નથી. આવા કેસની વ્યવસ્થા ૬૫ મી કલમ પ્રમાણે કરવી જોઇએ.૨

---

૧. વેર કૃત ફોજદારી ડાઇજેસ્ટના પાને ૩૩૫ મે આપેલું મદ્રાસ હાઇકોરટની ફુલબેન્ચનું રૂલીંગ રેજાઇના. વિ. વેન્કટેશગાડુ. ૧૦ મ. ૧૬૫ માં અનુસરવામાં આવ્યું છે, અને રેજાઈના વિ. મહમદ. ૧ મ. ૨૭૭ નો ફેંસલો રદ કરવામાં આવ્યો છે.

૨. રેજાઇના. વિ. યાકુબ. ૨૨ મ. ૨૩૮.

તે કેદ દંડ આપે કે બંધ થાય.

૬૮. દંડ નહી આપવાથી જે કેદ કરી હોય તે કેદ તે દંડ આપવામાં આવે અથવા કાયદાના હુકમથી વસુલ કરવામાં આવે એટલે બંધ થશે.

દંડના હીસાબે નીકળે તેટલો ભાગ આપે કેદ બંધ થાય.

૬૯. દંડ નહી આપે તેને માટે કેદની મુદત જે ઠરાવી હોય તે મુદત પુરી થતાં પેહેલાં અગર તે દંડનો એટલે ભાગ આપવામાં કે વસુલ કરવામાં આવે કે દંડનો જેટલો ભાગ બાકી રહ્યો હોય તેના પ્રમાણમાં દંડ ન આપવાથી ભોગવેલી કેદની મુદત ઓછી ન હોય તો કેદ બંધ થશે.

દ્રષ્ટાંત.

અ ને શીક્ષાનો એવો હુકમ થયો છે કે તે એકસો રૂપીઆનો દંડ આપે અને દંડ ન આપે તો ચાર મહીના કેદ રહે. હવે એ ઠેકાણે તે કેદનો એક મહીનો પુરો થતાં પહેલાં તે દંડમાંના પુણોસો રૂપીઆ આપવામાં કે વસુલ કરવામાં આવે તો પેહેલો મહીનો પુરો થાય એટલે તરત **અ** ને છોડી મુકવાંમાં આવશે. જો પેહેલો મહીનો પુરો થાય તે વખતે અથવા ત્યાર પછી **અ** કેદમાં છતાં કોઈ બીજી વખતે પોંણોસો રૂપીઆ આપવામાં કે વસુલ કરવામાં આવે તો **અ** ને તરત છોડી મુકવામાં આવશે. કેદના બે મહીના પુરા થતાં પેહેલાં તે દંડમાંના ૫૦ રૂપીઆ આપવામાં કે વસુલ કરવામાં આવે તો બે મહીના પુરા થાય એટલે તરત **અ** ને છોડી મુકવામાં આવશે. જો તે બે મહીના પુરા થાય તે વખતે અથવા ત્યાર પછી **અ** કેદમાં છતાં કોઇ બીજી વખતે ૫૦ રૂપીઆ આપવામાં કે વસુલ કરવામાં આવે તો **અ** ને તરત છોડી મુકવામાં આવશે.

દંડ ૬ વરસ સુધીમાં અથવા કેદની મુદત સુધીમાં કોઈપણ વખતે વસુલ થઇ શકે.

૭૦. દંડ અથવા તેનો જેટલો ભાગ આપવાનો બાકી રહે તેટલો ભાગ શીક્ષાનો હુકમ થયા પછી ૬ વરસ સુધીમાં કોઇપણ વખતે વસુલ થઇ શકે અગર તે શીક્ષાના હુકમ મુજબ ગુન્હેગાર ૬ વરસ કરતાં વધારે મુદતની કેદને લાયક હોય તો તે મુદત પુરી થતાં પેહેલાં કોઇપણ વખતે વસુલ થઇ શકે.

ગુન્હેગારના મોતથી તેની મીલકત જવાબદારીમાંથી છુટતી નથી.

અને ગુન્હેગારના મોતથી જે મીલકત તેનું મરણ થયા પછી તેના કરજને સારૂ કાયદા પ્રમાણે જવાબદાર હોય તે મીલકત તે દંડની જવાબદારીમાંથી છુટતી નથી.

ટીકાઃ—દંડ ન આપવાના બદલામાં અમુક પ્રમાણમાં ભોગવેલી સજાથી તેટલા પુરતા દંડની રકમ આપવાનીજવાબદારીમાંથી મુકત થઇ શકાતું નથી. અલ્હાબાદ વીકલી નોટસ (૧૮૮૨) ૮૫.

બંગાળાની હાઈ કોર્ટે એવો નિર્ણય કર્યો છે કે જે કે પીનલકોડમાં આવી જાય છે તેવા કેસને

એકલાનેજ કલમ ૭૦ મી લાગુ પડે છે, અને બીજા વિશેષ અને સ્થાનિક કાયદા પ્રમાણે સજા લાયક ગુન્હાઓ બદલ કરેલા દંડ આ ૭૦ મી કલમની શરતોની અંદર આવી જતા નથી (અર્થાત તેવા દંડને ૭૦ મી કલમ લાગુ પડતી નથી.) પણ જો તે કલમ તેવા વિશેષ અને સ્થાનિક કાયદાઓને ખાસ કરીને લાગુ પાડવામાં આવી હોય તો તે કાયદાઓ પ્રમાણે કરેલા દંડ આ કલમ પ્રમાણે વસુલ કરી શકાશે (૪ સધર લાન્ડઝ ક્રીમીનલ લેટર્સ. ૭).

દંડ ન ભરે તો જે કેદની સજા કરવાનો અધિકાર કોર્ટને આપેલો છે તેનો હેતુ (દંડની) લેહેણી રકમ ચુકતે ગણી વસુલ ગણવાનો નહી પણ દંડ નહી ભરવાની સજા તરીકે ગણાવાનો છે. કલમો ૬૪–૭૦ નો હેતુ આ કોડ બનાવનારાઓએ નીચે મુજબ સમજાવ્યો છે.

એક કેસમાં એક સખસને ઈન્ડીયન પીનલકોડ મુજબ દંડની સજા કરવામાં આવી, અને દંડ આપતા પહેલાં તે મરી ગયો, તે ઉપરથી માજીસ્ટ્રેટે તેની જંગમ મીલકત જપ્ત કરી દંડ પેટે ભરવા હુકમ કર્યો અને તેનાથી દંડની રકમ પુરી ન થવાથી તેની સ્થાવર મીલકત પણ જપ્તીમાં લેવા હુકમ કર્યો તે ઉપરથી ઠરાવવામાં આવ્યું કે સ્થાવર મીલકત એવી રીતે જપ્તીમાં લઈ શકાય નહી. આ કેસમાં ૫ મુંબઇ હાઇકોર્ટ પાનું ૬૩ વાળા કેસને અનુસરીને આ ઠરાવ કરવામાં આવ્યો હતો. ઈ. લો. રિ. ૨૦ કલકત્તા, પાનું ૪૭૮.

"પરંતુ અમારા કહેવાનો એવો અર્થ નથી કે દંડ સંપૂર્ણ વસુલ થઇ ગયો એમ આ સજાથી ગણવામાં "આવશે. પોતાની જાતે દુઃખ વેઠવું, અથવા પોતાની મીલકતમાં નુકશાન વેઠવું એ બાબતમાં ગુન્હેગારને પસં- "દગી કરવા દેવાની અમારાથી સંમતિ આપી શકાય નહી. આવો માર્ગ અખતીયાર કરવો તે, જે માણસોને "દંડની સજા કરવી જોઇએ એવું ખાસ ઇચ્છવા યોગ્ય છે તેવાજ માણસોને—જે માણસોને તે શિક્ષા સૌથી "વધારે અનિષ્ટ છે, અને જે માણસોને તેવી શિક્ષાની ભીતિ ઘણું કરીને (ગુન્હો કરતા) અટકાવશે તેવાજ "માણસોને—દંડની સજામાંથી મુક્ત કરવા બરાબર થશે તેટલા માટે અમે એવું કરવા ધારીએ છીએ કે કેદની "સજા કે જે તે ગુન્હેગારે ભોગવી છે તે સજાથી જે દંડ આપવાની જવાબદારી તેને માથે છે તેમાંથી તે મુક્ત "થતો નથી; જો કે તેની જાત જવાબદારીમાંથી મુક્ત થશે તોપણ તેની મીલકત અમુક મુદત સુધી જવાબદાર "રહેશે (તેને માટે જુઓ કલમ ૭૦ મી) જે દંડ નહી આપવા માટે તેને કેદની સજા થઈ હોય તે દંડ જો તે આ- "પે તો તેની કેદનો એકદમ અંત આવશે (કલમ ૬૮); અને જો કેદની દરમીઆન દંડનો એક ભાગ ભરી "દેવામાં આવે તો કેદની સજા પ્રમાણમાં ઓછી થશે (કલમ ૬૯)—કમીશનરોનો બીજો રીપોર્ટ. સને "૧૮૪૭ ની કલમ ૪૮૭ મી."

દંડની રકમ વસુલ કરવાની રીત (પ્રોસીજર–procedure) ના સંબંધમાં જુઓ ૧૮૯૮ નો ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમો ૩૮૬ અને ૩૮૭.

દંડ ભરવાને માટે સ્થાવર મીલકત જવાબદાર થઈ શકે નહી.[1]

ઈન્ડીયન પીનલકોડની કલમો ૬૩ થી ૭૦ અને દંડની રકમ વસુલ કરવાને માટે વારંટ કાઢવાના અને તે બજાવવાના સબંધમાં વખતો વખત ચાલતો પ્રોસીજરનો કાયદો (અર્થાત તે વખતે અમલમાં હોય તેવો ક્રીમીનલપ્રોસીજરકોડ) કોઇપણ આકટ, રેગ્યુલેશન, રૂલની રૂઇએ કરેલા દંડને લાગુ પડશે, પણ જો તે આકટ, રેગ્યુલેશન, રૂલ, અથવા બાઇ-લોમાં તેની વિરૂદ્ધનું ખાસ વિધાન હોય તો તેમ થશે નહી (૧૮૯૭ નો જનરલ કલાઝીસ આકટ કલમ ૨૫).

પીનલકોડની ૪૨૦ મી કલમ પ્રમાણે તહોમતદાર ઉપર ગુન્હો સાબીત થવાથી માજીસ્ટ્રેટે તેને ૭ મહિનાની સખત મજુરીની કેદની સજા કરી. અપીલમાં સેશન્સ જડજે આ ૭ મહીનાની કેદની સજા ઓછી કરીને ચાર મહિનાની કેદની સજા કરી, પણ તેની સાથે રૂ. ૧૦૦ નો દંડ કર્યો, અને દંડ ન આપે તો બે મહિનાની સખત મજુરીની કેદ વધારે ભોગવે એવો હુકમ કર્યો. તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે દંડ ન આપે તો કરેલી બે મહીનાની કેદની સજા ભોગવ્યા પછી પણ દંડ વસુલ કરી શકાતો હતો તેથી દંડની સજા (અને

૧. રેન્જાઈના. વિ. લલ્લુ. ૫ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ, ક્રીમીનલ કેસીસ પાનુ ૬૩.

તે ન આપે તો બે માસની કેદની સજા) ચાર મહીનાની કેદની સજાના વધારા તરીકે ગણવાની હતી.— કવીન. વિ. મધુસૂદન ડે. ૩ વીકલી રીપોર્ટર. ક્રીમીનલ રૂલીંગ પાનુ ૬૧, રખાલરાજા. વિ. ફીરોદી પરશાહ દત્ત. ૨૭ ક. ૧૭૫, અને એમપ્રેસ. વિ. મેદા. ૧૮૮૭ ની વીકલી નોટસ. પાનુ ૧૦૦ ધ્યાનમાં લીધા. કવીન-એમ્પ્રેસ. વિ. છગન જગંનાથ. ૨૩ મું. ૪૩૯ થી વિરૂદ્ધ પડીને આ ફેંસલો કર્યો.[૧]

જે ગુન્હો ઘણા ગુન્હાઓથી બનેલો હોય તેની શિક્ષાની હદ.

૭૧. જો જે વસ્તુ ગુન્હો છે તે જુદા જુદા ભાગોથી બનેલી હોય અને તે ભાગ માંહેલો હરકોઇ ભાગ જાતેજ ગુન્હો હોય તો એથી બીજી રીતે કરવું એવો સાફ ઠરાવ ન કર્યો હોય તો ગુન્હેગારને તે તેના ગુન્હાઓમાંના એક કરતાં વધારે ગુન્હાની શિક્ષા કરવી નહી.

દૃષ્ટાંત.

(અ) અ જ ને એક લાકડીથી પચાસ સપાટા મારે તો એ ઠેકાણે એ સઘળા મારથી તથા તે સઘળા મારમાં જેટલા સપાટા આવ્યા છે તેમાંના હરેક સપાટાથી પણ જ ને બુદ્ધિપુર્વક વ્યથા કર્યાનો અ એ ગુન્હો કર્યો હોય એમ બની શકે છે હવે જો તે દરેક સપાટાને માટે અ શીક્ષાને લાયક હોય તો દરેક સપાટાને સારૂ એક વરસ એ પ્રમાણે પચાસ વરસની કેદ અ ને થઇ શકે પણ સઘળા મારને સારૂ એકજ શીક્ષાને તે લાયક છે.

(બ) પણ અ જ ને મારે છે એટલામાં ય વચ્ચે પડે અને અ ઇરાદાથી ય ને મારે તો જ ને બુદ્ધિપુર્વક વ્યથા કરવાની એક શીક્ષાને તથા ય ને સપાટો માર્યો તેની બીજી શીક્ષાને અ લાયક છે કેમકે જે કામથી અ એ જ ને બુદ્ધિપુર્વક વ્યથા કરી તે કામનો ય ને મારેલો સપાટો કાંઇ ભાગ નથી.

" જ્યારે કાંઇપણ વસ્તુ જે ચાલુ કાયદા ઉપરથી ગુન્હાઓની વ્યાખ્યા કરવામાં આવતી હોય તથા તેઓ બદલ શીક્ષા કરવામાં આવતી હોય તે ચાલુ કાયદાની બે અથવા વધારે જુદી જુદી વ્યાખ્યામાં આવે એવો ગુન્હો હોય ત્યારે અથવા.

" જે કૃત્યમાંનું એક કૃત્ય અથવા એક કરતાં વધતાં જાતેજ ગુન્હો થાય તેવાં કહેલાં કેટલાંક કૃત્યો એકઠાં કરવામાં આવે ત્યારે કાંઈ જુદો ગુન્હો થાય ત્યારે.

" ગુન્હેગારનો ઈનસાફ કરનારી કોર્ટ સદરહુ ગુન્હાઓ પૈકી કોઇપણ એક ગુન્હા બદલ જેટલી શીક્ષા કરી શકતી હોય તે કરતાં વધારે સખ્ત શીક્ષા તે ગુન્હેગારને કરવી નહી.

☞ આ કલમ ૧૮૮૨ ના આક્ટ ૮ માની ૪ થી કલમથી નવી થયેલી છે.

ટીકા—કોઇ અવિચાર અથવા ગફલત ભરેલા કૃત્યથી અમુક સખસ એકજ કૃત્યથી બે માણસનું મોત નીપજાવે, તેને ક. ૭૧ મુજબ એકજ કૃત્યને માટે સજા ફરમાવી શકાય. રતનલાલ અન. રી. ક્રી. કેસ પાનું ૮૫૨. તેવીજ રીત્યે, એક સખસે, પોલીસ કૉન્સ્ટેબલનો પોશાક પહેરેલો, અને તે તરિકે તેવો વેશ ધારણ કર્યો, અને એક સખસને પોલીસ કસ્ટડીમાં બેસારવા હુકમ કર્યો, તેમાં ઠરાવવામાં આવ્યું કે તેને ઈ. પી. કોડ ક. ૭૧ મુજબ એકજ કૃત્યને માટે સજા થઇ શકે. રતનલાલસ અન. રી. ક્રી. કેસીસ પાનું ૪૦૫. તેમજ એક સખસના કબજામાં ચ.૨ ખોટા સિક્કા પૈકી એકજ તેણે વટાવ્યો તેમાં ઠરાવવામાં આવ્યું કે-જો કે એક

૧. કીંગ-એમ્પરર. વિ. સગવા. ૧૩ મ. ૪૯૭.

રીતે જોતાં એવા સંજોગોમાં ચાર કૃત્યો જુદાં પાડી શકાય પરંતુ વખત, સ્થળ, અને હેતુની એકત્રતા જોતાં તે તમામ એક સ્વરૂપ થઇ જાય છે. રતનલાલ. અન. રી. ક્રી. કે. પાનું ૨૬૨.

એક સખસને અમુક ઘરમાંથી ચોરી કરવા માટે ઘરફોડ કરવા માટે અને ચોરી માટે કમીટ કરવામાં આવ્યો હતો, તેમાં એવું ઠરાવવામાં આવ્યું કે તેના ઉપર બન્ને ગુન્હાનાં તહોમતો રહી શકે, પરંતુ ઇ. પી. કોડ. ક. ૭૧ મુજબ સજા કરતી વખતે કૉર્ટે બેઉ ગુન્હા માટે એકજ સજા કરવી જોઇએ. ૧ બોમ્બે લૉ. રિપોર્ટર. પાનું ૧૪૨.

એક કેસમાં તહોમતદાર ઉપર ઇ. પી. કોડ. ક. ૩૫૪ અને ૫૦૬ મુજબનું તહોમત રાખવામાં આવ્યું હતું અને બન્ને ગુન્હા માટે ત્રણ માસની સખત મજુરી સાથની કેદની સજા કરવામાં આવી હતી. તેમાં એવું ઠરાવ્યું કે-ફરીયાદી તરફ ચપ્પુ નાંખીને ધમકી બતાવવાનું કૃત્ય હુમલાનો એક ભાગ કહી શકાય અને તેથી ઈ. પી. કોડ. ક. ૫૦૬ મુજબની સજા ગેરકાયદે હતી. ૪ બરમા લૉ. ટાઇમ્સ ૬૭ = સને ૧૯૧૧ ના લૉયરને પાને ૮૨.

ટીકા.—જ્યાં કોઇ માણસને એકજ તપાસ વખતે બે અથવા વધારે ભિન્ન ગુન્હાઓનો ગુન્હેગાર ઠરાવ્યો હોય ત્યાં દરેક ગુન્હા બદલ જુદી જુદી શિક્ષા થઇ શકે. વળી આના સબંધમાં જુઓ ક્રીમીનલ પ્રોસીજર કોડ (૧૮૯૮ નો ૫ મો) ની કલમ ૩૫ મી તથા ૨૩૫ મી. જે માણસો કેદની સજા ભોગવતા હોય છે તેમણે કરેલા ગુન્હાઓને આ કલમોમાં ઠરાવેલી મર્યાદા લાગુ પડતી નથી,૧ તેમજ એકને એકજ માણસની ભિન્ન ભિન્ન ગુન્હાઓને વાસ્તે જુદી જુદી અને એક પછી બીજી (અનુક્રમે) તપાસને તે લાગુ પડતી નથી.૨

એકને એક ચાલુ જુબાનીમાં ઘણાં જુઠાણાં એકજ ખોટી જુબાની આપી ગણાય છે, તો જો કે બે (જુદી જુદી) જુબાનીઓમાં એકને એકજ જુઠું બે ભિન્ન ગુન્હાઓ તરીકે જુદી જુદી શિક્ષાને પાત્ર થશે.૩

એક માણસને રાત્રે ઘર ફોડવાને વાસ્તે કલમ ૪૫૭ મી પ્રમાણે, અને બીગાડ અને હુમલાને વાસ્તે કલમો ૪૨૬ અને ૩૫૨ પ્રમાણે જુદા જુદા ગુન્હાનો ગુન્હેગાર ઠરાવી જુદી જુદી શિક્ષા કરી શકાય.૪

જ્યાં કેદી ઉપર જે ગુન્હાઓનું તહોમત મુકવામાં આવ્યું હોય તે ગુન્હાઓ એક કાર્યના ભાગ હોય—દાખલા તરીકે ઘર ફોડવું અને ચોરી કરવી—ત્યાં હાઇકોર્ટે એવું ઠરાવ્યું છે કે ગુન્હેગારને બન્નેને વાસ્તે જુદી જુદી સજા થઇ શકે નહી, પરંતુ કલમ ૪૫૪ કે ૪૫૭ એ બેમાંની જે કલમથી થઇ શકતી હોય તે કલમ મુજબ શિક્ષાનો હુકમ કરવો જોઈએ.૫

એક કેસમાં ગુન્હેગાર એક હંગામામાં ભેગો ભેળ્યો હતો, અને તે હંગામાની દરમીઆનમાં બીજા કેટલાક હંગામો કરનારાઓએ મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવામાં મહાવ્યથા કરી હતી, તે ગુન્હેગારે પોતે કોઈને કાંઇ ઇજા કરી નહોતી. કલકત્તાની હાઇકોર્ટે, પીનલકોડની ૧૪૯ મી કલમ પ્રમાણે તેને કરેલી હંગામાના ગુન્હા બદલની અને મહાવ્યથાના ગુન્હા બદલની જુદી જુદી શિક્ષાઓ રદ કરીને એવું ઠરાવ્યું હતું કે તે કેસ ૭૧ મી કલમની પેટા કલમ ૧ લી નીચે આવતો હતો. અહીંઆં મહાવ્યથાનો ગુન્હો તેની સામે સાબીત કરવામાં હંગામાનો ગુન્હો તેના ઉપર લાવવો તે અવશ્યનું તત્વ હતું, અને દરેક તહોમત બદલ તેને જુદી જુદી સજા કરવી તે (એકજ ગુન્હાને માટે) તેને બે વાર સજા કરવા બરાબર હતું.૬

આ કલમ ૭૧ ની પેટા કલમ ૨ જીને ધ્યાનમાં રાખીને મુંબાઇમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે કેદીને એકને એકજ વખતે કલમ ૪૩૬ મી પ્રમાણે વખાર નાશ કરવાના ઇરાદાથી અગ્નિ સળગાવીને ગુન્હો કરવાને વા-

---

૧. રેજાઈના. વિ. પુખન. ૭ સધરલાન્ડ ક્રીમીનલ રીપોર્ટસ. પાનુ ૧.
૨. ઈનરી દઉલતીઆ ૩ અ. ૩૦૫.
૩. કેસ્ટરો. વિ. ધી ક્વીન. લૉ રીપોર્ટસ. ૬ અપીલ કેસીસ ૨૨૯.
૪. રેજાઈના વિ. નીરીયન. ૧૨ મ. ૩૬.
૫. ૪ મદ્રાસ હાઇકોરટ રૂલીંગ્ઝ પાને ૪૧૫; ૨ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ પાનુ ૮૭.
૬. નીલમણી પોદર. વિ. રેજાઈના. ૧૬ ક. (ફુલબેન્ચ) ૪૪૨; રેજાઇના. વિ. બના પુંજા. ૧૭ મું. ૨૬૦

સ્તે, અને (તેની સાથે) કલમ ૪૩૫ મી પ્રમાણે સો રૂપઇયા કરતાં વધારે કીંમતની મીલકતને નુકશાન કરવાના ઈરાદાથી અગ્નિવડે બીગાડ કરવાના ગુન્હાને વાસ્તે સજા થઇ શકે નહી.૧ એક ગુન્હેગારને ૧૪૩ મી કલમ પ્રમાણે કાયદા વિરૂદ્ધ મંડળીનો અંગભુત (મેમ્બર) હોવાને વાસ્તે, અને વળી ૧૪૭ મી કલમ પ્રમાણે તેની તેજ કાયદા વિરૂદ્ધ મંડળીના અંગભુત તરીકે હંગામો કરવાને વાસ્તે જુદી જુદી સજા થઇ શકે નહી.૨

મદ્રાસમાં એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે બદદાનતથી જંગમ મીલકત લેવાના ઈરાદાથી એક બચ્ચાના નયન (abduction) ને વાસ્તે જે માણસને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો છે અને જેને શિક્ષા કરવામાં આવી છે તે માણસને, નયનથી જેની ધારણા રાખવામા આવી હતી તેની ખરેખરી ચોરીને વાસ્તે ૩૭૯ મી કલમ પ્રમાણે જુદી સજા થઇ શકે નહી.૩ મુંબાઈ અને અલ્હાબાદના ફેંસલામાં આના જેવોજ નિર્ણય કરવામાં આવ્યો હતો (અર્થાત બે ગુન્હાને વાસ્તે જુદી જુદી સજા કરવામાં આવી નહોતી) તે ફેંસલામાં નીચે મુજબ બબ્બે તહોમતો હતાં:—

બીગાડ કરવાને વાસ્તે મીલકત ઉપર પેસવાનું, અને ખરેખરો બીગાડ કરવાનું–કલમો ૪૪૧ અને ૪૨૫ (એમ્પ્રેસ વિ બુધ્ધશીંગ. ૨ અ ૧૦૧).

ચોરી કરવાના ઈરાદાથી રાત્રે ઘર ફોડવાનું, અને ઘરમાં ચોરી કરવાનું–કલમો ૪૫૭ અને ૩૮૦ (રેજાઇના વિ. તુકાયા ૧ મું. ૨૪૧; એમ્પ્રેસ. વિ. અજુંધ્યા. ૨ અ. ૬૪૪.

પરંતુ ૧૮૮૨ ના ક્રીમીનલ પ્રોસીજરકોડની રૂઇએ મુંબાઇની હાઈકોર્ટે એવું ઠરાવ્યું છે કે ચોરી કરવાના ઈરાદાથી રાત્રે ઘર ફોડવું, અને રહેવાના ઘરમાં ચોરી કરવી (કલમો ૪૫૭, ૩૮૦) એ બંને ભિન્ન ભિન્ન ગુન્હા હતા, અને તેમનાથી "જ્યારે તે એકઠા કરવામાં આવ્યા ત્યારે જુદો ગુન્હો થતો નહોતો," અને તેટલા માટે દરેક ગુન્હાને યોગ્ય શિક્ષા વડે બંનેને વાસ્તે જુદી જુદી સજા કરી શકાય (રેજાઇના. વિ. સખારામ ભાઉ. ૧૦ મું. ૪૯૩.) અલાહબાદના એક કેસમાં એક કેદી ઉપર સરકારી નોકરનો વેશ લેવાનું કલમ ૧૭૦ મી પ્રમાણે તહોમત મુકવામાં આવ્યું હતું. આવો વેશ લેવાથી તે જબરાઇથી (મીલકત) કઢાવવા શકિતવાન થયો હતો, જેને વાસ્તે તેના ઉપર ૩૮૩ મી કલમ પ્રમાણે પણ તહોમત મુકવામાં આવ્યું હતું. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે ૭૧ મી કલમની કોઈપણ પેટાકલમ નીચે આ કેસ આવતો નહોતો (અર્થાત બંને ગુન્હાને વાસ્તે જુદી જુદી સજા કરવી જોઇએ); કેમકે વેશ લેવો તે પોતે એકલુજ જબરાઇથી (મીલકત) કઢાવવી ગણાય નહી, અને એકજ પ્રકારની હકીકત બે જુદા જુદા ગુન્હાઓનો પુરાવો થાય છે તે વાતથી માત્ર દરેક ગુન્હાને વાસ્તે જુદી જુદી સજા થતી અટકતી નથી; પણ જો દરેક પ્રકારની હકીકત દરેક ગુન્હાની વ્યાખ્યા થતી હોય તો તેમ થતું અટકે.૪

૧૮૯૮ ના ક્રીમીનલ પ્રોસીજરકોડની સુધારેલી કલમ–૩૫ મી પ્રમાણે નીચેનો એકજ ફેંસલો થયો છે.

૩૮૦ મી કલમ પ્રમાણે એક રેહેઠાણ (ઘર)માં ચોરી કરવાના, અને ૪૫૭ મી કલમ પ્રમાણે તેજ રહેઠાણમાં રાત્રે ઘર ફોડવાના, એમ બે જુદાં જુદાં તહોમતો ઉપરથી એક કેદીને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. દરેક તહોમત ઉપર તેને ગુન્હેગાર ઠરાવીને દરેક ગુન્હાને વાસ્તે તેને એક એક મહિનાની સખ્ત મજુરીની કેદની સજા કરવામાં આવી હતી, અને સજાઓ એક પુરી થયા પછી બીજી અમલમાં આવવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેમાં મુંબાઈની ફુલબેન્ચ આગળ નીચેના સવાલો મુકવામાં આવ્યા હતાઃ—

(૧) જે માણસે ચોરી કરવાને સારૂ ઘર ફોડવાનો ગુન્હો અને ચોરી કરી હોય તે માણસ ઉપર આ દરેક ગુન્હાનું તહોમત મુકીને દરેક ગુન્હાબદલ તેને ગુન્હેગાર ઠરાવી શકાય કે નહી ?

---

૧. રેજાઈના. વિ. ડાડ બસાયા. ૧૧ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ્. ૧૩; એમ્પ્રેસ. વિ. બાની ૨ અ. ૩૪૯.
૨. પરકયુરીઆમ ૬ અ. પાનુ ૧૨૪.
૩. ઇનરી નઉજન. ૭ મદ્રાસ હાઇકોર્ટ રીપોર્ટસ. ૩૭૫.
૪. રેજાઈના. વિ વઝીરજાન. ૧૦. અ. ૫૮.

(૨) અને જો તેમ થઈ શકતું હોય તો દરેક ગુન્હા બદલ જુદી જુદી સજા થઈ શકે કે નહી ?

કુલબેન્ચનો અભિપ્રાયઃ—અમારો અભિપ્રાય એવો છે કે, પેહેલા સવાલનો જવાબ હકારમાં આપવો જોઈએ (અર્થાત તેમ ઠરાવી શકાય છે). વળી અમારો એવો અભિપ્રાય છે કે ૧૮૯૮ ના ક્રીમીનલ પ્રોસીજર કોડની ૩૫ મી કલમ નીચે ઉમેરેલો દૃષ્ટાંત અને ખુલાસા તરફ જોતાં કાયદા બાંધનાર મંડળનો એવો ઈશારો જણાય છે કે પીનલકોડની ૭૧ મી કલમ પ્રમાણે સજા કરવામાં તકરારી બે ગુન્હામાંના ગમે તે એકને વાસ્તે એક સજા કોર્ટે ફરમાવવી જોઇએ, અને દરેક ગુન્હાને વાસ્તે જુદી જુદી સજા નહી; પરંતુ જો બે સજાઓ કરી હોય, અને આ બંને સજાઓ એકઠી મળીને, બંનેમાના કોઇપણ એક ગુન્હાને વાસ્તે કાયદા પ્રમાણે ઠરાવેલી સજા કરતાં વધારે થતી ન હોય અથવા તો (સજા કરનારી) કોર્ટની હકુમતની બાહાર ન હોયતો, અમારો એવો અભિપ્રાય છે કે તે માત્ર ગેરશિરસ્તો (irregularity) ગણાશે, પણ તે ગેરકાયદેસર ગણાશે નહી કે જેથી અપીલ કોર્ટને અથવા રીવીઝન (ફરી તપાસમાં લેનારી) કોર્ટને વચ્ચે પડવાની જરૂર રહે.[1]

૧૮૬૧ ના કોડ પ્રમાણે વરધમાન સજાના સંબંધમાં નીચેના ફેંસલા ધ્યાનમાં લેવા જોગ છે, જો કે તેઓ બધા એક બીજાની સાથે અનુકુળ થઇ શકે એવા નથી.

એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે નીચેના ગુન્હાઓ માટે વરધમાન (એકંદર–બેને માટે એક) સજાઓ થઈ શકે નહીઃ—

(૧) ૪૧૧ મી કલમ. પ્રમાણે ચોરેલો માલ રાખવાનો, અને ૪૧૪ મી કલમ તેજ માલ બુદ્ધિપુર્વક સંતાડવાના (હરીબંસલાલ. વિ. ધી કવીન. ૪ રેવન્યુ જ્યુડીશીઅલ એન્ડ પોલીસ જરનલ પાનુ ૧૧૨; ૪ મદ્રાસ હાઇકોર્ટ રીપોર્ટસ. પરિશિષ્ટ પાનુ ૧૪);

(૨) ૩૭૯ મી કલમ પ્રમાણે ચોરીનો અથવા ૪૦૯ મી કલમ પ્રમાણે સાપરાધ વિશ્વાસઘાતનો, અને તેજ (ચોરેલી અથવા વિશ્વાસઘાતથી મેળવેલી) મીલકત ૪૧૧ મી કલમ પ્રમાણે મેળવવાનો અથવા રાખવાનો (રેજાઇના. વિ. શ્રીમંત. ૪ રેવન્યુ, જ્યુડીશીઅલ અને પોલીસ જરનલ. પાનુ ૫૬૩; રેજાઈના. વિ. શિબ ચરણ ૧૧ સધરલાન્ડઝ ક્રીમીનલ રીપોર્ટસ. ૧૨; રેજાઇના. વિ. શેખ મદન. ૧ સધરલાન્ડઝ ક્રીમીનલ રીપોર્ટસ. ૨૭; રેજાઇના. વિ. શંકર. ૨ નોર્થ વેસ્ટ પ્રોવીન્સીસ રીપોર્ટસ. ૩૧૨);

(૩) શિક્ષણીય મનુષ્ય વધનો, અને કાયદા વિરૂદ્ધ મંડળીના અંગભુત હોવાનો, કે જે મંડળીથી મનુષ્ય વધ કરવામાં આવ્યો હતો (રેજાઇના. વિ. રબીકલ્લા. ૭ સધરલાન્ડઝ ક્રીમીનલ રીપોર્ટસ ૧૩);

(૪) ૫૦૬ ઠી કલમ પ્રમાણે કોઇ માણસનું મોત નીપજાવવાની ધમકી સાથે સાપરાધ ધમકીનો, અને ૫૦૭ મી કલમ પ્રમાણે તેજ માણસની સામે નનામો સંદેશો જાહેર જગા ઉપર ચોડીને સાપરાધ ધમકીનો (રેજાઇના. વિ. ઝોરા. ૪ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ. ફોજદારી ૧૨);

(૫) ૩૬૩ મી કલમ પ્રમાણે મનુષ્ય હરણનો, ૩૪૬ મી કલમ પ્રમાણે મનુષ્ય હરણ કરવાને વાસ્તે અટકાવ કરવાનો (રેજાઇના. વિ. મંગરૂ. ૬ નોર્થ વેસ્ટ પ્રોવીન્સીસ રીપોર્ટસ ૨૯૩);

(૬) ૪૭૧ મી કલમ પ્રમાણે બનાવટનો લેખ વાપરવાનો, અને ૪૭૪ મી કલમ પ્રમાણે તેવા લેખને વાપરવાના ઇરાદાથી તેવા લેખ કબજામાં હોવાનો (રેજાઇના. વિ. નજરઅલી ૬ નોર્થ વેસ્ટ પ્રોવીન્સીસ રીપોર્ટસ ૩૯);

(૭) મનુષ્ય હરણનો, અને ૩૬૯ મી કલમ પ્રમાણે ૧૦ વરસની અંદરના બાળકની પાસેથી ચોરી કરવાના ઇરાદાનો (રેજાઇના. વિ. શામ. ૯ સધરલાન્ડઝ ક્રીમીનલ રીપોર્ટસ. ૩૫);

---

૧. રેજાઇના. વિ. માલુ ૨૩ મું. ૭૦૬.

(૮) મનુષ્ય હરણનો, અને ૩૬૬ મી કલમ પ્રમાણે જુલમથી પરણાવવાના ઈરાદાનો (રેજાઇના. વિ. ઈસ્રી. ૭ સધરલાન્ડઝ ક્રીમીનલ રીપોર્ટસ, ૫૬).

ઉપરનાજ નિયમ ઉપર, એક કેસમાં જ્યાં જોઈન્ટ માજીસ્ટ્રેટે એક પરણેલી સ્ત્રીને લલચાવી લઈ જવાના તહોમત ઉપરથી કેદીને સજા કરી હતી, અને સેશન જડજે તે કેદીને છીનાળાને માટે સેશનમાં નોંધવાનો (કમીટ કરવાનો) હુકમ કર્યો હતો ત્યાં મદ્રાસ હાઇકોર્ટે એવો ઠરાવ કર્યો હતો કે અસલ સજા એકદમ રદ કરવી જોઈયે. એકને એકજ જાતની એકંદર હકીકત ઉપરથી બે જુદી જુદી જાતની ન્યાયની કોર્ટો આગળ બે તપાસો અને બે ગુન્હાની સાબીતીઓ થવી જોઇએ નહી, કેમકે એક કેસમાં જબરનો ઈરાદો, બીજામાં મુદામ ગુન્હો થતો હતો (૫ મદ્રાસ હાઇકોર્ટ રીપોર્ટસ. પરિશિષ્ટ પાનુ ૧૭).

પરંતુ જ્યાં એક ઝાડ કાપીને લઈ જવાનું કેદી ઉપર તહોમત મુકવામાં આવ્યું હતું ત્યાં મુંબાઈની હાઇ કોર્ટે એવું ઠરાવ્યું હતું કે બીગાડ અને ચોરીનાં જુદાં જુદાં તહોમતો ઉપર તેને સજા થઇ શકે, કેમકે ચોરી (નું કામ) શરૂ થઈ શકે તે પેહેલાં બીગાડ પરિપુર્ણ થઈ ગયો હતો.૧ અને તેજ પ્રમાણે એવું સ્થાપિત કરવામાં આવ્યું હતું કે ૧૪૮ મી કલમ મુજબ જીવ લે એવાં હથિયાર પાસે રાખીને હંગામો કરવાનો ગુન્હો જે માણસના કમ્પાઉન્ડમાં અથવા જમીનમાં હંગામો થાય તે માણસને ૩૨૪ મી કલમ પ્રમાણે (તરવાર અથવા કટારી) ઘોચીને મારી નાંખવાના ગુન્હાથી જુદો છે;૨ વળી કલમ ૪૬૩ મી પ્રમાણે મનુષ્ય હરણનો ગુન્હો કલમ ૩૭૨ મી પ્રમાણે જાર કરમને સારૂ સગીર ઉમ્મરના બાળકને વેચવાના ગુન્હાથી ભિન્ન છે;૩ અને કલમ ૧૯૩ મી પ્રમાણે ખોટો પુરાવો બનાવટ કરવાને સારૂ મીલકત છુપાવવાનો ગુન્હો, કલમ ૪૧૪ મી પ્રમાણે તેની તેજ મીલકતને ચોરાયલી જાણીને તેને છુપાવવાના ગુન્હાથી જુદો છે;૪ અને ઉપર કહેલા દરેક ગુન્હાને વાસ્તે જુદી જુદી સજા થઇ શકે.

જ્યાં ૧૮૯૮ ના ક્રીમીનલ પ્રોસીજર કોડની ૩૫ મી કલમ પ્રમાણે એકંદર સજા કરી હોય ત્યાં તેની એકંદર દરશાવેલી રીત મુજબ જુદી જુદી શિક્ષાના હુકમો હમેશાં કરવા જોઇએ. કારણ તો જ્યારે અપીલમાં એક અથવા વધારે ગુન્હા રદ કરવામાં આવે ત્યારે એ એકત્ર સજામાંથી કેટલો ભાગ કેદીઓને ભોગવવાનો હજુ બાકી છે તેનો નિર્ણય કરવાનું અસંભવિત થઈ પડશે. તે કલમ પ્રમાણે કરેલી કેદની સજાઓ સાથે સાથે (એકી વખતે) ચાલુ રહેવાનો (હુકમ) કરી શકાય. આ કલમ વડે નીચે ફુટનોટ ૧ લી માં જણાવેલા ફેંસલા કાયદાથી (Statute) રદ થયેલા ગણવા.૫

(હાઇકોર્ટની) મંજુરી મેળવવાને સારૂ, અથવા અપીલ કરવાને સારૂ, એક તપાસમાં સાબીત થયેલા (જુદા જુદા) કેટલાક ગુન્હાઓને સારૂ કરેલી એકંદર સજાઓ એકજ સજા ગણાશે.૬ વળી જુદી જુદી સજાઓ એકંદર કરીને અપીલ કરવાના સંબંધમાં જુઓ ૧૮૯૮ ના ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૪૧૩, ૪૧૪, ૪૧૫.

પરંતુ આખો ગુન્હો પોતાની હકુમતમાં ન આવે તેથી એક ગુન્હાના ભાગ પાડી નાંખીને તેના ભાગ

---

૧. રેજાઇના. વિ. નારાયણ, ૨ મુંબાઈ હાઇકોર્ટ રીપોર્ટસ. ૪૧૬.

૨. રેજાઈના. વિ. કાલાચંદ. ૭ સધરલાન્ડઝ ક્રીમીનલ રીપોર્ટસ. ૬૦; રેજાઇના. વિ. હીના શેખ. ૧૦ સધરલાન્ડઝ ક્રીમીનલ રીપોર્ટસ ૬૩; રેજાઇના. વિ. હરગોબીન્દ. ૩ નોર્થ વેસ્ટ પ્રોવીન્સીસ રીપોર્ટસ ૧૭૪; એમ્પ્રેસ વિ. રામ આધીન. ૨ અ. ૧૩૯,

૩. રેજાઇના. વિ. દુર્ગાદાસ. ૭ સધરલાન્ડઝ ક્રીમીનલ રીપોર્ટસ. ૧૦૪.

૪. એમ્પ્રેસ. વિ. રામેશર ૧ અ. ૩૭૯.

૫. ૪ મદ્રાસ હાઈકોર્ટ રીપોર્ટસ પરિશિષ્ટ પાનુ ૨૭. રેજાઇના. વિ. વઝીર જાન. ૧૦ અ. ૫૮; રેજાઇના વિ. ઇશરી ૨૦ અ, ૧; રેજાઈના. વિ પીર મહમદ. ૧૦મું; ૨૫૪; હઇતરીદાસ વિ. રેજાઈના ૨૫ ક, ૫૫૭.

૬. રેજાઈના વિ. ગુલામ. ૧૨ બોમ્બે હાઈ કોર્ટ રીપોર્ટસ, ૧૪૭; ૧૮૯૮ નો ક્રીમીનલ પ્રોસીજરકોડ કલમ ૩૫ મી.

પોતાની હકુમતમાં લાવવાને વાસ્તે ગુન્હાના ભાગ પાડવાની માજીસ્ટ્રેટને સત્તા નથી, કેમકે આમ કરવાથી ગુન્હેગારનો અપીલ કરવાનો હક છીનાવી લેવા જેવું થશે.૧

ગુન્હેગારને ઘણા ગુન્હાઓમાંથી એક ગુન્હો કર્યો એમ સાબીત થાય છે પણ કીયો એ બાબત શક છે એ પ્રમાણે ફેંસલામાં જ્યારે લખવામાં આવે ત્યારે શીક્ષા.

૭૨. જે જે બાબતોમાં એવો ફેંસલો આપવામાં આવે કે ફલાણા ફલાણા જુદા જુદા ગુન્હાઓમાંનો એક ગુન્હો ફલાણા સખશે કર્યો છે પણ તેઓમાંનો કીયો એક કર્યો છે તે વીશે શક છે તે સર્વે બાબતોમાં અગર તે સઘળા ગુન્હાઓને સારૂ એક સરખીજ શીક્ષા ન ઠરાવી હોય તો જે ગુન્હાને સારૂ ઓછામાં ઓછી શીક્ષા ઠરાવી હોય તે શીક્ષા તે ગુન્હેગારને કરવામાં આવશે.

ટીકા—આ કલમમાં બતાવેલી મુશ્કેલીને વાસ્તે પેહેલાં કાંઈ ઉપાય જણાયો નહોતો. પરંતુ હવે તે મુશ્કેલી આ કલમથી દુર થઈ છે. એકજ ગુન્હેગારને પીનલકોડની જુદી જુદી કલમો લાગુ પાડવામાં આવી હોય અને તે દરેકથી જુદા જુદા ગુન્હાનું તહોમત તેના ઉપર મુકવામાં આવ્યું હોય, દાખલા તરીકે સાદો હુમલો, ઘાયલ કરવાના ઇરાદા સાથે કરેલો હુમલો, અને જારકરમ કરવાના ઈરાદાથી કરેલો હુમલો હવે જો જડજને શંકા રહેતી હોય કે ત્રણમાંના કીયા ગુન્હાનો તેને ગુન્હેગાર ગણવો તો સૌથી હલકા ગુન્હા (સાદા હુમલા) બદલ તેને ગુન્હેગાર ઠરાવી તે પ્રમાણે તેને શિક્ષા કરવી જોઇએ.

એ ધ્યાનમાં રાખવાનું છે કે આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી શિક્ષા કરવાની સત્તા મળવાને સારૂ તહોમતદારે કોઇપણ ગુન્હો કર્યો છે કે નહિ તેવી શંકા નહી, પણ ગુન્હામાંથી કીયો ગુન્હો તેણે કર્યો છે એ બાબતની શંકા જડજને થવી જોઈએ આના સંબંધમાંથી કમીશનરો નીચે મુજબ ટીકા કરે છેઃ—

"પણ એ યાદ રાખવાનું છે કે ધારણા પ્રમાણે જેનાથી ગુન્હો (corpus delicti) બને છે
"તેવી મુખ્ય હકીકત સાબીત થઇ ગઇ છે, અને તેના અંગના કોઇ પાઈન્ટ (બાબત) ના સંબંધમાં
"શંકા રહે છે, કે જે પાઈન્ટ તે ગુન્હો સાંકેતિક રીતે (technically) એક કલમ નીચે અથવા
"બીજી કલમ નીચે આવે છે તેનો નિર્ણય કરવામાંજ માત્ર અગત્યનું રહે છે; દાખલા તરીકે જ્યાં એક
"માણસ ઉપર ચોરીનું તહોમત મુકવામાં આવ્યું હોય, પણ તે માણસને તે મીલકત ટ્રસ્ટમાં સોંપેલી
"કે નહિ તે બાબતમાં પુરાવ ઉપરથી શંકા ઉત્પન્ન થાય." રેજાઈના. વિ. જમુરહા. ૭ નોર્થ વેસ્ટ પ્રોવીન્સીસ રીપોર્ટ. ૧૭૭ (બીજો રીપોર્ટ ૧૮૪૭ ક. ૫૨૭)

ઈન્ડીયન પીનલકોડ ક. ૭૨ માં કહેલ "જુદા જુદા ગુન્હા" શબ્દનો અર્થ એકજ જાતના ગુન્હા નહી એવો પણ થઈ શકે. ૬ બૉમ્બે લૉ રિપોર્ટર = ઈ. લો. રિ. ૨૮ મુંબઇ પાનું ૫૩૩. બંકટરામના કેસમાં. અલ્હાબાદમાં સને ૧૯૦૬ ની સાલમાં એક કેસમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે—એક તહોમતદારને બે ગુન્હા માટે સજા કરવામાં આવી હોય જેમાંનો એક ગુન્હો ક. ૩૦૨ મુજબ સજા થઇ શકે તેવો હોય, તેવા સંજોગોમાં, ૩૦૨ મુજબના ખુનના ગુન્હા માટે ક. ૭૨ મુજબ જીંદગી સુધીની સમુદ્રપારની શીક્ષાથી કંઇક ઓછી શિક્ષા કરવી જોઈએ. અલ્હાબાદ વીકલી નોટસ (૧૯૦૬) પાનું ૯૩ = ૩ કલકત્તા લૉ. જનરલ ૩૬૪.

૭૩. કોઇ શખસની ઉપર એવો ગુન્હો સાબીત થાય કે તેહેને માટે આ કાયદા મુજબ તેને સખત કેદની શીક્ષા કરવાને કોરટને

---

૧. એમ્પ્રેસ વિ. અબદુલ કરીમ. ૪ ક. ૧૮.

એકાંત કેદ. અખતીઆર છે; તો તે ગુન્હેગારને જેટલી મુદતની કેદનો હુકમ કરવામાં આવે તે મુદતના આટલા ભાગ અથવા ભાગો સુધી તેને એકાંત કેદમાં રાખવો એ રીતે તેના શીક્ષાના હુકમમાં ફરમાવવાને કોરટ મુખતીઆર છે પણ સઘળું મળીને તે એકાંત કેદની મુદત ત્રણ મહીનાથી વધારે ન હોવી જોઇએ અને તે નીચેના હીસાબ પ્રમાણે હોવી જોઇએ (એટલે)—

જો કેદની મુદત છ મહીનાથી વધારે ન હોય તો એકાંત કેદની મુદત એક મહીનાથી વધારે ન જોઇયે.

જો કેદની મુદત છ મહીનાથી વધારે હોય અને એક વરસથી વધારે ન હોય તો એકાંત કેદની મુદત બે મહીનાથી વધારે ન જોઇયે.

જો કેદની મુદત એક વરસથી વધારે હોય તો એકાંત કેદની મુદત ત્રણ મહીનાથી વધારે ન જોઇયે.

☞ આ કલમ ૧૮૮૨ ના આકટ ૮ માની કલમ ૫ મીથી સુધારી છે.

ટીકા—જે કેસની સંક્ષિપ્ત તપાસ થઇ હોય તે કેસમાં સજાના ભાગ તરીકે એકાંત કેદની સજા ફરમાવતાં કોર્ટને અટકાવવાને, ૧૮૯૮ ના ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૨ માં કાંઇ કહેલું નથી (અર્થાત સંક્ષિપ્ત તપાસવાળા કેસમાં પણ સજાના ભાગ તરીકે કોર્ટ એકાંત કેદની સજા કરી શકે, અને તેમાં ૧૮૯૮ ના ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૬૨ મી બાધ કર્તા નથી.)[૧]

એક તહોમતદારને એક ગુન્હા માટે ચાર વરસની સજા કરવામાં આવી; અને તેજ દિવસે બીજા ગુન્હા માટે તેવી સજા કરવામાં આવી, અને તે બંને સજા મેળવીને છ માસની આસન કેદ કરવામાં આવી, તેમાં ઠરાવવામાં આવ્યું કે તે સજા જો કે ગેરકાયદે નહતી તોપણ ઈ. પી. કોડ. ક. ૭૩ ના હેતુથી વિરૂદ્ધ હતી. જેવી રીતે એકજ વખતે જુદા જુદા ગુન્હાઓને માટે ફટકાની સજા કરવામાં આવે તે ત્રીશ ફટકાથી વધવી ન જોઈએ તેમજ એકાંત કેદની સજા એકત્ર કરવી એ બરોબર નથી. ૫. સેંટ્રલ પ્રોવીન્સીસ લૉ રિપોર્ટ ૨૩, અપર બરમા રિપોર્ટ (૧૮૯૨-૧૮૯૬) વૉલ્યુમ ૧, ૧૪૬. ક. ૭૩ નો હેતુ એવો છે કે અમુક જાથુ કેદની સજામાં એકાંત કેદની સજા વધારેમાં વધારે ત્રણ માસની કરી શકાય. અપર બરમા રિપોર્ટ (૧૮૯૭-૧૯૦૧) વૉલ્યુમ ૧. ૨૪૭. દંડના બદલામાં કરવામાં આવેલ સજાને બદલે એકાંત કેદની સજા થઈ શકે નહી.

એકાંત કેદની હદ. **૭૪.** એકાંત કેદની શીક્ષાનો હુકમ બજાવવામાં તેવી કેદ એકી વખતે કદાપિ ચઉદ દીવસ કરતાં વધારે ન હોવી જોઈએ અને એકાંત કેદની મુદતોની વચ્ચે તે મુદતો કરતાં ઓછી વેળા ન જવી જોઇયે અને જ્યારે કેદની શીક્ષા ત્રણ મહીનાથી વધારે મુદતની હોય ત્યારે તે ફરમાવેલી આખી કેદની મુદતના કોઈપણ એક મહીનામાં સાત દીવસ કરતાં વધારે એકાંત કેદ ન હોવી જોઇએ અને એકાંત કેદની મુદતોની વચ્ચે તે મુદતો કરતાં ઓછી વેળા ન જવી જોઇયે.

---

૧. એમ્પ્રેસ. વિ. અનુખાન ૬ અ. ૮૩.

ટીકા.—તે પ્રમાણે જ્યાં એક કેદીને એક વર્ષને એક દીવસની કેદની સજા કરવામાં આવી હતી જેમાંના ત્રણ મહિના એકાંત કેદ ભોગવવાની હતી ત્યાં મદ્રાસ હાઇકોર્ટે એકાંત કેદ ઘટાડીને ૮૪ દીવસની મુદતની કરી હતી.૧ એકાંત કેદ એક શખસને થયેલ શિક્ષાના આખા ભાગની હોવી નહી જોઇએ, પરંતુ કલમ ૭૩ માં ફરમાવ્યા પ્રમાણે મુદતે મુદતે હોવી જોઈએ.૨

જે શખસોની ઉપર એકવાર આગળ ત્રણ વરસની કેદની શીક્ષા થાય હેવો ગુન્હો સાબીત થયો હોય તેઓની ઉપર તેવો કોઇ બીજો ગુન્હો સાબીત થાય તો તેઓને શીક્ષા.

૭૫. જે શખસની ઉપર એવો કોઇ ગુન્હો સાબીત થયો હોય કે જેને માટે આ કાયદાના બાબ ૧૨ મા અથવા બાબ ૧૭ મા મુજબ ત્રણ વરસ અથવા તેથી વધારે મુદતની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા થઇ શકે તે શખસ ફરીથી એવો કોઇ ગુન્હો કરે કે જેને માટે તે બાબો માંહેનો ગમે તે બાબ મુજબ ત્રણ વરસ અથવા તેથી વધારે મુદતની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા થઇ શકે તો તે શખસ એવા પાછળના હરેક ગુન્હાને માટે જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષાને અથવા દશ વરસ સુધીની બેમાંથી ગમે તે પ્રકારની કેદને લાયક થશે.

☞ આ કલમ ૧૮૮૬ના ૧૦મા આકટથી સુધારી છે.

ટીકા.—બંગાળાની હાઇકોર્ટનો એવો અભિપ્રાય છે કે આગલો ગુન્હો, પીનલકોડ અમલમાં આવ્યો તે પછીથી બનેલો હોવો જોઇએ; કેમકે પીનલકોડ અમલમાં આવ્યા પછીથીજ પીનલકોડ પ્રમાણે ગુન્હો સજા લાયક થઇ શકે. તેટલે ૧૮૬૦ માં કરેલી ચોરી બદલ થયેલી આગલી સજાને લીધે ૭૫ મી કલમ પ્રમાણે વધારાની સજા કરવાનો અધિકાર મળતો નહોતો એવું ઠરાવવામાં આવ્યું હતું.૩ વળી પાછળથી કરેલો ગુન્હો જો ૧૨ મા અથવા ૧૭મા બાબ પ્રમાણે સજા લાયક ગુન્હો કરવાનો પ્રયત્ન માત્ર હોય, અથવા આવા ગુન્હાની મદદગારીજ માત્ર હોય તો વધારાની સજા કરી શકાય નહી.૪ વળી બંગાળામાં એવું પણ ઠરાવવામાં આવ્યું છે કે પછીના ગુન્હો પેહેલા ગુન્હા બદલ મળેલી કેદની સજા ભોગવીને કેદમાંથી છુટા થયા પછી, કરેલો હોવો જોઇએ; કેમકે બીજા અર્થાત પાછલા ગુન્હાને માટે વધારાની સજાને લાયક થવાનું "કારણ એ છે કે પેહેલી ભોગવેલી સજાની ગુન્હો ફરીથી કરતાં અટકાવવામાં કાંઈ અસર "થઈ નથી, અને તેટલા માટે પેહેલી ભોગવેલી સજા ચેતવણી તરીકે પુરતી નથી." પરંતુ જ્યાં એક કેદીએ કેટલાક ગુન્હા કર્યા હતા, જેમને માટે જુદી જુદી તપાસો ચાલતી હતી, અને તેમાં છેલ્લા ગુન્હાની તપાસ, તેની પેહેલાના ગુન્હાની તપાસો પુરી થઈ ગયા પછી થોડાંક અઠવાડીયાં પછી (કે જે અઠવાડીયાંની દરમીયાન તે કેદી કેદમાં સજા ભોગવતો હતો) ચાલતી હતી ત્યાં કોરટે એવું ઠરાવ્યુ કે આવી પેહેલાની સજા ધ્યાનમાં લઇ તેને ૭૫ મી કલમ પ્રમાણે વધારાની સજા થઇ શકે નહી;૫ (કેમકે આ છેલ્લા ગુન્હાની સજા કરતી વખતે પેહેલાંના ગુન્હા બદલની સજા ભોગવી તે છુટો થયો નહોતો, પણ સજા

---

૧. ૧૫મી ડીસેમ્બર. ૧૮૭૯ નું મદ્રાસ હાઇકોરટનું રૂલીંગ.

૨. એમ્પ્રેસ. વિ. નાનસુક મેતર. ૩ બંગાલ લા રીપોર્ટસ (એપેલેટ ક્રીમીનલ) પાનુ ૪૯.

૩. રેજાઇના વિ. હરપાળ ૪ સધરલાન્ડઝ ક્રીમીનલ રૂલીંગ્ઝ પાનુ ૯; રેજાઈના વિ પુબન ૫ સધરલાન્ડઝ ક્રીમીનલ રૂલીંગ્ઝ પાનું ૬૬

૪. એમ્પ્રેસ વિ. રામદયાળ ૩ અ. ૭૭૩; એમ્પ્રેસ વિ. નાના ૫ મું. ૧૪૦ રેજાઇના વિ. [illegible]ચરણબોરી ૧૪ ક. ૩૫૭; વળી કલમ ૭૫ મી ઉપર મદ્રાસ હાઇકોરટનું ૧૮૬૪ નું રૂલીંગ.

૫. રેજાઈના વિ. પુબન ઉપર.

આવવેલો કેદખાનામાં પડેલો હતો.)૧ એ તો તદન ખુલ્લુ છે કે પેહેલા ગુન્હા બદલ ગુન્હેગાર ઠરીને સજા થયા પછી બીજો ગુન્હો કરેલો હોવો જોઇએ.૨

આ કલમથી વધારે સખત સજા કરવાનો ઇરાદો છે, પણ જો તેનાથી અસલ કલમ કરતાં ઓછી શિક્ષા થતી હોય, તો આ કલમ પડતી મુકવી જોઇએ. દાખલા તરીકે જ્યારે કલમ ૪૫૭ મી પ્રમાણે તહોમત મુકેલો ગુન્હો ચઉદ વરસની કેદની સજા લાયક હતો ત્યારે જો કેદીને જન્મ દેશનિકાલ કરવાની કોરટની મરજી ન હોય તો ૭૫ મી કલમનો ઉપયોગ કરવો જોઇયે નહી, કેમકે તે કલમ પ્રમાણે માત્ર દસ વરસની કેદની સજા આપી શકાય.૩

જ્યારે આગળની ગુન્હેગારી અને તે બદલ થયેલી સજા સાબીત કરવાનો હેતુ રાખવામાં આવ્યો હોય ત્યારે તે આગલી સજાની વાત, તારીખ અને સ્થાન તહોમત નામામાં જણાવવાં જોઇએ (આના સબંધમાં ૧૮૯૮ ના ક્રીમીનલ પ્રોસીજરકોડની કલમ ૨૨૧ મી જુઓ. પીનલકોડના ૧૭ મા બાબમાં લખેલા ગુન્હાઓનો તેને પેહેલા (આગળ) ગુન્હેગાર ઠસવીને શિક્ષા કરવામાં આવી હતી એટલુજ જણાવવું બસ નથી.૪ જ્યાં આવુ કોઈ તહોમતજ (ફરમાવવામાં આવ્યુ) ન હોય તો વધારાની સજા કરવી તે ગેરકાયદેસર છે; પરંતુ જો સજા માર્યા પેહેલાં તહોમત ફરમાવ્યું હોય, અને તેના સબંધમાં કેદીને તે ગુન્હેગાર છે કે નહી તે બાબતમાં પુછવામાં આવ્યું હોય તો વધારાની સજા કરી શકાય.૫

જ્યાં પીનલકોડની ૭૫ મી કલમને સારૂ પેહેલાં કરેલા ગુન્હાને માટે થયેલી સજા સાબીત કરવામાં આવી હોય ત્યાં કેદીને જાણે કે બે ગુન્હાને માટે સજાઓ કરવામાં આવી હોય તેમ ૧૮૯૮ ના ક્રીમીનલ પ્રોસીજરકોડની કલમ ૩૫ મી પ્રમાણે તે કેદીની તપાસ કરી શકાય નહી.૬

તહોમતં બદલ તપાસ કરવામાં કામ ચલાવવાની રીત ૧૮૯૮ ના ક્રમીનલ પ્રોસીજરકોડની કલમ ૩૧૦ થી બતાવેલી છે. જ્યાં જ્યુરી આગળ કામ ચાલતું હોય, અને આગળ થયેલી સજા કેદી કબુલ કરતો ન હોય ત્યાં તે સાબીત કરનારો પુરાવ, અને કેદીનું એકપણું (એટલે કે આગળ જેને સજા થઈ હતી તે કદી અને હાલનો કેદી એકનો એકજ માણસ છે) તે (જ્યુરી) ની આગળ મુકીને તેમને સત્ય વાત તરીકે માલમ પડેલાં હોવાં જોઈએ.૭ પેહેલાં થયેલી સજા સાબીત કરવાની રીત ૧૮૯૮ ના ક્રીમીનલ પ્રોસીજરકોડની કલમ ૫૧૧ માં જણાવેલી છે.

૫૧૧ મુજબના ગુન્હાને આ કલમ લાગુ પડતી નથી એટલે જે ક. ૫૧૧ મુજબ સજા કરવામાં આવે તે આ કલમથી સ્વતંત્ર રીતે કરવી જોઇએ. ઈ. લૉ. રિ. ૧૭ અલ્હાબાંદ ૧૨૩. ૧૦ મુંબઈ લૉ રિપોર્ટર, ૩૬, ૩ મદ્રાસ લૉ ટાઇમ્સ ૧૨૨.

બાબ ૪ થો.

સાધારણ અપવાદ.

જે કામ કરવાની જે શખસની ફરજ છે અથવા જે

૭૬. જે શખસની જે વસ્તુ કરવાની કાયદા પ્રમાણે ફરજ છે, અથવા કાયદાની કાંઇ ભુલના

---

૧. રેજાઈના. વિ. પુબન. ૫ સધરલાન્ડઝ ક્રીમીનલ રીપોર્ટસ. ૬૬

૨. એમ્પ્રેસ. વિ. મેથા. ૧ અ. ૬૩૭.

૩. શિવ ચરણ તોટો. વિ. એમપ્રેસ. ૯ ક. ૮૭૭.

૪. રેજાઈના. વિ. શેખફકીર. ૨૨ સધરલાન્ડઝ ક્રીમીનલ રીપોર્ટસ. ૩૯.

૫. રેજાઇના. વિ. રાજકુમાર બોઝ. ૧૯ સધરલાન્ડઝ ક્રીમીનલ રીપોર્ટસ. ૪૧, રેજાઈના. વિ. ઈશાનચન્દર ૨૧ સધરલાન્ડઝ ક્રીમીનલ રીપોર્ટસ. ૪૦; રેજાઇના. વિ. હોસસામી. ૯ મ. ૨૮૪.

૬. રેજાઈના. વિ. ખલક. ૧૧ અ. ૩૯૩.

૭. રેજાઈના, વિ. ઈશાનચન્દર. ઉપર.

કરવાની મહારી કાયદા પ્રમાણે ફરજ છે એમ જે શખસ કાંઇ હકીકતની ભુલને લીધે માને છે તે શખસે કરેલું તે કામ.

સબબથી નહીં પણ હકીકતનાં કાંઇ ભુલના શખસથી જે શખસ શુદ્ધબુદ્ધીથી એમ માને છે કે એ વસ્તુ કરવાની મહારી કાયદા પ્રમાણે ફરજ છે તે શખસ જો તે વસ્તુ કરે તો તે ગુન્હો છે એમ સમજવું નહીં.

દ્રષ્ટાંતો—(અ) અ સોલજર કાયદાના હુકમ મુજબ પોતાના ઉપરી અમલદારના ફરમાવ્યાથી લોકોનાં એક ટોળા ઉપર બંદુકનો એક બહાર કરે તો અ એ કાંઇ ગુન્હો કીધો એમ સમજવું નહીં,

(બ) એક ઇનસાફની કોરટના અમલદાર અ ને તે કોરટે ય ને પકડવાનો હુકમ કર્યા ઉપરથી ઘટતી તજવીજ કરીને જ ને ય માનીને તે જ ને પકડે તો અ એ કાંઇ ગુન્હો કીધો એમ સમજવું નહીં.

ટીકા.—ચોથા પ્રકરણમાં જે જે અપવાદોનો સમાવેશ કરવામાં આવ્યો છે, તે અપવાદો પીનલકોડના બાકીના ભાગની જોડે વાંચવાના છે. કેટલાંક કૃત્યો, ગુન્હાની વાખ્યામાં આવવા છતાં, એવા સંજોગો વચ્ચે બને છે કે, તે કૃત્ય કરનાર કાયદા પ્રમાણે તકસીરવાન થતો અટકે છે. એ સંજોગો કયા કયા તે આ પ્રકરણમાં આવેલી કલમો ઉપરથી ધ્યાનમાં આવશે.

કલમ ૭૬ અને ૭૯ એવા શખસોને માટે યોજાયેલી છે કે, જેઓ, તેમાં બતાવેલું કૃત્ય કરતી વખતે એમ ધારે છે કે તેમ કરવામાં તેઓ કાયદેસર રીતે વર્તે છે. જ્યાં એવું કૃત્ય કાયદેશર હોય છે ત્યાં તો અલબત કશો પ્રશ્ન ઉભોજ થતો નથી.

કલકત્તાના એક કેસમાં વાદીએ સેક્રેટરી ઓફ સ્ટેટની વિરૂદ્ધ એક દાવો આણ્યો હતો. (આ ઠેકાણે, રાજ્ય સત્તાના આધારે કરેલાં કૃત્યોની હદ બતાવવા માટે આ દિવાની ચુકાદાઓ ટાંગવામાં આવ્યા છે). એ દાવામાં એણે એવી માગણી કરી હતી કે અમુક દારૂ વેચવાનો હક એણે જાહેર લીલાઉમાં ખરીદ્યો હતો, અને સરકારી અમલદારોએ તેનો હક રદ કરી, બીજાને તે હક સોંપ્યો હતો. તે વખતે કલકત્તા હાઇકોર્ટે એવો ઠરાવ કર્યો હતો કે, "રાજસત્તા વગર ખાનગી માણસો અમુક કાર્ય કરી શકે તેવા કૃત્ય માટેજ સેક્રેટરી ઓફ સ્ટેટને જવાબદાર ગણવા જોઇએ અને એ કારણસર આ કેસમાં પ્રતિવાદી ઉપર કોર્ટને સત્તા નથી."[૧] (મતલબ કે એને "રાજ્યનું કાર્ય" એ કેસમાં ગણી કહાડયું હતું). પરંતુ અલહાબાદ હાઇકોર્ટે એક કેસમાં આ ચુકાદાના ખરાપણા માટે શંકા લીધી હતી.[૨] અને મદ્રાસની હાઇકોર્ટ એક કેસમાં એને અનુસરવું યોગ્ય ધાર્યું નહતું.[૩] પ્રીવીકાઉનસીલમાં થયેલા આવાજ સંજોગો વચ્ચે થયેલા ચુકાદાઓથી પણ ઉપરનુ રૂલીંગ વિરૂદ્ધ છે. જ્યારે કોઈ કૃત્ય ખાસ રાજસત્તાથીજ (act of state તરીકે) કરવામાં આવે ત્યારેજ.આવા કેસોમાં પ્રતિવાદી મુક્ત થઈ શકે છે.

એવા સંજોગો વચ્ચેજ પ્રીવીકાઉન્સીલના કેટલાક કેસોમાં વાદી પ્રતિવાદી બન્ને ખાનગી શખસો હોય તેની પેઠેજ કેસો ચલાવવામાં આવ્યા હતા.[૪]

---

૧. નવીનચંદ્ર વિ. સેક્રેટરી ઓફ સ્ટેટ. ઈ. લો. રિ. ૧ કલકત્તા. પાનું ૧૧.

૨. કીશનચંદ વિ. સેક્રેટરી ઓફ સ્ટેટ. ઇ. લો. રિ. ૩ અલ્હાબાદ પાનું ૮૨૯.

૩. સેક્રેટરી ઓફ સ્ટેટ. વિ. હરી ભાણજી. ઇ. લો. રિ. ૫ મદ્રાસ પાનું ૨૭૨.

૪. સેક્રેટરી ઓફ સ્ટેટ. વિ. આનંદમયી દેવી. ૮. ઇન્ડીયન અપીલ્સ, પાનું ૧૭૨.
કાલીકૃષ્ણ ટાગોર વિ. સેક્રેટરી ઓફ સ્ટેટ. ૧૫ ઈન્ડીયન અપીલ્સ. પાનું ૧૮૯.
સેક્રેટરી ઓફ સ્ટેટ. વિ. ફહામીદ ઉનીસાબેગમ ૧૭ ઇન્ડીયન અપીલ્સ પાનું. ૪૦.
રીધર. વિ. સેક્રેટરી ઓફ સ્ટેટ. ૨૬ ઈન્ડીયન અપીલ્સ. પાનું. ૧૬.

કેટલાંક કાર્યો એવાં હોય છે કે જે કાયદેસર નહિ હોવા છતાં, કેટલાંક મહત્વનાં ઉપયોગી કારણોને લીધે, કાયદાની સામાન્ય વીધીમાંથી મુક્ત થઈ શકે છે. આવી જાતનાં કાર્યો, જ્યારે ખાનગી માણસો કરે છે ત્યારે તેમને માટે આગળની (બચાવના હક બાબતની) કલમો ૯૬–૧૦૬ લાગુ પડે છે; પરંતુ જ્યારે સત્તા અમલમાં મુકી શકે તેવા અમલદારોના હુકમને અનુસરીને કરવામાં આવે ત્યારે તેનું પ્રોસીજર જુદું હોય છે. આ વિષયમાં એ બેનો સમાવેશ થાય છે.

ગેરકાયદેસરની મંડળીને, મરણ પર્યંતના પણ હથિઆરના જોરથી કરેલા કૃત્યવડે એકદમ બંધ કરી દેવાનુ કાર્ય, રાજ્યની સલામતીને માટે જરૂરનાં ધારી તે ગેરકાયદેશર કરી શકતાં નથી. પરંતુ હથીઆરની મદદ વડે વાપરેલું જોર એવી જાતની મંડળીને બંધ પાડી દેવા માટે જરૂરનું હોય તેટલુંજ વાપરવું જોઇએ. આ ઠેકાણે એક નવાઈ લાગશે કે જ્યારે એક બંડખોર એક હંગામ દરમીઆન પકડાય અને તેની તપાસ થઇ તે તકસીરવાન ઠરે, ત્યારે એને માત્ર ત્રણ વરસથી વધારે સજા થઇ શકતી નથી, અને આવે પ્રસંગે હુલ્લડ દરમ્યાન એને મોત સુધીની સજાની સત્તા અમલદારના હાથમાં શામાટે આપવી જોઇએ ? પરંતુ, અનુભવ ઉપરથી એમ માલમ પડયું છે કે, પ્રજાના જાનમાલના સંરક્ષણને અર્થે બંધાયલા કાયદાનો નાશ થવામાં, ગેરકાયદેસરની મંડળી એ સહુથી પ્રથમ પગથી છે; અને જો તેને તાબડતોબ બંધ કરી દેવામાં કસુર યા વિલંબ થાય તો બધો કાયદો રદ થઈજાય, દરેક જાતના ગુન્હા બનવા માંડે છે. એટલા માટે એવી જાતની મંડળીઓને તાબે કરી દેવાને એક્ઝીક્યુટીવ ઓફીસરોના હાથમાં એટલી બધી સત્તા આપી છે એટલુજ નહિ પરંતુ દરેક લશ્કરી માણસ અને ખાનગી શખસને પણ તેવી સત્તા, ઉપર કહેલી હદમાં રહીને વાપરવા માટે અપાયલી છે. આ સત્તાના ઉપયોગ સમયે ફક્ત કોર્ટે એટલોજ પ્રશ્ન જોવાનો રહે છે કે જે સત્તા વપરાઇ તે જેટલી જરૂરની હતી તેટલીજ વપરાઇ છે કે તે કરતાં વધારે ?૧

આ સ્થળે શંકા ઉભી થાય છે કે એક સિપાઇ કે જે પોતાના ઉપરી અમલદારના હુકમને અનુસરીને દા. ગોળી વાપરે છે તે હુકમ ગેરકાયદેસર હોય તો તે સિપાઈ કેટલે દરજ્જે જવાબદાર છે ? અમલદારનો હુકમ ગેરવાજબી હોય તો લશ્કરી સિપાઈ તે માનવાને બંધાયેલો નથી. એતો ખુલ્લુંજ છે. પરંતુ આ સ્થળે સિપાઈની પોતાની ફરજ અને તેના અમલદારની તાબેદારી ઉઠાવવાની ફરજ એ બન્ને ફરજો એક બીજા સાથે આથડે છે, ખરૂં જોતાં તો એવી જાતનો કેસ ઉભો થવોજ અસંભવિત છે. પ્રથમ તો એવી સત્તા સોંપાએલો છેક ગેરવાજબી હુકમ કરે એ અસંભવીત છે. અને જો તે એવી જાતનો હુકમ કરે કે જે પ્રથમ દરશને વ્યાજબી જણાય પરંતુ જે વસ્તુતઃ ગેરવાજબી હોય તો, તે માટેનુ ફોજદારી કામ તે અમલદાર ઉપર ચલાવવું જોઇએ કારણ કે તેણે એવી જાતનો હુકમ આપ્યો. એક કેસમાં જસ્ટીસ વીલ્સે કહ્યું છે કે—" હું ધારૂંછું કે અમલદારનો હુકમ દેખી તો ગેરકાયદેસર હોય તે સિવાય સિપાઇ તેનો હુકમ માનવાથી તે બચી શકે છે."૨

એક હુલ્લડખોરોનું ટોળું થોડા વખતપર હથીઆર વાપરશે એવું જોવામાં આવે, અને એ વખતે ઉપરી અમલદાર હુકમ કરે ત્યારે આવા સંજોગોમાં સિપાઇએ જાણવું જોઇએ કે તે ઉપરી અમલદારનો હુકમ વાજબી છે. પરંતુ સ્હેજ રસ્તે ચાલતાં એક મ્હોલામાં થયેલી ભીડ, કે જે વખતે સુલેહના ભંગની કાંઇપણ ધાસ્તી નથી, તેને કહાડવા ઉપરી લશ્કરી અમલદાર દારૂગોળાનો ઉપયોગ કરે તો સિપાઇએ જાણવું જોઇએ કે એ હુકમ ગેરકાયદેશર છે.૩

(ક્રીમીનલ પ્રોસીજરનું પ્રકરણ ૯ મું આ બાબતનું કેટલેક અંશે સ્પષ્ટીકરણ કરે છે.)

મારશલલો (લશ્કરી કાયદો) અને "એકટ ઓફ સ્ટેટ" એટલે રાજસત્તાથી કરેલું કૃત્ય, આ બન્ને સંબંધી સમજણ અને તે બન્ને વચ્ચેનો તફાવત જાણવો આ કલમની સાથે ઘણો ઉપયોગી થઈ પડશે.

મ્હોટાં મ્હોટાં હુલ્લડો, જેવાં કે—આઈરીશ રીબેલીયન, સીલોન રીબેલીયન, (સને ૧૮૪૮) જામઈકા રાયટસ (સને ૧૮૬૫) અને ૧૮૫૭ વખતની ઈન્ડીયન મ્યુટીની, એ વખતે લશ્કરી અમલદારોએ આપેલા હુકમો

---

૧. રાણી. વિ. સુબાનાઇક. ઇ. લો. રિ. ૨૧ મદ્રાસ પાનું. ૨૪૯.
૨. કેલી—વિ.—બેલ. ૧ ઈસ્ટ. પી. સી. ૩૧૨.
૩. રાણી. વિ. સુબાનાઇક. ઈ. લો. રિ. ૨૧ મદ્રાસ પાનું ૨૪૯.

મારશલ લૉને અનુસરીને અપાયલો ગણાય છે. મારશલ લૉની વ્યાખ્યા વિષે બોલતાં, ડયુક ઓફ વેલીંગટને કહેલું છે કે—મારશલ લૉ એટલે બીજું કંઇ નહિ, પરંતુ સેનાપતિની ઇચ્છા વાસ્તવિક રીત્યે તે કોઇ કાયદો નથી. એટલે જે અમલદાર હુકમ આપે તે તે સંબંધની હદ બાંધવાની સુચનાઓ આપવાને તે બંધાયલો છે.

હવે રાજ્યસત્તાથી કરેલું કૃત્ય એ કંઇ રાજ્ય સામે આણેલા કેસમાં બચાવ તરીકે ઉપયોગમાં લાવી શકાતું નથી, પરંતુ એટલું સાબીત થાય કે અમુક કાર્ય તો રાજસત્તાને અનુસરીને થયેલું છે એટલે તે સંબંધી તપાસ કરવા માટેની કોર્ટની હકુમતજ જતી રહે છે. સને ૧૮૭૪ માં વડોદરાના મહારાજા મલ્હારરાવ ગાયકવાડને પદભ્રષ્ટ કરવાનું કૃત્ય, સને ૧૮૯૧ માં મણીપુરના રાજાની તપાસ, વગેરે કૃત્યો રાજ્ય સત્તાથી કરેલાં કૃત્યનાં દૃષ્ટાંતો છે.*

શીક્ષકો વિદ્યાર્થીઓને, શેઠ અને ઉમેદવારને અને માબાપો છોકરાંને શિક્ષણને માટે જે સજા કરે છે તેઓ આ અપવાદનો લાભ લઈ શકે છે કારણ કે તેઓ એમ ધારીને તે કરે છે કે તેમ કરવાની તેમની ફરજ છે. પરંતુ હદ કરતાં વધારે શિક્ષા કરનાર શખસને માટે આ કલમ બચાવ તરિકે નિરૂપયોગી થઈ પડે છે. એક કેસમાં એક સ્કુલ માસ્તરે વધારે શિક્ષા કરવાથી એક વિધાર્થીનું મરણ નીપજાવ્યું હતું. તે પ્રસંગે એવો નિર્ણય કરવામાં આવ્યો હતો કે ગુસ્સાની અંદર હદ કરતાં વધારે શીક્ષાથી આ કલમની અંદર દર્શાવેલા અપવાદનો લાભ લઈ શકાતો નથી.૧

અઢી વરસના બાળકને એક પિતાએ ફટકાનો માર માર્યો હતો અને તેવી તેનું મરણ નીપજ્યું હતું. તે પ્રસંગે થયેલા નિર્ણય દરમ્યાન જણાવ્યું હતું કે આવા સંજોગોમાં જ્યુરીએ એટલું વિચારવાનું છે કે તે મારા મારવાથીજ બાળકનું મરણ થયું હતું કે બીજા કંઈ કારણથી શીખવા માટે રહેલા ઉમેદવાર માટે પણ ઉપરના જેટલીજ હદ કાયદાએ રાખેલી છે જો કે જુના વખતમાં શેઠનો હક નોકરને મારવા સુધી પહોંચતો હતો, પરંતુ હવે તો નોકરને વધારેમાં વધારે શિક્ષા કહાડી મુકવાનીજ ગણાય છે. તેમ એક શખસે પોતાની સ્ત્રીને શિક્ષા કરવાનો હક પણ ઇન્ડીયન પીનલકોડે કબુલ રાખ્યો નથી.

હકીકતની ભુલ વિષે લખતાં જસ્ટીસ સ્ટીવન લખે છે કે—અમુક ગુન્હેગાર તેના કૃત્ય કરતી વખતના સંજોગો ઉપરથી વાજબી કારણો સહ જે ધારવામાં આવે તે ધારીને તે કૃત્ય કરે છે એમ સામાન્ય નિયમ ધારી બેસવામાં આપણને કંઈ હરકત નથી. ધારો કે રાત્રિને વખતે એક માણસ પોતાના બિછાનામાં સૂતો હોય. અને તે વખતના સંજોગો જોતાં એમ ધારી બેસવાને સબળ કારણ હોય કે તે માણસ ચોરી કરવા માટેજ આવ્યો છે તો તે વખતે તે માણસને સૂતેલો શખસ બંદુકની ગોળીથી મારે તો પણ ઇ. પી. કોડ કલમ ૧૦૩ મુજબ તેનો બચાવ થઇ શકે છે; જો કે પાછીથી એમ જણાય કે તે શખસે તદ્દન નિરદોષ કૃત્યને માટેજ એ ઓરડામાં પ્રવેશ કર્યો હતો. પરંતુ તેવાજ સંજોગોમાં એક બાળક અગર એક સ્ત્રીને મારી નાંખવી કાયદેસર ગણાશે નહી ગુન્હેગારના તે વખતના મનની સ્થિતિ જાણવી એ એક હકીકતનો પ્રશ્ન છે.

ગુન્હો બનવાને માટે મુખ્ય હકીકતનું અજ્ઞાનપણું, ફોજદારી આરોપના બચાવ માટે કેટલે સુધી કામમાં આવે છે, રાણી વિ. પ્રીન્સ૨ના કેસમાં ઘણી સારી રીતે ચર્ચાયું હતું, અને તે ચર્ચામાં પંદર જડજોએ ભાગ લીધો હતો. કેસની હકીકત એમ હતી કે આરોપી ઉપર સોળ વરસની અંદરની સ્ત્રીને તેણીના પિતાની મરજી વિરૂદ્ધ ફોસલાવીને લઈ જવાનો આરોપ મુકવામાં આવ્યો હતો. કેસમાં બીજી બધી

---

૧. રાણી. વિ. હોપલી. ૨ એફ અને એફ. ૨૦૨.

* વળી જુઓ નીચેના કેસો.

૬ બૉમ્બે લૉ રિપોર્ટર પાનુ ૧૩૧ (પાને ૧૪૮ મે).

૭ મુર્સ ઇન્ડીયન અપીલ્સ ૪૭૬. ઈ. લૉ. રિ, ૩૨ કલકત્તા. ૧.

૬ બૉમ્બે લૉ. રિપોર્ટર ૭૬૩ (પ્રીવી કાઉન્સીલ).

પરંતુ જુઓ, ૧૦ બેંગોલ લૉ. રિ. ૩૪૫.

વરસની હકીકત સાબીત થઈ હતી પરંતુ જ્યુરીને એમ માલમ પડ્યું કે—આરોપી તે સાથે લઈ ગયો તે પહેલાં તેણીએ તેને કહ્યું હતું કે તે અઢારવરસની છે. અને આરોપીએ તે શુદ્ધભાવથી માન્યું હતું કે તેણી અઢાર વરસની છે અને તેના દેખાવ ઉપરથી તે અઢાર વરસની છે એમ માનવાને કારણ હતું. આ કેસને પરિણામે ચઉદ જડજોએ આરોપીને તકસીરવાન ઠરાવ્યો હતો. એમાં નીચેના ચાર ઉપયોગી નિયમો બતાવવામાં આવ્યા હતાઃ—

(૧) જ્યારે અમુક કાર્ય ખરૂ જોતાં ગેરકાયદેસર હોય, અને કેટલાક સંજોગો સાથે મળવાને લીધે તે વધારે શિક્ષાને પાત્ર થઈ જતું હોય તો, મ્હોટા ગુન્હાને માટેની શીક્ષાના બચાવ તરીકે, તે સંજોગોનું અજ્ઞાનપણું ચાલી શકે નહિ—દાખલા તરીકે એક શખસને માર મારીએ અને પછી તે શખસ પોલીસમેન નીકળે તો એ શખસ પોલીસમેન છે કે કેમ તેનું અજ્ઞાનપણું બચાવમાં લેવાઇ શકાય નહિ.

(૨) અમુક કાર્ય પ્રથમ દરશને નિરદોષ હોય, પરંતુ કેટલાક સંજોગોના સંમિલનથી તે ગુન્હો થઈ જતું હોય, તો તેવા સંજોગોનુ અજ્ઞાન બચાવ કરી શકે છે.

(૩) ઉપર કહેલા નિયમમાં આરોપીના મનમાં વધારાના સંજોગોનું તદન અજ્ઞાન સાબીત થવું જોઇએ.

(૪) અમુક કાર્ય ગેરકાયદેસર નહિ—ગુન્હો નહી, પરંતુ ખોટું હોય (નીતિની વિરૂદ્ધ હોય) અને કેટલાક સંજોગો સાથે મળવાથી ગુન્હો થઈ જતો હોય, તો તેવા સંજોગોનું અજ્ઞાનપણું આરોપીને બચાવી શકે નહિ.

કાયદાનું અજ્ઞાન આરોપીને બચાવી શકતું નથી. જે માણસમાં સમજ શક્તિ છે તે કાયદો જાણે છે એવું અનુમાન કરાય છે. ૩૭૮ મી (ચોરીની) કલમ ઘણા નહિ જાણતા હોય, પરંતુ પરાઇ મીલકત ન લેવાય એવું તો દરેક માણસે જાણવું જોઈએ. ફોજદારી ગુન્હા જે જે કૃત્યોથી બને છે તે કૃત્યોનું ખરા ખોટાપણું જાણવાની સમજ શક્તિ સામાન્ય રીતે દરેક માણસમાં હોવી જોઇએ એમ અનુમાન ન કરવામાં આવે તો જનસમુહનો નિભાવ ન થાય. કાયદાનું અજ્ઞાન બચાવમાં લેવાય, તો જે જે શખસો કાયદાના કાનુનોને વખતોવખત તોડનારા છે તેમને તે એક બચાવનું મોટું સાધન થઇ પડે, અને કાયદાનું જ્ઞાન કે અજ્ઞાન મનની અમુક સ્થિતિ હોવાથી તે સાબીત કરવું એ કામ ઘણું મુશ્કેલ થઇ પડે.

"ક્રીસ્ટીયન મેરેજ એકટ" ની વિરૂદ્ધ મદ્રાસમાં એક પાદરીએ, બે ખ્રીસ્તી સ્ત્રી પુરૂષ વચ્ચે લગ્નની ક્રીયા કરાવી અપીલમાં તેને કરેલી શિક્ષા કાયમ રહી હતી. હાઈકોર્ટે કહ્યું કે—તેણે એકટમાં જોયું હોત તો તે જાણત કે તેને તેમ કરવાની સત્તા નથી. "જાણી જોઇને" એ શબ્દ, સદરહુ એકટમાં, જાણી જોઇને તે લગ્ન કરાવે છે તેને લાગુ પડે છે. ૨

મી. રતનસીંહ માધવજી ધ્રુવ તેમના ક્રીમીનલ લૉ. વૉ. ૧ પા. ૨૫૩ માં લખે છે કે—"કાયદાની કહેવત છે કે-રાજા કાંઇ પણ અપકૃત્ય કરી શકતો નથી. એનો અર્થ એમ નથી થતો કે તે જે ધારે તે કરી શકે, તેનો અર્થ માત્ર એટલોજ છે કે—તેનાં દરેક સરકારી કૃત્ય એવા કોઇ પણ માણસની સલાહ અથવા મદદથી થવાં જોઇએ કે જેના કાયદેસરપણાને માટે તે (માણસ) જવાબદાર થાય ક "નિયમિત રીતે એ તો ખરૂં છે કે-રાજા કંઈ પણ અપકૃત્ય કરશે નહીં. અથવા ખરેખર કંઈપણ અપકૃત્ય કરી શકતા નથી, એમ કાયદો અનુમાન કરે છે, અને તેટલા માટે જો રાજા કંઇ પણ ગેરકાયદે કૃત્ય કરવાનો હુકમ કરે તો તે હુકમ બજાવનારનો ગુન્હો તેથી કરીને નહીં જેવો થતો નથી. કારણ કે જો કે રાજા કાયદાની જબરાઈની સત્તા નીચે નથી તો પણ ઘણા કીસામાં તેના હુકમો કાયદાના ફરમાનવાળી સત્તા નીચે છે, અને તેના પરિણામમાં. કૃત્ય જો ગેરકાયદે હોય તો, તે પોતાની મેળેજ ગેરકાયદે થાય છે. અને તેથી કરીને, તે હુકમની બજવણી કરનાર કાયદાની શિક્ષાને આધીન થાય છે." આ વાત, મેગનાચાર્ટાના ૨૯ મા કલૉઝ

---

૧ લા. રી. ૩. સી. પી. ૩૨૨.

૨ રાણી. વિ. ફીશ્વર. ૧૪ ઇ. લો. રી. મદ્રાસ પાનુ ૩૪૨.

ક. હેલ. પી. કોડ. ૪ ૩; ગાફ ૨ પી. લૉ. પેરા ૪૩૦ મેન ક્રી. લૉ. પેરા ૯૦.

સાથે મળતી આવે છે, તેમાં જણાવેલું છે કે—કોઈ પણ સ્વતંત્ર માણસને પકડવામાં, કેદ કરવામાં, કે તેની મીલકતથી જૂદો પાડવામાં, કે કાયદા બહાર કરવામાં અગર દેશપાર કરવામાં આવશે નહીં, અથવા કોઈ પણ રીતે તેને હરકત થશે નહીં, તેમજ રાજા તેના ઉપર પોતાના ઉમરાવોના ફેંસલા વગર અગર દેશના કાયદા વગર જુલમાત રીતે કંઇ પણ પ્રવેશ કે દબાણ કરશે નહીં" તેટલા માટે પ્રજાવર્ગનો દરેક શખસ કે જેને સત્તાના ગેરકાયદે કૃત્યથી નુકશાન થાય, તે શખસ જેણે હુકમ કર્યો હોય, અથવા જેણે તે કૃત્ય ખરેખર કર્યું હોય; તેના ઉપર દાવો કરી શકે, અથવા ફોજદારી કામ ચલાવી શકે. ખ બીજા શબ્દોમાં, સદરહુ નિયમ ઇંગ્રેજી બંધારણ પ્રમાણેનો છે, જેથી રાજાનાં તમામ સરકારી કૃત્યો, તેના જવાબદાર પ્રધાનોની સલાહ પ્રમાણે થયેલાં હોય છે, તે ઉપરથી એમ નીકળે છે કે—જે સખસે હુકમ કર્યો હોય, તે અથવા ખરેખરી રીતે જેણે તે કૃત્ય કર્યું હોય, તે પ્રાથમિક રીતે પરિણામનો જવાબદાર છે. પણ રાજા કે જેના નામથી, માત્ર નામની રીતે, કરવામાં આવેલ હોય, તે જવાબદાર થતો નથી. ગ આ સિધાન્ત પ્રીવી કાઉન્સીલે માન્ય રાખેલો છે. ઘ

તે કેસમાં નામદાર લૉર્ડ સાહેબોએ જણાવ્યું કે—" આ કામમાં જે તકરારી સવાલ છે, તેનો એમ નિશ્ચય કરવાનું જણાતું નથી કે જે કૃત્ય સંબંધે ફરિયાદ કરવામાં આવી છે, તે સરકારના કૃત્ય તરિકે વિચારવાનું છે. અને પ્રતિવાદીએ તે કૃત્યમાં જે ભાગ લીધેલ છે તે તેણે સંપૂર્ણ શુદ્ધ બુદ્ધિથી અને વાદીના સામેના ખાસ અથવા સામાન્ય દ્વેષની તદન ગેરહાજરીથી સરકારી નોકર તરિકે લીધેલ છે, કારણ જે કૃત્ય તેણે કર્યું, તે જાતેજ વાદીઓની સામે, ગેરવાજબી હોય અને તેઓને નુકશાન થયું હોય તો, જાણે તે કૃત્ય તેનું પોતાનું પોતાની ખુશીથી કરેલું અને અધિકાર વગરનું હોય, અથવા ઉપરી સત્તાના હુકમથી કરેલું હોય, ને જે ઇલાજ હોય, તેજ ઈલાજ સદરહુ કૃત્ય કરનારની સામે વાદીઓને હોવા જોઇએ નુકશાનકારક કૃત્યો માટે, જો ઉપરી સત્તાના એજંટો જાતે જવાબદાર ન હોય, તો ન્યાયની કોઈ પણ દૃષ્ટીથી તેમની દીવાની બીનજવાબદારી સ્થાપિત થઈ શકે નહીં. આવાં કામોમાં નીતિની રૂએ સરકાર તેના એજંટોને નુકશાન ભરી આપવાને બંધાયેલ છે અને જો તે ફરજ અદા કરવામાં ન આવે તો એજંટો માટે તે ભારે પડતું છે. પણ આ વિચાર કરતાં હાનિ થયેલ પક્ષનો નુકશાની લેવાનો હક વધારે બલવતર છે," ચ

ઉપરીના હુકમથી એક પોલીસનો સિપાઈ કોઇ શખસ ઉપર ત્રાસ ઉપજાવે તેને, તાત્કાલીક મરણના ભય સિવાય, બીજો કંઈ પણ બચાવ નથી. ઈ. લો. રિ. ૨૦ મુંબઇ ૩૯૪. (એટલે કે તેમ કરવામાં તેને તાત્કાલીક મરણનો ભય હતો તેથી એવું ત્રાસજનક કૃત્ય કરવું પડયું એટલોજ માત્ર બચાવ છે).

ઇન્સાફનું કામ કરતાં કરેલું જડજનું કામ.

૭૭. જે અખતીઆર જે જડજને કાયદાએ આપેલો છે અથવા જે જડજ શુદ્ધ બુધીથી એમ માને છે, કે આ અખતીઆર મને કાયદાએ આપેલો છે. તેવો કોઇ અખતીયાર અમલમાં લાવતાં તે જડજ ઇન્સાફનું કામ કરવામાં જે વસ્તુ કરે તે ગુન્હો છે એમ સમજવું નહી.

ટીકાઃ—આ વિષય ઉપર, ઇંગ્રેજી કાયદો આ કલમમાં લખ્યા મુજબનોજ છે; પરંતુ જડજની દીવાની રાહે જવાબદારી માટે હિન્દુસ્તાનમાં ૧૮૫૦ નો ૧૮ મો એકટ છે. એ કાયદાની રૂએ, જ્યારે અમુક જડજ ઉપર દાવો માંડવામાં આવે ત્યારે (પ્રતિવાદીએ) (જડજે) શુદ્ધબુદ્ધિથી તે કૃત્ય કર્યું છે કે કેમ તે પ્રશ્ન ઉભો થાય છે (શુદ્ધબુદ્ધિની વ્યાખ્યા માટે જુઓ કલમ ૫૨ ઈ. પી. કોડ.)

ખ. મેન. ક્રી. લો. પેરા ૯૦; રૉજર્સ વિ. રાજેન્દ્ર. ૮ મુર્સ ઈ. અ. ૧૦૩; રેસે. વિ. ગોસેન ૧ ચાન્સરી ૭૩.

ગ. ગાઉર પીનલ લૉપેરા, ૪૩૦.

ઘ. ૮ મુર્સ. ઈન્ડીયન અપીલ્સ. ૧૦૩.

ચ. ગાઉર પીનલ લૉ પેરા ૪૩૦.

જ્યારે ' જુરીસડીકશન '' બાબતની ભુલ હોય છે, ત્યારે એ પ્રશ્ન ઉભો થાય છે કેઃ—

પ્રતિવાદી વાસ્તવીક રીત્યે પોતે કાયદેસર વર્તે છે એમ ધારતો હતો કે કેમ ? અને તેનું તેવી રીતનું માનવું, તેની સ્થિતિ, હોદ્દો, તેની વિદ્વતા, અને તેવાજ સંજોગોમાં મુકાયલા બીજા માણસો તે બાબતમાં શો—કેવો અભિપ્રાય બાંધી શકે વગેરે જોતાં વાજબી હતું કે કેમ ? અગર તેની ભુલ એવા પ્રકારની છે કે તે દ્વેષ, લાંચ યા એવાં બીજા કોઈ કારણસર ઉત્પન્ન થઈ છે ? ૧

પરંતુ જ્યારે તેને (જુરીસડીકશન) કેસ ચલાવવાની સત્તા હોય છે ત્યારે તો તે અનિયમિતપણે અગર શુદ્ધબુદ્ધિ વગર પણ વર્તે ત્યારે પણ તે બચી શકે છે, ૨ " જુરીસડીકશન '' અમુક કેશમાં હતુ કે નહી એ કાયદાનો પ્રશ્ન છે, અને તેનો ગુંચવાડો થઈ શકે તેમ નથી, અને અમલદારની ભુલથી તે પ્રશ્નપર અસર થઈ શકે તેમ નથી.

કોઇ ઇનસાફની કોર્ટના ફેંસલા અથવા હુકમ મુજબ કરેલું કામ.

૭૮. કોઈ ઇનસાફની કોર્ટનો ફેંસલો અથવા હુકમ કાયમ હોય તે દરમ્યાનમાં તે ફેંસલા અથવા હુકમ મુજબ કરેલી કાંઇ વસ્તુ અથવા તે ફેંસલા અથવા હુકમથી થઈ શકે એવી કોઈ વસ્તુ ગુનોહ છે એમ સમજવું નહિ પછી તે ફેંસલો અથવા હુકમ કરવાનો તે કોર્ટનો અધિકાર ન હોય તેની કાંઇ ચીંતા નહી. પરંતુ તે કામ કરનાર શખસે શુદ્ધબુદ્ધીથી એમ માનવું જોઇએ કે તે કોર્ટને તે અધીકાર છે.

ટીકા:—ન્હાના દરજ્જાના અમલદારોનો આ કલમથી જે બચાવ થાય છે તે ૧૮૫૦ ના ૧૮ મા એક્ટથી ઓછો છે અને કલમ ૭૯ થી વધારે છે. ઉપરોક્ત આકટની રૂયે મળેલું '.વોરંટ ' એ ઓફીસરનું એક રક્ષણરૂપ થઈ પડે છે અને તે હાથમાં હોય એટલે તેને બીજા બચાવની જરૂર રહેતી નથી, પરંતુ આ કલમની રૂયે તો, જ્યારે કોર્ટને અમુક હુકમ આપવાની સત્તા ન હોય ને હુકમ અપાયો હોય, અને તેની રૂયે તે અમલદાર વર્ત્યો હોય ત્યારે એવું સાબીત કરવાની જરૂર રહે છે કે—તે શુદ્ધબુદ્ધિથી એમ માનતો હતો કે કોર્ટને તે હુકમ કરવાની સત્તા હતી. બીજી બાજુએ જોતાં, કલમ ૭૯ કરતાં આ કલમમાં અમલદારને વધારે સતા અપાયલી છે. કારણ કે આ કલમના આધારે તો કાયદાની ભુલ પણ એક બચાવ થઈ પડે છે; જ્યારે ૭૯ મી કલમ મુજબ તો માત્ર હકીકતની ભુલજ બચાવમાં લેવાઈ શકાય છે. આવા સંજોગોમાં વાસ્તવિક રીતે જોતાં પુરાવાનો બોજો અમલદાર ઉપર નાંખવામાં આવેછે તેનુ વધતા અથવા ઓછાપણું તેની સ્થીતીપર વધારે આધાર રાખવા જાય છે. તે અમલદાર વોરંટની રૂયે વર્ત્યો હોય, તે વોરંટ કાયદેશર હોય અને તે આપનાર શખસને સત્તા હોય તો તો તેને કોઈ રીતે દોષીત ઠરાવાય નહિ. કારણ કે તે વોરંટની પારાંગત જવાનો તેને અખતીયાર નથી.૩ પરંતુ જ્યારે હકુમત વગર અમુક હુકમ અપાયાનો પ્રશ્ન ઉઠે છે ત્યારે કેટલાક અમલદારોએ તે જાણવું જોઈએ કે આ હકુમત વગર અપાયેલો હુકમ છે. ફટકાની સજાનો હુકમ એકાદા થર્ડક્લાસ માજીસ્ટ્રેટ તરફથી આવે અને તે એવો ગુન્હો હોય કે જેને માટે ફટકાની સજા થઇ શકે નહીં તો જેલરે જાણવુંજ જોઈએ કે આ શિક્ષા કોર્ટની સતા બાહેર છે અને હકુમત વિરૂદ્ધ છે. તેની ફરજ છે કે તેણે શિક્ષાનું વોરંટ તપાસવું અને શિક્ષા અને ગુન્હો જોવાં. પરંતુ એક કલમના આધારે પ્રથમ કરેલા ગુન્હાના પ્રસંગે ફટકાની શિક્ષા ન થઈ શકતી હોય અને તેજ પ્રકારનો ગુન્હો ફરીથી કરવામાં આવે ત્યારે ફટકાની શિક્ષા થઈ શકતી હોય તો એવા પ્રસંગે જેલરની ફરજ રહેતી નથી

૧. શેશાયંગર, વિ. રઘુનાથરાવ. ૫ મદ્રાસ હાઇકોર્ટ રિ. ૩૪૫. રઘુનાથરાવ, વિ. નાથમણી. ૬ મદ્રાસ હાઈકોર્ટ રી. ૪૨૩ કલેકટર ઓફ સી, કષ્ટમ્સ. વિ. ચીથામ્બ્રમ; ઈ. લો. રિ. ૧ મદ્રાસ પાનું ૮૯.

૨. ટેયન. વિ. રામલાલ. ઇ. લો. રિ. ૧૨ અલ્હાબાદ પાનું ૧૧૫.

૩. હેન્ડરસન વિ. પ્રેસ્ટન. ૨૧. કવીન્સ બેન્ચ ડીવીઝન પાનુ ૨૧૯.

કે તેણે પ્રથમના ગુન્હા બદ્દલ પણ તપાસ કરવી. પરંતુ ઉપરના બન્ને દાખલાઓમાં જેલરના હુકમને અનુસરીને ફટકાની શિક્ષા કરનાર પટાવાળો તો નિર્દોષ થઈ શકે છે.

જે કામ કરવાની જે શખસને કાયદાથી રજા છે અથવા જે કરવાની મને કાયદાથી રજા છે એમ જે શખસ કાંઈ હકીકતની ભુલને લીધે માને છે તે શખસે કરેલું તે કામ.

૭૯. જે શખસને જે વસ્તુ કરવાની કાયદાથી રજા છે અથવા કાયદાની કાંઇ ભુલના સબબથી નહી પણ હકીકતની કાંઇ ભુલના સબબથી જે શખસ શુદ્ધબુદ્ધિથી એમ માને છે કે એ વસ્તુ કરવાની મને કાયદાથી રજા છે તે શખસ જો તે વસ્તુ કરે તો તે ગુન્હોહ છે એમ સમજવું નહી.

દૃષ્ટાંત—જ ખુન કરે છે એવું સમજીને અ જ ને પકડે હવે ખુન કરનારાઓને ખુન કરતાં પકડવાનો અખતીયાર કાયદે સઘળાને આપ્યો છે તે અખતીઆર પોતાની અક્કલ શુદ્ધ બુદ્ધીથી ચલાવીને અમલમાં આવતાં અ જ ને પકડે એવા હેતુથી કે તેને યોગ્ય અમલદારની આગળ હાજર કરવો તો અ એ કાંઇ ગુનોહ કર્યો એમ સમજવું નહી પછી એમ માલમ પડે કે જ પોતાના બચાવમાં કાંઇ કામ કરતો હતો તોપણ.

ટીકા.—અમુક શખસો કાયદેસર રીતેજ અમુક કાર્ય કરવાને બંધાયલા હોય તેઓ આ કલમના અપવાદનો લાભ લે છે. દાખલા તરીકે પોલીસ અમલદારો અને કેટલેક સ્થળે ખાનગી શખસો પણ વારંટ વગર એક ગુન્હેગારને પકડવાની સત્તા ધરાવે છે. વારંટની રૂયે એક પોલીસ અમલદાર કોઇ ગુન્હેગારને પકડે છે ત્યારે વારંટના ખરા ખોટાપણા ઉપર તેના ગુન્હાનો આધાર નથી રહેતો. તેણે કાયદેસર રીતે તે બજાવ્યું કે નહીં તેજ પ્રશ્ન ઉભો થાય છે. વારંટ કોણ કહાડી શકે તે માટે ક્રીમીનલ પ્રોસીજરકોડની કલમ ૭૫. તે કોને મોકલવામાં આવે તે માટે ૭૭-૭૮-૮૩ છે. કોણ તેનો અમલ કરે તે માટે ૭૯. કેવી રીતે તેનો અમલ થાય તે માટે ૪૬; ૮૦. બ્રિટીશ હિંદુસ્તાનનાં કોઈ પણ ભાગમાં તે માટે ૮૨ વારંટ કહાડનાર કોર્ટની હકુમતના બહારના ભાગમાં ૮૩, ૮૪; તે શખસને કયારે કોર્ટ આગળ રજુ કરવો તે સંબંધમાં કલમો. ૮૧-૮૫ ખુલાસો કરે છે.

વારંટ વગર પોલીસ ઑફીસર, કયારે કોઇ ગુન્હેગારને પકડી શકે તે માટે ક્રીમીનલ પ્રોસીજરની શીડયુલના ત્રીજા કોલમમાં કલમો આપેલી છે; તે ઉપરાંત ક્રી. પ્રો. કલમ ૫૪ મુજબ આઠ સંજોગો વચ્ચે એક પોલીસ અમલદાર, વારંટ વગર ગુન્હેગારને પકડી શકે છે. વળી ક્રી. પ્રો. ની ૫૫ મી કલમ મુજબ પોલીસ-સ્ટેશનના ઓફીસરોને હલકા પ્રકારના રખડતા લોકો અને ગુન્હેગારોને વારંટ વગર પકડવાની સત્તા અપાઇ છે. ક્રી પ્રો. ની ૧૫૧ મી કલમ મુજબ, કોગનીઝેબલ ગુન્હો કરવાની તૈયારી કરતા હોય તેવા કોઈ પણ ગુન્હેગારને (જો તેઓ બીજી રીતે ન પકડાઈ શકાતા હોય તો) પકડવાથી સત્તા છે વળી નોન કોગની-ઝેબલ ગુન્હો કરવા છતાં પોતાનું નામ ઠામ ખરી રીતે નહીં આપનાર શખસને પણ તેવીજ રીતે ક્રી. પ્રો. ની ૫૭ મી કલમ મુજબ પકડી શકાય છે.

તે શિવાય, પોલીસ આકટ (૧૮૬૧ નો ૫ મો) કલન ૩૪; પબ્લીક ગેમ્બ્લીંગ આકટ (સને ૧૮૬૭નો ૩ જો) કલમ ૧૩; ક્રીમીનલ ટ્રાઈબ્સ આકટ (૧૮૭૧ નો ૨૭ મો) કલમ ૨૦, ૨૬; યુરોપીયન વેગરંસી આકટ (૧૮૭૪ નો ૯ મો) કલમ ૧૯; રેફરમેટરી આકટ (૧૮૭૬ નો ૫ મો) કલમ ૨૪, ફોરેસ્ટ આકટ (૧૮૭૮ નો ૭ મો) કલમ ૬૩; આરમસ આકટ (૧૮૭૮ નો ૧૧ મો) કલમ ૧૨; ઈન્ડીયન ઇમીગ્રેશન આકટ (૧૮૮૪ નો ૨૧ મો) કલમ ૮૨; ઇન્ડીયન એકસ પ્લોઝીવ આકટ (૧૮૮૪ નો ૪ થો) કલમ ૧૩; કેન્ટોનમેન્ટ આકટ (૧૮૮૯ નો ૧૩ મો) કલમ ૧૫; ઇન્ડીયન રેલવેઝ આકટ (૧૮૯૦ નો ૯ મો) કલમ ૧૩૨, મુજબ પણ તેવી સતા આપવામાં આવેલી છે.

અમુક શખસને પકડવા માટે શંકા લઇ જવાને શું શું કારણો છે, અને તે કેટલે દરજ્જે વ્યાજબી છે, એ દરેક કેસના સંજોગો ઉપર આધાર રાખે છે. વખતે અમુક શખસ સામે પછીથી કંઇ સાબીત થાય એવી કે વળી ખોટી શંકાથી તેને પકડવાનું વ્યાજબી ગણી શકાતું નથી. પરંતુ અમુક પોલીસ ઓફીસરને કોઈ ગુન્હા માટે પાયાદાર બાતમી મળી છે એ વાત માટે તેની પોતાની જુબાની બસ છે. કારણ કે પુરાવાની કલમ ૧૨૫ મુજબ અમુક ગુન્હાની બાતમીનું મુળ શોધી શકાતું નથી. ફક્ત કોઇ ખોટા ઈરાદાથીજ પોલીસ ઓફીસરે અમુક કેસની તપાસ કરી છે. એવું માનવાને ચોક્કસ કારણો હોય ત્યારે તેની જુબાની ઉપરાંત વિશેષ પુરાવામાં ઉતરવું પડે છે. ૧.

જે ચીજો ખુલ્લી રીતે અમુક શખસના કબજામાં હોય, સંતાડેલી ન હોય, અને જેની તપાસ થઇ શકે તેવી રીતે તે કબજામાં હોય, અને જેને માટે કંઈ તપાસ કરી ન હોય તે ચોરીની મીલકત છે એવું એકદમ પોલીસ ઓફીસરે ધારી બેસવું ન જોઇએ. ૨

કોઇ ગુન્હેગારને પકડવા માટે ગૃહપ્રવેશ કરવા માટે ક્રી. પ્રો. કલમ ૪૭-૪૯ ધ્યાનમાં રાખવી જોઇએ.

પકડાતી વખતે કોઈ સખસ સામો થાય ત્યારે તેને પકડવા માટે પકડનાર અમલદારે બની શકે તેટલા ઘટતા ઇલાજો લેવા જોઇએ. પરંતુ, દેશનીકાલ અથવા મોતની સજા થાય તેવો ગુન્હો કર્યો હોય તે સિવાય તેવા શખસને મારી નાંખવા જેટલે જવાની સત્તા આપવામાં આવતી નથી. પીનલકોડમાં નીચેની કલમો મુજબ કરેલા ગુન્હા માટે મોતની સજા થઇ શકે છે. ૧૨૧, ૧૩૨, ૧૯૪, ૩૦૨, ૩૦૩, ૩૦૫ ૩૦૭, ૩૯૬;

નીચેની કલમો મુજબ કરેલા ગુન્હા માટે દેશનીકાલની સજા થઈ શકે છે. ૧૨૧, ૧૨૧ અ, ૧૨૨, ૧૨૪ અ, ૧૨૫, ૧૨૮, ૧૩૦, ૧૩૧, ૧૩૨, ૧૯૪, ૧૯૫, ૨૨૨, ૨૨૫, ૨૨૬, ૨૩૨, ૨૩૮, ૨૫૫, ૩૦૨, ૩૦૪, ૩૦૫, ૩૦૭, ૩૧૧, ૩૧૩, ૩૧૪, ૩૨૬, ૩૨૯, ૩૬૪, ૩૭૧, ૩૭૬, ૪૧૯, ૪૬૪, ૪૭૨, ૪૭૪ ૪૭૫, ૪૭૭.

પરંતુ ઉપરની કલમો સીવાયની કલમો મુજબ કરેલા ગુન્હા માટે ગુન્હેગારને પકડતી વખત પોલીસ અમલદારે બેસી રહેવાનું નથી. ગુન્હેગાર સામે થાય તોપણ પકડનાર અમલદારે તો સામા થઈ તેને પકડવો જોઇએ. અને એમ કરવામાં તે કસુર કરે તો તે પોતે ગુન્હો કરે છે. ગુન્હેગાર સામો થાય તો પીનલકોડની કલમ ૧૦૦ મી મુજબ તેને, પોતાના ખાનગી બચાવના હકમાં, તે ગુન્હેગારને મારી નાંખવા સુધીની કાયદો સત્તા આપે છે; પરંતુ એક બાજુ ઉપર જ્યારે પોલીસ અમલદારને આટલી સત્તા આપવામાં આવે છે ત્યારે, પોતાની જીંદગીના જોખમે પણ તહોમતદારને પકડવાની ફરજ તેને માથે નાંખેલી છે.

ખાનગી શખસોને ક્રી. પ્રો. કલમ ૪૨ મુજબ ગુન્હેગારો પકડવાની ફરજ નંખાયલી છે. અને ક્રી. પ્રો. ની કલમ ૪૩, ૫૯ મી કલમો મુજબ જો કે તેઓ પકડવાને બંધાયલા નથી તોપણ તેમને ગુન્હેગારને પકડવામાં મદદ કરવાની સત્તા અપાયલી છે.

દીવાની પ્રોસેસો બજાવતી વખતે ગૃહપ્રવેશ વગેરે કૃત્યો માટે ખાસ લખીત હુકમની જરૂર છે. (તે માટે જુઓ સીવીલ પ્રોસીજર કલમ ૬૨ અને કલમ ૫૫.)

(પડદાનશીન સ્ત્રીઓને પકડવા માટે જુઓ. ઈ. લો. રી. ૭ કલકત્તા પાનુ ૧૯. કાદંબીની દાસી વિ. કઇલાસકામીની દાસી.)

જ્યારે કોઈ સરકારી અમલદારની સામે દીવાની દાવો કરવામાં આવે, અને એનો બચાવ એમ હોય કે તેણે જે કૃત્ય કર્યું છે તે કાયદો અમલમાં મુકવા માટેજ કરેલું છે, ત્યારે, તેણે (પ્રતીવાદીએ) બતાવવું જોઇએ કે જે કૃત્ય તેણે કર્યું છે તે કરવામાં તે કાયદેસર રીતેજ વર્તેલો છે. પરંતુ જ્યારે એવાજ સંજોગોમાં તેની સામે ફોજદારી ફરીયાદ કરવામાં આવે ત્યારે ઈ. પી. કોડ કલમ ૭૬ મુજબ તે ભુલ થયાનો બચાવ પણ લાવી શકે છે. એટલે એકજ જાતના સંજોગોમાં દીવાની અને ફોજદારી ફરીયાદમાં આટલો તફાવત રહેલો છે.

---

૧. રાણી વિ. અમરસંગ ઈ. લો. રી. ૧૦ મું. પાનુ ૫૦૬.

૨. ભાઉ જીવાજી વિ. મુલજી દયાળ ઈ. લો. રી. ૧૨ મું. પાનું ૩૭૭.

૮૦. કાંઈ કાયદેસર કામ કાયદેસર રીતે, કાયદેસર ઉપયોગથી તથા ઘટતી સંભાળ અને ખબરદારીથી, કરતાં ઇતેફાકન અથવા કમનસીબથી અને સાપરાધ ઈરાદા કે જ્ઞાન વીના થએલી કાંઇ વસ્તુ ગુનો છે એમ સમજવું નહી.

કાંઈ કાયદેસર કામ કરતાં ઈતેફાક.

દ્રષ્ટાંત—(અ) એક કુહાડો લઇને મજુરીનું કામ કરે છે એટલામાં તેનું માંથુ હાથમાંથી જુદુ થઇને ઉડીને પાસે ઉભેલા એક માણસને લાગીને તે માણસ મરી જાય તો એ ઠેકાણે જો બરાબર ખબરદારી રાખવામાં **અ** ની તરફથી કાંઈ કસુર ન હોય તો **અ** નું કામ માફ કરવા જેવું છે. ગુન્હો નથી એમ સમજવું.

ટીકા.—જ્યારે કમનસીબ (દઈવયોગ) થી કંઇ કૃત્ય થાય ત્યારે પ્રશ્ન એ થાય છે કે એ કૃત્ય વાસ્તવીક રીતે જોતાં કેટલું નિર્દોષ છે? અને બીજો કેટલી સંભાળથી તે કૃત્ય કરવામાં આવ્યું છે? એક ઘોડો દઈવયોગે નહાસી જઈ કોઇને ઇજા કરે તો આ કલમનો બચાવ ગુન્હેગારને મળી શકે, પરંતુ પોતાનાજ કૃત્યથી ઘોડાને એવી સ્થીતીમાં લાવી મુકયો હોય કે તે બીજા શખસને ઇજા કરે તો તેને આ કલમ કંઈ બચાવ કરી શકતી નથી. એક માણસે પોતાની બંદુક છોડી અને જમવા ગયો. આવીને તેણે સહજ ચાંપ દબાવી એટલામાં સામે બેઠેલી તેની સ્ત્રીને વાગવાથી તેનું મરણ નીપજ્યું. કારણ એ હતું કે તેની ગેરહાજરીમાં બીજા શખસે બંદુક ભરી હતી.

કમનશીબ (દઈવયોગ) નો બનાવ બનવો તેટલાજ કારણસર દીવાની જોખમદારી ઓછી થતી નથી. એક દાવામાં દઇવયોગ બચાવ તરીકે લાવતી વખતે જણાવવું પડે છે કે, પ્રતીવાદી જે બનાવથી ગુન્હો બન્યો તે બનાવ બનતો અટકાવવાને તદન અશક્ત હતો, પરંતુ ફોજદારીમાં તેમ નથી.

એક કેસમાં, મરનાર અને તહોમતદાર શાહુડીનો શિકાર કરવા માટે સાથે ગયા હતા. તેમણે અંદર અંદર મસલત કરીને અમુક જુદી જુદી જગોએ શિકારની વાટ જોતા બેઠા. કેટલોક વખત પછી તહોમતદારે કંઇક ગરબડ સાંભળી અને તેને શાહુડી માનીને તેણે તે બાજુમાં અવાજ કર્યો. પરંતુ ગોળી તેના સોબતીને વાગી ને તેથી તેનું મોત નીપજ્યું. માજીસ્ટ્રેટે તેને ૩૦૪ અ મુજબ સજા કરી, તેમાં ઠરાવ અને સજા રદ કરી ઠરાવ્યું કે–તહોમતદાર ૩૮૦ મુજબ બચી શકે છે. કારણકે તદન અકસ્માતથી એ બનાવ બન્યો હતો. તેમજ, પરવાના વગરની બંદુકથી તેણે અવાજ કરેલા તે હકીકત, આ કલમની રૂએ તેના બચાવને કંઈ જુદી રીતની અસર કરતી નથી. +

૮૧. જો કાંઇ વસ્તુ હાની કરવાના સાપ્રાધ ઈરાદા વગર, તથા શુદ્ધબુદ્ધિથી શરીર અથવા મીલકતને થતી બીજી હાની અટકાવવાને અથવા તેથી તે બચાવવાને કરી હોય, તો તે વસ્તુની હાની થશે એવો સંભવ છે એમ જાણીને તે વસ્તુ કીધી એટલાજ સબબપરથી તે ગુન્હો છે એમ સમજવું નહીં.

જે કામથી હાની થાય એવો સંભવ હોય તે કામ ગુન્હાના ઈરાદા વગર તથા બીજી હાની અટકાવવાને કરેલું.

ખુલાસો––એવી બાબતમાં તે અટકાવવાની અથવા જેથી બચાવ કરવાનો તે હાની એવી તરેહની તથા એટલી નજદીકની હતી કે જે કામથી બીજી હાની થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં તે કામનું જોખમ માથે લેવું એ કાયદેસર અથવા માફ કરવા જેવું ગણાય. એ હકીકતની બાબત છે.

+ કીંગ એમ્પરર. વિ. ટીમા પા. ૩ બોમ્બે લૉ રીપોર્ટર ૫૭૮.

દ્રષ્ટાંત—(**અ**) એક આગબોટના કપતાન **અ** ને એકાએક તથા પોતાની તરફથી કાંઇ ભુલ અથવા ગફલત વીના એમ દીઠામાં આવે કે હું એવી સ્થીતીમાં આવી પડયો છઉં કે જો હું મહારા વહાણનો માર્ગ બદલું નહી તો તેને હું અટકાવી શકુ તે પેહેલાં ૨૦ અથવા ૩૦ ઉતારૂવાળી એક **બ** હોડીને એ વહાણ લાગીને જરૂર નીચે બેસાડી દેસે અને જો હું માર્ગ બદલું તો માત્ર બે ઉતારૂવાળી એક **ક** હોડી નીચે બેસાડી દેવાનું જોખમ માથે લેવું પડે અને તે હોડી એવી છે કે બને તો બચી પણ શકે હવે એ ઠેકાણે **ક** હોડી નીચે બેસાડી દેવાના ઇરાદા વગર તથા શુદ્ધબુદ્ધિથી **બ** હોડી માંહેના ઉતારૂઓને બચાવવાના હેતુથી જો **અ** પોતાનો મારગ બદલે તો જે કામ કરેથી **ક** હોડી નીચે બેસી જશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં તે કામ કરેથી **ક** હોડી નીચે બેશી જાય તોપણ **અ** એ કાંઈ ગુન્હો કર્યો એમ સમજવું નહીઃ પરંતુ હકીકતની બાબત દાખલ એમ માલમ પડવું જોઇએ કે જે ભયમાંથી બચવાનો તેણે ઇરાદો કર્યો તે એટલો મોટો હતો કે તેહને લીધે તેણે **ક** હોડી નીચે બેસાડી દેવાનું જોખમ માથે લીધું તે માફ થઇ શકે.

(**બ**) એક મ્હોટી આગમાં **અ** લોકોનાં ઘરો તોડી પાડે એટલા સારૂ કે તે આગ પથરાથી અટકે અને એ કામ તે શુદ્ધબુદ્ધિથી માણસની જીંદગી અથવા મીલકત બચાવવાના ઇરાદાથી કરે તો એ ઠેકાણે જો એવું માલમ પડે કે અટકાવવાની હાની એવી તરેહની તથા એટલી નજીકની હતી કે તેથી **અ** નું કામ માફ થાય તો **અ** એ એ ગુન્હો કીધો એમ સમજવું નહીં.

ટીકા.—જ્યારે ચોકસ રીતે બે નુકસાન અગર બેમાંથી એક થવાનું છે એમ કોઇને માલમ પડે ત્યારે તેવા પ્રસંગે બેમાંથી ન્હાનુજ નુકશાન થાય તે માટે કંઇક તાત્કાલીક બુદ્ધિ વાપરવાના કૃત્યને કાયદેસર ગણવા માટે આ કલમ યોજાયલી છે.

પરન્તુ પોતાને કાંઇ ફાયદો કરવાની ખાતર બીજાને નુકશાન કરનાર આ કલમનો બચાવ લઇ શકતો નથી. દાખલા તરીકે ગમે તેટલી તંગી હોય પરન્તુ તેટલા માટે કપડાં યા ખોરાક ચોરનારને આ કલમનો બચાવ મળી શકતો નથી. જો કે તેની તંગીની બાબત, તેને શિક્ષાની ન્યુનતા માટે ધ્યાનમાં લઈ શકાય છે તે જુદી વાત છે.

પીનલકોડ બનાવનારા પોતાના રીપોર્ટમાં લખે છે કેઃ—ચોરી કરનારાઓને ભુખ યા તંગીને બચાવ તરીકે આગળ ધરવાનું ઘણું સામાન્ય થઇ પડયું છે અને કેટલીક વખત એમ પણ હોય છે કે તંગીની તીવ્રતા, ચોરીની કલમમાં આપેલી શીક્ષા, અને તેના પરીણામે થતી બેઆબરૂ કરતાં ઘણી વધી પડે છે. આમ હોય છે ત્યારે, શિક્ષાથી તેની સ્થીતીમાં ફેરફાર થઈ શકતો નથી. પરંતુ તેટલા માટે તેને શિક્ષા ન કરવી એમ ઠરી શકતુ નથી."

એક માણસને ત્યાં હંમેશાં તાડીની ચોરી થતી હતી. તે પકડવા માટે તેણે એક દીવસ તાડીના વાસણમાં થોરીયાનું દુધ ભેળવ્યું. અને આમ કરીને તે લઇ જનાર ચોરને પકડયો. તે ચોરને ઇજા થવાથી તેની ફરીયાદ થતાં, તાડીના વાસણમાં થોરીયાનું દુધ ભેળવવા માટે આ કલમ બચાવ તરીકે સ્વીકારવામાં આવી નહતી અને ઈ. પી. કોડ કલમ ૩૨૮ મુજબ તેને શીક્ષા કરવામાં આવી હતી.૧

એક કેસમાં, બૉમ્બે મોટર વીહીકલ્સ ઍકટ સને ૧૯૦૪ ના બીજા, ની રૂએ એક શખસ ઉપર કામ ચલાવવામાં આવ્યું હતું તેમાં ચીફ જસ્ટીસ જેન્કીન્સે ઠરાવ્યું હતું કે—જ્યારે કાયદાની રૂએ માત્ર કેદનીજ સજા થઈ શકતી હોય, અને કોર્ટ હલકામાં હલકી સજા કરવાના સંજોગો જુએ ત્યારે એક દીવસની સજા કરવાનો હેતુ તહોમતદાર પ્રત્યે દયા બતાવવાનો હોય છે. તેવે પ્રસંગે તેવા શખસને રીતસર કેદખાનામાં બેસારવામાં આવતો નથી. પરંતુ છૂટો હોય તેવીજ રીતે રાખવામાં આવે છે.

એમ્પરર વી. બેયન ૮ બૉમ્બે લૉ રિપોર્ટર ૪૧૪.

---

૧. રાણી વિ. ધનીયા. ૫ મુ. હા. પાનુ ૫૯.

૭ વરસથી ઓછી ઉંમરના બાળકે કરેલું કામ.

૮૨. સાત વરસથી ઓછી ઉમરના બાળકે, ક-રેલી કાંઇ વસ્તુ ગુન્હો છે એમ સમજવું નહીં.

ટીકા.—ઇગ્લંડમાં એક કેસમાં એક છોકરૂં લાકડાનો કટકો ચોરવાના કૃત્યમાંજ પકડીને પોલીસમાં સોંપવામાં આવેલું તેમાં ચીફ જસ્ટીસ અર્લે જણાવ્યું કે-સાત વર્ષની અંદરનું છોકરૂં ગુન્હાઇત કૃત્ય માટે જવાબદાર કરતું નથી. (માર્શ. વિ. લોડર ૧૮૬૩ સી. બી.)

૭ વરસથી વધારે અને ૧૨ વરસથી ઓછી ઉંમરનું બાળક જેની અક્કલ જોઇએ તેટલી પુખ્ત થઇ નથી તેનું કામ.

૮૩. સાત વરસથી વધારે અને બાર વરસથી ઓછી ઉમરનું બાળક જેની અકલ તે વખતે પોતાની ચાલ કેવી છે તથા તેથી શું પરીણામો થશે, એ બાબત વીચાર કરી શકે એટલી પુખ્ત થઇ નથી તેણે કરેલી કાંઇ પણ વસ્તુ ગુન્હો છે એમ સમજવું નહીં.

ટીકા.—પીનલકોડ મુજબ એમ ધારવામાં આવે છે કે સાત વરસ પહેલાં માણસ ગુન્હો કરવાને અશકત હોય છે અને બાર વરસ પછી તે જોખમદારીમાંથી મુક્ત થઇ શકતું નથી. વચ્ચેના વખતમાં, ફોજદારી ગુન્હો બને તેવા કૃત્યને માટે તેની જવાબદારી, તેના મગજની સ્થીતી ઉપર આધાર રાખે છે તે દરમ્યાનના વખતમાં, કોઈ બચ્ચું ગુન્હો કરે તે માટે અનુમાન, વિરૂદ્ધ કરવું કે તરફમાં તે માટે પીનલકોડમાં કે પુરાવામાં કાંઇ જણાતુ નથી. આ વખતે કેસની હકીકત, આજુબાજુના સંજોગો, અને પડેલા પુરાવા ઉપરથી તે સમજવા માટે રાખ્યું હશે.

બંગાળામાં દસ વરસની એક છોકરીએ તેના ધણીને મારી નાખ્યો હતો. પુરાવા ઉપરથી એમ જણાતુ હતું કે તે છોકરીએ આગળથી મારી નાખવાનો વિચાર કર્યો હતો, તેને પાર પાડવા યુક્તી રચી હતી અને પોતાના કૃત્યનુ તેને બરોબર ભાન હતું. આ ઉપરથી તેને દેશનીકાલની સજા કરવામાં આવી હતી પરંતુ "રેફોરમેટરી"માં સાત વરસ મોકલવા માટેની ભલામણ સાથે તે કેસને લેફટેનન્ટ ગવરનર સાહેબને ત્યાં મોકલી આપવામાં આવ્યો હતો.૧

એક કેસમાં નવ વરસના છોકરાએ અઢી રૂપીઆની કીંમતનો એક ગળાનો દાગીનો ચોર્યા અને તહોમતદારને તુર્તજ પાંચ આના માટે વેચ્યો તેમાં એ છોકરાને આ કલમની રૂએ છોડી મેલવામાં આવ્યો હતો પરંતુ તહોંમતદારને ચોરેલી મીલકત સંઘરવા માટે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.*

દીવાના શખસનું કામ.

૮૪. જે શખસ કાંઇ કામ કરતી વખતે દીવાનગીના સબબથી હું કેવી રીતનું કામ કરૂંછું એ અથવા જે કામ હું કરૂંછું તે ખોટું છે અથવા કાયદાથી ઉલટુ છે એવું જાણી શકતો નથી તેનું કરેલુ તે કામ ગુનોહ છે એમ સમજવું નહીં.

ટીકા.—ગાંડપણને બચાવ તરીકે ઘણા કેસોમાં લેવાય છે; અને તેને માટે જુદા જુદા ગ્રંથો પણ રજુ કરવામાં આવે છે, પરન્તુ, તે બચાવની હદ આ કલમમાંથીજ શોધી કહાડવી જોઇએ. એક ગુન્હેગાર ગાંડો હોવાનો બચાવ મુકે, ત્યારે તેણે બતાવવું જોઇએ કે, તે કૃત્ય કરતી વખતે, ગાંડાઇના સબબથી, તેના કૃત્યનું સ્વરૂપ તે ઓળખવાને અશક્ત હતો.૨,

* ઈ. લો. રિ. ૬ મદ્રાસ ૩૭૩.

૧. રાણી વિ. મુસંમત આઈમોના ૧ સધરલેન્ડ ક્રી, પાનું ૪૩.

૨. રાણી વિ. રસાઈમીયા ઈ. લો. રી. ૨૨ કલકતા પાનુ ૮૧૭.

આવા સંજોગો વચ્ચે પુરાવાની કલમ ૧૦૫ મુજબ, ગાંડાઇ સાબીત કરવાનો બોજો આરોપીને માથે રહે છે.

(અર્ધાંગ વાયુની મગજ ઉપર થતી અસર માટે જુઓ. સજ્જીદઅલી વિ. ઈબાદઅલી. ઇ. લો. રી. ૨૩ કલકત્તા પાનુ ૧)

ઇંગ્લંડમાં આ વિષય ઉપર મેકનોટનનો મ્હોટો કેસ થયેલો છે. જેમાં ઉમરાવોની સભા હજુર કેટલાક પ્રશ્નો મુકવામાં આવ્યા હતા. તેમાના જવાબોના તારણરૂપે આ કલમ હયાતીમાં આવેલી જણાય છે.૧

જયારે દીવાનાપણાનો બચાવ આ કલમના અપવાદની રૂએ મુકવામા આવે છે ત્યારે, સઉથી વધારે ઉપયોગની જુબાની, જે દાક્તરની સારવાર તળે આરોપી રહેલો હોય છે તેની થઈ પડે છે. પરન્તુ સામાન્ય રીતે જોતાં, જે ચિન્હની હયાતી પ્રથમ જાણવામાં આવી ન હોય, તેવા ચીન્હથી ઉપજતા ઉભરા દરમ્યાન કંઇક કૃત્ય કરવામાં આવ્યું હોય ત્યારે તે ઉપર શંકાની નજરે જોવાય છે. વખતે એમ બની શકે કે તેવું કૃત્ય, ભાંગ, ગાંજો, દારૂ, અફીણ કે એવા નિશાનો ઉભરા દરમ્યાન થતાં ચીન્હોના પરિણામરૂપે થઈ શકે છે.૨

આ કલમની રૂએ મુકેલા બચાવ દરમ્યાન ગુન્હો થયા પહેલાનાં સંજોગો, તેની સાથેના, તેમજ તેની પછીના સંજોગો, અસાધારણ અગત્યનો પ્રકાશ ફેંકે છે, અને બહુ સાવધપણાથી તે તપાસવા જોઇએ છે. આરોપીએ કરેલા કૃત્ય માટે કંઈ મક્કમ વિચાર કર્યો હતો? કંઈ તે માટે તૈયારી કરી હતી? તે કૃત્ય કરયા પછી તેને છુપું રાખવા માટે તેણે કંઈ પેરવી કરી હતી? ગુન્હો કર્યા પછી તેણે ગુન્હો કર્યો છે એવું ભાન તેને હોવાનું જણાયું હતું? તે ન પકડાય તે માટે તણે કાંઈ કયુ હતું? પકડાયો ત્યારે કાંઇ જુઠુ બોલ્યો હતો? વગેરે વગેરે સવાલો અગત્યના થઈ પડે છે. વળી વિશેષ અગત્યનો સવાલ એ થઇ પડે છે કે—જો પોલીસનો સીપાઇ પાસે ઉભો રહ્યો હત તોપણ તે તેજ કૃત્ય કરત કે કેમ ?

ગાંડાઇ શોધી કહાડી, તેને સાબીત ગણવાનું કાર્ય અગત્યનું છે. સહજ ભુલ કે ગફલત વચમાં આવવાથી વખતે એક નિરદોષી, દોષીત ઠરે છે, અને દોષીત માણસ છુટી જાય છે, અને જડજની પવિત્ર ફરજને કલંકીત કરે છે. જન સ્વભાવનાં લક્ષણ એક સરખા હોતા નથી. દુનિયાની હયાતી પછી અદ્યાપી સુધી જાણવામાં આવેલા, ઉચ્ચ ગુણોમાંના લગભગ દરેક ગુણ પોતાના કબજામાં હોવા છતા—દેવપણાને અને પોતાને થોડા ઇંચનું છેટું હોવા છતાં, સ્વાભાવિક બાહ્યાકારો—હાથ પગ ઈત્યાદી, એક પ્રાણીને, "માણસ" જ કહેવરાવે છે. અને માણસ જેવાં માણસોનો આહાર કરી જવામાં, તેઓ પોતાની હંમેશની ચાલતી ક્રીયા કરતાં કંઇપણ ન્યુનાધીક કરતાં નથી એવું સમજનારાં નીચ પ્રાણીઓ, પણ આકારે કરીને તો, માણસ સંજ્ઞાવડેજ ઓળખાય છે. મ્હો ઉપરથી ગુણદોષ તપાસવાનું શાસ્ત્ર, અને શબ્દો, વરતણુક, વગેરે પરથી અનુમાન બાંધવાનું શાસ્ત્ર હજુ ઘણું અપુર્ણ સ્થીતીમાં છે. રાત દીવસ ગુન્હો કરી પંજરામાં ઉભા રહેનાર બંધવાઓ, ઉપરના બે વર્ગ કહ્યા તેમાંના નહીં પણ વચલી સ્થીતીના જોવામાં આવે છે. તેમના મગજની સ્થીતી તપાસવાનું કાર્ય જેટલું અઘરૂં છે તેથી ઓછુ ઉપયોગી ને ઓછું મહત્વનું નથી અને સ્વાભાવીક રીતે જોતાં તે એક ન્યાયાધીકારીને ગુચવણમાં નાખે છે. ગાંડા થવાની સરળતા, સહેલાઇ, આ ગુંચવાડામાં વધારો કરે છે. આથી આ કલમને બચાવ તરીકે ખડી કરવામા આવે ત્યારે બહુ સાવધનતાની જરૂર રહે છે.

(આરોપી ગાંડો જણાય ત્યારે ચલાવવાના પ્રોસીજર માટે જુઓ ક્રી. પ્રો. કલમ ૪૬૪–૪૭૪)

જ્યારે કોઈ આરોપી ગાંડો ન હોય, પરન્તુ કામ સમજી શકે તેવો ન હોય તેને માટે ક્રી. પ્રો. કલમ ૩૪૧ માં ખાસ વિધી કહેલી છે.

---

* ઈ. લો. રિ ૨૯ કલકત્તા. ૪૯૩.

૧ ૧ રાણી વિ. લક્ષ્મણ દાગડુ ઇ. લો. રી. ૧૦ મુંબાઇ પાનુ ૫૧૨; રાણી વિ. વેંકટાચલમ ઇ. લો. રી. ૧ મદ્રાસ પાનુ ૪૦૪; રાણી વિ. રજાઇમીયાં ઇ. લો. રી. ૨૨ કલકતા ૮૧૭ રાણી વિ. કાદર ઈ. લો. રી. ૨૩ કલકતા પાનુ ૬૦૪.

૨ રાણી વિ. સખારામ ઈ. લો. રી. ૧૪ મુંબાઈ પાનુ ૫૬૪.

ક્રી. પ્રો. ક. ૩૪૧. તોહોમતવાળો દિવાનો નહિ હોય તો પણ ચાલેલું કામ તેને સમજાવી શકાતું ન હોય, તો ચોકસી અથવા ઇન્સાફનું કામ ચલાવવાનો કોર્ટને અખત્યાર છે; અને હા ઇકોર્ટ શિવાય બીજી કોર્ટની બાબતમાં, જો તે ચોકસી કરતાં તોહોમતવાળાને કમિટ કરવો પડે, અથવા તે ઇન્સાફ કરતાં તે ઉપર ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરવો પડે; તો ચલાવેલાં કામના કાગળ તથા તે કામની હકીકત રિપોર્ટ હૈ કોર્ટમાં મોકલવો, અને હૈ કોર્ટને યોગ્ય લાગે તેવો તે બાબત હૈ કોર્ટે હુકમ કરવો.

ગાંડા બંધીવાનોને જેલમાંથી "લ્યુનાટીક એસાયલમ" (ગાંડાઓની ઈસ્પીતાલ) માં મોકલવા ગ જુઓ ૧૮૫૮ નો આક્ટ ૩૬ મો; અને ૧૮૬૭ નો આક્ટ ૨ જો.

પોતાની મરજીથી દારૂ પીવાના પરિણામે, કંઇ દરદ થયું હોય અને તેથી ક. ૮૪ માં કહ્યા મુજબ અશકતતા ઉત્પન્ન થઇ હોય તો તેવા સંજોગોમાં તહોમતદારે કરેલ કૃત્ય માટે તેનો આ કલમથી બચ થાય છે, જો કે તે દરદ હંગામી-ટુંક વખત ચાલનારૂં હોય તોપણ.*

પોતાની ખુશી ન છતાં થએલી કેફના સબબથી જે શખસ વીચાર કરવાને અશકત થયો છે તેનું કામ.

૮૫. જે શખસ કાંઇ કામ કરતી વખતે કેફના સબબથી હું કેવી રીતે કામ કરૂંછું અથવા હું જે કામ કરૂંછું તે ખોટું અથવા કાયદાથી ઉલટુ છે એવું જાણી શકતો નથી તેનું કરેલુ તે કામ ગુન્હો છે એમ સમજવું નહિ પણ જે વસ્તુથી તેને કેફ ચડી તે વસ્તુ તે જાણે એમ અથવા તેની ખુશી ન છતાં તેને ખવાડ હોય તો,

ટીકા:—દારૂ પીવાના સબબથી કાયદાની દૃષ્ટિમાં અમુક ગુન્હાનું સ્વરૂપ હોય તે કરતાં વધારે ભય થતું નથી. ૧ કંઇક યુક્તિથી, અમુક શખસને, તેની જાણ બહાર અગમ ફરેબથી દારૂ પાવામાં આ તો તેનો બચાવ આ કલમની રૂએ થાય છે.

જે ગુન્હામાં અમુક ઇરાદો અથવા જ્ઞાન જોઇતું હોય તે ગુન્હો જેને કેફ ચડી હોય એવા માણસે કરેલો.

૮૬. જે જે બાબતોમાં કાંઇક કામ અમુક જ્ઞાન અથવા ઇરાદાથી કર્યું હોય તો તે ગુન્હો ન ગણાય એવો હોય તે બાબતોમાં જે શખસ કેફની હાલતમાં હોઈને તે કામ કરે તે શખસની ઉપર જાણે તેને કેફ ચડી ના હોય તો જે જ્ઞાન તેને હોત તેજ જ્ઞાન તેને હતું એમ સમજીને અમલ થવાને તે લાયક થશે પણ જે વસ્તુથી તેને કેફ ચડી તે વસ્તુ તે ના જાણે એમ અથવા તેની ખુશી ન છતાં તેને ખવડાવી ન હોય તે

ટીકા.—પોતાની મરજી વિરૂદ્ધ કેફ કરી હોય તેની અસર આગલી કલમમાં લખ્યા મુજબ દીવાનપણાની અસર જેટલીજ થાય છે.

પરન્તુ પોતાની મરજીથી કરેલી કેફની અસર કાયદામાં જુદી થાય છે. અમુક આરોપીએ પોતાની મરજી કેફ કરી હોય તો કાયદો એમ ધારે છે કે, તેણે કેફ ન કરી હત, અને જે જ્ઞાનથી તેણે અમુક કૃત્ય કર્યું તેજ જ્ઞાનથી તેણે ચાલતા કેસમાનું કૃત્ય કરેલું હોવું જોઇએ. દાખલા તરીકે, પોતાની મરજીથીજ એક સખ કેફ કરી હોય, અને નીશામાં તેણે પીસ્તોલથી ખુન કર્યું હોય, અને પછી તે બચાવ લાવે કે—તેને કેફના સ

૧ ઝુલફરખાન ૧૬. વી. રી. ૩૬. ૮ બં. લૉ. રિ. આપે. ૨૧.

અથી ખબર નહતી કે તેના હાથમાં પીસ્તોલ હતી તો તેનો એ બચાવ ચાલી શકશે નહી. કારણ કે નિશાં વગરના કોઈ સામાન્ય માણસે એવો બચાવ રજુ કર્યો હોય તો તે ચાલી શકતો નથી. પોતાના કૃત્યનું પરીણામ સહુએ જાણવુંજ જોઈએ. અને પોતાની ઇચ્છાથી કેફ કરેલા સખશને, જ્યાં અમુક જ્ઞાન ધારી બેસવાનું હોય છે ત્યાં, કાયદો સામાન્ય માણસોની પેઠેજ ગણે છે.

પરન્તુ કેફ વગરનો માણસ, મનની અમુક સ્થીતીને પોતાના બચાવ તરીકે રજુ કરી શકે તેવા સંજોગોમાં, મરજીથી કેફ કરનાર સખશ પણ નિશાનો બચાવ લાવી શકે ખરો. દાખલા તરીકે, એક સખશને ખોટો સીક્કો ચલાવવાના વાંક માટે ઉભો રાખવામાં આવ્યો હોય, અને એ એમ બચાવ લાવે કે–" મ્હારે રેલવે ટ્રેન ચુકી જવાની હતી તે ન ચુકાય તે માટે હું ઉતાવળથી દોડતો હતો. અને ઉતાવળમાંજ ટીકીટ ઓફીસમાં તે ખોટો સિક્કો રજુ કર્યો હતો. અને ઉતાવળે, મનની સ્થીતી એવા પાયાપર મુકી હતી કે સારો ખોટો સિક્કો પારખવાની સામાન્ય સમજ નષ્ટ થઈ હતી. હવે આવાજ પ્રસંગમાં, એક પોતાની મરજીથી કેફ કરેલો સખશ પણ એમ કહી શકે ખરો કે–કેફના સબબથી તે ખરો ખોટો સિક્કો પારખી શકયો નહતો. વળી એક માણસ મોડી રાત્રે પડોસીના ઘરમાં પ્રવેશ કરે, અને તે સારૂ ચોરીના ઈરાદાથી ગૃહપ્રવેશ કરવાના ગુન્હા માટે તેના પર ફરીયાદ ચાલતી હોય તે દરમ્યાન ગૃહપ્રવેશ વખતે તેણે કરેલી કેફ, તે ચોરી કરવાના ઇરાદાથી આવ્યો નહતો તે માટે, બચાવમાં લઇ શકાય છે.

કેટલાંક ગુન્હાઈત કૃત્યો બનવા " ઇરાદો " એક તત્વ હોય છે. એટલે ઇરાદાનો અભાવ સાબીત કરવાના પ્રસંગે આ કલમનો ઉપયોગ થઇ શકે છે.

જે કામથી મોત અથવા મહા વ્યથા કરવાનો ઇરાદો કર્યો નથી અથવા તે થશે એવો સંભવ જાણવામાં નથી એવું કામ રજામંદીથી કરેલું.

૮૭. જે વસ્તુથી મોત અથવા મહાવ્યથા કર્યાનો ઇરાદો કર્યો નથી અને જેથી મોત અથવા મહાવ્યથા થશે એવો સંભવ છે એમ તેનો કરનાર જાણતો નથી. તે વસ્તુ કરવાથી થતી હાની ખમવાની જે શખસે સાફ રીતે અથવા અર્થ સમજાય એવી રીતે રજા મંદી આપી હોય એવા અઢાર વરસથી વધારે ઉમરના કોઇ શખસને કાંઈ હાની થાય અથવા કાંઈ હાની કરવાનો તે વસ્તુ કરનારે ઇરાદો કર્યો હોય, તે હાનીના સબબથી અથવા જે શખસે તે હાનીનું જોખમ માથે લેવાની રજા મંદી આપી હોય તે શખસને તે વસ્તુથી કાંઇ હાની થશે એવો સંભવ છે એમ તે વસ્તુ કરનાર જાણતો હોય તે હાનીના સબબથી તે વસ્તુ ગુન્હો છે એમ સમજવું નહી.

દ્રષ્ટાંત.

અ તથા જ અમથા રમતને સારૂ એક બીજા સાથે પટો ખેલવાનું કબુલ કરે; તો એ કબુલતમાં અર્થાત હરેકની એવી રજા મંદી સમજાય છે કે વગર દગલબાજીએ તે પટો ખેલતાં જે હાની થાય તે ખમવી. હવે અથી વ્યાજબી રીતે ખેલતાં જ ને કાંઇ વ્યથા થાય તો અ એ કાંઇ ગુનોહ કર્યો એમ સમજવું નહી.

ટીકા.—કબુલાતથી, (બીજા કંઇ અપવાદમાં આવી શકતો હોય તેવો હેતુ ન હોય તો.) કોઈનુ મરણ નીપજાવાય તો તે શીક્ષણીય મનુષ્યવધ થાય છે. એક બીજાની સંમતીથી બે સખસો દ્વંદ યુદ્ધ કરે, અને તેમાંથી એકનું મૃત્યુ થાય તો જે બચે તે સખશ ૩૦૦ મી કલમના ૫ મા અપવાદમાં આવે છે

પરન્તુ શીક્ષણીય મનુષ્યવધના ગુન્હામાંથી મુક્ત થઈ શકતો નથી, સતી થનાર સ્ત્રીને મદદ કરનારા પણ શીક્ષણીય મનુષ્યવધના ગુન્હેગાર થાય છે. એક બીજાની સંમતી લઇને પણ, ઉઘાડી તરવારોવડે, રમત રમનારાઓએ જાણવું જોઇએ કે તેમના કૃત્યનું પરીણામ એક ગુન્હામાં આવે.

જે કામથી મોત થાય એવો ઇરાદો કર્યો નથી તે કામ રજા મંદીથી તથા શુદ્ધબુદ્ધિથી કોઇ સખસના ફાયદાને માટે કરેલું.

૮૮. જે વસ્તુથી મોત થાય એવો ઇરાદો કર્યો નથી તે વસ્તુથી થતી હાની ખમવાની અથવા તે હાનીનું જોખમ માથે લેવાની જે શખસે સાફ રીતે અથાત સમજાય એવી રીતે રજામંદી આપી હોય તે શખસના ફાયદાને માટે શુદ્ધબુદ્ધિથી તે કરવામાં તે શખસને કાંઈ હાની થાય અથવા તેને કંઇ હાની કરવાનો ઇરાદો તે કરનારે કર્યો હોય અથવા તેને તેથી કાંઇ હાની થશે એવો સંભવ છે એમ તે કરનારે જાણ્યું હોય તે હાનીના સબબથી તે વસ્તુ ગુન્હો છે એમ સમજવું નહી.

દ્રષ્ટાંત.

અમુક સહસ્ત્ર ક્રીયા કરવાથી **જ** નું મોત થશે એવો સંભવ છે એમ જાણીને પણ **જ નું** મોત આણવાનો ઇરાદો ન કરતાં અને **જ** કાંઈ દુખકારક રોગથી પીડા પામે છે. તેને ફાયદો થાય એવા ઈરાદાથી શુધબુધીએ જ ની રજામંદી લઇને તેની ઉપર સહસ્ત્ર ક્રીયા, **અ** દાકતર કરે તો **અ** એ કાંઈ ગુન્હો કર્યો એમ સમજવું નહીં.

ટીકા.—કબુલતથી કોઇને જે કંઈ ઈજા કરવામાં આવે તે ઈજા કરવાનું કામ **શુદ્ધબુદ્ધિથી** તેના ફાયદાને માટે હોવુ જોઇએ પરન્તુ એક માણસના માથા ઉપર એક લીંબુ મુકીને તેને શુદ્ધબુદ્ધિથી બંદુકવડે ઉરાડી મુકવાનું કૃત્ય આ કલમમાં લાવી શકાશે નહી તેવીજ રીતે એક ભીખારીનો અવયવ ભાગી નાખવામાં આવે, અને તેમ કરીને તેને ભીખ માગવા માટે સરળતા કરી આપવામાં આવે, અગર લશ્કરી નોકરીમાંથી નાલાયક ઠરાવવા માટે એકાદા સિપાઇનો હાથ પગ ભાગી નાંખવામાં આવે તો તે કંઈ આ કલમની રૂએ "કાયદો" ગણવાનો નથી. સામાન્ય રીતે બુદ્ધિમાન માણસો "કાયદો" કોને ગણે એ ધોરણ ઉપર વિચાર કરવાનો છે.

કોઇ શખસ વૈધકીય ધંધામાં નિપુણ ન હોય, એટલે કે નિયમીત રીત્યે મેડીકલ પ્રેકટીસ ન કરતો હોય, પરંતુ તેમ કરવાનો ઢોંગ કરીને, અને કોઈને અમુક દરદ માટે સારવાર કરવાનું માથે લે, અને તેમાં તે દરદીને સારાને બદલે ઉલટું નરસું પરિણામ આવે, અને અયોગ્ય દવાથી નુકશાન થાય તો તે માટે તેવો શખસ જવાબદાર થાય છે.

કોઇ બાળક અથવા દીવાનાના ફાયદા માટે તેના વાલીએ અથવા વાલીની રજામંદીથી બીજા શ-

૮૯. કોઇ બાર વરસથી ઓછી ઉમરના અથવા દીવાના શખસના ફાયદાને માટે તે શખસનો જે વાલી હોય અથવા જે બીજા સખસના કાયદેસર હવાલામાં તે શખસ હોય તે, અથવા તેની સાફ રીતે અર્થાત સમજાય એવી રીતે રજામંદી લેઇને કોઈ બીજો શખસ શુદ્ધબુદ્ધિથી કાંઇ વસ્તુ કરે અને તે વસ્તુથી તે શખસને

અસે શુદ્ધબુદ્ધિથી કરેલું કામ.

સરતો.

કાંઇ હાની થાય અથવા તેને કાંઇ હાની કરવાનો ઇરાદો તે કરનારે કર્યો હોય અથવા તેને તેથી કાંઇ હાની થશે એવો સંભવ છે એમ તે કરનારે જાણ્યું હોય તો તે હાનીના સબબથી તે વસ્તુ ગુન્હો છે એમ સમજવું નહી. પરંતુ,

પેહેલી—ઇરાદાથી મોત આણવાને અથવા મોત આણવાની કોશીશ કરવાને આ અપવાદ લાગુ પડશે નહી.

બીજી—કાંઈ વસ્તુનો કરનાર શખ્સ એમ જાણતો હોય કે એથી મોત આવે એવો સંભવ છે તે વસ્તુ મોત અથવા મહાવ્યથા અટકાવવાના અથવા કાંઇ મોટો રોગ કે અશક્તતા દુર કરવાના કારણથી કાંઇ બીજા કારણ માટે તે શખ્સ કરે તેને આ અપવાદ લાગુ પડશે નહી.

ત્રીજી—મોત અથવા મહાવ્યથા અટકાવવાના અથવા કાંઇ મોટો રોગ કે અશક્તતા દુર કરવાના કારણ શીવાય બુદ્ધિપુર્વક મહાવ્યથા કરવાને અથવા મહાવ્યથા કરવાની કોશીશ કરવાને આ અપવાદ લાગુ પડશે નહી.

ચોથી—જે ગુન્હો કરવાને આ અપવાદ લાગુ પડતો નથી તે ગુન્હો કરવામાં મદદગારી કરવાને પણ એ લાગુ પડશે નહી.

દ્રષ્ટાંત.

અ શુદ્ધબુદ્ધિથી પોતાના બાળકના ફાયદાને સારૂ પોતાના બાળકની રજામંદી સીવાય તેની પથરી કાહાડવાને તેની જાંગમાં એક દાકતર પાસે ચીરાવે અને તે એમ જાણતો હોય કે એ શસ્ત્રક્રીયાથી એ બાળકનું મોત થશે એવો સંભવ છે પણ તે બાળકનો જીવ જાય એવો તેનો ઇરાદો ન હોય તો અ આ અપવાદમાં દાખલ થાય છે કેમકે તેની મતલબ પોતાના બાળકનો રોગ જાય એ છે.

ટીકા.—આ કલમની રૂએ, બાર વરસની અંદરના સખશની કબુલાતને બદલે તેના વાલીની કબુલાત ચાલી શકે છે, પરન્તુ તે તેના ફાયદા માટે હોવી જોઇએ. ("ફાયદો" કોને કહેવો તે બાબત જુઓ કલમ ૮૮ ની ટીકા.)

માબાપ અથવા શિક્ષકો છોકરાની સુધારણાને માટે સામાન્ય રીતે તેને શિક્ષા કરે તે આ કલમની અંદર રહેલા બચાવનો લાભ લઈ શકે છે.

હેહેશત અથવા ખોટી સમજથી અપાઈ એવી જાણેલી રજામંદી.

બાળક અથવા દીવાના શખસની રજામંદી.

૯૦. કાંઇ નુકશાનની હેહેસતથી અથવા હકીકતની ખોટી સમજથી કાંઈ રજામંદી કોઇ શખસથી અપાઇ હોય અને તે રજામંદી તેવી હેહેશતથી અથવા ખોટી સમજથી અપાઇ છે એમ તે કામ કરનાર શખસ જાણતો હોય એમ માનવાનું તેને કારણ હોય અથવા જે શખસ દીવાનગી અથવા કેફના સબબથી જે કામ બાબત પોતાથી રજામંદી અપાતી હોય તે કામ કેવી તરેહનું છે તથા તેનો પરીણામ કેવો થશે એ સમજવાને

અશકત હોય એવા શખસે રજામંદી આપી હોય તો તે રજામંદીને આ કાયદાની કોઇ પણ કલમમાં લખેલી રજામંદી જેવી સમજવી નહી.

ટીકા.—આ કલમ "કબુલત" રજામંદીની વ્યાખ્યા આપે છે.–કાયદેસરની કબુલતનું પૃથક્કરણ કરી બતાવે છે; એટલા માટે એમાં મહત્વનો કાનુંન સમાયલો છે. કાયદેસરની કબુલત, ઇન્ડીયન પીનલકોડ મુજબ ગણાય તે માટે નીચેની ૫ બાબતોની જરૂર છે.

(૧) તે નુકશાનની દહેશતથી ન અપાયલી હોવી જોઈએ.

(૨) હકીકતની ખોટી સમજથી ન અપાયલી હોવી જોઇએ.

(ઉપરના બન્ને કેસોમાં, રજામંદી આપનાર સખશ જાણતો હોવો જોઇએ કે એવા સંજોગો વચ્ચે તે રજામંદી અપાવે છે.

(૩) દીવાનગીના સબબથી રજામંદી અપાઇ ન હોવી જોઇએ.

(૪) કેફના સબબથી ન અપાઈ હોય.

(૫) બાર વરસની અંદરના સખસે ન આપેલી હોવી જોઇએ.

એક સખશ સાપનો ડંખ ઉતારવામાં ફતેહમંદ છે એમ જણાવી, એક બીજાને તેણે સાપ કરડાવ્યો, અને તેનું મરણ નીપજ્યું. સાપ ઉતારવાની આરોપી શકતી ધરાવે છે એવી હકીકતની ખોટી સમજથી મરનારે રજામંદી આપી હતી એમ ઠરાવવામાં આવ્યું હતું.[૧]

તેવીજ રીતે ઇ. લો. રિ. ૧૮ કલકત્તામાં કલકત્તાની કુલબેંચે એ મુજબ ઠરાવ્યું છે.

રજામંદી આપનાર સખશને થનારી હાનીના સંબંધ વીના પણ જે કામો ગુન્હો છે તે કામોને ૮૭ ૮૮ તથા ૮૯મી કલમો માંહેલા અપવાદો લાગુ પડતા નથી.

૯૧. જે શખસ રજામંદી આપતો હોય અથવા જેની વતી રજામંદી અપાતી હોય તે શખસને હાની થાય જે હાની થાય અથવા જે હાની કરવાનો ઇરાદો થયો હોય અથવા જે હાની થશે એવો સંભવ છે એમ જાણવામાં આવ્યું હોય અથવા જે હાનીના સંબંધ વીના પણ જે કામો ગુન્હો છે તે કામોને ૮૭, ૮૮ ૮૯મી કલમમાંના અપવાદો લાગુ પડતા નથી.

દ્રષ્ટાંત:—શુદ્ધબુદ્ધિએ કોઈ સ્ત્રીનો જીવ બચાવવાના હેતુથી ન કર્યો હોય તો તે સ્ત્રીને તેથી કાંઈ હાની થાય અથવા કાંઈ હાની કરવાનો ઈરાદો કર્યો હોય તે હાનીના સંબંધ વીના પણ ગર્ભપાત કરવો એ ગુનો છે માટે તે હાનીના સબબથી કાંઇ તે ગુનો નથી અને તે સ્ત્રી અથવા તેના વાલીની રજામંદી લઇને તેનો ગર્ભપાત કર્યો હોય તો તે રજામંદીથી તે કામ નહી ગુનો એમ થતુ નથી.

ટીકા:—જે કૃત્ય કરવાનું હોય તે જો વસ્તુત: ગુન્હોજ હોય, તો તે કરવાની કબુલત આપવામાં આવે તેથી તેની અસર કંઈ ઓછી થતી નથી. એ સિદ્ધાંત આ કલમથી સમજાય છે.

કોઈ સખશની વગર રજા-

૯૨. જે શખસના ફાયદાને સારૂ કાંઇ વસ્તુ કરવી છે તે એવી હાલતમાં આવી પડયો હોય કે તેથી રજામંદી બતાવી શકાતી ન હોય અને કોઇ વાલી અથવા તેને કાયદેસર હ-

---

૧. રાણી. વિ. પુનાઈ ફાતમા ૧૨ સધરલેન્ડ ક્રી. પાનુ ૭૧.

મંદીએ તેના ફાયદા સારૂ શુદ્ધબુદ્ધીએ કરેલું કામ. સરતો.

વાલામાં રાખનારો કોઇ બીજો શખસ ન હોય કે તે વસ્તુ કરેથી ફાયદો થાય એ રીતે વખતસર તેની રજામંદી મેળવી શકાય તો તેવી વેળાએ શુદ્ધબુદ્ધિથી તે શખસના ફાયદાને સારૂ તેની રજામંદી વગર કાંઇ વસ્તુ કરી હોય તો તેથી તે શખસને કાંઇ હાની થાય તે હાનીના સબબથી ગુનો છે એમ સમજવું નહીં, પરંતુ

પહેલી—ઇરાદાથી મોત આણવાને અથવા મોત આણવાની કોશીશ કરવાને આ અપવાદ લાગુ પડશે નહિ.

બીજી—કાંઇ વસ્તુનો કરનાર શખસ એમ જાણતો હોય કે એથી મોત આવે એવો સંભવ છે તે વસ્તુ મોત અથવા મહાવ્યથા અટકાવવાના અથવા કાંઇ મોટો રોગ કે અશક્તતા દુર કરવાના કારણથી કાંઇ બીજા કારણ માટે તે શખસ કરે તેને આ અપવાદ લાગુ પડશે નહિ.

ત્રીજી—મોત અથવા વ્યથા અટકાવવાના કારણથી કાંઈ બીજા કારણ માટે બુદ્ધિપુર્વક વ્યથા કરનારને અથવા વ્યથા કરવાની કોશીશ કરવાને આ અપવાદ લાગુ પડશે નહિ.

ચોથી—જે ગુનો કરવાને આ અપવાદ લાગુ પડતો નથી તે ગુનો કરવામાં મદદગારી કરવાને પણ એ લાગુ પડશે નહિ.

દ્રષ્ટાંત—(અ) જ પોતાના ઘોડાપરથી પડીને બેહોશ થઇ જાય અને તેવામાં અ દાક્તર ત્યાં આવી પહોંચે તેના વિચારમાં એમ આવે કે જની ખોપરી કાપવી જોઇએ પછી જને વિચાર કરવાની શકતી પાછી આવતાં પહેલાં અગર અ જનું મોત આણવાના ઇરાદાથી નહિ પણ શુદ્ધબુદ્ધિથી જના ફાયદાને માટે જની ખોપરી કાપે તો અએ કાંઈ ગુનોહ કર્યો એમ સમજવું નહિ.

(બ) જને એક વાઘ લઇ જાય છે તે જોઇને અ તે વાઘને તાકીને ગોળી મારે અને તે ગોળીથી જનો જીવ જાય એવો સંભવ છે. એમ જાણીને પણ જનો જીવ લેવાના ઇરાદાથી નહિ અને શુદ્ધબુદ્ધિએ જને ફાયદો કરવાના ઇરાદાથી તે ગોળી મારે અને તેની ગોળીથી જને તેનો જીવ જાય એવુ જખમ લાગે તો અએ કાંઇ ગુન્હો કર્યો એમ સમજવું નહિ.

(ક) એક બાળક એકાએક એવી આફતમાં આવી પડે કે તેની ઉપર તરત કોઇ સહસ્ત્રક્રીયા ન થાય તો તેનો જીવ જાય એવો સંભવ હોય અને તે બાળકના વાલીની રજા લેવાની વેળા ન હોય એવી હાલત જોઇને તે બાળકના કાલાવાલા પર નજર ન રાખતાં શુદ્ધબુદ્ધિએ તે બાળકના ફાયદાને માટે અ દાકટર તે સહસ્ત્રક્રીયા કરે તો અ એ કાંઇ ગુનો કર્યો એમ સમજવુ નહિ.

(ડ) એક ઘરને આગ લાગી છે તે ઘરમાં અ છે તથા જ બાળક છે એવામાં લોક નીચે એક ચાદર પહોળી કરીને પકડી રહે અને અ તે બાળકને તે ઘરનાં છાપરાપરથી નીચે નાખે એવું જાણીને કે નીચે પડેથી એ બાળકનો જીવ જાય એવો સંભવ છે પણ તે બાળકનો જીવ લેવો એવો તેનો ઇરાદો ન હોય અને તે શુદ્ધબુદ્ધિએ બાળકને ફાયદો કરવાનો ઇરાદો તેણે કર્યો હોય તો એ ઠેકાણે અગર પડવાથી તે બાળકનો જીવ જાય તો પણ અ એ કાંઇ ગુનો કર્યો એમ સમજવું નહિ.

ખુલાસો—ફકત પઈસાની તરફનો ફાયદો થતો હોય તેને ૮૮, ૮૯ તથા ૯૨ મી કલમના અરથ પ્રમાણેનો ફાયદો સમજવો નહિ.

ટીકા:—ચોખ્ખે ચોખ્ખી ના પાડવા છતાં એક સરજન કોઇ સખસ ઉપર શસ્ત્ર ક્રિયા ચલાવે તેને તો આ કલમમાં આપેલા અપવાદનો લાભ ન મળે એમ સ્પષ્ટ અનુમાન થઈ શકે છે. એક ભયંકર ઉપચારનો વિધી સમજાવ્યા પછી, દરદી આનાકાની કરે તો દાકતરે તે પડતો મુકવો જોઈએ. પરંતુ એક દાંત ખેંચતાં, અગર એક પાકેલા ગુમડામાંથી પરૂ કહાડતાં જે હોસાતોષી થાય છે તે રજા મંદી ખેંચી લેવા માટે થાય છે તેમ ન સમજવું જોઇએ; દરદનું ન્હાના મ્હોટાપણું; દરદની ઉમર, સરજનની કુશળતા, વગેરે વગેરે સંજોગો, આ અપવાદનો લાભ લેવામાં આવે ત્યારે ધ્યાનમાં રાખ્યાં ઉપરાંત દરદીની સ્થીતી—એટલે દરદી પોતે જાતે કેવા વખતમાં મનની કેવી સ્થીતિમાં છે તે પણ જોવાનું છે.

શુદ્ધબુદ્ધીએ કંઈ કહેવું.

૯૩. કોઇ શખસના ફાયદાને સારૂ તેને શુદ્ધબુદ્ધિએ કાંઈ કહેવામાં આવે અને તેથી તે શખસને કાંઇ હાનો થાય તો તે હાનીના સબબથી તે કહેવું ગુન્હો છે એમ સમજવું નહી.

દ્રષ્ટાંત—એક માંદા માણુસને તેનો દાકટર આ શુદ્ધબુદ્ધિએ પોતાનો અભિપ્રાય કહે કે તું જીવી શકવાનો નથી અને તે હબકથી તે માંદો માણુસ મરી જાય તો અગર અને ખબર હતી કે એ પ્રમાણે કહેવાથી તે માંદા માણુસનું મોત થાય એવો સંભવ છે તો પણ અએ કાંઇ ગુનો કર્યો એમ સમજવું નહિ.

ટીકા.—કોઈને કંઈ ખબર આપવાથી તેનુ મરણ નીપજવાનો કોઇ કેસ હજુ સુધી રીપોર્ટ થએલો જણાતો નથી.. આ કલમ ઘડવાનો હેતુ એવો જણાય છે કે—૨૯૯ કલમમાં "કોઈ પણ કૃત્ય જેથી મરણ નીપજે" એ મતલબના શબ્દો બહુ વિશાળ છે. એટલે વખતે કોઇ બહુ માંદા માણસને કંઇક હૃદય ભેદક બનાવના માઠા સમાચાર પ્રાણઘાતક થઇ પડે એ સંભવીત છે, પરન્તુ કેટલેક સ્થળે આ કલમમાં બતાવેલા દ્રષ્ટાંતમાં આપેલા સંજોગો તથા એવા બીજા પ્રસંગે કેટલીક હકીકત કહેવી જરૂરની થઇ પડે છે અને તેવા સંજોગોમાં તે ખબર શુદ્ધબુદ્ધિથી આપનાર સખસોને બચાવવાના ઇરાદાથી આ કલમ ઘડાયલી છે.

તેમજ વાસ્તવીક રીતે કોઈ પ્રકારના માઠા ખબર મોત નીપજાવવા એવા હેતુથી જ આપવામાં આવે તેવે પ્રસંગે ગુન્હેગારે કંઇ કરયુંજ નથી એવા ખોટા બચાવથી બચી ન જાય તે પણ આ કલમનો હેતુ છે.

જે કામ કોઇ સખશને ડરથી કરવું પડે.

૯૪. ખુન તથા રાજ વિરૂદ્ધ જે ગુન્હાને માટે મોતની શીક્ષા ઠરાવેલી છે તે ગુન્હાઓ શીવાય જે કામ કોઈ શખસને કાંઈ ધમકીને લીધે કરવું પડે તે ધમકી એવી હોય કે જેથી તે કામ કરતી વેળાએ તે શખસના મનમાં કારણસર એવી દેહેશત પેદા થાય કે જો હું એ કામ નહી કરીશ તો મારૂ તાત્કાળીક મોત થશે તો તે કામ ગુન્હો છે એમ સમજવું નહી પણ તે કામ કરનાર શખસ પોતાની ખુશીથી અથવા પોતાને તાત્કાળીક મોત કરતાં કાંઇ ઓછી હાનીના કારણસર દેહેસતથી એવી હાલતમાં પોતે આવ્યો હોય કે તેથી તેની ઉપર તે દાબ થયો એમ ન થવું જોઇએ.

ખુલાસો ૧ લો—જે સખશ પોતાની ખુશીથી અથવા માર મારવાની ધમકીના સબબથી આ માણસો ડાકાઇટી છે એમ જાણીને તે ડાકાઇટીની ટોળીમાં ભળે અને પછી કાયદા મુજબ ગુન્હો હોય એવી કાંઇ વસ્તુ તેના સોબતીઓના જોરથી તેને કરવી પડે તો તેને આ અપવાદનો ફાયદો મળી શકતો નથી.

ખુલાસો ૨ જો—કોઇ સખશને ડાકાઇટીની એક ટોળી પકડે, અને તેને તરત મારી નાખવાની ધમકી દેખાડીને કાયદા મુજબ ગુન્હો હોય એવી કાંઇ વસ્તુ તેની પાસે કરાવે જેમ કે કોઇ લુહાર પાસે તેના હથીઆર લેવાડીને પોતે કોઇ ઘરમાં પેસીને તે લુંટી લેવા સારૂ તે ઘરનાં બારણાં ઉઘડાવે તો તેને આ અપવાદનો ફાયદો મળી શકે છે.

ટીકા.—ગમે તેટલો ડર બતાવવામાં આવે પરંતુ ખુન અગર રાજ્ય વિરૂદ્ધ ગુન્હો કરવાથી આ અપવાદનો લાભ નથી મળતો. એટલા માટે જો એક માણસને એમ ડર બતાવવામાં આવે કે, અમુક સખસનું તે ખુન નહીં કરે તો તેનું પોતાનુંજ ખુન કરવામાં આવશે તો, કાયદો એમ ઇચ્છે કે તેવી સ્થિતિમાં મુકાયલા શખસે પોતે મરવું પસંદ કરવું, વળી એક કેસમાં જુઠી સાક્ષી પુરવા બાબત એક સાક્ષી ઉપર કેસ ચલાવવામાં આવતાં તેણે એવો બચાવ રજુ કર્યો કે, પોલીસ ઇન્સ્પેકટરના દબાણથી તેણે જુઠી સાક્ષી પુરી હતી. તે બચાવ ચાલી શકયો નહોતો. ૧

વળી રૂસવત આપવા માટે એક સખસ ઉપર ચાલતા કામમાં તેણે એવો બચાવ રજુ કર્યો હતો કે જે અમલદારોને રૂસવત આપવામાં આવી હતી તે એટલા બધા અનીતિમાન હતા કે રૂસવત આપ્યા વગર કામ થાય તેમ ન હતું તેમાં ઠરાવવામાં આવ્યું હતું કે તે બચાવ ચાલી શકે નહીં.૨

આ કલમની રૂએ ઉપસ્થીત થતા ગુન્હાઓના સંબંધમાં તહોમતદારને બે અગ્ની વચ્ચે રાખવા જેવું કેટલેક પ્રસંગે લાગે; પરંતુ જન મંડળના નિભાવ માટે તે જરૂરનું છે.

જુજ હાની થાય એવું કામ.

૯૫. કાંઈ વસ્તુથી કાંઇ હાની થાય અથવા કાંઇ હાની કરવાનો ઇરાદો કર્યો હોય અથવા કાંઇ હાની થશે એવો સંભવ જાણ્યામાં હોય પણ તે હાની એટલી જુજ હોય કે સાધારણ સમજ તથા સ્વભાવનો કોઇ શખસ તે હાની બાબત ફરીયાદ કરે નહી તો તે હાનીના સબબથી તે વસ્તુ ગુન્હો છે એમ સમજવું નહી.

ટીકા:—વ્યથાની અને હુમલો કરવાની વગેરે કેટલીક વાખ્યાઓ એવી છે કે રસ્તે ચાલતાં અથડા અથડી થાય કે એક બીજાની છત્રી અડકે તો ગુન્હો થઇ જાય. રેલવે ટ્રેનમાં એક પેસેન્જરને ઘસડાઇને બેસવાથી વ્યથા થઈ જાય. પરંતુ એવી સામાન્ય બાબતોને ગુન્હો ગણવામાં આવે તો જનસમુહનો નિભાવ કઠણ થઇ પડે એટલા માટે આ ઉપયોગી કલમ ઘડવામાં આવી હોય એમ જણાય છે.

ત્રણ પાઈની કીંમતની પાપડીઓ સરકારી જમીનમાંથી લેવા માટે ચોરીના ગુન્હા બદલ એક સખસને દોષી કરવામાં આવ્યો હતો અને સાત દિવસની સજા કરવામાં આવી હતી. તેને હાઇકોર્ટે આ કલમની રૂએ છોડી મુકયો હતો.૩ પરંતુ વગર સ્ટાંપનું એક ખત કે જે પુરાવામાં અગ્રાહ્ય હોવાથી નિરર્થક હતું તેને ફાડી નાંખવા માટે આ કલમનો બચાવ ચાલી શકયો ન હતો.૪

એક કેસમાં તહોમતદારને તેના શેઠે કેટલાંક કાગળનાં ફૉર્મો કંપાઉન્ડમાં લઈ જઈને તે બાળી નાંખવાનો હુકમ આપ્યો હતો. તહોંમતદારે તે કાગળો પોતાના ઉપયોગમાં લીધા. તેમાં એવું ઠરાવ્યું કે તેણે સાપરાધ વિશ્વાસઘાતનો ગુન્હો કર્યો ગણાય નહીં. અને ક. ૯૫ પણ લાગુ પડી શકે નહીં.* શેઠે સહજ

---

૧. રાણી. વિ. લતીફખાન. ઇ લો. રિ. ૨૦ મુંબઈ પાનુ ૩૯૪.
૨. રાણી. વિ. મગનલાલ. ઈ. લો. રિ. ૧૪ મુંબઈ પાનું ૧૧૫.
૩. રાણી. વિ. કાલ્યા ૫ મુંબઈ હા. કો. પાનું ૩૫
૪. રાણી. વિ. રામસામી ઇ. લો. રિ. ૧૨ મદ્રાસ. પા. ૧૪૮.
* ઇ. લો. રિ. ૨૯ કલકત્તા. ૪૮૯.

કાગળો ઉપરનું પોતાનું સ્વામિત્વ તે કાગળોને બાળી નાંખવાનો હુકમ આપતી વખતે છોડી દીધું હતું જેથી તેમાં જુજ માલકી (ક. ૯૫ પ્રમાણે) પણ રહી ન હતી જેથી આ કલમ પ્રમાણે પણ કંઇ ગુન્હો થઈ શકે નહીં.

પીનલકોડ સિવાયના બીજા એકટની રૂએ કંઈ જૂજ હાની અગર નહીં હાની છતાં ગુન્હો થાય તેનો બચાવ આ કલમ કરી શકતી નથી. દાખલા તરિકે રેલવેના કંપાઉડમાં દારૂ પીને પડી રહેવાથી રેલવે એક્ટ ક. ૧૨૦ અ મુજબ ગુન્હો થાય છે. પરંતુ એક માણસને એમ કહેવામાં આવ્યું કે તે ખોટી ટીકીટથી રેલવેમાં મુસાફરી કરતો હતો× એક સખસે ખુલ્લી જમીનમાંથી કેટલીક નહીં જેવી કીંમતની માટી લીધી હતી§ એક સખસે અડધું સુકાયલું નહીં સુકાયલું જેવું વડનું ડાળું જે તેના ઘર ઉપર ઝઝુમી રહ્યું હતું તે કાપી નાંખ્યું.† તેમજ એ વકિલ અને બેરીસ્ટર એક કેસમાં રોકાયલા હતા જેમાં અને વકિલે બેરીસ્ટર ઉપર કંઇ આક્ષેપ મૂકતાં બેરીસ્ટરે તેને "લાયર" અથવા જૂઠો કહ્યો+ આ તમામ કેસોમાં આ કલમથી રૂએ નજીવી હાની ગણવામાં આવી હતી.

પરંતુ એક ડીસમીસ થયેલા પોલીસમેને ડીસ્ટ્રીક્ટ સુપ્રીન્ટેન્ડેન્ટ ઑફ પોલીસને, પોતાની અરજ ધ્યાનમાં ન લેવાના કારણથી છત્રી મારી= એમ ઠરાવવામાં આવ્યું હતું કે આ કલમમાં બતાવેલા બચાવનો તે લાભ લઇ શકે નહીં.

ખાનગી બચાવના હક બાબત.

ખાનગી બચાવમાં કરેલી કાંઇપણ વસ્તુ ગુન્હો નથી.

૯૬. ખાનગી બચાવનો હક અમલમાં લાવતાં કરેલી કાંઇપણ વસ્તુ ગુન્હો છે એમ સમજવું નહી.

હિંદુસ્તાનના લોકોનો મ્હોટો ભાગ એટલો બધો બ્હીકણ અને નિર્માલ્ય છે અને પ્રસંગે લૂટારાઓના જુલમને એટલી બધી શરમ ભરેલી રીત્યે તેઓ તાબે થતા જોવામાં આવે છે કે સુધરેલા દેશો કરતાં વધારે ખાનગી બચાવનો હક તેમને આપવામાં આવેલો જણાશે. પીનલકોડ ઘડનારાઓએ એ કામ ડહાપણનું કરેલું છે અને તેથી પ્રજાની અંદર રહેલી વાસ્તવીક સંકટ વખતે વાજબી બચાવ કરવાની લાગણીઓને ઉત્તેજન આપવાનો એ હેતુ છે એ પણ સમજાશે (પીનલકોડ ઘડનારાઓની નોટ બી).

ખાનગી બચાવના હકનું વાસ્તવિકપણું સ્વીકારતાં બેન્થામ પણ કહે છે કે એક માણસ સંકટની ઘડીમાં પોતે જાતે પોતાનું સંરક્ષણ કરી શકે તેટલું કાયદો કે કોર્ટ અગર માજીસ્ટ્રેટ કરી શકે નહીં. તેમજ ગુન્હો કરતી વખતે સામા માણસ તરફથી જે સામનો કરવાની ભીતિ રહે છે તેટલી કાયદાનો ભંગ કરવાની ભીતિ કોઇ ગુન્હેગારને ભાગ્યેજ હોઇ શકે. બેન્થામ તો એટલી હદ સુધી કહે છે કે—જો આ ખાનગી બચાવનો હક લઇ લઇએ તો ગુન્હેગારોના મદદગાર થઇ પડયા ગણાઇએ.

પીનલકોડની રૂએ જે કૃત્ય ગુન્હો નથી, તેની સામે આ પીનલકોડ પ્રમાણે ખાનગી બચાવનો હક ન હોઇ શકે* તેમજ જે માણસો, હુમલો કરવામાં આવશે એમ ધારીને અગાઉથી સામનો કરે તેમને ખાનગી બચાવનો હક મળી શકતો નથી.×

× ઇ. લો. રિ, ૧૩ મદ્રાસ ૩૪.

§ ૩. અ. વી. નો. ૪૬.   † ૧. અ. વી. નો. ૧૦૦.

+ ૨. અ. વી. નોટસ પાનું. ૨૨૯.

* ઇ. લૉ. રિ. ૧૬ કલકત્તા. ૨૦૬; ૨૧૮.

× વીકલી રીપોર્ટર ગેપ નંબર. ૧૧.

તહોમતદારે ખાનગી બચાવનો હક રજુ કરવો જોઇએ અને તે પૂરવાર કહી આપવો જોઇએ.‡ તેમજ નીચલી કોર્ટમાં ખાનગી બચાવનો હક રજુ ન કર્યો હોય તો અપીલમાં તે રજુ ન થઈ શકે.÷

શરીર તથા મીલકતના ખાનગી બચાવનો હક.

૯૭. દરેક શખસને નીચે લખેલા બચાવ કરવાનો હક છે. પણ તે હકને ૯૯ મી કલમમાં લખેલી હદો લાગુ પડે છે.

પેહેલો—શરીર સંબંધી કોઇ પણ ગુન્હાથી પોતાના અથવા બીજા કોઇ સખશના શરીરનો બચાવ.

બીજો—ચોરી અપહરણુ બીગાડ અથવા સાપરાધ પ્રવેશ એ ગુન્હાઓના લક્ષણોમાં દાખલ થઇ શકે એવો ગુન્હો જે કામ હોય અથવા જે કામ ચોરી અપહરણુ બીગાડ અથવા સાપરાધ પ્રવેશ કરવાની કોશીશ હોય તે કામથી પોતાની અથવા બીજા કોઇ પણ સખશની સ્થાવર જંગમ મીલકતનો બચાવ.

ટીકા:—જેની સામો ખાનગી બચાવનો હક વાપરવાનો પ્રસંગ આવે તે સખસ ખોટી રીતે ઢોંગ કરીને સામે થતો હોય તો પણ તેમાં કંઇ હરકત નથી. માત્ર ખાનગી બચાવમાં સામે થનાર શખસે શુદ્ધ બુદ્ધિથી જાણવું જોઇએ કે તે પોતાનો બચાવ નહિં કરે તો આ કલમમાં બતાવેલા ગુન્હા તેની જાત અથવા મીલકત સામે થશે. ૧એક ગાંડો માણસ હુમલો કરવા આવે તેની સામે પણ ખાનગી બચાવનો હક તેટલોજ છે. જો કે તે ગાંડા માણસને તેણે કરેલા ગુન્હા માટે શિક્ષા થઈ શકે નહિ. (ક. ૯૮) એક માણસ ઘરમાંથી સામાન લઇ જતો હોય તેની સામે, જો કે તે કોર્ટનો બેલીફ્જ હોય (તો પણ) જ્યાં સુધી તેને ઓળખવામાં આવ્યો નથી ત્યાં સધી ખાનગી બચાવનો હક તેટલોજ રહે છે. (ક. ૯૯ ખુલાસો ૨) રાત્રે એક સખસ પેટી ઉઘાડતો માલમ પડે તેને મારવા માટે ખાનગી બચાવનો હક પ્હોંચી શકે છે, જો કે પાછીથી માલમ પડે કે તે તો એક ઘરનો નોકરજ હતો. (ક. ૭૯.) એક કૃત્ય, કે જે ફોજદારી ગુન્હો હોય, તેને અટકાવવા માટે, અંદરનાં કેટલાંક નિર્દોષ માણસોને ઇજા કરવા જેટલે છેટે પણ કેટલેક પ્રસંગે જવાનું કાયદાનું ફરમાન છે (ક. ૧૦૬) પરંતુ ખાનગી બચાવના હકમાં સામા શખસને–ગુન્હો કરનારને કયાં સુધી ઇજા કરવી તેની હદ બંધાયલી છે. એક તો ગુન્હો કરનાર સખસ, જેની સામે ખાનગી બચાવનો હક વાપરવામાં આવતો હોય તે કલમ ૧૦૦ અને કલમ ૧૦૩માં બતાવેલા ગંભીર ગુન્હા કરતો હોવો જોઇએ; અને બીજી હદ એ બાંધવામાં આવી છે કે, તે હક વાપરનારના રક્ષણમાં જરૂરનું હોય તે કરતાં વધારે નુકશાન કરવું જોઇએ નહિ.

ખાનગી બચાવનો હક સાબીત કરવાનો હક જો કે તહોમતદારને માથે છે તો પણ ફરિયાદ પક્ષે રજુ કરેલ પુરાવા ઉપરથી અથવા ઉલટ તપાસમાં કહડાવેલી હકીકત ઉપરથી પણ તે પુરવાર થઈ શકે છે.×

ફરિયાદ પક્ષે રજુ કરેલ પુરાવા ઉપરથી ગુન્હો બન્યાનું નીકળતુંજ નથી એમ બચાવપક્ષ બતાવી શકે છે, અને તેવા સંજોગોમાં ખાનગી બચાવનો હક લાવવા અવકાશ નથી. યાદ રાખવાનું છે કે–તહોમતદારે ગુન્હો કર્યો નથી એમ ફરિયાદ પક્ષના પુરાવા ઉપરથી કહેવું એ એક બાબત છે અને ગુન્હો કર્યા છતાં તે ન્યાયસર ખાનગી બચાવમાં કર્યો છે એમ બતાવવું તે બીજી બાબત છે. ગુન્હો સંપૂર્ણ રીતે બનતો હોય એવે પ્રસંગેજ તે તકરાર ઉઠે છે અને તેવે પ્રસંગેજ તે ઉઠાવવી જરૂરની છે.

એક અલ્હાબાદના કેસમાં આ મંડળે એક ખેતર કે જે દેખીતી રીતે તેમનું હતું તેમાં વાવેતર કર્યું હતું અને આ મંડળ ખેતર પોતાનું કહી તેમાંથી કાપણી કરવા માંડી તે ઉપરથી તકરાર થતાં એમ ઠર્યું

‡ ૧૧. કલકત્તા. લૉ. રિ. ૨૩૨.

÷ ઇ. લૉ. રિ. ૨૧ અલ્હાબાદ ૧૨૨. ૨૪ અલ્હાબાદ વીકલી નોટસ પાનું ૧૧૩.

× ઇ. લો. રિ. ૨૧ અલ્હાબાદ.

કે આ મંડળ પોતાના ખાનગી હકના બચાવ માટે લડતા હતા તેમ બતાવી શકતા નથી. પરંતુ ઉપરના કેસમાં બતાવેલા વિચારો વાસ્તવીક નથી એમ બીજી કોર્ટોએ ઠરાવ્યું છે* કારણ કે અમુક કબજેદાર સખશ પછી તે પોતાનો કબજો હોવાનું શુદ્ધ બુદ્ધિની ભૂલથી માનતો હોય તો પણ ધારવામાં આવતા ધસારાની સામે પોતાના ખાનગી હકનો બચાવ કરી શકે છે.

ખાનગી બચાવના હકમાં જરૂર પડતુંજ બળ વાપરવું જોઈએ. પરંતુ તેબાબત કેસની હકીકત અને કામના સંજોગો ઉપર વધારે આધાર રાખે છે. તહોંમતદારને મરચીનું ખેતર હતું તેમાંથી વારંવાર રાત્રે મરચાંની ચોરી થતી. તેણે એક રાત્રે મરનારને મરચાં ચોરતાં જોયો તે વખતે તેણે લાકડીવતી ઘા કર્યો અને તેના પરિણામે મરચાં ચોરવા આવનાર મરણ પામ્યો. તેણે પોતાના ખાનગી બચાવના હકમાં તે લાકડી માર્યાનું ઠર્યું હતું; કારણ કે લૂટનારને જોઇ કોઈ માણસ બહુ નરમાશથી ઘા મારે એવી આશા રાખવામાં આવતી નથી.×

૯૮. જે કામ બીજી હાલતમાં થએથી અમુક ગુન્હો ગણાય એવું હોય તે જે તે કામના કરનારની ન્હાની ઉમરના બુદ્ધીની કચાઇના અથવા દીવાનગીના સબબથી અથવા તેને કેફ ચડી હોય અથવા તે શખસની કાંઈ ખોટી સમજ હોય તે સબબથી તે ગુન્હો થઇ શકતો ન હોય તોપણ જાણે તે કામ તે ગુન્હો હોય એવી રીતે તેથી ખાંનગી બચાવ કરવાનો દરેક શખસનો તેવોજ હક્ક છે.

દીવાના શખસ વગેરેના કામથી બચાવનો હક.

દ્રષ્ટાંત. (અ) દીવાનગીના જોરથી **જ અ** નો જીવ લેવાની કોશીષ કરે તો **જ** એ કાંઇ ગુન્હો કર્યો એમ સમજવું નહીં. પણ **જ** ડાહ્યો હોય એવીજ રીતે ખાંનગી બચાવને **અ**નો હક છે.

(બ) જે ધરમાં પેસવાને **અ** નો કાયદા પ્રમાણે હક છે તે ધરમાં **અ** રાતને વખતે પેસે, **જ** શુદ્ધબુદ્ધીએ **અ** ને ધર ફોડનારો સમજીને **અ**ની ઉપર હુમલો કરે તો એ ઠેકાણે આ ખોટી સમજને લીધે **અ** ની ઉપર હુમલો કરવાથી **જ** એ કાંઈ ગુન્હો કર્યો એમ સમજવું નહીં. પણ **જ** તે ખોટી સમજથી કામ ના કરતો હોય એવીજ રીતે જ ની સામા ખાંનગી બચાવનો **અ** નો હક્ક છે.

ટીકા:—આ કલમ એક અપવાદોના અપવાદ રૂપે છે. ગુન્હો કરનાર સખસ સગીર હોય (ક. ૮૨.) અથવા પક્કી સમજ વગરનો હોય. (ક. ૮૩) ગાંડો હોય (ક. ૮૪) તેણે કેફ કરી હોય (ક. ૮૫) અથવા

---

* ઇ. લો. રિ. ૨૪ અલ્હાબાદ ૧૨૩.
ઈ. લો. રિ. ૧૪ મુંબઈ ૪૪૧.
,, ,, ,, ૨૪ કલકત્તા ૬૮૬.
,, ,, ,, ૨૫ મદ્રાસ ૬૨૪.
,, ,, ,, ૩૫ કલકત્તા ૧૦૩.

† ૧૨. વી. રી. ૧૫.

૧. રાણી. વિ. લતીફખાન. ઇ. લો. રિ. ૨૦ મુંબઇ પાનું ૩૯૪.
૨. રાણી. વિ. મગનલાલ. ઈ. લો. રિ. ૧૪ મુંબઇ પાનું ૧૧૫.
૩. રાણી. વિ. કાલ્યા ૫ મુંબઈ હા. કો. પાનું. ૩૫
૪. રાણી. વિ. રામસામી ઈ. લો. રિ. ૧૨ મદ્રાસ. પા. ૧૪૮.

કાયદાની ભૂલથી કે ગેરસમજથી વર્તતો હોય (૭૬-૭૯) તો પણ સામાન્ય રીતે જેમ બીજા કોઇ સખસની સામે ખાનગી બચાવનો હક હોઇ શકે તેમ તેની વિરૂદ્ધ તે હક ભોગવાઇ શકે છે.૧

કીયા કામોથી ખાંનગી બચાવ કરવાનો હક્ક નથી.

૯૯. પહેલી—જે કામથી મોત અથવા માહાવ્યથા થવાનો કારણસર ભય ઉત્પન્ન થતો નથી એવુ કાંઇ કામ કોઇ સરકારી નોકર પોતાના ઓદ્ધાની રૂઇએ શુદ્ધબુદ્ધિએ અમલ કરતાં જો કરે અથવા કરવાની કોશીશ કરે તો પછી તે કામ બરાબર કાયદા મુજબ ન હોય તોપણ તે કામથી ખાંનગી બચાવનો હક્ક નથી.

બીજી—કામથી મોત અથવા મહાવ્યથા થવાનો કારણસર ભય ઉત્પન્ન થતો નથી એવું કાંઇ કામ કોઇ સરકારી નોકર પોતાના હોદ્દાની રીતથી શુદ્ધબુદ્ધિએ અમલ કરતાં કરેલા હુકમ ઉપરથી જો કોઈ કરે અથવા કરવાની કોશીશ કરે તો પછી તે હુકમ બરાબર કાયદા મુજબ ન હોય તોપણ તે કામથી ખાનગી બચાવનો હક નથી.

ત્રીજી—સરકારી અધીકારીઓને આશરો માગવા જવાની વેળા હોય એવી બાબતોમાં ખાનગી બચાવનો હક્ક નથી.

ચોથી—કોઇ પણ બાબતમાં બચાવ કરવાના કારણસર કરવી જરૂર હોય તે કરતાં વધારે હાની કરવા સુધીનો ખાનગી બચાવનો હક નથી.

કેટલી હદ સુધી એ હક અમલમાં લાવી શકાય.

ખુલાસો ૧ લો—આ કામ કરનારો સરકારી નોકર છે, એવું જે શખસ જાણતો નથી. અથવા એવું માનવાને જેને કારણ નથી તે શખસનો તે સરકારી નોકર જે કામ કરે અથવા કરવાની કોશીશ કરે તે કામથી ખાંનગી બચાવનો હક જતો નથી.

ખુલાસો ૨ જો—આ કામ કરનારો માણસ કોઇ સરકારી નોકરના હુકમથી એ કરે છે, એવું જે શખસ જાણતો નથી, અથવા એવુ માનવાનું જેને કારણ નથી. અથવા ફલાણા અખત્યારથી એ કામ કરૂંછું એમ તે માણસ કહે નહીં, અથવા અગર તે અખત્યાર લખેલો હોય તો માગેથી તે અખત્યાર બતાવે નહીં તો તે શખસનો તે સરકારી નોકરના હુકમથી તે માણસ જે કામ કરે અથવા કરવાની કોશીશ કરે તે કામથી ખાંનગી બચાવનો હક જતો નથી.

ટીકા.—સરકારી નોકરોને આ કલમથી અપાયલું સંરક્ષણ, પ્રજાના હીતની ખાતર જરૂરનું છે, જ્યારે કોઇ સરકારી નોકર તેની ફરજની હદમાં રહીને કામ કરતો હોય, અને તેના સામે કોઈ સખશ થાય ત્યારે તો માત્ર, તેને સરકારી નોકર હોવાનું અજ્ઞાનજ, સામે થનાર સખશને માટે બચાવ તરીકે રહે છે. પરંતુ જ્યારે કોઈ સરકારી નોકરનું કૃત્ય ગેરકાયદેસર હોય, અને તે કૃત્યથી મહાવ્યથા અગર મરણ નીપજવાનો સંભવ હોય ત્યારે તેને ખાનગી બચાવના હકમાં સામે થવું એ કાયદેસર છે. કારણ કે તેમ ન કરતાં, તેવા સંજોગો વચ્ચે મુકાયલા સખશને તે નોકરની સામે કાયદેસર રીતે પગલાં ભરવાનો ઉપાય બતાવવામાં આવે તે વખતે ઘણો મોડો કામ આવે. દાખલા તરિકે એક ખોટા માણસને લટકાવી મારવામાં

---

૧ રાણી. વિ. ગોવરધન. ભયન, ૪ બે ગોલ્ડ લા. રિ. ૧૦૧ (એપેન્ડીકસ) રાણી. વી. અબદુલ હકીમ ઈં. લો. રિ. ૩ અલ્હાબાદ. ૨૫૩.

આવતો હોય, અગર એક માણસને ફટકાની સજા કરવામાં આવતી હોય, અને સદરહુ સખશો ઉપર તેવી શિક્ષા કરવામાં આવી ન હોય.

પરંતુ બે પાર્ટીઓ (મંડળો) પોતાનો હક અથવા કલ્પીત હક અમલમાં મૂકવાને હથીઆરો સજે, અને મોટી સંખ્યામાં લડે તેવે પ્રસંગે જો એમ બતાવવામાં ન આવે કે–તહોમતદારો પોતાના ખાનગી બચાવની હદમાં રહીને લડતા હતા તો કયા પક્ષે સૌથી પ્રથમ હુમલો શરૂ કર્યો તે કંઈ ગણવાનું નથી.* જ્યાં સત્તાવાળાઓને ખબર આપી મદદ મેળવી શકયા જેટલો વખત હોય તેવે પ્રસંગે બળ વાપરવામાં આવે તે ગેરકાયદે છે.+ એક મંડળના કેટલાક અંગી ભૂતો ખાનગી બચાવના હકનું અતિક્રમણ કરે અને વધારે બળ વાપરે તે પછી, તે હકીકત જાણવા છતાં બાકીના સખસો પણ તેમ કરે તો તેઓ જવાબદાર ઠરે છે.× બ ની જમીન ઉપર અ એ પ્રવેશ કર્યો તેથી બ ના નોકરોએ અ ને પકડયો અને બીજા દીવસ સુધી અટકાવમાં રાખ્યો તેમાં ઠરાવવામાં આવ્યું કે બ નું કૃત્ય ખાનગી બચાવના હકમાં આવી શકે નહીં.+

અમુક હુકની પુર્ણતામાં કંઈક ખામી હોય, અને તેવા હુકમને અનુસરીને કોઇ ઓફીસર વર્તતો હોય તો તેથી તેને અટકાવ થઈ શકતો નથી, દાખલા તરીકે સીવીલ પ્રોસીજર કોડની કલમ ૩૫૧ મુજબ એક વારંટ કહાડવામાં આવ્યુ હતું. તેને સીલ કરેલો હતો, પરંતુ આખી સહી કરવાને બદલે તેનાપર આફીસરના નામના પ્રથમાક્ષર માત્ર લખવામાં આવ્યા હતા. તેમાં એમ ઠરાવવામાં આવ્યુ હતું કે તે હુકમ વારંટને અનુસરીને વર્તનાર ઑફીસરને તેના કામમાં અટકાવ કરવો ગેરકાયદેસર હતો.૧ પરંતુ વારંટમાં એવી જાતની ખામી હોય કે જેથી જે સખશને પકડવાનો હોય તે ઓળખાઇ શકે નહિ. દાખલા તરિકે વારંટમાં જે સખશને પકડવાનો હોય તે સખશની ફક્ત અડકજ લખી હોય અને આખું નામ ન આપેલું હોય. મીસ્ત્રી—દોસી—ગાંધી—વીગેરે નામ માત્ર, એકને બદલે દસવીશ સખશોને લાગુ પડી શકે. અને પકડનાર ઑફીસરે તે સખશ કયો છે તે સબંધી ખબર પુરી પાડી વારંટની અપૂર્ણતા પૂરી કરવી, એ એની સત્તાની બાહેર છે તેમ અમુક સખશને તે લાગુ પડતું હોવું જોઇએ અને તેથી તેણે વારંટ અપુર્ણ છતાં, ઉમેદવારી કરી પકડાવા રજુ થવું એવી કંઈ કોઇને માથે ફરજ નથી.

મુંબાઇમાં બે કેસોમાં એમ બન્યું હતું કે પકડવા માટે આખું નામ વારંટમાં હતું પરંતુ તેવાજ આખા નામના બીજા સખશોમાંથી આરોપીને ઓળખવા માટે વારંટમાં તેનું ઠેકાણું નહતું. વારંટમાં લખેલું હતું કે "ઠેકાણુ લખતું" આ વારંટોને મુંબઈ હાઇકોર્ટે ગેરકાયદેસર ઠરાવ્યાં હતાં.૨

સર્ચ વારંટ (તપાસણીના વારંટ) વગર, એક પોલીસ અમલદાર, ચોરાયલી મીલકતની તપાસ કરવા ગયો હતો, તે વખતે એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેને અટકાવ કરવો ગેરકાયદેસર હતો. આ કેસમાં પોલીસ, આરોપી તેમજ ચોરાયલી મીલકત, બન્નેની તપાસમાં હતી અને આરોપીને પકડવાના કાર્યની સાથેજ મીલકત તપાસવાનું કામ ભેગું હોવાથી ગૃહ પ્રવેશ કાયદેસર ગણાયો હતો. પોલીસ શુદ્ધબુદ્ધિથી કામ કરતી હતી એવું સાબીત થયું હતું.૩

---

* ઇ. લો. રિ. ૩૫ કલકત્તા. ૩૬૮.
ઈ. લો. રિ. ૩૫ કલકત્તા. ૩૮૪.
ઇ. લો. રિ. ૩૫ કલકત્તા. ૪૪૩.
× ઇ. લો. રિ. ૩૫ કલકત્તા. ૧૦૩.
\+ ઈ. લો. રિ. ૩૬ કલકત્તા. ૨૯૬.
\+ ૧૩. વી. રી. ૬૪.

૧. રાણી, વિ જાનકીપ્રસાદ. ઈ. લો, રિ. ૮. અલ્હાબાદ પાનુ. ૨૯૩. અબદુગફુર. વિ. રાણી. ઈ. લો. રિ. ૨૩ કલકત્તા પાનું. ૮૯૬,

૨. રી. હેસ્ટીંગ્સ. ૯. મુંબઇ હા. કોર્ટ પાનુ ૧૫૪. આલટર કોફમેન વિ. ગવરમેન્ટ ઑફ બોમ્બે ઈ. લો. રિ. ૧૮ મુંબઈ પાનુ. ૬૩૬.

૩. રાણી. વિ. વ્યંકટરાવ. ૭ મુંબઇ હા. કોર્ટ પાનું. ૫૦. રાણી. વિ. પુકટ. ઈ. લો. રિ. ૧૯ મદ્રાસ. ૩૪૯.

પરંતુ એક બેલીફ હુકમનામું થયેલા પ્રતિવાદીની મીલકત છે એમ ધારીને એક ત્રીજા સખશના ઘરમાં પેઠો, અને તેના ઘરનાં બારી બારણા ભાગી નાંખ્યાં, અને પછીથી માલમ પડયું કે, તે સંખશની મીલકત તે ઘરમાં નહતી, હાઇકોર્ટે ઠરાવ્યું કે, બેલીફનું કૃત્ય ગેરકાયદે હતું, અને તેને અટકાવ કરવાથી ઈન્ડીયન પીનલકોડની કલમ ૧૮૩ અને ૧૮૬ મુજબ ગુન્હો થઇ શકતો નથી.૧ વળી કલકતામાં એક સ્થળે, બેલીફ, વારંટની રૂએ મીલકત જપ્ત કરવા જતો હતો, અને તે વારંટ મુદત થઈ જવાથી નિરૂપયોગી થઈ પડયું હતું. તે બેલીફને અટકાવ કરનાર સખસોને. ઇ. પી. કોડની કલમ ૧૮૩ મુજબ ગુન્હેગારો ગણવામાં આવ્યા નહતા.૨

વારંટમાં જે સખશનું નામ હોય તે ખોટું હોય, પરંતુ જે સખશને પકડવાનો હોય તેના નામને મળતું આવતું હોય; અને કોન્સ્ટેબલ જે નામ લખ્યું હોય તેને નહીં પરંતુ જે ખરેખરો સખશ પકડવાનો હોય (પરંતુ જેનું નામ વારંટમાં સ્પષ્ટ નથી) તેને પકડે તો તેનું કૃત્ય ગેરકાયદે છે. તેની ફરજ તો માત્ર વારંટના શબ્દોની અક્ષરસઃ તાબેદારી ઉઠાવવાની છે.

જ્યારે એકજ આખા નામના બે માણસો હોય, અને કોન્સ્ટેબલ ખોટા માણસને પકડે ત્યારે તેની જવાબદારી તેની શુદ્ધબુદ્ધિ ઉપર આધાર રાખે છે.૩

મદ્રાસના એક કેસમાં એમ બન્યુ હતું કે; વારંટની રૂએ એક હુકમનામાના દેણદારની મીલકત જપ્ત કરવાની હતી, અને જપ્ત કરવા જનાર અમલદારે શુદ્ધબુદ્ધિથી બીજાની મીલકત હતી તે, સદરહુ દેણદારની છે એમ ધારીને જપ્ત કરી, પરંતુ ખરૂં જોતાં તે મીલકત તે દેણદારની નહતી. તે ઑફીસરને અટકાવ કરવાનું કાયદેસર નથી એમ ઠરાવવામાં આવ્યું હતું.૪

મુંબઈના એક કેસમાં, વાદીએ મામલતદારની કોર્ટમાં જમીનના કબજાની ફરીઆદ કરીને હુકમનામુ મેળવ્યું. તકરારી જમીન મજીયારાની હતી અને દાવા અરજીમાં મજીયારાની વેંહેચણની માગણી હતી નહીં, અને માગણી કરી હોત; તો પણ મામલતદારની કોર્ટથી તે દાદ મળી શકે તેમ નહતી. બજાવણી વખતે એમ જણાયું કે તે જમીન પ્રતિવાદી અને બીજાઓ અવિભક્તપણે ભોગવતા હતા. તે ઉપરથી કલેકટરને પુછવામાં આવ્યું, અને કલેકટરે વેંહેચણી કરી પ્રતિવાદીનો ભાગ વાદીને સોંપવા હુકમ કર્યો. પ્રતિવાદી સામે થયો અને સરકારી અમલદારને તેની ફરજ બજાવવામાં હરકત કરવા માટે તેના ઉપર ફોજદારી રાહે કામ ચલાવવામાં આવ્યું તેમાં છેવટ હાઇકોર્ટથી એમ ઠરાવવામાં આવ્યું કે—૯૯ મી કલમના ૧ લા અગર બીજા ખુલાસાનો આશ્રય બજાવણી કરનાર અમલદારને મળી શકે તેમ નહતું. કારણ કે તે પોતાની ફરજની હદ બાહેર ઘણો વધી ગયો હતો.૫ કલકત્તાના એક કેસમાં, એક સાક્ષીને હાજર કરવા માટે એક પોલીસ અમલદારે ગેરકાયદેસર રીતે વારંટ કહાડયું હતું, અને તેની સામે અટકાવ કરવામાં આવ્યો હતો તેમાં ઇ. પી. કોડની કલમ ૧૪૩ અને ૧૮૬ ઉપરનું તેના ઉપરનું તહોમત રદ કરવામાં આવ્યું હતું.૬

એક શખસના સામે જ્યારે વારંટ કહાડવામાં આવે છે ત્યારે તેને તે જોવાનો અને તેની મતલબ જાણવાનો હક છે. અને ક્રી. પ્રો. કોડની કલમ ૪૮૦ મીમાં સ્પષ્ટપણે બતાવ્યું છે કે વારંટ બજાવનાર ઓફીસરે તે બતાવવું. એટલા માટે એક અમલદાર પાસે પકડવા જાય તે વખતે વારંટ મોજુદ ન હોય અગર જે હોય તે માત્ર વારંટની કોપીજ હોય, અગર વારંટ હોવા છતાં તેની મતલબ જણાવવા તે પ્રયત્ન

---

૧. રાણી વિ, ધાઝીબાબા. ૭ મુંબઈ હા. કો. પાનુ ૮૩.
૨. આણંદલાલ. વિ. રાણી. ઇ. લો. રિ. ૧૦ કલકત્તા પાનુ. ૧૮.
૩. ગંગાચરન. વિ. રાણી ઈ. લો. રિ. ૨૧ કલકત્તા. પાનુ. ૩૯૨.
૪. રાણી. વિ. થારૂચીતાંબલા. ઇ. લો. રિ. ૨૧ મદ્રાસ. પાનુ ૭૮, રાણી. વિ. પુનામલી ઈ. લો, રિ. ૨૧ મદ્રાસ. પાનુ ૨૯૬.
૫. રાણી વિ. તુલસીરામ ઇ. લો. રિ. ૧૩ મુંબઈ પાનું ૧૬૮.
૬. રાણી. વિ. જોગેન્દ્ર. ઈ. લો. રિ. ૨૪ કલકતા. ૩૨૦

ન કરે તો સામે થનાર સખસના ઉપર ઇન્ડીયન પીનલકોડ કલમ ૧૮૬ અગર ૨૨૫ બી અથવા ૩૩૨ મુજબ તહોમત મુકી શકાતું નથી.૧

પરંતુ જે કેસોમાં વારંટ વગર એક સખસને પકડી શકાય અને ક્રી. પ્રો. ક. ૫૬ મુજબ પોલીસ અમલદારે અમુક સખસને પકડવા ચીઠી આપી હોય, તો તેને રજુ કરવી એવું કંઈ નથી અને તેવા અમલદારને સામે થવું કાયદેસર નથી.૨

જે શખસને વારંટ સોંપવામાં આવ્યું ન હોય તેવા શખસે તેના પર શેરો કરયો હોય અગર પોલીસ ઓફીસર ન હોય તેવા શખસ ઉપર શેરો કરવામાં આવ્યો હોય, તો તેવા વારંટની રૂએ તેમાં લખેલ શખસને પકડવો એ ગેરકાયદે છે.૩

આ કલમના ત્રીજા પેરેગ્રાફમાં કહ્યું છે કે સરકારી અધીકારીનો આશરો માગવા જવાની વેળા હોય એવી બાબતોમાં ખાનગી બચાવનો હક નથી. પરંતુ એક હુમલો થવાની અમુક શખસને બાતમી મળી હોય અને તેણે મદદ સંપાદન ન કરી હોય અને તેટલામાં તે ભયમાં આવી પડે તે ઉપરથી તેના ખાનગી બચાવનો હક જતો રહેતો નથી.૪

શરીરના ખાંનગી બચાવનો હક મોત કરતાં સુધી ક્યારે પોહોચે છે.

૧૦૦. જે ગુન્હા ઉપર ખાંનગી બચાવનો હક્ક અમલમાં લાવવો પડે તે ગુન્હો જો નીચે લખેલા પ્રકારોમાંના કોઈ પણ પ્રકારનો હોય તો હુમલો કરનારને બુદ્ધિપુર્વક મોત અથવા બીજી કાંઈ પણ હાંની કરતાં સુધી શરીરના ખાંનગી બચાવનો હક પોહોંચે છે પણ તે હકને ઉપલી કલમમાં લખેલી હદો લાગુ પડે છે. ગુન્હાઓના પ્રકારો.

પહેલો—જો બચવાવાળાનો હક એટલે સુધી અમલમાં ન લેવાય તો તેનો પરિણામ મોત થશે એવો કારણસર ભય જેથી ઉત્પન્ન થાય એવો હુમલો.

બીજો—જો બચાવનો હક એટલે સુધી અમલમાં ન લેવાય, તો તેનો પરિણામ મહાવ્યથા થશે એવો કારણસર ભય જેથી ઉત્પન્ન થાય એવો હુમલો.

ત્રીજો—બળાત્કાર સંજોગ કરવાના ઇરાદાથી હુમલો.

ચોથો—સૃષ્ટીક્રમ વિરૂદ્ધ મૈથુનને ઈચ્છા પુરણ કરવાના ઇરાદાથી હુમલો.

પાંચમો—મનુષ્ય હરણ અથવા મનુષ્યનયન કરવાના ઇરાદાથી હુમલો.

છઠો—કોઇ શખસને ગેરવ્યાજબી રીતે કેદ કરવાના ઇરાદાથી હુમલો અને તે એવી હાલતમાં હોય કે તેથી પેલા શખસને કારણસર એવો ભય ઉત્પન્ન થાય કે પછી એ કેદમાંથી છુટવાને સારૂ સરકારી અધીકારીઓને અરજ કરવાનું મહારાથી બની શકશે નહિ.

ટીકા.—ઉપરની કલમમાં બતાવેલા સંજોગોમાં ખાનગી બચાવનો હક હતો કે કેમ અને તે કેટલી હદ સુધી તે કામના સ્વરૂપ ઉપર અને આજુબાજુના સંજોગો ઉપર આધાર રાખે છે. એક સખસે બીજાને ભાલા વતી હુમલો શરૂ કર્યો તેવામાં જેના ઉપર હુમલો કરવામાં આવ્યો હતો તે શખસે એક લાઠીથી

---

૧. રાણી. વિ. ધુલીમ. ઈ. લો. રિ. ૧૮ અલ્હાબાદ પાનુ ૨૪૭; અબદુલ ગફુર વિ. રાણી. ઇ. લો. રિ. ૨૩ ક. પા. ૮૯૬; સતીશચન્દ્ર વિ જદુનન્દન, ઇ લો. રિ. ૨૬ કલકત્તા. પાનું ૭૪૮

૨. રાણી, વિ. બસંત, ઈ. લો. રિ. ૨૭ કલકત્તા, પાનું. ૩૨૦

૩. દુરગાચરન. વિ. રાણી. ઇ. લો. રિ. ૧૪ મુંબાઇ પાનું. ૪૪૨ પંચકુંવરી વિ. રાણી, ઇ, લો. રિ, ૨૪ કલકત્તા પાનું. ૬૮૬.

તે લાલાલતી હુમલો કરનારને નીચે પાડકો અને તે મરી ગયો તેમાં ઠરાવવામાં આવ્યું કે ખાનગી બચાવનો હક વાપરવામાં તહોમતદાર આગળ વધ્યો નથી.

તે હક મોત શીવાયના કાંઇ બીજી હાની કરતાં સુધી ક્યારે પેહોચે છે.

૧૦૧. જો ગુન્હો ૯૯મી કલમમાં લખેલા પ્રકારોમાંના કોઈ પણ પ્રકારનો નહીં હોય તો શરીરના ખાંનગી બચાવનો હક હુમલો કરનારને બુદ્ધીપુર્વક મોત કરતાં સુધી પોચતો નથી. પણ હુમલો કરનારને મોત શીવાયની બુદ્ધપુર્વક કાંઇ બીજી હાની કરતાં સુધી પહોંચે છે અને તે હકને ૯૯મી કલમમાં લખેલી હદો લાગુ પડે છે.

ટીકા—જ્યારે કોઇ શખસે કરેલા હુમલાનું સ્વરૂપ ગંભીર ન હોય, ત્યારે પણ ખાનગી બચાવની હદ ક્યાંસુધી પહોંચે છે તે આ કલમ બતાવે છે. દાખલા તરીકે—ધોળે દિવસે એક માણસ પોતાના પડોસીની જમીન ખેડતો હોય તેને પોલીસને સોંપવા માટે પકડી કેદ કરવો એ દુરસ્ત નથી. પરંતુ તેવા સંજોગોમાં પકડનાર શખસને મારી નાખવાની હદ સુધી તે પકડનાર જઇ શકતો નથી.

શરીરના ખાંનગી બચાવના હકની શરૂઆત અને તેનું જારી રેહવું.

૧૦૨. અગર ગુન્હો થયો નહીં હોય, તો પણ ગુન્હો કરવાની કાંઇ કોશીશ અથવા ધમકીથી શરીરને જોખમ પોચવાનો કારણુસર ભય ઉત્પન્ન થાય કે તુરત શરીરના ખાંનગી બચાવનો હક શરૂ થાય છે અને જ્યાં સુધી શરીરને જોખમનો તે ભય જારી રહે ત્યાં સુધી તે હક જારી રહે છે.

ટીકા—એક માણસ પાસે તરવાર લટકાવેલી હોય, અને કાયદેસર રીત્યે, તેની સામે, ખાનગી બચાવના હકનો ઉપયોગ કરવાનો પ્રસંગ આવે, ત્યારે, તેને એકદમ મારી નાંખવાની હદ સુધી, જઇ શકાય નહીં. પરંતુ, તે શખસ તરવાર મ્યાનમાંથી ઉઘાડવાનું શરૂ કરે ત્યારે તો પછી ઉઘાડે ત્યાં સુધી વાટ ન જોઇ શકાય.૧ તેવીજ રીતે એક માણસ રાતરે ચોરને તાળા સાથે ગરબડ કરતો જુએ ત્યારે તેની સામે પીસ્તોલ તે ફોડી શકે અને તે ચોર અંદર પ્રવેશ કરે ત્યાં સુધી વાટ જોવી જોઈએ નહી. પરંતુ કમ્પાઉન્ડમાં રાત્રે તેવો કોઇ શખસ આંટા મારતો હોય તેની સામે વાજબી શંકા સિવાય તેટલે દરજ્જે જવું એ કાયદેસર નથી.

ખાનગી બચાવનો હક તેની જરૂર બંધ પડે કે તુરતજ જતો રહે છે, બંધ પડે છે. જ્યારે શરીરને નુકશાન થતું હોય, ત્યારે જ્યારે શરીરને નુકશાન થવાનો ભય જતો રહે ત્યારે ખાનગી બચાવનો હક પણ જતો રહે છે. દાખલા તરીકે એક શખસ ખાનગી બચાવના હકથી તેના પ્રતિસ્પર્ધિ જોડે લડતો હોય તેવામાં તે સામાની તરવાર ભાગી જાય એટલે શરીરનો ભય જતો રહે છે, તે પછી પણ ખાનગી બચાવનો હક વાપરનાર તેને મારે તો તેનું કૃત્ય ખુન થાય છે. આમ છતાં પણ એક જુસ્સાદાર લડાઇમાં, પોતાના શરીરના રક્ષણને અર્થે, કોઈ શખસ કાયદાએ મુકેલી હદ સ્હેજ ઓળંગે છે તો તેણે ગુન્હો કરેયો ગણવાનો નથી. તેના મગજની તે વખતની સ્થીતિનો વિચાર કરવાનો છે. ખરેખરી રીતે, લડનારના મગજમાં થતા વિચારો અને ગભરાટ થાય છે તે આઘે રહીને ઠંડે મગજે એક લડાઇ જોનારના કરતાં જુદાજ હોય છે. ઘણોખરો આધાર તે વખતના આજુબાજુના સંજોગો ઉપર રહેલો છે.

---

૧. રાણી વિ. મોઇજુદીન, ૧૧ સધરલાન્ડ. ક્રાર્ડ, ૪૧.

ખાનગી બચાવનો હક વાસ્તવીક ભય શો હતો તે ઉપર આધાર નથી રાખતો પરંતુ તેવા ભયને માટે વાજબી દેહેશત કેટલી હતી તે ઉપર આધાર રાખે છે.[1]

મીલકતનો ખાંનગી બચાવનો હક મોત કરતાં સુધી કયારે પેહોચે છે.

૧૦૩. જે ગુન્હો કરવા અથવા જેની કોશીશ કરવા ઉપરથી ખાંનગી બચાવનો હક અમલમાં લાવવો પડે, તે ગુન્હો જો નીચે લખેલા પ્રકારોમાંના કોઇ પણ પ્રકારમાંનો હોય તો ગુન્હો કરનારને બુદ્ધિપુર્વક મોત અથવા બીજી કાંઇ પણ હાની કરતાં સુધી મીલકતના ખાંનગી બચાવનો હક પોહોંચે છે પણ તે હકને ૯૯મી કલમમાં લખેલી હદો લાગુ પડે છે.

ગુનાઓના પ્રકાર.

પહેલો—અપહરણ.

બીજો—રાતને વખતે ઘર ફોડવું.

ત્રીજો—કોઇ ઇમારત તંબુ અથવા વાહાણ માણસના ઘર દાખલ વપરાતું હોય અથવા મીલકત રાખવાની જગ્યા દાખલ વપરાતું હોય તે ઇમારત, તંબુ અથવા વાહાણપર આગથી બીગાડ કરવો.

ચોથો—ચોરી, બીગાડ અથવા ઘર પ્રવેશ અને તે એવી હાલતમાં કરવો કે તેથી કારણસર એવો ભય ઉત્પન્ન થાય કે જો ખાંનગી બચાવનો તે હક અમલમાં નહી લવાય તો તેનું પરીણામ મોત અથવા મહાવ્યથા થશે.

ટીકા.—મીલકતની સામે ખાનગી બચાવ કરવામાં પણ બે ભાગ છે. એકમાં મરણ નીપજાવવા સુધી જઈ શકાય છે જ્યારે બીજી જાતના ગુન્હામાં તેમ થઈ શકતું નથી. પહેલી જાતના ગુન્હા આ કલમમાં લખેલા છે, અને બીજી જાતના માટે કલમ ૧૦૪ યોજાયલી છે. આ કલમમાં બતાવેલા ગુન્હામાં ઘણે ભાગે જુલમ ત્રાસ સમાયલો છે અને તેટલા માટે તેવા ગુન્હા સામે એકદમ બળ વાપરી તેમને દાબી દેવા માટે કાયદો સત્તા આપે છે.

રાતની વખતે ઘર ફોડવાનો ગુન્હો ઘણો ભયંકર માનવામાં આવે છે. કારણ કે તે કરવામાં આવે ત્યારે માણુસ તદન લાચાર બની રહે છે; કારણ કે તેને મદદ જલદીથી મળી શકે તેમ હોતું નથી. કોઇ ઈમારત અગર તંબુ ઉપર આગ લગાડવાનો ગુન્હો પણ તેટલોજ ભયંકર છે અને તુરતજ દાબી દેવો જરૂરનો છે.

ઉંઘમાં રાત્રે ઓચિંતોજ એક માણુસ પોતાના ઘરમાં ચોર જુએ, તેની સામે થવામાં તેને લાંબી હદ કાયદો આપે છે. કારણ કે તેવે પ્રસંગે તેને તુરતજ જાણવાને વખતે સાધન ન હોય કે તેની પાસે હથીયાર છે કે કેમ—કાંતો તે પોતે આંખો ચોળતો ઉભો થાય, અગર પ્રકાશની મદદ ન હોય; અગર તેની પાસે હથીઆર છે એમ જાણવામાં આવે તો પણ તે વાપરવાનો ઇરાદો રાખે છે કે કેમ તે પણ વખતે જાણવાનું ન બને. પરંતુ, તેવા વખતમાં પ્રવેશ કરનાર શખસની નાની ઉમ્મર જોતાં, અગર તેની નાસભાગ કરવાની ઉતાવળ, અગર દયા કરવા માટેના તેના પોકારો જોતાં તેની સામે બળ વાપર્યા વગર પતી જતું હોય તો તેમ કરવું જોઇએ અને તેવા સંજોગોમાં આગળ વધી તેને ઈજા ન કરવી જોઈએ. એક ઘરમાં રાત્રે ચોર માલમ પડયો, તેને ઘરનાં માણુસોએ પકડયો, અને તે તેના કબજામાં સંપૂર્ણ રીત્યે આવી ગયો એટલે ધાસ્તી જતી રહી છતાં તે બધાએ

---

૧. ઈ. લો. રિ. ૨૮ મદ્રાસ ૪૫૪.

મળી તેને લટકાવી માર્યો. તે વખતે ઠરાવવામાં આવ્યું હતું કે ખાનગી બચાવના હકમાં અપાયલી સત્તાનો તે લોકોએ ગેરઉપયોગ કર્યો હતો.૧

પરંતુ એક કચેરીના પ્હેરેગીરોની સામે થઈ કેટલાક સખશોએ, દીવસે, જોરથી અંદર જવા માંડયું, તે વખતે અંદરના માણસોએ તેમના સામે બંદુક ફોડી તે તેમનું કૃત્ય વાજબી ગણાયું હતું કારણ કે તે માણસોએ અંદર પ્રવેશ કર્યો હોત તો અંદરના કેટલાકનું ખુન થાત અને બીજાને મહાવ્યથા થાય તેમ હતું.૨

એક માણસ કાયદેસર રીત્યે જમીન કબજામાં રાખી રહ્યો હોય અને બીજો આવીને તેને કહાડી મુકવા આવે તો તે કબજાવાળા સખશે તેની સામે થઈ તેને દુર કરવો એ કાયદેસર છે.૩

તે હક મોત શીવાયની બીજી કાંઈ હાની કરતાં સુધી ક્યારે પેહોચે છે.

૧૦૪. જો ગુન્હો કરવા અથવા જેની કોશીશ કરવા ઉપરથી ખાનગી બચાવનો હક્ક અમલમાં લાવવો પડે તે જો ઉપલી કલમમાં લખેલા પ્રકારોમાંના કોઇ પણ પ્રકારની ચોરી બીગાડ અથવા સાપરાધ પ્રવેશ નહી હોય તો તે હક બુદ્ધિપુર્વક મોત કરતાં સુધી પહોચતો નથી. પણ ગુન્હેગારને મોત શીવાયની બુદ્ધિપુર્વક બીજી કાંઇ પણ હાની કરતાં સુધી પોહોંચે છે અને તે હકને ૯૯મી કલમમાં લખેલી હદો લાગુ પડે છે.

ટીકા.—ખાનગી બચાવના હકમાં, મરણ નીપજાવવા જેટલે છેટે નહિ જવા માટેના સંજોગો કયા કયા છે તે આ કલમમાં બતાવેલું છે. એક માણસ ગજવામાંથી પૈસા ચોરતો પકડાયો, અગર વાડીમાંથી કેળાં ચોરતાં પકડાયો, તેને, તે સામે થાય તે શિવાય, બળ વાપરી વધારે ઇજા કરવી ગેરકાયદે છે, ઇગ્લંડમાં એક કેસમાં એક છોકરો વાડીમાંથી એક લાકડાનો કકડો ચોરતો હતો, તેવામાં તે પકડાયો, એટલે તે પકડનાર વાડીના રક્ષકે તેને માર્યો અને પોતાના ઘોડાના પૂંછડા સાથે તેને બાંધ્યો. આ ઉપરથી ઘોડો ભડકયો, અને ન્હાસવા લાગ્યો. તે છોકરાને ઈજા થઈ અને તેના પરિણામે તે મરણ પામ્યો. તે ઉપરથી ઠરાવવામાં આવ્યું હતું કે તે પકડનાર સખશને ખુનનો ગુન્હેગાર ગણવો.

એક પોલીસ ઑફીસર રાત્રે એક શક પડતી ચાલવાળા સખશના ઘરમાં તે સખશ અંદર છે કે નહીં તે જોવા પેઠો અને તે સખશે તે પોલીસને બહાર હાંકી કહાડયો એમાં ઠરાવ્યું કે પોલીસવાળાએ તેવી રીતે પ્રવેશ કરવાથી ગૃહપ્રવેશ કર્યો ગણાય.*

મીલકતના ખાનગી બચાવના હકની શરૂઆત અને તેનું જારી રહેવું.

૧૦૫. પહેલી—જ્યારથી કાંઇ મીલકતને જોખમનો કારણસર ભય ઉત્પન્ન થાય ત્યારથી તે મીલકતના ખાનગી બચાવનો હક શરૂ થાય છે.

બીજી—ચોરીથી મીલકતના ખાનગી બચાવનો હક મીલકત લેઇને ગુન્હેગાર નાશી જાય અથ-

---

૧. રાણી, વિ. ધનજ્ય ૧૪ સધરલાન્ડ પાનું. ૬૮
૨. રાણી. વિ. રામલાલ. ૨૨ સધરલાન્ડ પાનું. ૫૧.
૩. રાણી. વિ. મોટાસીંગ ૩ સધરલાન્ડ ૪૧ રાણી. વિ. સચી. ૭ સધરલાન્ડ ૧૧૨ રાણી. વિ. તુલસી ૨ બેંગાલ લો. રિ. ૧૬ બ્રીજોસીંઘ. વિ. ખુબલાલ. ૧૯ સધરલાન્ડ. ૬૬ શંકરસીંગ. વિ. બરમામ હતો. ૨૩ સધરલાન્ડ ૨૫ રાણી. વિ. રાજકુમાર. ઇ. લો. રિ. ૩ કલકતા ૫૭૩. પચકુવરી. વિ. રાણી ઇ. લો. રિ. ૨૪ કલકતા ૬૮૬ રાણી. વિ. પ્રાગદત. ઈ. લો. રિ. ૨૦ અલ્હાબાદ પા. ૪૫૯.
* ઇ. લો. રિ. ૨૭ મદ્રાસ ૫૨.

વા સરકારી અધીકારીઓને આશરો મળે અથવા તે મીલકત પાછી હાથ લાગે ત્યાં સુધી જારી રહે છે.

ત્રીજી—અપહરણની મીલકતના ખાંનગી બચાવનો હક જ્યાં સુધી ગુન્હેગાર કોઇ શખસને મોત અથવા મહાવ્યથા ગેરવ્યાજબી અટકાવ કરે અથવા કરવાની કોશીશ કરે અથવા જ્યાં સુધી તાત્કાળીક વ્યથાનો અથવા શરીર સબંધી તાત્કાળીક અટકાવનો ભય જારી રહે ત્યાં સુધી જારી રહે છે.

ચોથી—સાપરાધ પ્રવેશ અથવા બીગાડથી મીલકતના ખાનગી બચાવનો જ્યાં સુધી ગુન્હેગાર સાપરાધ પ્રવેશ અથવા બીગાડ કરવામાં જારી રહે ત્યાં સુધી જારી રહે છે.

પાંચમી—રાતને વખતે ઘર ફોડવાથી મીલકતના ખાનગી બચાવનો હક તે ઘર ફોડવાથી શરૂ થવાનો ઘર પ્રવેશ જ્યાં સુધી જારી રહે ત્યાં સુધી જારી રહે છે.

ટીકા.—મીલકત સંબંધી ગુન્હો કરનારો જ્યારે તેમ કરવું મુકી દે છે, અગર એવું માલમ પડે કે તેઓ તરફથી હવે ધાસ્તી નથી, એટલે મીલકતના સંબંધમાં પણ ખાનગી બચાવનો હક જતો રહે છે. એક લુંટારો લુંટ કરીને ન્હાસી જાય, પરંતુ બીજે કોઇ દીવસે પાછો સામો મળે ત્યારે તેને મારી નાંખવા સુધી ખાનગી બચાવનો હક પહોંચતો નથી, પરંતુ તેના કબજામાં પ્રથમને દીવસે લુંટેલી મીલકત માલમ પડે તો તે પાછી લેવા માટે ખાનગી બચાવનો હક પાછો શરૂ થાય છે. એક જમીન ઉપર બીગાડનો ગુન્હો કર્યો હોય, અને હવે ફરીથી કાંઈ ગુન્હેગાર તરફથી થવાનો સંભવ ન હોય, તો ખાનગી બચાવના હકમાં તેનાપર હુમલો કરવો એ વાજબી નથી.૧

વળી જુઓ ૧૨. વી. રી. ૪૩.

ટીકા.—આ કલમની સાથે ક. ૧૦૦ વાંચવાની છે.

કોઇ બેગુના શખસને હાની થવાનું જોખમ હોય એવી વેળાએ જીવ લે એવા હુમલાથી ખાનગી બચાવાના હક.

૧૦૬. જો કાંઇ હુમલો એવો થાય કે તેથી મોતનો કારણસર ભય ઉત્પન્ન થાય અને તે હુમલાથી ખાનગી બચાવનો હક અમલમાં લાવતાં પોતાનો બચાવ કરનાર સખશ એવી હાલતમાં આવી ગયેલો હોય કે કોઈ બે ગુના સખશને હાની કરવાના જોખમ શીવાય તેથી તે હક ધાર્યું થાય એવી રીતે અમલમાં લાવી શકાય નહી તો તે જોખમમાં પડતા સુધી ખાનગી બચાવનો તેનો હક પહોંચે છે.

દ્રષ્ટાંત—અ ની ઉપર એક ટોળાએ હુમલો કર્યો છે અને તેઓ તેનું ખુન કરવાની કોશેશ કરે છે તે ટોળાની ઉપર બંદુક છોડયા સીવાય ધારેલું થાય એવી રીતે ખાનગી બચાવનો હક અ અમલમાં લાવી શકે એવું નથી અને તે ટોળામાં કેટલાએક બાળક છોકરાં છે. તેઓની હાની કરવાના જોખમ શીવાય અ બંદુક છોડી શકતો નથી. હવે એવું છતાં બંદુક છોડેથી જો અ થી તે છોકરાઓમાંના કોઈ છોકરાઓને કાંઇ હાની થાય તો અ એ કાંઈ ગુનોહ કર્યો એમ સમજવું નહી.

૧. રાણી વિ. જેઓલાલ. ૧૮ સધરલાન્ડ. ૨૯.

બાબ ૫ મો.

મદદગારી બાબત.

કાંઇ વસ્તુમાં મદદગારી. **૧૦૭.** કાંઇ વસ્તુ સબંધી નીચે લખ્યા પ્રમાણે જે માણસ કરે તે માણસે તે વસ્તુ કરવામાં મદદગારી કરી એમ સમજવું.

પહેલું—જે માણસ તે વસ્તુ કરવાને કોઈ સખસને ઉશ્કેરે અથવા.

બીજું—જે માણસ તે વસ્તુ કરવાને કોઇ સખશ અથવા સખશોની સાથે કાંઇ મસ્વરતમાં સામીલ થાય પણ તે ક્યારે કે તે મસ્વતરત મુજબ તથા તે વસ્તુ કરવા માટે કાંઇ કામ અથવા કાયદા વિરૂદ્ધ કસુર કરવામાં આવે તો અથવા.

ત્રીજું—જે માણસ કાંઈ કામ અથવા કાયદા વીરૂધ કસુર કરીને તે વસ્તુ કરવામાં ઈરાદાથી સહાય કરે.

ખુલાસો ૧ લો—અગર કોઇ સખસ જાણી જોઇને કાંઈ વાત કહીને અથવા જે જરૂરની હકીકત જાહેર કરવાની પોતાની ફરજ હોય તે હકીકત જાણી જોઈને છુપાવીને બુધી પુર્વક કાંઇ વસ્તુ કરાવે અથવા કરાવવાની કોશીશ કરે તો તેણે તે વસ્તુ કરવાની ઉશ્કેરણી કરી એમ સમજવું.

દ્રષ્ટાંત—અ એક સરકારી અમલદાર છે તેને એક ઈનિસાફની કોરટમાંથી વારંટ મળેલું છે તે વારંટ મુજબ જ ને પકડવાને અ નો અખતીઆર છે. હવે એ હકીકત જાણવા છતાં તથા ક તે જ નથી એ પણ જાણ્યા છતાં બ અ ને જાણી જોઇને એમ કહે કે ક તે જ છે અને એમ કરીને ઈરાદાથી અ ની પાસે ક ને પકડાવે તો એ ઠેકાણે બ ને ઉશ્કેરણીથી ક ને પકડવામાં મદદગારી કરી એમ સમજવું.

ખુલાશો ૨ જો—કાંઈ કામ કરતાં પહેલાં અથવા કાંઇ કામ કરતી વખતે તે કામ કરવું સહેલ કરવા સારૂ જે માણસ કાંઇ વસ્તુ કરે અને તેમ કરીને તે કામ કરવું સેહેલ કરે તે માણસે તે કામ કરવામાં સહાય કરી એમ સમજવું.

ટીકા.—કેટલાક સખશો જાતે ગુન્હા ન કરતાં તેમાં મદદગારી કરે છે, અને તેથી મદદગાર તરીકે તેઓ ગુન્હેગાર બને છે. આ કલમ મુજબ તેઓ ત્રણ રીત્યે તેમ કરી શકેછે. (૧) ઉશ્કેરણીથી (૨) સામીલ થવાથી (૩) સહાય કરવાથી.

એક માણસ ઉપર હુમલો કરવા માટે હુકમ આપવામાં આવેલ હતો તે હુમલાને અંગે થયેલ ઇજાથી તે મરી ગયો. તેમાં ઠરાવ્યું કે હુકમ આપનાર મદદગાર તરિકે જવાબદાર હતો.૧ પરંતુ જો કંઇ ચોકસ હુકમ આપવામાં ન આવેલ હોય તો કંઈ મદદગારી કરી કહેવાય નહીં.૨

મોટર વીહીકલ્સ એકટની રૂએ મહાબલેશ્વરના રસ્તા ઉપર મોટર હાંકવાની મના કરવામાં આવી હતી. વખતે તહોમતદાર પુનામાં હતો તોપણ ક. ૧૩ (મોટર વી. એકટ) ની રૂએ તેને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો એવા કારણસર કે તેણે તેના નોકરને ખબર આપવા જોઇતા હતા. પરંતુ રીવીઝનમાં હાઇ-

---

૧. ૭. વી. રી. ૯૭.

૨. ઇ. લો. રિ. ૩૧ કલકત્તા. ૭૧૦.

કૉર્ટે ઠરાવ્યું કે–પોતાના નોકરને ખબર આપવાની જવાબદારી તેને માથે ન હતી તેથી તે જવાબદાર નથી.૧

(૧) અ એ બ ના હાથે કંઇ ઇજા ખમી હોય અને તેથી બ ના ઉપર અ ખીજવાઈ ગયો હોય તેવા અરસામાં ક બ ના વિરૂદ્ધ એવું એવું બોલે કે જેથી અ ખીજવાય અને બ ને ઇજા કરે; અ ની સ્ત્રીની પાસે અમુક વખતે, બ કંઈક તદ્દન નિર્દોષ કામે જવાનો હોય, તેનો લાભ લેઈ, ક અ ના મનમાં એવી લાગણી ઉત્પન્ન કરે કે જેથી ખીજવાઇને અ બ નુ ખુન કરે. આ સંજોગોમાં ઉશ્કેરણીથી ક ગુન્હો કરે છે.

(૨) કસુર કરવામાં આવે તેના પરિણામ રૂપેજ ગુન્હો બનવો જોઇએ. નહિ તો તે કસુર કરનાર સખશ કાયદેસર રીતે મદદગાર તરીકે ગુન્હો કરે છે એમ કહેવાય નહિ. એક રેલવે ટરેનનો પુલ ભાગી ગયો હોય, અને ખાસ લુંટ કરવાના ઈરાદાથીજ એક સખશ રેલવે કંપનીને ખબર ન આપે, આથી, આના પરિણામે જે નુકશાન થાય તેમાં મદદગાર તરિકે તે સખશને ગણી શકાય. એક સાક્ષી, એક નિર્દોષ માણસને સજા કરાવવાના હેતુથીજ, એક કેસમાંની મુદ્દાની હકીકત છુપાવે તો તે ૧૦૭ (૨) ના રૂએ ગુન્હેગાર થાય છે.

મસ્વરતથી ગુન્હો કરનાર તે કરે તેથીજ ગુન્હો સંપુર્ણ થાય છે. તેની મસ્વરતનું પરિણામ શું આવ્યું તે જુદી વાત છે. અને તે પરિણામ ભયંકર આવે તે તો ફક્ત સજામાં વધારો કરવા માટેજ ઉપયોગમાં લેવામાં આવે છે. પરંતુ તે મસ્વરતના શબ્દો વડે ગુન્હો બનવાના સંજોગો મેળવી દે તે વખતેજ તેણે કરેલો ગુન્હો પૂર્ણ થાય છે.

પરંતુ જો કૃત્યમાં મદદગારી કરી હોય તે કૃત્ય ગુન્હો હોવું જોઈએ. પછી જોકે તે કૃત્ય કરનાર સખસ કોઈ અપવાદને લીધે ગુન્હામાંથી બચી શકે તે જુદી વાત છે એક સખસ ઉપર ઇ. પી. કોડ ૪૯૪ મી કલમ મુજબનું તહોમત મુકવામાં આવ્યું હતું. તહોમતદાર એક પરણેલી છોકરીનો વાલી હતો, અને તેણીની ગેરહાજરીમાં તેના જાણ્યા સિવાય તેણે તેણીનું બીજા એક સખસ જોડે લગ્ન કર્યું તેનું પરિણામ એ થયું કે તે પરણેલી હોવા છતાં બીજા સખસની વહુ થઈ. હવે આ કેસમાં દલીલની ખાતર એમ ધારી બેસીએ કે લગ્ન વિધીપુરવક થયું હતું, તો પણ તે છોકરીને ૪૯૪ મી કલમ મુજબ ગુન્હેગાર ગણી શકાશે નહીં કારણ કે જે કૃત્ય તેની ગેરહાજરીમાં તેના જાણ્યા સિવાય થયું તે માટે તેને કાયદેસર રીતે જવાબદાર ગણી શકાય નહીં, આટલા માટે આ કેસમાં એવું ઠર્યું હતું કે તેમાં ગુન્હો થયો નહતો–તેમ કોઈ ગુન્હેગાર પણ નહતો એટલે તેવા કોઇ કૃત્ય માટે મદદગારી પણ થઈ શકે નહી. ૨

(૨) એક ગુન્હો કરવાને માટે જ્યારે બે શખશો ભેગા મળી મસલત કરે ત્યારે તેને મસ્વરત કહેવાય છે, જ્યારે એવા કોઇ કાર્યમાં ઘણા માણસો ભેગા હોય ત્યારે તે તમામને એક બીજા સાથે સીધે સીધો સબંધ હોવો જોઇએ એમ કંઈ જરૂરનું નથી. એમાંના શખસો એક બીજાને ઓળખતા ન હોય તો પણ તેઓ મસ્વરત કરી શકે છે. (ક. ૧૦૮ ખુલાસો ૫) પરંતુ એટલું તો જરૂરનું છે કે તેઓ બધા એકજ સામાન્ય કૃત્ય પાછળ વળગેલા હોવા જોઇએ. જ્યાંસુધી યુક્તિ પ્રયુક્તિઓજ માત્ર ચાલતી હોય ત્યાં સુધી ક. ૧૦૭ (૨) મુજબ ગુન્હો થઇ શકતો નથી. તે મસ્વરત મુજબ કંઈ કૃત્ય બનવું જોઈએ.

એક સખસે એક ખોટા કેસમાં સાક્ષી આપી હોય તેટલાજ ઉપરથી ક, ૧૦૯ અને ૨૧૧ મુજબ મદદગારીના ગુન્હા બદલ તેને શિક્ષા થઇ શકે નહીં આવી જાતના એક કેસમાં એક સેસન્સ જડ્જે કલકત્તા હાઈકોર્ટ હજુર ક્રીમીનલ પ્રોસીજર કલમ ૪૩૪ મુજબ રેફરન્સ કર્યું હતું. જેમાં તેણે જણાવ્યું હતું કે પછીથી થયેલી મદદગારીના કૃત્યો (જેવાં કે એક મોટા કેસમાં સાક્ષી આપી તેને પાછળથી પુષ્ટિ આપવી તે) નો સમાવેશ કલમ ૧૦૮ માં થતો હોય એમ મને કેટલોક વિચાર કર્યા પછી જણાતું નથી. અને તેવાં કૃત્યો, ઈ. પી, કોડ બાબ ૧૧ માં બતાવેલી કલમ ૨૧૨ થી ૨૧૮ મુજબનાં હોય તે સિવાય, તે કૃત્યો માટે પીનલકોડમાં કંઈ સુચના કરેલું જણાતુ નથી અને તેમ કરવાનું કારણ છે. જે શખસોએ

---

૧. બૉમ્બે લૉ. રિપોર્ટર ૧૬૧.

૨. રાણી વિ. અબદુલકરીમ. ઇ. લો. રિ. ૪ કલકત્તા પા. ૧૦.

ખોટાં તહોમતોમાં પુરાવો આપ્યો હોય; તેમને શિક્ષા કરવા માટે, થોડી હકુમતવાળી નાની ફોજદારી કોરટોને અખતિયાર આપવામાં આવે તો ક્રીમીનલ પ્રોસીજર કોડ મુજબ ખોટી જુબાની આપવા માટેના ગુન્હા માટેની જે સત્તા સેસન્સ કોરટોને આપવામાં આવી છે તે નકામી ગણાય. પીનલકોડ ઘડનારાઓની એવી ધારણા હોવી જોઇએ નહિ એટલા માટે મારા મત પ્રમાણે, નાના દરજ્જાની ફોજદારી કોરટોને જુઠા તહોમત માટે શિક્ષા કરવાની હકુમત અપાયલી છતાં, જુઠાં તહોમતોને પાછળથી પુરાવાથી મદદ કરનાર સખસોને મદદગાર તરીકે ગુન્હેગાર ગણી તેમને શિક્ષા કરવાની સત્તા અપાઈ નથી. આ મતને હાઇકોરટે બહાલી આપી હતી. ૧

ઉપરના રૂલીંગ ઉપર કેટલેક સ્થળે નાપસંદગી બતાવવામાં આવે છે, કારણ કે જુઠાં તહોમતમાં ખોટી સાક્ષી પૂરનારા પણ જુઠા તહોમતને ખોટી રીતથે પૂરણતા આપવામાં સાવધાનભુત થાય છે, અને તેઓ તેવાં કૃત્ય કરવા છતાં નિર્દોષ રહે એથી કાયદાનો હેતુ બર આવતો નથી. જુઠા તહોમતમાં ખોટી સાક્ષી આપનારાઓએ મુખ્ય ગુન્હેગાર સાથે પ્રથમથીજ કોલકરાર કર્યો હોય કે " હું જુઠી સાક્ષી આપીશ " તો તેને મદદગારીનો ગુન્હેગાર ગણવામાં હરકત જણાતી નથી. પરંતુ જો પાછળથીજ પૂરાવામાં મદદ કરી હોય તો તેવા સખસોને નિરાળા ગુન્હા બદલ શિક્ષા થવી જોઇએ. દાખલા તરિકે એક ખુન કરનાર ગુન્હેગારને ઘરમાં રાખવાનો ગુન્હો (કલમ ૨૧૨ મુજબ) નિરાળોજ છે. પરંતુ જો ખુન કરનાર સખસ સાથે પ્રથમથીજ મસલત થઇ હોય કે, તેણે ખુન કરીને આવવું, અને મદદ કરનાર સખસ પોતાનું બારણું ખુલ્લુ મુકશે જેથી તે તુરત અંદર દાખલ થઇ શકશે અને છુપાઇ રહેશે; ઈ. તો આવા સંજોગોમાં ખુનને માટે મદદગારી કરવાનો આરોપ તે ઘર ખુલ્લું મુકનાર સખસ ઉપર રાખવો એજ સીધો રસ્તો છે. વળી એક જુઠા તહોમતથી એક સખસને દબાવી દેવો હોય, અને એ કૃત્યમાં એક બે શખસોએ બજાવવાનો ભાગ એવો હોય કે તેમણે જુઠી જુબાની આપવી અને તે તહોમત સાબીત કરવામાં મદદ કરવી તો ક. ૨૧૧ ના ગુન્હામાં મદદગારી કરવા માટેનું તહોમત મુકવું એજ સીધો અને વાજબી રસ્તો છે.

કંઇ કૃત્ય અગર કાંઇ ગેરકાયદેસર કસુર કરીને પણ કેટલાક સખશો એક ગુન્હામાં મદદગારી કરે છે. પરંતુ એક ગુન્હો બનતો હોય તેમાં ફક્ત તે સ્થળે હાજર રહેવાથીજ માત્ર તેમાં મદદગારી કરી એમ ઠરતું નથી. એક સખશનું બીજી વખતનું ગેરકાયદેસર કલમ ૪૯૪ મુજબ લગ્ન થતું હોય તેમાં ભાગ લેનારા તમામ સખશો મદદગારી કરનાર ઠરતા નથી. પરંતુ લગ્નની વિધી કરાવનાર સખશ મદદગારીનો ગુન્હેગાર થઈ શકે છે. બાકીના હાજર રહેનાર સખશો પઇકીના લોકો તે ગેરકાયદે થતા લગ્નમાં પોતાના કૃત્યથી કંઇ સરળતા કરી આપે તોજ તેઓ મદદગારીના ગુન્હેગાર થાય છે.૨

એક દેણદારે પૈસાની રકમ પોતાના લેણદારને આપી, અને તેની પાસેથી સ્ટાંપ ચોટાડેલી " રીસીટ' માગી. લેણદાર પાસે સ્ટામ્પ ન હોવાથી સ્ટામ્પ વગરની રીસીટ તેણે સ્વીકારી અને તે લેતાંજ તેણે કહ્યું કે તે પોતે (લેણદાર) સ્ટામ્પ ચોટાડશે. સ્ટામ્પ વગરની રીસીટ બનાવવાના ગુન્હામાં મદદગારી કરવા માટે ક. ૧૦૭ મુજબ તેને ઉભો કરવામાં આવ્યો હતો. તેમાં એમ નિર્ણય કરવામાં આવ્યો હતો કે તેને શિક્ષા થઈ શકે નહિ, તેણે કંઈ કૃત્ય કર્યું નહતું, અને તેણે કંઇ કસુર પણ કરી નહતી. ૩.

એક પટાવાળાના ઉપરીએ જાણ્યું કે જો તે પોતે ગેરહાજર હશે તો કેટલાક સખસોને માર મારીને ગુન્હો, કબુલ કરાવવામાં આવશે. આવું જાણીને, તે જાણી જોઈને દુર રહયો. તેને માર મારીને ગુન્હો કબુલ કરાવવામાં મદદગારી કરવાનો ગુન્હેગાર ગણવામાં આવ્યો હતો. ૪.

---

૧. રાણી વિ. રામપંડા ૯ બં. લો. રિ. અપીલ. નં. ૧૬.
૨. રાણી વિ. ઉમ્રી ઈ. લો રિ. ૬ મુંબઈ પાનું ૧૨૬:
૩. રાણી વિ. મીથુલાલ. ઇ, લો. રિ. ૮ અલ્હાબાદ. પાનું ૧૮.
૪. રાણી. વિ. કાલીચરન ૨૧ સધરલાન્ડ. ક્રી. પાનું. ૧૧.

એક માણસ ગુન્હો કરવાનો હોય તેને ખોરાક આપવો તે મદદગારી કહી શકાય નહી. ૧.

ગેરકાયદેસર કસુર—એક સખસની અમુક કામ કરવાની ફરજ હોય, અને એક ગુન્હો બનવાની ખાતરજ જાણી જોઈને તે શખસ તે કામ ન કરે તો તેણે ગેરકાયદેસર કસુર કરી કહેવાય છે, દાખલા તરિકે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૪—૪૫ મુજબ ગુન્હો બનવાની ખબર એક સખસ ન આપે. એવીજ રીત્યે, ચોરને પ્રવેશ કરવા માટે સરળતા આપવાની ખાતરજ એક નોકર જાણી જોઇને તાળું ખુલ્લું રાખે, અગર એક માંદા માણસની ખીજમતમાં રહેનાર શખસ જાણી જોઇને તે સખસનું મૃત્યુ ઉપજાવવાની ખાતરજ તેને દવા ન આપે. ઉપરનાં કૃત્યોમાં ઈરાદાની જરૂર છે. ઇરાદા વગર તે શખસોનો ગુન્હો ક. ૧ ૭ માં આવી શકતો નથી.

જ્યારે એક શેઠ અને નોકરને મુખ્ય ગુન્હેગાર અને મદદગાર તરિકે, અનુક્રમે, ઉભા કરવામાં આવ્યા હોય, અને જ્યારે નોકરનું કૃત્ય વસ્તુત: ગેરકાયદેસર ન હોય, ત્યારે જે કૃત્ય તેમણે કર્યું હોય તે કેવા ઈરાદાથી તે દરેક જણેકર્યું છે, તે ઉપર તેમના ગુન્હાના સ્વરૂપનો આધાર રહે છે. આવી જાતના ગુન્હાઓમાં ઇરાદો પ્રાધાન્યપદ ભોગવે છે, ઇંગ્લંડમાં એક કેસમાં એક શેઠે પોતાના એક નોકરના હવાલામાં, પોતાનું મકાન, કે જે પ્રજાના ઉપયોગને માટે ખુલ્લું રાખવામાં આવ્યું હતું, તે સોંપ્યુ અને તે નોકરે ખરાબ વર્તણુકની સ્ત્રીઓને અંદર આવજા કરવા માટે પરવાનગી આપી. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જો તે નોકરે પોતાના શેઠની સંમતિથી, તેવી જાતની સ્ત્રીઓને આવવા છુટ આપી હોય તો શેઠને મુખ્ય ગુન્હેગાર ગણવો જોઇએ અને તે નોકરને મદદગાર ગણવો જોઈએ. પોતાના શેઠની બંદુક એક નોકર ભરી આપે તો તેનો ગુન્હો, તેના શેઠના તે બંદુકવડે કરવાના કૃત્યના, તે નોકરના જ્ઞાનપર આધાર રાખે છે. તે બંદુકવડે તે શેઠ એક વાઘનો શિકાર કરે, અગર "ડાકાયટી" પણ કરી શકે—એવા સંજોગોમાં નોકરની જવાબદારી તેના શેઠના કૃત્ય સંબંધી જ્ઞાન સાથે સબંધ ધરાવે છે.

પોતાના શરીરના સબંધમાં કંઇ ગુન્હો કરાવવામાં મદદગારી કરવાના ગુન્હા માટે પણ, કેટલાક સંજોગોમાં, એક શખસ અપરાધી ઠરી શકે, પરંતુ તે ગુન્હો પૂર્ણ થાય તો તે મદદગારી કરનાર શખસ ફોજદારી રીતે ગુન્હેગાર ઠરે એવું કૃત્ય હોવું જોઇએ દાખલા તરીકે, પોતાને ગર્ભપાત કરવામાં મદદગારી કરાવવા માટે એક સ્ત્રીને અપરાધી ઠરાવી શકાય.

મદદગાર.

૧૦૮. જે સખસ કાંઇ ગુન્હો કરવામાં મદદગારી કરે અથવા જે કામ મદદગાર સખશના ઈરાદા અથવા જ્ઞાનથી ગુન્હો કરવાનો કાયદા પ્રમાણે કોઇ શકતીમાન સખશે કર્યું હોય તો ગુન્હો થાય એવું કાંઈ કામ કરવામાં મદદગારી કરે તે સખશે ગુન્હામાં મદદગારી કરી એમ સમજવું.

ખુલાસો ૧ લો—કાંઇ કામની કાયદા વીરૂધ્ધ કસુર કરવામાં મદદગારી કરવી તે ગુન્હો થઈ શકે છે પછી તે કામ કરવાની અગર તે મદદગારની પોતાની ફરજ નહી હોય તોપણ,

ખુલાસો ૨ જો—મદદગારીનો ગુન્હો થવામાં એવું કાંઇ જરૂર નથી કે મદદગારી કરેલું કામ થવું જોઇએ અથવા જે અસર તે ગુન્હો થવામાં જરૂર છે તે અસર પેદા થવી જોઇએ.

દ્રષ્ટાંતો—(અ) અ બ ને ક નુ ખુન કરવાને ઉશ્કેરે બ તેમ કરવાની ના કહે તો બ ને ખુન કરવામાં અ એ મદદગારી કરી એમ સમજવું.

(બ) અ બ ને ડ નું ખુન કરવાને ઉશ્કેરે ને ઉશ્કેરણી મુજબ બ ડ ને એક ખંજર

---

૧. રાણી, વિ લીગમ ઈ. લો. રિ. ૨ મદ્રાસ. પાનું ૧૩૭.

મારે, તે જખમથી ડ સારો થાય તો પણ અ એ બ ને ખુન કરવાની ઉશ્કેરણી કરી એમ સમજવું.

ખુલાસો ૩ જો—એવુ કાંઈ જરૂર નથી કે જે શખશને મદદગારી કરી હોય તે સખશ કાંઇ ગુન્હો કરવાને કાયદા પ્રમાણે શકતીમાન જોઇએ અથવા તે મદદગારના જેવોજ તે સખશનો સાપરાધ ઇરાદો કે જ્ઞાન જોઇએ, અથવા તે સખશનો કાંઇ પણ સાપરાધ ઇરાદો અથવા જ્ઞાન જોઇએ.

દ્રષ્ટાંતો—(અ) અ સાપરાધ ઇરાદાથી એક બાળકને અથવા ગાંડા માણસને કાંઈ કામ કરવાને ઉશ્કેરે અને તે કામ એવું હોય કે ગુન્હો કરવાને કાયદા પ્રમાણે શક્તીમાન હોય એવો કોઈ સખસ અ ના જેવા ઇરાદાથી તે કામ કરે તો તે ગુન્હો ગણાય તો એ ઠેકાણે અ એ ગુન્હામાં મદદગારી કરી એમ સમજવુ પછી તે કામ કરવામાં આવે કે નહી તોપણ;

(બ) જ નું ખુન કરવાના ઇરાદાથી અ સાત વરસથી ઓછી ઉમરના એક બાળક બ ને એવું કામ કરવાને ઉશ્કેરે કે તેથી જ નું મોત થાય બ તે મદદગારી ઉપરથી તે કામ કરે અને તે કામથી જ નું મોત થાય તો એ ઠેકાણે જો બ ગુન્હો કરવાને કાયદા પ્રમાણે શક્તીમાન નથી તો પણ જાણે બ ગુન્હો કરવાને કાયદા પ્રમાણે શકતીમાન હોય અને તેને ખુન કરયુ હોય તેજ મીસાલે અ શીક્ષા થવાને લાયક છે માટે તેને મોતની શીક્ષા થઈ શકે.

(ક) અ એક ઘરને આગ લગાડવાને બ ને ઉશ્કેરે અ ની ઉશકેરણી ઉપરથી બ તે ઘરને આગ લગાડે અને દીવાનગીના સબબથી તે કામ કેવી તરેહનું છે તે અથવા પોતે જે કામ કરે છે તે કામ ખોટુ અથવા કાયદા વીરૂદ્ધ છે એવું જાણવાને બ અશક્ત હોય તો બ એ કાંઇ ગુન્હો કર્યો એમ સમજવું નહી પણ અ એ ઘરને આગ લગાડવાના ગુન્હામાં મદદગારી કરી અને તે ગુન્હાને માટે ઠરાવેલી શીક્ષાને તે લાયક છે એમ સમજવું.

(ડ) ચોરી કરવાના ઇરાદાથી જ ના કબજામાંથી કાંઈ જ ની મીલકત લેવાને અ બ ને ઉશકેરે. અ બ ના મનમાં એવો વિશ્વાસ ઉત્પન્ન કરે કે તેની મીલકત અ ની છે પછી શુદ્ધબુદ્ધિથી તે મીલકત અ ની છે એમ માનીને બ તે મીલકત જ ના કબજામાંથી લે તો એ ખોટી સમજણથી કામ કર્યું તેથી તેણે બદદાનતથી લીધી એમ કહેવાય નહી માટે તેણે ચોરી કરી એમ સમજવું નહી પણ અ એ ચોરીમાં મદદગારી કરી અને બ એ ચોરી કરી હોય ને જે શીક્ષા બ ને થાય તેજ શીક્ષાને અ લયક છે એમ સમજવું.

ખુલાસો ૪ થો—કોઇ ગુન્હામાં મદદગારી કરવી એ ગુન્હો છે માટે એવી મદદગારીમાં મદદગારી કરવી તે પણ ગુન્હો છે એમ સમજવું.

દ્રષ્ટાંત—જ નુ ખુન કરવાને ક ને ઉશ્કેરવાને અ બ ને ઉશ્કેરે તે ઉપરથી જ નું ખુન કરવાને બ ક ને ઉશકરે; અને બ ઉશકેરણી ઉપરથી ક તે ગુન્હો કરે તો પોતાના ગુન્હાને માટે બ ખુનની શીક્ષાને લાયક છે અને તે ગુન્હો કરવાને અ એ બ ને ઉંશ્કેર્યો માટે અ પણ તેજ શીક્ષાને લાયક છે એમ સમજવું.

ખુલાસો ૫ મો—મસ્વરતથી મદદગારીનો ગુન્હો કરવામાં એવું કાંઈ જરૂરનું નથી કે જે સખશ ગુન્હો કરે તે સખશની સાથે તે મદદગારે તે ગુન્હા બાબત મનસુબો કરવો જોઇએ. જે મસવરત મુજબ તે ગુન્હો કરવામાં આવે તે મસવરતમાં તે સામીલ થયો તો બસ છે.

દૃષ્ટાંત—અ બ ની સાથે મનસુબો કરીને તેઓ જ ને ઝેર દેવાની ગોઠવણ કરે તેમાં એમ ઠરે કે અ એ ઝેર આપવું પછી તે ગોઠવણ બ ક ને સમજાવે અને એમ કહે કે એક ત્રીજો સખશ ઝેર આપવાનો છે પણ અ નું નામ કહે નહી. ક ઝેર લઈ આવવું. કબુલ કરે અને સમજાવેલી રીતે વાપરવા સારૂ તે ઝેર તે બ ને હવાલે કરે પછી અ તે ઝેર આપે અને તેના જોરથી જ મરી જાય તો એ ઠેકાણે અ તથા ક એઓએ મળીને કાંઈ મસવરત કરી નથી તો પણ જે મસવરત મુજબ જ નુ ખુન થયું તે મધે ક સામીલ થયો માટે ક એ આ કલમમાં બીયાન કરેલો ગુન્હો કર્યો અને તે ખુનની શીક્ષાને લાયક છે એમ સમજવું.

ટીકા—મદદગારી એજ વસ્તુતઃ એક સ્વતંત્ર રીત્યે ગુન્હાઇત કૃત્ય છે, એટલે મુખ્ય કૃત્ય કરનારના ગુન્હેગાર ઠરવા ઉપર એનો આધાર રહેતો નથી.૧ તેમ મદદગારીનો ગુન્હો કરવા માટે મદદ કરવામાં આવે તેવે પ્રસંગે મૂળ ગુન્હો બન્યો હતો કે નહીં તે બતાવવું પણ જરૂરનું નથી.૨ તેમ ગુન્હા સંબંધી કશી માહિતી ન હોય, અગર કંઇ શબ્દથી અથવા કૃત્યથી ગુન્હેગારને ઉશ્કેરવા સંબંધી પુરાવો ન હોય તો મદદગારીનો ગુન્હો થતો નથી. ગુન્હાના દરેક પગલા સાથે તહોમતના કૃત્યને સાંધવાના પુરાવાની જો કે જરૂર નથી તોપણ ગુન્હો બનવાનાં જે જે પગલાં ઉપરથી ફોજદારી ગુન્હાઇત જવાબદારી ઉપસ્થીત થવા પામે છે તેવાંની સાથે તો તહોમતદારનું કૃત્ય સંબંધ ધરાવે છે એમ પુરવાર કરવું તો જરૂરનું છે.૩

બ્રીટીશ ઇંડીયાની બાહાર કરેલા ગુન્હામાં બ્રીટીશ ઇંડીયાની અંદર કરેલી મદદગારી.

૧૦૮ અ. જે કાંઇ પણ કામ બ્રિટીશ ઇંડીયામાં કર્યું હોય તો ગુન્હો થાય, એવું કાંઇ કામ બ્રિટીશ ઇંડીયાની બહાર તથા પેલી ગમ કર્યું હોય તેમાં જે શખસ બ્રિટીશ ઇંડિયામાં મદદગારી કરે તે સખસ આ કાયદાના અર્થ પ્રમાણે ગુન્હો કરવામાં મદદગારી કરે છે એમ સમજવું.

આ કલમ વધારવાનો હેતુ એવો છે કે—અમુક ગુન્હેગાર, બ્રીટીશ ઈન્ડીયામાં રહી, બ્રીટીશ ઈન્ડીયામાં ગુન્હો થઈ શકે તેવું કંઈ કૃત્ય બ્રીટિશ ઇન્ડીંયા બહાર કરવામાં મદદગારી કરે તેને પણ આ કલમથી શિક્ષા થઈ શકે. તે મુજબ બ્રીટીશ ઇન્ડીંયામાં રહી એક સખસ ગોવામાં એક ખુનનો ગુન્હો બનવામાં મદદગારી કરે તો તે ગુન્હેગાર થાય છે.૪ ઇ. લો. રિ. ૧૯ મુંબઈ પાને ૧૦૫ મે ગણપતરાવ રામચંદ્રના કેસમાં ઉપસ્થીત થયેલ મુશ્કેલી આ કલમથી દૂર થાય છે.

ક્રી. પ્રો. ક. ૧૯૬ મુજબ ગવર્નમેંટના હુકમ વગર આ કલમની રૂએ ફરિયાદ ચાલી શકતી નથી.

રાજ્ય વિરૂદ્ધ ગુન્હા બાબત ફરિયાદનું કામ ચલાવવું.

૧૯૬. હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૨૭મી કલમ શિવાય ૬ઠ્ઠા બાબ પ્રમાણે શિક્ષા થઈ શકે એવો અથવા તેજ કાયદાની કલમ ૧૦૮ અ, અથવા કલમ ૧૫૩ અ, અથવા કલમ ૨૯૪ અ, અથવા કલમ ૧૦૫ પ્રમાણે શિક્ષા થઇ શકે એવો કોઇપણ ગુન્હો ગવર્નર જનરલ ઇન કૌંસિલના અથવા સ્થાનિક સરકારના

---

૧. ઇ. લાં. રિ. ૧ મુંબઇ ૧૫ (મારૂતી દાદા).

૨. ઇ. લૉ. રિ. ૪ કલકત્તા ૩૬૬. ૧૮. વી. રી. ૩૨.

૩. ૨૦. વી. રી. ૪૧.

૪. આ શબ્દો સન ૧૮૯૩ ના હિન્દુસ્તાનનો ફોજદારી કામ સંબંધી કાયદો સુધારવા બાબતના આકટ (સન ૧૯૦૩ ના ૮ મા) ની ૪ થી કલમથી ઉમેર્યા હતા.

અથવા જે અમલદારને ગવર્નર જનરલ ઇન કૌંસિલે આ બાબત અધિકાર આપ્યો હોય તે અમલદારના હુકમથી અથવા અખત્યારથી ફરિયાદ કર્યા વગર કોઇપણ કોર્ટે સાંભળવો નહિ.

* ૧૯૬ અ. હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૨૦ બ કલમની રૂએ શિક્ષા થઇ શકે એવા સાપરાધ કાવતરાનો કોઇ પણ ગુન્હો કોઇ પણ કોર્ટે હેઠળ પ્રમાણે ન હોય તો સાંભળવો નહિ.—

કેટલાક વર્ગના સાપરાધ કાવતરા બાબત ફોજદારી કામ ચલાવવું,

(૧) સદરહુ કાવતરાનો ઉદેશ ગુન્હો ન હોય એવું કાયદા વિરૂદ્ધ કામ અથવા કાયદા વિરૂદ્ધ સાધનોથી કાયદાપુર્વક કામ, અથવા ૧૯૬ મી કલમનાં ઠરાવો લાગુ પડતા હોય એવો ગુન્હો કરવાનો હોય એવા મુકદમામાં. ગવર્નર જનરલ ઈન કૌંસિલના, સ્થાનિક સરકારના અથવા ગવર્નર જનરલ ઈન્ કૌંસિલે આ બાબતમાં અધિકાર આપ્યો હોય તે અમલદારના હુકમથી અથવા અખત્યારથી ફરિયાદ કરવામાં ન આવી હોય તો, અથવા.

(૨) સદરહુ કાવતરાનો ઉદેશ કોઇપણ નોન કોગનીઝેબલ ગુન્હો અથવા મોતની, સમુદ્રપારની અથવા બે અથવા વધારે વર્ષની સખત મજુરીની કેદની શિક્ષા થઇ શકે નહિ એવો કાગનિઝેબલ ગુન્હો કરવાનો હોય એવા મુકદમામાં, સ્થાનિક સરકારે, અથવા સ્થાનિક સરકાર તરફથી આ અર્થે અધિકાર મળેલા ચીફ પ્રેસિડન્સી માજિસ્ટ્રેટે અથવા જિલ્લા માજીસ્ટ્રેટે લેખી હુકમ કાઢીને ફરીયાદનું કામ ચલાવવાની મંજુરી આપી ન હોય તો;

પણ એવું ઠરાવ્યું છે કે જ્યારે સદરહુ સાપરાધ કાવતરૂં એવું હોય કે જેને ૧૯૫ મી કલમની પેટા કલમ (૩) ના ઠરાવો લાગુ પડતા હોય ત્યારે એવી મંજુરીની જરૂર પડશે નહિ.

દ્રષ્ટાંત.

અ બ્રિટીશ ઇંડીયામાં રહીને ગોવામાંના બ પરદેશીને ગોવામાં ખુન કરવાને ઉશ્કેરે છે. ખુન કરવામાં અ એ મદદગારી કરી એમ સમજવું."

☞ આ કલમ ૧૮૯૮ના આકટ ૪ ની કલમ ૩જીથી વધારી છે.

જો મદદગારી ઉપરથી મદદગારી કરેલું કામ કરવામાં આવે અને તેવી મદદગારીને માટે બીજે કાંઇ સાફ શીક્ષા ન ઠરાવી હોય તેની શીક્ષા.

૧૦૯. અગર કોઇ માણસ કાંઇ ગુન્હામાં મદદગારી કરે અને તે મદદગારી ઉપરથી તે મદદગારી કરેલું કામ કરવામાં આવે અને તે મદદગારીની શીક્ષાને માટે આ કાયદામાં કાંઈ સાફ ઠરાવ કરેલો નહિ હોય તો તે ગુન્હાને માટે ઠરાવેલી શીક્ષા તે માણસને કરવામાં આવશે.

ખુલાસો—કાંઈ કામ અથવા ગુન્હો મદદગારી ઉપરથી કરવામાં આવ્યો એમ ક્યારે સમજવું કે જ્યારે તે કામ અથવા ગુન્હો તે મદદગારીમાં જે ઉશ્કેરણી અથવા મસલત અથવા સહાય આવ્યું હોય તે ઉશકેરણી ઉપરથી અથવા તે મસલત મુજબ અથવા તે સહાયથી કરવામાં આવે ત્યારે.

---

૧. ઑમ્બે લૉ રિપોર્ટર ૬૭૮ ઈ. લો. રિ. ૨૪ મુંબઈ ૨૮૭.

* આ કલમ સન ૧૮૯૩ ના હિંદુસ્તાનો ફોજદારી કામ સંબંધી કાયદો સુધારવા બાબતના આકટ (સન ૧૮૧૩ ના ૮ મા) ની ૫ મી કલમથી ઉમેરી હતી.

દ્રષ્ટાંત—(અ) બ એક સરકારી નોકર છે તેણે પોતાના ઓદ્ધાનો અમલ ચલાવવામાં અ ની ઉપર કાંઇ મેહેરબાની બતાવવાના બદલામાં અ બ ને કાંઇ લાંચ આપવા માંડે અને બ તે લાંચ લે તો ૧૬૧ મી કલમમાં બ્યાન કરેલા ગુન્હામાં અ એ મદદગારી કરી એમ સમજવું.

(બ) બ ખોટી સાહેદી આપવાને અ બ ને ઉશકેરે અને તે ઉશકેરણી ઉપરથી બ તે ગુન્હો કરે તો અ એ તે ગુન્હામાં મદદગારી કરી તથા બ ના જેવીજ શીક્ષાને તે લાયક છે, એમ સમજવું.

(ક) અ તથા બ જ ને ઝેર આપવાની મસલત કરે, તે મસલત મુજબ અ ઝેર લાવી ને બ ને હવાલે કરે એટલા સારૂ કે બ તે ઝેર જ ને આપે પછી તે મસલત મુજબ બ અ ની ગેરહાજરીમાં તે ઝેર જ ને આપે અને તેથી જ નું મોત થાય તો એ ઠેકાણે બ ખુનનો તકશીરવાર છે અને અ એ મસલતથી તે ગુન્હામાં મદદગારી કરી તે ખુનની શીક્ષાને લાયક છે એમ સમજવું.

ટીકા—(ટીકા માટે જુઓ કલમ ૧૧૩).

અગર મદદગારી કરેલો સખશ તે કામ મદદગારના ઈરાદા કરતા જુદા ઈરાદાથી કરે તે મદદગારીની શીક્ષા.

૧૧૦. અગર કોઇ માણુસ કાંઇ ગુન્હામાં મદદગારી કરે અને મદદગારી કરેલો શખશ મદદગારના ઇરાદા અથવા જ્ઞાન કરતાં જુદાજ ઇરાદા કે જ્ઞાનથી તે કામ કરે તો બીજા ઇરાદાથી, અથવા જ્ઞાનથી નહિ પણુ મદદગારના જેવાજ ઇરાદાથી અથવા જ્ઞાનથી અગર તે કામ કર્યું હોય તો જે ગુંન્હો થાય તે ગુન્હાને માટે ઠરાવેલી શીક્ષા તે માણુસને કરવામાં આવશે.

ટીકા—(ટીકા માટે જુઓ કલમ ૧૧૩).

એક કામમાં મદદગારી કરી હોય અને જુદુજ કામ બને તારે મદદગારી જવાબદારી

૧૧૧. અગર એક કામમાં મદદગારી કરવામાં આવે અને બીજું કામ બને તો જાણે તેજ કામમાં મદદગારી હોય એવીજ રીતે તથા તેટલેજ દરજ્જે તે મદદગાર તે બનેલા કામને માટે જવાબદાર છે પણુ તે બનેલું કામ તે મદદગારીનું સંભાવ્ય ફળ હોવું જોઇએ તથા જે ઉશ્કેરણી અથવા સહાય અથવા મસવરત તે મદદગારીમાં આવી હોય તે ઉશ્કેરણીના જોરથી અથવા તે મસવરત મુજબ તે કામ થવું જોઇએ.

દ્રષ્ટાંતો—(અ) જના ખોરાકમાં ઝેર ઘાલવાને એક બાળકને ઉશ્કેરીને અ તે કારણુસર તે બાળકને કાંઇ ઝેર સોંપે પછી તે ઉશ્કેરણી ઉપરથી યનો ખોરાક જના ખોરાકની પાસે છે તેમાં ચુકથી તે ઝેર ઘાલે તો એ ઠેકાણે જો તે બાળકે તે ઉશ્કેરણીના જોરથી કામ કર્યું હોય અને સઘળા હાલ જોતાં જે કામ થયું તે મદદગારીનુ સંભાવ્ય ફળ હોય તો અગર અ એ તે બાળકને ય નાજ ખોરાકમાં ઝેર ઘાલવાને ઉશ્કેર્યો હોય એવીજ રીતે તથા તેટલેજ દરજ્જે અ જવાબદાર છે.

(બ) જ નુ ઘર બાળી નાંખવાને અ બ ને ઉશકેરે, અને બ તે ઘરને આગ લગાડીને તેજ વખતે ત્યાં કાંઈ મીલકત ચોરી કરે તો અગર તે ઘર બાળવામાં મદદગારી કરવાનો અ ત કશીરવાર છે તો પણ તેણે તે ચોરીમાં મદદગારી કરી એમ સમજવું નહી, કેમકે ચોરી તે જુદુજ કામ છે અને તે બાળવાનું સંભાવ્ય ફળ નથી.

(ક) અપહરણના કારણુસર મધરાતે એક વાશેલું ઘર ફોડવાને અ બ તથા ક એઓને ઉશકેરે અને તે કારણુસર તે તેઓને શસ્ત્ર આપે, પછી બ તથા ક તે ઘર ફોડીને અંદર જાય અને તે ઘર માંહેલો એક માણુસ જ તેઓની સામો થયેથી તેઓ જ નું ખુન કરે તો એ ઠેકાણે જો તે ખુન તે મદદગારીનું સંભાવ્ય ફળ હોય તો અ ખુનને માટે ઠરાવેલી શીક્ષાને લાયક છે એમ સમજવું.

ટીકા—(ટીકા માટે જુઓ કલમ ૧૧૩).

મદદગારને મદદગારી કરેલાં કામની તથા બનેલાં કામની એ બંને શીક્ષા ક્યારે થઈ શકે.

૧૧૨. મદદગારી કરેલું કામ પણ કરવામાં આવે અને ઉપલી કલમ મુજબ જે કામને માટે મદદગાર જવાબદાર છે તે કામ પણ કરવામાં આવે અને તે કામ જુદોજ ગુન્હો થાય તો તે મદદગાર તે ગુન્હાઓમાંના હરેક ગુનાની શીક્ષાને લાયક છે.

દ્રષ્ટાંતો—એક સરકારી નોકરે કરેલી જપતીના સામો થવાને અ બ ને ઉશકેરે પછી તે ઉપરથી બ તે જપતીની સામો થાય અને સામો થવામાં બ તે જપતી કરનાર અમલદારને બુદ્ધીપુર્વક મહાવ્યથા કરે તો તે જપતીનો સામો થવાનો ગુન્હો તથા બુદ્ધીપુર્વક મહાવ્યથા કરવાનો ગુન્હો એ બંને ગુન્હા બ એ કર્યા માટે બ એ બંને ગુન્હાની શીક્ષાને લાયક છે અને અગર અ એ એમ જાણ્યું હોય કે તે જપતીની સામો થવામાં બ બુદ્ધીપુર્વક મહાવ્યથા કરશે એવો સંભવ છે તો અ પણ એ ગુનાઓમાંના હરેક ગુન્હાની શીક્ષાને લાયક છે એમ સમજવું.

ટીકા—(ટીકા માટે જુઓ કલમ ૧૧૩).

મદદગારી કરેલા કામની મદદગારના ધાર્યા કરતાં જુદી અસર પેદા થાય તે અસરને માટે મદદગારીની જવાબદારી.

૧૧૩. એક મુકરર અસર પેદા કરવાના ઈરાદાથી મદદગાર સખસ કાંઇ કામમાં મદદગારી કરે અને તે મદદગારી ઉપરથી જે કામને માટે તે મદદગાર જવાબદાર હોય એવું કાંઈ કામ તે મદદગારે ધારેલ હોય તે કરતાં જુદી અસર પેદા કરે તો અગર તે મદદગારે તેજ અસર પેદા કરવાના ઈરાદાથી તે કામમાં મદદગારી કરી હોય એવીજ રીતે તથા તેટલે દરજ્જે તે મદદગાર તે પેદા કરેલી અસરને માટે જવાબદાર છે પણ તે મદદગારી કરેલા કામથી તે અસર થવાનો સંભવ છે એમ તેણે જાણું હોય તો.

દ્રષ્ટાંતો—જ ને મહાવ્યથા કરવાને અ બ ને ઉશકેરે, પછી બ તે ઉશકેરણી ઉપરથી જ ને મહાવ્યથા કરે અને તેથી કરીને જ મરી જાય તો એ ઠેકાણે અગર અએ એમ જાણું હોય

ક તે મદદગારી કરેલી મહાવ્યથાથી જ નું મોત થશે એવો સંભવ છે તો ખુનને માટે ઠરાવેલી શીક્ષા પામવાને અ લાયક છે એમ સમજવું.

ટીકા—મદદગારીના પરિણામે, કાંતો એમ બને કે, કંઈપણ ગુન્હો બને નહિં. અગર મદદગાર શખસે ધારેલોજ ગુન્હો બને, અગર તેણે ધાર્યો હોય તેથી કંઈ જુદોજ ગુન્હો બને પ્રથમ દરશાવેલી બાબતમાં, એટલે જ્યાં મદદગારીના પરિણામે કંઇપણ ગુન્હો ન બને ત્યાં, ગુન્હાના પ્રમાણમાં, મદદગારી કરનાર શખસને ક. ૧૧૫ અને ૧૧૬ મુજબ શિક્ષા થાય છે. અને મદદગારી કરનાર શખસો વધારે હોય તો ક. ૧૧૭ મુજબ શિક્ષા થાય છે. મુખ્ય ગુન્હેગાર, અને મદદગાર શખસોએ ધારેલો ગુન્હો ધારવા મુજબ સંપૂર્ણ રીતે બને છે, ત્યારે, ગુન્હો બનતી વખતે, મદદ કરનાર શખસ હાજર હોય અગર ગેરહાજર હોય તોપણ, મુખ્ય ગુન્હેગારની પંક્તિમાંજ તેને મુકાય છે. (ક. ૧૦૯) આવી જાતના કેસોમાં જ્યારે એક જાતનો ગુન્હો ધાર્યો હોય, અને બીજી જાતનો ગુન્હો બને છે, ત્યારેજ કંઇક ગુચવાડો ઉત્પન્ન થાય છે, એવે પ્રસંગે, મદદગાર શખસે કરેલી મદદગારીને અનુસરીને, મુખ્ય ગુન્હેગારે કૃત્ય કર્યું ન હોય તો, મદદ કરનાર શખસને દોષીત ઠરાવી શકાતો નથી. એક સખસ, બીજા શખસને અમુક ગુન્હો કરવાનું સુચન કરે, અને તેમ કરીને તેની ગુન્હો કરવાની વૃત્તિઓને ઉશ્કેરે, અને તે ઉશ્કેરાયલી વૃત્તિઓનું રૂપાંતર થઇ તેનું પરિણામ, મદદગાર શખસે ધાર્યા કરતાં જુદાજ સ્વરૂપનું આવે તો, મદદગારને તે માટે જોખમદાર ગણી શકાય નહીં, દાખલા તરીકે એક શખસ બીજા શખસને મધપાન કરવાને ઉશ્કેરે, અને તે ઉશ્કેરાયલો શખસ, પઇસા પુરા પાડવા માટે ચોરી કરે તો તેને માટે ઉશ્કેરનાર શખસને ગુન્હેગાર ગણી શકાય નહિ. દાખલા તરિકે, મદદગાર શખસ અમુક માણસનુ ખુન કરવા માટે ઉશ્કેરે અને મુખ્ય ગુન્હેગાર બીજા શખસનું ખુન કરે. અ બ ને ઉશ્કેરે, અને ક નું ઘર બાળવા માટે તેને સુચના કરે, અને બ બીજા કોઈના ઘરમાં આગ લગાડે. તેવીજ રીતે એક માણસ, એક શખસનો ઘોડો ઉપાડી લાવવા ઉશ્કેરણી કરે, અને તે ઉશ્કેરાયલો સખસ ઘોડાને બદલે ગાય ઉપાડી લાવે આવા સંજોગોમાં મદદગાર શખસને ગુન્હેગાર ગણી શકાય નહીં. પરંતુ, મદદગાર શખસે કરેલી ઉશ્કેરણીને અનુસરીને મુખ્ય ગુન્હેગાર, ગુન્હો કરવામાં માત્ર વખત, સ્થળ, અગર વિધીનો ફેરફાર કરીને તે કૃત્ય કરે તો તેથી મદદગાર મુક્ત થતો નથી. દાખલા તરીકે અને બંદુકથી મારવા માટે બ ક ને ઉશ્કેરે, અને ઉશ્કેરાયલો ક બંદુકને બદલે તલવારથી અ ને મારે.

વળી મદદગારની ઉશ્કેરણીથી આગળ વધીને, મુખ્ય ગુન્હેગાર, વધારાનું કંઈ કૃત્ય કરે તો, જો તે વધારાનું કૃત્ય, મદદગારીનું સંભાવ્ય ફળ હોય તો મદદગાર તે વધારાના કૃત્ય માટે પણ અપરાધી ઠરી શકે છે. દાખલા તરિકે એક શખસને અ ક નું ઘર બાળવા માટે ઉશ્કેરે અને તેમ કરતાં ક ના ઘરનું કોઇ માણસ અંદર બળી મરે. એક માણસ પોતાના નોકરોના હાથમાં લાઠીઓ આપે અને અમુક ખેતરનો કબજો જોરથી લેવાનો તેમને હુકમ કરે અને તેમ કરતાં તેના માણસોથી એકાદ માણસનું ખુન થાય, ઉપરના કેસોમાં વધારાના પરિણામ માટે મદદગાર ગુન્હેગાર થઈ શકે છે, કારણ કે તે વધારાના પરિણામો મુખ્ય બીનાનાં સંભાવ્ય ફળ છે.

એક માણસે લુટ અગર ગૃહપ્રવેશ માટે બીજાને ઉશ્કેરણી કરી હોય, અને તેમ કરતાં દરમ્યાન, માલધણી સામો થાય અને તેનુ ખુન થાય. તો તે ખુનને માટે ઉશ્કેરણી કરનાર શખસને મદદગાર ગણી શકાય કે નહીં ? આ પ્રશ્નનો જવાબ બીજા એક પ્રશ્ન ઊપર આધાર રાખે છે. જે રીતથી મુખ્ય ગુન્હેગારને મદદગારી કરનાર શખસે ગુન્હો કરવાની સલાહ આપી, તે રીત એવા પ્રકારની હતી કે વખતે આવી જાતનું બળ વાપરવાની જરૂર પડે તો તે વાપરવાની પણ સલાહ કે ભલામણનો સમાવેશ તે મદદગારની સુચનામાં થઈ શકે.૧

એક બીજો મહત્વનો પ્રશ્ન ઉભો થાય છે કે જેમાં સ્વાભાવીક રીત્યેજ મતફેર જોવામાં આવે છે. ક એ ખ ને મારવા માટે ગ ને ઉશ્કેર્યો હોય, અને ગ. ભુલથી ઘ ને મારે ! આવા પ્રશ્નોનો પણ બહુ

---

૧. શાણી. વિ. મથુરાદાસ. ઇ. લો. રિ. ૬ અલ્હાબાદ. પાનુ ૪૯૧.

સો એમ જવાબ મળે છે કે જે કૃત્ય થયું તે માટે મદદગાર સખસને ગુન્હેગાર ગણવાં માટે, તેની ઉશ્કેરણીનું તે સંભાવ્ય ફળ હતું કે નહી? એક સખસને પોતાની સ્ત્રીનું ખુન કરવું હતુ. તે માટે તેણે તેના એક મીત્રની સલાહ માગી તેણે એક બાફેલા ફળમાં ઝેર ઘાલીને તેની સ્ત્રીને તે આપવાની સુચના કરી તે મુજબ તે સખસે પોતાની સ્ત્રીને ઝેર ઘાલેલું ફળ ખાવા આપ્યું. પરંતુ તેજ વખતે તેનું છોકરૂ પાસે ઉભું હોવાથી સ્વાભાવીક રીતેજ માએ ફળનો એક ભાગ તે બચ્ચાને ખાવા આપ્યો. આરોપી–મુખ્ય ગુન્હેગાર ત્યાં ઉભો હોવા છતાં તેનાથી બચ્ચાને ફળ આપવાની વચ્ચે પડવાની હીંમત આવી શકી નહીં ફળ ખાવાથી તે છોકરૂં મરી ગયું. આરોપીની બઇરીને મારી નાંખવાની સલાહ આપનાર મીત્રને છોકરાના ખુન માટે મદદગાર ગણવામાં આવ્યો નહતો.૧

મદદગાર સખસે એકજ ગુન્હો કરવાની સુચના આપી હોય, અને તેમ છતાં વખતે તે બે ગુન્હાને માટે ગુન્હેગાર બને છે. એવા સંજોગોમાં, જે બીજો ગુન્હો બને, તે એવો હોવો જોઇએ કે મદદગારી કરનાર સખસે તે બનશે તેમ જાણવું જોઇતું હતું. (ક. ૧૧૨.) કેટલીક વખત એમ પણ બને છે કે મુખ્ય ગુન્હેગાર કરતાં મદદગારી કરનાર સખસ વધારે ગંભીર સ્વરૂપના ગુન્હા માટે અપરાધી ઠરી શકે છે. દાખલા તરિકે, ક નું ખુન કરવા માટે ખ એ ગ ને સુચના કરી હોય, અને તે સાથે ગ ને ખ એ એમ કહ્યું હોય કે ક ગ ની સ્ત્રીના સુવાના ઓરડામાં માલમ પડશે અને ગ ક ને તેજ સ્થળે જુવે અને ઉશ્કેરાઇ જઇને ક નું ખુન કરે. આ સંજોગોમાં, ગ (મુખ્ય ગુન્હેગાર), આકસ્મીક ક્રોધ (ક. ૩૦૦ અપવાદ ૧ મુજબ)નો બચાવ લાવી શકે છે. પરંતુ મદદગારી કરનાર ખ ને કંઇ આકસ્મીક ક્રોધ ઉત્પન્ન થવાનું કારણ બન્યુ નથી. તેથી સામાન્ય રીતે, તેણે ગ ને કોઇ માણસને મારી નાંખવા ઉશ્કેરણી કરી હોય તે મુજબજ તે ગુન્હેગાર થાય છે.

જે કલમોમાં અમુક ગુન્હામાં મદદગારી કરવાના કૃત્ય માટે ખાસ વીવેચન કરવામાં આવેલું છે જેવા કે ક. ૧૨૧—૧૨૨—૧૨૩—૧૩૦—૧૩૨—૧૩૪—૧૩૬ તેવાને ક. ૧૦૯ મી લાગુ પડતી નથી.

એક હિન્દુએ પોતાની દીકરી જે આઠ વર્ષની હતી તેને એક સખસ સાથે પરણાવ્યા છતાં તેની હયાતિમાં બીજા સાથે પરણાવી તે માટે તેને ક. ૪૯૪+૧૦૯ મુજબ ગુન્હેગાર ગણવામાં આવ્યો હતો૨

એક હીંદુ સીધવા પોતાની બાળક દીકરીને પોતાના ધણીને ઘેરથી અને ઘેર ગઇ અને પોતાના ધણીની મરજી વીરૂદ્ધ તે દીકરીને આના ભાઇ સાથે પરણાવી. તેમાં ઠરાવ્યું કે સ્ત્રીએ કરેલા ૩૬૩ મુજબના ગુન્હા માટે, અને આ ૧૦૯ + ૩૬૩ મુજબ ગુન્હેગાર હતો૩ પરંતુ અલ્હાબાદ હાઇકોર્ટ આ મત સાથે મળતી થતી નથી ૪ ક. ૧૦૯ મુજબ અમુક સખસને ગુન્હેગાર ઠરાવતાં પૂર્વે, ઇરાદા પૂર્વકની મદદ અથવા ગેરકાયદે કસુર કરવા થવાની જરૂર છે. ૫ ક્રીમીનલ પ્રોસીજર ક. ૨૩૯ મુજબ મદદગારી કરનાર સખસના મુખ્ય ગુન્હેગારની સાથેજ અગર ઇલાયદી તજવીજ થઇ શકે છે.

ગુન્હો થતી વખતે મદદગાર ૧૧૪. જે સખસ અગર ગેરહાજર હોય તો મદદગાર દાખલ શીક્ષા પામવાને લાયક થાય તે સક્ષને

---

૧. સઉન્ડરનો કેસ. પ્લાઉડન પાનું ૪૭૫.

૨ ૬ કલકત્તા વીકલી નોટસ ૮૪૩
ઈ. લો. રિં. ૧૪ મદ્રાસ ૩૬૪.
„ „ „ „ મદ્રાસ ૪૬૩
ઇ. લો. રિ. ૧૬ અલ્હાબાદ ૮૮

૩ ઇ. લો. રિ. ૮ કલકતા ૯૬૯; ઈ. લો. રિ. ૧ મદ્રાસ ૧૭૩.

૪ ૨૩ અલ્હાબાદ વીકલી નોટસ પાનું ૨૩૩ (સને ૧૯૦૩) વળી જુઓ. ઇ. લો. રિ. ૧૯ અલ્હાબાદ ૧૦૯.

૫ ૧. બાઝબે લૉ રિપોર્ટર, ૩૫૧.

હાજર હોય તો. તે મદદગારીને લીધે જે કામ અથવા ગુનાને માટે શીક્ષા થઇ શકે એવું હોય તે કામ અથવા ગુનો થતી વખતે તે સખશ જો ત્યાં હાજર હોય તો તેણે તે કામ અથવા ગુનો કર્યો એમ સમજવું.

ટીકાઃ—આ કલમની રૂએ બે બાબતો પૂરવાર થવા જરૂર છેઃ—૧ ગુન્હેગાર ગેરહાજર હત તો પણ તે મદદગારી માટે જવાબદાર ઠરી શકે તેવા પ્રકારનો ગુન્હો છે ૨ ગુન્હો થયો હોય ત્યારે તે હાજર હતો? છેવટનું કૃત્ય બનતા અગાઉ એક માણસ તેમાંથી સ્પષ્ટ રીતે જુદો થઈ જાય તો તેનું કૃત્ય મદદગારી કહી શકાય નહિ. ૨ "તેણે ગુન્હો કર્યો એમ સમજવું" એવા છેલ્લા શબ્દોનો મતલબ એમ સમજવાનો નથી કે તેણે ગુન્હો વાસ્તવિક રીતે કર્યો છે એવી ગણના કરવી પરંતુ તેણે ગુન્હો જાણે કરેલો હોય તેવીજ તેની અસર ગણવાની છે. એવી રીતે ગુન્હો કર્યાની વાસ્તવીક માન્યતા, અને એનું માની લીધેલું પરિણામ એમાં ઝીણો ફેર છે. અને તે કેટલેક પ્રસંગે જાણવો ઉપયોગમાં આવે છે. દાખલા તરિકે, એવી રીતે મદદગારીનો ગુન્હો કર્યાનું માત્ર અમુક વસ્તુસ્થીતિના પરિણામે કરીને માની લેવામાં આવે એટલે કે તેની કાયદેસર અસર માત્ર એમ માની લેવાની થતી હોય તો ક. ૭૫ મુજબ પ્રથમના ગુન્હા માટે તેવા તહોમતદારને કરેલી સજા વધારી શકાતી નથીઃ ૩.

એક મદદગાર સખસ, અમુક ઘરની અંદર તેના મળતીઆઓ લુટ ચલાવતા હોય ત્યારે તે ઘર બહાર ઉભો રહી તપાસ રાખે તે પણ તેટલોજ જવાબદાર છે. ૪ અમુક અધિકારીને રૂશવત અપાતી વખતે પોતાની હાજરીમાત્રથી કોઇ જવાબદાર ઠરતો નથી, તેણે રકમની બાબતમાં કંઇ દરમ્યાનગીરિ કરવાનું થવું જોઈએ. ૫.

મોતની અથવા જીવતા સુધી સમુદ્ર પારની શીક્ષા થઇ શકે એવા ગુનામાં મદદગારી કરવામાં આવે અને તે ગુનો તે મદદગારી ઉપરથી ન થાય તો તે મદદગારીની શીક્ષા અગર જેથી વ્યથા થાય એવું કાંઇ કામ તે મદદગારી ઉપરથી કરવામાં આવે તો.

૧૧૫. મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા થઇ શકે એવો કાંઈ ગુનો કરવામાં કોઇ માણુસ મદદગારી કરે અને તે મદદગારી ઉપરથી તે ગુન્હા કરવામાં આવે નહી તથા તે મદદગારી માટે શિક્ષા સબંધી આ કાયદામાં કાંઈ સાફ ઠરાવ નહી કરેલો હોય તો તે માણુસને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે અને અગર તે મદદગારી ઉપરથી જે કામને માટે તે મદદગાર જવાબદાર હોય અને જે કામથી કોઇ શખસને વ્યથા થાય એવું કાંઈ કામ કરવામાં આવે તો તે મદદગારને ચઉદ વરસની મુદત સુધીની

---

૧ ઇ. લો. રિ. ૨૭ કલકત્તા. ૧૬૬.
૨ ૧૦ મું. હા. રિ. ૪૯૭.
૩ જુઓ ૧૦ બૉમ્બે લૉ રિપોર્ટસ્રા. ૨૬.
૪ ૧ બૉમ્બે લૉરિપોર્ટર પાનું ૩૫૧.
૫ ઈ. લો. રિ. ૨૭ કલકત્તા. ૧૪૪. વળી ૨ કલ. વી. નો પાનું ૪૯.

એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

દ્રષ્ટાંત—જ નુ ખુન કરવાને અ બ ને ઉશ્કેરે પણ તે ગુન્હો કરવામાં આવે નહી હવે અગર બ જ નુ ખુન કરે તો તે મોતની અથવા જીવતા સુધી સમુદ્રપારની શીક્ષાને લાયક થાય એવું છે માટે અ સાત વરસની મુદ્દત સુધીની કેદને તથા દંડને પણ લાયક છે એમ સમજવું અને તે મદદગારી ઉપરથી જો જ ને કાંઇ વ્યથા કરવામાં આવે તો તે માણુસ અ ૧૪ વરસની મુદ્દત સુધીની કેદને તથા દંડને લાયક થશે એમ સમજવું.

ટીકાઃ—જેને માટે માત્ર મોતનીજ સજા છે તે ક. ૩૦૩; મોત અગર સમુદ્રપારની સજા ક. ૧૨૧–૧૩૨–૧૯૪–૩૦૨–૩૦૫–૩૦૭, અને ૩૯૬, સમુદ્રપારની સજા. ક. ૧૨૧ અ; ૧૨૨, ૧૨૪ અ, ૧૨૫, ૧૨૮, ૧૩૦, ૧૩૧, ૧૯૪, ૨૨૨, ૨૨૫, ૨૨૬, ૨૩૨, ૨૩૮, ૨૫૫, ૩૦૪, ૩૦૭, ૩૧૧, ૩૧૩, ૩૧૪, ૩૨૬, ૩૨૯, ૩૬૪, ૩૭૧, ૩૭૬, ૩૭૭, ૩૮૮, ૩૮૯, ૩૯૪, ૪૦૦, ૪૦૯, ૪૧૨, ૪૧૩, ૪૩૬, ૪૩૮, ૪૪૯, ૪૫૯, ૪૬૧, ૪૭૨, ૪૭૪, અને ૪૭૭ મુજબ થઇ શકેછે.

કેદની શીક્ષા થઇ શકે એવા ગુન્હામાં મદદગારી કરવામાં આવે ને તે ગુન્હો તે મદદગારી ઉપરથી ન થાય તો તે મદદગારીની શીક્ષા અગર તે મદદગારે અથવા મદદગારી કરેલો શખસ સરકારી નોકર હોય અને તેની ફરજ તે અટકાવવાની હોય તો.

૧૧૬. કેદની શીક્ષા થઇ શકે એવા કોઇ ગુન્હામાં કોઇ માણુસ મદદગારી કરે અને તે મદદગારી ઉપરથી તે ગુન્હો કરવામાં આવે નહી તથા તે મદદગારીને માટે શીક્ષા સંબંધી આ કાયદામાં કાંઈ સાફ ઠરાવ નહિ કરેલો હોય તો તે માણુસને તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુન્હાને માટે ઘણામાં ઘણી જે મુદ્દત ઠરાવી હોય તેની પા મુદ્દત સુધીની કેદની અથવા તે ગુન્હાને માટે ઠરાવેલા દંડની અથવા એ બન્નેની શિક્ષા કરવામાં આવશે અને અગર તે મદદગાર અથવા જેને મદદગારી કરી હોય તે સખસ સરકારી નોકર હોય અને તેની ફરજ તે ગુન્હો થતો અટકાવવાની હોય તો તે મદદગારને તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુન્હાને માટે કેદની ઘણામાં ઘણી જે મુદ્દત ઠરાવી હોય તેની અડધી મુદ્દત સુધીની કેદની અથવા તે ગુન્હાને માટે ઠરાવેલા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત--[અ] બ એક સરકારી નોકર છે તે પોતાના હોદ્દાનો અમલ ચલાવવામાં અ ના ઉપર કાંઇ મેહેરબાની કરે તેના બદલામાં અ બ ને કાંઇ લાંચ આપે અને બ તે લાંચ લે નહી તો અ ને આ કલમ મુજબ શીક્ષા થઇ શકે.

[બ] ખોટી શાહેદી આપવાને અ બ ને ઉશ્કેરે તો એ ઠેકાણે અગર બ ખોટી શાહેદી આપે નહી તો પણ અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કર્યો અને તે મુજબ તેને શીક્ષા થઇ શકે એમ સમજવું.

(ક) અ એક પોલીસ અમલદાર છે તેની ફરજ અપહરણ અટકાવવાની છે તે અપહરણ કરવામાં મદદગારી કરે તો એ ઠેકાણે અગર તે અપહરણ ન થાય તો પણ તે ગુન્હાને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની અડધી મુદતની કેદને તથા દંડને પણ અ લાયક છે, એમ સમજવું.

(ડ) અ એક પોલીસ અમલદાર છે તેની ફરજ અપહરણ અટકાવવાની છે તેની પાસે તે ગુન્હો કરવામાં બ મદદગારી કરે તો એ ઠેકાણે અગર તે અપહરણ ન થાય તો પણ તે અપહરણના ગુન્હાને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની અડધી મુદતની કેદને તથા દંડને પણ બ લાયક છે એમ સમજવું.

ટીકા.—અલ્હાબાદ હાઇકોર્ટના એક કેસમાં હાઇકોર્ટમાં પ્રેકટીસ કરતા એક વકિલે ડીસ્ટ્રીકટ કોર્ટના એક વકિલ તરફ છાપેલ ફારમો, ડીસ્ટ્રીકટ કોર્ટના વકિલોને મોકલવા તૈયાર કરેલાં તેમાંનું એક મોકલ્યું તેમાં મતલબ એવી હતી કે તે ડીસ્ટ્રીકટ કોર્ટના વકિલે તેના અસીલોના ઉપલી કોર્ટના કેસો તેની તરફ મોકલવા જે સદર હાઇ કોર્ટનો વકિલ હાઈ કોર્ટમાં ચલાવશે અને જે ફી આવશે તેમાંથી તેને " મ્હેનતાણા બદલ " અમુક ભાગ મળશે. આ કૃત્યને આ કલમ મુજબ ઉશ્કેરણી ગણવામાં આવી હતી. ૧

લોક પાસે અથવા દશથી વધારે માણસો પાસે કાંઇ ગુન્હો કરાવવામાં મદદગારી.

૧૧૭. લોકો પાસે અથવા કોઈ પણ વર્ગના દસથી વધારે શખસો પાસે કાંઇ ગુન્હો કરાવવામાં જે માણસ મદદગારી કરે તેને ત્રણ વરસની મુદત સુધીના એમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બન્નેની શીક્ષા કરવામાં આવશે.

દૃષ્ટાંત—અ એક સરીઆમ રસ્તામાં એક જાહેરનામું ચોડે અને તે મધે દશથી વધારે માણસોના એક તડવાળાને એવી રીતે ઉશ્કેરે કે તમારા સામા તડવાળા માણસો ફલાણી વખતે તથા ફલાણા ઠેકાણેથી એક વરઘોડો લઈ જવાના છે તેઓની ઉપર હુમલો કરવાના કારણસર તમે તે વખતે તે ઠેકાણે એકઠા થજો તો અ એ આ કલમમાં બયાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવું.

ટીકા—એક સખસે બાર કોળી લોકોને ઉશ્કેરી તેમના કરાર તોડાવેલા તેમાં ઠરાવ્યું કે તેણે દરેક કોળીને ઉશ્કેરી ઇલાયદો ગુન્હો કર્યો હતો, એટલે તેમાં બાર પૃથક્ પૃથક્ ગુન્હા થયા ગણવામાં આવ્યા હતા. કારણ કે કરાર તોડાવવો એ ઈલાયદો ગુન્હો છે.૨

મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવાની ધાર-

૧૧૮. મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા થઈ શકે એવો કોઇ ગુન્હો કરવો સેહેલ કરવાના ઇરાદાથી અથવા તે પોતાથી સેહેલ થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં અગર કોઇ માણસ કાંઇ કામ અથવા કાયદા વીરૂદ્ધ કસુર કરીને તે ગુન્હો કરવાની ધારણા થઇ

---

૧ ઇ. લો. રિ. ૧૭ અલ્હાબાદ ૪૯૮ (પ્રી. કા.)
૨ ૩. વી. રી. ૨૪.

...છુપાવવી અગર તે ગુન્હો થાય તો અગર તે ગુન્હો ન થાય તો.

હોય તે ધારણા બુદ્ધિપુર્વક છુપાવે અથવા તે ધારણા બાબત પોતે જેને ખોટી જાણતો હોય એવી કાંઇ વાત જાહેર કરે તો તે માણસને જો તે ગુન્હો થાય તો સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અથવા જો તે ગુન્હો ના થાય તો તે માણસને ત્રણ વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને ગુન્હો થાય તો પણ અને ના થાય તો પણ ઉપલી શીક્ષાની સાથે દંડને પણ તે માણસ લાયક થશે.

દ્રષ્ટાંત—**ભ** એક ઠેકાણે ડાકાઇટીનો ગુન્હો થવાનો છે તે એમ જાણ્યા છતાં **અ** માજીસ્ત્રેટને એવી ખોટી ખબર કરે કે તેથી સામા રસ્તાપર એક ક નામની જગા છે ત્યાં ગુન્હો થવાનો છે અને એમ કરીને તે માજીસ્ત્રેટને છેતરે એવા ઈરાદાથી કે તે ગુન્હો કરવો સેહેલ કરવો અને તે ધારણા મુજબ **ભ** જગાપર તે ગુન્હો કરવામાં આવે તો **અ** ને આ કલમ મુજબ શીક્ષા થઈ શકે.

ટીકા.—કોઇ સખસ ઉપર ગુન્હો જાહેર કરવાની ફરજ ન હોય અને એવા કોઈ ગુન્હાની યોજના ...ણે કંઇ દેખાઇ આવે એવા કૃત્યથી સંતાડવા તજવીજ કર્યાનું ન નીકળે તો તેથી તેવા સખસે કંઈ ગુન્હો ...યો છે એમ ગણી શકાય નહિ. ૧ કી. પ્રો. ક. ૪૪ મુજબ કેટલાક ગુન્હા બન્યાની ખબર આપવાની ...રજ અમુક સખસો ઉપર રહેલી હોય છે. (કી. પ્રો. ૪૪)

ક. ૧૧૮, ૧૧૯ અને ૧૨૦ મુજબ ગુન્હો કરનાર સખસ જુદો હોય છે અને જે ગુન્હાના સંબંધમાં ...એ કલમો મુજબનો ગુન્હો બને છે તે કરનાર સખસ જુદો હોય છે. ૨

જે ગુન્હો અટકાવવાની પોતાની ફરજ હોય એવો ગુન્હો કરવાની ધારણા કોઇ સરકારી નોકરે છુપાવવી અગર તે ગુન્હો થાય તો.

અગર તે ગુન્હો મોત વગેરેની શીક્ષા જોગ હોય તો.

અગર તે ગુનો ન થાય તો.

૧૧૯. કોઇ માણુસ સરકારી નોકર હોય અને સરકારી નોકર દાખલ જે ગુન્હો થતો અટકાવવાની તેની ફરજ હોય એવો કોઇ ગુન્હો કરવો સેહેલ કરવાના ઇરાદાથી અથવા પોતાથી તે સેહેલ થશે એવો સંભવ છે એમ જાણીને અગર તે સરકારી નોકર કાંઇ કામ કે કાયદા વિરૂદ્ધ કસુર કરીને તે ગુન્હો કરવાની ધારણા થઇ હોય તે ધારણા બુદ્ધિપુર્વક છુપાવે, અથવા તે ધારણા બાબત પોતે જેને ખોટી જાણતો હોય એવી કંઇ વાત જાહેર કરે તો તે માણસને જો તે ગુન્હો થાય તો તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા તેને માટે કેદની જે ઘણામાં ઘણી મુદત ઠરાવી હોય તેની અડધી મુદત સુધીની કેદની અથવા તે ગુન્હાને માટે ઠરાવેલા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે. અથવા જો

---

૧ ૪. વી. રી. ૨.

૨ ૧ બૉમ્બે લૉ રિપોર્ટર. ૩૫૧.

તે ગુન્હો મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા થઇ શકે એવો હોય તો તે માણુસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અથવા જો તે ગુન્હો ના થાય તો તે માણુસને તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા તેને માટે કેદની જે ઘણામાં ઘણી મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની કેદની અથવા તે ગુન્હાને માટે ઠરાવેલા દંડની અથવા એ બંને-ની શીક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત—અ એક પોલીસ અમલદાર છે અને અપહરણુ કરવાની જે જે ધારણા તેના જાણવામાં આવે તે સર્વેની ખબર આપવાની કાયદા મુજબ તેની ફરજ છે તેના જાણ્યામાં એમ હોંય કે અપહરણુ કરવાની ભ ધારણા કરે છે, અને તે તે ગુન્હો કરવો સેહેલ કરવાના ઇરાદાથી તે ખબર આપવામાં કસુર કરે તો એ ઠેકાણે કાયદા વિરૂદ્ધ કસુર કરીને અ એ ભ ની ધારણા છે તે છુપાવી માટે તે આ કલમના ઠરાવ મુજબ શીક્ષાને લાયક છે એમ સમજવું.

ટીકા.—આ કલમ એવી જાતના સરકારી નોકરોને લાગુ પડે છે કે જેમની ફરજ એવા ગુન્હા અટકાવવાની છે. ક. ૧૧૮ જે સરકારી નોકરો નથી તેવાઓને લાગુ પડે છે.

કેદની શીક્ષા થઇ શકે એવો કોઈ ગુન્હો કરવાની ધારણા છુપાવવી અગર તે ગુન્હો થાય તો અગર ન થાય તો.

૧૨૦. કેદની શીક્ષા થઈ શકે એવો કોઇ ગુન્હો કરવો સેહેલ કરવાના ઇરાદાથી અથવા તે પોતાથી સેહેલ થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં અગર કોઈ માણુસ કાંઇ કામ અથવા કાયદા વિરૂદ્ધ કસુર કરીને તે ગુન્હો કરવાની ધારણા થઇ હોય તે ધારણા બુદ્ધિપુર્વક છુપાવે અથવા તે ધારણા બાબત પોતે જેને ખોટી જાણતો હોય એવી કાંઇ વાત જાહેર કરે તો તે માણુસને જો તે ગુન્હો થાય તો તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુન્હાને માટે કેદની જે ઘણામાં ઘણી મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની અને જો તે ગુન્હો ન થાય તો તે ઘણામાં ઘણી મુદતની એક અષ્ટમાંઉસ મુદત સુધીની કેદની અથવા તે ગુન્હાને માટે ઠરાવેલા દંડની શીક્ષા કરવામાં આવશે.

ટીકા—કલમો ૧૧૮-૧૧૯-૧૨૦-અને ૧૨૩-એકજ જાતના ગુન્હાનાં જુદાં જુદાં સ્વરૂપો છે. એક ગુન્હો બનવા માટેની સરલતા કરી આપવાની ખાતર, એ તમામ કલમો મુજબ, એક સખસ, કાંતો કંઇક છુપાવે છે, અગર કંઈક ખોટુ જાહેર કરે છે. આ તમામ કૃત્યો ક. ૧૦૭ અંદર પણુ આવી શકે તેવાં છે. પરંતુ તે કલમ અંદર લાવવામાં વખતે કંઇ શંકા રહી જાય તે હેતુથી આ જુદી કલમો થઇ હોય એમ જણાય છે.

દરેક સરકારી નોકર ઉપર, તેના ખાતાને લગતો ગુન્હો બનવાની બાતમી આપવાની કાયદેસર રીત્યે ફરજ નંખાયલી છે. એક પોલીસના સિપાઇની તો સામાન્ય ફરજ છે કે કોઇપણુ જાતનો ગુન્હો થતો અટકાવવો અને તેટલા માટે કોઈ ગુન્હો બનવાનો છે એવી તેને જાણુ પડે તેની ખબર આપવાને તે બંધાયલો છે. (જુઓ ૧૮૫૯ નો એકટ ૨૪ મો કલમ ૨૧; ૧૮૬૧ નો ૫ મો. કલમ ૨૩; ૧૮૭૩ નો ૧૬ મો કલમ ૮; ૧૮૬૭ નો ૧૫ મો કલમ ૬; ૧૮૬૭ નો મુંબાઇનો એકટ ૮ મો કલમ ૬.) કેટલેક સ્થળે અમુક પ્રકારની બાતમી આપવાની કાયદો કેટલાક સખસોને માથે ફરજ નાંખે છે. (ક્રી. પ્રો. કોડ કલમ ૪૪, ૪૫.)

બાબ ૬ ઠો.

રાજ્ય વિરૂદ્ધ ગુન્હાઓ બાબત.

રાણીની સામા લડાઇ કરવાની કોશીશ કરવી અથવા લડાઈ કરવામાં મદદગારી કરવી.

૧૨૧. જે માણુસ રાણીની સામા લડાઇ કરે અથવા લડાઇ કરવાની કોશીશ કરે, અથવા લડાઈ કરવામાં મદદગારી કરે તેને મોતની અથવા જીવતાં સુધી સમુદ્ર-પારની શીક્ષા કરવામાં આવશે અને તેની સઘળી મીલકત સરકાર જપ્ત થશે.

દ્રષ્ટાંત—(અ) રાણીના સામા એક બંડ થાય તેમાં અ સામીલ થાય તો આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો અ એ કર્યો એમ સમજવું.

(બ) સીલોન મધેના બંડખોરોને હથીઆરો મોકલીને ત્યાંના રાણીના રાજની સામા બંડ કરવામાં અ હીન્દુસ્થાનમાં રહીને મદદગારી કરે તો અ એ રાણીના સામા લડાઇ કરવામાં મદદગારી કરવાનો ગુન્હો કીધો એમ સમજવું.

ટીકા—આ કલમની શરૂઆતના શબ્દો—" જે માણુસ " —સામાન્ય છે. એટલે બ્રીટિશ પ્રજા, તેમજ બીજાઓને સામાન્ય રીતે તે લાગુ પડી શકે છે.

રાજાની સામે લડાઈ કરવાના ગુન્હા, અને કાયદા વિરૂદ્ધની મંડળી અગર હંગામાની વચ્ચે તફાવત એ છે કે કાયદા વિરૂદ્ધ મંડળીએ પાર પાડવા ધારેલું કાર્ય, ભવિષ્યમાં ગમે તે વખતે પાર પાડવાના હેતુથી ઉપાડેલું હોય છે. જ્યારે બળની સાથે, તુરતજ અમુક યોજના પાર પડાવવાનો એક મંડળનો હેતુ જણાય છે ત્યારે તે રાજાની સામે લડાઇ કરવાનો ગુન્હો થાય છે. દાખલા તરિકે એક ધારો, કે જે પ્રજાને નાપસંદ હોય, તે પસાર કરવામાં આવ્યો હોય, ત્યારે ધારાસભાના જે સભાસદો એ ધારાની તરફેણમાં હોય, તેમની સામે તીરસ્કાર બતાવવાને માટે મોટાં મોટાં ટોળાં ભેગાં થતાં હોય, અગર ઘણા માણસો તે ધારાની વિરૂદ્ધ છે એવું પ્રજામાં બતાવવાની ખાતર, ગંજાવર વરઘોડા કહાડવામાં આવતા હોય તો, આવી જાતનાં મંડળો, માત્ર કાયદા વિરૂદ્ધની મંડળી બને છે. પરંતુ તેજ મંડળ, કાઉન્સીલના હોલનાં બારણાં ભાગીને તુરતને તુરતજ તે ધારો રદ કરવા ધારે તો તેઓ રાજાની સામે લડાઈ કરવાનો આ કલમમાં બતાવેલો ગુન્હો કરે છે. પરંતુ માણસની સંખ્યા માત્રથીજ એક કાયદા વિરૂદ્ધની મંડળીને, આ કલમમાં બતાવેલો ગુન્હો કરે છે એમ સમજવાનું નથી. પ્રશ્ન એ ઉભો થાય છે કે—શા શા સાધનોથી, અમુક મંડળે પોતાનો હેતુ પાર પાડવા ધાર્યો હતો? અમુક ધારો પ્રજાને સમજાવવો, અને પ્રજાનો મત, તે ધારા ઉપર થયો હોય તે ફેરવવા માટેનાં નિર્દોષ મંડળો સંપૂર્ણ રીતે કાયદેસર છે. પરંતુ જાહેર રીતે થતી ચરચાનો આશ્રય લઇને, ખરી રીત્યે જોતાં અંદર પેટેથી બળ વાપરવાનું અગર બળ વાપરવાની ભીતિ બતાવવાનું સમજાવવામાં આવતું હોય તો તેવાં મંડળો ગેરકાયદેસર બને છે.

સને ૧૮૪૦ ઇગ્લંડમાં, "ગોરડન રાયટ" નામનું મોહોટું હુલ્લડ થયું થતું. રોમન કેથોલીક પંથના માણસોને કેટલીક રાજકીય અડચણો હતી તે દુર કરવાના હેતુથી એક ધારો ઘડવામાં આવ્યો હતો, તે ઉપરથી ઉપલું હુલ્લડ ઊત્પન્ન થયું હતું. ઉપર કહેલો ધારો રદ કરવાને માટે પ્રોટેસ્ટન્ટ એસોસીએશન નામનું મંડળ સ્થપાયું હતું. અને લોર્ડ જ્યોર્જ ગોરડન જેણે એમાં આગેવાનીભર્યો ભાગ લીધો હતો, તેને તે મંડળનો પ્રમુખ નીમવામાં આવ્યો હતો, લોર્ડ જ્યોર્જ ગોરડને પ્રથમ પાર્લામેન્ટને એક અરજી આપી, તે

વખતે તેના મતમાં મળવા માટે દસ હજાર માણસ તૈયાર હતું. આ માણસોએ પાર્લામેન્ટમાં જેમ જેમ સભાસદો આવતા ગયા તેમ તેમ તેમને અપમાન ભરેલી વર્તણુંક બતાવવા માંડી અને ઉપર કહેલો કેથોલીક લોકોના સબંધનો ધારો રદ કરવા માટે તેઓ તેમનો મત આપે એવું જોરથી તેમની પાસેથી વચન માગવા માંડયું. અંદર તેમની અરજી રદ કરવામાં આવી ત્યાં સુધી તેમણે બાહેરના ભાગમાં વાટ જોઈ, અને પછી કેથોલીક લોકોનાં કેટલાંક દેવળો તોડી પાડયાં. લગભગ અઠવાડીઆ સુધી આ રમખાણ ચાલ્યું. જેમાં મુખ્ય કામ હુલ્લડખોરોએ એ કર્યું કે કેથોલીકનાં દેવળ, મ્હોટા જાણીતા કેથોલીકોનાં ઘરો, અને જે માણસો તેમની તરફેણમાં જાણવામાં આવ્યા તેમનાં ઘરો તોડી પાડયાં. તુરંગને બાળી નાંખીને કેદીઓને છુટા કરવામાં આવ્યા. લોર્ડ જ્યોર્જ ગોરડન ઉપર રાજાના સામે લડાઈ કરવાના તહોમત માટે કામ ચલાવવામાં આવ્યું, અને તેની સામે પ્રોસીકયુશન તરફથી એમ જણાવવામાં આવ્યું કે, પારલામેન્ટમાં જે ટોળું ભીતિ બતાવવા ગયું તે ટોળાને તેણે ઉશ્કેર્યું હતું. અને પછીથી પણ જે તોફાનો કરવામાં આવ્યાં તેમાં પણ તેના ઉશ્કેરણી હતી. બચાવ તરફથી મી. અરસકીન નામના બારીસ્ટરે જણાવ્યું હતું કે—જો ઉપર કહેલી બાબતો કોઇ શખસ સામે પૂરાવાથી સાબીત થાય તો રાજાની સામે લડાઈ કરવાના ગંભીર તહોમતનો ગુન્હો તેની સામે ટકી શકે, પરંતુ તે કેસમાં તો, પાર્લામેન્ટને અરજી આપવા ઉપરાંતના કામમાં ગોરડનની સંમતિ નહતી. ગોરડનને આ કેસમાં છુટો કરવામાં આવ્યો હતો તે કેસમાં આપેલો સિદ્ધાંત રાજાના સામે લડાઈ અને ગેરકાયદેની મંડળીનો તફાવત સમજાવે છે.

એક બીજુ રમખાણ ૧૮૪૦ માં થયું હતું. ફરોસ્ટ નામનો શખશ ચારટીસ્ટસ લોકનો આગેવાન હતો. એ ચાર ટીસ્ટસ લોકને રાજ્યમાં મ્હોટા જાણવાજોગ ફેરફારો જોઈતા હતા. હથીઆર સહીતનાં માણસોની ત્રણ ટુકડીઓ, ન્યુપોર્ટ શહેરને ઘેરો ઘાલવાનાં હતાં, લશ્કરને તાબે કરી લેવું હતું, રેલવે બંધ કરવી હતી, અને પછી બરમીંગહામમાં તાર કરવાનો હતો, કે જ્યાં પણ એવી જાતનો બળવો જાગવાનો હતો. આ પ્રયત્ન પૂરો થાય તે દરમીયાન ફરોસ્ટ અને બીજા બે તેના સહાયકો પકડાયા હતા અને તેમનાપર મહારાણી સામે લડાઈ કરવાના આરોપ માટે કામ ચલાવવામાં આવ્યું હતું. આરોપીઓનો બચાવ એ હતો કે, કેટલાક કેદીઓને છોડવવા માટે અને કેટલાકની તરફ સારી વર્તણુંક બતાવવાની ખાતરજ આ બળવો ઉભો કરવામાં આવ્યો હતો. આ બચાવ સાબીત થાય તો ટીન્ડેલ ચીફ જસ્ટીસના મત પ્રમાણે રાણી સામે લડાઇ કરવાવાના આરોપીનો એક ભાગ કમી થવાથી તે ગુન્હો થાય નહીં. આ કેસમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે આવી જાતના કેસોમાં મુખ્ય પ્રશ્ન એ જોવાનો છે કે—શા ઈરાદાથી આરોપીઓ ભેગા મળ્યા હતા ?

આવી જાતના કેસોમાં “ઈરાદો” મુખ્ય અગત્યનો છે. અને પ્રોસીકયુશન તરફથી તે સાબીત કરી આપવાની જરૂર છે. આવી જાતના કેસોમાં આજુબાજુના સંજોગો કેટલુક અજવાળું ફેંકે છે તોપણ કાયદેસર રીતે રાજ્યે સ્પષ્ટ રીતે ગુન્હો સાબીત કરી આપવાની જરૂર છે. આરોપીને તેનો સારો ઇરાદો સાબીત કરી આપવાની માગણી કરી શકાય નહી.

આ વિષય ઉપર-રાજા સામે લડાઈ કરવાના ગુન્હા બાબતનો કાયદો, ઇંગ્રેજી કાયદાને અનુસરીનેજ ઘડવામાં આવેલો જણાય છે. એટલે હિંદુસ્તાનમાં પણ દાખલા તરિકે હિંદુ અને મુસલમાનો વચ્ચે હુલ્લડ થાય અને હુલ્લડખોરો રાજ્યના લશ્કરી સિપાઇઓ સામે થાય તો તેઓનો ગુન્હો આ કલમમાં આવી શકે નહી. પરંતુ જો કેટલાક હિંદુ કોમના અગ્રેસરો તે કોમને ઉશ્કેરી બળવો ઉભો કરે, અને સરકારને અમુક ધારો પસાર કરવા અગર એક હયાતિ ભોગવતો ધારો બંધ કરવા જુલમ અને ભીતિ સાથે દબાણ કરે તો તેઓ આ કલમમાં બતાવ્યા મુજબ રાજા સામે લડાઇ કરવાનો ગુન્હો કરે છે.

થોડા વખતપર (સને ૧૯૧૦ માં) કલકત્તાની હાઇકોર્ટે ઠરાવ્યું છે કે આ કલમનીરૂએ “ લડાઇ કરવી ” એ શબ્દનો અર્થ સામાન્ય અંગ્રેજી ભાષામાં થતો હોય તે મુજબ કરવાનો છે. ૧.

---

૧ બરીંદ્ર કુમાર. વિ. એમ્પરર ઈ. લો. રિ. ૩૭ કલકત્તા ૪૯૭.

આ કલમમાં "મદદગારી" શબ્દ વાપરેલો છે તેનો અર્થ, તેજ શબ્દ ક. ૧૦૭માં વાપરેલો છે તેનાથી કંઈક ઓછી પ્રકારનું કૃત્ય સમજવાનો નથી. ક. ૧૦૭માં વાપરેલ શબ્દનો અર્થ કોઈ વિગ્રહ ચાલતો હોય તેની મદદગારી એમ સમજવાનો નથી. બળવો શરૂ થાય તે પહેલાં તે બળવાને ઉશ્કેરવાનું કૃત્ય ઘણે ભાગે હોય છેજ. તેવા પ્રકારની ઉશ્કેરણીને રાજાની સાથે લડાઈની મદદગારી કહેવાય છે. જ્યાં સુધી એક માણુસ મનની અમુક સ્થીતિને ઉશ્કેરવા લાગણી સળગાવે છે ત્યાં સુધી તે સીડીશન–બદફેલી કરતાં વધારે કૃત્ય માટે ગુન્હેગાર નથી. જ્યારે મુકરર રીતે ને સ્પષ્ટપણે કંઇ કૃત્ય કરવા પ્રત્યે ઉશ્કેરણી કરે છે ત્યારે તે ઉશ્કેરણી અને તેથી રાજાની સામા લડાઈ કરવાના ગુન્હા માટે જવાબદાર થાય છે.[૧] નીચે બતાવેલ કેસમાં અસ્પષ્ટ ભાષામાં લોકોને છુપી મંડળીઓ સ્થાપી તરવાર લઈ પરદેશી રાજ્યને નાબુદ કરવાની કવિતાઓનું પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે—એ કવિતાઓદ્વારા વાંચનારાઓને વિગ્રહ કરવાની ઉશ્કેરણી કરવામાં આવી હતી.[૨]

૧૨૧ મી કલમ પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુન્હો કરવાનો સંપ કરવો.

૧૨૧ અ. જે માણુસ બ્રિટિશ ઇંડીઆમાં અથવા બ્રિટિશ ઇંડીઆ બહાર ૧૨૧ કલમ પ્રમાણે શીક્ષા કરવા લાયક કાંઇ ગુન્હો કરવાનો અથવા બ્રિટિશ ઇંડીઆનું અથવા તેનાં કાંઇ ભાગનું રાણી સાહેબનું રાજ્ય છીનવી લેવાનો સંપ કરશે અથવા ઇંડીઆ સરકારને અથવા હર કોઇ ઇલાકાની સરકારને સાપ્રાધ બળથી અથવા સાપ્રાધ બળના દેખાવથી ડરાવવાનો સંપ કરશે તે માણુસને જીવતાં સુધી અથવા થોડી મુદ્દત સુધી સમુદ્રપારની શીક્ષા કરવી અથવા ઘણામાં ઘણા દશ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવી.

ખુલાસો—આ કલમ પ્રમાણે સંપ કરવાનો ગુન્હો થવા સારૂ સંપ કરવાના કામમાં હરકોઈ કામ અથવા કાયદા વિરૂદ્ધ કસુર થવી જોઇએ એવું સમજવું નહી.

☞ આ કલમ ૧૮૭૦ના આકટ ૨૭માની કલમ ૪થી સુધારી છે,

ટીકા—પીનલકોડમાં આ એકજ કલમ છે કે જેની રૂએ ફક્ત એક ગુન્હો કરવાની મસલત કરવી એજ ગુન્હો છે. ૧૦૭ મી કલમમાં કંઇ ગુન્હો કરવાની મસ્લરત કરવાનુ સુચન છે પરંતુ "તે કયારે કે તે મસ્લરવત મુજબ........કંઇ કામ અથવા કાયદા વિરૂદ્ધ કસુર કરવામાં આવે તો." જ્યારે આ કલમ પ્રમાણે કરેલા સંપના પરિણામ રૂપે કંઇ કામ અગર કાયદા વિરૂદ્ધ કસુર થવાની જરૂર રહેતી નથી, અને માત્ર કલમમાં બતાવ્યા મુજબ સંપ કરવાથીજ ગુન્હો બને છે. એમ કરતાં વધારે માણસો આ કલમમાં બતાવેલો ગુન્હો કરવા સંપ કરે—એટલે તેમ કરવાનો ઇરાદો કરે, અને તેમનું કાવતરૂં બહાર પડે એટલે તે કાવતરૂં બહાર પાડવાની સાથેજ ગુન્હો બને છે. એમ મળતીઆ રાજ્યને શત્રુ બનાવવા માટે ઉશ્કેરણી કરનારો રાજ્યદ્રોહ ભરેલો પત્રવ્યવહાર, અગર એક શત્રુ–રાજ્યને કીમતી ખબર પૂરી પાડવાનું કામ, એ આ કલમ મુજબ ગુન્હા થઈ શકે.

આ કલમ મુજબના ગુન્હાના પુરાવામાં આરોપીના માત્ર છુટા છવાયા વપરાયલા શબ્દો બસ નથી. પરંતુ, વપરાયલી દલીલો, પોતાના મતમાં ભેળવવા માટેની સમજુતી, કામ પાર પાડવા માટે ભરાયલી

---

૧ ગણેશ દામોદર સાવરકર (૧૯૦૯).

૨ ૧૨ મુંબઇ. લૉ. રિ. ૧૦૫.

સલાઓ, વગેરે જરૂરનાં છે, આ કલમ મુજબના ગુન્હામાં પુરાવાની કલમ ૧૦ મી મુજબ, મસલતના કોઇપણ અંગીભુતનાં કૃત્યો, લખાણો, અને શબ્દો પુરાવામાં લઇ શકાય છે. એક માણસનાં કૃત્યો, શબ્દો ઈ. બીજા માણુસનો ગુન્હો સાબીત કરવા માટે પુરાવામાં લેવામાં આવતાં હોય તો તે આ પુરાવાની કલમ, ૧૦ મી મુજબ છે. પરંતુ જે બીજા સખસનાં કૃત્યો ઇત્યાદિ અમુક આરોપી સામે પુરાવામાં લેવામાં આવતાં હોય, તે વખતે તે બન્ને એકજ મસલતમાં ભાગ લેનાર હતા એમ કોર્ટને મનાવવું જરૂરનું છે. પરંતુ વાસ્તવીક રીતેયે જોતાં, જો તેમજ થતું હોય તો એક મસલત સાબીત કરવી કઠિન થઇ પડે. એટલે ખરૂં જોતાં કોરટોમાં એક મસલતમાં ભાગ લેનાર શખસ સામે, તેજ મસલતમાં ભાગ લેનાર બીજા શખસનાં કૃત્યો ઈ. એવી શરતે પૂરાવામાં લેવાય છે કે આગળ જતાં તે બન્નેની મસલતનુ અનુસંધાન મેળવવામાં આવશે. જ્યારે પૂરાવો પુરો થાય ત્યારે જજની ફરજ છે કે તે અનુસંધાન પૂરવાર થયું છે કે કેમ તે તપાસવું.

રાણીના સામો લડાઇ કરવાના ઈરાદાથી હથીઆરો વગેરે એકઠાં કરવાં.

૧૨૨. જે સખશ રાણીની સામા લડાઇ કરવાના ઈરાદાથી અથવા લડાઇ કરવાને તૈયાર થવાના ઈરાદાથી માણસો હથીઆરો અથવા દારૂ ગોળા એકઠા કરે અથવા લડાઈ કરવાની બીજી રીતે તૈયારી કરે તે સખસને જીવતાં સુધી સમુદ્રપારની, અથવા દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને તેની સઘળી મીલકત સરકાર જપ્ત થશે.

આ કલમના શબ્દો જોતાં તેમાં મદદગારી કરતાં પણ ઘણા વ્હેલા બનતા કૃત્ય તૈયારીનો સમાવેશ થતો જોવામાં આવે છે એટલે એમાં બતાવેલ તૈયારીનું કૃત્ય બાહેર આવતાંજ તે એકદમ અંકુશમાં લઈ શકવા માટે આ કલમ યોજાયલી છે. ક. ૫૧૧ મુજબ કેટલાક ગુન્હા માટેની કોશીશને ગુન્હાઈત કૃત્ય ગણેલ છે અને તેમાં પ્રથમ ઇરાદો, તે પછી તૈયારી અને છેવટે કોશીશ એ રીતે ત્રણ પ્રસંગો મળી એ ગુન્હાઈત કૃત્ય બને છે. ગુન્હો કરવાને સારૂ જરૂરના ઉપાયો યોજવા અથવા તેને માટેનાં સાધનો યોજવાં તેને તૈયારી કહે છે. એ કલમ મુજબ તો તૈયારીનાં અમુક કૃત્યો સજાને પાત્ર થતાં નથી પરંતુ આ કલમ મુજબ તો "**તૈયારી**" એજ ગુન્હાઇત કૃત્ય છે; એ જોતાં પીનલકોડની બધી કલમો જોતાં આ કલમ સૌથી એકજ બાબતમાં જૂદી પડે છે કે જેની રૂએ "**તૈયારી**" એજ ગુન્હાઈત કૃત્ય બને છે.

લડાઈનું કામ સહેલ કરવાના ઇરાદાથી લડાઈની ધારણા છુપાવવી.

૧૨૩. રાણી સામા લડાઇ કરવાની કાંઇ ધારણા થઇ હોય તે ધારણા કાંઇ કામ અથવા કાયદા વિરૂદ્ધ કસુર કરીને જો કોઇ માણસ છુપાવે અને તે એવા ઇરાદાથી કે એ પ્રમાણે તે છુપાવેથી તે લડાઇ કરવી સેહેલ હોય અથવા એ પ્રમાણે તે છુપાવેથી તે લડાઇ કરવી સેહેલ થશે એવો સંભવ છે, એમ જાણ્યા છતાં તો તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

૧૨૪ હિન્દુસ્તાનના ગવર્નર જનરલ; અથવા કોઇ પ્રેસીડેનસીના ગવર્નર અથવા કોઇ લેફ્ટેનન્ટ ગવર્નર અથવા હીન્દુસ્થાનના ગવર્નર જનરલની કાઉન્સીલના અથવા કોઇ પ્રેસીડેનસીની કાઉન્સીલના કોઇ સભાસદના કાયદેસર અખતીઆર માંહેલા કોઇ પણ અખતીઆર તે ગવર્નર જનરલ અથવા ગવર્નર અથવા લેફ્ટેનન્ટ ગવર્નર અથવા કાઉન્સીલના સભાસદને સમજાવીને અથવા જબરજસ્તીથી તેની પાસે કોઇ પણ રીતે અમલમાં અણુવવા અથવા ન અણુવવાના ઈરાદાથી જે માણુસ તે ગવર્નર જનરલ અથવા ગવર્નર અથવા લેફ્ટેનન્ટ ગવર્નર અથવા કાઉન્સીલના સભાસદની ઉપર હુમલો કરે અથવા ગેરવ્યાજબી અટકાવ કરે અથવા ગેરવ્યાજબી અટકાવ કરવાની કોશીશ કરે અથવા સાપરાધ બળથી, દેખાવથી તેને ડરાવે અથવા તે રીતે ડરાવવાની કોશીશ કરે તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

કાયદેસર અખ્તીઆર અમલમાં આણુવા અથવા ન અણુવવાના ઇરાદાથી ગવર્નર જનરલ ગવરનર વગેરે પર હુમલો કરવો.

૧૨૪ અ. જે કોઇ માણુસ રાણીસાહેબ બાબત અથવા બ્રિટિશ ઈંડીયામાં કાયદાની રૂયે જે સરકારનો અમલ સ્થાપેલો છે તે સરકાર બાબત દ્વેષ અથવા તીરસ્કાર અથવા બેદિલી, બોલેલા અથવા લખેલા શબ્દોવડે, અથવા ઈસારત કરીને, અથવા પ્રત્યક્ષ કાંઈ દેખાડીને; અથવા બીજી રીતે ઉત્પન્ન કરશે અથવા ઉત્પન્ન કરવાની કોશીશ કરશે, તેને જીવતાં સુધી અથવા તેથી કોઈપણ ઓછી મુદત સુધી સમુદ્રપાર મોકલવાની શીક્ષા કરવી અને વળી જોઇએ તો દંડ પણ કરવો. અથવા ત્રણ વર્ષ સુધીની કેદની શીક્ષા કરવી અને વળી જોઈએ તો દંડ પણ કરવો અથવા દંડ કરવો.

દંગો.

ખુલાસો ૧ લો.—' બેદિલી ' આ સંજ્ઞામાં બેવફાઇને તથા સઘળા પ્રકારના વૈરભાવનો સમાવેશ થાય છે.

ખુલાસો ૨ જો—સરકારની યોજનામાં કાયદેસર સાધનો વડે ફેરફાર કરી લેવાના હેતુથી દ્વેષ, તીરસ્કાર અથવા બેદિલી ઉત્પન્ન કર્યા વગર અથવા ઉત્પન્ન કરવાની કોશિશ કર્યા વગર તે યોજના બાબત નાપસંદી બતાવવા માટે કરેલી ટીકા આ કલમ મુજબ ગુન્હો થતો નથી.

ખુલાસો ૩ જો—દ્વેષ, તીરસ્કાર અથવા બેદિલી ઉત્પન્ન કર્યા વગર અથવા ઉત્પન્ન કરવાની કોશિશ કર્યા વગર, સરકારના કારભારને લગતી અથવા બીજી કૃતી બાબત નાપસંદી બતાવવા સારૂ કરેલી ટીકા આ કલમ મુજબ ગુન્હો થતો નથી."

☞ આ કલમ ૧૮૯૮ના આકટ ૪ ની કલમ ૪થીથી નવી દાખલ કરી છે.

ટીકા.—સને ૧૮૬૦ માં જ્યારે પીનલકોડનો એક્ટ પાસ થયો તે વખતે કંઈક ચુકથી આ કલમ અંદર દાખલ કરવી રહી ગયેલી જણાય છે. પરંતુ મી. મેકોલે એ પીનકકોડ ઘડયો ત્યારે તો એ કમલ ઘડેલી હતી. ૧૮૭૦ ના ૨૭ મા આકટની ૫ મી કલમથી હાલની કલમની પેહેલાંની કલમ પીનલકોડમાં દાખલ કરવામાં આવી હતી. અને તે પ્રથમની કલમ જસ્ટીસ રાનાડેના મત પ્રમાણે હાલના સમયનો ઇંગ્લંડનો કાયદો આ વિષયપર છે તે મુજબનીજ હતી. પરંતુ સને ૧૮૯૭ માં કેટલાક કેસોમાં આ કલમ બહુ ચર્ચાવાથી ૧૮૯૮ માં આ નવી કલમ દાખલ થયેલી છે. પ્રથમની કલમ નીચે મુજબ હતી.

૧૨૪ અ—કોઇ માણસ બ્રીટીશ ઇન્ડીઆમાં કાયદાની રૂએ જે સરકારનો અમલ સ્થાપેલો છે તે સરકાર બાબત લોકોના મનમાં બેદીલીના વીચાર બોલેલા શબ્દોવડે અથવા કોઇ વાંચે તેવા ઈરાદાથી લખેલા શબ્દો વડે અથવા ઈસારત કરીને અથવા પ્રત્યક્ષ કાંઇ દેખાડીને અથવા બીજીરીતે ઉત્પન્ન કરશે અથવા ઉત્પન્ન કરવાની કોશીશ કરે તો તેને જીવતાં સુધી અથવા હરકાંઇ મુદત સુધી સમુદ્રપાર મોકલવાની શીક્ષા કરવી અને વળી જોઇએ તો દંડ પણ કરવો અથવા ઘણામાં ઘણા ત્રણ વરસ સુધીની કેદની શીક્ષા કરવી અને વળી જોઈએ તો દંડ પણ કરવો અથવા દંડ કરવો.

" ખુલાસો—સરકારી યોજના બાબતની જે નાપસંદી સરુકારનો કાયદાસર અધીકાર માનવાના ધોરણને અનુસરીને હોય અને સરકારનો કાયદાસર અધીકાર નહી સરખો કરવા બાબત અથવા તેને હરકત કરવા બાબત કાયદાવીરૂદ્ધ રીતે કરેલી કોશીશ વીરૂદ્ધ સરકારના અધીકારને મદદ કરવાના ધોરણને અનુંસરીને હોય તે નાપસંદી અને બેદીલી સમજવી નહીં. વાસ્તે એવાજ પ્રકારની નાપસંદગીજ લોકોના મનમાં લાવવાના ઈરાદાથી સરકારની યોજના બાબત ટીકા કરવી તે આ કલમના અર્થ પ્રમાણે ગુન્હો થતો નથી.

પ્રથમની કલમ મુજબ સઉથી પ્રથમનો કેસ કલકતામાં પ્રસિદ્ધ થતા બંગબાસી પત્ર ઉપરથી થયો હતો. તે વખતે ચીફ જસ્ટીસ પેથેરામે પોતાના જજમેન્ટમાં જણાવ્યું હતુ કે—બેદીલી એટલે સ્નેહથી વિરૂદ્ધ લાગણી અરથાત ધીઃક્કાર......એક માણસ એવા કંઇ શબ્દો બોલે અગર લખે કે જેની અસર એ થાય કે માણસોમાં સરકારની સત્તાને તાબે ન થવાની વૃત્તિ ઉત્પન્ન થાય, અગર સરકારની સત્તાને જ્યારે પ્રસંગ મળે ત્યારે તોડી પાડવાની વૃત્તિ ઉત્પન્ન થાય; અને તે બોલનાર અગર લખનાર માણસ તેવા ઇરાદાપૂર્વક તે બોલે અગર લખે, તો તે આ કલમમાં બતાવેલા ગુન્હા માટે ગુન્હેગાર થાય છે. પછી જોકે તેના કૃત્યના પરિણામે કંઈ થાય કે ન થાય તે જુદી વાત છે. આ કલમ મુજબ ગુન્હો થવા માટે તો એટલુંજ જરૂરનું છે કે સરકાર વિરૂદ્ધ બેદીલી ઉત્પન્ન કરનાર માણસ તેવા ઈરાદા પૂર્વક તે કરે.." ૧

એજ કલમ મુજબ બીજો અને સઉથી વધારે ઉપયોગી "તીલકકેસ" નામે જાણીતો કેસ થયો હતો. અને જૂરીની મદદથી જસ્ટીસ સ્ટ્રાચી હજુર તે કેસનું કામ ચલાવવામાં આવ્યું હતું. આરોપી તરફથી એવો બચાવ કરવામાં આવ્યો હતો કે " પ્રજામાં નાપસંદી ફેલાવવામાં આવે, તે જ્યાંસુધી બળવો, કે ન્હાનું મ્હોટું હુલ્લડ કરાવવાના હેતુથી ન કરવામાં આવે ત્યાં સુધી ના પસંદી ફેલાવવાનું કૃત્ય આ કલમ મુજબ ગુનો બનતું નથી." જસ્ટીસ સ્ટ્રાચીએ જુરીને સુચના આપતી વખત કહ્યું હતું કે બેદીલીના અરથના સબંધમાં નામદાર ચીફ જસ્ટીસ પેથેરામ સાથે તે નામદાર પોતે મળતા છે. પરંતુ કંઇક ચુકથી, નામદાર જસ્ટીસ સ્ટ્રાચીએ, ચીફજસ્ટીસ પેથેરામના શબ્દો તે નામદારે વપરાયા હતા તેથી જુદીજ રીત્યે વાપરી બતાવ્યા હતા, નામદાર ચીફ જસ્ટીસ પેથેરામે બેદીલી એટલે સ્નેહથી વિરૂદ્ધ લાગણી અર્થાત્ ધિક્કાર એમ અર્થ કર્યો હતો. જ્યારે નામદાર જસ્ટીસ સ્ટ્રાચીએ તે નામદારના શબ્દો ભુલથી એમ માની લીધા હતા કે બેદીલી એટલે "સ્નેહનો અભાવ." "સ્નેહનો અભાવ" અને સ્નેહની વિરૂદ્ધ લાગણી એમાં બહુ ફેર છે. અમુક ચીજનો અભાવ છે એમ કહેવું એટલે તેનું અસ્તિત્વ સ્વીકારવું નહીં એમ અર્થ થાય છે. જ્યારે અમુક લાગણીની વિરૂધ્ધ લાગણી કહેવી એટલે તો તેનું અસ્તિત્વ માત્ર

૧. રાણી વિ. જોગેન્દ્ર ચન્દ્ર ઇ. લો. રિ. ૧૯ ક. પા. ૩૫.

નાકબુલ કર્યા ઉપરાંત, બીજી કંઈક લાગણીનું અસ્તિત્વ સ્વીકારવા બરોબર થાય છે, " ઇશ્વર નથી " એટલા શબ્દ માત્રથી નાસ્તિકો ઈશ્વરના અસ્તિત્વનું ખંડન કરે છે, પરંતુ બીજું કાંઇ આગળ સ્વીકારતા નથી. પરંતુ ઇશ્વરથી વિરૂદ્ધ કઇક પાછું છે એટલે ઈશ્વરના અસ્તિત્વને નાકબુલ કરી—તેના પારાંગત જ ઈ, બીજાં કાંઇ પ્રાણી–ચીજ–ગુણના અસ્તિત્વને માનતા હોવા જોઇએ. તે દાખલા મુજબ નામદાર જસ્ટીસ સ્ટ્રાચીએ સ્નેહના અભાવ માત્ર આગળજ, એ કલમ મુજબ ગુન્હો થવાની સમજ ચીફ જસ્ટીસ પેથેરામની છે એમ ભુલથી માની લીધું. જ્યારે ચીફ જસ્ટીસ પેથેરામ, સ્નેહના અભાવ માત્ર આગળજ આ કલમ મુજબ ગુનો થવાનું ધારતા નહતા પરંતુ સ્નેહથી વિરૂદ્ધ કંઇક લાગણી—ધિઃકારના અસ્તિત્વ આગળ આ કલમ મુજબના ગુન્હાને સ્થાન આપતા હતા.

જ્યુરીને કરેલા સુચનને અંતે આરોપીને સજા કરવામાં આવી હતી, તે સજા ઉપર પ્રીવી કાઉન્સીલને અપીલ કરવા માટે ફુલ કોરટને અરજ કરવામાં આવી હતી જે નામંજુર કરી હતી તે પછી નામદાર મહારાણીની કાઉન્સીલને ખાસ અપીલ કરવા માટે પ્રીવી કાઉન્સીલની પરવાનગી માગવામાં આવી હતી જે પણ નામંજુર કરવામાં આવી હતી.૧ તેજ કલમની મુજબ થએલા ગુન્હાઓમાં મુંબઈ અને અલ્હાબાદની ફુલબેન્ચે નામદાર જસ્ટીસ સ્ટ્રાચીએ જ્યુરીને કરેલા સુચનમાં બતાવ્યા મુજબના મત દરશાવ્યા હતા.૨

ઉપરના કેસોમા પ્રથમની કલમમાં કરવામાં આવેલા અરથને અનુસરીને આ કલમ સુધારવામાં આવી છે.

આ કલમ મુજબનો ગુન્હો આરોપીએ વાપરેલી ભાષા શા ઇરાદાથી વાપરી છે એ ઉપર મુખ્ય કરીને આધાર રાખે છે, અને એ ઇરાદો વપરાયલી ભાષામાંથી ઘણે ભાગે મળી આવે છે, જે માણસોને વાંચવા માટે આરોપીએ લખાણ કર્યું હોય તે માણસો તેનો જે ઘણે ભાગે અર્થ કરે તેજ અર્થ સમજાવવાના હેતુથી આરોપીએ લખાણ કરેલું હોવું જોઇએ એમ કોરટ માને છે. જે લેખ માટે આરોપી ઉપર કામ ચલાવવામાં આવતું હોય તે લેખનો અમુક ભાગજ આ કલમ વિરૂદ્ધ ગુનો કરવાના હેતુથી લખાયો છે એવી ગણના કરવી એ કાયદેસર નથી પરંતુ તે લેખનો બધો ભાગ જોઈ તે ઉપરથી નીકળતો હેતુ હોય તે હેતુથી આરોપીએ લખાણ કર્યું હોવું જોઈએ એમ અનુમાન કરવું જોઈએ. તીલક કેસમાં " કેશરી " અને " મરાઠા "પત્રોમાંથી કેટલાંક લખાણો, આરોપીનો ઇરાદો, જણાવવાની ખાતર પ્રોસીક્યુશન તરફથી રજુ કરવામાં આવ્યા હતાં, જ્યારે આરોપી તરફથી પણ કેટલાંક સરકારના લાભમાં લખાયલાં લખાણો, આરોપીની શુદ્ધબુદ્ધિ બતાવવાના હેતુથી પૂરાવામાં લેવામાં આવ્યાં હતાં. (જુઓ પુરાવાની કલમ ૧૪ મી નું. ("ઈ") દ્રષ્ટાંત.)

આરોપીએ કરેલું લખાણ ખરૂં છે એટલે કે તેના લખ્યા મુજબજ અમુક વ્યવસ્થા વાસ્તવીક રીતે ચાલે છે એવું પુરાવામાં લાવી શકાય નહીં, બંગવાસી પત્રે કહ્યું હતું કે—અમે દુકાળના પંજામાં પડીને, નદીનાં પૂરથી કોરટોની આળસથી, સ્ટીમર અને રેલવેના અકસ્માતોથી હેરાન થઇએ છીએ તે બધું ખરૂ હોય પરંતુ આ કલમ મુજબ, સાચા કે ખોટા; બેદીલી ફેલાવવાના હેતુથી, કરેલા લખાણમાં ગુન્હો સમાયલો છે. જે શખસને આ કલમ મુજબ બેદીલી ફેલાવવાના લખાણ કર્યા માટે ગુન્હેગાર ગણવામાં આવે તેના જાણવા પ્રમાણે, અગર તેના હુકમથી તેવું લખાણ થયેલું હોવું જોઇએ. તીલક કેસમાં આરોપી નં૦ ૧ નાને માટે નામદાર જસ્ટીસ સ્ટ્રાચીએ જ્યુરીને સલાહ આપી હતી કે જો તેણે તે લખાણો દાખલ કરવા માટે રજા આપી હતી કે કેમ તે તપાસવાની જરૂર છે.

---

૧. રાણી. વિ. બાલગંગાધર તીલક. ઈ. લો. રિ. ૨૨ મુબઇ પા. ૧૪૬.

૨. રાણી વિ. રામચન્દ્ર, ઇ. લો. રિ. ૨૨ મુંબઈ પા. ૧૫૨ રાણી વિ. અંબાપ્રસાદ. ઇ. લો. રિ. ૨૦ અલ્હાબાદ. પાનુ. ૫૫.

બેદીલી ફેલાવનારૂ લખાણ લખીને કબજામાં રાખવાથી ગુન્હો થતો નથી. તે બાહેર પડે ત્યારે ગુન્હો બને છે પરંતુ એક શખસ અમુક બેદીલી ફેલાવનારૂં લખાણ લખીને પાસે રાખે, અને પછી તેની ઈચ્છાથી જુદી રીતે તે બાહેર પડે, તોપણ તે લખાણ લખનાર શખસનો ગુન્હો પૂરો થાય છે. કોઈપણ એક શખસને તે આ લખાણથી વાકેફ કરતાંની સાથેજ તે લખાણની "પ્રસિધ્ધી" થઈ ગણાય છે અને એક અભણ માણસને પણ, પ્રસિદ્ધ થવાના ઇરાદાથી તે લખાણ આપવામાં આવે તો તે આપતાંની સાથેજ આ કલમ મુજબ ગુન્હો થાય છે, અને તે અશિક્ષિત માણસના હાથમાંથી તે લેખ ગેરવલ્લે જાય અને કદી પ્રસિદ્ધિમાં ન આવે તોપણ તે લખનાર સખસનો ગુન્હો થતો અટકતો નથી.

જે ગુન્હાઇત કૃત્યનો તહોમતદાર ઉપર આરોપ મેલવામાં આવેલ હોય તે કૃત્ય કરવાનો તેનો ઇરાદો હતો એમ પુરવાર ન થાય તો તે જવાબદાર નથી.૧ પોતાના પત્રમાં અમુક જવાબદારી ઉપસ્થીત કરનાર બાબત છપાવાની છે એવું જાણી બુજીને ગેરહાજર રહેનાર પત્રકારની જવાબદારી તે વીગેરે હાજરીને લીધે બંધ પડી શકતી નથી.૨ અમુક દાદ મેળવવાની હકીકત પછી તે ખરી હોય કે ખોટી હોય પરંતુ તેવી હકીકતની હયાતિએ કંઇ સરકાર સામે ધિક્કાર કે તીરસ્કાર અથવા બેદીલીની લાગણી ઉત્પન્ન કરે તેવા પ્રકારની લાગણીઓ ઉત્પન્ન કરવાના પ્રયત્ન માટેનો જવાબ નથી ૩

અમુક વર્તમાન પત્ર જેમાં ગુન્હાઇત જવાબદારી ઉપસ્થીત કરનારી હકીકત છપાઈ હોય તેની નકલ વેચાઇ એટલે ગુન્હો પુરો થયો ગણાય. પછી તહોમતદારના કૃત્ય સિવાયના કોઈ કૃત્યથી તેનું વંચાણ થતું અટક્યું તે જૂદો સવાલ છે (તેમ થવા છતાં તહોમતદારની જવાબદારી કાયમ રહે છે)૪ વળી જાહેર પત્રકારને સરકારના ઉપર અપ્રમાણીકપણાના અને અનીતિમાન હેતુઓના આરોપો મૂકવાનો હક નથી. જાહેર ટીકા એવી હોવી જોઇએ કે જેથી સરકાર સામે દુશ્મનાવટ ધીક્કાર કે બેદીલી ન ફેલાય.૫

રાણીની સાથે મીત્રાઈ રાખનારા એશીયાના કોઇ રાજ્યની ઉપર લડાઇ કરવી.

૧૨૫. રાણીની સાથે મૈત્રી હોય અથવા સલાહ હોય એવા એશીયાના કોઈ પણ રાજાના રાજ્યની સામા જે માણસ લડાઈ કરે, અથવા લડાઇ કરવાની કોશીશ કરે અથવા લડાઇ કરવામાં મદદગારી કરે તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા કરવામાં આવશે અને તેની સાથે તેને દંડ પણ થઇ શકે અથવા સાત વરસની મુદ્દત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને તેની સાથે તેને દંડ પણ થઈ શકે અથવા દંડની શીક્ષા કરવામાં આવશે.

રાણીની સાથે સલાહ રાખનારા કોઇ રાજાના મુલકપર લુંટ કરવી.

૧૨૬. રાણીની સાથે મૈત્રી અથવા સલાહ હોય એવા કોઇ પણ રાજાના મુલક પર જે માણસ લુંટ કરે અથવા લુંટ કરવાની તૈયારી કરે તે માણસને સાત વરસની મુદ્દત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને તથા

---

૧ શંકર શ્રી કૃષ્ણદેવ. ૧૨ મુંબઈ. લા. રિપોર્ટર ૬૭૫.

૨ ફણેંદ્રનાથ મીત્ર ૩૫ કલકત્તા ૯૪૫. વળી જુઓ ૩૨ મદ્રાસ ૩૩૮.

૩ વિનાયક નારાયણ ભાટયે. ૨ મું. ઇ. લૅા. રિ. પાનું ૩૦૪.

૪ ગણેશ બલવંત મોદક. ૧૨. મુંબઇ. લૅા. રિ. ૧૧.

૫ ૧૦ મુંબઇ લૉ. રિ. ૮૪૮.

લુંટ કરવામાં વાપરેલી અથવા વાપરવાને ધારેલી અથવા તે લુંટમાંથી મળેલી જે મીલકત હોય તે મીલકત સરકાર જપ્ત થવાને પણ લાયક થશે.

૧૨૫ મી તથા ૧૨૬ મી કલમોમાં લખ્યા પ્રમાણે લડાઇ અથવા લુંટથી મળેલી મીલકત લેવી.

૧૨૭. ૧૨૫ મી તથા ૧૨૬ મી કલમોમાં લખેલા ગુન્હાઓ માંહેના કોઈ ગુન્હા કરવામાં મળેલી કાંઈ મીલકત જે માણસ તે તે રીતે મેળવેલી છે એમ જાણીને લે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને તથા તે લીધેલી મીલકત સરકારમાં જપ્ત થવાને પણ લાયક થશે.

સરકારી નોકર બુદ્ધિપુર્વક પોતાના હવાલામાંના કોઈ રાજકીય અથવા લડાઇના કેદીને નાશી જવા દે તે બાબત

૧૨૮. જે માણસ સરકારી નોકર છતાં, પોતાના હવાલામાંના કોઈ રાજ્યકીય કેદીને અથવા લડાઈના કેદીને જે જગામાં તે કેદીને કેદ કર્યો હોય તે જગામાંથી બુદ્ધિપુર્વક નાશી જવા દે તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુદ્ધિની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

સરકારી નોકર ગફલતથી પોતાના હવાલામાંના કોઇ રાજકીય અથવા લડાઈના કેદીને નાશીજવાદે તેબાબત

૧૨૯. જે માણસ સરકારી નોકર છતાં પોતાના હવાલામાંના કોઇ રાજકીય કેદીને અથવા લડાઇના કેદીને કેદની જે જગામાં તે કેદીને કેદ કર્યો હોય તે જગામાંથી ગફલતથી નાશી જવા દે તે માણસને ત્રણ વરસની મુદત સુધીની આસાન કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

તેવા કેદીને નાશી જવામાં સહાય કરવું, છોડાવવો અથવા ઘરમાં રાખવો.

૧૩૦. કોઇ રાજકીય કેદીને અથવા લડાઈના કેદીને કાયદેસર કેદમાંથી નાશી જવામાં જે માણસ સહાય અથવા મદદ કરે અથવા એવા કોઇ કેદીને જે છોડાવે અથવા છોડાવવાની કોશીશ કરે અથવા એવો કેદી કાયદેસર કેદમાંથી નાશી ગયો હોય તેને જે ઘરમાં રાખે અથવા સંતાડે અથવા એવા કેદીને પાછો પકડવામાં જે હરકત કરે અથવા હરકત કરવાની કોશીશ કરે તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ પાત્ર થશે.

ખુલાસો—જે રાજ્યકીય કેદીને અથવા લડાઇના કેદીને પોતાના વચનપરથી બ્રીટીશ ઇંડીયાની કે કેટલીએક મુકરર કરેલી હદમાં છુટો રેહેવા દીધો હોય તે કેદી જે હદમાં છુટો રહેવાની તેને રજા હોય તે હદમાંથી બાહાર જાય તો બે કાયદેસર કેદમાંથી નાશી ગયો એમ સમજવું.

બાબ ૭ મો.

જમીનપરની તથા દરિયાઈ ફોજ સંબંધી ગુન્હાઓ બાબત.

બંડમાં મદદગારી કરવી અથવા કોઇ સોલજરને કે ખલાસીને પોતાની નોકરીથી ભ્રષ્ટ કરવાની કોશીશ કરવી

૧૩૧. રાણીની જમીનપરની અથવા દરીઆઈ ફોજમાંના કોઈ ઑફીસરે, શોલજરે અથવા ખલાસીએ બંડ કરવામાં જે માણસ મદદગારી કરે અથવા તેવા કોઈ આફીસર સોલજર, અથવા ખલાશીને પોતાના પ્રજા ધર્મથી અથવા પોતાના સેવા ધર્મથી ભ્રષ્ટ કરવાની જે માણસ કોશીશ કરે તેને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુલાસો—આ કલમમાં "ઑફીસર" અને "સોલજર" આ શબ્દો લખેલા છે તેમાં માલીકા માયાઝમાના લશકરનો વધારે સારો બંદોબસ્ત રાખવા બાબતના લશકરી આઇન અથવા સને ૧૮૬૯ ના ૫ મા આકટના લશકરી આઈન જે માણસને લાગુ હોય તે માણસનો સમાસ થાય છે એમ સમજવું.

☞આ કલમ ૧૮૭૦ ના આકટ ૨૭ ની કલમ ૬ ઠીથી સુધારી છે.

બંડ કરવામાં મદદગારી કરવાથી જો બંડ થાય તો તેની શીક્ષા.

૧૩૨. રાણીની જમીનપરની અથવા દરીયાઇ ફોજમાંના કોઇ ઑફીસરે સોલજરે અથવા ખલાશીએ બંડ કરવામાં જો કોઇ માણસ મદદગારી કરે અને તે મંદદગારી ઉપરથી બંડ થાય તો તે માણસને મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઈ ઉપરી અમલદાર પોતાનો હોદો ચલાવતો હોય તે દરમી-

૧૩૩. રાણીની જમીનપરની અથવા દરીયાઇ ફોજમાંના કોઇ ઑપીસરે સોલજરે ખલાસીએ કોઇ ઉપરી અમલદાર પોતાના હોદ્દાનું કામ કરતો

...ાનમાં તેની ઉપર કોઇ ઓફી-સરે સોલજરે અથવા ખલાસીએ હુમલા કરવામાં મદદગારી કરવી

હોય તેવામાં તેની ઉપર હુમલો કરવામાં જે માણુસ મદદગારી કરે તેને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

જો હુમલો થાય તો તે હુમલામાં મદદગારીની શીક્ષા.

૧૩૪. રાણીની જમીનપરની અથવા દરીયાઇ ફોજમાના કોઇ ઑફીસરે સોલજરે અથવા ખલાશીએ કોઇ ઉપરી અમલદાર પોતાના હોદ્દાનું કામ કરતો હોય તેનામાં તેની ઉપર હુમલો કરવામાં જો કોઈ માણુસ મદદગારી કરે અને તે મદદગારી ઉપરથી તે હુમલો થાય તો તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ સોલજર અથવા ખલાસીને નાશીજવામાં મદદકરવી.

૧૩૫. રાણીની જમીનપરની અથવા દરીયાઈ ફોજમાંના કોઇ ઑફીસરે સોલજરે અથવા ખલાશીએ નાશી જવામાં જે માણુસ મદદગારી કરે તેને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

નાશી આવેલાને ઘરમાં રાખવો.

૧૩૬. રાણીની જમીનપરની અથવા દરીઆઇ ફોજમાંનો ફલાણો ઑફીસર સોલજર અથવા ખલાસી નાશી આવેલો છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં નીચેનો અપવાદ ન લાગતાં જે માણુસ તે અધીકારી સોલજર અથવા ખલાસીને ઘરમાં રાખે તેને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

અપવાદ—કોઇ સ્ત્રી પોતાના વરને ઘરમાં રાખે તેને આ ઠરાવ લાગુ પડતો નથી.

કોઇ વેહેપારી વાહાણમાં માસ્તરની ગફલતથી કોઇ નાશી જનારો સંતાયો હોય તો.

૧૩૭. જે વહેપારી વહાણમાં રાણીની જમીનપરની અથવા દરીયાઇ ફોજમાંથી કોઈ નાશી જનારો સંતાયો હોય તે વહાણનો માસ્તર અથવા જે શખસના હવાલામાં તે વહાણ હોય તે શખસ અગર તે સંતાયાની વાતથી અજાણયો હોય તોપણ જો તે માસ્તરે અથવા જે શખસના હવાલામાં તે વહાણ હોય તે સખશે પોતાનો હોદ્દો બજાવવામાં કાંઇ ગફલત ન કરી હોત અથવા વહાણપર પાકો બંદોબસ્ત રાખ્યો હોત તો તેના જાણુવામાં તે વાત આવત એવું હોય તો તે મા-

સ્તર અથવા જે સખશના હવાલામાં તે વહાણ હોય તે સખશ પાંચશે રૂપીઆ સુધીના દંડને લાયક થશે.

કોઇ સોલજર અથવા ખલાશીને ના ફરમાનીનું કામ કરવામાં મદદગારી કરવી.

૧૩૮. ફલાણું કામ નાફરમાનીનું કામ છે એમ જાણીને તે કામ રાણીની જમીનપરની અથવા દરીયાઇ ફોજમાંના કોઇ ઑફીસરે શોલજરે અથવા ખલાશીએ કરવામાં જો કોઇ માણસ મદદગારી કરે અને તે મદદગારીથી તે નાફરમાનીનું કામ થાય તો તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ઇંડિયન મેરીન સરવીસને આગળ ગયેલી કલમો લાગુ પાડવા બાબત.

૧૩૮. અ. આ બાબમાંની આગળ ગયેલી કલમો મલિકા માઅઝમાની ઇંડીયન મેરીન સરવીસ રાણી સાહેબની દરીયાઇ ફોજમાં જાણે સમાઇ જતી હોય એમ લાગુ પડશે.

☞ આ કલમ ૧૮૮૭ના ૧૪મા આકટની કલમ ૭૯મીથી નવી દાખલ કરી છે.

લશકરી કાયદાને તાબેના સખસને આ કાયદા મુજબ શીક્ષા થઇ શકે નહી.

૧૩૯. રાણીની જમીનપરની અથવા દરીયાઇ ફોજને સારૂ અથવા રાણીની જમીનપરની અથવા દરીયાઇ ફોજના કોઇ ભાગને સારૂ કરેલા કોઇ લશકરી કાયદાને તાબે હોય એવા કોઇ સખશને આ કાયદા મુજબ આ બાબમાં બ્યાન કરેલા ગુન્હાઓમાંના કાંઇ ગુન્હાને સારૂ શીક્ષા થઈ શકશે નહી.

સોલજરનો પોશાક પહેરવો.

૧૪૦. રાણીની જમીનપરની અથવા દરીયાઇ ફોજમાંનો જે માણસ સોલજર નથી તે માણસ તેવો સોલજર પહેરતો હોય એવો કોઇ પોશાક પેહેરે અથવા તેવો સોલજર જે ચીન્હ વાપરતો હોય તેના જેવું કાંઇ ચીન્હ વાપરે એવા ઇરાદાથી કે તે તેવો શોલજર છે એમ માનવામાં આવે તો તે માણસને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની અથવા પાંચશો રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

બાબ ૮ મો.

લોકની સમાધાની વિરૂદ્ધ ગુન્હાઓ બાબત.

૧૪૧. જે પાંચ અથવા વધારે શખસોની એક મંડળી મળે અને જે સખશો તે મંડળીમાં હોય તેઓનો સામાન્ય હેતુ નીચે લખ્યા પ્રમાણે હોય તો તે મંડળીને કાયદા વિરૂદ્ધ મંડળી કહેવી.

કાયદા વિરૂદ્ધ મંડળી.

પેહેલો—હીંદુસ્તાનની કાયદા કરનારી અથવા હકુમત કરનારી સરકારને અથવા કોઇ પ્રેસીડેન્સીની સરકારને અથવા કોઈ લેફ્ટેનન્ટ ગવર્નરને અથવા પોતાના હોદ્દાનો કાંઇ કાયદેસર અખ્તીઆર અમલમાં લાવતાં કોઇ સરકારી નોકરને સાપરાધ બળ કરીને અથવા સાપરાધ બળ દેખાડીને ડરાવવો અથવા,

ટીકા—રાજદ્વારી વિષય ઉપર મ્હોટું એક ભાષણ સાંભળવાને સંખ્યાબંધ માણુસો ભેગાં મળે, અગર, મહત્વના રાજકીય સવાલ ઉપર પ્રજાના મ્હોટા ભાગની ઈતરાજી છે, એવું હાજર રહેનારાઓની સંખ્યાની મ્હોટાઇથી બતાવવા માટે અમુક સ્થળે સંખ્યાબંધ માણુસો એકઠાં થાય, તે ગવર્નમેન્ટને અગર તેના ઑફીસરોને ધમકાવવા માટે એમ એ હાજરી માત્રથી કહી શકાય નહીં. એવી રીતના જાહેર સવાલો સાંભળવાની મ્હોટી સભાઓ કાયદેસર છે. આ ખુલાસાની અંદર એમાં ભાગ લેનાર શખસોને લાવવા માટે એવું બતાવવુ જરૂરનું છે કે—માણસોની ઠઠ, શુદ્ધબુદ્ધિથી અમુક વિષય ઉપર ચર્ચા ચલાવવાને મળી નહતી, પરંતુ સંખ્યાની મ્હોટાઇનો લાભ લઇને તે સભાના અગ્રેસરોના મનમાં બળ વાપરવાની ધમકી આપવાનો વિચાર હતો એવા વિચારથી લોકનાં ટોળાં સને ૧૮૪૩ માં આયરલાન્ડમાં ઓકોનેલ નામના શખસે ભેગાં કર્યાં હતાં તે વિખેરવાનો હુકમ સરકારે કર્યો હતો, એક અમલદાર પ્રજામાં ઘણો અપ્રિય થઈ પડયો હોય, અને તેને ધિઃક્કારવા માટે લોકોનાં ટોળાં મ્હોટી સંખ્યામાં ભેગાં મળે તો આ દેશમાં પણ આ કલમની રૂએ સરકાર તેમને વિખેરી નાખવાનો હુકમ કરે તો તે વાસ્તવીક છે.

બીજે—કાંઇ કાયદો કે કોઇ કાયદેસર હુકમ બજાવતાં હરકત કરવી અથવા,

ટીકા.—સરકારી અમલદાર પોતાની ફરજ અઘટિત રીત્યે બજાવતો હોય તો તેને તેમ કરતાં અટકાવવાનો હક, જે શખસને ગેરકાયદેસર નુકસાન થતું હોય, તેને પોતાનેજ છે. તેના સગા અથવા મિત્રોને તેની વતી અટકાવ કરવાનો હક નથી.

ત્રીજે—કાંઇ બીગાડ અથવા સાપરાધ પ્રવેશ અથવા બીજો ગુન્હો કરવો; અથવા

ટીકા.—જે ગુન્હામાં ઈરાદાની જરૂર હોય છે તે ગુન્હાઓ જ્યારે કરવામાં આવે ત્યારે તે ઈરાદો સાબીત થવાની જરૂર છે. શુદ્ધબુદ્ધિથી એક માણસ એમ ધારે કે તેને અમુક કૃત્ય કરવાનો હક છે, તો તેને આ કલમ (૩) લાગુ પડી શકે નહી. અ અને બ નામના બે સખસો જમીનના ભાગીદાર હતા; એ જમીન ઉપર અ એ એક મકાન બાંધ્યું અને તેમ કરવામાં બ ની રજા ન લીધી. બ એ સીવીલ કોરટથી તે મકાન તોડી પાડવાનું હુકમનામુ મેળવીને તે તોડી પાડયું, પછીથી બ ના નોકરોએ, અ ના નોકરોને, તે મકાન પાછું શરૂ કરતા જોયા. તેઓએ વાંધો ઉઠાવ્યો, શરૂ કરેલો ભાગ તોડી પાડયો, અને નોકરોને એક બાજુ કહાડયા. નીચલી કોરટમાં હંગામો કરવાની તેમને સજા કરવામાં આવી હતી તે હાઈકોરટે રદ કરી. તેઓ એ કૃત્ય કરતી વખતે બીગાડ કરતા નહતા. તેમના શેઠને જે કૃત્ય કરવાનો હક હતો તે તેઓ કરતા હતા. તેઓનો ગુન્હો આ કલમના ચોથા ભાગમાં પણ આવી શકે તેમ નહતું કારણ કે તેમના શેઠની જમીનના બચાવમાં જે કૃત્ય તેમણે કરવું જોઇતું હતું તે તેઓ કરતા હતા.૧

---

૧. રાણી વિ. રાજકુમારસીંઘ. ઈ. લો. રિ. ૩ કલકત્તા. પાનું ૫૭૩.

ચોથો—કોઇ શખસની ઉપર સાપરાધ બળ કરીને અથવા તેને સાપરાધ બળ દેખાડીને કાંઇ મીલકતનો કબજો લેવો અથવા મેળવવો અથવા કોઇ શખસનો આવવા જવાનો હક અથવા પાણી વાપરવાનો હક અથવા બીજો જે નીરાકાર વસ્તુ સબંધી હક તે શખસના કબજામાં કે ભાગવટામાં હોય તે તેની પાસેથી લઇ લેવો અથવા કાંઇ હક કે ધારેલો હક અમલમાં લાવવો અથવા,

ટીકા.—તકરારી મીલકત ઉપર ખરો હક કોનો હતો એ સવાલ નથી. આ કલમનો હેતુ એટલોજ છે કે સુલેહનો ભંગ અટકાવવો અને અમુક મીલકત માટે વાંધો હોય તે માટે કાયદાને હાથમાં ન લઈ લેતાં તેની (કાયદાની) મદદ લઇને કામ કરવું.૧

ક્રીમીનલ પ્રોસીજરની કલમ ૧૪૫ ની રૂએ મેજીસ્ટ્રેટને, જે પક્ષકારના કબજામાં અમુક જમીન હોય અને જેને ગેરકાયદેસર રીતે કબજામાંથી દુર કરવામાં આવ્યો હોય, તેના હવાલામાં તે જમીન પાછી સોંપવા માટે જે અખ્ત્યાર આપવામાં આવ્યો છે તેમાં અને આ કલમમાં એક સરખો—સામાન્ય હેતુ સમાયલો છે. એક શખસ પોતાની સાથેના માણસોથી, પોતાની વર્તણુકથી પોતાની પાસે હથીઆરથી, અગર પોતાના શબ્દોવડે, કબજામાં હોય તે શખસને એમ માનવાનું કારણ આપે કે તે (કબજામાં છે તે શખસ) કબજો નહીં છોડે તો તેને ઇજા થશે અને એવા સંજોગો વચ્ચે તે પ્રવેશ કરે તો, તેણે જબરાઈ થી પ્રવેશ કર્યો કહેવાય છે. આ કલમની રૂએ, દીવાની રાહે એક શખસ દાદ લઈ શકે તેમ હોય તેમ છતાં જે જમીન પર તેને હક છે તે પણ બીજાના કબજામાંથી બળથી લેવા માટે તે ગુન્હેગાર બને છે. કારણ કે એક જમીનનો ખરો માલીક પણ સુલેહનો ભંગ કરવાથી કાયદાની નજરમાં જનસમુહને નુકશાન કરી બેસે છે, અને ભાડે રહેનાર શખસના ભાડાની મુદ્દત પુરી થયા પછી પણ તે ઘર કબજે રાખી રહે તો ઘરનો માલીક તે ઘરમાં દાખલ થઈ શકે અને તે ભાડે રહેનાર શખસનો કબજો છોડાવે. પરંતુ તે સાપરાધ બળ વાપરીને પ્રવેશ કરે તો તે ફોજદારી રાહે (આ કલમ મુજબ) ગુન્હેગાર બને છે. પરંતુ તે ભાડુત, તે માલધણી સામે ગ્રહપ્રવેશ માટે નુકશાનીનો દાવો લાવી શકે નહીં તેવીજ રીતે પાંચ કરતાં વધારે શખસો કંઈક લોકોપકારક કૃત્ય (ક. ૨૬૮) ને દુર કરવા માટે સાપરાધ બળ વાપરવા ભેગા થાય, તો તેઓ હુલ્લડખોર તરિકે ગણી શકાય. જોકે જે કૃત્ય તેઓ કરવા ગયા તે કાયદેસર હોય તો પણ આનું કારણ એ છે કે **સુલેહના ભંગથી** લોકો ખાનગી હકકો એવી રીતે બતાવે એ ગેરવાજબી છે. એક વરઘોડાને સાપરાધ બળ સાથે જતો અટકાવવો તે પણ આ કલમમાં આવી શકે છે ૨ એક શખસ ગેરકાયદે અમુક જમીન કબજે રાખી રહ્યો હોય, તેને ત્યાંથી કાયદાએ આપેલી હદમાં રહીને કહાડવો એથી તે કહાડનાર શખસો ગેરકાયદેની મંડળી બની જતા નથી.૩

પરંતુ કલકત્તાના એક કેસમાં ઉપરના મત ઉપર કેટલીક શંકા રાખવામાં આવી હતી. એ કેસમાં નીચેની હકીક્ત બની હતી. એક નદીમાંથી પાણીનો પ્રવાહ જતો હતો, અને સુમારે બે માઇલ સુધી વહ્યા પછી તે પ્રવાહ ફઝીલપુર નામના ગામની જમીનનું પોષણ કરતો હતો. તે પ્રવાહ અને નદી એ બેનો સંગમ, અને એ સંગમ અને ફઝીલપોર વચ્ચેની જમીન મહાશય નામના એક શખસની હતી. ફઝીલપુર ઠાકોરોનું ગામ હતું. ઠાકોરોની તકરાર એવી હતી કે પ્રવાહ અને નદીના સંગમના સ્થળે એક

---

૧. મોહરશેખ. વિ. રાણી ઇ. લો રિ, ૨૧ કલકતા. ૩૯૨ રાણી. વિ, પ્રાગદત્ત ઇ. લો. રિ. ૨૦ અલ્હાબાદ પાનું. ૪૫૯

૨. રાણી. વિ. ટીરાકાડુ. ઇ. લો. રિ. ૧૪ મદ્રાસ ૧૨૬.

૩. રાણી. વિ. મીટાસીંગ. ૩ સધરલાન્ડ ક્રી. ૪૧ રાણી. વિ. સચી. ૭ સધરલાન્ડ ક્રી. ૧૧૨. રાણી. વિ. તુલસી ૨ બે. લો. રિ. ક્રી. ૧૬ રાણી. વિ. ગુરૂચરન. ૬ બે. લો. રિ. ૯. પ્રીજુસીંઘ. વિ. ખુબલાલ. ૧૯. સધરલાન્ડ. ક્રી. ૬૬. શંકરસીંઘની બાબતમાં. ૨૩, સધરલાન્ડ ક્રી. ૨૫. રાણી, વિ. રાજકુમારસીંઘ, ઇ લો. રિ ૩ કલકતા પાનું. ૫૮૪. પચકુવરી. વિ. રાણી. ઇ. લો. રિ. ૨૪ કલકતા, પાનું. ૬૮૬.

" બન્ડ " બાંધવાનો અને ફઝીલપુરને પાણી પૂરં પાડવાનો તેમનો હક હતો. મહાશયે આ બન્ડ નાકબુલ કર્યો. કોરટને હકીકત ઉપરથી એમ માલમ પડયું કે " બન્ડ " બાંધવાનો વહિવટ હતો. તકરારી વખતે ઠાકોરોએ સંગમને સ્થળે, તે " બન્ડ " નવેસરથી બાંધવા અગર ભાગી ગયેલો પૂરો કરવા માટે ગયા. તેઓ સવારના દસ વાગે ત્યાં ગયા અને સાથે બન્ડ બાંધવા માટેજ પૂરતાં માણસો હથીઆર વગરનાં લીધાં. તેઓ જ્યારે તે બન્ડ બાંધવાનું કામ કરતા હતા ત્યારે મહાશયનાં સુમારે ૧૨૦ માણસો તે સ્થળે આવ્યાં. તેમનામાંના ઘણાઓના હાથમાં હથીઆર અગર લાઠીઓ હતી. પછી તેમનામાંથી ૨૫, ૩૦ માણસો છુટાં થઈને ઠાકોરોના માણસો ઉપર હુમલો કર્યો. ઠાકોરોના માણસોમાંના ઘણાંક ન્હાસી ગયાં હતાં. પાંચ ઘાયલ થયાં અને ત્રણ જમીનપર બેભાન સ્થીતિમાં પડયાં. આ કલમની રૂએ, મહાશયને અને તેનાં માણસોને થયેલી સજા હાઇ કોર્ટે બહાલ રાખી. ઠાકોરોનો પ્રવેશ ગેરકાયદે હોય તોપણ આવા સંજોગોમાં મહાશયના માણસોએ વાપરેલું બળ કાયદેસર હતું કે કેમ તેનો નિર્ણય કરતાં કોર્ટે આદેશના કાયદાને ઈંગ્લંડના કાયદાની બરોબર લાવી મુકયો હતો. ઈંગ્લંડના કાયદાની રૂએ, ગેરકાયદે પ્રવેશ કરનારની સામે સાપરાધ બળ વાપરવું વાસ્તવિક નથી પરંતુ તેને બનતાસુધી શાંતિથી કહાડી મુકવા સુધી કાયદાએ હદ બાંધી છે.૧ દરેક કેસમાં, એવા શખસોને કહાડી મુકવા માટે કેટલું બળ વાપરવું જરૂરનું છે તે તે કેસના સંજોગો ઉપર વધારે આધાર રાખે છે. એક માણસ પોતાના ઘરના કબજા ભોગવટામાં હોય અને એક ડઝન માણસ આવીને તેનો કબજો જોરથી લેવા માગે તેવા અરસામાં પચીસ માઇલ આઘેના માજીસ્ટ્રેટને અરજી આપવાની આશાએ તે શખસને રાખવા સુધી કાયદાએ હદ બાંધવી એ કાયદાએ કરેલું રક્ષણ કહી શકાય નહી. એક કુવામાંના પાણીને વાપરવાનો હક એક કરતાં વધારે શખસોનો હોય, તો અમુકજ માણસનો જાથુનો કબજો છે એમ કહી શકાય નહીં પરંતુ જે વખતે જે માણસ તે હકનો ભોગવટો કરતો હોય તેનો તે વખતે હક છે એમ ગણવું જોઇએ.

પાંચમો—સાપરાધ બળ કરીને અથવા સાપરાધ બળ દેખાડીને જે કામ કરવાની જે શખસની કાયદા પ્રમાણે ફરજ નહી હોય તે કામ તે શખસ પાસે કરાવવું અથવા જે કરવાનો તેને કાયદા પ્રમાણે હક હોય તે કરવામાં તેની પાસે કસુર કરાવવી.

ટીકા.—ચોથા અને પાંચમામાં એટલો ફેર છે કે આમાં કંઈ " હક "ની રૂએ અમુક કૃત્ય કરવું ન કરવું એમ નથી. મહેસુલ ઉઘરાવવામાં અટકાવ કરનાર એક ટોળું, અગર, એક લીલાઉંમાં અમુક મીલકત ખરીદ કરનાર શખસને કબજો લેતો અટકાવનારૂં ટોળું આ કલમની રૂએ ગુન્હેગાર ગણી શકાય.૨ ધરમના અથવા જ્ઞાતિના વરઘોડા કાયદાસર રીતે કહાડવામાં આવેલા હોય તેમને અટકાવ કરનાર ટોળાં પણ આ કલમની રૂએ ગુન્હેગાર ગણે છે. એ વરઘોડા કાયદેસર છે કે કેમ તેની શંકા હોય તોપણ તેઓ ચોથાની રૂએ ગુન્હેગાર બની શકે. એક કારખાનાના કામ કરનાર મજુરો કામ બંધ કરે તે માટે તેમને જોરથી ફરજ પાડનાર અગર તેમને તેમના કામમાંથી કામ કરતા અટકાવનાર પણ આ કલમ મુજબ ગુન્હેગાર બને છે. એક નાટકમાં તોફાન કરી પ્રયોગ ચાલતો અટકાવનાર શખસો પણ આ કલમમાં આવી શકે છે.

મદ્રાસના એક કેસમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે, પાંચ તહોમતદારો પૈકી બેના સંબંધમાં એમ માલમ પડયું હતું કે સામાન્ય હેતુમાં તે સામેલ નહતા, તે ઉપરથી બાકીના બીજાઓ ઉપરનું પણ તહોમત ટકી શકતું નથી. કારણકે ગેરકાયદેની મંડળી થવાને માટે પાંચ માણસોનો સામાન્ય હેતુ હોવો જોઇએ.૩ બીજા કલોઝની રૂએ, જે કૃત્યની સામે થવામાં આવ્યાનું કહેવામાં આવે તે વાજબી કૃત્ય હોવું જોઇએ. જો ભેગા થનારાઓનો હેતુ કાયદેસર હોય તો તેમના ભેગા થવાનું કૃત્ય ગેરકાયદે થઈ જતું નથી.૪ એક કેસમાં કેટલાક શખસોએ સરકારી અમલદારો એક ઘરની ઝડતી લેતા હતા તેમને રોકાણ કર્યું એમ માલમ પડયું કે તે સરકારી અમલદારો પાસે તેમ કરવાની કંઇ લિખિત સત્તા નહતી તેમાં ઠરાવવામાં આવ્યું કે, તહોમતદારો ઉપર ઈ. પી. કોડ ક. ૧૪૩ મુજબનું તહોમત રાખી શકાય નહીં.૫

---

૧. અનંત પંડિત. વિ. મધુસુદન. ઈ. લો. રિ, ૨૬ કલકત્તા, ૫૭૪.

૨. રાણી. વિ. રામાયા. ઇ. લો. રિ. ૧૩ મદ્રાસ. પાનુ ૧૪૮

૩. ૫ મદ્રાસ લૉ. ટાઈમ્સ ૨૮૫.

૪. ઇ. લો. રિ. ૨૯ કલકતા ૨૪૪.

૫. ૧૧ મુંબઈ લૉ. રિપોર્ટર ૮૪૯.

જ્યારે અમુક માણસોનો સમુહ પોતાના કહેવાતા હકોને માટે સામો થાય, અને તેમ કરવામાં સામ્રાધ બળ વાપરે તેવે પ્રસંગે ખાનગી બચાવના હકનો પ્રશ્ન રહેતો નથી.૧

પરંતુ એક કેસમાં તહોમતદારો પાસે જમીનનો કબજો હતો, તેઓ લાઠીઓ લઈ મોટા જથામાં ગયા અને માલ કાપવા માંડયા તેવામાં ફરીયાદ પક્ષના માણસો પણ આવીને કાપવા માંડયા. તેમાંથી ફિસાદ થયો, અને એક માણસને ઇજા થઇ ને તે મરી ગયો. તેમાં એમ ઠરાવવામાં આવ્યું કે તહોમતદારો ચાલુ કબજો કાયમ રાખવા માટે લડતા હોવાથી તેમની મંડળી ગેરકાયદે મંડળી નહતી.૨

ખુલાસો—જે મંડળી પ્રથમ મળતી વખતે કાયદા વિરૂદ્ધ ન હોય તે પાછળથી કાયદા વિરૂદ્ધ મંડળી થઇ શકે.

કાયદા વિરૂદ્ધ મંડળીનો અંગભુત તે શું.

૧૪૨. જે હકીકતોને લીધે કોઈ મંડળી કાયદા વિરૂદ્ધ મંડળીમાં થતી હોય તે હકીકતો જણાયા છતાં જે માણસ ઈરાદાથી તે મંડળીમાં સામેલ થાય અથવા તેમાં જારી રહે તે માણસને કાયદા વિરૂદ્ધ મંડળીનો અંગભુત સમજવો.

ટીકા.—એક ગેરકાયદેસર કૃત્ય કરવાના હેતુથી એક મંડળી ગેરકાયદેની મંડળી થાય છે. મુળથીજ અમુક મંડળીનો હેતુ ગેરકાયદેસર કૃત્ય કરવાનો હોય તો તે મંડળી મુળથીજ ગેરકાયદેની મંડળી થાય છે. એવું પણ વખતે બને છે કે એક મંડળી પ્રથમ કંઈ કાયદેસર કૃત્ય કરવા માટે ભેગી થાય છે અને પાછળથી ગેરકાયદેસર બને છે. નિર્દોષ રીતે એક માણસ એવા મંડળમાં સામેલ થયો હોય તે જ્યારે એ મંડળીનો ગેરકાયદેસર કૃત્ય કરવાનો ઇરાદો જાણે ત્યારેજ એવી મંડળીના અંગભુત તરિકે તે બને છે. પરંતુ એક માણસ એવી જાતની મંડળીનો હેતુ જાણી જોઇને તેમાં તેના અંગભુત તરિકે સામેલ થાય તો તે તો માત્ર પ્રેક્ષક તરિકે ત્યાં ઉભો હતો એમ તેનો બચાવ, ચાલી શકે નહિ. ગેરકાયદાની મંડળી, તે મંડળીના શખસોના અરસ્પરસ અપાતા ઉત્તેજનને લીધે ગંભીર બને છે, એક માણસ નિર્દોષ રીતે એવા મંડળમાં દાખલ થઇ ગયો હોય પરંતુ ભીડના લીધે અગર ભયના લીધે તેમાંથી તે નાશી છુટવાને શક્તિવાન થાય નહિં તો તે તેનો અંગભુત ગણી શકાય નહિ. પરંતુ એવી જાતનો બચાવ લાવનાર શખસને માથે, તે નાશી છુટવાને શક્તિવાન નહતો તેનું સાબીત કરવાનો પુરાવાનો બોજો રહે છે. એક માણસ ગેરકાયદેની મંડળીને વિખેરવા ગયો હોય અને તેનું ન ફાવતાં તે તેમાં સામેલ થઈ ગણાઇ પકડાયો હોય તે તેવું સાબીત કરે તો તેનો તે બચાવ પોશાઈ શકે છે.૩

શીક્ષા.

૧૪૩. જે માણસ કોઇ કાયદા વિરૂદ્ધ મંડળીનો અંગભુત હોય તેને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

જીવ લે એવું કાંઇ હથીઆર

૧૪૪. જીવ લેનારૂ કાંઈ હથીઆર અથવા જે મારથી સામા માણસનો પ્રાણ જાય એવો સંભવ હોય એવી કાંઇ વસ્તુ પાસે છતાં જે માણસ કોઇ કાયદા વિરૂદ્ધ મંડળીનો

૧ ઈ. લો. રિ. ૩૫ કલકત્તા ૩૮૪.
૨ ઇ. લો.. રિ. ૩૬ કલકત્તા ૩૬૫.
૩ બીજુસીંઘ. વિ. ખુબલાલ. ૧૯. વીકલી રીપોર્ટર. ક્રી. પ્રો. ૬૬.

પાસે છતાં કોઈ કાયદા વિરૂદ્ધ મંડળીમાં સામેલ થવું. અંગભુત થાય તેને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

સો માણસોનું એક ટોળું જેમાં તહોમતદાર પણ સામેલ હતો, તેઓ લાકડીઓ અને "પરોણા" (Bill Books) લઇ એકઠા થયા. પણ પોલીસને જોઇને નાસી ગયા. આ હકીકત ઉપર માજીસ્ટ્રેટને લાગ્યું કે—ટોળાના માણસોનો હેતુ સાપ્રાધ બળ વાપરવાનો હતો અને તેમની પાસેનાં હથીઆરો વગેરે સંજોગો ધ્યાનમાં લઇ આ કલમની રૂએ તેમને સજા કરી. હાઇકોર્ટે ઠરાવ્યું કે—ટોળાનો સામાન્ય હેતુ ક. ૧૪૧ મુજબ ગેરકાયદે મંડળી બને તેવો નહોતો તેથી તહોમતદારોને છોડી મૂકવા જોઈએ.[૧]

૧૪૫. કોઇ કાયદા વિરૂદ્ધ મંડળીને કાયદામાં ફરમાવેલી રીતે વીખેરાઈ જવાનું ફરમાવ્યું છે એવું જાણ્યા છતાં જે માણસ કોઈ કાયદા વિરૂદ્ધ મંડળીમાં સામીલ થાય અથવા જારી રહે તેને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કોઈ કાયદા વિરૂદ્ધ મંડળીને વીખરાઇ જવાનો હુકમ થયો છે એમ જાણ્યા છતાં તેમાં સામેલ થવું અથવા જારી રહેવું.

આ કલમની સાથે ક્રી. પ્રો. ની ક. ૧૨૭ વાંચવાની છે જે નીચે મુજબ છે:—

૧૨૭. (૧) કોઈપણ કાયદાવિરૂદ્ધ મંડળીને, અથવા જેથી લોકને સુલેહમાં ગડબડ થવાનો સંભવ હોય એવી પાંચ અથવા વધારે શખસોની મંડળીને વિખરાઇ જવાનો હુકમ કરવાનો કોઈપણ માજીસ્ટ્રેટ અથવા જે અમલદારના હવાલામાં કોઇ પોલીસથાણું હોય તે અમલદાર મુખત્યાર છે; અને એવા હુકમ થયેથી તે હુકમ મુજબ વિખરાઇ જવાની તે કાયદાવિરૂદ્ધ મંડળીના અંગભુતોની ફરજ છે.

(૨) આ કલમ કલકત્તા શેહેરની[૨] પોલીસને પણ લાગુ છે.

૧૪૬. કોઇ કાયદા વિરૂદ્ધ મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવામાં તે કાયદા વિરૂદ્ધ મંડળી અથવા તેનો કોઇ અંગભુત બળ અથવા જુલમ વાપરે તો તે મંડળીના દરેક અંગભુતને હંગામાનો ગુન્હો કર્યો એમ સમજવું.

સામાન્ય હેતુ પાર પાડવામાં એક અંગભુતે વાપરેલું બળ.

ટીકા—એક ગેરકાયદેની મંડળીમાં ફક્ત સામેલ થવું એજ એક ગુન્હો છે, અને તે માટે કલમ ૧૪૩ મુજબ શિક્ષા થઈ શકે છે. તે મંડળી, અગર તેનો કોઇપણ અંગભુત બળ વાપરે તો તે મંડળીનો દરેક અંગભુત આ કલમ મુજબ હંગામાનો ગુન્હો કરે છે. અને તે ગુન્હા માટે ક. ૧૪૭ મુજબ શિક્ષા થઇ શકે છે. અને જો તે બળ વાપરતી વખતે આરોપીના હાથમાં પ્રાણઘાતક હથીઆર હોય, તો તેને ક. ૧૪૮

---

૧. ઇ. લો. રિ. ૨૪ મદ્રાસ. ૧૨૪.

૨. "શહેરની" એ શબ્દ "તથા મુંબાઈ એ શહેરોમાંની" આ શબ્દોને બદલે સન ૧૯૦૨ ના મુંબઇ શહેરની પોલીસ બાબતના આકટ (મુંબઇના સન ૧૯૦૨ ના ૪ થા)ની કલમ ૨ (૧) ઉપરથી દાખલ કર્યો હતો.

મુજબ શિક્ષા થઈ શકે છે. વળી એવી મંડળીનો કોઇ શખસ હંગામા દરમ્યાન એવી જાતનો ગુન્હો કરે કે જે તે મંડળીના અંગભુતો જાણતા હોવા જોઇએ કે તે મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવા માટે તે ગુન્હો કરવાની જરૂર પડે તેમ છે તો તેને કલમ ૧૪૯ મુજબ શિક્ષા થઈ શકે છે. અમુક કેસ ક. ૧૪૬ અગર ક. ૧૪૯ ની અંદર આવી શકે તે, હકીકતનો સવાલ છે; અને આજુ બાજુના સંજોગો ઉપરથી કોર્ટ તે જાણી શકે છે.

એક મંડળીનો હેતુ કેટલાંક ઢોર ચારનારને કહાડી મુકવાનો હતો, અને, તે કામ થઇ ગયા બાદ, એક બીજો શખસ, સામા પક્ષના એક માણસ જોડે લડયો અને તેમના બેઉ વચ્ચે મારામાસી થઈ, અને તે શખસે, તે સામા પક્ષના માણસને ભાલાવડે જખમી કર્યો. આ ઉપરથી એવો નિર્ણય થયો હતો કે તે મંડળીના તમામ અંગભુતો, આ શખસના કૃત્ય માટે ક. ૧૪૯ ની રૂએ જવાબદાર નહતા.૧

વળી એક બીજા કેસમાં એવો નિર્ણય કરવામાં આવ્યો હતો કે એક માણસ જખમી થવાથી, મારામારીમાં ભાગ લેવાને શક્તિવાન નહતો, એટલે તેના જખમી થયા પછી, તે જે મંડળીનો અંગભુત હતો, તે મંડળીના અંગભુતોએ જે કૃત્યો કર્યા તેને માટે એને જવાબદાર ન ગણવો જોઈએ; કારણ કે તેમના કૃત્યમાં ભાગ લેવાને તે શક્તિમાન નહતો.૨

વળી એક કલકત્તાના કેસમાં એક જમીન બાબતની તકરાર દરમ્યાન એક પક્ષના માણસ જેની પાસે બંદુક હતી તેણે બીજા સામા પક્ષના માણસને ગોળી મારી અને ખુન કર્યું. તેમાં કલકત્તાની ફુલબેન્ચે એવો નિર્ણય કર્યો કે-એ મંડળીના બીજા અંગભુતોમાં એવો વિચાર નહતો કે ખુન કરવું.૩ આવી જાતના કેસોમાં તે કેસના સંજોગો ઉપર વધારે આધાર રહેલો છે.

હંગામો કરવાનો ગુન્હો, અને બુદ્ધિપૂર્વક વ્યથા અને બુદ્ધિપૂર્વક મહાવ્યથા કરવાના ગુન્હાઓ એક હંગામા દરમ્યાન જુદા જુદા શખસો સામે કરવામાં આવે તે તમામ જુદા જુદા ગુન્હાઓ ગણવા જોઈએ. આમાં ધ્યાન રાખવાની બીના એ છે કે—બુદ્ધિપૂર્વક વ્યથા અગર બુદ્ધિપૂર્વકની મહાવ્યથાના ગુન્હાઓ હંગામો ન કરનાર શખસ પણ કરી શકે છે—એટલે કે બીજા શબ્દોમાં બોલીયે તો હંગામાના ગુન્હા માટે તે ગુન્હો પૂર્ણ કરવા તે જરૂરના નથી. એટલે એક શખસ, પ્રાણઘાતક શસ્ત્રોવડે હંગામો કરે, અને એક શખસને બુદ્ધિપુર્વક વ્યથા કરી હોય અને બીજા શખસને બુદ્ધિપૂર્વક મહાવ્યથા કરી હોય, તો ક્રી. પ્રોસીજરની કલમ ૨૩૫ મુજબ તે બધા ગુન્હાઓ માટે તેની ઉપર એકી વખતે કામ ચલાવી શકાય છે અને ક્રીમીનલ પ્રોસીજરની કલમ ૩૫ મુજબ તેને ઈ. પી. કોડ ૧૪૮ મુજબ ત્રણ વરસની શિક્ષા કરી શકાય છે, ઇ. પી. કોડ કલમ ૩૨૩ મુજબ એક વરસની અને ૩૨૬ મુજબ દસ વરસની અગર ચઉદ વરસની એકંદર શિક્ષા થઇ શકે છે.૪ આવા સંજોગોમાં ઇ. પી. ક. ૭૧ ધ્યાનમાં રાખવાની છે. એટલે કે સઉથી મ્હોટા ગુન્હાની શિક્ષા કરતાં એકંદર વધારે શિક્ષા થઇ શકતી નથી.

હંગામો કરવાની શીક્ષા.

૧૪૭. જે માણસ હંગામાનો ગુન્હો કરે તેને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

---

૧. રાણી. વિ. બિનોદ. સધરલાન્ડ ક્રી. પા. ૬૬.

૨. રાણી. વિ. કબીલ. બેં. લો. રિ. ક્રી. ૧.

૩. રાણી. વિ. સાબેદઅલી. ૧૧. બે. લો. રિ. પાનું. ૩૪૭.

૪. રાણી. વિ. ડુંગરસીંગ. ઇન્ડીઅન લો. રિ. ૭ અલ્હાબાદ પા. ૨૯. રાણી. વિ. પરસાદ. ઈ. લો. રિ. ૭ અલ્હાબાદ ૭૧૪ રાણી. વિ. રામસરૂપ. ઈ. લો. રિ. ૭ અલ્હાબાદ. ૭૫૭, રાણી. વિ. બિશ્વેશ્વર ઇ. લો. રિ. ૯ અલ્હાબાદ ૬૪૫, લોકનાથ વિ. રાણી. ઇ. લો. ૧૧ ક, ૩૪૯, ચન્દ્રકાન્ત વિ. રાણી. ઇ. લો. રિ. ૧૨ ક. ૪૯૫ રાણી. વિ. બીનાપુંજા ઇ. લો. રિ. ૧૭ મુંબઈ ર૬૦ મોટશાનમીર. વિ. રાણી ઇ. લો. રિ. ૧૬ ક. ૭૨૫, ફરાસન વિ. રાણી. ઈ. લો. રિ. ૧૯ ક. ૧૦૫.

જીવ લે એવું હથીઆર પાસે રાખીને હંગામો કરવો.

૧૪૮. જીવ લેનાર કાંઇ હથીઆર જે મારેથી સામા માણસનો પ્રાણ જાય એવો સંભવ હોય એવી કાંઇ વસ્તુ પાસે છતાં જે માણસ હંગામો કરે તેને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કોઇ કાયદા વિરૂદ્ધ મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવામાં કાંઇ ગુન્હો થાય તે તે મંડળીના પ્રત્યેક અંગભુતને તે ગુન્હાનો તકસીરવાર સમજવો.

૧૪૯. કોઈ કાયદા વિરૂદ્ધ મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવામાં તે મંડળીના કોઇ અંગભુતથી કાંઇ ગુન્હો થાય અથવા એવો કાંઇ ગુન્હો થાય કે તે હેતુ પાર પાડવામાં તે ગુન્હો થશે એવો સંભવ તે મંડળીના અંગભુતોને જાણવામાં હોય તે ગુન્હો થતી વખતે જે જે સખશ તેજ મંડળીના અંગભુત હોય તે દરેક સખશે તે ગુન્હો કર્યો એમ સમજવું.

ટીકા.—ટીકા માટે જુઓ કલમ ૧૪૬ ઉપરની ટીકા.

કોઈ કાયદા વિરૂદ્ધ મંડળીમાં સામેલ થવાને પૈસા આપવા કરીને કોઈ સખસને રાખવા અથવા તેઓને રાખવામાં ચશમપોશી કરવી.

૧૫૦. જે માણસ કોઈ સખસને કોઈ કાયદા વિરૂદ્ધ મંડળીમાં સામીલ થવાને અથવા અંગભુત થવાને પૈસા આપવા કરીને અથવા કોઇ બીજી રીતે રાખે અથવા પૈસા આપવા કરીને અથવા કોઇ બીજી કોઈ રીતે રાખવામાં મદદ કરે અથવા ચશમપોશી કરે તે માણસને તે કાયદા વિરૂદ્ધ મંડળીના અંગભુત દાખલ તથા તે પૈસા આપવા કરીને અથવા બીજી કોઇ રીતે રાખવા ઉપરથી તે રાખેલા સખસથી તે કાયદા વિરૂદ્ધ મંડળીના અંગભુત દાખલ જે કોઇ ગુન્હો થાય તે ગુન્હાને માટે જાણે તે માણસ તે કાયદા વિરૂદ્ધ મંડળીનો અંગભુતજ હોય અથવા જાણે તેણે પોતેજ ગુન્હો કર્યો હોય એવી રીતે શીક્ષા કરવામાં આવશે.

પાંચ અથવા વધારે શખસોની કોઇ મંડળીને વીખરાઈજવાનો હુકમ થયા પછી જાણીબુજીને તે મંડળીમાં સામીલ થવું અથવા જારી રહેવું.

૧૫૧. જેથી લોકોની સુલેહમાં ગડબડ થાય એવો સંભવ હોય એવી પાંચ અથવા વધારે શખસોની મંડળીને વીખરાઇ જવાનો કાયદેસર રીતે હુકમ થયા પછી જે માણસ જાણીબુજીને તે મંડળીમાં સામીલ થાય અથવા જારી રહે તેને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શજા કરવામાં આવશે.

ખુલાસો—અગર તે મંડળી ૧૪૧ મી કલમના અર્થ પ્રમાણેની કાયદા વિરૂદ્ધ મંડળી ન હોય તો ગુન્હેગારને ૧૪૫ મી કલમ મુજબ શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ ૧૨૭ મુજબ એક માજીસ્ટ્રેટ એક ગેરકાયદેસરની મંડળીને વિખેરવાનો હુકમ કરી શકે છે, પરંતુ ધરમ ફેલાવવાના હેતુથી એક મંડળના શખસો મોટા વરઘોડા કહાડે તે ગેરકાયદે નથી. સેલવેશન આરમિ (મુક્તિફોજ) ના એક કેસમાં ઈંગ્લંડમાં આવો નિર્ણય કરવામાં આવ્યો હતો. મુક્તિફોજના માણસો ત્યાં ધરમ ફેલાવવાના હેતુથી ભેગા થયા હતા, પરંતુ તે જાણતા હતા કે વખતે લોક લાગણી તેમની વિરૂદ્ધ હોવાને લીધે લોકો તેમની સામે થાય, પરંતુ તેઓ તેટલા ઉપરથી ગુન્હો કરવાના ઈરાદાથી ભેગા થયા છે એમ ઠર્યું નહતું.૧

હંગામો બંધ પાડવા વગેરેનું કામ કરતો હોય તેવામાં કોઇ સરકારી નોકરની ઉપર હુમલો કરવો અથવા તેને હરકત કરવી.

૧૫૨. કોઇ સરકારી નોકર પોતાનો સરકારી હોદ્દો બજાવવામાં કાંઇ કાયદા વિરૂધ મંડળીને વીખેરી નાંખવાની અથવા કાંઇ હુંગામો કે બખેડો બંધ પાડવાની મહેનત કરતો હોય તેવામાં તેની ઉપર જે માણસ હુમલો કરે અથવા હુમલો કરવાનો ડર દેખાડે અથવા તેને હરકત કરે અથવા હરકત કરવાની કોશીશ કરે અથવા તે સરકારી નોકર ઉપર સાપરાધ બળ વાપરે અથવા તે વાપરવાનો ડર દેખાડે અથવા તે વાપરવાની કોશીશ કરે તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

હંગામો કરવાના ઇરાદાથી દુષ્ટતાથી કોઇના મનમાં ક્રોધ ઉત્પન્ન કરવો અગર હંગામો થાયતો.

૧૫૩. જે માણસ દ્વેષ બુદ્ધિથી અથવા દુષ્ટતાથી કાંઇ કાયદા વિરૂદ્ધ વસ્તુ કરીને કોઈ શખસના મનમાં ક્રોધ ઉત્પન્ન કરે અને તે એવા ઇરાદાથી કે ક્રોધ હંગામાનો ગુન્હો કરાવે અથવા તે ક્રોધ હંગામાનો ગુન્હો કરાવશે એવો સંભવ છે એમ જાણીને તે એ પ્રમાણે કરે તો અગર તે ક્રોધ ઉત્પન્ન થવાથી હંગામાનો ગુન્હો થાય તો તે માણસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે અગર હંગામાનો ગુન્હો ન થાય તો તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—જુઓ રાણી. ૧વ. કાનજી. ઈ. લો રિ. ૧૮ મુંબઈ પાનું. ૫૭૮; આ કેસમાં આરોપીએ હીંદુ અને મુસલમાનો વચ્ચે માંહેમાંહે કુસંપ થાય એવા હેતુથી ચોપાનીયાં કહાડવાનું તહોમત તેના ઉપર મુકવામાં આવ્યું હતું ચોપાનીયામાં તેણે કેટલીક કવિતાઓ લખી હતી જેમાં મુંબઇમાં થએલા હુલ્લડનું તેણે વર્ણન કર્યું હતું. તે કવિતાઓમાં એક એવી પણ લીટી હતી કે:—

"ફરી લડો દેશહીત સાટી, ધન ધન છે લોક કમાટી"

૧. બીટી. વી. ગીલાબેન્કસ. ૯ કવીન્શ બેન્ચ ડીવીઝન પા. ૩૦૮.

શનાડે જસ્ટીશે જજમેન્ટ આપતાં જણાવ્યું હતું કે તે ચોપાનીયું આખું વાંચીને કરતાનો વિચાર જાણવો જોઇએ, અને તે આખું વાંચતાં તેનો વિચાર હુલ્લડ કરવાનો જણાયો નહોતો. આરોપીને તેથી છુટો કરવામાં આવ્યો હતો.

વળી જુઓ ઈ. લો. રિ. ૨૯ અલ્હાબાદ પાનું ૫૬૯ (૫૭૧ મે પાને).

વર્ગો વર્ગોમાં વેર વધારવા બાબત.

૧૫૩. અ. જે કોઇ બોલેલા અથવા લખેલા શબ્દો વડે; અથવા ઇશારત કરીને અથવા પ્રત્યક્ષ કાંઈ દેખાડીને અથવા બીજી રીતે, રાણી સાહેબની રૈયત પૈકી જુદા જુદા વર્ગો વચ્ચે વૈરભાવ અથવા દ્વેષભાવ વધારશે અથવા વધારવાની કોશિશ કરશે, તેને બે વરસ સુધીની કેદની અથવા દંડની અથવા એ બન્નેની શિક્ષા કરવામાં આવશે.

" ખુલાસો—જે બાબતોને લીધે રાણી સાહેબની રૈયત પૈકી જુદા જુદા વર્ગો વચ્ચે વેર-ભાવ અથવા દ્વેષભાવ ઉત્પન્ન થતો હશે અથવા ઉત્પન્ન થવા તરફ જેમનું વલણ હશે તે બાબતો દુષ્ટ ઇરાદા વગર અને તે દુર થાય એવા ખરા હેતુથી બતાવી હોય તો, તે આ કલમના અર્થ પ્રમાણે ગુન્હો થતો નથી. "

☞ આ કલમ ૧૮૯૮ ના આક્ટ ૪ થાની કલમ ૫ મીથી નવી દાખલ કરેલી છે.

ટીકા.—આ કલમ ૧૨૪ અ ને મળતી છે. શુદ્ધબુદ્ધિથી કેટલોક મતભેદ ઓછો કરનારાં લખાણો કરવાં એ આ કલમ મુજબ ગુન્હો નથી. ક્રીમીનલ પ્રોસીજર કલમ ૧૦૮ મુજબ ૧૨૪ અ અને ૧૫૩ અ ની રૂએ થતાં ગુન્હા અટકાવવાનો ખાસ વિધી દાખલ કરવામાં આવ્યો છે.

સરકારની રૈયત પૈકીના કોઇ એક વર્ગની લાગણી બીજા વર્ગ સામે ઉશ્કેરાય તેવું લખાણ કરવાનો કે તેવું બોલવાનો કોઇને હક નથી.૧

જે જમીનપર કાંઇ કાયદા વિરૂદ્ધ મંડળી હોય તે જમીનનો માલિક અથવા કબજેદાર.

૧૫૪. જ્યારે કાંઇ કાયદા વિરૂદ્ધ મંડળી મળે અથવા હુંગામો થાય ત્યારે જે જમીનપર તે કાયદા વિરૂદ્ધ મંડળી મળે અથવા તે હુંગામો થાય તે જમીનના માલેક અથવા કબજેદારને તથા તે જમીનમાં જેનો હક હોય અથવા જે હકનો દાવો કરતો હોય એવા શખસને એક હજાર રૂપીઆ સુધીના દંડની શીક્ષા કરવામાં આવશે પણ તે ક્યારે કે જો તે અથવા તેનો મુખતીઆર કે કારભારી તે ગુન્હો થાય છે અથવા થયો છે એવું જાણીને અથવા એવો સંભવ છે એમ માનવાનું કારણ છતાં પાસેમાં પાસેની પોલીસ ચોકીપરના મુખ્ય અમલદારને તે બાબતની પોતાથી બનતી જલદીમાં જલદી ખબર નહિ આપે તો અને તે ગુન્હો થવાનો છે એમ માનવાનું તેને અથવા તેઓને કારણ છતાં તે અથવા તેઓ તે ગુન્હો અટકાવવાને સારૂ પોતાથી બનતા સઘળા કાયદેસર ઇલાજો કામે નહી લગાડે તો અને તે ગુન્હો થયા પછી તે હુંગામો બંધ પાડવાને અથવા તે કાયદા વિરૂદ્ધ મંડળીને વીખેરી નાંખવાને પોતાથી બનતા સઘળા કાયદેસર ઇલાજો કામે નહિ લગાડે તો

---

૧. ૧૦ મુંબઇ લૉ રિપોર્ટર પાનું ૮૪૮.

ટીકા.—જે જમીન ઉપર ગેરકાયદેસરની મંડળી મળે છે, તે જમીનના માલેકને તે બનાવ બનવાનું જાણુમાં હોવું જોઇએ, એવું કંઇ જરૂરનું નથી. તેના નોકરો અને તેના એજંટોની ગફલતને માટે તે જવાબદાર બને છે. (રાણી વિ. પ્રયાગસીંધ. ઇ. લો. રિ. ૧૨ અલ્હાબાદ. પા. ૫૫૦).

જે શખસના ફાયદા સારૂ કાંઇ હંગામો કરવામાં આવે તે સખસની જવાબદારી.

૧૫૫. જો કોઇ શખસના ફાયદાને સારૂ અથવા તેની વતી કાંઇ હંગામો કરવામાં આવે અને જે જમીન બાબત તે હંગામો થાય તે જમીનનો તે સખસ માલીક અથવા કબજેદાર હોય અથવા તે જમીનમાં અથવા જે કાંઇ તકરાર ઉપરથી તે હંગામો થયો હોય તે તકરારની બાબતમાં કાંઈ હકનો તે સખસ દાવો કરતો હોય અથવા તેમાંથી તે સખશને કાંઇ ફાયદો થયો હોય અથવા તેણે કાંઇ ફાયદો કબુલ કર્યો હોય તો તે સખશને દંડની શીક્ષા કરવામાં આવશે પણ તે કયારે કે જો તે અથવા તેનો મુખતીઆર કે કારભારી તે હંગામો થવાનો સંભવ છે એમ માનવાનું તેને કારણ છતાં તે મંડળી મળતી અથવા હંગામો થતો અટકાવવાને તથા તે હંગામો બંધ પાડવાને અને તે મંડળીને વીખેરી નાંખવાને પોતપોતાથી બનતા સઘળા કાયદેસર ઇલાજો કામે નહિ લગાડે તો.

જે માલીક અથવા કબજેદારના ફાયદાને સારૂ કાંઈ હંગામો કરવામાં આવે તે શખસના અખત્યારની જવાબદારી.

૧૫૬. જો કોઈ શખસના ફાયદાને સારૂ અથવા તેની વતી કંઇ હંગામો કરવામાં આવે અને જમીન બાબત તે હંગામો થાય તે જમીનનો તે શખસ માલીક અથવા કબજેદાર હોય અથવા તે જમીનમાં અથવા જે કાંઇ તકરાર ઉપરથી તે હંગામો થયો હોય તે તકરારની બાબતમાં કાંઈ હકનો તે શખસ દાવો કરતો હોય અથવા તેમાંથી તે શખસને કાંઇ ફાયદો થયો હોય અથવા તેણે કાંઇ ફાયદો કબુલ કર્યો હોય તો તે શખસ મુખત્યાર અથવા કારભારીને દંડની શીક્ષા કરવામાં આવશે, પણ કયારે કે જો તે મુખત્યાર અથવા કારભારી તે હંગામો થવાનો સંભવ અથવા તે હંગામો જેથી થયો હોય તે કાયદા વિરૂદ્ધ મંડળી મળવાને સંભવ છે એમ માનવાનું તેને કારણ છતાં તે મંડળી મળતી અથવા હંગામો થતો અટકાવવાને તથા તે હંગામો બંધ પાડવાને અને તે મંડળીને વીખેરી નાંખવાને પોતાથી બનતા સઘળા કાયદેસર ઇલાજો કામે નહિ લગાડે તો.

ટીકા.—જ્યારે એક મેનેજરને આ કલમની રૂએ ગુનેગાર ગણવાનો હોય ત્યારે એમ સાબીત થવું જોઇએ કે પીનલકોડમાં લખ્યા મુજબનો હંગામો થયો હતો. (૨) જે હંગામો કરવામાં આવ્યો તે, તે મેનેજર જે જમીનની વ્યવસ્થા રાખતો હતો તે જમીનના લાભને માટે કરવામાં આવ્યો હતો. (૩) અને આરોપીને માનવાને કારણ હતું કે હંગામો બનવાનો હતો. (બરેથ. વિ. રાણી. ઈ. લો. રિ. ૧૦ કલકત્તા ૩૩૮).

કોઇ કાયદા વિરૂદ્ધ મંડળીને સારૂ પૈસા આપવા કરીને રાખેલા સખશોને ઘરમાં રાખવા.

૧૫૭. જે માણુસ પોતાના કબજા કે હવાલા માંહેના અથવા પોતાના અખતીઆર તળેના કોઇ ઘર કે જગામાં કોઈ શખસોને રાખે, આવવા દે, અથવા એકઠા કરે અને તે એવું જાણીને કે કોઇ કાયદા વિરૂધ મંડળીમાં સામેલ થવાને અથવા અંગભુત થવાને એ શખસોને પૈસા આપવા કરીને અથવા કોઇ બીજી રીતે રાખેલા છે અથવા પૈસા આપવા કરીને અથવા કોઇ બીજી રીતે રાખવાના છે તો તે માણુસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારવી કેદની અથવા દંડની અથવા એ બન્નેની શીક્ષા કરવામાં આવશે.

કોઇ કાયદા વિરૂદ્ધ મંડળી અથવા હંગામામાં સામીલ થવા સારૂ પૈસા લેવા કરીને રહેવું. અથવા હથીઆરબંધ થઈ ફરવું.

૧૫૮. ૧૪૧ મી કલમમાં લખેલા કામો માંહેલા કાંઈ પણ કામ કરવાને અથવા તે કરવામાં મદદ કરવાને જે માણુસ પૈસા લેવા કરીને અથવા કોઇ બીજી રીતે રહે અથવા પૈસા લેવા કરીને કે કોઇ બીજી રીતે રહેવાનું કહે અથવા રહેવાની કોશીશ કરે તે માણુસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે. અને ઉપર લખ્યા પ્રમાણે પૈસા લેવા કરીને અથવા કોઇ બીજી રીતે રહ્યા પછી જે માણુસ જીવ લેનારૂ કાંઇ હથીઆર અથવા જે મારેથી સામા માણુસનો પ્રાણુ જાય એવી કાંઇ વસ્તુ સાથે લઈને ફરે અથવા ફરવાનું કબુલ કરે કે કહે, તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

બખેડો.

૧૫૯. જ્યારે બે અથવા વધારે શખસો કોઈ જાહેર જગામાં મારામારી કરીને લોકોની સુલેહમાં ગડબડ કરે ત્યારે તેઓએ તે બખેડો કર્યો એમ સમજવું.

ટીકા.—આ કલમ મુજબ ગુનો થવાને માટે બે સંજોગોની જરૂર છે. એક તો જે જગાએ બખેડો થાય તે જગા, " જાહેર જગા " હોવી જોઇએ, અને તેથી પ્રજાની સુલેહમાં ગરબડ થવી જોઇએ. એટલા ઉપરથી વખતે એવું પણ બની શકે કે એક હુમલાનો ગુનો થાય છતાં તે બખેડાની વ્યાખ્યામાં આવી શકે નહિં અને જ્યારે લડનાર શખસો સિવાય કોઈ બીજા શખસો સાંભળે નહિં એવી જગાએ બખેડો થાય ત્યારે તે લોકોની સુલેહમાં ગરબડ કરતો નથી માટે આ કલમમાં આવી શકે નહિ.

જાહેરમાં બખેડો કરવો અને જાહેર જગાએ બખેડો કરવો એમાં ફેર છે. જાહેરમાં એટલે જ્યાંથી લોકો જોઇ શકે ત્યાં અને જાહેર જગોએ એટલે જ્યાંથી લોકને આવ જા કરવાનો હક હોય ત્યાં આ ઉપરથી એક જાહેર રસ્તા પાસેના ચબુત્રા ઉપર જે ખાનગી મકાન હતું તેમાં થયેલા બખેડાને જાહેર જગા ઉપર થયેલા બખેડા તરીકે ગણુવામાં આવ્યો નહતો. ૧

---

૧. રાણી. વિ. શ્રીલાલ. ઈ. લો. રિ. ૧૭ અલ્હાબાદ. પાનું ૧૯૯.

અખેડા કરવાની શીક્ષા.

૧૬૦. જે માણસ અખેડા કરે તેને એક મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એકસો રૂપીઆ સુધીની દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

રેલવે સ્ટેશનનો ગુડઝયાર્ડ જાહેર જગો છે એમ ઠરાવવામાં આવ્યું છે.૧ પરંતુ નીચેની જગાઓ જાહેર જગાઓ નથી એમ ઠરાવવામાં આવ્યું છે. જાહેર રસ્તા નજીકનો ખાનગી ચબુતરો (?)૨

(ગુડઝ ટ્રેન સીવાયની) રેલવેટ્રેન ન આવવાની હોય ત્યારે રેલવેનો પ્લેટફૉર્મ.૩

બાબ ૯ મો.

સરકારી નોકરોના અથવા તેઓ સંબંધી ગુન્હાઓ બાબત.

કાંઇ સરકારી નોકરીના કામ સંબંધી કાયદેસર મેહેનતાણા સીવાય કોઈ સરકારી નોકરે કંઈ બીજો અવેજ લેવો.

૧૬૧. જે માણસ સરકારી નોકર હોય અથવા સરકારી નોકર થવાની ઉમેદ રાખતો હોય તે માણસ પોતાના હોદ્દાનું કાંઇ કામ કરવા અથવા ન કરવાના કારણ દાખલ અથવા બદલામાં અથવા પોતાના હોદ્દાનો અમલ ચલાવવામાં કોઇ શખસની ઉપર મહેરબાની અથવા ઇતરાજી કરવા અથવા ન કરવાના કારણ દાખલ અથવા બદલામાં અથવા હિંદુસ્તાનની કાયદા બાંધનારી કે હકુમત કરનારી સરકારની જોડે અથવા કોઇ પ્રેસીડેન્સી સરકારની જોડે અથવા કોઈ લેફટેનન્ટ ગવર્નરની જોડે અથવા કોઇ પણ સરકારી નોકરની જોડે તેના સરકારી હોદ્દા સંબંધી કોઈ શખસને માટે અથવા કોઈ સખશની વિરૂદ્ધ કાંઇ વગ ચલાવવાના અથવા વગ ચલાવવાની કોશીશ કરવાના કારણ દાખલ અથવા બદલામાં કોઇ પણ શખસ પાસે પોતાને માટે અથવા કોઇ બીજા શખસને માટે કાયદેસર મેહેનતાણા શીવાય બીજો કાંઇ પણ અવેજ લે અથવા મેળવે અથવા લેવાને કબુલ કરે અથવા મેળવવાની કોશીશ કરે તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની સીક્ષા કરવામાં આવશે.

ખુલાસો—"સરકારી નોકર થવાની ઉમેદ રાખતો હોય" અગર કોઇ શખસ સરકારી નોકર થવાની ઉમેદ રાખતો ન હોય અને તે બીજાઓને એમ સમજાવે કે મને સરકારી નોકરી મળવાની છે ત્યારે હું તમારૂં કામ કરી આપીશ અને એ પ્રમાણે તેઓને ઠગીને કાંઇ અવેજ

૧. ૪ મુંબઇ લૉ રિપોર્ટર ૨૯૦ ઈ. લો. રિ. ૨૬ મુંબઇ ૯૦૯.

૨. ઇ. લો. રિ. ૧૭ અલ્હા. ૧૬૭.

૩. ૩ અલ્હા. વી. નોટસ. ૧૯૭.

મેળવે તો તે ઠગાઇનો ગુન્હેગાર થઇ શકે પણ તે કાંઇ આ કલમમાં બયાન કરેલા ગુન્હાનો તકસીરવાર ગણાય નહી.

'અવેજ' અવેજ શબ્દવડે એકલા પૈસાજ અથવા જેની કીમત પૈસાથી થઇ શકે એવો અવેજ સમજવો નહી.

"કાયદેસર મેહેનતાણું." કાયદેસર મેહેનતાણું એ શબ્દો વડે કાંઇ સરકારી નોકર જે મેહેનતાણું કાયદા મુજબ માગી શકે તે મેહેનતાણુંજ સમજવું નહી પણ જે સરકારની તે નોકરી કરતો હોય તે સરકારની તેને જે જે મેહેનતાણું લેવાની પરવાનગી હોય તે સઘળા મેહેનતાણાનો તેઓમાં સમાવેશ થાય છે.

"કરવાનું કારણ અથવા બદલો." કોઇ શખસ જે વસ્તુ કરવાનો ઇરાદો રાખતો ન હોય તે વસ્તુ કરવાના કારણ દાખલ અથવા જે વસ્તુ તેણે કરી ન હોય તે વસ્તુ કરવાના બદલામાં કાંઇ અવેજ લે તો તે શબ્દોમાં દાખલ થાય છે.

દ્રષ્ટાંત--(અ) એક મુનસફ અ એક શરાફ જની તરફનું હુકમનામુ કરી આપવાના બદલામાં પોતાના ભાઇને જની પહેડીમાં એક જગા અપાવે તો અ એ આ કલમમાં બીયાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવું.

(બ) એક કુમક કરનારા રાજાના દરબારમાં રેસીડેન્ટના હોદ્દાપર છતાં તે રાજાના પ્રધાન પાસેથી અ એક લાખ રૂપીઆ લે અને એમ માલમ પડે કે પોતાના હોદ્દાનું ફલાણું મુકરર કામ કરવા અથવા ન કરવાના કારણ દાખલ અથવા બદલામાં અથવા તે રાજાને માટે બ્રીટીશ સરકારની સાથે કાંઇ મુકરર બાબતમાં વગ ચલાવવા અથવા વગ ચલાવવાની કોશીશ કરવાના કારણ દાખલ અથવા બદલામાં અ એ ઉપલી રકમ લીધી પણ એમ માલમ પડે કે પોતાના હોદ્દાનો અમલ ચલાવવામાં તે રાજાની ઉપર અકશર મેહેરબાની રાખવાના કારણ દાખલ અથવા બદલામાં અ એ તે રકમ લીધી તો અ એ આ કલમમાં બીયાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવું.

(ક) કોઇ સરકારી નોકર અ જ ને એમ ખોટું સમજાવે કે સરકારની સાથે મારા વગથી તને ખેતાબ મળ્યો અને એમ કરીને તે ચાકરીના બદલામાં જ તેને કાંઈ નાણું આપે એમ કરે તો અ એ આ કલમમાં બીયાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવું.

ટીકા.—આ કલમ મુજબ ગુન્હો. ફક્ત લાંચ લેવામાં અગર લેવાનો પ્રયત્ન કરવામાંજ સમાયલો છે. પછી તે લઇને કંઈ ગેરકાયદે કૃત્ય અગર કાયદા વિરૂદ્ધની કસુર કરવામાં કે નહિં તે છતાં પણ માત્ર લેવાથીજ ગુન્હો થાય છે.[૧]

અમુક સત્તાની રૂએ કંઈપણ ગેરકાયદેસર કૃત્ય કરવામાં આવે તે ગુન્હો છે એક કેદીને બીજાજ કલાકમાં ફાંસીએ દેવાનો હોય, તોપણ તેનાં સગાં વ્હાલાં તરફથી કંઈ બક્ષીસ, કોઈ અમલદાર કંઇપણ મેહેરબાની દેખાડવાના ઇરાદાથી લે તો તે ગુન્હો છે.

વળી એક અમલદાર લાંચ લે અને તે લેતી વખતે, જે મહેરબાની દેખાડવા માટે તે લેવામાં આવે તે મેહેરબાની દેખાડવાનો તે વખતે તે અમલદારનો વિચાર ન હોય અને તે કામમાં તો તે ન્યાયજ આપવાનો હોય તોપણ ગુન્હો થાય છે. એક અમલદાર એક હોદ્દા સાથે સંબંધ ધરાવતો હોય અને તે નિર્દોષપણેથી અમુક બક્ષીસ લઈ શકે એવો કેસ કલ્પનામાં આવવોજ મુશ્કેલ છે. જ્યારે જ્યારે એક અ-

૧. રાણી. વિ. બલદેવ, ઇ. લો. રિ. ૩ અલ્હાબાદ પાનું. ૨૫૩.

મલદાર કોઈપણ બક્ષીસ સ્વીકારે ત્યારે ત્યારે તે લાંચ તરીકેજ. અને પોતાના હોદ્દાને અંગે કંઇપણ મહેરબાની દેખાડવા માટેજ લીધેલી હોવી જોઇએ એમજ અનુમાન કોર્ટ કરે છે, કલમ ૧૬૫ની રૂએ કંઈ કામ કરવા ન કરવાના ઇરાદાને બાજુએ મુકતાં કોઈપણ જાતની ભેટ સ્વીકારવાના કૃત્યને પણ ગુન્હો ગણેલો છે.

એક ગામડાના સરકારી નોકરો જેઓ નોકરીમાંથી બરતરફ થયા હતા તેમને જો તેઓ એક તેજ ગામના દેવળની મરામત માટે રૂ. ૩૦૦) આપે તો તેમને નોકરીમાં પાછા ઠેકાણે પાડવા માટે એક પોલીસ પટેલે વચન આપેલું. આ ઉપરથી તે પોલીસ પટેલે આ કલમની રૂએ ગુન્હો કર્યો એમ ઠર્યું હતું.૧

એક માણસ અમુક ઓફીસના ઓફીસર તરિકે નહીં નીમાયા છતાં વાસ્તવીક રીતે તે ઓફીસનું કામ કરતો હોય તો તેના ઉપર પણ લાંચ લેવા માટે આ કલમ પ્રમાણે કામ ચલાવી શકાય છે.૨.

"બીજો કોઇ શખસ" ઑફીશ્યલ કામ જોડે સંબંધ ધરાવનાર હોય અગર ન હોય તોપણ તેવાને માટે (સરકારી નોકરે) લીધેલ મહેનતાણાં લેવાનું કૃત્ય ગુન્હાઈત કૃત્ય બને છે.૩

એક માણસ માત્ર રૂશવત અપાતી વખતે હાજર હોય, અને જલદીથી જાહેર કરવામાં કસુર કરે, તેથી તે (તેણે સદરહુ કૃત્યનો ગોઠવણમાં ભાગ લીધો હતો તેમ બનાવવામાં આવે તે સીવાય) મદદગારીનો ગુન્હો કરે છે એમ ગણાય નહીં.૪

એક પોલીસ ઑફીસરે ફરીયાદીની ફરીયાદ લેતા પહેલા પોતાની સત્તાનો ઉપયોગ કરીને રૂશવત માગી તેમાં એવું ઠરાવવામાં આવ્યું કે—સંજોગો એવા હતા કે બીજી જાતના કેસો કરતાં એવે પ્રસંગે મદદગારની જુબાનીને પુષ્ટી કર્તા બીજો ઓછો પુરાવો હોય તોપણ તેનાથી ગુન્હેગાર ઠરાવી શકાય.૫

કોઇ સરકારી નોકરની સાથે લાંચના અથવા કાયદા વિરૂદ્ધ ઉપાયથી વગ ચલાવવા માટે કાંઈ અવેજ લેવો.

૧૬૨. લાંચના અથવા કાયદા વિરૂદ્ધ ઉપાયથી કોઈ સરકારી નોકરને પોતાના હોદ્દાનું કાંઇ કામ કરવા અથવા ન કરવાને લલચાવવાના કારણ દાખલ અથવા બદલામાં તે સરકારી નોકરને પોતાના હોદ્દાનો અમલ ચલાવવામાં કોઈ શખસની ઉપર મેહેરબાની અથવા ઇતરાજી કરવાને લલચાવવાના કારણ દાખલ અથવા બદલામાં હિંદુસ્તાનની કાયદા બાંધનારી કે હકુમત કરનારી સરકારની જોડે અથવા કોઇ પ્રેસીડેન્સીની સરકારની જોડે અથવા કોઇ લેફ્ટેનન્ટ ગવર્નરની જોડે અથવા કોઈ પણ સરકારી નોકરની જોડે તેના સરકારી હોદ્દા સંબંધી કોઇ શખસને માટે અથવા કોઈ શખસની વિરૂદ્ધ વગ ચલાવવાને અથવા વગ ચલાવવાની કોશીશ કરવાને લલચાવવાના કારણ

૧. રાણી. વિ. આપાજી. ઈ. લો. રિ. ૨૧ મુંબઈ પા. ૫૧૭.
૨. રાણી. વિ. રામકૃષ્ણ ૭ બેં. લો. રિ. ૪૪૬.
૩. ૯ મુંબઇ લૉ રિપોર્ટર ૩૩૧;
ઇ. લો. રિ. ૩૧ મુંબઈ. ૩૩૫.
૪. ઈ. લો. રિ. ૨૭ કલકત્તા. ૧૪૪.
ઇ. લો. રિ. ૩૩ કલકત્તા. ૬૪૯.
ઈ. લો. રિ. ૧૪ મુંબઈ ૧૧૫.
૫. ઈ. લો, રિં. ૩૩ કલકત્તા. ૬૪૯, ઇ, લો. રિ. ૧૪ મુંબઇ. ૩૩૧. ઇ. લો. રિ. ૨૬ મુંબઇ ૧૬૩. ૩ મુંબઇ. લો. રિ, ૬૬૪.

દાખલ અથવા બદલામાં જે માણુસ કોઇ પણુ શખસ પાસે પોતાને માટે અથવા બીજા કોઇ પણુ શખસને માટે કાંઇ પણુ અવેજ લે અથવા મેળવે, અથવા લેવાને કબુલ કરે અથવા મેળવવાને કોશીશ કરે તે માણુસને ત્રણુ વરસની મુદ્દત સુધીની બેમાંની ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

કોઇ સરકારી નોકરની સાથે પોતાનો વગ ચલાવવા સારૂ કંઈ અવેજ લેવો.

૧૬૩. પોતાનો ખાનગી વગ ચલાવીને કોઈ સરકારી નોકરને પોતાના હોદ્દાનું કાંઇ પણુ કામ કરવા અથવા ન કરવાને લલચાવવાના કારણુ દાખલ અથવા બદલામાં અથવા તે સરકારી નોકરને પોતાના હોદ્દાનો અમલ ચલાવવામાં કોઇ શખસની ઉપર મહેરબાની અથવા ઇતરાજી કરવાને લલચાવવાના કારણુ દાખલ અથવા બદલામાં અથવા હિંદુસ્તાનની કાયદા બાંધનારી કે હુકુમત કરનારી સરકારની જોડે અથવા પ્રેસીડેન્સીની સરકારની જોડે અથવા કોઇ લેફ્ટેનન્ટ ગવર્નરની જોડે અથવા કોઇ પણુ સરકારી નોકરની જોડે તેના સરકારી હોદ્દા સંબંધી કોઇ શખસને માટે અથવા કોઇ શખસની વગ ચલાવવાને અથવા વગ ચલાવવાની કોશીશ કરવાને લલચાવવાના કારણુ દાખલ અથવા બદલામાં જે માણુસ કોઇ પણુ શખસ પાસે પોતાને માટે અથવા બીજા કોઇ શખસને માટે કાંઈ પણુ અવેજ લે અથવા મેળવે, અથવા લેવાને કબુલ કરે અથવા મેળવવાની કોશીશ કરે, તે માણુસને એક વરસની મુદ્દત સુધીની આસન કેદની અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામા આવશે.

દ્રષ્ટાંતો.—કોઇ વકીલ કોઇ જજની આગળ કોઇ મુકર્દમામાં તકરાર કરવાને કાંઇ ફી લે તે સરકારને કાંઇ અરજી કરવી હોય અને તેમાં અરજદારની ચાકરી તથા તેના દાવાનું બ્યાન કરવું હોય તે અરજીની બીના બરોબર ગોઠવવા સારૂ તથા તે અરજી શુદ્ધ કરવા સારૂ કોઇ માણુસ કાંઇ અવેજ લે તે, કોઈ તકસીરવાર ઠરેલા માણુસના પૈસા આપીને રાખેલો મુખ્ત્યાર જે માણુસને ગેરવ્યાજબી રીતે તકસીરવાર ઠરાવ્યો છે એવું બતાવવાને સરકારની અથવા કાંઈ મજમુ લખીને રજુ કરે તે,–એ શખસો આ કલમમાં દાખલ થતા નથી કેમકે તેઓ પોતાનો ખાનગી વગ ચલાવતાં અથવા ચલાવવાનું કહેતા નથી.

☞ આ કલમ ૧૮૮૭ના આકટ ૧૮ માની કલમ ૧૮ (૨)થી સુધારી છે.

સરકારી નોકર ઉપર બ્યાન કરેલા ગુન્હાઓમાં મદદગારી કરે તેને શીક્ષા.

૧૬૪. કોઇ માણુસ સરકારી નોકર હોય તેની બાબતમાં ઉપલી બે કલમો મધે બ્યાન કરેલા બે ગુન્હાઓ માંહેનો ગમે તે ગુન્હો કરવામાં આવે અને તે ગુન્હામાં મદદગારી કરે તો તે માણુસને ત્રણુ વરસની મુદ્દત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની

અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

જ એક સરકારી નોકર છે તે અ ની વહુ બ અ ની પાસે કોઈ મુકરર સખશને કાંઇ જગ્યા આપવાનું અ ને કહેવાના કારણ દાખલ કાંઈ નજરાણો લે અને અ બ ને તે લેવામાં મદદગારી કરે તો બ ને એક વરસની મુદત સુધીની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા થઇ શકે અને ક ને ત્રણ વરસના મુદત સુધીની કેદની અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા થઇ શકે છે.

કોઇ સરકારી નોકરની આગળ કાંઈ મુકદમો અથવા મામલો ચાલતો હોય તે મધે નિશબત રાખનારા કોઈ પાસેથી તે સરકારી નોકરે વગર કીંમત આપે કાંઈ કીંમતદાર વસ્તુ લેવી.

૧૬૫. કોઈ સરકારી નોકર જે મુકરદમો અથવા મામલો ચલાવતો હોય અથવા ચલાવવાનો હોય અથવા જે મુકરદમો કે મામલો પોતાના અથવા પોતે જે સરકારી નોકરને તાબે હોય એવા કોઈ સરકારી નોકરના હોદ્દાના અમલની સાથે નીસ્બત રાખતો હોય એવા કાંઇ મુકરદમામાં કે મામલા મધે જે શખસનું કાંઈ લાગતુવળગતું હતું અથવા છે અથવા થવાનો સંભવ છે એમ તે જાણુતો હોય એવા કોઇ શખસની પાસેથી આવ્યા એ પ્રમાણે લાગતું વળગતું હોય તેવા શખસની સાથે જે શખસનો કાંઈ સંબંધ અથવા સગપણ છે એમ તે જાણતો હોય એવા કોઇ શખસ પાસેથી તે સરકારી નોકર કીંમત આપ્યા વગર અથવા પોતાના જાણ્યા મુજબ ઓછી કીંમત આપીને પોતાને માટે અથવા બીજા કોઈ શખસને માટે કાંઇ કીમતી વસ્તુ લે અથવા મેળવે અથવા લેવાને કબુલ કરે અથવા મેળવવાની કોશીશ કરે તો તેને બે વરસની મુદત સુધીની આસાન કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત.—(અ) અ એક કલેકટર છે તેની આગળ જમાબંધી બાબતનો એક જ નો મુકર્દમો ચાલે છે. હવે જ નું એક ઘર અ ભાડે લે અને એવો બંદોબસ્ત થાય કે અ એ દર મહીને પચાસ રૂપિઆ આપવા અને તે ઘર એવું હોય કે અગર તે સાટું શુદ્ધબુદ્ધિએ થયું હોય તો અ એ દર મહીને બસે રૂપિઆ આપવા પડે તો અ એ જ ની પાસેથી પુરી કીમત આપ્યા વીના કીમતી વસ્તુ મેળવી એમ સમજવું.

(બ) અ એક જજ છે તેની કોર્ટ મધે જ નો એક મુકર્દમો ચાલે છે તે જ ની પાસેથી બજારમાં સરકારી પ્રોમીસરી નોટો વધારે ભાવે વેચાય છે એવા વખતે ઓછે ભાવે અ એ કાંઇ સરકારી પ્રોમીસરી નોટો ખરીદ કરે તો અ એ જ ની પાસેથી પુરી કીમત આપ્યા વીના કીમતી વસ્તુ મેળવી એમ સમજવું.

(ક) જ ના ભાઇને ખોટી સાહેદી આપવાના તહોમતપરથી પકડીને અ માજીસ્ટ્રેટની આગળ લઇ ગયા છે હવે કોઇ બેંકના શેર બજારમાં ઓછે ભાવે વેચાતા હોય એવી વખતે અ તે

બેંકના કાંઈ શેર જને વધારે ભાવે વેચે અને તે ભાવ પ્રમાણે જઅને તે શેરનાં નાણું ભરે તો અએ એ રીતે મેળવેલાં નાંણાંને તેણે પુરી કીંમત આપ્યા વીના લીધેલી કીમતી વસ્તુ સમજવી.

ટીકા—ચોરીનો એક કેસ પ્રોસીકયુટરની તરફેણમાં ચુકાઈ ગયા પછી એક પોલીસ ઓફીસરે, કોર્ટે મુદ્દામાલ પકડીનો તેને (પ્રોસીકયુટરને) આપવા હુકમ કરેલો તેમાંથી કેટલોક બક્ષિસ તરીકે લીધો તેણે આ કલમ મુજબ ગુન્હો કર્યાનું ઠર્યું હતું.૧

આ કલમના સંબંધમાં ક્રી. પ્રોસીજર કલમ ૧૯૭ ધ્યાનમાં રાખવાની છે. એ કલમ મુજબ કોઈ સરકારી અમલદારની તપાસ ચલાવતાં પહેલાં સેંકશન મેળવવું જરૂરનું છે.

સેંકશન મેળવ્યા પહેલાંના લીધેલા પુરાવા ઉપર કરેલો નિર્ણય મુંબઈ હાઈકોર્ટે રદ ગણ્યો હતો.૨ તેવીજ રીતે એક સરકારી નોકરને, ક્રી. પ્રો. ૧૯૭ મુજબના સેંકશન સીવાય મુંબઇ હાઇકોર્ટમાં કમીટ કરવામાં આવ્યો હતો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે પ્રોસીડીંગ અનીયમીત હતું પરંતુ હાઇકોર્ટના સેસન્સ જડજની નજરમાં આવે તો તે કમીટમેન્ટ સ્વીકારીને આગળ વધવાની તેને સત્તા છે.૩ જ્યારે સ્થાનિક સરકાર એક સેંકશન આપવામાં કેટલીક હદ રાખે છે ત્યારે તે સેંકશનમાં લખ્યા મુજબ અક્ષરસઃ વર્તવું જોઇએ અને તેમાં લખ્યા સિવાયના તહોમતો સેંકશનમાં ઉમેરી શકાય નહિ.૪

કોઈ શખસને નુકશાન કરવાના ઇરાદાથી કોઇ સરકારી નોકરે કાંઇ કાયદાનો હુકમ ન માનવો.

૧૬૬. કોઇ માણુસ સરકારી નોકર હોય અને તેણે પોતાના સરકારી હોદ્દા પર કેમ ચાલવું એ બાબતનો કાંઇ કાયદાનો હુકમ તે જાણી બુજીને ન માને એવા ઇરાદાથી કે તે ન માનવાથી કોઇ શખસને કાંઇ નુકશાન કરવું અથવા તેથી કાંઈ નુકશાન થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં નુકશાન કરે તો તે માણુસને એક વરસની મુદત સુધીની આશાન કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત.--જની તરફનું એક ઇનસાફની કોર્ટે હુકમનામું કરી આપ્યું હોય તે હુકમનામું પુરૂં કરવા સારૂ તે બજાવવામાં કાંઇ મીલકત જપ્ત કરવાનો કાયદાએ અ અમલદારને હુકમ કર્યો હોય, તે કાયદાનો હુકમ અ જાણીબુજીને ન માને, અને તે એમ જાણુતો હોય કે હું એ હુકમ નહી માનીશ તેથી જને નુકશાન થવાનો સંભવ છે તો અએ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવું.

નુકશાન કરવાના ઇરાદાથી કોઇ સરકારી નોકરે

૧૬૭. કોઇ માણુસ સરકારી નોકર હોય અને તેને પોતાના સરકારી હોદ્દાના જોરથી કાંઇ લેખ તૈયાર કરવાનું અથવા તેનો તરજુમો કરવાનું સોંપ્યું હોય તે માણુસ પોતે જેને ખોટી જાણુતો અથવા માનતો હોય એવી

---

૧. રાણી, વિ. કામ્પટા. ઈ. લો. રિ, ૧ અ. પા. ૫૩૦.
૨. રાણી. વિ. પરશરામ. ૭ મુંબઈ હા. કો. ૬૧ રાણી. વિ. સબખુશ ઇ. લો. રિ. ૨ અ. ૫૩૩
૩. રાણી. વિ. મોર્ટન ઈ. લો. રિ. ૯ મુંબઇ ૧૮૮;
૪. રાણી. વિ. વિનાયક ૮ મુંબઇ હા. પા. ૫૩૩.

કાંઇ ખોટો લેખ બનાવવો. રીતે તે લેખ બનાવે અથવા તેનો તરજુમો કરે એવા ઇરાદાથી કે તેમ કરીને પોતે કોઇ શખસનું નુકશાન કરવું અથવા તેમ કરવાથી પોતાથી કોઈનું નુકશાન થાય એવો સંભવ છે, એમ જાણ્યા છતાં નુકશાન કરે તો તે માણુસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા—જે માણસનું કામ થવાનું હોય છે, તેની પાસેથી કંઈક અવેજ લઇને એક શખસ પોતાની લાગવગ ચલાવે છે તેનેજ કલમ ૧૬૨ અને ૧૬૩ લાગુ પડે છે:—એટલે પક્ષકાર અને અમલદાર વચ્ચેના "મધ્યસ્થ "ને માટે આ કલમો યોજાયલી લાગે છે. એવી જાતનો કોઇ મધ્યસ્થ માણુસ, કંઈપણ અવેજ લીધા સિવાય કાંતો પોતાની રાજીખુશીથી, અગર પક્ષકારની વિનંતિથી પોતાની લાગવગ ચલાવે તો ઉપરની કલમોની રૂએ તે ગુન્હો કરતો નથી. તેનો કંઇપણ ગુન્હો ગણી શકાય તો તે મદદગારીનો ગુન્હો કરે છે એમ કહેવાય.

એક માણુસ પોતે કંઈપણ લાંચ લીધા સિવાય, એક અમલદારને લાંચ આપીને ત્રીજા સખસનું કામ કરાવી આપે છે, તે કલમ ૧૬૧ ની રૂએ કરેલા ગુન્હામાં મદદગારી કરે છે. લાંચ લીધા સિવાય, એક અમલદાર એક માણુસની ખાનગી લાગવગના દબાણને તાબે થાય તે કલમ ૧૬૧ મુજબ ગુન્હો કરતો નથી પરંતુ તેનો ગુન્હો વખતે કલમ ૧૬૬ અગર ૨૧૭ માં આવી શકે.

એક દીવાની દાવો ચાલતો હોય તે દરમીયાન, તે દાવાના એક પક્ષકારનો એક મીત્ર, મુનસફ આગળ પોતાની લાગવગ ચલાવી, તે પોતાના મીત્રના લાભમાં, દાવાનું પરિણામ લાવવા મુનસફને સમજાવે, તો તે મુનસફ કલમ ૧૬૬ મુજબ ગુન્હો કરે છે અને તે લાગવગ ચલાવનાર તેમાં મદદગારી કરવા માટે ગુન્હેગાર બને છે. તેવીજ રીત્યે, એક સેશન્સ જડજને એક શખસ જઇને વિનંતિ કરે અને તેના પરિણામે તે સેસન્સ જડજ એક ગુન્હેગારને છોડી મુકે તો તે સેસન્સ જડજ કલમ ૨૧૭ મુજબ ગુન્હેગાર બને છે, અને તે લાગવગ ચલાવનાર શખસ તેને તે ગુન્હામાં મદદગારી કરનાર બને છે. પરંતુ, નોકરીને માટે ઈનામ અપાવવા માટે, કોન્ટ્રાકટો અપાવવા માટે વગેરેમાં ચલાવેલી લાગવગ માટે તે લાગવગ ચલાવનાર, તેમજ લાગવગ ચલાવવાનું કહેનાર—એક ગુન્હેગાર થતો નથી. પરંતુ લાગવગ ચલાવવા માટે, વિનંતિ ન કરતાં, ભીતિ લગાડીને તે ચલાવવામાં આવે તો તેમ કરનાર શખસ કલમ ૧૮૯ મુજબ ગુન્હેગાર બને છે.

પરંતુ એક શખસનો કેસ ખરી રીત્યે જોતાં માર્યો જતો હોય અને તે કેસ ન્યાયાધિકારીની આગળ એક શખસ સ્પષ્ટપણે સમજાવે અને તેમ કરવામાં કશી ખોટી અંગત લાગવગ ચલાવે નહિં, પરંતુ અન્યાય થતો અટકાવવાના શુદ્ધ હેતુ માત્રથીજ એ વાત કરે તો જોકે એ કાર્ય કેટલે દરજ્જે અયોગ્ય ગણી શકાય, પરંતુ તેથી ગુન્હો થતો નથી.

તરજુમો કરનાર કોરટનો અમલદાર એક ફોજદારી મુકરદમાના તમામ કાગળોનો ખોટો તરજુમો કરીને એક બંધવાને છોડાવી મુકે, તો તે આ કલમ મુજબ ગુન્હો કરતો નથી, પરંતુ કલમ ૨૧૮ મુજબ ગુન્હો કરે છે, અને કેસના સ્વરૂપપરથી કલમ ૧૬૧ (ઇ) મુજબ પણ તેનો ગુન્હો થાય છે.

૧૬૮. જે માણુસ સરકારી નોકર હોય અને પોતાના હોદ્દાને લીધે કાયદા મુજબ જેની વેપાર નહી કરવાની ફરજ હોય તે માણુસ જો વેપાર કરે તો તેને એક વરસની મુદત સુધીની આશાન કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

સરકારી નોકરે કાયદા વિરૂદ્ધ વેપાર કરવો.

ટીકા.—મેસર્સ રતનલાલ અને ધીરજલાલ પોતાના ક્રીમીનલ લૉમાં જૂદા જૂદા સરકારી નોકરો માટે પ્રતિબંધ મૂકનારા ઍકટો નીચે મુજબ બતાવે છેઃ—

ગવર્નરજનરલ; ગવર્નર; અથવા કાઉન્સીલના મેમ્બરને માટે જ્યૉર્જ ત્રીજા બાબ ૫૨, ૩, અને ૪ વીલીયમ ચોથા બાબ ૮૫, રેવન્યુઑફીસર્સ માટે સને ૧૮૮૧ નો એક્ટ ૧૮ મો; સને ૧૮૭૯ નો મુંબઇનો એક્ટ ૫મો. સને ૧૮૯૮ નો બેંગોલ રેગ્યુલેશન બીજો. ૧૮૦૩ નો મદ્રાસ રેગ્યુલેશન ૧ અને ૨; હાઇકૉર્ટના ઑફીસરો માટે સને ૧૮૪૮નો એક્ટ ૧૫મો. પોલીસ ઑફીસર્સ માટે ૧૮૯૧ નો એક્ટ ૫મો; ૧૮૫૯ નો એક્ટ ૨૪ મો; ૧૮૬૭ નો બૉમ્બે એક્ટ ૭ મો; ૧૮૭૧ નો એક્ટ ૨૦ મો; પાઉન્ડકીપર (ઢોરો માટે ડબા રાખનાર) ને માટે, ૧૮૭૧ નો એક્ટ ૧ લો; એડમીનીસ્ટ્રેસ્ટર જનરલ માટે એક્ટ ૧૮૭૪ નો બીજો; પ્રેસીડેન્સીબેંકના ઑફીસર્સ માટે ૧૮૭૬ નો એક્ટ ૧૧ મો; અને ૧૮૭૯ નો એક્ટ ૫ મો; ફોરેસ્ટ ઑફીસર્સ માટે ૧૮૬૮ નો એક્ટ ૭ મો; ૧૮૮૧ નો એક્ટ ૧૯ મો; પ્રેસીડન્સી સ્મૉલકૉઝ કોર્ટના જડજો અને ઑફીસરો માટે ૧૮૮૨ નો એક્ટ ૧૫ મો. મ્યુનીસીપાલીટીના મેમ્બરો અને નોકરો માટે ૧૮૯૯ નો એક્ટ ત્રીજો; કલકત્તા મ્યુનીસીપાલીટી એક્ટ; બેંગાલ મ્યુનીસીપાલીટી એક્ટ ૧૮૮૪ નો ત્રીજો. મદ્રાસ સીટી મ્યુનીસીપાલીટી એક્ટ ૧૮૮૪ નો એક્ટ ૧ લો. ડીસ્ટ્રીકટ મ્યુનીસીપાલીટી એક્ટ ૧૯૦૪ નો એક્ટ ૧ લો. બૉમ્બે સીટી મ્યુનીસીપાલીટી એક્ટ ૧૮૮૮ નો એક્ટ ત્રીજો; બૉમ્બે ડી. મ્યુ. એક્ટ ૧૯૦૧ નો ત્રીજો. વાયવ્ય પ્રાંતો માટે આઉધ મ્યુ. એક્ટ ૧૮૭૩ નો ૧૫ મો. પંજાબ મ્યુ. ઍકટ ૧૮૯૧ નો ૨૦ મો.

સેંટ્રલ પ્રોવીન્સીસ મ્યુ. એક્ટ ૧૯૦૩ નો ૧૬ મો. બરમા મ્યુ. એક્ટ. બરમા એક્ટ સને ૧૮૯૮ નો ત્રીજો. અજમેર મ્યુનીસીપાલીટી રેગ્યુલેશન ૧૮૮૬ નો ૫ મો; બૉમ્બે પોર્ટ ટ્રસ્ટ એક્ટ ૧૮૭૯નો ૬ઠો. કલમ ૭૮. મદ્રાસ હારબર ટ્રસ્ટ એક્ટ ૧૮૮૬ નો બીજો. ક. ૭૬. કરાંચી પોર્ટ ટ્રસ્ટ એક્ટ ૧૮૮૬ નો બૉમ્બે એક્ટ છઠ્ઠો. ક. ૮૦. એડનપોર્ટ ટ્રસ્ટ એક્ટ ૧૮૮૮ નો ૫ મો; સીટી ઑફ બૉમ્બે ઈમ્પ્રુવેમેન્ટ એક્ટ ૧૮૯૮ નો છ ઠો. ક. ૯૮. ચીતાગોંગપોર્ટ કમીશનર્સ એક્ટ ૧૮૮૭ નો બેંગાલ એક્ટ ચોથો ક. ૭૩. પંજાબ ડીસ્ટ્રીકટ બૉર્ડ એક્ટ ૧૮૮૩ નો ૨૦ મો ક. ૬૨. આસામ ફોરેસ્ટ રેગ્યુલેશન ૧૮૯૧ નો ૭ મો; ક. ૬૯. યુનાઈટેડ પ્રોવીન્સીસ એક્ટ ૧૯૦૦ નો ૧ લોઃ ક. ૪૮; યુનાઇટેડ પ્રો. એક્ટ ૧૯૦૬ નો ત્રીજો. ક. ૩૮; બ્રીટીશ બલુચીસ્તાન બઝાર્સ રેગ્યુલેશન ૧૯૧૦ નો ૫ મો. ક. ૯૨.

સરકારી નોકરે કાયદા વિરૂદ્ધ કાંઇ મીલકતની ખરી માગણી કરવી.

૧૬૯. જે માણુસ સરકારી નોકર હોય, અને પોતાના સરકારી હોદ્દાને લીધે કાયદા મુજબ જેની કાંઇ મીલકતની ખરીદી અથવા માગણી નહી કરવાની ફરજ હોય તે માણુસ જો પોતાને નામે અથવા બીજાને નામે અથવા બીજાઓની સાથે રહીને કે ભાગમાં તે મીલકતની ખરીદી અથવા માગણી કરે તો તેને બે વરસની મુદત સુધીની આશાન કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે, અને અગર તે મીલકત ખરીદ થઇ હશે તો તે સરકારમાં જપ્ત કરવામાં આવશે.

ટીકા.—પુરી રાખેલા ઘોડાને ખરીદનાર પોલીસ ઑફીસર આ કલમ મુજબ તથા ૧૮૭૧ ના એક્ટ ૧ લા (ઢોરના અતિક્રમણ બાબતના કાયદાની) કલમ ૧૯ મી મુજબ ગુન્હો કરે છે.૧

આ કલમના સંબંધમાં જુઓ સીવીલ પ્રોસીજર ક. ૨૯૨;

વળી જુઓ ૧૬ વી. રી. ૫૨. આ કલમ સાથે સીવીલ પ્રોસીજર ઑર્ડર, ૨૧ ની રૂલ ૭૩ વાંચવાની છે, (જે નીચે મુજબ છેઃ)—

---

૧. રાણી વિ. રામકક્ષા. ૮ બેં. લો. રિ. અપીલ. ૧

૭૩. જ્યારે કોઇ કોર્ટે કહાડેલો સમન પોતાની હકુમતની સ્થાનિક હદની બહાર કોઇપણ જગાએ બજાવવો એવી તે કોર્ટની મરજી હોય, ત્યારે સાધારણ રીતે તે કોર્ટે તે સમન જે માજીસ્ટ્રેટની હકુમતની સ્થાનિક હદમાં સમન કરેલો શખસ રહેતો હોય અથવા હોય તે માજિસ્ટ્રેટને ત્યાં બજાવવા સારૂ, ડુપ્લિકેટ મોકલવો જોઇયે.

કોઇ સરકારી નોકરનો વેશ લેવો.

૧૭૦. જે શખસ પોતે અમુક હોદ્દા પર નથી એમ જાણ્યા છતાં સરકારી નોકર દાખલ તે હોદ્દા પર હોવાનો ઢોંગ કરે અથવા તે હોદ્દા પર હોય એવા કોઇ બીજા શખસનો વેશ લે અને તે વેશ લઇને તે હોદ્દાથી કરતો હોય એવી રીતે કાંઇ કામ કરે અથવા કામ કરવાની કોશીશ કરે તે શખસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા—આ કલમની રૂએ, માત્ર અમુક હોદ્દો ધારણ કરવાનો ઢોંગ કરે અથવા વેશ લે તેટલાજ માત્રથી ગુન્હો બનતો નથી પરંતુ તેમ કરીને તેવા વેશદ્વારા કંઈક કૃત્ય કરે અથવા તેમ કરવાનો પ્રયત્ન કરે ત્યારે ગુન્હો બને છે.૧ અલ્હાબાદ હાઈકૉર્ટે એક કેસમાં એમ ઠરાવ્યું છે કે જે કૃત્ય કરવામાં આવે તે કંઇ એવું હોવાની જરૂર નથી કે જે, તે માણસ (જેનો વેશ કહાડવામાં આવ્યો હોય તે)જ કરી શકે.૨ પરંતુ સદરહુ ગુન્હાઈત કૃત્ય કરનારને માટે તે ઑફીસરનો વેશ કહાડયા વગર પણ થઇ શકે તેવું હોય તેવા કૃત્યને તેને તો ગુન્હો નજ ઠરાવી શકાય.૩

કોઇ સરકારી નોકર જેવો પોશાક પેહેરતો હોય અથવા જેવી નીશાની સાથે રાખતો હોય તેવો પોશાક અથવા તેની નીશાની દગલબાજીના ઇરાદાથી પેરવી અથવા સાથે રાખવી.

૧૭૧. જે માણુસ સરકારી નોકરોના અમુક વર્ગનો નહી છતાં તે વર્ગના સરકારી નોકરોના પોશાક જેવો પોશાક પહેરે અથવા તેઓની નીશાની જેવી નીશાની સાથે રાખે એવા ઈરાદાથી કે તે માણુસ સરકારી નોકરોના તે વર્ગમાંનો છે એમ માનવામાં આવે અથવા એમ માનવામાં આવશે એવો સંભવ છે, એમ જાણ્યા છતાં તે માણુસને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા બસેં રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા—એક શખસે પોલીસ કોન્સ્ટેબલનો ડ્રેસ પહેરી એક માણસને ૫્હેરામાં બેસારવાનો હુકમ કર્યો તેમાં એવું ઠરાવવામાં આવ્યું કે, ક. ૭૧ મુજબ તેને એકજ કૃત્યને માટે ગુન્હેગાર ઠરાવી શકાય.૪

---

૧. ૯ બૉમ્બે લૉ રિપોર્ટર ૨૨૨; ૭૦૬.
૨. ઈ. લૉ. રિ. ૨૭ અલ્હાબાદ ૨૯૪.
૩. ઉમાકાન્ત બલવંત ૯ બૉમ્બે લૉ રિપોર્ટ ૨૨૨.
૪. રતનલાલ અનરીપોર્ટેડ ક્રી. કેસીસ. ૪૦૫.

બાબ ૧૦ મો.

સરકારી નોકરના કાયદેસર અખત્યારના તીરસ્કાર બાબત.

કોઇ સરકારી નોકરની તરફથી થએલો સમન કે હુકમ ન પહોંચે એટલા માટે નાશી જવું.

૧૭૨. જે સરકારી નોકરને પોતાના સરકારી હોદ્દાના જોરથી સમન અથવા નોટીસ અથવા હુકમ કરવાનો કાયદા મુજબ અખત્યાર હોય એવા કોઇ સરકારી નોકરે કરેલો સમન, અથવા નોટીસ અથવા હુકમ પોતાને ન પહોંચાડાય એટલા માટે જે માણુસ નાશી જાય તે માણુસને એક મહીનાની મુદત સુધીની આશાન કેદની અથવા પાંચસે રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે અથવા અગર તે સમન નોટીસ અથવા હુકમ જાતે અથવા મુખત્યારની મારફતે કોઇ ઇનસાફની કોર્ટમાં હાજર થવા બાબતનો અથવા કાંઇ લેખ હાજર કરવા બાબતનો હશે તો તે માણુસને છ મહીનાની મુદત સુધીની આશાન કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—બંગાળાની હાઈકોરટે ઠરાવ્યું છે કે એક માજીસ્ટ્રેટે કહાડેલું વારંટ ન બજે તે માટે એક શખસ ન્હાસી જાય તેને આ કલમની રૂએ શિક્ષા થઇ શકતી નથી. વારંટ એ સમન્સ નથી તેમ નોટીસ પણ નથી, અને એમાં જે હુકમ લખેલો હોય છે, તે જેની હાજરીની જરૂર હોય છે તેના ઉપર લખેલો હોતો નથી. પરંતુ પોલીસ ઓફીસર ઉપર લખેલો હોય છે. તેવા શખસ સામે ક્રીમીનલ પ્રોસીજર કલમ ૮૧ અને ૧૬૩ મુજબ પગલાં ભરવાં જોઇએ. ક્રીમીનલ પ્રોસીજર કલમ ૮૧ ની રૂએ કહાડેલા ઢંઢેરાને તાબે ન થવાના ગુન્હા માટે પીનલકોડની કલમ ૧૭૪ મુજબ શિક્ષા થઈ શકે છે.૧

આ કલમ મુજબ ગુન્હો સાબીત કરવાને એટલું પુરવાર થવું જરૂરનું છે કે, સમન્સ હુકમ અગર નોટીસ કોરટથી નીકળી હતી, અને ન્હાસી જનારને તે વાતની ખબર હતી અગર જાણવાને કારણ હતું, પ્રોસેસ નીકળશે એવી ભીતિથી તે ન્હાસી ગયો હતો એટલું પુરવાર કરવું એ આ કલમ મુજબ ગુન્હો પૂરણ કરવાને પુરતું નથી. વળી નહાસી જવું એનો અર્થ એક જગાએથી બીજી જગોએ જવું એમ આ સ્થળે લેવાનો નથી. ન્હાસી જવું એ શબ્દમાં રહેલ છાના પડવું—ગુપ્ત રહેવું એ ધ્વનીને આ સ્થળે અર્થને ઠેકાણે મુકવાનો છે. એટલે એક માણસ એક સમન્સ આવ્યો જાણી ઘરના એક ગુપ્ત ભાગમાં ભરાઇ બેસે તેને પણ આ કલમ લાગુ પડે છે.૨

આ કલમ મુજબ તપાસ ચલાવતાં પહેલાં ક્રીમીનલ પ્રોસીજર કલમ ૧૯૫ મુજબ સેંકશનની જરૂર છે. એ સેંકશનમાં આરોપીએ કરેલા ગુન્હાનું સ્થળ ગુન્હાનું સ્વરૂપ વગેરે સ્પષ્ટ રીત્યે લખવાં જોઇએ, આરોપી ઉપર ચાલવાના પ્રોસીક્યુશનવાળો પોઇંટ ઉપર મુળ કોર્ટમાં જડજે ચુકાદો આપ્યો ન હોય તો, સેંકશન આપતા પહેલાં જડજને સંતોષ થવો જોઇએ કે આરોપીએ ગુન્હો કર્યો છે, અને તેમ કર્યા પછીજ સેંકશન આપવું જોઇએ.૩ મુળ કોર્ટમાં કામ ચાલી ગયા પછી પણ સેંકશનને માટે અરજી આપવામાં ન

---

૧. રાણી. વિ. વોમેશ. ૫ સધરલાન્ડ ક્રીમીનલ ૭૧, રાણી. વિ. હુસેન ૯ સધરલાન્ડ ક્રી. ૭૦,

૨. શ્રીનીવાસ આયંગર. વિ. રાણી. ઈ. લો. ર. ૪ મદ્રાસ પા. ૩૯૩;

૩ પરશોતમ, વિ. બીજાઇ ઇ. લો. રિ. ૬ અલ્હાબાદ ૧૦૬.

આવી હોય તો, આરોપીને નોટીસ આપવી જોઇએ અને તેને જવાબ આપવાની તક આપવી જોઇએ.૧

સેંકશનને માટે અરજી કેટલી મુદતમાં કરવી તેને માટે ચોકસ મુદત નથી.૨

સેંકશનને માટે અરજ કર્યા પછી તે અરજદાર મરી જાય તો પણ સેંકશન અપાયું હોય તો તે ચાલુ રહે છે.૩

પરંતુ એક સેંકશન અપાયું હોય તે છ મહિના સુધી ચાલુ રહે છે અને તે દરમીઆન તેનો ઉપયોગ કરવામાં ન આવે તો, બીજું સેંકશન અપાય કે નહિં તે અચોકસ છે. કંઈપણ કારણ અગર ખુલાસો અરજદારે બતાવ્યા સિવાય કોર્ટે બીજું સેંકશન આપ્યું હતું તે હાઇકોર્ટે રદ કર્યું હતું.૪

સીવીલ, ક્રીમીનલ, અગર રેવન્યુ કોરટને જ્યારે ક્રીમીનલ પ્રોસીજર કલમ ૧૯૫ માં લખેલા ગુન્હા પૈકીનો કોઈ ગુન્હો કોઇ ચાલતા કેસ દરમીયાન કરેલો જણાય ત્યારે તે પણ ક્રી. પ્રોસીજર કલમ ૪૭૬ મુજબ સેંકશન આપી શકે છે.

આ કલમના સંબંધમાં જુઓ ક્રી. પ્રો. કલમ ૪૮૭.

સમન અથવા બીજો હુકમ પોહોંચતો અટકાવવો અથવા તે જાહેર થતો અટકાવવો.

૧૭૩. જે સરકારી નોકરને પોતાના સરકારી હોદ્દાના જોરથી સમન અથવા નોટીસ અથવા હુકમ કરવાનો કાયદા મુજબ અખત્યાર હોય એવા કોઇ સરકારી નોકરે કરેલા સમન નોટીસ અથવા હુકમ પોતાને અથવા બીજા કોઈ પણ શખસને પહોચતો જે માણુસ કોઈપણ રીતે ઇરાદાથી અટકાવે અથવા કાયદા મુજબ તે સમન નોટીસ અથવા હુકમ કોઇ જગો પર ચોહોડતા જે માણુસ કોઇપણ રીતે ઇરાદાથી અટકાવે અથવા જે જગો પર તે સમન નોટીસ અથવા હુકમ કાયદા મુજબ ચોડયો હોય તેવી કોઇ જગો પરથી જે માણુસ કોઇપણ રીતે તેને ઇરાદાથી ખસેડે અથવા જે સરકારી નોકરને પોતાના સરકારી હોદ્દાના જોરથી કાંઇ જાહેર ખબર આપવાનું ફરમાવવાનો કાયદા મુજબ અખત્યાર હોય તેવા કોઈ સરકારી નોકરના હુકમથી તેવી કાંઇ જાહેર ખબર કાયદા મુજબ આપવાને જે માણુસ કોઈ પણ રીતે ઇરાદાથી અટકાવે તે માણુસને એક મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા પાંચસે રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે અથવા અગર તે સમન નોટીસ હુકમ કે જાહેર ખબર જાતે અથવા મુખત્યારની મારફતે કોઇ ઇનસાફની કોર્ટમાં હાજર થવા બાબતની અથવા કાંઇ લેખ હાજર કરવા બાબતની હશે તો તે માણુસને છ મહીનાની મુદત સુધીની આશાન કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

---

૧ અલીલાખસીંઘ. વિ. ખુબલાલ. ઇ. લો. રિ. ૧૦ કલકત્તા. ૧૧૦૦; રાણી. વિ. શેખબિહારી. ઇ. લો. રિ. ૧૦ મદ્રાસ. ૩૫૨.

૨ રાણી. વિ. અજુધીયાસીંઘ. ઇ. લો. રિ. ૧૦ અલ્હાબાદ પા. ૩૫૦.

૩ રીકાઠીયા. ઈ. લો. રિ. ૧૨ મદ્રાસ. ૪૭.

૪ જયદેવસીંઘ. મિ. હરીહરપ્રસાદ. ઈ. લો. રિ, ૧૧ કલકત્તા. ૫૭૭.

ટીકા—કોઈ સખસ પોતાના ઉપરના સમનમાં સહી ન કરી આપે તેથી તે આ કલમમાં બતાવ્યા મુજબનો ગુન્હો કરતો નથી.૧

કોઈ સરકારી નોકરની તરફથી થએલા હુકમ મુજબ હાજર ન થવું.

૧૭૪. જે સરકારી નોકરને પોતાના સરકારી હોદ્દાના જોરથી સમન, નોટીસ, હુકમ અથવા જાહેર ખબર આપવાનો કાયદા મુજબ અખત્યાર હોય એવા કોઇ સરકારી નોકરે કરેલા સમન, નોટીસ, હુકમ અથવા જાહેર ખબર મુજબ ફલાણે ઠેકાણે તથા ફલાણી વખતે જાતે અથવા મુખત્યારની મારફતે હાજર થવાની જે માણસની કાયદા મુજબ ફરજ હોય તે માણસ અગર ઇરાદાથી તે ઠેકાણે અથવા તે વખતે હાજર થવામાં કસુર કરે અથવા જે ઠેકાણે હાજર થવાની ફરજ હોય તે ઠેકાણેથી જવાની કાયદાસર વખત થતાં પેહેલાં ત્યાંથી જાય તે માણસને એક મહિનાની મુદત સુધીની આશાન કેદની અથવા પાંચસે રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે અથવા અગર તે સમન, નોટીસ, હુકમ કે જાહેર ખબર જાતે અથવા મુખત્યારની મારફતે કોઇ ઇનસાફની કોર્ટમાં હાજર થવા બાબતની હશે તો તે માણને છ મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત.—(અ) કલકત્તાની સુપ્રીમ કોર્ટમાંથી થએલા સમન મુજબ તે કોર્ટ મધે હાજર થવાની કાયદા મુજબ ફરજ છતાં **અ** હાજર થવામાં ઇરાદાથી કસુર કરે તો **અ** એ આ કલમમાં બયાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવું.

(બ) કોઈ જીલ્લા જજે કરેલા સમન મુજબ તે જીલ્લા જજની હજુરમાં હાજર થવાની કાયદા મુજબ ફરજ છતાં **અ** હાજર થવામાં ઇરાદાથી કસુર કરે તો **અ** એ આ કલમમાં બયાન કરેલો ગુનો કર્યો એમ સમજવું.

ટીકા—આ કલમ તેમજ આગળની બે કલમો મુજબનો ગુન્હો, સમન્સ, નોટીસ ઇંત્યાદિ કહાડવા માટે તે કહાડનાર અમલદારને હકુમત હતી કે કેમ તે ઉપર આધાર રાખે છે,૨ આ ઉપરથી મદ્રાસ હાઈકોર્ટે પહેલાં ઠરાવ્યું હતું કે એક તેહેસીલદારને અગર એક ગામડાના માજીસ્ટ્રેટને જે ગુન્હાનો તપાસ કરવાને સત્તા નહતી તે છતાં તેનો તપાસ કરવા માટે તેણે કહાડેલા સમન્સને તાબે ન થનાર સખસ ગુન્હેગાર થઈ શકતો નથી.૩ પરંતુ માજીસ્ટ્રેટને ગુન્હો તપાસ કરવાની સત્તા હોય તો પોતાની હકુમતની બાહારના શખસને તે સમન્સ મોકલી શકે છે.

એક સાક્ષી સમન્સને તાબે થઇ ૧૦ વાગે કોર્ટમાં હાજર થયો, પરંતુ, માજીસ્ટ્રેટ કંઇક બીજા કામમાં

---

૧ રાણી વિ. પુનામલ્લીનાદન. ઈ. લો. રિ. ૫ મદ્રાસ ૧૯૯ રાણી વિ. કાલ્યા. ૫ મું હા. ૩૪ રાણી. વિ. ભુબનેશ્વર. ઈ. લો. રિ. ૩ કલકત્તા ૬૨૧. રાણી વિ. કીશ્ન ગોવિંદા ઈ. લો. રિ. ૨૦ કલકત્તા. ૩૫૮.

૨ રાણી. વિ. પુરશોતમ ૫ મુંબઈ હા. કો. પાનુ ૩૩.

૩ રાણી. વિ. વેરાથાપા ચેટી. ઈ. લો. રિ. ૧૨ મદ્રાસ. પા. ૨૯૭.

ગુંથાયલો હોવાથી થોડીક મીનિટ બાદ જોઇને તે ચાલતો થયો આ ઉપરથી મુંબઈની હાઇકોર્ટે એવો નિ-ર્ણય કર્યો હતો કે તેને આ કલમની રૂએ સજા કરી હતી તે બરોબર હતી.૧

મદ્રાસની હાઇકોર્ટે આજ બાબતમાં વિરૂદ્ધ ફેંસલો આપ્યો છે. એ કેસમાં મુદતને દીવસે આરોપી હાજરજ નહતો પરંતુ માજીસ્ટ્રેટ તે દિવસે તે મુકામે હાજરજ નહતો. એમાં એવો નિર્ણય કરવામાં આવ્યો હતો કે આરોપીએ ગુન્હો કર્યો ન કહેવાય; કારણ કે, સમન્સનો હેતુ આરોપી અને અમુક સરકારી અમલદાર બન્નેને મળવાનો હતો અને અમલદારની ગેરહાજરીથી તેમ બને તેમ નહતું.૨

સીવીલ કોર્ટથી નીકળેલા સમન્સને તાબે ન થવાનો ગુન્હો પુરવાર કરવા માટે, સીવીલ પ્રોસીજરની રૂએ સમન્સની બજવણી આરોપી ઉપર થયેલી સાબીતી કરવી જોઇએ.૩ એટલા માટે એક પ્રતિવાદી ઉપર, તેની પોતાની જાતપર સમન્સ બજાવ્યો નહતો પરંતુ તેના ઘરના બારણે ચોટાડવામાં આવ્યો હતો તેવા સંજોગો વચ્ચે મદ્રાસ હા. કોર્ટે એમ ઠરાવ્યું હતું કે તે સમન્સને તાબે થઇ કોર્ટમાં હાજર થયો નહતો તે ઉપરથી તેણે ગુન્હો કર્યો ગણાય નહીં.૪

એક શખસ ઉપર એક વખત સમન્સની બજવણી થઈ હોય; અને સુનાવણી વખતે તે હાજર હોય તે વખતે તેને મ્હોડેથી કહેવામાં આવે કે અમુક મુદતે હાજર થવું, તો તે સુચના સમન્સની યથાવિધી બજવણીની સમાનજ બંધનકારક છે. પરન્તુ જો મુદતનો દીવસ નક્કી કરવામાં આવ્યો ન હોય, અને ફક્ત જ્યારે જરૂર પડે ત્યારે હાજર થવું એવુંજ માત્ર કહેવામાં આવ્યુ હોય, તો તે નિરૂપયોગી છે.૫ એક જા-હેરનામાથી કોર્ટ મુદત પાડે તે પક્ષકારોને બંધનકર્તા નથી, દરેક શખસ જેની હાજરીની જરૂર હોય તેના પર જુદી જુદી રીત્યે ખાસ નોટીસ નીકળવાની જરૂર છે.૬ સમન્સમાં બોલાવાયલા શખસે ક્યાં હાજર થવું તે પણ સમન્સમાં લખવું જોઇએ.

દીવાની કોર્ટથી મેળવેલા હુકમનામાની બજવણી માટેના વારંટની રૂએ પકડાએલો કોઈ શખસ નાશી જાય તેને આ કલમ લાગુ પડતી નથી. (પરંતુ તેને માટે જુઓ ઇ. પી. કોડ કલમ ૨૨૫ બી.) ફોજદારી કેસમાં જામીન ઉપર છુટેલો શખસ પાછો હાજર ન થાય તેને આ કલમ લાગુ પડે છે.

પોતેજ કહાડેલા સમન્સને તાબે ન થવા બાબતનો કેસ એક માજીસ્ટ્રેટ આ કલમની રૂએ ચલાવી શકતો નથી. એવા સંજોગોમાં ચલાવવાનો વિધી ક્રીમીનલ પ્રોસીજર કલમ ૪૭૬ માં મુકરર કર્યો છે ૭ (વળી આના અનુસંધાનમાં જુઓ ક્રીમીનલ પ્રોસીજર કલમ ૪૮૭).

સરકારી નોકરની આ-ગળ કાંઇ લેખ હાજર કર-વાની જે શખસની કાયદા મુજબ ફરજ હોય તે શ-

૧૭૫. સરકારી હોદ્દાના જોરથી કોઈ સરકારી નોકરની આગળ કાંઇ લેખ હાજર કરવાની અથવા તેને કાંઇ લેખ સ્વાધીન કરવાની કાયદા મુજબ ફરજ છતાં જે માણસ તે લેખ હાજર કરવામાં અથવા સ્વાધીન કરવામાં ઈરાદાથી કસુર કરે તે માણસને એક મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા પાંચસે રૂ-

---

૧ રાણી. વિ. ક્રીસનબાપુ ઇ. લો. રિ. ૧૦ મુંબઈ પા. ૯૩.

૨ રાણી. વિ. ક્રીષ્ટાપા. ઇ. લો. રિ. ૨૦ મદ્રાસ. પા. ૩૧.

૩. રાણી વિ, હરીનાથ ૭ સધરલાન્ડ ક્રી. ૫૮. રાણી વિ. શ્રીનાથ ૧૦ સધરલાન્ડ ક્રી. ૩૩,

૪. ઈ. લો, રિ. ૬ મદ્રાસ એપેન્ડીકસ ૨૯;

૫, રાણી વિ. રામસરન ઈ લો. રિ. ૫ અલ્હાબાદ પા. ૭

૬. ૬ મદ્રાસ હાઈકોરટ એપેન્ડીકસ.

૭. રાણી વિ. શેશાય ઇન્ડીયન લો રિ. ૧૩ મદ્રાસ પાનુ ૨૪, રાણી વિ, ચન્દ્રશેખર ૫ બેંગાળ લો. રિ. ૧૦૦ રાણી. વિ. સુખારી ઇન્ડીયન લો. રિ. ૨ અલ્હાબાદ ૪૦૫

અસે તે લેખ હાજર કરવા-માં કસુર કરવી. પીઆ સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે અથવા અગર તે લેખ કોઇ ઇ-નસાફની કોર્ટમાં હાજર કરવાનો અથવા કોર્ટને સ્વાધીન કરવાનો હોય તો તે માણુસને છ મહીનાની મુદત સુધી આસાન કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત.—કોઇ જીલ્લા કોર્ટ મધે કાંઇ લેખ હાજર કરવાની કાયદા મુજબ ફરજ છતાં અ તે લેખ હાજર કરવામાં ઇરાદાથી કસુર કરે તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવું.

ટીકા.—આ કલમની રૂએ એટલું બતાવી સાબીત કરવાની જરૂર છે કે આરોપી કાયદેસર રીતે અમુક દસ્તાવેજ રજુ કરવાને બંધાયલો હતો, પરંતુ તેની પાસે તે દસ્તાવેજ રજુ કરાવવા માટે જોઇતા પગલા ભરવામાં આવ્યા ન હોય તો તે આ કલમની રૂએ ગુન્હેગાર ઠરતો નથી. એક સાક્ષી જાણતો હોય કે અમુક દસ્તાવેજની કોર્ટને જરૂર પડશે અને એમ જાણવા છતાં તે દસ્તાવેજ તે ઘેર મુકતો આવે તો તેથી તે આ કલમ મુજબ ગુન્હો કરતો નથી. તે દસ્તાવેજ રજુ કરવા માટેની ખાસ તેના ઉપર નોટીસ નીકળેલી હોવી જોઈએ. કેટલાક દસ્તાવેજ ન રજુ કરી શકાય તેવા હોય પરંતુ (તેના ઉપર તે બાબતની નોટીસ નીકળી હોય તો) કોર્ટમાં તો તે લાવવાજ જોઇએ પછી કોરટ તેનો નિર્ણય કરે કે અમુક દ-સ્તાવેજ રજુ કરવા લાયક છે કે કેમ, (જુઓ પુરાવાની કલમ ૧૬૨) પરંતુ તે દસ્તાવેજો રજુ કરવાનું તેની સત્તાની બાહેર હોય તો તે જવાબદાર નથી. રાજ્યના દસ્તાવેજો હોય તે તો કોરટથી જોઈ પણ શકાતા નથી અને માત્ર રજુ કરનાર સરકારી અમલદારના કહેવા ઉપર તે દસ્તાવેજ રાજ્યના દસ્તાવેજ છે એ બાબતનો ભરોંસો રાખવો પડે છે ૧ (પુરાવાની કલમ ૧૨૩)

ઈ. પી. કોડ કલમ ૨૨૮ મુજબના ગુન્હાની તપાસ ચાલતી હોય ત્યારે, જે અમલદારનું અપ-માન થયું હોય તેને જે કામ ચાલતા દરમીઆન થયું હોય તે કામનું નામ તથા અપમાન કેવા પ્રકારનું થયું હતું તે દફતર ઉપરથી જણાઇ આવવું જોઈએ. (ક્રી. પ્રો. ૪૮૦, ૪૮૧) તેવા સંજોગોમાં કોર્ટની નજરમાં એમ આવે કે આરોપીને દંડની સજા બસ નથી અગર બસેં રૂપીઆ કરતાં વધારે દંડ કરવા જેવો કેસ છે, તો કોર્ટે ક્રી. પ્રો. કલમ ૪૮૨ મુજબ વરતવું જોઇએ.

કોર્ટના અપમાનના ગુન્હા માટે જે દંડ કરવામાં આવે તે માટે કારણો આપવાં જોઇએ જે ઉપરથી ઉપરની કોર્ટમાં જણાય કે અપમાન થયું છે કે કેમ, એવાં કારણો નહોતાં લખવામાં આવ્યાં તેવા એક કેસમાં મદ્રાસની હાઇકોરટે દંડ પાછો આપવા હુકમ કર્યો હતો અને શિક્ષા રદ કરી હતી. ૨

આવા કેસમાં કોરટે આરોપીને પણ પૂછવું જોઇએ કે તને કંઈ ખુલાસો કરવો છે કે કેમ અને તે જે ખુલાસો કરે તે લખી લેવો જોઇએ, એમ ન કરવામાં આવે તો શિક્ષા રદ કરવામાં આવે છે. ૩

અને તેજ મુજબ પ્રીવી કાઉન્સીલે એક કેસ કે જેમાં એક બારીસ્ટરને કોરટના અપમાન માટે દંડ કરવામાં આવ્યો હતો અને ઠરાવ કર્યો હતો કે એવા સંજોગોમાં તહોમતદારે કરેલો ગુન્હો ચોક્કસ રીતે જણાવવો જોઇએ અને તેને જવાબ આપવાની તક આપવી જોઈએ ૪ ક્રીમીનલ પ્રો. કલમ ૪૮૦ ની મત-લબ પણ એ મુજબનીજ જણાય છે.

---

૧. બીસ્ટન. વિ. રફીન. ૨૯ લો. જનરલ એકસ ૪૩૦.

૨. રાણી વિ. પંચનંદ. મદ્રાસ હા, કો. ૨૨૯.

૩. કાશીનાથ વિ. દાજી, ૭ મુંબઈ હા. કો. ૧૦૨.

૪. રી. પોલરડ લો. રિ. ૨ પ્રી. કાઉન્સીલ પાનું ૧૦૬.

અપમાનને માટે હાઈકોરટ "સમરી" રીતે સજા કરી શકે છે. ૧

આવા કેસોમાં તહોમતદાર માફી માગે ત્યારે કોરટ ક્રીમીનલ પ્રોસીજર કલમ ૪૮૪ મુજબ તેને માફી પણ આપી શકે છે.

કોઇ સરકારી નોકરને નોટીસ અથવા ખબર આપવાની જે શખસની કાયદા મુજબ ફરજ હોય તે શખસે તે નોટીસ અથવા ખબર આપવી.

૧૭૬. સરકારી હોદ્દાના જોરથી કોઇ સરકારી નોકરને કાંઇ બાબત સંબંધી કાંઈ નોટીસ અથવા ખબર આપવાની કાયદા મુજબ ફરજ છતાં જે માણસ કાયદામાં ફરમાવેલી રીતે તથા વખતે તે નોટીસ અથવા ખબર આપવામાં ઇરાદાથી કસુર કરે તે માણસને એક મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા પાંચસે રૂપીઆ સુધીની દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે અથવા અગર તે આપવાની નોટીસ અથવા ખબર કાંઈ ગુન્હો થવા બાબતની હોય અથવા કાંઇ ગુન્હો થતાં અટકાવવાના કારણસર અથવા કોઇ ગુન્હેગારને પકડવા માટે આપવી જોઈતી હોય તો તે માણસને છ મહીનાની મુદત સુધીની આશાન કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા:—કલકત્તાની હાઈકોરટે ઠરાવ્યું છે કે—ક્રી. પ્રો. કલમ ૪૫ મુજબ શંકા ભરેલી રીતે થયેલા મરણની ખબર નહિ આપ્યા બદલ જ્યારે એક શખસપર કામ ચલાવવામાં આવતું હોય, ત્યારે, જો તે જમીન ઉપરજ મુડદુ માલમ પડયું હોય તો, બીજો પુરાવો આવે તે સિવાય, એમ અનુમાન કરવું જોઇએ કે મરણ પણ તે જમીન ઉપરજ થયેલું હોવું જોઇએ. ૨

એક જમીનના વધારે માલીકોમાંથી એક શખસ નોટીસ આપે તો બીજાઓની સામે આ કલમની રૂએ નોટીસ નહીં આપવાનું તહોમત મુકી શકાય નહિ. આ કલમનો હેતુ એજ છે કે ન્યાયને બનતા લગી સાચવવો એટલે એક શખસ નોટીસ આપે અગર બધા આપે તેની જુદી જુદી અસર નથી. એક જમીનના વધારે માલીકો હોય તો બધા દોડીને પોલીસ સ્ટેશને ખબર આપે એમ કંઈ જરૂર નથી. ૩

એક માણસ એક ડાકાયટીમાં સામેલ થવાની ના પાડે; અને પછી તે વિશે કંઈ તે બોલે નહિં તો તે માટે નોટીસ નહિ આપવા બાબતનું તેના ઉપર કામ ચલાવી શકાય નહિ. ૪

૧૭૭. સરકારી હોદ્દાના જોરથી કોઇ સરકારી નોકરને કાંઇ બાબત સંબંધી કાંઇ ખબર આપવાની કાયદા મુજબ ફરજ છતાં

---

૧. અબદુલના કેસની બાબતમાં ૮ સધરલાન્ડ ક્રીમીનલ ૩૨.

૨. માટુકીમીસર. વિ. રાણી. ઇ. લો. રિ. ૧૧ કલકત્તા ૬૧૯.

૩. રાણી. વિ સશીભુશન. ઇ. લો. રિ. ૪ કલકત્તા. ૬૨૬ રાણી વિ. ગોપાલસીંધ ઇ. લો. રિ. ૨૦ કલકત્તા. ૩૧૬.

૪. રાણી. વિ. લાહઇ ૭ સધરલાન્ડ ક્રી. ૨૯; રાણી વિ. ફુલચન્દ ૧૬ સધરલાન્ડ ક્રીમીનલ ૩૫; રાણી. વીલ છમન. ૧૮ સધરલાન્ડ ક્રીમીનલ ૨૨.

ખોટી ખબર આપવી. તે બાબત સંબંધી જે ખબર પોતે ખોટી છે એમ જાણતો હોય અથવા એમ માનવાનું પોતાને કારણ હોય એવી કાંઈ ખબર ખરી દાખલ જે માણસ આપે તે માણસને છ મહીનાની મુદત સુધીની આશાન કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે. અથવા અગર જે ખબર આપવાની તેની કાયદા મુજબ ફરજ હોય તે ખબર કાંઇ ગુન્હો થવા બાબતની હોય અથવા કાંઈ ગુન્હો થતો અટકાવવાના કારણસર અથવા કાંઈ ગુન્હેગારને પકડવા માટે આપવી જોઇતી હોય તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત—(અ) ક જમીનદાર પોતાની જમીનદારીની હદમાં એક ખુન થએલું જાણવા છતાં તે જીલ્લાના માજીસ્ત્રેટને જાણી જોઇને એવી ખોટી ખબર આપે કે એ મોત એક સાપના ડંશથી અકસ્માત થયું છે તો **અ** એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવું.

(બ) એક પાસેની જગામાં રહેનારા એક માતબર વેહેપારી જ ના ઘરમાં ડાકાઇટીનો ગુન્હો કરવા માટે પોતાના ગામમાંથી ઘણાએક અજાણ્યા માણુસો ગયા છે એમ જાણ્યા છતાં તથા બંગાળાના કાયદાના પુસ્તક માંહેલા સને ૧૮૨૧ ના ૩ જા કાયદાની સાતમી કલમની ૫ રકમ મુજબ તે હકીકતની જલદી તથા બરાબર ખબર પાસેમાં પાસેની પોલીસની ચોકીના અમલદારને આપવાની પોતાની ફરજ છતાં **અ** તે ગામનો રખવાળ જાણી જોઇને તે પોલીસ અમલદારને એવી ખોટી ખબર આપે કે (તે માણસો ગયા હોય તેથી જુદી દીશા બતાવીને) આણીમેર કાંઈ દુર જગાપર ડાકાઈટીનો ગુન્હો કરવાના વીચારથી જેઓના ઉપર ગુમાન જાય એવા કેટલાએક શખસનું એક ટોળું આ ગામમાંથી ગયું તો એ ઠેકાણે **અ** એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવું.

"**ખુલાસો**—૧૭૬ મી કલમમાં તથા આ કલમમાં "ગુન્હો" એ શબ્દની અંદર બ્રિટિશ ઇંડીયા બહારની કોઇપણ જગામાં કરેલું જે કોઇપણ કૃત્ય બ્રીટીશ ઇંડીયામાં કર્યું હોય તો તે બદલ ૩૦૨ જી, ૩૦૪ થી, ૩૮૨ મી, ૩૯૨ મી, ૩૯૩ મી, ૩૯૪ મી, ૩૯૫ મી, ૩૯૬ મી, ૩૯૭ મી, ૩૯૮ મી, ૩૯૯ મી, ૪૦૨ જી, ૪૩૫ મી, ૪૩૬ મી, ૪૪૯ મી, ૪૫૦ મી, ૪૫૭ મી, ૪૫૮ મી, ૪૫૯ મી, તથા ૪૬૦ મી કલમો પૈકી કોઇપણ કલમ પ્રમાણે શિક્ષા થઇ શકતી હોય તે કૃત્યનો સમાવેશ થાય છે; અને 'ગુન્હેગાર' એ શબ્દમાં જે શખસ સદરહુ પ્રકારના કોઇપણ કૃત્યનો તકસીરવાર થયો છે એમ કહેવામાં આવ્યું હોય તે શખસનો સમાવેશ થાય છે."

☞ આ ખુલાસો ૧૮૯૪ ના આકટ ૩ જાની કલમ ૫ મીથી નવો દાખલ કરેલો છે.

ટીકા.—એક પોલીસ ઓફીસર, જે તેના લત્તામાં લગતા ગુન્હાનું રજીસ્ટર રાખવાને બંધાયલો છે તે એક રિપોર્ટ કરવામાં આવે તે નોંધે નહિ, અને જે રિપોર્ટ કરવામાં આવે તેથી જુદોજ રીપોર્ટ કરે તે આ કલમ મુજબ ગુન્હો કરે છે. ૧

---

૧. રાણી. વિ. મહમદ ઇસમાઇલ ઇ. લો. રિ. ૨૦ અલ્હાબાદ ૧૫૧.

.. એક શખસ કે જેને પોલીસમાં દાખલ થવું હતું તેણે ખોટી રીતે જાહેર કર્યું કે તે અમુક જીલ્લાનો રહિશ નથી, તેણે આ કલમ અગર કલમ ૧૮૮ મુજબ ગુન્હો કર્યો કહેવાય નહિ.૧ પરંતુ તે માટે ક. ૧૮૨ મુજબનો ગુન્હો ગણી શકાય.

અમુકજ ગુન્હાઓને માટે ખબર આપવાની હોય છે (સામાન્ય રીતે તમામ ગુન્હા માટે નહિ,) ત્યારેજ આ કલમના બીજા ભાગમાં બતાવેલી સખત શિક્ષા કરી શકાય છે. ૨

કોઈ સરકારી નોકરે કાયદા મુજબ સોગંદ ખાવાનું ફરમાવ્યા છતાં સોગંદ ખાવાની ના કહેવી.

૧૭૮. સાચુ બોલવાને સોગંદ અથવા પ્રતીજ્ઞા આપવાનો જે સરકારી નોકરને કાયદા મુજબ અખત્યાર હોય તેવા કોઈ સરકારી નોકરે સાચુ બોલવાને બાંધવા સારૂ કોઈ માણસને સોગંદ અથવા પ્રતીજ્ઞા ખાવાનું ફરમાવ્યા છતાં તે માણસ અગર તે પ્રમાણે સાચુ બોલવાને બાંધવા સારૂ સોગંદ અથવા પ્રતીજ્ઞા ખાવાની ના કહે તો તે માણસને છ મહીનાની મુદત સુધીની આશાન કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

☞ આ કલમ ૧૮૭૩નો આકટ ૧૦મો સોગંદનો આકટની કલમ ૧૫મીથી સુધારી છે.

૪૮૦. (૧) જ્યારે હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૭૫ મી, ૧૭૮ મી, ૧૭૯ મી, ૧૮૦ મી, અથવા ૨૨૮મી કલમમાં વર્ણવેલો કોઈપણ ગુન્હો કોઇપણ દિવાની, ફોજદારી અથવા મુલકી કોર્ટના દેખતાં અથવા તેની સમક્ષ કરવામાં આવે. ત્યારે તે કોર્ટ તે ગુન્હેગારને પેહેરામાં અટકાવી રખાવાને મુખત્યાર છે, પછી તે ગુન્હેગાર યુરોપીયન બ્રિટિશ રૈયત હોય કે નહિ હોય તોપણ; અને તેજ દિવસે તે કોર્ટ ઉઠે તેની પેહેલાં કોઇપણ વખતે, પોતાને દુરસ્ત લાગે તો, તે કોર્ટ તે ગુન્હો સાંભળવાને અને ગુન્હેગારને ઘણામાં ઘણા બસેં રૂપિયા સુધી દંડની અને, દંડ ન આપે તો, એક મહિના સુધીની મુદતની આસન કેદની શિક્ષા કરવાને મુખત્યાર છે, પણ જો સદરહુ દંડ તે મુદત પુરી થતાં પહેલાં આપવામાં આવે તો તેને તરત છોડી દેવો.

(૨) ૪૪૩ મી અથવા ૪૪૪ મી કલમ માંહેનો કોઈપણ ઠરાવ આ કલમ પ્રમાણે ચલાવેલાં કામને લાગુ પડે છે એમ સમજવું નહિ.

૪૮૨. (૧) જો તે કોર્ટને કોઈપણ કામમાં એમ લાગે કે ૪૮૦ મી કલમમાં કહેલા ગુન્હાઓમાંનો કોઈપણ ગુન્હો પોતાના દેખતાં અથવા પોતાની સમક્ષ કર્યાનું તોહોમત જે શખસની ઉપર આવ્યું હોય તે શખસને દંડ ન આપેથી કેદની શિક્ષા કરવામાં આવે તે શિવાય બીજી રીતની કેદની શિક્ષા કરવી જોઇયે, અથવા તેને બસે રૂપીયા કરતાં વત્તો દંડ કરવો જોઇયે, અથવા બીજાં કોઈપણ કારણને લીધે તે કોર્ટનો મત એમ હોય કે તે મુકદ્દમાનો નિકાલ ૪૮૦ કલમ પ્રમાણે કરવો નહિ જોઇયે, તો તે ગુન્હો આ કાયદામાં પાછળ ઠરાવ્યા પ્રમાણે જે હકીકતનો બનેલો હોય તે હકીકત તથા તહોમતવાળાનો મજકુર દફતરમાં દાખલ કર્યા પછી સદરહુ કોર્ટે, તે મુકરદમાનો ઇનસાફ કરવાની હકુમત જે માજિસ્ટ્રેટને હોય તે માજીસ્ટ્રેટની પાસે તે મુકર્દમો મોકલવાને મુખત્યાર છે, અને તે તહોમતવાળા શખસને સદરહુ માજિસ્ટ્રેટની આગળ હાજર થવા બાબત તારણ આપવાનું ફરમાવવાને મુખત્યાર છે, અથવા પુરતું તારણ આપવામાં ન આવે તો, તે કોર્ટે સદરહુ શખસને પેહેરામાં આપીને સદરહુ માજીસ્ટ્રેટની પાસે મોકલવો.

---

૧. રાણી. વિ. દ્વારકાપ્રસાદ ઇ. લો. રી. ૬ અલ્હાબાદ ૯૭.

૨. પનાતુલા વિ. રાણી. ઇ. લો. રિ. ૧૫ કલકત્તા ૩૮૬.

(૨) જે માજીસ્ટ્રેટની પાસે આ કલમ પ્રમાણે કોઈપણ મુકરદમો મોકલવામાં આવે તે માજીસ્ટ્રેટે તોહોમતવાળા શખસની ઉપર થયેલી ફરિયાદ આ કાયદામાં પાછળ ઠરાવેલી રીતે સાંભળવા માંડવી.

૪૮૫. જો કોઇ ફોજદારી કોર્ટમાં એકાદો દસ્તાવેજ અથવા વસ્તુ હાજર કરવા સારૂ બોલાવેલા કોઈપણ સાહેદને અથવા શખસને જે સવાલો પુછવામાં આવે તે સવાલોના જવાબ દેવાની અથવા તે શખસના કબજામાંહેનો અથવા અખત્યાર માંહેનો જે દસ્તાવેજ અથવા વસ્તુ રજુ કરવાનું તે કોર્ટ તેને ફરમાવે તે દસ્તાવેજ અથવા વસ્તુ રજુ કરવાની તે શખસ ના કહે, અને એ પ્રમાણે ના કહેવાનું કોઈ-પણ વ્યાજબી કારણ તે શખસ ન બતાવે, તો સદરહુ કોર્ટ ઘણામાં ઘણા સાત દિવસ સુધીની ગમે તે મુદત સુધી તે શાહેદને આસાન કેદની શિક્ષાનો હુકમ કરવાને, અથવા પ્રમુખ માજીસ્ટ્રેટની અથવા જડ-જની સહીનું વારંટ કહાડીને કોર્ટના કોઇ અમલદારનો હવાલે કરવાને મુખત્યાર છે; અને તેમ કરવાના કા-રણો તે કોર્ટે દફતરમાં લખવાં; પણ જો દરમિયાનમાં સદરહુ શખસ જબાની આપવાને તથા જવાબ દેવાને અથવા સદરહુ દસ્તાવેજ અથવા વસ્તુ રજુ કરવાને કબુલ થાય, તો તેમ કરવું નહિ. જો તે ઉપર મુજબ ના કહ્યા કરે, તો ૪૮૦ મી તથા ૪૮૨ મી કલમના ઠરાવો પ્રમાણે તેની તજવીજ કરવાનો અધિકાર છે, અને, રાયલ ચારટરથી સ્થાપેલી કોઇ કોર્ટની બાબતમાં તે શાહેદે તિરસ્કારનો ગુન્હો કર્યો છે એમ સમજવું.

ટીકા—(જુઓ ક્રીમીનલ પ્રોસીજર કલમ ૪૮૦, ૪૮૨, ૪૮૫).

મિત્રતાની લાગણી એ એવું કંઈ ન્હાનું નથી કે જેથી કોઇ માણસ પુરાવો આપવાની ના કહીને ન્યાયના રસ્તામાં આડે આવે. ફોજદારી કેસોમાં તો ધણી ધણીયાણીનો સંબંધ પણ આડે આવી શકતો નથી. જુઓ પૂરાવાની કલમ ૧૨૦.

૧૭૯. કોઇ સરકારી નોકર પોતાના સરકારી હોદ્દાના કાયદેસર અખત્યારનો અમલ કરતાં કોઇ બાબતમાં કાંઇ સવાલો પુછે અને તે બાબતમાં તે સરકારી નોકરને સાચી વાત કહેવાની કાયદા મુજબ પોતાની ફરજ છતાં જે માણસ તે સવાલનો જવાબ દેવાની ના કહે તે માણસને છ મહીનાની મુદત સુધીની આશાન કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

સવાલ પુછવાનો અખત્યાર હોય એવા કોઈ સરકારી નોકરને કાંઈ સવાલનો જવાબ દેવાની ના કહેવી.

કી. પ્રો. ૧૬૦ અને ૧૬૧ આ સાથે વાંચવાની છે જે નીચે મુજબ છેઃ—

૧૬૦. આ બાબ પ્રમાણે હરકોઈ પોલીસ-અમલદાર જે કામની તપાસ કરતો હોય તે કામની હકી-કતથી પોતાના થાણાની અથવા કોઈ પાસેના થાણાની હદમાંહેનો ફલાણો શખસ વાકેફ છે એમ, મળેલી ખબર ઉપરથી અથવા બીજી રીતે, તેને જણાય, તો તે અમલદાર લેખી હુકમ કરીને તે શખસને પો-તાની આગળ હાજર થવાનું ફરમાવવાને મુખત્યાર છે, અને તે હુકમમાં ફરમાવ્યા પ્રમાણે તે શખસે હાજર થવું જોઇયે.

૧૬૧. (૧) આ બાબ પ્રમાણે તપાસ કરનાર હરકોઇ પોલીસ-અમલદાર, તે કામની બીના તથા હકીકતથી ફલાણો શખસ વાકેફ છે એમ ધારવામાં આવે તે શખસની મુખજબાની લેવાને મુખત્યાર છે.

(૨) સદરહુ કામસંબંધી જે સવાલોના જવાબ ન દેતાં પોતાના ઉપર કાંઈ ફોજદારી ગુન્હાનું તોહોમત આવી પડે અથવા કાંઈ દંડ અથવા ગુન્હેગારી આપવી પડે તે સવાલો શિવાય બીજા જે સવાલો પોતાને સદરહુ અમલદાર પુછે તે સઘળા સવાલોના ખરા જવાબ સદરહુ શખસે દેવા જોઇયે.

---

૧. રાણી. વિ. હરીલક્ષમણ ઇ. લો. રિ ૧૦ મુંબઈ ૧૮૫.

ટીકા—પુરાવાની કલમ ૧૬૫ મુજબ એક જડજ સાક્ષીને એક અલગ સવાલ. કોઇ લગતા સવાલ સંબંધી માહિતી મેળવવાની ખાતર પુછી શકે પરંતુ જો તે પ્રશ્ન અલગતો હોય, અને સાક્ષીએ કરેલા બીજા કંઇ ગુન્હા માટે અપરાધી ઠરાવવા માટે હોય તો સાક્ષી તે પ્રશ્નનો જવાબ આપવાની ના કહી શકે છે.૧ (આ ઠેકાણે શંકા થાય છે કે સાક્ષીના બીજા કોઈ ગુન્હા ઉપર પ્રકાશ નાંખવા અમુક પુછાય છે એવો તે વખતે કામ ચાલતાં જડજ અને સાક્ષી બન્નેમાંથી નિર્ણય કરનારા કોણ) ?

કાંઇ મજકુર ઉપર સહી કરવા ના કહેવી.

૧૮૦. કોઇ માણુસે કાંઇ મજકુર કહ્યો હોય તે મજકુર ઉપર તેને સહી કરવાનું ફરમાવવાને કાયદા મુજબ મુખત્યાર હોય તેવા કોઇ સરકારી નોકરે તે મજકુર ઉપર સહી કરવાનું ફરમાવ્યા છતાં અગર તે માણુસ તે ઉપર સહી કરવાની ના કહે તો તેને ત્રણ મહીનાની મુદ્દત સુધીની આશાન કેદની અથવા પાંચસે રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે

ટીકા.—રેવેન્યુ ઇન્કવાયરી દરમીયાન એક શખસ જુબાની લખાવે, તેમાં તે સહી કરવાને બંધાયલો નથી અને આ કલમની રૂએ, તેમાં સહી કરવાને તે ના પાડે તો શિક્ષા થઇ શકતી નથી.૧

વળી ક્રીમીનલ પ્રોસીજરના બાબ ૧૪ માની અંદર લખ્યા મુજબ પોલીસ ઓફીસર આગળ થતી જુબાની (મરતી વખતના–ડાઇંગડેકલેરેશન સિવાય) માં, લખાવનાર શખસે સહી કરવાની જરૂર નથી.

એક આરોપીને પૂછવામાં આવેલા સવાલોના જવાબોમાં તે સહી કરવાને ના પાડે તો આ કલમની રૂએ તેને શિક્ષા થઈ શક્તી નથી.૨

કોરોનરની આગળ લખાવેલી જુબાનીમાં સહી કરવાની ના પાડવી એ આ કલમ મુજબ ગુન્હો છે, (જુઓ, ૧૮૭૧ નો આકટ ચોથો કલમ ૨૦).

અમુક જુબાની એક શાહેદ પ્રતિજ્ઞા ઉપર આપે, તે તેને વાંચી બતાવવામાં આવે અને તેનું ખરાપણું તે સ્વીકારે તે છતાં સહી કરવા ના પાડે તો આ કલમ મુજબ ગુન્હો થાય છે.૩

જે સરકારી નોકર અથવા શખસને સોગંદ આપવાનો અખત્યાર હોય તેની આગળ સોગંદ ખાઇને જુઠો મજકુર કહેવો.

૧૮૧. કોઇ સરકારી નોકરને અથવા કાયદા મુજબ સોગંદ અથવા પ્રતીજ્ઞા આપવાને જેને અખત્યાર હોય એવા કોઈ બીજા શખસને કાંઈ પણ બાબતમાં સાચી વાત કહેવાને કાંઇ સોગંદ અથવા પ્રતીજ્ઞાથી કાયદા મુજબ બંધાયા છતાં જે માણુસ સદરહુ સરકારી નોકર અથવા બીજા શખસને તે બાબતમાં એવો કાંઇ મજકુર કહે કે તે ખોટો હોય અને તે મજકુર ખોટો છે એમ તે માણુસ જાણતો કે માનતો હોય અથવા તે ખરો છે એમ તે માણુસ માનતો ન હોય તો તે માણુસને ત્રણ

---

૧. ૬ મદ્રાસ, હા. કોર્ટ એપેન્ડીકસ ૧૪;
૨. રાણી વિ. સીરસાપા ઇન્ડીયન લો. રિ. ૪ મુંબઇ પાનું ૧૫.
૩. અલ્હાબાદ વીકલીનોટસ પાનું ૪૩ (૧૮૮૧).

વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—આ કલમ મુજબ ગુન્હો પુરવાર કરતાં એટલું સાબીત થવું જરૂરનું છે કે–આરોપીને કાયદેસર સોગન આપવામાં આવ્યા હતા. તે સોગન આપવાની અમલદારને સત્તા હતી, અને આરોપીના જાણવા તથા માનવા પ્રમાણે તેણે કહેલો મજકુર જુઠો હતો.

મદ્રાસ હાઇકોર્ટે ઠરાવ્યું છે કે એક સાક્ષી ફોજદારી કેસમાં માજીસ્ટ્રેટ આગળ ખોટી જુબાની આપે છે તેના ઉપર જો કે કલમ ૧૦૩ મુજબ તહોમત મુકવામાં આવ્યું હોય તોપણ આ કલમ મુજબ શિક્ષા થઇ શકે છે, જો કે કલમ ૧૯૩ વાળો ગુન્હો સેસન્સ કોર્ટથીજ ચલાવાઈ શકાય તેવો છે.૧ પરન્તુ કલકત્તા તથા મુંબાઇની હાઇકોર્ટે ઉપરની બાબતમાં વિરૂદ્ધ ચુકાદા આપ્યા છે, આ વિરૂદ્ધ ચુકાદા કાયદાના એક નિયમને અવલંબીને રહ્યા છે તે નિયમ એ છે કે–જ્યારે એક મ્હોટા ગુન્હામાં ન્હાનો ગુન્હો પણ સમાયલો હોય છે ત્યારે, તે ગુન્હાના મ્હોટા સ્વરૂપવાળી કલમ મુજબ તહોમત મુકી માજીસ્ટ્રેટે કેસને ઉપરની કોર્ટે કમીટ કરવો જોઈએ--નહિ કે ન્હાના સ્વરૂપમાંજ તે ગુન્હો તપાસવાની આકાંક્ષાથી પોતે હકુમત લઈ લેવી.૨

કોઇ સરકારી નોકર પાસે તેનો કાયદેસર અખત્યાર અમલમાં અણાવીને બીજા શખસને નુકશાન કરાવવાના ઈરાદાથી ખોટી ખબર આપવી.

૧૮૨. જે ખબરને કોઈ શખસ ખોટી જાણતો હોય અથવા ખોટી માનતો હોય તેવી ખબર કોઇ પણ સરકારી નોકરને આપવાથી તે નોકર—

(અ) જે વાત સંબંધી એવી ખબર આપવામાં આવી હોય તે વાતની સાચે સાચી હકીકત તેના જાણ્યામાં આવી હોય તો, જે વસ્તુ એવા સરકારી નોકરે ન કરવી જોઇએ અથવા જે વસ્તુ કરવામાં તેણે કસુર ન કરવી જોઇએ તે વસ્તુ કરે અથવા તે કરવામાં કસુર કરે, અથવા

(બ) પોતાની કાયદેસર સત્તા કોઈ પણ શખસને નુકસાન અથવા દુઃખ થાય એવી રીતે વાપરે.

એવા ઈરાદાથી, અથવા તે એમ કરશે એવો સંભવ છે એવું જાણ્યા છતાં તેવી ખબર-તે સરકારી નોકરને સદરહુ શખસ આપે તો.

તે શખસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા બંનેની શિક્ષા કરવામાં આવશે.

---

૧. ૪ મદ્રાસ હાઈકોર્ટ રૂલીંગ નં. ૧૮.

૨. રાણી. વિ. દયાલજી. ૮ મુંબઇ હા. કો. ૨૧ રાણી વિ. શ્યામચરન. ૮ સધરલાન્ડ ક્રી. ૨૭ રાણી. વિ. હિરામન. ૮ સધરલાન્ડ ૩૦, રાણી. વિ. નસરૂદીન. ૧૧ ક્રી. ૨૪;

દ્રષ્ટાંતો.

"(**અ**) **અ** કોઈ પણ માજીસ્ટ્રેટને એવી ખબર આપે કે તમારા હાથ તળેના **ઝ** પોલીસ અમલદારે નોકરીમાં ગફલત કરી છે અથવા બદચાલ ચલાવી છે અને તે ખબર ખોટી છે એમ તે પોતે જાણતો હોય અને તે ખોટી ખબરપરથી તે માજીસ્ટ્રેટ **ઝ** ને બરતરફ કરશે એવો સંભવ છે એમ પણ તે જાણતો હોય, તો **અ** એ આ કલમ માં બ્યાન કરેલો ગુન્હો કર્યો છે એમ સમજવું."

"(**બ**) **અ** કોઈ સરકારી નોકરને એવી ખોટી ખબર આપે કે મના કરેલું નિમક **ઝ** એ એક છાને ઠેકાણે સંતાડયું છે, અને તે ખબર ખોટી છે એમ તે પોતે જાણતો હોય તથા ખોટી ખબરનું પરિણામ એવું થશે કે **ઝ** ની જગાનો ઝાડો લેવાશે તથા **ઝ** ને દુઃખ થશે એવો સંભવ છે એમ પણ તે જાણતો હોય, તો **અ** એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કર્યો છે એમ સમજવું."

"(**ક**) **અ** એક પોલીસના માણસને એવી ખોટી ખબર આપે છે કે અમુક ગામની પડોશમાં મારા ઉપર હુમલો કરીને મને લુંટી લીધો છે, પણ તેના ઉપર હુમલો કરનાર તરીકે કોઇપણ શખસનું નામ કહેતો નથી, આ ખબરના પરિણામે તે ગામના લોકોને અથવા તે પૈકી કાંઈક લોકોને દુઃખ થાય એવી રીતે તે ગામમાં પોલીસ ચોકસી કરશે તથા ઝાડા લેશે એવો સંભવ છે એમ તે જાણતો હોય, તો **અ** એ આ કલમ મુજબનો ગુન્હો કર્યો છે એમ સમજવું."

☞ આ કલમ ૧૮૯૫ ના ૩ જા આકટથી નવી દાખલ કરેલી છે.

ટીકા.—આ કલમ પછીના બાબમાં આવતી કલમ ૨૧૧ મી જોડે નિકટનો સંબંધ ધરાવે છે. આ કલમ કોઇ સરકારી અમલદારને ખોટી ખબર આપ્યા બાબતની છે જ્યારે કલમ ૨૧૧ ખોટુ તહોમત મુકયા બાબતની છે. કલમ ૧૮૨ ના શબ્દો વિશાળ હોવાથી ક. ૨૧૧ માં થયેલા દરેક ગુન્હાનો સમાવેશ ક. ૧૮૨ માં થાય છે પરંતુ કલમ ૧૮૨ મુજબ થતા દરેક ગુન્હાનો સમાવેશ ક. ૨૨૧ માં થઇ શકે નહી.

એક જમીનદાર સરકારી જમીન પચાવી પડયો છે એવી મતલબના કલેકટરને ખબર આપવી એ આ કલમ મુજબ ગુન્હો નથી, કારણ કે તેવી ખબર આપવાનું વધારેમાં વધારે પરિણામ એ આવે કે જો કલેકટર તે બાતમી આપનાર શખસના મતને મળતો થાય તો સરકારી જમીન કબજે કરવા માટે ઇલાજ લે.૧

મદ્રાસ હાઇકોર્ટે એક કેસમાં એવો ઠરાવ કર્યો હતો કે એક ગામડાના માજીસ્ટ્રેટને કોઈ શખસ કાંઇ ખોટી ખબર આપે અને તે માજીસ્ટ્રેટ પોતાને સત્તા ન હોવાથી તે કેસ આગળ ઉપરી માજીસ્ટ્રેટને મોકલાવે, તો આ કલમ મુજબ ખોટી ખબર આપનાર શખસ ગુન્હો કરતો નથી, કારણ કે જે માજીસ્ટ્રેટને ખબર આપવામાં આવી તે માજીસ્ટ્રેટ પોતાની કંઇ સત્તાનો ઉપયોગ કરતો નથી પણ બીજા ઉપરી માજીસ્ટ્રેટની સત્તાનો ઉપયોગ કરવાને કેસ આગળ રવાના કરે છે.૨

પરંતુ ઉપરના વિચારથી કલકત્તા હાઈકોરટે જુદો અભિપ્રાય આપ્યો છે. બીજો માજીસ્ટ્રેટ તે ખોટી ખબરનો ઉપયોગ કરે, અને જે માજીસ્ટ્રેટને ખબર આપી તે પોતે જાતે તેનો ઉપયોગ કરે તેમાં કાંઇ બારીક તફાવત પણ દેખાતો નથી, અને ખોટી ખબર આપનાર શખસે તે બીજા માજીસ્ટ્રેટને તેની સત્તાનો ઉપયોગ કરવા ખાતર ખબર આપી હોવી જોઇએ એમ માનવું જોઈએ.૩

---

૧. રાણી. વિ. માધો ઇ. લો. રિ. ૪ અલ્હાબાદ ૪૯૮.
૨. રાણી. વિ. પેરીયાનેન ઈ. લો. રિ. ૪. મ. પા. ૨૪૧.
૩. કરીમબક્ષ વિ. રાણી. ઈ. લો. રિ, ૧૭ કલકત્તા. ૫૭૪.

જે માણસને ખબર આપી હોય તેના ઉપર આગળ તે ઉપરી અમલદારને ખબર મોકલવાનું કાયદેસર કંઈ બંધન ન હોય તો ખોટી ખબર આપનાર શખસ ગુન્હો કરતો નથી૧

અમુક ઘરમાંથી ચોરાયલી મીલકત જડશે એવી ખોટી ખબર આપવી એ ગુન્હો આ કલમમાં આવે છે, અને એ ખબરમાં ઘણા શખસોનાં ઘરો બતાવવામાં આવ્યાં હોય તો પણ તેથી ગુન્હો તો માત્ર એકજ થાય છે. નુકશાન કરવાના ઈરાદાથી ખોટી ખબર આપવામાં ગુન્હો સમાયલો છે. ઘણા શખસોને તેથી ઈજા થાય તેથી ગુન્હાની સંખ્યામાં વૃદ્ધિ થતી નથી.

કલકત્તાની હાઇકોરટે એક કેસમાં એવું ઠરાવ્યું છે કે કલમ ૧૮૨ ના પ્રથમના ભાગની રૂએ તપાસ ચાલતી હોય તોપણ બીજા ભાગના જેવા ઇરાદાથીજ—એટલે કોઇ અમુક શખસને નુકશાન કરવાના ઈરાદાથીજ તે ખબર અપાયલી હોવી જોઇએ, અને જો કોઇએ ફક્ત ખાલી ખબર પોલીસ ઓફીસરને આપી હોય કે અમુક ઠેકાણે લુંટ થઈ છે—કોઈનું નામ આપ્યું ન હોય તો તે ગુન્હો નથી૨ (પરંતુ દષ્ટાંત " ક " થી આ અભિપ્રાય વિરૂદ્ધ છે એટલે તે સ્વીકારી શકાય તેવો જણાતો નથી).

ઉપરના કેસનું અનુકરણ મુંબઈ હાઇકોરટે કર્યું નથી. મુંબઈ હાઈકોરટનો મત એવો છે કે ફક્ત ખાલી પણ ખોટી બાતમી પોલીસમાં આપ્યાથી જનસમાજની શાન્તિમાં ઘણી વખત ભંગાણ પડી તેનાં ભયંકર પરિણામ નીપજે છે માટે તેવી ખોટી ખબર, કોઈનુ પણ નામ લીધા શિવાય આપવી તે પણ ગુન્હો છે.૩

અલ્હાબાદ હાઈકોરટ પણ મુંબાઇ હાઇકોરટના જેવો આ બાબતમાં મત ધરાવે છે. એક અલ્હાબાદના કેસમાં એમ બન્યું હતું કે એક શખસે માજીસ્ટ્રેટને ખોટો તાર કર્યો હતો અને તે માજીસ્ટ્રેટના તાબાના એક બીજા ભાગમાં મ્હોરમ વખતે હુલ્લડ થવાનું છે એવી ખોટી બાતમી આપી હતી.૪

મુંબઇના કેસમાં (રાણી, વિ. ગણેશ ખંડેરાવ ઇ. લો. રિ. ૧૩ મુંબઇ) એમ બન્યું હતું કે એક વિદ્યાર્થીને પરિક્ષામાં જવાનું હતું અને પોતાના કરતાં એક હોંશિઆર વિદ્યાર્થીને તેણે તે પરિક્ષામાં બેસાર્યો અને તેને પોતાનું (આરોપીનું) નામ ધારણ કરવા કહ્યું, પછી તે ફતેહમંદ ઉતરનાર વિદ્યાર્થીને જે સર્ટીફીકેટ મળ્યું: તે લઈને આરોપીએ જીલ્લાના કલેકટરને ત્યાં પોતાનું નામ નોકરીના ઉમેદવાર તરિકે નોંધાવા માટે મોકલ્યું હતું. મુંબાઇ હાઈકોરટે એવો ઠરાવ કર્યો હતો કે આરોપીએ આ કલમની રૂએ ગુન્હો કર્યો હતો.

ઉપરનાજ જેવો લગભગ એક કેસ અલ્હાબાદમાં બન્યો હતો. ત્યાં એક શખસે ફરૂકાબાદની પોલીસમાં નોંધાવાની અરજી કરી. તે જાણતો હતો કે ફરૂકાબાદ જીલ્લાના વતનીઓ ફરૂકાબાદમાંજ પોલીસમાં નોંધાઈ શકતા નથી. આ ઉપરથી તેણે ખોટું જાહેર કર્યું કે તે ફરૂકાબાદનો વતની નથી. આરોપીનો ગુન્હો ખરૂં જોતાં આ કલમમાં આવી શકે તેવો છે પરંતુ અલ્હાબાદ હાઇકોર્ટે એવો ઠરાવ કર્યો હતો કે તે કલમ ૧૭૭ કે કલમ ૧૮૨ બેમાંથી એકેમાં આવી શકે તેવો નથી.૫ કલમ ૧૭૭ માં ન આવે તેનું કારણ છે કે આરોપી કંઈ ખબર આપવાને બંધાયલો નહતો. પરંતુ કલમ ૧૮૨ ની શબ્દ રચના જોતાં તેમાં આરોપીનો ગુન્હો આવી શકે એમ જણાય છે.

આ કલમની રૂએ, ખોટી ખબર આપ્યા ઊપરથી સરકારી અમલદારે કંઈ કૃત્ય કર્યું હોવું જોઇએ એમ નથી. આરોપી ખોટી ખબર આપે એટલે ગુન્હો પૂરો થાય છે.૬

---

૧. રાણી. વિ. જમુના, ઇ. લો. રિ. ૬ કલકત્તા પા. ૬૨૦.
૨. ગુલામ અમેદ કાઝીની બાબતમાં ઇ. લો. રિ. ૧૪ કલકત્તા. પાનું ૩૧૪.
૩. રાણી. વિ. ગણેશ ખંડેરાવ. ઇ. લો. રિ. ૧૩ મુંબઈ પાનું ૫૦૬.
૪. રાણી. વિ. બુધસેન ઇ. લો. રિ. ૧૩ અ. ૩૫૧.
૫. રાણી. વિ. દ્વારકાપ્રસાદ. ઇ. લો. રિ. ૬ અ. ૯૭.
૬. રાણી. વિ. બુધસેન. ઇ. લો. રિ. ૧૩ અ. ૩૫૧.
રાણી. વિ. રઘુતીવારી. ઇ. લો. રિ ૧૫ અ. ૩૩૬.

ક. ૨૧૧ કરતાં આ કલમમાં શિક્ષા થોડી બતાવેલી છે અને હકુમતમાં પણ કેટલેક દરજ્જે તફાવત છે એટલે જ્યાં આરોપીના ગુન્હાનો ક. ૨૧૧ માં સમાવેશ થઇ શકતો હોય ત્યાં કલમ ૨૧૧ મુજબ કેસ ચલાવવો એ સલામતી ભરેલું છે.

જ્યારે અમુક શખસોનું નામ લઈને, ફોજદારી ગુન્હા માટેની ખોટી ખબર આપવામાં આવે છે ત્યારે ક. ૨૧૧ ની અંદર કામ ચાલવું જોઇએ.૧

એક આરોપીએ પોતાના બચાવમાં હકીકત જાહેર કરી હોય તેથી તે આ કલમની રૂએ ગુન્હો કરતો નથી.૨

જ્યારે એક ખાનગી શખસને ઈજા કરવાને માટે ખોટી ખબર આપવામાં આવી હોય, અને તેને ઈજા થઈ હોય ત્યારે તે સખસ ક્રી. પ્રો. ક. ૧૯૫ મુજબ સેંકશન મેળવીને ખબર આપનાર ઉપર કામ ચલાવી શકે છે.૩ પરંતુ કલમ ૧૮૨ અને કલમ ૨૧૧ ની અંદર પુરાવો રજુ કરવાની બાબતમાં ફરક છે. કલમ ૧૮૨ ની અંદર, જાણી જોઇને ખોટી ખબર આપ્યાના કૃત્યમાંજ સમાયલી દ્વેષ બુદ્ધિ સિવાય, વધારે દ્વેષ બુદ્ધિ સાબીત કરવાની જરૂર નથી, પરંતુ ૨૧૧ ની અંદર તો, તહોમત મુકવાને માટે વ્યાજબી કારણની ગેરહાજરીની સાબીતી એ એક ઉપયોગી બીના છે.૪

હેડકોન્સ્ટેબલ આ કલમની રૂએ સરકારી અમલદાર છે.૫ અને એક વેકસીનેટર પણ છે.૬

જ્યારે ખબર આપવામાં આવી હોય તે ફોજદારી ગુન્હો બને તેવી હોય ત્યારે તે ગુન્હાની તપાસ પૂર્ણ થતાં સુધી આ કલમની રૂએ પગલાં ભરવાં જોઈએ નહીં.૭

એક શખસ અમુક ગુન્હાને માટે ખબર આપે અને પુરાવાપરથી કેસ બીજા ગુન્હાની બાબતનો નીકળે તો શંકા થાય છે કે તેને ખોટી ખબર કયા ગુન્હા માટે આપી કહેવી? ચોરીના ગુન્હાની બાબતની તે ખબર આપે અને ગુન્હો ડાકાયટીનો નીકળે તો ડાકાયટી માટે તેણે ખોટી ખબર આપી એમ કહી શકાય નહીં. પરંતુ જ્યારે ખોટી ખબર આપ્યા ઉપરથી અમુકજ ગુન્હો બનતો હોય અને કંઇક બારીકીને લીધે અમુક કલમમાંથી તેના સંબંધની બીજી કલમમાં જતો રહેતો હોય તો તેથી આરોપીની જવાબદારી શી રીતે ઓછી થઇ શકે તે સમજાતું નથી.

જ્યારે ખોટી ખબર પોલીસનેજ આપી હોય છે ત્યારે ક્રીમીનલ પ્રોસીજર ૧૯૫ મુજબ સેંકશનની જરૂર નથી ૮

૧૮૩. આ શખસ સરકારી નોકર છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં તે સરકારી નોકરના કાયદેસર અખ-

કોઈ સરકારી નોકરના

ત્યારથી કાંઇ મીલકત જપ્ત થતી હોય તેમાં જે

---

૧. રારીમહમદ, વિ. અબાસખાન. ૮ સધરલાન્ડ ક્રી. ૬૭ ભોક્તિરામ. વિ. હીરાકોલીતા, ઇ. લો. રિ. ૫ કલકત્તા. ૧૮૪; રાણી. વિ. રાધાકીસન. ઈ. લો. રિ. ૫ અલ્હાબાદ. ૩૬ રાણી. વિ. જુગલ-કિશોર. ઇ. લો. રિ. ૮ અલ્હાબાદ. ૩૮૨.
૨. રાણી. વિ. ડરીન ૨. નો. વે. પ્રો. ૨૮.
૩. રાણી. વિ. જુગલકીશોર, ઇ. લો. રિ. ૮ અલ્હા. ૩૮૨ ભોક્તિરામ વિ. હીરા કોલીના. ઈ. લો. રિ. ૫ કલમ ૧૮૪. પુનીતસીધ. વિ. માધોભટ ઈ. લો. રી. ૧૩ કલકત્તા ૨૭૦.
૪. રાઘવેંન્દ્ર. વિ. કાશીનાથ ઈ. લો. રિ. ૧૯ મુંબાઈ ૭૨૫.
૫. રાણી. વિ. રામગોલામ, ૧૧ સધરલાન્ડ ક્રી. ૩૩.
૬. રાણી. વિ, શ્રીશચન્દ્ર ૧૯ સધરલાન્ડ ક્રી. ૩૩.
૭. રાણી. વિ. જમની. ઈ. લો. રિ. ૩ અ પાનું ૩૮૭.
૮. રામસામી. વિ. રાની ઈ. લો. રિ. ૭ મદ્રાસ. ૨૯૨.

કાયદેસર અખત્યારમાંથી કાંઇ મીલકત જપ્ત થતી હોય તેમાં સામા થવું.

માણુસ સામે થાય તે માણસને છ મહીંનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—ટીકા માટે જુઓ કલમ ૯૯ ઉપરની ટીકા.

અમુક શખસને ઘેર જપ્ત થતાં બેલીફના આગળ એક શખસ માલકતની યાદમાં તે મીલકત તેની (વાંધો લેનારની) છે એમ ન લખે ત્યાં સુધી તે આપવા ના પાડે તેથી આ કલમનીરૂએ ગુન્હો થતો નથી.૧ પરંતુ એક કામમાં એક સખસે માત્ર મીલકત આપવા ના પાડી એટલુંજ નહીં પરંતુ વૉરંટની બજવણી જો પોલીસ કરશે તો તે પોલીસને ઇજા કરશે એવી ધમકી આપી તેમા ડરાવવામાં આવ્યું કે તે કૃત્ય આ કલમ મુજબ ગુન્હો હતું.૨

૧૮૪. કોઈ સરકારી નોકરના પોતાના સરકારી હોદ્દાના કાયદેસર અખત્યારથી વેચવા કાઢેલી કાંઈ મીલકત વેચાણમાં જે માણસ ઇરાદાથી કંઇ અડચણ કરે તે માણસને એક મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા પાંચસે રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કોઇ સરકારી નોકરના અખત્યારથી વેચવા કાઢેલી કાંઇ મીલકત વેચવામાં અડચણ કરવી.

૧૮૫. કોઇ સરકારી નોકરના પોતાના સરકારી હોદ્દાના કાયદેસર અખત્યારથી કાંઇ મીલકતનું વેચાણ થતું હોય તે વેચાણમાંથી તે મીલકત ખરીદ કરવાને ફલાણો શખસ કાયદા મુજબ અશક્ત છે એમ જાણ્યા છતાં તે શખસને હીસાબે પછી તે શખસ પોતેજ હોય કે કોઇ બીજો શખસ હોય તો પણ જે માણસ તે મીલકત ખરીદ કરે અથવા તેની માગણી કરે અથવા માગણી કરેથી જે ફરજ પોતાની ઉપર આવતી હોય તે ફરજ અદા કરવાનો પોતાનો ઇરાદો નહી છતાં જે માણસ તે મીલકતની માગણી કરે તે માણસને એક મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા બસેં રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કોઇ સરકારી નોકરના અખત્યારથી વેચવા કાઢેલી મીલકતની કાયદા વિરૂદ્ધ ખરીદી અથવા માગણી.

ટીકા.—હુકમનામાની બજવણીના સંબંધમાં કામ કરનાર અમલદારો, તેની રૂએ વેચાણ થતી મીલકતની બોડ કરી શકતા નથી તેમ ખરીદી શકતા નથી. હુકમનામુ મેળવનાર શખસ પણ કોર્ટની પરવાનગી સિવાય તેમ કરી શકતો નથી. (જુઓ. સી. પ્રો. કોડ. ક. ૨૯૨, ૨૯૪).

૧૮૬. કોઇ સરકારી નોકરને તેના સરકારી કામ કરવામાં જે માણસ બુદ્ધિપુર્વક અડચણ કરે તે માણસને ત્રણ મહીનાની

૧. ઇ. લો. રિ. ૧૫ મુંબઈ. ૫૬૪.
૨. ૬ બૉમ્બે લો. રિપોર્ટર ૨૫૪.

કોઈ સરકારી નોકરને તેના સરકારી કામ કરવામાં અડચણ કરવી.

મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની અથવા પાંચસે રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા—બેંગાલ ટીનન્સી એકટની રૂએ કલેકટરે, જમીનદાર અને ખેડુત વચ્ચે પાકની વ્હેંચણી કરવા નીમેલો શખસ આ કલમની રૂએ, "પબ્લીક સરવંટ" સરકારી અમલદાર નથી.૧

આ કલમ મુજબ સરકારી અમલદારને હરકત કરવા ધારેલું કૃત્ય કંઇક મુકરર હોવું જોઇએ અને તે કરનાર શખસે કંઇક તેનું તેણે ધારેલું પરિણામ થશે એમ ધારેલું હોવું જોઇએ. એક વેકસીનેટરને ત્યાં લોકો પોતાનાં છોકરાં શીતળા ગોડાવવા માટે મોકલે નહીં એવી ખબર ફેલાવવી એ આ કલમ મુજબ ગુન્હો નથી.૨

એક દિવાની મુકરદમો ચાલતાં દરમીયાન એક જજે એક કમીશનર નીમ્યો, અને એક વેપારીના સામાનની યાદ ઉતારવા તથા કેટલીક મીલકત કોર્ટમાં લાવવા કહ્યું, તે કમીશનર તે વેપારીને ઘેર આવ્યો તે વખતે તે વેપારી દરવાજો બંધ કરી ઘરમાં પેસી ગયો. તેણે બારણાને અંદરથી સાંકળ નહતી મારી, પણ ઉઘાડવાની ના કહી. બહારની બાજુ કેટલાક શખસો જેઓ કંઇ અસભ્ય લોકો નહોતા તેવા—ભેગા થયા, પણ તેઓ તે વેપારીના કોઈ કૃત્યથી ભેગા થયા નહતા. કમીશનરે બળ વાપરવું સલામતી ભરેલું ન ધાર્યું અને ચાલ્યો ગયો. મદ્રાસ હાઇકોરટે એવું ઠરાવ્યું કે તે વેપારીએ આવી જાતનો શાંત રીતે અટકાવ કર્યો તે આ કલમ મુજબ ગુન્હો નહતો. ૩

કાયદેસર રીતેના પહેરામાંથી ન્હાસી જવાનો ગુન્હો આ કલમની રૂએ નહી પણ કલમ ૨૨૪ મુજબ શિક્ષા કરાય તેવો છે. ૪

નીચેની બાબત ખરી ન હોય તો માનવામાં આવે એવી નથી. એક ગામડાના માલેકે, એક સરકારી અમલદારે ગાડું ભાડે માગ્યું તે ન આપ્યું તે ઉપરથી તેને એક માજીસ્ટ્રેટે આ કલમની રૂએ શિક્ષા કરી હતી. કહેવાની જરૂર નથી કે હાઇકોરટે શિક્ષા રદ કરી હતી.૫

એક સરકારી અમલદાર પોતાની હકુમતની બાહરનું કંઇ કૃત્ય કરતો હોય તે વખતે તે કંઇ સરકારી કામ કરે છે તેમ ગણાય નહિ. ૬

કાયદા મુજબ મદદ કરવાની ફરજ છતાં કોઇ સરકારી નોકરને મદદ કરવામાં કસુર કરવી.

૧૮૭. કોઇ સરકારી નોકરને તેની સરકારી નોકરી બજાવવામાં મદદ કરવા અથવા આપવાની જે માણસની કાયદા પ્રમાણે ફરજ હોય તે માણસ અગર ઇરાદાથી તે પ્રમાણે મદદ આપવામાં કસુર કરે તો તે માણસને એક મહીનાની મુદત સુધીની આશાન કેદની અથવા બસે રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે. અને મદદ કરવાનો કા-

---

૧. અચરતલાલ, વિ. ઠાકુરપ્રસાદ. ઇ. લો. રિ. ૧૮ ક. ૫૧૮.
૨. રાણી. વિં. થીમાચી ઇ. લો. રિ. ૧૫ મ. ૯૩.
૩. રાણી. વિ. સોમાના ઈ. લો. રિ. ૧૫ મદ્રાસ ૨૨૧.
૪. રાણી. વિ. પોશુ. ૨ મુંબઈ હા. કો. ૧૩૪.
૫. રાણી. વિ. ઘોરિ. ૯ મુંબાઈ હા. કો. ૧૬૫.
૬. રાણી. વિ. તુલસીરામ. ઇ. લો. રિ. ૧૩ મુંબઇ ૧૬૮ લીલાસીંઘ. ક્રિ.લા.ઈ.લો.રિ.૨૨ કલકત્તા ૨૮૬.

યદા પ્રમાણે જેને અખત્યાર હોય એવા કોઈ સરકારી નોકરે કોઇ ઇનસાફની કોરટે કાયદા મુજબ કરેલા કોઇ હુકમ બજાવવાના કારણસર અથવા કાંઇ ગુન્હો થતાં અટકાવવાના કારણસર અથવા કાંઇ હંગામો કે બખેડો બંધ પાડવાના કારણસર અથવા જે શખસના ઉપર કાંઈ ગુન્હાનું તહોમત મુકયું હોય કે જે કાંઈ ગુન્હાનો તકસીરવાર હોય કે કાયદેસર કેદમાંથી નાશી ગયો હોય એવા કોઇ શખસને કારણસર તે મદદ માગી હોય તે માણસને છ મહીનાની મુદત સુધીની આશાન કેદની અથવા પાંચસે રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—ખાનગી શખસે કરવાની મદદ કાંઇક મુકરર હોવી જોઈએ. એક ચોરી થઈ તે વખતે એક માજીસ્ટ્રેટે એક જમીનદારને ફરમાવ્યું કે—૧૫ દીવસમાં ચોરીની બાતમી મેળવવી અને પોલીસને મદદ આપવી આવી જાતનો હુકમ કોરટે ગેરકાયદેસર ગણ્યો હતો ૧

કોઇ સરકારી નોકરે કાયદા મુજબ જાહેર કરેલો હુકમ ન માનવો.

૧૮૮. કોઇ સરકારી નોકરને કાંઇ હુકમ જાહેર કરવાનો કાયદા મુજબ અખત્યાર હોય તે પ્રમાણે હુકમ જાહેર કરીને તે કોઇ માણસને એ પ્રમાણે ફરમાવે કે તમારે ફલાણા કામમાં દુર રહેવું અથવા તમારા કબજામાં કે તમારા વહીવટમાં ફલાણી મીલકત છે તે બાબત ફલાણી તરેહનો બંદોબસ્ત રાખવો અને તે પ્રમાણે એ સરકારી નોકરે ફરમાવેલું છે એમ જાણ્યા છતાં તે માણસ તે હુકમ ન માને અને તે હુકમ તેણે ન માનવાથી અગર કાયદેસર કહેલા કોઇ શખસોને કાંઇ અડચણ દુઃખ કે નુકશાન થાય અથવા થશે એવું થાય અથવા કાંઇ અડચણ દુઃખ કે નુકશાનનું જોખમ થાય અથવા થશે એવું થાય તો તે માણસને એક મહીનાની મુદત સુધીની આશાન કેદની અથવા બસે રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે અને અગર તેણે તે હુકમ ન માનવાથી માણસની જીંદગીને, તન્દુરસ્તીને અથવા સલામતીને જોખમ થાય અથવા થશે એવું થાય અથવા હંગામો કે બખેડો થાય અથવા થશે એવું થાય તો તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ખુલાસો—તે ગુન્હેગારે હાની કરવાનો ઇરાદો કરવો જોઇએ અથવા તે હુકમ ન માનેથી હાની થવાનો સંભવ છે એવો તેને વિચાર થવો જોઇએ એમ કાંઈ જરૂર નથી. તે એમ જાણે કે હું ફલાણો હુકમ માનતો **નથી** તથા તે હુકમ તેણે ન માનવાથી હાની થાય અથવા થશે એવો સંભવ હોય તો બસ છે.

દ્રષ્ટાંત—જે સરકારી નોકરને કાયદા મુજબ હુકમ જાહેર કરવાનો અખતીઆર હોય એવા કોઇ સરકારી નોકર અગર એ પ્રમાણે એક હુકમ જાહેર કરે કે ફલાણો ધર્મ સંબંધી

---

૧. રાણી. વિ. બક્ષી, ઇ. લો. રિ. ૩ અલ્હાબાદ. ૨૦૧.

વરઘોડો ફલાણે રસ્તે થઇને જાય નહી ને પછી જાણી બુજીને અ તે હુકમ ન માને અને તેથી હંગામાનું જોખમ થાય તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવું.

ટીકા.—આ કલમ મુજબ થતો ગુન્હો પુરવાર કરવા માટે નીચેની બાબતો સાબીત થવાની અગત્ય છે. (૧) સરકારી નોકરે કહાડેલો કાયદેસરનો હુકમ. (૨) જાણી જોઇને તે હુકમનું તોડવું. (૩ એવી જાતની વર્તણુકથી થતી માઠી અસર—પરિણામ.

ક્રીમીનલ પ્રોસીજરના બાબ ૧૦, ૧૧, અને ૧૨ મામાં, માજીસ્ત્રેટોને કેટલાક હુકમો કહાડવાની સત્તા આપવામાં આવેલી છે. ક્રીમીનલ પ્રોસીજર કલમ ૧૩૩ મુજબ માજીસ્ત્રેટ કેટલાંક લોકોપકારક કૃત્યને દુર કરવા હુકમ કરે છે. કલમો ૧૩૬, ૧૩૭, ૧૩૯ માં લખેલાં વિધી મુજબ તે હુકમો નિશ્ચય પૂર્વક બને છે; અને પછી તે હુકમોનું અપમાન આ કલમ મુજબ શિક્ષાને પાત્ર છે.

ક્રીમીનલ પ્રોસીજર બાબ ૧૧ મામાં કલમ ૧૪૪ મુજબ, તેમાં દર્શાવેલા માજીસ્ત્રેટો, કેટલીક મીલકતના સંબંધમાં ચોકસ હુકમો કરે છે. બાબ ૧૨ મામાં કલમ ૧૪૫ મુજબ સ્થાવર મીલકતના સંબંધમાં કંઈક તકરાર વખતે કેટલાક હુકમો કરવાનો માજીસ્ત્રેટોને અખતીઆર આપવામાં આવેલો છે. એવીજ જાતની સત્તા કંઇક " ઈઝમેન્ટ " (હવા અજવાળાના હક બાબત) ના સંબંધમાં કલમ ૧૪૭ થી અપાઇ છે. પોલીસ એકટની રૂએ, વરઘોડા તથા વાજાંની આવજા માટે પોલીસ ઓફીસરોને કેટલીક સત્તા આપવામાં આવેલી હોય છે.

જ્યારે એક સરકારી નોકરે અમુક હુકમ કહાડયો હોય, અને એક શખસ તેનો અનાદર કરે તો, આ કલમ મુજબ કામ ચાલતાં બચાવમાં તે એવી હકીકત લાવી શકે નહિં કે તે હુકમ તે સરકારી નોકરે કહાડવો જોઇતો નહોતો. જ્યાં સુધી તે કહડાયલો છે:—હયાતિ ભોગવે છે, અને રદ થયો નથી ત્યાં સુધી તે બરોબરજ સમજવાનો છે. ૧ વળી દિવાની કોરટથી તે રદ થઇ શકે નહિં કારણ કે દિવાની કોરટની ફરજ તો અમુક સખસો વચ્ચેના હકો સાબીત કરવાની છે. ક્રી. પ્રો. કલમ ૧૩૩ માં બતાવેલું છે કે—એ કલમ મુજબ કરેલા હુકમ ઉપર શંકા લાવવાની કોઈ સીવીલ કોરટને સત્તા નથી.

ક્રીમીનલ પ્રો. કલમ ૧૪૪ મુજબ કરેલો હુકમ જ્યુડીશીયલ પ્રોસીડીંગ નથી, અને તેથી હાઈકોરટમાં તે ડીવીઝનમાં લેવામાં આવતો નથી, ૧૨ મા બાબ મુજબ કરેલા હુકમો માત્ર મુદતીજ છે અને દિવાની કોરટથી હક સાબીત થાય ત્યાં સુધીજ તે હુકમ ઉભો રહે છે. જ્યાં સુધી દિવાની કોરટથી હક સાબીત થયો નથી ત્યાં સુધી હાઇકોરટને તે માજીસ્ત્રેટનો હુકમ " રીવ્યુ " માં લેવાને પણ સત્તા નથી. ૨ અને તે માજીસ્ત્રેટના હુકમનું અપમાન કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થાય છે. ૩ મુદતના અગર બીજા કંઇ કારણસર એક હુકમની અસર બંધ પડે છે તે પછી તેનું અપમાન થઈ શકતું નથી. ૪

જે હુકમ કહાડવાની માજીસ્ત્રેટોને સત્તા નથી તેવા હુકમોનો અનાદર શિક્ષાને પાત્ર નથી. દાખલા તરીકે:—એક સખસ અમુક ઠેકાણેથી જવા આવવાનો દાવો કરતો હતો તેને માટે મામલતદારે, જે જમીનપર થઇને તે જવાનો દાવો કરતો હતો તે જમીનના માલેક ઉપર હુકમ કહાડયો કે તેણે તે જમીનના દરવાજા ઉઘાડા રાખવા. ૫ ભરૂચના ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટે અને અમદાવાદની મ્યુનીસીપાલીટીએ

૧. રાણી વિ, નારાયણ ઇ. લો. રિ. ૧૨ મદ્રાસ ૪૭૫.
૨. ભરતચંદ્ર. વિ. દ્વારકાનાથ ચોધરી ૧૫ સધરલાન્ડ ક્રી. ૮૬.
૩. ગોલકચંદ્ર. વિ. કાલીચરન ઈ. લો. રિ. ૧૩ ક. ૧૭૫.
૪. રાણી વિ. શીવદીન ઇ. લો. રિ. ૧૦ અ. ૧૧૫.
૫. રાણી વિ. ખંડોજી. ૫ મુંબઇ હા. કો. ૨૧.

કૉલેરાના વખતમાં નાતવરા બંધ કર્યા હતા, જો કે એક રીતે જોતાં તેમ કરવું ઘણું સલાહ ભરેલું હતું પરંતુ તે હુકમો ગેરકાયદેસર હતા અને તેને માટે આ કલમ મુજબ તે ન તાબે થનાર ઉપર મુકેલાં તહોંમતો રદ કરવામાં આવ્યાં હતાં. ૧

ક્રી. પ્રો. બાબ ૧૦; ૧૧; અને ૧૨ ની રૂએ માજીસ્ટ્રેટે કરેલા હુકમો, તે કરવા અગર ન કરવાના કૃત્યના ગેરકાયદેસરપણા ઉપર આધાર રાખતા નથી. તે કૃત્ય નિર્દોષ અને કાયદેસર હોય; પરંતુ તેના પરિણામો પ્રજાને નુકશાનકારક હોય તેને લીધે તે હુકમોનો અનાદર ગેરકાયદેસર બને છે. વ્યાપાર કરવો એ કૃત્ય નિર્દોષજ છે. પરંતુ એક વ્યાપાર એવી જાતનો થતો હોય—દાખલા તરિકે કંઇક રોગના ઉપદ્રવના સમયનાં કાચાં ચાંમડાને દેશી ગંદી રીત મુજબ બજાર વચ્ચે પકવવાનું કારખાનું કે જેથી પ્રજાની તંદુરસ્તીને નુકશાન થવાનો સંભવ હોય: એક માણસ એક તકરારી જમીનમાં ઇમારત ચણાવવાનો હોય કે જેથી આસપાસના લોકોમાં ખરાબ લાગણી ફેલાઇ હુલ્લડ થવાનો સંભવ હોય; તો એવા સંજોગોમાં માજીસ્ટ્રેટ ચોકસ હુકમો કરી શકે છે. એક જમીનદાર એક જુની મારકીટ પાસે નવી મારકીટ બજાર ભરવાનો હતો અને તેથી સુલેહના ભંગાણની ધાસ્તિ રાખવામાં આવતી હતી. માજીસ્ટ્રેટે તે જમીનદારને નવી મારકીટ ભરવા પરવાનગી ન આપી તે માજીસ્ટ્રેટનો હુકમ કાયદેસર ગણાયો હતો.૨

પરંતુ એક માજીસ્ટ્રેટે, મંગળવારે અને શુક્રવારે અમુક બજાર ન ભરવાનો હુકમ કહાડયો હતો તે હાઇકોર્ટે રદ કર્યો હતો અને ઠરાવ્યું હતું કે—અમુક પ્રસંગેજ માત્ર બજાર ન ભરવાનો હુકમ માજીસ્ટ્રેટ કહાડે તે વ્યાજબી છે, પરંતુ જે બજાર ભરવાનો હક, લોકોએ સંપાદન કર્યો હોય તે હંમેશને માટે નષ્ટ કરવાનો, માજીસ્ટ્રેટને અખતિયાર નથી. ૩ પરંતુ આવી જાતની મુશીબત કલમ ૧૪૪ માં એક કલોઝને લીધે આવે તેમ નથી. તે કલોઝમાં જણાવ્યું છે કે—એ કલમની રૂએ કરેલો હુકમ બે મહિના કરતાં વધારે વખત અમલમાં રહી શકશે નહિં.

એક મંદિરમાં વર્ષના અમુક ભાગે જાત્રાળુઓનાં ટોળાં આવતાં હતાં; તે મંદીરના પુજારીઓ ઉપર માજીસ્ટ્રેટે હુકમ કહાડયો કે તેમના મંદિરના દરવાજા સાંકડા છે તે તેમણે વધારે પહોળા રાખવા, આ હુકમ યોગ્ય અને કાયદેસર ગણવામાં આવ્યો હતો, અને તેનો અનાદર આ કલમ (૧૮૮) મુજબ શિક્ષાને પાત્ર છે એવું ઠરાવવામાં આવ્યુ હતું.૪

એક અરજદારે એક માજીસ્ટ્રેટને માગણી કરી કે તેના પડોશીનું ઘર બંધાય ત્યારે તેનાં છાજાં તેને હરકત કરે તેમ છે માટે ૧૮૬૧ ના એકટની ૬૨ મી કલમ મુજબ તે ઘર ન બાંધે એવો મનાઈ હુકમ આપો તે ઉપરથી માજીસ્ટ્રેટે તે હુકમ આપ્યો અને કારણમાં એમ બતાવ્યું કે તે ઘર બંધાય તો સુલેહનો ભંગ થાય તેમ છે. આ ઉપરથી તે માજીસ્ટ્રેટનું સઘળું પ્રોસીડીંગ રદ કરવામાં આવ્યું હતું.૫

જાહેર વરઘોડા કહાડવાની બાબતમાં આ કલમની રૂએ કેટલીક વખત ઉપયોગી પ્રશ્નો ઉઠે છે. સામાન્ય રીતે, પ્રજાના દરેક સખસને, તેને જરૂર પડતા ચેલાઓ, પરિજનો, માણસો, ઘોડાઓ, પાલખીઓ વગેરે લઇને જવાનો હક છે, અને પ્રથમ તે કોઈ વખત તેવી રીતે લઇને ગયો ન હોય તો પણ આજ ન જાય તેનું કાંઈ કારણ નથી. તેવી જાતનો હક ઉત્પન્ન કરવા માટે કશું જરૂરનું નથી. પરંતુ તેમ કરતાં તેણે સંભાળ રાખવી જોઇએ કે રસ્તામાં આવ જા કરનાર માણસોને કોઈ જાતની હરકત ન થવી જોઈએ. અને પોલીસ અને માજીસ્ટ્રેટ તે માટે વખતો વખત જે હુકમ કરે તે તેણે માનવા જોઈએ. વળી

---

૧. રાણી. વિ. સખોનીદાસ. ઈ. લો. રિ. ૧૪ મુંબઈ ૧૬૫. રાણી. વિ. હરીલાલ. ઇ. લો. રિ. ૧૪ મું ૧૮૦.

૨. બાઈકુન્ટરામની બાબતમાં ૧૦ બેં, લો. રિ. ૪૩૪.

૩. ગોપી મોહન. વિ. તારામણી. ઇ. લો. રિ. ૫ ક. ૭.

૪. રાણી. વિ. રામચન્દ્ર એકનાથ ૬ મું. હા. કો. ૩૬.

૫. કાશીચંદ્રદાસની બાબતમાં ૧૦ બેં. લો. રિ. ૪૪૧.

આવા કેસોમાં અમુક સખસ જે એમ દાવો કરે કે એક માણસને જાહેર રીતે તેવા મેળાવડા રસ્તે થઇને લઇ જવાનો હક નથી તો તેવા હકનું બંધ પડવું સાબીત કરવાનો બોજો તેવી તકરાર ઉઠાવનારને માથે છે.૧ એક માજીસ્રેટ હુકમ કરે કે એક ધર્મનો વરઘોડો એક ધાર્મીક સ્થાન યા દેવળ પાસેથી જતો હોય ત્યારે જો તે દેવળમાં પ્રાર્થના યા પૂજા ચાલતી હોય ત્યારે વાજાં વગાડવાં નહિ. પરંતુ ખાસ પૂજા ચાલતી ન હોય ત્યારે પણ એક ધાર્મીક સ્થાન યા દેવળ નજીક થઈને પસાર થતાં વાજાં બંધ કરવાનો હુકમ ગેરકાયદેસર છે.૨

એક બીજો ઉપયોગી પ્રશ્ન ઉભો થાય છે કે સુલેહનો ભંગ થતો અટકાવવાના હેતુથી એક માજીસ્રેટ અમુક કૃત્ય વખતો વખત અટકાવી શકે કે કેમ?

કોઈ બે પક્ષ વચ્ચે એક વિષય ઉપર તકરાર ચાલતી હોય, અને કાયદેસર રીત્યે માજીસ્રેટની ફરજ હોય કે તેણે એક પક્ષને ન્યાય આપવો. દાખલા તરિકે એકલા હિન્દુઓથી વસાયલા ગામમાં એક પાદરી એક મંદીર બાંધવા માગતો હોય અને તેથી વખતો વખત તકરાર થતી હોય. પોતાના ધરમનો ફેલાવો કરનારી સઉને આકાંક્ષા સ્વાભાવિક રીત્યે હોય, અને પાદરી જો તેમ કરવા માગે તો હિન્દુઓ તરફથી થતો અટકાવ બંધકરવાની માજીસ્રેટની ફરજ છે.

અમુક ધરમ અગર પંથના માણસોનો, પોતાના પ્રતિસ્પર્ધીઓના મંદીરની પાસે પણ, મંદીર બાંધવાનો હક, ફક્ત તેમ કરવાથી જો તેઓ તે પ્રતિસ્પર્ધીઓને ઘણીજ હરકત કરતા ન હોય તો, (તે હક) સ્વીકારવામાં આવ્યો છે. ૩

અમુક ધરમને અંગે ગણાતો હક, ધરમના કાનુનોથી છેટનો હોય—ધરમનો એક ભાગજ ન હોય, અને કેવળ શોખની ખાતર અમુક સખશો તે ભોગવવાનો દાવો કરતા હોય તે હક બંધ કરવાથી જનસમુહની લાગણી દુભાવા જેવું કંઇ ઝાઝુ હોય નહિ અને તેને ચાલુ રાખવા દેવામાં આવ્યાથી, અગર તે ભોગવવાની પરવાનગી છુટથી આપવામાં આવવાથી. સુલેહના ભંગની દહેશત રહેતી હોય તો—આવા સંજોગોમાં એક માજીસ્રેટ તે હક ભોગવાતો બંધ કરી શકે. પરંતુ અમુક હક ધરમને અવલંબીને રહ્યો હોય—ધરમનો ભાગજ હોય, તે હક ભોગવવો એને, તે ધરમના અનુયાયીઓ તેમની પોતાની ધાર્મીક ફરજ સમજીને ભોગવવા માગતા હોય કે જે કર્યા વિના તેમના ધારવર મુજબ તેમને સ્વર્ગીય અગર ધાર્મીક સુખ પ્રાપ્ત થતાં વિલંબ થનો હોય, તો આવા સંજોગોમાં ગમે તેટલી વિરૂદ્ધતા સામે, પ્રજાના તેવા હકનું એક માજીસ્ત્રેટે સંરક્ષણ કરવું જોઇએ. પ્રજા હમેશથી ભોગવતી આવતી હોય તેવી છુટના ભોગે, શાન્તી જારી રાખવી એ ઠીક નથી, અમુક સ્થળ, અમુક કોમની ધાર્મીક ક્રીયા માટે એલાયદુ રાખવામાં આવ્યું હોય, તો તેવે સ્થળે તેમની ધાર્મીક ક્રિયાઓ થવા દેવામાં માજીસ્ટ્રેટે મદદ કરવી જોઇએ. પરંતુ તેઓ ધરમના વાવટા મહોલ્લાઓમાં ફેરવવા માગતા હોય અને તેથી શાન્તીનું સ્ખલન થવાની ભીતિ રહેતી હોય તો એક માજીસ્ટ્રેટે તેવા શોખને કાયદેસર રીતે અટકાવી શકે છે. ૪.

મદ્રાસના એક કેસમાં એક કોમના માણસોનો અમુક રસ્તે થઈનેજ મુડદાં લઇ જવાનો હક મંજુર રાખવામાં આવ્યો હતો. બીજા એક તેજ ભાગ તરફના કેસમાં ઢેડ લોકો મુસલમાનવાડામાં થઇને મુડદાં ઉચકી જતા હતા અને મુસલમાનો સામે થતા હતા. માજીસ્રેટે ઢેડ લોકોને મુડદાં લઈ જતા અટકાવ્યા હતા તે ઉપરથી માજીસ્રેટનો હુકમ રદ કરવામાં આવ્યો હતો, પરંતુ જ્યારે અમુક લત્તાના લોકોને, પો-

૧. શીવાપા. વિ. મહાલીંગા. ૧ મ. હા. કો. ૫૦.

૨. મુથીઆલુ. વિ. બાપુન. ઇ. લો. રિ. ૨ મ. ૧૪૦; પરથાસરાદી. વિ. ચ્યુના ક્રીશ્ના ઈ. લો. રિ. ૫ મદ્રાસ, ૩૦૪; સુન્દ્રમચેટી વિ. રાની ઈ. લો. રિ. ૬ મદ્રાસ ૨૦૩.

૩. શેશાયંગર. વિ. શેશાયંગર. ઈ લો. રિ. ૨ મદ્રાસ. ૧૪૩. મડારી. વિ ગોબરધન. ઈ. લો. રી. ૭ કલ. ૬૬૪. પરથાસરાદી. વિ. ચીના ક્રીશ્ના. ઈ. લો. રિ. ૫ મદ્રાસ ૩૦૪.

૪. રાણી. વિ. ટક્કર. ઇ. લો. રી. ૭ મુંબઇ પાનું ૪૨.

[illegible] આગળથી મડદાં પસાર થતાં જોવાનો કંટાળો હોય એમ જણાય ત્યારે માજીસ્ટ્રેટ તે લોકોને બીજે રસ્તેથી લઇ જવાને સમજાવે તેમાં કંઈ ગેરકાયદે નથી. ૧ સરકાર જ્યારે આડક્તરી રીતે પણ બતાવે છે કે તે પોતે અમુક મતથી વિરૂદ્ધ છે ત્યારે લગભગ અડધી વિરૂદ્ધતા તો જતીજ રહે છે.

આ કલમ મુજબ તહોમત સાબીત કરવા માટે સરકારી નોકરે કરેલા હુકમની હયાતિ સાબીત કરવાની જરૂર છે. એ હુકમની હયાતિનું અનુંમાન કરી શકાય નહિ તેની કાયદેસર સાબીતી ન હોય તો તહોંમત ટકી શકતું નથી. ૨ વળી એ હુકમ એવો જોઈએ કે જે ઉપરથી એમ જણાઇ આવે કે જેના ઉપર આરોપ મુકવામાં આવે તે જાણી શકે કે તે પાળવાને તે બંધાયલો હતો. એક કેસમાં ગોવીંદચંદર શાહુ નામના એક સખસે એક નવી મારકેટ હાટ બજાર માંડયો હતો. માજીસ્ટ્રેટે પોતાના હુકમમાં જણાવ્યું હતું કેઃ—"આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે ગોવીંદચંદર શાહુ અને બીજા સખસોએ ... ... હાટ ભરવું નહિ " આ હુકમ વિરૂદ્ધ ભરાયલા હાટમાં આરોપી જે એક વેપારી હતો તે આવ્યો. કોરટે ઠરાવ કર્યો કે તેને શિક્ષા કરવામાં આવી હતી તે ગેરકાયદે હતી.૩

એમ પણ બતાવવું જોઇએ કે આરોપીએ કૃત્ય કર્યું તે અગાઉ સરકારી નોકરે કરેલા હુકમની તેને ખબર પડી હતી.

આ કલમમાં લખ્યા મુજબના પરિણામો થાય તે સિવાયનો ગુન્હો થતો નથી, આ કલમ જાહેર કામો માટે સરકારી નોકરોએ કરેલા હુકમો માટે છે. દિવાની કેસમાં પક્ષકાર અને પક્ષકાર વચ્ચે કરેલા હુકમ માટે નથી.

એક મનાઇ હુકમનું અપમાન કરવા માટે ઉપાય એ છે કે આરોપી ઉપર કોર્ટના અપમાનનું તહોમત મુકવું. ૪ આ મુજબ એક કલેકટરે એક તલાવના કીનારામાં જમીન ખેડવા માટે ના કહ્યા છતાં એક સખસે તે ખેડી તે ઉપરથી આ કલમ મુજબનું તહોમત રદ કરવામાં આવ્યું હતું. ૫ તેવીજ રીતે એક માજીસ્ત્રેટે હુકમ કર્યો હતો કે, જેના હવાલામાં હથીઆરો હોય તેમણે ૧૮૬૦ ના એકટ ૩૧ ની કલમ ૨૬ ની રૂએ નવા પરવાના લેવા, અને આરોપીએ હુકમ વિરૂદ્ધ પરવાનો લીધા સિવાય હથીઆર રાખ્યું હતું તેને આ કલમ મુજબ કરેલી શિક્ષા રદ કરવામાં આવી હતી. જો કે ઉપરના કેસમાં આરોપી માત્ર શીકાર માટેજ હથીઆર રાખતો હતો. ૬ જ્યારે આ કલમના બીજા ભાગ મુજબ વધારે શિક્ષા કરવામાં આવે છે ત્યારે જજમેન્ટમાં લખવું જોઈએ કે આ કલમના બીજા ભાગમાં કયા કયા કારણોથી આરોપીનો ગુન્હો આવે છે.૭

કોઇ સરકારી નોકરને નુકશાન કરવાનો ડર દેખાડવો.

૧૮૯. કોઈ સરકારી નોકરને પોતાના સરકારી હોદ્દાના અમલ સંબંધી કાંઈ કામ કરવાને અથવા કાંઇ કામ ન કરવાને અથવા કાંઇ કામમાં ઢીલ કરવાને લલચાવવાના કારણસર તે સરકારી નોકરને ખુદને અથવા જે શખસની સાથે તે સરકારી નોકરને સબંધ છે એમ પોતે માનતો હોય એવા કોઈ શખસને કાંઇ નુકશાન

---

૧. નારાયણની બાબતમાં ઇ. લો. રિ. ૭ મદ્રાસ ૪૯.
૨. દ્વારીકા મીસરની બાબતમાં ૧૮ સધરલાન્ડ. પાનું ૩૦.
૩. પારબતીચરન, વિ. રાણી. ઈ. લો. રિ. ૧૬ કલકત્તા, ૯.
૪. ચંદ્રકાંત દેની બાબતમાં. ઇ. લો. રિ. ૬ કલકત્તા. ૪૪૫.
૫. ૪ મદ્રાસ હાઇકોરટ રૂલીંગ્સ. ૬.
૬. રાણી. વિ. નંદકુમાર બોસ. ૩ બેં. લો. રિ. એપેન્ડીકસ. ૧૪૯.
૭. રાણી. વિ. રતનરાવ. ૩ મુમઈ હાઈકોરટ ૩૨.

કરવાનો જે માણુસ ડર દેખાડે તે માણુસને બે વરસની મુદ્દત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા—આ કલમ ઉપરથી એમ સમજવાનું નથી કે સરકારી નોકરને વાજબી રીતે કંઈ નુકશાન થઇ શકે નહિ. એક લાંચ લેવા માટે તેના ઉપર કામ ચલાવરાવવું એ કાયદેસર છે, પરંતુ એક મુનસફને કેસ ચાલતાં દરમ્યાન એક તે કેસનો પક્ષકાર, તેણે લીધેલી લાંચની વાત જાહેરમાં મુકવાની ધમકી આપે અને એમ કરીને તેના કેસ ઉપર ખોટી અસર કરવાની તક શોધે તો તે આ કલમ મુજબ ગુન્હો કરે છે, પરંતુ એક ઓફીસર કંઇ ખોટું કામ કરવાનો હોય, તેવા પ્રસંગે તેને કહેવું કે જો તે તેમ કરશે તો તેના ઉપરી અધીકારીને વાત કહી દેવામાં આવશે—આ કોઇ પણ જાતનો ગુન્હો નથી. જ્યારે આરોપીએ બતાવેલી ભીતિ માત્ર મ્હોટાનીજ હોય છે ત્યારે આરોપીએ કહેલા ચોકસ શબ્દો સાબીત થવા જોઇએ જેથી એમ જાણવાને બની આવે કે તેણે આપેલી ભીતિ ઈજા કરવા માટે હતી અગર એ કેસના સંજોગો જોતાં ફરીયાદ કરવા માટે કરવી જોઇએ તેવા પ્રકારની હતી.૧.

કોઇ સરકારી નોકરની પાસે આશરો માગવાની અરજ કરવાથી દુર રહેવાને કોઈ શખસને લલચાવવા સારૂ તેને નુકશાન કરવાનો ડર દેખાડવો.

૧૯૦. કાંઈ નુકશાનથી કોઈનું રક્ષણ કરવાનો અથવા કરાવવાનો જે સરકારી નોકરને કાયદા મુજબ અખત્યાર હોય એવા કોઇ સરકારી નોકરના આગળ કોઇ શખસને કાંઇ નુકશાનથી પોતાનું રક્ષણ થવા બાબત કાયદેસર અરજ ન કરવાને અથવા અરજ કરતો અટકાવવાને, લલચાવવાના કારણસર જે માણુસ તે શખસને કાંઇ નુકશાન કરવાનો ડર દેખાડે તે માણુસને એક વરસની મુદ્દત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—(જુઓ. પોલડી કુઝની અરજી. ઇ. લો. રિ. ૮ મદ્રાસ ૧૪૦)

બાબ ૧૧ મો.

ખોટા પુરાવા તથા સરકારી ઈન્સાફ વિરૂદ્ધ ગુન્હા બાબત.

ખોટી સાહેદી આપવી.

૧૯૧. કાંઇ સોગનથી અથવા કાયદાના ખાસ ઠરાવથી સાચુ બોલવાને જે માણુસ કાયદા મુજબ બંધાએલો હોય અથવા કાંઇપણ બાબત સંબંધી કાંઇ ઈકરાર કરવાને કાયદાથી બંધાયેલો હોય તે માણુસ એવી કાંઈ વાત કહે કે જે ખોટી હોય અને જે ખોટી છે એમ તે જાણુતો કે માનતો હોય અથવા ખરી છે એમ તે ન માનતો હોય તો તે માણુસે ખોટી સાહેદી આપી એમ સમજવું.

---

૧ રાણી. વિ. મહેશ્રીબક્ષ. ઈ. લો. રિ. ૮ અલ્હા. ૩૮૦.

ખુલાસો ૧ લો—કાંઇ વાત મહોડેથી કહી હોય અથવા કોઇ બીજી રીતે કહી હોય તો પણ તેને આ કલમના અર્થ પ્રમાણેની વાત સમજવી.

ખુલાસો ૨ જો—સાહેદી આપનાર સખસ પોતાના માનવા બાબત જે ખોટી વાત કહે તેને પણ આ કલમના અર્થ પ્રમાણેની વાત સમજવી અને જેમ જે વસ્તુ કોઇ શખસ જાણતો ન હોય અને તે કહે કે હું જાણું છું તેથી તે સખસ ખોટી સાહેદી આપ્યાનો ગુન્હેગાર થાય તેમજ જે વસ્તુ તે માનતો નહી હોય તે વીશે તે એમ કહે કે હું એ માનું છું તો તેથી પણ તે શખસ ખોટી સાહેદી આપ્યાનો ગુન્હેગાર થઇ શકે છે.

દ્રષ્ટાંત—(અ) જ ની ઉપર બ નો હજાર રૂપીઆનો એક વાજબી દાવો છે તેની મજબુતીમાં ઇનસાફની વખતે અ આવીને ખોટા સોગંદ ખાય કે બ નો દાવો વાજબી છે એમ જ ને કબુલ કરતાં મેં સાંભળ્યો તો અ એ ખોટી સાહેદી આપી એમ સમજવું.

(બ) કાંઈ સોગંદથી સાચુ બોલવાને બંધાએલો છતાં અ એ પ્રમાણે કહે કે ફલાણી હી જ ની લખેલી છે એમ હું માનુ છું અને જ ની લખેલી છે એમ તે માનતો ન હોય તો એ ઠેકાણે અ જે વાત પોતે ખોટી જાણે છે તે કહે છે માટે તેણે ખોટી સાહેદી આપી એમ સમજવું.

(ક) જ ના અક્ષરનું વલણ અ જાણે છે અને તે એ પ્રમાણે કહે કે ફલાણી સહી જ ની લખેલી છે એમ હું માનું છું અને તેમજ તે સહી તેની લખેલી છે એમ અ શુદ્ધબુદ્ધિએ માનતો હોય તો એ ઠેકાણે અ ની વાત ફકત તેના માનવા વિશે છે અને તેના માનવા વિશે તે સાચી છે માટે અગર તે સહી જ ની લખેલી ન હોય તો પણ અ એ ખોટી સાહેદી આપી એમ સમજવું નહીં.

(ડ) કાંઇ સોગંદથી સાચુ બોલવાને બંધાએલો છતાં અ એ પ્રમાણે કહે કે ફલાણે દહાડે જ ફલાણે ટેકાણે હતો એમ હું જાણું છું અને તે બાબત અ કાંઈ જાણતો ન હોય તો અગર તે દહાડે જ તે ઠેકાણે હતો કે નહીં તોપણ અ એ ખોટી સાહેદી આપી એમ સમજવું.

(ઇ) અ કોઇ સમજાવનારો કે તરજુમો કરનારો છે અને જે વાત અથવા જે લેખ ખરી રીતે સમજાવવા અથવા તેનો તરજુમો કરવાને સોગંદથી બંધાએલો છે તે વાતની અથવા લેખની એવી સમજણ આપે અથવા એવો તરજુમો કરે અથવા તે સમજણ અથવા તરજુમો ખરો છે એમ સરટીફીકેટ આપે કે તે સમજણ અથવા તરજુમો ખરો ન હોય અને તેને ખરો માનતો ન હોય તો અ એ ખોટી સાહેદી આપી એમ સમજવું.

ટીકા.—ખોટી સાહેદી આપવાનો ગુન્હો થવા માટે (૧) સાક્ષીએ પુરાવા તરીકે કંઇક કહેવું જોઇએ; (૨) તે ખોટું હોવું જોઇએ (૩) તે ખોટું છે એવું તે પુરાવો આપનારને શખસે જાણવું જોઈએ.

સાક્ષીએ પુરાવો આપ્યો હોય તે ઉપર સહુથી પ્રથમ તો કંઇકે પ્રશ્ન ઉભો થાય તો તે એટલોજ કે તે સોગન ઉપર આપ્યો હતો કે કેમ ? વાસ્તવીક રીતે, દરેક જુબાની, (આરોપીના જવાબ જેવા અપવાદો બાદ કરતાં) સોગન ઉપરજ અપાય છે. પીનલકોડ કલમ ૫૧ માં સોગનની વ્યાખ્યા આપી છે કે "સોગન એ શબ્દમાં સોગંદને ઠેકાણે ધરમ પુરવક પ્રતિજ્ઞા કરવાનું કાયદામાં ફરમાવેલું હોય, તે પ્રતિજ્ઞા તથા ઇનસાફની કોરટમાં કે બીજે ઠેકાણે કોઇ ઠેકાણે સરકારી નોકરની આગળ, કોઇ પણ એકરાર કરવાનું, કાયદામાં ફરમાવ્યું અગર રજા આપી હોય, અથવા જે ઈકરાર, પુરાવાના કારણસર વાપરવો હોય, તે એકરારનો પણ સમાસ થાય છે, એમ સમજવું."

૧૮૭૩ના આક્ટ ૧૦ માં (સોગન બાબતના આક્ટ) ની કલમ ૯ ઠીમાં જણાવ્યું છે કે, જ્યારે સાક્ષી હીન્દુ અગર મુસલમાન હોય અને સોગન લેવાને તેને હરકત હોય, ત્યારે તે ફક્ત "એફરમેશન" ('પરમેશ્વરને અથવા ખુદાને માથે રાખીને કહીશ')સાચેસાચું જ કરશે અને બીજા લોકો સોગન લેશે તેજ આક્ટની કલમ ૧૩ મીમાં જણાવ્યું છે કે સોગન આપવાની બાબતમાં કંઇ ચુક થઇ હોય તો તેથી અગર એક જાતના સોગનને બદલે બીજી જાતના સોગન ખવડાવવામાં આવ્યા હોય તો તેથી, તેમજ જે રૂપમાં કોઇ પણ જાતના સોગન આપવામાં આવ્યા હોય તે રૂપમાં થયેલા ગેરશિરસ્તા (અવ્યવસ્થિત પણું) થી ચાલેલું કોઇ પણ કામકાજ (પ્રોસીડીંગ) ગેરકાયદેસર થશે નહી, અથવા કોઈપણ પુરાવો, કે જેના સંબંધમાં આવી ચુક, ફેરફારી, અથવા ગેરશિરસ્તો (અવ્યવસ્થિતપણું) થયો હોય તેવો પુરાવો પુરાવમાં દાખલ ન થઇ શકે એમ થશે નહી (અર્થાત્ તેવો પુરાવો કામમાં દાખલ થઇ શકશે), અથવા તેવા પુરાવથી સાચી વાત કહેવાની સાક્ષીની ફરજ ઉપર કાંઈ અસર થશે નહી (અર્થાત્ તેવો પુરાવો છતાં પણ સાચી વાત કહેવાની સાક્ષીની ફરજ કાયમ રહેશે). વળી તેજ આક્ટની કલમ ૧૪ મી એવું ફરમાવે છે કે જે માણસને આ આક્ટથી સોગન આપવાનો તથા પ્રતિજ્ઞા (એફરમેશન) લેવડાવવાનો અધિકાર આપવામાં આવ્યો હોય તેવા કોઈપણ માણસની આગળ કોઈ પણ વિષય ઉપર જુબાની આપનાર દરેક માણસ આવા વિષય ઉપર સાચી હકીકત કહેવાને બંધાયેલો છે. હવે આ બધી કલમોનો સાર એ નીકળે છે કે કોઇપણ કોર્ટ કે જ્યાં તેને કાયદેસર રીતે સોગન આપી શકાય તેવી કોર્ટમાં તે સાક્ષી તરીકે જુબાની આપવા આવ્યો છે તેટલીજ હકીકતથી તે સાક્ષાને માથે સાચી વાત કહેવાની કાયદેસર ફરજ રહેલી છે, પછી તેને સોગન આપવામાં આવ્યા હોય કે ન આપવામાં આવ્યા હોય તો પણ શું થયું, અને તેને બંધનકર્ત્તા થાય તેવા રૂપમાં તેને સોગન આપવામાં આવ્યા હોય કે ન હોય તો-પણ હરકત નથી. આ પ્રમાણે એક કેસમાં કલકત્તા હાઈકોર્ટે એવી ટીકા કરેલી છે કે "એ તો સ્પષ્ટ જણાય છે કે જો કે જુબાની આપનાર શખસને સોગન આપવામાં આવ્યા ન હોય, અથવા પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી ન હોય " તો પણ જુઠી જુબાની આપવાનો ગુન્હો (તેનાથી) થઈ શકે છે. " [૧]

વળી સાક્ષી (સાચી વાત કહેવાને) સોગનથી અથવા પ્રતિજ્ઞાથી **કાયદેસર રીતે બંધાયેલો** હોવો જોઈએ; અર્થાત, સોગન ઉપર જુબાની લખી લેવાને કાયદેસર રીતે અધિકારવાળા અમલદારની આગળ તે સાક્ષીએ પોતાની જુબાની આપેલી હોવી જોઇયે. આ પ્રમાણે એક કેસમાં સબ-રજીસ્ટ્રારે એક દસ્તાવેજ નોંધવાની ના પાડવાથી રજીસ્ટ્રેશન આક્ટ (નોંધણીનો આક્ટ-૧૮૭૭ નો આક્ટ ૩ જા) ની કલમ ૭૨ મી પ્રમાણે સબ-રજીસ્ટ્રારના ઠરાવની સામે અપીલ કરવામાં આવી હતી; અને તે અપીલના સંબંધમાં રેજીસ્ટ્રારે ડીપોટી માજીસ્ટ્રેટને તે કેસની અંદર તપાસ કરવાનું ફરમાવવાથી તે ડીપોટી માજીસ્ટ્રેટે તહોમતદારની સોગન ઉપર જુબાની લીધી, અને તેની આગળ તે તહોમતદારે સોગન ઉપર જે હકીકત કહી તે ખોટી છે એમ માલમ પડતું હતું તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે ડીપોટી માજીસ્ટ્રેટને તે તપાસ કરવાની કાંઇ પણ સત્તા કે હકુમત નહોતી, અને રજીસ્ટ્રેશન આક્ટની ૮૨ મી કલમ પ્રમાણે, અથવા હિંદુસ્તાનના ફોજદારી કાયદા (પીનલકોડ) ની ૧૯૩ મી કલમ પ્રમાણે તહોમતદારને કોઈ પણ રીતે ગુન્હેગાર ઠરાવી શકાય નહી. [૨] તેજ પ્રમાણે જ્યાં સાક્ષીને સોગન આપવાનો જડજને અધિકાર ન હોય છતાં તે સાક્ષીની સોગન ઉપર જુબાની તે જડજ લે તો સોગન ઉપર જુઠી જુબાની આપ્યા બદલ તે સાક્ષીના ઉપર ફોજદારીમાં કામ ચલાવી શકાય નહી. [૩]

વગર અધિકારની તપાસ કે જેમાં કાંઈ પણ સત્તા કે હકુમત વગર સોગન આપવામાં આવ્યા હતા અને તેથી કરીને સોગન ઉપર જુઠી જુબાની આપવા બદલ (સોગન લેનારાઓને) ગુન્હેગાર ઠરાવવા

---

૧. ગોબિન્દ ચન્દ્ર. વિ. રેજાઇના ૧૯ ક. ૩૫૫.

૨. રાધિકા મોહન વિ. લાલ મોહન. ૨૦ ક. ૭૧૯; માતા દયાળ. વિ. રેજાઈના ૨૪ ક. ૭૫૫.

૩. રેજાઇના વિ. જગત. ૯ ક. ૪૪૦; અબદુલ. વિ, કૃષ્ણા. ૨૦ ક. ૭૨૪; રેજાઇના. વિ. હરણ. ૧૦ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર, પાનુ ૩૧; રેજાઇના, વિ. ફતેહ, પંજાબ રેકર્ડઝ. ૧૮૯૪ નું ૧૫મું.

તપાસ પુરતી નહોતી. એવું ઠરાવવામાં આવ્યું" હતું તેવી તપાસના ઘણા દાખલા લૉ રીપોર્ટમાં મળી આવે છે; તેમાંના થોડાક નીચે ફુટનોટમાં ટાંકેલા છે. ૧.

હવે કેટલાક કેસમાં કોર્ટને તપાસ કરવાની સત્તા હોય, પણ સાક્ષીને પ્રતિજ્ઞા આપવાની કાંઈ પણ સત્તા ન હોય, અને જો તેવી કોરટ સાક્ષીને પ્રતિજ્ઞા આપીને તેની જુબાની લે તો, જુઠી પ્રતિજ્ઞા બદલ તે સાક્ષીને સજા થઈ શકે નહી. ૨ દાખલા તરીકે જ્યાં કોઇ ગુન્હેગારને ગેરકાયદેસર રીતે માફી આપવાનું કહ્યું હોય, અને પછીથી તેની સોગન ઉપર જુબાની લેવામાં આવી હોય ત્યાં જુઠા સોગન ખાવા બદલ તે ગુન્હેગારને શિક્ષા થઇ શકે નહી. ૩.

ટુંકમાં જો સોગન આપનારી કોર્ટ તેની હકુમતની બાહાર વર્તતી હોય (અર્થાત તેને આપેલી હકુમતની હદ ઓળંગીને તેની હકુમતની બાહારના કેસ સાંભળતી હોય) તો તે કોર્ટની આગળ જુઠા સોગન લીધા બદલ કોઇપણ શખસ ગુન્હેગાર ઠરી શકે નહી. ૪ આ પ્રમાણે એક મુકદમો કે જે સાંભળવાની કોરટને કાંઈ પણ હકુમત નહોતી—દાખલા તરીકે જમીન કબજે લેવા સારૂ સ્મૉલકૉઝ કોરટમાં ચાલતો મુકદમો–તેવા મુકદમાની તપાસ દરમીઆન એક માણસે સોગન ઉપર જુઠી જુબાની આપી, તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે માણસ સોગન ઉપર જુઠી જુબાની આપવા બદલ શિક્ષાને પાત્ર થતો નહોતો. ૫ પરંતુ જો કોઇ કેસ ચલાવવાની કોર્ટને હકુમત હોય તો તે કેસ ગેરશિરસ્તે ચલાવવામાં આવ્યો છે, અથવા તેમાં બીજી કાંઇ ખોડ ખાંપણ રહી ગઈ છે તે કારણથી કોર્ટની હકુમત નષ્ટ થશે નહી. આ પ્રમાણે એક ફોજદારી કેસ ચાલતાંની દરમીઆનમાં એક માણસે સોગન ઉપર જુઠી જુબાની આપી, પરંતુ જ્યુરીમાંના એક ગૃહસ્થની જ્યુરર તરીકે બેસવાની અયોગ્યતાને લીધે તે કેસની આખી તપાસ વ્યર્થ અને નકામી થઈ, અને તે કેસ આખો ફરી ચલાવવાનો થયો તે કારણથી પેહેલીવાર ચાલેલા કેસમાં તે માણસ સાચુ બોલવાની જવાબદારીમાંથી મુક્ત થતો નહોતો, અને પેહેલીવાર ચાલેલી તપાસની દરમીઆન જુઠા સોગન ખાવા બદલ તે શિક્ષાને પાત્ર થતો હતો. ૬

દિવાની દાવાઓમાં દાવા અરજી અને પ્રતિવાદીની લેખી હકીકતમાં ઈકરાર કરવો જોઇએ, અને ઉપર લખેલી હકીકત સાચી છે એવું ઈકરારમાં જણાવવું જોઇએ.૭ અને તેથી કરીને દાવા અરજીમાં લખેલી હકીકતનો અને પ્રતિવાદીના જવાબમાં લખેલી હકીકતનો આ કલમમાં સમાવેશ થાય છે, કેમકે તે હકીક્ત ખરેખરી હોવી જોઇયે એવું કાયદો ફરમાવે છે,૮ માટે જો ખોટો ઈકરાર કર્યો હોય તો ઈકરાર કરનાર માણસ પીનલકોડની ૧૯૩ મી કલમ પ્રમાણે શીક્ષાને પાત્ર થાય છે.૯ તેજ પ્રમાણે જકાતના કામને સારૂ,

---

૧. રેજાઇના. વિ. ચહતરામ. ૬. અ. ૧૦૩; રેજાઇના. વિ. જીભાઇ. ૧૧ બૉમ્બે હાઇકોરટ રીપોર્ટસ. પાનુ ૧૧ રેજાઇના વિ. દલા જીવા, ૧૦ મું. ૧૯૦; રી ઇશ્વર ચન્દર. ૧૪ ક. ૬૫૯; હરિચરણ, વિ. રેજાઈના, ૨૭ ક. ૪૫૫; રેજાઇના. વિ. વેન્કટારામાના. ૨૩ મ. ૨૨૩.

૨. કોઠા. વિ. રેજાઈના. ૬ મ. ૨૫૨; રેજાઈના, વિ. સુબાયા. ૧૨ મ. ૪૫૧; રી બારકત. ૧૯ અ. ૨૦૦.

૩. રેજાઈના. વિ. દલાજીવા. ૧૦ મું. ૧૯૦

૪. રેજાઇના. વિ. સુબાચેટી. ૬ મ. ૨૫૨; રાધિકા મોહન, વિ. લાલ મોહન ૨૦ ક. ૭૧૯; રેજાઈના, વિ. રાવજી. ૮ બોમ્બે હાઈકોરટ રીપોર્ટસ પાનું ૩૭; રેજાઇના. વિ. ન્યાઝઅલી ૫ અ. ૧૭.

૫. બકસ્ટન. વિ. ગાઉચ. ૩ સોક. ૨૬૯.

૬. રેજાઈના. વિ. વીરા સામી. ૧૯ મ. ૩૭૫.

૭. જુઓ દિવાની કામ ચલાવવાના કાયદા (સીવીલ પ્રોસીજરકોડ ૧૯૦૮ નો આક્ટ ૫ મો.) "ઓ. ૬ રૂ. ૧૫"

૮. રેજાઈના. વિ. મેહેરબાન. ૬. અ ૬૨૬.

૯. રેજાઈના. વિ. દુરગાદાસ. ૨૭ ક. ૮૨૦.

આવક ઉપરના અને બીજા કરના કામને સારૂ, અને મેહેસુલના અને મ્યુનીસીપાલ એસેસમેન્ટ (કરો)ના કામને સારૂ જે હકીકતો દરેક માણસે જાહેર કરવી એવું કાયદો ફરમાવે છે તે હકીકતો જો જુઠી હોય તો તે બાબત ફોજદારી રાહે કામ ચાલી જુઠી હકીકત જાહેર કરનાર માણસને શિક્ષા થશે. આ પ્રમાણે ઇનકમટેકસ કમીશનરની આગળ જુઠી હકીકત જાહેર કરનાર માણસને સજા થયેલી છે.૧

પરંતુ જો કોઈ દસ્તાવેજમાં કાયદા પ્રમાણે ઇકરાર કરવાની જરૂર ન હોય, અથવા જો તે દસ્તાવેજમાં જે હકીકત જણાવી હોય તે હકીકત જણાવવાની તે માણસની (કાયદેસર) ફરજ ન હોય તો તે દસ્તાવેજમાં ઇકરાર કરવામાં આવ્યો છે તે વાતથીજ માત્ર ખોટો ઇકરાર કરવા બદલ તે આ કલમની અંદર આવી શકશે નહી,૨ કેમકે જે હકીકત જણાવવાની ફરજ ન હોય, પણ જે તેણે પોતે પોતાની મેળેજ રાજી ખુશીથી જણાવી હોય તેવી હકીકતને, પછી તે જુઠી હોય તોપણ, આ કલમ લાગુ પડતી નથી, અને તેવી હકીકત બદલ તે શિક્ષાને પાત્ર થતો નથી.૩ આ પ્રમાણે એક એક તરફી હુકમનામુ ફરી સાંભળવા સારૂ કરેલી અરજીમાં ખોટી હકીકત જણાવનાર માણસ આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરી શકતો નથી.૪ પણ આટલું તો ખરૂં કે જે જે કેસમાં તે શખસ ખરી હકીકત જણાવવાને વિશેષ કરીને અથવા **ખાસ કરીને બંધાયેલો હોય** તેવા સઘળા કેસને આ ૧૯૧ મી કલમ લાગુ પડે છે.૫

ફોજદારી કામ ચલાવવાના કાયદા (ક્રીમીનલ પ્રોસીજર કોડ–૧૮૯૮ ના આકટ ૫ મા) ની ૧૬૪ મી કલમ અન્વયે જે માજીસ્ટ્રેટ (ગુન્હેગારની) હકીકત દફતરમાં દાખલ કરે છે તેને તે હકીકત સોગન ઉપર નોંધી લેવાનો અધિકાર છે, અને તેવી હકીકત આ કલમ પ્રમાણે પુરાવો ગણાય છે. ૬ પરંતુ જે પોલીસ અમલદાર ફોજદારી કામ ચલાવવાના કાયદા (ક્રીમીનલ પ્રોસીજર કોડ) ના ૧૪ મા બાબ મુજબ તપાસ ચલાવતો હોય તે પોલીસ અમલદાર જે કોઇ માણસ તે કેસની હકીકતથી વાકેફગાર હોય તેવા કોઇપણ માણસની મુખ જુબાની લેવાને મુખત્યાર છે.૭ પણ તે અમલદાર તેવા માણસને સોગન આપી શકે નહી, અને ફોજદારી કામ ચલાવવાના કાયદાની ૧૬૧ મી કલમ પ્રમાણે, આવા અમલદારે તે માણસને પુછેલા સઘળા સવાલોના ખરા જવાબ આપવાને તે માણસ બંધાયેલો નહી હોવાથી તે માણસે આપેલા જવાબ આ ૧૯૧ મી કલમ પ્રમાણે પુરાવો ગણાશે નહી.૮

જુઠી જુબાની કોને કહેવી, અને કોને નહી:—સાક્ષી અથવા હકીકત જાહેર કરનાર ઈકરાર કરીને અથવા પ્રતિજ્ઞા ઉપર જે કાંઈ (હકીકત) લખાવે તે જુઠી હોવી જોઇએ. દાખલા તરીકે, દીવાની કામ ચલાવવાના કાયદા (સીવીલ પ્રોસીજર કોડ—૧૮૮૨ ના આકટ ૧૪ મા) ની કલમ ૨૩૫ મી પ્રમાણે હુકમનામુ બજાવવાની દરખાસ્તમાં બજાવણી કરનાર ઈકરાર કરવાને બંધાયેલો છે છતાં એક હુકમનામાની લેહેણદારે જો કે જેના ઉપર હુકમનામું થયેલું હતું તેની સાથે ખાનગી પતાવટ કરીને અમુક રૂપૈયા વસુલ લીધા હતા તો પણ તેણે કરેલી બજાવણીની દરખાસ્તમાં તેને વસુલ મળેલા રૂપૈયા મજરે આપ્યા નહી, અને હુકમનામાનું બધું લેહેણું બાકી છે એવું દરખાસ્તમાં બતાવીને નીચે ઈકરાર કર્યો, ત્યા એવું ઠરાવવામાં આવ્યું હતું કે ઇનસાફી મુકરદમાના એક ભાગમા તેણે જુઠી જુબાની આપી હતી, અને ૧૯૩ મી કલમ પ્રમાણે તે શિક્ષાને પાત્ર થતો હતો.૯ તેજ પ્રમાણે સમન્સ (પ્રતિવાદી

---

૧. રેંજાઈના. વિ. દયાળજી ૮ બૉમ્બે હાઈકોરટ રીપોર્ટસ પાનું ૨૧.
૨. રેંજાઇના, વિ. સુબબાયા. ૧૨ મ. ૪૫૧; રેંજાઇના, વિ. બારકત ૧૯ અ. ૨૦૦.
૩. રેંજાઈના, વિ. બઇકાન્ત ૧૬ ક. ૩૪૯
૪. રેંજાઈના. વિ. કાર્તીક ચન્દર ૯ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટસ પાનુ ૫૮
૫. રેંજાઇના, વિ. પારશરામ ૮ મું. ૨૧૬; રેંજાઇના. વિ. નથુ ૧૦ ક. ૪૦૫.
૬. રેંજાઇના. વિ. ખાજાભાઇ ૧૬ મ. ૪૨૧.
૭. ફોજદારી કામ ચલાવવાના કાયદા (ક્રીમીનલ પ્રોસીજરકોડ) ની કલમ ૧૬૧ મી જુઓ.
૮. રેંજાઇના વિ. સંકરલીન્ગ ૨૩ મ. ૫૪૪; રેંજાઈના, વિ. કાસીમ. ૭ ક. ૧૨૧ (ફુલબેન્ચનો ફેંસલો.)
૯. રેંજાઈના, વિ. બાપાજી દયારામ. ૧૦ મું. ૨૮૮. પાને ૧૯૮ મે.

ઉપર) ન બનાવ્યો હોય તો પણ સમન્સ બજાવ્યો છે એવો જુઠો શેરો કરનાર બેલીફ પણ આ કલમ પ્રમાણે જુઠી જુબાની આપનાર ગણાય છે.૧ પરંતુ લીમીટેડ (નિયમીત જવાબદારીવાળી.) કંપનીમાં જુઠું સરવૈયુ (બાલાન્સસીટ) કાઢનાર માણસ,૨ અથવા જુઠુ વકીલાતનામું બતાવનાર વકીલ ૩ આ કલમ પ્રમાણે ગુન્હેગાર થઈ શકતા નથી. એક માણસ જે હકીકત તે જાહેર કરે છે તે ખરી છે કે ખોટી તેની કાંઈપણ જાણ વગર ખોટી હકીકત જાહેર કરે છે તેવો માણસ, ૪ તેમજ બીજાના નામથી જુઠી જુબાની આપનાર માણસ.૫ આ કલમ પ્રમાણે ગુન્હેગાર હોઇ શિક્ષાને પાત્ર થાય છે.

પરસ્પર વિરૂદ્ધ હકીકતો:— જ્યારે તહોમતદારે એકને એકજ વિષયના સબંધમાં બે વાર હકીકતો જાહેર કરી હોય, અને તે બંને હકીકતો જુદી જુદી હોય ત્યારે તે હકીકતો એક બીજાથી વિરૂદ્ધ હોઈ બેમાં થી એક હકીકત તો જુઠી હોવીજ જોઇએ. પણ તે બેમાંથી કઇ જુઠી ઠરાવી તેનું જુઠાણું સાબીત કરવું તે બાબતમાં દરેક હાઇકોરટને ઘણી અડચણ પડતી હતી, અને તેના સંબંધમાં દરેક હાઈકોરટના જુદા જુદા અભિપ્રાય હતા. પરંતુ છેવટે બધી હાઇકોરટો એવા એક નિશ્ચય ઉપર આવી છે કે જ્યાં બે હકીકતો એક બીજાથી એટલી બધી વિરૂદ્ધ હોય કે બેમાંથી એક તો ખસુસ કરીને જુઠી હોવી જોઇએ ત્યાં બેમાંથી કોઈ પણ હકીકતનું જુઠાણું સાબીત કરવાને કંઇ પણ પુરાવો આપવાની જરૂર નથી.૬

૧૯૨. **ખોટો પુરાવો બનાવવો.** જે માણસ કાંઇ બીના બનાવે અથવા કાંઈ ચોપડી કે દફતર મધે કાંઇ ખોટી રકમ લખે અથવા કાંઈ લેખ કરે અને તેમાં કાંઇ ખોટી વાત લખે એવા ઈરાદાથી કે કોઇ ઇનસાફી મુકરદમામાં અથવા કોઈ સરકારી નોકરની આગળ તેના સરકારી હોદ્દાથી કાયદા મુજબ ચાલતા મુકરદમામાં અથવા કોઈ લવાદની આગળ તે બીના ખોટી રકમ અથવા ખોટી વાત પુરાવામાં રજુ થાય તથા તે રજુ થનારી બીના અથવા ખોટી રકમ અથવા ખોટી વાતથી તે મુકરદમામાં પુરાવા ઉપરથી જે શખસ કાંઇ અભીપ્રાય બાંધનાર હોય તે શખસના મનમાં તે મુકરદમાના ફેંસલાને લગતી કાંઇ જરૂરની બાબત સંબંધી ખોટો અભીપ્રાય આવે તો તે માણસે ખોટો પુરાવો બનાવ્યો એમ સમજવું.

દ્રષ્ટાંત—અ **જ** ની એક પેટીમાં **અ** કાંઇ ઘરેણાં મુકે એવા ઇરાદાથી કે તે ઘરેણાં તે પેટીમાંથી જડે તથા એ બીનાથી **જ** ની ઉપર ચોરી સાબેત થાય તો **અ** એ ખોટો પુરાવ બનાવ્યો એમ સમજવું.

---

૧. રેજાઈના, વિ. શામ ૮ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૨૭.
૨. એમ્પ્રેસ વિ, મોસ ૧૬ અ. ૮૮
૩. ઈનરી કઈલાસમ પુતર ૫ મ. હાઇકોરટ રીપોર્ટસ પાનુ ૩૭૩.
૪ રેજાઇના. વિ. ઇચાન ૨ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર. પાનુ ૪૭.
૫. રેજાઈના, વિ. પ્રેમા ૧ મું. ૮૮.
૬. આ નિશ્ચયની બાબતમાં જુદી જુદી હાઇકોરટોના જુદા જુદા ફેંસલા થયેલા છે. (મદ્રાસ) રેજાઈના વિ. પલાની ચેટી. ૪ મદ્રાસ હાઇકોરટ રીપોર્ટસ; પાનુ ૫૧; (બંગાળા) રેજાઈના વિ. મહમદ હુમાયુન. ૧૩ બંગાલ લા રીપોર્ટસ પાનુ ૩૨૪; (અલ્હાબાદ) રેજાઈના, વિ. રામજી ૧૦ મું. ૧૨૪.

(ખ) અ પોતાની દુકાનના ચોપડામાં એક ખોટી રકમ લખે એટલા સારૂ કે કોઇ ઇનસાફની કોરટમાં તે પુસ્ટીકર પરમાણુ દાખલ વાપરવી. તો અ એ ખોટો પુરાવો બનાવ્યો એમ સમજવું.

(ક) જ ની ઉપર બદમસરવસ્તનો ગુન્હો સાબીત કરવાના ઇરાદાથી અ જ ના જેવા અક્ષર કરીને એક કાગળ લખે એવી રીતે કે જાણે તે કાગળ તે બદમસરવત માંહેના કોઇ સોબતીનો લખેલો હોય અને પોલીસના અમલદારો ફલાણે ઠેકાણે ખોળ કરશે. એવો સંભવ છે, એમ જાણીને તે કાગળ તે ઠેકાણે મુકે તો અ એ ખોટો પુરાવો બનાવ્યો એમ સમજવું.

ટીકા.—ખોટા પુરાવો બનાવવાને વાસ્તે ત્રણ તત્વો એકઠાં મળવાં જોઇએ. (૧) કાંઇ બીના બનાવવી અથવા કાંઇ ખોટી રકમ લખવી, અથવા કાંઇ લેખ કરવો અને તેમાં કાંઇ ખોટી વાત લખવી; (૨) એવા ઇરાદાથી કે કોઈ ઈનસાફી મુકરદમામાં અથવા કોઈ સરકારી નોકરની આગલ તેના સરકારી ઓદ્ધાથી કાયદા મુજબ ચાલતા મુકરદમામાં અથવા કોઇ લવાદની આગળ તે બીના, ખોટી રકમ કે ખોટી વાત પુરાવામાં રજુ થાય; (૩) તથા તે મુકરદમામાં પુરાવા ઉપરથી જે સખસની કાંઈ અભિપ્રાય બાંધવાની ફરજ હોય તે સખસના મનમાં તે મુકરદમાના ફેંસલાને લગતી કાંઈ જરૂરની બાબત સબંધી ખોટા અભિપ્રાય બંધાવનારને સારૂ.

કાંઈ બીના બનાવવી.—જે સખસ કોઇ (બીજા) માણસના પટારામાં ચોરેલો માલ મુકે એવા ઈરાદાથી કે તે માણસની સામે ચોરીનું ખોટું તહોમત આવે;૧ અથવા જે સખસ નમુનાની કોથળીની અંદર ભરેલી ચીજો બદલી નાંખે (અર્થાત તે કોથળીમાં અસલ ભરેલી ચીજો કાઢી લઇને તેને બદલે બીજી ચીજો મુકી દે) કે જે નમુનાની કોથળી, આપેલી ખાત્રી (warranty) ઉપરથી આણેલા દાવામાં રજુ કરવાની હતી;૨ અથવા જે સખસની પાસે દાણ ચોરીનું મીઠુ હોય, અને તે મીઠું તે જે માણસના ઉપર દાણ ચોરીનું મીઠું પાસે રાખવાનું તહોમન આવ્યું હોય તે માણસના ઘરમાં મુકવાનું કરે, એવા ઈરાદાથી કે તે માણસની સામે તે એક પુરાવા તરીતે કામ આવે;૩ અથવા જે શખસ બીજા માણસને શિક્ષા કરવાના હેતુથી તે બીજા માણસના ઘરમાં અથવા ખેતરમાં ચોરેલો માલ સંતાડવામાં મદદ કરે;૪ અથવા જે શખસ ગુન્હો કર્યા પછી જે જગાએ ગુન્હો કર્યો હોય તે જગાએ તે હાજર નહોતો એવું (alibi–એલીબાઇ) સાબીત કરવાને વાસ્તે ગુન્હાવાળી જગાએથી દુરના પ્રદેશમાં તુરત જતો રહે,૫ તે સઘળા શખસો આ ૧૯૨ મી કલમના અર્થમાં આવી જાય તેવી રીતે કાંઈ બીના બનાવે છે. એમ કહેવાય છે.

ખોટી વાત લખેલો કાંઇ લેખ બનાવવો, અથવા કાંઇ ખોટી રકમ લખવી:—વારસપરાની તકરારવાળા કેસમાં એક હક ધરાવનાર પક્ષકાર કે જે અસલ ખરા કબર ઉપરના લેખવાળા પથ્થરને કાડી લઈ તેને બદલે બીજો જુઠો પથ્થર મુકી દે, કે જેમાં લગ્નની, જન્મની મરણની અને એવી બીજી તારીખો પ્રમાણે ખુન્હેગાર ગણાશે તેજ પ્રમાણે જે શચસ રજીસ્ટારની આગળ એક દસ્તાવેજ રજીસ્ટર કરાવવાના પોતાના હકને પુષ્ટિ આપવાના ઈરાદાથી એક જુઠો કાગળ બનાવે, ૬ અથવા એક-સરકારી નોકર કે જેને (તેના કબજામાંના) અમુક દસ્તાવેજો નહિ જડવાથી તે રજુ કરવાની પોતાની અશક્તિને લીધે પોતાનો ગુન્હો છુપાવતાને સારૂ બીજા (તેવાજ) દસ્તાવેજો ઈરાદા પુરવક બનાવે (ઉભા કરે) ૭ તેવા સખશો પણ ખોટી વાત લખેલો લેખ બનાવે છે એમ ગણાશે.

જે સખસ મહેસુલી દફતર (રેવન્યુ રેકરડ) માં એવું (ખોટુ) લખાણ કરે કે અમુક જમીન ઉપર અમુક

---

૧ રેંજાઇના. વિ. સુંદર. ૩ સધરલાન્ડઝ વીકલી રીપોરટર (ક્રીમીનલ) પાનુ. ૫૯.

૨ રેંજાઈના. વિ. વિરોનીઝ. (૧૮૯૧), ૧ ક્વીન્સબેન્ચ પાનુ ૩૬૦.

૩. રેંજાઈના. વિ. સુંદર. (ઉપર).

૪. રેંજાઈના. વિ. રામેશર. ૧ અ. ૩૭૯.

૫. રેંજાઈના. વિ. ગફરગોવિન્દ. ૬ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનુ. ૫૫.

૬. રેંજાઇના. વિ. લક્ષ્મણજી. ૭ મ. ૨૮૯.

૭. રેંજાઈના. વિ. મઝહર ૫ અ. ૫૫૨.

માણસનો કબજો હતો, અથવા તે જમીનના સંબંધમાં તે માણસે સરકારી મહેસુલ ભરી દીધું હતું; અથવા જે કારકુને એક મીલકતને વેચાઈ જતી બચાવી લેવાના હેતુથી સરકારી દફતર (રેવન્યુ રજીસ્ટર)માં જુઠું લખાણ એન્ટ્રી-Entry) કરે;૧ અથવા જે શખસ એક દસ્તાવેજની તારીખમાં ફેરફાર કરે, કે જે દસ્તાવેજમાં અસલ તારીખ કાયમ રાખી હોત તો મુદત વીતી જવાથી રજીસ્ટર થઇ શકત નહી;૨ તે સઘળા સખસો ખોટી રકમ (એન્ટ્રી -Entry) લખવાના ગુન્હેગાર હોઇ તે બદલ શિક્ષાને પાત્ર થશે.

જ્યાં એક માણસે પ્રતીવાદીની ઉશ્કેરણીથી સ્ટાંપ—વેન્ડર (સ્ટાંપના કાગળો વેચનાર) ની પાસે એક સ્ટાંપનો કાગળ માગ્યો, અને પોતાનું નામ ચતરસીંગ છે એમ જણાવ્યું, અને તેમ કરીને તે સ્ટાંપના કાગળ ઉપર રીતસરનો (ચીતરસીંગના નામનો) શેરો કરાવ્યો, કે જે ઉપરથી એવું જણાય કે તે કાગળ ચતરસીંગને વેચેલો હતો, અને આમ કરવામાં તે (ચતરસીંગ) ની સામે પાછળથી કરવાના દાવામાં તે કાગળ વાપરવાનો તેનો હેતુ હતો ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે પ્રતિવાદીએ તેમ કરીને ખોટો પુરાવ બનાવ્યો-ઉભો કર્યો હતો.૩

આ પ્રમાણે (ખોટી) બનાવેલી વસ્તુ પુરાવા તરીકે વાપરવાનો ઇરાદો હોવો જોઇએ, અને (ખોટી) બનાવટ કરતી વખતે આ ઈરાદો હોવો જોઈએ.૪

એક પોલીસ અમલદારે અમુક રીપોર્ટ દાબી રાખ્યા, અને પછી પોતાની ડાયરી (રોજનિશિમાં) એવું લખાણ દાખલ કીધુ કે તેણે તે રીપોર્ટ મોકલાવ્યા હતા, અને નિશંક તેમ કરવામાં તેનો એવો ઇરાદો હતો કે જો કાંઈ પણ તહોમત તેની સામે આણવામાં આવે તો તે તેની પોતાની તરફથી તે દાખલ કરેલું લખાણ (એન્ટ્રી) પુરાવામાં રજુ કરી શકે. તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે ૧૯૨ મી કલમમાં આવી જાય તેવી રીતનો આ ગુન્હો નહોતો, કેમકે દાખલ કરેલું લખાણ (એન્ટ્રી) જો કે તેની વીરૂદ્ધ પુરાવમાં લઈ શકાય તો પણ તે તેની તરફેણમાં વાપરી શકાય નહી.૫

જ્યાં ખોટા બનાવેલા પુરાવાનો ઇનસાફી મુકરદમામાં અથવા લવાદની આગળ ઉપયોગ કરવાનો તહોમતદારનો ઇરાદો ન હોય ત્યાં કોઇ સરકારી નોકરની આગળ તેના સરકારી ઓદ્ધાથી કાયદા મુજબ ચાલતા મુકરદમામાં તે (પુરાવા) નો ઉપયોગ કરવાનો ઈરાદો હોવો જોઇએ જ્યાં એક જંગલ પટે રાખનારે સરકારને ઠગવાના હેતુથી ફોરેસ્ટ (જંગલ ખાતાના)—આફીસરને જુડો હીસાબ દેખાડયો; ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ ૧૯૨ મી કલમના અર્થની અંદર સમાવેશ થાય તેમ તેણે ગુન્હો કર્યો નહોતો આના સબંધમાં કોર્ટે એવી ટીકા કરી હતી કે " જંગલ ખાતાના અમલદારને તપાસ કરવાનો " અને કોઇ પણ બાબતમાં પુરાવો લેવાનો કાયદાથી કાંઇ પણ અધીકાર આપવામાં આવ્યો હોય એમ " જણાતું નથી. અને તપાસ કે એવું બીજુ કાંઇપણ કામકાજ કરવાનું કાયદા પ્રમાણે ઠરાવેલું નહી હોવાથી " તથા નિર્દીષ્ઠ કરેલું નહી હોવાથી, તે અમલદારની આગળ કહેલી હકીકત જોકે જુઠી હોય તોપણ તે " ખોટો બનાવેલો પુરાવ થશે નહી; અને તેથી કરીને તેવા પુરાવો બનાવનાર ૧૯૩ મી કલમમાં કહેલી " શીક્ષાને પાત્ર થશે નહીં. "૬

મુકરદમાના ફેંસલાને લગતી જરૂરની બાબત સંબંધી.

આ કલમમાં સને ૧૯૧ મી કલમમાં રહેલો ફેર ધ્યાન આપવા જોગ છે. જે કેસમાં ખોટો પુરાવો આપ્યો હોય તે કેસને લગતી **જરૂરની બાબત** સબંધી તે ખોટો પુરાવ આ કલમ પ્રમાણે હોવો જોઇએ,

---

૧. રેજાઈના. વિ. જગનલાલ. ૭ કલકત્તા લો. રીપોરટરસ પાનું. ૩૫૬.

૨. રેજાઇના. વિ. મીર ઇકરાર. ૬ ક. ૪૮૨.

૩. રેજાઇના. વિ. ચુન્નો. ૨. અ. ૧૦૫.

૪. લક્ષમણજી. વિ. રેજાઈના. ૭ મ. પાનું. ૨૯૦.

૫. રેજાઇના. વિ. ગઉરીશંકર. ૬ અ. ૪૨.

૬. રેજાઈના. વિ. રામાજીરાવ. ૧૨ બોમ્બે હાઈકોરટ રીપોર્ટસ પાનું ૧, છડે પાને.

જ્યારે ૧૯૧ મી કલમમાં તેમ નથી.૧ દાખલા તરીકે જ્યાં એક દસ્તાવેજ મુદતની અંદર ગણાઇ રજીસ્ટર કરાવી શકાય તેટલા સારૂ રજીસ્ટર કરાવનારાએ તે દસ્તાવેજની તારીખમાં ફેરફાર કર્યો, ત્યાં તે તારીખમાં ફેરફાર કરનારને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો, કેમકે તે ફેરફારનો હેતુ એક સરકારી અમલદારને તેણે કરવાના વર્તનથી જુદુજ વર્તન કરવાને લલચાવવાનો હતો, અને તેથી કાયદા પ્રમાણે તેની આગળ ચાલતા મુકરદમાને લગતી જરૂરની બાબત સબંધી તે ફેરફાર હતો.૨ પરંતુ જ્યાં એક વકીલે અમુક અધીકારીની હાજરીમાં વકીલાતનામા ઉપર તેના અસીલની સહી થઇ હતી એવું બતાવનારી તે અધિકારીની જુઠી સહી કરી (કે જે સહી વગર રૂલ્સ પ્રમાણે વકીલાતનામુ દાખલ થઈ શકતું નહોતું) અને તે વકીલાતનામુ કામમાં દાખલ કર્યું, ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ કલમ પ્રમાણે તેને ગુન્હેગાર ઠરાવી શકાય નહી. કેમકે તે કામનો ફેંસલો આપવા સારૂ જડજે તે કામના ગુણદોષ ઉપરથી બાંધેલા અભિપ્રાયમાં વકીલાતનામાના ખરા અથવા ખોટાપણાથી કાંઈ ફેરફાર થવાનો નહોતો.૩ એક કેસમાં એક જમીન ખરીદનારાએ એક વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી લીધો. આ દસ્તાવેજમાં તે જમીનની ચતુઃસીમાનું બરાબર રીતે વર્ણન કરવામાં આવ્યું હતું, પણ તેનો રેવન્યુ નંબર તે દસ્તાવેજમાં ખોટો નાંખ્યો હતો. તે વેચાણ રાખનારે તેની સામે આણવામાં આવેલા એક દાવામાં તે દસ્તાવેજમાં જમીનનો ખરો નંબર નાંખી (અને ખોટો નાંખેલો નંબર ચેરી નાંખી) તે દસ્તાવેજ કામમાં રજુ કર્યો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેણે કરેલા ફેરફારથી ૧૯૩ મી કલમ પ્રમાણે ગુન્હો બનતો નહોતો, કેમકે તે કામના ચુકાદાને લગતા કોઈ પણ જરૂરના પોઇન્ટ ઉપર કોઇપણ અધિકારીનો ખોટો (ભુલ ભરેલો અભિપ્રાય બાંધવાનો તે વેચાણ રાખનારનો ઈરાદો નહોતો.૪ જ્યાં એક પોલીસ અમલદારે જે કેસની તે તપાસ કરતો હતો તે કેસના સબંધમાં જુઠુ લખાણ (એન્ટ્રી) તેની ખાસ ડાયરીમાં દાખલ કર્યું, પરંતુ જે દસ્તાવેજ (એટલે તેની ખાસ ડાયરી) માં તેણે આ જુઠું લખાણ દાખલ કર્યું હતું તે દસ્તાવેજ પુરાવમાં લેવાઇ શકાય એવો નહોતો તેથી એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે પોલીસ અમલદાર આ કલમ પ્રમાણે ગુન્હેગાર થતો નહોતો.૫

ઈનસાફી મુકરદમો અથવા ન્યાયની રીતે ચાલતું કામ (જ્યુડીશીઅલ પ્રોસીડીંગ—Judicial Proceeding):—ચીફ જસ્ટીસ સ્કોટલાન્ડે ઇનસાફી મુકરદમાની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે. " કોઈપણ ચાલતા કેસના સબંધમાં ન્યાય આપવાના દરમીઆનમાં કોર્ટે લીધેલું પગલું " ૬ ફોજદારી કામ ચલાવવાના કાયદા (ક્રીમીનલ પ્રોસીજર કોડ) ની કલમ ૪ થી (મ) પ્રમાણે ઇન્સાફી કામ (મુકરદમો) એ શબ્દોમાં જે કોઈપણ કામમાં પુરાવો સોગન ઉપર કાયદેસર રીતે લેવામાં આવે છે અથવા લેવાનો અધિકાર છે તેવા કોઇપણ કામનો સમાવેશ થાય છે. પરંતુ મી. મેઇન સાહેબ કહે છે કે પીનલકોડની કલમો ૧૯૨ અને ૧૯૩ માં આવતા " ઈનસાફી મુકરદમો " શબ્દની આ વ્યાખ્યા નથી. દાખલા તરીકે, રેજીસ્ટ્રેશન આકટ (નોંધણીનો આકટ ૧૮૭૭ નો આકટ ૩ જો) મુજબ દસ્તાવેજ નોંધનારની આગળ કહેલી કહેલી હકીકત, અથવા ફોજદારી કામ ચલાવવાના કાયદાની ૧૫૪ મી કલમ પ્રમાણે માજીસ્ત્રેટ આગળ કહેલી હકીકત જો જુઠી હોય તો આ પીનલકોડની ૧૯૩ મી કલમના બીજા (પાછલા) ભાગ મુજબ ખોટા પુરાવા તરીકે શિક્ષાને પાત્ર છે, છતાં નોંધણી કામદાર (રજીસ્ટ્રાર) ની આગળ ચાલેલુ કામ ઈનસાફી મુકરદમો કહેવાય નહી, કેમકે તેની તો ફક્ત અમુક કામ (નોંધવાનું) બજાવી લાવવાની ફરજ છે૭ તેજ પ્રમાણે ફોજદારી કામ ચલાવવાના કાયદાની કલમો ૧૬૧, અને ૧૬૪ મુજબ કહેલી હકી-

---

૧. રેજાઇના. વિ. તુકારામ રતનલાલ કૃત અનરીપોરટેડ ક્રીમીનલ કેસીસ પાનું ૨.

૨. રેજાઇના. વિ. મીર ઈકરાર. ૬ હ. ૪૮૨.

૩. ઇનરી કઈલાસમ પુતર. ૫ મદ્રાસ હાઇકોરટ રીપોર્ટસ પાનુ ૩૭૩.

૪. એમ્પ્રેસ. વિ. ફતેહ. ૫ અ. ૨૧૭.

૫. એમ્પ્રેસ. વિ. ઝાકીરહુસેન. ૨૧ અ. ૧૫૯.

૬. રેજાઇના. વિ. વેન્કટાચેલમ પીલાઇ ૨ મદ્રાસ હાઇકોરટ રીપોર્ટસ. પાનું ૪૩, પાને ૪૬ મે.

૭. રેજાઇના. વિ. તુલજા. ૧૨ મું. ૩૬ પાને ૪૧ મે.

-કત, જો કે કાયદેસર રીતે જરૂરની છે, તો પણ તે પોતે પ્રથમ તપાસમાં અથવા છેવટની તપાસ (trial) -માં પુરાવો નથી; અને એમાંથી કોઇપણ કલમ પ્રમાણે કરેલી તપાસ ઇનસાફી મુકરદમો કહેવાય નહી,૧ છતાં તે કલમો પ્રમાણે જો કાંઈ ખોટી હકીકત જણાવી હોય તો તે શિક્ષાને પાત્ર થાય છે.૨

આમ હોવાને લીધે મી: મેઇન સાહેબ ૧૯૨ મી કલમમાં આવતા ઈન્સાફી મુકરદમા શબ્દની નીચે મુજબ વ્યાખ્યા આપે છે. "ન્યાયનો કાયદેસર અમલ કરવામાં લીધેલું કોઈ પણ પગલું', કે જેમાં "અમુક કેસમાં તકરારમાં પડેલી બાબતોના ચુકાદાને સારૂ, અથવા આવી બાબતોના ફેંસલાને અથવા "છેવટના નિર્ણયને વાસ્તે જરૂરના કોઇપણ સવાલના ચુકાદાને સારૂ પુરાવો કાયદેસર રીતે લેવાઈ "(નોંધાઇ) શકાય." ઇનસાફી મુકરદમામાં નીચેની બાબતોનો પણ સમાવેશ થાય છે. (૧) ફોજદારી કામ ચલાવવાના કાયદા (ક્રીમીનલ પ્રોસીજરકોડ) ની ૪૮૮ મી કલમઉ મુજબ ધાન લુગડું (ગુજરાન) ને વાસ્તે કરેલો હુકમ;૪ (૨) ધારાના હિમાયતીઓના આકટ (લીગલ પ્રેકટીશનરસ આકટ—૧૮૭૯ નો આકટ ૧૮ મા) મુજબ કરેલી તપાસ;૫ (૩) ન્યાયની કોરટ આગળ ચાલવાના કામ પહેલાં (તેના પ્રથમ પગલા તરીકે) કાયદાએ ફરમાવેલી તપાસ;૬ (૪) કોરોનર્સ આકટ (સને ૧૮૭૧ ના આકટ ૪ થા) ની કલમ ૮ મુજબ કરેલી તપાસ. પરંતુ ફોજદારી કામ ચલાવવાના કાયદાની ૯૮ મી કલમ મુજબ માજીસ્ત્રેટે કરેલી મીલકતની જપ્તી ઇન્સાફી મુકરદમો કહેવાય નહી, કેમકે તેમાં કાંઈપણ તપાસ કરવાનું તેને ફરમાવેલું નથી.૭

ઉપર જણાવેલા વેન્કટાચેલમવાળા મદ્રાસ કેસમાં, એવું જણાતું હતું કે એક કોર્ટના બેલીફો, કે જેમની સંખ્યા બારની હતી, તેઓને તે કોર્ટની આગળ જુદા જુદા કેસમાં સમન્સ બજાવી દીધા હતા તે વાતનો પુરાવો આપવા સારૂ વારેઘડીએ બોલવવામાં આવતા હતા, (અને તેમને વારે ઘડીએ બોલાવવા ન પડે તેટલા સારૂ) તે કોરટમાં એવો રીવાજ રાખેલો હતો કે દરેક દીવસની શરૂ-આતમાં (બીજુ ન્યાયનું કામ હાથમાં લીધા પહેલાં) તે બધા બેલીફોને બોલાવીને, તે દિવસે કોર્ટની આગળ આવવાના બધા કેસોમાં ખરી જુબાની આપવાની (અર્થાત સાંચેસાચુ કહેવાની) તેમને પ્રતિજ્ઞા લેવડાવવામાં આવતી; અને તે દિવસના પાછલા ભાગમાં (મોડા) એક બેલીફે જુઠી જુબાની આપી, તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેને ૧૯૩ મી કલમ પ્રમાણે બરાબર રીતે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો, કેમકે તેને લેવડાવેલી પ્રતિજ્ઞા "ઈનસાફી મુકરદમાના એક ભાગ" માં આપવામાં આવી હતી.૮ તેજ પ્રમાણે જામીન ઉપર છોડવાને વાસ્તે કરેલી અરજની અંદર આપેલી જુઠી જુબાની,૯ અથવા કોઈ દસ્તાવેજનો બીજો (secondary) પુરાવ દાખલ કરવા

---

૧. રેજાઇના. વિ. ઈસ્માલ ૧૧ મું. ૬૫૯; રેજાઇના. વિ. મનુ. ૧૯ અ. ૩૯૦.

૨. રેજાઈના. વિ. પારશરામ ૮ મું. ૨૫૧; રેજાઈના. વિ. ભગવન્તીઆ ૧૫ અ. ૧૧; રેજાઇના. વિ. નથુ શેખ ૧૦ ક. ૪૦૫.

૩. જુના ક્રીમીનલ પ્રોસીજર (૧૮૮૨ નો આકટ ૧૦ મો) ની કલમ ૧૮૮ મી આ કલમને મળતી છે.

૪. રેજાઈના. વિ. થાકુ૫ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ, પાનુ ૮૧.

૫. સુબાચેટી. વિ. રેજાઈના ૬ મ. ૨૫૨.

૬. રેજાઇના. વિ. સુંદર પતનાઇક. ૩ સધરલાન્ડઝ વીકલી રીપોરટે. પાનુ ૫૯; રેજાઈના. વિ. માતા દયાળ ૪ નોરથ વેસ્ટ પ્રોવીન્સીસ રીપોર્ટસ પાનુ ૬

૭. રેજાઇના. વિ. શિવદિહાલ ૬ અ. ૪૮૭

૮. રેજાઇના. વિ. વેન્કટાચેલમ પીલાઇ, ૨ મદ્રાસ હાઇકોર્ટ રીપોર્ટસ. પાનુ ૪૩

૯. ૧ હોકીન્સ'લીઝ ઓફ ધી ક્રાઉન પાનું ૪૩૦

સારૂ જે હકીકત સાબીત કરવાની હતી તે હકીકતના સંબંધમાં આપેલી જુઠી જુબાની[1] પણ શિક્ષાને પાત્ર થશે. જ્યાં એક પોલીસ-ઈન્સ્પેકટર ન્યાયની કોર્ટની આગળ ચાલવાના કામના પ્રથમ પગલા તરીકે (preliminary) મીઠાના કાયદાનો ભંગ કરવાના સબંધમાં તપાસ ચલાવતો હતો ત્યાં પણ એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ (તપાસ) ઈનસાફી મુકરદમાનો એક ભાગ હતો.[2] તેજ પ્રમાણે ફોજદારી કામ ચલાવવાના કાયદા (ક્રીમીનલ પ્રોસીજરકોડ)ની ૧૪૪ મી કલમ મુજબ હુકમ કાઢતા પેહેલાં માજીસ્ત્રેટે કરેલી તપાસ પણ ઇનસાફી મુકરદમાનો એક ભાગ ગણવામાં આવ્યો હતો.[3] પરંતુ જ્યાં એક માજીસ્ત્રેટને નનામો કાગળ મળ્યો, અને તે કાગળમાં કેટલાક માણસો ઉપર ખુનનું તહોમત મુકવામાં આવ્યું હતું, અને તે કામમાં, ખુનનો પત્તો મેળવવાના હેતુથી નહિ, પણ તે કાગળનો લખનાર નક્કી કરવાના હેતુથી તે માજીસ્ત્રેટે પુરાવ લીધો, ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેણે કરેલી તપાસ "ઈનસાફી મુકરદમાનો એક ભાગ" નહોતો, અને તેટલા માટે ૧૯૨ મી કલમ પ્રમાણે કાંઇ ગુન્હો થતો નહોતો.[4] તેજ પ્રમાણે જ્યાં એક ગુજરી ગયેલા શખસનો વારસ કે જે તે ગુજરી ગયેલા શખસનાં લેહેણાં નાંણાં ઉપર હક ધરાવતો હતો તે વારસે ટેલીગ્રાફ (તારના) સત્તાવાળાઓની આગળ કહેલી હકીકતનું ખરાપણું શોધી કાઢવાનો તપાસનો હેતુ હતો,[5] અથવા જ્યાં ચલાવેલું કામ તદ્દન હકુમત વગર ચલાવવામાં આવ્યું હતું ત્યાં પણ તે તપાસ અથવા કામ "ઇનસાફી મુકરદમાનો એક ભાગ નથી એવું ઠરાવવામાં આવ્યું હતું. એક કેસમાં બે કેદીઓને ખુનના તહોમતમાંથી મુક્ત કરી છોડી મુકવામાં આવ્યા હતા. નવી તપાસને વાસ્તે સરકારે અરજી કરી તે અરજી સુનાવણી ઉપર આવતા પેહેલાં (અરજી પડી રહેલી–pending તે દરમીઆનમાં) પોલીસે તહોમતદારને પકડયા, અને તેમને માજીસ્ત્રેટની આગળ રજુ કર્યા; અને તે માજીસ્ટ્રેટ, જો અપીલમાં તેમની વિરૂદ્ધ ફેંસલો થાય તો, તેમને નાશી જતા અટકાવવાને સારૂ, તેમને કબજામાં રાખવાનો હુકમ કર્યો. આવો કોઈપણ હુકમ કાઢવાનો તેને કાંઈ અધિકાર નહોતો. તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે "ઇનસાફી મુકરદમો" નહોતો.[6] ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટના હુકમથી એક માજીસ્ત્રેટે પોલીસની સામે થયેલા ફરીયાદની બીનાના સંબંધમાં ચલાવેલી પ્રથમ તપાસ વખતે એક સાક્ષીએ સોગન ઉપર ખોટી હકીકત કહી; તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે માજીસ્ત્રેટની આગળ ચાલતી તપાસ ઈનસાફી મુકરદમો નહોતો.[7] છેલ્લે ફોજદારી કામ ચલાવવાના કાયદાની ૧૬૪ મી કલમ પ્રમાણે એક માજીસ્ટ્રેટ આગળ કહેલી હકીકત આ કલમના અર્થમાં આવી જાય તેમ "ઇનસાફી મુકરદમાના એક ભાગ"માં કહેલી હકીકત નથી.[8]

ખોટી શાહેદી તથા ખોટા પુરાવાની વાત.

૧૯૩. જે માણસ કાંઈ ઇનસાફી મુકરદમાના કોઇ પણ ભાગમાં ઈરાદાથી ખોટી શાહેદી આપે અથવા કોઈ ઈનસાફી મુકરદમાના કોઈ પણ ભાગમાં વપરાય એવા કારણસર ખોટો પુરાવો બનાવે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની

૧. રેજાઇના. વિ. ફીલપોટસ ૨ ડેનીસન્સ ક્રાઉન કેસીસ પાનું ૩૦૨.
૨. રેજાઈના વિ. સુંદર પતનાઈક ૩ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનુ ૫૯
૩. રેજાઇના વિ. તીરૂનાસીંહાચારી ૧૯ મ. ૧૮
૪. રેજાઇના. વિ. બાઇ કાન્ત ૫ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૭૨
૫. રેજાઇના. વિ. ચઈતરામ ૬ અ. ૧૦૩; રેજાઈના. વિ. વેન્કટારમાના ૨૩ મ. ૨૨૩; હરિચરણ વિ. રેજાઇના ૨૭ ક. ૪૫૫.
૬. રેજાઇના. વિ. ગુલામ ઈસ્માયલ. ૧ અ. ૧
૭. એમ્પ્રેસ વિ. વેન્કટારમાના ૨૩ મ. ૨૨૩.
૮. એમ્પ્રેસ વિ. પુરણ. ૧૯ અલ્હાબાદ વીકલી નોટસ. પાનુ ૩૯

શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે તથા બીજી કોઇ બા-બતમાં જે માણુસ ઈરાદાથી ખોટી શાહેદી આપે અથવા ખોટો પુરાવો બનાવે તે માણુસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુલાસો ૧ લો—કોઇ કોરટ મારશલ મીલીટરી કોરટ ઑફ રીકવેસ્ટની આગળ તજવીજ ચાલતી હોય તેને ઇનસાફી મુકરદમો સમજવો.

ટીકા.—"અથવા મીલીટરી કોર્ટ ઓફ રીકવેસ્ટની આગળ" એ શબ્દો આ ખુલાસામાં પેહેલાં દાખલ હતા, પણ તે શબ્દો ૧૮૮૯ના આકટ ૧૩ માંથી રદ કરી કાઢી નાંખવામાં આવ્યા છે.

ખુલાસો ૨ જો—કોઈ ઈનસાફની કોરટ આગળ મુકરદમો ચાલતાં પહેલાં કાયદાએ ફરમાવેલી તજવીજ થતી હોય તો ઇનસાફી મુકરદમાનો એક ભાગ સમજવો પછી તે તજવીજ કોઇ ઈનસાફની કોરટની આગળ નહી થતી હોય તોપણ.

દ્રષ્ટાંત—જ ને તેનો ઇનસાફ થવા સારૂ કમીટ કરવો જોઇએ કે નહી એ ઠરાવવા સારૂ કોઇ માજીસ્ટ્રેટની આગળ ચાલતી તજવીજમાં અ સોગંદ ખાઇને એવી વાત કહે છે કે જે ખોટી છે એમ તે જાણુતો હોય તો એ તજવીજ ઈનસાફી મુકરદમાનો એક ભાગ છે માટે અ એ ખોટી શાહેદી આપી એમ સમજવું.

ખુલાસો ૩ જો—કોઇ ઇનસાફની કોરટે કાયદા મુજબ કાંઇ તજવીજ કરવાનું ફરમાવ્યું હોય અને તે તજવીજ કોઇ ઇનસાફની કોરટના હુકમ મુજબ થતી હોય તો તે તજવીજને ઇનસાફી મુકરદમાનો એક ભાગ સમજવો. પછી તે તજવીજ કોઇ ઇનસાફની કોરટની આગળ નહી થતી હોય તો પણ કોઈ જમીનની હદ મુકરર કરવા સારૂ એક ઇનસાફની કોરટે કોઇ અમલદારને તે જગોપર મોકલ્યો હોય તે અમલદારના આગળ થતી તજવીજમાં અ સોગંદ ખાઇને એવી એક વાત કહે કે જે ખોટી છે એમ તે જાણુતો હોય તો એ તજવીજ ઇનસાફી મુકરદમાનો એક ભાગ છે, માટે અ એ ખોટી શાહેદી આપી એમ સમજવું.

ટીકા.—એક બીજાથી વિરૂદ્ધ હકીકતો કહેવામાં આવે ત્યારે, જો કે કોર્ટ એમ માને કે બેમાંથી એકાદા પ્રસંગે કહેનાર શખસે ખોટો મચકુર કહ્યો છે, તોપણ તે ઉપરથી તેણે ખોટી શાહેદી આપી છે એમ ઠરતું નથી. કારણકે એમ બનના જોગ છે કે એક શખસ પ્રમાણીકપણે એક વાતને ખરી માનતો હોય અને સોગન ઉપર તે લખાવે, અને પાછળથી તેને એમ લાગ્યું હોય કે એમ માનવામાં તેની ભુલ હતી.[1]

દેહાંત શીક્ષા જોગ ગુન્હો કોઇની ઉપર સાબીત કરવાના ઈરાદાથી ખોટી સાહેદી આપવી અથવા ખોટો પુરાવો બનાવવો.

૧૯૪. જો કોઇ માણુસ ખોટી સાહેદી આપે અથવા ખોટો પુરાવો બનાવે એવા ઈરાદાથી કે તેમ કરવાથી કોઈ શખસની ઉપર બ્રીટીશ હીંદુસ્તાનના અથવા ઈંગ્લાંડના કાયદા મુજબ દેહાંત શીક્ષા જોગ હોય એવો કોઇ ગુન્હો સાબીત થાય અથવા તેમ કરવાથી સાબીત થાય અથવા તેમ કરવાથી સાબીત થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં તો તે માણુસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની સુ-

---

1. ૬ બૉમ્બે હૈ. રિપોર્ટર ૩૭૯. ૪. બો. રિ. ૨૮ મુંબઇ ૫૩૩.

અગર તેમ કરવાથી કોઇ બે ગુના શખસની ઉપર ગુન્હો સાબીત થઇને તેનો જીવ લેવામાં આવે તો.

દત સુધીની સખત કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે અને અગર તે ખોટી સાહેદીને લીધે કોઈ બે ગુન્હા શખસના ઉપર ગુન્હો સાબીત થઈને તેનો જીવ લેવામાં આવે તો તે ખોટી સાહેદી આપનાર શખસને અગર તો મોતની અથવા ઉપર બ્યાન કરેલી શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—એક તહોમતદારની ખુનના તહોમતને સારૂ તપાસ ચાલતી હતી, તે તપાસની દરમીઆનમાં એક સાક્ષીએ સોગન ઉપર એવું કહ્યું કે તે ખુન તે તહોમતદારે કર્યું નહોતું, પણ એક બીજા માણસે કર્યું હતું. તે બીજા માણસને પકડવામાં આવ્યો નહોતો તેમજ તેના ઉપર આ ખુનનું તહોમત મુકવામાં આવ્યું નહોતું તથા તેને પીંજરામાં તહોમતદાર તરીકે ઉભો કરવામાં આવ્યો નહોતો તેથી તે સાક્ષીની જુબાનીથી તે બીજા માણસને સજા કરાતી નહોતી તેટલા સારૂ તે સાક્ષી આ કલમ પ્રમાણે ગુન્હેગાર થઈ શકતો નહોતો, પણ પ્રથમ તપાસમાં માજીસ્ટ્રેટની આગળ તહોમતદારેજ ખુન કર્યું હતું એવી ખરી જુબાની આપેલી હોવાથી તે કલમ ૧૯૩ મુજબ શિક્ષાને પાત્ર થતો હતો.૧ જ્યાં એક સાક્ષીએ ત્રીજા વર્ગના માજીસ્ટ્રેટ આગળ પ્રતિજ્ઞા ઉપર એક હકીકત કહી, અને પેહેલા વર્ગના માજીસ્ટ્રેટ આગળ તે કેસની તપાસ ચાલતી વખતે બીજી અને પેહેલી હકીકતથી તદ્દન વિરૂદ્ધ હકીકત કહી ત્યાં તેને આ કલમના પેહેલા ભાગ મુજબ નહી, પણ બીજા (પાછલા) ભાગ મુજબ બરાબર રીતે ગુન્હેગાર ઠરાવી શકાતો હતો.૨

આ કલમ મુજબ એ કાંઈ જરૂરનું નથી કે જે જુઠી જુબાની આપવામાં આવે છે તે ન્યાયની કોર્ટમાં આપેલી જુબાની હોવી જોઇએ આવી હકીકત પોલીસ અમલદારને કહી હોય તોપણ, જો કોર્ટ એવા અનુમાન ઉપર આવે કે તે કેસની તપાસ વખતે અને તે તપાસ પુરી થતા સુધી, તે જુઠી હકીકતને વળગી રહેવાનો તહોમતદારનો ઇરાદો હતો તો, તે હકીકત જુઠી જુબાની આપવાનો ગુન્હો થશે. ૩

સમુદ્રપારની અથવા કેદની શીક્ષા થઇ શકે એવો ગુન્હો કોઇની ઉપર સાબીત કરવાના ઈરાદાથી ખોટી સાહેદી આપવી અથવા ખોટો પુરાવો બનાવવો.

૧૯૫. જે માણસ ખોટી સાહેદી આપે અથવા ખોટો પુરાવો બનાવે એવા ઈરાદાથી કે તેમ કરવાથી કોઇ શખસની ઉપર બ્રીટીશ હીંદુસ્તાનના અથવા ઇંગ્લાંડના કાયદા મુજબ દેહાંત શીક્ષા જોગ નહી પણ જીવતાં સુધી સમુદ્રપારની અથવા સાત વરસ અથવા તેથી વધારે મુદત સુધી કેદની શીક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો સાબીત થાય અથવા તેમ કરવાથી સાબીત થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં તો તે માણસને જે માણસની ઉપર તે ગુન્હો સાબીત થયો હોય તેને જે શીક્ષા કરવામાં આવે તે શીક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત—એક ઇનસાફની કોરટની આગળ અ ખોટી સાહેદી આપે એવા ઈરાદાથી કે તેમ કરવાથી જની ઉપર ડાકાઇટીની ગુન્હો સાબેત થાય ડાકાઇટીની શીક્ષા જીવતાં સુધી સમુદ્રપાર

---

૧. રેજાઇના. વિ. હરદયાળ. ૩ બંગાળ લૉ રીપોર્ટસ. એપેલેટ ક્રીમીનલ પાનું ૩૫ ક્રી.

૨. એમ્પ્રેસ વિ. ખેમ. ૨૨ અ. ૧૧૫.

૩. રેજાઇના. વિ. નીમચંદ ૧૦ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર. પાનુ ૪૧ વી.

અથવા દસ વરસની મુદ્દત સુધીની દંડ સાથે અથવા દંડ વીની કેદ છે માટે આ તે સમુદ્રપારની અથવા દંડ સાથે કે દંડ વીના કેદની શીક્ષાને લાયક છે એમ સમજવું.

☞ આ કલમ ૧૮૯૦ ના ૯ મા આક્ટની કલમ ૧૪૯ મીથી સુધારી છે.

ટીકા.—જ્યાં એક માણસે પોતાનું ઘર બાળી નાંખ્યુ, અને તે (બાળવાના) કૃત્યનું બીજાના ઉપર તહોમત મુકયું ત્યાં તેને આ કલમ પ્રમાણે નહી, પણ ૨૧૧ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવો જોઈતો હતો. ૧ પરંતુ જ્યાં એક શખસે બીજા માણસને ગુન્હેગાર ઠરાવરાવી શિક્ષા કરાવવાના હેતુથી ચોરેલો રેલવેનો કેટલોક સામાન (piers) પોતાના ઘરમાં અને ખેતરમાં છુપાવવામાં મદદ કીધી, ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે શખસને આ કલમ પ્રમાણે બરાબર રીતે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. ૨ જ્યાં એક માણસે ઘણીજ ખુલ્લી રીતે પોતાનું ઘર બાળી નાંખ્યું, અને કોઈની સામે કાંઈપણ ફરીયાદ કરી નહી ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે કોઇ પણ માણસને ગુન્હેગાર ઠરાવવાનો તેનો ઈરાદો નહી હોવાથી તે કલમ પ્રમાણે શિક્ષાને પાત્ર નહોતો. ૩

ખોટો પુરાવો.

૧૯૬. કાંઇ સાહેદી ખોટી છે અથવા પુરાવો બનાવટનો છે એવું જાણીને જે માણસ દુષ્ટ ભાવથી તે સાહેદી અથવા પુરાવાને જે ખરી સાહેદી અથવા ખરા પુરાવાની માફક વાપરે અથવા વાપરવાની કોશીશ કરે તે માણસને જાણે તેણે ખોટી સાહેદી આપી હોય અથવા ખોટો પુરાવો બનાવ્યો હોય એવી રીતે શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—આના સંબંધમાં દીવાની કામ ચલાવવાના કાયદા (સીવીલ પ્રોસીજર કોડ–૧૮૮૨ ના આકટ ૧૪ મા) ની કલમ ૬૪૩ મી જુઓ.

જો આ કલમ પ્રમાણે તહોમત હોય તો બે વાનાં બતાવવાની જરૂર છે. પેહેલું એ કે પુરાવો ખોટો અથવા બનાવટી હતો, અને બીજું, એ કે તે ખોટો અથવા બનાવટી છે એવું તે માણસ જાણતો હતો કે જેથી તે ગુન્હેગાર ઠરી શકે.

જો પુરાવો બનાવેલો (બનાવટી) હોય, અને તે બનાવટી છે એવી તે માણસને ખબર હોય તો જે મુકરદમામાં તે ઉપયોગમાં લેવામાં આવ્યો તે મુકરદમાના કામને સારૂ અસલ તે પુરાવો બનાવવામાં (ઉભો કરવામાં) આવ્યો નહોતો ને કાંઈ અગત્યનું નથી. ગમે તે હેતુથી તે બનાવવામાં આવ્યો હોય, પણ જો તે કોઇ મુકરદમામાં તે પુરાવો ખોટો જાણ્યા છતાં ઉપયોગમાં લેવામાં આવે, અથવા ઉપયોગમાં લેવાનો પ્રયત્ન કરવામાં આવે તો તે માણસ આ કલમ પ્રમાણે ગુન્હેગાર થશે. ૪ આ કેસની અંદર જે દસ્તાવેજ દીવાની કોર્ટમાં વાપરવામાં આવ્યો હતો તે રજીસ્ટ્રાર (નોંધણી કામદાર) ની આગળ ઉપયોગમાં લેવા સારૂ બનાવવામાં આવ્યો હતો.

આ જુઠો પુરાવો તે જુઠો જાણવા છતાં ઉપયોગમાં લેવાના સંબંધમાં નીચે મુજબ કાયદો સ્થાપિત કરવામાં આવ્યો છે:—"જો કોઈ માણસ જે હકીકત તે જાહેર કરે તેના ટેકામાં સાક્ષીઓ બોલાવે, અને "જે પુરાવો ખોટો છે એમ તે જાણે છે તેવો પુરાવો આપવાના કામને સારૂ સાક્ષીઓના પીંજરામાં આ- "વવાનું તે સાક્ષીઓને કહે, અને તે સાક્ષીઓ તેવો પુરાવો આપે, અને જ્યુરી (પંચ) ને એવું માલમ

---

૧. રેજાઇના. વિ. ભગવાન ૮ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું ૬૫.

૨. રેજાઇના. વિ. રામેશર ૧ ક. ૩૭૯.

૩. રેજાઇના. વિ. શિવદયાળ ૫ નોર્થ વેસ્ટ પ્રોવીન્સીસ રીપોર્ટસ પાનુ ૧૮૯.

૪. લક્ષ્માજી. વિ. રેજાઈના ૭ મ. ૨૮૯.

" પડે કે તે પુરાવા ખોટી છે એમ તેઓ જાણતા હતા, તો તે હકીકત ઉપરથી જ્યુરી (પંચ) એવા અ-
" ભિપ્રાય ઉપર આવે કે તેણે તે (સાક્ષી) ઓને વીનંતી કરીને બોલાવ્યા હતા; પણ તેની સાથે જ્યુરી
" (પંચ) ને એવી સંતોષકારક ખાતરી થવી જોઇએ કે જે હકીકત કહેવાને તેઓને બોલાવવામાં આવ્યા
" હતા તે (સાક્ષી)ઓની પોતાની જાણ પ્રમાણે ખોટી હોવી જોઈએ એવું તે (બોલાવનાર) માણસ
" જાણતો હતો. " ૧

જ્યાં એક માણસે તેના પોતાના હિસાબના ચોપડામાં કપટ ભરેલી રીતે એક પાનું કાઢી લઈને તેની જગાએ બીજું પાનું મુકયુ, ત્યાં આ કલમ પ્રમાણે તે બીલકુલ ગુન્હેગાર નથી એમ ઠરાવવામાં આવ્યું હતું, કેમકે જે પોઇન્ટ (મુદ્દાની બાબત) ના સંબંધમાં તે ચોપડો રજુ કરવામાં આવ્યો હતો તે પોઇન્ટને લગતુ કાંઈ પણ લખાણ અસલ (કાઢી નાંખેલા) પાનામાં હતું એવું બતાવવામાં આવ્યું નહોતું. ૨

ખોટું સરટીફીકેટ આપવું અથવા તે પર સહી કરવી.

૧૯૭. જે સરટીફીકેટ આપવાનું અથવા જે સરટીફીકેટપર સહી કરવાનું કાયદામાં ફરમાવ્યું હોય એવું સરટીફીકેટ અથવા જે હકીકતના પુરાવામાં જે સરટીફીકેટ કાયદા પ્રમાણે લઈ શકાય તેવી કાંઈ હકીકત બાબતનું કાંઇ સરટીફીકેટ કાંઇ જરૂરની બાબતમાં ખોટું છે એમ જાણીને અથવા એમ માનીને જે માણસ તે સરટીફીકેટ આપે અથવા તે પર સહી કરે તેને જાણે ખોટી સાહેદી આપી હોય એવી રીતે શિક્ષા કરવામાં આવશે.

ટીકા.—" સરટીફીકેટ " કોને કહેવું:—કોઇ પણ બાબતની સત્યતા જાહેર કરવા સારૂ અથવા તેવી સત્યતા સંબંધી ખાતરી આપવા સારૂ લખીને આપેલું ખાત્રી પત્ર તે " સરટીફીકેટ " છે; ૩ દાખલા તરીકે, હુકમનામુ થયા પછી તે પેટે ખાનગી વસુલ આપ્યાનું, અથવા ખાનગી રીતે નીકાલ કર્યા બાબતનું સરટીફીકેટ (દીવાની કામ ચલાવવાના કાયદાની કલમ ૨૫૮ મી); અથવા જે (સ્થાવર) મીલકત જાહેર લીલામથી વેચી નાંખવાનો હુકમ થઇ ગયો છે તે મીલકત ગીરો કરીને અથવા પેટે આપીને તેના ઉપર નાંણાં મેળવવાનો હુકમનામાના દેણદારને અધિકાર આપનાર સરટીફીકેટ (દીવાની કામ ચલાવવાના કાયદાની કલમ ૩૦૫ મી).

આ કલમ પ્રમાણે એ બતાવવાની જરૂર છે કે જે સરટીફીકેટ ઉપર સહી કરવાનું અથવા જે સરટીફીકેટ આપવાનું કાયદાથી ફરમાવેલું હતું તે સરટીફીકેટની અંદર જણાવેલી હકીકત હતી.

કાંઇ જરૂરની બાબતમાં ખોટું છે એવું જાણેલું સરટીફીકેટ ખરાની માફક વાપરવું.

૧૯૮. એવું કાંઈ સરટીફીકેટ કાંઇ જરૂરની બાબતમાં ખોટું છે એમ જાણીને જે માણસ દુષ્ટ ભાવથી તે સરટીફીકેટને ખરા સરટીફીકેટની માફક વાપરે અથવા વાપરવાની કોશીશ કરે તેને જાણે તેણે ખોટી સાહેદી આપી હોય એવી રીતે શીક્ષા કરવામાં આવશે.

કાયદા પ્રમાણે પુરાવામાં

૧૯૯. જે એકરાર કોઈ ઇનસાફી કોરટ અથવા કોઇ સરકારી નોકર અથવા બીજો શખસ કાંઇ હકીકતના પુરાવા દાખલ કબુલ કરવાને કાયદાથી બંધાએલો અથવા અખત્યાર

---

૧. રેનાઈઝ઼ા. વિ. ગંગામા. ત્રીજી મદ્રાસ સેશન્સ જુને ૧૮૯૦,

૨. રેનાઇના. વિ. મધુસુદન ૭ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનુ ૨૩.

૩. વ્હારટન કૃત લૉ લેકસીકન.

લઇ શકાય એવા કોઈ એકરારમાં લખેલી ખોટી કેફીઅત.

પામેલો હોય એવા કોઇ એકરાર મધે જે કારણુસર તે એકરાર કરવામાં અથવા વાપરવામાં આવે તેને લગતી કાંઇ જરૂરની બાબત સંબંધી ખોટી હોય એવી તથા ખોટી છે એવું પોતે જાણુતો કે માનતો હોય એવી અથવા ખરી છે એવું પોતે ન માનતો હોય એવી કાંઇ કેફીઅત જે માણુસ તે એકરાર કરે અથવા તે પર સહી કરે તે માણુસ લખે તો તે માણુસને જાણે તેણે ખોટી સાહેદી આપી એવી રીતે શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—એક માણસે અમુક હકીકત કહી છે કે જે હકીકતનો પાછળથી તેની પોતાની સામે પુરાવામાં ઉપયોગ કરી શકાય તે વાતથી આ કલમની શરતો પુરી પડતી નથી, ૧ તેમજ તે માણસે કોઇ કોરટને અમુક પગલાં લેવાની અરજી કરી છે, અને તે અરજીની અંદર જુઠી હકીકત દાખલ કરેલી છે તે વાતથી પણ આ કલમની બધી શરતો પુરી પડતી નથી. પરંતુ જો કહેલી હકીકત પોતેજ પુરાવો હોય કે જેના ઉપર કોરટને કાંઇ પણ વિશેષ (પુરાવ) વગર વરતન કરવાની સત્તા હોય તો આ કલમની શરતો પળે છે, અને તે (ખોટી) હકીકત જણાવનાર માણસ આ પ્રમાણે ગુન્હેગાર થાય છે. ૨.

હુકમનામાની બજાવણીને વાસ્તે કરેલી અરજી કે જે અરજીમાં ઇકરાર કરવાની કાયદા પ્રમાણે જરૂર નહોતી તેવી અરજીમાં ખોટી હકીકત જણાવનાર માણસ આ કલમ પ્રમાણે ગુન્હેગાર નથી. ૩ તેમજ જે માણસની અરજીમાં જુઠી હકીકત જાહેર કરેલી છે, પરંતુ આવી અરજી ઉપર તેણે પોતે સહી કરી નથી, પણ તે ઉપર તેના વકીલની સહી છે તે માણસ પણ આ કલમ પ્રમાણે કાંઈ ગુન્હો કરતો નથી. ૪.

કરેલો એકરાર એવો હોવો જોઈએ કે જો તે માનવામાં આવે તો તે કોરટને અથવા જે અમલદારની આગળ તે (એકરાર) કરવામાં આવ્યો હોય તે અમલદારને, જે કામ કરાવવાની તે એકરાર કરનાર ઇચ્છા રાખે છે, અથવા જે કામ કરાવવામાં મદદ માગે છે, તે કામ કરવાને સારૂ તે એકરારથી પુરતી જામીનગીરી મળે.

દ્રષ્ટાંત.—નોંધણીના આકટ (રજીસ્ટરેશન આકટ ૧૮૭૭ ના આકટ ૩ જા) ની કલમો ૩૫ અને ૫૮ અન્વયે જાહેર કરેલી હકીકત.

એવો કોઇ ખોટો જાણેલો એકરાર ખરાની માફક વાપરવો.

૨૦૦. એવો કોઇ એકરાર કાંઈ જરૂરની બાબતમાં તે ખોટો છે એમ જાણીને જે માણસ દુષ્ટ ભાવથી તે એકરારને ખરા એકરારની માફક વાપરે અથવા વાપરવાની કોશીશ કરે તેને જાણે તેણે ખોટી સાહેદી આપી હોય એવી રીતે શીક્ષા કરવામાં આવશે.

ખુલાસો—જે એકરાર કરતાં કાંઇ ગેરશીસ્તે વાત બની હોય તે સબબ ઉપરથીજ પુરાવામાં કબુલ નહી થઇ શકતો હોય તેને પણ ૧૯૯ મી તથા ૨૦૦ મી કલમોના અર્થ પ્રમાણેનો એકરાર સમજવો.

૨૦૧. કાંઇ ગુન્હો થયો છે એવું જાણીને અથવા એવું માનવાનું કારણ છતાં જે માણસ તે ગુન્હેગારને કાયદા મુજબ

---

૧. ચન્ડીપરસાદ. વિ. અબદુર રહેમાન. ૨૨ ક. ૧૩૧, પાને ૧૩૭ મે.

૨. રી ઇશ્વરચન્દર ૧૪ ક. ૬૫૩; રેજાઈના. વિ. બાપુજી. ૧૦ મું. ૨૮૮, પાને ૨૯૮ મે.

૩. રેજાઈના. વિ. બાપુજી દયારામ (ઉપર)

૪. રેજાઈના. વિ. રામ તીવારી. ૭ કલકત્તા લો રીપોટરસ પાનુ ૫૩૧,

કોઇ ગુન્હો કરનારને બચાવવાના ઇરાદાથી તે ગુન્હો થવાનો પુરાવો ઉડાવવો અથવા તે બાબત ખોટી ખબર આપવી.

થતી શીક્ષાથી બચાવવાના ઇરાદાથી તે ગુન્હો થવાનો કાંઇ પુરાવો ઉડાવે અથવા એવા ઈરાદાથી જે માણુસ પોતે ખોટી જાણુતો અથવા માનતો હોય એવી કાંઇ ખબર તે ગુન્હા બાબત આપે તે માણુસને અગર જે ગુન્હો થયો એવું તે જાણુતો અથવા માનતો હોય તે ગુન્હાને માટે મોતની શીક્ષા થઈ શકતી હોય તો સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે માણુસ દંડને પણુ લાયક થશે. અને જો તે ગુન્હાને માટે જીવતાં સુધી સમુદ્રપારની અથવા દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે માણુસ દંડને પણુ લાયક થશે. અને જો તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુન્હાને માટે કેદની ઘણુામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત—**બ** એ જ નું ખુન કર્યું છે એવું જાણીને **બ** ને શીક્ષાથી બચવાના ઇરાદાથી લાશ સંતાડવામાં **બ** ને **અ** મદદ કરે તો સાત વરસની બેમાંના ગમે તે પ્રકારની કેદને તથા દંડને પણ **અ** લાયક છે.

ટીકા—આ કલમ મુજબ તહોમતદાર ઉપર ગુન્હો સાબીત કરવા સારૂ ત્રણ વાનાં જરૂરનાં છે; પહેલું ગુન્હો ખરેખરી રીતે બન્યો હતો તે સાબીત કરવું; બીજું તહોમતદાર જાણતો હતો કે, અથવા એક સાધારણ બુદ્ધિવાળા માણસ તરીકે તેને એમ માનવાનું કારણ હતું કે ગુન્હો કરવામાં આવ્યો હતો, અને ત્રીજુ ગુન્હેગારને (શીક્ષાથી) બચાવનાના હેતુથી તેણે જણાવેલા પગલાં લીધાં હતાં. ૧ ગુન્હો બન્યો હતો એમ માત્ર માનવું તે, પછી તે ગમે તેટલું સારૂ પાયાદાર હોય, અથવા તે ગમે તેટલી મજબુતી માની લીધેલું હોય તો પણ પુરતુ નથી. ૨ પરંતુ કલકત્તામાં એવું ઠરાવવામાં આવ્યું છે કે જે માણસને (શીક્ષાથી) બચાવાનો ઇરાદો રાખવામાં આવ્યો હોય તે માણસે ખરેખર ગુન્હો કર્યો હતો એવું બતાવવાની કાંઈ જરૂર નથી. ૩

જે માણસ પોતે કરેલા ગુન્હાનો પુરાવો ઉડાવે તેને આ કલમ લાગુ પડતી નથી. ગુન્હો કરનાર માણસ જે શખસ તેને (શીક્ષામાંથી) બચાવવા માગે છે તેનાથી જુદોજ હોવો જોઈએ; કેમકે આ કલમ પોતેજ કરેલા ગુન્હાનો નહી, પણ બીજાએ કરેલા ગુન્હાનો પુરાવો ઉડાવી દેવાને લાગુ પડે છે." ૪ ખરેખરા ગુન્હેગાર (ગુન્હો કરનાર) ઉપર, પુરાવો ઉડાવી દઈને, અથવા પોતાને નિર્દોષ ઠરાવવા સારૂ બીજાને સપડાવનારી (ગુન્હેગાર ઠરાવનારી) ખોટી હકીકત જાહેર કરીને ૫ પોતાની જાતને શિક્ષામાંથી બચાવવાનું

---

૧. રેજાઇના. વિ. રામસુંદર. ૭ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર. પાનું ૫૨; રેજાઇના. વિ. કૃષ્ણા ૨. અ. ૭૨૪; રેજાઇના. વિ. સામીનાથ. ૧૪ મ. ૪૦૦; રેજાઇના. વિ. ફતેહસિંગ ૧૨ અ. ૪૩૨; મતુકી વિ. રેજાઈના. ૧૧ ક. ૬૧૯; રેજાઈના. વિ. અબદુલ કાદીર. ૩ અ. ૨૭૯

૨. રેજાઈના. વિ. સુબ્રમણ્ય પીલાઈ. ૩ મ હાઇકોરટ રીપોટરસ ૨૫૧; મતુકી મીસર વિ રેજાઇના (ઉપર); રેજાઇના. વિ. અબદુલ કાદીર (ઉપર).

૩. રેજાઇના. વિ. હરદત સરમા. ૮ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનુ ૯૯.

૪. રેજાઈના. વિ. કાશીનાથ. ૮ બોમ્બે હાઈ કોરટ રીપોટરસ પાનુ ૧૨૬; રેજાઇના વિ. લાલી. ૭ અ. ૭૪૯; રેજાઇના. વિ. ડુંગર. ૮ અ. ૨૫૨; તોરાપઅલી વિ. રેજાઇના, ૨૨ ક. ૬૩૮.

૫. રેજાઇના. વિ. બીહાલા બીબી ૬ ક. ૭૮૯

તહોમત મુકી શકાય નહી. તેજ પ્રમાણે જ્યારે કોઇ માણસ ઉપર મુખ્ય ગુન્હો કરવાનું; અને તે ગુન્હાનો પુરાવો ઉડાવી દેવાનું; એમ બે તહોમત મુકવામાં આવ્યાં હોય ત્યારે તે માણસને બંને તહોમતોને માટે (જુદી જુદી) સજા થશે નહી. ૧ જે કૃત્ય કરવામાં આવ્યું હોય તે ગુન્હેગારને બચાવવાના ઈરાદાથી કરેલું હોવું જોઈએ, તે કૃત્યથી ગુન્હેગાર બચી જવાનો સંભવ છે એટલુંજ માત્ર જાણવું તે પુરતુ નથી.૨ વળી જે (છુપાવેલી) વસ્તુઓ જો રજુ કરવામાં આવે તો તેથી તે (છુપાવનાર) માણસ ગુન્હો કર્યાનું જણાઇ આવે તે વસ્તુઓ છુપાવવાના કેસને આ કલમ લાગુ પડતી નથી. ૩

એક કેસમાં એક માણસ જ્યાં ખુનનો ગુન્હો બનતો હતો ત્યાં નિર્દોષ રીતે હાજર હતો (અર્થાત તેણે ગુન્હામાં કાંઇ પણ ભાગ લીધો નહોતો) તે માણસને ખરેખરા ગુન્હેગારોએ બીવડાવ્યો કે જો તું આ ખુનનો પુરાવો ઉડાવી દેવામાં અમને મદદ નહી કરે તો આ ખુનનું તહોમત તારે માથે પણ આવશે, તેથી તે માણસે ડરી જઈને તેમણે કરેલા કૃત્યનો પુરાવો છુપાવવામાં તેમને મદદ કરી. તે કેસમાં આ કલમ પ્રમાણે ગુન્હેગારને બચાવવાના હેતુથી પુરાવો ઉડાવવાનો તે ગુન્હેગાર થતો હતો.૪ રામસુંદર ૫ ના કેસમાં એક સખસે એક સ્ત્રીને ધકકો માર્યો તેથી તે સ્ત્રી હોડીમાં પડી ગઇ, અને તુરત મરણ પામી, અને પછીથી તે સખસે મુડદાસહીત હોડીને નદીમાં તરતી મુકી દીધી, અને આ પ્રમાણે પોતે કરેલા ગુન્હાનો પુરાવો છુપાવ્યો. તેમાં સ્પષ્ટ રીતે તે શખસે આ કલમ મુજબ ગુન્હો કરેલો કહેવાય નહી. બીજા એક કેસમાં ખાનગી બચાવના હકનો અમલ કરવામાં એક માણસ માર્યો ગયો, અને જે શખસે તે માણસને માર્યો તેને તે માણસનું મુડદુ ઠેકાણે પાડવામાં બીજા માણસોએ મદદ કરી તે કેસમાં પણ તે (મદદ કરનાર) માણસોએ આ કલમ પ્રમાણે કાંઇ પણ ગુન્હો કર્યો નહોતો એવું ઠરાવવામાં આવ્યું હતું.૬ ગુન્હો બન્યાનો પુરાવો તહોમતદારે ઉડાવ્યો હતો એવા પ્રકારનું જ્યાં તહોમત મુકવામાં આવ્યું હોય ત્યાં એ બતાવવું જોઇએ કે જે ઉડાવી દેવામાં આવ્યું હતુ તે કાંઈ એવી ચીજ હતી કે જે તે એમને એમ (અસલ સ્થીતિમાં) રહી હોત તો પુરાવ (તરીકે ઉપયોગી) થાત.૭ એક કેસમાં એવી બીના બની હતી કે ક અને ખ એ જ ને ખ ના ખેતરમાં મારી નાંખ્યો ક ને ખુનનો, તથા ખ ના ખેતરમાંથી (જ નું) મુડદુ લઈ જઈને તે મુડદુ મરનાર (જ) ના ખેતરની અંદર મુકવાને વાસ્તે આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવ્યો હતો. આ કેસમાં જસ્ટીસરીઅરસને એવી ટીકા કરી છે કે "જ નું મુડદું એક ખેતરમાંથી બીજા ખેતરમાં ખસેડવાથી, તે ક એ, જ નુ ખુન કે "જે તે મુડદાથી માલમ પડી આવતું હતું તે ખુનનો કાંઈ પણ પુરાવો ઉડાવી દીધો નહોતો. તેનો હેતુ "પોતાના ઉપરથી અથવા ખના ઉપરથી (ખુનનો શક દુર કરવાનો હોય; પરંતુ તેના કૃત્યથી આ ૨૦૧ મી કલમમાં જણાવેલો ગુન્હો બનતો નથી.૮ તોરાપઅલી ૯ ના કેસમાં બે માણસના ઉપર ખુનનું તથા મરનારનું મુડદુ ઉડાવી દેવાનું તહોમત મુકવામાં આવ્યું હતું પણ મોત કોણે નીપજાવ્યું તે સાબીત થઇ શક્યું નહી તેથી ખુનના તહોમતમાંથી તેમને નિર્દોષ ઠરાવવામાં આવ્યા હતા. તેથી તેમણે આ કલમ પ્રમાણે પણ કાંઇ ગુન્હો કર્યો નથી એવું ઠરાવવામાં આવ્યું હતું.

૨૦૨. જે ગુન્હા બાબતની કંઇ ખબર આપવાની જે માણસની કાયદા પ્રમાણે ફરજ હોય તે માણસ તે ગુન્હો થયો છે

---

૧. રેજાઈના વિ. રામસુંદર (ઉપર) રેજાઇના. વિ. લાલી. ૭ અ. ૭૪૮

૨. રેજાઈના. વિ. તુલશીરાય. ૫ નોરથ વેસ્ટ પ્રોવીન્સીસ રીપોટરસ પાનુ ૮૬

૩. રેજાઇના. વિ. લાલી (ઉપર)

૪. રેજાઈના. વિ. ગોબરધન. ૬ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું. ૮૦

૫. રેજાઈના વિ. રામસુંદર (ઉપર)

૬. રેજાઇના. વિ. પેલકો ૭ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૪૩

૭. રેજાઇના. વિ. લાલી. ૭ અ ૭૪૮.

૮. રેજાઇના. વિ. કૃષ્ણા. ૨ અ. ૭૨૩

૯. તોરાપઅલી વિ. રેજાઇના. ૨૨ ક. ૬૩૮.

કોઇ ગુન્હા બાબત ખબર આપવાની જેની ફરજ હોય તે શખસ ઇરાદાથી ખબર આપવામાં કસુર કરે તો.

એવું જાણીને અથવા એવું માનવાનું તેને કારણ છતાં ઇરાદાથી તે ખબર આપવામાં કસુર કરે તો તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—૨૦૧મી કલમની માફક આ કલમમાં પણ એ સાબીત કરવું જરૂરનું છે કે ગુન્હો ખરેખર બન્યો હતો, અને ગુન્હો બન્યાની વાત તહોમતદાર જાણતો હતો, અને તે માનવાનું તેને કારણ હતું.૧ જ્યાં ગુન્હો બનવાની વાતજ (Corpus delicti) સાબીત ન થઈ હોય ત્યાં જે ગુન્હો બન્યો છે એવું સાબીત થયું નથી તે ગુન્હાના સંબંધમાં ખબર આપવામાં કસુર કરવાને વાસ્તે કોઇ માણસને ગુન્હેગાર ઠરાવી શકાય નહી.૨ વળી એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે ખબર આપવામાં કરેલી કસુર ઈરાદા પુર્વક હોવી જોઇએ.

કાંઇ ગુન્હો થયો હોય તેની ખોટી ખબર આપવી.

૨૦૩. કાંઇ ગુન્હો થયો છે એવું જાણીને અથવા એવું માનવાનું કારણ છતાં તે ગુન્હા બાબત પોતે ખોટી જાણતો અથવા માનતો હોય એવી કાંઇ ખબર જે માણસ આપે તેને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

" ખુલાસો—૨૦૧ લી તથા ૨૦૨ જી તથા આ કલમમાં 'ગુન્હો' એ શબ્દની અંદર બ્રિટીશ ઇંડીયા બહારની કોઇપણ જગામાં કરેલું જે કોઇપણ કૃત્ય બ્રિટીશ ઇંડીયામાં કર્યું હોય તો, તે બદલ ૩૦૨ જી, ૩૦૪ થી, ૩૮૨ મી, ૩૯૨ મી, ૩૯૩ મી, ૩૯૪ મી, ૩૯૫ મી, ૩૯૬ મી, ૩૯૭ મી, ૩૯૮ મી, ૩૯૯ મી, ૪૦૨ જી, ૪૩૫ મી, ૪૩૬ મી, ૪૪૯ મી, ૪૫૦ મી, ૪૫૭ મી, ૪૫૮ મી, ૪૫૯ મી, તથા ૪૬૦મી, કલમો પૈકી કોઇપણ કલમ પ્રમાણે શીક્ષા થઇ શકતી હોય તે કૃત્યનો સમાવેશ થાય છે. "

☞ આ ખુલાસો ૧૮૯૪ ના આકટ ૩ જાની કલમ ૬ ઠીથી નવો દાખલ કરેલો છે.

ટીકા.—જ્યારે આ કલમ પ્રમાણે જુઠી ખબર આપવાનું તહોમત મુકવામાં આવ્યું હોય ત્યારે કોઈ ખાસ અમુક ઈરાદો સાબીત કરવાનું જરૂરનું નથી.૩ આ ચીતુરના કેસમાં એવી બીના હતી કે ગળા ઉપર ઘાવાળું એક મડદુ માલમ પડી આવ્યું હતું, અને તે ઘા એવું બતાવતો હતો કે મરનારની સાથે દગો રમવામાં આવ્યો હતો (અર્થાત દગાથી તેનું ખુન કરવામાં આવ્યું હતું.) તે કેસમાં એક ચોકીદારે તે મુડદુ તપાસીને થાણામાં એવી ખબર આપી કે મરનાર કોગળીઆ (કોલેરાથી) મરણ પામ્યો હતો, અને મુડદાના દેખાવ ઉપરથી કાંઇ પણ વેહેમ લઈ જવા જેવું હતું નહી. તે કેસમાં તે ચોકીદારને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. ૨૦૨ મી કલમની માફક આ કલમમાં પણ એ સા-

---

૧. રેગ્નાઇના. વિ. જોયનારાયણ ૨૦ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર. પાનું ૬૬; રેગ્નાઇના. વિ. શેર મહમદ પંજાબ રેકર્ડઝ. ૧૮૮૭ નું ૨૦ મું; રેગ્નાઇના. વિ. બુડીચંદ. ૧૮ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૩૧

૨. રેગ્નાઈના. વિ. રામરચીઆ. ૪ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૩૯

૩. રેગ્નાઇના. વિ. ચીતુર, ૧ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટ. પાનું ૧૮

સાબીત કરવાની જરૂર છે કે ગુન્હો ખરેખર બન્યો હતો, અને તે તહોમતદારને ગુન્હો બન્યાની ખબર હતી, અથવા તેમ માનવાનું કારણ હતું.[1]

કોઇ લેખને પુરાવા દાખલ હાજર થતો અટકાવવાને તેનો નાશ કરવો.

૨૦૪. કોઇ ઈનસાફની કોરટમાં અથવા કોઇ સરકારી નોકરની આગળ તેના હોદ્દાના જોરથી કાયદા પ્રમાણે ચાલતા કોઇ મુકરદમામાં જે લેખ કોઈ માણુસ પાસે કાયદા પ્રમાણે પુરાવા દાખલા હાજર કરાવી શકાય એવો કાંઇ લેખ તે માણુસ છુપાવે અથવા તેનો નાશ કરે અથવા ઉપર લખ્યા મુજબની કોરટ કે સરકારી નોકરની આગળ પુરાવા દાખલ તે લેખ હાજર થતો અથવા વપરાતો અટકાવવાના ઈરાદાથી અથવા તે કારણુસર તે લેખ હાજર કરવાનો તેને કાયદા પ્રમાણે સમન અથવા હુકમ થયા પછી તે માણુસ તે આખા લેખને અથવા તેમાંના કાંઇ ભાગને ચેરી નાખે અથવા વંચાય નહીં એવો કરે તો તેને બે વરસની મુદત સુધીના બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—જ્યાં દાવાના પક્ષકારોમાંના એક પક્ષકારે એક દસ્તાવેજ કે જે પુરાવમાં રજુ કરવામાં આવ્યો હતો, તે ઝુંટાવી લીધો, અને એક સાક્ષીને તે દસ્તાવેજ જોઈ તેનો સંબંધ બતાવતો અટકાવવાના હેતુથી તે દસ્તાવેજ લઇને તે (પક્ષકાર) નાશી ગયો, ત્યાં તે (પક્ષકારે) ચોરી નહી, પણ આ કલમ પ્રમાણે ગુન્હો કર્યો છે એમ ઠરાવવામાં આવ્યું હતું.[2] તેજ પ્રમાણે જ્યાં એક પોલીસ અમલદારે ગુન્હો બન્યાના અસલ ખરા રીપોર્ટનો નાશ કર્યો, અને તેને બદલે ખોટો રીપોર્ટ રજુ કર્યો ત્યાં પણ તે પોલીસ અમલદારને આ કલમ મુજબ ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.[3] પરંતુ જે માણસ માત્ર દસ્તાવેજ પોતાની પાસે દબાવી રાખે, અથવા જુઠુ બહાનું કાઢીને તે રજુ ન કરે તે માણસ આ કલમ પ્રમાણે કાંઇ ગુન્હો કરતો નથી.[4]

કોઈ મુકરદમા મધ્યે કાંઈ કામ કરવા સારૂ ખોટો વેશ લેવો.

૨૦૫. જે માણુસ ખોટી રીતે કોઇ બીજાનો વેશ લે, અને તે વેશ લઇને કાંઇ કબુલાત કરે અથવા કાંઇ મજકુર કહે અથવા કબુલાતથી ફેંસલો કરાવે અથવા કાંઈ હુકમ કહડાવે અથવા હાજર જામીન કે બીજી તરેહનો જામીન થાય અથવા કોઇ દીવાની કે ફોજદારી મુકદમામાં કાંઇ બીજું કામ કરે તે માણુસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—તહોમતદાર માણસને (થતો) ગેરવ્યાજબી (પ્રપંચ ભરેલો) લાભ અથવા ફાયદો આ ગુન્હાનું જરૂરનું તત્વ નથી; તેમજ તહોમતદાર માણસ જે શખસનો ખોટો વેષ ધારણ કરે છે તે શખસે તેવો વેષ ધારણ કરવા તેને સંમતિ આપી હોય તો પણ તે તહોમતદાર આ કલમ પ્રમાણે ગુન્હેગાર થાય

---

૧. રેગ્યુઈના. વિ. જોયનારાયણ. ૨૦ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનુ ૬૬

૨. સુબ્રમણ્ય. વિ. ધકવીન. ૩ મ. ૨૬૧.

૩. રેજાઈના. વિ. મહમદશાહ. ૨૦ અ. ૩૦૭.

૪. રેજાઇના. વિ. શિવપરસમ. ૨ નોરથવેસ્ટ પ્રોવીન્સીસ રીપોટરસ. પાનું. ૬૪.

છે. તેટલા માટે, એક કેસમાં પેહેલા નંબરના તહોમતદાર ઉપર ચોથા નંબરનો તહોમતદારનો ખોટો વેષ ધારણ કરવાનું તહોમત મુકવામાં આવ્યું હતું, અને ચોથા નંબરના તહોમતદાર ઉપર પેહેલા નંબરના તહોમતદારને ખોટો વેષ ધારણ કરવામાં મદદ કરવાનું તહોમત મુકવામાં આવ્યું હતું; તે કેસમાં હકીકત એવી હતી કે ચોથા નંબરના તહોમતદારે. કેટલાક બળદોની ચોરીના સંબંધમાં માજીસ્ટ્રેટ આગળ ફરીયાદ કરવા જવાની તસદીમાંથી બચવાસારૂ, પેહેલા નંબરના તહોમતદારને તે પેહેલા નંબરનો તહોમતદાર ચોથા નંબરનો તહોમતદાર પોતે છે એવું (ખોટું) જણાવી તે ફરીયાદ કરવા સારૂ મોકલ્યો. તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે બંને તહોમતદારોએ આ કલમ મુજબ ગુન્હો કર્યો હતો. ૧

બંગાળાની હાઇકોર્ટે એવું ઠરાવ્યું છે કે જ્યાં તહોમતદારે કેવળ કલ્પિત (imaginary–કલ્પનાથી ઉભો કરેલો) માણસનો (ખોટો) વેષ ધારણ કર્યો હોય ત્યાં પણ તે આ કલમ પ્રમાણે ગુન્હેગાર થાય છે.૨ પરંતુ મદ્રાસની હાઇકોર્ટે આ ફેંસલાને અનુસરવાની ના કહી તેનાથી વિરૂદ્ધ અભિપ્રાય દર્શાવ્યો છે; કે ગુન્હાનું સ્વરૂપ (તત્વ–gist) બીજા જાણીતા માણસનો (અને કલ્પિત માણસનો નહી) વેષ ધારણ કરવામાં રહેલું છે. ૩ ઇંગ્રેજી કાયદા પ્રમાણે પણ કોઇ કલ્પિત માણસનો વેષ ધારણ કરવાથી આ કલમ પ્રમાણે કાંઈ ગુન્હો બનતો નથી.૪

એક કેસમાં બ કે જે માંદો હતો તેના નામથી અ એ અરજી આપી, તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે અ આ કલમ મુજબ ગુન્હેગાર નહોતો, કેમકે ઉપર જણાવેલી હકીકત માત્ર, બ નો ખોટો વેષ ધારણ કરવાનો અ નો ઇરાદો જણાવવાને પુરતી નહોતી. ૫

આ કલમના સંબંધમાં દિવાની કામ ચલાવવાના કાયદા (૧૮૮૨ ના આકટ ૧૪ મા ની ૬૪૩ મી કલમ જુઓ.

કાંઈ મીલકત સરકાર જપ્ત થતી અથવા હુકમનામું બજાવવામાં લેવાતી અટકાવવા સારૂ તે મીલકત દગલબાજીથી ખસેડવી અથવા છુપાવવી.

૨૦૬. જો કોઇ માણસ કાંઇ મીલકત અથવા તે માંહેનો કાંઇ હક દગલબાજીથી કેયે ખસેડે કે છુપાવે અથવા કોઈ શખસના નામ ઉપર ચડાવે કે કોઇને સ્વાધીન કરે એવા ઇરાદાથી કે તેમ કરવાથી કોઇ ઇનસાફની કોરટથી અથવા બીજા મુખ્તીઆર અધીકારીએ કાંઇ શીક્ષાનો હુકમ કર્યો હોય અથવા કાંઇ હુકમ તે કરશે એવો સંભવ છે એમ તે માણસ જાણતો હોય તે હુકમ મુજબ તે મીલકત અથવા તે માંહેલો હક સરકાર જપ્ત થતો અથવા દંડને પેટે વસુલ થતો અટકે અથવા કોઇ ઇનસાફની કોરટે કોઇ દીવાની મુકરદમામાં કાંઇ હુકમનામુ અથવા હુકમ કર્યો હોય અથવા કાંઇ હુકમનામુ કે હુકમ તે કરશે એવો સંભવ છે એમ તે માણસ જાણતો હોય તે હુકમનામુ બજાવવામાં તે મીલકત અથવા તે માંહેલો તે હક લેવાતો અટકે તો તે માણસને બે વરસની મુદત સુધીની

---

૧. એકસપાર્ટી સુપાકોન. ૧ મદ્રાસ હાઇકોરટ રીપોટરસ પાનું. ૪૫૦; રેજાઇના. વિ. નારાયણ. આચારજ ૮ સધરલાન્ડઝ. વીકલી રીપોરટર. પાનું. ૮૦.

૨. રેજાઇના. વિ. બોટો. ઈન્ડીયન જ્યુરીસ્ટ પાનું ૧૨૩.

૩. રેજાઇના. વિ. કાદર ૪ મદ્રાસ હાઈકોર્ટ રીપોટરસ પાનુ ૧૮.

૪. રેજાઇના. વિ. માર્ટીન લૉ. રીપોરટર્સ. ૫ કવીન્સ બેન્ચ ડીવીઝન પાનુ ૩૪.

૫. રેજાઇના. વિ. નારાયણ ૮ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનુ ૮૦.

એમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—જે જે યુક્તિઓથી કોઇ મીલકતનો માલીક દિવાની કોર્ટના જજમેન્ટ અને હુકમનામા અન્વયે અથવા ફોજદારી કોર્ટે કરેલી શિક્ષા મુજબ તે મીલકત જપ્ત થઈ જતી અટકાવવા સારૂ તે મીલકત આઘી પાછી ખસેડી ઉડાવી દે છે તે સઘળી યુક્તિઓને ગુન્હેગાર ઠરાવવાનો આ ૨૦૬ ઠી કલમ તથા ૨૦૭ મી અને ૨૦૮ મી કલમોનો હેતુ છે. ટુંકમાં આ ત્રણે કલમો (૨૦૬, ૨૦૭, ૨૦૮.) ના પરિણામે જે જે પ્રાપંચિક (દગા ભરેલી) રીતેઓથી લેહેણદારોને અથવા કાયદેસર હકદાર શખસોને તેમના વ્યાજબી ઉપાયો લેતા અટકાવીને તેમને ફાવવા દેવામાં આવતા નથી તે તે પ્રાપંચિક રીતિઓના ઉપયોગ કરનારાઓ ગુન્હેગાર થાય છે. જો કે મીલકત ઉડાવી દેનાર માણસ તે (મીલકત) નો માલીક ન હોય તોપણ આ કલમ પ્રમાણે તે ગુન્હેગાર થાય છે. અને તેને આ કલમ લાગુ પડે છે. [1]

આ કલમમાં " **દગલબાજીથી** " શબ્દ ઘણો અગત્યનો છે. અને **દગલબાજી** કોને કહેવી તે બાબત પ્રથમ નિર્ણય ઉપર આવવું ઘણું જરૂરનું છે. મીલકતને દિવાની અથવા ફોજદારી જજમેન્ટ અન્વયે જપ્ત થઇ જતી અટકાવવાસારૂ તેને બે રીતે ઉડાવી શકાય: (૧) નામની (નૉમીનલ) ખોટી વેચાણ અથવા ગીરો આપીને; અને (૨) બક્ષીશ આપીને આ બે રીતે દગલબાજી થઇ શકે. પરંતુ એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે જો તે મીલકત **શુદ્ધ બુદ્ધિથી** વેચાણ ગીરો કે બક્ષીસ આપવામાં આવી હોય તો પછી તેને પરિણામે હુકમનામાવાળાઓ રૂવે, અથવા સરકારની જપ્તીમાંથી તે મીલકત બચી જાય તો પણ, આ કલમ પ્રમાણે ગુન્હો બનતો નથી; કેમકે આ કલમ પ્રમાણે ગુન્હો બનવા સારૂ, તે મીલકતને સરકાર જપ્ત થઇ જતી અટકાવવાના ઈરાદાથી તે મીલકત અથવા તે મીલકતમાંનો કોઇ પણ હિતસંબંધ **દગલબાજીથી** ખસેડેલો, વેચી નાંખેલો અથવા તબદીલ કરી આપેલો હોવો જોઇએ. [2] આવી દગલબાજી કોને કહેવી તેની બાબતમાં ઇંગ્લાંડના અને હિંદુસ્તાનના ફેંસલા મળતા આવે છે.

ઇંગ્લાંડમાં વારંવાર એવું ઠરાવવામાં આવ્યું છે કે હુકમનામાની બજાવણી તુરત (થોડી મુદતમાં) થવાની છે એવુ ધારીને અને તેના ડરને લીધે અમુક મીલકતનું વેચાણ કરવામાં આવ્યું છે તે વાતથી તે વેચાણ રદ બાતલ થશે નહી. દાખલા તરીકે આવાજ પોઇન્ટ ઉપર થોડા વખત ઉપર ચુકેલા એક કેસમાં હકીકત એવી હતી કે એક દાવાનું ખરચ વસુલ કરવા સારૂ ચાન્સરી કોર્ટમાં તેની સામે એક રીટ (writ-સમન) ની બજાવણી થવાની છે એમ ધારીને તેના ડરથી એક વેપારીએ તેનો બધો ફરનીચર (સર સામાન) અને વેપારનો માલ વેચાણ કરી નાંખ્યા. આ વેચાણમાં થયેલો દસ્તાવેજ વેચનાર માણસને મળેલાં નાણાંની પહોચ માત્ર હતી. ખરીદનાર શખસે તે માલ તથા ફરનીચરનો કબજો લીધા પછી થોડા દિવસે તે (વેચાણ આપનાર) ની સામે રીટ નીકળ્યું, અને તે વેચાણ દગલબાજીથી કરવામાં આવ્યું હતું કે કેમ તેનો નિર્ણય કરવાસારૂ દાવો આણવામાં આવ્યો. તેમાં વાઇસ ચાન્સેલરે એવી ટીકા કરી કે:—" જો કરેલું વેચાણ બીજી બધી બાબતોમાં **શુદ્ધ બુદ્ધિથી** " કરવામાં આવ્યું હોય તો વેચનારનો માલ કે જેનું "વેચાણ કરવામાં આવ્યુ હતું તે માલ ઉપર (થોડા દીવસમાં થવાની બજાવણી નિષ્ફળ કરવાના હેતુથી " તે વેચાણ કરવામાં આવ્યું હતું તે તે વેચાણ રદ કરવાનું કારણ નથી........અને તે વેચાણ શુદ્ધ બુદ્ધિથી કરવામાં આવ્યું છે કે નહી તે નક્કી કરવા સારૂ કોર્ટે અથવા જ્યુરીએ આજુબાજુની સઘળી હકીકત ધ્યાનમાં લઇને એ જોવું જોઈએ કે થયેલો વ્યવહાર બરાબર પ્રમાણીકપણે કરવામાં આવ્યો હતો કે કેમ, અને સારો અને કીંમતવાળો અવેજ લઈને તે મીલકત તબદીલ કરી આપવાનો ઇરાદો રાખવામાં આવ્યો હતો કે કેમ. [3] અને દેણદારની તમામ તેની પાસે હતી તેટલી બધી મીલકત તેણે વેચાણ આપી દીધી છે તેથી કાંઈ ફેર પડતો નથી. જો વેચાણ દસ્તાવેજ શુદ્ધ બુદ્ધિથી કરવામાં આવ્યો હોય; અર્થાત

---

૧. સ્ટોકસ કૃત એન્ગ્લો ઈન્ડીઅન કોડઝ.

૨. રેજાઈના. વિ. બાલ મુકુંદ ૧૦ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનુ ૯૫.

૩. હેલ. વિ, મેટરોપોલીટન સલુન ઓમ્નીબસ કંપની. ૨૮ લો જનરલ ચાન્સરી પાનુ ૭૭૭; કારવીલ વિ. ટેરી. ૩૦ લો જનરલ એક્સચેકર પાનું ૩૫૫.

જો તે વેચાણ વેચનાર શખસનું તેની અંદરનું હિત (છુપી રીતે) જાળવી રાખવા સારૂ તે એક પડદા રૂપ ન હોય તો વેચનાર દેણદારની આખી મીલકતનું વેચાણ પણ કાયદેસર ગણાઇ કાયમ રહેશે. ૧

દરેક કેસમાં જે સવાલ પુછવાનો છે તે એ છે કે તે શુદ્ધબુદ્ધિથી કરેલો વ્યવહાર હતો; (અને તેવો વ્યવહાર જો કે તે વ્યવહારને પરિણામે લેહેણદારોને તેમનું લેહેણું પતવામાં વીલંબ થાય અથવા મુદલ પતે નહિ તો પણ સારો કાયદેસર છે.) અથવા ખરા વ્યાજબી હકો ડુબાવવાના, અથવા તે પતવવામાં વીલંબ કરવાના ઇરાદામાથી તે વ્યવહાર જન્મ પામ્યો હતો (અર્થાત તેવા ઇરાદાને લીધે તે વ્યવહાર કરવામાં આવ્યો હતો ?)

હિંદુસ્તાનના ફેંસલા પણ આ ઇંગ્રેજી ફેંસલાના જેવાજ છે. દીવાની કામ ચલાવવાના કાયદાની (સીવીલ પ્રોસીજર કોડની) ૬૪ મી કલમ પ્રમાણે કોઈપણ દેણદાર જ્યાં સુધી તેની મીલકત ખરેખર જપ્ત થઈ નથી ત્યાં સુધી તે મીલકતની કાંઇ પણ ખાનગી તબદીલ કરી આપવાને છુટો છે. વળી એવો અભિપ્રાય પણ વારંવાર દરશાવવામાં આવ્યો છે કે “ જ્યાં વેચાણની રીતે અથવા ગીરોની રીતે પક્ષકારોની વચ્ચે ખરેખરો સત્ય વ્યવહાર કીંમતી અવેજને વાસ્તે (અરથાત કીંમતવાળો અવેજ આપી લઈ ને) થયો હોય ત્યાં જો કે તેવા વ્યવહારનો હેતુ થવા ધારેલી (હુકમનામાની) બજાવણી નિષ્ફળ કરવાનો હોય તોપણ લેહેણદારની સામે પણ તે વ્યવહાર કાયદેસર (હોઇ કાયમ) રહેશે. ”૨ તેજ પ્રમાણે “ જો એક માણસને બીજાનું ખરેખરૂં દેવું હોય, અને તે દેવું અદા કરવા સારૂ પોતાની મીલકતનો દેવા પુરતો ભાગ તેના લેહેણદારને વેચે, અને તે તે લહેણદારને (અરથાત ખરીદનારને) તબદીલ કરી આપે, અને આ પ્રમાણે દેવુ વાળી દે, તો જો કે તેવા વ્યવહારના પરિણામે તે લેહેણદારને (બીજા લેહેણદારો કરતાં) પહેલી પસંદગી મળતી હોય તોપણ તે વ્યવહાર ખોટો કરાવી શકાય નહિ. ” ૩

“ પરંતુ જો વેચાણ અથવા ગીરો ફકત એક નામનો દાંભિક વ્યવહાર હોય, અથવા માત્ર ઉપરથી બતાવવાનો, પણ જુઠો વ્યવહાર હોય, અને કહેવાતા તબદીલ રાખનારને અથવા ગીરો રાખનારને તે મીલકતમાં કાંઈ પણ હિત સંબંધ આપવાનો ઇરાદો ન હોય અને હુકમનામાની બજવણીમાંથી તે મીલકતને બચાવવાને સારૂ માત્ર ખરા માલીક (દેણદાર) ની જગાએ આવા તબદીલ રાખનારને અથવા ગીરો રાખનારને નામના માલીક તરીકે મુકવાનો, અને આવા નામના માલીકને ખરા માલીક (દેણદાર) નો ટ્રસ્ટી માત્ર બનાવવાનો અને આ પ્રમાણે તે મીલકતને તેના ખરા માલીક (દેણદાર) ને વાસ્તે જાળવી રાખવાનો પ્રયત્ન કરવાનો હેતુ હોય, તો આવું વેચાણ અથવા ગીરો લેહેણદારની સામે ગેરકાયદેસર રદ બાતલ થશે, અને તે લેહેણદાર તે મીલકતને, જપ્ત કરી વેચવાને હકદાર થશે. ” ૪ વળી આવું કૃત્ય આ કલમ પ્રમાણે ગુન્હો જણાઈ શિક્ષાને પાત્ર થશે. આ પ્રમાણે જે માણસ કલેકટરે કરેલા હુકમનામાની બજવણીમાં પોતાની મીલકત જપ્ત થઇ જતી અટકાવવાના ઇરાદાથી તે મીલકત દગલબાજીથી ખસેડે છે (અર્થાત ઉડાવે છે—એટલે બીજાને નામે જુઠી નામની વેચાણ અથવા ગીરો કરી આપે છે) તે માણસ આ કલમ પ્રમાણે ગુન્હેગાર થાય છે.૫ નીચેનો કેસ આના કરતાં પણ વધારે સ્પષ્ટ અને મજબુત છે. (સને ૧૮૯૫ ના પબ્લીક ડીમાન્ડઝ રીકવરી આકટ (જાહેર સરકારી લહેણું વસુલ કરવાનો કાયદો) મુજબ આપેલા સરટીફીકેટની બજાવણીમાં તહોમતદારનો ઉભો પાક જપ્ત થયેલો હતો, અને તે આ પ્રમાણે જપ્ત થયો હતો એવું તહોમતદાર જાણતો હતો છતાં તે તહો-

---

૧. આલ્ટન. વિ. હેરીસન ૪ ચાન્સરી પાનુ ૬૨૨, પાને ૬૨૬ મે.
૨. શંકરા પા. વિ. રામાયા. ૩ મદ્રાસ હાઇકોરટ રીપોટરસ. પાનું ૨૩૧; ઈશનચન્દર. વિ. બીશન સીરદાર ૨૪ ક. ૮૨૫.
૩. સુબા બીબી વિ. બાળ ગોવિંદદાસ. ૮ અ. ૧૭૮; નારાયણ વિ. વીર રાઘવન ૨૨ મ ૧૮૪
૪. તીલકચંદ. વિ. જીતમલ. ૧૦ બોમ્બે હાઇકોરટ રીપોટરસ પાનુ ૨૦૬; નાના મનસારામ. વિ. રઉતમલ. ૨૨ મું. ૨૫૫; જોશ્યુઆ. વિ. ધ એલાયન્સ બેન્ક ઓફ સીમલા. ૨૨ ક. ૧૮૫. આના સંબંધમાં મલકતની તબદીલના આકટ (૧૮૮૨ નો આકટ ૪ થો) ની કલમ ૫૩ મી જુઓ.
૫. ગઉરચન્દર વિ. કીશનમોહન ૧૦ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનુ ૪૬.

મતદાર તે હક્કો પાક કાપીને લઇ ગયો. તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેણે આ કલમના પાછલા ભાગ પ્રમાણે ગુન્હો કર્યો હતો. ૧

બક્ષીસના સંબંધમાં ઇગ્લાંડમાં એક અગત્યનો ફેંસલો થયો છે તે ફેંસલો **ફ્રામાન. વિ. પોપ ૨** નો છે. તે ફેંસલામાં લોર્ડ જસ્ટીસ ગીફર્ડે નીચે મુજબ કાયદો સ્થાપિત કર્યો છેઃ—"જે મીલકત પો-
" તાની ખુશીથી બક્ષિસ આપી દેવામાં આવી હોય તે મીલકત (બધી કુલ મીલકતમાંથી) બાદ કર્યા પછી
" જો બક્ષીસ આપનારનું દેવું પતાવવાસારૂ પુરતી (તથા ઉપયોગમાં આવી શકે એવી) મીલકત બાકી ન
" રહેતી હોય તો કાયદો એવું અનુમાન કરે છે કે લેહેણદારોને રોવડાવવાનો (ઠગવાનો) ઈરાદો (તે બ-
" ક્ષીસ આપતી વખતે) હતો; અને જ્યુરીની આગળ કે કેસ મુકતી વખતે જડજની ફરજ છે કે (બ-
" ક્ષીસ આપનારનો) તેવો ઇરાદો હતો એવું અનુમાન બાંધવાનું જ્યુરીને કહેવું જોઇએ."

મદ્રાસમાં ચુકેલા એક કેસમાં એક માણસે ૧૮૫૮ ના મે માસમાં એક ખત આપ્યું, અને ખત લખી આપ્યા પછી આશરે એક વરસ દહાડે, અને દાવો લાવતા પેહેલાં થોડા દીવસ અગાઉ તેણે પચીસ હજાર રૂપૈયા (ના નોટો) બક્ષીસ તરીકે તેની સ્ત્રીને નામે (તબદીલ) કરી આપ્યા. તે ખત કરાવી લેનારા લેહેણદારે હુકમનામુ મેળવ્યા પછી તે બક્ષીસ રદ કરાવવાનો, અને તે નોટો (જામનગીરીઓ-સીકયુરીટીઓ) ને બજવણીમાં જપ્ત કરવાનો પોતાનો હક સ્થાપિત કરવાનો દાવો કર્યો. અસલ કોર્ટને એમ માલમ પડ્યું કે તે સીકયુરીટીઓની કરેલી બક્ષીસ શુદ્ધ બુદ્ધિથી કરેલી વ્યવસ્થા હતી, અને તે અંધારો પટદોજ માત્ર નહોતો, અને વાદીના લેહેણાની રકમ ઓળવવા (વસુલ નહી થવા દેવા) ના ઇરાદાથી તેણે તેમ કર્યું નહોતું. અપીલમાં જડ જો એમ ઠરાવ્યું કે દેવું કર્યા પછી અને તે દેવું આપી દેવાને કાંઇ પણ બંદોબસ્ત કર્યા વગર (તે સીકયુરીટીઓ) તબદીલ કરી આપ્યાની બીના પોતેજ વાદી સાથે (એક પ્રકારની)ઠગાઇ હતી. પરંતુ મદ્રાસની હાઈકોર્ટે દેણદારના ખાસ હેતુઓ અને ઇરાદાની બાબતમાં મુદ્દો કાઢવાનું ફરમાવ્યું, અને એવી ટીકા કરી કે:—"પોતાની ખુશીથી કરેલી (વગર અવેજની) તબદીલની બાબતમાં, દેણદારના
" ઇરાદા સંબંધી તેની શુદ્ધ બુદ્ધિ હતી કે કેમ તેનો નિર્ણય કરવાનો (મુખ્ય) મુદ્દો છે. આવા દરેક કેસમાં
" અમારા અભિપ્રાય પ્રમાણે જે ખરેખરા સવાલનો વિચાર કરવાનો છે તે એ છે કે પુરાવામાં પડેલી સ-
" ઘળી બીના એકઠી લેતાં તેના ઉપરથી તે (તબદીલના) વ્યવહારનો ખરો હેતુ અને ઇરાદો દેણદારની
" એકંદર મીલકતમાંથી તે લેહેણદારનું લેહેણુ વસુલ કરવાના ઇલાજો નષ્ટ (નિષ્ફળ) કરવાનો હતો એવા
" અનુમાન ઉપર આવી શકાય છે કે કેમ."૩ મુંબાઈમાં ચુકેલા એક કેસમાં એક દેણદારે, પઇસા સંબંધી મુશ્કેલીમાં પોતે આવી પડેલો હોવાથી, પોતાની સ્ત્રીના અને પોતાના સગીર ઉમ્મરના છોકરાઓના લાભમાં પોતાની સઘળી મીલકતનું બક્ષીસ ખત કરી આપ્યું. આથી, અલબત તે દેણદાર તદ્દન મીલકત વગરનો થઈ ગયો, અને આ વ્યવહાર (બક્ષીસ ખત) એકદમ રદ કરવામાં આવ્યો હતો. ૪

જે માણસની કોઈ ગુન્હાને વાસ્તે (થોડા વખતમાં) તપાસ થવાની હોય, અને તેના ગુન્હેગાર ઠર્યાને પરિણામે તેની મીલકત જપ્ત થઇ જવાની હોય તે માણસે પોતાની ખુશીથી કરેલી (અવેજ વગરની) તબદીલ દગલબાજી ભરેલી ગણાશે. અને જ્યાં શિક્ષાને પરિણામે (થવાની સરકાર જપ્તીમાંથી) તે મીલકત ખસેડવાનો હેતુ હોય ત્યાં સ્નેહના કારણથી પણ તે તબદીલ યોગ્ય (કાયદેસર) ગણાશે નહી; દાખલા તરીકે જ્યાં એક માણસ કે જેનો રાજ્ય વિરૂદ્ધ ગુન્હો કરવા માટે (થોડા વખતમાં) ઇનસાફ થવાનો હતો તે માણસે પોતાની સ્ત્રીના લાભને અર્થે ટ્રસ્ટ કરી પોતાની મીલકત તબદીલ કરી આપી ત્યાં તે તબદીલ પ્રપંચ ભરેલી હતી એવું ઠરાવવામાં આવ્યું હતું. ૫

---

૧. સુંદર. વિ. સિતલ. ૨૮ ક. ૨૧૭.
૨. પંચાન્સરી પાનું ૨૩૮, પાને ૫૪૫ મે.
૩. જ્ઞાનબાઈ. વિ. શ્રીનિવાસ. ૪ મદ્રાસ હાઇકોર્ટ રીપોટરસ. પાનુ ૮૪, પાને ૮૮ મે; રીલેનફોકસ (૧૯૦૦), ૨ કવીન્સ બેન્ચ રીપોટરસ, પાનુ ૫૦૮.
૪. હોરમસજી. વિ. કાવસજી. ૧૩ મું. ૨૯૭.
૫. રી સોન્ડરસ એસ્ટેટ. ૩૨ લો જરનલ ચાન્સરી. પાનુ ૨૨૪.

ઉપર જણાવેલી દગલબાજીની ત્રણ રીતો ઉપરાંત એક ચોથી રીત છે; તે એ છે કે બીજા બધા લેહેણદારોને પડતા મુકી એક લેહેણદારને પસંદ કરી તેનું લેહેણું પેહેલું પુરેપુર ચુકાવી દેવું. આને દગા ભરેલી પસંદગી કહે છે. આવી પસંદગીનો હિંદુસ્તાનના નાદારીના આકટ (ઇન્ડીયન ઇન્સોલ્વન્સી આકટ) ની સાથે અને ઇંગ્લાંડના બેંકરપ્સી (નાદારી) આકટની સાથે મુખ્યત્વે કરીને સબંધ હોવાથી, અને આ નાદારીના આકટ ઘણું કરીને ઇલાકાનાં (મુખ્ય) શેહેરોમાંજ ચાલતો હોવાથી દગલબાજીની આ ચોથી રીત સંબંધી લાંબુ વિવેચન કરવાની જરૂર નથી. તે નાદારીના આકટની શરતો પ્રમાણે આવી પસંદગી દગા ભરેલી ગણાય છે પરંતુ મી. મેઈન સાહેબના અભિપ્રાય પ્રમાણે, (પૈસા સંબંધી) મુશ્કેલીમાં આવી પડેલો માણસ પોતાના અમુક લેહેણદારને પસંદગી આપી તેનું લેહેણું ચુકાવી દે તે વાતને નાદારીનો કાયદો દગા ભરેલી પસંદગી કહે છે તેટલાજ કારણથી માત્ર, તે માણસ આ ૨૦૬ ઠી કલમ પ્રમાણે શિક્ષાને પાત્ર થશે નહી. આ અભિપ્રાયને અહીંઆં ચુકેલા કેટલાક ફેંસલાથી ટેકો મળે છે. ૧

કાંઇ મીલકત સરકાર જપ્ત થતી અથવા હુકમનામુ બજાવવામાં લવાતી અટકાવવા સારૂ દગલબાજીથી તે મીલકત પર દાવો કરવો.

૨૦૭. ફલાણી મીલકત અથવા તે માંહેલા ફલાણા હક ઉપર મારો કાંઇ હક અથવા વાજબી દાવો નથી એવું જાણીને જે માણસ દગલબાજીથી અથવા તે મીલકત અથવા માંહેલો તે હક કબુલ કરે અથવા લે અથવા તેનો દાવો કરે અથવા જે માણસ કાંઇ મીલકત અથવા તે માંહેલા કાંઇ હકપરના કાંઇ હક બાબત કોઇ તરેહની ઠગબાજી કરે એવા ઇરાદાથી કે તેમ કરવાથી કોઇ ઇનસાફની કોરટે અથવા બીજા મુખતીઆર અધીકારીએ કાંઈ શીક્ષાનો હુકમ કર્યો હોય અથવા કાંઇ હુકમ તે કરશે એવો સંભવ છે એમ તે માણસ જાણુતો હોય તે હુકમ મુજબ તે મીલકત અથવા તે માંહેલો તે હક સરકાર જપ્ત થતો અથવા દંડને પેટે વસુલ થતો અટકે અથવા કોઇ ઇનસાફની કોરટે કોઈ દીવાની મુકરદમામાં કોઇ હુકમનામું અથવા હુકમ કર્યો હોય અથવા કાંઈ હુકમનામું કે હુકમ તે કરશે એવો સંભવ છે, એમ તે માણુસ જાણુતો હોય તે હુકમનામું અથવા હુકમ બજાવવામાં તે મીલકત અથવા તે માંહેલો તે હક લેવાતો અટકે તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

આ કલમને ૨૦૬ ઠી કલમ નીચેની ટીકા લાગુ પડે છે માટે તે ટીકા જુઓ.

જે રકમ લેણી નથી તેને સારૂ દગલબાજીથી હુકમનામું થવા દેવું.

૨૦૮. કોઇ સખશે ફરીઆદી કર્યા ઉપરથી જે રકમ લેણી ન હોય તે રકમને સારૂ અથવા તે શખસને જેટલી રકમ દેવી હોય તે કરતાં વધારે રકમને સારૂ અથવા જે મીલકત પર કે તેના જે હકપર તે શખસનું કાંઇ પહોંચતું ન હોય એવી મીલકતને સારૂ અથવા એવા હકને સારૂ જે માણસ દગલબાજીથી પોતાની ઉપર કાંઇ હુકમનામું કે હુકમ કરાવે અથવા થવા દે અથવા કાંઈ હુકમનામુ કે હુકમ પુરો

---

૧. ગોપાલ. વિ. બેન્ક ઓફ મદ્રાસ. ૧૬ મ. ૩૭૯.

થયા પછી અથવા જે વસ્તુ સંબંધી તે પુરો થયો હોય તે વસ્તુ સંબંધી જે માણુસ દગલબાજીથી પોતાની ઉપર તે હુકમનામું કે હુકમ બજવાવે અથવા બજવવા દે તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત—**અ** **જ** ની ઉપર એક ફરીયાદી કરે કે **અ** નું મારી ઉપર હુકમનામું થશે એવો સંભવ છે એમ જાણીને **બ** જેનો **જ** ની ઉપર કાંઇ વ્યાજબી દાવો નથી તેણે ફરીઆદી કરેથી વધારે રકમનું હુકમનામું **જ** દગલબાજીથી પોતાની ઉપર થવા દે. એવા હેતુથી કે **અ** ના હુકમનામાની રૂએ **જ** ની મીલકતનું જે વેચાણ થાય તેમાંથી જે રૂપીઆ ઉપજે તેમાં **બ** પોતાને હીસાબે અથવા **જ** ના ફાયદાને સારૂ ભેગો મળે તો આ કલમ મુજબ **જ** એ ગુન્હો કર્યો એમ સમજવું.

ટીકા.—આ કલમને પણ ૨૦૬ ઠી કલમ નીચેની ટીકા લાગુ પડે છે માટે તે ટીકા જુઓ.

કોઇ ઇનસાફની કોરટમાં બદદાનતથી ખોટો દાવો કરવો.

૨૦૯. જે માણુસ દગલબાજીથી અથવા બદદાનતથી અથવા કોઇ સખસને નુકશાન કરવાના કે દુખ આપવાના ઈરાદાથી કાંઇ દાવો ખોટો છે એમ જાણીને કોઈ ઇનસાફની કોરટમાં તે દાવો કરે તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી દંડને પણ લાયક થશે.

ટીકા.—એક માણુસના ઉપર, દગલબાજીથી અને બદદાનતથી ઇનસાફની કોર્ટમાં ખોટો દાવો કરવાનું અને તે ખોટા દાવામાં દાવા અરજી ઉપર ખોટો ઈકરાર કરવાનું (કલમ ૧૯૩ પ્રમાણે) એવાં બે તહોમત મુકવામાં આવ્યાં હતાં તે કેસમાં એવું ઠરાવ્યું હતું કે તે માણસને બંને તહોમતોનો ગુન્હેગાર ઠરાવી શકાય નહી, કેમકે પાછલો ગુન્હો (ખોટો ઇકરાર કરવાનો) આગલા ગુન્હાનો (ખોટો દાવો કરવાનો)એક વિશેષતઃ અગત્યનો ભાગ હતો. ૧ એટલું ધ્યાનમાં રાખવાનું છે કે જે દીવાની કોર્ટમાં અસલ દાવો આણવામાં આવ્યો હોય તે દીવાની કોર્ટનેજ આ કલમ લાગુ પડે છે. ૨ અને જે કેસમાં, આખો દાવો ખોટો હોય તેવાજ કેસને આ કલમ લાગુ પડે છે એવું કાંઇ નથી, દાવાનો કેટલોક ભાગ દગલબાજીથી અને બદદાનતથી ખોટો કરેલો હોય તો પણ આ કલમ પ્રમાણે તે દાવો કરનાર શિક્ષાને પાત્ર થાય છે. ૩

આ કલમના સંબંધમાં દીવાની કામ ચલાવવાના કાયદા (સીવીલ પ્રોસીજર કોડ-૧૮૮૨ નો આકટ ૧૪ મો) ની કલમ ૬૪૩, તથા ફોજદારી કામ ચલાવવાના કાયદા (ક્રીમીનલ પ્રોસીજર કોડ–૧૮૯૮ નો આકટ ૫ મો) ની કલમ ૧૯૫ (બ) જુઓ.

જે રકમ લેણી ન હોય તેને સારૂ દગલબાજીથી હુકમનામું કરાવી લેવું.

૨૧૦. જે રકમ લેણી ન હોય તે રકમને સારૂ અથવા લેણી હોય તે કરતાં વધારે રકમને સારૂ અથવા જે મીલકત ઉપર કે તેમાંના જે હક ઉપર પોતાનું પહોંચતું ન હોય એવી મીલકતને સારૂ અથવા એવા હકને સારૂ જે માણુસ દગલબાજીથી કોઇ શખસની ઉપર કાંઇ હુકમનામું કે હુકમ કરાવી લે અથવા કાંઇ હુક-

---

૧. રેંજાઇના. વિ. ગ્રાર મહમદ. ૨૧ અલાહબાદ વીકલી નોટસ પાનુ ૧૮૭.
૨. રેંજાઈના. વિ. બેગમ. ૧૨ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનુ ૩૭.
૩. રેંજાઈના. વિ. બુલાખીરામ ૧૦ અલાહબાદ વીકલી નોટસ પાનું ૧.

મનાચું કે હુકમ પુરો થયા પછી અથવા જે વસ્તુ સંબંધી તે પુરો હોય તે સંબંધી જે માણસ દગલબાજીથી કોઈ શખસની ઉપર તે હુકમનામું કે હુકમ બજાવાવે અથવા દગલબાજીથી એવું કોઇ કામ પોતાને નામે થવા દે, અથવા કરવાની રજા આપે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—હુકમનામાની બજવણીને વાસ્તે કરેલી અરજી કે જે, કોરટની બાહાર (ખાનગી રીતે) હુકમનામાનું લેહેણુ ભરપાઇ કરી દેવામાં આવ્યું હતું એવું જણાવાથી, હુકમનામાના દેણદારને નોટીસ આપ્યા પછી રદ કરવામાં આવી હતી તેવી અરજીથીજ માત્ર આ કલમ પ્રમાણે કાંઈ ગુન્હો થતો નથી. ૧

આ કલમ પ્રમાણે ગુન્હો બનવાને સારૂ હુકમનામુ પુરૂ થયાની વાતનીજ માત્ર જરૂર છે. હુકમનામુ પુરૂ કરી દીધું હોય (અર્થાત હુકમનામાનું લેહેણુ વસુલ આપી દીધુ હોય), પરંતુ તે એવા પ્રકારનું હોય કે દીવાની કામ ચલાવવાના કાયદા (સીવીલ પ્રોસીજર કોડ) ની કલમ ૨૫૮ મુજબ કોર્ટમાં તે વસુલનું સરટીફીકેટ આપેલું નહી હોવાના સબબથી હુકમનામુ બજાવનારી કોર્ટથી તે ધ્યાનમાં લઇ શકાય નહી તોપણ હુકમનામાનો લેહેણદાર આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરી શિક્ષાને પાત્ર થાય છે. ૨

આ કલમમાં આવેલા "પુરૂ થયા પછી" શબ્દો તેના સામાન્ય અરથમાં લેવાના છે, અને જે હુકમનામાં પુરાં થયાની વાતનું સરટીફીકેટ કોર્ટને આપવામાં આવ્યું હોય તેવાં હુકમનામાંનેજ માત્ર મરયાદિત થતા નથી, પરંતુ સામાન્ય રીતે પુરા થયેલા કોઇ પણ હુકમનામા અથવા હુકમને તે લાગુ પડે છે. ૩

જ્યાં હુકમનામાવાળાએ (હુકમનામાના લેહેણદારે) તેનું હુકમનામુ બજાવવાની દરખાસ્ત કરી, પરંતુ કોર્ટની બાહાર (ખાનગી રીતે) તે હુકમનામુ પુરૂ કરી દેવામાં આવ્યું હતું તે કારણથી તે દરખાસ્ત માંડી વાળવામાં આવી હતી ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ કલમ પ્રમાણે તેણે કાંઈ ગુન્હો કર્યો નહોતો. ૪ વળી એક કેસમાં એક શુદ્ધ બુદ્ધિવાળો લેહેણદાર દાવો ઉતાવળે ચલાવીને ઝપાટાબંધ હુકમનામુ કરાવીને બજાવણી કરવાને શક્તિવાન થાય તેટલા સારૂ તેના દેણદારે તેને સગવડ કરી આપી, ત્યાં એવુ ઠરાવવામાં આવ્યું હતું કે આ કલમ પ્રમાણે તે દગલબાજી થતી નહોતી. ૫

આ કલમના સંબંધમાં દીવાની કામ ચલાવવાના કાયદા (સીવીલ પ્રોસીજર કોડ) ની કલમ ૬૪૩ મા, તથા ફોજદારી કામ ચલાવવાના કાયદા (ક્રીમીનલ પ્રોસીજર કોડ) ની કલમ ૧૯૫ (બ) જુઓ.

મી૦ કોલેટ સાહેબ ટીકા કરે છે કે જે પ્રમાણે ૨૦૭ મી કલમ ૨૦૬ ઠી કલમની જોડી છે, તેજ પ્રમાણે દગલબાજી ભરેલાં હુકમનામાંની બાબતમાં ૨૧૦ મી કલમ ૨૦૮ મી કલમની જોડી (counterpart) છે. આ બંને જોડકાંમાં દગલબાજી કરવાને સારૂ બે પક્ષકારોની જરૂર છે. એક મીલકત જુઠી વેચાણ કે ગીરો કરી આપે અને બીજો તે મીલકત વેચાણ કે ગીરો કરી લે તેમજ એક પક્ષકાર જુઠુ હુકમનામુ કરાવી લે, અથવા હુકમનામુ પુરૂ થઇ ગયું હોય તો પણ બજાવે, અને બીજો તે હુકમનામુ પોતાના ઉપર થવા દે, અથવા હુકમનામાની બજાવણી પોતાના ઉપર થવા દે. કલમો ૨૦૬ અને ૨૦૭ થી તેમજ કલમો ૨૦૮ અને ૨૧૦ થી દગલબાજી કરનારા બંને પક્ષકારો સરખી રીતે ગુન્હેગાર હોઇ સજાને પાત્ર થાય છે.

૨૧૧. જો કોઈ માણસ કોઇ સખસને નુકશાન કરવાના ઈરાદાથી તે સખસની ઉપર કાંઇ ફોજદારી કરે અથવા કરાવે અ-

---

૧. શામચરણ. વિ. કાશી નાઈક. ૨૩ ક. ૯૭૧.

૨. માધબચંદર. વિ. નવદીપચન્દર. ૧૬ ક. ૧૨૬; રૈજાઇના. વિ. મુતારામ ૪ મ. ૩૨૫.

૩. રૈજાઇના. વિ. બાપુજી ૧૦ મું. ૨૮૮; માધબચન્દર વિ. નવદીપચન્દર (ઉપર).

૪. શામાચરણ વિ કાશી ૨૩ ક ૯૭૧.

૫. રંગીલભાઇ. વિ. વિનાયક. ૧૧ મું. ૬૬૬; સુબા બીબી. વિ. બાલ ગોવીંદ. ૮ અ. ૧૭૮

નુકશાન કરવાના ઇરાદાથી મુકેલુ ગુન્હાનું તહોમત. થવા કોઇ શખસની ઉપર કાંઇ ગુન્હો કરયાહું ખોટુ તહોમત મુકે અને તે એવું જાણીને કે તે શખસની ઉપર તે ફોજદારી કરવા અથવા તે તહોમત મુકવાનું કાંઇ વાજબી અથવા કાયદા મુજબ કારણુ નથી તો તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે અને અગર તે ફોજદારી કરે તેવા કોઇ ગુન્હાના ખોટા તહોમતપરથી કરે કે તે ગુન્હાને માટે મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની અથવા સાત વરસની કે તેથી વધારે મુદતની કેદની શીક્ષા થઇ શકતી હોય તો તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાંના. ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણુ લાયક થશે.

ટીકા:—આ કલમમાં બે જુદા જુદા ગુન્હાઓનો સમાવેશ થાય છે:—(૧) ફોજદારી કરવી, અને (૨) કાંઇ ગુન્હો કરયાનું ખોટું તહોમત મુકવું. પેહેલા ભાગમાં બીજાનો સમાવેશ થઇ જાય છે. (અરથાત કાંઇ ગુન્હો કરવાનું ખોટું તહોમત મુકીને ફોજદારી કરવામાં આવે છે,) પરંતુ જ્યાં કાંઈ ફોજદારી કરવામાં ન આવી હોય ત્યાં પણુ બીજો ગુન્હો (ખોટું તહોમત મુકવાનો) બને. એક કેસમાં એક માણસે પોલીસના ઇન્સ્પેકટર આગળ બીજા ઉપર (ખોટું) તહોમત મુક્યું, પણુ પોલીસ ઇન્સપેકટરે તે માન્યું નહી, અને તે (તહોમત) બાબત તપાસ કરવાની ના પાડી. તે કેસમાં ચીફ જસ્ટીસ સ્કોટલેન્ડે એવી ટીકા કરી હતી કે "પીનલકોડની ૨૧૧ મી કલમમાં જણાવેલું ખોટું તહોમત મુકવાનો ગુન્હો બનવાને સારૂં એ જરૂ-"રનું નથીકે તે તહોમત માજીસ્ત્રેટની આગળજ મુકેલું હોવું જોઇએ. આ હાલના કેસમાં માલમ પડે છે તેમ "જો એમ માલમ પડે કે માજીસ્ત્રેટના મોં આગળ લવડાવવાના હેતુથી પોલીસના અમલદાર આગળ જાણી "જોઈને બુદ્ધિપુર્વક તે તહોમત મુકવામાં આવ્યું હતું તો તે બસ છે." ૧ ઉપર જણાવેલા નિયમને અનુસરીને એવું ઠરાવવામાં આવ્યું છે કે એક તહોમતદાર ઉપર જુદું તહોમત મુકવાનું, તથા ફોજદારી કામ ચલાવવાનું, એવાં બે જુદાં જુદાં તહોમત મુકી શકાય, કેમકે બંને ગુન્હા ભિન્ન છે. ૨

આ કલમના બે ભાગ ધ્યાનમાં રાખવાના છે. એક તો ફોજદારી કરવી અથવા કાંઈ ગુન્હો કર્યાનું ખોટું તહોમત મુકવું; અને બીજું જે ગુન્હા બદલ મોતની, કાળા પાણીની, અથવા સાત વરસ અને તેથી વધારે મુદતની કેદની શિક્ષા થાય તેવો ગુન્હો કર્યાનું ખોટું તહોમત મુકી ફોજદારી કરવી. હવે ફોજદારી માત્ર માજીસ્ત્રેટની આગળજ કરાય જ્યારે ખોટું તહોમત પોલીસની આગળ મુકી શકાય. હવે જો એકલું ખોટું તહોમતજ મુક્યું હોય, અને તે ઉપરથી ફોજદારી કરવામાં ન આવી હોય તો એ ખુલ્લું છે કે ખોટું તહોમત મુકનાર આ કલમના પહેલા ભાગ પ્રમાણે સજાને પાત્ર થશે અને જો કે જે ગુન્હા બદલ મોતની, કાળા પાણીની, અથવા સાત વરસ અને તેથી વધારે મુદતની કેદની સજા થાય તેવા ગંભીર પ્રકારના ગુન્હાનું ખોટું તહોમત મુકવામાં આવ્યું હોય તો પણુ તે તહોમત મુકનારને આ કલમના પાછલા ભાગમાં બતાવેલી ભારે શિક્ષા થશે નહી, પરંતુ આ કલમના પેહેલા ભાગ પ્રમાણેજ શિક્ષા થશે, કેમકે એકલું ખોટું તહોમતજ મુકવામાં આવ્યું છે, અને ખોટા તહોમત ઉપરથી ફોજદારી કરવામાં આવી નથી. ૩

પરંતું કલકત્તાની હાઇકોર્ટની ફુલબેન્ચે એક કેસમાં આ અભિપ્રાયની વિરૂદ્ધ ફેંસલો કર્યો છે તે કે-

---

૧. રેજાઈના. વિ. સુબાના ૧ મદ્રાસ હાઇકૉર્ટ રીપોટરસ. પાનું ૩૦; અશરાફ અલી. વિ. રેજાઈના. ૫ ક. ૨૮૧; રેજાઇના. વિ. અબદુલહસન. ૧ અ. ૪૯૭.

૨. રેજાઈના. વિ. નોબોકીસ્તો. ૮ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૮૭.

૩. રેજાઈના. વિ. પ્રીતમરાય. ૫ અ. ૨૧૫; રેજાઇના. વિ કરીમબક્ષ. ૧૪ ક. ૬૩૩; રેજાઈના. વિ. પ્રારાહુ. ૫ અ. ૫૯૮.

સમાં પ્રતિવાદીએ પોતાના ઘરને આગળ લગાડવાનું તહોમત પોલીસની આગળ મુકયું હતું. પરંતુ સ્થાનિક તપાસ ઉપરથી એવું કરવામાં આવ્યું હતું કે તે તહોમત ખોટું (મુકેલું) હતું. જો એ તહોમત પુરવાર (સાબીત) થયું હોત તો તહોમતદારને ૪૩૬ મી કલમ પ્રમાણે જન્મ દેશનિકાલની સજા થાત. પ્રતિવાદી ઉપર આ ૨૧૧ મી કલમના પાછલા ભાગ અન્વયે ગંભીર પ્રકારનો ગુન્હો કર્યાનું ખોટું તહોમત કરવા બદલ તકસીરવાર ઠરાવીને તેને ત્રણ વરસની સજા કરવામાં આવી હતી. અને હાઈકોર્ટે આ સજા કાયમ રાખી હતી.૧ હાઇકોરટની ફુલબેન્ચે કોગ્નીઝેબલ (વગર વારંટે પકડી શકાય એવા) ગુન્હા અને નોન-કોગ્નીઝેબલ (વગર વારંટે પકડી શકાય નહી એવા) ગુન્હાઓવી વચ્ચેનો ભેદ બતાવીને પોતાનો અભિપ્રાય પ્રતિપાદન કર્યો છે. કોગ્નીઝેબલ અને નોન-કોગ્નીઝેબલ ગુન્હાઓમાં નીચે મુજબ ભેદ છે. કોગ્નીઝેબલ ગુન્હામાં કોઈ માણસ તે ગુન્હાની પોલીસને ખબર આપે એટલે પોલીસ તે બાબતમાં તપાસ કરીને માજીસ્ત્રેટને રીપોર્ટ કરે, અને તે ઉપરથી ગુન્હેગાર ઉપર ફોજદારી ચાલે (ફોજદારી કામ ચલાવવાના કાયદા-ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમો ૧૫૪, ૧૫૬, ૧૫૭, ૧૫૯.) નોન-કોગ્નીઝેબલ ગુન્હાઓમાં માજીસ્ત્રેટની આગળ ફરિયાદ કરાય છે. (ફોજદારી કામ ચલાવવાના કાયદાની કલમો ૧૯૦, ૨૦૦) અને તેવા ગુન્હાની પોલીસને ખબર આપે તો પણ ખબર આપનાર માણસને માજીસ્ત્રેટ આગળ ફરીયાદ કરવા જવાનું પોલીસ કહે છે (ફોજદારી કામ ચલાવવાના કાયદાની કલમ ૧૫૫ મી). આ બે રીતેજ ફોજદારી થઇ શકે. હવે જે માણસ કોગ્નીઝેબલ ગુન્હાની બાબતમાં જુઠું તહોમત પોલીસની આગળ મુકીને ફોજદારી કાયદાનો અમલ કરાવે છે તે માણસે આ કલમના પાછલા ભાગ પ્રમાણે ફોજદારી કરી એમ ગણાય છે; અને આવા ગુન્હાની બાબતમાં માજીસ્ત્રેટની આગળ ફરિયાદ કરવી એ કાંઇ જરૂરનું નથી. ૨ પરંતુ નોન-કોગ્નીઝેબલ મુકદમાઓમાં કાંઈ પણ પગલાં લેવાની પોલીસની સત્તા નહી હોવાથી આવા (નોન-કોગ્નીઝેબલ) ગુન્હાનું પોલીસની આગળ મુકેલું ખોટું તહોમત ફોજદારી કરી ગણાશે નહી, પરંતું તે તો ખોટું તહોમતજ માત્ર ગણાશે. હવે ઘરને આગ લગાડવાનો ગુન્હો કોગ્નીઝેબલ ગુન્હો છે, અને તેવો ગુન્હો કરવાનું પોલીસની આગળ મુકેલું ખોટું તહોમત જો સાચું હોત તો પોલીસ તેના ઉપર રીપોર્ટ કરી તે માજીસ્ત્રેટની પાસે મોકલાવત, અને તે માજીસ્ત્રેટ તેના ઉપરથી ફોજદારી કરત. આ બધાનો વિચાર કરીને કલકત્તાની હાઈકૉર્ટની ફુલબેન્ચે ઠરાવ્યું કે આ કોગ્નીઝેબલ ગુન્હો હતો અને તે ગુન્હાના પોલીસની આગળ મુકેલા ખોટા તહોમતને પરિણામે માજીસ્ત્રેટની આગળ ફોજદારી ચાલત તેથી આવા ગુન્હાના ખોટા તહોમતનો આ કલમના પાછલા ભાગમાં સમાવેશ થાય છે, અને તેથી કરીને તે પાછલા ભાગ મુજબ ભારે શિક્ષાને પાત્ર થાય છે. કોગ્નીઝેબલ અથવા નોન—કોગ્નીઝેબલ ગુન્હાઓનાં તહોમત અને તે બાબતની તપાસ પોલીસના અધિકારની સાથે સબંધ ધરાવે છે. પરંતુ કોઇપણ ગુન્હો પછી તે કોગ્નીઝેબલ હોય કે નોન—કોગ્નીઝેબલલ હોય તો પણ તેવા ગુન્હાનું માજીસ્ત્રેટ આગળ મુકેલું ખોટું તહોમત ફોજદારી કરી ગણાશે; અને તેવા તહોમતમાં કલકત્તાની અને અલ્હાબાદની હાઇકોરટો વચ્ચેના પરસ્પરના વિરૂદ્ધ અભિપ્રાય માટે કાંઇ જગા રહેશે નહી. કલકત્તાની હાઈ કોર્ટના અભિપ્રાયથી વિરૂદ્ધ જઈ અલ્હાબાદની હાઈકોર્ટે એવું ઠરાવ્યું છે કે જો માજીસ્ત્રેટ તેવા મુકદમાની (ફોજદારી) તપાસ ન કરે તો આ કલમનો પાછલો ભાગ લાગુ પડશે નહી.૩ અલહાબાદ હાઇકોરટે એવો અભિપ્રાય દર્શાવ્યો છે કે ખોટું તહોમત મુકવું, અને ફોજદારી કરવી તે બંને એક બીજાથી ભિન્ન છે, અને જ્યાં સુધી તહોમતને પરિણામે ફોજદારી કરાય નહી ત્યાં સુધી આ કલમનો પાછલો ભાગ લાગુ પડે નહી, પરંતુ એકલા ખોટા તહોમત બદલ આ કલમના પેહેલા ભાગ પ્રમાણે શિક્ષા થઈ શકે.૪

માજીસ્ત્રેટની અથવા પોલીસની સત્તા ન હોય તેવા માણસની આગળ મુકેલું ખોટું તહોમત આ

---

૧. કરીમબક્ષ. વિ. રેજાઇના. ૧૭ ક. ૫૭૪; આ ફેંસલો રેજાઇના. વિ. નન્જન્દા. ૨૦ મ. ૭૯ માં અનુસરવામાં આવ્યો.

૨. રેજાઇના વિ. જીજીભાઈ. ૨૨ મું. ૫૯૬.

૩. રેજાઈના વિ. પ્રીતમરાય. ૫ અ. ૨૧૫; રેજાઈના. વિ. પારાહુ. ૫ અ. ૫૯૮.

૪. રેજાઈના. વિ. બીરોશર. ૧૬ અ. ૧૨૪.

કલમની અંદર આવી જતું નથી. તે પ્રમાણે એક કેસમાં એક સ્ત્રીએ સ્ટેશનના એક અમલદારની આગળ હાજર થઈને એક નોન—કમીશન્ડ અમલદાર (લશ્કરી નોકરીમાં જોડાયેલો હલકી પાયરીનો અમલદાર) ની ઉપર બળાત્કાર સંભોગ કર્યાનું તહોમત મુક્યું. તે બાબતમાં લશ્કરી રીતની તપાસ થતાં લશ્કરી સત્તાવાળાઓએ એવું ઠરાવ્યું કે તે તહોમત ખોટું હતું, અને ફરિયાદણ ઉપર કલમ ૨૧૧ પ્રમાણે ફોજદારી ફરિયાદ માંડવાનું ફરમાવ્યું. તેમાં તે ફરિયાદણને ગુન્હેગાર ઠરાવી કરેલી સજા રદ કરવામાં આવી હતી;[૧] વળી જે ખરી રીતે ગુન્હો નથી તેની ફરિયાદ ગુન્હો કરવાનું ખોટું તહોમત મુકેલું ગણાઈને શિક્ષાને પાત્ર થશે નહી.[૨] અમુક તપાસની દરમીઆનમાં જે માણસને માજીસ્ત્રેટની આગળ હાજર થવાનો સમન્સ આપવામાં આવ્યો હોય, અને જે તેને પુછેલા સવાલના જવાબમાં ખોટી હકીકત જાહેર કરે તે માણસને આ ૨૧૧ મી કલમ પ્રમાણે જુઠું તહોમત મુકવાનો ગુન્હેગાર ઠગવી શકાય નહી.[૩]

અમુક માણસને ગુન્હો કર્યો છે એવો મને શક જાય છે એવું કોઇ શખસ પોલીસની આગળ જાહેર કરે તો તે આ કલમના અર્થ પ્રમાણે તહોમત મુકેલું ગણાશે નહી, તેમજ તે ફોજદારી કરેલી પણ ગણાશે નહી, અને તેથી તે સખસે આણેલો શક બીન પાયાદાર હતો એવું સાબીત થયા છતાં પણ તે સખસને ગુન્હેગાર ઠરાવી શકાય નહી.[૪] પરંતુ જો તેવો શક હોવાનું જાહેર કર્યા પછી જે માણસના ઉપર શક આણવામાં આવ્યો હોય તે માણસની સામે ચાંપતા ઉપાયો અને પગલાં લેવામાં આવ્યાં હોય તો તેથી તહોમત મુકેલું ગણાશે.[૫]

કોઇ માણસે કરેલી ફોજદારીમાં અથવા મુકેલા તહોમતમાં તેના ટેકામાં આણેલી બીના જુઠી હોય તો વધારામાં એ સાબીત કરવાની જરૂર છે કે જે માણસના ઉપર તહોમત મુકવામાં આવ્યું હોય તે માણસને નુકશાન કરવાના ઇરાદાથી તે તહોમત મુકવામાં આવ્યું હતું, અને તહોમતદાર જાણતો હતો કે તેમ કરવાનું (અર્થાત તેવું ખોટું તહોમત મુકવાનું) તેને વ્યાજબી અથવા કાયદેસર કારણ નહોતું. આ ગુન્હો બનવાને સારૂ આ બે પેટા બાબતો સાબીત કરવાનું ફરિયાદ–પક્ષને માટે જરૂરનું છે. પ્રથમજ, કેદીને (તે તહોમત મુકવાનાં) વ્યાજબી અને કાયદેસર કારણો હતાં એવું સાબીત કરવાનું તેને કહી શકાય નહી.[૬]

તહોમત ખોટું હતું તેની તે (તહોમત મુકનાર) માણસને ખબર હતી તે વાતનું દરેક કેસની આજુબાજુની બીના ઉપરથી અનુમાન બાંધી શકાય. અને ખોટું તહોમત મુકવાનું જે માણસના ઉપર તહોમત મુકવામાં આવ્યું હોય તે માણસને, જે ખબર ઉપરથી તેણે (તે તહોમત મુકવા સબંધી) પગલાં લીધાં તે ખબર, અને જે ગામગપાટા અથવા શકો જે માણસના ઉપર (ખોટું) તહોમત મુકેલુ તે માણસની સામે ચાલતા હતા તે ગામગપાટા અને શકો પણ, હમેશાં સાબીત કરવા દેવામાં આવશે. અને તેને આમ કરવા દેવાનો હેતુ તેણે જે માણસના ઉપર (ખોટું) તહોમત મુકેલું તે માણસનો ગુન્હો સ્થાપિત કરવાનો નહી, પરંતુ તેની પોતાની વર્તણુકની શુદ્ધ દાનત સાબીત કરવાનો છે.[૭] જે પુરાવો એવું બતાવે કે તેણે મુકેલું (ખોટું) તહોમત તે માનતો હતો, અથવા તે માનવાનાં તેને વ્યાજબી કારણ હતાં તેવો કોઇ પણ પુરાવો તેના લાભને અરથે તેની તરફમાં દાખલ કરવામાં આવશે.[૮]

---

૧. રેગ્યુલેશન. વિ. જમુના. ૬ ક. ૬૨૦.

૨. રેગ્યુલેશન. વિ. ગોપુ. ૧ બોમ્બે હાઈ કોરટ રીપોર્ટસ પાનુ ૯૨.

૩. રેગ્યુલેશન. વિ. કેરીગઉડા. ૧૯ મું. ૫૧.

૪. રેગ્યુલેશન. વિ. બ્રહ્માનન્દ. ૮ ક. લો રીપોર્ટસ પાનું ૨૩૩.

૫. રેગ્યુલેશન. વિ. રૂરા. પંજાબ રેકડરઝ. ૧૮૭૦ નું ૧૩ મું; રેગ્યુલેશન. વિ. હનુમાન. ૧૯ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનુ ૫.

૬. રેગ્યુલેશન. વિ. નોબોકીસ્તો ઘોસ. ૮ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનુ ૮૯; બાબુ ગણેશ દત. વિ. મગનીરામ ૧૧ બંગાલ લો. રીપોર્ટસ, પાનુ ૩૨૯.

૭. રેગ્યુલેશન. વિ. નવલમલ. ૩ બોમ્બે હાઇકોરટ રીપોર્ટસ (ફોજદારી કેસ) પાનુ ૧૬.

૮. અબ્રાથ. વિ. નોરથ—ઇસ્ટ રેલવે કંપની. લો. રીપોર્ટસ ૧૧ અપીલ કેસીસ પાનુ ૨૪૭.

જે તહોમત (નું ખરાપણું) તે તહોમત મુકનારે ખરી રીતે માની લીધેલું હોય તેવું તહોમત મુકવામાં કરેલી બેરીકશાઇ અથવા બેદરકારી એકલીથીજ તે ગુન્હેગાર થતો નથી.૧ પણ જ્યાં તહોમત ખરૂં છે કે ખોટું તે બાબતની ખાતરી કરવાની સીધી અને ખુલ્લી રીત હોય,—દાખલા તરીકે જે માણસની ખબર ઉપરથી તે તહોમત મુકનાર સખસે તહોમત મુકયું હોય તે માણસની પાસે જાતે તપાસ કરવાથી ખરી હકીકત મળે એવું હોય, અને તે તહોમત મુકનારે તેમ કરવાની તક બેદરકારીથી ગુમાવી હોય ત્યાં તેને તહોમત મુકવાનું યોગ્ય અને સંભવિત કારણ હતું કે નહી તે સવાલનો નિરણય કરવામાં તેણે તપાસ કરી નહી તે બાબત મુદ્દાની થઇ પડશે.૨ જે બીનાની અંદર ફરિયાદ કરવામાં આવી હતી તે આજુબાજુની બીના ઉપરથી તેને તે તહોમતના ખરા ખોટાપણાની ખબર હતી કે નહી તેનું અનુમાન બાંધવું જોઇએ, અને વ્યાજબી અથવા સંભવિત કારણ વગર તહોમત મુકવામાં આવ્યું હતું. એવું જો સાબીત થાય તો તેને તે તહોમતના ખોટાપણાની ખબર હતી એવું અનુમાન વ્યાજબી રીતે બંધાશે.૩ સાથે સાથે એ પણ કહેવું જોઈએ કે આ કલમમાં વપરાયલા " એવું જાણીને કે.....કાંઇ વાજબી અથવા કાયદા મુજબ કારણ નથી." એ શબ્દો ઇંગ્રેજી "યોગ્ય અથવા સંભવિત કારણ વગર" (without reasonable or probable cause) એ હમેશ વપરાતા શબ્દોની બરાબર છે. આ ઇંગ્રેજી હમેશ વપરાતા શબ્દોનો બરોબર શો અરથ છે તેનું પોલોક સાહેબે ઘણું સારૂ વીવેચન કર્યું છે.૪ તે તહોમત મુકનાર માણસ પોતાના બચાવમાં એવું સાબીત કરી શકે કે જે કારણો ઉપરથી તહોમત મુકવામાં આવ્યું હતું તે જો કે બીનપાયાદાર હતાં તો પણ તેને તે વાતની ખબર નહોતી. તેણે મુકેલા તહોમતના ખોટાપણાની તેને ખબર હતી એ જ્યાં સુધી સાબીત થાય નહી ત્યાં સુધી તેને ગુન્હેગાર ઠરાવી શકાશે નહી.૫ જો તહોમત મુકી ફોજદારી કામ ચલાવવાને માટે તેને વ્યાજબી અને સંભવિત કારણ હોય તો પછી તેણે ગમે તેટલી કટ્ટી દુશ્મનાવટને લીધે તહોમત મુકયું હોય તો પણ તે આ કલમ પ્રમાણે ગુન્હેગાર થશે નહી.૬ વળી તેણે જે તહોમત મુક્યું હોય તેનું ખરાપણું સાબીત કરવાની તેને તક આપવી જોઇએ, અને આવી તકનો પોલીસની આગળ લાભ લેવાની તેની ખુશી ન હોય અને માજીસ્ત્રેટની આગળ તે વાત સાબીત કરવાની તેની મરજી હોય તો તેને તેમ કરવાની તક આપવી જોઇએ.૭

"કોઇ સખસને **નુકશાન કરવાનો ઇરાદો**" એ શબ્દોની બરાબર ઇંગ્રેજી કાયદાનો શબ્દ "દુરબુદ્ધિ અથવા દ્વેષ (malice) છે. "નુકશાન" શબ્દની વ્યાખ્યા પીનલકોડની કલમ ૪૪ મામાં આપેલી છે, (જુઓ પાછળ પાનુ ૨૯ મુ) નુંકશાન કરવાનો ઈરાદો, અથવા દુષ્ટ બુદ્ધિથી કરેલી ફોજદારીને વાસ્તે આણેલા (નુકશાનીના) દાવાને પુષ્ટિ આપવા સારૂ જે દુરબુદ્ધિ (સાબીત કરવા)ની જરૂર છે તે દુરબુદ્ધિનું આણેલું તહોમત (પાછળથી) બીન પાયાદાર માલમ પડે છે અથવા કાંઇપણ સંભવિત કારણ વગર આણવામાં આવેલું છે તે વાત થીજ માત્ર, અનુમાન કરી શકાય નહી.૮ તેમજ જે માણસની સામે તહોમત મુકેલું હોય તે માણસની સાથે તહોમત મુકનારને પોતાને દુશ્મનાવટ હતી તે સાબીત કરવાની જરૂર નથી. આના સંબંધમાં જસ્ટીસ

---

૧. રેન્નઇના. વિ. પ્રાણકીશન. ૯ સધરલાન્ડઝ વીકલી રીપોટેર પાનું ૧૫.

૨. પેરીમાન. વિ. લીસ્ટર. લો. રીપોર્ટસ. ૪ હાઉસ ઓફ લોરડ્ઝ કેસીસ. પાનું. ૫૨૧.

૩. રેન્નઈના. વિ. પ્રણકીશન (ઉપર); રૈન્નઈના. વિ. મથુરાપ્રસાદ. ૨ સધરલાન્ડઝ વીકલી રીપોટેર પાનું ૧૦.

૪. જુઓ પોલોકકૃત ટારટનું પુસ્તક.

૫. રૈન્નઇના. વિ નવલમલ. ૩ બોમ્બે હાઈકોરટ રીપોર્ટસ ક્રીમીનલ કેસીસ પાનું ૧૯, એમ્પ્રેસ. વિ. મુરાદ પંજાબ રેકરડ્ઝ. ૧૮૯૪ નું ૯૫ મું.

૬. રેન્નઇના. વિ. ચિટ્ટા. ૩ નોરથ વેસ્ટ પ્રોવીન્સીસ રીપોર્ટસ. પાનુ ૩૨૭.

૭. રૈન્નઈના. વિ. કરીમદાદ. ૯ ક. ૪૯૬; ગ્યાન. વિ. પ્રતાપ ૭ ક. ૨૦૮; રેન્નઇના. વિ. શેખઅી-હારી. ૧૦ મ. ૨૩૨.

૮. હોલ, વિ. વેન્કટા કૃષ્ણા ૧૩ મ. ૩૯૪

પારક નીચે મુજબ ટીકા કરે છેઃ—" આવા પ્રકારની ફરીયાદમાં દુરબુદ્ધિને તે માણસની સામે દ્વેષ અથવા " ધિક્કારના અર્થમાં લેવાની નથી પરંતુ બદ (દુષ્ટ) ઈરાદાના અર્થમાં તેને ગણવાની છે, અને તે (તહોમત " મુકનાર) માણસ અયોગ્ય અને આડકતરા હેતુઓથી (ખોટું તહોમત મુકવા) દોરાયો હતો એમ તે બતાવે " છે."૧ દાખલા તરીકે જ્યાં પ્રતીવાદીએ વાદીના ઉપર જુઠા સોગન ખાવાનું તહોમત મુક્યું એમ ધારીને કે બીજો એક મુકરદમો કે જેમાં તે વાદી પ્રતીવાદીની સામે ઘણું કરીને જુબાની આપવાનો હતો તે મુકરદમામાં તેના તેમ તહોમત મુકવાથી વાદીનું મોં બંધ થશે.૨ પરંતુ તહોમતનું બીન પાયાદારપણું અને જે હેતુથી તે તહોમત મુકવામાં આવ્યું હોય તે હેતુ, પુરાવ તરીકે એક બીજાને અસર કરી (તહોમત ખોટું સાબીત કરવામાં) પરસ્પર પુષ્ટી આપે છે. માત્ર દ્વેષ (બતાવવા)થી એમ સાબીત થતું નથી કે તહોમત બીનપાયાદાર છે. ખરાબમાં ખરાબ હેતુથી કોઇ માણસ તદ્દન ખરૂં તહોમત આણી શકે અને તેમ કરવાથી તે ગુન્હેગાર થતો નથી.૩ પરંતુ જે હકીકત કોઇ પણ સમજુ માણસ માને નહી તેવી હકીકત ઉપરથી કોઈ શખસ તહોમત લાવે તો તે તહોમત [નું ખરાપણું] તે પોતે માનતો નહોતો, અને જે માણસના ઉપર તેણે તહોમત મુકેલું છે તે માણસને કેવળ નુકશાન કરવાના ઈરાદાથી તે તેમ વર્ત્યો હતો એવું બતાવવામાં તે ઘણી સારી રીતે કામ આવશે. અને તેથી ઉલટું, જો જે માણસે ગેરવ્યાજબી તહોમત મુકેલું હોય તે માણસ દુષ્ટ હેતુઓથી તેમ વરત્યો છે એમ બતાવવામાં આવે તો આથી ઘણું મજબુત અનુમાન થઈ શકે છે કે તેણે મુકેલું તહોમત ખરૂં હતું તે માનતો નહોતો.૪

દુષ્ટબુદ્ધિથી કરેલી ફોજદારી (અથવા ખોટા તહોમત) બદલ આણેલી ફરીયાદમાં એવું સાબીત કરવાની જરૂર છે કે તે (ફોજદારીની અથવા ખોટા તહોમત) ની તપાસનો હાલના ફરીયાદીના લાભમાં અંત આવ્યો હતો.૫ જો એટલું સાબીત થાય કે તહોમત તપાસ અથવા ફોજદારી (ની તપાસ) ચાલુ નથી, તો તે બસ છે.૬ જો જુઠા તહોમતવાળી ફરીયાદ લેવામાં આવી હોય, અને યોગ્ય કાયદેસર તપાસ તળે (ચાલુ) હોય તો જુઠા તહોમત બદલની ફરીયાદ લઇ શકાશે નહી. એક કેસમાં ચોરીનું તહોમત ખોટું છે એવો પોલીસે રીપોર્ટ કર્યો જે ઉપરથી ફરીયાદી ઉપર આ ૨૧૧ મી કલમ પ્રમાણે ફોજદારી કામ ચલાવવામાં આવ્યું, અને તેણે પછી કોર્ટમાં હાજર થઈને યોગ્ય રીતે તેની ફરીયાદ પાછી નોંધાવી, જે ફરિયાદ હજુ સુધી ચાલુ હતી. તે કેસમાં ૨૧૧ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી કરેલી શિક્ષા રદ કરવામાં આવી હતી.૭ કેટલાક ફેંસલાઓમાં એવું ઠરાવવામાં આવ્યું છે કે અસલ ફરિયાદનો નિકાલ કરવામાં માજીસ્ત્રેટથી થયેલો ગેરશિરસ્તો, જો કે કેસ ચાલુ ન હોય તોપણ, જુઠી ફરિયાદ બદલ કરેલી ફોજદારીને નુકશાન કરતા છે. (અર્થાત તેવા ગેરશિરસ્તાને લીધે જુઠી ફરીયાદ બદલ કરેલી ફોજદારી ચાલી શકે નહી.)૮ પરંતુ જો પોલીસ કાંઈપણ પગલાં લેવાની ના પાડે, અથવા તે કેસ (તહોમત) જુઠો છે એમ ગણે, અને ફરિયાદી કાંઇપણ આગળ પગલાં ભરે નહી તો (જુઠા તહોમત બદલ) ફોજદારી કરી શકાય.૯ વળી ફોજદારી કામ

૧. મીચેલ. વિ. જેનકીન્સ. ૫ બાનરવેલ એન્ડ આલ્ડર સન્સ રીપોર્ટસ. પાનું ૫૯૫.

૨. હેદરીક. વિ. હિસ્લોપ. ૧૨ કવીન્સ બેન્ચ. પાનુ, ર૬૭.

૩. રેજાઇના. વિ. ચીદા. ૩ નોરથવેસ્ટ પ્રોવીન્સીસ રીપોરટસ. પાનું ૩૨૭; રેજાઇના. વિ. અમરસીંગ. ૧૦ મું. ૫૦૬; રાજચંદ્રરાય. વિ. શામા સુંદરી ૪ ક. ૫૮૩.

૪. બ્રાઉન. વિ. હાકસ; (૧૮૯૧) ૨ કવીન્સ બેન્ચ રીપોર્ટસ. પાને ૭૨૭ મે લોર્ડ જસ્ટીસ બોનેનના ટીકા.

૫. વેણુ. વિ. કુરીયા. ૬ મું. ૩૫૬; બેઝબી. વિ. મેથ્યુઝ લો રીપોર્ટસ. ૨ કોમન પ્લીઝ પાનુ ૬૮૪.

૬. રેજાઈના. વિ. કરીગઉડા. ૧૯ મું ૫૧; રેજાઈના. વિ. જમની. ૫ અ. ૩૮૭; રેજાઇના. વિ. સલીમ ૧ અ. ૫૨૭.

૭. રેજાઈના. વિ. સુબાના. ૧ મદ્રાસ હંઇકોર્ટ રીપોર્ટસ. પાનું ૩૦; રેજાઇના. વિ. સલીકરાય. ૬ ક. ૫૮૨.

૮. રેજાઈના. વિ. કરીમદાદ. ૬ ક. ૪૯૬; રેજાઇના. વિ. સીરધારી. ૮ ક. ૪૩૫; રેજાઈના. વિ. રાધાકીશન ૫ અ. ૩૬. રેજાઈના. વિ. ગંગારામ. ૮ અ. ૩૮.

૯. રેજાઇના. વિ. રસીકલાલ. ૭ કલકત્તા લો. રીપોટરસ પાનુ ૩૮૧; રેજાઈન. વિ. ચકદર. ૮ કલકત્તા લો રીપોર્ટસ. પાનું ૨૮૯; રેજાઈના. વિ. રાધાકીશન. (ઉપર)

ચલાવવાના કાયદા (ક્રીમીનલ પ્રોસીજર કોડ–૧૮૯૮નો આક્ટ ૫ મા)ની ૩૪૫ મી કલમ મુજબ તહોમતદાર સાથે સમાધાન કરીને ફરિયાદીએ ગુન્હો માંડી વાળ્યો હતો તે કારણથી તે ફરિયાદીએ તહોમતનું કામ આ-ગળ ચલાવ્યું નહી તે વાત ૨૧૧ મી કલમ પ્રમાણે કરેલી ફરિયાદમાં બચાવ તરીકે કામ આવશે નહી.૧

આવા ગુન્હાની તપાસ માજીસ્ટ્રેટ ક્યારે કરી શકે:—આના સંબંધમાં કલકત્તા હાઇકોર્ટે નીચે મુજબ અભિપ્રાય દરશાવ્યો છે:—"......જુઠાં તહોમતો મુકવાની બાબતમાં, અસલ આણેલા (જુઠા) "તહોમતની તપાસ થઇ હતી, અને તે તહોમત કાઢી નાંખવામાં આવ્યું હતું અથવા છોડી દેવામાં આવ્યું "હતું એ જ્યાં સુધી સ્પષ્ટ થાય ત્યાં સુધી માજીસ્ટ્રેટે ફોજદારી કામ ચલાવવાના કાયદા (૧૮૯૮ ના "આક્ટ ૫ મા) ની કલમ ૧૯૫ મી પ્રમાણે આવા ગુન્હાની તપાસ કરવી જોઇએ નહી; અને મારે એ પણ "ઉમેરવું જોઇએ કે આવું તહોમત છોડી દેવામાં આવ્યું છે એવું નિશ્ચયાત્મક રીતે બતાવવાસારૂ હું ધારૂં "છું કે ખોટા તહોમત બદલ ફોજદારી કરવાનો હુકમ કરવામાં આવે તે પહેલાં જે માણસે અસલ (ખોટું) "તહોમત આણેલું હતું તે માણસને તે તહોમત સાબીત કરવાની અથવા તે છોડી દેવાની તક આ-"પવી જોઇએ."૨

પરંતુ મુંબાઇ અને અલહાબાદમાં એવો કાયદો છે કે તહોમત સાબીત કરવા સારૂ ગુન્હેગારને તક આપવામાં કસુર કરવાથી યોગ્ય રીતે સેશન્સમાં નોંધેલો કેસ (commitment) ગેરકાયદેસર થતો નથી. અને બીજી બધી રીતે બરાબર રીતે ગુન્હેગાર ઠરાવીને કરેલી શિક્ષા આવી કસુરને લીધે રદ થઇ શકતી નથી.૩

જો માજીસ્ટ્રેટના મોં આગળ ખોટું તહોમત મુકવામાં આવ્યું હોય તો આ કલમ પ્રમાણે કામ ચલાવ-વા સારૂ માજીસ્ટ્રેટની મંજુરીયત લેવી જોઇએ.૪ પરંતુ પોલીસની આગળ કરેલી જુઠી ફરિયાદમાં આવી મંજુરીયતની જરૂર નથી.૫

એક કેસમાં મુકેલું તહોમત ખોટું ગણીને તે તહોમત ઉપર પગલાં લેવાની પોલીસે ના પાડી, પણ તેની સત્યતાની ખાતરી કરી આપવાની માજીસ્ટ્રેટ આગળ હઠ લીધી તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જ્યાં માજીસ્ટ્રેટે અસલ તહોમતની તપાસ કરવાની ના પાડી હતી ત્યાં તે (તહોમત મુકનાર) ને ગુન્હેગાર ઠરાવી કરેલી શિક્ષા ગેરકાયદેસર હતી.૬ ફોજદારી કામ ચલાવનાર (ફરિયાદી–અસલ તહોમત મુ-કનાર)ની જુબાની ઉપરથી માજીસ્ટ્રેટે જે તહોમત ફરમાવ્યું હોય તે નહી, પણ જે તહોમત આણવાનો તે ફરિયાદીનો ખરેખરી રીતે ઇરાદો હોય તે તહોમત ૨૧૧ મી કલમ પ્રમાણે ફોજદારી કરવાનો મુળ પાયો હોવો જોઇએ દાખલા તરીકે તેણે જો હુમલો અને ચોરીનું તહોમત મુકયું હોય તો તેને ડાકાઇટીનું જુઠું તહોમત મુકવા બદલ શિક્ષા કરી શકાય નહી.૭

આ કલમની રૂએ ખોટું તહોમત એવી કોઇ કોર્ટ અગર ઑફીસર આગળ મૂકેલું હોવું જો-ઇએ કે જેને તે સંબંધમાં તપાસ કરવાનો અધિકાર હોય.૮ કોઇ એક્ઝીક્યુટીવ ઑફીસરને ફરિયાદ કરેલ હોય જેમાં આક્ષેપો મૂકયા હોય, તે આ કલમ મુજબ ખોટી ફરીયાદ ગણી શકાય નહીં.૯ **"ખોટું તહો-મત"** એ શબ્દ કોઈ અમુક ખાસ અર્થમાં સમજવાના નથી પરંતુ તેની સામાન્ય રીતે વપરાતી મતલબમાં સમજવાના છે.૧૦ ક્રી. પ્રો. ક. ૧૬૨ મુજબ એક પોલીસ ઓફીસરે પૂછેલ સવાલના જવાબમાં કહેલ હકી-

---

૧. રેજાઈના. વિ. અતરઅલી. ૧૧ ક. ૭૯.
૨. રેજાઈના. વિ. શામલાલ. ૧૪ ક. ૭૦૭ માં ચીફ જસ્ટીસ પેથેરામના ટીકા.
૩. રેજાઈના. વિ. જીજીભાઇ. ૨૨ મું. ૫૯૬; મંગર. વિ. બીહારી. ૧૮ અ. ૩૫૮.
૪. ફોજદારી કામ ચલાવવાના કાયદાની કલમ ૧૯૫.
૫. રામાસામી. વિ. રેજાઈના. ૭ મ. ૨૯૨.
૬. રેજાઇના. વિ. રાધાકીશન. ૫ અ. ૩૬; રેજાઈના. વિ. જમની ૩ અ. ૩૮૭.
૭. રેજાઈના. વિ. મેલનમીઆં ૩ વાઈમેન્સ રેવન્યુ ક્રીમીનલ રૂલીંગ્ઝ પાનુ ૯.
૮. ૧૩ કલકત્તા વી. નોટસ ૩૯૧ (૧૯૦૮)
૯. પં. વી. ક્રી. ઉ. ૨ (૧૯૦૯)
૧૦. ઈ. લો. રિ. ૩૨ મદ્રાસ ૨૫૮.

ક્ત ઉપરથી આ કલમ મુજબ તહોમત રખાય નહીં૧ કોઈ સખસે માગણી કરી એટલા ઉપરથી એકદમ આ કલમની રૂએ પ્રોસીક્યુટ કરવાનું મંજુર કરવાનું નથી પરંતુ સંતોષકારક રીતે ફરીયાદી અરજદારે માજીસ્ટ્રેટની ખાતરી કરી આપવી જોઇએ કે ન્યાયના હેતુની ખાતર જરૂરનું છે કે મંજુરી આપવી જોઇએ. એક કેસમાં કંઈક શંકા પડતા પુરાવાની બાબતમાં માજીસ્ટ્રેટ અને જજ બેઉ જૂદા જૂદા મત ઉપર આવ્યા. જેમાં ફરીયાદી માત્ર ૧૨ વર્ષની ઉંમરનો છોકરો હતો. તે કામમાં માજીસ્ટ્રેટે સેંકશન આપેલું તે હાઇકોર્ટે રદ કર્યું હતું૨ સેંકશન આપતા પહેલાં માજીસ્ટ્રેટે ફરીયાદીને તપાસવો જોઈએ, અને પછી પોલીસ અધિકારીને કાગળો મોકલી તેમના તરફથી રીપોર્ટ આવે એટલે ફરીયાદના ખરાખોટાપણા ઉપર વિચાર કરવો જોઇએ. ફરિયાદ અરજ નામંજુર કરતા પહેલાં અગર મંજુર કરતા પહેલાં બધા સાક્ષીઓ માજીસ્ટ્રેટે તપાસવાજ જોઇએ એમ કંઈ જરૂરનું નથી.૩

કોઇ ગુન્હેગારને ઘરમાં રાખવો.

તે ગુન્હો જો દેહાંત શીક્ષા જોગ હોય તો.

તે ગુન્હો જો જીવતાં સુધી સમુદ્રપારની અથવા કેદની શીક્ષાજોગ હોય તો.

૨૧૨. કાંઈ ગુન્હો થયો હોય, અને ફલાણો શખસ તે ગુન્હાનો કરનાર છે એવું જે માણસ જાણતો હોય અથવા એવું માનવાનું જેને કારણ હોય તે માણસ જો તે શખસને કાયદા પ્રમાણે થતી શીક્ષાથી બચાવવાને ઘરમાં રાખે અથવા કેથે સંતાડે તે અગર તે ગુન્હાને માટે મોતની શીક્ષા થઈ શકતી હોય તો તે માણસને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે અને અગર તે ગુન્હાને માટે જીવતાં સુધી સમુદ્રપારની કે દસ વરસ સુધીની કેદની શીક્ષા થઇ શકતી હોય તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે અને અગર તે ગુન્હાને માટે દસ વરસની મુદત સુધીની નહી પણ એક વરસ સુધીની કેદની શીક્ષા થઇ શકતી હોય તો તે માણસને તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુન્હાને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

"આ કલમમાં 'ગુન્હો' એ શબ્દમાં બ્રીટીશ ઇંડીયા બહારની કોઇ પણ જગામાં કરેલું જે કોઇ પણ કૃત્ય બ્રીટીશ ઈંડીયામાં કર્યું હોય તો તે બદલ ૩૦૨ જી, ૩૦૪ થી, ૩૮૨ મી, ૩૯૨ મી, ૩૯૩ મી, ૩૯૪ મી, ૩૯૫ મી, ૩૯૬ મી, ૩૯૭ મી, ૩૯૮ મી, ૩૯૯ મી, ૪૦૨ જી, ૪૩૫ મી, ૪૩૬ મી, ૪૪૯ મી, ૪૫૦ મી, ૪૫૭ મી, ૪૫૮ મી, ૪૫૯ મી તથા ૪૬૦ મી કલમો પૈકી કોઇ પણ કલમ પ્રમાણે શિક્ષા થઇ શકતી હોય તે કૃત્યનો સમાવેશ થાય છે, અને આ કલમનાં કારણ સારૂ, એવું દરેક કૃત્ય જાણે તોહોમતવાળા શખ્સે બ્રીટીશ ઈંડીયામાં કર્યું

---

૧. ઇ. લો. રિ. ૩૧ મદ્રાસ ૫૦૬. ૮ મદ્રાસ લો. ટાઇમ્સ. ૮૭. ૨૦ મદ્રાસ, લૉ. જર્નલ ૧૩૨.

૨. ઈ. લો. રિ. ૩૪ કલકત્તા ૪૨. ઈ. લો. રિ. ૩૭ કલકત્તા ૧૫૦.

૩. ૧૨ બૉમ્બે લૉ રિપોર્ટર ૨૨૯.

હોય તે પ્રમાણે તે શિક્ષાને લાયક થશે એમ સમજવું.

☞ આ પારેગ્રાફ ૧૮૯૪ના આક્ટ ૩ જાની કલમ ૭ મીથી નવો દાખલ કરેલો છે.

અપવાદ—ગુન્હેગારના વરથી કે ગુન્હેગારની વહુથી ગુન્હેગારને ઘરમાં રાખવા કે સંતાડવાનું કામ થયું હોયતો તે બાબતમાં આ ઠરાવ લાગુ પડશે નહી.

દ્રષ્ટાંત.—બ એ ડાકાઇટીનો ગુન્હો કર્યો છે એમ જાણીને કાયદા પ્રમાણે થતી શીક્ષાથી બ ને બચાવવાના હેતુથી અ બ ને જાણી બુજીને સંતાડે તો એ ઠેકાણે બ જીવતાં સુધી સમુદ્રપાર થવાને લાયક છે માટે અ ત્રણ વરસની મુદત સુધીની બેમાંની ગમે તે પ્રકારની કેદને લાયક છે અને વળી તે દંડને પણ લાયક છે.

ટીકા.—આ કલમ પ્રમાણે ગુન્હો સાબીત કરવાસારૂ ત્રણ વાનાં જરૂરનાં છેઃ—(૧) એક તો એ બતાવવું જોઇએ કે ગુન્હો ખરેખરી રીતે બન્યો હતો, અને નહી કે ગુન્હો બન્યાનો વહેમ માત્ર આણવામાં આવ્યો હતો; (૨) બીજું એ કે ગુન્હેગારને છુપાવવામાં આવ્યો હતો; અને (૩) ત્રીજું એ કે કાયદેસર શિક્ષામાંથી તે ગુન્હેગારને બચાવી લેવાના ઈરાદાથી તેમ કરવામાં આવ્યું હતું. ૧ જે ઇરાદાથી કાંઈ કૃત્ય કરવામાં આવ્યું હોય તે ઇરાદો આ ગુન્હાનું ખરૂં તત્વ છે. જો કોઈ ગુન્હેગાર ઘણો દુઃખમાં અને મુશ્કેલીમાં હોય તેને માત્ર ભુતદયાની ખાતર મદદ કરીને આશ્રય આપ્યો હોય, અને તેમ કરવાના કાયદાની ચુંગાલમાંથી તેને બચાવી લેવાનો કાંઈ પણ પ્રયત્ન ન હોય તો તેથી આ કલમ પ્રમાણે કાંઈ પણ ગુન્હો બનતો નથી. ૨

ઉપર કલમમાં બતાવેલો અપવાદ માત્ર ધણી ધણીયાણીને લાગુ પડે છે, પરંતુ તે માબાપ, ભાઇબેન, શેઠ ચાકરને લાગુ પડતો નથી, અર્થાત આમાંથી કોઇ પણ બીજાને છુપાવે તો તે આ કલમ પ્રમાણે ગુન્હેગાર થાય છે. ૩

કોઇ ગુન્હેગારને શીક્ષાથી બચાવવાને બક્ષીશ વીગેરે લેવી.

૨૧૩. પોતે કાંઇ ગુન્હો છુપાવવાના અથવા કાંઇ ગુન્હાની કાયદેસર શીક્ષાથી કોઇ શખસને પોતે બચાવવાના અથવા કાયદેસર શીક્ષાએ પોહોચાડવાને કોઇ શખસની ઉપર પોતે કાંઈ મુકરદમો નહી ચલાવવાના બદલામાં જે માણસ પોતાને વાસ્તે અથવા બીજા કોઈ શખસને વાસ્તે કાંઇ અવેજ કબુલ કરે અથવા મેળવવાની કોશીશ કરે અથવા કબુલ કરવાની હા કહે અથવા કાંઈ મીલકત પોતે અથવા બીજાની વતી પાછી લે અથવા પાછી મેળવવાની કોશીશ કરે, અથવા પાછી લેવાની હા કહે તે માણસને અગર તે ગુન્હાને માટે મોતની શીક્ષા થઇ શકતી હોય તો સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે, અગર તે ગુન્હાને માટે જીવતાં સુધી સમુદ્રપારની અથવા દસ વરસ

તે ગુન્હો જો દેહાંત શીક્ષા જોગ હોય તો.

---

૧. રેન્જાઈના. વિ. ફતેહસીંગ. ૧૨ અ. ૪૩૨

૨. આર્ચીબાલ્ડ કૃત ક્રીમીનલ લો. પાનુ ૧૦

૩. સ્ટોકસ કૃત એન્ગલો ઈન્ડીયન કોડઝ.

સુધીની કેદની શીક્ષા થઇ શકતી હોય તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે અને અગર તે ગુન્હાને માટે દસ વરસ સુધીની કેદની શીક્ષા નહી થઇ શકતી હોય તો તે માણસને તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુન્હાને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

તે ગુન્હો જો જીવતાં સુધી સમુદ્રપારની અથવા કેદની શીક્ષા જોગ હોય તો.

૨૧૪. કોઇ શખસ કાંઇ ગુન્હો છુપાવે તેના અથવા કે કાંઇ ગુન્હાની કાયદેસર શીક્ષાથી કોઈ શખસને બચાવે તેના અથવા કાયદેસર શીક્ષાએ પહોંચાડવાને કોઇ શખસની ઉપર તે કાંઇ મુકરદમો નહી ચલાવે તેના બદલામાં જે માણસ તે શખસને કાંઇ અવેજ આપે અથવા બદલો વાળે અથવા અવેજ આપવાનું કે બદલો વાળવાનું કહે અથવા કબુલ કરે અથવા કાંઇ મીલકત તે શખસને પાછી આપવાનું અથવા આપવાનું કહે અથવા કબુલ કરે તે માણસને અગર તે ગુન્હાને માટે મોતની શીક્ષા જો થઈ શકતી હોય તો સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે અગર તે ગુન્હાને માટે જીવતાં સુધી સમુદ્રપારની અથવા દસ વરસ સુધીની કેદની શીક્ષા થઈ શકતી હોય તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે અને અગર તે ગુન્હાને માટે દસ વરસની મુદત સુધીની કેદની શીક્ષા નહી થઈ શકતી હોય તો તે માણસને તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુન્હાને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કોઇ ગુન્હેગારને બચાવવાના બદલામાં કાંઇ બક્ષીસ આપવી અથવા મીલકત પાછી આપવી.

તે ગુન્હો જો દેહાંત શીક્ષા જોગ હોય તો.

તે ગુન્હો જો જીવતાં સુધી સમુદ્રપારની અથવા કેદની શીક્ષા જોગ હોય તો.

અપવાદ.—જે બાબતમાં થએલો ગુન્હો ગુન્હેગારના ઇરાદા સાથે નીસ્બત ન રાખતું ફક્ત તેનું કાંઇ કામકાજ હોય અને જે કામને માટે જેને નુકસાન થયું હોય તે શખસ દીવાનીમાં ફરીઆદ કરી શકનો હોય તે એવી કોઇ પણ બાબતને ૨૧૩–૨૧૪ મી કલમોના ઠરાવો લાગુ પડતા નથી.

દ્રષ્ટાંત.—અ ખુન કરવાના ઇરાદાથી અ બ ની ઉપર હુમલો કરે તો એ ઠેકાણે જે ગુન્હો

છે તે કરવાના ઇરાદા સાથે નીસ્બત નહી રાખતાં ફક્ત હુમલો નથી માટે તે આ અપવાદમાં દાખલ થતો નથી અને તે કારણને લીધે તે માંડી વળાય નહી.

(બ) અ બ ની ઉપર હુમલો કરે તો એ ઠેકાણે ગુન્હો જે છે તે ગુન્હેગારના ઇરાદા સાથે નીસ્બત ન રાખતું ફક્ત કામ છે અને તે હુમલાને માટે બ દીવાનીમાં ફરીયાદ કરી શકે છે માટે તે આ અપવાદમાં દાખલ થાય છે અને તે માંડી વળાય છે.

(ક) અ પોતાનો વર કે પોતાની વહુ હયાત છતાં બીજી વહુ કે બીજો વર કરવાનો ગુન્હો કરે તો એ ગુન્હા બાબત દીવાનીમાં ફરીઆદ થઈ શકતી નથી માટે તે માંડી વળાય નહી.

(ડ) બ એક ધણીવાળી સ્ત્રીની સાથે છીનાળુ કરે તો તે ગુન્હો માંડી વળાય.

ટીકા.—આ કલમ પ્રમાણે પણ ગુન્હો ખરેખર બન્યો છે એમ સાબીત કરવું જોઇએ. ગુન્હો બન્યો હતો અથવા કોઇ માણસ તે ગુન્હા બદલ ગુન્હેગાર હતો એવા ભુલાવામાં કોઈ સખસ બીજા માણસને અવેજ અથવા બદલો આપે તો તેથી આ કલમ પ્રમાણે તે ગુન્હેગાર થતો નથી. તે પ્રમાણે એક કેસમાં ક ની સામે રાત્રે ઘર ફાડવાના અને મકાનમાં ચોરી કરવાના ગુન્હાઓનું તહોમત મુકવામાં આવ્યું હતું. હવે સ નામના માણસને તહોમતદારે ૧૦ રૂપીઆ આપવાનું કબુલ કર્યું એવી શરતે કે સ એ ક ની સામે શાહેદી પુરવી નહી. આવી બોલી છતાં પણ સ એ ક ની સામે શાહેદી પુરી પણ ક છુટી ગયો. તે પછી તહોમતદાર ઉપર આ કલમ પ્રમાણે તહોમત મુકવામાં આવ્યું હતું. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેણે આ કલમ પ્રમાણે કાંઇ પણ ગુન્હો કર્યો નહતો. ૧

ગુન્હો કરનાર માણસ પોતાનો ગુન્હો છુપાવવાની ઇચ્છાથી લાંચ આપવા માંડે તેનો પણ આ કલમમાં સમાવેશ થાય છે. ૨

ચોરીની મીલકત પાછી મેળવવામાં મદદ કરવા સારૂ કાંઈ બક્ષીસ લેવી વીગેરે.

૨૧૫. કોઈ શખસની પાસેથી તે શખસની કંઇ જંગમ મીલકત આ કાયદાથી શીક્ષા થઈ શકે એવા કાંઇ ગુન્હાથી ગઈ હોય તે શખસને તે મીલકત પાછી મળવામાં મદદ કરવાના બાનાથી અથવા મદદ કરવા સારૂ જે માણસ કાંઇ અવેજ લે અથવા લેવાને હા કહે અથવા કબુલ કરે તે જો તે ગુન્હેગારને પકડવાને તથા તેની ઉપર તે ગુન્હો સાબીત કરવાને પોતાથી બનતા સઘળા ઇલાજો કામે ન લગાડે તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—સાધારણ રીતે એવી હકીકત બને છે કે અમુક શખસ ગુન્હાથી (ગુન્હો કરીને) મીલકત મેળવી છે એવું જાણીને, અમે ગુન્હેગારને પણ જાણીને, તે ગુન્હાની અંદરથી કાંઈ લાભ મેળવે છે, અને ગુન્હેગારને કાયદાની ચુંગાલમાંથી બચાવી લે છે. ગુન્હાની અંદરથી લાભ મેળવનારા સઘળા ધંધાદારીઓને (એનોજ વેપાર લઈ બેઠેલાઓને) શીક્ષા કરવાનો આ કલમનો મુખ્ય હેતુ છે. મીલકત ખોળી કહાડવામાં બીજાને મદદ કરવા સારૂ અને ચોરને શિક્ષા કરવા સારૂ તે બીજા માણસની પાસેથી પૈસા લેવા તે કાંઈ ગુન્હો નથી. પરંતુ જે માણસ ગુન્હો બન્યાની વાત જાણતો હતો, અને જે માણસ તુરતજ ગુન્હેગારનો પત્તો લગાડી આપી શકત તે માણસ (મીલકત શોધી લાવનારને) બદલો આપવાનું જાહેર

---

૧. રેંજાઇના. વિ. સામીનાથ. ૧૪ મ. ૪૦૦

૨. રેંજાઈના. વિ. કુરપાનન. વેર કૃત લો ઑફ ઑફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો. પાનુ ૧૧૫.

થાય ત્યાં સુધી વાટ જોઇને પછી મીલકતના માલીકને તેની મીલકત પાછી મેળવી આપવાને બહાને તેની પાસેથી પઈસા લે, અને ગુન્હેગારોને ઈન્સાફની દેવડીએ આણવાનો કાંઈ પણ પ્રયત્ન કરે નહિ તેવો માણસ આ કલમ પ્રમાણે ગુન્હો કરે છે. જે માણસ અસલ ગુન્હામાં સામેલ (ખરડાયેલો) હોય તે માણસ મીલકત પાછી સોંપવા બદલ ઈનામ તરીકે પૈસા લે. અથવા પૈસા લેવાનું સાટું કરે તો તેથી તે ગુન્હો કરે છે. ૧ ચોરોને ઇનસાફની દેવડીએ નહી લાવવાના ઇરાદાથી ચોરાયેલી મીલકતના માલીકને તે ચોરોની પાસેથી તે ચોરાયલી મીલકત પાછી ખરીદ કરવામાં મદદ કરે તે માણસ પણ ગુન્હેગાર થાય છે. ૨ એક કેસમાં પુરાવ ઉપરથી એવું માલમ પડતુ હતુ કે એક શખસે ત્રીશ રૂપિયા માગ્યા હતા, જ્યારે બીજા શખસે તેને પંદર રૂપિયા કરતાં વધારે આપવાની ના પાડી હતી તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ ૨૧૫ મી કલમના અરથમાં આવી જાય તેવી રીતે બદલો લેવામાં કાંઈ પણ કરાર અથવા કબુલત તેમાં નહોતી. જ્યારે બદલો ખરેખર મળેલો ન હોય ત્યારે અમુક ચોકસ કરાર સાબીત કરવાની જરૂર છે. ૩

જે ગુન્હેગાર કેદમાંથી નાઠો હોય અથવા જેને પકડવાનો હુકમ થએલો હોય તે ગુન્હેગારને ઘરમાં રાખવો.

૨૧૬. કોઇ શખસની ઉપર કાંઇ ગુન્હો સાબીત થયો હોય અથવા કાંઇ ગુન્હાનું તહોમત મુકયું હોય અને તે ગુન્હાને સારૂ તે શખસ કાયદેસર કેદમાં હોય તે શખસ જો તે કેદમાંથી નાશી જાય અથવા કોઇ સરકારી નોકર પોતાના સરકારી હોદ્દાનો કાયદેસર અખત્યાર અમલમાં લાવતાં કોઇ શખસને કાંઇ ગુન્હાને માટે પકડવાનો હુકમ કરે ત્યારે જે માણસ નાશી જવાની અથવા પકડવાના ગુન્હાની વાત જાણ્યા છતાં તે શખસને પકડાતો અટકાવવાના ઇરાદાથી તેને ઘરમાં રાખે અથવા કેથે સંતાડે તે માણસને નીચે મુજબ શીક્ષા કરવામાં આવશે એટલે જે ગુન્હાને માટે તે શખસ કેદમાં હતો અથવા તેને પકડવાનો હુકમ કર્યો હોય તે ગુન્હાને માટે જો મોતની શીક્ષા થઇ શકતી હોય

તે ગુન્હો જો દેહાંત શીક્ષા જોગ હોય તો.

તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે અને વળી તે ગુન્હાને માટે જો જીવતાં સુધી સમુદ્રપારની અથવા દસ વરસ સુધી કેદની શીક્ષા થઈ શકતી હોય તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા દંડ સાથે અથવા દંડ વીના કરવામાં આવશે અને તે ગુન્હાને માટે દસ

જો જીવતાં સુધી સમુદ્રપારની અથવા કેદની શીક્ષા જોગ હોય તો.

વરસ સુધીની નહી પણ એક વરસ સુધીની શીક્ષા થઇ શકતી હોય તો તે માણસને તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુન્હાને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવેલી હોય તેની

---

૧. રેજાઇના. વિ. કીંગ. ૧ કોકસ કૃત ક્રીમીનલ કેસીસ. પાનુ ૩૬.

૨. રેજાઇના. વિ. પાસ્કો. ૧ ડેનીસન્સ ક્રાઉન કેસીસ. પાનુ ૪૫૬.

૩. રેજાઈના. વિ. ચિત્તર ૨૦ આ. ૩૮૯.

યા મુદત સુધીની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

આ કલમમાં "ગુન્હો" એ શબ્દમાં કોઈ શખસે હિન્દુસ્તાનની બહાર કરેલા એવા દરેક કામ અથવા કસુરનો સમાવેશ થાય છે કે જે કામ અથવા કસુર તેણે જો હિન્દુસ્તાનમાં કરી હોત તે સંબંધી ગુન્હા તરીકે શીક્ષા કરી શકાય અને જેને માટે તે અકસેડિશનને લગતા કોઇ કાયદાની અથવા સને ૧૮૮૧ ના ફ્યુજીટીવ ઓફેન્ડર્સ આકટની રૂઇએ બ્રિટીશ હિન્દુસ્થાનમાં પકડવાને અથવા કેદમાં રાખવાને પાત્ર હોય, અને એવું દરેક કામ અથવા કસુર, તે કામ અથવા કસુર તોહોમતદારે હિન્દુસ્તાનમાં કરયું હોય તે મુજબ આ કલમને શારૂ શિક્ષાને પાત્ર ગણાશે.

☞ આ પારેગ્રાપ ૧૮૮૬ના આકટ ૧૦ માની કલમ ૨૩ મીથી નવો દાખલ કરેલો છે.

અપવાદ—જે માણસને પકડવું હોય તેના વરથી અથવા તેની વહુથી તે માણસને ઘરમાં રાખવા કે શંતાડવાનું કામ થયું હોય તો તે બાબતને આ ઠરાવ લાગુ પડતો નથી.

ટીકા.—આ કલમ ઉપર સ્ટારલીંગ સાહેબ નીચે મુજબ ટીકા કરે છેઃ—આ કલમ મુજબ એવું સાબીત કરવું જેઇએ કે મુખ્ય (ગુન્હેગાર) કાયદેસર રીતે કેદમાં હતો, અને આવી કેદમાંથી નાશી ગયો; એવા કેસમાં તહોમતદાર એવું બતાવવાને મુખત્યાર છે કે કેદ કાયદેસર નહોતી. અથવા કોઇ સરકારી નોકરે પોતાનો કાયદેસર અધિકાર કાયદેસર રીતે વાપરીને મુખ્ય (ગુન્હેગારને) પકડવાનો હુકમ કાઢયો નહોતો, અને પછી પ્રતિવાદી એવું સાબીત કરવાને મુખત્યાર છે કે જે કે તે અમલમાં મુકવામાં આવ્યો છે, અને મુખ્ય ગુન્હેગારની સામે મંજુર કરવામાં આવ્યો છે તો પણ તે હુકમ કાયદેસર હુકમ નહોતો.

અપહરણ અથવા ડાકાઇટી કરનારા શખસોને ઘરમાં રાખવા બદલ શિક્ષા.

"**૨૧૬ અ.** કોઈપણ શખસો અપહરણ અથવા ડાકાઇટી કરવાના છે અથવા તેમણે થોડા વખત ઉપર અપહરણ અથવા ડાકાઇટી કરી છે એવું જાણીને અથવા એવું માનવાનું કારણ છતાં જે કોઇપણ શખસ એવું અપહરણ અથવા ડાકાઇટીનું કરવાનું સહેલ થાય એવા ઈરાદાથી અથવા તે સઘળા અગર તેમાંના કોઇપણ શખસને શીક્ષામાંથી બચાવવાના ઇરાદાથી તે સઘળાને અથવા તેમાંના કોઇપણ શખસને ઘરમાં રાખશે તેને સાત વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

"**ખુલાસો**—આવું અપહરણ અથવા આવી ડાકાઈટી બ્રીટીશ ઇંડીયામાં અથવા બ્રીટીશ ઇંડીયાની બહાર કરી હોય અથવા બ્રીટીશ ઇંડીયામાં અથવા બ્રીટીશ ઇંડીયાની બહાર કરવાનો ઇરાદો કરયો હોય તે વાત આ કલમનાં કારણ સારૂ મુદ્દાની નથી એમ સમજવું."

"**અપવાદ**—ગુન્હેગારના વરથી અથવા ગુન્હેગારની વહુથી ગુન્હેગારને ઘરમાં રાખવાનું કામ થયું હોય તો તે બાબતમાં આ ઠરાવ લાગુ પડશે નહી."

☞ આ કલમ ૧૮૯૪ ના આકટ ૩ જાની કલમ ૮ મીથી નવી દાખલ કરેલી છે,

ટીકા—આ કલમ તથા કલમ ૨૧૬ (બ) સને ૧૮૯૪ ના આકટ ૩ જાની કલમ ૮ મીથી નવી દાખલ કરવામાં આવી છે.

આ કલમ પ્રમાણે કોઇ માણસને ગુન્હેગાર ઠરાવવા સારૂ ખબર (તે જાણતો હતો તે) અને ઈરાદો બંને સાબીત કરવાની જરૂર છે. ૧.

---

૧. એમ્પ્રેસ. વિ. સખારામ. ક્રીમીનલ રૂલીંગ્ઝ. (મુંબાઈ હાઇકોરટનાં) ૧૮૯૫ નું ૩૯ મુ.

૨૧૨ મી, ૨૧૬ મી, તથા ૨૧૬ અ મી કલમોમાંના "ઘરમાં રાખવો" એ શબ્દોની વ્યાખ્યા.

"**૨૧૬ બ.** ૨૧૨ મી, ૨૧૬ મી, તથા ૨૧૬ અ મી કલમોમાં 'ઘરમાં રાખવો' એ સંજ્ઞામાં કોઇપણ શખસને આશ્રય, ખોરાક, પીવાનો પદાર્થ, પૈસા, કપડાં, હથીયાર, યુદ્ધસામગ્રી અથવા વાહન પુરાં પાડવાં એનો અથવા કોઇપણ શખસને તે પકડાય નહી તે માટે ગમે તે પ્રકારે સહાય કરવી એનો સમાવેશ થાય છે એમ સમજવું.

☞ આ કલમ ૧૮૯૪ના આકટ ૩ જા ની કલમ ૮ મીથી નવી દાખલ કરેલી છે.

ટીકા--ઉપલી કલમની ટીકા જુઓ.

કોઈ શખસને શીક્ષાથી અથવા કાંઇ મીલકતને સરકાર જપ્ત થતી બચાવવાના ઇરાદાથી જે સરકારી નોકર કાયદાનો હુકમ ન માને તેને શીક્ષા.

૨૧૭. કોઇ માણસ સરકારી નોકર હોય તેણે પોતાના સરકારી હોદ્દાના જોરથી કેમ ચાલવું એ બાબતનો કાંઇ કાયદાનો હુકમ અગર તે માણસ જાણી બુજીને ન માને એવા ઇરાદાથી કે તેમ કરવાથી કોઈ શખસ કાયદેસર શીક્ષાથી બચે અથવા જે શીક્ષાને તે લાયક હોય તેથી તેને ઓછી શીક્ષા થાય અથવા મારા તેમ કરવાથી તે શીક્ષાથી બચશે અથવા તેને ઓછી શીક્ષા થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં તો અથવા એવા ઈરાદાથી કે તેમ કરવાથી કાંઇ મીલકત સરકાર જપ્ત થતી અથવા કાંઇ રૂપીઆ તેમાંથી કાયદા મુજબ આપવા જેવા હોય તે આપવાથી તે બચી જાય અથવા બચી જશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા"--કાયદાનો હુકમ"--અહીં જણાવેલા કાયદાના હુકમનો અર્થ કોઇ અમુક ખાસ હુકમ એવો થાય છે, દાખલા તરીકે ફોજદારી કામ ચલાવવાના કાયદા (૧૮૯૮ ના આકટ ૫ મા) ની કલમો ૪૪, ૮૯, ૯૦ વિગેરેમાં ફરમાવેલા હુકમો ફોજદારી ગુન્હા દાબી નહી દેવાની જે સામાન્ય ફરજ છે, અને જે પ્રજા સમસ્તને લાગુ પડે છે તેવી ફરજનો આમાં સમાવેશ થતો નથી. ૧ જે રીતે તે સરકારી નોકરે સરકારી નોકર તરીકે વરતવુ જોઈએ તે રીતના સંબંધમાં કાયદાના હુકમો છે એમ બતાવવાની જરૂર છે, અને વળી આવા હુકમો કોઈ સ્પષ્ટ સ્ટાચ્યુટ (આકટ--કાયદા) માં, અથવા જે નિયમો અને ધારાઓ કાયદા પ્રમાણેજ અમલમાં આવશે એવું સ્ટાચ્યુટ (આકટ) થી જાહેર થયેલું હોય તેવા નિયમો અને ધારાઓમાં મળી આવવા જોઈએ, નહી તો તે સરકારી નોકર આ કલમ પ્રમાણે ગુન્હેગાર થશે નહિ. ૨

કોઇ પણ માણસને કાયદેસર શિક્ષામાંથી બચાવવાના ઇરાદાથી તેણે જાણી બુજીને કાયદાનો હુકમ નાફરમાન કર્યો છે એટલુંજ બતાવવું બસ છે; અને તેમાં એવું સાબીત કરવાની જરૂર નથી કે જે માણસને બચાવવાનો ઈરાદો હતો. તે માણસે કાંઈ પણ ગુન્હો કર્યો હતો, અથવા તો તે યોગ્ય રીતે શિક્ષાને પાત્ર

---

૧. રેજાઇના. વિ. રામીનીહી. ૧ મ. ૨૬૬

૨. એમ્પ્રેસ. વિ. રામપ્રસાદ. ૨૨ અલ્હાબાદ વીકલી નોટસ પાનુ ૧૬

હતો. ગુન્હેગારે માણસને શિક્ષામાંથી બચાવવો તેમાં ગુન્હો બનતો નથી, પરંતુ તેની બાબતમાં ન્યાયના યોગ્ય માર્ગમા હરકત નાંખવી તે ગુન્હેગારીભર્યું છે. ૧

કાયદેસર સજામાં ખાતા તરફની સજાનો સમાવેશ થતો નથી. ૨ એક કેસમાં કેટલાએક માણસોએ શિક્ષણીય મનુષ્ય વધ કરેલો છે એવો તેમના ઉપર શક આવવાથી તેઓને એક પોલીસ અમલદારે રાતની વખતે પકડયા, અને તેમના બધાના ભેગા હાથ બાંધીને તેમને જે ગામમાં પકડવામાં આવ્યા હતા તે ગામમાં રાખ્યા, પણ તે અમલદાર તેમને તુરતજ નજીકના પોલીસ થાણા ઉપર લઈ ગયો નહી. કેદીઓ રાતમાં નાશી ગયા; તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે પોલીસ અમલદારે આ કલમ પ્રમાણે કાંઈ ગુન્હો કર્યો ન્હોતો, કેમકે તે કેદીઓને ગામમાં રાખવાનો તેનો હેતુ (પોલીસ થાણામાં જવા સારૂ) નીકળવાનુ વધારે સગવડ ભરેલું થઇ પડે ત્યાંસુધી રાહ જોવાનો માત્ર હતો, અને તેથી કાયદાના નિયમનું ઉલ્લંઘન આ કલમમાં કહ્યા પ્રમાણેનું ઉલ્લંઘન (ના ફરમાન) નહોતું. ૩

સરકારી નોકર કોઈશખસને શીક્ષાથી અથવા કાંઇ મીલકતને સરકાર જપ્ત થવાથી બચાવવાના ઈરાદાથી કાંઇ ખોટું દફતર અથવા લખાણ બનાવે તે બાબત.

૨૧૮. કોઇ માણસ સરકારી નોકર હોય અને તેના સરકારી હોદ્દાસર તેને કાંઇ દફતર અથવા બીજું લખાણ તૈયાર કરવાનું કામ સોંપ્યું હોય તે માણસ જો તે દફતર અથવા લખાણ જે રીતે ખોટું છે એવું તે જાણતો હોય તેવી રીતે તૈયાર કરે એવા ઇરાદાથી કે તે લોકને અથવા કોઇ શખસને ટોટો અથવા નુકશાન થાય અથવા ટોટો કે નુકશાન થશે એવો સંભવ છે એમ જાણીને અથવા એવા ઈરાદાથી કે તેથી કોઇ શખસને કાયદેસર શીક્ષાથી બચાવવો અથવા તેથી કોઈ શખસ કાયદેસર શીક્ષાથી બચશે એવો સંભવ છે એમ જાણીને અથવા તેથી કાંઇ મીલકત સરકારજપ્ત થતી અથવા કાંઇ રૂપીઆ તેમાંથી કાયદા મુજબ આપવા જેવા હોય તે આપવાથી તે બચી જાય અથવા તે બચી જશે એવો સંભવ છે. એમ જાણીને તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—'તૈયાર કરવાનું કામ સોંપ્યું હોય' એ શબ્દનો 'કાયદાના ખાસ સ્પષ્ટ વિધાનથી ફરમાવેલું' એવો સાંકડ. મરયાદીત અરથ થતો નથી. એટ જ બતાવવું બસ છે કે અમુક વહિવટ કે જેને અનુસરવાની તહોમતદારની તેના અધિકારની રૂઇએ ફરજ હતી. તે વહિવટ પ્રમાણે તે દસ્તાવેજ તૈયાર કરવા આવ્યો હતો. ૪ પરંતુ જે પ્રકારના દસ્તાવેજ તૈયાર કરવાની તે સરકારી નોકરની ફરજ નહોતી તેવા પ્રકારનો જુદો દસ્તાવેજ તે સરકારી નોકર તૈયાર કરે તો તે આ કલમ મુજબ શિક્ષાને પાત્ર થતો નથી. ૫

આ કલમ પ્રમાણે "ઇરાદો" એ ગુન્હાનું મુખ્ય અને જરૂરનું તત્વ છે, ૬ અને જો તહોમતદાર, કહેવાતા ગુન્હેગારને ગુન્હેગાર માનતો હોય, અને તેને તેને બચાવી લેવાનો તેનો ઇરાદો હોય તો તે કહેવાતા ગુન્હેગારે

---

૧. એમ્પ્રેસ વિ. અમીર-ઉદ-દીન. ૩ ક. ૪૧૨.
૨. રેનઈના વિ. જંગલલાલ ૧૯ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું ૪૦.
૩. એમ્પ્રેસ વિ. ઉત્તમચંદ પંજાબ રેકટરઝ ૧૮૭૮ નુ ૧૮ મું.
૪. રેનાઈના વિ. દેવધર ૨૭ ક. ૧૪૪ પાને ૧૫૧ મે.
૫. એમ્પ્રેસ વિ. મઝહરહુસેન ૫ અ. ૫૫૩.
૬. રેનાઇના વિ. શામચરણ ૮ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું ૨૭.

ખરેખરી રીતે ગુન્હો કર્યો છે કે તે ખરી રીતે નિરદોષ છે તે નક્કી કરવાનું કાંઈ કારણ રહેતું નથી; ૧ અને ખરી હકીકત પ્રમાણે ગુન્હો બન્યો હતો એવું સાબીત કરવાની જરૂર નથી. ૨ આ કૃષ્ણજીના કેસમાં નીચે મુજબ હકીકત હતી:—એક સરકારી નોકર, કે જેની ફરજ ઢોરને ડબામાં પુરવા સંબંધીના દફતરમાં દાખલાઓ નોંધવાની (make entries) હતી. તેણે સ નામના માણસે કાંઇપણ ગુન્હો કર્યો નહોતો એવું જાણતાં છતાં અને સ ની પાસેથી પોતાને માટે કેવળ પઈસા કઢાવવાના ઇરાદાથી, જુઠો દાખલો નોંધ્યો. તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે ૨૧૮ મી કલલ પ્રમાણે તેને ખોટી રીતે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. ૨૧૮ મી કલમ પ્રમાણે કોઇ માણસને ગુન્હેગાર ઠરાવવા તેને કરેલી શિક્ષા બરાબર છે એમ બતાવવા સારૂ, જો કે ખરી હકીકત પ્રમાણે ગુન્હો બન્યો હતો એવું સાબીત કરવાની જરૂર નથી તોપણ કહેવાતા ગુન્હેગારે (વચલા માણસે) ગુન્હો કરયો હતો એવું તહોમતદાર માનતો હતો, અથવા એમ માનવાને તેને કારણ હતું એમ સાબીત કરવું જરૂરનું છે.

જે સરકારી નોકર એ (કૃત્ય) કરે કે જે બીજા માણસને કાયદેસર શિક્ષામાંથી બચાવવાને સારૂ કર્યું હત તો, આ કલમની અંદર તે સરકારી નોકરને આણી તેને ગુન્હેગાર બનાવત. તે સરકારી નોકર જો જે સખસને કાયદેસર શિક્ષામાંથી બચાવવાનો તેનો ઈરાદો છે તે સખશ તે પોતેજ હોય (અર્થાત તેની પોતાની જાતનેજ કાયદેસર શિક્ષામાંથી બચાવી લેવાના ઈરાદાથી તેણે તે કૃત્ય કર્યું હોય) તો તેણે આ કલમ પ્રમાણે શિક્ષા થઈ શકે તેવો ગુન્હો કર્યો ગણાશે. ૩ એક કેસમાં ચોકીદારોની હાજરીના પત્રકમાં જુઠી નોંધ (Entry એન્ટ્રી) કરવાનું પીનલકોડની ૨૧૮ મી કલમ મુજબ એક ચોકીદાર ઉપર તહોમત મુકવામાં આવ્યું હતું, અને તેવી જુઠી નોંધ કરવામાં તેનો હેતુ, એક બીજો ચોકીદાર તેની નોકરીમાંથી જેટલો વખત ગેરહાજર રહ્યો તે વખતના સંબંધમાં જુઠો રીપોર્ટ કરવાનું જે તહોમત તેણે એક સબ-ઇન્સપેકટરની સામે મુકયું હતું, તે તહોમતદારને પુષ્ટી આપવાનો અને તેમ કરીને તે સબ—ઇન્સપેકટરને નુકશાન અથવા ઈજા કરવાનો હતો. તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે (તેણે રાખેલો) ઇરાદો એટલો બધો વેગળો (આડકતરો) હતો કે તે ૨૧૮ મી કલમની અંદર આવી શકતો નહોતો. ૪

એક કેસમાં ડાકાઈટી થયાનો રીપોર્ટ થાણામાં કરવામાં આવ્યો હતો. જે અમલદારના હવાલામાં થાણુ હતું તે અમલદારે પહેલાં તો તેને કરેલો રીપોર્ટ લખી લીધો, પણ પાછળથી તે રીપોર્ટનો નાશ કરીને તેણે બીજો જુઠો રીપોર્ટ તઇયાર કીધો. અને તેમાં તદન જુદોજ ગુન્હો થયાનું બતાવ્યું, તે (જુઠા) રીપોર્ટ ઉપર તેણે ફરિયાદીની સહી લીધી, અને ફરિયાદીએ તેને કરેલા અસલ અને ખરા રીપોર્ટ તરીકે તે (જુઠો) રીપોટ પસાર કરી દેવાનો પ્રયત્ન કરયો. તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેણે પીનલકોડની ૨૦૪ થી અને ૨૧૮ મી કલમો પ્રમાણે ગુન્હો કરયો હતો. ૫ તેજ પ્રમાણે એક કુલકરણીએ આ કલમમાં બતાવેલા ઈરાદાથી તેના ગામમાં થયેલા એક ગુન્હાના સંબંધમાં જુઠો રીપોર્ટ કર્યો; તેને પણ આ કલમ પ્રમાણે શિક્ષાને પાત્ર ઠરાવવામાં આવ્યો હતો. ૬ વળી જ્યાં જુઠા રીપોર્ટ કરવામાં કેદીનો ઇરાદો આગળની દગલબાજી પકડાઈ જતી અટકાવવાનો (મુલતવી રાખવાનો) અને તેને પોતાને અથવા તે દગલબાજીના ખરેખરા કરનારાઓને કાયદેસર સજામાંથી બચાવવાનો હતો, અને જ્યાં જે રીત ભુલ ભરેલી (ખોટી) છે એમ તે જાણતો હતો તે રીતે તેણે રીપોર્ટ તઇયાર કર્યા હતા ત્યાં તેને ૨૧૮ મી કલમ પ્રમાણે થયેલી સજા બરાબર છે એમ ઠરાવવામાં આવ્યું હતું, ૭ ઉપર જણાવેલા મજહર હુસેનના

---

૧ રેજાઇના વિ. હરદત ૮ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું ૯૮.

૨. રેજાઈના વિ. કૃષ્ણાજી મુંબઇ હાઈકોર્ટનાં ક્રીમીનીલ રૂલીંગ્ઝ ૧૮૮૮ નું ૯૮ મું.

૩. રેજાઈના વિ. મન્દકીસોર ૧૯ અ. ૩૦૫, જેનાથી એમ્પ્રેસ વિ. ગઉરીશંકર ૬ અ ૪૨ નો ફેંસલો રદ કરવામાં આવ્યો છે.

૪. રેજાઈના. વિ, જંગલલાલ. ૧૯ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું ૪૦.

૫. એમ્પ્રેસ વિ. મહમદશાહ ખાન. ૨૦ અ. ૩૦૭.

૬. રેજાઈના. વિ. મલ્હાર રામચન્દ્ર. ૭ બોમ્બે હાઈકોર્ટ રીપોર્ટસ. પાનું. ૬૪.

૭. એમ્પ્રેસ. વિ, ગીરધરલાલ. ૮ અ. ૬૫૩.

કેસમાં નીચે મુજબ હકીકત બની હતી:—એક સરકારી નોકરના હવાલામાં સરકારી નોકર તરીકે, અમુક દસ્તાવેજો હતા. તે દસ્તાવેજો રજુ કરવાનું તેને ફરમાવતાં, તે તેમ કરવાને (રજુ કરવાને) અશકત હતો તેથી પોતાની જાતને સજામાંથી બચાવવાના ઈરાદાથી તેણે તેના જેવાજ બીજા દસ્તાવેજો (ખોટા) બનાવીને રજુ કર્યા તેના કેસમાં એવું કરાવવામાં આવ્યું હતું કે આવા ખોટા બનાવેલા દસ્તાવેજો, જે દફતરો અથવા લખાણો તઇયાર કરવાની તેની સરકારી નોકર તરીકે ફરજ હતી તેના દફતરો અથવા લખાણો નહી હોવાથી તેને કાયદેસર રીતે ૨૧૮ મી કલમ પ્રમાણે ગુન્હેગાર કરાવી સજા કરી શકાય નહી. ૧ એક પોલીસ સુપરીન્ટેન્ડેન્ટે અમુક ઘરમાં જુગાર રમતા માલમ પડે તેવા બધા સખસોને પકડવાનું, તેના એક સબ–ઈન્સ્પેકટરને જુગારના આકટ પ્રમાણે વારંટ આપ્યું. તે ઘરમાં બે સખસોને જુગારના આકટ મુજબ ગુન્હો કર્યા બદલ કાયદેસર શિક્ષામાંથી બચાવી લેવા સારૂ તે સબ–ઈન્સ્પેકટરે પ્રથમ રીપોર્ટ અને ખાસ ડાયરી ખોટાં (ભુલ ભરેલા) તઈયાર કર્યાં; તે કેસમાં આ કલમ મુજબ ગુન્હો કર્યા બદલ તેને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. ૨

અમુક પત્રક તૈયાર કરવાની ફરજ હતી, અને ડ નામના માણસે કરેલી અને તેને વાંચી સંભળાવેલી અમુક ટુંકી નોંધો ઉપરથી તે પત્રક તૈયાર કરવાની તેની ટેવ હતી. ડ એ જુઠી ટુંકી નોંધો કરીને તે વાંચી સંભળાવી. જેથી કરીને ખોટું (ભુલ ભરેલું) પત્રક તૈયાર થયું. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે ૨૧૮ મી કલમ પ્રમાણે બરાબર રીતે ડ એ ગુન્હો કરેલો ગણાય નહી; પરંતુ આ કલમમાં જણાવેલા ગુન્હાની મદદગારી કરવાનો તે ગુન્હેગાર થતો, અને સ ગુન્હેગાર થાય તેવી રીતે (સ) ને તે બાબતમાં માહીતી નહોતી, અથવા કાંઇ હેતુ નહોતો તેથી કરીને તે (ડ) નો ગુન્હો ઓછો થતો નહોતો. ૩

કાંઇ ઇનસાફી મુકદમા મધે પોતે કાયદાવિરૂદ્ધ છે એમ જાણતો હોય એવો હુકમ રીપોર્ટ વગેરે કોઇ સરકારી નોકર કરે તે બાબત.

૨૧૯. કોઇ માણસ સરકારી નોકર છતાં લાંચ લઇને અથવા દ્વેષબુદ્ધિથી કાંઈ ઇનસાફી મુકદમાના કોઇ પણ ભાગમાં કાંઇ રીપોર્ટ હુકમ, ફેંસલો અથવા ઠરાવ કરે કે સંભળાવે એવો કે કાયદાથી વિરૂદ્ધ છે એમ તે માણુસ પોતે જાણુતો હોય તો તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—જડજ જે જજમેન્ટ આપે તે તેની સામે ફોજદારી કામ ચલાવવાનું મુળ સાધન થઇ શકે નહી પરંતુ જો તે આ કલમની અંદર આવી જતું હોય, એટલે કે જો તે લાંચ લઈને અથવા દ્વેષ બુદ્ધિથી આપવામાં આવ્યું હોય, અને તે કેસની હકીકતને લાગુ પડતા કાયદાથી દેખીતી રીતે વિરૂદ્ધ ફેંસલો તે હોય તો આવા જજમેન્ટથી તે જડજની સામે ફોજદારી કામ ચલાવી શકાશે. ૪

‘ ઇનસાફી કામ ’ કોને કહેવું તેના સંબંધમાં પાછળ ૧૯૨ મી કલમ નીચે “ ઇનસારી કામ ” વાળી ટીકા જુઓ.

જે શખસને અખત્યાર હોય તે શખસ હું કાયદાથી

૨૨૦. કોઇ માણસનો ઓદ્ધો એવી તરેહનો હોય કે તેથી કોઇ સખસોને તેઓના ઇનસાફ થવા સારૂ કમીટ કરવાનો અથવા તેઓને કેદમાં મોકલવાનો અથવા કોઇ સખસોને કેદમાં રાખવાનો તેને કાયદેસર અખત્યાર

---

૧. એમ્પ્રેસ. વિ. મઝહર હુસેન. ૫ અ. ૫૫૩.

૨. રેનાઇના. વિ. દેવચંર ૨૭ ક. ૧૪૪.

૩. રેનાઈના. વિ. બ્રીજ મોહનલાલ. ૭ નોરથ-વેસ્ટ પ્રોવીન્સીસ રીપોર્ટસ. પાનું ૧૩૪.

૪. પીનલકોડ ઉપર કોલેટ કૃત ટીકાવાળું પુસ્તક પાનું ૨૨૦

વિરૂદ્ધ ચાલું છું એમ જાણીને કોઇને તેનો ઈનસાફ થવા સારૂ કમીટ કરે અથવા કેદમાં મોકલે તે બાબત. મળ્યો હોય તે માણુસ તે અખત્યાર અમલમાં લાવતાં લાંચ લઇને અથવા દ્વેશબુદ્ધિથી જો કોઇ શખસને તેનો ઈનસાફ થવા સારૂ કમીટ કરે અથવા કેદમાં મોકલે અથવા કોઈ શખસને કેદમાં રાખે અને તે એમ જાણતો હોય કે આમ કરવામાં હું કાયદાથી ઉલટો ચાલું છું તો તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—જ્યારે ગુન્હેગારોને પકડવાની પોલીસ અમલદારની કાયદેસર સતાની બહાર જઈને કોઇ પોલીસ અમલદાર તેને આપેલી સત્તા કરતાં વધારે સત્તા વાપરે છે ત્યારે માત્ર એ ધ્યાનમાં લેવું જરૂરનું થઇ પડે છે કે તે (પોલીસ અમલદાર) લાંચ લઇને અથવા દ્વેષભાવથી. અને તે કાયદાથી વિરૂદ્ધ વર્તતો હતો, એવું જાણીને, વરત્યો છે કે કેમ. જ્યાં કોઇ ગુન્હેગારને પકડવાનું કાયદેસર છે, ત્યાં ગુન્હેગારની સામે જેવી ગુન્હેગારી ભરેલી માહીતી સાબીત કરવાની જરૂર છે તેવી ગુન્હેગારી ભરેલી માહીતી, ગેરકાયદેસર કૃત્યની સાથે (તે ઉપરાંત) હોઈ શકેજ નહી કે જેથી કરીને ૨૨૦ મી કલમ પ્રમાણે તેને કરેલી સજા બરાબર ગણાય.૧

કોઈ માણસને ગેરકાયદેસર રીતે કેદ કર્યો છે તેની સાબીતી એકલીથીજ (કેદ કરનારની) દ્વેષ બુદ્ધિનું કાયદેસર અનુમાન કરી શકાય નહી. આવું કેદ કરવું તે કાયદા વિરૂદ્ધ છે એવું જ્ઞાન (જાણવું તે) કાયદાનો સવાલ નથી, પણ હકીકતનો સવાલ છે અને તેવું જ્ઞાન ૨૨૦ મી કલમમાં જણાવેલી સરતો પુરી કરવાસારૂ (હકીકત તરીકે–as a fact) સાબીત કરવું જોઇએ.૨

જે સરકારી નોકરની કાયદા મુજબ કોઇને પકડવાની ફરજ હોય તે સરકારી નોકર તેને પકડવામાં ઇરાદાથી કસુર કરે તે બાબત.

૨૨૧. કોઈ માણુસ સરકારી નોકર હોય અને કોઇ શખસની ઉપર કાંઇ ગુન્હાનું તહોમત મુકાએલું હોય તેને અથવા કાંઇ ગુન્હાને માટે પકડવા જોગ હોય એવા કોઇ શખસને પકડવા અથવા કેદમાં રાખવાની તે માણુસની પોતાના સરકારી હોદ્દાને લીધે કાયદા મુજબ ફરજ હોય તે માણુસ અગર તે શખસને પકડવામાં ઇરાદાથી કસુર કરે અથવા ઈરાદાથી તે શખસને નાશી જવા દે અથવા તે શખસને તે કેદમાંથી નાશી જવામાં અથવા નાશી જવાની કોશીશ કરવામાં ઇરાદાથી સહાય કરે તે માણુસને નીચે પ્રમાણે શીક્ષા કરવામાં આવશે એટલે:—

શીક્ષા.

અગર કેદ કરેલા અથવા જેને પકડવો જોઇતો હતો તે શખસની ઉપર મોતની શીક્ષા થઇ શકે એવા ગુન્હાનું તોહોમત મુકવામાં આવ્યું હોય અથવા એવા ગુન્હાને માટે તે પકડવા જોગ થયો હોય તો તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાંની ગમે તે પ્રકારના દંડ સાથે અથવા દંડ વીના કેદની શીક્ષા કરવામાં આવશે અથવા દંડ અગર કેદ કરેલા અથવા જેને પકડવો જોઇતો

---

૧. રેજાઇના. વિ. અમરસંગ. ૧૦ મું. ૫૦૬

૨. રેજાઇના. વિ. નારાયણ. ૯ બોમ્બે હાઈકોરટ રીપોટરસ પાનુ ૩૪૬.

હતો તે શખસની ઉપર જીવતાં સુધી સમુદ્રપારની અથવા દસ વરસની મુદત સુધીની કેદની શીક્ષા થઇ શકે એવા ગુન્હાનું તહોમત મુકવામાં આવ્યું હોય અથવા એવા ગુન્હાને માટે તે પકડવા જોગ થયો હોય તો તે માણુસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની દંડ સાથે અથવા દંડ વીના કેદની શીક્ષા કરવામાં આવશે. અથવા

અગર કેદ કરેલા અથવા જેને પકડવો જોઇતો હતો તે શખસની ઉપર દસ વરસથી ઓછી મુદતની કેદની શીક્ષા થઈ શકે એવા ગુન્હાનું તહોમત મુકવામાં આવ્યું. અથવા એવા ગુન્હાને માટે તે પકડવા જોગ થયો હોય તો તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની દંડ સાથે અથવા દંડ વીના કેદની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—જ્યાં એક પોલીસ અમલદાર સેન્ટ્રી તરીકે નોકરી ઉપર હતો તે વખતે તેણે પોતાના કબજા-માંથી એક કેદીને નાશી જવા દીધો ત્યાં તેને આ ૨૨૧ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી સજા કરવામાં આવી હતી.[૧] ગામડાનો ચોકીદાર જે ગામનો તે ચોકીદાર હોય તે ગામની બહાર ખુન કરવાના આરોપવાળા માણસને પકડવાને સરકારી નોકર તરીકે કાયદેસર રીતે બંધાયેલો નથી, કેમકે તે માણસ ઢંઢેરાથી ગુન્હેગાર તરીકે પ્રસિદ્ધ કરેલો શખશ નથી, તેમજ તે ચોકીદારે તે શખસને ખુન કરવાના કૃત્યની અંદર જોયેલો નથી; અને તેથી કરીને જો આવી ચોકીદાર કોઇ ખાનગી અરજ ઉપરથી આવા (ખુનના) તહોમત સારૂ આવા શખસને પકડવાની ના પાડે તો તે ચોકીદાર આ કલમ પ્રમાણે સજાને પાત્ર થતો નથી.[૨]

જે શખસની ઉપર કોઇ ઇનસાફી કોરટે શીક્ષાનો હુકમ કર્યો હોય તે શખસને પકડવાની જે સરકારી નોકરની ફરજ હોય તે શખસને પકડવામાં ઇરાદાથી કસુર કરે તે બાબત.

૨૨૨. કોઇ માણુસ સરકારી નોકર હોય અને કોઇ શખસની ઉપર કાંઇ ગુન્હાને માટે કોઈ ઇનસાફી કોરટે શીક્ષાનો હુકમ કર્યો હોય તે શખસને (સને ૧૮૭૦ ના આકટ ૨૭ મા પ્રમાણે) "અથવા જે શખસને કાયદેસર રીતે કેદમાં રાખ્યો હોય તેવા શખસને" પકડવાથી અથવા કેદમાં રાખવાની તે માણુસની પોતાના સરકારી હોદ્દાને લીધે કાયદા મુજબ ફરજ હોય તે માણુસ અગર તે શખસને પકડવાના ઇરાદાથી કસુર કરે અથવા ઇરાદાથી તે શખસને નાશી જવા દે અથવા નાશી જવાની કોશીશ કરવામાં ઇરાદાથી સહાય કરે. (સને ૧૮૭૦ના આકટ ૨૭ મા પ્રમાણે) અથવા જો તે શખસને કાયદેસર રીતે કેદમાં રાખ્યો હોય તો તે માણુસને નીચે પ્રમાણે શીક્ષા કરવામાં આવશે. એટલેઃ—

અગર કેદ કરેલો અથવા જેને પકડવો જોઇતો હતો તે શખસની ઉપર મોતની શીક્ષાનો હુકમ થયેલો હોય તો તે માણુસને

---

૧. રેજાઇના. વિ. ફતેહખાન. પંજાબ રેકડરઝ. ૧૮૭૪ નું ૧૧ મું.
૨. એમ્પ્રેસ. વિ. કાલુ. ૩ અ. ૬૦.

શીક્ષા. ચઉદ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની દંડ સાથે અથવા દંડ વીના કેદની શીક્ષા કરવામાં આવશે. અથવા

અગર કેદ કરેલો અથવા જેને પકડવો જોઇતો હતો તે શખસ કોઈ ઇનસાફની કોરટે કરેલા શીક્ષાના હુકમથી અથવા તેને બદલે બીજી શીક્ષા કરવાના કોઈ હુકમથી જીવતાં સુધી સમુદ્રપારની અથવા જીવતાં સુધી સાસનીક દાસત્વને, અથવા દસ વરસ કે તેથી વધારે મુદત સુધી સમુદ્રપાર અથવા સાસનીક દાસત્વ અથવા કેદને લાયક હોય તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની દંડ સાથે અથવા દંડ વીના કેદની શીક્ષા કરવામાં આવશે.

અગર કેદ કરેલો અથવા જેને પકડવો જોઇતો હતો તે શખસ કોઈ ઇનસાફની કોરટે કરેલી શીક્ષાના હુકમથી દસ વરસની મુદત સુધીની કેદને લાયક ન હોય તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—સરકારી અમલદારના ઉપર નાંખેલી કાયદેસર ફરજ કે જે ફરજ તરફ બેદરકારીનું તેના ઉપર તહોમત મુકવામાં આવ્યું હોય તે સાબીત કરવાની જરૂર છે. દાખલા તરીકે પાછલી કલમમાં ટાંકેલો ચોકીદારવાળો ફેંસલો જુઓ.

૨૨૩. જે માણસ સરકારી નોકર હોય અને જે શખસની ઉપર કાંઇ ગુન્હાનું તહોમત મુકયું હોય અથવા કાંઇ ગુન્હો સાબીત થયો હોય એવા કોઇ શખસને (સને ૧૮૭૦ ના આકટ ૨૭ ના પ્રમાણે 'અથવા જે શખસને કાયદેસર રીતે કેદમાં રાખ્યો હોય તે શખસને') કેદમાં રાખવાની કાયદા પ્રમાણે જે માણસની પોતાના સરકારી હોદ્દાને લીધે ફરજ હોય તે માણસ અગર ગફલતથી તે શખસને કેદમાંથી નાશી જવા દે તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

સરકારી નોકર ગફલતથી કોઇ કેદીને નાશી જવા દે તે બાબત.

ટીકા.—જન્મટીપના કેદીઓ કે જેમને કેદીઓના રખેવાળ અથવા વૉર્ડર (ચોકીદાર) નીમ્યા હોય છે તેઓ આ કલમના અર્થ પ્રમાણે સરકારી નોકરો છે.૧

જે કેસમાં જે શખસને નાશી જવા દેવામાં આવ્યો હોય તે શખસ કોઇ ગુન્હાને વાસ્તે કેદમાં હોય, અથવા જેને કેદમાં રાખવામાં આવ્યો હોય તેવા કેસને આ કલમ લાગુ પડે છે, પરંતુ જે કેસમાં આવા (નાશી જવા દેવામાં આવ્યો હોય તેવા) સખસને માત્ર દિવાની વારંટની રૂઇએ કેદ પકડવામાં આવ્યો હોય તે કેસને આ કલમ લાગુ પડતી નથી.૨ આવા કેસને ૨૨૫ (અ) કલમ લાગુ પડશે.

ગુન્હેગાર ઠરી સજા પામેલા કેદીઓને પોતાને હવાલે લેવાની ગામડાની પોલીસ (village police —વીલેજ પોલીસ) ના માણસને કોઈપણ ઠેકાણે સત્તા આપવામાં આવી નથી. તેથી જો તેવો સજા

---

૧. રેજાઇના. વિ. કાલાચન્દ. ૭ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનુ ૯૯.

૨. રેજાઇના. વિ. તાફઉલા. ૧૨ ક. ૧૯૦.

પામેલો કેદી તેના હવાલામાંથી નાશી જાય તો તે આ કલમ પ્રમાણેના ગુન્હાનો ગુન્હેગાર થશે નહી.૧ માજીસ્ત્રેટના હુકમથી જે પોલીસ અમલદારના હવાલામાં કેદી હોય એટલા સારૂ કે તહોમતના સબંધમાં યોગ્ય તજવીજ કરીને તે પોલીસ અમલદારે (માજીસ્ત્રેટને) રીપોર્ટ કરવો, તે પોલીસ અમલદાર જો કે એવું બતાવે કે તપાસ કર્યા પછી તે કેદીની સામે કાંઈપણ કેસ હતો નહી તો પણ તે તે કેદીને છુટો જવા દેવામાં વ્યાજબી કરતો નથી, પરંતુ જ્યાં સુધી કાયદાની યોગ્ય રીતથી તે કેદીને પોલીસે (અથવા માજીસ્ત્રેટે) છુટો ન કર્યો હોય ત્યાં સુધી તે પોલીસ અમલદારે તેને કબજામાં રાખવો જોઇતો હતો, અને જો તે અમલદારે બેદરકારીથી તેને નાશી જવા દીધો તો તે આ કલમ પ્રમાણે ગુન્હેગાર થતો હતો.૨

કોઇ શખસને કાયદા મુજબ પકડતા હોય તેમાં તેણે સામા થવું અથવા હરકત કરવી.

૨૨૪. જે શખસની ઉપર કાંઇ ગુન્હાનું તહોમત મુકયું હોય અથવા કાંઇ ગુન્હો સાબીત થયો હોય તે ગુન્હાને માટે તે શખસને કાયદેશર પકડવામાં તે શખસ ઇરાદાથી જો સામો થાય અથવા કાયદા વીરૂદ્ધ કાંઇ અડચણ કરે અથવા તેવા કાંઇ ગુન્હાને માટે તેને કાયદેસર જે કેદમાં રાખ્યો હોય તે કેદમાંથી જો તે નાસી જાય અથવા નાસી જવાની કોસીસ કરેતો તે શખસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ખુલાસો—આ કલમમાં લખેલી શીક્ષા છે. તે જે ગુન્હાનું તોહોમત તે સખશની ઉપર મુક્યું હોય અથવા જે ગુન્હો તેની ઉપર સાબીત થયો હોય તે ગુન્હાને માટે તે પકડવાનો તથા કેદમાં રાખવાનો શખસ જે શીક્ષાને લાયક હોય તે શીક્ષાથી ઉપરાંત સમજવી.

ટીકા.—આ કલમ પ્રમાણે જે નાશી જવું સજાને પાત્ર છે તે ગુન્હા બદલ કેદ (custody) માંથી નાશી જવું તે છે. દીવાની વારંટની રૂઇએ મળેલી કેદમાંથી નાશી જવું તે આ કલમ મુજબ સજાને પાત્ર નથી.૩ તેજ પ્રમાણે ગુજરાનના ખરાબ (દેખીના નહી જેવા) સાધનવાળા માણસ તરીકે ફોજદારી કામ ચલાવવાના કાયદા (૧૮૯૮ ના આકટ ૫ મા) ની કલમ ૫૫ પ્રમાણે પકડવા આવનાર અમલદારની સામે થવું, અથવા પકડયા પછી નાશી જવું તે પણ આ કલમ પ્રમાણે ગુન્હો નથી.૪ તેવો ગુન્હો ૨૨૫ (બ) કલમમાં આવી જશે.

જ્યાં કોઈ ખાનગી સખસે ચોરીનું કૃત્ય કરતાં ઝલાયેલા ચોરને પકડયો હોય ત્યાં જો કે જે માણસે તે ગુન્હો નજરે જોયો ન હોય તે માણસના હવાલામાં સોંપીને (પકડનાર સખસે) તે ચોરને પોલીસ થાણામાં મોકલાવ્યો હોય તો પણ તે ચોરને કેદમાં રાખવાનું કાયદેસર ચાલુ રહે છે (અર્થાત જે માણસને હવાલે તેને સોંપ્યો છે તે માણસનો હવાલો કાયદેસર ગણાશે, અને જો તે માણસના હવાલામાંથી તે ચોર નાશી જશે તો તે ગુન્હેગાર થશે).૫ અને જે વખતે છુટ કર્યા પછી તહોમતદાર નાશી જતો હતો તે વખતે પડેલી બુમો ઉપરથી તે તહોમતદારને પકડવામાં આવ્યો હતો. પકડયા પછી તેને ગામડાના માજીસ્ત્રેટ (વીલેજ—માજીસ્ત્રેટ) ને હવાલે કરવામાં આવ્યો હતો, અને તે માજીસ્ત્રેટના હવાલામાંથી તે નાશી ગયો. તે ગામડાના માજીસ્ત્રેટને ૧૮૧૬ ના ૧૧ મા રેગ્યુલેશનની પાંચમી કલમ મુજબ તેના

---

૧. એમ્પ્રેસ. વિ. જગલીઆ. ૧ બોમ્બે લો રીપોર્ટર પાનુ ૩૫૯.

૨. એમ્પ્રેસ. વિ. અશરાફઅલી. ૬ અ. ૧૨૯.

૩. રેજાઈના. વિ. કોનન. ૬ બોમ્બે હાઈકોરટ રીપોર્ટસ, ક્રીમીનલ કેસીસ પાનું ૧૫.

૪. રેજાઇના. વિ. કાંધીઆ. ૭ અ. ૬૭.

૫. રેજાઈના. વિ. પોટાડુ. ૧૧ મ. ૪૮૦.

ડીસ્ટ્રીકટ (પરગણા) માં ગુન્હા કર્યાના તહોમતવાળા સઘળા માણસોને પકડવાનો, અને તે માણસોને પોલીસ અમલદારની પાસે મોકલી દેવાનો અધિકાર હતો તેટલા માટે આ પ્રમાણે તેઓને મોકલી દેવા સારૂ તેણે તેઓને કેદમાં રોકી રાખેલા તે કાયદેસર હતું.૧

જે કોઇ માણસ કાયદાની યોગ્ય રીતસર છુટો થાય તે પેહેલાં પોતાનો છુટકારો મેળવે તે નાશી જવાના ગુન્હાનો ગુન્હેગાર થાય છે. તેને યોગ્ય સંભાળ વગર રાખવામાં આવ્યો હતો (અને તેથી તે નાશી ગયો) તેથી કાંઈ ફેર પડતો નથી, અને તેવી રીતે નાશી જવાથી પણ તે સરખી રીતે ગુન્હેગાર થાય છે.૨ દેશાનીકાલની સજા ભોગવવા સારૂ કાળા પાણીએ જવાના રસ્તા ઉપરથી કેદી કાયદેસર કેદમાંથી નાશી ગયો. તે કેસમાં તેને ૨૨૪ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.૩ એક કેસમાં રજા વગર મીઠું લઇ જવા બદલ એક માણસને સોલ્ટ ડીપાર્ટમેન્ટ (મીઠાનું ખાતુ) ના એક દારોગાએ પકડયો. જ્યારે તે દારોગાનો સીપાઇ તે માણસને દારોગાની આફીસમાં લઇ આવતો હતો તે વખતે તે સીપાઇના હવાલાગાંથી તે માણસ નાશી ગયો. તે કેસમાં તે માણસ આ કલમ મુજબ સજાને પાત્ર હતો એવું ઠરાવવામાં આવ્યું હતું.૪

જ્યાં કોગ્નીઝેબલ (વગર વારંટે પકડી શકાય એવા) ગુન્હાના તહોમત ઉપરથી જે માણસને પકડવામાં આવ્યો હોય તે માણસ કાયદેસર કેદમાંથી નાશી જાય ત્યાં જે ગુન્હાનું તેના ઉપર તહોમત મુકવામાં આવ્યું હોય તેનાથી જુદોજ ગુન્હો તેણે કર્યો છે. એવું કોઇ યોગ્ય કોર્ટ ઠરાવે તે બીનાથી તેની સજા ખમવાની પાત્રતામાં કાંઇ ફેર પડતો નથી. પરંતુ જો નોન—કોગ્નીઝેબલ (વારંટ વગર પકડી ન શકાય એવા) ગુન્હાનું તેના ઉપર તહોમત મુકવામાં આવ્યું હોય તો જે પોલીસ અમલદાર તેને વારંટ વગર પકડે તે પોલીસ અમલદારના કાયદેસર હવાલામાં રહેલો તે ગણાશે નહી, અને તેથી જો તે પોલીસ અમલદારના હવાલામાંથી તે નાશી જાય તો તે આ કલમ પ્રમાણે શિક્ષાને પાત્ર થશે નહી.૫

જો તહોમતદાર જે સખસને ઢંઢેરાથી ગુન્હેગાર તરીકે પ્રસિદ્ધ કરવામાં આવ્યો હોય તેવો શખસ ન હોય, અને જો તેને (પકડનારની નજર આગળ નહી બનેલા) કોઈ પણ ગુન્હાને સારૂ કોઇ ખાનગી માણસે પકડયો હોય તો તેવા ખાનગી માણસના કબજામાંથી નાશી જવાને સારૂ તે આ કલમ પ્રમાણે ગુન્હેગાર થતો નથી.૬ તેમજ જે માણસની સામે પકડવાનું વારંટ કાઢવામાં આવ્યું હોય તે માણસનું જે નામ હોય તે નામવાળા બીજા માણસને ભુલથી પકડવામાં આવ્યો હોય, અને તે માણસ (પકડનારના કબજામાંથી) નાશી જાય તો તે આ કલમ પ્રમાણે કાંઇ પણ ગુન્હો કરતો નથી.૭ એક કેસમાં પ્રતિવાદીને સારી ચાલ બદલના જામીન આપવા સારૂ કેદમાં રાખવામાં આવ્યો હતો. તે પ્રતિવાદી કેદમાંથી નાશી ગયો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેણે આ કલમ પ્રમાણે કાંઇ ગુન્હો કર્યો નહોતો, કેમકે ગુન્હો કર્યા બદલ તેને કાયદેસર રીતે કેદમાં રાખવામાં આવ્યો નહોતો.૮ તેવાજ એક બીજા કેસમાં એવું ઠરાવવામાં આવ્યું છે કે જામીન આપવાની પોતાની અશકિતને લીધે જે માણસ કેદમાં રહેલો હોય તે માણસ જે ગુન્હાનું તેના ઉપર તહોમત મુકવામાં આવ્યું હોય, અથવા જે ગુન્હા બદલ તેને ગુન્હેગાર

---

૧. રેજાઇના. વિ. ફકીરા. ૧૭ મ. ૧૦૩.

૨. રેજાઇના. વિ. મપાન. ૧૮ મ. ૪૦૧.

૩. રેજાઈના. વિ. રામસામી. ૪ મદ્રાસ હાઇકોર્ટ રીપોર્ટસ. પાનું ૧૫૨.

૪. રેજાઈના. વિ. કુતીઆ અલુ અગ્રી. મુંબાઈ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલાગ્ઝ. ૧૮૮૬ નું ૪૬ મું.

૫. રેજાઇના. વિ. રામશરણ. ૨૪ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર. પાનું ૪૫; એમ્પ્રેસ. વિ. ચકના. ૧૬ અલાહબાદ વીકલી નોટસ. પાનુ ૧૫૨.

૬. રેજાઈના. વિ. બોજીગન. ૫ મ. ૨૨; વળી ફોજદારી કામ ચલાવવાના કાયદા (૧૮૯૮ ના આકટ ૫ મા) ની કલમ ૫૯ મી જુઓ.

૭. ગંગાચરણ. વિ. રેજાઈના ૨૧ ક. ૩૩૭.

૮. ૭ મદ્રાસ હાઇકોર્ટ રીપોર્ટસ એપેલેટ પાનુ ૪૨.

ઠરાવવામાં આવ્યો હોય તેવા ગુન્હાને વાસ્તે તેને કેદમાં રાખવામાં આવેલો નથી. તેટલા માટે આવી કેદ-માંથી નાશી જવા બદલ તેને આ કલમ મુજબ ગુન્હેગાર ઠરાવી શકાશે નહી.૧

સારી ચાલના જામીન લેવાને માજીસ્ત્રેટની આગળ લઇ જતાં રસ્તામાં કોઈ તહોમતદાર કેદમાંથી નાશી જાય તો તે આ કલમ અથવા કલમ ૨૨૫ મુજબ શિક્ષાને પાત્ર થતો નથી.૨

" તેવા કાંઇ ગુન્હાને માટે " એ શબ્દો ઉપરના શબ્દોના સબંધમાં લેવાના છે, અર્થાત જે ગુન્હાનું તેના ઉપર તહોમત મુકવામાં આવ્યું હોય અથવા જે ગુન્હા બદલ તેને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હોય તેવા કોઇપણ ગુન્હાને સારૂ એમ તેનો અર્થ લેવાનો છે. આ પ્રમાણે જો કોઈ માણસને કાંઈ ગુન્હો કર્યાના તહોમત ઉપરથી કાયદેસર રીતે પકડવામાં આવ્યો હોય તો પછી જો કે આવા ગુન્હા બદલ તેને ગુન્હેગાર ઠરાવવામાં ન આવ્યો હોય તોપણ જો તેને પકડનાર માણસના હવાલામાંથી તે નાશી જાય તો તે ગુન્હેગાર થશે.૩

કેદીને કેદમાં રાખનાર માણસની સંમતિથી અથવા બેદરકારીથી તે કેદીએ પોતાનો છુટકારો મેળવ્યો હોય તોપણ તે કેદી ઓછો ગુન્હેગાર થતો નથી, કેમકે આવી ગેરકાયદેસર સંમતિ અથવા બેદરકારીથી કાયદાના ફરમાનને તાબે થવાની તેની ફરજમાંથી તે કદી મુક્ત થતો નથી.૪

કોઇ શખસને કાયદા મુજબ પકડતા હોય તેમાં કોઈ બીજા શખસે સામા થવું અથવા હરકત કરવી.

૨૨૫. જે શખસ કોઇ બીજા શખસને કાંઇ ગુન્હાને માટે કાયદેસર પકડવામાં ઇરાદાથી સામો થાય અથવા કાયદા વિરૂદ્ધ કાંઈ અડચણ કરે અથવા કોઇ બીજા શખસને કાંઇ ગુન્હાને માટે કાયદેસર જે કેદમાં હોય તે કેદમાંથી તેને છોડાવી મુકે અથવા છોડાવી મુકવાની કોશીશ કરે તે શખસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

શીક્ષા.

અથવા અગર પકડવામાં અથવા છોડાવી મુકેલા અથવા જેને છોડાવી મુકવાની કોશીશ થઇ હોય તે શખસની ઉપર જીવતાં સુધી સમુદ્રપારની અથવા દસ વરસની મુદત સુધીની કેદની શીક્ષા થઇ શકે એવા ગુન્હાનું તહોમત મુકયું હોય અથવા એવા ગુન્હાને માટે તે પકડવા લાયક થયો હોય તો પેલા શખસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

અથવા અગર પકડવાના અથવા છોડાવી મેલેલા અથવા જેને છોડાવી મુકવાની કોશીષ થઈ હોય તે શખસની ઉપર મોતની શીક્ષા થઇ શકે એવા ગુન્હાનું તહોમત મુકયું હોય અથવા એવા ગુન્હાને માટે તે પકડવા લાયક થયો હોય તો પેલા શખસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

---

૧. ૩ મદ્રાસ હાઇકાર્ટ રીપોર્ટ્સ એપેલેટ પાનુ ૨૩.

૨. એમ્પ્રેસ. વિ. કાંધીઆ. ૭ અ. ૬૭; રેજાઈના. વિ. શાસ્તીચરણ ૮ ક. ૩૩૧.

૩. રેજાઈના. વિ. દેવ સહાયલાલ. ૨૯ ક. ૨૫૪.

૪. ૧ રસેલ એન્ડ રીયન કૃત કાઉન કેસીસ રીઝરડ પાનુ ૫૬૭.

અથવા અગર પકડવાનો અથવા છોડી મુકેલો શખસ કોઇ ઇન્સાફની કોર્ટના શીક્ષાના હુકમ મુજબ અથવા તેને બદલે બીજી શીક્ષા કરવાના કાંઈ હુકમ મુજબ જીવતાં સુધી સમુદ્રપારની અથવા દસ વરસની કે તેથી વધારે મુદત સુધીની સમુદ્રપાર અથવા શાસનીક દાસત્વ અથવા કેદની શીક્ષાને લાયક હોય તો પેલા શખસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

અથવા અગર પકડવાના, અથવા છોડાવી મુકેલા અથવા જેને છોડાવી મુકવાની કોશીશ થઈ હોય તે શખસની ઉપર મોતની શીક્ષાનો હુકમ થયો હોય તો પેલા શખસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વર્ષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—કાયદેસર કેદ—આ કલમ પ્રમાણે કોઈ માણસને ગુન્હેગાર ઠરાવવા સારૂ એવું સાબીત કરવું જરૂરનું છે કે છોડાવી મુકેલો શખસ તે વખતે કાયદેસર કેદમાં હતો.૧

જે કેદીને એક પોલીસ અમલદારે કાયદા વિરૂદ્ધ મંડળીના એક અંગભુત (મેમ્બર) તરીકે પકડયો હતો. તે કેદીને છોડાવી મુકનાર સખસને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.૨ તેમજ એક ચોર કે જેને એક ખાનગી માણસે ચોરી કરવાના કૃત્યની અંદર પકડયો હતો તે ચોરને તે ખાનગી માણસના હવાલામાંથી છોડાવી મુકનાર માણસે આ કલમ પ્રમાણે ગુન્હો કર્યો છે એમ ઠરાવવામાં આવ્યું હતું, કેમકે આ કલમ પ્રમાણે કોઈ માણસને ગુન્હેગાર ઠરાવવા સારૂ એવું બતાવવું જરૂરનું નથી કે જે માણસના હવાલામાંથી તે ગુન્હેગારને છોડાવી મુકવામાં આવ્યો હતો તે પોલીસના માણસનો હવાલો હતો; એટલુંજ સાબીત કરવું બસ છે કે જે હવાલો હતો તે કાયદેસર રીતે અધીકારવાળા માણસનો હવાલો હતો.૩

એક માણસના ઉપર ચોરી કરવાનો આરોપ મુકીને તેને એક ખાનગી શખસે ગેરકાયદેસર રીતે પકડયો અને તેને ગામડાના ચોકીદારને હવાલે સોંપી દીધો, અને આ ચોકીદાર પોલીસનો અમલદાર નહોતો તે માણસને (ચોકીદારના હવાલામાંથી) તહોમતદારે છોડાવી મુકયો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે તહોમતદાર આ કલમ પ્રમાણે ગુન્હેગાર થતો નહોતો.૪

બીજી રીતે ઠરાવ નહી કરેલો હોય એવા પ્રસંગોમાં સરકારી નોકર કોઇ શખસને પકડવામાં કસુર કરે અથવા નાસી જવા દે તો.

"**૨૨૫ અ.** કોઇ માણુસ સરકારી નોકર હોય અને કલમ ૨૨૧ મી, કલમ ૧૨૨ મી, અથવા કલમ ૨૨૩ મીમાં, અથવા તે વખતે ચાલુ હોય એવા કોઇ કાયદામાં ઠરાવ નહી કરેલો એવા કોઇ પ્રસંગમાં કોઇ શખસને પકડવાની અથવા કેદમાં રાખવાની તે માણુસની પોતાના સરકારી હોદ્દાને લીધે કાયદા મુજબ ફરજ હોય તે તે શખસને પકડવામાં કસુર કરે અથવા તે શખસને કેદમાંથી નાસી જવા દે તો તે માણુસને નીચે મુજબ શીક્ષા થશે:"—

---

૧. રેજાઇના. વિ, દિગંબર. ૨૧ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનુ ૪૫
૨. રેજાઈના. વિ, અસન. ૧૩ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું. ૭૫.
૩. રેજાઇના. વિ. કુટ્ટી. ૧૧ મ. ૪૪૧.
૪. રેજાઇના. વિ. કાલા. ૨૭ ક. ૩૬૬.

(અ) જો તે ઇરાદાથી તેમ કરે તો ૩ વરસ સુધીની બેમાંથી ગમે તે પ્રકારની શીક્ષા અથવા દંડ અથવા બન્ને; અને

(બ) જો તે ગફલતથી તેમ કરે તો બે વરસ સુધીની આસાન કેદ, અથવા દંડ અથવા બન્ને.

☞ આ કલમ ૧૮૮૬ના આકટ ૧૦માની કલમ ૨૪મીથી નવી દાખલ કરેલી છે.

બીજી રીતે ઠરાવ નહી કરેલો હોય એવા પ્રસંગોમાં કાયદેસર પકડવાની સામું થવું અથવા તેમાં અડચણ કરવી અથવા નાસી જવાનું અથવા છોડવવું.

૨૨૫ બ. ૨૨૪મી કલમમાં અથવા ૨૨૫ મી કલમમાં અથવા બીજા કોઈ ચાલુ કાયદામાં જે વીશે ઠરાવ કરેલો નહી હોય એવા કોઈ પણ પ્રસંગમાં જે કોઇ શખસ પોતાને અથવા બીજા કોઈ શખસને કાયદાસર પકડવાના ઇરાદાથી સામો થાય અથવા તેમાં કાયદાવિરૂદ્ધ કાંઇ અડચણ કરે, અથવા તેને કાયદાસર જે કેદમાં રાખ્યો હોય તે કેદમાંથી નાસી જાય અથવા નાસી જવાની કોશીશ કરે અથવા બીજા કોઇ શખસને કાયદાસર જે કેદમાં રાખ્યો હોય તે કેદમાંથી તેને છોડાવી મુકવાની કોશીશ કરે તો તેને છ મહીના સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે."

☞ આ કલમ ૧૮૮૬ના આકટ ૧૦માની કલમ ૨૪મીથી નવી દાખલ કરેલી છે.

ટીકા—ફોજદારી કામ ચલાવવાના કાયદા (૧૮૯૮ ના આકટ ૫ મા) ની કલમ ૮૦ મીમાં ફરમાવ્યા મુજબ જે માણસની સામે વારંટ કહાડયું હોય તે માણસને વારંટની મતલબ જણાવ્યાં વગર પોલીસ અમલદાર તેને પકડે તો તેવું પકડવું કાયદેસર ગણાશે નહી, અને આવા પકડવાની સામે થવું તો આ કલમ મુજબ ગુન્હો થતો નથી.૧ તેમજ જે વારંટ બજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હોય તે વારંટમાં (જે માણસની સામે વારંટ બજાવવાનું હોય તેનું) ખોટું વર્ણન આપવામાં આવ્યું હોય, અને તે વર્ણન તહોમતદારને લાગુ પડતું ન હોય તો તે તહોમતદારને આ કલમ અને ૩૫૩ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવીને સજા કરવી તે ગેરકાયદેસર થશે.૨

મદ્રાસ હાઇકોર્ટે એવું જાહેર કીધેલું છે કે જે માણસને ગાંડછાના કારણથી તેના ઉપર મુકેલા તહોમતમાંથી નીર્દોષ ઠરાવવામાં આવ્યો છે, અને સરકારના હુકમની રૂઇએ જેલમાં કેદ રાખવામાં આવ્યો છે, તે માણસ જો ડાહ્યો થયા પછી નાશી જાય તો, જોકે ૨૨૪ મી કલમ પ્રમાણે તો એ જવાબદાર થશે નહી તોપણ ૨૨૫ (બ) કલમ મુજબ તે શીક્ષાને પાત્ર થશે.૩

સમુદ્રપારથી કાયદા વિરૂદ્ધ પાછું આવવું.

૨૨૬. જે માણસને કાયદા મુજબ સમુદ્રપાર કર્યો હોય તે માણસને પોતાની સમુદ્રપારની મુદત વીત્યા પહેલાં તથા શીક્ષા માફ ન થયા છતાં અગર સમુદ્રપારથી પાછો આવે તો તેને જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને તથા પાછો સમુદ્રપાર થતાં પહેલાં ત્રણ વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા પામવાને લાયક થશે.

---

૧. સતિસચન્દ્રરાય. વિ. જદુનન્દનસીંગ. ૨૬ ક. ૭૪૮.

૨. રેજાઇના. વિ. દેબિસીંગ ૨૮ ક. ૪૦૦

૩. ૧૮૬૨ ના નવેમ્બરની તા. ૨૫ મીનું જાહેરનામું.

ટીકા.—આ કલમ પ્રમાણે ગુન્હો થવા સારૂ એ જરૂરનું છે કે દેશની કાલનો કેદી કોઈ પણ કાળા પાણીની જગાએ ખરેખરો મોકલેલો હોવો જોઈએ, અને તેની સજા પુરી થયા પહેલાં અથવા માફ થયા પહેલાં તે ત્યાંથી પાછો આવેલો હોવો જોઈએ તેટલા સારૂ જ્યાં એક કેદી દેશની કાલની સજા ભોગવવા સારૂ જતાં રસ્તામાંથી કેદમાંથી નાશી ગયો ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેણે આ ૨૨૬ મી કલમ પ્રમાણે નહી, પરંતુ ૨૨૪ મી કલમ પ્રમાણે ગુન્હો કર્યો હતો. ૧

શીક્ષાની માફીની શરત તોડવી.

૨૨૭. કોઇ માણુસે શીક્ષાની કાંઇ સરત માફી કબુલ કરી હોય તે માણુસ અગર જે સરતથી તેને માફી મળી હોય તે સરત જાણી બુજીને તોડે તો તે માણુસને અગર તેણે અસલ શીક્ષામાંની કાંઈ ભોગવી નહી હોય તો જે શીક્ષાનો અસલ હુકમ થયો હોય તે શીક્ષા કરવામાં આવશે અને તે શીક્ષામાંની કાંઈ તેણે ભોગવી હોય તો તે શીક્ષામાંની જેટલી નહી ભોગવી હોય તેટલી શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—પ્રીન્સ ઓફ વેલ્સનો ટાપુ, સીંગાપોર, અને મલાક્કાના રેકડરની કોર્ટે એક માણસને ગુન્હેગાર ઠરાવીને તેને દસ વરસની દેશનીકાલની સજા કરી. તે કેદીને રત્નાગીરીની જેલમાં રાખવામાં આવ્યો હતો. ત્યાં તે આઠ વરસ કરતાં વધારે વખત સુધી કેદમાં રહ્યા પછી તેને રજાની ચીઠ્ઠી ઉપરથી (ticket of leave) રત્નાગીરી જેલમાંથી છોડવામાં આવ્યો હતો. તેની સજાની મુદત પુરી થયા પહેલાં કારવાડમાં એક રહેવાના ઘરમાં તેણે ચોરી કરી તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે કારવાડના ફુલ-પાવર (પુરણ સત્તાવાળા) માજીસ્ટ્રેટને આ ૨૨૭ મી કલમ પ્રમાણે સજા કમી કરવાની શરત તોડવાના ગુન્હા બદલ તે કેદીનો ઇનસાફ કરવાની હકુમત હતી. ૨

કોઇ સરકારી નોકર કાંઈ ઈનસાફી મુકરદમાના કાંઇ પણ ભાગમાં બેઠા છતાં તેનું ઈરાદાથી અપમાન કરવું અથવા તેને હરકત કરવી.

૨૨૮. કોઈ સરકારી નોકર કાંઇ ઈનસાફી મુકરદમાના કાંઇપણ ભાગમાં બેઠો હોય તે વેળાએ તે સરકારી નોકરનું જે માણસ ઇરાદાથી અપમાન કરે અથવા તેને હરકત કરે તે માણસને છ મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—જે માણસો ન્યાયની કોરટની આગળ જુબાની આપતી વખતે ઘણાજ આડાઅવળા (ખોટા) જવાબ આપવાના ગુન્હેગાર થાય છે, અથવા પુછેલા સવાલના સીધા જવાબ આપવાની ના પાડવાની અથવા સીધા જવાબ આપવાની દરકાર નહી રાખવાના ગુન્હા કરે છે તે માણસો, જો તેઓના વર્તનથી ઇરાદા પુર્વક હરકત થતી હોય તો, આ કલમ પ્રમાણે શિક્ષાને પાત્ર થાય છે. ૩ પરંતુ જો તેવા માણસોનું વર્તન ઈરાદાપુર્વક હરકત કર્યા બરાબર ન થતું હોય તો તેઓ આ કલમ પ્રમાણે ગુન્હેગાર થતા નથી. ૪

---

૧. રેજાઇના. વિ. રામસામી ૪ મદ્રાસ હાઇકોર્ટ રીપોર્ટસ પાનુ. ૧૫૨.

૨. રેજાઈના. વિ. અહોન એકોન્ગ ૯ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ પાનુ. ૩૫૬.

૩. રેજાઈના. વિ. જયમલ. ૧૦ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ. પાનુ ૬૯; રેજાઈના વિ. દેવજી આશાઃ મુંબાઇ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ. ૧૮૮૯ ૩૧ મું.

૪. રેજાઇના. વિ. અભબા. ૪ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ પાનું ૬; રેજાઇના. વિ. પાંડુ. ૪ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ પાનુ ૭.

કોઇ હુકમનામાની બજાવણીની દરખાસ્તથી થતા વેચાણ વખતે કોઈ માણસ, બાનાના (અમુક ભાગના) રૂપૈયા કોર્ટમાં ભરવાની પોતાની શક્તિ નથી એવું જાણતાં છતાં, હરાજ થતી મીલકતની માગણી કરે, તો તે આ કલમ પ્રમાણે શિક્ષાને પાત્ર થાય છે.૧

જે માણસ સાક્ષી તરીકે જુબાની આપતી વખતે પાન સોપારી ચાવતો હતો તે માણસને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.૨ તેમજ જે માણસ તેને એક વખત ચેતવણી આપ્યા પછી પણ સબંધ વગરના અને સામાને ચીડ ચડે એવા સવાલો સાક્ષીને પુછવાની હઠ કરે તે આ કલમ પ્રમાણે ગુન્હેગાર થાય છે.૩ વળી જે માણસને બે કલાકની કેદની સજા કરીને તેને જમાદારના હવાલામાં રહેવાનો હુકમ કર્યો હોય તે માણસ ઘણીજ ખરાબ રીતે જડજનું અપમાન કરે તો તે પણ આ કલમ પ્રમાણે સજાને પાત્ર થશે.૪

રજીસ્ટ્રેશન આકટ (નોંધણીના કાયદા-૧૮૭૭ ના આકટ ૩ જા) મુજબ સબ-રજીસ્ટ્રારની આગળ ચાલેલું કાંઈ પણ કામકાજ "ઈનસાફી કામ" ગણાય છે.૫ તેમજ કેદીને સજા ફરમાવી એટલે "ઈનસારી કામ" પુરૂ થતું નથી, પણ કેદીને કેદમાં લઈ જાય ત્યારેજ ઇનસારી કામ પુરૂ થયેલું ગણાશે.

આ કલમ પ્રમાણે સરકારી નોકરને કરેલું અપમાન અથવા કરેલી હરકત જ્યારે તે ઇનસારી કામના કોઈ ભાગમાં બેઠેલો હોય ત્યારે કરેલી હોવી જોઈએ. જ્યારે કોરટ આ પ્રમાણે ઈનસારી કામના કોઇ ભાગમાં બેઠેલી ન હોય ત્યારે કોર્ટની બાહાર બદનક્ષી પ્રસિદ્ધ કરીને કરેલા કોરટના તિરસ્કારની સામે આ કલમ કાંઈ પણ ઉપાય બતાવતી નથી. પણ હાઈકોર્ટને તેવા સંજોગોમાં સંક્ષિપ્ત રીતે તપાસ કરવાની સત્તા છે.૬

નીચેનો કેસ કાયદાના હિમાયતીઓને ખાસ લક્ષમાં રાખવા જેવો છેઃ—એક કોરટમાં એક જડજ ઈનસારી કામ ઉપર બેઠો હતો. ત્યાં તેની આગળ ચાલતા એક કેસમાં રોકાયેલા બારીસ્ટરની સામે તે જડજે ઘણા સખત (બારીસ્ટરને અપમાન લાગે) શબ્દો વાપરી ટીકા કરી. જડજના તેવા સખત શબ્દોથી બારીસ્ટરને ખોટું લાગ્યું. તેથી તે જડજના ખાનગી રેહેઠાણે તે સખત શબ્દોનો ખુલાસો માગવાના શાંતી ભરેલા સંદેશા સાથે તે બારીસ્ટરે એક અમલદારને મોકલ્યો. અગીઆરમાંથી નવ જડજોના અભિપ્રાય પ્રમાણે એવું ઠરાવવામાં આવ્યું હતું કે સંદેશો મોકલનાર શખસ અને સંદેશો લઈ જનાર શખસ એ બંને કોર્ટનો તિરસ્કાર કરવાના ગુન્હેગાર હતા.૭

જ્યારે કોર્ટમાં (બેસી) રહેવાનો હુકમ કરવામાં આવ્યો હોય ત્યારે કોર્ટ છોડવી તે, અથવા જ્યારે કેદીની તપાસ ચાલતી હોય ત્યારે બાહારથી તેને નીશાનીઓ કરવી તે, આ કલમ પ્રમાણે ગુન્હો થતો નથી એવું ઠરાવવામાં આવ્યું હતું.૮ તેજ પ્રમાણે નીચેના શખસોએ આ કલમ પ્રમાણે કાંઇ ગુન્હો કર્યો નથી એમ ગણી તેમને બીન ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતાઃ—(૧) કોર્ટ છોડી જવાનું કહ્યા પછી જે માણસ પુરાવો સાંભળવા બેઠો હતો તે;૯ (૨) ભાર દઇને બોલવાના કામને સારૂ ખરાબ (હલકી) ભાષા વાપરનારો સખસ;૧૦ (૩) ઘણીજ નાખુશીથી સાચુ બોલનાર શખસ અથવા પરસ્પર વિરૂદ્ધ જવાબ આપનાર શખસ;૧૧ (૪) કોરટમાં બગાસાં ખાનાર શખસ.૧૨

---

૧. રેજાઈના. વિ. મોહેશચન્દર સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર, ખુટતુ પુરવણી વાલ્યુમ પાનું ૩.
૨. રેજાઇના. વિ. ભવાની. વેર કૃત લો ઑફ ઑફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો પાનુ ૧૩૧.
૩. રેજાઇના. વિ. અઝીમુલા. પંજાબ રેકર્ડરસ ૧૮૬૭ નુ ૪૪ મુ.
૪. વેર કૃત લો ઑફ ઑફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો પાનું ૯૦.
૫. રેજાઇના. વિ. સરધારીલાલ. ૨૨ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર. પાનુ ૧૦.
૬. રેજાઈના. વિ. સુરેન્દ્રનાથ બાનરજી. ૧૦ ક. ૧૦૯.
૭. રેજાઇના. વિ. પીકૂરડ. હાઇડઝ રીપોર્ટસ પાનું ૭૯.
૮. મદ્રાસ હાઈકોર્ટનાં રૂલીંગ્ઝ. ૧૮૭૦ ના જાનેવારીની તારીખ ૧૭ મી.
૯. વેર કૃત લો આફ ઑફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો. પાનું ૧૩૦.
૧૦. વેરકૃત લો ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો. પાનુ. ૧૨૯.
૧૧. રેજાઇના. વિ. છોટા હરી, ૧૫ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનું. ૫
૧૨. વેરકૃત લો. ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો. પાનું. ૯૪

૨૮૮ મી કલમ પ્રમાણે કોઇ શખસને ગુન્હેગાર ઠરાવવા સારૂ એ જણાવવું જરૂરનું છે કે જડજ ઈનસારી કામના કોઇ ભાગમાં બેઠો હતો, અને તે કેવા પ્રકારનું ઈનસારી કામ હતું તે પણ જણાવવું જોઇએ.૧ વળી સરકારી નોકરને અપમાન કરવા બદલ કોઇ શખસને ગુન્હેગાર ઠરાવવા સારૂં એવું સાબીત કરવું જોઇએ કે અપમાન કરવાનો (તે શખસનો) ઈરાદો હતો.૨

જયુરર અથવા આશેશરનો વેશ લેવો.

૨૨૯. ફલાણી બાબતમાં જયુરર અથવા આશેશાર દાખલ મારૂ નામ લખી મોકલાય અથવા ટીપમાં લખાય અને મને સોગંદ અપાય એવો કાયદા મુજબ મારો હક નથી એવું જે માણસ જાણતો હોય તે માણસ વેશ લઇને અથવા બીજી રીતે અગર તે બાબત જયુરર અથવા આશેશર દાખલ ઇરાદાથી પોતાનું નામ લખી મોકલાવે અથવા ટીપમાં લખાવે અથવા સોગંન ખાય અથવા પોતે જાણ્યા છતાં તેમ થવા દે અથવા કાયદા વિરૂદ્ધ મારૂ નામ લખી મોકલ્યું છે અથવા સોગંન આપ્યા છે એમ પોતે જાણ્યા છતાં જે માણસને બે વરસની મુદત સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—જુરર અથવા આસેસર તરીકે કામ કરવાને કીયા માણસો નાલાયક છે તેના સંબંધમાં જુઓ ફોજદારી કામ ચલાવવાના કાયદા (ક્રીમીનલ પ્રોસીજર કોડ ૧૮૯૮ ના ૫ મા) કલમ ૨૭૮ મી.

બાબ ૧૨ મો.

શીકકા તથા સરકારી સ્ટાંપ સબંધી ગુન્હાઓ બાબત.

શીકકો.

૨૩૦. શીકકો એટલે જે ધાતુ નાણા દાખલ વપરાતો હોય તથા જે પર છાપ મારીને નાંણા દાખલ વાપરવા માટે તેને કોઈ સરકારના હુકમથી બહાર પાડયો હોય તે ધાતુ.

"રાણીનો શિક્કો એટલે જે ધાતુપર છાપ મારીને રાણીના હુકમથી અથવા હિંદુસ્તાનની સરકારના, અથવા કોઇપણ પ્રેસીડેન્સીની સરકારના, અથવા રાણીના રાજ્ય માંહેલી કોઇપણ સરકારના હુકમથી નાણાં દાખલ વપરાવા માટે બાહાર પાડી હોય તે ધાતુ; અને આ પ્રમાણે છાપ મારીને બાહાર પાડેલી ધાતુ નાણાં દાખલ વપરાતી બંધ થઇ હોય તોપણ તે આ બાબના કારણ સારૂ રાણીના શીક્કા તરીકે ચાલુ રહેશે."

દ્રષ્ટાંતઃ—(અ) કોડીઓ શીક્કો નથી.

(બ) વગર છાપેલા ત્રાંબાના ગઠા, અગર નાણાં દાખલ વપરાય તો પણ શીક્કો નથી.

(ક) ચાંદ કાંઈ શીક્કો ન ગણાય, કેમકે તે નાણાં દાખલ વાપરવાના ઇરાદાથી થએલા નથી.

(ડ) જે શીક્કાનું નામ કંપનીનો રૂપીઓ પડયું છે, તે રાણીનો શિક્કો છે.

---

૧. રેનાઈના. વિ. પ્રકાશ ચન્દર ૧૨ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનું. ૬૪

૨. રેનાઇના. વિ. હરીકીશન. ૧૫ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનુ. ૬૨

(ઇ) 'ફરૂકાબાદી રૂપિયો ' જે હિંદુસ્તાનની સરકારના હુકમથી નાણું દાખલ અગા(વાપરવામાં આવતો હતો તે હવે સદરહુ પ્રમાણે વાપરવામાં આવતો નથી તો પણ તે રાણીનો સિક્કો છે "

☞ આ કલમ ૧૮૯૬ ના આકટ ૬ ઠાની કલમ ૧-૨ જીથી સુધારેલી છે.

ટીકા.—અકબર બાદશાહના વખતનો શીકકો ખોટો બનાવવો તે આ કલમ પ્રમાણે ખોટો બનાવે થતો નથી. ધાતુનો અમુક કકડો નાણુ છે કે નહી તે પારખવાની એકજ રીત છે; તે એ છે કે ધાતુના ક(ડાને બજારમાં લઇ જઇને તેને બદલે કોઈ પણ જાતનો માલ મળે છે કે નહી. આને માટે તેની કીંમ જગજાહેર હોવી જોઇએ આ પ્રમાણે જો તેને બદલે માલ મળી શકે તો તે નાણું છે એમ જાણવું.૧

તેમ શહાજહાન બાદશાહના વખતની સોનાની મ્હોર એ આ કલમ મુજબ સીકકો નથી.૨

૨૩૧. **સીકકો ખોટો બનાવવો.** જે માણુસ શીક્કો ખોટો બનાવે અથવા જાણી બુજીને શીકકો ખોટો બનાવવાની ક્રીયાનો કાંઈ પણ ભાગ કરે તે માણસને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુલાસો—જે શખસ ઠગબાજી કરવાના ઇરાદાથી અથવા એમ કરવાથી ઠગબાજી થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં કોઈ ખરા સીક્કાને બીજા સીક્કા સરખો દેખાતો કરે તે શખસે આ ગુન્હો કર્યો એમ સમજવું.

ટીકા.—" ખોટો બનાવેલો સિકકો " કોને કહેવો:—સ્ટીવન સાહેબ "ખોટા બનાવેલા શીક્કા ની નીચે મુજબ વ્યાખ્યા આપે છે. જે શીક્કો અસલ ખરો ન હોય, પણ જે અસલ ખરા શીક્કાને મળતો હોય, અથવા જે અસલ ખરા શીક્કાને મળતો બનાવવાનો દેખીતી રીતે ઇરાદો રાખવામાં આવ્યો હોય અથવા જેને અસલ ખરા શીક્કા તરીકે ચલાવી દેવાનો દેખીતો ઈરાદો રાખવામાં આવ્યો હોય તે શીક્કાને " ખોટો બનાવેલો શીક્કો " કહેવો; અને તેમાં અસલ ખરા શિક્કાને ભારે કીંમતના (વધારે ભા(કીમતી આંકવાળા) શિક્કાને મળતો બનાવવા સારૂ અથવા તેવા ભારે કીંમતી શીક્કા તરીકે તેને ચલાવ દેવા સારૂ તૈયાર કરેલા અથવા ફેરફાર કરેલા (અસલ ખરા શિક્કાનો) સમાવેશ થાય છે.૩

પાછળ કલમ ૨૮ મીમાં " ખોટું બનાવવું " શબ્દની વ્યાખ્યા અને તેની સાથેનો ખુલાસો વાંચ્યાથ માલમ પડશે કે ખોટું બનાવવામાં નકલ બરાબર થવી જોઈએ એ કાંઈ જરૂરનું નથી. આ પ્રમાણે ખોટ(બનાવેલા શિક્કાની અંદર પાછલા અક્ષરો તથા વેલવાળી છાપમાં અથવા રાણીના માથામાં અસલ ખ(શિક્કાથી સેહેજ નજીવો ફેરફાર હોય તોપણ તેવો ખોટો શિક્કો બનાવવો તે ગુન્હો ગણાશે૪ એક માણસે ઘણીજ ચતુરાઈ વાપરીને ચલણમાં ચાલતા જુના ઘસાઈ ગયેલા રૂપીઆની નકલ કરીને છાપ વગરના ખોટ(શિક્કા બનાવ્યા તે માણસને પણ ખોટા શિક્કા બનાવવાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.૫

પરંતુ એ બતાવવું જરૂરનું છે કે જે (ખોટો) શિક્કો આખો અથવા થોડો તૈયાર કરવામાં આવ્યો (તે અસલ ખરા શિક્કાને એટલો મળતો આવે છે કે નાંણાં લેતી વખતે જોઇતી સંભાળ રાખનારા માણસે પણ, જે શિકકા તરીકે તે (ખોટા) શીકકાને ચલાવી દેવાનો (તે ખોટા શિકકા બનાવનારનો) ઈરાદો હો(તે શિકકામાં (તરીકે) લઈ લેશે. આ પ્રમાણે, જ્યાં એક માણસે પેહેલેથી ટીપેલા સોનાના કડકા ઉપ(

---

૧. રેનાઈના. વિ. બાપુ જાદવ. ૧૧ બોમ્બે હાઇકોર્ટ રીપોરટસ. પાનુ. ૧૭૨.

૨. ઇ. લો. રિ. ૨૯ અલ્હાબાદ ૧૪૧.

૩. સ્ટીવનકૃત હીસ્ટરી ઓફ ધી ક્રીમીનલ લો. ઓફ ઇગ્લાંડ.

૪. રેનાઈના. વિ. રોબીન્સન. ૩૪ લો જનરલ માજીસ્ટ્રેટસ કેસીસ. પાનુ. ૧૭૬.

૫. વેલ્શનો કેસ. ૧ ઇસ્ટ, પ્લીઝ ઓફ ધી ક્રાઉન. પાનુ. ૧૬૪

અડધા-ગીનીને મળતી છાપ, માથુ વિગેરે ખોટાં બનાવ્યા, પણ તે કકડો ગોળ નહોતો, તેમજ જે સ્થિતિમાં (રૂપમાં) તે વખતે તે કકડો હતો તે સ્થિતિમાં તે (શિકકા તરીકે) ચાલે એમ નુહોઇ, ત્યાં જડજોએ એવું ઠરાવ્યું હતું કે ગુન્હો અપૂર્ણ હોવાથી તહોમતદાર ગુન્હેગાર બનતો નહોતો.૧ વળી ચાંદ, જો કે અજાણ્યા અભણ માણસને ઠગાઇથી તે નાણાં તરીકે બતાવવામાં આવ્યો હોય તોપણ, ખોટો બનાવેલો શિકકો નથી.૨

શિકકો ખોટો બનાવવાના કૃત્યમાં પ્રતિવાદી પકડાયો છે એમ સાબીત કરવું ભાગ્યેજ સંભવિત હોય છે (અર્થાત એમ સાબીત કરવું ઘણે ભાગે અસંભવિતજ હોય છે) અને તેમ બતાવવું જરૂરનું પણ નથી. હથિઆરો, એઠીઓ અથવા તે કામને સારૂ જરૂરની ધાતુ તે માણસના કબજામાં હતાં તેવા પુરાવ ઉપરથી, અથવા પુરેપુરા તૈયાર કરેલા કેટલાક શિક્કા, અને અધુરા તૈયાર કરેલા બીજા શિક્કા, અથવા જુદે જુદે અંશે પૂરણતાએ પોહોચેલા જુદા જુદા શિકકા તે માણસની પાસે મળી આવ્યા હતા તે ઉપરથી, તે (શિકકા ખોટા બનાવવાના) કૃત્યનું સાધારણ રીતે અનુમાન કરી લેવામાં આવશે.૩

આ કલમ પ્રમાણે ગુન્હો બનવાને સારૂ એવું સાબીત કરવાની જરૂર નથી કે શિકકા ચલાવવામાં આવ્યા હતા, અથવા તેમને ચલાવી દેવાનો કાંઇ પણ પ્રયત્ન કરવામાં આવ્યો હતો. નવાઇની ચીજો એકઠી કરેલા પોતાના કબાટમાં એક નમુના તરીકે મુકવાને સારૂ પણ ખોટો શિકકો બનાવવો તે (તે શિકકો બનાવનારને) ગુન્હેગાર ઠરાવવા સારૂ બસ થશે ૪ જે માણસ કલદાર અને જેપુરની સોનાની મહોરો ખોટી બનાવે તે માણસ આ કલમ પ્રમાણે ગુન્હેગાર થાય છે.૫ તેજ પ્રમાણે જે માણસે અસલ ખરો સોનાનો શિકકો કાનસથી ઘસી લઈને પાછો ચલણમાં ચલાવી દીધો તે માણસે પણ આ પ્રમાણે ગુન્હો કર્યો હતો એમ ઠરાવવામાં આવ્યું હતું.૬

કેટલાક નેપાલી લોકો તહોંમતદારની દુકાને આવ્યા. અને તહોંમતદારની સાથે જર્મનસીલવરના નેપાલી સીકકા બનાવી આપવા ઠરાવ કર્યો. સદરહુ સીકકા સાધારણ શીકકાની પેઠે ચલણમાં મૂકવાના નહતા, કારણકે એવી શરત કરવામાં આવી હતી કે-એ સીકકાઓને હુક લગાવવી. પરંતુ તે સરત મુજબ હુક લગાડવામાં આવી નહતી અને સાદી સ્થીતિમાંજ તે બનાવી આપવામાં આવ્યા હતા. તે ઉપરથી ઠરાવવામાં આવ્યું કે, આ કલમ મુજબ તહોંમતદારે ગુન્હો કર્યો હતો.૭

રાણીનો શીકકો ખોટો બનાવવો.

૨૩૨. જે માણુસ રાણીનો શિક્કો ખોટો બનાવે, અથવા જાણી બુજીને રાણીનો શીકકો ખોટો બનાવવાની ક્રીયાનો કાંઇપણ ભાગ કરે, તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરશની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—હારમાં અથવા બીજા ઘરેણામાં ઘાલવા સારૂ જે શિકકો વાપરવામાં આવ્યો હોય તે શિકકા ઉપરનું નાકુ ઉખેડી જે જગ્યાએ નાકુ હતું ત્યાં શિકકો બરાબર સાફ કરી દેવો તે, જો તે શિકકાનો કોઈ પણ (મુખ્ય) અગત્યનો ભાગ કોઈ પણ વખતે (ઉખેડી) લઈ લેવામાં આવ્યો છે એવું ન બતાવવામાં આવ્યું હોય તો, આ કલમ પ્રમાણે ગુન્હો થતો નથી.૮ એક કેસમાં તહોમતદારની પાસે તેના કબજામાં

---

૧. વાર્લીનો કેસ, ૧ ઇસ્ટ પ્લીઝ ઓફ ધી કાઉન. પાનુ ૧૬૪.
૨. ૨૪૦ મી કલમ ઉપર મદ્રાસ હાઇકોર્ટનાં રૂલીંગ. સને ૧૮૬૪.
૩. ઈ. લો. રિ. ૩૦ અલ્હાબાદ ૯૯.
૪. રેનાઇના. વિ. રોબર્ટસ. ૨૫ લો જનરલ. માજીસ્ટ્રેટ કેસીસ. પાનુ. ૧૭.
૫. વાર્લીનો કેસ. ૧ ઈસ્ટપ્લીઝ ઓફ ધી કાઉન પાનુ. ૧૬૪, પાને ૧૬૫ મે; રેનાઈના વિ રોબર્ટસ (ઉપર)
૬. રેનાઇના. વિ. કુંજબીહારી. ૫ નોર્થ-વેસ્ટ પ્રોવીન્સીસ રીપોર્ટસ. પાનુ. ૧૯૭.
૭. રેનાઇના. વિ. હરમાન. લો. રીપોર્ટસ. ૪ કવીન્સ બેન્ચ ડીવીઝન. પાનું. ૨૮૪.
૮. એમ્પ્રેસ. વિ. મહમદ હુસેન. ૨૩ અ. ૪૨૦.

ઢબુ (બેવડીઓ) પૈસો હતો તે ઢબુ પૈસા ઉપર તેણે પારો ચડાવ્યો, એટલે તે રૂપૈઆને મળતો થઇ ગયો, અને રૂપૈઆ તરીકે તેને વટાવવા સારૂ તેણે તે ત્રીજા માણસને આપ્યો. આ કેસમાં એવું ઠરાવવામાં આવ્યુ હતુ કે જો તે શિકકાને પારો ચડાવતી વખતે તેમ કરીને લોકોને ઠગવાનો તેનો ઇરાદો હોય અથવા તે વખતે તેને એમ ખબર હોય કે તેથી કરીને લોકો ઠગાવાનો સંભવ હતો તો તે આ કલમ પ્રમાણે ગુન્હેગાર થશે.[1]

એક માણસે રૂપૈયાની કોર કાનસથી ઘસી નાંખીને તેને એકચોવીશાંશ જેટલો ઓછો કરી નાંખ્યો, અને પછી તે રૂપૈયાની કોર ઉપર નવી કાંગરી પાડી. તેને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.[2]

શીકકો બનાવવાનાં હથીઆર બનાવવાં અથવા વેચવાં.

૨૩૩. શિક્કો ખોટો બનાવવાના કારણુસર વાપરવાને વાસ્તે અથવા તે કારણુસર વાપરવાનો ઇરાદો કરેલો એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં જે માણસ કાંઇ છાપ અથવા હથીઆર બનાવે અથવા સમારે અથવા તે બનાવવાની અથવા સમારવાની ક્રીયાનો કાંઈપણ ભાગ કરે અથવા તે ખરીદ કરે કે વેચે કે કોઇને આપે તે માણસને ત્રણ વર્ષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—ખોટા શીકકા બનાવનાર માણસે જે શખસને શીકકા બનાવવાના હથીઆરો તૈયાર કરવા સારૂ કામે લગાડયો હોય, અને જે શખસ તે બાબત સત્તાવાળાઓને ખબર આપે, અને તેમની સાથે મળી જઇને, ગુન્હેગારને બરાબર સપડાવાને સારૂ તેને સોંપેલુ કામ પુરૂ કરી આપે તે શખસ ગુન્હેગાર થશે નહી. પરંતુ જે માણસે તેને કામે લગાડયો હતો તે માણસ મદદગાર તરીકે શિક્ષાને પાત્ર થશે.[3]

કોલેટ સાહેબ આ કલમના સંબંધમાં નીચે મુજબ ટીકા કરે છેઃ—આ અને ૨૩૪ કલમમાં જણાવેલા ગુન્હાઓની એક વિચિત્ર ખુબી એ છે કે શિકકા ખોટા બનાવવાના ગુન્હાને માટે જે ખરી રીતે કેવળ તૈયારી કરવાનું કૃત્ય છે તે પુરેપુરા વાસ્તવિક ગુન્હાઓ ઠરાવવામાં આવ્યા છે;—દાખલા તરીકે, ખોટા શિકકો બનાવવામાં વપરાતી એડીઓ અથવા બીજાં હથીઆરો બનાવવાં તે, અથવા કાયદેસર અધીકાર વગર આવાં હથીઆરો અને એડીઓનો માત્ર કબજો હોવો તે પણ આ બાબ પ્રમાણે ગુન્હો છે (જુઓ કલમો. ૨૩૩, ૨૩૪, ૨૩૫,) વળી જેથી માણસ ગુન્હેગાર થાય તેવી જાણ (ખબર) ના તત્વની સાબીતી (અર્થાત જેથી તે ગુન્હેગાર ઠરી શકે એવી હકીકત તે જાણતો હતો તે) ને આ ગુન્હાઓમાં ખાસ મહત્વ આપવામાં આવ્યું છે, કેમકે કોઇ માણસનો અજાણ્યે ખોટા બનાવેલા શિકકાનો કબજો હોય અથવા તે અજાણ્યે તેવા શિકકો ચલાવી દે આવા ગુન્હાઓમાં હમેશના એક બીજા તત્વની—દગા ભરેલા ઇરાદાની—સાબીતી વિષે પણ ઘણું ખરૂં તેજ પ્રમાણે છે (એટલે તેવી સાબીતીને પણ ખાસ મહત્વ આપવામાં આવ્યુ છે).[4]

એક કેસમાં વીકસ નામના કેદી ઉપર, બીજા ચાર જણાઓની સાથે, તેમના હવાલામાં અને કબજામાં શિકકા પાડવાનું બીબુ ગેર કાયદેસર રીતે હોવાનું તહોમત મુકવામાં આવ્યું હતું તે કેસની બીના એવી હતી કે કેદીની ગેર હાજરીમાં પોલીસનાં માણસો કેદીના ઘરમાં પેઠા, અને ત્યાં તેમને બીજા કેદીઓ માલમ પડયા, જેમાંના બેએ પોલીસના ઉપર હુમલો કર્યો, જ્યારે બીજા બે એ, (કે જેમાંની એક વીકસની વહુ હતી,) મેજમાંથી કાંઇ ચીજ ઝડપથી લઈ લઇને તેને દેવતામાં નાંખી દીધી. જે ચીજ દેવતામાં નાંખી દીધી તે શિકકા પાડવાનું બીબુ માલમ પડયું, કે જે બાબત તહોમત મુકવામાં આવ્યું હતું બીબાં બનાવવાને જોઇએ તેવાં બીજાં હથીઆરો અને સામગ્રીઓ તે ઘરના બીજા ભાગમાં મળી આવ્યાં હતાં. બીજા

---

૧. રેજાઇના. વિ. મીહરખાન. પંજાબ રેકર્ડઝ. ૧૮૮૪ નું ૧૧ મું.
૨. રેજાઇના. વિ. હરમાન. (ઉપર).
૩. રેજાઈના. વિ. બેનન. ૨ મુડીકૃત ક્રાઉન કેસીસ રીઝર્વ્ડ. પાનુ. ૩૦૯.
૪. કોલેટ કૃત કોમેન્ટસ ઓન ધી ઇન્ડીયન પીનલકોડ (કોલેટના પીનલકોડ ઉપરના ટીકા).

તહોમતદારોને પકડયા પછી કેદી (વીકસ) ઘેર પાછો આવ્યો. તેર દીવસ ઉપર ખોટો બનાવેલો અડધા-ક્રાઉનનો શિકકો તેણે ચલાવી દીધો હતો એવું તેની સામે સાબીત કરવામાં આવ્યું. જ્યુરીએ વીકસને, જાણી જોઇને અને કાંઇ પણ કાયદેસર કારણ વગર તેના કબજામાં શિકકા પાડવાનું બીબુ હોવાનો ગુન્હેગાર ઠરાવ્યો, અને કોર્ટે તેને તે પ્રમાણે ગુન્હેગાર ઠરાવેલું મંજુર રાખ્યું.[1]

રાણીનો શીકકો ખોટો બનાવવાનાં હથીઆર બનાવવાં અથવા વેચવાં.

૨૩૪. રાણીનો સીક્કો ખોટો બનાવવાના કારણુસર વાપરવાને વાસ્તે અથવા તે કારણુસર વાપરવાનો ઈરાદો કરેલો છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં જે માણસ કાંઈ છાપ અથવા હથીઆર બનાવે અથવા સમારે અથવા તે બનાવવાની અથવા સમારવાની ક્રીયાનો કાંઇ પણ ભાગ કરે અથવા તે ખરીદ કરે વેચે કે કોઈને આપે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—પાછલી કલમની ટીકા આ કલમને પણ લાગુ પડે છે.

વીજળી ઉત્પન્ન કરવાની બેટરી;[2] સીસાનું બીબુ જેની એક બાજુએ રાણીના માથાની છાપ હોય;[3] શિકકા પાડવા સારૂ દાબવાનું યંત્ર[4] (પ્રેસ) વીગેરેને શિકકા પાડવાનાં ઓજાર (હથીઆર) ગણવામાં આવ્યાં છે.

શીકકો ખોટો બનાવવાના કારણુસર હથીઆર અથવા સામાન પાસે રાખવો.

૨૩૫. શીકકો ખોટો બનાવવાના કારણુસર વાપરવાને વાસ્તે અથવા તે કારણુસર વાપરવાનો ઈરાદો કરેલો છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં જે માણસ પોતાના કબજામાં કાંઇ હથીઆર અથવા સામાન રાખે તે માણસને ત્રણ વર્ષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે અને અગર ખોટો બનાવવાનો શીકકો રાણીનો શીકકો હોય તો તે માણસને દશ વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—કબજો કોને કહેવો તે સેહેજ મુશ્કેલી ભરેલો સ્વાલ છે. "કબજો" શબ્દની વ્યાખ્યા સ્ટોકસ સાહેબે પોતાના (સ્ટોકસ) એન્ગ્લો-ઇંડીયન કોડઝના વાલ્યુમ. પેહેલાના પાને ૫૯ મે બતાવી છે. આ પીનલકોડની ૨૭ મી કલમમાં સામાન્ય શબ્દોમાં એટલું કહેલું છે કે જ્યારે કાંઈ મીલકત કોઈ સખસની વહુ, કારકુન અથવા નોકરના કબજામાં તે સખસની તરફથી હોય ત્યારે તે મીલકત તે સખસના કબજામાં છે એમ ગણાશે.

૨૩૬. જે માણસ બ્રીટીશ ઇંડીઆમાં છતાં બ્રીટીશ ઇંડીઆની બહાર કાંઈ શીકકો ખોટો બનાવવામાં મદદગારી કરે તે માણ-

---

૧. રેજાઈના. વિ. વીકસ. ૩૦ લો જનરલ. માજીસ્ટ્રેટ કેસીસ. પાનુ. ૧૪૧.
૨. રેજાઇના. વિ. ગ્રોવર. ૯ કોકસકૃત ક્રીમીનલ કેસીસ. પાનુ. ૨૮૨.
૩. રેજાઈના. વિ. લેનાર્ડ. ૧ ઇસ્ટપ્લીઝ ઓફ ધી ક્રાઉન. પાનુ. ૧૭૦.
૪. રેજાઇના. વિ. બેલ. ૧. ઇસ્ટપ્લીઝ ઓફ ધી ક્રાઉન. પાનુ. ૧૬૯.

હીંદુસ્તાનમાં રહીને હીન્દુસ્તાનની બાહાર કાંઇ શીક્કો ખોટો બનાવવામાં મદદગારી કરવી.

સને જાણે તેણે બ્રીટીશ ઇંડીઆની માંહેજ તે સીકકો ખોટો બનાવવામાં મદદગારી કરી હોય એવી રીતે શીક્ષા કરવામાં આવશે.

ખોટો શીક્કો આ દેશમાં લાવવો અથવા આ દેશમાંથી બાહાર લઇ જવો.

૨૩૭. ફલાણો સીકકો ખોટો બનાવેલો છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં જે માણસ તે સીકકો બ્રીટીશ ઇન્ડીઆ મધ્યે લાવી બહાર લઇ જાય તે માણુસને ત્રણ વર્ષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

રાણીનો શીક્કો ખોટો બનાવેલો આ દેશથી બહાર લઇ જવો.

૨૩૮. ફલાણો ખોટો શીકકો રાણીનો શીકકો ખોટો બનાવેલો છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં જે માણુસ તે શીકકો બ્રીટીશ ઇન્ડીઆ મધે લાવે અથવા બ્રીટીશ ઇન્ડીઆ મધેથી બહાર લઇ જાય તે માણુસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વર્ષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ શીક્કો ખોટો છે એમ જાણીને રાખ્યો હોય તે બીજાને આપવો.

૨૩૯. કોઇ માણુસની પાસે કાંઈ ખોટો શીકકો હોય અને તેની પાસે તે શીકકો આવ્યો ત્યારે તેણે એમ જાણ્યું હોય કે આ શીકકો ખોટો છે તે માણુસ અગર દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી તે શીક્કો કોઈ શખસને આપે અથવા કોઈ શખસને તે લેવાને લલચાવવાની કોશીશ કરે તો તે માણુસને પાંચ વર્ષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—મી. મેઈન સાહેબ ૨૩૯–૨૪૩ કલમોમાં જણાવેલા ગુન્હાના ત્રણ વર્ગ પાડે છે. પેહેલો, શિકકો ખોટો બનાવેલો છે એવું પેહેલેથી જાણીને તે શિકકો ચલાવી દેવો; બીજો, પોતાની પાસે આવ્યા પછી તે ખોટો બનાવેલો છે એવું પેહેલીજ વાર માલમ પડયા પછી તેવા શિક્કાને ચલાવી દેવો; ત્રીજો, તે ખોટો બનાવેલો શિકકો હતો એવું મુળથીજ બધો વખત જાણ્યા છતાં તે શિક્કાને કાયદા વિરૂદ્ધ કબજામાં રાખવો અને ખોટો બનાવેલો શિકકો રાણીનો શિકકો હોય કે બીજો કોઇ શીકકો હોય તે પ્રમાણે પેહેલા અને ત્રીજા વરગના પાછા પેટા વિભાગ પડશે.

" દગલબાજીથી, અથવા દગો થાય એવા ઈરાદાથી " શિકકો કોઇને આપેલો હોવો જોઈએ ઇગ્લાંડમાં ચુકેલ.એક કેસમાં એક ભીખારણે ભીખ માગી તે ઉપરથી તહોમતદારે તેણીને ખોટો બનાવેલો અડધા કાઉન નો શિકકો પુણ્ય કર્યો, તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તહોમતદારે કાંઈ પણ ગુન્હો કર્યો નહોતો. કેમકે તેનાથી તે ભીખારણ કાંઇ છેતરાઇ નહોતી (અર્થાત તેણીની સામે દગો થઈને તેણીને

કાંઈ નુકશાન થયું નહોતું ૧) પરંતુ આ ફેંસલો શંકા પડતો છે, કેમકે તે બીખારણ તે ખોટો શિકકો કોઇ પણ માણસને ખરા શિકકા તરીકે આપવાનો જરૂર પ્રયત્ન કરવાનીજ તેથી તેની પછી ચુકેલા એક કેસમાં બીના એ હતી કે જે છોકરીની સાથે તોહમતદારને આડો વ્યવહાર હતો. તે છોકરીને ખોટા બનાવેલો શિકકો તેણે આપ્યો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેનો ગુન્હો સંપૂર્ણ હતો. ઉપરનો રેજાઈના. વિ. પેજ. વાળો ફેંસલો બચાવ પક્ષ તરફથી ટાંકવામાં આવ્યો હતો, પરંતુ તે તો માત્ર એક પુણ્યનો દાખલો હતો એવું કહી જડજોએ તેનો આ કેસથી ભેદ બતાવ્યો હતો, અને તેની સાથે તે ખરો બરાબર કાયદો હતો કે કેમ તે વિષે તેમણે શંકા બતાવી હતી. ૨ તેની પણ પછીના કેસમાં બેરન આલ્ડરસને ચોખ્ખું કહ્યું હતું કે તે (પેજવાળો) ફેંસલો રદ કરવામાં આવ્યો હતો અને અસલ ખરા શિકકા તરીકે ખોટા શિકકો ચલાવી દેવા ઉપરથીજ દગો કરવાના ઈરાદાનું કાયદો અનુમાન કરી લેશે. ૩ વળી જે શખસને ખોટા શિકકો આપવા માંડયો હોય તે શખસ તે શિકકો લેવાની ના પાડે તેથી કાંઇ ફેર પડતો નથી અને શિકકો આપનાર માણસ સરખી રીતે ગુન્હેગાર થાય છે. ૪

આ કલમ ખોટા શિકકા બનાવનારને નહી, ૫ પણ તેવા બનાવનારથી જુદા બીજા માણસને, લાગુ પડે છે કે જે માણસ ખોટા બનાવેલા શિકકા લાવી આપે અથવા મેળવે ટુંકમાં આ કલમ ખોટા શિકકા બનાવનારના ગુન્હાને લગતી નથી. ૬

આ કલમ મુજબ ગુન્હો બનવાને માટે તે વખતે અમલમાં ચાલુ હોય તેવા સિકકા બીજાને આપવાની હકીકત પુરવાર થવી જોઇએ. તેમ નહિ હોય તે ગુન્હાઈત કૃત્યનો ઠગાઈમાં સમાસ થાય. ૭

રાણીનો કોઇ શીકકો ખોટો છે એમ જાણીને રાખ્યો હોય તે બીજાને આપવો.

૨૪૦. કોઇ માણુસની પાસે કાંઇ ખોટો શીકકો હોય અને તે શીકકો રાણીનો શીકકો ખોટો બનાવેલો હોય અને તેની પાસે તે શીકકો આવે ત્યારે તેણે એમ જાણ્યું હોય કે આ રાણીનો શીકકો ખોટો બનાવેલો છે તે માણુસ અગર દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી તે શીકકો કોઇ શખસને આપે અથવા કોઇ શખસને તે લેવાને લલચાવવાની કોશીશ કરે તે માણુસને દશ વર્ષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—આ કલમના સંબંધમાં પાછલી કલમ ઉપરની ટીકા જુઓ કેમકે બેમાં ફેરફાર એટલોજ છે કે ૨૩૯ મી કલમમાં શિકકા સંબંધી ગુન્હો છે, અને આ કલમમાં રાણીના શિકકા સંબંધી ગુન્હો છે, બાકીનો બધો ભાગ એકનો એકજ છે.

તહોમતદારે એક દુકાનમાં જઇને થોડીક કારી (બુંદદાણા) અને ખાંડ વેચાતી લીધી, અને તેની કીંમત આપતી વખતે એક ખોટો બનાવેલો શીલીંગ તે દુકાનદારના મેજ ઉપર મુકયો. દુકાનદારે (કે જે કામ ચલાવનાર હતો તેણે) કહ્યું કે ખોટો શીલીંગ હતો તે ઉપરથી તહોમતદાર દુકાન છોડીને ચાલતો

---

૧. રેજાઇના વિ. પેજ. ૮ કેરીંગટન એન્ડ પેઇન. પાનુ ૧૨૨.
૨. રેજાઇના. વિ. એનોન. ૧ કોકસકૃત ક્રીમીનલ કેસીસ પાનુ ૨૫૮
૩, રેજાઈના વિ. અયોન. ૨ ડેનીસન્સ ક્રાઉન કેસીસ પાનુ ૪૮૪.
૪. રેજાઈના વિ. વેલ્સ. ૨૦ લો. જનરલ માજીસ્ટ્રેટસ કેસીસ. પાનુ ૧૦૧
૫. રેજાઈના. વિ. અહમદ. પંજાબ રેકર્ડઝ ૧૮૯૨ નુ ૧૦ મુ.
૬. રેજાઇના વિ. શિવબક્ષ. ૩ નોરથ-વેસ્ટ પ્રોવીન્સીસ રીપોરટસ પાનુ ૧૫૦
૭. ઈ. લો. રિ. ૨૯ અલ્હાબાદ ૧૪૧,

થયો, અને તે શીલીંગ અને કારી અને ખાંડ પણ મેજ ઉપર રહેવા દીધાં. તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તહોમતદારે ગુન્હો કર્યો હતો.૧

કોઇ માણસની પાસે કાંઇ શિકકો પહેલા આવે તે વખતે એમ જાણતો ન હોય કે આ શીકો ખોટો છે તે શીકકો તે માણસે કોઇને ખરા દાખલ આપવો.

૨૪૧. કાંઇ ખોટો શિકકો ખોટો છે એમ જે શખસ જાણતો હોય પણ તે પોતાના કબજામાં લેતી વખતે તે ખોટો છે એમ જે શખસે જાણ્યું ન હોય તે શખસ અગર તે શીકકો ખરા શીકકા દાખલ કોઇ બીજા શખસને આપે અથવા કોઇ બીજા શખસને તે ખરા શીક્કા દાખલ લેવાને લલચાવવાની કોશીશ કરે તે શખશને બે વર્ષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા તે જેના જેવો ખોટો બનાવેલો હોય તે શીકકાની કીમતની દશઘણી રકમ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત—એક શીક્કા પાડનારો અ ખોટા કંપનીના રૂપીઆ પોતાના સોબતી બ ને આપે એટલા સારૂ કે તે તે રૂપીઆ ચલાવે બ તે રૂપીઆ એક બીજા ચલાવનાર ક ને વેચાતા આપે અને ક તે ખોટા છે એમ જાણીને તે રૂપીઆ વેચાતા લે, પછી કાંઇ માલ લઇને તેની કીમતમાં તે રૂપીઆ ક ડ ને આપે અને ડ તે ખોટા છે એમ ન જાણતાં લે, પાછળથી તે રૂપીઆ લીધા પછી તે ખોટા છે એમ ડ ને ખબર પડે અને ડ ત્યાર પછી તે ખરા હોય એવી રીતે તે રૂપીઆ કોઇને આપે તો ડ ને ફકત આ કલમ મુજબ શીક્ષા થઇ શકે છે પણ બ તથા ક એઓએ મુકરદમાની કેફીઅત મુજબ ૨૩૯ મી અથવા ૨૪૦ મી કલમ પ્રમાણે શીક્ષા થઇ શકે છે.

ટીકા.—એક રખડેલ માણસ દારની દુકાનમાં દારૂ પીવાસાર પેઠો, પરંતુ તે ચોરી કરવા પેઠો હતો એવું ધારીને દુકાનદારે દુકાનનું બારણું બંધ કરીને પોલીસને બોલાવ્યો. તે રખડેલ માણસ નાસી ગયો, અને રસ્તામાં મંગલી નામના પોતાના એક સોબતીને મળવાથી તે મંગલીના હાથમાં તેણે કેટલાક શિકકા મુકયા, અને તેને તે શિક્કા તે (રખડેલ) ને પોતાને માટે રાખી મુકવાનું કહ્યું. આ શિકકા બધા ખોટા બનાવેલા હતા, અને તે શિક્કા મંગલીને સોંપી દેવામાં તે રખડેલનો એવો હેતુ હતો કે પોલીસને તે શિકકા તેના કબજામાંથી મળી આવે નહી. આ ૨૪૧ મી કલમ પ્રમાણે તેને ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા રદ કરવામાં આવી હતી, કેમકે તે શિકકાને ખરા શિકકા તરીકે તેણે ચલાવી દીધાં નહોતા, તેમજ તે શિકકાને ખરા શિકકા તરીકે લેવાને મંગલીને તેણે લલચાવ્યો નહોતો. જ્યાં ખોટા શિકકાને ખરા તરીકે આપ્યા ન હોય ત્યાં કાંઈ ગુન્હો બનતો નથી. ૨

એક શખસે એક ફળ વેચનાર છોકરાને તેનાં ફળો બદલ એક શીલીંગ આપ્યો. તે શીલીંગ ખરો હતો કે ખોટો તે તપાસી જોવાનું બહાનું કરીને તે છોકરાએ તે શીલીંગ પોતાના મોંમાં નાંખ્યો, અને પછી પોતાના મોંમાં તે ખરો શીલીંગ રહેવા દઈ તેને બદલે એક ખોટો શીલીંગ પોતાના મોંમાંથી કાઢીને તે શખસને તે પાછો આપ્યો. એવું કહીને કે તે ખરો શીલીંગ નહોતો. તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ (છોકરાનું કૃત્ય) ખોટો બનાવેલો શિકકો ચલાવી દેવા બરાબર હતું. ૩ હિંદુસ્તાનમાં તે છોકરાએ આ કૃત્ય કર્યું હોત તો આ કલમ પ્રમાણે ગુન્હો કરવાનો પ્રયત્ન કરવાનો તે ગુન્હેગાર થાત.

---

૧. રેગ્યુલના વિ. સુરત ૪ નોરથ-વેસ્ટ પ્રોવીન્સીસ રીપોરટરસ પાનુ ૬૨.

૨. રેગ્યુલના. વિ. સુરત. ૪ નોર્થ-વેસ્ટ પ્રોવીન્સીસ રીપોટરસ પાનુ ૬૨.

૩. રેગ્યુલના. વિ. ફરેન્કસ. ધીચ કૃત કાઉન કેસીસ. પાનુ ૬૬૪.

૨૪૨. કાંઇ ખોટો શીકકો પોતાના કબજામાં આવ્યો હોય તે વખતે તે ખોટો છે એમ જાણ્યા છતાં જે માણસ દગલબાજીથી અથવા દગો થાય એવા ઈરાદાથી તે ખોટો શીકકો પોતાના કબજામાં રાખે તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ શીકકો કોઇ શખસની પાસે આવતી વખતે તેણે એમ જાણ્યું હોય કે આ શીકકો ખોટો છે તે શખસે તે ખોટો શીકકો પાસે રાખવો.

ટીકા.—જો એવું સાબીત કરી શકાય કે ખોટો બનાવેલો શિકકો દગલબાજી ભરેલા હેતુથી પાસે રાખવામાં આવ્યો હતો અને ગુન્હેગારી ભરેલા (જેથી તે માણસ ગુન્હેગાર થાય) જ્ઞાન (ખબર) થી તે અસલ મેળવવામાં આવ્યો હતો તો તેવા ખોટા શિકકાનો કબજો માત્ર, પછી જો કે તે શિકકાને ચલાવી દેવાનો કાંઈ પણ પ્રયત્ન ન કરવામાં આવ્યો હોય તો પણ ૨૪૨ મી અને ૨૪૩ મી કલમો મુજબ ગુન્હો ગણાશે.

વળી આ કલમના હેતુને સારૂ એવું સાબીત કરવાની જરૂર નથી કે તહોમતદાર શખસને કાંઈ પણ ગેરવ્યાજબી લાભ થયો હતો, અથવા સરકારને કે પ્રજાની હાની થઈ હતી. ૧ તેમજ એવું પણ બતાવવાની જરૂર કે તહોમતદાર માણસેજ તે ખોટો શિકકો બનાવ્યો હતો. ૨

૨૪૩. રાણીના શીક્કા જેવો ખોટો બનાવેલો કોઇ શીકકો પોતાના કબજામાં આવ્યો હોય તે વખતે તે શીકકો ખોટો બનાવેલો છે એમ જાણ્યા છતાં જે માણસ દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી તે શીકકો પોતાના કબજામાં રાખે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

રાણીનો કોઈ શીકકો કોઇ શખસની પાસે આવતી વખતે તેણે એમ જાણ્યું હોય કે આ શીકકો ખોટો છે તે સખસે તે ખોટો શીકકો પાસે રાખવો.

૨૪૪. બ્રીટીશ ઇન્ડીઆ મધે કાયદા મુજબ સ્થાપેલી કોઇ પણ ટંકશાળમાં જે માણસ નોકર રહેલો હોય તે માણસ તે ટંકશાળમાંથી નીકળતો કોઇ શીકકો તે શીક્કાનું વજન અથવા મેળવણી કાયદાથી કરી હોય તેથી જુદા વજન અથવા મેળવણીનો થાય એવા ઈરાદાથી અગર કાંઇ કામ કરે અથવા જે કામ કરવાની તેને કાયદા મુજબ ફરજ હોય તે કામ કરવામાં કસુર કરે તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટંકશાળમાં નોકર રહેલા માણસે કાયદામાં ઠરાવેલા વજન મેળવણીથી જુદા વજન અથવા મેળવણીનો શીકકો બનાવવો.

---

૧. મોરગન એન્ડ મેકફરસન કૃત ઇન્ડીયન પીનલકોડ.

૨. પરશુલ્લા. વિ. બેરમંડલ, ૨૩ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર, પાનુ ૪

૨૪૫. બ્રીટીશ ઇન્ડીઆ મધે કાયદા મુજબ સ્થાપેલી કોઇપણ ટંકશાળ મધેથી કાયદેસર અખતીઆર વીના જે માણુસ કાંઇ શીકકો પાડવાનું હથીઆર અથવા ઓજાર લઈ જાય તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

શીક્કા પાડવાનું કાંઈ હથીઆર કોઈ ટંકશાળમાંથી કાયદા વીરૂધ લઈ જવું.

૨૪૬. કોઇ પણ શીક્કા ઉપર જે માણુસ દગલબાજીથી અથવા બદદાનતથી એવી કાંઇ ક્રીયા કરે કે તેથી તે શીક્કાનું વજન ઓછું થાય અથવા તેની મેળવણીથી બદલાય તે માણુસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

દગલબાજીથી અથવા બદદાનતથી કોઇ શીક્કાનું વજન ઓછું કરવું અથવા તેની મેળવણીમાં ફેરફાર કરવો.

ખુલાસો—કોઇ સખસ એક શીક્કાનો કાંઇ અક્ષર કોરી કહાડે અને તે છેદમાં કાંઇ બીજી વસ્તુ મુકે તો તેણે તે શીક્કાની મેળવણી એમ સમજવું.

૨૪૭. રાણીના શીક્કાઓમાંના કોઈપણ શીક્કા ઉપર જે માણુસ દગલબાજીથી અથવા બદદાનતથી એવી કાંઈ ક્રીયા કરે કે તેથી તે શીક્કાનું વજન ઓછું થાય અથવા તેની મેળવણી બદલાય તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

દગલબાજીથી અથવા બદદાનતથી રાણીના શીક્કાનું વજન ઓછું કરવું અથવા તેની મેળવણી બદલવી.

૨૪૮. કોઈ પણ શીક્કા ઉપર જો કોઇ માણુસ એવી કાંઇ ક્રીયા કરે કે તેથી તે શીક્કો કોઈ બીજા પ્રકારના શીક્કાને ઠેકાણે ચાલે તો તે માણુસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ શીક્કો બીજા શીક્કાને ઠેકાણે ચાલે એવા ઇરાદાથી તે શીક્કાનું રૂપ બદલવું.

૨૪૯. રાણીના શીક્કાઓમાં કોઇ પણ શીક્કા ઉપર જો કોઇ માણુસ એવી કાંઈ ક્રીયા કરે કે તેથી શીક્કાનું રૂપ બદલય અને તે એવા ઇરાદાથી કે શીક્કો કોઈ બીજા પ્રકારના શીક્કાને ઠેકાણે ચાલે તો તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

રાણીનો કોઇ શીક્કો બીજા શીકકાને ઠેકાણે ચાલે એવા ઇરાદાથી તે શીકકાનું રૂપ બદલવું.

આ શીકકામાં ફેરફાર થએલો છે એવું જાણીને શીક્કો પાસે રાખ્યો હોય તે બીજાને આપવો.

૨૫૦. કોઈ શખસના કબજામાં કાંઇ શીક્કો હોય અને તે શીકકા બાબત ૨૪૬ મી અથવા ૨૪૮ મી કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરવામાં આવ્યો હોય અને તે શીક્કા બાબત તે ગુન્હો કરવામાં આવેલો છે એમ તે શખસના કબજામાં તે સીક્કો આવતી વખત તેણે તે જાણ્યું હોય તે શખસ અગર દગલબાજીથી અથવા દગો થાય એવા ઈરાદાથી તે શીક્કો કોઇ બીજા શખસને આપે અથવા કોઇ બીજા શખસને તે શીક્કો લેવાને લલચાવવાની કોશીશ કરે તો તેને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

આ સીકકામાં ફેરફાર થએલો છે એમ જાણીને રાણીનો જે સીકકો પાસે રાખ્યો હોય તે સીકકો.

૨૫૧. કોઇ શખસના કબજામાં કોઇ શિક્કો હોય અને તે શીકા બાબત ૨૪૭ મી અથવા ૨૪૯ મી કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરવામાં આવ્યો હોય અને તે સીક્કા બાબત તે ગુન્હો કરવામાં આવેલો છે એમ તે શખસના કબજામાં તે સીક્કો આવતી વખતે તેણે જાણ્યું હોય તે શખસ અગર દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી કોઈ બીજા શખસને આપે અથવા કોઇ બીજા શખસને તે શિક્કો લેવાને લલચાવવાની કોશીશ કરે તો તેને દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—નીચો હલકો, અથવા ઓછા તોલનો રૂપઇઓ ચલણમાં ચલાવવો તે ગુન્હો નથી, પરંતુ તે રૂપઇઓ ચલાવનાર માણુસ એવું જાણતો હોય કે તે તોલમાં ઓછો થઇ ગયો છે, અથવા તેની મેળવણીમાં અથવા રૂપમાં તે બદલાયો છે તો તે માણસ આ કલમો મુજબ ગુન્હેગાર થશે. ૧

કોઇ સખસની પાસે કાંઇ ફેરફાર થએલો સીકકો આવતી વખતે તેમાં ફેરફાર થએલો છે એમ તે જાણ્યા છતાં તે પાસે રાખવો.

૨૫૨. જે સીકકા બાબત ૨૪૬ તથા ૨૪૮ મી એ બે કલમોમાંથી ગમે તે કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરવામાં આવ્યો હોય તે સીકકો દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી કોઈ માણુસના કબજામાં હોય અને સીક્કા બાબત તે ગુન્હો કરવામાં આવેલો છે એમ તે માણુસના કબજામાં તે સીકકો આવતાં તેણે જાણ્યું હોય તો તે માણુસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

---

૧. ઓફીનલીનો ઈન્ડીયન પીનલકોડ.

કોઇ શખસની પાસે કાંઇ ફેરફાર થએલો રાણીનો સીકકો આવતી વખતે તેમાં ફેરફાર થએલો છે એમ તેણે જાણ્યા છતાં તે પાસે રાખવો.

૨૫૩. જે શીક્ષા બાબત ૨૪૭ તથા ૨૪૯ મી એ બે કલમોમાંની ગમે તે કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરવામાં આવ્યો હોય તે શિકકો દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી કોઇ માણુસના કબજામાં હોય અને તે શીક્ષા બાબત તે ગુન્હો કરવામાં આવેલો છે એમ તે માણુસના કબજામાં તે શિકકો આવતી વખતે તેણે જાણ્યું હોય તો તે માણુસને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

જે સીકકો કોઈ માણુસની પાસે પેહેલાં આવતી વખતે તેમાં ફેરફાર થએલો છે એમ તેણે જાણ્યું ન હોય તો તે શીકકો તેણે બીજાને ખરા શીકકા દાખલ આપવો.

૨૫૪. જે શિકકા બાબત કોઇ એમ જાણતો હોય કે એની ઉપર કલમ ૨૪૬, ૨૪૭, ૨૪૮ અથવા ૨૪૯ મીમાં લખી છે તેવી કાંઇ ક્રીયા કરવામાં આવી છે પણ જે શિકકો તે શખસના કબજામાં આવતી વખતે તે બાબત તેવી કાંઇ ક્રીયા કરવામાં આવેલી છે એમ તેણે જાણેલું ન હોય તે શખસ અગર કોઇ બીજા શખસને તે શીકકો ખરા શિક્ષા દાખલ અથવા તે શિકકો જે પ્રકારનો હોય તેથી જુદા પ્રકારના શિક્ષા દાખલ આપે અથવા કોઇ શખસને તે શિકકો ખરા શીક્ષા દાખલ અથવા તે શીકકો જે જે પ્રકારનો હોય તેથી જુદા પ્રકારના શીક્ષા દાખલ લેવાને લલચાવવાની કોશીશ કરે તો તે શખસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા બદલેલો સીકકો જે શિક્ષાને ઠેકાણે ચલાવ્યો હોય અથવા ચલાવવાની કોશીશ કરી હોય તે શિક્ષાની કીમત કરતાં દશ ગણી રકમ સુધીના દંડની શિક્ષા કરવામાં આવશે.

સરકારી સ્ટાંપ ખોટો બનાવવો.

૨૫૫. મેહેસુલના કારણસર સરકારે બહાર પાડેલો કોઇ પણ સ્ટાંપ જે માણુસ ખોટો બનાવે અથવા જાણી બુજીને તે ખોટો બનાવવાની ક્રીયાનો કાંઇ પણ ભાગ કરે તે માણુસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુલાસો—કોઇ શખસ એક પ્રકારના ખરા સ્ટાંપને બીજા પ્રકારના ખરા સ્ટાંપ સરખો દેખાતો કરીને ખોટો સ્ટાંપ બનાવે તેણે આ ગુન્હો કર્યો એમ સમજવું.

૨૫૬. મેહેસુલના કારણસર સરકારે બહાર પાડેલો કોઇ સ્ટાંપ ખોટો બના-

કોઇ સરકારી સ્ટાંપ ખોટો બનાવવાના કારણસર કાંઇ હથીયાર અથવા સામાન પાસે રાખવો.

વવાના કારણસર વાપરવાને વાસ્તે અથવા તે કારણસર વાપરવાનો ઇરાદો કરેલો છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં જે માણસ પોતાના કબજામાં કાંઇ હથીઆર અથવા સામાન રાખે તે માણસને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઈ સરકારી સ્ટાંપ ખોટો બનાવવાના કારણસર કાંઇ હથીઆર બનાવવું અથવા વેચવું.

૨૫૭. મેહેસુલના કારણસર સરકારે બહાર પાડેલો કોઈ સ્ટાંપ ખોટો બનાવવાના કારણસર વાપરવાને વાસ્તે અથવા તે કારણસર વાપરવાનો ઇરાદો કરેલો છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં જે માણસ કાંઇ હથીઆર બનાવે અથવા તે બનાવવાની ક્રિયાનો કાંઇ પણ ભાગ કરે અથવા તે ખરીદ કરે કે કોઇને આપે તે માણસને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

સરકારી સ્ટાંપ ખોટા બનાવેલા વેચવા.

૨૫૮. ફલાણો સ્ટાંપ મેહેસુલના કારણસર સરકારે બહાર પાડેલો કોઈ સ્ટાંપ જેવો ખોટો બનાવેલો છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં જે માણસ તે સ્ટાંપને વેચે અથવા વેચવાનું કહે તે માણસને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી દંડને પણ લાયક થશે.

સરકારી સ્ટાંપ ખોટો બનાવેલો પાસે રાખવો.

૨૫૯. ફલાણે સ્ટાંપ મેહેસુલના કારણસર સરકારે બહાર પાડેલા કોઈ સ્ટાંપ જેવો ખોટો બનાવેલો છે એમ જાણી તેને ખરા સ્ટાંપ દાખલ વાપરવાના અથવા આપવાના ઇરાદાથી અથવા તે ખરા સ્ટાંપ દાખલ વાપરવામાં આવે એટલા માટે જે માણસ તે સ્ટાંપ પોતાના કબજામાં રાખે તે માણસને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઈ સરકારી સ્ટાંપ ખોટો બનાવેલો છે એમ જા-

૨૬૦. ફલાણો સ્ટાંપ મેહેસુલના કારણસર સરકારે બાહાર પાડેલા કોઈ સ્ટાંપ જેવો ખોટો બનાવેલો છે એમ જાણીને જે માણસ તે સ્ટાંપને ખરા સ્ટાંપ દાખલ વાપરે તે માણસને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે

ણ્યા છતાં ખરા દાખલ વાપરવો.

તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા—એક માણસે એક આનાના સ્ટાંપને એક રૂપઇયાના સ્ટાંપ તરીકે વેચી દીધો, ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેણે આ કલમ પ્રમાણે કાંઇ ગુન્હો કર્યો નહોતો, કેમકે આ કલમ મુજબ ગુન્હો બનવા સારૂ અસલ ખરા સ્ટાંપ તરીકે ખોટો બનાવેલો સ્ટાંપ હોવો જોઈએ પરંતુ તે ૪૧૫ મી કલમ પ્રમાણે ઠગાઇ કરવાનો ગુન્હેગાર હતો. ૧

સરકારે હાની કરવાના ઇરાદાથી જેપર સરકારી સ્ટાંપ હોય એવા કાંઇ પદારથ ઉપરથી કાંઇ લખાણુ ચેરી નાખવું અથવા કાંઇ લેખને માટે કાંઇ સ્ટાંપ વાપર્યો હોય તે સ્ટાંપ તે લેખપરથી કહાડી નાંખવો.

૨૬૧. જે પદાર્થ મેહેસુલના કારણુસર સરકારે બહાર પાડેલો સ્ટાંપ લગાડેલો હોય તે પદાર્થ ઉપરથી જે લખાણુ અથવા લેખને માટે તે સ્ટાંપ વાપર્યો હોય તે લખાણ અથવા લેખ જે માણુસ દગલબાજીથી અથવા સરકારને હાની કરવાના ઇરાદાથી કહાડી અથવા ચેરી નાંખે અથવા કોઇ સ્ટાંપ કાંઇ બીજા લખાણુ અથવા લેખને માટે વાપરવામાં આવે એટલા માટે જે લખાણુ અથવા લેખને માટે જે સ્ટાંપ વાપરયો હોય તે લખાણુ અથવા લેખપરથી જે માણુસ તે સ્ટાંપને કહાડી નાંખે તે માણુસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા—આ કલમના સંબંધમાં મી. મેઇન સાહેબ નીચે મુજબ ટીકા કરે છેઃ—જે ઇરાદાથી આ કલમમાં જણાવેલાં કૃત્યો કરવામાં આવ્યાં હોય, તે ઈરાદો સામાન્ય રીતે દગલબાજી ભરેલો હોય, અથવા તેવો ઈરાદો સરકારને નુકસાન કરવાના ખાસ હેતુથી રાખવામાં આવ્યો હોય, અને તેટલા માટે જ્યાં અમુક કૃત્ય કરવાનો ઇરાદો બીજા માણસના હકોને નુકશાન કરવાના હેતુથી એક દસ્તાવેજ (નું લખાણુ) ભુસી નાંખવાનો માત્ર હતો ત્યાં તે માણસને ગુન્હેગાર ઠરાવવું બરાબર હતું. જ્યાં સુધી એવું સાબીત ન થાય, અથવા એવું અનુમાન કરી ન શકાય કે તે પક્ષકારનો ઇરાદો તે સ્ટાંપ (ના કાગળ) ને સ્ટાંપ તરીકે બીજીવાર વાપરવાનો હતો ત્યાં સુધી સરકારને નુકશાન કરવાનો તેનો ઈરાદો ધારી લઇ શકાય નહી. અને તેટલા માટે, જો સ્ટાંપના કાગળ ઉપરથી લખાણ કાઢી નાંખવાનો હેતુ, જે લખાણને માટે સ્ટાંપની જરૂર ન હોય એવું કાંઇ પણ લખાણ તે ભુસીને કોરી કરેલી જગા ઉપર લખવાનો માત્ર હોય તો તેવા લખનારને ગુન્હેગાર ઠરાવી શકાશે નહી.

કોઈ સરકારી સ્ટાંપ આગળ વાપરેલો છે એમ જાણ્યા છતાં તે પાછો વાપરવો.

૨૬૨. મેહેસુલના કારણુસર સરકારે બાહાર પાડેલો કોઈ પણુ સ્ટાંપ આગળ વપરાયલો છે એમ જાણ્યા છતાં દગલબાજીથી અથવા સરકારને હાની કરવાના ઇરાદાથી જે માણુસ કાંઇ પણુ કારણુસર તે સ્ટાંપ વાપરે તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

---

૧. રેનાઇના. વિ. સરૂપ. ૨ સધરલાન્ડસ વીકલી રીપોર્ટર પાનુ ૬૫

ટીકા—આ કલમ પ્રમાણે કોઇ માણસને ગુન્હેગાર ઠરાવવા સારૂ દગલબાજી કરવાનો, અથવા સરકારને નુકશાન કરવાનો ઈરાદો સ્પષ્ટ રીતે સાબીત કરવો જોઇએ કેમકે તેવો ઇરાદો અનુમાનથી ધારી લઈ શકાય નહી. ૧

સ્ટાંપ વાપરેલો છે એવી રીતની કાંઈ નીશાની છોલી નાંખવી.

૨૬૩. મેહેસુલના કારણુસર સરકારે બાહાર પાડેલો કોઇ પણ સ્ટાંપ વપરાયેલો છે એમ દેખાડવા સારૂ તે સ્ટાંપપર કરેલી અથવા મારેલી કાંઇ નીશાની દગલબાજીથી અથવા સરકારને હાની કરવાના ઈરાદાથી જે માણસ છોલી અથવા કાઢી નાંખે અથવા જે સ્ટાંપ ઉપરથી એવી કંઈ નીશાની છોલી અથવા કહાડી નાંખી હોય એવો કોઇ સ્ટાંપ જે માણસ જાણી બુજીને પોતાના કબજામાં રાખે અથવા વેચે અથવા કોઇને આપે અથવા એવો કોઇ સ્ટાંપ વપરાએલો જાણ્યા છતાં જે માણસ તે સ્ટાંપ વેચે અથવા કોઇને આપે તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

બનાવટી સ્ટાંપની મનાઈ કરવા બાબત.

" **૨૬૩ અ.** (૧) જે કોઈપણ સખસ—

(અ) કોઇ પણ બનાવટી સ્ટાંપ બનાવે, જાણી બુઝીને ચલાવે, તેનો વેપાર કરે અથવા તે વેચે, અથવા કોઇપણ બનાવટી સ્ટાંપ ટપાલ સંબંધી કોઇ પણ કારણ સારૂ જાણી બુઝીને વાપરે, અથવા

(બ) કોઇ પણ બનાવટી સ્ટાંપ કાયદેસર સબબ વગર પોતાના કબજામાં રાખે, અથવા

(ક) કોઇપણ બનાવટી સ્ટાંપ બનાવવા સારૂં કોઇપણ છાપ પતરૂ હથિઆર અથવા સાહિત્ય બનાવે અથવા કાયદેસર સબબ વગર પોતાના કબજામાં રાખે. તે માણસને બસે રૂપીઆ સુધીના દંડની શિક્ષા કરવામાં આવશે.

"(૨) કોઇ પણ બનાવટી સ્ટાંપ બનાવવા સારૂ કોઇ માણસના કબજામાં સદરહુ પ્રકારનો કોઇ પણ સ્ટાંપ, છાપ, પતરૂ, હથીઆર અથવા સાહીત્ય હોય તે પકડવાનો અધીકાર છે અને તે સરકાર દાખલ થશે.

"(૩) આ કલમમાં "બનાવટી સ્ટાંપ" એટલે જે કોઇપણ સ્ટાંપ ટપાલ હાંસલનો દર બનાવવાનાં કારણ સારૂ સરકારે કહાડ્યો છે એવું ખોટી રીતે જણાતું હોય તે સ્ટાંપ અથવા એવા કારણ સારૂ સરકારે કહાડેલા કોઇ પણ સ્ટાંપની આગળ ઉપર અથવા બીજી રીતે કરેલી કોઈપણ આબેહુબ નકલ અથવા અનુકૃતિ અથવા પ્રતિમા,

"(૪) ૧૭ મી કલમમાં ગમે તે ઠરાવ હોય તોપણ, આ કલમમાં તેમજ ૨૫૫ થી ૨૬૩ સુધીની કલમોમાં ટપાલ હાંસલનો દર બતાવવા સારૂ કહાડેલા હરકોઈ સ્ટાંપની બાબતમાં અથવા તેના સંબંધમાં 'સરકાર' એ શબ્દ વાપર્યો હોય ત્યારે તે શબ્દમાં જે કોઇ પણ શખસ અથવા સખસોને કાયદા ઉપરથી હિંદુસ્તાનના કોઈપણ ભાગમાં તેમજ મહીકા માઆઝમાના મુલકના

૧. એમ્પ્રેસ. વિ. ન્યાઝ અહમદ. ૧ અલ્હાબાદ વીકલી નોટસ. પાનું ૫૬.

કોઇપણ ભાગમાં અથવા કોઈપણ પારકા દેશમાં રાજ્ય કારભાર ચલાવવાનો અધીકાર આપ્યો હોય તે સખસ અથવા સખસોનો સમાસ થાય છે એમ સમજવું."

☞ આ કલમ ૧૮૯૫ ના આકટ ૩ જાની કલમ ૨ જીથી નવી દાખલ કરેલી છે.

ટીકા.—વીએનામાં મળેલી પોસ્ટ ખાતાની મહાપરિષદના ઠરાવો અમલમાં મુકવા સારૂ આ કલમ ૧૮૯૫ ના આકટ ૩જાથી નવી દાખલ કરવામાં આવી છે, અને આ કલમમાં વપરાયેલા 'સરકાર' શબ્દમાં હવે હિંદુસ્તાનનાં દેશી રાજ્યોનો સમાવેશ થાય છે.

બાબ ૧૩ મો.

કાટલાં તથા માપ સંબંધી ગુન્હા બાબત.

તોળવાનું ખોટું યંત્ર દગલબાજીથી વાપરવું.

૨૬૪. તોળવાનું કાંઈપણ યંત્ર ખોટું છે એવું જાણીને જે માણસ દગલબાજીથી વાપરે તેને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—વાપરેલું યંત્ર ખોટું છે એવું (તે યંત્ર વાપરનાર માણસ) જાણતો હોવો જોઇએ એટલુંજ નહી પણ ત માણસે તે યંત્ર દગલબાજીથી વાપરેલું હોવું જોઈએ; અર્થાત, જે સખસોને પુરેપુરૂ તોલ મળવું જોઈએ તે સખસોને ઓછું તોલ માથે મારવાના હેતુથી તે યંત્ર વાપરેલું હોવું જોઇએ. ઇરાદો તોળવાને સારૂ ખોટું યંત્ર દગલબાજીથી વાપરવાના ગુન્હાનો એક જરૂરનો ભાગ છે.૧ સામાન્ય રીતે જે જુઠા કાંટાને (તોળનાર સખસ) ખરા કાંટા તરીકે વાપરતો હોય તે જુઠો કાંટો તેના કબજામાં છે તે વાત એકલી, (તેના) દગલબાજી ભરેલા ઈરાદાનો પુરતો પુરાવો થઇ પડશે.

સ્ટોકસ સાહેબ "ખોટું" શબ્દનો અરથ નીચે મુજબ કરે છે:—જે યંત્ર, કાટલાં, અથવા માપ પ્રમાણે. (ચીજો) લેવા આપવાનું ગુન્હેગારે અને છેતરાયેલા સખસે તેમના પરસ્પર વ્યવહારના અંગે, સ્પષ્ટ રીતે અથવા ગરભીત રીતે, નક્કી કર્યું હોય તે યંત્ર, કાટલાં અથવા માપથી "જુદુ" (યંત્ર, જુદાં કાટલાં અથવા જુદુ માપ.૨)

પાંચશેર વજનમાં માત્ર એક રૂપીઆભાર ઓછું તોલ સામાન્ય ઘટ ગણાશે અને તેટલુંજ ઓછું તોલ દગલબાજી ભરેલો ઈરાદો કે, જે આ ગુન્હાનું એક અગત્યનું તત્વ છે, તેવા ઈરાદાનો કોઇ પણ પુરાવો ગણાશે નહી.૩

ખોટું કાટલું અથવા માપ દગલબાજીથી વાપરવું.

૨૬૫. જે માણસ કાંઇ પણ ખોટું કાટલું અથવા લંબાઇનું કે ભરતનું ખોટું માપ દગલબાજીથી વાપરે અથવા એક કાટલાને અથવા લંબાઇના કે ભરતલના માપને તે છે તેથી કાંઈ જુદાં કાટલાં અથવા માપને ઠેકાણે દગલબાજીથી વાપરે તેને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

---

૧. રૈજાઇના. વિ. કાંગાલી. ૧૮ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું. ૭
૨. સ્ટોકસ જોન્ઝો. ઇન્ડીયન કોડઝ.
૩. રૈજાઇના. વી. બીખા. ૩. અલ્હાબાદ વીકલી નોટસ પાનું. ૨૨૪

ટીકા.—જે ગલાસ બતાવેલા (ફરમાવેલા) માપવાળો ન હોય તેવા ગલાસથી માપીને દારૂ વેચવો, અને તે ગલાસમાં ખરી રીતે જેટલો દારૂ માતો હોય તેના કરતાં વધારે તેમાં માય છે એવું લોકોને દગલબાજીથી ખોટું જણાવવું તે આ કલમ પ્રમાણે ગુન્હો નથી, પરંતુ તે ૪૧૫ મી કલમ પ્રમાણે ઠગાઇનો ગુન્હો છે. ૧

એક કેસમાં એક વેપારી દુધ મોકલતો હતો, અને દુધ તે તેના પોતાના ડબામાં ભરીને રેલવે ટ્રેનમાં મોકલતો હતો. દરેક ડબામાં કેટલા ગ્યાલન દુધ ભરેલું છે તે બતાવવા સારૂ દરેક ડબાની સાથે એકેક માપ બતાવનારૂં યંત્ર (gauge) રાખ્યું હતું પરંતુ આ માપ બતાવનારૂ યંત્ર તે ડબામાં ખરેખર ભર્યું હતું તેના કરતાં વધારે માપ બતાવતું હતું તે ડબા આ ૨૬૫ અને ૨૬૬ મી કલમોને મળતા ઇંગ્રેજી આકટના અર્થની અંદર આવી જાય તેવી રીતે (ખોટું) માપ બતાવતા હતા એમ ઠરાવવામાં આવ્યું હતું. ૨ પરંતુ વગર છાપેલા માપ વડે વેચવું તે, જો દગલબાજીનો અથવા માપના ખોટાપણાનો પુરાવો ન હોય તો, આ કલમ પ્રમાણે ગુન્હો થતો નથી. ૩

ખોટાં કાટલાં અથવા માપ પાસે રાખવાં.

૨૬૬. તોળવાનું કોઇપણ યંત્ર અથવા કાંઇ કાટલું લંબાઇનું કે ભરતલનું કાંઈ માપ ખોટું છે એવું જાણીને તથા તે દગલબાજીથી વાપરવામાં આવે એવા ઈરાદાથી જે માણસ પોતાની પાસે રાખે તેને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—સરકારે ઠરાવેલા પ્રમાણ કરતાં વધારે વજનનાં કાટલાં કાઈ માણસના કબજામાં હોય તે વાતથીજ માત્ર આ કલમ પ્રમાણે તે માણસ ગુન્હેગાર થશે નહી, દગલબાજી ભરેલા ઈરાદાનું તેના ઉપર તહોમત મુકીને તેવો ઇરાદો સાબીત કરવો જોઇએ. ૪

આ કલમ પ્રમાણે એ સાબીત કરવું જરૂરનું છે કે ત્રાજવાં ખોટાં (જુઠાં) છે એવું તહોમતદાર જાણતો હતો, અને દગલબાજી ભરેલી રીતે ત્રાજવાં વાપરવાનો ઈરાદો હતો. (ત્રાજવાંની) દાંડીની વચ્ચોવચ્ચ બરાબર રીતે નહી બાંધેલી દોરીવાળાં, પણ જે દોરી ગમે તે વખતે આઘી પાછી કરી શકાય એવી હતી, અને કોઈક વખતે બરાબર રીતે બાંધેલી પણ હશે, તેવી દોરીવાળાં ત્રાજવાં કાઈ માણસની પાસે હોય અથવા તે વાપરે તે એકલુજ દગલબાજીનો પુરતો પુરાવો થશે નહી. ૫

આ ખેડુતના ઘરમાં કાંટો અથવા એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવાય એવાં તોળવાનાં ત્રાજવાં અને એ લોખંડનાં કાટલાં હતાં. કાટલાં તપાસનાર ઇન્સ્પેકટરને તે કાટલાં હલકાં માલમ પડયાં. પરંતુ તેણે તે ખેડુતના મકાનમા ધાન્ય અથવા બીજી કાંઈ વેચવાની જણસ જોઇ નહી, તેમજ કાંઇપણ માલ અથવા પેદાશની વસ્તુ (ધાન્ય વિગેરે) વેચવાને સારૂ તે ખેડુત રાખતો હતો. અથવા બીજાની વતી અથવા બીજે ઠેકાણે લઈ જવાસારૂ તે તોળતો હતો એવું તે ઇન્સ્પેકટર સાબીત કરી શકયો નહી. તેથી તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે તેને ગુન્હેગાર ઠરાવીને કરેલી શિક્ષા ગેરવ્યાજબી અને ગેરકાયદેસર હતી. ૬

૨૬૭. તોળવાનું કાંઇ યંત્ર અથવા કાટલુ અથવા લંબાઈનું કે ભરતલનું

---

૧. રેજાઇના, વિ. નુરૂદીન. મુંબાઇ હાઈકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ ૧૮૮૮ નું ૩૬ મું.
૨. હેરીસ. વિ. લન્ડન કાઉન્ટી કાઉન્સીલ ૧૮૯૫ ૧ કવીન્સ બેન્ચ ડીવીઝન પાનુ ૨૪૦
૩. વેર કૃત લો ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો પાનુ ૧૩૨
૪. રેજાઇના. વિ. દામોદર દાળજી ૧ બોમ્બે હાઇકોટ રીપોટસ. પાનુ ૧૮૧ રેજાઇના વિ. કાંગાલી મુહક ૧૮ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનુ ૭
૫. રેજાઈના વિ. હમીરમલ મુંબાઈ હાઈકોટના ક્રીમીનલ રૂલીંગ્સ ૧૮૯૭ નુ ૩૬ મું.
૬. ગ્રીફીથ્સ વિ. પ્લેસ ૨૦ લૉ ટાઇમ્સ ન્યુસીરીઝ પાનું ૪૮૪.

ખોટાં કાટલાં અથવા માપ બનાવવાં વેચવાં. કાંઇ માપ ખોટું છે એવું જાણીને જે માણસ બનાવે વેચે અથવા કોઇને આપે એટલા સારૂ કે તે ખરાને ઠેકાણે વપરાય અથવા એવું જાણીને કે તે ખરાને ઠેકાણે વપરાય એવો સંભવ છે તો તેને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

બાબ ૧૪ મો.

લોકની તન્દુરસ્તી, અનુકુળતા, લજ્યા તથા નીતિ સંબંધી ગુન્હાઓ બાબત.

૨૬૮. **લોકોપકારક કૃત્ય.** જે શખસ એવું કાંઇ કામ કરે અથવા એવી કાંઇ કાયદા વિરૂદ્ધ કસુર કરે કે જેથી લોકોને અથવા જે માણસો પાડોશમાં રહેતા હોય અથવા જેઓના કબજામાં ત્યાં પાડોશમાં કાંઇ મીલકત હોય તે સર્વ માણસોને કાંઇ સાધારણ નુકશાન ભય અથવા દુઃખ થાય અથવા જેથી જે માણસોને કાંઇ સાર્વજનીક હક વાપરવાની જરૂર પડે તે શખશોને નુકશાન અડચણ ભય અથવા દુઃખ થયા વીના રહેજ નહી તે શખસે લોકોપકારક કૃત્ય કર્યું એમ સમજવું.

કોઇ સરવોપકાર કૃત્યથી કાંઈ અનુકુલતા અથવા લાભ થતો હોય તો તે સબબથી તે ગુન્હો માફ થતો નથી.

ટીકા.—અપકારક કૃત્યો બે જાતનાં છે. (૧) લોકોપકારક કૃત્ય; (૨) અને વ્યક્તિ–અપકારક કૃત્ય (private nuisance) વ્યક્તિ–અપકારક કૃત્ય એવાં છે કે જે કૃત્યથી સામાન્ય લોક સમુહને નહી, પણ અમુક માણસોને (વ્યક્તિઓને) અથવા અમુક વર્ગના માણસોને હરકત ઈજા થાય. લોકોપકારક કૃત્યને વાસ્તે ખરો ઉપાય ફોજદારી કામ ચલાવવાનો છે, જ્યારે વ્યક્તિ–અપકારક કૃત્યનો બરાબર ઉપાય દિવાની કોરટમાં દાવો લાવવાનો, અથવા દીવાની કોરટમાં તાકીદ માગવાનો છે. પરંતુ કોઈ અમુક લોકોપકારક કૃત્યથી સામાન્ય જન–સમુહને જે નુકશાન થાય તે ઉપરાંત કોઇ માણસને ખાસ નુકશાન થતું હોય તો તે દીવાની કોરટમાં નુકશાનીનો દાવો લાવી શકે પરંતુ જો તે માણસને આવું બીજા લોકોને નુકશાન થતા ઉપરાંત ખાસ નુકશાન ન થતું હોય તો તેનો તેવો દાવો ચાલશે નહી, કેમકે જો તેનો દાવો ચાલી શકે તો નુકશાન કરનાર સખસ ઉપર એવા હજારો દાવા થાય અને તે ખરાબખસ્ત થઇ જાય૧ વ્યક્તિ--અપકારક કૃત્યથી નુકશાન ખમનાર સખસ ફોજદારીમાં ફરિયાદ કરી શકે નહી, તે તો માત્ર નુકશાનીનો દાવો દીવાનીમાં લાવી શકે આ પ્રમાણે એક કેસમાં એક ટીનનાં પતરાંનું કામ કરનાર માણસની સામે તેનો ધંધો ચલાવવામાં થતા ઘોંઘાટની તેના પડોશીએ ફોજદારીમાં ફરીયાદ કરી. તેમાં પુરાવા લેતી વખતે એવું માલમ પડયું કે કલીફરડઝ ઇનમાં આવેલાં ત્રણ મકાનના રહેવાસીઓનેજ માત્ર તે ઘોંઘાટથી કાંઈ પણ હરકત થતી હતી, અને જો બારીઓ બંધ કરે તો ઘોંઘાટ ઘણે ભાગે અટકતો હતો તેમાં લોર્ડ એલેનબરોએ એવો ફેંસલો કર્યો હતો કે ફોજદારી ફરીયાદ ચાલી શકતી નથી કેમકે જો ઘોંઘાટથી કાંઇ પણ અપકારક કૃત્ય થતું હોય તો તે વ્યક્તિ–અપકારક કૃત્ય હતું.૨

---

૧. સતકુ વલીદ કાદીર. વિ. ઈબ્રાહીમ આગા. ૨ મું. ૪૫૭; રામકુલરાય. વિ. રઘુનન્દમ. ૧૦ અ. ૪૯૮.
૨. રેનાઇના. વિ. લોર્ડ. ૪ એસ્પીનેસીઝ રીપોરટસ. પાનું. ૨૦૦.

મી. પોલૉક સાહેબ અપકારક-કૃત્યે કોને કહેવું તેના સંબંધમાં નીચે મુજબ ટીકા કરે છે:—અપકારક કૃત્ય થવાને માટે દુઃખનાં કારણોનો કાંઇ અમુક ખાસ સંયોગ (ભેગા થવું તે) જરૂરનો નથી, તેમજ દુખનાં સંભવિત કારણો કાયદાના કોઈ પણ નિયમથી સંપૂર્ણ રીતે (એક પણ રહી ન જાય તેવી રીતે) વર્ણવી બતાવવામાં આવ્યાં નથી. ઘોંઘાટ અથવા નુકશાનકારક હવા વગરનો ધુમાડો, એકલો ઘોંઘાટ, એકલી નુકસાનકારક હવા, જો કે તનદુરસ્તીને નુકશાન કરતા ન હોય તો પણ જોડેની અથવા પડોશની મીલકતના માલીકને દરેક એકલું (જુદું જુદું) અપકારક કૃત્ય થઇ પડે. જાથુક વગર બંધ રહે મોટા ઘંટોનું વાગવું, મોટેથી થતું ગાન તાન, ઘાંટા કહાડીને બુમો પાડવી, અને સરકસના તમાસા વખતે થતા મોટા અવાજો, દારૂખાનાના અને ગાનતાનના ઘોંઘાટ ભર્યા તમાસાથી (અવ્યવસ્થિત) લોકોના ટોળાનું એકઠું થવું, કે જેથી પડોશમાં રહેનારાઓને ભારે દુઃખ અને કંટાળો ઉપજે, તે બધાને અપકારક કૃત્યો ઠરાવવામાં આવ્યાં છે, અને કોરટની સત્તાથી તેમની સાથે પ્રતિબંધ કરવામાં આવ્યો છે. ૧

સાધારણ રીતે એવું કહી શકાય કે જે કાંઇ જનસમુહની તન્દુરસ્તી, સલામતી, સુખ અથવા સગવડને ગંભીર રીતે હરકત કરે તેવું કાંઈ પણ લોકોપકારક કૃત્ય તરીકે ફોજદારી ફરીયાદ લાયક થશે. દાખલા તરીકે જે ધંધાથી નુકશાનકારક દુરગંધ ફેલાય ૨ અથવા જેથી નહી ખમી શકાય એવા અવાજો થાય ૩ તેવો ધંધો ચલાવવો; બંદુકનો દારૂ, નખતેલ, અથવા તેના જેવાજ બીજા જલદીથી સળગી ઉઠે તેવા પદાર્થો એવા મોટા જથામાં રાખવા કે જેથી જાનમાલને નુકશાન થાય. ૪ આ પ્રમાણે એવું ઠરાવવામાં આવ્યું છે કે જ્યાં કોઈ માણસ પોતાનું મકાન તદન નિરપરાધી રીતે વાપરે, દાખલા તરીકે, પોતાના પરોણાઓને દારૂખાનું અને ગાયન સાથે મીજબાની આપીને વાપરે ત્યાં, જો તેવી મીજબાનીઓના પરિણામમાં ત્યાં તોફાની લોકોનાં ટોળાં એકઠાં થાય અને આવું એટલી બધી વાર બને કે પડોશના લોકોને તેથી ભારે દુઃખ અને કંટાળો ઉપજે તો તે અપકારક કૃત્ય તરીકે ગુન્હો બની તે બાબત ફોજદારીમાં ફરીયાદ થઇ શકશે,૫ પરંતુ જે કૃત્યોથી માત્ર થોડીક અથવા થોડા વખત માટે અગવડ થાય, દાખલા તરીકે ટટુઓ અને ભેંસોને સરીઆમ રસ્તા ઉપર છુટીને જતાં નહી અટકાવવાં તે ૨૯૦ મી કલમ પ્રમાણે લોકોપકારક કૃત્યનો ગુન્હો ગણાશે. ૬

એક કેસમાં એક માણસે સાધારણ જુગારખાનું રાખ્યું હતું તેમાં તોફાની માણસોનાં ટોળાં એકઠાં થતાં હતાં, અને તેથી પડોશના લોકોને સામાન્ય રીતે દુઃખ અને કંટાળો ઉપજતો હતો. તેમાં તે જુગારખાનાના માલીકને ૨૯૦ મી કલમ પ્રમાણે લોકોપકારક કૃત્ય કરવાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.૭

એક કેસમાં પ્રતિવાદીઓ લખી (મુસલમાન) લોકો હતા તે લોકોએ ગામની પડતર જમીનના એક ભાગ ઉપર, મહોરમના તહેવારોમાં, એમનું કાંઇ મુસલમાની નિશાન (દાખલા તરીકે નાનું તાબુત) મુકયું. આ પડતર જમીન હિંદુ મંદિરોની પડોશમાં આવેલી હતી, અને તેમના આમ કરવાથી હિંદુ જનસમુહને ભારે દુઃખ ઉપજવાનો સંભવ હતો. ૨૯૮ મી કલમ પ્રમાણે લોકોપકારક કૃત્ય કરવા બદલ તેમને ગુન્હેગાર ઠરાવીને કરેલી શિક્ષા મદ્રાસની હાઈકોરટે રદ કરી હતી; અને ફેંસલો આપતી વખતે ચીફ જસ્ટીસ ટરનરે ટીકા કરી હતી કે "આ(પીનલકોડના) કાયદાની ભાષા ઉપરથી એ ખુલ્લું છે કે અમુક વર્ગની

---

૧. પોલોક કૃત લૉ ઑનટૉટસ.

૨. માલ્ટન બોરડ ઓફ હેલ્થ. વિ. માલ્ટ મેન્યુર કંપની. ૪ એકસ્ચીકર ડીવીઝન, પાનુ ૩૦૨ રેપીઅર. વિ. લન્ડન ટ્રામવેજ કંપની (૧૮૯૩) ૨ ચાન્સરી ૫૮૮.

૩. લેમ્બટન. વિ. મેલીશ (૧૮૯૪) ૩ ચાન્સરી ૧૬૩.

૪. રેજાઇના. વિ. લીસ્ટર ૨૬ લૉ જનરલ માજીસ્ટ્રેટસ કેસીસ પાનુ. ૧૯૬, હેપબરન. વિ. લોરટન ૩૪ લૉ, જનરલ; ચાન્સરી પાનુ ૨૯૩.

૫. ૧ હોકીન્સ પ્લીઝ ઓફ ધ ક્રાઉન પાનું ૬૯૩; વોકર વિ. બરસ્ટર.લૉ. રીપોરટસ. ૫ ઈકવીટી પાનુ ૨૫.

૬. ઉનારામ. વિ. લામેસર. ૯ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનું ૭૦; જોયનાથ. વિ. જામુલ ૬ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનું ૭૧.

૭. રેજાઈના. વિ. થંડાવરાયુડુ. ૧૪ મ. ૩૬૪.

"લાગણીઓને દુઃખ થાય તેવા કૃત્યો અથવા કસુરોને લાગુ પાડવાનો આ કોડનો હેતુ નહોતો. આ દેશ-"માં એવું વારંવાર બનવું જોઇએ કે અમુક ધરમ માનનારાઓ કાંઈ કૃત્ય કરે તેથી બીજા ધરમ માનના-" રાઓની લાગણીઓ દુખાય......જે કલમનો આપણે વિચાર કરીએ છીએ તે કલમનો હેતુ, અમુક વર્ગ-"ના માણસો (નું નહી, પણ) તેમનાથી ભેદ બતાવીને, જનસમુહ અથવા લોક સમસ્તનું, રક્ષણ કરવાનો છે."૧ મુંબઇની હાઈકોરટે પણ આ ફેંસલો અનુસરી ફેંસલા કરેલા છે, એક કેસમાં જે માંસ થોડા વખતની અંદર ઉજાણીને માટે રાંધી દેવાનું હતું તે માંસ લોકોની નજરે પડે તેવી રીતે તહોમતદારે અધર લટકાવ્યું હતું, અને તેથી અમુક જૈન લોકો જેઓ પોતાના દેરામાં દરશન કરવા જતા હતા તેમને દુઃખ ઉપજ્યું હતું, તેમાં તે તહોમતદારોને અપકારક કૃત્ય કરવા બદલ ગુન્હેગાર ઠરાવીને કરેલી શિક્ષા હાઈકોરટે રદ કરી હતી.૨ પરંતુ જાહેર સ્ટ્રીટ (મેહેલ્લા)માં જનાવરોને જાણીબુઝીને કાપવાં અને તે એવી રીતે કે સામાન્ય દયાની લાગણીવાળા બધા માણસોને તેથી દુઃખ અને કંટાળો ઉપજે તો તેવું કૃત્ય ૨૯૦ મી કલમ પ્રમાણે સજાને પાત્ર થશે.૩ જે માણસ રસ્તાનો કોઇપણ ભાગ તે ભાગ ઉપર મકાન બાંધીને કબજે કરી બેસે તે માણસ જેટલા ભાગ ઉપર મકાન બાંધ્યું હોય તેટલા ભાગના સંબંધમાં જનસમુહના હક ઉપર તરાપ મારે છે, અને તેથી કરીને ૨૮૩મી કલમ પ્રમાણે સજાને યોગ્ય ગુન્હો નહી તો ૨૯૦ મી-કલમ પ્રમાણે સજા થાય એવો ગુન્હો કરે છે.૪ કોઇ માણસ ભીખ માગે તેથીજ માત્ર તે લોકોપકારક કૃત્યનો ગુન્હો કરતો નથી, કેમકે તેથી કાંઇપણ સાધારણ ઇજા, ભય અથવા દુઃખ, કે જે ૨૬૮ મી કલમમાં આપેલી લોકોપકારક કૃત્યની વ્યાખ્યાનો એક ભાગ છે તેને લગતી કાંઇ પણ વાત સાબીત થતી નથી, અથવા સુચવાતી નથી.૫

જો કોઇ માણસ સાર્વજનીક (જાહેર) સ્ટ્રીટ (મોહોલ્લા) માં જાણી જોઇને (ઈરાદા પૂર્વક) ઢોરને કાપી નાંખે છે કે જેથી આવતા જતા રાહદારીઓને તે (કાપી નાંખવાનું) કૃત્ય નજરે જોવાય, તો તે માણસે ૨૯૦ મી કલમ મુજબ શિક્ષા પાત્ર ગુન્હો કર્યો કહેવાશે. પરંતુ જ્યાં કેટલાક મુસલમાનોએ, તેમના ધર્મ સંબંધી કામને સારૂ જાહેર રસ્તા ઉપરથી થોડોક દેખી શકાય એવા એક ખાનગી કમ્પાઉન્ડ (વાડા) માં સુર્યોદય થતા પહેલાં બે ગાયો મારી નાંખી, અને તે બેમાંથી માત્ર એક ગાયને મરતાં એક હિંદુએ જોઈ હતી, ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે સાબીત થયેલી બીના આ ૨૬૮ મી કલમમાં વર્ણવેલો લોકોપકારક કૃત્યનો ગુન્હો ગણાય નહી.૬ તેમજ માંસ વેચવાને સારૂ દુકાન ઉઘાડી રાખવી તે બીના માત્ર ૨૯૦ મી કલમ પ્રમાણે લોકોપકારક કૃત્ય ગણાશે નહી. ૭

સાર્વજનીક (જાહેર) રસ્તાની નજીકમાં છાંણાં સુકવવા મુકવાં તે વાત માત્ર, જનસમુહને કાંઈપણ વાસ્તવિક દુઃખ ખરેખરી રીતે થયું હતું તે બતાવનારો કાંઇ પુરાવો ન હોય તો ૨૯૦ મી કલમ પ્રમાણે ગુન્હો થશે નહી.૮

જાહેર રસ્તાની આઠ વારની અંદર ખાનગી માલકીની જમીન ઉપર, અને જાહેર રસ્તા તરફ, ખુલ્લો કુવો હોય તેને વાડ ભરી લેવામાં કસુર કરવી તે લોકપકારક કૃત્ય તરીકે શિક્ષાને પાત્ર નથી. ૯

મદ્રાસમાં કાવેરી નદીના એક નહાવાના ઘાટની નજીકની એક જગ્યાએ ચાળીસ વરસથી મડદાં બાળવાનો રીવાજ હતો. છેવટે આની સામે તે ગામના લોકોએ વાંધો લેવાથી માજીસ્ત્રેટે હુકમ કર્યો.

---

૧. મુત્તુમીરા. વિ. રેજાઈના. ૭ મ. ૫૯૦
૨. રેજાઈના. વિ. બીરામજી. ૧૨ મું. ૪૩૭.
૩. સત્કુ. વિ. ઇબ્રાહીમ. ૨ મું. ૪૫૭; કાજી સુજાઉદીન. વિ. મખવદાસ. ૧૯ મું. ૯૯૩.
૪. રેજાઈના. વિ. વીરાપાચેટી. ૨૦ મ. ૪૩૩.
૫. રેજાઈના. વિ. રાજી. મુંબાઈ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ ૧૮૯૫ નું ૨૮ મું.
૬. રેજાઇના. વિ. ઝફીરૂદીન ૧૦ અ. ૪૪.
૭. રેજાઇના. વિ. હસન સામદ, મુંબાઇ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ ૧૮૯૭ નું ૧૩ મું.
૮. રેજાઈના. વિ. બાપુ જગા. મુંબાઈ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ ૧૮૮૯ નું ૪૨ મું.
૯. રેજાઈના વિ. એન્ટોની. ૬ મ. ૨૮૦.

(જે પાછળથી ગેરકાયદેસર ઠર્યો હતો) કે શ્મશાન ભુમી બીજી જગ્યાએ લઇ જવી, આવો હુકમ થયા પછી તહોમતદારોએ અસલ શ્મશાન ભુમી ઉપર મડદું બાળ્યું. માજીસ્ટ્રેટે અને અપીલમાં શેસન કોર્ટે તહોમતદારોને ગુન્હેગાર ઠરાવીને સજા કરી, પણ હાઈ કોર્ટે તે સજા રદ કરી, અને તેમાં એવું કારણ બતાવ્યું હતું કે જે કૃત્ય દેશના રીવાજ પ્રમાણે થતું હતું તે કૃત્ય તે ગામના રહેવાશીઓને થતા વાસ્તવીક દુઃખ અને અગવડ (હેરાનગતિ) ને લીધે ગેરકાયદેસર થતું નહોતું. હાઇકોરટના જજમેન્ટમાં આ પ્રમાણે ટીકા કરેલી છેઃ—" જ્યારે તહોમતદારોના જેવા શખસો કે તેમને અગ્નિ—દાહ દેવાના સામાન્ય " (પ્રજાકીય) કાર્યને સારૂ અર્પણ કરેલી અમુક જગ્યા વાપરવાનો હક છે, તેઓ તે જગ્યા તે કાર્યને સારૂ " એવી રીતે વાપરે કે જે (રીત) સાધારણ (હમેશના કરતાં ઉલટી) રીત ન હોય, તેમજ જે (રીત) " થી આવું કાર્ય જે પ્રમાણે સાધારણ રીતે આ દેશમાં કરવામાં આવે છે તેજ પ્રમાણે (કરવામાં આ- " વતા) આવા કાર્યને અંગે અવશ્ય કરીને રહેલી અગવડ વધેલી ગણાય નહી; ત્યારે એમ કબુલ કરવું " જોઇએ કે જે કાર્ય સંપુર્ણ રીતે કાયદેસર છે તેજ તેમણે કરેલું છે. "૧ પરંતુ કલકત્તામાં આ ફેંસલાથી વિરુદ્ધ અભિપ્રાય દર્શાવવામાં આવ્યો છે.૨

આ કલમમાં આપેલી વ્યાખ્યા મુજબ લોકોપકારક કૃત્યનો ગુન્હો કોઇ શખસે કર્યો છે એવું બતાવવા સારૂ, એ સાબીત કરવાની જરૂર છે કે મીલકતના ઉપભોગના સંબંધમાં અથવા સાર્વજનીક હક વાપરવાના સબંધમાં ઇજા ભય અથવા દુઃખ થયાં છે.૩ પડોશમાં બીજાં પણ અપકારક કૃત્યો હયાતિમાં છે, તે વાત માત્ર તહોમતદારના બચાવના કામમાં આવશે નહી.૪

જો કરેલું કૃત્ય વાસ્તવિક રીતે અપકારક કૃત્ય બરાબર હોય તો તે કૃત્ય કરનાર ગુન્હેગારથી એવો બચાવ લઈ શકાશે નહી કે જે કૃત્ય બદલ તેના ઉપર તહોમત મુકવામાં આવ્યું છે તે કૃત્ય કાયદેસર છે, અને તે તેની પોતાની જમીન ઉપર અને સગવડ ભરેલી જગાએ કરવામાં આવ્યું હતું.૫

કોઈ કામનો માલીક, જો તે કામ તે પોતાના ફાયદાને સારૂ પોતાના ગુમાસ્તાઓ પાસે કરાવતો હોય તો, તે કામ કરવામાં તેના કામ કરનારાઓના કૃત્યથી થએલા લોકોપકારક કૃત્યને વાસ્તે તેના ઉપર ફોજદારી કામ ચલાવવાને પાત્ર તે (માલીક) થશે. (અર્થાત તેના નોકરોના અથવા ગુમાસ્તાના કૃત્યને વાસ્તે તે જવાબદાર થશે, અને તેવાં કૃત્ય બદલ તેના ઉપર ફોજદારી કામ ચાલશે.) પછી જો કે તે કામ કરનારાઓએ તેવાં કૃત્યો તેની જાણ વગર, અને તેના સામાન્ય હુકમોથી વિરુદ્ધવર્તીને કર્યાં હોય તોપણ તે તેમનાં કૃત્યોને વાસ્તે જવાબદાર થશે ૬

અપકારક કૃત્યની શરૂઆતમાં કોઈ માણસ તેનાથી ઈજા પામે એવી સ્થીતીમાં હતો નહી તેટલાજ કારણથી માત્ર, નુકશાનકારક ધંધો ચલાવીને અમુક મેહેલ્લાની હવા બગાડવાનો કોઇને પણ હક નથી; અને તે અપકારક કૃત્ય ઘણાં વરસોથી તેજ જગાએ હયાતીમાં હતું અને વાસ્તવિક રીતે તે વધ્યું નથી તે વાત પુરતી થશે નહી, કેમકે લોકોપકારક કૃત્ય ચાલુ રાખવા સારૂ પ્રાચીન ભોગવટાનો હક મેળવી શકાય નહી, અને ગમે તેટલી લાંબી મુદત પછી પણ તે લોકોપકારક કૃત્ય કાયદેસર થઈ શકે નહી૭ તેમજ જે કૃત્ય બાબત ફરિયાદ કરવામાં આવે છે તે કૃત્ય તેજ જગ્યાએ જનસમુહ ત્યાં આવ્યો તે પહેલાં, ચાલુ રીતે કરવામાં આવતાં હતાં એવો બચાવ તે કૃત્ય કરનાર (તહોમતદાર) થી લઇ શકાશે નહીં; કેમકે આ માત્ર એવું કહેવાની બરાબર છે કે તે કૃત્ય જ્યારે તે શરૂ થયાં ત્યારે કાયદેસર હતાં, અને તેઓ ગેર-

---

૧. કેજાઇના. વિ. સામીનાથ. ૧૯ મ. ૪૬૪.
૨. ઇન્દ્રનાથ. વિ. રેજાઇના. ૨૫ ક. ૪૨૫.
૩. ઉનારામ. વિ. લામેશર, ૯ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનુ ૭૦
૪. રેજાઈના વિ. તેવીલ પીકસ રીપોર્ટસ પાનુ ૯૧
૫. રાજમોહન બોઝ વિ. ઈસ્ટ ઈન્ડીયા રેલવે કંપની ૧૦ બંગાલ લૉ રીપોર્ટસ પાનું ૨૪૧
૬. રેજાઇના વિ. સ્ટીવન્સ ૧ ક્વીન્સ બેન્ચ ડીવીઝન પાનું ૭૦૨.
૭. મ્યુનીસીપાલ કમીશનર વિ. મહમદઅલી ૧૪ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનુ ૪.

કાયદેસર થયાં તે પછી તે ચાલુ રાખવામાં આવ્યાં હતાં.૧

પરંતુ જ્યાં કાયદા બાંધનાર મંડળ (legislature) જે કૃત્ય તેવો અધીકાર ન આપ્યો હોત તો અપકારક કૃત્ય ગણાત તેવું કૃત્ય કરવાનો અધિકાર આપે છે, ત્યાં તે કૃત્ય કરવાથી જે અવશ્યનાં પરીણામ થાય છે તે પરીણામને વાસ્તે તે કૃત્ય કરનાર ઉપર કાંઇ પણ ફોજદારી કામ ચાલશે નહી. જ્યાં એક રેલવે કંપનીને એક રાજમાર્ગની જોડે અને તેની સમાંતર બાજુએ એક રેલવે સડક કરવાનો અધિકાર મળ્યો હતો ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે એન્જીનોથી અને ટ્રેનો (ગાડીઓ) થી રાજમાર્ગ ઉપર ઘોડા ભડકતા હતા તે કારણથી તે (રેલવે કંપની) અપકારક કૃત્યને વાસ્તે ગુન્હેગાર થઈ શકતા નહોતા.૨ અને એન્જીનોને છુપાવવાને (દેખાતાં બંધ કરવાને) પડદા ભરી લેવાની, અથવા કાળજી ભરેલી રીતે અને બરાબર રીતે તેમનું કામ કરવામાં જે સંભાળ તેઓએ લેવી જોઇએ તે ઉપરાંત એવી કોઇપણ જાતની સાધારણ સંભાળ લેવાની, રેલવે કંપનીની ફરજ નથી.૩

નીચેના શખસોને લોકોપકારક કૃત્ય કરવાના ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતાઃ—(૧) જે સખસ સામાન્ય જુગારખાનુ રાખે, કે જેમાં જુગારીઓ ભેગા થઈને જન–સમુહને દુઃખ અને કંટાળો ઉપજાવે.૪ (૨) કોઈ ગામની બાહાર જાહેર રસ્તા ઉપર બેસીને તે ગામના લોકોને જુગાર રમવા લલચાવનારા શખસો;૫ (૩) જે શખસો તેમના ઘર આગળ રસ્તા ઉપર ધુળ અને વાળેલો કચરો નાંખે, અને આ પ્રમાણે હવા ને તનદુરસ્તીને નુકશાનકારક બનાવે,૬ તે; (૪) ખાંજરાં (વેશ્યાવાડા) રાખનાર શખસ;૭ (૫) જાહેર મારકીટમાંની એક દુકાન કતલખાના તરીકે વાપરનાર શખસ,૮ (૬) પોતાની જગ્યા ઉપર ગંદકી રાખનાર શખસ;૯ (૭) રાજમાર્ગની પાસેજ (પોતાની જગ્યા ઉપર) વાડો બાંધનાર શખસ;૧૦(૮) તુવેરના છોડના સાંઠાની ભારીઓ નાળામાં મુકીને તે નાળાનું પાણી બગાડનાર શખસ;૧૧(૯) જે શાકભાજીમાંથી સાર્વજનીક સ્ટ્રીટ (રસ્તો વાપરનાર માણસોને કંટાળો અને દુઃખ ઉપજે એવી દુરગંધ નીકળતી હતી તેવી શાકભાજી પોતાના મકાન ઉપર રાખનાર શખસ,૧૨ (૧૦) અને માણસના શરીરનું તેની કમર સુધી નાગુ, અને ગડગુમડથી ભરાઇ ગયેલું ચિત્ર પોતાની દુકાનમાં જાહેર રીતે ખુલ્લું મુકીને દેખાડનાર ઔષધિ–વેત્તા.૧૩

૨૬૯. જે માણસ કાયદા વિરૂદ્ધ અથવા ગફલતથી એવું કાંઇ કામ કરે કે

---

૧. સ્ટરજીસ. વિ. બ્રીજમાન. લો રીપોર્ટસ. ૧૧ ચાન્સરી ડીવીઝન પાનુ ૮૬૫; ફલેમીગ. વિ. હિસ્લોપ. લો રીપોર્ટસ ૧૧ અપીલ કેસીસ પાનું ૬૯૭.

૨. હેમરસ્મીથ રેલવે કંપની. વિ. બ્રાન્ડ. લો. રીપોર્ટસ. ૪ હાઉસ ઓફ લોડરઝ કેસીસ પાનુ ૨૧૫; મેટરોપોલીટન એસાઈલમ. વિ. હિલ. લો રીપોર્ટસ ૬ અપીલ કેસીસ પાનું ૨૦૩; રેજાઇના. વિ. પીઝ. ૪ બારનવેલ એન્ડ આલડરસન. પાનું ૩૦

૩. સીમકીન. વિ. લન્ડન એન્ડ એન્ડ નોરથ—વેસ્ટરન રેલવે કંપની. ૨૧ કવીન્સ બેન્ચ ડીવીઝન પાનું ૪૫૩, લન્ડન એન્ડ બ્રાઈટન રેલવે કંપની. વિ. ટરમાન. લો રીપોર્ટસ ૧૧ અપીલ કેસીસ પાનુ ૬૧૭.

૪. રેજાઈના. વિ. હરિનાગજી. ૭ બોમ્બે હાઈકોર્ટ રીપોર્ટસ પાનુ ૭૪.

૫. વેરકૃત લો ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો પાનુ ૧૦૦.

૬. વેરકૃત લો ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો પાનુ ૧૦૨.

૭. રેજાઇના. વિ. સ્ટેનારડ. ૩૩ લો. જનરલ માજીસ્ટ્રેટસ કેસીસ પાનું ૬૧.

૮. રસેલકૃત ક્રાઇમ્સ એન્ડ મીસડીમીનરસ. પાનું. ૭૩૭.

૯. એટોરને–જનરલ વિ. બ્રાડફરડ કનલ. લો રીપોરટસ ૨ ઈકવીટી કેસીસ પાનું ૭૧.

૧૦. ૩ વેસ્ટસ રીપોટસ. પાનું. ૨૨૫.

૧૧. રેજાઇના. વિ. વીઠોબા. રતનલાલ રણછોડલાલ કૃત અનરીપોરટેડ ક્રીમીનલ કેસીસ. પાનું. ૨૦૩.

૧૨. વેરકૃત લો ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો. પાનું. ૧૪૯.

૧૩. રેજાઇના વિ. ગ્રે. ૪ ફોસ્ટર એન્ડ ફીનલેસન્સ રીપોરટસ પાનું ૭૩.

જીંદગીને જોખમ પહોંચે એવા રોગનો ચેપ પ્રસરે એવું ગફલતીનું કામ છે.

જેથી જીંદગીને જોખમવાળા કોઇ રોગનો ચેપ પ્રસરે એવો સંભવ હોય અને એવો સંભવ છે એમ તે જાણતો હોય અથવા એમ માનવાનું તેને કારણ હોય તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—આ ૨૬૯ મી અને ૨૭૦ મી કલમો પ્રમાણે કોઈ માણસને ગુન્હેગાર ઠરાવવા સારૂં, કરેલું કૃત્ય તનદુરસ્તીને નુકશાનકરતા હતું એટલુંજ માત્ર સાબીત કરવું બસ નથી, તેની સાથે એ પણ સાબીત કરવું જરૂરનું છે કે (૧) તે કૃત્યથી જીંદગીને જોખમ થાય તેવા કોઇ અમુક રોગોનો ચેપ પ્રસરવાનો સંભવ હતો, ને (૨) તહોમતદારને ખબર હતી અથવા તેને માનવાનું કારણ હતું કે તે કૃત્ય સંભવીત રીતે (ઘણું કરીને) તે રોગ ફેલાવશે. કોઇ ગામડામાં અથવા ગામડાની પાસે મડદું દાટવું તેજ માત્ર ૨૬૯ મી અથવા ૨૭૦ મી કલમ મુજબ ગુન્હો નથી. ૧

બળીઆ (શીતળા) ની રસી મુકવી તે, જો તે કામ દરદ નાબુદ કરવાના ઉપાય તરીકે શુદ્ધ બુદ્ધિથી કરવામાં આવ્યું હોય તો ગુન્હો નથી;૨ પરંતુ શીતળાના દરદથી પીડાતુ છોકરૂં જરૂર વગર સારવજનીક (જાહેર) રસ્તાઓમાં થઈને લઇ જવું તે, અથવા જરૂર વગર કોઈપણ જાહેર વિશ્રાંતિ–સ્થાન (આરામ લેવાની અથવા હવા ખાવાની જગા) માં તેવા છોકરાને લઇ જવું તે ગુન્હો છે. ૩ તેજ પ્રમાણે ગલેન્ડરસ (glanders) નામના ચેપી રોગવાળા ઘોડાને સારવજનીક (જાહેર) જગ્યાએ લઈ જવો, કે જેથી બીજા માણસોને તેનો ચેપ લાગવાનો ભય રહે, તે પણ ગુન્હો છે.૪

એક વેશ્યા ચાંદી (ટાંકી) ના રોગથી પીડાતી હતી. તેણીએ તેણીની પાસે આવનાર એક માણસને ખાતરી આપી કે તે તદન તનદુરસ્ત હતી અને ચાંદી કે એવો બીજો કોઇપણ જાતનો તેને રોગ નહોતો આવું કહી તે માણસને પોતાની સાથે સંભોગ કરવા દીધો, અને આ પ્રમાણે તે (ચાંદીનો ચેપી) રોગ તે માણસને ચડાવ્યો. આ કેસમાં સર રેમંડ વેસ્ટે એવું ઠરાવ્યું હતું કે તે વેશ્યા આ કલમ પ્રમાણે સજાને પાત્ર નહોતી પણ ૪૦૭ મી અથવા ૪૨૦ મી કલમ પ્રમાણે તેને સજા થવી જોઈએ. તેમણે નીચે મુજબ ટીકા કરી હતી:—"(જીં- "દગીને જોખમ થાય તેવો રોગ હતો, અને (તે વેશ્યાની) ગુન્હેગારી ભરેલી ગફલતી હતી તોપણ સંભોગ " કરવા દેવાનું તહોમતદાર (વેશ્યા) નું કૃત્ય ફરિઆદ કરનાર શખસને દરમીયાનગીરી વગર ચેપ ફેલાવી શક- " શે નહી, અને ફરિઆદ કરનારો પોતેજ જવાબદાર માણસ, અને પોતેજ સામાન્ય રીતે (તે વેશ્યાનો)મ- " દદગાર હતો," ૫ સર રેમંડ વેસ્ટના આ અભિપ્રાયથી મી૦ મેઇન સાહેબ વિરૂદ્ધ પડીને નીચે મુજબ પોતાની ટીકા કરે છે;—સર રેમંડ વેસ્ટ જેવા સુવિખ્યાત પ્રમાણભુત ગૃહસ્થનો વિરૂદ્ધ અભિપ્રાય નહોત તો હું તો તદન નક્કી ચોકસજ ધારત કે જે સખશ ચાંદીના રોગથી પોતે પીડાય છે એવું જાણતાં છતાં બીજાની સાથે સંભોગ કરવાનું કબુલ કરે અથવા તેને વિનંતી કરે તે શખશના કેસને આ કલમ લાગુ પડશે. તે રોગ બીજાને વળગશે એ કૃત્યનું આવશ્યક પરિણામ છે, અને તે તેવું આવશ્યક પરિણામ છે એવું તે (સખસ–આ કેસમાં વેશ્યા) જાણીતી હોવી જોઈએ અને તેનાં જોખમ ભરેલાં પરીણામની પણ તેવીજ રીતે ખબર હોવી જોઇએ અને

---

૧. રેજાઈના. વિ. ગોરીઆ. ૭ સેન્ટ્રલ પ્રોવીન્સીસ રીપોર્ટસ. પાનું ૫.

૨. રેકસ (રાજા) વિ. બરેનેટ ૪ મોલ એન્ડ સેલવીન. પાનું ૨૭૨; મદ્રાસ હાઈકોરટનુ તા. ૧૦મી જુલાઈ સને ૧૮૬૭ નું રૂલીંગ.

૩. રેકસ (રાજા) વિ. વન્તનડીલો. ૪ મોલ એન્ડ સેલવીન. પાનું ૭૩.

૪. રેજાઇના. વિ. હેન્સન ડસ્લીંઝ કાઉન કેસીસ. પાનું. ૨૪.

૫. રેજાઇના. વિ. રકમા. ૧૧ મું. ૫૯

તેટલા માટે તે વિદ્વાન જડજ (સર રેમંડવેસ્ટ) ને માટે સઘળા માન સાથે એ કહેવું જોઇએ કે તેમણે બતાવેલાં બેમાંથી એક પણ કારણ સંતોષકારક નથી.

જે માણસ પોતાના કુટુંબના કોઈ માણસને શીતળા (બળીઆ) નીકળ્યા હોય તેને ઘરમાંજ રાખે, અને તેને ઇસ્પીતાલમાં લઈ જવા દેવાની ના પાડે તે માણસ આ ૨૬૯ મી કલમ પ્રમાણે કાંઈ પણ ગુન્હો કરતો નથી, ૧ એક કેસમાં ક નામના માણસે પોતે કોલેરાથી (કોગળીઆના રોગથી) પીડાતો હતો એવું જાણતાં છતાં, રેલવે ટ્રેન (આગગાડી) માં મુસાફરી કરી, અને રેલવેના સત્તાવાળાઓને તેની સ્થીતીની ખબર આપી નહી, જ્યારે મ નામના એક તેના દોસ્તદારે ક ની આવી સ્થીતી જાણતાં છતાં ક ની ટીકીટ ખરીદ કરી અને તેની સાથે મુસાફરી કરી તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે ક ને આ ૨૬૯ મી કલમ મુજબ ગુન્હેગાર ઠરાવી શિક્ષા કરી હતી તે બરાબર હતું, કેમકે ચેપ (ચેપીરોગ) ફેલાવવાના સંભવવાળુ કૃત્ય તે કરતો હતો એવું તે જાણતો હોવો જોઇએ અને રેલ્વે સત્તાવાળાઓને ખબર નહી આપવામાં તેણે ગફલતી રાખી, તેથી તેણે **ગફલતીથી** ચેપીરોગ ફેલાવવાના સંભવવાળું કૃત્ય કર્યું હતું અને મ ક ના ગુન્હાને મદદગારી કરવાનો ગુન્હેગાર હતો. ૨

જીંદગીને જોખમ પહોંચે એવા રોગનો ચેપ પ્રસરે એવું દ્વેષબુદ્ધિનું કામ.

૨૭૦. જે માણસ દ્વેષબુદ્ધિથી એવું કાંઈ કામ કરે કે જેથી જીંદગીને જોખમવાળા કોઇ રોગનો ચેપ પ્રસરે એવો સંભવ છે એમ તે જાણતો અથવા એમ માનવાનું તેને કારણ હોય તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે

ટીકા—"દ્વેષબુદ્ધિથી" શબ્દનો અરથ મી. મેઈન સાહેબ નીચે મુજબ કરે છે:—કલમમાં જણાવેલું પરિણામ થાય એવા પુખ્ત (બુદ્ધિ પુર્વક) વિચારથી (કરેલું કૃત્ય) આ ૨૭૦ મી કલમ પ્રમાણે કરેલા કૃત્યથી જો મોત નીપજ્યું હોય તો નિ:સંશય તે ખુન કરેલું ગણાશે.

આ કલમ ૨૬૯ મી કલમને મળતી આવે છે તેથી તે કલમ નીચેની ટીકા જુઓ.

રોગના સબબથી દુર રહેવા સંબંધીની કાંઇ કાનુન ન માનવી.

૨૭૧. કોઈ વાહાણુને રોગના સબબથી દુર રાખવા બાબતના અથવા તે સબબથી દુર રાખેલા વાહાણોનો કીનારા સાથેનો અથવા બીજા વાહાણો સાથેનો વહેવાર કમ ચાલે તેનો બંદોબસ્ત કર્યા બાબતની અથવા જે જગોમાં કાંઇ ચેપી રોગ ચાલતો હોય તે જગો તથા બીજી જગોની વચ્ચે વેહેવાર કમ ચાલે તેનો બંદોબસ્ત કરવા બાબતની હીન્દુસ્તાનના સરકારે અથવા કોઇ પણ સરકારે જાહેર કરીને કરેલી કોઇ કાનુન જે માણસ જાણીબુજીને ન માને તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

૨૭૨. કોઈ માણસ કાંઈ ખાવાની અથવા પીવાની વસ્તુમાં ભેળ કરે એવી રીતે કે તેથી જે વસ્તુ ખાવાથી અથવા પીવાથી

---

૧. કેહુન. વિ. મેથ્યુઝ. ૨૪ ક. ૪૬૪.

૨. રેનાઇના. વિ. કૃષ્ણાપા. ૭ મ. ૨૭૬.

વેચવાનો ઇરાદો રાખેલી ખાવાની અથવા પીવાની વસ્તુમાં કાંઇ ભેળ કરવી. અવગુણ થાય અને એવા ઇરાદાથી કે તે વસ્તુ ખાવાને અથવા પીવાને વેચવી અથવા તે ખાવાને અથવા પીવાને વેચાશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં તો તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બન્નેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—ખાવાનો અથવા પીવાનો પદાર્થ તન્દુરસ્તીને નુકશાન કરે એવી કોઇ પણ વસ્તુનો બનેલો હતો એવું સાબીત કર્યા સીવાય ભેળસેળ કરનાર માણસને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી શકાશે નહી.૧

૨૭૩. જે વસ્તુ અવગુણકારક કરેલી અથવા થએલી હોય અથવા ખાવા અથવા પીવાજોગ સ્થીતીમાં ન હોય તેવી કાંઇ વસ્તુ ખાવા **ખાવાની અથવા પીવાની અવગુણકારક વસ્તુ વેચવી.** અથવા પીવાની વસ્તુ દાખલ કોઇ માણસ વેચે અથવા વેચવાનું કહે અથવા વેચવા મુકે અને તે વસ્તુ ખાવામાં અથવા પીવામાં અવગુણકારક છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં એ પ્રમાણે કરે તો તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—ભેળસેળ કરેલી એવી હોવી જોઇએ કે જેથી તન્દુરસ્તીને નુકશાન થાય. આ કલમમાં વાપરેલા "અવગુણકારક" શબ્દનો અર્થ પણ તન્દુરસ્તીને નુકશાન કરતા એવો થાય છે, દુધમાં પાણી ભેળવવું, ચામાં લવીંગનાં પાંદડાં ભેળવવાં, અથવા બુંદદાણામાં **ચીકોરી** (chikory) મેળવવી તે સજાને પાત્ર નથી. પરંતુ બીર દારૂમાં સ્ટ્રીકનાઈન (ઝેરી દવા) મેળવવું, સ્પીરીટસ (ઘણો જલદ દારૂ)માં ગંધકનો તેજાબ મેળવવો, કેક (બીસ્કીટ) ઉપર રાતા સીસાનું પડ ચડાવવું, અને તેવાંજ બીજાં ઝેરી મીશ્રણો કરવાં તે બધાં સજાને પાત્ર થશે.૨

હલકો ખોરાક, જો તે અવગુણકારક છે એવું બતાવવામાં ન આવ્યું હોય તેમ તે સસ્તો વેચવો તે ગુન્હો નથી.૩

૨૭૪. કોઇ માણસ કાંઇ વસાણામાં અથવા તૈયાર કરેલા ઔષધમાં કાંઈ ભેળ કરે એવી રીતે કે તેથી તે વસાણાનો અથવા **વસાણામાં ભેળ કરવી.** તૈયાર કરેલ ઔષધનો ગુણ ઓછો થાય અથવા તેની અસર બદલાય અથવા તે અવગુણકારક થાય અને તેમાં તેવી કાંઇ ભેળ ન થઇ હોય એ પ્રમાણે તે કાંઈ દવાના કામને સારૂ વેચવી અથવા વાપરવી એવા ઇરાદાથી અથવા તેવા કામમાં તે વેચાશે અથવા વપરાશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં તે એ પ્રમાણે કરે તો તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

---

૧. રેજાઇના વિ કાલુ. ૧૮ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનુ. ૬૧

૨. મેઇનકૃત ક્રીમીનલ લૉ.

૩. રેજાઈના વિ. ગણેશ. પંજાબ રેકરડઝ. ૧૮૭૧ નું ૧૭ મું.

ભેળ થએલાં વસાણાં વેચવાં.

૨૭૫. કાંઇ વસાણામાં અથવા તૈયાર કરેલા ઔષધમાં તેનો ગુણ ઓછો થાય અથવા તેની અસર બદલાય અથવા તે અવગુણ-કારક થાય એવી રીતે કાંઇ ભેળ થએલી છે એમ જાણીને જે માણસ તે વસાણું અથવા તૈયાર કરેલું ઔષધ તેમાં ભેળ ન થઈ હોય એ પ્રમાણે કંઈ દવાના કામને સારૂં વેચે અથવા વેચવાનું કહે અથવા વેચવા મુકે અથવા કોઈ દવા-ખાનામાંથી આપે અથવા જે સખસને તેમાં ભેળ થએલી ખબર ન હોય એવા કોઇ સખસ પાસે તે દવા કામમાં વપરાવે તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—આ અને પાછલી કલમમાં 'ભેળ' શબ્દ વાપર્યો છે તે એવું બતાવે છે કે તે દવામાં કાંઈ બહા-રના તત્વની મેળવણી કરેલી હોવી જોઇએ અને તેટલા માટે એકને એકજ દવાની ઉતરતી જાત વેચવી તે ભેળ કરેલી દવા વેચેલી ગણાશે નહી. પરંતુ જો તે દવામાં પાણી અથવા એવીજ બીજી કાંઇ વસ્તુ ભેળવીને તે દવાનું જોર, ગુણ અને અસર ઓછી કરી નાંખી હોય તો તેવી ભેળ કરેલી દવા વેચવી તે આ કલમ પ્રમાણે ગુન્હો થશે. તે દવામાં એટલી બધી ભેળ કરેલી હતી કે તે જીંદગીને અવગુણકારક (નુકશાન કર્ત્તા) થશે એવું સાબીત કરવાની જરૂર નથી. બીજી કોઈ પણ બહારની વસ્તુની તે દવામાં ભેળ કરવાથી તે દવાનો ગુણ ઓછો થઈ ગયો છે એટલુંજ સાબીત કરવું બસ થશે; કેમકે આ કલમમાં દવાનો ગુણ ઓછો થઇ જવાનુંજ માત્ર બતાવેલું છે.

કાંઇ વસાણાને તે જુદું અથવા વસાણું તૈયાર કરેલું ઔષધ હોય એ રીતે વેચવું.

૨૭૬. કંઇ વસાણું અથવા તૈયાર કરેલું ઔષધ તે જુદુ વસાણું અથવા તૈયાર કરેલું ઔષધ હોય એવી રીતે કાંઈ દવાના કામને સારૂં જે માણસ જાણીબુઝીને વેચે અથવા વેચ-વાનું કહે અથવા વેચવા મુકે અથવા કોઈ દવા-ખાનામાંથી આપે તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—આ કલમ પ્રમાણે થતા ગુન્હામાં, બદલેલી દવામાં કાંઇપણ ભેળસેળ અથવા હલકી જાતનો સવાલ નથી. જે દવા હોવાનું તે (દવા) ઉપર બતાવવામાં આવ્યું તે દવા તે ખરી રીતે નથી એટલુંજ (સાબીત કરવું) બસ છે. કોઇ કેમીસ્ટ (દવા વેચનાર) કાંઈ એવી દવા ખોળી કાઢે કે જે તેના ધારવા પ્ર-માણે કવીનાઇન (કોયદન)ના જેટલીજ અસરકારક હોય, અને જે અડધી કીંમતે મળી શકતી હોય છતાં જો કે તે બરાબર કવીનાઇનના જેટલાજ કામમાં આવી શકતી હોય તો પણ, તે દવાને કવીનાઇન તરીકે વેચ-વામાં તે વ્યાજબી ગણાશે નહી. (કોઇને) કરેલા નુકશાનમાં ઠગાઈ રહેલી નથી, પણ જે માણસો એમ ધારે છે કે તેઓ અમુક દવા વાપરે છે તેઓને (તે દવા વેચનારાની) જે જુઠી હકીકતને લીધે બીજી દવા તેમની મરજી વિરૂદ્ધ વાપરવી પડે છે તે જુઠી હકીકતમાં ઠગાઈ રહેલી છે.[૧]

૨૭૭. કોઇપણ સાર્વજનીક ઝરા અથવા જળાશયનું પાણી જે માણસ બુદ્ધિ-

---

૧. નાઈટ વિ. બાવરસ. ૧૪ કવીન્સ બેન્ચ ડીવીઝન પાનું ૮૪૫.

સાર્વજનીક ઝરા અથવા જળાશયનું પાણી મેલું કરવું.

પૂર્વક બીગાડે અથવા મેલું કરે એવી રીતે કે તેથી તે પાણી રોજ જે કામમાં વપરાતું હોય તે કામને સારૂં તે ઓછું લાયક થાય તો તે માણસને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા પાંચસેં રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—આ કલમમાં વાપરેલા "સાર્વનીક ઝરો અથવા જળાશય" શબ્દોમાં સાર્વજનીક નદીનો સમાવેશ થતો નથી તેટલા માટે એવું ઠરાવવામાં આવ્યું છે કે માછલાં પકડવાના કામને સારૂ નદીમાં ડાળીઓ પાથરવી તે આ કલમ પ્રમાણે ગુન્હો નથી.૧ તેજ પ્રમાણે મદ્રાસ હાઇકોરટે પણ એવું ઠરાવ્યું છે કે "સાર્વજનીક ઝરો" શબ્દોમાં નદીના પટ ઉપર તળીએ વહેતા પાણીના ચાલુ ઝરાનો સમાવેશ થતો નથી.૨ વળી વહેળીઆનું પાણી જોકે ખાબોચીઆમાં ભરાયલું હોય, તોપણ તે આ કલમ પ્રમાણે "સાર્વજનીક ઝરો" બનતો નથી.૩ તેમજ નાળાનું પાણી પણ સાર્વજનીક ઝરો" નથી.૪ જે તળાવ ન્હાવાના કામને સારૂ કોઈ પણ કાયદેસર હુકમથી જુદું (અલાહેદુ) રાખ્યું નથી તેવા તળાવમાં માત્ર નહાવાને આ કલમ લાગુ પડતી નથી.૫ જે તળાવનું પાણી પીવાના કામને સારૂ ઉપયોગમાં લેવામાં આવતું હતું તે તળાવમાં ટોપલી અને જાળથી માછલાં પકડવાં તે ગુન્હો હતો એમ ઠરાવવામાં આવ્યું હતું, કેમકે ટોપલીઓના ઉપયોગથી કાદવ સહેજ ડોહોળાયો હતો.૬

માજીસ્ત્રેટોની બેન્ચને આ અને આની નીચેની કલમો પ્રમાણે ગુન્હાની સંક્ષેપ તપાસ કરવા સારૂ આપેલી સત્તાના સબંધમાં જુઓ ફોજદારી કામ ચલાવવાના કાયદા (૧૮૯૮ ના આકટ ૫ મા) ની કલમ ૨૬૧.

૨૭૮. કોઇ જગ્યાની હવા જે માણસ બુદ્ધિપૂર્વક બીગાડે એવી રીતે કે તેથી તે જગ્યાની પડોશમાં ઘણું કરીને રહેનારા અથવા ધંધો કરનારા અથવા કોઇ સરીઆમ રસ્તા ઉપર ફરનારા સખસોની તન્દુરસ્તીમાં બીગાડ થાય તે માણસને પાંચસેં રૂપીઆ સુધીના દંડની શીક્ષા કરવામાં આવશે.

હવાને તન્દુરસ્તીમાં બીગાડ કરે એવી રીતે કરવી.

ટીકા.—જાહેર (સાર્વજનિક) રસ્તામાં ઝાડે ફરવા બેસવાનું કૃત્ય આ કલમ પ્રમાણે ગુન્હો નથી.૫

૨૭૯. કોઇ સરીઆમ રસ્તા ઉપર જે સખસ કાંઇ ગાડી એવી બેપીકરી અથવા ગફલતી ભરેલી રીતે હાંકે અથવા સ્વારી કરે કે તેથી માણસની જીંદગી જોખમમાં આવે

સરીઆમ રસ્તા પર બે-

---

૧. રેજાછના વિ. તલોધર. ૨ ક. ૩૮૩; રેજાઈના. વિ. પથા. મુંબાઇ હાયકોર્ટના ક્રીમીનલ રૂલીંગ. તા. ૨–૭–૧૮૬૯.

૨. રેજાઇના. વિ. વિટ્ટી ચોક્કાન. ૪ મ. ૨૨૯.

૩. રેજાઇના. વિ. હરી. મુંબાઈ હાઇકોરટનાં ક્રીમીનલ રૂલીંગ તા. ૧–૧૦–૧૮૮૫.

૪. રેજાઇના. વિ. નિલાપા. મુંબઈ હાઇકોરટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ. ૧૮૯૮ નું ૧૭ મું.

૫. ઘેરફૂત લૉ ઑફ ઑફેન્સીસ એન્ડ ક્રીમીનલ લૉ. પાનુ ૧૦૭.

૬. રેજાઈના વિ. પુની. વેરફૂત લૉ. ઑફ ઑફેન્સીસ એન્ડ ક્રીમીનલ લૉ. પાનુ ૧૩૯.

ફીકરાઇથી હાંકવું અથવા સ્વારી કરવી. અથવા કોઇ બીજા સખસને વ્યથા અથવા નુકશાન થશે એવો સંભવ દેખાય તે સખસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.--"**ગફલતી**" કોને કહેવી:—ગફલતી એટલે જે વિચારોને લીધે માણસ જાતનાં કામકાજનો વહિવટ સામાન્ય રીતે નિયમસર ચાલે છે તેવા વિચારોથી દોરવાઇને (સાધારણ) બુદ્ધિવાળો માણસ જે કાંઇ કરે તે કરવામાં કસુર કરવી, અથવા વિચારવંત અને (સાધારણ) બુદ્ધિવાળો માણસ જે કાંઈ ન કરે તે કરવું તે.

'**બેફીકરાઇ**' અને ગફલતી વચ્ચે ભેદ:—ઇજાકારક અને ગેરકાયદેસર પરીણામ થઇ જાય એવું જાણીને, પણ તેવાં પરીણામ થશે નહી એવી આશા રાખીને, અને ઘણી વખત તે કૃત્ય કરનારે તેવાં પરીણામ થતાં અટકાવવાની જોઇએ તેટલી સંભાળ લીધી છે એવું માનીને કાંઇ કૃત્ય કરવું તે **ગુન્હેગારી ભરેલી બેફીકરાઈ** છે; જાણતાં છતાં તે કૃત્ય કરવાથી ગુન્હેગારી ઉત્પન્ન થાય છે.

ગેરકાયદેસર અને ઈજાકારક પરિણામ થશે એવી જાણ વગર, પણ જે બીના એવું બતાવે કે તે કૃત્ય કરનારે તેને માથે ફરજીઆત રીતે રહેલી (તેને લેવી જોઇતી) સંભાળ લીધી નથી, અને જો તેણે તેવી સંભાળ લીધી હોત તો તેને (તે બાબતની) જાણ થાત, તેવી બીનાની અંદર કાંઈ કૃત્ય કરવું તે ગુન્હેગારી ભરેલી ગફલતી છે; સાવચેતી રાખવાની સામાજીક ફરજ વિશે બેદરકાર રહેવાથી ગુન્હેગારી ઉત્પન્ન થાય છે.૨

૨૭૯ મી, ૨૮૩ મી, ૨૮૫ મી, ૨૮૬ મી અને ૨૮૭ મી કલમોમાં વપરાયેલા "નુકશાન" શબ્દમાં કોઈ પણ માણસની જીંદગીને તેમજ મીલકતને નુકશાન થવાનો સમાવેશ થાય છે.૩

આ ૨૭૯ મી કલમ પ્રમાણેના ગુન્હાનું તત્વ નુકશાન (થવા) ના સંભવમાં રહેલું છે, અને નુકસાન ખરેખર થવામાં રહેલું નથી, કેમકે બધી કલમોમાં "વ્યથા અથવા નુકશાન થશે એવો સંભવ દેખાય." એવા શબ્દો અથવા તેના જેવાજ બીજા શબ્દો છે. તેથી કરીને બેરીકરાઈ ભરેલા અથવા ગફલતી ભરેલા કૃત્યના પરીણામે જીંદગીને અથવા મીલકતને નુકશાન થવું જોઈએ એ કાંઈ જરૂરનું નથી.૪

એક કેસમાં તહોમતદારને આ કલમ મુજબ જાહેર રસ્તા (રાજમાર્ગ) ઉપર બેરીકરાઈથી સ્વારી કરવા બદલ ગુન્હેગાર ઠરાવ્યો હતો. જે વખતે તેણે બેરીકરાઇથી અથવા ગફલતીથી સ્વારી કરી એવું બતાવવામાં આવતું હતું તે વખતે તકરારી રાજમાર્ગ ઉપર કોઈ પણ માણસ હતું તેની કાંઇ પણ સાબીતી (પુરાવો) નહોતી એવા કારણસર તેને ગુન્હેગાર ઠરાવવું તે ગેરવ્યાજબી હતું એવી તે તહોમતદારે તકરાર બતાવી; પણ તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે જાહેર રસ્તો (રાજમારગ) વાપરનારાઓને તે તહોમતદારના કૃત્યથી જોખમમાં આવી પડવાનો સંભવ હતો તે વાત ધ્યાનમાં લેવાની કોર્ટને સત્તા હતી જે અપકૃત્યની સામે ધા કરવા (દાબી દેવા) નો આ ૨૭૯ મી કલમનો હેતુ છે તે અપકૃત્યની અંદર તે તહોમતદારનું કૃત્ય આવી જતું હતું, અને તેના તે કૃત્યનો આ કલમના શબ્દોની અંદર સમાવેશ થઇ જતો હતો.૫

---

૧. રેજાઇના. વિ. મહમદ શેઠ. મુંબાઈકોરટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ તા. ૨૯ મેએ સને ૧૮૮૪.

૨. રેજાઇના. વિ. નિદામારતી. ૭ મદ્રાસ હાઇકોરટ રીપોર્ટસ. ૧૧૯; રેજાઈના. વિ. કિતાબ્દી ૪ ક. ૭૬૪.

૩. રેજાઈના. વિ નાથા લલુ. ૫ બોમ્બે હાઈકોર્ટ રીપોર્ટસ (ક્રીમીનલ કેસીસ) પાનુ. ૯૭.

૪. ૬ મદ્રાસ હાઈકોરટ રીપોર્ટસ, પરીશિષ્ટ પાનું ૩૩ (XXXIII.)

૫. રેજાઇના. વિ. હોરમસજી નવરોજજી ૧૯ મું. ૭૧૫.

જ્યાં સ્વારી કરતી વખતે એક સ્ત્રીને ઇજા કરવા બદલ તહોમતદારને આ કલમ મુજબ ગુન્હેગાર ઠરાવી સજા કરવામાં આવી હતી, ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે બીજાઓની સલામતીને માટે ડાહ્યા વિચારવંત માણસે જે સંભાળ લેવાનું ધારી શકાય (જે સંભાળ તે લેશે એવી આશા રાખી શકાય) તેવી સંભાળ લીધા વગર તહોમતદાર બેફીકરાઈથી અથવા ગફલતીથી સ્વારી કરતો હતો એવું સાબીત કરવું જોઇતુ હતું. જો તેની પોતાની ભુલથી નહી, (પણ કોઈ બીજાજ કારણથી—દાખલા તરીકે ભડકવાથી) ઘોડો તેના હાથમાં (દાબમાં) ન રહ્યો હોય, અને એવો ઝડપથી નાઠો જતો હોય કે વચ્ચે આવી જનાર પગે ચાલનારા રાહદારી ઉપર તે ઘોડાને (ચાલી) જતો અટકાવવાને તે અશક્ત હોય તો (તે રાહદારીને કાંઈ ઇજા થવા બદલ તે જવાબદાર થશે નહી પણ) જો તે રાહદારી બરાબર રીતે વિચારવંતપણે વરત્યો હોય તોજ (માત્ર) તે તહોમતદાર જવાબદાર થશે.૧

જે ગાડાના બળદને નાથ (નાકે બાંધેલી દોરીઓ) ન હોય તેવું ગાડુ હાંકવું તેજ માત્ર આ કલમ પ્રમાણે ગુન્હો નથી.૨

મી. કોલેટ સાહેબ **ગફલતીથી ઉત્પન્ન થતી દીવાની અને ફોજદારી જવાબદારીની વચ્ચે** નીચે મુજબ ભેદ બતાવે છેઃ—

જે ગફલતી બદલ ફોજદારીમાં ફરિયાદ થાય તેવી, અને જેને માટે દીવાનીમાં દાવો બંધાય તેવી ગફલતીની વચ્ચે ભેદ છે, અને તે એ છે કે જો સારે નશીબે ગફલતી ભરેલા કૃત્ય અથવા ગફલતી ભરેલી કસુરને લીધે કાંઈ પણ ઇજાકારક પરિણામ ન થયું હોય તો તે ગફલતી બદલ દીવાની દાવો ચાલી શકશે નહી; પરંતુ જે ગફલતીથી ઈજા થવાનું જોખમ રહેલું હોય તેવી ગફલતી માત્ર, પછી જો કે તે ગફલતીથી કોઇ પણ માણસને ખરેખર ઈજા ન થઈ હોય તો પણ તે ફોજદારી કોર્ટથી સજાને પાત્ર છે.૩

બેફીકરાઈથી સ્વારી કરવા (ઘોડાગાડી હાંકવા)ને લીધે થયેલી અથડા અથડી અથવા ઈજાની બાબતમાં, તે ગાડીનો માલીક નહી, પણ ખરેખરો હાંકનાર (પોતે) આ કલમ પ્રમાણે જવાબદાર છે.૪ ફોજદારી કેસમાં દરેક માણસ તેના પોતાના કૃત્યને વાસ્તે જવાબદાર છે.૫ જ્યારે દીવાની કેસમાં દરેક માણસ તેના નોકર અથવા ગુમાસ્તાના કૃત્યને માટે પણ જવાબદાર થશે. ઉપર જણાવેલા ઘોડાગાડી હાંકવાના કેસમાં ઇજા પામનાર માણસ તે ગાડી હાંકનાર ઉપર અથવા તેના શેઠ (ગાડીના માલીક) ના ઉપર બેમાંથી ગમે તેના ઉપર દીવાનીમાં નુકશાનીનો દાવો લાવી શકે.

આ કલમ પ્રમાણે બનતા ગુન્હામાં તહોમતદાર સામાન્ય રીતે એટલોજ બચાવ લાવી શકે કે જે અપકારક કૃત્યના સબંધમાં ફરિયાદ કરવામાં આવી છે તે માત્ર અકસ્માત હતો; દાખલા તરીકે, ઘોડો હાથમાં (દાબમાં) રહ્યો નહી.૬ અથવા રેલ્વેની સીગ્નલો (નિશાનો) બીલકુલ દેખાઇ શકી નહી, અથવા તો વખતસર દેખાઈ શકી નહી.

બેફીકરાઈથી વહાણ ચલાવવું.

૨૮૦. જે સખસ કંઇ વહાણ એવી બેફીકરી અથવા ગફલતી ભરેલી રીતે ચલાવે કે તેથી માણસની જીંદગી જોખમમાં આવે અથવા કોઇ બીજા સખસને વ્યથા અથવા નુકશાન થશે એવો સંભવ દેખાય તે સખસને છ

---

૧. રેજાઇના. વિ. બાલન્કી. ૧ સેન્ટ્રલ પ્રોવીન્સીસ રીપોર્ટસ પાનુ. ૧૧૨.

૨. રેજાઇના. વિ. ગણપતી. મુંબાઈ હાઇકોરટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ. તા. ૧૨ મી ઓગસ્ટ સને ૧૮૯૯.

૩. કોલેટકૃત કામેન્ટસ. ઓન ધી ઇન્ડીયન પીનલકોડ (પીનલકોડ ઉપર કોલેટ સાહેબની ટીકા.)

૪. લેરીમોર. વિ. પરનેન્ડુ. ૧૪ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૩૨.

૫. ડાનીએલ વિ. મેટરો પોલીટન રેલવે કંપની. લો. રીપોરટસ ૩ કોમન પ્લીઝ પાનું. ૨૧૬; રેજાઇના. વિ. એલન. ૭ કેરીંગટન એન્ડ પેઈન. પાનુ. ૧૫૩.

૬. હેમક. વિ. વ્હાઇટ. ૩૧ લો જનરલ કોમન પ્લીઝ. પાનુ. ૧૨૯

મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—જે પ્રમાણે પાછલી ૨૭૯ મી કલમ જમીન ઉપરના રસ્તાઓના સંબંધમાં (અમુક ગુન્હાનું નીરૂપણ કરે) છે, તેજ પ્રમાણે આ કલમ જળમારગના રસ્તાઓના સંબંધમાં છે, અને તે પાછલી ૨૭૯ મી કલમના જેવીજ છે. તથા કોઈ પણ વહાણ બેરીકરાઈથી અને ગફલતીથી હંકારવાની સામે નિયમ નિરદિષ્ટ કરે છે પરંતુ તેમાં એ ધ્યાનમાં રાખવાનું છે કે આ કલમ સાર્વજનિક વહાણ ચાલી શકે તેવાજ જળમાર્ગને માત્ર લાગુ પડે છે એમ નથી, પરંતુ જે જળમાર્ગ ચોકસ રીતે ખાનગી મીલકત હોય તે જળમાર્ગનો પણ તેમાં સમાવેશ થઇ જાય છે. પરંતુ ૨૭૯ મી કલમ ખાનગી [માલકીના] મારગના સબંધમાં લાગુ પડતી નથી.૧

એક ઉતારૂઓની હોડીના કંટ્રાકટરની સામે આ તથા ૧૦૯ મી કલમ પ્રમાણે હોડી બેરીકરાઇથી હંકારવામાં મદદગારી કરવાનું તહોમત મુકવામાં આવ્યું હતું. તે કંટ્રાકટરની સામે પુરાવો માત્ર એટલોજ હતો કે તેનો કંટ્રાકટ (કરાર) પરીપૂર્ણ કરવાને સારૂ તેણે ભાડે રાખેલી હોડીમાં તેને સમતોલ રાખવાને જોઇએ તેટલા રેતીના કોથળા (બાલાસ્ટ–ballast) નહી હોવાને લીધે તે હોડી ઉંધી વળી ગઇ હતી આટલા પુરાવા ઉપરથી તેને આ તથા ૧૦૯ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી સજા કરવામાં આવી હતી. તેણે કરેલી અપીલમાં હાઇકોર્ટે એવું ઠરાવ્યું હતું કે તેને ગુન્હેગાર ઠરાવી કરેલી સજા ગેરવ્યાજબી હોવાથી રદ કરવી જોઇએ, કેમકે સલામતીથી હોડી હંકારવાને સારૂ જાણ (સમજ) પ્રમાણે જેટલા જરૂરના હતા તેટલા રેતીના કોથળા (બાલાસ્ટ) તે હોડીમાં નહી મુકવાની તે કંટ્રાકટરે ઈરાદા પુર્વક કસુર કરી હતી એવું બતાવનારો કાંઇ પણ પુરાવો હતો નહી.૨

ખોટું અજવાળું નીશાની અથવા બોયું દેખાડવું.

૨૮૧. કોઇ માણસ કાંઇ ખોટું અજવાળું અથવા નીશાની અથવા બોયું દેખાડે એવા ઈરાદાથી કે તે દેખાડેથી કોઈ વહાણ ચલાવનારો ઠગાય અથવા ઠગાશે એવો સંભવ છે એવું જાણીને તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ઘણો ભાર ભરેલ અથવા દહેસતવાળા વહાણમાં ભાડું કરીને કોઇ સખસને જળ માર્ગે લઇ જવો.

૨૮૨. જે વહાણ એવી હાલતમાં અથવા એટલું ભરેલું હોય કે તેમાં જનારા સખસની જીંદગી જોખમમાં રહે તેવા કોઇ વહાણમાં બેસાડીને ભાડાને સારૂં જે માણસ જાણીબુજીને અથવા ગફલતથી કોઇ માણસને જળમાર્ગે લઇ જાય અથવા મોકલે તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—એક ઉતારૂઓની હોડીવાળો કેટલાક માણસોને પોતાની હોડીમાં બેસાડીને નદીપાર લઇ જતો હતો. તે નદીની અંદર મછવો ડુબી જવાથી તે ઉતારૂઓ બધા ડુબી મુઆ. તે કેસમાં એવું ઠરાવવામાં

---

૧. કોલેટકૃત કોમેન્ટસ ઓન ધી ઈન્ડીયન પીનલકોડ (પીનલકોડ ઉપર કોલેટ સાહેબની ટીકા.)

૨. રેનાઇના. વિ. સખારામ ગોવીન્દ. મુંબાઈ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ. તા. ૨૮ મી જુલાઈ સને ૧૮૭૦.

આવ્યું હતું કે તે હોડીવાળા (તહોમતદાર)ને ૨૯૯ મી કલમ પ્રમાણે શિક્ષણીય મનુષ્ય વધનો ગુન્હેગાર ઠરાવી શકાય નહી, કેમકે તે કલમ પ્રમાણે તેના આવા કૃત્યથી મોત નીપજવાનો સંભવ હતો એવી જાણ (જ્ઞાન) સાથે તે આ પ્રમાણે વરત્યો હતો એવું બતાવવાને કાંઈ પણ પુરાવો નહોતો તેથી તે તહોમતદારને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી સજા કરવામાં આવી હતી.૧

એક કેસમાં એક માણસ બીજા બે જણાની મદદથી એક ઉતારૂઓની હોડી ચલાવતો હતો. તે હોડી હાલહવાલ થઇ ગયેલી હતી, અને તેમાં ફાટ પડી હતી. તે હોડીમાં તે માણસે સો ઉતારૂઓ બેસાડયા, જેને લીધે તે હોડી ઉંધી વળી ગઇ, અને સાત માણસો ડુબી મુવા; તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે માણસને ૩૩૬ મી કલમ પ્રમાણે નહી પણ આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવો જોઈતો હતો.૨

જળમારગે ઉતારૂઓને લઈ જનારાઓની ગફલતીની સામે આ કલમ ગુન્હાનું નિરૂપણ કરે છે. "જળ "મારગે ઉતારૂઓને લઇ જનારા વર્ગની (ગફલતીની) બાબતમાં ખાસ કરીને નિયમ સ્થાપીત કરવાનું "કારણ એ છે કે તે (વર્ગ) સામાન્ય જનસમુહને અસર કરે તેવાં (જનસમુહની સાથે નિકટનો સંબંધ "ધરાવનારો) ધંધો ચલાવે છે, અને જળમાર્ગે ઉતારૂઓને લઇ જવામાં કરેલી ગફલતીનાં સંભવીત પરીણામો, "જમીન માર્ગે મુસાફરોને લઇ જવામાં થતી ગફલતીનાં સંભવિત પરીણામે સાધારણ રીતે જેટલાં ગંભીર "(જોખમ ભરેલાં) છે તેના કરતાં વધારે ગંભીર (જોખમ ભરેલાં) છે."૩

જો વહાણ માત્ર તેના કપ્તાન અને ખલાસીઓ સાથેજ ડુબે તો આ કલમ પ્રમાણે તે વહાણના માલીકને માથે કાંઈ પણ જવાબદારી રહેશે નહી, પરંતુ જો તે વહાણની અંદર એક પણ ઉતારૂ ડુબે તો, જો કે તે ઉતારૂને મફત કાંઈ પણ ભાડુ લીધા વગર બેસાડયો હોય તોપણ, તે માલીકને કાંઇ પણ બચાવ રહેશે નહી, (અને તે ગુન્હેગાર ઠરશે).૪

સરીઆમ રસ્તા અથવા વહાણના રસ્તામાં ભય અથવા અડચણ કરવી.

૨૮૩. જે માણસ કાંઇ કરવાથી અથવા પોતાના કબજા અથવા હવાલા માંહેલી કાંઇ મીલકતનો બંદોબસ્ત રાખવામાં કસુર કરવાથી ખુશકીના અથવા તરીના સરીઆમ રસ્તામાં કોઇ સખસને ભય અડચણ અથવા નુકશાન કરે તે માણસને બસેં રૂપીઆ સુધીના દંડની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—"અડચણનો" અર્થ:—બે માણસો માજીસ્ટ્રેટની કોર્ટમાં જતા હતા, તેમને તહોમતદારે પોતાની પાસે બોલાવીને પુછયું કે તેમને શું કામ હતું. તે માણસોએ કહ્યું કે તેમને ફરિયાદ અરજી (માજીસ્ટ્રેટને) આપવી હતી. તેણે તે માણસોને પોતાની સાથે આવવાનું કહ્યું, અને તે તેઓને એક પારસીની પાસે લઈ ગયો, અને તે પારસીએ તેમની ફરીઆદ લખી આપી. આટલી હકીકત ઉપરથી માજીસ્ટ્રેટે તે તહોમતદારને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવ્યો. પરંતુ અપીલમાં હાઇકોર્ટે એવું ઠરાવ્યું કે તહોમતદારનું કૃત્ય આ કલમની સરતોની અંદર આવી જતું નહોતું, કેમકે તેણે ફરીયાદીઓને કોઇ પણ કૃત્યથી (કોઇ પણ રીતે) અડચણ કરી નહોતી, અર્થાત, જ્યાં તેઓને જવું હતું ત્યાં જતા તેઓને તેણે અટકાવ્યા નહોતા.૫

એક કેસમાં તહોમતદારોની સામે સામાન્ય રીતે (મોઘમ) સાર્વજનિક રસ્તામાં અડચણ કરવાનું તહોમત મુકવામાં આવ્યું હતું, પણ કોઇ પણ માણસને કાંઈ ભય, અડચણ અથવા નુકશાન થયાનું બતાવવા-

---

૧. રેજાઈના વિ. મગીની. ૧૧ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનુ. ૩.

૨. રેજાઇના વિ. ખોડા ૧ બોમ્બે હાઇકોરટ રીપોરટસ. પાનુ. ૧૩૭.

૩. કોલેટકૃત કોમેન્ટસ ઓન ધી ઈન્ડીયન (પીનલકોડ ઉપર ટીકા)

૪. રતનલાલકૃત ઇન્ડીયન પીનલકોડ.

૫. રેજાઇના વિ. હરિચંદ ભાસ્કર. ૧ બોમ્બે લૉ રીપોરટર પાનુ. ૫૧૭

માં આવ્યું નહોતું તે છતાં તે તહોમતદારોને સંક્ષેપ તપાસ કરીને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા. પરંતુ તે કેસમાં હાઈકોર્ટે એવું ઠરાવ્યું હતું કે તેમને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવું તે ગેરવ્યાજબી હતું.૧ બીજા એક કેસમાં ઉપર મુજબ હકીકત હતી, અને વધારામાં, તે રસ્તો સાર્વજનિક રસ્તો હતો એવું બતાવનારો કાંઈ પણ સ્પષ્ટ પુરાવ નહોતો, છતાં માજીસ્ટ્રેટે તહોમતદારને ગુન્હેગાર ઠરાવ્યો હતો. પરંતુ અપીલમાં હાઈકોર્ટે ઠરાવ્યું કે તેને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી શકાય નહી.૨

જે માણસને કોરટે સાક્ષી તરીકે બોલાવેલો હોય તે માણસને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી તેનો દંડ કરી શકાય નહી. ૩.

એક કેસમાં એક પોલીસના માણસે એવી જુબાની આપી કે " રસ્તે જનારા લોકોને અડચણ થાય તેવી " રીતે પ્રતીવાદીના ઘરની બાજુએ રસ્તા ઉપર દુરગંધ મારતી જાળ સુકવેલી તેણે જોઈ હતી. " તે કેસમાં કોરટે એવું ઠરાવ્યું કે " કોઇ પણ અમુક (ચોકસ) માણસને અથવા માણસોને અડચણ થઇ હતી. " તેવું તે (જુબાની)થી પુરતી રીતે 'જણાતું" (સાબીત થતું) નહોતું તેથી આ કલમ પ્રમાણે કાંઈ પણ ગુન્હો થતો નહોતો. ૪.

બંગાળામાં ચુકેલા એક કેસમાં હકીકત એવી હતી કે વહાણોની આવ જા થાય તેવી નદીની અંદર ઠેઠ સુધી માછલા પકડવાને સારૂ એક વાંસની આડ મુકી હતી તે આડનો એક કકડો આઘો પાછો થઇ શકે એવો હતો કે જેની અંદર થઇને હોડીઓ પસાર થઈ શકે, અને કાંઈ પણ અકસ્માત થતો અટકાવવાને સારૂ તેના ઉપર ચોકી રાખવામાં આવી હતી, અને બત્તી સળગાવવામાં આવતી હતી. આ હકીકત ઉપરથી હાઇકોરટે આ ૨૮૩ મી કલમ પ્રમાણે ગુન્હો થાય તેવી રીતે કોઈ અમુક માણસને નુકશાન થયું હતું કે નહી તેનો નીર્ણય કર્યા વગર, એવુ ઠરાવ્યું કે ૨૬૮ મી કલમ પ્રમાણે તે આડ (હરકત) ને લીધે અપકારક કૃત્ય થતું હતું તેમાં તો કાંઈ સંદેહ નહોતો, અને ૨૯૦ મી કલમ પ્રમાણે તે આડ મુકનાર સજાને પાત્ર થતો હતો.૫

જ્યાં કોઈ માણસે ખાનગી મીજબાની આપી હોય ત્યાં માણસોનાં ટોળાં અથવા ગાડીઓથી રસ્તો પુરાઇ (બંધ થઈ) જવાથી ઉત્પન્ન થતી વખત બે વખતની અડચણ (અગવડ) જો તે હરકત ઓછી કરવાને સારૂ યોગ્ય સંભાળ લીધી હોય તો સજાને પાત્ર નથી, પરંતુ નાટકશાળામાં પેસવા માગતા લોકોનાં ટોળાંથી દરરોજ રાતરે રસ્તાઓ બંધ થઈ જાય તે અપકારક કૃત્ય ગણાશે, અને જો કે માત્ર એક પણ માણસ એવી ફરીયાદ કરે કે તેના ઘરમાં જવાનો રસ્તો રોકાઈ ગયો હતો તો તે (કૃત્ય) સજાને પાત્ર થશે. ૬.

એક કેસમાં તહોમતદારે પોતાના વાડા (કમ્પાઉન્ડ) ની અને સરીયામ રસ્તાની વચ્ચે હદ બતાવનારી થુઅરની વાડ રસ્તાના થોડાક ભાગ ઉપર વધવા (ફેલાવા) દીધી, અને તેથી કરીને સરીઆમ રસ્તાને હરકત કરી, તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ કૃત સજાને પાત્ર હતું. ૭.

એક કેસમાં એક બંદરપરના ડક્કાના માલીકે નદીના પટની અંદર ખુટા મારીને ડકકો આગળ વધાર્યો અને તેમ કરીને હોડીઓ આવવા જવાને ઉપયોગી જગ્યાનો ત્રણ ફુટ જેટલો ભાગ રોકી નાંખ્યો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ "અડચણ" હતી.. ૮

રસ્તા ઉપર વીજળીના તારના થાંભલા અને તાર વગર અધીકારે નાંખવા તે અડચણ છે, ૯ તેમજ

---

૧. રેગ્નાઇના. વિ. રામસીંગ ૧૧ કલકત્તા લૉ. રીપોરટસ. પાનુ ૪૬૨.
૨. રેગ્નાઈના. વિ. બેનીમાધવ ચક્રવરતી. ૨૫ કલકત્તા ૨૭૫.
૩. રેગ્નાઈના. વિ. જેહાંગીરબક્ષ ૧૬ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનુ ૪૩.
૪. રેગ્નાઇના. વિ. ખાદેર મોઇદીન ૪ મ. ૨૩૫.
૫. પીટીશન ઓફ ઉમેશચંન્દ્ર. ૧૪ ક. ૬૫૬.
૬. બારબર. વિ. પેનલી. (૧૮૯૩) ૨ ચાન્સરી પાનું ૪૪૭.
૭. રેગ્નાઇના. વિ. પાલકોરા. વેરકૃત લૉ ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લૉ. પાનું ૧૪૦.
૮. એટોરને જનરલ. વિ. ટેરી લૉ રીપોરટસ ૯ ચાન્સરી ડીવીઝન. પાનું ૪૨૩.
૯. રેગ્નાઈના. વિ. ધી. યુનાઇટેડ કીંગડમ ઇલેકટ્રીક ટેલીગ્રાફ કંપની. ૩૧ લૉ જનરલ માજીસ્ટ્રેટસ કેસીસ પાનું ૧૬૬.

એક મોટા રસ્તાની નજીકની ખાણમાંથી પથ્થર ફોડવા તે પણ અપકારક કૃત્ય છે. ૧.

એક માણસે એક રેલવે સ્ટેશન ઉપર રસ્તો સાફ છે એવું બતાવનારી કેટલીક ધોળી રેલ્વે સીગ્નલો (નીશાનીઓ) ની જગાએ ભયની લાલ સીગ્નલો (નીશાનો) ગેરકાયદેસર રીતે કરી નાંખી. તેમ કરવાથી એક ટ્રેન કે જે ઝડપ ઓછી કર્યા વગર સ્ટેશન પસાર કરી ગઈ હોત તે લગભગ અટકી તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે માણસે તે ટ્રેનને અડચણ કરી હતી ૨ એક કેસમાં એક માણસ રેલવેના બે પાટાની વચ્ચે બે સ્ટેશનોની મધ્યે એક જગ્યાએ ઉભો રહેલો, અને એક ટ્રેન જેવી પાસે આવતી હતી તેવીજ જ્યારે લાઈન ઇન્સપેક્ટરો બે સ્ટેશનોની વચ્ચે ટ્રેન અટકાવવા માગે છે ત્યારે તેઓ જે રીત વાપરે છે તેવી રીતે તે માણસે પોતાના હાથ (ટ્રેન અટકાવવાને) ઉંચા કર્યા, આને લીધે તે ટ્રેનના એન્જીન ડ્રાઇવરે ટ્રેનની ઝડપ ઓછી કરી, અને તેથી ચાર મીનીટનો અટકાવ થયો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે માણસે ટ્રેનને અડચણ કરી હતી. ૩.

કાંઈ ઝેરી પદાર્થથી ગફ્લતી ભરેલી ચાલ.

૨૮૪. કાંઇ ઝેરી પદાર્થથી જે માણસ કાંઈ કામ એવી બેફીકરાઇ અથવા ગફ્લતી ભરેલી રીતે કરે કે તેથી માણસની જીંદગી જોખમમાં આવે અથવા કોઇ બીજા સખસને વ્યથા અથવા નુકશાન થશે એવો સંભવ દેખાય અથવા જે માણસ પોતાના કબજા માંહેના કાંઈ ઝેરી પદાર્થ સંબંધી તે ઝેરી પદાર્થથી માણસની જીંદગીને સંભાવ્ય જોખમ થતું અટકે એવો બંદોબસ્ત રાખવામાં જાણીબુજીને અથવા ગફ્લતીથી કસુર કરે તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—આ કલમ પ્રમાણે કોઈ માણસને ગુન્હેગાર ઠરાવવાને સારૂ એટલુંજ (સાબીત કરવું) બસ છે, કે જે માણસના કબજામાં ઝેરી પદાર્થ હોય તે માણસે આવા ઝેરી પદાર્થથી મનુષ્યની જીંદગીને થતા કાંઇ પણ સંભાવ્ય જોખમની સામે સંભાળ (સાવચેતી) રાખવાને પુરતો થાય તેવો તે વસ્તુના સંબંધમાં બંદોબસ્ત કરવામાં ગફ્લતીથી કસુર કરી હતી. ગુન્હાનું તત્વ ગુન્હેગારી ભરેલી ગફ્લતીમાં રહેલું છે, અને કોઇ પણ જોખમ ભરેલો પદાર્થ એક માણસના કબજામાં છે તે વાત પોતેજ, સંભાળ લેવાની ફરજ તે માણસના ઉપર નાંખવાને માટે બસ છે. આ કલમ પ્રમાણે ગુન્હો બનવાને સારૂ એ જરૂરનું નથી કે આ કલમ મુજબ ગફ્લતી ભરેલી કસુરને લીધે કાંઈપણ ભય ભરેલું પરીણામ થવું જોઈએ. ૪.

અગ્નિ અથવા શીઘ્ર જ્વાળાગ્રાહી પદાર્થ સંબંધી ગફ્લતી ભરેલી ચાલ.

૨૮૫. અગ્નિ અથવા કાંઇ શીઘ્ર જ્વાળામુખી પદાર્થથી જે માણસ કાંઈ કામ એવી બેફીકરી અથવા ગફ્લતી ભરેલી રીતે કરે કે તેથી માણસની જીંદગી જોખમમાં આવે અથવા કોઇ બીજા સખસને વ્યથા અથવા નુકશાન થશે એવો સંભવ દેખાય અથવા જે માણસ પોતાના કબજા માંહેના કાંઈ અગ્નિ અથવા કાંઇ શીઘ્રજ્વાળાગ્રાહી પદાર્થ સંબંધી તે અગ્ની અથવા શીઘ્રજ્વાળાગ્રાહી પદાર્થથી માણસની

---

૧. રેજાઇના. વિ. મસ્ટેસ. ૩૪ લૉ જનરલ માજીસ્ટ્રેટ્સ કેસીસ. પાનું ૨૨.
૨. રેજાઈના. વિ. હાડરીહડ ૩૯ લૉ જનરલ માજીસ્ટ્રેટસ કેસીસે પાનું. ૨૩૧
૩ રેજાઈના. વિ. હારડી. ૧૧ કોકસ ક્રીમીનલ કેસીસ પાનું ૬૫૯.
૪. રેજાઈના. વિ. હુસેન બેગ. પંજાબ રેકર્ડસ. ૧૮૮૨નું ૧૯ મું.

જીંદગીને કાંઇ સંભાવ્ય જોખમ થતું અટકે એવો બંદોબસ્ત રાખવામાં જાણીબુઝીને અથવા ગફલતીથી કસુર કરે તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—આ કલમ ઉપર એવું ઠરાવવામાં આવ્યું છે કે "કોઇપણ માણસને નુકશાન" એ શબ્દોમાં તેની મીલકતને તેમજ તેની જીંદગીને થતા નુકશાનનો સમાવેશ થઇ જાય છે. ૧.

જ્યાં તહોમતદારનું કૃત્ય બેફીકરાઇ ભરેલું અથવા ગફલતી ભરેલું નહી, પણ બુદ્ધિ પુર્વક (જાણી જોઇને) કરેલું હોય ત્યાં આ કલમ લાગુ પડતી નથી. ૨.

આ કલમ પ્રમાણે કોઈ માણસને ગુન્હેગાર ઠરાવવા સારૂ નીચેની બાબતો સાબીત કરવી જોઇએ;—

(૧) અગ્નિની સાથે બેરીકરાઈ ભરેલું અથવા ગફલતી ભરેલું વર્તન;

(૨) આ બેરીકરાઈ અથવા ગફલતી એવી હોવી જોઇએ કે જેથી (અ) મનુષ્યની જીંદગીને જોખમ થાય અથવા (બ)બીજા કોઇપણ માણસને નુકશાન અથવા ઇજા થવાનો સંભવ હોય; અથવા

(૩) અગ્નિની સાથે કાંઇ કામ પાડવામાં, મનુષ્યની જીંદગીને સંભાવ્ય જોખમની સામે સંભાળ લેવાની ઇરાદા પુર્વક અથવા ગફલતી ભરેલી કસુર માલમ પડવી જોઇએ.૩

જે ઘરમાં લ્હાય (અગ્નિ) લાગે તે ઘરના માલીકને ખરેખરી (વાસ્તવિક) બેદરકારીની અથવા ગેર-કાયદેસર કસુર કે જેથી બેફીકરાઈ અથવા ગફલતીનું અનુમાન થઇ શકે તેવી કસુરની, સાબીતીવગર, આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી શકાય નહી.૪

નક્કી ન કરી શકાય એવાં કારણોને લીધે એક માણસનું ઘર બળી ગયું છે તે વાતથીજ માત્ર એવું અનુ-માન કરી લેવાનું કારણ મળતું નથી કે આ ૨૮૫મી કલમ પ્રમાણે તે માણસ ગફલતીનો ગુન્હેગાર હતો. ગફલતી સ્પષ્ટ રીતે સાબીત કરવી જોઇએ.૫ તેજ પ્રમાણે બીજા એક કેસમાં એવું ઠરાવ્યું છે કે આ કલમ પ્રમાણે તહોમત પુરવાર કરવા સારૂ બેરીકરાઇ અથવા ગફલતીનો પુરાવો હોવો જોઇએ.૬.

જ્યારે બીજા માણસો પાસે હોય ત્યારે ભરેલી બંદુક હાથમાં રાખનારો માણસ બરાબર યોગ્ય સંભાળ રાખવાને, અને આવા પ્રસંગ ઉપર કોઇ વિચારશીલ માણસ જેવી સાવચેતી રાખે તેવી યોગ્ય સાવચેતી રાખવાને બંધાયેલો છે અને તેમાં જો તે ગફલતી કરે તો તે ગુન્હેગાર થશે.૭

અવાજ સાથે ફુટે એવા કાંઇ પદાર્થ સંબંધી ગફલતી ભરેલી ચાલ.

૨૮૬. અવાજ સાથે ફુટે એવા કાંઇ પદાર્થથી જે માણસ કાંઇ કામ એવી બેફીકરી અથવા ગફલતી ભરેલી રીતે કરે કે તેથી માણસની જીંદગી જોખમમાં આવે અથવા કોઇ બીજા શખસને વ્યથા અથવા નુકશાન થશે એવો સંભવ દેખાય અથવા જે માણસ પોતાના કબજા માંહેના અવાજ

---

૧. રેગ્જાઇના. વિ. નાથા દલા. ૫ બોમ્બે હાઈકોર્ટ રીપોર્ટસ પાનું ૬૭,
૨. રેગ્જાઈના. વિ. હરી રતનલાલ કૃત અનરીપોરટેડ ક્રીમીનલ કેસીસ પાનું. ૧૨૬.
૩. રેગ્જાઈના વિ. ન્ગાચો ૧ બરમા સીલેકટ રીપોર્ટસ પાનું ૪૧૧.
૪. રેગ્જાઈના વિ. મી. ઓન. ૧ બરમા સીલેકટ જજમેન્ટસ પાનું ૧૩૪.
૫. રેગ્જાઈના વિ. જગાસીન. ૧ બરમા સીલેકટ જજમેન્ટસ પાનું. ૫૬૯.
૬. રેગ્જાઈના વિ. જગાયા. પો. ૧ બરમા સીલેકટ જજમેન્ટસ પાનું ૩૩૭.
૭. રેગ્જાઇના વિ. અમીરસીંગ. ૫ સેન્ટ્રલ પ્રોવીન્સીસ રીપોર્ટસ પાનું ૪૫.

સાથે ફુટે એવા કાંઈ પદાર્થ સબંધી તે પદાર્થથી માણુસની જીંદગીને કાંઇ સંભાવ્ય જોખમ થતું અટકે એવો બંદોબસ્ત રાખવામાં જાણીબુજીને અથવા ગફલતીથી કસુર કરે તે માણુસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—ક. નામના માણસે પોતાના ઘરના બારણાને તાળું મારેલું જોઇને ટાટી તથા ઘોડો ચડાવેલી પોતાની ભરેલી બંદુક તેના ઘરની બહાર પડેલા એક ખાટલા ઉપર મુકી અને તે એક પડોશના ઘરમાં થોડો વખત ગયો. તેની ગેરહાજરીમાં એક ચાર વરસનું તેના પડોશીનું છોકરૂં ખાટલા આગળ આવીને બંદુકને રમાડવા મંડયું અને બંદુક અકસ્માત ફુટી ગઈ, અને તે છોકરાને તેની ગોળી વાગવાથી તે મરી ગયું. (ક)ને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી સજા કરવામાં આવી હતી અપીલમાં હાઇકોરટે એવું ઠરાવ્યું હતું કે તેને ગુન્હેગાર ઠરાવવું તે કાયદા પ્રમાણે ગેરવ્યાજબી હતું.૧

એક આસીસ્ટંટ કલેકટરે રેલ્વે સ્ટેશનના પ્લાટફાર્મ ઉપર પોતાની આફીસ-બાકસ (આરીસની પેટી) મુકી, અને તે પેટી ઉપર તેની ભરેલી છ નાળીની બંદુક મુકીને સ્ટેશન માસ્તરની રૂમ (ઓરડા)માં લુગડાં બદલવા ગયો તેના પટાવાળાએ તે રીવાલ્વર (બંદુક) હાથમાં લીધી, અને દેખીતી રીતે તેને તેનો ઉપયોગ કરતાં આવડતું નહોતું તેથી તે બંદુકની એક નાળી ફુટી ગઈ, અને તેથી પાસે ઉભેલો એક પોલીસ કોન્સ્ટેબલ પગમાં ગોળી વાગવાથી ઘાયલ થયો તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે આસીસ્ટંટ કલેકટરને ગુન્હેગાર ઠરાવી સજા કરી શકાય નહી. તોપણ જો તે પટાવાળાની બેદરકારાઇ અથવા ગફલતી સાબીત થઈ હોત તો તેને ૩૩૭મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી સજા કરી શકત. તે કેસમાં એવું પણ ઠરાવવામાં આવ્યું હતું કે રીવાલ્વર (બંદુક) **અવાજ સાથે ફુટે એવો પદાર્થ** નથી.૨

ઉપરના મદ્રાસવાળા **ચેન્યુગડાઉડ** ના કેસમાં જસ્ટીસ બરેન્ડે નીચે મુજબ ટીકા કરી છે—" જો " કોઈ માણસ તેના કબજામાંના અવાજ સાથે ફુટે એવા પદાર્થની બાબતમાં મનુષ્યની જીંદગીને કાંઇ પણ " સંભવીત જોખમ ન થાય તેમ સંભાળ રાખવા પુરતી સાવચેતી રાખવામાં કસુર કરે અને આવી કસુ- " રથી થતા નુકશાનના સંભવની તેને જાણ હોય, તો તે જાણી જોઇને એવું કરે છે કે જેથી તે આ " કલમ પ્રમાણે સજાને પાત્ર થાય છે.............જો તે માણસ આવી જાણ વગર આવી સાવચેતી રાખ- " વામાં કસુર કરે તો, જો તેણે તેને માથે રહેલી સાવચેતી રાખી ન હોય (અને જે સાવચેતી તેણે રાખી " હોત તો તેની કસુરથી જોખમ થવાનો સંભવ હતો એવું ભાન તેને થયું હોત) તો તે તેની ગફલ- " તીનાં કારણને લીધે જવાબદાર થશે. "

એક કેસમાં તહોમતદારની સામે એવો પુરાવો હતો કે તે દારૂખાનું બનાવી વેચવાનો ધંધો કરતો હતો, અને તેની ગેરહાજરીમાં તેના ઘરમાં આગ લાગી, જે આગની અંદર એક હવાઈ ફુટી અને તેથી પાસેનું ઘર સળગ્યું, અને તે ઘરમાં એક માણસ જીવતો બળી મુઓ. તે તહોમતદારના ઉપર મનુષ્યવધનું તહોમત મુકવામાં આવ્યું હતું; પરંતુ તેને એવા કારણસર નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવ્યો હતો કે તેના કૃત્યથી તેમજ તેની સાથે કોઈ બીજા માણસના કૃત્યથી તે મરનાર માણસનું મરણ નીપજ્યું હતું.૪

૨૮૭. **કાંઇ સાંચાથી જે માણસ કાંઇ કામ એવી બેફીકરી અથવા ગફલતી ભરેલી રીતે કરે કે તેથી માણસની જીંદગી જોખમમાં આવે અથવા કોઇ બીજા શખસને વ્યથા અથવા**

ગુન્હેગારના કબજા અથ-

---

૧. રેજાઇના વિ. ચેન્યુગડાઉ. ૮ મ. ૪૨૧.

૨. રેજોઈના વિ. હાસીયા. વેરફૂત લા ઓફ આફેન્સીસ એન્ડ ક્રીમીનલ લા. પાનુ ૧૪૩.

૩. રેજાઇના વિ. ચેન્યુગડાઉ. ૮ મ. ૪૨૧.

૪. રેજાઇના વિ. બેનેટ, ૨૮ લા. જનરલ. માજીસ્ટ્રેટસ કેસીસ પાનું ૨૭.

વા હવાલા માંહેના કોઇ સાંચા સંબંધી ગફલતી ભરેલી ચાલ.

નુકશાન થશે એવો સંભવ દેખાય અથવા જે માણુસ પોતાના કબજા અથવા હવાલા માંહેના કાંઈ સંચા સંબંધી તે સાંચાથી માણુસની જીંદગીને કાંઇ સંભાવ્ય જોખમ થતું અટકે એવો બંદોબસ્ત રાખવામાં જાણીબુજીનેઅથવા ગફલતીથી કસુર કરે તે માણુસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—એક કેસમાં વાદી ગ્યાસની નળીઓ બેસાડનારો હતો અને પ્રતીવાદીના ખાંડ સાફ કરવાના કારખાનામાં બેસાડેલાં ગ્યાસની નળીઓ ઉપરનાં નવાં મ્હોડીઆં તપાસવાને તેને કામે લગાડવામાં આવ્યો હતો જ્યારે તે (વાદી) તે મકાનના ઉપલા માલ ઉપર હતો ત્યારે ખાડને ચડાવવા ઉતારવાને સારૂ વપરાતા વગર કઠેરાના બાકા (ભગદાળા)માંથી તે નીચે પડી ગયો. પુરાવાથી એવું સાબીત થયું હતું કે વાદીએ યોગ્ય સંભાળ લેવામાં કસુર કરી નહોતી તે કેસમાં પ્રતિવાદીએ તે બાકીની આસપાસ કઠેરો નહી જડાવવાથી ગફલતી કરી હતી અને તેથી તે જવાબદાર હતો એવું કોરટે ઠરાવ્યું હતું.[1]

૨૮૮. કાંઇ ઇમારત તોડી પાડવામાં અથવા તેને મરામત કરવામાં જે માણુસ તે ઇમારત બાબતમાં તે ઇમારતના અથવા તેના કોઈ ભાગના પાડવાથી માણુસની જીંદગીને કંઈ સંભાવ્ય જોખમ થતું અટકે એવો બંદોબસ્ત રાખવામાં જાણીબુજીને અથવા ગફલીતીથી કસુર કરે તે માણુસને છ મહીનાની મુદત સુધીની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીની દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ઇમારત તોડી પાડવા અથવા તેઓને મરામત કરવા બાબત ગફલતી.

૨૮૯. જે માણુસ પોતાના કબજા માંહેના કોઇપણ જાનવર સંબંધી તે જાનવરથી માણુસની જીંદગીને કાંઇ સંભાવ્ય જોખમ થતું અટકે અથવા મહાવ્યથાનું સંભાવ્ય જોખમ થતું અટકે એવો બંદોબસ્ત રાખવામાં જાણીબુજીને અથવા ગફલતીથી કસુર કરે તે માણુસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કાંઈ જાનવર સંબંધી ગફલતી.

ટીકા—આ કલમના સંબંધમાં મુખ્ય બાબત એ ધ્યાનમાં રાખવાની છે કે તે પ્રાણી કૂર (ભયંકર) પ્રકૃતિનું છે કે નિર્દોષ પ્રકૃતિનું છે જો તે પ્રાણી કૂર પ્રકૃતિનું હોય—દાખલા તરીકે વાઘ અથવા રીંછ—તો તે પ્રાણી રાખનારને તેની તે પ્રકૃતિનું જ્ઞાન હતું એ ધારી લેવાશે;[2] પરંતુ જો તે પ્રાણી સ્વભાવેજ તેવું ન હોય તો તે પ્રાણીના રાખનારને અસાધારણ સંભાળ લેવાની જરૂર હતી. એવું બતાવવાને સારૂ તેના રાખનારને તે પ્રાણીના મારકણા સ્વભાવની ખાસ જાણ હતી એવો પુરાવો આપવો પડશે.[3]

---

૧. ઈન્દરમોર વિ. ડેમ્સ લો રીપોરટસ ૨ કોમનપ્લીઝ પાનું ૩૧૧.

૨. વરથ વિ. ગીલીંગ લો રીપોટરસ ૨ કોમન પ્લીઝ પાનુ. ૧

૩. હેમાક વિ. વ્હાઈટ ૩૧ લો જનરલ કોમન પ્લીઝ પાનુ ૧૨૯; રૈજાબના વિ. પ્રોગ્નોનારાયણ ૨ સધરલાન્ડઝ વીકલી રીપોરટર (ફોજદારી) પાનું ૫૧.

મી. કોલેટ સાહેબ આ કલમ ઉપર નીચે મુજબ ટીકા કરે છે:—" કોઈ માણુસ વાઘ અથવા રીંછના જેવું 'જંગલી (સ્વભાવે ક્રૂર) પ્રાણી પાળે, અને જો તે પ્રાણી નાશી જઈને કોઈને ઈજા કરે તો તે માણુસને તે " પ્રાણીના ક્રૂર સ્વભાવની ખબર હતી તેની કાંઈ પણ સાબીતી વગર તે માણુસ જવાબદાર થશે;.........
" પરંતુ જ્યાં કોઈ પાળેલા પ્રાણી (દાખલા તરીકે, ગાય, ભેંસ, ઘોડો, બળદ) થી ઇજા થાય તો એ સાબીત " કરવું જોઈએ કે તે પ્રાણીને (બીજાને) ઇજા કરવાની ટેવ પડી ગઇ હતી એવું પ્રતીવાદી જાણતો હતો. તે " (પ્રાણી) ના ક્રૂર સ્વભાવનો એકજ દાખલો, અથવા કરડવાનો પ્રયત્ન કરીને તે (પ્રાણીએ) પોતાનો " જંગલી (ક્રૂર) સ્વભાવ બતાવ્યો છે એવી જાણ પણ, તે પાળનારને (તે પ્રાણીના ક્રૂર સ્વભાવની) પુરતી ખ- " બર ઠરાવવામાં આવી છે."૧

મી પેટરસન સાહેબ કહે છે કે જંગલી અને ક્રૂર સ્વભાવનાં પ્રાણીઓની બાબતમાં, ક્રૂર અથવા તોફાની સ્વભાવ આવા પ્રાણીઓની સાથે સામાન્ય રીતે રહેલોજ છે એ વાતની ખબર તે પ્રાણીઓના માલીકને તેમજ બધા માણસોને હોય છે એવું અનુમાન કરી લેવામાં આવે છે અને તેથી આવાં પ્રાણીઓ છુટાં રેહેવાના પરીણામે થતા નુકશાન (ઇજા) ની સામે જનસમુહનું રક્ષણ કરવાની ખાસ ફરજ તે પ્રાણીઓના માલીકના ઉપર નાંખવામાં આવી છે. પરંતુ જે પ્રાણીઓ તેમના સામાન્ય સ્વભાવમાં પાળેલાં અને નિર્દોષ પ્રકૃતિનાં હોય છે તે પ્રાણીઓના સબંધમાં તેમના તોફાની (ક્રૂર) સ્વભાવનું અનુમાન કરી લેવામા આવતું નથી. જો નુકશાન અથવા ઇજા કરવાની કાંઇ ખાસ વલણ તે પ્રાણીમાં છે એવું માલમ પડે, અને તે વાતની તેના માલીકને ખબર છે એવું બતાવવામાં આવે તો આવી તોફાની વલણથી થતા નુકશાનની સામે જનસમુહને બચાવવાની ઉપરના જેવીજ ખાસ ફરજ તેને માથે રહે છે.૨

આ કલમ જંગલી તેમજ પાળેલાં પ્રાણીઓને લાગુ પડે છે તેથી કરીને જ્યાં ગફલતીથી બાંધેલું એક ટટ્ટુ છુટી ગયું, અને માણુસની ભીડવાળા બજારમાં થઇને નાઠું, ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું તે ટટ્ટુના માલીકને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા બરાબર હતી, કેમકે આવા પ્રસંગ ઉપર તે બજારમાં ચાલતા પુરૂષો સ્ત્રીઓ અને છોકરાંઓની જીંદગીને અથવા અંગને તે ટટ્ટુ નુકશાન કરવાનો સંભવ હતો.૩

આ ૨૮૯ મી કલમ પ્રમાણેનું તહોમત સાબીત કરવાને સારૂ ગફલતીનો પુરાવો હોવો જોઇએ એટલુંજ નહીં પણ તેની સાથે આવી ગફલતીથી મનુષ્યની જીંદગીને ઘણું નુકશાન અથવા મહાવ્યથા થવાનો સંભવ હતો એવો પણ પુરાવો હોવો જોઈએ.૪ વળી આ કલમ પ્રમાણેના ગુન્હાનું તત્ત્વ મુખ્યત્વે કરીને **જાણી જોઇને કરેલી** અથવા **ગફલતીથી થયેલી** કસુરમાં રહેલું છે અને નહીં કે **માત્ર કસુરમાં**; કેમકે તે (કસુર માત્રજ) કાંઈ ગુન્હો નથી.૫

એક કેસમાં એક ડેપ્યુટી માજીસ્ટ્રેટે એક ટટ્ટુના માલીકને તે ટટ્ટુને હરાયું રખડતું ફરવા દેવા માટે આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી સજા કરી હતી. હાઈ કોરટે તે સજા ગેરકાયદેસર છે એવું ઠરાવી તે સજા રદ કરી હતી.૬

એક ઘોડાગાડી હાંકનારાએ તેના શેઠના ઘોડા ઉપર સામાન નાંખીને તેને ગાડીએ જોડયો, અને ઘોડો અને ગાડીને તેના શેઠના ઘરના કંપાઉન્ડના રસ્તા ઉપર સુનાં મુકીને તે ચાલ્યો ગયો. તે ગાડી હાંકનારાને આ ૨૮૯મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવ્યો હતો, કેમકે તેમને રસ્તા ઉપર સુનાં મુકવાનું તેને કાંઈ પણ વ્યાજબી કારણ નહોતું.૭

જ્યાં તહોમતદારના કુતરાએ ફરીઆદીને કરડી ખાધો હતો એવું તહોમત લાવવામાં આવ્યું હોય ત્યાં એવું

---

૧. કોલેટકૃત કોમેન્ટસ ઓન ધી ઇન્ડીયન પીનલકોડ.
૨. પેટરસનકૃત લીબર્ટી ઓફ ધી સબજેકટ (પ્રજાની સ્વતંત્રતા.)
૩. રેજાઇના. વિ. ચન્ડમંડલ. ૧૯ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનુ ૧.
૪. ૩ મદ્રાસ હાઈ કોરટ રીપોરટસ એપેન્ડીકસ (પરીશીષ્ટ) પાનુ ૩૩.
૫. વીકલી રીપોરટર ક્રીમીનલ લેટરસ પાનું ૮.
૬. રેજાઈના. વિ. મુંજફુર ખલીફા. ૧૮ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું ૨૧.
૭. રેજાઇના. વિ. નાથીઆ રેવા. મુંબાઇ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ. તા.૨૧-૪-૧૮૮૧

સાબીત કરવું જોઈએકે તે પ્રાણી (કુતરો) દુષ્ટ (કડકણા) સ્વભાવનું હતું એ વાતની તેના માલીકને ખબર હતી અને તે કુતરાને ગફલતીથી રાખવામાં આવ્યો હતો. પરતું એવું સાબીત કરવાની જરૂર નથી કે ફરીયાદીને કુતરો કરડયો તે પહેલાં બીજા કોઈને પણ ખરેખર તે કરડયો હતો એટલુંજ બતાવવું બસ છે કે કરડવાનો પ્રયત્ન કરીને તે કુતરાએ તેનો જંગલી (ક્રૂર) સ્વભાવ બતાવ્યો હતો અને તે વાત તેના માલીકની જાણમાં હતી.૧

જ્યાં તહોમતદારની ભેંસે ફરીયાદીની ભેંસ ઉપર હુમલો કર્યો અને તે ભેંસનો પગ ભાગી નાંખીને તેને ઈજા કરી ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે તહોમતદાર આ કલમ પ્રમાણેના ગુન્હાનો ગુન્હેગાર નહોતો.૨

લોકોપકારક કૃત્યની શીક્ષા.

૨૯૦. જે બાબતને સારૂ બીજી રીતે શીક્ષા કરવાનું આ કાયદામાં ઠરાવ્યું નથી એવી બાબતમાં જે માણસ કાંઇ લોકોપકારક કૃત્ય કરે તેને બસેં રૂપીઆ સુધીના દંડની શીક્ષા કરવામાં આવશે.

બંધ કરવાની તાકીદ થયા પછી અપકારક કૃત્ય જારી રાખવું.

૨૯૧. ફલાણું લોકોપકારક કૃત્ય તું ફરીથી કરીશ અથવા જારી રાખીશમાં એવી તાકીદ કરવાનો જે સરકારી નોકરને કાયદેસર અખતીઆર હોય તે સરકારી નોકરે તેવી તાકીદ કીધા છતાં જે માણસ તે લોકોપકારક કૃત્ય ફરીથી કરે અથવા જારી રાખે તે માણસને છ મહીનાની મુદત સુધીની આશાન કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—આ કલમ પ્રમાણે કોઈ માણસને લોકોપકારક કૃત્ય કરવાના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવી શકાય તે પહેલાં એવો પુરાવો આપવો જોઇએ કે તે માણસને આગળ લોકોપકારક કૃત્યના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવ્યો હતો અને આવું અપકારક કૃત્ય ચાલુ નહી રાખતાં તે બંધ કરવાની તાકીદ સરકારી નોકરથી તેને આપવામાં આવી હતી. ૩ વળી તે અપકારક કૃત્ય બંધ કરવાની તાકીદ તહોમતદારને પોતાને આપેલી હોવી જોઇએ.૪

જે અધીકારની રૂઇએ માજીસ્ત્રેટ કોઇ માણસને લોકોપકારક કૃત્ય નહી કરવાનો હુકમ કરી શકે તે અધીકાર ક્રીમીનલ પ્રોસીજરકોડ (ફોજદારી કામ ચલાવવાના કાયદા) ની કલમ ૧૪૩ મીથી આપેલો છે; આ ૧૪૩ મી કલમ પ્રમાણેનો હુકમ તોડવો તે આ ૨૯૧ મી કલમ પ્રમાણે સજાને પાત્ર થાય છે તે કોઇ ખાસ અમુક માણસને આપેલો હુકમ હોવો જોઇએ. લોકોપકારક કૃત્યની બાબતમાં માજીસ્ત્રેટોને ફોજદારી કામ ચલાવવાના કાયદા (ક્રીમીનલ પ્રોસીજર કોડ—૧૮૯૮ ના આકટ ૫ મા) ના બાબ ૧૦ મા અને ૧૧ માથી અધીકાર આપવામાં આવેલો છે.૫

તાકીદ કોરટની આગળ આપેલી હોવી જોઇએ. જન સમુહને અગર જનસમુહના અમુક ભાગને માટે કાઢેલું જાહેરનામુ બસ નથી.૬

૨૯૨. કાંઇ બીભસ્ત પુસ્તક, ચોપાનીયુ, કાગળ, ચીત્ર, તસ્વિર, પ્રતીમા અથવા આકાર જે માણસ વેચે અથવા વેંહેચે અ-

---

૧. રેજાઇના. વિ. ચકકા અકુન્ગ. ૧ બરમાસીલેકટ રીપોર્ટ પાનું. ૭૫૩.
૨. રેજાઇના. વિ. પાંન્ડુ. રતનલાલકૃત અનરીપોરટેડ ક્રીમીનલ કેસીસ. પાનું ૧૯૭.
૩. રેજાઈના. વિ. મોહેશ ચન્દર. ૨૦ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર. પાનું. ૫૫.
૪. રેજાઇના. વિ. જોખુ. ૮ અ. ૯૯
૫. રેજાઈના. વિ. જોખુ. ૮ અ. ૯૯
૬. રેજાઇના. વિ. ગંગા મુંબઇ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ ૧૮૮૬ નો જુન.

બીભસ્ત પુસ્તકોનું વેચાણ વગેરે. થવા વેચવાને કે ભાડાને સારૂં પરદેશથી આ દેશમાં આણે અથવા છાપે અથવા સરવે લોકો જુવે એવી રીતે જાણી જોઇને દેખાડે અથવા તેમ કરવાની કોશીશ કરે અથવા તેમ કરવાનું કહે તે માણુસને ત્રણુ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

અપવાદ—કોઇ દેવસ્થાન મધ્યે અથવા મુર્તીઓને બેસાડવા સારૂ વપરાતા કોઇ રથ ઉપર કોરેલી અથવા નકશી પાડેલી અથવા ચીતરેલી અથવા બીજી રીતે કાહાડેલી અથવા ધરમ ક્રિઆ સંબંધી કાંઇ કારણુસર રાખેલી કે વપરાતી કોઈ પણુ પ્રતિમાને આ કલમ લાગુ પડતી નથી.

ટીકા.—" બીભત્સ " શબ્દનો અર્થઃ—આ ૨૯૨ મી તથા ૨૯૩ મી કલમોમાં વપરાયેલા '**બીભત્સ**' શબ્દનો અર્થ કરવામાં કોરટોએ **રેજાઇના. વિ. હકલીનના** ફેસલાને અનુસરવું જોઇએ તે ફેંસલામાં ચીફ જસ્ટીસ લોર્ડ કોકબરન કહે છે કે; " મારા ધારવા પ્રમાણે બીભત્સતા પારખવાની કસોટી " આ છે કે બીભત્સ તરીકે ગણી કાઢેલી બાબતનો આશય જે માણસોનાં મન આવી અનીતીની છાપ " બેસવાને ખુલ્લાં (પાત્ર) છે, અને જેમના હાથમાં આવી બહાર પડેલી ચોપડી જાય તે માણસોને " બગાડવાનો અને અનીતી માન કરવાનો છે કે કેમ. " અમુક બાહાર પડેલી ચોપડી બીભત્સ છે કે નહી તે (કાયદાનો સવાલ નહી પણુ) હકીકતનો (fact) સવાલ છે.૧

જો કે એક ચોપડીમાં માત્ર એકજ બીભત્સ ફકરો હોય તો પણુ પીનલકોડના અર્થની અંદર આવી જાય તેમ તે ચોપડી બીભત્સ હોય. અમુક બીભત્સ ચોપડીઓ વેચવાના અને લોકોમાં વેહેંચવાના તહોમતની સામે તહોમતદારનો બચાવ એવો હતો કે ધર્મ સબંધી તકરાર આગળ ચલાવામાં શુદ્ધ બુદ્ધિથી તે ચોપડીઓ વેચવામાં તથા વહેંચવામાં આવી હતી. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આવી ચોપડીઓની અતી ઘણી બીભસ્તતાને લીધે તે ચોપડીઓના તકરારી આશયથી તેનો જે બચાવ થતો હતો તે તેવી ચોપડીઓની અતી ઘણી બીભસ્તતાને લીધે નષ્ટ થયો હતો. વળી તે ચોપડીઓ વેચનાર અને વહેંચનારનો ઇરાદો આવી ચોપડીઓમાં સમાયેલી બાબતની જાત ઉપરથી જાણવો જોઇએ તેનો ઈરાદો સારો હતો એટલું કહેવું તેને માટે બસ નહોતુ. તેના ઈરાદાથી પરીક્ષા તેના જાહેર કૃત્ય ઉપરથી કરવી જોઇએ.૨

એક માણસ એક વર્તમાનપત્રનો માલીક અને પ્રસીદ્ધ કરતા છે તે વાતજ માત્ર, તેના એક નોકરે તે વર્તમાન પત્રમાં દાખલ કરેલા વિષયની બાબતમાં તેને ફોજદારી કોરટથી જવાબદાર ઠરાવવાને પુરતી નથી, એવું સ્પષ્ટ રીતે સાબીત થયેલું હોવું જોઇએ કે તકરારી વિષય તે માલીકની ગફલતીને લીધે અથવા તેના હુકમથી વર્તમાન પત્રની અંદર દાખલ કરવામાં આવ્યો હતો.૩

ઉપર જણાવેલા **રેજાઇના. વિ. હીકલીન**૪ના કેસમાં નીચે મુજબ હકીકત હતીઃ—

એક માણસને રોમન કેથોલીક ચર્ચના પાદરીઓની ભ્રષ્ટતા (અનીતી) બતાવી આપનારી " કનફેશનલ અનમાસ્કડ " (સ્ત્રી પુરૂષોએ કરેલા દોષો તથા પાપ પાદરીઓને શ્રવણુ કરવાની જગામાં પાદરીઓની અનીતી ખુલ્લી પાડી) નામની ચોપડી વેચવાનું તહોમત મુકવામાં આવ્યું હતું. તે ચોપડીમાં પાદરીઓની ભ્રષ્ટતા ઉપરાંત તે દોષો શ્રવણુ કરવાની જગામાં થતું પાપ, તથા તેમાં સ્ત્રીઓને પુછાતા (બીભસ્ત) સવાલો ઉઘાડા પાડી બતાવવામાં આવ્યા હતા. તેમાં એવું માલમ પડયું હતું કે

---

૧. રેજાઈના. વિ. પરસરામ યશવંત. ૨૦ મું. ૧૯૩

૨. રેજાઈના. વિ. ઇન્દરમાન. ૩ અ. ૮૩૭

૩. રેજાઈના. વિ. મહમદ. ૧૦ અલાહબાદ વીકલીનોટસ પાનું ૧૭૫

૪. લો. રીપોર્ટસ. ૩ કવીન્સ બેન્ચ ડીવીઝન પાનુ ૩૬૦

અડધી ચોપડી ઘણીજ ખરાબ રીતે બીભત્સ હતી પરન્તુ પ્રતીવાદી ફાયદાને માટે તેમજ સુનીતી બગાડવાના હેતુથી તે ચોપડી વેચતો નહોતો, પણ તે ચોપડી વેચવામાં તેનો ઈરાદો રોમન ચરચના તેને જે દોષો લાગતા હતા તે ખુલ્લા પાડવાનો હતો, છતાં પણ તેને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. કોરટે એવું ઠરાવ્યું કે ગુન્હેગારના તાત્કાળીક હેતુનો અહીંયાં સવાલ નહોતો જો ખરેખરી રીતે પુસ્તક એવું હતું કે જેને વિષે નક્કી હતું કે " જુવાન સ્ત્રી પુરૂષના મનને, અથવા વધારે વયોવૃદ્ધ મનુષ્યોને પણ, " ઘણાજ અપવિત્ર (વિષયી) અને બીભત્સ વિચારો તેથી સુઝશે " તો તે ચોપડીનું વેચાણ ફોજદારી ગુન્હો હતો, અને પ્રતીવાદીનો (ગુન્હેગારનો) અંદરનો હેતુ નીર્દોશ અથવા પ્રશંસનીય હતો તે બીનજરૂરનું હતું. તે ચોપડી વાંચવાથી જે પરીણામ કુદરતી રીતે થાય તે પરીણામ લાવવાનું તે માણસ ધારતો હતો એવું કાયદો અનુમાન કરી લેશે.

ઇનસાફી કામના તાદસ્ય હેવાલમાં તે બીભત્સ વિષય સમાયેલો છે તેથી કાંઇ ફેર પડતો નથી, પણ તે હેવાલ પ્રકટ કરનાર ગુન્હેગાર થાય છે.૧

એક માણસને ખાનગી રીતે કરેલું બીભત્સ ચીત્રોનું વેચાણ, તે માણસે પ્રથમ તે ચીત્રો તેને બતાવવાની વીનંતી કરી હતી અને તેમ કરવામાં તે ચીત્રો વેચનાર ઉપર ફોજદારી કામ ચલાવવાનો તે માણસનો હેતુ હતો છતાં પણ, તે વેચનારનો ગુન્હો સાબીત કરવાને સારૂ પુરતુ છે.૨

વેચવા અથવા દેખાડવા સારૂ બીભત્સ પુસ્તક કબજામાં રાખવું.

૨૯૩. ઉપલી કલમમાં લખ્યું છે તેવું બીભસ્ત પુસ્તક અથવા તેવી બીજી કાંઇ વસ્તું વેચવા સારૂ અથવા વેહેંચવા અથવા સઘળા લોકોને દેખાડવા સારૂ જે માણસના કબજામાં હશે તેને ત્રણ મહીનાની મુદ્દત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

બીભત્સ કૃત્ય તથા ગીતો.

" **૨૯૪.** જે કોઇપણ માણસ—

(**અ**) કોઇ જાહેર જગામાં કાંઇ બીભત્સ કૃત્ય કરીને, અથવા

(**બ**) કોઇ જાહેર જગામાં અથવા જાહેર જગાની પાસે કાંઇ બીભત્સ ગીત, લાવણી અથવા શબ્દો ગાઇ, બોલી અથવા ઉચ્ચારીને,

બીજાઓને દુઃખ આપે તે માણસને ત્રણ મહીનાની મુદ્દત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની અથવા બંનેની, શીક્ષા કરવામાં આવશે."

☞ આ કલમ ૧૮૯૫ના આકટ ૩ જાની કલમ ૩ જીથી નવી દાખલ કરેલી છે.

ટીકા.—" દુઃખ " (કંટાળો):—જો રેકર્ડ (દફતર) ઉપર એવો કાંઇ પણ પુરાવો ન હોય કે વાપરેલી ભાષાથી કોઈ પણ માણસને દુઃખ (કંટાળો) ઉપજ્યો હતો તો આ ૨૯૪ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા ગેરકાયદેસર થશે.૩ આ કલમ પ્રમાણે ગુન્હો બનવા સારૂ બીજાઓને થતું દુઃખ (કંટાળો) જરૂરનું છે. સાધારણ કેસમાં ઇનસાફની જરૂરીયાતો પુરી પાડવા સારૂ થોડોક દંડ બસ થશે.૪

---

૧. સ્ટીલ વિ. બરેનાન લૉ રીપોર્ટસ ૭ કોમન પ્લીઝ પાનું ૨૬૧

૨. રેજાઇના વિ. કારલાઈલ ૧ કોકસ કૃત ક્રીમીનલ કેસીશ પાનુ ૨૨૯

૩. રેજાઇના વિ. ન્યોકી ૧ બરમા સીલેકટ રીપોર્ટસ પાનું ૩૩૨

૪. રેજાઇના વિ. માકાઈયુ ૧ બરમા સીલેકટ રીપોર્ટસ પાનું ૫૩૭.

“ જાહેર જગા ”—આમની બસ આ કલમના હેતુને સારૂ જાહેર જગા છે;૧ સાર્વજનીક મુત્રી (મુતરવાની જગા) જાહેર જગા છે;૨ તેમજ રેલવે ટ્રેન અથવા બીજી કોઇ પણ જગા કે જ્યાં તે ગુન્હેગારી ભરેલા કૃત્યથી ઘણાં માણસોના સમુહને અસર થાય (કંટાળો ઉપજે) એવી કોઈ પણ જગા જાહેર જગા છે.૩

“ જાહેર જગા એવી જગા છે કે જ્યાં જનસમુહ (સાધારણ રીતે) જાય છે, પછી તેમને ત્યાં “ જવાનો હક છે કે નહી તે વાત બાજુ ઉપર છે. તેમના હક વિષે અહીયાં કાંઈસવાલ નથી.” ૪

મી. મેઇન સાહેબના અભીપ્રાય પ્રમાણે જે માણસ રેલવેની ગાડીમાં બીભત્સ અનિતિવાળું ગાયન લલકારે, અને તેથી તે ગાડીમાં બેઠેલી ફકત એકજ સ્ત્રીને દુઃખ (કંટાળો) ઉપજે તો તે માણસનો તે બદલ સજા થવી જોઇએ.

લાવણી કાંઇ અવશ્ય કરીને બીભત્સ ગીત નથી. તે બીભત્સ હોય પણ ખરી, અને ઘણી વખતે તે બીભત્સ હોય છે; પરન્તુ તે લાવણીના શબ્દો ખરેખરી રીતે બીભત્સ છે એવું સાબીત કર્યા સીવાય તે લાવણી ગાનારને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી સજા કરી શકાય નહીં.૫

બીભત્સ જણાવેલા શબ્દો અથવા કૃતીઓના સબંધમાં ૨૯૨ મી અથવા ૨૯૪ મી કલમ પ્રમાણે મુકેલું તહોમત સ્પષ્ટ ચોખ્ખુ હોવુ જોઇએ, અને જે (બીભત્સ) બતાવેલુ અથવા બોલેલું માજીસ્ત્રેટને માલમ પડે તે તેણે સ્પષ્ટ રીતે ખાસ કરીને જણાવવું જોઈએ કે જેથી કરીને તેને ગુન્હેગાર ઠરાવેલુ કાયદેસર છે કે કેમ તેની અપીલમાં તપાસ થઈ શકે.૬

અ નામની સ્ત્રીએ તેણીના ધણીને એવી ભાષામાં અને એવી સ્થીતીમાં ગાળો દીધી હતી કે તેથી આ ૨૯૪ મી કલમ પ્રમાણે ગુન્હો બનતો હતો આ ગુન્હાને માટે તેણીનો રૂ. ૨૦) દંડ કર્યો અને દંડ ન આપે તો એક માસની આશાન કેદની સજા કરી હતી તેમાં એવું ઠરાવવામાં આવ્યુ હતુ કે તે સજા ગેરવ્યાજબી રીતે ભારે હતી.૭

સોરટીની ઓફીસ રાખવી.

૨૯૪. અ સરકારે હુકમ આપ્યો નહી હોય તેવી સોરટી કહાડવા સારૂ કાંઈ આપ્રીસ [એટલે કચેરી] અથવા જગા જે માણસ રાખશે તેને ઘણામાં ઘણા છ મહીના સુધી એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા અથવા દંડ અથવા એ બેઉની શીક્ષા કરવી.

અને સદરહુ પ્રકારની હરકોઇ સોરટીમાં હરકાંઈ ટીકીટ અથવા લાટ અથવા નંબર અથવા અંક કાહાડવા બાબત અથવા તેને લાગતીવળગતી ફલાણી વાત બનશે તો ફલાણા માણસના ફાયદા સારૂ ફલાણી રકમ અથવા માલ આપવામાં આવશે અથવા

---

૧. રેજાઈના વિ. હોમ્સ ૨૨ લો જનરલ માજીસ્ટ્રેટસ કેસીશ પાનુ ૧૨૨.

૨. રેજાઇના વિ. હેરીસ લો રીપોર્ટસ ૧ ક્રીમીનલ કેશીશ પાનુ ૨૮૨

૩. રેજાઇના વિ. થાલમાન ૩૩ લો જનરલ માજીસ્ત્રેટશ કેશીશ પાનુ ૫૯

૪. રેજાઈના વિ. વેલાર્ડ ૧૪ કવીન્શ બેન્ચ ડીવીઝન પાનું ૬૩, ૬૬ મે પાને જસ્ટીશ ગ્રોવના ટીકા; રેજાઇના વિ. શ્રીલાલ ૧૭ અ. ૧૬૬.

૫. રેજાઈના. વિ. ગનું, ૪ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ પાનુ. ૨૫

૬. રેજાઈના. વિ. ઉપેન્દ્રનાથ. ૧ કલકતા ૩૫૬; રેજાઇના. વિ. મીમીનસી. ૧ બરમા સીલેકટ રીપોર્ટસ પાનું. ૨૬૨.

૭. રેજાઇના વિ. મીયુરી. ૧ બરમા સીલેકટ રીપોર્ટસ. પાનું ૩૦૯

ફેલાણી વાત કરવામાં આવશે અથવા કરવામાં આવશે નહી એવો હરકાંઇ ઠરાવ જે માણસ પ્રસીદ્ધ કરશે તેને એક હજાર રૂપીઆ સુધી દંડ કરવો (સને ૧૮૭૭ ના આકટ ૨૭ મા પ્રમાણે.)

ટીકા.—"**લોટરી**" કોને કહેવી;—કિસમતથી ચીઠીમાં આવે તે ઈનામ વેહેંચવાં તે "**લોટરી**" છે. "લોટરી" નસીબની રમત છે જેમાં પૈસા ભરનાર માણસને મળવાનું ઈનામ અથવા ઈનામો મેળવવાનો તેનો કુલ હક મળે અથવા જાય તે વાતનો બધો આધાર નશીબથી ચીઠીઓ ખેંચવા ઉપર રાખેલો હોય છે.૧

"**સદરહુ પ્રકારની હરકોઇ લોટરીમાં**" શબ્દોનો અરથ "સરકારે હુકમ આપ્યો નહી હોય તેવી હરકોઈ લોટરીમાં" એવો થાય છે, અને તે શબ્દમાં પરદેશની (પરરાજ્યમાં નીકળેલી) લોટરીનો સમાવેશ થાય છે.૨

આ કલમના છેલ્લા પેરેગ્રાફમાં આવેલો "પ્રસીદ્ધ કરનાર" (જે માણસ પ્રસીદ્ધ કરશે) જે માણસ 'ઠરાવ' (proposal) મોકલે છે તે માણસનો, તેમજ જે વર્તમાન પત્રનો માલીક તે ઠરાવને એક જાહેર ખબર તરીકે છાપે છે તે વર્તમાન પત્રના માલીકનો સમાવેશ થઇ જાય છે. ૩ આ **રેજાઇના. વિ. મંચેરજી** ના ફેંસલામાં જસ્ટીસ નાનાભાઈ હરીદાસ નીચે મુજબ ટીકા કરે છે:—"દરેક લોટરી (કાડવા) નો સરકારે "કાતો હુકમ આપેલો હોય છે, અથવા તો હુકમ નથી આપેલો હોતો. હુકમ આપેલી લોટરીઓને "આ કલમ લાગતી નથી, પણ (જે લોટરીઓ કાડવાનો સરકારે) હુકમ નથી આપેલો તેવી લોટરીઓના "પરીણામમાંથી લોકોને બચાવવાનો આ કલમનો હેતુ છે, (અને તે બે રીતે તે હેતુ અમલમાં મુકે છે) "(૧) તે (લોટરીઓ) કાહાડવાની આરીસો અથવા જગાઓ રાખવાની મના કરીને, અને (૨) "તેમના સબંધમાં કોઇપણ જાહેર ખબર પ્રસિદ્ધ કરવાની મના કરીને..........આ કલમના શબ્દો એટલા "વીસ્તીરણ છે કે તેમાં પરદેશમાં (પરરાજ્યમાં નીકળતી) લોટરીઓનો સમાવેશ થઇ જાય છે, અને અમારે "એવું ધારવાનું કાંઇપણ કારણ નથી કે તે (પરરાજ્યમાં નીકળતી લોટરીઓ) ના સબંધમાં (અપાતી) "જાહેર ખબરોને ૨૯૪ અ. કલમના અમલમાંથી બાતલ કરવાનો (અર્થાત તેવી જાહેર ખબરોને ૨૯૪ અ. "કલમ નહી લાગુ પાડવાનો) કાયદા બાંધનાર મંડળનો ઇરાદો હતો."

એક કેસમાં એક વહેપારીએ એક એક પાઉન્ડ ચ્હાના ડબા ૨ શીલીંગ ૬ પેન્સમાં વેચ્યા. દરેક ડબામાં એક એક ચીઠ્ઠી મુકી હતી, અને તે ચીઠ્ઠીમાં જે ઇનામ લખ્યુ હોય તે દરેક ડબો ખરીદનારને ડબાની સાથે મળતુ હતુ. આ લોટરી હતી એમ ઠરાવવામાં આવ્યુ હતુ. જે પૈસા લઇને એક પાઉન્ડ ચ્હા આપવામાં આવતી હતી. તે તેની વ્યાજબી કીંમત હતી એ વાત ખરી, પરંતુ ખરીદનારને જે લાલચ આપવામાં આવતી હતી, અને તે ખરીદનાર જે ખરીદતો હતો તે ચ્હા અને તેની સાથે ઇનામ તરીકે કાંઇપણ કીમતી ચીજ મળવાનું નશીબ (પરંતુ તે ઇનામ શું હશે તેના કાંઈપણ ખ્યાલ વગર) એ બે હતાં. ઇનામ તરીકે શું ચીજ નીકળે તે માત્ર કીસમતની વાત હતી.૪ આ ફેંસલો **બારકલે વિ. પીઅરસનનાપ** કેસમાં અનુસરવામાં આવ્યો હતો. તે કેસ "મીસીંગ વરડ કોમ્પીટીસન કેસ" (ખુટતા શબ્દની હરીફાઈ વાળો કેસ) ને નામે ઓળખાય છે. તેમાં બીના એવી હતી કે એક વર્તમાન પત્રના માલીકે તેના વર્તમાન પત્રની દરેક નકલમાં એક પેરેગ્રાફ છાપ્યો, જે પેરેગ્રાફનો છેલ્લો શબ્દ (છાપ્યા વગર) બાકી (અધુરો) રાખવામાં આવ્યો હતો. જે કોઈપણ માણસ તે વર્તમાન પત્રની સાથે ચોડેલુ કુપન (ચીઠ્ઠી) કાપીને,

---

૧. રેજાઈના વિ દામાક્ષી. ૧ મદ્રાસ હાઇકોર્ટ રીપોર્ટસ પાનું ૪૪૮
૨. રેજાઇના. વિ. મચેરજી કાવસજી. ૧૦ મું. ૯૭
૩. રેજાઈના વિ. મંચેરજી કાવસજી ૧૦ મું. ૯૭
૪. ટેલર વિ. સ્મીટન ૧૧ કવીન્સ બેન્ચ ડીવીઝન પાનું ૨૦૭
૫. (૧૮૯૩) ૨ ચાન્સરી પાનું ૧૫૪

તેના ધારવા પ્રમાણે અધુરો રહેલો ખુટતો શબ્દ (બંધબેસ્તો આવે તે) તે કુપનમાં ભરીને તે વર્તમાન પત્રના માલીકને મોકલાવી દે, અને તે ભરેલા કુપન સાથે એક શીલીંગ મોકલાવે તે માણસને હરીફાઈમાં ભાગ લેતો ગણવામાં આવ્યો હતો. એક એક શીલીંગ મળીને જે રકમ એકઠી થાય તે આખી રકમ ફતેહમંદ હરીફોમાં વેંહેંચી આપવાની હતી. જે પ્રમાણે હરીફાઇની ગોઠવણ રાખવામાં આવી હતી તે પ્રમાણે અધુરો રહેલો ખુટતો શબ્દ અટકળથી પસંદ કરવાનો (ખોળી કાઢવાનો) હતો, અને તે બંધબેસ્તો આવી પસાર કરવામાં આવે કે નહી તે માત્ર નસીબની વાત હતી. તેથી તેને સોરટી ઠરાવવામાં આવી હતી. જો તે હરીફાઈનો હેતુ વધુમાં વધુ બંધબેસ્તો શબ્દ ખોળી કહાડવાનો હોત તો તે હોંશીઆરીનુ કામ ગણાત અને તેને સોરટી ગણી કહાડવામાં આવત નહી. તે પ્રમાણે નીચેના કેસ સોરટીના નહોતા એમ ઠરાવવામાં આવ્યુ હતુ, કેમકે ચાતુરય બતાવીને ઈનામો જીતવાનાં હતાં:-સ્ટોડાર્ટ વિ. સગર;૧ અને હોલ વિ. કોકસ.૨

એક કેસમાં કેટલાક માણસોએ એકઠા મળીને દરેક જણે અમુક નાંણાંની રકમ અમુક (બે બે અથવા ત્રણ ત્રણ) મહીનાને આંતરે હપતાથી ભરવાનો ઠરાવ કર્યો, અને લાટમાં (ચીઠ્ઠી નાખીને) જે માણસનું નામ આવે તે માણસ તે હપતે ભેગી થએલી આખી રકમ લે એવી ગોઠવણ રાખી હતી. આવી રીતે આ બધા માણસોને તેમણે કકડે કકડે આપેલી આખી રકમ એક વખતે મળશે, અને દરેક રકમ ભરનારને વારા ફરતી આખુ ફંડ ઉછીતુ આપેલુ થશે. તે કેસમાં એવુ ઠરાવવામાં આવ્યુ હતુ કે આવી ગોઠવણ અથવા ઠરાવ ગેરકાયદેસર નહોતાં.૩

મુંબાઇમાં નીકળતા એક વર્તમાન પત્રના માલીકે મેલ બોરલની સોરટીના સંબંધમાં પોતાના વર્તમાન પત્રમાં એક જાહેર ખબર પ્રસીદ્ધ કરી. તે વર્તમાન પત્રના માલીકને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.૪

એક કેસમાં એક માણસ મીઠાઇ વેચવાની દુકાન કહાડી, અને ખાંડની મીઠાઇનાં એક એક પેનીનાં પડીકાં વેચવા માંડયાં, જેમાંનાં કેટલાંક પડીકામાં લગભગ એક પેનીની કીંમતની મીઠાઈ ઉપરાંત અડધા પેનીનો સીકકો બાંધેલો હતો. આ પ્રમાણે અડધા પેનીનો સીકકો કોઈ કોઈ પડીકામાં નીકળતો હતો એ વિષે તેણે કાંઇ પણ જાહેર ખબર છપાવી નહોતી, છતાં તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતુ કે તે માણસ સોરટી કાહાડવાનો ગુન્હેગાર હતો.૫

ગવરનર જનરલ, અથવા સ્થાનિક સરકાર, અથવા ગવરનર જનરલે ખાસ નીમેલા કોઇ અધીકારીના હુકમ અથવા અધિકાર વગર આ કલમ પ્રમાણે ફરીયાદ થઈ શકે નહી.૬

બાબ ૧૫ મો.

ધરમ સંબંધી ગુન્હાઓ બાબત.

કોઈ પણ જાતીના લો-

૨૯૫. જો કોઇ માણસ કોઈ પુજાના ઠેકાણાનો અથવા જે પદાર્થને કોઇ પણ જાતીના લોકો પવીત્ર ગણુતા હોય તે પદાર્થનો નાશ કરે અથવા તેને નુકશાન કરે કે ભ્રષ્ટ

૧. (૧૮૯૫) ૨ કવીન્સ બેન્ચ પાનુ ૪૭૪
૨. (૧૮૯૯) ૧ કવીન્સ બેન્ચ પાનું ૧૯૮
૩, વાસુદેવન વિ. મમદ ૨૨ મ. ૨૧૩
૪. રેનાઈના વિ. મંચેરજી ૧૦ મું. ૯૭
૫. હન્ટ વિ. વીલીઅમ્સ પર જસ્ટીસ ઓફ ધી પીસ (રીપોટરસ) પાનુ ૮૨૧.
૬. જુઓ ફોજદારી કામ ચલાવવાના કાયદા (૧૮૯૮ ના આકટ ૫ મા) ની કલમ ૧૯૬.

કોના ધરમને અપમાન કરવાના ઇરાદાથી કોઈ પુજાના ઠેકાણાને નુકશાન કરવું અથવા તેને ભ્રષ્ટ કરવું.

કરે એવા ઇરાદાથી કે તેમ કરીને કોઈ પણ જાતીના લોકોના ધરમને અપમાન પહોચાડવું અથવા એવું જાણીને કે એ પ્રમાણે નાશ અથવ નુકશાન અથવા ભ્રષ્ટ કરવાથી કોઇ પણ જાતીના લોકો પોતાના ધરમને અપમાન પહોંચ્યું એમ સમજશે એવો સંભવ છે તો તે માણસને બે વરસની મુદત સુધીની ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—અલાહબાદની હાઇકોરટે એવું ઠરાવ્યું છે કે આ કલમમાં વાપરેલો "પદાર્થ" શબ્દ નિરજીવ પદાર્થ હોવો જોઇએ, અને તેમાં સજીવ પદાર્થનો સમાવેશ થતો નથી; અને તેટલા માટે ગાય કે જેને ઘણા હિંદુઓ પવીત્ર માને છે તે ગાયને કતલ કરવી તે આ ૨૯૫ મી કલમ પ્રમાણે ગુન્હો નથી. 'પદાર્થ' શબ્દ નિરજીવ પદાર્થો જેવા કે દેવળો, મસીદો, મંદીરો અને દેવોની આરસ અથવા પાષાણની મુર્તીઓને લાગે છે.૧ કલકત્તાની હાઇકોર્ટે પણ અલાહબાદની હાઇકોર્ટના મતને અનુસરીને ઠરાવ્યુ છે કે પદાર્થ તે નિરજીવ પદાર્થંજ હોવો જોઇએ.૨ પરંતુ પંજાબની ચીફ કોરટે તેથી વિરૂદ્ધ અભીપ્રાય દર્શાવ્યો છે અને એવું ઠરાવ્યું છે કે પદાર્થ શબ્દ એટલો વીસ્તીરણ છે કે તેમાં સજીવ વસ્તુઓનો સમાવેશ થઈ જાય છે.૩

આ કલમ પ્રમાણે ગુન્હો બનવાને સારૂ અમુક વરગના લોકોના ધર્મને અપમાન કરવાનો ઇરાદો હોવો જોઈએ; અથવા અમુક વરગના માણસો ભ્રષ્ટતાને ધર્મ સંબંધી અપમાન તરીકે ગણવાનો સંભવ છે એવી જાણ (જ્ઞાન) હોવી જોઇએ. તેથી એવું ઠરાવવામાં આવ્યું હતુ કે ઇરાદાની અથવા જાણની સાબીતીની ગેરહાજરીમાં પુજાના સ્થાનને માત્ર ભ્રષ્ટ કરવું તે આ ૨૯૫ મી કલમ પ્રમાણે સજાને પાત્ર નથી.૪

તહોમતદારો જાતે માહાર જાતના ઢેડ હતા, અને તેમણે રસ્તા ઉપર આવેલા કુવામાંથી પાણી કાઢયુ. ઉચ વરણના લોકોના વિચાર પ્રમાણે તેમણે તે કુવાના પાણીને ભ્રષ્ટ (અપવિત્ર) કર્યું હતુ. આટલીજ હકીકત ઉપર તે તહોમતદારોને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી સજા કરવામાં આવી હતી. અપીલમાં હાઈકોરટે એવું ઠરાવ્યુ હતુ કે તેમણે તેવો કાંઇપણ ગુન્હો કર્યો નહોતો.૫

તહોમતદારે પોતાના સગાની સાથે થયેલા કજીયાના પરીણામે રાંધેલો ખોરાક (માંછલાં, માંસ, ચોખા વિગેરે) થી ભરેલી ટોપલી એક કુવામાં નાંખી દીધી તેના કૃત્યથી કોઈ પણ વરગના માણસોના ધર્મને અપમાન આપવાનો તહોમતદારનો ઇરાદો હતો કે નહી તેનો નિર્ણય કર્યા વગર કામ ચલાવનાર માજીસ્ત્રેટે તેને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવીને તેને સજા કરી. તેને ગુન્હેગાર ઠરાવેલો તે તથા તેને કરેલી સજા રદ કરીને એવું ઠરાવવામાં આવ્યું હતુ કે તહોમતદારના કૃત્યથી ૨૯૫ મી કલમ મુજબ ગુન્હો બનતો નહોતો.૬

તહોમતદાર જાતે સોની હતો, તેણે શિવના લીંગ ઉપર નાળીયેરનું પાણી ચડાવીને અભિષેક કર્યો. તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતુ કે જો જે દેવાલય (શિવાલય) માં અભિષેક કરવામાં આવ્યો હતો તે દેવાલય એવા વરગનું હોય કે જેમાં પુજા કરનારાઓને મુર્તીને (લીંગને) અડકવા દેવામાં આવતા નહોતા, અથવા તેમના ઉપર નાળીયેરનુ પાણી ચડાવવા દેવામાં આવતું નહોતું. પરંતુ જો કોઈ પણ પુજા

---

૧. રેજાઈના વિ. ઇમામઅલી ૧૦ અ. ૧૫૦ (ફુલબેન્ચ)
૨. રોમેશ વિ. હીર ૧૭ ક. ૮૫૨
૩. રેજાઈના વિ. હકીમ પંજાબ રેકર્ડઝ ૧૮૮૪ નુ ૨૭ મુ; રેજાઇના વિ. બાહાદુરસીંગ પંજાબ રેકરડ્ઝ સન ૧૮૮૮ નું ૩૪ મુ.
૪. રેજાઇના. વિ. મુસામત ઝીન્ગુ, ૭ સેનટરલ પ્રોવીન્સીસ રીપોરટસ પાનુ ૪૫.
૫. રેજાઈના. વિ. ગણપત્યા. ૫ સેનટરલ રીપોરટસ પાનુ. ૨૦
૬. રેજાઇના. વિ. વામન લક્ષ્મણ મુંબાઇ હાઈકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ. ૧૮૯૮ નુ ૪૦ મું.

કરનારને નાળીએરનું પાણી ચડાવીને અભિષેક કરવો હોય તો તે કામને સારૂ ખાસ નીમેલા, અને અમુક ખાસ નીયમો પાળવાને બંધાયેલા માણસોની મારફતે તેમ કરી શકાતું હતું, અને જો તહોમતદારે સ્થાપીત નીયમની ખુલ્લી રીતે મશ્કરી કરવાના હેતુથી અભિષેક કર્યો હોય તો આ કલમ પ્રમાણે તેને ગુન્હેગાર ઠરાવી કરેલી સજા બરાબર હતી.૧

ધરમ સંબંધી રીવાજને અનુસરીને એક હિંદુના શ્રાદ્ધ વખતે એક ગોધા (આખલા) ને (દેવોને) અર્પણ કરીને છુટો મુકી દીધો હતો. તે ગોધાને કેટલાક મુસલમાનોએ ફક્ત એકલા મુસલમાનોનીજ હાજરીમાં રાતરે છુપી રીતે મારી નાંખ્યો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેથી આ કલમ પ્રમાણે કાંઇ ગુન્હો બનતો નહોતો.૨

કાંઈ ધરમ સંબંધી મંડળીને અડચણ કરવી.

૨૯૬. કોઇ પણ મંડળી દેવપુજન અથવા ધરમ સંબંધી ક્રીયા કરવામાં કાયદા મુજબ રોકાએલી હોય તેને જે માણસ બુદ્ધિ પુર્વક અડચણ કરે તે માણસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—આ કલમ પ્રમાણે ગુન્હો બનવાને સારૂ-(૧) બુદ્ધિપુર્વક અડચણ કરેલી હોવી જોઈએ, (૨) દેવપુજન અથવા ધર્મ સંબંધી ક્રિયા કરવામાં રોકાયેલી મંડળીને અડચણ કરેલી હોવી જોઇએ, (૩) અને તે મંડળી આવું પુજન અથવા ક્રિયા કરવામાં કાયદેસર રીતે રોકાયેલી હોવી જોઈએ. ૩

આ ૨૯૬ મી કલમ પ્રમાણેના ગુન્હાની તપાસમાં નીચેના સવાલો ઉપર માજીસ્ત્રેટે ધ્યાન આપવું જોઇએઃ—(૧) દેવ પુજન કરવામાં કાયદેસર રીતે રોકાયેલી તે મંડળી હતી? (૨) આવી મંડળીને ખરેખર તહોમતદારથી અડચણ થઇ હતી? (૩) તહોમતદારના પોતાનાં કૃત્યો અને વર્તનથી આવી અડચણ કરવામાં આવી હતી. અને તે કૃત્યો અને વર્તનથી આવી અડચણ કરવાનો તેનો ઇરાદો હતો, અથવા આવાં કૃત્યો અને વર્તન કરતી વખતે તે કૃત્યો અને વર્તન આવી અડચણ કરવાનો સંભવ હતો એવું તે જાણતો હતો અથવા માનતો હતો. ૪ આ **રમઝાન**ના કેસમાં હકીકત એવી હતી કે **આમીન** શબ્દ મોટેથી ઘાંટો પાડીને બોલનાર પંથનો મુસલમાન, **આમીન** શબ્દ ધીમેથી બોલનાર પંથના મુસલમાનોની મસીદમાં ગયો, અને **આમીન** શબ્દ મોટો ઘાંટો કહાડીને બોલ્યો, તેથી તેને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી સજા કરવામાં આવી હતી, અપીલમાં અલાહબાદ હાઈકોર્ટના એક જડજ જસ્ટીસ મહમુદનો એવો અભિપ્રાય હતો કે તે જે ધર્મના કાનુનને તાબે હતો તેમાં તે કૃત્ય ફરમાવેલું હોવાથી ૭૯ મી કલમ પ્રમાણે તેનું કૃત્ય વ્યાજબી હતું, પરંતુ બીજા જડજોએ તેમના અભિપ્રાયથી વિરૂદ્ધ પડીને તે કેસની ફરી તપાસ કરવાનો હુકમ કર્યો અને ઉપર જણાવેલા સવાલો ઉપર ધ્યાન આપવાનું માજીસ્ત્રેટને ફરમાવ્યું.

પરંતુ આની પછી ચુકેલા એક કેસમાં એવું ઠરાવવામાં આવ્યું છે કે મસીદ એવી જગા છે કે જ્યાં બધા પંથના મુસલમાનોને જવાનો, અને તેમના પોતપોતાના અંતઃકરણ (શ્રદ્ધા) મુજબ હક તરીકે બંદગી (ભક્તિ) કરવાનો હક છે; અને પ્રમાણીકપણે શ્રદ્ધાપુર્વક મોટો ઘાંટો પાડીને "આમીન" શબ્દ બોલનાર મુસલમાન કાંઈ ગુન્હો કરતો નથી,૫ અને તેની આવી વર્તણુંકથી તે મસીદમાં બીજા ભક્તિ કરનારાઓને તેનાથી અડચણ થાય તો પણ તેના તે કૃત્યથી ગુન્હો બનતો નથી.૬

એક કેસમાં પુજા કરનારાઓ એક મંત્રનો ઉચ્ચાર કરતા હતા, અને તહોમતદાર તેમની હાજરીમાં

---

૧. રેજાઇના. વિ. શિવકોટી. મેર કૃત્ય લો. ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લા. પાનુ ૧૫૨.

૨. રોમેશ વિ. હીરૂ. ૧૭ ક. ૮૫૨.

૩. જયપાલગીર. વિ. ધરમપાલ ૨૩ ક. ૬૦.

૪. રેજાઇના. વિ. રમઝાન. ૭ અ ૪૬૧.

૫. અતાઉલ્લા વિ. અઝીમુલ્લા. ૧૨ અ. ૪૯૪ (ફુલબેન્ચ)

૬. જંગુ વિ. અહમદુલ્લા ૧૩ અ. ૪૧૯

અને તેમના સાંભળતાં બીજો મંત્ર બોલ્યો, અને તેથી કરીને તે પુજા કરનારાઓ જે કૃત્યમાં રોકાયેલા હતા તેમાંથી તેમનું ચિત્ત ખસી ગયું (બીજામાં ખેંચાયું) તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તહોમતદારનું કૃત્ય આ કલમના અર્થમાં આવી જાય તેવી રીતે દેવપુજામાં અડચણ થતી હતી. આ ગુન્હો બનવાને સારૂ એ જરૂરનું નથી કે પુજા (ભક્તિ) ખરેખર બંધ પડવી જોઇએ, અથવા તેનો ભંગ થવો જોઇએ.૧

આ કલમમાં જણાવેલી પુજા ખરેખરી પુજાજ (ભક્તિ) હોવી જોઈએ, અને બીજું કાંઈ કરવાને માટે (માત્ર) બાહાનુંજ હોવું જોઇએ નહી તેમજ મંડળી કાયદેસર રીતે પુજામાં રોકાયેલી હોવી જોઇએ. જે કૃત્ય કાયદેસર ન હોય તેવા કૃત્યથી જો ક્રિયાની શરૂઆત થઇ હોય તો જો કે આવી પુજા (ક્રિયા) ખરી હોય તો પણ તે પુજામાં રોકાયલા માણસો ભક્તિ કરવાનું અમુક આસન (દાખલા તરીકે પદ્માસન) માંડીને બેઠા છે તે બીના ઉપરથીજ માત્ર, તેઓ કાયદેસર રીતે પુજા. (ભક્તિ-ક્રીયા) કરવામાં રોકાયેલા છે એવું કહી શકાય નહી. ૨

કબરસ્તાન વગેરેમાં વગર રજાએ જવું.

૨૯૭. કોઇપણ શખસનું દીલ દુખવવાના ઇરાદાથી અથવા કોઈપણ શખસના ધરમને અપમાન પહોંચાડવાના ઇરાદાથી અથવા એ કરવાથી કોઇ સખશનું દીલ દુખાશે અથવા કોઇ સખસનાં ધરમને અપમાન પહોંચશે એવો સંભવ છે એમ જાણી કોઇ પુજાની જગોમાં અથવા કબરસ્તાનમાં અથવા પ્રેત સંસ્કાર કરવા સારૂં અથવા મુડદાં મુકવા સારૂં જુદી કહાડેલી જગામાં જે માણસ વગર રજાએ પ્રવેશ કરે અથવા કોઇ પ્રેતનું અપમાન કરે અથવા પ્રેત સંસ્કાર કરવા સારૂં મળેલા કોઈ શખસને અડચણ કરે તે માણસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—આ કલમનો મુળ મુદ્દો (તત્વ) દીલ દુખાવવાના અથવા ધર્મને અપમાન પહોચાડવાના સંભવની જાણ, અથવા દીલ દુખાવવાનો અથવા ધર્મને અપમાન પહોંચાડવાનો ઈરાદો છે, અને જ્યારે તેવા ઈરાદા અથવા જાણની સાથે કોઇ માણસ કબરસ્તાનમાં પ્રવેશ કરે છે, પ્રેત (મુડદા) ને અપમાન કરે છે; અથવા પ્રેત સંસ્કાર (મરણ ક્રિયા) કરવા સારૂ એકઠા મળેલા લોકોને અડચણ કરે છે ત્યારે ગુન્હો પરીપુરણ થાય છે. ૩.

દાટવાની જગા (કબરસ્તાન) ને ખોદી નાંખવી અને તો કબરોને અડચણ કરવી તે, જો કે તે જગાના માલીકની રજાથી કર્યું હોય તો પણ, આ કલમ પ્રમાણે સજાને પાત્ર છે. આ કેસમાં તો હકીકતથી એમ પુરવાર થયું હતું કે તેના કૃત્યથી બીજાઓનું દીલ દુખાવાનો સંભવ હતો એમ તહોમતદાર જાણતો હતો.૪

મીલકતના સહ—માલીકે તે મીલકત ઉપરનો પોતાનો હક ભોગવવામાં કરેલા કૃત્ય આ કલમના પહેલા ભાગ મુજબ પ્રવેશ ગણી શકાય નહી, પરંતુ જો તે કૃત્યો બીજા સહ માલીકોના હકને બાતલ કર્યા (રદ કર્યા) બરાબર હોય તો તે પ્રવેશ ગણાશે. ૫ પરંતુ નીચેની બાબતનો નિર્ણય કરવાનો સવાલ નહોતો તો પણ મદ્રાસની હાઇકોર્ટે એવું સ્થાપીત કરેલું છે કે પોતાને દત્તક લીધો છે એવું જણાવતો છોકરો (તેના દત્તક લેનાર બાપની) ઉત્તર ક્રિયા કરતો હોય તેને તેમ કરતો જે માણસ અટકાવે, અને તેમ કરીને મરનારની વિધવા સ્ત્રીનું દીલ દુખવે, તે માણસ આ કલમ પ્રમાણે સજાને પાત્ર થશે, પછી તે છોકરાને દત્તક લીધેલો

૧. રેજાઇના વિ. કૃષ્ણા ટાટાચારી વેર કૃત લૉ ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લૉ પાનું ૧૫૬.
૨. જયપાલગીર વિ. ધરમપાલ ૨૩ ક. ૬૦
૩. રેજાઈના વિ, બુરાનશાહ પંજાબ રેકડર્સ ૧૮૮૭ નું ૫૧ મુ,
૪. રેજાઈના વિ. સુલ્તાન ૧૮ અ. ૩૯૫
૫. રીખાજી મહમદ હમીનખાન ૩ મ ૧૭૮

તે ગેરકાયદેસર છે એવું જણાવીને તે માણસે અટકાવ કીધો હોય તોપણ તે સજાને પાત્ર થશે. ઉપર જણાવેલા કેસમાં વડીલસ એમ માનીએ કે તેને દત્તક લીધેલો તે ગેરકાયદેસર હતું તો પણ (તેના ધણીની) ઉતર ક્રિયા કરવાને યોગ્ય માણસ તે વીધવા સ્ત્રીજ હતી, અને તે બીજા કોઇની પાસે તે ક્રિયા કરાવી શકે તેથી કરીને પ્રતિવાદીએ જે અટકાવ કર્યો હતો તે તો ચોખ્ખી રીતે ગેરકાયદેસર હતો.૧

એક કેસમાં એક મુસલમાન ફકીર કે જેને તેના કેટલાક ધર્મ ભાઇઓ માનની નજરે જોતા હતા તે ફકીરની કબરને ફરતા કંપાઉન્ડ (વાડા) ની અંદર એક હિન્દુએ એક સ્ત્રીની સાથે સંભોગ કર્યો, માજીસ્ટ્રેટે તેને ૨૯૫ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવ્યો. પણ મદ્રાસ હાઇકોરટે તેને તે ૨૯૫ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવેલો રદ કરીને તેને ૨૯૭ મી કલમ મુજબ ગુન્હેગાર ઠરાવ્યો, કેમકે એવું સાબીત કરવામાં આવ્યું નહોતું કે તે જગા "કોઈપણ વર્ગનાં માણસોથી પવિત્ર મનાતી હતી;" પરંતુ તેમના અભિપ્રાય પ્રમાણે તે માણસ જાણતો હતો કે જો તે તેના કૃત્યમાં પકડાઇ ગયો તો તેના તે કૃત્યથી તે ફકીરના મુસલમાન વખાણનારાઓનું દીલ દુખાશે, અને તેનું કૃત્ય પકડાવાનું નથી એવું તે માનતો હતો તે વાત ધ્યાનમાં લેવા જોગ નહોતી.૨

મોહોરમમાં તાજીઆ (તાબુત)નું સરઘસ અટકાવવું તે આ કલમ પ્રમાણે ગુન્હો નથી. ૩.

ઉપર જણાવેલા ખાજા મહમદના કેસમાં અ. બ. ક અને ડ એક જમીનના કકડાના સહ-માલીકો હતા, અને તે જમીનના કકડામાં તેઓ તેમના મુવેલા માણસોને દાટતા હતા. અ. અને બ. એ તેમના એક સગાની કબરની નજીકમાંજ એક ખાડો પાડયો, પણ તે કબરને કોઈ પણ રીતે હરકત કરી નહી, તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેમણે આ કલમ પ્રમાણે પ્રવેશ કર્યો નહોતો.

ધર્મનાં મકાનોમાં, અથવા ખાનગી ઘરોમાં, અથવા જે જાહેર જગાઓ વાપરવા દેશની માજીસ્ટ્રેટે પરવાનગી આપી હોય તેવી જાહેર જગાઓમાં બીજાઓને તેમની ઉચીત અને નીયમસર ભક્તિ (ધરમ) કરવામાં હેરાન કરવાનો કોઈને હક નથી.૪

ધરમ સંબંધી કોઇ પણ સખસનું દીલ દુખાવાના પાકા ઇરાદાથી કાંઇ શબ્દો બોલવા. વગેરે.

૨૯૮. ધરમ સબંધી કોઇ પણ સખસનું દીલ દુખવવાના પાકા ઈરાદાથી જે માણસ તે સખસ સાંભળે એમ કાંઇ શબ્દ બોલે અથવા અવાજ કરે અથવા તે શખસના દેખતાં કાંઈ ચાળા કરે અથવા તે શખસની દ્રષ્ટી પડે એમ કાંઇ પદારથ મુકે તો તે માણસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા—આ પીનલકોડના અસલ બનાવનારાઓ આ કલમના સંબંધમાં નીચે મુજબ ટીકા કરે છે. "આ કલમ ઘડવામાં અમે બે હેતુઓ ધ્યાનમાં રાખેલા હતા, ધમ સંબંધી તકરાર (વિવાદ) ને સઘળી "યોગ્ય છુટ (સ્વતંત્રતા) આપવાને અમે ઈચ્છીએ છીએ અને તેની સાથે કોઇ પણ ધર્મ માનનારાઓને "આવી તકરાર (વિવાદ) ના બહાના નીચે બીજા લોકો જે પવિત્ર માને છે તેને ઈરાદા પુર્વક અપમાન "આપતા અટકાવવાની પણ અમારી ઈચ્છા છે. અમે ધારતા નથી કે કોઈ પણ માણસ શબ્દોથી ચાળાથી "અથવા (કાંઇ વસ્તુ) બતાવીને પાકા ઈરાદા પુર્વક તેના પાડોશીઓની ધર્મની લાગણીઓ દુખાવવામાં "વ્યાજબી કરે છે એમ ગણી શકાય."૫

---

૧. સુબમણ્ય. વિ. વેન્કટા. ૯ મ. ૨૫૪. પાને ૨૫૭ મે.

૨. રેનાઇના. વિ. રતના મુડેલી. ૧૦ મ. ૧૨૬, રેનાઇના. વિ. ગલ અને મુસામત પાઠશા ૫ (સેન્ટરલ પ્રોવીન્સીસ) રીપોર્ટસ. પાનું ૩૨.

૩. ઘાસીતા. વિ. કાલકા. ૫ અલ્હાબાદ વીકલી નોટસ પાનું. ૪૯.

૪. રેનાઈના. વિ. સઇયદ મહમદ. આઉદ સીલેકટ કેસીસ. પાનું. ૭૭

૫. પીનલકોડ ઉપર (અસલ ઘડનારાઓની) નોટ જ. પાનું. ૭

કમીશનરો તેમના બીજા રીપોર્ટમાં ઉપરનો ફકરો ટાંકીને વધુ ટીકા કરે છે કે "(લાગણીઓ) દુખા-
"વવાનો ઈરાદો પાકો હોવો જોઇએ, એટલે કે, તકરાર (વિવાદ) ની દરમ્યાન એકદમ કરેલો નહી, પણ
"આગળથી વિચાર કરીને કરી રાખેલો હોવો જોઇએ. એક માણસે બીજાની સાથે તે બીજો જે ધર્મ માનતો
"હોય તે ધર્મના વિષય ઉપર તકરાર (વિવાદ) માં ઉતરીને તકરારની દરમીઆનમાં બુદ્ધિ પુર્વક તે બીજા
"માણસની ધર્મ સંબંધી લાગણીઓ સંભવીત રીતે દુખાય તેવા શબ્દો વાપર્યા હતા એવું જણાયું,
"(સાબીત થવું) જોઈએ એટલુંજ નહી, પણ પેલા બીજા માણસનું એ પ્રમાણે દીલ દુખાવવાના પાકા
"હેતુથી તે માણસ (તે બીજાની સાથે) તકરારમાં ઉતર્યો હતો એ પણ જણાવુ જોઇએ......તો પણ જો
"એક માણસ જોર જુલમથી (બીજાની મરજી ન હોય તો પણ) બીજાનું ધ્યાન ખેંચે, અને તે બીજા
"તેની મરજી વિરૂદ્ધ સાંભળનારાને તેના ધર્મની સામે અપમાન થાય તેવી ગાળ ઉચ્ચારે તો અમે ધારીએ
"છીએ કે તે માણસ આ વ્યાખ્યાની અંદર આવી જશે, કેમકે તેના વર્તન ઉપરથી વિચાર પુર્વક અનુ-
"માન એવું થશે કે તેના સાંભળનારાની ધર્મ સંબંધી લાગણીઓ દુખાવવાનો તેનો પાકો (બુદ્ધિ-
પુર્વક) ઈરાદો હતો." ૧

આ કલમ તથા ૨૯૫ મી કલમ જુદા જુદા ધરમ પાળનારા લોકોનીજ વચ્ચે માત્ર લાગુ પડે છે, અને હિન્દુઓના જુદા જુદા પંથ અથવા વરગ કે જેઓ પોતપોતાના પંથની લાગણીઓથી ઉશ્કેરાયેલા હોય છે તેમની વચ્ચે તે લાગુ પડતી નથી એમ ઠરાવવાને કાંઈ પણ પુરતા કારણો નથી.૨

જે વખતે તહોમતદારોનાં નાતના લોકો ફરીઆદીને ઘેર જમવા બેસતા હતા તે વખતે તહોમતદારોએ બધાના સાંભળતાં ઘાંટો પાડીને કહ્યું કે જો તે લોકો તેમના (તહોમતદારોને લીધા) વગર જમવા બેસશે તો તેઓ ગાયની માટી (માંસ) ખાશે તેથી તે લોકો તેમની થાળીઓને અડકયા વગર ઉઠી ગયા, તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તહોમતદારોને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ગણી શકાય નહી.૩

એક સ્ત્રીએ અનઉરસ (વ્યભિચારથી ગરભ રહેલા) છોકરાને જન્મ આપ્યા પછી તેણીની સુવાવડ વખતે તેણીએ જે લુગડું પહેર્યું હતું તે તે છોકરાના (પેદા કરનાર) બાપ ઉપર નાંખ્યું તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ ૨૯૮ મી કલમ પ્રમાણે ગુન્હો બનતો નહોતો.૪

હિન્દુઓની ધર્મ સબંધી લાગણી દુખવવાના પાકા (બુદ્ધિ પુર્વક) ઈરાદાથી એક ગામની આસપાસ ઉઘાડી સ્થિતિમાં ગાયના માંસને લઇ જઇને લોકોની નજરે પાડવું તે ગુન્હો છે એમ ઠરાવવામાં આવ્યું હતું.૫

એક નાતની જમણવારમાં હાજર થયેલા કેટલાક હિન્દુઓ તેમને પીરસેલું ભોજન ખાવાને બેઠા હતા એટલામાં તે નાતના બીજા કેટલાક માણસો આવ્યા, અને જે લોકો બેઠા હતા તેમને ત્યાંથી ઉઠીને બીજી જગાએ બેસવાનું કહ્યું, પણ તે બેઠેલા લોકોએ તેમ કરવાની ના પાડવાથી તે આવનાર માણસોએ તે બેઠેલા લોકોની વચ્ચે એક ખાસડું નાખ્યું, અને તેથી તે બેઠેલા લોકો પીરસેલા ભોજનને અડકયા વગર ઉઠી ગયા તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જે માણસોએ ખાસડું નાંખ્યું હતું તે માણસોને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી શકાય નહી.૬

જે ક્રિયા કરવાનો અધીકાર આપેલો હોય તે ક્રિયાની અંદર મના કરેલો મંત્ર ઘુસાડી દેવો તે ગુન્હો છે એમ ઠરાવવામાં આવ્યું હતું.૭

---

૧. કમીશનરોનો બીજો રીપોરટ. સને ૧૮૪૭ કલમ ૨૫૨.
૨. રેજાઈના. વિ. શીવકોટી. વેરકૃત લો ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો. પાનુ. ૧૫૨.
૩. રેજાઈના. વિ. દગડી. રતનલાલ કૃત અનરીપોરટેડ ક્રીમીનલ કેસીસ. પાનુ. ૫૯૨.
૪. તુકારામ. વિ. તેલી. ૯ સેન્ટ્રલ પ્રોવીન્સીસ રીપોરટસ. પાનુ. ૭
૫. રેજાઈના વિ. રેહેમાન. ૧૩ અલ્હાબાદ વીકલી નોટસ પાનુ. ૧૪૪
૬. રેજાઈના. વિ. મોતીલાલ. ૨૧ અલ્હાબાદ વીકલી નોટસ. પાનુ. ૨૧૨
૭. નરસીંહ. વિ. કૃષ્ણ. ૨ મદ્રાસ લો જનરલ પાનુ. ૨૩૯.

બાબ ૧૬ મો.

માણસના શરીર સંબંધી ગુન્હાઓ બાબત.

જીંદગી સંબંધી ગુન્હાઓ બાબત.

૨૯૯. મોત આણવાના ઈરાદાથી જેથી થવાનો સંભવ હોય એવું કાંઇ શરીરનું નુકશાન કરવાના ઇરાદાથી કાંઇ કામ કરીને અથવા ફલાણું કામ કરેથી મોત થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં તે કામ કરીને જે માણસ મોત આણે તે માણસે શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો કર્યો એમ સમજવું.

શિક્ષણીય મનુષ્યવધ.

દ્રષ્ટાંત—(**અ**) મોત આણવાના ઈરાદાથી અથવા તેથી મોત થશે એવો સંભવ છે એમ જાણીને **અ** એક ખાડાની ઉપર લાકડીઓ ગોઠવીને ઘાસ પાથરે અને તે જમીન મજબુત છે. એમ માનીને **જ** તે પર ચાલતાં અંદર પડીને તેનો જીવ જાય તો **અ** એ શિક્ષણીય મનુષ્ય વધનો ગુન્હો કર્યો એમ સમજવું.

(**બ**) **જ** એક ઝાડી પાછળ છે એવું **અ** જાણે છે. **બ** ને એ વાતની ખબર નથી હવે **જ** નું મોત આણવાના ઈરાદાથી અથવા એથી **જ** નું મોત થશે એવો સંભવ છે એમ જાણીને **અ** **બ** ને તે ઝાડીમાં બંદુક ભરીને મારવાને લલચાવે અને તે પ્રમાણે **બ** બંદુક મારી **જ** નો પ્રાણ લે તો એ ઠેકાણે **બ** કાંઇ ગુન્હાનો તકશીરવાર નહી થાય એમ બની શકે છે પણ **અ** એ શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો કર્યો એમ સમજવું.

(**ક**) એક પક્ષીને મારીને તે ચોરી લઇ જવાના ઇરાદાથી તેને ગોળી મારવામાં **અ** એક ઝાડી પાછળ બેઠેલા **બ** નો જીવ લે અને **બ** ત્યાં બેઠેલો છે એમ **અ** જાણતો ન હોય તો એ ઠેકાણે અગર **અ** એક કાયદા વિરૂદ્ધ કામ કરતો હતો તો પણ તે શિક્ષણીય મનુષ્યવધના ગુન્હાનો તકશીરવાર નથી કેમકે તેણે **બ** નો જીવ લેવાનો અથવા જે કામથી મોત થવાનો સંભવ તેના જાણવામાં હોય એવું કામ કરીને મોત આણવાનો ઇરાદો કર્યો નહી હતો.

ખુલાસો ૧ લો—જે શખસને કાંઇ રોગ કે વ્યાધિ કે શરીરની અશક્તતા થઇ હોય એવા કોઇ શખસને જે માણસ શરીરનું નુકશાન કરે અને તેથી કરીને પેલા સખસનું મોત વેહેલું થાય તો તે માણસે તે સખસનું મોત આણ્યું એમ સમજવું.

ખુલાસો ૨ જો—જે ઠેકાણે કાંઇ શરીરના નુકશાનથી મોત થાય તે ઠેકાણે જે સખસે તે શરીરનું નુકશાન કર્યું હોય તેણે તે મોત આપ્યું એમ સમજવું પછી અગર બરાબર ઈલાજ કરે એથી તથા હુશીઆર હકીમની દવા કરેથી તે મોત થવું બચી શકત એમ હોય તો પણ.

ખુલાસો ૩ જો—માના પેટ માંહેના બચ્ચાનું મોત આણવું તે મનુષ્ય વધનો ગુન્હો નથી પણ કોઇ જીવતાં બચ્ચાનો કાંઇ પણ ભાગ બાહાર નીકળ્યો હોય પછી તે બચ્ચાથી શ્વાસોશ્વાસ ન લેવાયા હોય અથવા તે પુરેપુરૂ જનમ્યું ન હોય તો પણ જીવતાં બચ્ચાંનું મોત આણવું તે શિક્ષણી મનુષ્યવધનો ગુન્હો થઇ શકે.

ટીકા.—મનુષ્યે મનુષ્યને મારી નાંખવું તે મનુષ્યવધ છે. મનુષ્યવધ ત્રણ પ્રકારનો છે:-(૧) સાહોં, (૨) શિક્ષણીય, (૩) અને ગફલતી ભરેલો.

(૧) **સાદો મનુષ્યવધઃ**—જ્યાં નીચે જણાવેલા કોઈ પણ કેસમાં મોત નીપજ્યું હોય ત્યારે સાદો મનુષ્યવધ કરેલો ગણાય છેઃ—

(અ.) જ્યાં કાયદેસર અથવા ગેરકાયદેસર કોઇ કૃત્ય કરવામાં **અકસ્માતથી,** અને કાંઈ પણ બેફીકરાઇ અથવા ગફલતી વગર, અથવા કાંઇ પણ ગુન્હેગારી ભરેલા ઈરાદા અગર જાણ વગર, મરણ નીપજ્યું હોય (કલમ ૮૦ મી.)

(બ.) જ્યાં **વ્યાજબી રીતે** મોત નીપજ્યું હોય, એટલે કે

૧. જે અખતીઆર તેને કાયદાએ આપેલો છે, અથવા તે શુદ્ધ બુદ્ધિથી એમ માને છે કે આ અખતીઆર મને કાયદાએ આપેલો છે તેવો કોઈ અખતીઆર અમલમાં લાવવામાં જડજ જ્યારે ઇનસાફનું કામ કરે છે ત્યારે (તે જડજથી મોત નીપજ્યું હોય)—(કલમ ૭૭ મી.)

૨. કોઈ કોર્ટનો હુકમ અમલમાં લાવવામાં વર્તનાર માણસ જે શુદ્ધ બુદ્ધિથી એમ માને છે કે આવો હુકમ કરવાની તે કોર્ટને હકુમત હતી તેવા માણસથી (મોત નીપજ્યું હોય)—(કલમ ૭૮ મી.)

૩. મરણ નીપજાવવાની જે માણસની કાયદા પ્રમાણે ફરજ છે, અથવા કાયદાથી રજા છે, અથવા જે માણસ હકીકતની કાંઈ ભુલના સબબથી શુદ્ધ બુદ્ધિથી એમ માને છે કે (મરણ નીપજાવવાની) કાયદા પ્રમાણે માહારી ફરજ છે, અથવા કાયદાથી મને રજા છે તે માણસથી (મોત નીપજ્યું હોય) (કલમો ૭૬ તથા ૭૯).

૪. હાનિ કરવાના સાપરાધ ઇરાદા વગર, તથા શુદ્ધ બુદ્ધિથી શરીર અથવા મીલકતને થતી બીજી હાનિ અટકાવવાને, અથવા તેથી બચાવવાના કામને સારૂ, વર્તનાર માણસથી (મોત નીપજ્યું હોય)—(કલમ ૮૧).

૫. શરીર અથવા મીલકતનો ખાનગી બચાવ કરવાનો હક વાપરવામાં (મોત નીપજ્યું હોય)—(કલમો ૧૦૦ અને ૧૦૩).

(ક.) જ્યાં કલમો ૮૨, ૮૩, ૮૪, ૮૫, માં જણાવેલા બાળકથી, અથવા દીવાના મનના માણસથી, અથવા કેફ કરેલા માણસથી મોત નીપજ્યું હોય.

(ड) જ્યાં મરનાર માણસના હિતને સારૂ શુદ્ધ બુદ્ધિથી કરેલા કૃત્યથી વગર ઇરાદે મોત નીપજ્યું હોય, પણ તે કયારે? કે જ્યારે.

૧. તે (મરનાર) માણસે, અથવા તે સગીર અથવા દીવાનો હોય તો, તેના વાલીએ સ્પષ્ટ રીતે અથવા ગર્ભિત રીતે આવું કૃત્ય કરવાની રજા આપી હોય, અથવા

૨. જ્યારે રજા (પરવાનગી) આપવાનું મરનાર માણસને માટે અસંભવીત હોય (અર્થાત મરનાર માણસથી રજા આપી શકાય એવું ન હોય,) અથવા,

૩. જ્યાં તેનાથી રજામંદી બતાવી શકાતી ન હોય (અર્થાત તે રજા આપવાને અશકત હોય) અને કોઇ (તેનો) વાલી ન હોય કે જેની પાસેથી (તેને) ફાયદો થાય તેવી રીતે કૃત્ય કરવા સારૂ વખતસર રજા મેળવવાનું સંભવીત હોય. (કલમ—૯૨)[૧]

(૨) નીચે જણાવેલી કોઈ પણ સ્થીતિની અંદર, **(અ)** કૃત્યથી, અથવા **(બ)** કસુરથી મોત નીપજાવવું તે **શિક્ષણીય મનુષ્યવધ છેઃ**—

(અ) કૃત્યઃ—

૧. મોત નીપજાવવાના **ઈરાદાથી** કોઇ પણ કૃત્ય કરવાથી,

૨. જેથી મોત નીપજાવવાનો સંભવ હોય એવું કાંઇ શરીરનું નુકશાન કરવાના **ઈરાદાથી** કોઇ પણ કૃત્ય કરવાથી, અથવા

૩. આવું કૃત્ય કરેથી મોત થશે એવો સંભવ છે, એવું જાણ્યા છતાં કાંઈ પણ કૃત્ય કરવાથી.

---

૧. સ્ટોકસ કૃત એન્ગ્લો—ઇન્ડીયન કોડઝ.

અ.—કસુરઃ—

(૧) ગેરકાયદેસર કસુરથી મોત નીપજે એવા ઇરાદાથી કોઈપણ ગેરકાયદેસર કસુર (કરવા)થી,

(૨) આવી કસુરથી એવી શારીરિક ઇજા થાય કે જેથી મોત નીપજવાનો સંભવ થાય એવા ઇરાદાથી કાંઇપણ ગેરકાયદેસર કસુર (કરવા) થી,

(૩) આવી કસુરના પરીણામે મોત નીપજવાનો સંભવ છે એવું જાણીને કાંઈપણ ગેરકાયદેસર કસુર (કરવા) થી.૧

(૩) બેદરકારી ભરેલો અથવા ગફલતી ભરેલો મનુષ્યવધ, આ ત્રીજા વિભાગના સબંધમાં જુઓ કલમ ૩૦૪ અ, અને તેની નીચેની ટીકા.

મોત આણવું.—જ્યારે કરેલા કૃત્યથીજ, અથવા તે કૃત્યથી અવશ્ય કરીને અથવા કુદરતી રીતે થતાં, અને તે કૃત્યના પરિણામ તરીકે વાસ્તવિક રીતે ધારેલાં કોઇ પરિણામથી મોત નીપજે છે ત્યારે આ કલમના અર્થની અંદર તે કૃત્યે મોત નીપજાવેલું કહેવાય છે. દાખલા તરીકે એક માણસ જે દવા અથવા ખોરાક લેવાનો સંભવ હોય તે દવા અથવા ખોરાકમાં બીજો સખશ ઝેર ભેળવે, અથવા તે માણસને ભયંકર દીવાના આદમીવાળી, અથવા જંગલી પ્રાણીવાળી ઓરડીમાં પેસવાને તે બીજો સખશ લલચાવે.૨ તેજ પ્રમાણે જ્યાં એક સ્ત્રીએ પોતાના બાળકને માત્ર પાંદડાંથી ઢાંકીને એક બગીચામાં મુકી દીધું, અને તે સ્થિતીમાં તે બાળકને સમળીએ મારી નાંખ્યું, અથવા જ્યાં તે સ્ત્રીએ પોતાના બાળકને ડુક્કર બાંધવાની જગામાં છુપાવ્યું, જ્યાં તેને ડુક્કરોએ મારી ખાધું.૩

સર જેમ્સ સ્ટીવન આના સબંધમાં નીચે મુજબ ટીકા કરે છેઃ—

" જ્યારે એક માંદા માણસને ઊંઘવાથી જીવવાનો સંભવ હોય ત્યારે ધારો કે બીજો સખશ મોટો " ઘાંઘાટો કાહાડીને તેને જગાડીને તે માંદા માણસને ઈરાદા પુર્વક મારી નાંખે છે; અથવા ધારો કે, " એક માણસને અંતઃકરણનો રોગ (aneurism) છે એવું જાણીને તેનો વારસ તે માણસના ઓરડામાં " ધસી જઇને તેના કાનમાં બુમ પાડે કે તમારી વહુ ગુજરી ગઈ; અને તેમ કરવામાં તેનો તે માણ- " સને મારી નાંખવાનો ઈરાદો હોય, અને તે માણસ મરી જાય, તો આ કૃત્યને ખુન (ના કૃત્યો) " કેમ ન કહેવાં ? "૪

આ કેસને આ કોર્ટના અસલ ઘડનારાઓએ બતાવીને તે ખુનનાં કૃત્યો છે એમ અચકાયા વગર ઠરાવ્યું હતું.૫

આપણે ઉપર કહી ગયા કે મનુષ્યે મનુષ્યને મારી નાંખવું તે મનુષ્યવધ છે. હવે આ મનુષ્ય શબ્દ ગર્ભમાના બાળકને કેટલે દરજ્જે લાગુ પડી શકે તે જોઇએ. જ્યાં સુધી ગર્ભમાંનું બાળક જીવતુ જનમ્યું નથી ત્યાં સુધી તે મનુષ્ય કહેવાય નહી,૬ કેમકે જે (મનુષ્ય) ને મારી નાંખ્યું હોય તેણે જીવીત હોવું જોઇએ. રેજાઈના વિ. હેન્ડલે૭માં જસ્ટીસ બરેટ કહે છે કેઃ—બાળક જ્યારે એકલાં તેનાં પોતાનાં ફેફસાં- વડે શ્વાસોશ્વાસ લેવું, અને શ્વાસોશ્વાસ લેવાને લીધે જીવતું હોય ત્યારે તે જીવતું જન્મ્યું (કહેવાય) " છે, અને ત્યારે તેનું જીવિત અથવા જીવવાની શકિત તેની માની વડે [વાટે] મેળવ્યા વગર જીવતા

---

૧. સ્ટારલીંગ કૃત્ય ઈન્ડીયન પીનલકોડ.

૨. ૧ ઈસ્ટ કૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન. પાનું ૨૨૮

૩. ૧ ઈસ્ટકૃત પ્લેઝ ઓફ ધી ક્રાઉન પાનું. ૨૨૫

૪. સર જેમ્સ સ્ટીવન કૃત ડાઇજેસ્ટ ઓફ ક્રીમીનલ લૉ. આરટીકલ. ૨૨૧

૫. પરીશિષ્ટ. નોટ. મ. પાનું. ૧૪૨; વળી વીલકીનસન. વિ. ડાઉંનટન (૧૮૯૭) ૨ કવીન્સ બેન્ચ. પાનું. ૬૧ માં જસ્ટીસ, રાઇટના ટીકા જુઓ.

૬. ૧ હેલ કૃત્ય પ્લીઝ ઓફ ધી ક્રાઉન. પાનું. ૪૩૩.

૭. ૧૩ કોકસ કૃત્ય ક્રીમીનલ કેસીસ. પાનું. ૭૯.

"બાળક તરીકે તે હયાતી ભોગવે છે. સર જેમ્સ સ્ટીવન તેમના ડાઇજેસ્ટની ૨૧૮ મી આરટીકલમાં આના "સંબંધમાં નીચે મુજબ કાનુન સ્થાપીત કરે છે; "જ્યારે બાળક જીવિત સ્થીતીમાં તેની માના શરીરમાંથી "પુરેપુરૂ બહાર નીકળ્યું હોય ત્યારે તે બાળક આ આકટના અર્થની અંદર (આવી જાય તેવી રીતે) "મનુષ્ય થાય (ગણાય) છે. ૧ પછી તે શ્વાસોશ્વાસ લેતું હોય કે ન લેતું હોય ૨ તોપણ, અને તેનામાં "સ્વતંત્ર લોહીનું ફરવું થતું હોય કે ન થતું હોય. ૩ તોપણ અને ડુંટીની નાળ કાપી નાંખી હોય કે ન "કાપી નાંખી હોય૪ તોપણ તેની હરકત નહી, અને જ્યારે તે (બાળક) ના જન્મ પેહેલાં, જન્મની "દરમીઆનમાં, અથવા જન્મ પછી તેને થયેલી ઈજાના પરીણામે તે જન્મ્યાં પછી મરી જાય ત્યારે તેવા "બાળકને મારી નાંખેલો તે મનુષ્ય વધ (ગણાય) છે."૫

તરત જન્મેલા બાળકને મારી નાંખવાના સંબંધમાં બે કલમો છેઃ—
(૧) કલમ. ૨૯૯ નો ખુલાસો ૩ જો, અને (૨) કલમ. ૩૧૫ મી, જે જુઓ.

ગેરકાયદેસર કસુરોઃ—૨૯૯ મી કલમમાં કરેલાં કૃત્યો વિષે લખાણ છે, પરંતું આ કોડની ૩૨ મી કલમથી જે શબ્દો કરેલા કૃત્યોને લાગુ પડે છે તેમાં ગેરકાયદેસર કસુરો પણ આવી જાય છે (અર્થાત ગેરકાયદેસર કસુરોની બાબતમાં પણ કરેલાં કૃત્યો પ્રમાણે સમજવું.) અસલ ઘડેલા કોડમાં (આપેલી) શીક્ષણીય મનુષ્યવધની વ્યાખ્યામાં "જે વસ્તું કરવાને કોઈ માણસ કાયદેસર રીતે બંધાયેલો હોય તે કરવામાં કસુર "કરનાર" માણસનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે (કલમ. ૨૯૪) આ કલમ ઉપર ટીકા કરતાં "કમીશનરો તેમનો અર્થ દર્શાવવા સારૂ નીચે મુજબ દ્રષ્ટાંતો આપે છેઃ—

"નદીમાં એટલું બધું પુર આવ્યું છે કે ઝ સહીસલામત રીતે નદીની પાર જવાનો પ્રયત્ન કરી "શકશે નહી એવું ઝ ને કહેવામાં અ કસુર કરે છે, અને આ કસુરથી બુદ્ધિપુર્વક ઝ નું મોત નીપજાવે "છે. જો અ તે નદીની પાર જવાનો પ્રયત્ન કરતાં મુસાફરોને ચેતવણી આપવાને સત્તાવાળાઓની તરફથી "મુકેલો સીપાઇ હોય તો આ ખુન છે (ગણાશે.) જો અ એ ઝ ની સાથે તેને ભોમીઆ તરીકે રસ્તે લઇ "જવાનો કરાર કરી તે ઝ નો ભોમીઓ થયો હોય તો (પણ) તે ખુન છે (ગણાશે). જો માણસને માણસ "ઉપર સામાન્ય રીતે હક હોય તે સિવાય અ ના ઉપર ઝ ને બીજો કાંઇપણ હક ન હોય તો તે ખુન નથી."

"એક જંગલી કુતરો ઝ ને બાઝે છે. જો તે કુતરાને બોલાવી લેવામાં નહી આવે તો ઝ નું ખુન "થવાનો (મરી જવાનો) સંભવ છે એવું જાણતાં છતાં અ તે કુતરાને બોલાવી લેવામાં કસુર કરે છે. ઝ "મરી જાય છે. જો તે કુતરો અ ની માલકીનો હોય તો અ એ આ ખુન કરેલું ગણાશે, કેમકે કુતરા "સંબંધી યોગ્ય બંદોબસ્ત કરવામાં તેની કસુર ગેરકાયદેસર છે (કલમ. ૨૮૯) પરંતુ જો અ માત્ર રસ્તા-"નો જનાર હોય તો તે ખુન નથી (ગણાશે નહી.)૬

જે વસ્તુ કરવાને એક માણસ કાયદેસર રીતે બંધાયેલો છે તે વસ્તુ કરવામાં કસુર કરવી તે ગેરકાયદેસર કસુર છે. પરંતુ દરેક ગેરકાયદેસર મોત નીપજાવનારા કૃત્ય તરીકે ગણી શકાય નહી. દાખલા તરીકે, દેવું નહી આપવું તે ગેરકાયદેસર છે; પરંતુ કોઈ માણસના લેહેણા પઇસા તેના દેણદારે તેને આપ્યા નહી તે કારણથી તે માણસ ભુખમરાથી મરી જાય તો તેનો દેણદાર તે માણસનું મોત નીપજાવવાનો ગુન્હેગાર થઈ શકશે નહી. "તેથી કરીને કયા પ્રકારનું કસુરથી મારી નાંખવું ગુન્હાભરેલું છે તે નક્કી કરવા સારૂ "પ્રથમ તો જે ફરજોનું વલણ જીંદગીનું રક્ષણ કરવા તરફ છે તે ફરજો નક્કી કરવાની જરૂર છે. તે ફરજો "નીચે મુજબ છે; કેટલાક કેસમાં જીંદગીની જરૂરીઆતો પુરી પાડવાની ફરજ; સંભાળ ભરેલી રીતે

---

૧. રેજાઈના. વિ. પઉલટન. ૫ કેરીંગટન એન્ડ પેઈન. પાનુ. ૩૨૯
૨. રેજાઇના. વિ. બરેન. ૬ કેરીંગટન એન્ડ પેઈન. પાનું. ૩૪૯
૩. રેજાઈના, વિ. રાઇટ. ૯ કેરીંગટન એન્ડ પેઇન. પાનુ. ૭૫૪
૪. રેજાઇના. વિ. ટ્રીલો. કેરીંગટન એન્ડ મારશમેન પાનુ. ૬૫૦
૫. રેજાઈના. વિ. વેસ્ટ. ૨. કેરીંગટન એન્ડ કરવાન. પાનુ ૭૮૪
૬. કમીશનરોનો રીપોરટ. સને ૧૮૩૭ પાનુ. ૧૪૦.

“ જોખમ ભરેલા કામ કરવાની ફરજ, અને તે (કામ કરવા) માં યોગ્ય જ્ઞાન, કુશળતા, સંભાળ અને સાવચેતી વાપરવાની ફરજ; જોખમ ભરેલી વસ્તુઓની સાથે વર્તન કરવામાં બરાબર સંભાળ રાખવાની “ જરૂર; અને કરારથી અથવા બીજી રીતે માથે લીધેલું કોઈ પણ કૃત્ય, કે જે કરવામાં કસુર કરવાથી જીં- “ દગીને જોખમ થશે તેવું કૃત્ય કરવાની ફરજ.”૧ તે પ્રમાણે કેદીઓને બાળકોને, અથવા કરાર કરીને પોતાને ત્યાં શીખવા રહેલા માણસોને (apprentices) યોગ્ય જરૂરીઆતો પુરી પાડવામાં (કરેલી) ગફલતીથી જ્યાં મોત નીપજે ત્યાં શીક્ષણીય મનુષ્ય વધનો ગુન્હો થશે. પરંતુ જ્યારે કોઈ બાપની દીકરી સુવાવડના ખાટલા વશ થવાની હોય ત્યારે તે છોકરીને વાસ્તે દાઈયણની મદદ મેળવવાની તે બાપની કાંઈ કાયદેસર ફરજ નથી, અને તેના પરીણામે છોકરી ગુજરી જાય તો તે બાપ ગુન્હા ભરેલી રીતે જવાબદાર નથી.૨ એક કેસમાં યોગ્ય ખોરાક અને રહેઠાણ પુરૂ પાડવામાં શેઠાણીએ કરેલી ગફલતીથી તેની ચાકરડી મરી ગઇ, તેમાં તે ચાકરડીનું મોત નીપજાવવાનું તે શેઠાણી ઉપર તહોમત મુકવામાં આવ્યું હતું; તેમાં ચીફ જસ્ટીસ અરલે ટીકા કરી કે “કાયદો સ્પષ્ટ છે કે કોઇ સખસ બીજા માણસને હવાલે અને સુપરતમાં “ હોય, અને તે બીજું માણસ તે સખસને યોગ્ય ખોરાક અને રેહેઠાણ પુરૂ પાડવામાં ગફલતી કરે તો, “ જે સખસ તેને હવાલે હોય તેનું આવી ગફલતથી મોત નીપજે તો આવો માણસ જવાબદાર થશે, “ પરંતુ એ પણ સરખીજ રીતે સ્પષ્ટ છે કે જ્યારે જે માણસના પોતાનાં કૃત્યો ઉપર સ્વતંત્ર અખત્યાર “ હોય, અને પોતાની સંભાળ લેવાને શક્તિમાન હોય તે માણસ એવી નોકરીમાં રહે કે જ્યાં તે ભુખેમરે “ અને તેને ઘણી ખરાબ જગાએ રાખવામાં આવે ત્યારે જે કાંઈ પરીણામ નીપજે તેને વાસ્તે શેઠાણી “ ગુન્હા ભરેલી રીતે જવાબદાર નથી.”૩

આજ નીયમ ઉપર નીચેના કેસનો ફેંસલો આપવામાં આવ્યો હતો તહોમતદાર બાઇ તેની મરનાર શેઠાણી સાથે એકલી રહેતી હતી, અને તેનું ખાવા પીવાનું તથા રહેવાનું ખરચ મરનાર તેની શેઠાણી પુરૂ કરતી હતી. મરનારની ઉમ્મર ૭૩ વરસની થઇ હતી. જરૂરની સઘળી ચીજો મરનારના પઈસાથી તહોમતદાર બાઈ ખરીદતી હતી. તેની જીંદગીના છેલ્લા દશ દીવસથી મરનાર બાઇ પગ કોહી જવાથી પીડાતી હતી, અને તેને લીધે તેનાથી હાલી ચાલી શકાતું નથી તેમજ પોતાને માટે કાંઇ પણ કરી શકાતું નેહોતું. આ દશ દીવસની દરમીઆન તહોમતદાર બાઈ ખોરાકીની હમેશની જરૂરીઆત ચીજો ખરીદી લાવતી હતી, પણ દેખીતી રીતે તેમાંની કાંઇ પણ તેની મરનાર શેઠાણીને આપતી નહોતી. પોતાની શેઠાણીને વાસ્તે તે બાઇએ કાંઇ દવાની મદદ અથવા તેની સારવાર કરનારની મદદ મેળવી નહી તેમજ મરનારનાં પડોશીઓને અથવા મરનારનાં સગાને તેણીની અને યોગ્ય સારવારની ગેરહાજરીથી મરનારનું મોત જલદી થયું હતું. મરનારની નીરાધાર સ્થીતીને લીધે તેણીને તહોમતદારના ઉપર તદન આધાર રાખવાનું થયું હતું. અને તે તહોમતદારની પાસે મરનારના રહેલા પૈસા કે જે તે પૈસાના માલીકના હીતને સારૂ વાપરવાને તે તહોમતદાર બાઈ બંધાયેલી હતી તે પૈસાને લીધે (મરનારના) મોતને વાસ્તે તે તહોમતદાર ગુન્હેગારી ભરેલી રીતે જવાબદાર થઇ હતી તેવા કારણસર તેને (શિક્ષણીય) મનુષ્યવધના ગુન્હાની ગુન્હેગાર ઠરાવી હતી.૪ ટુંકમાં, કસુરના કેસમાં તહોમતદારને માથે રહેલી ફરજ, તે ફરજ બજાવવામાં તેની ગફલતી મોતનું અથવા જીંદગી ટુંકાવા (જલદી અંત આવવા) નું સીધું કારણ હતું એવું, સાબીત કરવું જરૂરનું છે. ૫

ઈરાદોઃ—ધારેલા પરિણામની આશા (રાખવી) તે ‘ ઇરાદો ’ છે. ૬ ખુનનું અથવા ખુન ન હોય તેવા શિક્ષણીય મનુષ્ય વધનું તહોમત સાબીત કરવા સારૂ ઇરાદો અથવા જ્ઞાન (જાણ) પુરવાર કરવાં

---

૧. સર જેમ્સ સ્ટીવન્સ ડાઇજેસ્ટ ઓફ ક્રીમીનલ લો. પાનું ૧૦.

૨. રેજાઇના. વિ. શેપરડ. ૩૧ લો જનરલ. માજીસ્ટ્રેટસ કેસીસ. પાનું. ૧૦૨.

૩. રેજાઇના. વિ. સ્મીથ, ૩૪ લો જનરલ માજીસ્ટ્રેટસ કેસીસ, પાનુ ૧૫૩.

૪ ૧ કવીન્સ. બેન્ચ. ડીવીઝન ૪૫૦.

૫. રેજાઈના. વિ. શેપરડ. ૩૧ લો. જનરલ, માજીસ્ટ્રેટસ કેસીસ. પાનું. ૧૯૨ રેજાઇના. વિ. ફરેન્ડ. રસેલ અને રીઅન્સ ક્રાઉન કેસીસ રીઝરવ્ડ. પાનુ. ૧૦.

૬. આરટીન્સ જ્યુરીસ પ્રુડન્સ.

(નો પુરાવો આપવો) જોઇએ. જો ઇરાદો અથવા જ્ઞાન (જાણ) સાબીત થાય નહી તો મહા વ્યથા
ગુન્હો થાય. ૧ ઇરાદાને ઈચ્છાની સાથે ભેળસેળ કરી નાંખવો જોઇએ નહી (ઇરાદો અને ઇચ્છા એકને
કજ છે એમ ઠરાવી દેવું જોઇએ નહી;) અને જ્યાં એવું હથીઆર વાપરવામાં આવ્યું હતું કે તેથી
નીપજવાનો સંભવ હતો ત્યાં કાયદો, ઇરાદો હતો એવું અનુમાન કરી લેશે, કેમકે (દરેક) માણસ
કૃત્યોનાં કુદરતી પરિણામો આવવાનો ઇરાદો રાખે છે એવું હમેશાં ધારી લેવામાં આવે છે. ૨

અહીંઆં વાપરેલો ' ઇરાદો ' શબ્દ કોઈ પ્રથમથી કરી રાખેલો વિચાર અથવા ગોઠવણની હ
ધારી લેતો નથી. તેનો અર્થ ખરેખરો (વાસ્તવીક) ઇરાદો, તે પળે હયાત હોય તેવો ઈરાદો, એવો
છે, અને તે ઇરાદો તહોમતદારના કૃત્યોની, અને તે કેસની હકીકતથી સાબીત થાય છે, અને તે કૃત્યો
હકીકત ઉપરથી તેનું અનુમાન થાય છે. ૩.

જે " ઇરાદાથી " અથવા " જાણ " સાથે જે કૃત્યથી, મોત નીપજ્યું હતું તે કૃત્ય કરવામાં અ
હતું, તે " ઈરાદો " અથવા " જાણ " ગર્ભીત (અનુમાનિક) અથવા કાયદાનું અનુમાન (માત્ર)
ન જોઈએ, પણ દરેક કેસમાં વિચારવા જેવી ખરેખરી હકીકત હોવી જોઇએ; અને તહોમતદારના હેત
અને વીચારો સમજાવવાને સારૂ સાથેની હકીકતનો પુરાવો લેવાઈ શકાય.૪

૨૯૯ મી કલમ નીચેના ખુલાસો પહેલો કોમન લો નો નિયમ કબુલ રાખે છે તે નિયમ એવો
જો માણસ ખરેખર મરવા પડયો હોય તો પણ જે ઈજાથી તેનું મોત જલદી થાય તે ઇજા તેના મો
કારણ ગણાશે. અને જે કૃત્યથી મોત જલદી થાય છે તે કૃત્ય કેવળ દયાના હેતુથી, દાખલા તરીકે અ
દુઃખમાંથી મરવા પહેલા માણસને છોડવાના હેતુથી કરવામાં આવ્યું હોય તેથી કાંઇ ફેર પડતો નથી. પ
જો મરનાર મનુષ્ય ૧૮ વરસ કરતાં વધારે ઉમ્મરનું હોય અને તે મનુષ્યની સંમતિથી તે કૃત્ય કરવ
આવ્યું હોય તો તે આ પીનલકોડ પ્રમાણે ખુન નહી એવો શિક્ષણીય મનુષ્યવધ ગણાશે. ૫.

ખુલાસો ૨ જો — જે કોઇ માણસ બીજાની જીંદગીને જોખમમાં મુકે છે તે તેના પરીણામને વા
જવાબદાર છે. " જો કોઈ માણસને ઘા વાગ્યો હોય જે એકલો પ્રાણઘાતક ન હોય, પણ જે સારા મલ
" પટાની ગેરહાજરીને લીધે, અથવા તે ઘા સંબંધી બેદરકાર રહેવાને લીધે, કોહી જાય, અને તેને
" તાવ આવે અને તે કોવાટ અથવા તાવ મોતનું તુરતનું કારણ હોય તો પણ જે માણસે તે ઘા
" હોય તે માણસે, જો કે તેણે ઘા કર્યો તે મોતનું તુરત કારણ નથી તો પણ, ઘા વાગનાર માણસનું
" કર્યું ગણાશે; (કેમકે) જો કે તે (કરેલો ઘા) તે (મોત) નું મધ્યસ્થ કારણ હતું, અને કોવાટ અ
" તાવ તેનું તુરતનું કારણ હતું; તો પણ તે ઘા કોવાટનું અથવા તાવનું કારણ હતું, અને તેથી ક
" કારણનું કારણ હતું. " ૬

આ ટીકા આ બીજા ખુલાસાને બરાબર મળતી આવે છે, એક કેસમાં એક માણસની આંગળી કપ
સરજન (દાકટરે) તે ભાગ કાપી નાંખવા દેવાનો તેને આગ્રહ કર્યો; પણ તેણે તેમ કરવા ના પાડી
પછી તેને દાંત બંધ થઈ જવાનો રોગ (lock-faw) થયો, જે રોગથી તે મરી ગયો, તે કેસમાં બચ
તરફથી એવો પુરાવ આપવાની માગણી કરવામાં આવી હતી કે જો તેણે વહાડકાપ કરવા દીધી હોત
ઘણું કરીને તેની જીંદગી બચી હોત. જસ્ટીસ મોલે એવું ઠરાવ્યું કે આ કાંઈ બચાવ નહોતો, કેમકે મુદ્

---

૧. રેજાઇના. વિ. મફુર જોલાહા. ૮ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનું. ૨૮; રેજાઇના વિ. ઉ
પ્રમાણીક ૪ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું. ૨૩; રેજાઈના. વિ. મેઘામીઆં. ૨ સધર
ન્ડઝ વીકલી રીપોરટર. પાનું. ૩૯.

૨. રેજાઈના. વિ. સોનહાર ૫ સેન્ટ્રલ પ્રોવીન્સીસ રીપોરટસ. પાનું ૪૮.

૩. રેજાઇના. વિ. ગફુર. પંજાબ રેકરડઝ ૧૮૮૭ નું. ૬૨ મું.

૪. દુનીઆ. વિ. સુઆહ. નીઝામત અદાલત રીપોટર્સ (બંગાળા) પાનું. ૧૦૫.

૫. ૧ ઇસ્ટકૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન. પાનું ૨૨૮.

૬. ૧ હેલકૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન. પાનુ. ૪૨૮.

સવાલ એ હતો કે પરિણામે તે ઘા (આંગળીનો કાપ) મોતનું કારણ હતું કે નહી. ૧ બીજા એક કેસમાં ઘા થયા પછી વાહાડકાપ (operation) કરવામાં આવી હતી જેના પરિણામે દર્દી ગુજરી ગયો. તે કેસમાં બચાવ તરફથી એવો પુરાવો આણવાની માગણી થઈ હતી કે વહાડકાપ કરવાની કાંઇ પણ જરૂર નહોતી. અથવા વધારે સહેલી અને ઓછી જોખમકારક વહાડકાપ (ફાયદાકારક) થઈ પડત. જસ્ટીસ અરલે તેવો પુરાવ લેવાની ના પાડી અને કહ્યું કે "મારો ચોખ્ખી રીતે એવો અભિપ્રાય છે અને મારા મીત્ર રોલ્ફનો "પણ તેવોજ અભિપ્રાય છે કે જ્યાં ઘા પાડવામાં આવ્યો હોય, કે જે કાબેલ વૈદક સલાહકારોના અ-"ભિપ્રાય મુજબ, જોખમકારક હોય, અને જે દવા તેઓ શુદ્ધબુદ્ધિથી કરે તે તે દર્દીના મરણનું તુરતનું "કારણ હોય, ત્યાં જે માણસથી તે ઘા થયો હોય તે ગુન્હેગારી ભરેલી રીતે જવાબદાર છે." ૨

આ બીજા ખુલાસા ઉપર મી. કોલેટ નીચે મુજબ ટીકા કરે છે:—

ખુલાસો બીજો એવું ધારી લે છે કે શારીરિક ઈજા પોતેજ મોત નીપજાવવાને યોગ્ય હતી, અને તેથીજ ખરેખરી રીતે મોત નીપજ્યું છે. અને તે માત્ર ખુલાસો કરે છે કે યોગ્ય સારવાર કરીને તે પરિણામ અટકાવવામાં કરેલી કસુરથી કાંઈ ફેર પડતો નથી, તેટલા માટે જ્યાં શારીરિક ઇજા મોત નીપજાવતી નથી તેવા કેસનો તેમાં સમાવેશ થતો નથી, કેમકે તે (શારીરિક ઈજા) તેમ કરવાને (મોત નીપજાવવાને) કદી યોગ્યજ નહોતી અને તેટલા માટે એવી ખરાબ સારવાર (દવાદારૂ) કે જે મોત નીપજાવવાને અયોગ્ય હોય, તેવી શારીરિક ઇજાના સંબંધમાં કરી હોય, ત્યાં ઇજાને લીધે મોત થયું (ગણાશે,) પણ તે ઇજા મોતનું કારણ નથી. ૩.

ખુલાસો ૩ જો:—મી. ફીલીપ્સ કહે છે કે આ ખુલાસાથી માના ગર્ભમાંના બાળકનું મોત નીપજાવવું તે આ કલમ પ્રમાણે સજાને પાત્ર થતું નથી. આવા ગુન્હાને ૩૧૫ મી કલમ લાગે છે. ૪

અમુક રીતે મોત નીપજાવવાના ગુન્હાને ખુન કહેવું કે શિક્ષણીય મનુષ્યવધ કહેવો તેના સંબંધમાં કલમ ૩૦૦ ના નીચે આપેલા ફેંસલા જુઓ.

ટીકા.—એક સખસના ઉપર બીજા સખસનું ખુન કરવાનો આરોપ મૂકવામાં આવે ત્યારે, દેખીતી રીતેજ ત્રણ બાબતો સાબીત કરવાની જરૂર રહે છે. (૧) પ્રથમ તો જેનું ખુન થયાનું કહેવામાં આવતું હોય તે સખત મરી ગયો છે (જીવતો નથી.) (૨) ફરીયાદ પક્ષ તરફથી જેવી રીતે તે મરી ગયાનું કહેવામાં આવતું હોય તેવી રીતે તેનું મોત નીપજ્યું છે. અને (૩) ફરીયાદ પક્ષના કહેવા પ્રમાણેજ તહોંમતદારે ઈરાદા પૂર્વક એ કૃત્યમાં ભાગ લીધો હતો. ૫

એક કેસમાં તહોંમતદારોએ ધાર્યું કે એક સ્ત્રીએ તેમના ઉપર જાદુ કર્યું છે તેવા શક ઉપરથી તેને સખત રીતે માર માર્યો ને તેના શરીર ઉપર કેટલેક ઠેકાણે ડામ દીધા. ચાર પાંચ દીવસ પછી તે સ્ત્રીનો વાંસો સુજી ગયો ને તેને તાવ આવ્યો. તે પછી તે બિછાના વશ રહીને માર માર્યા પછી સોળમે દીવસે મરી ગઇ. સેશન્સજજે આ તહોંમતદારોને ઈ. પી. કોડ. ક. ૩૨૩ મુજબ સજા કરી. તે કામમાં (હાઇકોર્ટે) ઠરાવ રદ કર્યો અને ઠરાવવામાં આવ્યું કે—તહોમતદારો ઉપર શીક્ષણીય મનુષ્યવધનું તહોંમત મૂકી તપાસ થવો જોઈએ. ૬

૩૦૦. નીચે બાતલ કરેલી બાબતો મુકી દઇને બીજી સર્વ બાબતોમાં શિ-ક્ષણીય મનુષ્યવધને ખુન સમજવું, પણ કયારે

---

૧. રેજાઇના. વિ. હાલાન્ડ. ૨ મોરગન એન્ડ રોબીન્સન. પાનું. ૩૫૧.
૨. રેજાઇના. વિ. પીમ ૧ કોકસકૃત ક્રીમીનલ કેસીસ. પાનું. ૩૩૯.
૩. કોલેટકૃત કોમેન્ટસ ઓન ધી ઇન્ડીયન પીનલકોડ.
૪. ફીલીપ્સ કૃત કમ્પેરેટીવ ક્રીમીનલ જ્યુરીસપ્રડન્સ.
૫. એમ્પરર. વિ. આનંદભાઉ ૭ બોમ્બે લૉ રિપોર્ટર પાનું ૯૮૫.
૬. એમ્પરર. વિ. ડુમડયા. ૪ બૉમ્બે લૉ. રિપોર્ટર ૮૭૯.

ખુન. કે જો જે કામથી મોત થાય તે કામ મોત આણુવાના ઇરાદાથી કર્યું હોય તો અથવા.

૨ જી—કોઇ સખસને જેથી તે સખસનું મોત થવાનો સંભવ તકસીરવાર માણુસ જાણુતો હોય એવું કાંઇ શરીરનું નુકશાન કરવાના ઇરાદાથી તે કામ કર્યું હોય તો અથવા.

૩ જી—કોઈ શખસને કાંઇ શરીરનું નુકશાન કરવાના ઇરાદાથી તે કામ કર્યું હોય અને તે ઇરાદો કરેલું શરીરનું નુકશાન એવી રીતનું હોય કે ચાલતાં સૃષ્ટી ક્રમ પ્રમાણે મોત કરવાને તે સમર્થ હોય અથવા.

૪ થી—તે કામ એવું તરત ભયંકર છે કે તેથી સો વસા મોત અથવા જેથી મોત થવાનો સંભવ છે એવું શરીરનું નુકશાન થશેજ એમ તે કામ કરનાર શખસ જાણુતો હોય અને મોત આણુવાના અથવા ઉપલા પ્રકારના નુકશાનના જોખમમાં પડવા કાંઇ કારણુ વિના સખસ તે કામ કરે તો.

દ્રષ્ટાંત—(અ) જ ને મારી નાંખવાના ઇરાદાથી અ તેને ગોળી મારે અને તેથી જ મરી જાય તો અ એ ખુન કર્યું એમ સમજવું.

(બ) જ ને એવો રોગ થએલો છે કે એક સપાટો મારેથી તેનું મોત થવાનો સંભવ છે એમ જાણ્યા છતાં અ તેના શરીરનું નુકશાન કરવાના ઇરાદાથી સપાટો મારે અને તે સપાટાથી અ મરી જાય તો અગર ચાલતા સૃષ્ટિક્રમ પ્રમાણે સારી તન્દુરસ્તીવાળા શખસનું મોત આણુવાને તે સપાટો સમર્થ ન હોય તો પણુ અ ખુનનો તકસીરવાર છે પણુ જ ને કાંઇ રોગ થયો છે એમ ન જાણુતાં અગર અ તેને એક એવો સપાટો મારે કે તેથી ચાલતા સૃષ્ટિક્રમ પ્રમાણે સારી તન્દુરસ્તીવાળા શખસનું મોત ન થાય તો એ ઠેકાણે અગર તેનો ઇરાદો શરીરનું નુકશાન કરવાનો હોય તો પણુ જો મોત આણુવાનો અથવા જેથી ચાલતા સૃષ્ટિક્રમ પ્રમાણે મોત થાય એવું શરીરનું નુકશાન કરવાનો ઇરાદો કર્યો નહી હોય તો અ ખુનનો તકશીરવાર છે એમ સમજવું.

(ક) અ ઇરાદાથી જ ને એક તલવાર અથવા ડાંગથી જખમ કરે એવું કે તેથી ચાલતા સૃષ્ટિક્રમ પ્રમાણે માણુસનું મોત થાય અને જ તે જખમથી મરી જાય તો એ ઠેકાણે અગર તેને જ નું મોત આણુવાનો ઇરાદો ન કર્યો હોય તો પણુ અ ખુનનો તકશીરવાર છે એમ સમજવું.

(ડ) લોકોનું એક ટોળું મળેલું છે તેમાં વગર કારણે અ એક ભરેલી તોપ છોડે અને તેથી તેઓમાંના એક જણુનો જીવ જાય તો અગર ફલાણા શખસનો જીવ લેવો એવો તેને આગળથી વિચાર પુર્વક ઇરાદો ન કર્યો હોય તો પણુ અ ખુનનો તકશીરવાર છે એમ સમજવું.

શિક્ષણીય મનુષ્યવધ કયારે ખુન થાય.

અપવાદ ૧ લો—ભારે તથા આકસ્મીક ક્રોધ ઉત્પન્ન થવાથી જેની પોતાનો જીવ વશ રાખવાની શક્તિ ગઈ છે એવી અવસ્થામાં છતાં કોઇ માણુસ તે ક્રોધ ઉત્પન્ન કરનાર શખસનું મોત આણે અથવા ભુલથી તે ઇતેફાકને બીજા શખસનું મોત આણે તો તે શીક્ષણીય મનુષ્યવધ ખુન નથી.

ઉપલા અપવાદને નીચલી સરતો લાગુ પડે છે.

પહેલી—કોઈ શખસને મારી નાંખવા અથવા કાંઇ હાની કરવાના બાહાના દાખલ તે ક્રોધ ગુન્હેગારે માગી આણેલો અથવા બુદ્ધિપુર્વક ઉત્પન્ન કરેલો ન હોવો જોઇએ.

બીજી—કાયદા મુજબ અથવા સરકારી નોકરીનો અખત્યાર અમલમાં લાવતાં કોઈ સરકારી નોકરે કરેલી કાંઇ વસ્તુથી તે ક્રોધ ઉત્પન્ન થએલો ન હોવો જોઇએ.

ત્રીજી—ખાનગી બચાવનો હક કાયદા મુજબ અમલમાં લાવતાં કરેલી કાંઇ વસ્તુથી તે ક્રોધ ઉત્પન્ન થએલો ન હોવો જોઇએ.

ખુલાસો—તે ક્રોધ એવો ભારે તથા આકસ્મીક હતો કે તેથી તે ગુન્હો ખુન થઇ શકે નહી એ હકીકતની બાબત છે.

દ્રષ્ટાંત—(અ) ક્રોધ ઉત્પન્ન થાય એવું કાંઈ કામ **અ** એ કર્યાથી ક્રોધાધીન થઇને તે અવસ્થામાં **અ જ** નું છોકરૂં **ય** છે તેને ઈરાદાથી મારી નાંખે તો તે ખુન સમજવું કેમકે તે ક્રોધ ઉત્પન્ન થવાનું કામ તે છોકરાએ કર્યું નથી અને તે ક્રોધ થએલું કાંઇ કામ કરવામાં ઇન્તેફાક અથવા કમનશીબથી તે છોકરાનું મોત થયું નથી.

(બ) **અ** ને ભારે તથા આકસ્મીક ક્રોધ ઉત્પન્ન થાય એવું કાંઇ કામ **ય** કરે અને તેથી ક્રોધ ચડીને **અ ય** ની ઉપર એક પીસ્તોલ છોડે અને પાસે ઉભેલો પણ નહી દીઠેલો **જ** તેથી મરી જાય પણ તેને મારી નાંખવાનો **અ** એ ઇરાદો ન કર્યો હોય તથા પોતાને હાથે તેનું મોત થવાનો સંભવ પણ **અ** એ જાણ્યો ન હોય તો એ ઠેકાણે **અ** એ ખુન નહી પણ માત્ર શિક્ષણીય મનુષ્યવધ કર્યો એમ સમજવું.

(ક) **અ** ને એક નાજરનો સીપાઈ **જ** કાયદા મુજબ પકડે અને તે પકડવાથી આકસ્મીક તથા ભારે ક્રોધ ચડીને **અ જ** ને મારી નાંખે તો એ ખુન સમજવું કેમકે ક્રોધ જે ઉત્પન્ન થયો તે સરકારી નોકરે પોતાનો અખત્યાર અમલમાં લાવતાં કરેલી વસ્તુથી ઉત્પન્ન થયો.

(ડ) એક **જ** માજીસ્ત્રેટની આગળ **અ** સાહેદ દાખલ હાજર થાય અને **જ** એ પ્રમાણે બોલે કે **અ** ની જુબાનીમાંનો એક શબ્દ પણ હું માનતો નથી તથા **અ** એ ખોટી સાહેદી પુરી છે અને એ શબ્દ સાંભળીને આકસ્મીક ક્રોધ ચડીને **અ જ** ને મારી નાંખે તો એ ખુન સમજવું.

(ઇ) **જ** નું નાક ખેંચવાની **અ** કોશીશ કરે અને તેને તેમ કરતાં અટકાવવા સારૂ ખાનગી બચાવનો હક અમલમાં લાવીને **જ અ** નો હાથ પકડે તેથી આકસ્મીક તથા ભારે ક્રોધ ચડીને **અ જ** ને મારી નાંખે તો એ ખુન સમજવું કેમકે ક્રોધ જે ઉત્પન્ન થયો તે ખાનગી બચાવનો હક અમલમાં લાવતાં કરેલી વસ્તુથી ઉત્પન્ન થયો.

(ફ) **જ બ** ને મારે તેથી **બ** ને ભારે ક્રોધ ચડે, અને તે ક્રોધનો ફાયદો લેવાના ઈરાદાથી તથા તેની પાસે **જ** ને મારી નાંખવાના ઇરાદાથી એક પાસે ઉભેલો માણસ **અ** તે કારણસર **બ** ના હાથમાં એક છરી આપે અને તે છરીએ વતી **બ જ** ને મારી નાંખે તો એ ઠેકાણે **બ** એ માત્ર શીક્ષણીય મનુષ્યવધ કર્યો એમ થઈ શકે પણ **અ** તો ખુનનો તકશીરવાર છે એમ સમજવું.

અપવાદ ૨ જો—કોઇ માણસ શુદ્ધબુદ્ધિએ શરીર અથવા મીલકતના ખાનગી બચાવનો હક અમલમાં લાવતાં કાયદાએ તેને આપેલા અખત્યારની હદની બહાર જાય અને આગળ વિ-

ચાર કર્યા વીના તથા તે બચાવ કરવામાં જરૂર કરતાં વધારે હાની કરવાના ઇરાદા વગર જે શખ્સની સામા તે બચાવનો હક અમલમાં લાવતો હોય તે શખ્સનું મોત આણે તો તે શીક્ષણીય મનુષ્યવધ ખુન નથી.

દ્રષ્ટાંત—(અ)ને મહાવ્યથા ન થાય એવી રીતે ઘોડાની ચાબુકથી તેને મારવાની જ કોશીશ કરે. અ એક પીસ્તોલ ખેંચી કહાડે જ હુમલામાં જારી રહે અને ચાબુકનો માર પડતો બીજા કોઇ ઇલાજથી અટકાવાશે નહી એવું શુદ્ધબુદ્ધિએ માને ને અ ગોળી મારીને જ નો પ્રાણ લે તો અ એ ખુન નહી પણ માત્ર મનુષ્યવધ કર્યો એમ સમજવું.

અપવાદ ૩ જો—કોઇ માણસ સરકારી નોકર હોય અથવા સરકારી ઇનિસાફનો ધારો કરવાને કામ કરનારા કોઈ સરકારી નોકરને સહાય કરતો હોય તે માણસ કાયદાએ તેને આપેલા અખત્યારની હદની બહાર જાય અને સરકારી નોકર દાખલ પોતાની ફરજ બરાબર રીતે બજાવવાને સારૂ પોતે જે કામને શુદ્ધબુદ્ધિએ કાયદેસર તથા જરૂર માનતો હોય એવું કાંઇ કામ કરવાથી તે મોત આણે પણ જે શખ્સનું મોત થાય તે શખ્સની ઉપર તેનો કાંઇ દ્વેષભાવ ન હોય તો તે શીક્ષણીય મનુષ્યવધ ખુન નથી.

અપવાદ ૪ થો—આગળ વિચાર કર્યો વીના એકાએક ઝઘડા થઇને ઘણો ક્રોધ ચડયો હોય તેવામાં એકાએક મારામારી થઇને શીક્ષણીય મનુષ્યવધ થાય અને તે ગુન્હો કરનારે કાંઇ ગેરવ્યાજબી ફાયદો લીધો ન હોય અને તે ઘાતકી રીતે અથવા નવાઈની રીતે ચાલ્યો ન હોય તો તે શીક્ષણીય મનુષ્યવધ ખુન નથી.

ખુલાસો—એવી બાબતોમાં ક્રોધ ઉત્પન્ન કરનાર કોણ અથવા પેહેલો હુમલો કરનાર કોણ એ વાતની કાંઇ જરૂર નથી.

અપવાદ ૫ મો—જે શખ્સનું મોત થયું હોય તે શખ્સ અઢાર વરસથી વધારે ઉમરનો છતાં તેને પોતાની રજામંદીથી પોતાનું મોત થવા દીધું હોય અથવા મોતનું જોખમ માથે લીધું હોય તો તે ઠેકાણે શીક્ષણીય મનુષ્યવધ ખુન નથી.

દ્રષ્ટાંત—જ અઢાર વરસથી ઓછી ઉમ્મરનો એક શખ્સ છે તેને ઉશ્કેરીને અ બુદ્ધિપુર્વક તેની પાસે આપઘાત કરાવે તો એ ઠેકાણે જ ની નહાની ઉમ્મરના સબબથી જ પોતાનું મોત થવા બાબત પોતાની રજામંદી આપવાને અશક્ત માટે અ એ ખુન કરવામાં મદદગારી કરી એમ સમજવું.

ટીકા—'ખુન' અને 'શિક્ષણીય મનુષ્ય વધ' વચ્ચેનો ભેદ ચીફ જસ્ટીસ પીકોકે ઘણીજ સારી રીતે બતાવ્યો છે તે નીચે મુજબ છે.

" જો કોઇ ગુન્હો શિક્ષણીય મનુષ્યવધની વ્યાખ્યામાં ન આવતો હોય તો તે ખુન (નો ગુન્હો) " હોઇ શકે નહી; કેમકે ૩૦૦ મી કલમ જે કેસમાં શિક્ષણીય મનુષ્યવધ ખુન છે. તેવા કેસ માત્ર બતાવે " છે. પરંતુ કોઈ પણ ગુન્હો ખુન (નો ગુન્હો) થયા વગર શિક્ષણીય મનુષ્યવધ (નો ગુન્હો) હોઈ શકે.

" જો ૩૦૦ મી કલમમાં જણાવેલા કોઇ પણ અપવાદની અંદર તે કેસ આવી જતો હોય તો " શિક્ષણીય મનુષ્યવધ ખુન નથી.

" મોત આણવાના ઈરાદાથી કાંઇ કામ કરીને મોત આણવું તે શિક્ષણીય મનુષ્ય વધ છે. તે ખુન " પણ છે, (પણ તે ક્યારે કે) જો તે કેસ ૩૦૦ મી કલમના એકાદ અપવાદમાં ન આવતો હોય તો.

" જો કરવા ધારેલું શરીરનું નુકસાન, ચાલતા સૃષ્ટિક્રમ પ્રમાણે, મોત આણવાને સમર્થ હોય તો કોઈ

“ પણ માણસને શરીરનું નુકસાન કરવાના ઈરાદાથી મોત આણવું તે ‘ જેથી મોત થવાનો સંભવ હોય એવું
“ કાંઈ શરીરનું નુકશાન કરવાના ઈરાદાથી ’ એ ૨૯૯ મી કલમના શબ્દોની અંદર આવી જાય છે, અને તે
“ શિક્ષણીય મનુષ્યવધ છે. જો તે કેસ ૩૦૦ મી કલમની ત્રીજી પેટા કલમના એકાદા અપવાદની અંદર
“ ન પડતો હોય તો તે ખુન પણ છે. ”

“ ફલાણું કામ કર્યેથી મોત થશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં તે કામ કરીને મોત આણવું તે
“ શિક્ષણીય મનુષ્યવધ છે. પણ જો કે ‘ ૩૦૦ મી કલમમાં જણાવેલા કોઇ પણ અપવાદની અંદર તે
“ પડતું ન હોય તો પણ તે ખુન નથી, પરંતુ જો ૩૦૦ મી કલમની પેટા કલમ, ૨ જી, ૩ જી અથવા ૪
“ થીની અંદર તે આવી જતું હોય તો એટલે કે, જો જે કામથી મોત થાય તે કામ કોઇ શખસને જેથી તે
“ સખસનું મોત થવાનો સંભવ તકસીરવાર માણસ જાણતો હોય એવું કાંઇ શરીરનું નુકસાન કરવાના ઇરા-
“ દાથી કર્યું હોય, અથવા તે કામ કોઈ સખશને કાંઈ શરીરનું નુકસાન કરવાના ઇરાદાથી કર્યું હોય, અને
“ તે ઈરાદો કરેલું શરીરનું નુકસાન એવી રીતનું હોય કે ચાલતા સૃષ્ટિક્રમ પ્રમાણે મોત કરવાને તે સમર્થ
“ હોય, અથવા તે કામ એવું તરત ભયંકર છે કે તેથી સો વસા મોત અથવા જેથી મોત થવાનો સંભવ
“ છે એવું શરીરનું નુકસાન થશેજ એમ તે કામ કરનાર સખશ જાણતો હોય તો—(તે ખુનનો ગુન્હો ગણાશે.)

“ કામ વિષે બોલવામાં હું અલબત્ત ગેરકાયદેસર કસુરનો સમાવેશ કરી દઉંછું.

“ અથવા આવા કામથી મોત થવાનો સંભવ છે એવું જાણતાં છતાં એ ૨૯૯ મી કલમના શબ્દોની
“ અંદર આવતા એવા ઘણા કેસો છે કે જે ૨૯૯ મી કલમની પેટા કલમો ૨, ૩, અથવા ૪ ની અંદર
“ આવી જતા નથી, દાખલા તરીકે ૨૭૯ મી, ૨૮૦ મી, ૨૮૧ મી, ૨૮૨ મી, ૨૮૪ મી, ૨૮૫ મી, ૨૮૬
“ મી, ૨૮૭ મી, ૨૮૮ મી અને ૨૮૯ મી કલમોમાં જણાવેલા ગુન્હાઓ તે કયારે કે જો ગુન્હેગાર જાણતો હોય
“ કે તેનું કામ અથવા ગેરકાયદેસર કસુર મોત નીપજાવવાનો સંભવ છે, અને જો તેથી ખરેખરી રીતે મોત થાય.

“ દૃષ્ટાંત તરીકે ધારો કે કોઈ સાંકડા લોકોની ભીડવાળા મોહોલ્લામાં થઇને કોઈ ગૃહસ્થ બેદરકારીથી
“ અથવા ગફલતીથી, અથવા જોસબંધ ધમધમ બગી હાંકે છે, તે જાણતો હોય કે (તેના તેવી રીતે બગી
“ હાંકવાથી) કોઇ માણસ ચગદાઇ મરવાનો સંભવ હતો, પરંતુ કોઇને ચગદી મારવાનો, અથવા કોઈને
“ શરીરનું નુકસાન કરવાનો તેનો ઈરાદો હોય નહી. આવી બાબતમાં, જો તે મોત નીપજાવે તો હું ધારૂંછુ
“ કે ખુન નહી, એવા શિક્ષણીય મનુષ્યવધનો તે ગુન્હેગાર થશે. પરંતુ જો હકીકતમાં (સ્પષ્ટ રીતે) એવું
“ પુરવાર થયું હોય કે તે જાણતો હતો કે તેનું કામ એવું તરત ભયંકર હતું કે તેથી સોવસા મોત
“ અથવા જેથી મોત થવાનો સંભવ હતો, એવું શરીરનું નુકસાન થશેજ તો ૩૦૦ મી કલમની પેટા કલમ
“ ૪ થીમાં તે કેસ પડશે, (અને તે ખુનનો ગુન્હેગાર થશે.)... ... ...

“ જો કોઇ માણસ માણુસોની ભીડવાળા મોહોલ્લામાં થઈનેજ માત્ર નહી. પણ માણસોની ભીડની
“ અંદર ઈરાદા પુર્વક જોસબંધ બગી હાંકે તો ઘણું કરીને હકીકતમાંજ એવું પુરવાર થશે કે કલમ ૩૦૦
“ ની પેટા કલમ ૪ થીમાં લખ્યા મુજબ તે જાણતો હતો કે તેનું કામ એવું તરતજ ભયંકર હતું કે તેથી
“ સોવશા મોત અથવા જેથી મોત થવાનો સંભવ હોય એવું શરીરનું નુકશાન થશેજ... ... ...

“ (તેના કામથી) મોત નીપજવાનો સંભવ હતો એવું જાણતાં છતાં કોઇ માણસની (તે) કામ
“ કરવાની હકીકત ઉપરથી એવું અનુમાન કરી લેવાય કે મોત આણવાના ઈરાદાથી તેણે તે કામ કર્યું હતું.
“ પણ તે કયારે કે જો તે કેસની બધી હકીકતથી તે અનુમાન વ્યાજબી હોય તો; પરંતુ લોકોની ભીડ-
“ વાળો મોહોલ્લો કે જેમાં ગાડી હાંકનાર જાણે કે તેના કૃત્યથી મોત થવાનો સંભવ હતો તેવા ભીડવાળા
“ મોહોલ્લામાં જોસબંધ ગાડી હાંકવાની હકીકત ઉપરથી માત્ર (હાંકનારના) મોત નીપજાવવાના ઇરાદાનું
“ હું કદી અનુંમાન કરૂ નહી. ઈરાદાનું અનુમાન કરી લેવું તે દરેક ખાસ કેસની હકીકત ઉપર આધાર રાખેછે.

“ ધારો કે કોઇ ગ્રહસ્થ રેલવે સ્ટેશને પોચવા સારૂ જોસબંધ ગાડી હાંકવાથી મોત નીપજાવે, ધારો
“ કે તેમાં એવું સાબીત થાય કે રેલવેના સામેને છેડે (terminus) જીલ્લાના દુરના ભાગમાં તેને કામ
“ હતું; અમુક (વખતે નીકળતી) ટ્રેનથી જવાનો તેનો ઇરાદો હતો, અને બીજી કોઈ પણ (મોડી)
“ ટ્રેનથી તેના કામને સારૂ વખતસર ધારેલે ઠેકાણે તે પહોંચી શકે તેમ નહોતું; અને જોસબંધ ગાડી હાંકતી

" વખતે ગાડી ઉપડવાને માત્ર બે મીનીટની વાર હતી; રસ્તો એટલો બધો (લોકોની) ગીરદીવાળો હતો
" કે તેણે જાણેલું હોવું જોઇએ કે કોઈના ઉપર ગાડી ચલાવી તેનું મોત નીપજાવવાનો સંભવ હતો, આવી
" હકીકતની અંદર, કોઇ પણ એવું અનુમાન કરશે કે મોત નીપજાવવાનો તેનો ઈરાદો હતો? તે ટ્રેનમાં
" વખતસર પહોંચી જવાનો તેનો ઈરાદો હતો એવું અનુમાન કરવું વધારે વ્યાજબી ગણાશે નહિ? (જો
" જડજ અથવા જ્યુરીને એવું માલમ પડે કે તે ટ્રેનમાં વખતસર પહોંચી જવાનો તેનો ઈરાદો હતો, પણ
" તેણે એવું જાણેલું હોવું જોઇએ કે તેનાથી મોત નીપજાવવાનો સંભવ હતો તો ખુન નહી એવા શીક્ષ-
" ણીય મનુષ્યવધનો તે ગુન્હેગાર થશે. પરંતુ જો (પુરાવા ઉપરથી) તેમને એવું પણ માલમ પડે કે મોત
" નીપજાવવાનું જોખમ એટલું બધું હતું, કે ૩૦૦ મી કલમની ૪ થી પેટા કલમના અર્થની અંદર આવી
" જાય, તેવી રીતે તેણે જાણેલું હોવું જોઇએ, અને તે જાણતો હતો કે તેનું કામ સો વસા મોત આણશે
" વિગેરે, વિગેરે, તો (તે ખુનનો ગુન્હેગાર થશે.)

" જો તેઓ (તેથી પણ આગળ જાય, અને તેની જાણ ઉપરથી એવું અનુમાન કરે કે તે મોત આ-
" ણવાનો સંભવ હતો, (અને) તેનો મોત આણવાનો ઇરાદો હતો, તો તે ખુનનો ગુન્હેગાર થશે, અને
" મોતની શીક્ષાને પાત્ર થશે." [૧]

આ ભેદના સંબંધમાં જસ્ટીસ મેલવીલની ટીકા પણ ધ્યાનમાં લેવા જેવી છેઃ—
" સરખામણી કરવાની સગવડને સારૂ કલમો ૨૯૯ અને ૩૦૦ કલમોનું લખાણ આ પ્રમાણે મુકાયઃ—

કલમ. ૨૯૯.	કલમ. ૩૦૦.
(અ) મોત આણવાના ઇરાદાથી.	(૧) મોત આણવાના ઇરાદાથી.
	(૨) જે શખસને નુકશાન થયું હોય તે શખસને જેથી તે શખસનું મોત થવાનો સંભવ તકસીરવાર માણસ જાણતો હોય એવું કાંઇ શરીરનું નુકશાન કરવાના ઇરાદાથી.
(બ) જેથી મોત થવાનો સંભવ હોય એવું કાંઇ શરીરનું નુકશાન કરવાના ઇરાદાથી.	(૩) કોઇ શખસને કાંઇ શરીરનું નુકશાન કરવાના ઇરાદાથી (તે કામ કર્યું હોય,) અને તે ઇરાદો કરેલું શરીરનું નુકશાન એવી રીતનું હોય કે ચાલતા સૃષ્ટિક્રમ પ્રમાણે મોત કરવાને તે સમર્થ હોય.
(ક) ફલાણું કામ કર્યેથી મોત થશે એવો સંભવ છે......એમ જાણ્યા છતાં.	(૪) તે કામ એવું તરત ભયંકર છે કે તેથી સો વસા મોત, અથવા જેથી મોત થવાનો સંભવ છે એવું શરીરનું નુકશાન થશેજ એવું જાણ્યા છતાં.
જે કામથી મોત થાય તે કામ (કોઇ માણસે) કર્યું હોય તો (તે) માણસ શિક્ષણીય મનુષ્યવધ (નો ગુન્હો) કરે છે.	જે કામથી મોત થાય તે કામ કર્યું હોય તો અમુક અપવાદોને બાતલ કરીને, શિક્ષણીય મનુષ્યવધ ખુન (નો ગુન્હો) છે.

---

૧ રેનાઈના વિ. ગોરાચંદગોપે ૪ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર (ફુલબેન્ચ) પાનુ ૪૫, માં ચીફ જસ્ટીસ પીકોકના ટીકા, વળી જુઓ રેનાઇના વિ, બારકાતુલા પંજાબ રેકડરઝ ૧૮૮૭ નુ ૬૨ મું.

" જે શબ્દો બે ગુન્હાઓની વચ્ચે ભેદ બતાવનારા મને લાગ્યા તે શબ્દો મેં મોટા અક્ષરે મુકેલા છે.

" (અ) અને (૧) બતાવે છે કે જ્યાં મારી નાંખવાનો ઈરાદો હોય ત્યાં ગુન્હો હંમેશાં ખુનનો છે.

" (ક) અને (૪) જે કેસમાં મોત આણવાનો, અથવા શરીરનું નુકસાન કરવાનો કાંઈ ઈરાદો ન હોય.
" તેવા કેસને લાગુ પાડવાનો હેતુ મને લાગે છે. (જો કે હું એમ નથી કહેતો કે તે ખસુસ કરીને તેવા
" કેસનેજ મર્યાદિત થઇ રહે છે.) જોસબંધ ગાડી હાંકવી, જાહેર રસ્તાની પાસે નિશાન તાકીને તે ઉપર
" બંદુક મારવી તે આવી જાતના દાખલા છે; તે ગુન્હો શિક્ષણીય મનુષ્યવધ છે કે ખુન છે તે (વાત)
" મનુષ્યની જીંદગીને જોખમના પ્રમાણ ઉપર આધાર રાખે છે. જો મોત સંભવીત પરીણામ હોય તો તે
" શિક્ષણીય મનુષ્યવધ છે, જો તે ઘણું કરીને સો વસા થાય એવું પરીણામ હોય તો તે ખુન છે.

" મને લાગે છે કે (૨) નો મુળ મુદ્દો (તત્વ) જે શબ્દો મેં મોટા અક્ષરે લખેલા છે તે શબ્દોમાં
" માલમ પડશે. જો તકસીરવાર માણસ **જાણતો** હોય કે **નુકશાન પામેલો અમુક માણસ,** (શરીરના)
" ખાસ નબળા બંધારણને લીધે, અથવા કાચી ઉમરનાં લીધે, અથવા બીજા કોઈ ખાસ કારણોને લીધે,
" જે નુકશાન સામાન્ય રીતે મોત નીપજાવે નહી તેવા નુકશાનથી મરી જવાનો સંભવ છે તો તે ગુન્હો
" ખુનનો છે. કલમમાં આપેલું દૃષ્ટાંત નીચે મુજબ છે.

" ઝને એવો રોગ થયેલો છે કે એક સપાટો માર્યેથી તેનું મોત થવાનો સંભવ છે વિગેરે' (૩૦૦ કલમ નીચે આપેલાં દૃષ્ટાંત બ નો પહેલો ભાગ જુઓ.)

" બ અને (૩) વિષે વિચાર કરવાનું બાકી રહે છે. અને આ બે પેટા કલમોની સરખામણી ઉપર
" શંકા પડતાં કેસના ફેંસલાનો સામાન્ય રીતે આધાર રહે છે. જો ઇરાદો કરેલું શરીરનું નુકસાન મોત
" નીપજાવવાનો **સંભવ** હોય તો તે ગુન્હો શિક્ષણીય મનુષ્યવધ છે; જો આવું નુકસાન **ચાલતા સૃષ્ટિક્રમ**
" **પ્રમાણે** મોત નીપજાવવાને **સમર્થ હોય** તો તે ખુન છે, ભેદ ઝીણો છે, પણ તે પારખી શકાય તેવો છે.

" હૃદયના ભાગ (vital part) ઉપર મુક્કીનો અથવા લાકડીનો પ્રહાર મોત આણવાનો **સંભવ**
" હોય; હૃદયના ભાગ ઉપર તરવારથી (કરેલો) ઘા **ચાલતા સૃષ્ટિક્રમ પ્રમાણે** મોત આણવાને **સમર્થ** છે."

ટુંકમાં મુકીએ તો, મારી નાંખવાના, અથવા જેથી મોત થવાનો સંભવ હોય તેવું શરીરનું નુકશાન કરવાના ઈરાદાથી, અથવા મોત ઘણુંજ સંભવીત સો વસા થાયજ એવું પરીણામ થશે એવું જાણ્યા છતાં, કરેલાં મારી નાંખવાનાં સઘળાં કામ તેના પ્રથમ દરશન ઉપરથીજ (prima facie) ખુન છે, જ્યારે મોત સંભવીત પરિણામ થશે એવું જાણીને કરેલાં કામ ખુન નહી એવો શિક્ષણીય મનુષ્ય વધ છે.૨ જ્યાં મોત **સંભવીત** (provable) પરિણામ થશે એવું જાણ્યું હોય ત્યાં તે શિક્ષણીય મનુષ્યવધ છે, જ્યાં તે **ઘણુંજ સંભવીત,** થાય એવું (most provable) પરીણામ આવશે એમ જાણ્યું હોય ત્યાં તે ખુન છે.૩

જ્યાં ચાર માણસો થોડા થોડા વખતને આંતરે (એક) બીજા માણસને એવો સખત રીતે મારે કે થયેલી ઈજાથી મોત નીપજે ત્યાં એવું ધારી લેવું જોઈએ કે આવાં કામથી મોત નીપજાવવાનો સંભવ હતો એવું તેઓ જાણતા હતા, અને વળી જ્યારે કાંઇ પણ ભારે અથવા આકસ્મીક ક્રોધ ન હોય, અથવા એકાએક મારામારી અથવા કજીઓ ન હોય ત્યારે તે માણસોએ કરેલો ગુન્હો ખુન છે. ૪ પરંતુ જો એક માણસ બીજાને તેનો જીવ લેવાના ઈરાદા વગર મારી નાંખે, અને જો કરેલાં કૃત્યો એવાં ન હોય કે જે નિશ્ચયાત્મક રીતે એવું બતાવે કે જેથી મોત નીપજવાનો સંભવ હતો એવું નુકશાન કરવાનો (તે સખસનો) ઈરાદો હતો તો તે ખુન નથી. ૫

---

૧. રેજાઇના. વિ. ગોવિન્દ. ૧ મુ. ૩૪૨ માં જસ્ટીસ મેલવીલના ટીકા.

૨. રેજાઈના. વિ. ઇદુબેગ. ૩ અ ૭૭૮ માં જસ્ટીસ સ્ટરેટના ટીકા.

૩. રેજાઈના. વિ. ગીરધારી. ૬ નોરથ વેસ્ટ પ્રોવીન્સીસ રીપોરટસ. પાનું. ૨૬; રેજાઇના, વિ. કલ્યાણી. ૧૯ મ. ૩૫૭.

૪. રેજાઇના. વિ. પુશુ. ૪ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું. ૩૩

૫. રેજાઇના. વિ. સેખ સલીમ. ૫ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનુ. ૪૧.

દારૂ પીધેલી સ્થીતીમાં બે પક્ષકારો સામસામા મળ્યા, અને કજીઓ શરૂ કર્યો, જે કજીઆની દરમીઆન તે બંને એક બીજાને ઘણીજ ભુંડી ગાળો દેવા મંડયા. આ આસરે અડધો કલાક ચાલ્યું તે પછી તેમાંનો એક જણ પોતાનું ઘર કે જે તે જગાએથી ૩૦ વાર દુર હતું ત્યાં જઈને એક ભારે મુસળી લઈ આવ્યો અને તે મુસળીથી તે બીજા ઉપર એક જબરદસ્ત ઘા કરીને તેનું તરત મોત નીપજાવ્યું તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેણે ખુનનો ગુન્હો કર્યો હતો. ૧

એક કેસમાં એક માણસ ચોરી કરવાના હેતુથી ઘર ફોડવાના કૃત્યમાં પકડાઈ જવાથી નાશી જવાનો પ્રયત્ન કરતો હતો તે વખતે તેને પકડવા સારૂ તેની પુંઠે પડનાર સખસે તેને બુદ્ધિપુર્વક મારી નાંખ્યો. તે તે કેસમાં હાઇકોરટે વધુ મતે એવું ઠરાવ્યું હતું કે તે સખસે ખુનનો ગુન્હો કર્યો હતો, કેમકે શરીરના અથવા મીલકતના ખાનગી બચાવના હકનો ઉપયોગ કરવામાં તેણે તેમ કરેલું ગણી શકાય નહી, તેમજ ભારે અને આકસ્મીક ક્રોધને આધીન હોઈ તેમ કરેલું ગણી શકાય નહી. ૨

એક નીર્બળ ભુખમરાથી અધમુઈ વૃદ્ધ સ્ત્રી ચોરી કરવામાં પકડાઈ હતી, ખાનગી બચાવનો હક ભોગવવામાં તેને માર મારવામાં તે મરી ગઇ તેમાં હાઇકોરટે વધુ મતથી એવું ઠરાવ્યું હતુ કે તે ખુનનો ગુન્હો હતો, કેમકે આવા બચાવને સારૂ જરૂરની હતી તેના કરતાં વધારે ઈજા તે (સ્ત્રીને) કરવામાં આવી હતી; પરંતુ જસ્ટીસ કેમ્પબેલે બીજા જડજોના અભીપ્રાયથી વિરૂદ્ધ પડીને એવો અભીપ્રાય દરશાવ્યો કે પોતાની મીલકત ચોરી જનાર ચોરને જે તે પળના ઓચીંતા ગુસ્સા પ્રમાણે વર્તીને, તે ચોર ઉપર એવા મોટા સખત પ્રહાર (ઘા) કરે કે જેથી મોત થવાનો સંભવ હતો એવું તે તે વખતે જાણતો નહોતો અથવા તેને લાગતુ નહોતું, અને જેથી સામાન્ય તનદુરસ્તીવાળા માણસનું મોત ખસુસ કરીને થાત નહી, પરંતુ મરનારની અસાધારણ નબળાઇ કે જેની તેને ખબર નહોતી તેને લીધે જેથી મોત નીપજ્યુ, તે માણસ ખુનનો ગુન્હેગાર નહી, પરતુ ખુન નહી તેવા શીક્ષાણીય મનુષ્યવધના ગુન્હાનો ગુન્હેગાર થશે.૩

જ્યાં એવું માલમ પડતું હતું કે કેદી કે જે રજપુત હતો તેણે પોતાની બાળક પુત્રીને, તેની માના મરણ પછી, ધીમે ધીમે કરમાઇ જવા (ઓગળી જવા) દીધી, અને બરાબર ખોરાકની ગેરહાજરીને લીધે મરી જવા દીધી, અને જો કે તે (બાળકી) ની સ્થીતી વિષે, અને તેમાં ગફલતીનાં પરીણામ વિષે તેની વારંવાર ચેતવણી આપવામાં આવી હતી તો પણ તે બાળકીની હાજતોની દુરાગ્રહથી દરકાર કરી નહીં, અને એવું બતાવવાને કાંઈ પણ નહોતું કે તે બાળકીનું પાલન કરવાની સ્થીતીમાં કેદી નહોતો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે કેદીએ કરેલો ગુન્હો ખુન હતું, અને ખુન નહી એવો શિક્ષણીય મનુષ્ય વધ માત્ર નહોતો. ૪

આગળથી ગોઠવી રાખેલી યોજનાની ગેરહાજરીને લીધે ખુનનો ગુન્હો ખુન નહી એવો શિક્ષણીય મનુષ્ય વધ થઇ જશે નહીં ૫

જે હેતુઓથી કેદી ગુન્હો કરે છે તે હેતુઓ સબધી પુરાવો ઘણાજ ચોકસ પ્રકારનો હોવો જોઇએ.૬ પરંતુ જે કેસમાં એક માણસને થંડાપણે અને ક્રૂર રીતે મારી નાંખવામાં આવ્યો હોય તે કેસમાં (મારી નાંખનારને) ખુનનો ગુન્હેગાર ઠરાવવાને સારૂ (તેના) હેતુના અથવા આગળના દ્વેષ ભાવના પુરાવાની જરૂર નથી.૭

---

૧. રેગ્નાઈના. વિ. દેશર ભુયન. ૮ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનુ. ૭૧.

૨. રેગ્નાઇના. વિ. દરવાનગીર. ૫ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનુ. ૭૩.

૩. રેગ્નાઈના. વિ. ગોકુલ બાઉરી. ૫ સધરલાન્ડ વીકલી રિપોરટર. પાનુ. ૩૩.

૪. રેગ્નાઈના. વિ. ગંગાસીંગ. ૫ નોરથ વેસ્ટ પ્રોવેન્સીસ રીપોરટસ પા. ૪૪; રેગ્નાઇના વિ. રામપ્રસાદ ૩ અલાહબાદ વીકલી નોટસ. પાનુ. ૨૩૧.

૫. રેગ્નાઈના. વિ. મહમદ એલીમ. ૩ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનું. ૪૦.

૬. રેગ્નાઇના. વિ. ઝુહાર. ૧૦ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનુ. ૧૧.

૭. રેગ્નાઈના. વિ. જેચંદમંડલે. ૭ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનુ. ૬૦.

શરીરને નુકશાન કરવાના ઈરાદાથી જ્યારે કાંઇ કૃત્ય કરવામાં આવ્યું હોય, અને જ્યારે ચાલતા સૃષ્ટિક્રમ પ્રમાણે તે નુકશાન મોત આણવાને સમર્થ હોય, અને તે ખરેખર મોત નીપજાવે ત્યારે જો કે તે કૃત્ય કરનાર માણસ એવું ન જાણતો હોય કે તેથી મોત નીપજવાનો સંભવ હતો તો પણ તે કૃત્ય ખુન છે.૧

જ્યાં જડજ મારી નાંખવાના ઈરાદામાંથી કેદીને નીર્દોષ ઠરાવે પરંતુ એવું ઠરાવે કે કેદીએ ઘણું પ્રાણઘાતક હથીઆર મરનારને મારયું એવું જાણ્યા છતાં કે તે કૃત્ય એવું હતું કે તેથી મોત નીપજવાનો સંભવ હતો ત્યાં ખુન નહીં એવા શિક્ષણીય મનુષ્યવધનો નહી, પણ ખુનનો ગુન્હેગાર (તે કેદીને) ગણવો જોઇએ.૨

એક તીણી અણીવાળા ઘણા પ્રાણઘાતક હથીઆરથી કરેલા ઘા વડે તહોમતદારનો બ ને મારી નાંખવાનો ઇરાદો હતો, પરંતુ તેવા ઘાથી તેણે અ ને મારી નાંખ્યો, કે જેને મારી નાંખવાનો તેનો બીલકુલ ઈરાદો નહોતો ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે અ નું ખુન કરવાનો તે ગુન્હેગાર હતો. ૩

જો એક સખસ બીજાને જ્યારે તે (બીજો) ઉંઘતો હોય ત્યારે તેના માથા ઉપર લાકડીનો ફટકો મારે અને તેમ કરીને તેની ખોપરી ફોડી નાંખે તો હાઈકોરટે વધુ મતે એવું ઠરાવ્યું છે કે તેથી મોત નીપજવાના સંભવની તેને જાણ હતી એવું અનુમાન કરી લેવું જોઇએ; અને જો ૩૦૦ મી કલમના કોઈ પણ અપવાદ બતાવવામાં આવતા ન હોય; અથવા તેવા અપવાદ સંભવીત ન હોય તો, કરેલો ગુન્હો ખુન છે.૪

જ્યાં ત્રણે કેદીઓએ મરનારના ઉપર હુમલો કરીને તેને માર માર્યો, જેની દરમીઆનમાં એક કેદીએ મરનારના માથા ઉપર એક ફટકો લગાવ્યો, જેના પરીણામમાં તેનું મોત થયું; ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જેથી મરણ નીપજવાનો સંભવ હતો એવું નુકશાન (ઈજા) કરવાનો તે કેદીઓનો સામાન્ય ઈરાદો હતો એવી સાબીતીની ગેરહાજરીમાં તેઓને ખુનના ગુન્હેગાર ઠરાવી શકાય નહીં.૫

જ્યાં અ એ વાંસના સાટાથી એક માણસના માથા ઉપર એક ફટકો માર્યો, અને ઇજા થયેલો (માર ખાધેલો) માણસ પાછળથી મુખ્યત્વે કરીને તેના મીત્રોએ તેને છુપી રીતે આપેલા અફીણના હદ ઉપરાંતના ઉપયોગને લીધે મરી ગયો ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે અ બુદ્ધિપુર્વક વ્યથા કરવાના ગુન્હાનો ગુન્હેગાર હતો, કેમકે મોત નીપજાવવાનો કાંઈ પણ ઇરાદો (અ નો) નહોતો અને મારેલા ફટકા એકલાથી મોત નીપજવાનો સંભવ નહોતો.૬

પીનલકોડ પ્રમાણે ખુનનો ગુન્હો બનવાને સારૂ, મોત આણવાનો ગર્ભીત નહી પરંતુ ખરેખરો (વાસ્તવીક) ઇરાદો હોવો જોઇએ આ પ્રમાણે જ્યાં પંદર વરસના એક છોકરાએ પોતાના એક નજીકના સગાની વહુની સાથે મરનારને વ્યભીચારનું કૃત્ય કરતાં પકડયો અને તેના ગુસ્સામાં, અને કાંઈ પણ પ્રાણઘાતક અથવા બીજું હથીઆર લીધા વગર, મરનારના ઉપર હુમલો કરવામાં તે સગાની સાથે સામેલ થયો, અને મરનાર તે હુમલાની અસરથી મરી ગયો, ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જે ગુન્હો (તેણે) કરાયો હતો તે ખુન નહી એવો શિક્ષણીય મનુષ્ય વધનો ગુન્હો હતો. ૭

ખુન થયેલા માણસનું મુડદુ જડયું નથી તેટલીજ વાત માત્ર તહોતદારને ખુનનો ગુન્હેગાર ઠરાવવાની ના પાડવાનું કારણ નથી. ૮ જ્યારે કેદીઓ ઘણીજ બારીક રીતે ખુન કરવાનું કબુલ કરે ત્યારે ખુન થયેલા માણસનું મુડદું જડવું તે કેદીઓને ગુન્હેગાર ઠરાવવા સારૂ ઘણું જરૂરનું નથી.૯ પરંતુ બરમાની ચીફ

---

૧. રેજાઇના. વિ. સોબીલમહી. ૫ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનું. ૩૨.

૨. રેજાઈના. વિ. સોબીલમહી. ૫ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનુ. ૩૨.

૩. રેજાઇના. વિ. ફોમની અહુમ. ૮ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનુ. ૭૮.

૪. રેજાઇના વિ. શેખચુલ્લી. ૪ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનુ. ૩૫.

૫. રેજાઈના. વિ. દુમા બઈદ્ય. ૧૯ મ. ૪૮૩.

૬. રેજાઇના. વિ. ન્ગાશ્વી પો. ૧ બરમા સીલેકટ રીપોરટસ. પાનું. ૧૭૯;

૭. રેજાઇના. વિ. ગુરી બુલા. ૫ સધરલાન્ડઝ વિકલી રીપોરટર પાનુ. ૪૨:

૮. રેજાઇના. વિ. ભગીરથ. ૩ અ. ૩૮૩.

૯. રેજાઇના. વિ પેટા ગાઝી. ૪ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું. ૧૯.

કોર્ટે એવું ઠરાવ્યું છે કે ખુનનો ગુન્હો સાબીત કરવામાં (અને તહોમતદારને ખુનનો ગુન્હેગાર ઠરાવવામાં) એ ઘણુંજ જરૂરનું છે કે ખુન થયેલા માણસનું મુડદું માલમ પડવું (રજુ થવું) જોઇએ અને તે મુડદું મરનારનુંજ છે એવું સંપુર્ણ રીતે સાબીત થવું જોઇએ.૧

કેદીએ કબુલ કર્યું કે બે વરસ કરતાં નાની ઉમ્મરની છોડીને તેણે કાંસ (કનાલ-canal) માં નાંખી દીધી હતી, પણ તે છોડીનું મુડદું જડયું નહોતું, અને ખરેખર મોત થયાનો (બીજો) કાંઈ પણ પુરાવો નહોતો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે કેદીને ૩૦૭ મી કલમ પ્રમાણે ખુન કરવાની કોશીશ કરવાનો ગુન્હેગાર ઠરાવવો જોઇએ, અને ખુન કરવાનો ગુન્હેગાર ઠરાવવો જોઈએ નહીં.૨

જે માણસનું ખુન થયું છે એમ કહેવામાં આવતું હોય તે માણસનું શરીર (મુડદું) જ્યારે રજુ થતું ન હોય ત્યારે જો ખુનનું તહોમત મુકી શકાય, તો પણ જ્યારે તેવી હકીકત હોય ત્યારે ખુન થયાની વાતનો જેટલો બને તેટલો મજબુત પુરાવો લાવવાની ફરજ પાડવી જોઇએ, અને તેવો પુરાવો આવ્યા પછીજ તહોમતદારને ગુન્હેગાર ઠરાવવો જોઇએ. ૩

જે કેસમાં મરનારનું મુડદું જડયું નહોતું, તે કેસમાં મોતની સજા નહી ફરમાવવામાં જડજે બરાબર યોગ્ય મુનસફી (અખતીઆરી) વાપરી હતી એવું ઠરાવવામાં આવ્યું હતું. ૪

ગુન્હો ખુનનો છે કે, ખુન નહી એવા શીક્ષણીય મનુષ્યવધનો છે તેનો નિર્ણય કરવાનું જે કેસમાં મુશ્કેલ હોય તે કેસમાં તહોમતદારને વાસ્તે ગુન્હેગાર ઠરાવી સજા કરવી જોઈએ. ૫

અ. એ કેટલાક વખત બ. ને લાતે લાતે માર્યો, જે સખત માર ખાધાપછી બેભાન થઇને પડી ગયો તેમાં તેને ખુન (ના ગુન્હા) નો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો, કેમકે તેણે જાણેલું હોવું જોઇએ કે બ ની તે વખતની સ્થીતિમાં એવી લાતોથી તેનું મોત થવાનો સંભવ હતો.૬

જ્યાં તહોમતદાર કે જે એક ચાકર હતો તે જ્યારે તેના શેઠોએ ખુન કરવાનો તેમનો ઇરાદો જાહેર કર્યો ત્યારે તેમને જરૂર પડે તેવી મદદ કરવાના ઈરાદાથી તેમની સાથે ગયો હતો, ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે તહોમતદારને બરાબર રીતે ખુનનો ગુન્હેગાર ઠરાવી સજા કરવામાં આવી હતી.૭

એક કેસમાં ભારે લાકડીથી મારેલા ફટકાથી મોત થયું હતું, અને તેમાં એવું ધારવાનું કારણ હતું કે તે ફટકો જીંદગીને **સંભવિત રીતે જોખમકારક** (જોખમ થવાનો સંભવ) હતો એ કરતાં વધારે, તહોમતદાર જાણતો નહોતો; તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તહોમતદારને ખુન નહી એવા શિક્ષણીય મનુષ્ય વધનો ગુન્હેગાર ઠરાવવો જોઇએ.૮

એક વાદી (સાપ રમાડનાર) જાહેરમાં એક ઝેરી સાપ બતાવતો હતો; તે જાણતો હતો કે તે સાપના ઝેરી દાંત કાપી નાંખ્યા નહોતા; પોતાની હોશીઆરી અને ચાલાકી બતાવવાને સારૂ, પરંતુ કોઈપણ માણસને નુકશાન કરવાના કાંઇપણ ઇરાદા વગર, તમાસગીરમાંના એક જણના માથા ઉપર તે સાપ મુકયો, તે તમાસગીરે તે સાપને (પોતાને માથેથી) ખસેડી નાંખવાની કોશીશ કરવાથી તે સાપ તેને કરડયો, અને તેને પરીણામે તે મરી ગયો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે વાદી ૩૦૪ અ કલમ પ્રમાણે નહીં, પણ ૩૦૪ કલમ પ્રમાણે શિક્ષણીય મનુષ્યવધના ગુન્હાનો ગુન્હેગાર હતો.૯

---

૧. રેજાઇના. વિ. ન્ગાન્યો ૧ બરમા સીલેકટ રીપોરટસ. પાનું. ૩૨૫
૨. રેજાઇના. વિ. ક્રશ્ના. મુંબાઈ હાઇકોરટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ. ૧૮૯૪ નુ ૭ મું.
૩. રેજાઈના. વિ. અહુ શીકદાર. ૧૧ ક. ૬૩૫.
૪. રેજાઈના વિ. બદરૂદીન. ૧૧ સધરલાન્ડઝ વીકલી રીપોટરસ પાનુ. ૨૦.
૫. રેજાઈના. વિ. ન્ગાપો અઉન્ગ. ૧ બરમા સીલેકટ રીપોટરસ. પાનુ. ૪૫૯
૬. રેજાઈના. વિ. નીલમાધબ. ૩ સધરલાન્ડઝ વીકલી રીપોટરસ. પાનુ. ૨૨.
૭. રેજાઈના. વિ. ગોલા સન્નાસી. વેરકૃત લો ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો. પાનુ. ૧૫૯
૮. રેજાઇના. વિ. મોડેવેન્કાપા. વેરકૃત લો ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો પાનુ. ૧૬૧
૯. રેજાઈના. વિ. ગણેશ દુલી ૫ ક. ૩૫૧

એક કેસમાં કેદીએ તેની વહુને નીચે પાડી નાંખી, અને તેણીની છાતી ઉપર એક ઢીંચણ મુકીને, પોતાની વાળેલી મુઠીથી તેણીના મોં ઉપર બે ત્રણ સખત પ્રહાર કર્યા જેથી તેણીના મગજે લોહી ચડી ગયું, અને તેને પરીણામે તે ત્યાંજ તુરત અથવા ઘણી થોડીવારમાં મરી ગઈ, તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે મોત નીપજાવવાનો કાંઈપણ ઈરાદો નહી હોવાથી, અને શરીરને કરેલી ઇજા (નુકશાન) ચાલતા સૃષ્ટિક્રમ પ્રમાણે મોત નીપજાવવાને સમર્થ નહીં હોવાથી કેદીએ કરેલો ગુન્હો ખુનનો નહી, પણ ખુનથી ઉતરતા દરજ્જાના શિક્ષણીય મનુષ્યવધનો હતો.૧

એક ૨૦ વર્ષની સ્ત્રીએ તેણીના કુટુંબના ત્રણ માણસોને ધંતુરો ખવડાવેલો માલમ પડયો હતો; તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જો તેણીએ મોત આણવાના ઇરાદાથી ધંતુરો ખવડાવેલો નહી હોય તોપણ ધંતુરો ખવડાવવાથી મોત નીપજવાનો સંભવ હતો એવું તે જાણતી હતી એવું અનુમાન કરી લેવું જોઇએ.૨

એક કેસમાં તહોમતદાર બાઇએ મરનારનાં અંડ મજબુત પકડીને દબાવી દઇને તેમનો માવો (ચુરો) કરી નાંખ્યો અને તેમ કરીને તેને ઈજા કરી, જેના પરીણામે (મરનારના) જ્ઞાન તંતુઓને એક જબરો આંચકો લાગવાથી તેનું મોત થયું, તેમાં જસ્ટીસ સુબ્રહ્મણ્ય આયરે અને જસ્ટીસ બેન્સીને એવું ઠરાવ્યું હતું કે તેનું થયેલું મોત તહોમતદાર બાઇના કૃત્યની સંભવિત પરિણામ હતુ, અને તે કલમ ૩૦૪ પ્રમાણે તે ખુનથી ઉતરતા દરજ્જાના શિક્ષણીય મનુષ્યવધની ગુન્હેગાર હતી પરંતુ તેમનાથી જુદા પડીને જસ્ટીસ ડેવીસે એવો અભીપ્રાય આપ્યો હતો કે મોત એ નહી ધારેલું પરીણામ હતુ, અને તેને માટે તે તહોમતદાર બાઇને જવાબદાર ઠરાવવી જોઇએ નહી, અને તેણીને ૩૨૩ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવી જોઇએ.૩

તહોમતદાર અને બીજાઓ એક છોકરીને ભુત આવેલુ માનતા હતા, અને તેના શરીરમાં આવેલું ભુત કાઢી નાંખવામાં તેણે તેણીને માર મરાવ્યો જેને પરીણામે તેણીનું મોત થયું; તેમાં તેને ખુનથી ઉતરતા દરજ્જાના શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. ૪ પરંતુ તે પછીથી બનેલા તેવાજ એક બીજા કેસમાં મુંબાઈની હાઇકોરટે તહોમતદારને તે ગુન્હા બદલ નિર્દોષ ઠરાવ્યો હતો. ૫

અપવાદ ૧ લો—**ભારે તથા આકસ્મીક ક્રોધ**:—" તહોમતદાર માણસને પેહેલા અપવાદનો લાભ " આપવા સારૂ એ સ્પષ્ટ રીતે બતાવવું જોઇએ કે, જે લાગણીથી તે કૃત્ય કરનાર માણસનો તેના કૃત્યો " ઉપરનો સઘળો દાબ જતો રહ્યો હતો તેવી કોઈ લાગણીના વેગને વશ થઇ તેણે તે કૃત્ય કર્યું હતું " એટલુંજ નહીંપણ તે લાગણી (થવા)નું પુરતું કારણ હતું. એ સ્પષ્ટ છે કે તે કેદી અકસ્માત ઓચીંતો " આવી પડયો નહોતો, પરંતુ જે બનવાનો સંભવ હતો તેનો તેને કાંઇક ભાસ થયો હતો, અને જરૂર " પડયો નહોતો, પરંતુ જે બનવાનો સંભવ હતો તેનો તેને કાઈક ભાસ થયો હતો અને જરૂર પડે તેણે " પોતાની તરવાર તઇયાર રાખી મુકી હતી. " ૬ બીજા એક કેસમાં મદરાસ હાઇકોરટે એવી ટીકા કરી " છે કે " જે (સાબીત કરવું) જરૂરનું છે તે એ છે કે જેથી પોતાનો જીવ વશ રાખવાની (શક્તિ) " ગુન્હેગારની જતી રહે એવા પ્રકારનો તે (ક્રોધ) હોવો જોઇએ; તે એવા પ્રકારનો હતો કે નહી તેનો " નીર્ણય કરવામાં ક્રોધની વખતે ગુન્હેગારની જે મનની સ્થિતિ હતી તે સ્થિતિ ધ્યાનમાં લેવાની છુટ " (admissible) છે. આ કેસમાં દીધેલી ગાળો ઘણી ખરાબ (ગલીચ) જાતની હતી, અને મરના- " રના છોકરાની વર્તણુંકથી અત્યાર પેહેલાં વ્યાજબી રીતે ગુસ્સે થયેલા માણસને તે દેવામાં આવી હતી.""૭

ભારે અને આકસ્મીક ક્રોધના કારણથી શીક્ષણીય મનુષ્યવધને ખુનના વર્ગમાંથી લેવા સારૂ, જે વખતે ભારે

---

૧. રેજાઇના. વિ. ગોવિન્દ ૧ મું. ૩૪૨
૨. રેજાઈના. વિ. તુલશા. ૨૦ અ. ૧૪૩.
૩. રેજાઇના. વિ. કલ્યાણી. ૧૯ મ. ૩૫૬
૪. રેજાઇના. વિ. જમાલુદ્દીન. રતનલાલ કૃત અનરીપોરટેડ ક્રીમીનલ કેસીસ. પાનુ. ૬૦૩.
૫. રેજાઇના વિ. ધોન્ડી. રતનલાલ કૃત અનરીપોરટેડ ક્રીમીનલ કેસીસ. પાનુ. ૭૮૫.
૬. રેજાઇના. વિ. હરીગીરી, ૧૦ સધરલાન્ડઝ વીકલી રીપોટરસ પાનું ૨૬
૭. રેજાઇના. વિ. ખોગાથી. ૨. મ. ૧૨૨.

અને આકસ્મીક ક્રોધને લીધે તે કૃત્ય કરનાર માણસની પોતાનો જીવ વશ રાખવાની શક્તિ જતી રહી હોય તે વખતે તેણે તે કૃત્ય કરેલું હોવું જોઈએ. ૧ તેમજ તે ક્રોધ એવો હોવો જોઇએ કે જે માણસને ક્રોધ ચડાવ્યો હોય તે માણસની પોતાનો જીવ વશ રાખવાની શક્તિ લઇ લેવાને વાસ્તવિકરીતે સમર્થ ગણી શકાય.

એક કેસમાં એક માણસની સ્ત્રીએ ફકરૂદીન નામના માણસની સાથે પાપ ભરેલી દોસ્તી બાંધી હતી, એવું માનવાનાં તે માણસને મજબુત કારણો હતાં. એક રાત્રે તે સ્ત્રી ચોરી છુપીથી છાનીમાની તેની પાસેથી સુતેલી ઉઠીને ઘરની બહાર નીકળી. તે માણસ કુહાડી લઈને તે સ્ત્રીને પુંઠે ગયો, અને એક જાહેર જગા ઉપર ફકરૂદીનની સાથે વાત કરતાં તે (સ્ત્રી) ને તેણે જોઇ તે ઉપરથી તેણે તુરતજ કુહાડીથી તે (સ્ત્રી) ને મારી નાંખી. તેનું તે કામ ખુન હતું એમ ઠરાવવામાં આવ્યું હતું. કોરટે એવો અભિપ્રાય આપ્યો હતો કે જેટલે દરજ્જે હકીકત ઉપરથી તેણીના વ્યભીચારીપણાનો વહેમ ઉત્પન્ન થતો હતો તેટલે દરજ્જે તે વહેમ કાયદા પ્રમાણે ક્રોધનું પુરતું કારણ નહોતું. ૨.

ઇંગ્લાંડમાં ચુકેલા એક કેસમાં બરેન રોલ્ફે આવોજ અભિપ્રાય દર્શાવ્યો છે. તે કહે છે કે "કાંઈ પણ "બીક અથવા શંકા વગર હું તમોને જણાવુંછું કે કોઇ સ્ત્રી પછી તે તમારી પોતાની વહુ હોય તો પણ તેનો જીવ "લેવો, કેમકે તમોને વહેમ છે કે તે આડા વ્યવહારમાં લાગેલી છે, તે ખુન થશે (ગણાશે;) તમારો ગમે તેવો "ભારે મજબુત વહેમ હોય તો પણ કાંઇ પણ સવાલ (શંકા) વગર તે ખુન થશે (ગણાશે). ૩

પરંતુ બીજા એક કેસમાં બીના એવી હતી કે એક રાત્રે **મ** એ **ન** ને પોતાની (**મ** ની) વહુની સાથે (ખરેખર) વ્યભીચાર કરતાં જોયો, અને બીજે દીવસે સવારમાં જે વખતે તેમના વ્યભીચારથી ઉત્પન્ન થયેલો ક્રોધ મનમાં પજળ્યા કરતો હતો તે વખતે તેઓને ભેગાં ખાતાં તેણે (**મ** એ) પકડયાં, જ્યારે તે સ્ત્રીએ **મ** ને પોતાને ખોરાક આપવામાં બેદરકારી કરી હતી **મ** એ ત્યાંને ત્યાંજ **ન** ને મારી નાંખ્યો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે **ન** અને તેની (**મ** ની) વહુ આગલી રાતના દુષ્ટ કર્મની સાથે સંબંધ માની તેમ હાલની વરતણુંક જો **મ** એ લીધી હોય અને તેમના વ્યભીચારી સંબધનો ઉઘાડો સ્વીકાર બતાવનાર તરીકે તે (વાત) ને તે ગણતો હોય (અને બાજુ બાજુની સ્થીતિ ધ્યાનમાં લેતા તેણે તેમ ગણેલું હોવું જોઈએ) તો જેથી તેનો પોતાનો જીવ વશ રાખવાની તેની શક્તિ જતી રહે, અને તેના ગુન્હાને ખુનથી ઉતરતા દરજ્જાના શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો બનાવે એવો ભારે અને આકસ્મીક (તેનો) ક્રોધ હતો (એમ ઠરાવવું જોઈએ) ૪ તે પ્રમાણે તેના કૃત્યને પહેલા અપવાદમા મુકી તેને શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હેગાર ઠરાવ્યો હતો, આના જેવાજ બીજા એક કેસમાં તહોમતદારે બચાવમાં એવું જણાવ્યું કે **ટ** નામના માણસની સાથે તેની બેન વ્યભીચાર કરતાં તેને માલમ પડવાથી ક્રોધના આવેશમાં ત્યાંને ત્યાંજ તેણે તે બંનેને મારી નાંખ્યાં હતાં. મરનારની વરતણુંકને લીધે તેનો ભારે અને આકસ્મીક ક્રોધનો બચાવ બરાબર યોગ્ય ગણવામાં આવ્યો હતો અને તેને ખુનથી ઉતરતા દરજ્જાના શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. ૫

વ્યભિચાર કરવાના કૃત્યમાં જે માણસ પકડાયો હોય તેને જે સ્ત્રી સાથે તેણે વ્યભિચાર કર્યો હોય તે સ્ત્રીનો ધણી મારી નાંખે તો તે ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધ છે;" પરંતુ જો તેણે તે "હકીકત બની ગયા પછી વેરથી, અને શાંત થવાના જોઇએ તેટલા વખત પછી ધીરા રહીને વિચારપુર્વક "તે જારને મારી નાંખ્યો હોત તો તે નિઃશંકરીતે ખુન થાત." ૬

---

૧. રેજાઈના. વિ. યાસીન શેખ. ૧૨ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનું. ૯૮.

૨. રેજાઈના. વિ. મોહન. ૮ અ. ૬૨૨.

૩. રેજાઇના. વિ. કેલી. ૨ કેરીંગટન એન્ડ કરવાન પાનું ૮૧૪.

૪. રેજાઇના. વિ. બોયામનીગડુ ૩ મ. ૩૩.

૫. રેજાઈના. વિ. ચુન્ની. ૧૮ અ. ૪૯૭.

૬. ફોસ્ટર કૃત ક્રીમીનલ લો પાનું. ૨૯૬; રેજાઇના. વિ. યાસીન. ૧૨ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટસ પાનું ૬૮; રેજાઇના. વિ. બીચુ ૧૯ સધરલાન્ડઝ રીપોર્ટસ પા. ૩૫; રેજાઇના. વિ. સોમીરૂદીન. ૨૪ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટસ પા. ૪૮; રેજાઇના. વિ. દેવજી ગોવિન્દજી. ૨૦ મું. ૨૧૫.

એક દારૂની દુકાનમાં બે ગ્રહસ્થો વચ્ચે કજીઓ થયો. અને એક બીજાના માથા ઉપર તેમણે બાટ-લીઓ ફેંકવા માંડી. તેમણે પોત પોતાની તરવારો ખેંચી અને જો તે વખતે એક જણાએ બીજાને મારી નાંખ્યો હોત તો તે મા. મનુષ્યવધ ગણાત. પરંતુ (તેમણે તલવારો ખેંચી એટલે) બીજા લોકો વચ્ચે પડયા. બાદ તેઓ આશરે એક કલાક સુધી શાંતિ રાખીને ભેગા બેઠા, અને જ્યારે તેઓ છુટા પડવાની તૈયારીમાં હતા ત્યારે મરનારે કેદીને (સલાહની નિશાની તરીકે સેકન્ડ કરવા સારૂ) પોતાનો હાથ આપ્યો પરંતુ કેદીએ સોગન ખાઇને તે હાથની સાથે પોતાનો હાથ મેળવી સેકન્ડ કરવાની ના પાડી અને કહ્યું કે તે તે (મરનાર) નું લોહી પીશે. જ્યારે મરનાર બીજાઓની સાથે બહાર જતો હતો ત્યારે કેદીએ તેને પાછો બોલાવ્યો: અને ના ના ખાસા રાખ્યા વગર તેઓ બંને તેજ ઓરડામાં લડ્યા, અને મરનાર તેમાં મરાયો. કેદીના આ કૃત્યને ખુન ઠરાવવામા આવ્યું હતું. ૧

અલાહબાદમા ચુકલા એક કેસમાં મરનાર સ્ત્રી કેદીના કાકાના છોકરાની વીધવા હતી, અને કેદીના ઘરમાં તેના ભેગી રહેતી હતી. તે સ્ત્રી એક રાતરે તેણીના યારને મળવાને સારૂ બહાર ગઇ, કેદીને દેખીતી રીતે તેણીના હેતુ વિષે વહેમ હોવાથી, તે એક મોટી પાળી લઈને તેણીની પુઠે પુઠે ગયો, તે સ્ત્રીને તેણે વ્યભિચાર કરવાના કૃત્યમા જોવાથી તે પાળીથી તેને તેણે મારી નાંખી, તેને ખુનથી ઉતરતા દરજ્જા-ના શીક્ષણીય મનુષ્યવધના ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો, પરંતુ હાઇકાર્ટે તે ગુન્હો ફેરવીને તેને ખુન-ના ગુન્હેગાર ઠરાવ્યા હતો. કેમકે "ક્રોધ કે જે તેના ગુન્હાનું ગંભીરપણું ઓછું કરનાર કારણ તરીકે જણા-" વવામાં આવે છે તે ક્રોધની ખોળમાં (અર્થાત તેવા ક્રોધ પોતાને થાય તે સારૂ) તે (તેણીની પુઠે) ગયો હતો." ૨

એક સારજંટે એક સોલજરની કાંઇ ગેર વર્તણુંકને સારૂ તેને કેદ કર્યો, પણ સોલજરે તે સારજંટને મારી નાંખ્યો, તેથી તેના ઉપર ખુનનું તહોમત મુંકવામા આવ્યું હતું. પરંતુ તે સોલજરને કેદ કરવાની તે સારજંટને કાંઇ પણ સત્તા હતી એવું બતાવનારો કાંઈ પણ પુરાવ આપવામાં આવ્યો નહોતો. તે કેસમાં બધા જડજોએ એવું ઠરાવ્યું હતું કે તે સોલજરને ક્રોધ થવાનું તે સારજંટે કારણ આપ્યાથી તેનો ગુન્હો મનુષ્યવધનો થઇ જતો હતો. ૩ આવા કેસના સંબંધમાં મી. સ્ટારલીંગ સાહેબ ટીકા કરે છે કે કોઇ માણસને જે અમલદાર કેદ કરે છે તે અમલદારનું ખુન કરવાનો આરોપ તે માણસના ઉપર મુકવાને સારૂ ત્રણ ચીજો જરૂરની છે: (૧) તે અમલદારની સત્તાનું કાયદેસરપણું; (૨) જે પ્રકારે તેણે તે સત્તા વાપરી હોય તે પ્રકારનું કાયદેસરપણું, (૩) અને તે સત્તાની તહોમતદારને હોવી જોઇતી જાણ. જો આ ત્રણમાંથી એક પણ ચીજ ખુટતી હોય તો તે માણસનો ગુન્હો ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધ માત્ર થશે.૪

અપવાદ ૩ જો:—એક કેસમાં એક બહારવટે નીકળેલા ખુનીને પકડવાને સારૂ એક ઇનામ કાઢવામાં આવ્યું હતું. એક ગામડાના કેટલાક (સરકારી) નોકરો જેઓ એમ માનતા હતા કે જો તેઓ તે ખુનીને નહી પકડે તો તેઓને શિક્ષા થશે તેમણે તેની પુઠે પડીને તેને એકદમ મારી નાંખ્યો. તેને જીવતા પકડવાની તેમણે કાંઈ પણ કોશીશ કરી નહોતી, કે જે પ્રમાણે તેઓ દેખીતી રીતે કરી શકયા હોત. આ તેમનું કૃત્ય આ અપવા-દની અંદર આવતું હતું, અને તેથી ખુનથી ઉતરતા દરજ્જાના શિક્ષણીય મનુષ્યવધના તેઓ ગુન્હેગાર હતા એમ ઠરાવવામાં આવ્યુ હતું ૧ પરંતુ જો સાર્વજનીક ફરજો બજાવવાને સારૂ રાખેલો કોઈ સરકારી નોકર તેના પોતાના ખાનગી હેતુઓ પાર પાડવાને વાસ્તે તેની ફરજોથી તદન બાહારનું કાઇ કામ કરે તો તેને આ અપવાદ લાગુ પડશે નહી. આ પ્રમાણે એક હેડ કોન્સટેબલ કે ઘર ફોડીને ચોરી કરવાના વાંકની તપાસ કરતો હતો તેણે ચોરાયેલા માલને સારૂ એક ભટકતી (વણજારાની) જાતના લોકોના તંબુઓની જડતી

---

૧. મેજોર વન્બીઝ કેસ, ૧ ઇસ્ટકૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન. પાનું ૨૫૩.
૨. રેજાઈના. વિ. લોકન. ૮ અ. ૬૩૫.
૩. વીધરસ કેસ. ૧ ઇસ્ટકૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન. પા. ૨૯૫.
૪. સ્ટારલીંગકૃત પીનલકોડ.
૫. રેજાઈના. વિ. અમન. ૫ નોરથ વેસ્ટ પ્રોવીન્સીસ રીપોર્ટસ. પાનું. ૧૩૦.

લીધી, પણ તેમાંથી તેને કાંઇ મળ્યું નહીં, તેણે ઝડતી પુરી કર્યા પછી તે વણજારા લોકોએ તેને પૈસાની અમુક રકમ આપી, પણ તેણે તેથી વધુ રકમ તેમની પાસેથી માગી, જે આપવાની તે લોકોએ ના પાડી. તે ઉપરથી તેણે તેઓમાંના એકને બાંધીને લઈ જવાનો ગેરકાયદેસર રીતે હુકમ કીધો તેની હાથ નીચેના સીપાઇઓ તેનો હુકમ અમલમા લાવવા લાગ્યાથી ત્યાં પડેલા સઘળા વણજારા લોકો, પુરૂષો, સ્ત્રીઓ અને છોકરાં બાહાર નીકળી પડયાં, તેમાના ચાર પાંચ પુરૂષોના હાથમાં લાકડીઓ અને પથરા હતા; તેઓ બધા જ્યાં પેલા વણજારાને બાંધતા હતા અને હેડ કોન્સ્ટેબલ ઉભો હતો તે જગા તરફ જાણે ડર બતાવતા હોય તેવી રીતે આગળ વધ્યા. આગળ વધતું વણજારા લોકોનું ટોળું કાંઇ પણ ખરેખરો જુલમ (તોફાન) કરે તે પહેલાં, તે કોન્સ્ટેબલે જ્યારે તે ટોળું તેનાથી આશરે પાંચ ડગલાં દુર હતું તે વખતે તે ટોળા ઉપર બંદુક છોડી, અને તેથી એક વણજારાને મારી નાંખીને તે નાશી ગયો. જે વણજારાને તેણે ગેરકાયદેસર રીતે કેદ કર્યો હતો તેને જો તેણે છોડયો હોતતો આવા ટોળાના કૃત્યોનું પરીણામ મોત અથવા મહાવ્યથા થશે એવી ધાસ્તી મટી જાત. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ કોન્સ્ટેબલને તે વણજારા લોકોના કૃત્યોની સામે ખાનગી બચાવનો હક નહોતો, અને તે કોન્સ્ટેબલ ખુનથી ઉતરતા દરજ્જાના શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હેગાર હતો.૧

અપવાદ. ૪ થો:—અકસ્માત ઉત્પન્ન થતા કજીઆમાંથી થતા મોતના સંબંધમાં સ્થાપીત થયેલા ઇંગ્રેજી કાયદાને આ અપવાદ બરાબર મળતો આવે છે. એકદમ ઓચીંતો કજીઓ થવાથી ગુસ્સાના આવેશમાં કરેલો હુમલો, કે જેની પેહેલેથી ગોઠવણ કરી રાખવામાં આવી ન હોય, અને જેને પરીણામે મોત નીપજે તે આ અપવાદમાં આવી જશે, કેમકે ક્રોધ ઉપજવાનું કારણ બેમાંથી કીયા પક્ષકારે આપ્યું અથવા પેહેલો હુમલો કોણે કર્યો તે બાબત નિર્ણય ઉપર આવવાનું બીન જરૂરનું છે.૨ પરંતુ જ્યાં કેસની તમામ હકીકત ઉપરથી એવું જણાય કે જે માણસે બીજાને મારી નાંખ્યો તેનો મીજાજ તે વખતે તેના હાથમાં હતો (અર્થાત શાંત હતો, અને મીજાજ ગયો નહોતો) ત્યાં કજીઓ પ્રથમ થયો હતો તે વાત તેના કૃત્યને આ અપવાદમાં લાવવાને વાસ્તે પુરતી નથી. અને વળી જ્યાં એક માણસે તેના પ્રતીસ્પર્ધીને મારી નાંખવા સારૂ કજીઆનો લાભ લીધો હોય, અને તેણે પોતેજ બુદ્ધિપુર્વક તે કજીઓ ઉઠાવ્યો હોય ત્યાં તે કજીઆને લીધે તેના પ્રતીસ્પર્ધીનું મોત નીપજ્યું એવો તે તહોમતદારનો બચાવ નકામો જશે અને તેનું કૃત્ય આ અપવાદમાં આવશે નહી.૩ આ સવાલના સંબંધમાં ફેસ્ટરકૃત ક્રાઉન લો ના ૨૯૫ મે પાને મૉગ્રીજ નો કેસ "આપેલો છે. તે કેસમાં "ગુસ્સાના શબ્દો ઉપરથી મોગ્રીજે મી. કોપના ઉપર ઘણાજ જોરથી એક બાટલી "ફેંકી, અને તુરતજ પોતાની તરવાર ખેંચી, મી. કોપે મોગ્રીજના માથા ઉપર સામી બાટલી ફેંકીને, તેને "ઘાયલ કર્યો, જે ઉપરથી મોગ્રીજે કોપ ને તરવારના ઝટકાથી મારી નાંખ્યો. આ ખુન ઠરાવવામાં આવ્યું "હતું, કેમકે મોગ્રીજે બાટલી નાખવામાં કાંઇ મોટું નુકશાન કરવાનો ઈરાદો બતાવ્યો હતો; અને તેણે "તુરતજ તરવાર ખેંચી તે બતાવતું હતું કે બાટલીના ઘાની પુંઠે તરવારનો ઘા કરવાનો તેનો ઈરાદો "હતો; આ પ્રમાણે મી. કોપના ઉપર હુમલો થવાથી સામી બાટલી ફેંકવી તે તેને માટે કાયદેસર હતું." પરંતુ જ્યાં કજીઓ હાથો હાથની લડાઈ સુધી પહોંચ્યો હોય ત્યાં પ્રાણઘાતક હથીઆર વાપરવું તે, જો કે પોતાના બચાવમાં તેનો ઉપયોગ સમુળગો માફ ન થઈ શકે એવો છે તોપણ, ગુસ્સાના આવેશમાં તે વાપરેલું હોવાથી આ અપવાદમાં આવી શકે છે, અને તેનાથી જો મોત નીપજે તો તે ખુનથી ઉતરતા દરજ્જાનો મનુષ્યવધ ગણાશે.૪ એકલો ગુસ્સો, જે કજીઆને પરીણામે ઉત્પન્ન થયો ન હોય તે, તેથી નીપજેલા મોતના કૃત્યને આ અપવાદમાં લાવવાને પુરતો નથી. આ પ્રમાણે એક કેસમાં એક માણસે પોતાની વહુને મારી નાંખી. તેમાં સેશન્સ જડજે તેના કૃત્યને આ ચોથા અપવાદમાં નાંખીને એવું ઠરાવ્યું કે તેણે મારેલો ફટકો "ઘણું કરીને ગુસ્સાના ઓચીંતા આવેશમાં અને મોત નીપજાવવાના કાંઇ પણ ઇરાદા વગર, માર-

---

૧. રેજાઈના. વિ. અબદુલ હકીમ. ૩ અ. ૨૫૩.
૨. રેજાઇના. વિ. ઝરીમ રાય. ૧ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર, પાનું ૩૩.
૩. ૧ હોકીન્સકૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન. પાનું. ૯૬, ૯૭,
૪. ૧ ઈસ્ટકૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન. પાનું. ૨૪૪.

"વામાં આવ્યો હતો" પરંતુ જસ્ટીસ જેકસને એવી ટીકા કરી કે "તેણે જણાવેલા અપવાદમાં તે કેસને "લાવવા સારૂ તે અપવાદમાં જણાવેલી બધી હકીકત તેને માલમ પડવી (સાબીત થવી) જોઇએ. આ "કેસમાં કાંઇ પણ લડાઈ થઈ હોય એવું જણાતું નથી, અને ખરેખરી રીતે તેની કમનશીબ વહુ કે જે "તેને માટે ખોરાક રાંધતી હતી તેના ઉપર ભારે સ્ટુલ (નાની લાકડાની ઘોડી) થી હુમલો કરવામાં તે "સ્ત્રી (ની નીર્બળતા) નો તેણે ઘણો ગેરવ્યાજબી લાભ લીધો હતો, અને ઘણીજ ઘાતકી અને અસાધારણ રીતે તે વર્ત્યો હતો."૧

દ્વંદ્વ યુદ્ધ આ ચોથા અપવાદની અંદર આવી જતું નથી, અને જો તે પાંચમા અપવાદમાં આવી જતું ન હોય તો તેનો કોઈ પણ રીતે બચાવ થતો નથી.

એકદમ આકસ્મીક થયેલી લડાઈના વચમાં લાકડીના એક સખત ફટકાથી ઇજા પામીને, અને વધારે માર પડશે એવી કદાચ ધાસ્તી ખાઇને કેદીએ પાસેજ એક છરી માલમ પડવાથી તે છરી લઈ લીધી, અને ઘણાં માણસોની ગરબડમાં તે છરીથી એક ઘા કર્યો જેથી મરનારનું મોત નીપજ્યું; તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે, તે કેસ આ ચોથા અપવાદની અંદર આવતો હતો.૨ પરંતુ જ્યાં એક લડાઇ કે જેમાં ઘાતકી અને અસાધારણ સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે લડાઇમાં પ્રાણઘાતક ઘા કરવામાં આવ્યો હતો અને જ્યાં ભારે ક્રોધ થયો હતો પણ તે ક્રોધ આકસ્મીક નહોતો ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે ખુનનો ગુન્હો થતો હતો.૩

અપવાદ. ૫ મો.—**રજામંદી** અથવા સંમતિઃ—રજામંદી (સંમતિ) થી કરેલા ખુનની બાબતમાં. રજામંદીનો પુરાવો જે દીવાની વ્યવહારમાં પુરતો ગણાય તેવોજ પુરાવો કેદીને તેના ગુન્હાનો નિર્દોષ ઠરાવવાને વાસ્તે તેવીજ રીતે પુરતો ગણાવો જોઇએ.૪

જે કેસમાં કોઈ માણસ, કોઇ અમુક કામ નક્કી મોત નીપજાવશે એવું જાણીને, અથવા મોત (તે કામનું) સંભવીત પરીણામ થશે એવું જાણીને, તે કામ કરવા દેવાની રજામંદી આપે છે. તેવા કેસને આ પાંચમો અપવાદ લાગુ પડે છે, પણ જે માણસની તરફથી ભય રાખવામાં આવતો હોય તે માણસનું મોત જાણીને પણ, જે કાંઇ વસ્તુથી થતું મોત જો તેનાથી બની શકે તો અટકાવવાનો તેનો ઇરાદો હોય તેવા મોતનું જોખમ માથે વોહોરી લેવાને આ અપવાદ લાગુ પડતો નથી, જસ્ટીસ બ્રાઉહામ કહે છે કે આગળથી ગોઠવી રાખેલી લડાઇને આ અપવાદ લાગુ પડતો નથી. પરંતુ તે જુદીજ જાતના કેસને લાગે છે.—દાખલા તરીકે સતીનો.૫

જ્યાં પુખ્ત ઉમ્મર (૧૮ વરસ ઉપર) નો કોઈ માણસ પોતાને ખાંસી કરવા (પોતાનાં છુપાં અંગ કાપી નાંખવા) દે, અને તે કામ હોંશીઆર માણસથી થયું ન હોય, તેમજ બીલકુલ જોખમ ભરેલી રીતે પણ થયું ન હોય, અને તેની પીડાથી તે મરી જાય તો તે કામમાં સબંધ ધરાવતા માણસો ખુનથી ઉતરતા દરજ્જાના શીક્ષણીય મનુષ્યવધના ગુન્હેગાર થશે.૬

તહોમતદારો કે જેઓ સાપ રમાડનારા વાદીઓ હોવાનો દાવો ધરાવતા હતા તેઓએ મરનારને એક ઝેરી સાપ કરડવા દેવા સમજાવ્યા, અને તે મરનારાઓને એવું માનવાને લલચાવ્યા કે તેઓને કાંઈપણ ઈજા હરકતમાંથી બચાવવાની તે વાદીઓ પાસે શકતી હતી, તે મરનારાઓ પેલા ઝેરી સાપના કરડવાથી મરી ગયાં. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેમને કરડવા દેવા માટે મરનારાઓએ જે રજામંદી (સંમતી) આપી હતી તેથી તે તહોમતદારોનું રક્ષણ થતું નહોતું, કેમકે ખરી હકીકતની ગેરસમજને લીધે આવી રજામંદી

---

૧. રેજાઇના. વિ. અકલ મહમદ. ૩ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટ. પાનું. ૧૮

૨. રેજાઈના. વિ. સમીરૂદ્દીન. ૨૪. સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર. પાનું ૪૮.

૩. રેજાઇના. વિ. તંગારા. વેર કૃત લો ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ. લો પાનું. ૧૯૯.

૪. રેજાઈના વિ. અનંન્તો ૬ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર. પાનું. ૫૭.

૫. રેજાઈના વિ. રહીમુદ્દીન ૫ ક. ૩૧

૬. રેજાઈના વિ. બાબુલન ૫ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૭

આપવામાં આવી હતી, અર્થાત સાપનું ઝેર જડીબુટ્ટીથી ઉતારી નાંખવાની તહોમતદારોની શક્તી હતી એવું માનવાથી પોતાને સાપ કરડાવા દેવાની મરનારાઓએ રજામંદી આપી હતી, અને તહોમતદારો જાણતા હતા કે આવી ગેરસમજના પરીણામે એવી રજામંદી આપવામાં આવી હતી.૧

ખુલ્લા અને પ્રમાણીક દ્વંદ્વયુદ્ધમાં એક માણસ બીજાને મારી નાંખે તો મારી નાંખનાર માણસને આ અપવાદ લાગુ પડી તે ખુનથી ઉતરતા દરજ્જાના શિક્ષણીય મનુષ્યવધના ગુન્હાનો ગુન્હેગાર થશે, કેમકે મરનારે મરણ થવાનું જોખમ ખેડવાની સંમતી આપી હતી. પરંતુ આજ પ્રમાણે બે માણસોને બદલે બે ટોળીઓ હોય, અને આગળથી ગોઠવી રાખેલા ઠરાવ પ્રમાણે બંને ટોળીઓ એક બીજાની સામે થઇ લડે, અને તેમાં બેમાંથી એક ટોળીવાળા એકાદ માણસનું મરણ થાય તો તેને ખુન ગણવું કે શીક્ષણીય મનુષ્યવધ ગણવો તેના સબંધમાં કલકત્તાની હાઈકોર્ટે એક બીજાથી વિરૂદ્ધ ફેંસલા આપેલા છે. એક કેસમાં જમીનનો એક કકડો ખેડવાના સંબંધમાં બે માણસો, નામે અબદુલ લશ્કર અને અબદુલ ખુદકરની વચ્ચે તકરાર પડી. ભાલા અને લાકડીઓવાળાં પચાશ સાઠ માણસોની ટોળી સાથે લશ્કર તે જમીન ખેડવાને આવ્યો. ખુદકરનાં માણસોની તેમના જેવીજ ટોળી તેમની સામે થઇ તેથી બંને વચ્ચે લડાઇ થઇ અને તેની દરમીઆનમાં ખુદકરની ટોળીમાંનો એક માણસ મરી ગયો. સેશન જડજે તે કેસને આ પાંચમા અપવાદમાં નાંખ્યો પરંતુ અપીલમા હાઇકોર્ટે એવું ઠરાવ્યું કે તે ખરેખરી રીતે ખુનનો કેસ હતો તે કેસમાં જસ્ટીસ એન્સ્લીએ નીચે મુજબ ટીકા કરી હતીઃ—" જડજે એવો અભિપ્રાય લીધો છે કે, જ્યારે પુખ્ત ઉમરના
" માણસો પ્રાણઘાતક હથિઆરોથી બુદ્ધિ પુર્વક રીતે લડાઇમાં જોડાઇ (લડાઈમાં એક બીજાની સામે લડવા
" માટે) ત્યારે તેઓ તેમની પોતાની સંમતીથી મોતનું જોખમ માંથે લે છે, અને (તેના) પરીણામ
" તરીકે, જો આવી લડાઈમા શિક્ષણીય મનુષ્યવધ થાય તો તે ખુન નથી પરંતુ જડજના તે અભિપ્રાય
" સાથે હું મળતો થઈ શકતો નથી. જો આ અભિપ્રાય ખરો હોય તો ચોથો અપવાદ વધારાનો હોઇ નકામો થઇ પડશે. પ્રાણઘાતક હથિઆરો સાથે આગળથી ગોઠવી રાખેલી લડાઈમાં થયેલો શિક્ષણીય
" મનુષ્યવધ ખુન ન હોય તો આકસ્મીક ઓચીંતા કજીઆ ઉપરથી ગુસ્સાના આવેશમા આકસ્માક લડાઇમાં
" આગળથી ધારી રાખ્યા વગર થઈ ગયેલા શિક્ષણીય મનુષ્યવધ તેથી પણ વધારે દરજ્જે ખુન ગણાશે નહી.
" મને એમ લાગે છે કે ચોથો અપવાદ સ્પષ્ટ રીતે એવું બતાવે છે કે જો લડાઈ આગળથી ગોઠવી રાખેલી
" ન હોય અને તે (ચોથા અપવાદ) મા વર્ણવ્યા પ્રમાણે આકસ્મીક, ગુસ્સાના આવેશમાં અને ઓચીંતા
" કજીઆ ઉપરથી થયેલી ન હોય તો તે લડાઇમા થયેલો શીક્ષણીય મનુષ્યવધ ખુન ગણાશે લડાઇ પોતે
" એકલીજ છાવરનારો (ક્ષમા કરનારો) બનાવ નથી, પરંતુ આગળથી ગોઠવી રાખ્યા વગરની લડાઈ
" તેવો બનાવ ગણાઇ શકે. જ્યાં માણસો એવી સ્થીતીની અંદર લડાઇમાં રોકાય કે જેથી એવું અનુમાન
" બાંધવું વ્યાજબી ગણાય કે શિક્ષણીય મનુષ્યવધ કરવાનું તેઓ આગળથી ધારી રાખેલું છે ત્યાં થનારા
" પરીણામને વાસ્તે તેની પુરેપુરી હદ સુધી તેઓ જવાબદાર થશે........જ્યારે કોઈ માણસ, કાંઈ અમુક
" કામ નક્કી મોત નીપજાવશે એવું જાણીને, અથવા મોત (તે કામનું) સંભવીત પરીણામ થશે એવું
" જાણીને, તે કામ કરવા દેવાની રજામંદી આપે છે ત્યારે તેવા કેસને આ અપવાદ લાગુ પડે છે એમ હું
" સમજાુછું; પરન્તુ જે માણસની તરફથી ભય રાખવામાં આવતો હોય તે માણસનું મરણ આણીને પણ
" જે કાઇ વસ્તુથી થતું મોત જો તેનાથી બની શકે તો અટકાવવાનો તેનો ઈરાદો હોય તેવા મોતનું જોખમ
" માથે વોહોરી લેવાને આ અપવાદ લાગુ પડતો નથી. " ૨

પરન્તુ બીજેજ વર્ષે બરાબર આવીજ જાતની હકીકતવાળા કેસમાં તદન વિરૂદ્ધ ફેંસલો આપવામાં આવ્યો હતો. તે કેસમાં તહોમતદારને ખુનનો ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા જસ્ટીસ વ્હાઇટે રદ કરી નીચે મુજબ ટીકા કરી હતી:—" એક માણસ કે જે તેના પ્રતીસ્પરધી (સામાવાળીઆ) ની સાથે મળીને પ્રાણ-
" ઘાતક હથીઆર સાથે સજ્જ થઇને તે પ્રતીસ્પરધીની સાથે લડવાસારૂ બહાર જાય, અને તે પ્રતીસ્પરધી

૧. રેજાઈના વિ પુનાઇ ફતેમાહ ૧૨ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૭; એમ્પ્રેસ વિ, ગણેશદુલીપ કલકતા ૩૫૧.

૨. રેજાઇના વિ. રહીમુદ્દીન ૫ ક. ૩૧

" પણ તેવીજ રીતે પ્રાણઘાતક હથીઆર સાથે સજ્જ થયેલો હોય, તે માણસ જાણતો હોવો જોઈએ કે
" તે પોતાની જીંદગી ખોવાનું જોખમ ખેડે છે; અને તે બુદ્ધિપુર્વક રીને પોતાની જાતને તે સ્થીતીમાં
" મુકે છે તેથી તે જોખમ વોહોરી લેવાની રજામંદી (સંમતી) તેણે આપેલી ગણવી જોઈએ આગળથી
" ગોઠવી રાખ્યા મુજબ લડનારા લડવઇયાઓની એક જોડ (બે લડવઇયાઓ) ની બાબતમા જો આ દલીલ
" ખરી હોય તો હંગામો કરનારી બે (તોફાની) મંડળીઓના અંગભુતો કે જેઓ એક બીજાની સામે
" લડવા કબુલ થાય, અને જેઓમાંના કેટલાએક દરેક બાજુએ, બધા અંગભુતોના જાણવા પ્રમાણે પ્રાણ-
" ઘાતક હથીઆરોથી હથીઆરબંધ થયેલા હોય તેવા અંગભુતોને તે દલીલ સરખી રીતેલાગુ પડેછે." ૧

ત્યારબાદ થોડા વખત ઉપર ચુકેલા એક કેસમાં ૨ કલકત્તા હાઈકોર્ટની ફુલબ્રેન્ચે આ બંને ફેસલા ફરીને ધ્યાનમા લીધા હતા, તે કેસની હકીકત પણ ઉપરના બને ફેંસલાઓને બરાબર મળતીજ હતી, ફુલબેન્ચના જડજો ઉપરના ફેંસલા સાથે મળતા થઈને ધારતા હતા કે પ્રાણઘાતક હથીઆરો વડે સજ્જ થઇ સામ સામે થઈ જતા બે લડનારાઓની વચ્ચેનું દ્વંદ્વયુદ્ધ અથવા એવી જ જાતની લડાઈઓ આ અપ-વાદમાં આવી જતી હતી તેઓનો એ પણ અભીપ્રાય હતો કે જો સાબીત થયેલી હકીકત એવી હોય કે
" અપવાદના અર્થની અદર આવી જાય તેવી રીતે, કોઇ પણ માણસ કે જે સામા પક્ષનો એક અંગભુત હોય તે માણસના હાથથી મોત ખમવાની, અથવા મોતનું જોખમ માથે લેવાની મરનારાએ સંમતી (રજા-
" મંદી) આપી હતી ' તો એક કરતાં વધારે માણસોથી બનેલા પક્ષોને પણ તેજ નીયમ લાગુ પડશે. પરન્તુ ૫ કલકત્તાવાળા ફેંસલામાં કલમનો જે અર્થ કર્યો હતો તે અર્થને તેઓ પુષ્ટિ આપતા (મળતા થતા) નહોતા. તેઓ સઘળા જે નીયમ સ્થાપીત કરતા હતા તે એ હતો કે હથીઆરબંધ થયેલાં માણસોની બે ટોળીઓના વચ્ચે થયેલી લડાઈના કોઈ અમુક કેસમાં મરનારાએ મોતનું જોખમ માથે લેવાની રજામંદી આપી હતી કે નહી તે સવાલ, કાયદાનું પોઇન્ટ (સવાલ) નહોતુ, કે જે (કાયદાનું પોઈન્ટ) નું એક હથીઆરબંધ ટોળી કે જે તેના જેવીજ બીજી હથીઆરબંધ ટોળીની સામે થઇ હતી તેનો તે એક (અંગ-ભુત) ભાગ હતો તે હકીકત ઉપરથી અવશ્ય કરીને અનુમાન થઈ શકે, પરન્તુ તેના ખાસ કેસની બીનાં ઉપર આધાર રાખતા તે હકીકતનો સવાલ હતો.

એક કેસમાં તહોમતદારે ચીતા સળગાવરાવી, અને સતી થનાર સ્ત્રી તે ચીતા ઉપરથી એકવાર ઉઠી ગયા પછી તે સ્ત્રીને તે ચીતા ઉપર પાછી જઇ બેસવાનું તેણે સમજાવ્યું, જે ઉપરથી તે સ્ત્રી પાછી તે ચીતા ઉપર બેઠી અને બળી મુઇ. તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તહોમતદાર આ અપવાદમાં આવી જઇ ખુનથી ઉતરતા દરજ્જાના શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હેગાર થતો હતો. ૩

ટીકા.—કલૉઝ બીજામાં બતાવેલ છે કે " મોત થવાનો સંભવ તકસીરવાન માણસ જાણતો હોય " તે શબ્દો એવા સંજોગોમા લાગુ પડે છે કે જ્યારે મરનાર અમુક શારીરિક સ્થીતિમાં હોય, અને તેવી સ્થીતિમાં તેને તહોમતદારે કહેવામાં આવતા કરેલ કૃત્ય વડેજ તેનું મોત નીપજી શકે તેમ હોય, અને તે હકીકત તહોમતદારના જાણવામાં હોય કે તેવી સ્થીતિમાં તેવા કૃત્યથી તેનું મોત નીપજી શકશે અને તેમ જાણીને તેણે તે કૃત્ય નીપજાવ્યું હોય. ૪

એક કેસમા એક સખસે એક ભારે કુહાડી જેવા હથીઆર વડે મરનારને માથામાં માર્યો જેથી માથાનું આગલું હાડકું ભાગી ગયું અને મગજ પણ કપાયું. તે ઘાના પરિણામે મરનારનું મોત થયું. પરંતુ વૈદ્ય-કીય તપાસમાં એમ નીકળ્યું કે મરનારને થયેલ ઘાથી મરણ નીપજે તેમ તો હતું પણ હકીકતમાં તેમ બન્યું નથી. તેમાં એમ ઠરાવ્યું કે તહોંમતદારે કરેલ કૃત્યથી તેનો ઇરાદો મોત નીપજાવવાનો હતો એમ અનુમાન કરવું જોઇએ. અને તેથી તેને ખુનનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. ૫

---

૧. સમશેરખાન વિ. રેજાઇના ૬ ક. ૧૫૪
૨. રેજાઈના. વિ. નયામુદીન ૧૮ ક. ૪૮૪
૩. રેજાઇના. વિ. સાહીબલાલ ૧ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૧૭૪
૪. ૪ લોઅરબર્મા રિપોર્ટ ૧૩૨. (સને ૧૯૦૭).
૫. ૪ લોઅરબર્મા રિપોર્ટ ૩૦૭ (સને ૧૯૦૮).

એક કેસમાં છ માણસોએ ભેગા મળી મરનારને બહુ જોરથી ઢોરને હાંકવાના પરોણા (નાની લાકડી જેને મથાળે સોયો એક ઇંચ કરતાં ઓછો ઢોરને ભોંકવા માટે રાખેલ હોય છે) તે વડે સખત માર માર્યો. મરનાર પાંત્રીશ વર્ષની ઉંમરનો જબરદસ્ત માણસ હતો તોપણ તેને સખત વાગ્યું ને તેની બરોળ જે તંદુરસ્ત સ્થીતિમાં હતી તે ભાગી ગઇ. એ કામમાં એમ ઠરાવવામાં આવ્યું કે તહોંમતદારોએ કરેલ કૃત્ય અને તેની પદ્ધતિ જોતાં મરનારનું મોત નીપજાવવાનો તેમનો ઇરાદો માનવો જોઇએ એ બનેલ કૃત્યથી ખુનનો ગુન્હો થયો છે. ૧

જે હથીઆર વડે ગુન્હાઇત કૃત્ય કરવામાં આવ્યું હોય અને જેથી મોત નીપજ્યું હોય તે અણીદાર હતું કે જાડું, તે કયા ભાગ ઉપર માર્યું છે તે, કેટલા જોરથી માર્યું છે તે, તેમ કરવા ઉપરથી સામાન્ય રીતે કાયદેસર રીત્યે માની લેવામાં આવતો તહોમતદારનો ઇરાદો વગેરે વગેરે સંજોગો દરેક કેસમાં બારીકીથી જોવાની જરૂર છે.

જ્યારે ખાનગી બચાવનો હક તહોંમતદાર તરફથી ખરો કરવામાં આવે ત્યારે તે સાબીત કરવાનો બોજો તહોંમતદારને માથે છે. ૨

જે શખસનું મોત આણવું ધાર્યું હોય તેથી કોઈ જુદા શખસનું મોત થાય તો તે શીક્ષણીય મનુષ્ય વધ થશે.

૩૦૧. જે વસ્તુથી મોત આણવાનો ઇરાદો કર્યો હોય અથવા જેથી મોત થવાનો સંભવ છે એમ પોતાના જાણવામાં હોય એવી કાંઇ વસ્તુ કરવાથી અગર કોઈ શખસ જેનું મોત આણવાનો તેણે ઈરાદો નહી કર્યો હોય અને જેનું મોત પોતાનાથી થવાનો સંભવ તેના જાણ્યામાં પણ ન હોય એવા કોઈ શખસનું મોત આણીને શીક્ષણીય મનુષ્યવધ કરે તો જે શખસનું મોત આણવાનો તેણે ઇરાદો કર્યો હોય અથવા જેનું મોત પોતાથી થવાનો સંભવ તેના જાણ્યામાં હોય તે શખસનું અગર તેણે મોત આણ્યું હોય તો તે જે પ્રકારનો શીક્ષણીય મનુષ્યવધ થાય તેજ પ્રકારનો તે ગુન્હેગારે કરેલો મનુષ્યવધ છે એમ સમજવું.

ટીકા,—જો એક સખસ બીજાને મારી નાખવાના ઈરાદાથી તેને વાસ્તે ખોરાકમાં ઝેર મુકે, અને તે ઝેરવાળો ખોરાક કોઇ ત્રીજોજ માણસ કે જેને તે (ખોરાક) ખવડાવવાનો ઝેર મુકનારનો ઈરાદો નહોતો, તે ત્રીજો માણસ ખાય તો તે ઝેર મુકનાર માણસે તેનું ખુન કર્યું ગણાશે; દાખલા તરીકે જ્યાં કેદીએ ઝેર ભેળવેલું ચોખાનું પાણી એક વૃદ્ધ સ્ત્રીને આપ્યું, અને તે વૃદ્ધ સ્ત્રી થોડું પાણી પોતે પી ગઈ, અને થોડુંક એક નાની છોકરીને પાયું, અને તે છોકરી તે ઝેરની અસરથી મરી ગઈ ત્યાં તેણે ખુનનો ગુન્હો કરેલો ઠરાવવામાં આવ્યો હતો. ૩ તેમજ જો કોઈ સખસ બીજાને મારી નાખવાના ઈરાદાથી તેના ઉપર બંદુક છોડે, અને તે બંદુકની ગોળી જે માણસની સામે તે તાકી ન હોય તેવા ત્રીજા માણસને વાગે તો તે ખુન ગણાશે. ૪

એક કેસમાં તહોમતદાર એક સ્ત્રીની સાથે વ્યભીચારી વ્યવહાર રાખતો હતો; તેણે તે સ્ત્રીના ધણીને

---

૧. ઇ. લો. રિ. ૩૭ કલકતા ૩૧૫.

૨. ૮ કલકત્તા. વિકલીનોટસ પાનું ૭૧૪.

૩. ૧૨ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. (ફોજદારી ફેંસલા) પાનું ૨

૪. રેજાઈના વિ. લેટીમર. લો. રીપોરટસ ૧૭ કવીન્સ બેન્ચ ડીવીઝન. પાનુ ૩૫૯; ફોસ્ટર કૃત ક્રીમીનલ લૉ. પાનું. ૨૬૧.

મારી નાંખવાનો ઈરાદો કરીને એક રાત્રે અંધારામાં તેને રસ્તામાં અટકાવ્યો, પણ ભુલથી તે રસ્તે થઈને જનારા એક ત્રીજાજ સખસને તેણે મારી નાંખ્યો. તેમાં તેને ખુનનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.૧

જ્યાં અ એ પોતાની વહુને ઝેર દઈ મારી નાંખવાનો ઈરાદો કરીને તેને એક ઝેર ભેળવેલું સફરજન કાપીને આપ્યું અને તેણીએ કાંઇ પણ જાણતી ન હોવાથી તે ફળ પોતાના બાળકને ખાવા આપ્યું તે બાળક તે ખાઇ ગયું, અને તેથી તે મરી ગયું, ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જો કે અ એ તે બાળકને તે ફળ નહીં ખાવા સમજાવેલું હતું તોપણ તે તે બાળકનું ખુન કરવાનો ગુન્હેગાર હતો.૨

પરંતુ જો આકસ્મીક લડાઇની દરમીઆનમાં એક લડનારાની સામે તાકેલો ઘા (પ્રહાર) ભુલથી બીજોજ માણસ કે જે લડનારાઓને છુટા પાડવા સારૂ વચ્ચે પડેલો હતો તે માણસના ઉપર ઘા થાય અને તે ઘાથી તે માણસ મરી જાય તો તે શિક્ષણીય મનુષ્યવધનો ગુન્હો થશે. તેજ પ્રમાણે જો ભારે ક્રોધના આવેશમાં એક માણસ ઉપર મારેલો ફટકો બીજોજ માણસ કે જેણે ક્રોધનુ કાંઇ પણ કારણ આપેલું ન હોય તે બીજા માણસને વાગે અને તેથી તેનું મોત થાય તો તે ખુન ગણાશે નહીં, પણ શિક્ષણીય મનુષ્યવધ ગણાશે.૩

૩૦૨. જે માણસ ખુન કરે તેને મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુનની શીક્ષા.

ટીકા.—એક માણસને ખુનનો ગુન્હેગાર ઠરાવ્યા પછી આ કલમમાં બતાવેલી બે સજાઓમાંથી ગમે તે એક સજા કરવીજ જોઇએ. જડજને જે અખત્યાર આપવામાં આવ્યો છે તે માત્ર, અમુક કેસની બધી હકીકત ધ્યાનમાં લઈને બેમાથી કઇ સજા ફરમાવવી તેનો નીર્ણય કરવાનો છે. ૪ આ પ્રમાણે એક કેસમાં લ, શ, ક અને ડ એ સ નામના માણસને મારી નાંખવાનું કાવતરૂં રચ્યું. આ કાવતરા પ્રમાણે પહેલાં લ એ અને પછી શ એ અકેક લાકડી શ ના માથા ઉપર મારી, અને તેથી સ જમીન ઉપર પડી ગયો. જ્યારે સ જમીન ઉપર પડેલો હતો તે વખતે ક અને ડ એ તેમની પોતાની પાસેની લાકડીઓ સ ના માથા ઉપર મારી, તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે ક અને ડ એ સ ના ઉપરનો હુમલો શરૂ કર્યો નહોતો તેથી, અને જે વખતે તેમણે સ ને લાકડીઓ મારી તે વખતે સ મરી ગયેલો હતો કે જીવતો હતો તે શંકા ભરેલું હતું તેથી તેમના ગુન્હાને માટે જન્મ દેશનીકાલની સજા પુરતી શીક્ષા હતી. ૫

ફોજદારી ગુન્હાઓને મુદતનો કાયદો લાગુ પડતો નથી તે તો જગજાહેર વાત છે. પરંતુ જ્યાં ૧૯ અને ૧૩ વરસ ઉપર કરેલાં ખુનને વાસ્તે કેદીઓને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા ત્યાં કોર્ટ ભારેમાં ભારે (અર્થાત મોતની) સજા જતી કરી હતી (અને તેને બદલે જન્મ દેશનીકાલની સજા કરી,) કેમકે લોકમાં દાખલો બેસાડવા સારૂ તેની જરૂર નહોતી. ૬

આ કલમના ઉપર લૉ કમીશનરો નીચે મુજબ ટીકા કરે છેઃ—" જ્યારે આવી ભારે સખ્તાઈથી અમે ખુન " બદલ સજા કરીએ છીએ ત્યારે બે હેતુઓ અમે અમારી નજર આગળ રાખેલા છે. એક હેતુ એ છે કે લો- " કોનાં ખુન થાય નહી; બીજો હેતુ એ છે કે લોકો પોતાના ખુન થવાની નીરંતર ધાસ્તીમાં રહે નહી. બીજો " હેતુ બેમાંથી કદાચ વધારે અગત્યનો છે કેમકે જો ખુન સજા કર્યા વગર જતું કર્યું (રહેવા દીધું) હોય તો

૧ સરકાર વિ. ગોવિન્દ. ૩ મોરલીનું ડાઈજેસ્ટ. પાનું ૧૨૫; રેજાઈના વિ. ફોમની અહુમ ૮ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૭૮.

૨. રોસ્કોકૃત ક્રીમીનલ એવીડન્સ. પાનું. ૭૬૦.

૩. ક્રાઉન્સ કેસ. ૧ ઇસ્ટકૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન પાનું ૨૪૫

૪. દીવાનસીંગ. વિ. રેજાઈના. ૨૨ ક. ૮૦૫.

૫. રેજાઇના વિ. ચતરસીંગ. ૧ અ. ૩૩.

૬. મદ્રાસ હાઇકોર્ટની ફુલ બેન્ચનો ફેંસલો.

" ખુન થયેલા માણસોની સંખ્યાનું પ્રમાણ આખી કુલે વસ્તીના પ્રમાણમાં ઘણું કરીને થોડું હશે; પરંતુ " દરેક મનુષ્યની જીંદગી હંમેશાની ચીંતા અને ધાસ્તીમાં પસાર થશે. " ૧

ટીકા—દેહાંત દંડની શિક્ષાને માટે સુધરેલા દેશોના કાયદા શાસ્ત્રીઓ તેમજ કેટલાક તત્વવેત્તાઓ અને દીર્ઘ દ્રષ્ટીએ જોનાર વિચારશીલ મનુષ્યોમાં તે શીક્ષા કાયદામાંથી નાબુદ કરવાની ચર્ચા કેટલાંક વર્ષોથી ચાલે છે. તેની મતલબ એ છે કે–મનુષ્યોએ બાંધેલું કાયદાનું બંધારણ એટલું બધું અકદમ સંપૂર્ણ સ્થીતિએ પહોંચ્યું નથી કે જેથી જીવ લેવા જેટલા દરજ્જાની શિક્ષા એક ગુન્હેગારને કરવાનું ધોરણ દરેક રીત્યે સલામતી ભરેલું ગણી શકાય. તેમાં વળી અણઘડ ને અશિક્ષિત પોલીસ અમલદારો પોલીસ તપાસ દરમ્યાન પોતાના તપાસને પરિપૂર્ણતા આપવા માટે કેટલીક હકીકતોની કૃત્રિમ સાંકળો જોડી દઇ કેટલીક વખત વાસ્તવીક રીત્યે સાચી હકીકતને એવો કૃત્રિમ રંગ આપે છે કે જેથી અમુક વાસ્તવીક ગુન્હાઈત કૃત્યને સાચુ માનતાં એક વિચારશીલ જડજને શંકા થાય છે ને ખરી રીતે બનેલી હકીકતમાં મ્હેનત લઈ કરેલ તપાસનું સાચાપણુ જોખમમાં આવી પડે છે. અને વળી કેટલીક વખતે હૃદય કોરે મૂકી કામ કરનારા હલકા દરજ્જાના પણ બાહોશ પોલીસ અમલદારો અમુક કેસની હકીકતમાં એવા બનાવટ કરી જજ રૂબરૂ રજુ કરે છે કે જેના કહેવાતા ખુનને માટે અમુક તહોંમતદારને ફાંસીની સજા ફરમાવી તે અમલમાં મૂકી દેવામાં આવી હોય તે પછી તે સખસો બજારમાં ફરતા માલમ પડેલા છે. મનુષ્ય જાતમાં જે પાછું આપવાની સત્તા નથી તેવી ચીજ–જીવ લઈ લેવો અને તે પણ આ જમાનાના અચોક્કસ અને અપરિપૂર્ણ ન્યાય બંધારણના સમયમાં, અને તેની સાથે આપણી પોલીસની કેટલેક પ્રસંગે જોવામાં આવતી પોલીસ તપાસમાં બનાવટો કરવાની કટેવની રીત ચાલુ છે તેવા જમાનામા તેમ કરવું સલામત ભરેલું નથી અને તે કારણથી સુધરેલી દુનીયાના જે જે મંડળો ફાંસીની શિક્ષા પીનલ કોડમાંથી નાબુદ કરવાની દરખાસ્તો રજુ કરે છે તે સકારણ છે. આ વિષય ઇગ્લંડમાં તેમજ હીંદમા હાલમાં ચર્ચાનો વિષય થઈ પડયો છે. તારીખ ૧૮ મી એપ્રીલ ૧૯૧૫ના મુંબઇના " **ગુજરાતી** " પત્રમાં પણ આ સબબમાં નીચે મુજબ વીવેચન આવેલું છે:—

" ઇગ્લાંડમાં એક દયાશીલ વર્ગ ઉભો થયો છે. તે વર્ગ ફાંસીની શિક્ષાને નાપસંદ કરે છે અને ઇગ્લાંડમાં એવી શિક્ષા થતી અટકાવવાની હિલચાલ ચલાવવા ઉપરાંત હિંદમાં પણ તેમ બને તેમ ફાંસીની શિક્ષા નહીં ફરમાવવી અને તેને બદલે જન્મભર દેશનિકાલની સજા ફરમાવવી, એમ ઠરાવવા મથે છે. સર હેન્રી કોટન આ હિલચાલના એક અગ્રણી છે. તેમના મંડળ તરફથી હિંદમ ૧૯૧૨ અને ૧૯૧૩ માં ખુનનો આરોપ મૂકાયલાઓની તપાસના અંગે ફાસીની શિક્ષા ફરમાવાયાની સંખ્યા વગર તપસીલો હિંદી વજીર પાસે ગયા માસમાં મી૦ સ્વીફટ મેકનેઇલે માગી હતી. કેટલીક મુદત પછી આ સંબંધી જે કોઠો નાયબ હિંદી વજીર પાર્લામેંટમા રજુ કીધો હતો અને જે બાજુના સ્થંભમા આપેલો છે, તે ઉપર સર હેન્રી કોટન કે. સી. એસ. આઈએ કરેલું વિવેચન નીચે આપેલું છે.

જણાવવા જોગ બાબતોની ઉણપ–હિંદમાં ફાસીની શિક્ષા સંબંધી ઇન્તેખાબ આખરે મી૦ સ્વીફટ મેક નેઈલે ઇંડીઆ ઓફીસ પાસેથી કઢાવ્યો છે. આવો ઈન્તેખાબ બનાવવો અતિ શ્રમભર્યું હોવાથી તે પૂરો પડાશે નહીં, એમ પહેલા તે અમને કહેવામા આવ્યું હતુ; અને પાછળથી હિંદના ન્યાયખાતામાં તે તૈયાર પડેલોજ માલુમ પડયો હતો, જો કે સ્થાયી અમલદારો જેની હયાતીથી બિલકુલ વાકેફ ન હતા. ઇંડીઆ ઓફીસનો આ બનાવ માનપ્રદ નથી, પણ તેમ ચાલી શકે.

" રજુ થયલો ઇન્તેખાબ ખુદ ઘણોજ સૂચક અને જાણવા જોગ છે. કમનશીબે ઘણી બાબતોમાં તે ઉણો છે. સેશન્સ કોર્ટે જેમની સામે ફાસીની શિક્ષા ફરમાવી હતી તેમની સંખ્યા આ કોઠો આપે છે. પરંતુ કેટલાની શિક્ષા હાઇકોર્ટે આયંદે દૂર કરી તે તેમાં જણાવેલું નથી. બીજાં સાધનોથી અમે એ જાણીએ છીએ કે, આવા ખટલાઓની સંખ્યા ૩૦ થી ૪૦ ટકા છે; અને તેના ચોક્કસ આંકડા આપ્યા નથી, એ અલબત્ત ગંભીર ઉણપ છે. તેમ એ ઈન્તેખાબમાં, હાઇકોર્ટે પોતાની ઈચ્છાથી દેશનિકાલની કેટલી શિક્ષાઓને ફાંસીની શિક્ષામાં ફેરવી નાંખી તે પણ જણાવેલું નથી. આમ બનેલું માનવાજોગ નથી.

૧. નોટ. મ પાનું ૩૮.

પરંતુ અમે એ જાણીએ છીએ કે, મદ્રાસ હાઈકોર્ટમાં આવી પદ્ધતિ હયાતી ધરાવે છે.

"**છુટકારાની માગણી સામે અપીલો.**—આમાંની એકે વિગતના આંકડા કોઠામાં આપેલા નથી પરંતુ જેમને ફાસીની શિક્ષા ફરમાવાયલી, તેમણે છુટકારા માટે કરેલી કેટલી અરજીઓ સામે સ્થાનિક સરકારોએ અપીલો કરેલી તેમની સંખ્યા અમને મળે છેજ, અને એ અપીલોના પરિણામે ફાસીની શિક્ષા થયલી હતી. એમ જણાય છે કે, ૧૯૧૨ માં સ્થાનિક સરકારોએ આથા ઓછામાં ઓછી ૪૭ અરજીઓ કરી હતી અને ૮ ખટલામાં મોતની શિક્ષા દેવામાં આવી હતી. ૬ સંયુક્ત પ્રાંતોમા અને ૨ મુંબઈમાં. ૧૯૧૩માં આવી અપીલોની સંખ્યા કમી થઇ. ૨૯ ઉપર આવી અને પરિણામે કાઇને પણ શિક્ષા થઈ ન હતી સીતાપુરના ખટલા સામે થયલી ચળવળેજ કંઈ નહી તો આવું સારૂં પરિણામ આણ્યું હતું આ વર્ષે મદ્રાસમાં આવી ૧૧ અપીલો થયલી છે, એ નવાઇ જેવું છે. મુંબઇમાં અપીલોની સંખ્યા ૧૯૧૨મા ૧૫ હતી તે ૧૯૧૩માં શૂન્ય થઇ, અને બિહાર તથા ઓરીસ્સામાં ૧૭ હતી તે ૧ થઈ, ત્યારે સંયુક્ત પ્રાંતોમા ૧૦ ની સંખ્યા ઘટી ૪ થઇ. એકે વર્ષે બંગાળામાં સામી અપીલો થઇ ન હતી, એ ઘણીજ જાણવા જોગ બીના છે, અને એ કયારનુંએ જણાવ્યુ છે તેમ બંગાળામાં કદી આવી અપીલો થઇ હોય તે વિષે મને સંશય છે.

"**ફાંસીની શિક્ષા ફરમાવવાનું વલણ**—બાકીના ઈન્તેખાબ વિષે જણાવવાનું કે, હિંદના જુદા જુદા ઈલાકાઓના સેશન્સ કોર્ટો હજી ફાસીની શિક્ષા ફરમાવવાની વલણ ધરાવે છે. એ હમેશાં સ્મરણમાં રાખવું જોઇશે કે, હિંદી ફોજદારી કાયદો, ન્યાયાધીશને ગમે તો ફાંસીની શિક્ષા કે જન્મભર દેશનિકાલની શિક્ષા ફરમાવવાની મુનસફી આપે છે, જ્યારે ઇગ્લાંડનો કાયદો એવી સત્તા આપતો નથી. આ ગોઠવણ દયાળુ છે, અને હિંદના જુદા જુદા ભાગોમાં શિક્ષાની રીતિ કેટલી ભિન્ન પડે છે, એ અતિશય જાણવાજોગ થઈ પડે છે. આમ બંગાળામાં પ્રબળ હાઇકાર્ટ હોવાથી સારી અનુકૂળ સ્થિતિ પ્રવર્તે છે અને પરિણામે સેશન્સ કોર્ટો ઉપર અંકુશ મૂકાય છે. ૧૯૧૩ મા ખુન માટે આરોપી ઠરેલા ૨૨૨ જણામાંથી માત્ર ૧૩ ટકા જેટલાનેજ સેશન્સ કોર્ટોએ ફાંસીની શિક્ષા ફરમાવી હતી, અને ૮૭ ટકા જેટલાને દેશનીકાલ કીધા હતા. પરંતુ બ્રહ્મદેશમાં બીલકુલ હાઇકોર્ટ નહી હોવાથા સીવીલીયનોનો લાગવગ પ્રબળ છે એટલે નબળી મુખ્ય કોર્ટ છે અને ત્યાં પ્રમાણ તદ્દનજ ઉલટાઈ જાય છે; ખુન માટે આરોપી ઠરેલા ૨૫૮ માણસોમાંથી ૬૦ ટકા જેટલા ફાંસીએ ચઢયા હતા, જ્યારે ૪૦ ટકા જેટલા દેશનિકાલ થયા હતા.

હાઇકોર્ટો અને વરિષ્ઠ કોર્ટોમાં ભેદ—આ તપાસમાં લગાર વધારે ઉંડાણથી ઉતરવાનો જો આપણે શ્રમ લઇએ તો આપણને એ જણાશે કે, પંજાબમાં ૫૯ ટકા જેટલા ફાંસીએ લટકયા હતા, ત્યારે ૪૧ ટકા જેટલા દેશનિકાલ થયા હતા; અને સંયુક્ત પ્રાંતોમાં ફાંસીએ લટકેલાનું પ્રમાણ ૫૪ ટકા હતુ ત્યારે દેશનિકાલ થયલાનું પ્રમાણ ૪૬ ટકા હતું. પંજાબની વરિષ્ટ કોર્ટ બ્રહ્મદેશના જેવાજ ધોરણે છે. અને સંયુક્ત પ્રાંતો હાઇકોર્ટ, કલકત્તાની હાઇકોર્ટ કરતાં ઘણો જુદો મોભ્ભો ભોગવે છે; પરંતુ તે એક વરિષ્ઠ કોર્ટ કરતાં વધુ સારી છે. મદ્રાસ અને મુંબઈમા કલકત્તાની હાઇકાર્ટને ઘણીજ મળતી હાઇકાર્ટો છે, એટલે મુંબઈમાં ફાંસી લટકેલાનું પ્રમાણ ૩૫ ટકા અને દેશનિકાલ થયલાનું ૬૫ ટકા છે; અને મદ્રાસમા ફાંસીએ લટકલા અને દેશનિકાલ થયલાનું પ્રમાણ અનુક્રમે ૩૩ ટકા અને ૬૭ ટકા છે. મળેલા આંકડામાથી આ પ્રમાણ વિનાશ્રમે મેં તારવેલું છે, અને હિંદના ન્યાય ખાતાના વહીવટ માટે જેઓ જોખમદાર છે તેમની સમક્ષ વિચારવા માટે ધરેલું છે.

"**આરોપથી મુકત થનારા ૫૦ ટકા:**—હજી એક બીજો નિર્ણય આ સૂચક ઈન્તખાબથી મળે છે. ૧૯૧૩ માં જેમની સામે ખુનના આરોપો મૂકાયા હતા તેમાંના જેટલાને સેશન્સ કોર્ટોએ છોડી મુકયા હતા તેટલાની સંખ્યા કુલ આરોપોથી ૫૦ ટકા હતી. બંગાળા, સંયુક્ત પ્રાંતો અને પંજાબ એ ઇલાકાઓમાં આનું પ્રમાણ જુદું છે, પણ મદ્રાસમાં તે ૬૫ ટકા આવે છે, બ્રહ્મદેશમાં ૪૪ ટકા છે અને મુંબઇમાં ૩૬ ટકા છે. આ પ્રમાણ અદ્દભુત રીતે મોટું છે અને હરેક સ્થળે એવો ખીજવાટ ઉઠે છે કે, પોલીસ ફર્યાદ ચલાવવાની અને નિર્દોષ કે જેમની સામે આરોપનો ઘણો ઓછો પૂરાવો હોય એવાઓની જીંદગી જોખમમા મૂકવાની ટેવ ધરાવેછે.

હિંદમાં ફોજદારી ખટલાની રીતિનું આ જાણવાજોગ સ્વરૂપ સામાન્ય રીતે છે, અને એ જણાશે કે, હિંદમાં લગભગ હરેક ઇલાકામાં સબળા ગુન્હાઓ માટે કામ ચલાવવામાં આવેલાઓની કુલ સંખ્યામાંથી પણ

બન્નેને ગમે તો છોડી દેવામાં આવે છે અગર તો કોર્ટ છોડી દે છે. એકલા બંગાળામાં આથી ઉલટી સ્થિતિ છે. શા માટે આમ છે તે હું કહી શકતો નથી, પરંતુ સંયુક્ત પ્રાંતો અને પંજાબમાં આ સ્વરૂપ ઘણુંજ દેખાય છે. દાખલા તરીકે પંજાબમાં ૧૯૧૨ માં છોડી મૂકેલા અગર કોર્ટે મુક્ત કરેલા તપાસમાં ઉતારાયલા-ઓની સંખ્યા ૨, ૧૮, ૫૩૪ હતી; શિક્ષા થયલાઓની સંખ્યા ૭૫,૩૪૨ હતી. સત્તાધારીઓના ધ્યાનને પાત્ર આ બીજી બાબત છે."

જન્મ ટીપના ગુન્હેગારે કરેલા ખુનની શીક્ષા.

૩૦૩. જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષાનો હુકમ જે માણસની ઉપર થએલો હોય તે માણસ અગર ખુન કરે તો તેને મોતની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—કોઈ સખસને સમુદ્રપારની સજા કરવામાં આવી હોય (પછી તે અમલમાં મુકાઇ હોય કે મુકાવાની હોય) તેવામાં તે ખુન કરે તો તેને દેહાંત દંડની સજા કરવામાં આવે છે.૧ એવા સંજોગોમાં માત્ર આ એકજ સજા છે. પીનલકોડમાં આ એકજ કલમ છે કે જેમાં દેહાંત દંડ સીવાય બીજી કોઈ સજા થઈ શકે તેમ નથી.

ખુનથી ઉતરતા દરજાના શીક્ષણીય મનુષ્યવધની શીક્ષા.

૩૦૪. ખુનથી ઉતરતા દરજાનો શીક્ષણીય મનુષ્યવધ જે માણસ કરે તે માણસને અગર જે કામથી મોત થયું હોય તે કામ તેણે મોત આણવાના ઇરાદાથી અથવા જેથી મોત થવાનો સંભવ હોય એવું કાંઇ શરીરનું નુકશાન કરવાના ઇરાદાથી કર્યું હોય તો જીવતાં સુધી સમુદ્રપારની અથવા દસ વરસની મુદત સુધીની, બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે અને અગર તે કામથી મોત થવાનો સંભવ હોય એવું કાંઇ શરીરનું નુકશાન કરવાના ઈરાદા વગર તે કામ તેણે કર્યું હોય તો તે માણસને દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા—જે સજા કરવાની તેના સંબંધમાં ભેદ બતાવી આ કલમ તેના બે ભાગ પાડે છે; (૧) જ્યાં મારી નાંખવાનો ઈરાદો હાજર હોવાથી તે કૃત્ય ખુન થયું હોત પરંતુ તે ૩૦૦ મી કલમના ગમે તે અપવાદમાં આવી જવાથી તે ખુન થતું નથી; (૨) અને જે કેસમાં શીક્ષણીય મનુષ્યવધ ખુન થતું નથી તેવા કેસ, એટલે કે મોત એ સંભવીત પરીણામ છે એવી જાણ હોય, પરંતુ મોત આણવાનો, અથવા જેથી મોત થવાનો સંભવ હોય, તેવું શરીરનું નુકશાન કરવાનો ઇરાદો હોય નહિ તેવા કેસ. ૨ દાખલા તરીકે નીચેના કેસ આ બીજા ભાગમાં પડે છે:—

એક સ્રીને ફોસલાવીને લઇ જવામાં આવી હતી. તે સ્રીનો ધણી અને બાપ (તેને ફોસલાવી જનાર) ગુન્હેગારની વાટ જોઇને ઉભા રહ્યા, અને (તે આવ્યો એટલે) તેની પીઠ ઉપર અને છાતીમાં તેને લાકડીઓથી માર્યો, પણ તેને માથા ઉપર લાકડી મારી નહી, અને તેને મારેલા લાકડીયોના ફટકાની અસરથી મરી ગયો;૩ અને જ્યાં કેદીએ તેની જુવાન સ્રીને એવા જોરથી લાત મારી કે તેણીનું પેઢું ફુટી ગયું,

---

૧. ૧૯. વી. રી. ૪૫.

૨. રેજાઇના. વિ. ઈદુબેગ. ૩ અ. ૭૭૮ માં જસ્ટીસ સ્ટેટના ટીકા;

૩. રેજાઇના. વિ. ફકીર મહમદ. પંજાબ રેકરડઝ. ૧૮૯૦ નું ૧૯ મું.

અને તેથી તેણીનું તુરત મરણ નીપજ્યું.[1] આ બંને કેસમાં ગુન્હેગારને આ કલમના પાછલા ભાગ મુજબ શીક્ષા કરવામાં આવી હતી.

૩૦૪ અ. શીક્ષણીય કરતાં ઉતરતા દરજ્જાનું હરકોઈ અવીચારનું અથવા ગફલતી ભરેલું કામ કરીને કોઇ માણુસ કોઈનું મોત લાવે તો તેને ઘણામાં ઘણુ બે વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવી.

ગફલતથી મોત થાય.

અથવા દંડ કરવો અથવા એ બેઉ શીક્ષા કરવી. (સને ૧૮૭૦ ના આકટ ૨૭ મા પ્રમાણે.)

ટીકા—આ કલમ ઉપરનો કાયદો પેહેલાં પ્રથમ જસ્ટીસ હોલાવેએ **રેજાઇના. વિ. નીદામારતી**[2] માં સત્તા ભરેલી રીતે નીચે મુજબ સ્થાપીત કર્યો હતો:—

" આ કેસમાં કેદીએ તેની પોતાની માને માર મારીને અને લાતો મારીને મારી નાંખી હતી. સેશન્સ
" જજ એવા નીર્ણય ઉપર આવેલ છે કે મોત ઘાતકી રીતે માર મારવાનું અને લાતો મારવાનું પરીણામ
" હતું. પરંતુ તે કેદીને શીક્ષણીય મનુષ્યવધના ગુન્હાનો નીરદોષ ઠરાવે છે, કેમકે (કરેલો) જુલમ એવો
" નહોતો કે તેથી મોત નીપજવાનો સંભવ હતો એવું કેદી જાણતો હોવો જોઇએ. એ દેખીતું છે કે ખુનથી
" ઉતરતા દરજ્જાના શીક્ષણીય મનુષ્યવધના ગુન્હાનું તે કારણ ગણાય નહી, કેમકે આવું તે જાણતો હોત
" તો તેનું કૃત્ય ખુન થાત. જડજને જે સવાલનો નીર્ણય કરવાનો હતો તે એ હતો કે જેથી મોત થવાનો
" સંભવ હોય એવું શરીરનું નુકશાન કરવાની જાણ સાથે તે કૃત્ય કરવામાં આવ્યું હતું કે કેમ... ... ...
" ઘાતકી હુમલો અને મોતની વચ્ચેનો કાર્ય કારણ સંબંધ કાંઇ પણ શક વગર સ્થાપીત થયેલો છે, પરંતુ સેશન
" જડજે આ નવી (૩૦૪ અ) કલમ મુજબ કેદીને બેફીકરાઇ ભરેલા કૃત્યથી મોત નીપજાવવાનો ગુન્હેગાર ઠરાવેલો છે.
" અમારા અભીપ્રાય પ્રમાણે આ કેસની હકીકતને આ કલમ બીલકુલ લાગુ પડતી નથી. ઇજાકારક અને ગેરકાય-
" દેસર પરીણામ થઈ જાય એવું જાણીને, પણ તેવાં પરિણામ થશે નહીં એવી આશા રાખીને, અને ઘણી
" વખત તે કૃત્ય કરનારે તેવાં પરીણામ થતાં અટકાવવાની જોઇએ તેટલી સંભાળ લીધી છે એવું માનીને
" કાંઈ કૃત્ય કરવું તે ગુન્હેગારી ભરેલી બેફીકરાઇ છે; એવું જાણતાં છતાં તે કૃત્ય કરવાથી ગુન્હેગારી ઉત્પન્ન
" થાય છે. ગેરકાયદેસર અને ઇજાકારક પરીણામ થશે એવી જાણ વગર પણ જે બીના એવું બતાવે કે તે
" કૃત્ય કરનારે તેને માથે ફરજીઆત રીતે રહેલી (તેને લેવી જોઈતી) સંભાળ લીધી નથી અને જો તેણે
" તેવી સંભાળ લીધી હોતતો તેને (તે બાબતની જાણ થાત, તેવી બીનાની અંદર કાંઈ કૃત્ય કરવું તે
" ગુન્હેગારી ભરેલી ગફલતી છે; સાવચેતી રાખવાની સામાજીક ફરજ વિષે બેદરકાર રહેવાથી ગુન્હેગારી
" ઉત્પન્ન થાય છે એ ખુલ્લું છે કે જાણી બુજીને અને ઇરાદા પુર્વક કરેલું શરીરનું નુકશાન આ બેમાંથી
" એકે વર્ગની અંદર આવી શકે નહી. કેમકે આ બંને વર્ગો ઈરાદાથી કરેલા એક કૃત્ય અથવા સાથે
" લાગાં વધુ કૃત્યો જે સીધી રીતે મોત નીપજાવે છે, તેમને બીલકુલ લાગુ પાડતાં નથી. માર મારના-
" રના અભીપ્રાય પ્રમાણે માર ખાનાર મરી ગયા વગર થોડો વધારે માર સહન કરી શકયો હોત એટલા
" કારણથી તેણે કરેલું કૃત્ય (મારેલો માર) માત્ર બેફીકરાઈ ગણાય કેમકે તેણે તે પ્રયોગ (માર મારવો
" તે) હદ કરતાં વધારે આગળ ચલાવ્યો છે, એમ કહેવું તે ખુલી અને જોખમ ભરેલી ગેરસમજનું પરી-
" ણામ છે, આ બેફીકરાઇનો તેમજ ગફલતીનો કેસ નથી તેથી (બેમાંથી) કોઇ પણ કેસમાં આ કલમ
" પ્રમાણે (માર મારનારને) વ્યાજબી રીતે ગુન્હેગાર ઠરાવી શકાય કે કેમ, (અને) બેફીકરાઈ, અથવા
" ગફલતી શીક્ષણીય મનુષ્યવધ થાય છે કે કેમ તેનો વિચાર કરવો તે બીન જરૂરનું છે.'

કલકત્તા હાઇકોર્ટે એક કેસમાં આ ફેંસલો ટાંકી તેને અનુસરીને ફેંસલો કર્યો હતો. તે કેસમાં હકી-

---

૧. રેજાઇના. વિ. કેતાબ્દી. ૪ ક. ૭૬૪.

૨. રેજાઇના. વિ. નિદામારતી. ૭ મદ્રાસ હાઇકોરટ રીપોર્ટસ. પાનું ૧૧૯.

કૃત એવી હતી કે આઠ નવ વર્ષની એક (નાની) બાળક વહુ (તેના ધણીએ) ઉઘાડા પગથી લાત મારવાથી તુરત મરી ગઇ, કેમકે તે લાતથી પેટનો પડદો ફાટી ગયો. કોર્ટે એવી ટીકા કરી કે જે કેસમાં મરનાર માણસની સામે બુદ્ધિપુર્વક ગુન્હો કર્યો હોય તેવા કોઈપણ કેસને આ ૩૦૪ આ કલમ લાગુ પડતી નથી.૧

અલાહબાદમાં ચુકલા કેસમાં એક માણસે તેની વહુના પડખા ઉપર લાકડીથી એક સખત ફટકો લગાવ્યો, અને તેણીને રાગીષ્ટ તલ્લી બરોળ (spleen) હોવાથી તે તુરત ગુજરી ગઈ, જેથી તેણીના ધણીને આ ૩૦૪ અ. કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવીને સજા કરી હતી પરન્તુ હાઈકોર્ટે તે રદ કરીને તેને બદલે ૩૨૫ મી કલમ પ્રમાણે મહાવ્યથાનો તેને ગુન્હેગાર ઠરાવ્યો હતો તે કેસમાં જસ્ટીસ સ્ટરેટ ટીકા કરે છે કે "એ ધ્યાનમાં રાખવાનું છે કે કલમ ૩૦૪ અ. ૨૯૯ મી અને ૩૦૦ કલમની બાહારના ગુન્હા- "ઓને લાગુ પાડેલો છે અને જે કેસમાં આગળ જણાવેલો ઈરાદો અથવા જાણ ન હોય તેવા કેસ સંબંધી "દેખાતી રીતે તે કલમ નિયમ સ્થાપીત કરે છે. બેફીકરાઇભરેલું અથવા ગફલતી ભરેલું કૃત્ય જેને "ગુન્હા તરીકે જણાવવાનાં આવેલું છે તે શિક્ષણીય મનુષ્યવધ ન હોય તેવું કૃત્ય છે, અને તેટલા માટે "એમ સમજવું જોઇએ કે ઈરાદા પુર્વક અથવા જાણી બુજીને કરેલો જુલમ (મારેલો માર) કે સીધી "રીતે અને સ્વચ્છન્દપણે કરવામા આવ્યો હોય તે બાતલ કરવામાં આવ્યો છે." (અર્થાત તે આ કલમમાં આવી શકે નહી.) વળી જસ્ટીસ સ્ટરેટે બેફીકરાઇ ભરેલાં અને ગફલતી ભરેલાં કૃત્યોની વ્યાખ્યા ઘણું ખરૂ જસ્ટીસ, હોલોવેના શબ્દોમાં આપેલી છે.૨

જે કેસમાં વ્યથા (ઈજા) બુદ્ધિ પુર્વક કરેલી હોય તેવા કેસને આ કલમ લાગુ પડતી નથી, પરંતુ બેફીકરાઇ ભરેલાં અથવા ગફલતી ભરેલા કૃત્યોનેજ (માત્ર) આ કલમ લાગે છે.૩

જે કેસમા વ્યથા કરવાનો ઇરાદો હોય તેવા કેસનો સમાવેશ કરવાનો (લાગુ પાડવાનો) આ કલમનો ઇરાદો નથી. કંઇ કૃત્ય કરવાની બેફીકરાઈ ભરેલી અથવા ગફલતી ભરેલા રીતીથી નહી, પણ તે કૃત્ય ઉપરથી થતા કોઇ પરીણામ કે જેનો ખ્યાલ પણ આવી શકે એવો ન હોય તેવા પરીણામથી મોત નીપજ્યું હોય તેવા કેસને આ કલમ લાગુ પડતી નથી.૪

એક કેસમાં કેદી સ્ત્રીએ પોતાના ધણીને વશ કરવા સારૂ જડી બુટ્ટી તરીકે તેણીના યારની પાસેથી ઝેર લીધું, અને તે તેણીના ધણીને ખવડાવ્યું, જેના પરિણામે તેનું મોત થયું, પરંતુ જ્યાં સુધી તે ઝેરની અસર તેણીએ નજરે જોઇ નહોતી ત્યાં સુધી તેણીને એમ ખબર નહોતી કે તેણીને (તેના યારે) આપેલો પદાર્થ ઝેરી હતો તે કેસમાં તેણીને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવામાં આવી હતી.૫

એક રેલવેના અમલદારને કેટલાંક રેલવેનાં ખાલી ગાડાં (વેગનો) જોડયા વગર અને એક એક ઢોળાવ ઉપરથી નીચે ઉતરવાની સુચના આપવામાં આવી હતી તે અમલદારે તે સુચના અમાન્ય કરવાથી તે ગાડાં ઉપરનો સઘળો દાબ જતો રહ્યો (અરથાત તે તેના હાથમાં રહ્યાં નહી) અને તે ગાડીને અટકાવવાની કોશીશ કરતાં એક મજુર પઈડાં તળે આવી જવાથી ચગદાઈ મુઓ તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તહોમતદારનું કૃત્ય બેફીકરાઈ ભરેલું અથવા ગફલતી ભરેલું હોવાથી તે આ કલમ પ્રમાણે ગુન્હેગાર થતો હતો.૬

કલકત્તામાં ચુકલા એક કેસમાં કેદી એક કબીરાજ હતો અને મરનાર એક વૃદ્ધ નિરકઉવત માણસ હતો અને તે અંદરના મસાના દર્દથી પીડાતો હતો. તે કબીરાજે એક હુક (આંકડી) થી તે વૃદ્ધ માણ-

---

૧. રેજાઈના. વિ. કેતાબ્દી મંડલ ૪ ક. ૭૬૪.
૨. રેજાઇના વિ. ઈદુબેગ. ૩ અ ૭૭૬.
૩. રેજાઈના. વિ. હસન. ૨ બોમ્બે લો રીપોરટર. પાનું. ૩૨૫.
૪. રેજાઈના. વિ. હીરા. ૩ બોમ્બે લો. રીપોરટર. પાનું ૩૬૪.
૫. રેજાઇના. વિ. મુસામત બકાન. પંજાબ રેકરડઝ. ૧૮૮૭ નું ૧૫૭ મું.
૬. રેજાઇના. વિ. નન્દકિશોર. ૬ અ. ૨૪૮.

સના મસા બહાર ખેંચી કાઢીને પછી એક સાધારણ ચાકુથી કાપી નાંખ્યા. તેથી એટલું બધું લોહી પડયું કે તે વૃદ્ધ માણસ મરી ગયો તે કેસમાં એમ સાબીત થયું હતું કે જે (મસા કાપી કાઢવાનું) કામ તેણે કર્યું હતું તે એટલું બધું તરત ભયંકર (જોખમકારક) હતું કે હોંશીયાર કેળવણી પામેલા સરજનો પણ કદી ભાગ્યેજ તે કામ કરવાની કોશીશ કરતો. પરંતુ તે (કબીરાજે) તેવું કામ પહેલા બે વ્રાર ફતેહમંદીથી કર્યું હતું અને જાણે કે તે એક આંટણ કાપી નાંખતો હોય તેમ પુરી ખાતરીથી અને સંભવિત પરીણામની કાંઇ પણ તૈયારી વગર તેણે આ કાપી નાંખવાનું કામ કરેલુ જણાતું હતું તેને આ ૩૦૪ અ કલમ મુજબ ગુન્હેગાર ઠરાવી શિક્ષા કરવામાં આવી હતી૧ પરંતુ આની પેહેલાં ચુકેલાં એક કેદીઓએ પાટા પીંડા કરવાની કાંઇ પણ યોગ્ય તજવીજ કર્યા વગર શરીરના સઘળા ગુપ્ત ભાગ (ઇન્દ્રી કોથળી વિગેરે) કાપી નાંખવાની સાદી રીતથી ખાંસીનુ કામ કરી નાંખ્યું હતું ખાંસી કરાવનાર માણસ થોડાજ કલાકમાં મરી ગયો. તેની સંમતીથી આ કામ કરવામાં આવ્યું હતું. તે છતાં તેને ખુનથી ઉતરતા દરજ્જાના શિક્ષણીય મનુષ્ય વધનો ગુન્હેગાર ઠરાવવામા આવ્યો હતો. આ ફેંસલો થયો તે વખતે આ નવી ૩૦૪ અ. કલમ પીનલકોડમાં દાખલ કરવામાં આવી નહોતી; પરંતુ હાલ પણ આ કસની હકીકત ઉપરથી આ ૩૦૪ અ કલમ પ્રમાણે ગુન્હો બનેલો ગણાશે નહી.૨

વઈદ દાકતરની ભુલ ભરેલી ચિકિત્સા તથા ઓસડ વેસડના પરીણામે થતા મોત અથવા બીજાં નુકશાનકારક પરિણામોના સંબંધમાં લોર્ડ હેલ ટીકા કરે છે કે "જો કોઈ વઈદ કોઇ માણસને કાંઇ પણ "શરીરની ઇજા કરવાના ઈરાદા વગર પરંતુ રોગ મટાડવાના અથવા રોગ અટકાવવાના ઇરાદાથી પીવાનું "ઓસડ આપે અને વૈદની આશા ખોટી પડી ને, તેથી તે માણસનું મોત થાય તો તે મનુષ્યવધ "થશે નહી: અને સરજન (શસ્ત્રવઈદ) નું પણ તેજ પ્રમાણે અને જે માણસો એમ ધારે છે કે જો "જે માણસે આવી ભુલ કરેલી હોય તે પરવાનાવાળો (લાઇસેન્સવાળો) સરજન અથવા વૈદ ન "હોય તો તે (નું કૃત્ય) (મનુષ્યવધનો) ગન્હો થશે, તે માણસોનો અભિપાય હું ભુલ ભરેલો ગણું "છું, કેમકે પરવાનાવાળા વૈદો અને સરજનો આવ્યા તે પેહેલાં ઓસડો અને મલમપટ્ટા હયાતિમાં "હતા." ૩ આ વિષય ઉપર ઇંગ્રેજી કાયદો આ લોર્ડ હેલના ટીકા મુજબ સ્થાપિત થયેલો છે. સેન્ટ જોન લોન્ગની સામેના એક કેસમાં એક વગર પરવાનાવાળો વઈદ કે જે એક ઘણુંજ આગ બળે એવું પ્રવાહી ઓસડ ચોપડાને રોગ મટાડવાનું કહેતો હતો તેણે એક માણસને તે ઓસડ ચોપડયું અને તેથી તે માણસનું મોત નીપજ્યું તે કસમાં બેરન બેલી કહે છે કે "મારા અભિપ્રાય પ્રમાણે એક માણસે વૈદક કેળવણી "લીધી છે કે નહીં તે જોવાની કાંઇ જરૂર નથી જે વસ્તુ તપાસવાની છે તે એ છે કે જે ઉપાય (ઓશડ "વેશડ) તેણે યોજ્યાં છે તેના સંબંધમાં, અને જે વર્તણુક તેણે ચલાવી એ તેના સંબંધમાં સાવચેતી "(સંભાળ લેવા)ના યોગ્ય પ્રમાણમાં તે વરત્યો છે કે કેમ અથવા તો તેથી હલકું ભારે અને અયોગ્ય બેફીકરાઇથી અને બાન કાળજીથી તે વરત્યો છે એમ હું કહેવામા કાંઇ પણ આંચકો ખાતો નથા કે એક (વૈદ) "માણસે અમુક ઉપાય (આશડ) કર્યા પછી તેના દર્દીની સંભાળ રાખવામાં તે ભારે ગફલતીનો, ગુન્હેગાર "થયો હોય, અથવા તે ઉપાય (ઓસડ) લગાડવામાં ભારે બેરીકરાઇનો ગુન્હેગાર થયો હોય, અને તેને "પરીણામે મોત નીપજે તો તે માણસ મનુષ્યવધ (ના ગુન્હા) નો ગુન્હેગાર થશે. ૪" તેજ પ્રમાણે જ્યાં પ્રુસીક આસીડ (એક જાતનો ઘણો જલદ ઝેરી તેજાબ) ભેળવેલી દવાનો એક હદ કરતાં વધારે ભાગ (ડોઝ–Dose) આપવાથી એક સ્ત્રીનું મરણ નીપજેલું ધારવામાં આવતું હતું ત્યાં જસ્ટીસ કોકબરને કહ્યું કે "જો કોઇ માણસ (દરદીને) જોખમ ભરેલી દવા આપવાનું પોતાને માથે લે તો તે બરાબર યોગ્ય સંભાળથી આપવાની તેની ફરજ છે, અને જો તે તે દવા ગફલતીથી આપે (અને તેથી મોત

૧. સકાર કબીરાજ. વિ. રેજાઇના ૧૪ ક. ૫૯૬.

૨. રેજાઇના. વિ. બાબુલન. ૫ સધરલાન્ડઝ વીકલી રીપોરટર્સ પાનું. ૭

૩. ૧ હેલ કૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન. પાનું. ૪૨૯.

૪. રેજાઇના. વિ. સેન્ટ. જોન લોન્ગ. ૪ કેરીંગટન એન્ડ પેઇન. ૪૨૩, પાને ૪૪૦ મે.

જ' નીપજે) તો તે મનુષ્ય વધના ગુન્હાનો ગુન્હેગાર થશે."૧

ન બરોળની ગાંઠના દરદથી પીડાતો હતો, તે ન ને મહાવ્યથા કરવાનો સંભવ હતો એક પોતે જાણી ને, પરંતુ મોત નીપજાવવાના, અથવા જેથી મોત નીપજવાનો સંભવ હતો એવું શરીરનું નુકશાન કરવાના ઈરાદા વગર બ એ ન ને બુદ્ધિ પુર્વક વ્યથા કરી, અને બ ના પોતાના કૃત્યથી મોત નીપજાવવાનો સંભવ હતો એવી પણ જાણ વગર બ એ તે વ્યથા કરી હતી. આ વ્યથા ન ને મહાવ્યથા થઇ પડી, જેથી ન મરી ગયો તેમા એવું ઠરાવવામાં આવ્યું હતું કે ગફલતીથી મોત નીપજાવવા બદલ ૩૦૪ અ. કલમ પ્રમાણે બ ને ગુન્હેગાર ઠરાવી શીક્ષા કરવી જોઇએ નહી, પણ બુદ્ધિ પુર્વક રીતે મહાવ્યથા કરવાના ગુન્હાનો તેને ગુન્હેગાર ઠરાવવો જોઈએ.૨

એક માણસે મોત નીપજાવવાના ઈરાદા વગર, અથવા જેથી મોત નીપજવાનો સંભવ હોય તેવું શરીરનું નુકશાન કરવાના ઇરાદા વગર, અથવા તેના કૃત્યથી તે મોત નીપજાવવાનો સંભવ હતો એવી જાણ વગર, અથવા મહાવ્યથા કરવાના ઈરાદા વગર, અથવા તેના કૃત્યથી તે મહાવ્યથા કરવાનો સંભવ હતો એવી જાણ વગર, પરંતુ વ્યથા કરવાના ઇરાદાથી એક ઇંટનો કકડો બીજા માણસની સામે ફેંકયો, જે કકડો તે માણસને બરોળના પ્રદેશમાં વાગ્યો, અને તેની બરોળ રોગીષ્ટ હોવાથી તે બરોળ ફુટી અને તેથી તેનું મોત નીપજ્યું તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે માણસે બુદ્ધિ પુર્વક વ્યથા કરવાનો ગુન્હો કર્યો હતો.૩

એક કેસમાં તહોમતદારે પોતાની લાકડી મરનારની સામે એટલા જોરથી ફેંકી કે તેનો અણીઆળો છેડો મરનારના કપાળ ઉપર વાગ્યો, અને તેથી કપાળમાં એક કાણાવાળો (સારવાળો) ઘા પડયો, જેથી મરનારનું મોત નીપજ્યું. તે કસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તહોમતદારે આ કલમ પ્રમાણે કાંઈ ગુન્હો કર્યો નહોતો, કેમકે મરનારને ઈરાદા પુર્વક ઇજા કરવામાં આવી હતી. તેટલા માટે તેને વ્યથા કરવાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.૪

એવું કોઈ કૃત્ય કે જે તહોમતદારના ધારમાં બીલકુલ આવી શકે તેમ ન હોય તેવા કૃત્યથી કોઇનું ખુન નીપજે તેવા સંજોગોમાં આ કલમ લાગુ પડતી નથી.૫

કોઇ બાળક અથવા દીવાના શખસને આત્મઘાત કરવામાં મદદગારી કરવી.

૩૦૫. જે અઢાર વરસથી ઓછી ઉંમરનો શખસ અથવા કોઈ દીવાનો શખસ અથવા કોઈ ચળેલો શખસ જન્મથી ગાંડો એવો કોઇ શખસ અથવા કેફની હાલતમાં હોય એવો કોઇ શખસ આત્મઘાત કરે તો તે આત્મઘાત કરવામાં જે માણસ મદદગારી કરે તે માણસને મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની અથવા દસ વરસની મુદત સુધીની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

૩૦૬. જો કોઈ માણુસ આત્મઘાત કરે તો તે આત્મઘાત કરવામાં જે માણુસ

---

૧. રેજાઈના. વિ. બુલ. ૨ ફોસ્ટર એન્ડ ફીનલેસન. પાનુ. ૨૦૧

૨. રેજાઇના. વિ. ઓબ્રાયન. ૨ અ. ૭૬૬; રેજાઈના વિ. સફતુલ્લા. ૪ ક. ૮૧૫.

૩. રેજાઈના. વિ. રણસીંગ. ૩ અ, ૫૯૭.

૪. રેજાઇના. વિ. વીલીયમ ફીગાન. મુંબાઇ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ ૧૮૯૩ ૩૮ મુ.

૫. ૩ બૉમ્બે લૉ. રિપોર્ટર પાનું ૩૯૪
૪ બૉમ્બે લૉ. રિપોર્ટર પાનું ૬૭૯

આત્મઘાતમાં મદદગારી. મદદગારી કરે તે માણસને દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—ઇંગ્રેજી કાયદા પ્રમાણે જ્યાં બે માણસો ભેગા આત્મઘાત કરવાનો નીશ્ચય કરે ત્યાં જો તેમણે મરવાને યોજેલા ઉપાય એકજ માણસ ઉપર અસર કરે અને બીજો જીવતો રહે તો તે જીવતો રહેનાર માણસ ખુનનો ગુન્હેગાર થશે.૧

સતી થવાના એક કેસમાં કેટલાક કેદીઓએ ચિતાને ખરેખર સળગાવી દીધી, પરંતુ તેમાંનો એક જણ તે વિધવાનું મોત નીપજાવવામાં તેઓના ભેગો સામેલ થયો નહી, પરંતુ જ્યારે તે સ્ત્રી થોડી બળી ગયા પછી ચિતા છોડીને નિચે ઉતરી આવી ત્યારે તેણીને ચિતા ઉપર પાછી મોકલવામાં તેણે આગળ પડતો ભાગ લીધો તે કેસમાં બંગાળાની હાઇકોરટે એવું ઠરાવ્યું હતું કે ચિતા સળગાવી દેનારા કેદીઓ શિક્ષણીય મનુષ્યવધના ગુન્હેગાર હતા, પણ તે સ્ત્રીને ચિતા ઉપર પાછી મોકલનાર કેદી માત્ર આત્મઘાતમાં મદદગારી કરવાનો ગુન્હેગાર હતો. તે કેસમાં જડજોએ એવી ટીકા કરી હતી કેઃ—"જે માણસ આત્મઘાત "કરે તે માણસના પોતાના હાથથી આત્મઘાતનું કામ કરવામા જે લોકો મદદ કરે છે તે લોકોના કેસને "જ (માત્ર) આત્મઘાતમાં મદદગારી મરયાદીત થયેલી છે (અર્થાત તેવા લોકોનેજ માત્ર આત્મઘાતમાં "મદદગારી કરવાનું લાગુ પડે છે) જ્યારે આત્મઘાત કરનારની અરજ ઉપરથી અથવા તેની સંમતીથી "બીજો માણસ તે (આત્મઘાત કરનાર) માણસને મારી નાંખે છે; ત્યારે તે (બીજો) માણસ રજામંદી "(સમતી) થી મનુષ્યવધ કરવાનો ગુન્હેગાર થાય છે, જે (રજામંદીથી મનુષ્યવધ કરવો તે) શીક્ષણીય મનુષ્યવધનો એક પ્રકાર છે."૨

એક કેસમાં પુરાવો એવો હતો કે એક સ્ત્રીએ તહોમતદારોની હાજરીમાં આત્મઘાત કરવાની તઈયારી કરી. તે તહોમતદારો ચિતા ખડકી હતી ત્યાંસુધી તે સ્ત્રીની પુંઠે પુંઠે ગયા, અને તેણીની પાસે ઉભા રહ્યા. તેણીના ઓરમાન (સાવકા) દીકરાઓ "**રામ, રામ**" એવી બુમો પાડતા હતા. તહોમતદારોમાંનો એક કબુલ કરતો હતો કે તેણે તે સ્ત્રીને "**રામ, રામ**" કહેવાનું કહ્યું, અને (તેથી) તે "**સતી**" થશે. આટલા પુરાવ ઉપરથી એ સાબીત થતું હતું કે તહોમતદારોએ આત્મઘાત કરનાર સ્ત્રીને આગળ પડતી મદદગારી કરી હતી, અને તેણીને નિઃસંદેહ ઉત્તેજન આપ્યું હતું, અને તેથી એવું અનુમાન કરવાનું વ્યાજબી થતુ હતું કે સતી કરવાને વાસ્તેના કાવતરામાં તેઓ તેણીની સાથે જોડાયલા હતા.૩

ખુનની કોસીશ. **૩૦૭.** જો કોઇ માણસ એવા ઇરાદાથી અથવા જ્ઞાનથી તથા એવી હાલતમાં કાંઇ કામ કરે કે અગર તે કામથી તે મોત આણે તો તે માણસ ખુનનો તકસીરવાર થાય તો તે માણસને દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે અને તે કામથી અગર કોઇ શખસને વ્યથા થાય તો તે ગુન્હેગાર અગર તો જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષાને અથવા ઉપર લખેલી છે તે શીક્ષાને લાયક થશે.

---

૧. રેગ્નઇના. વિ. એલીસન. ૮ કેરીંગટન એન્ડ પેઇન. પાનુ. ૪૧૮.

૨. રેજાઈના વિ. સાહેબલાલ ૧ રેવન્યુ જ્યુડીશીઅલ એન્ડ પોલીટીકલ જનરલ કલકતા પાનુ ૧૭૪

૩. રેગ્નઇના વિ. મોહીત પાન્ડે ૩ નોરથવેસ્ટ પ્રાવીન્સીસ રીપોટરસ પાનુ ૩૧૬

જન્મ ટીપના ગુન્હેગારોએ કોસીશ કરવી.

“ જે માણુસના ઉપર જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષાનો હુકમ થઈ ચુકેલો હોય તે માણુસ આ કલમ પ્રમાણે ગુન્હો કરશે અને તેના તેજ ગુન્હાથી વ્યથા થઇ હોય તો તેને મોતની શીક્ષા થઇ શકશે.” (સને ૧૮૭૦ ના આકટ ૨૭ મા પ્રમાણે.)

દ્રષ્ટાંત [અ] જ ને મારી નાંખવાના ઈરાદાથી **અ** જ ને ગોળી મારે એવી હાલતમાં કે અગર જ નુ મોત થાય તો **અ** ખુનનો તકસીરવાર થાય તો **અ** આ કલમ મુજબ શીક્ષાને લાયક છે.

(બ) એક કુમળી વયના બચ્ચાનું મોત આણવાના ઇરાદાથી **અ** તે બચ્ચાને એક જંગલમાં ખુલ્લુ મૂકે તો પછી તે બચ્ચાનું મોત ન થાય તો પણ **અ** એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવું.

(ક) જ નું ખુન કરવાના ઇરાદાથી **અ** એક બંદુક વેચાતી લઇને તેને ભરી. હજુસુધી **અ** એ ઉપર લખેલો ગુન્હો કર્યો નથી **અ** તે બંદુક જ ની ઉપર છોડે તો તેણે આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવું અને અગર તે બંદુક છોડવાથી **જ** ને જખમ થાય તો આ કલમના પહેલા પારેગ્રાફના પાછલા ભાગમાં ઠરાવેલી શીક્ષાને તે લાયક છે.

(ડ) ઝેર ખવરાવીને **જ** નું ખુન કરવાના ઇરાદાથી **અ** કાંઇ ઝેર ખરીદ કરે અને તે ઝેર કાંઇ ખોરાકમાં મેળવે અને તે ખોરાક **અ** ના કબજામાં રહે ત્યાં સુધી **અ** આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કર્યો નથી પણ **અ** તે **જ** ની ટેબલ ઉપર મેલે અથવા જ નાં ટેબલ ઉપર મેલવા સારૂ તે ખોરાક **જ** ના ચાકરોને આપે તો **અ** એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવું.

☞ આ કલમ ૧૮૯૧ ના ૧૨ મા આકટથી સુધારી છે.

ટીકા.—આ કલમ ઉપર મી. મેઈન સાહેબ એવી ટીકા કરે છે કે આ અને ૩૦૮ મી કલમથી જે (કૃત્ય) સજાને પાત્ર કરવામાં આવ્યું છે તે એ છે કે જ્યાં કોઈ માણસ કાંઈ પણ કામ એવા ઇરાદાથી અથવા એવી જાણ સાથે અને એવી સ્થીતીની અંદર કરે કે જો તે કામથી તે મોત નીપજાવે તો તે કાંતો ખુનનો અથવા ખુનથી ઉતરતા દરજ્જાના શીક્ષણીય મનુષ્યવધનો ગુન્હેગાર થશે, (ત્યાં તે માણસ સજાને પાત્ર થાય છે) આ એવું કહેવાની બરબર જણાય છે કે જે માણસ મોત નીપજાવી શકે એવું કૃત્ય એવા ઇરાદાથી અથવા એવી જાણ સાથે કરે કે જો મોત નીપજ્યું હોત તો તે ભારે અથવા હલકા પ્રકારનો શીક્ષણીય મનુષ્યવધ ગણાત. તે માણસ (આ કલમ અથવા ૩૦૮ મી કલમ પ્રમાણે) શિક્ષાને પાત્ર થશે. ગુન્હો કરવા તરફ કાંઇ કામ કરવું તે, જેમ ૫૧૧ મી કલમને માટે પુરતુ છે તેમ (આ કલમને સારૂ) પુરતુ નથી.

મુંબાઈમાં ચુકેલા એક કેસમાં કેદીએ તેના ઉપરી અમલદારનું ખુન કરવા સારૂ તેની સામે બંદુક તાકી, પણ તે તે બંદુકનો ઘોડો દબાવે તે પહેલાં તે તેના હાથમાંથી ઝુંટવી લેવામાં આવી હતી. તે બંદુક ભરેલી માલમ પડી હતી પણ તેના ઉપર ટોટી ચડાવેલી નહોતી. તેમાં મુંબાઈ હાઇકોર્ટે એવું ઠરાવ્યું હતું કે જો કે જ્યારે તે કૃત્ય કરવામાં આવ્યું ત્યારે કેદી ધારતો હતો કે બંદુકને ટોટી ચડાવેલી હતી તો પણ તેને આ ૩૦૭ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી શકાય નહિ. તેમાં ચીફ જસ્ટીસ કોચે એવી ટીકા કરી હતી કે “ આ કલમના શબ્દો તરફ તેમજ તેની નીચે આપેલાં દ્રષ્ટાંતો તરફ જોતાં મને એવું લાગે “છે કે આ કલમ પ્રમાણે ગુન્હો બનવાને સારૂ એ જરૂરનું છે કે એવી સ્થીતીની અંદર કામ કરેલું હોવું “જોઇએ કે જો તે કામ ફતેહમંદ રીતે થયું હોત તો મોત નીપજત, કુદરતી અને સામાન્ય વસ્તુ સ્થીતીની

" અંદર મરણ નીપજાવવા યોગ્ય તે કામ હોવું જોઈએ, અને જો જે કામ બાબત ફરીયાદ કરવામાં આવી "છે તે કામ તેવા પ્રકારનું ન હોય તો કેદીને આ કલમ પ્રમાણે ખુન કરવાની કોશીશ કરવાનો ગુન્હેગાર "ઠરાવી શકાય નહી.

"(કલમ નીચે) આપેલાં દ્રષ્ટાંતો આ અભીપ્રાયને ટેકો આપે છે, એક દ્રષ્ટાંત ભરેલી બંદુક ફોડ- "નાર માણસનું છે; અને બીજું દ્રષ્ટાંત એક માણસ ઝેર ભેળવેલો ખોરાક બીજા માણસના મેજ ઉપર મુકે "છે. તેનું આ બંને કામો મોત નીપજાવવાને યોગ્ય છે; પરન્તુ આ કેસમાં જો કે મોત નીપજાવવાના ઈરા- "દાથી કામ કરવામાં આવ્યું હતું; અને કેદીના માનવા પ્રમાણે (તેથી) મોત થવાનો સંભવ હતો, તો પણ "ખરેખરી રીતે તેથી મોત નીપજી શકત નહી અને તેટલા માટે તે (કામ) તે કલમની અંદર આવી જતું "નથી."૧ પરંતુ આ કેસમાં કેદીને ૫૧૧ મી કલમ પ્રમાણે ખુન કરવાની કોશીશ કરવાનો વ્યાજબી રીતે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો, કેમકે " તે સ્થીતીની અંદર બંદુક તાકવી તે એવા ભળતા પ્રકારનું "કામ હતું કે તેથી તે કેદી ૫૧૧ મી કલમની અંદર આવી જતો હતો."૨

પરંતુ અલાહબાદમાં ચુકેલા એક કેસમાં આ અભીપ્રાયથી વિરૂદ્ધ અભિપ્રાય દરશાવવામાં આવ્યો હતો. તે કેસમાં હકીકત નીચે મુજબ હતી. એક માણસે બીજા માણસના ઉપર શેર બચ્ચો (મોટા મોં- ઢાવાળી બંદુક) ફોડવાની કોશીશ કરી હતી. તેણે ઘોડો દાબ્યો, અને ટોટી ફુટી, પણ તેમાં ભરેલો દારૂ સળગી ઉઠયો નહી. તે માણસને પકડયા પછી જોયું તો તે શેર બચ્ચો ભરેલો હતો. આ હકીકત ઉપરથી અલાહબાદ હાઈકોરટે એવું ઠરાવ્યું હતું કે નીચલી કોરટે તહોમતદારને ૫૧૧ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી કરેલી સજા ખોટી હતી, અને તહોમતદારને ૩૦૭ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી સજા કરવાનું ફરમાવ્યું. આ કેસમાં આપેલા જજમેન્ટમાં જસ્ટીસ સ્ટેરેટે મુંબાઈ હાઈકોરટના અભીપ્રાયથી તદન વિરૂદ્ધ અભિપ્રાય આપેલો છે. તે કહે છેઃ—" હવે મને એમ લાગે છે કે જે કોશીશો ૫૧૧ મી કલમથી મરયા- " દીત થયેલી છે (અરથાત" જે કોશીશોને માત્ર ૫૧૧ મી કલમ લાગુ પડે છે) તે જે ગુન્હાઓ આ " પીનલકોડ પ્રમાણે 'દેશનીકાલની અથવા કેદની' સજાને પાત્ર છે તે ગુન્હાઓ કરવાની કોશીશો છે. " બરાબર રીતે એમ કહી શકાય નહી કે ખુનનો ગુન્હો આ બેમાંથી એક ચીજની સજાને પાત્ર છે. મારા " અભીપ્રાય પ્રમાણે જો ૨૯૯ મી અને ૩૦૦ મી કલમમાં જણાવ્યા મુજબના ખુનનો તેમાં સમાવેશ કર- " વાનો ઇરાદો રાખવામાં આવ્યો હોત તો કાયદા બાંધનાર મંડળે 'દેશનીકાલ" શબ્દ પેહેલાં 'મોત" " શબ્દ મુકયો હોત, પણ વળી (૫૧૧ મી) કલમ આગળ વધીને કહે છે કે, અમુક ચીજો કરે તો આ " કામ કરનાર માણસને 'જ્યાં તેવી કોશીશને માટે શીક્ષા સબંધી કાંઈ ઠરાવ ન કર્યો હોય ત્યાં' અમુક " રીતે સજા થશે. તેટલા માટે મને એવું જણાય છે કે જ્યારે ૫૧૧ મી કલમ ઘડનારાઓએ તે કલમ જે " શબ્દોમાં ઘડી કાઢવામાં આવી છે તે શબ્દોમાં ઘડી કાઢી ત્યારે ગુન્હાઓ કરવાની જે કોશીસોને વાસ્તે " પીનલકોડની, આગળ આવી ગયેલી જુદી જુદી કલમોની અંદર તે તે કલમોમાં લખેલી શીક્ષાઓ ખાસ " કરીને અને વીચાર પુર્વક ઠરાવવામાં આવી હતી કે કોશીશો [૫૧૧ મી કલમમાંથી] બાતલ કરવાનો તેઓ " (કલમ ઘડનારાઓ) નો હેતુ હતો. તેટલા માટે આ કારણોને લીધે હું એવા અનુમાન ઉપર આવ્યો છું " કે કલમ ૩૦૭ મી સંપુરણ છે, અને ખુનની કોશીશ કરવાનો જે ગુન્હો, કોરટના અભીપ્રાય પ્રમાણે, " પીનલકોડની ૩૦૭ મી કલમના લખાણની અંદર આવી જતો નથી, તે ગુન્હા બદલ (તહોમતદાર) " માણસને ગુન્હેગાર ઠરાવવાના કામને સારૂ ૫૧૧ મી કલમની સાથે ૨૯૯મી અને ૩૦૦ મી કલમોના " લખાણનો આધાર લેવાનો તે કોરટને કાંઇ હક નથી."૩ ટુંકમાં જસ્ટીસ સ્ટરેટે ઠરાવ્યું છે કે ખુન કર- વાની કોશીશ કોઇપણ સ્થીતીમાં ૫૧૧ મી કલમની અંદર આવી શકે નહી, અને તેના અભિપ્રાય પ્રમાણે મુંબાઇમાં બનેલો કાસીડીનો કેસ મુંબાઇની હાઈકોરટે જે અભીપ્રાય (view) લીધો છે તે અભીપ્રાય મુજબ તદન શીક્ષા કર્યા વગર જતો કરવામાં આવશે.

---

૧. રેજાઈના વિ. કાસીડી ૪ મુંબાઈ હાઇકોરટ રીપોટરસ (ફોજદારી) પાનું ૧૭
૨. ઉપરનોજ કેસ પાને ૨૩ મે.
૩. રેજાઇના વિ. નિધા ૧૪ અ. ૩૮

પરંતુ તે મુંબાઈના કેસના સંબંધમાં તે પોતાનો અભીપ્રાય નીચે મુજબ દરશાવે છેઃ—" જો તેનાથી "બની શકે તેટલું બધું કામ તે (કેદીએ) કર્યું હતું, અને તેની શક્તિની અંદરનું છેલ્લું બાકી રહેલું નજીકનું "કામ તેણે કર્યું હતું તો હું ધારતો નથી કે તે ફોજદારી (ગુન્હા ભરેલી) જવાબદારીમાંથી છટકી જઈ શકે, "અને આ (જવાબદારીમાંથી છટકી જવું) એટલા માટે કે તેનું પોતાનું કૃત્ય, સંકલ્પ અને આશય પુરેપુરે "દરજ્જે અમલમાં મુકયા પછી, તેનાથી અજાણી અને તેનું પોતાનું ધારવું ખોટું પાડે તેવી વાત, (તેનાં) "તે કામનાં જે પરીણામ થવાની તે આશા રાખતો હતો તે પરીણામ થતાં અટકાવવાને વચ્ચે નડી."

હમણાંજ થોડા વખત ઉપર ચુકેલા એક કેસમાં એક વીસ વરસની જુવાન હિન્દુ વિધવા તેણીના કુટુંબની મરજી સામે તેણીના યારની સાથે રહેવા ઈચ્છતી હતી તેથી તેણીએ તેણીના કુટુંબના ત્રણ માણસોને ધંતુરો ભોજનમાં નાંખીને ખવડાવ્યો તે માણસોને ઝેરની અસર જણાતાં તે સ્ત્રીને પુછતાં ભોજનમાં ધંતુરો ભેળવ્યાનું તેણે કબુલ કર્યું. તેમાં એવું ઠરાવ્યું હતું કે જો કે પોતાના કુટુંબના માણસોને મારી નાંખવાના ઇરાદાથી તેણે ધંતુરો ખવડાવેલો નહી હોય તો પણ ધંતુરો ખવડાવવાથી મોત નીપજવાનો સંભવ હતો એવું તે જાણતી હોવાનું અનુમાન કરી લેવું જોઇએ. અને તેટલા માટે તેને આ કલમ મુજબ ગુન્હેગાર ઠરાવી સજા કરી હતી તે બરાબર હતું. ૧

એક કેસમાં તહોમતદારે મરનાર કે જે તેનો સસરો થતો હતો તેને મારી નાંખવાનાં ઇરાદાથી માથા ઉપર લાકડીના ત્રણ ફટકા માર્યા. મરનાર બેભાન થઈને નીચે પડી ગયો, અને તહોમતદારે તેને મુવેલો ધારીને પોતાના ગુન્હાનો બધો પુરાવ નાશ કરવાના હેતુથી જે ઝુંપડીમાં તે (મરનાર) પડયો હતો તે ઝુંપડીને સળગાવી મુકી. તે કેસમાં એવું પુરવાર થયું હતું કે મરનાર બળી જવાથી મરી ગયો હતો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તહોમતદાર આ ૩૦૭ મી કલમ પ્રમાણે ખુનની કોશીશ કરવાનો ગુન્હેગાર હતો.૨

એક બ્રાહ્મણની જુવાન વિધવાને છોકરૂ જન્મ્યું હતું. પોલીસ ચીફ કોન્સ્ટેબલના કહેવા પ્રમાણે તેને એવી ખબર મળી કે તહોમતદાર બાઈ એક નાના બચ્ચાને મારી નાંખવાની તૈયારીમાં હતી તેથી થોડાંક માણસોને લઇને તે તેણીના ઘરમાં તપાસ કરવાને ગયો. તે બાઇ તેને પેહેલા માળ ઉપર ખાટલાવશ માલમ પડી, અને બીજે માળે એક જીવતુ તરતનું જન્મેલું બાળક એક લુગડામાં વિંટાળેલું અને તેના ઉપર એક રાંધવાનું વાસણ ઉંધુ પાડેલું તેની નજરે પડયું. સેશન્સ જડજે તહોમતદાર બાઇને ખુન કરવાની કોશીશ કરવાની ગુન્હેગાર ઠરાવી સજા કરી. અપીલમાં હાઇકોરટે તે સજા રદ કરી એવા કારણસર કે તે સજાને મંજુર રાખવા માટે પુરાવો પુરતો નહોતો.૩

તહોમતદારે ફરિયાદી ઉપર કરેલા ઘા જોખમ ભરેલા છે અથવા તેથી મોત નીપજાવવાનો સંભવ છે. એવું બતાવનારા પુરાવાની ગેરહાજરીમા તહોમતદારને ખુનની કોશીશ કરવાનો (કલમ ૩૦૭) અથવા શીક્ષણીય મનુષ્યવધની કોશીશ કરવાનો (કલમ ૩૦૮) ગુન્હેગાર ઠરાવી શકાય નહી પણ બુદ્ધિપુર્વક મહાવ્યથા કરવાના ગુન્હાનો તેને ગુન્હેગાર ઠરાવી શકાય. ૪

શીક્ષણીય મનુષ્યવધ કર્યાની કોશીશ.

૩૦૮. જો કોઇ માણસ એવા ઇરાદા અથવા જ્ઞાનથી અથવા એવી હાલતમાં કાંઇ કામ કરે કે અગર તે કામથી તે મોત આણે તો તે માણસ ખુનથી ઉતરતા દરજ્જાના મનુષ્યવધનો તકસીરવાર થાય તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે અને તે કામથી

---

૧. રેજાઈના વિ. તુલશા ૨૦ બ. ૧૪૩.
૨. રેજાઇના વિ. ખંડુ. ૧૫ મું. ૧૬૪
૩. રેજાઈના વિ. ચીમા. ૮ મુંબાઇ હાઈકોરટ રીપોરટસ. પાનું. ૧૬૪
૪. રેજાઇના વિ. ન્ગારવેન્વે. ૧ બરમા સીલેકટ રીપોરટસ. પાનું. ૪૬૬

અગર કોઇ શખસને વ્યથા થાય તો તે માણુસને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બન્નેની શીક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત—ભારે તથા આકસ્મીક ક્રોધ ઉત્પન થવાથી અ જ ની ઉપર પીસ્તોલ છોડે એવી હાલતમાં કે અગર તેમ કરવાથી મોત થાય તો ખુનથી ઉતરતા દરજાના મનુષ્યવધનો તે તકશીરવાર થાય તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવું.

૩૦૯. જે માણુસ આત્મઘાત કરવાની કોશીશ કરે તથા તે ગુન્હો કરવા તરફ કાંઇ કામ કરે તે માણુસને એક વરસની મુદત સુધીની આસાન કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

આત્મઘાત કરવાની કોશીશ.

ટીકા—જે કેદી ૩૦૯ મી કલમ પ્રમાણે આત્મઘાત કરવાની કોશીશ કરવાનો ગુન્હેગાર માલમ પડ્યો હોય તેને થોડીક પણ કેદની સજા કરવી જોઇએ, તેને એકલી દંડ આપવાની સજા કરવી તે બસ નથી.[૧]

એક કેસમાં એક સ્ત્રી હું કુવામાં પડુછું એમ કહેતી કહેતી તે કુવા તરફ દોડી, પણ તે ત્યાં પહોંચે તે પહેલાં તેને પકડી લેવામાં આવી. તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આત્મઘાત કરવાની કોશીશ કરવાની તેને ગુન્હેગાર ઠરાવી શકાય નહી. કેમકે તે કુવે પહોંચ્યા પછી પોતાનો વિચાર ફેરવે. [૨]

એક માણસ કે જે પોતે પોતાને હાથે ખાંસી કરે (જનનેંદ્રિ વિગેરે છુપા ભાગો કાપી નાખે) તે આ કલમ પ્રમાણે આત્મઘાત કરવાની કોશીશ કરવાનો ગુન્હેગાર ઠરાવી શકાય નહી, કેમકે સામાન્ય રીતે તે કામથી મોત નીપજવાનો સંભવ નથી.[૩]

૩૧૦. આ આકટ પસાર થયા પછી કોઇપણ વખતે જે માણુસ ખુનના ઉપાયથી અથવા ખુનની સાથે અપહરણ અથવા છોકરાં ચોરવાનો ગુન્હો કરવાના કારણુસર નિત્ય કોઇ બીજા માણુસ અથવા માણુસોની જોડે મળેલો રહેશે તે માણુસને ઠગ સમજવો.

ઠગ.

૩૧૧. જે ઠગ હોય તે માણુસને જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

શીક્ષા.

ગર્ભપાત કરવા નહા જન્મેલાં બચ્ચાંઓને નુકશાન બાબત. બચ્ચાંઓને ખુલ્લાં મુકવા બાબત તથા જન્મ છુપાવવા બાબત.

૩૧૨. જે માણુસ બુદ્ધિ પુર્વક કોઇ ગર્ભવંતી સ્ત્રીનો ગર્ભપાત કરે તે માણુસને અગર તે ગર્ભપાત શુદ્ધ બુદ્ધિએ તે સ્ત્રીનો જીવ બચાવાના કારણુસર ન કર્યો હોય તો ત્રણ

ગર્ભપાત કરવો.

---

૧. રેનાઇના વિ. ચેનવી ઓવા. ૧ બોમ્બે હાઇકોરટ રીપોરટસ.
૨. રેનાઇના વિ. રમાક્કા ૮ મદ્રાસ હાઇકોરટ રીપોરટસ પાનું ૫
૩. રેનાઇના વિ. માધો પંજાબ રેકર્ડઝ ૧૮૮૧ નું ૫૯ મું.

વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે અને અગર તે સ્ત્રી ચલીતગર્ભા હોય તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુલાસો—જે સ્ત્રી પોતે પોતાનો ગર્ભપાત કરે તે પણ આ કલમના અર્થમાં દાખલ થાય છે.

ટીકા—જ્યાં સ્ત્રી ગર્ભવંતી અથવા ચલીતગર્ભા હોય ત્યાંજ માત્ર આ ગુન્હો થઇ શકે, અને તેટલા માટે ગુન્હો બનતી વખતે સ્ત્રી સગર્ભા હોવી જોઇએ.૧ સ્ત્રી ગર્ભવંતી હોય એટલુંજ બસ છે; તેની સાથે એવું બતાવવાની જરૂર નથી કે જેને બચ્ચું કહી શકાય એવી કાંઈ ચીજ ગર્ભસ્થાનમાં હતી, અથવા તો એવું પણ બતાવવાની જરૂર નથી કે કાચા ગર્ભે રીતસરનું ગર્ભનું (fœtal) રૂપ ધારણ કર્યું હતું.૨

'**ચલિતગર્ભા**' આ શબ્દોનો અર્થ ડાકટર ટેલર નીચે મુજબ કરે છે:—"ગર્ભ ધારણ કર્યા (પછીની) "અમુક અવસ્થા (stage) એ (વખતે) સ્ત્રીઓને જે ખાસ અમુક લાગણીઓનો અનુભવ થાય છેતે લાગણી- "ઓને લાગુ પાડેલું નામ 'ચલિત ગર્ભા)' છે. ગર્ભાશયની ગતીના પ્રથમ દર્શનને તે ચીન્હો સામાન્ય રીતે "લાગુ પાડેલાં છે.........અને તેવી ગતીને લીધે તેમજ ઘણું કરીને કમળની સ્થીતીમાં ફેરફારને લીધે આ લાગણી કદાચ ખરી રીતે થાય છે.૩ ગર્ભ ધારણ કર્યાના ચોથે અથવા પાંચમે મહીને (ઘણું કરીને બારમા અઠવાડીઆથી માંડીને તે સોળમાં અઠવાડીયા સુધીમાં) આ લાગણીઓ સ્ત્રીઓને થાય છે. પરંતુ આ ચલિત ગર્ભની સ્થીતી એક સરખી, હંમેશ થતી, અથવા બરાબર ધ્યાનમાં આવે એવી હોતી નથી. કેટલીક સ્ત્રીઓને આ લાગણીઓ માલમ પડે છે, અને કેટલીક સ્ત્રીઓને માલમ નથી પણ પડતી. પણ તે ઉપરથી એવું અનુમાન ન બંધાય કે તે સ્ત્રી ચલિતગર્ભા નથી. અહીંઆં વાપરેલો 'ચલિતગર્ભા' શબ્દ ઘણું કરીને ગર્ભ ધારણ કર્યાની આગળ વધેલી અવસ્થા (stage) દેખાડવાને માત્ર વાપરવામાં આવ્યો છે. ૪

જ્યાં સ્ત્રી ખરેખર ગર્ભવંતી હોય ત્યાંજ માત્ર આ કલમમાં વર્ણવેલો ગુન્હો થઈ શકે, કેમકે ગર્ભપાત એ ગર્ભ ધારણની મુદત પુરી થયા પહેલાં ગર્ભ ધારણ કર્યા (પછી) ના કોઇ પણ કાળે માના ગર્ભસ્થાનમાંથી બચ્ચાને અથવા ગર્ભને (foetus) બહાર કહાડવું તે છે. ૫

જે સ્ત્રી ખરી રીતે ગર્ભવંતી ન હોય પણ જેને તહોમતદાર ગર્ભવતી ધારતો હોય તે સ્ત્રીનો ગર્ભપાત કરવાની તે તહોમતદાર કોશીશ કરે તો પણ તે ગુન્હેગાર થશે નહિ, કેમકે આ કલમમાં વરણવ્યા પ્રમાણે સ્ત્રી ગર્ભવંતી હોવી જોઇએ એ ગુન્હો બનવાને માટે જરૂરનું છે.

એક કેસમાં પુરાવ ઉપરની એવું માલમ પડતું હતું કે ગુન્હો બન્યો તે વખતે બચ્ચું પુરેપુરૂં વધેલું હતું (અર્થાત તેનાં બધાં અંગો પુરેપુરાં ખીલેલાં હતાં) તે કેસમાં જસ્ટીસ ગ્લોવરે એવી ટીકા કરી કે:—" પીનલકોડની ૩૧૨ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી સજા કરવી તે મને ગેરવ્યાજબી લાગે છે. કેમકે "તે કલમ ગર્ભ ધારણની મુદત પુરી થયા પેહેલાં બચ્ચાને (ગર્ભસ્થાનમાંથી) બાહાર કાહાડવાનું ધારી લે "છે, પરંતુ પક્ષકારોના ઈરાદા અને કૃત્યના સંબંધમાં પુરાવ તદ્દન સ્પષ્ટ છે, અને તેઓને બંનેને. ૩૧૨મી "અને ૫૧૧ મી કલમ મુજબ ગર્ભપાત કરવાની કોશીશ કર્યા બદલ વ્યાજબી રીતે ગુન્હેગાર ઠરાવી શકાય.૬

---

૧. રેજાઇના વિ. સ્કુડર ૩ કેરીંગટન એન્ડ પેઇન પાનું ૬૦૫

૨. રેજાઈના વિ. આદીમા ૯ મ. ૩૬૯

૩. ટેલરસ મેડીકલ જ્યુરીસ્પ્રુડન્સ વાલ્યુમ ૨ જું પાનું ૧૪૮

૪. મોરગન એન્ડ મેકફરસન્સ ઇન્ડીયન પીનલકોડ; રેજાઇના વિ. ગોલ્ડસ્મીથ ૩ કેમ્પબેલ્સ રીપોર્ટસ પાનું ૭૯ મું.

૫. રેજાઈના વિ. કાબુલ ૧૫ સધરલાન્ડસ વીકલી રીપોર્ટર પાનું ૪

૬. રેજાઇના વિ અર્જુના બેવા. ૧૯ સધરલાન્ડસ વીકલી રીપોરટર. પાનું. ૩૨.

૩૧૩. સ્ત્રીની રજામંદી વગર જે માણસ ઉપલી કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરે તે માણસને પછી તે સ્ત્રી ચલીત ગર્ભા હોય કે નહીં તો પણ જીવતાં સુધી સમુદ્રપારની અથવા દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

સ્ત્રીની રજામંદી વગર ગર્ભપાત કરવો.

૩૧૪. કોઇ ગર્ભવંતી સ્ત્રીનો ગર્ભપાત કરવાના ઇરાદાથી કોઇ માણસ એવું કાંઈ કાર્ય કરે કે તેથી તે સ્ત્રીનું મોત થાય તો તે માણસને દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે વળી તે દંડને પણ લાયક થશે અને અગર તે સ્ત્રીની રજામંદી વગર કર્યું હોય તો તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા અથવા ઉપર લખેલી શીક્ષા કરવામાં આવશે.

ગર્ભપાત કરવાના ઇરાદાથી કરેલા કાંઈ કામથી થએલું મોત તે સ્ત્રીની રજામંદી વગર તે કામ કર્યું હોય તો.

ખુલાસો—આ ગુન્હામાં એવું કાંઇ જરૂર નથી કે તે કામથી મોત થાય એવો સંભવ છે એમ તે ગુન્હો કરનારે જાણવું જોઇએ.

ટીકા.—એક કેસમાં તહોમતદારોએ એક સ્ત્રીને ગર્ભપાત કરવા સારૂ ઝેરી દવા આપી, અને તેથી તે સ્ત્રીનું મોત નીપજ્યું. પરંતુ તેમાં એવું સાબીત કરવામાં આવ્યું નહોતું કે તે દવાથી મોત નીપજવાનો સંભવ હતો એવું તહોમતદારો જાણતા હતા, તેથી તે તહોમતદારોને આ ૩૧૪ મી કલમ પ્રમાણેના ગુન્હાના ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા.૧

ઇંગ્લાંડમાં ચુકેલા એક કેસમાં એક માણસ ઉપર એક સ્ત્રીનું ખુન કરવાનો આરોપ મુકવામાં આવ્યો હતો. તેમાં હકીકત એવી જણાતી હતી કે તે સ્ત્રી ગર્ભવતી હોવાથી તેણીએ પોતાનો ગર્ભપાત કરાવી આપવાની તે માણસને વીનંતી કરી અને જો તે ના પાડશે તો પોતે આપઘાત કરશે એવી તેણીએ તે માણસને ધમકી દીધી; અને તેને લીધે તે માણસે તેણીને એક ઝેરી દવા આણી આપી. જે કામને સારૂ તે બાઈને તે દવાની જરૂર હતી તે કામ તે જાણતો હતો, અને તે કામને સારૂ તેણે તે દવા તેણીને આપી, પણ તે સ્ત્રી તે દવા વાપરે તેમાં તે નાખુશ હતો, અને જ્યારે તેણીએ તે દવા લીધી ત્યારે તે હાજર નહોતો. ઝેરની અસરથી તે સ્ત્રી મરણ પામી. કોર્ટે એવું ઠરાવ્યું કે તે માણસને ગુન્હેગાર ઠરાવી શકાય નહી, અને એવી ટીકા કરી કે, "તે કેસની હકીકતની સાથે એમ ધારવું બંધ બેસતું થશે કે તે "આશા રાખતો હતો કે તે સ્ત્રી પોતાનો વીચાર ફેરવશે, અને તે દવા લેશે નહી."૨ આ હકીકત જો હિન્દુસ્તાનમાંનાં બની હોત તો કેદી ૩૧૨ મી કલમમાં જણાવેલો ગુન્હો કરવામાં તે સ્ત્રીને મદદગારી કરવાનો ગુન્હેગાર થાત.૩

૩૧૫. જે માણસ કોઈ બચ્ચું જનમતાં પહેલાં તે બચ્ચું જીવતું જનમતાં અટકાવવાના અથવા જનમ્યા પછી તે મરી જાય

૧. રેજાઈના. વિં. કાલાચંદ ગોપે. ૧૯ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનું. ૫૯

૨. રેજાઈના. વિ. ફરેટવેલ. ૩૧ લો જનરલ માજીસ્ત્રેટસ કેસીસ. પાનુ. ૧૪૫.

૩. ૧૦૭ મી કલમની પેટા કલમ ૩ નીચેનો ખુલાસો ૨ જો સરખાવો.

કોઇ બચ્ચું જીવતું જન્મતાં અટકાવવાના અથવા જનમ્યા પછી તે મરી જાય એવું કરવાના ઇરાદાથી કરેલું કામ.

એવું કરવાના ઇરાદાથી કાંઇ કામ કરે અને તે કામ કરેથી તે બચ્ચું જીવતું જન્મતું અટકે અથવા જનમ્યા પછી તે મરી જાય તો તે માણસને અગર તે કામ શુદ્ધ બુદ્ધિથી એ બચ્ચાંની માનો જીવ બચાવવાના કારણસર નહીં કર્યું હોય તો દસ વસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

જે કામ શીક્ષણીય મનુષ્યવધ જણાતું હોય એવા કામથી કોઇ નહી જનમેલા જીવતાં બચ્ચાંનું મોત આણવું.

૩૧૬. કોઇ માણસ કાંઈ કામ કરે એવી હાલતમાં કે જો તે કામથી મોત થાય તો તે માણસ શીક્ષણીય મનુષ્યવધનો તકસીરવાર થાય અને તે કામ કરેથી તે કોઇ નહી જનમેલા જીવતાં બચ્ચાંનું મોત આણે તો તે માણસને દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક છે.

દ્રષ્ટાંત—ફલાણી ગર્ભવંતી સ્ત્રીનું મારાથી મોત થવાનો સંભવ છે એમ જાણ્યા છતાં **અ** એવું કાંઇ કામ કરે કે અગર તે કામથી તે સ્ત્રીનું મોત થાય તો તે શીક્ષણીય મનુષ્યવધ ગણાય અને તે સ્ત્રીને નુકશાન થાય તો પણ તે મરી જાય નહીં, પણ તેના પેટમાં જે જીવતું બચ્ચું હોય તેનું તે કામથી મોત થાય છે. **અ** આ કલમમાં બ્યાન કરેલા ગુન્હાનો તકશીરવાર છે એમ સમજવું.

ટીકા.—આ અને ઉપરની (૩૧૫ મી) કલમોનો હેતુ નહી જન્મેલાં બચ્ચાંઓનું રક્ષણ કરવાનો છે મી. મેઈન સાહેબ કલમની નીચે આપેલા દ્રષ્ટાત ઉપરાંત આ કલમનો અર્થ સમજાવવા સારૂ નીચેનાં બે દ્રષ્ટાંતો આપે છેઃ—જો કોઇ માણસ ગર્ભવંતી સ્ત્રીના ઉપર એવા જોરથી હુમલો કરે કે તેથી તેણીનું મોત એ સંભવીત પરીણામ હોય, અથવા તે માણસ તે ગર્ભવંતી સ્ત્રી જે ઘરમાં હોય તે ઘરને સળગાવી મુકે, અને જો તેથી મા (તે ગર્ભવંતી સ્ત્રી) જીવતી રહે, પણ તેણીની ઇજાને લીધે અથવા બીકને લીધે સુવેલાં બચ્ચાંને તે જન્મ આપે તો તે માણસ આ કલમ પ્રમાણે સજાને પાત્ર થશે.

કોઇ બાર વર્ષથી ઓછી ઉંમરના બચ્ચાંને તેના માબાપે અથવા જે શખસના હવાલામાં તે બચ્ચુ હોય તે શખસે ખુલ્લુ મુકવું અથવા તજવું.

૩૧૭. જે માણસ કોઈ બાર વરસથી ઓછી ઉમ્મરના બચ્ચાનો બાપ અથવા મા તેની હોય અથવા જે માણસના હવાલામાં એવું બચ્ચું હોય તે માણસ અગર તે બચ્ચાંને બીલકુલ તજવાના ઈરાદાથી તે બચ્ચાંને કોઇ જગામાં ખુલ્લું મુકે અથવા મુકે તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ખુલાસો—અગર તે પ્રમાણે તે ખુલ્લું મુકવાથી બચ્ચું મરી જાય તો તે મુકરદમાની હેરીયત

મુજબ્બ તે ગુન્હેગારની ખુન અથવા શીક્ષણીય મનુષ્યવધને માટે તજવીજ થવામાં અટકાવ કરવાની આ કલમની મતલબ નથી.

ટીકા.—માં અથવા બાપ પોતાના કુમળી વયના બાળકને એવી રીતે તજી દે, કે બાળક તેમની પોતાની સંભાળ લેવાને શક્તિમાન નહી હોવાથી મરી જવાના અથવા કાંઈ ઇજા થવાના જોખમમાં આવી પડે—તેવી રીતનું માબાપથી તેમના બાળકનું તજી દેવું અટકાવવાનો આ ૩૧૭ મી કલમનો ઇરાદો હતો.૧ બીજા માણસોની સંભાળ તળે છોકરાંને મુકયાં હોય ત્યાં આ કલમ લાગુ પડતી નથી.૨

"ખુલ્લુ મુકવું" શબ્દનો અર્થ ખરેખર બહાર ઉઘાડામાં મુકવું એવો થાય છે કે જેથી કરીને આવા બહાર ઉઘાડામાં મુકવામાં, બહાર મુકેલા સખશને કાંઇક શારીરીક જોખમ રહેલું છે. બાળકના સબંધમાં, જે જગ્યાએ તેની કુમળી વયને વાસ્તે જરૂરનું રક્ષણ મળી શકે નહીં તેવી કોઇ જગ્યાએ તેને મુકવું એવો તેનો અર્થ થાય છે; દાખલા તરીકે તેને ઘરની બાહાર મુકવું કે જેથી કરીને તે હવા પાણીના, જંગલી પશુઓના અને એવા બીજા જોખમને આધીન થશે.૩

તદન તજી દેવાના ઈરાદાથી (બાળકને) ખુલ્લું મુકવું, અથવા મુકી દેવું તેમાં ગુન્હાનું તત્વ (ભાવ) રહેલું છે, અને ખુલ્લુ મુકવાની અથવા મુકી દેવાની રીત, અને (તેથી) સંભવીત રીતે થનારાં પરીણામો, જરૂરના ભાગ (તત્વો) નથી, તો જો કે સજા કરતી વખતે ધ્યાનમાં લઈ શકાય.૪

જો બચ્ચાને ખુલ્લુ મુક્યું હોય અને તેનું મોત ન થાય તો આ કલમ લાગશે; પરંતુ જો બચ્ચુ ખુલ્લુ મુકાયાને લીધે મરી જાય તો ગુન્હેગારને ૩૦૪ મી કલમ પ્રમાણે સજા થશે. આ પ્રમાણે એક કેસમાં એક માતાએ પોતાના બચ્ચાને તદન તજી દેવાના ઈરાદાથી, અને આમ તજી દેવાથી તે બચ્ચાનું મોત થવાનો સંભવ હતો એવું જાણીને તે બચ્ચાને તજી દીધું, અને તે તજી દેવાના પરીણામે તે બચ્ચુ મરી ગયું. તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે સ્રીને ૩૯૪ મી કલમ પ્રમાણે અને વળી ૩૧૭ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી સજા કરી શકાય નહી, પરંતુ તેને ફકત ૩૦૪ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી સજા કરવી જોઇએ.૫

એક કેસમાં હકીકત ઉપરથી એવું જણાતું હતુ કે એક બચ્ચાને કેદીએ ખુલ્લુ મુકયું હતું, પણ તે બચ્ચુ ખુલ્લુ મુકવાને લીધે મરી ગયુ નહી, પણ તેને પાવા માંડેલું ગાયનું દુધ નહી પીવાથી પોષક ખોરાકની ગેરહાજરીને લીધે તે મરી ગયુ, અને જો તે બચ્ચાના મોતને અને તેના ખુલ્લા મુકવાને કાંઈ સંબંધ હોય તો તે દુરનો અને આડકતરો સંબંધ હતો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જો કે કેદી આ ૩૧૭ મી કલમ પ્રમાણે ગુન્હેગાર હતો તો પણ તેને ખુનનો ગુન્હેગાર ઠરાવી શકાય નહી. જે કેસમાં ટાઢથી અથવા ખુલ્લુ મુકવાના બીજા કોઇ પરીણામથી મોત થાય તેવા કેસનેજ ખુલાસાના શબ્દો (' **તે ખુલ્લુ મુકવાથી બચ્ચુ મરી જાય** ') લાગુ પડે છે.૬

એક માતા પોતાના ધાવતા બચ્ચાની તેનો ધણી સંભાળ લેશે એવું જાણીને તે પોતાના ધણીના ઘરમાં તે બચ્ચાને મુકીને (તેના યારની સાથે) નીકળી ગઈ. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે ૩૧૭ મી કલમ પ્રમાણે આ તજી દેવું ગણાય નહી ૭

એક કેસમાં એક અનઉરસ (વ્યભીચારથી ઉત્પન્ન થયેલા) બચ્ચાની માતાએ એક આંધળી સ્રી કે જેની સાથે તે રહેતી હતી તે આંધળી સ્રીના હવાલામાં તે બચ્ચાને સોંપ્યું અને એવું કહ્યું કે હું

---

૧. રેજાઈના. વિ. ફેલાની હરીઆની. ૧૬ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર. પાનું. ૧૨.
૨. રેજાઇના. વિ. ભગન પંજાબ રેકરડઝ. ૧૮૭૯ નું ૫ મું.
૩ રેજાઇના. વિ. મીરચીઆ. ૧૮ અ. ૩૬૬
૪. રેજાઇના. વિ. અંટકે. ૨૪ મ. ૬૬૨
૫. રેજાઈના. વિ. બાની ૨ અ. ૩૪૦
૬. રેજાઈના. વિ. ખોદાબક્ષ ફકીર. ૧૦ વીકલી રીપોર્ટર પાનું ૫૨
૭. રેજાઇના વિ. મુસામત ભુરાની પંજાબ રેકરડઝ ૧૮૭૮ નું ૫ મું.

કાંઈ ખોરાક મેળવવાને જાઉ છું અને થોડા વખતમાં પાછી આવીશ. તે બચ્ચુ તે વખતે આશરે ૭ મહીનાનું હતું. તે (માતા) બીજે ગામ ચાલી ગઇ. અને પાછી આવી નહી. દેખાતી રીતે તેનો કદી પાછા આવવાનો ઇરાદોજ નહોતો. આ હકીકત ઉપરથી જસ્ટીસ બ્લેર અને જસ્ટીસ એકમાને એવું ઠરાવ્યું હતું કે તે માતાને ૩૧૭ મી કલમમાં જણાવેલા ગુન્હાની વ્યાજબી રીતે ગુન્હેગાર ઠરાવી શકાય નહી.૧

મદ્રાસમાં ચુકેલા એક કેસમાં અ નામની એક તરતના જન્મેલા બચ્ચાની માતા પોતે એટલી બધી માંદી હતી કે તે ઉઠી શક્તી નહોતી તેથી તે બચ્ચાને ખુલ્લુ મુકી દેવાને માટે બ નામની સ્ત્રીને તેણે મોકલી. તે કેસમાં ચીફ જસ્ટીસ સ્કોટલાન્ડે એવું ઠરાવ્યું હતું કે અ ને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી શકાય નહી, કેમકે તેણીએ પોતે ખરેખર તે બચ્ચાને ખુલ્લુ મુકયુ નહોતુ. તેમજ બ ને પણ આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી શકાય નહી, કેમકે તે તે બચ્ચાની મા નહોતી, તેમજ બચ્ચાંને ખુલ્લુ મુકી દેવાના કામને માટેજ માત્ર સખશના હવાલામાં તે બચ્ચુ હોય તે સખશને "આવા બચ્ચાની સંભાળ રાખનારા" માણસ તરીકે તહોમત મુકી પકડી શકાય નહી. વળી અ અથવા બ ના ઉપર એક બીજાને મદદગારી કરવાનું તહોમત પણ મુકી શકાય નહી કેમકે બેમાંથી કોઇએ પણ ગુન્હો કરેલો કહેવાય નહી તેથી (ગુન્હા વગર) બીજાથી મદદગારી થઈ શકે નહી. ૨

એક કેસમાં ધણીધણીઆણી જુદાં રહેતાં હતાં. તેમાં તે સ્ત્રીએ પોતાના બચ્ચાને તે (ધણી) ને બારણે મુકયુ, પણ તેણે તે બચ્ચાને ઘરની અંદર લેવાની ના પાડી, અને કહ્યું કે "તે ત્યાં છો પડી રહેતું, અને પછી તેનું ખુન કર્યા બદલ તેની મા પકડાશે." બચ્ચુ ખુલ્લુ રહેવાથી મરી ગયું. તે કેસમાં તે ધણીને તે બચ્ચુ તજી દેવા બદલ ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.૩

જ્યાં એક બચ્ચાની માતાએ તે બચ્ચાને સંભાળ પુર્વક એક કંડીઆમાં ઘાલીને કંડીઓ 'પેક' (બંધ) કરી દીધો, અને તેના બાપને શિરનામે રેલવે ટ્રેન મારફતે તે બચ્ચાને મોકલાવી દીધુ, જ્યાં તેને સહીસલામત સોંપી દેવામાં આવ્યું ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે એક ઇંગ્રેજી સ્ટેચ્યુટ (કાયદો) કે જે એવું સ્થાપીત છે કે બે વરસની અંદરના કોઈ પણ બચ્ચાને તજી દેવું અથવા ખુલ્લુ મુકવું કે જેથી તે બચ્ચાની જીંદગી જોખમમાં આવી પડે તે ગુન્હો છે તે સ્ટેચ્યુટના શબ્દોમાં તે સ્ત્રીનું કૃત્ય આવી જતું હતું, અને તેથી તે સ્ટેચ્યુટ પ્રમાણે તે સ્ત્રી ગુન્હેગાર હતી.૪

મડદુ છાની રીતે વગે કરી દઇને જનમ છુપાવવો.

૩૧૮. જે માણસ કોઇ બચ્ચાનું મડદુ છાની રીતે દાટીને અથવા બીજી રીતે વગે કરીને તે બચ્ચાનો જન્મ ઇરિાદાથી છુપાવે અથવા છુપાવવાની કોશીશ કરે તે માણસને પછી અગર તે બચ્ચુ જનમતા પહેલાં અથવા જનમ્યા પછી અથવા જનમતાં જનમતાંજ મરી ગયું હોય તો પણ બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—બચ્ચુ બચ્ચુ હોવું જોઇએ, અને ગર્ભ (fœtus) હોવો જોઇએ નહી. એક કેસમાં જસ્ટીસ અરલ નીચે મુજબ ટીકા કરે છે. "જો બચ્ચુ જન્મતી વખતે તે પરીપકવપણાની એ અવ-"સ્થાએ પહોંચ્યુ હોય કે તે જીવતું બચ્ચુ હોઈ શકે તોજ આ ગુન્હો બની શકે, નહીતો આ ગુન્હો "બની શકે નહી. તે જીવતુ જન્મેલું હોવું જોઇએ એ જરૂરનું નથી, પરંતુ તે એવી અવધે (period)

૧. રેજાઇના. વિ. મીરચીઆ. ૧૮ અ. ૩૬૪.
૨. રેજાઇના. વિ. બીજ્જુબી. ૧ લી મદ્રાસ સેશન્સ. સને ૧૮૬૯.
૩. રેજાઇના. વિ. વ્હાઇટ. લો. રીપોરટસ. ૧ ક્રાઉન કેસીસ. પાનું. ૩૧૧
૪. રેજાઇના. વિ. ફેકીંગહામ. લો. રીપોરટસ. ૧ ક્રાઉન કેસીસ. પાનું. ૨૨૨.

"પહોંચેલું હોવું જોઈએ કે જ્યારે, જો કાંઇ આકસ્મીક બનાવ, જેવો કે તે બચ્ચાને થયેલો રોગ; "અથવા તે બચ્ચાની માને થયેલો રોગ; ન થયો હોત તો, તે જીવતુ જન્મત, એવો કોઈ પણ કાયદો "નથી કે જે સ્રીને તેની પોતાની શુદ્ધતા (સતીત્વ) ની ખામી જાહેર કરવાની ફરજ પાડે, અને "જ્યારે ગર્ભ માત્ર થોડાજ મહીનાનો હોય અને તેથી કરીને જે વખતે તેને જીવીતનો કાંઇ સંભવ "હોઇ શકે નહી, તે વખતે તે સ્રીનો ગર્ભપાત થાય તો તે સ્રીને આ તહોમત ઉપર તમે ગુન્હેગાર "ઠરાવી શકો નહી. જે વખતથી જીવવાનો સંભવ શરૂ થાય તે વખતને માટે કાંઇ અમુક મુદ્દત નક્કી "કરી શકાય નહી, પણ કદાચ એ સલામતી ભરેલી રીતે ધારી લેવાય કે સાત મહીનાની અંદર "ઘણું કરીને છોકરૂ જીવતુ જન્મશે નહી."૧

(પરંતુ મી. ટેલર કહે છે કે છઠ્ઠા મહીનામાં બચ્ચાં જીવતાં જન્મેલાં અને જીવતાં રહી મોટાં થયેલાંના દાખલા નોંધાયેલા છે, છઠ્ઠા અને સાતમા મહીનાની વચ્ચે કોઈ પણ વખતે, અને કેટલાક દાખલાઓમાં તો, છઠ્ઠા મહીના કરતાં વેહેલાં પણ બચ્ચાં જીવતાં જન્મે; પણ આ (છઠ્ઠા મહીના પહેલાં જીવતાં જન્મવું) જવલ્લે બને છે, અને જો બચ્ચાં જીવતાં જન્મે તો સાધારણ રીતે જન્મ્યા પછી તુરત મરી જાય છે.)૨

જો બચ્ચુ જન્મતી વખતે પરીપકવપણાની એ અવસ્થાએ (ઘણું કરીને સાત મહીના) આવી પહોચ્યું હોય કે તે જીવતુ બચ્ચુ હોઇ શકે તોજ ૩૧૮ મી કલમ પ્રમાણે ગુન્હો કરેલો ઠરાવી શકાય, નહીતો ગુન્હો કરેલો ઠરાવી શકાય નહી તે જીવતુ જન્મવું જોઇએ એ જરૂરનું નથી.૩

માણસની આંગળી કરતાં મોટો નહી એવો, પણ બચ્ચાનો (બધો) આકાર પ્રાપ્ત થયેલો ગરભ આ કલમના કામને સારૂ બચ્ચું ગણાશે ૪

ગરભ ધારણ કર્યાના છઠ્ઠા મહીનામાં ગર્ભપાત થયાના કેસમાં એક સ્રીને બચ્ચાનો જન્મ છુપાવવા બદલ આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી સજા કરવામાં આવી હતી. હાઇકોરટે તેને ગુન્હેગાર ઠરાવી કરેલી સજા બહાલ રાખી હતી.૫ આ ૩૧૮ મી કલમ પ્રમાણે ગુન્હો પુરવાર કરવા સારૂ એટલું બતાવવું બસ છે કે બચ્ચું જન્મ્યુ હતુ અને તે બચ્ચું એટલી પુરતી રીતે પરીપકવ થયું હતું (તેનાં અંગો ખીલેલાં હતાં) કે જો તે જીવતું જન્મ્યુ હોત તો તે જીવતું રહ્યું હોત.૬

અનઉરસ (વ્યભીચારથી ઉત્પન્ન થયેલાં) છોકરાં સંબંધી યોગ્ય બંદોબસ્ત કરવાનો આ કલમનો ઇરાદો છે; અને ઘણુ કરીને આ અનઉરસ છોકરાંનો એકલોજ કેસ છે કે જેમાં આવો ઢાંક પીછોડો કરવાની કોશીશ કરવામાં આવશે કોઇ સ્રી તેને છોકરૂ થવાનું છે એવું જાહેર કરવાને બંધાયલી નથી; અને જો છોકરૂ (જનમ્યા પછી) જીવતુ રહે તો તે છોકરાની હયાતી છુપી રાખવાની તે સ્રીને બીલકુલ છુટ છે. પરંતુ જો તે છોકરૂ મુવેલું જન્મે, અથવા જનમ્યા પછી મરી જાય તો તેને છુપી રીતે દુર કરીને તેનું મુડદુ છુપાવવું જોઇએ નહીં. બચ્ચાનું મુડદુ છુપાવવામાં ગુન્હો રહેલો છે, અને તે બચ્ચુ તેની માના પેટે જનમ્યુ હતું તે વાત છુપાવવા સારૂ તેને વગે કરી દેવામાં ગુન્હો રહેલો નથી.૭

જે કૃત્ય ગુન્હા ભરેલુ છે તે તે બચ્ચુ મરી ગયા પછી તેના શરીરને છુપી રીતે વગે કરી દેવું તે છે. જો કોઇ સ્રી કાંતો ઇરાદા પુર્વક અથવા તો બીજી રીતે (અર્થાત ઈરાદા વગર) કોઈ એકાંત જગામાં બચ્ચાને

---

૧. રેજાઈના. વિ બેરીમેન. ૬ કોકસકૃત ક્રીમીનલ કેસીસ પાનું. ૩૮૮; આ ફેંસલો મદ્રાસમાં ૪ મદ્રાસ હાઇકોરટ રૂલીંગ્ઝ પાને ૬૩ મે અનુસરવામાં આવ્યો છે.
૨. ટેલરસ મેડીકલ જ્યુરીસ પ્રુડન્સ ૨ જું વાલ્યુમ પાનાં ૨૪૬—૨૪૯.
૩. રેજાઇના વિ. બીઆલી ૨ સેન્ટ્રલ પ્રોવીન્સીસ રીપોર્ટસ પાનું ૧૫૩
૪. રેજાઈના વિ. રખમા ૫ સેન્ટ્રલ પ્રોવીન્સીસ રીપોર્ટસ પાનું ૨૧.
૫. રેજાઈના વિ. કોસાઇ મુંબાઇ હાઇકોરટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ ૧૮૯૪ નું ૫૫ મું.
૬. રેજાઈના વિ. શામા ૧ ઑામ્બે લો રીપોર્ટસ પાનું ૧૫૫
૭. રેજાઇના વિ. ક્લાર્ક ૧૫ કોકસ કૃત ક્રીમીનલ કેસીસ પાનું ૧૭૧

જન્મ આપે, અને તેને ત્યાં મુકી દે તો. જો બચ્ચુ જીવતું જનમ્યુ હોય તો તેણે ૩૧૭ મી કલમ પ્રમાણે ગુન્હો કરેલો ઠરશે;૧ પરંતુ જો તે મુવેલું જનમ્યું હોય તો આ ૩૧૮ મી કલમ પ્રમાણે તેણે કાંઈ ગુન્હો કર્યો નથી.૨

છુપી રીતે વગે કરવામાં ગુન્હાનું તત્વ રહેલું છે, અને જો (બચ્ચાનું) મુડદુ કોઈ જાહેર જગામાં મુક્યું હોય કે જ્યાં જે લોકો તેની ખોળ કરતા ન હોય તેમને તે જડશે તો આ કાંઈ ગુન્હો નથી.૩

જે જગ્યાએ બચ્ચાનું મુડદુ મળી આવ્યું તે જગ્યાએ તેને સંતાડ્યું હતું એવું બતાવવાની જરૂર નથી. માત્ર એટલુંજ બતાવવું બસ છે કે તે જગ્યા એવી હતી કે જ્યાં લોકોનો જવર અવર નહોતો અને જ્યાં તે ઘણું કરીને માલમ પડત નહી. તહોમતદાર સ્ત્રીએ જ્યારે પોતાનું બચ્ચુ જનમ્યુ ત્યારે તેના (મૃત) શરીરને એક તજી દીધેલા (એકાંત) ધાનના ખળામાં મુકયુ. તે ખળાને વાડ ભરી લીધેલી હતી. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેણીએ ૩૧૮મી કલમ પ્રમાણે ગુન્હો કર્યો હતો.૪

એક કેસમાં એક બચ્ચાના મૃત શરીરને એક દારૂના પીઠાની પુંઠે વાડામાં લઇ જવામાં આવ્યું હતું, અને એક સાડાચાર ફીટ ઉંચી દીવાલ ઉપરથી તે દીવાલની બીજી બાજુએ આવેલા એક ખેતરમાં તેને નાખી દેવામાં આવ્યું હતું. તે વાડો જાહેર રસ્તો નહોતો, અને તે ખેતર ઢોરો ચરાવવાને વાસ્તે વાપરવામાં આવતું હતું અને તે ખેતરમાં તે ઢોરોને સાચવનારા સીવાય બીજા કોઇ લોકોને આવવાનું કાંઈ કામ નહોતું, અને 'જ્યાં તે બચ્ચુ પડયુ હતું તે જગ્યાએ તે સાચવનારાઓને જવાનો સંભવ નહોતો. જસ્ટીસ બરેટે નીચેની મતલબનો જ્યુરીને ચારજ આપ્યો હતો; જો તે દીવાલને લીધે અને તે ખેતરમાં તે બચ્ચાના શરીરની સ્થીતી ઉપરથી તેમજ જે રીતે તે ખેતર અને વાડો વાપરવામાં આવતાં હતાં તે રીત ઉપરથી તે બચ્ચાનું શરીર, જે માણસ તે બચ્ચાની ખોળ કરતાં કરતાં તેને શોધી કહાડે, અથવા પોતાના હમેશના રસ્તાની બાહાર ખેતરમાં જઇને અથવા દીવાલ ઉપર જોતાં અકસ્માત તે બચ્ચુ માલમ પડે તે માણસ સીવાય, આખી દુનીયાથી છુપાવેલુ ગણાય તો તેના શરીરને છુપી રીતે વગે કરવામાં આવ્યું હતું એવો અભિપ્રાય તેમણે આપવો, પરંતુ જો તે બચ્ચાનું શરીર તે પ્રમાણે છુપાવેલુ ન ગણાતા હોય તો તેને છુપી રીતે વગે કર્યું નથી એવો અભીપ્રાય તેમણે આપવો. જ્યુરીને આપેલો આ ચાર્જ બરાબર હતો એમ હાઈકોરટે ઠરાવી કેદીને કરેલી સજા બાહાલ રાખી હતી.૫

એક કેસમાં બ નામની સ્ત્રીએ પોતાનું તરતનુ જનમેલું અનઉરસ (વ્યભીચારથી ઉત્પન થએલું) મુવેલું બચ્ચુ એક બીજી સ્ત્રીને આપ્યું, અને તેને છુપી રીતે વગે કરવાની સુચના આપી તે સ્ત્રીએ તે બચ્ચાને એક નદીમાં નાખી દઈને તેને આપેલી સુચના અમલમાં આણી તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે બ ૩૧૮ મી કલમ મુજબના મુખ્ય ગુન્હાની ગુન્હેગાર નહોતી; પરંતુ હકીકત વખ્તે યોગ્ય રીતે તો મદદગારીની વ્યાખ્યામાં આવતી હતી. પણ સેશન્સ કોરટે મદદગારી કરવાનું જુદુ તહોમત તેણીની સામે ફરમાવ્યું નહોતુ તેથી તેણીને મદદગારી કરવાની ગુન્હેગાર પણ ઠરાવી શકાય નહીં.૬

એક કેસમાં પુરાવો માત્ર એટલોજ હતો કે તહોમતદાર બાઇએ એક બચ્ચાને જન્મ આપ્યો હતો, અને એક બચ્ચાનુ કોહી ગયેલુ શરીર એક કુવામાં મળી આવ્યું હતું. તહોમતદાર બાઇના બચ્ચાનું તે શરીર હતું, અને તે બાઇએ તેને કુવામાં નાખી દીધું હતું એવું અનુમાન કરી લેવું તે વખ્તે પુરાવા વગર વ્યાજબી ગણાય નહી, અને તેથી તેને ગુન્હેગાર ઠરાવી કરેલી શિક્ષા રદ કરવામાં આવી હતી.૭

૧. રેજાઈના વિ. મે ૬ લો ટાઇમ્સ પાનું ૩૬૨
૨. રેજાઇના વિ. ટરનર ૮ કેરીંગટન એન્ડ પેઇન પાનું ૭૫૫
૩. સ્ટીવન્સ ડાઈજેસ્ટ ઓફ ક્રીમીનલ લો આરટીકલ ૨૩૫
૪. રેજાઇના વિ. પીઆરા ૫ સેન્ટ્રલ પ્રોવીન્સીસ રીપોટરસ પાનુ ૨૯
૫. રેજાઈના વિ બ્રાઉન લો રીપોર્ટસ ૧ ક્રાઉન કેસીસ પાનુ ૨૪૪
૬. રેજાઇના વિ. બાજી મુંબાઈ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ ૧૮૯૫ નું ૪૦ મુ.
૭. રેજાઈના વિ. મુસામત કાલુ અને હીરોના ૧ સેન્ટ્રલ પ્રોવીન્સીસ રીપોર્ટસ પાનુ ૧૬૩

બચ્ચાના મૃત શરીરને આડકતરી રીતે અથવા તો છુપી રીતે માત્ર વગે કરવું તે ૩૧૮ મી કલમ પ્રમાણે ગુન્હો બનવાને માટે પુરતુ નથી. બચ્ચાનો જન્મ ઈરાદા પુર્વક છુપાવવો અથવા છુપાવવાની કોશીશ કરવી તે આ ગુન્હાનું જરૂરનું તત્વ છે.૧

જ્યારે બચ્ચું તેનો જન્મ થયા પછી તુરત મરી જાય ત્યારે પણ આ ૩૧૮ મી કલમ પ્રમાણે ગુન્હો બની શકે.૨

વ્યથા બાબત.

૩૧૯. વ્યથા. જે માણુસ કોઈ સખશને કાંઇ શરીરનું દુખ રેગ અથવા અશક્તતા કરે તેણે 'વ્યથા' કરી એમ સમજવું.

ટીકા.—પીનલકોડ ઘડનારાઓ આ કલમ ઉપર નીચે મુજબ ટીકા કરે છે:—"જે ગુન્હાઓ વ્યથાના "વિષયની અંદર આવે છે તેમાંના ઘણા હુમલાના વિષયની અંદર પણ આવી જશે. (તરવારનો) "ઝટકો, અવયવ તોડી નાંખે તેવો ઘા (ફટકો) શરીર ઉનું ઉનુ ઉકળતું પાણી રેડવું તે (બધા) "હુમલા છે, અને તે શરીરની વ્યથા કરનારાં કૃત્યો પણ છે. પણ જે કૃત્યો હુમલા ન હોય (ન ગણાય) "તેવાં ઘણાં કૃત્યોથી શરીરની વ્યથા થઈ શકે, દાખલા તરીકે, જે માણસ ઝેરી કવાત (પીવાનું "ઓસડ) બનાવીને બીજાના મેજ ઉપર તે મુકે; અથવાં જે ઘાસ ઉપર થઈને ચાલવાની બીજા માણ-"સને ટેવ હોય તે ઘાસની અંદર જે માણસ દાતરડુ છુપાવે; બીજો માણસ તે ખાડામાં પડે એવા "ઇરાદાથી જે માણુસ જાહેર રસ્તાની અંદર ખાડો ખોદે, તે બધા માણસો ભારે વ્યથા કરે, અને આવી "વ્યથા કર્યા બદલ વ્યાજબી રીતે સજા પામે; પરંતુ ભાષાને ઘણીજ મારી મચરડયા વગર, તેઓએ "હુમલો કરેલો કહી શકાય નહી. સઘળુ દુ:ખ, રોગ અને અશક્તતાને અમે વ્યથાના નામથી ઓળ-ખાવા માગીએ છીએ."૩

દારૂના નીશામાં થયેલા ટંટામાં તહોમતદારને તેના સોબતીએ આપેલા અપમાનથી તહોમતદાર ગુસ્સે થઈ ગયો, અને તેણે તેના સોબતીને જમીન ઉપર નીચે નાંખી દીધો, અને પોતાના પગ તેના ઉપર ચાંપી દીધી જેને લીધે તે (તેનો સોબતી) ૨૦ દીવસમાં મરી ગયો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તહો-મતદારે બુદ્ધિ પુર્વક વ્યથા કરવાનો ગુન્હો કર્યો હતો.૪

એક કેસમાં કેદીને તેની સ્ત્રીએ ઘણો ગુસ્સો કર્યાથી કેદીએ પોતાના બંને હાથથી તેણીને ધકકો માર્યો અને તેથી કરીને તે જોરથી જમીન ઉપર પટકાઇ, અને તે નીચે પડી તે પછી તે કેદીએ પોતાના ઉઘાડા હાથે તેણીને લાપોટો મારી, તે સ્ત્રી મરી ગઈ, અને તપાસ ઉપરથી એવું માલમ પડયું કે શરીર ઉપર જુલમ કર્યાનાં (માર માર્યાનાં) કાંઇ પણ બાહારનાં નિશાન નહોતાં, પણ તેણીની બરોલમાં કેટલેક દરજ્જે રોગ હતો અને બરોલ ફુટવાથી (તેણીનું) મોત થયું હતું. તે હકીકત ઉપરથી એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે કેદી ખુનથી ઉતરતા દરજ્જાના શિક્ષણીય મનુષ્ય વધનો નહી, પણ વ્યથા કરવાનો ગુન્હેગાર હતો.૫

એક કેસમાં તહોમતદારે પોતાની આઠ દસ વર્ષની છોકરીને તેણીની ઉદ્ધતાઈ બદલ શિક્ષા કરવાના હેતુથી પાછળ બરડા ઉપર તેણીને એક લાત મારી અને મોં ઉપર બે તમાચા માર્યા જેના પરીણામે તે છોકરીનું મોત થયું; તેમાં એવો ચુકાદો આપવામાં આવ્યો હતો કે તે તહોમતદારને બુદ્ધિ પુર્વક વ્યથા કરવાના ગુન્હાનો

---

૧. રેજાઈના વિ. નન્દુ મારવાડી ૮ સેન્ટ્રલ પ્રોવીન્સીસ રીપોર્ટસ પાનુ ૫

૨. રેજાઈના વિ લાલજી મુંબઇ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ ૧૮૯૮ નું ૧૫ મુ.

૩. પીનલકોડ ઘડનારાઓની નોટ (મ) પાનુ ૬૩.

૪. રેજાના. વિ. રાધીકા બદર મુંબાઈ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ. તા. ૯ મી અકટોમ્બર સને ૧૮૭૨.

૫. રેજાઈના. વિ. પંચાનન ૫ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટસ. પાનું ૯૭.

ગુન્હેગાર ઠરાવવો જોઇએ.૧

જે માણસ એક સ્ત્રી કે જેના હાથમાં છોકરૂં હોય તેને મારે, અને જે કોઈ શખસના ઉપર ફટકો પડે તેને જેથી મહા વ્યથા થવાનો સંભવ હોય એવી રીતે, તે સ્ત્રીના શરીરનો જે ભાગ છોકરાના માથાની નજીક હોય તે ભાગ ઉપર તે સ્ત્રીને મારે તે માણસ જાણતો હોવો જોઇએ કે તે છોકરાને તેનાથી તેવી (મહા) વ્યથા થવાનો સંભવ છે, અને જો તેવું પરીણામ (મહા વ્યથા) થાય તો તેને સજા કરેલી બરાબર ગણાશે.૨

જ્યાં તહોમતદારે પોતાના પંખો ખેંચનારા નોકરને લાત મારી, કે જે નોકરની બરોલ વધેલી હતી, અને તે વાતની તહોમતદારને ખબર નહોતી, અને તે પંખો ખેંચનારનું મોત થયું ત્યાં તેને વ્યથા કરવાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.૩

કોઈ સ્ત્રીને તેણીનો ચોટલો (માથાના વાળ) ઝાલીને ખેંચવી તે વ્યથા કરી ગણાશે.૪

૩૨૦. નીચે લખેલા પ્રકારની વ્યથા ને મહાવ્યથા એવું નામ આપેલું છે.

મહાવ્યથા.

પહેલો—પુરૂષત્વનો નાસ

બીજો—એમાંની કોઇપણ આંખની જોવાની શકતી જાથુ જવી.

ત્રીજો—એમાંના કોઇપણ કાનની સાંભળવાની શક્તિ જાથુ જવી.

ચોથો—કોઈ અવયવ અથવા સાંધો જવો.

પાંચમો—કોઇ અવયવ અથવા સાંધાની શક્તિ નાશ થવા અથવા તેની જાથુ ક્ષીણતા થવી.

છઠો—ડોકાની અથવા ચહેરાની જાથુ બદશીકલ થવી.

સાતમો—કાંઇ હાડકાનું અથવા દાંતનું ભાગવુ અથવા ખશી જવું.

આઠમો—જે વ્યથાથી જીંદગી જોખમમાં આવે અથવા જેથી વીશ દીવસની મુદત સુધી વ્યથા થએલા માણસને શરીરનું ભારે દુખ ખમવું પડે અથવા તે પોતાનો હમેશનો ધંધો કરવાને અશકત રહે એવી કોઇ પણ વ્યથા.

ટીકા.—પીનલકોડ ઘડી કાઢનારાઓ આ કલમ ઉપર નીચે મુજબ ટીકા કરે છે:—

"જે શરીરની ઈજાઓ ગંભીર છે, અને જે સેહેજે નજીવી છે તે બેની વચ્ચે મર્યાદા બાંધવાનું "અમોને ઘણું મુશ્કેલ માલમ પડયું છે. સંપુર્ણ ચોકસાઈથી (બરાબર) આવી મર્યાદા બાંધવી તે "ખરેખર તદ્દન અશકય છે પરંતુ ગુન્હાઓ કે જેમાંના કેટલાક તેમના ગંભીરપણામાં ખુન થવા જાય છે, "જ્યારે બીજા (ગુન્હાઓ) બચ્ચાંની રમતો કે જેથી સુશીલ સ્વભાવનો માણસ ભાગ્યેજ ગુસ્સે થાય "તેવી રમતો કરતાં વધારે નથી. તેવા (બે પ્રકારના) ગુન્હાઓ એકજ વર્ગમાં એકઠા મુકવાં તેના કરતાં "ગમે તો અચોકસ (ખામી ભરેલી) છતાં પણ એવી એવીએ મર્યાદા બાંધવી તે વધારે સારૂં છે.

"તેટલા માટે અમુક પ્રકારની વ્યથાને અમે '**મહાવ્યથા**' એવું નામ આપેલું છે. પુરૂષત્વના નાશ "વિગેરે વિગેરેને......તથા હાડકાંના ભાગવા અથવા ખસી જવાને અમે આ નામ આપેલું છે. આટલે "સુધી અમે ચોકસ જમીન ઉપર ચાલીએ છીએ. પણ વધારે મુશ્કેલ કામ હવે આવે છે જે પ્રકારની "વ્યથાઓ હમે હમણાંજ જણાવી ગયા તે પ્રકારની વ્યથાઓની માફક, કેટલીક વ્યથાઓ સહેજ નજીવી "વ્યથાઓથી વિસ્તીર્ણ અને સ્પષ્ટ મર્યાદાવડે જુદી પાડી શકાતી નથી. પરંતુ તેવી વ્યથાઓ ઘણીજ

---

૧. રેજાઇના. વિ. બેશરબેવા. ૧૮ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટ્સ પાનુ ૨૯. વળી જુઓ રેજાઈના વિ. વીલીયમ ફીગાન (પાછળ પાનું ૨૨૫) અને રેજાઇના વિ. રઘુબીરસીંગ (પાછળ પાનું ૨૨૫)

૨. રેજાઇના. વિ. સાહાઈરાઇ. ૩ ક. ૬૨૨.

૩. રેજાઈના. વિ. ફોકસ ૨. અ. ૫૨૨.

૪. વેરફુત લો. ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ. લો. પાનું. ૧૯૬.

" ગંભીર હોય. દાખલા તરીકે એક ઘા કે જે તે ઘા (નુ દુઃખ) સહન કરનારનું પુરૂષત્વ નાશ કરતો " નથી, અથવા તેને આંધળો કરતો નથી, અથવા તેની શ્રવણેન્દ્રિનો નાશ કરતો નથી, અથવા જેથી તેનો " અવયવ અથવા સાંધો જતો નથી. અથવા જે ઘા અવયવ અથવા સાંધાના ઉપયોગનો હમેશને વાસ્તે " નાશ કરતો નથી, અથવા તેનો ચેહેરો બદશીકલ બનાવતો નથી, અથવા તેનાં હાડકાં ભાગતો નથી અ- " થવા તે હાડકાં ઉતારી નાખતો નથી, તે ઘા, સખત દુઃખ કરે, લાંબા વખત સુધીનો રોગ ઉત્પન કરે, " અથવા શરીરના બાંધાને હમેશનું નુકશાન કરે. (તેટલા માટે) એ દેખીતી રીતે ઇષ્ટ (ઇચ્છવા યોગ્ય) " છે કે આવા ઘાની વચ્ચે, અને એક ઉઝરડો કે જે થોડાક ઘા ઉપર લગાડવાના મલમથી રૂઝાઈ જાય " તેની વચ્ચે કાયદાથી ભેદ બતાવવો જોઇએ વળી (મારેલો) માર કે જે માર ખાનારનાં હાડકાં ભાગે નહી " અથવા જેથી તેને ખોડ આવે નહી તે માર એવો ઘાતકી હોય કે તેથી તે મરવાની અણી ઉપર આવી " જાય એ ખુલ્લું છે કે આવો માર, સહેજ વાગવું (bruise) કે જેને (મટાડવાને) માટે થોડો દારૂ લગા- " ડવાનીજ માત્ર જરૂર છે, ' અને જેનું નામ નીશાન એકજ દિવસમાં જતું રહે છે તેની સાથે ભેળસેળ કરી " નાંખવો જોઇએ નહી (પરંતુ તે બેની વચ્ચેનો ભેદ ધ્યાનમાં રાખવો જોઈએ.)

" લાંબો વિચાર કર્યા પછી જે વ્યથા (તે વ્યથા) ભોગવનારને દુઃખમાં અથવા રોગમાં નાંખે છે, " અથવા વીસ દીવસની મુદતસુધી તેનો હમેશનો ધંધો રોજગાર કરવાને તેને અશક્ત કરે તેવી સઘળી વ્યથા- " ને ' શરીરની મહાવ્યથા ' નું નામ આપવાનો અમે નિશ્ચય કર્યો છે. "૧

આ કલમમાં વપરાયેલો " બદશીકલ થવી " શબ્દનો અર્થ કોઈ માણસને બાહારની ઈજા કરવી એવો થાય છે કે જે ઈજા તેના શરીરના દેખાવમાં કાંઇ ખોડ ખાંપણ લાવે છે, પણ તેને નીર્બળ કરતી નથી. દાખલા તરીકે માણસનું નાક અથવા કાન કાપી નાખવા.૨

ધખધખાવી લાલચોળ કરેલા લોખંડથી ગાલ ઉપર ડામ દેવાથી પડેલાં મોઢા (ચહેરા) ઉપરના ચાઠાં કે જે મોઢાને હમેશને માટે બદશીકલ બનાવે તે મહાવ્યથા છે.૩

જ્યાં બીજી ઈજાઓની સાથે વધારામાં હાડકાં (પણ) ભાગ્યાં હોય ત્યાં કરેલો ગુન્હો મહાવ્યથાનો છે, અને તેની તપાસ સેશન્સ કોરટથી થવી જોઈએ.૪

જ્યાં એક માણસના ઉપર કેટલાક સખસોએ કરેલા એકઠા હુમલાના પરીણામે જે માણસના ઉપર હુમલો કર્યો હતો તેનો હાથ ભાગ્યો ત્યાં કરેલો ગુન્હો હુમલાનો નહી, પણ મહાવ્યથાનો હતો, અને બધાનો સામાન્ય હેતુ પાર પાડવાને વાસ્તે હુમલો કરેલો હોવાથી બધા સરખી રીતે ગુન્હેગાર હતા.૫

મહાવ્યથાના ગુન્હાને વાસ્તે તહોમતદારને ગુન્હેગાર ઠરાવી સજા કરી શકાય તે પહેલાં આ ૩૨૦ મી કલમમાં વર્ણવેલી ઈજાઓમાંની એક ચોકસ રીતે બરાબર સાબીત કરવી જોઈએ, અને આ કલમની આઠમી પેટા કલમ, ફોજદારી કાયદાનો ચોકસ રીતે (અક્ષરસઃ) અર્થ કરવો જોઇએ એ સાધારણ નિય- મનો અપવાદ નથી. વીસ દીવસની મુદત સુધી ઈસ્પીતાલમાં રહ્યાની સાબીતી મહાવ્યથાની બરાબર ગણી શકાય નહી.૬

જ્યાં ફરીયાદી (કામ ચલાવનાર) માત્ર સતર દીવસ ઇસ્પીતાલમાં રહ્યો હતો, પણ વૈદક પુરાવ (દા- ક્તરની જુબાની વિગેરે) ઉપરથી એવું સાબીત થતું હતું કે ત્રણ દીવસ સુધી તે જોખમ ભરેલી સ્થીતીમાં હતો ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે (તેને) મહાવ્યથા કરવામાં આવી હતી. ૭

---

૧. પીનલકોડ ઘડનારાઓની નોટ મ. પાનાં—૬૫—૬૭

૨. લો. કમીશનરોનો પેહેલો રીપોરટ કલમ ૩૭૩.

૩. રેજાઈના વિ. અન્તાબીન દાદોબા ૧ બોમ્બે હાઇકોરટ રીપોર્ટસ પાનું ૧

૪. રેજાઇના વિ. રામતોહાલસીંગ ૫ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૬૫

૫. રેજાઇના વિ રામતોહાલશીંગ ૫ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૧૨

૬. રેજાઇના વિ. વસ્તા ચેલા ૧૯ મું. ૨૪૭

૭. રેજાઇના. વિ. બાસુ ૨. સધરલાન્ડઝ વીકલી રીપોર્ટસ પાનું. ૨૯.

જ્યારે હુમલામાં કરેલી ઇજા મોત નીપજાવશે અથવા તેથી મોત થઈ શકે એવો ઈરાદો, જાણ અથવા સંભવ ન હોય ત્યાં ખુનથી ઉતરતા દરજ્જાના મનુષ્યવધનો ગુન્હો નથી, પણ ગુન્હો મહાવ્યથાનો છે.૧

મહાવ્યથાનું તહોમત સાબીત કરવા સારૂ, તહોમતદારે ફરીયાદીને એટલા જોરથી માર્યો હતો કે તે (ફરીયાદી) ની જીંદગી જોખમમાં આવી પડે એમ સાબીત કરવાની જરૂર નથી. ૨

૩૨૦ મી કલમ પ્રમાણે ગુન્હો સાબીત થાય તે પહેલાં ૩૨૦ મી કલમમાં મહાવ્યથા તરીકે વર્ણવેલી ઈજા કરવામાં આવી હતી એવું બતાવનારો પુરાવો હોવો જોઇએ.૩

મહાવ્યથાના સઘળા કેસમાં જે માણસને વ્યથા કરવામાં આવી હોય તે માણસને જે દાકતરે તપાસ્યો હોય, અને દવા કરી હોય, તે દાકતરની જુબાની જો અયોગ્ય ઢીલ અને ખર્ચ વગર લઈ શકાય એવી હોય તો તે જુબાની અચુક હમેશ લેવી જોઇએ.૪

ફટકો મારવાનું અથવા લાત મારવાનું પરીણામ મોત થાય, પરંતુ જો તે ફટકો મારવાથી અથવા લાત મારવાથી મોત આણવાનો ઇરાદો ન થાય તો, અથવા મોત તે કૃત્યનું સંભવિત પરીણામ ન હોય તો તે ગુન્હો બુદ્ધિપુર્વક વ્યથા કરવાનો ગુન્હો થશે.૫

એક કેસમાં એક માણસને એટલી સખત ઇજા કરવામાં આવી હતી કે તેને ઇસ્પીતાલમાં જવું પડયું હતું પરંતુ વીશમે દીવસે સંપુર્ણ રીતે તદ્દન સાજો થઇને તેણે ઇસ્પીતાલ છોડી તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જે વીસ દીવસની દરમીયાન (સુધીમાં) તે તેનો હમેશનો ધંધો રોજગાર કરવાને અશક્ત હતો તે વીસ દીવસમાંનો એક દિવસ આ છેલ્લો (વીસમો) દીવસ ગણાશે.૬

એક કેસમાં તહોમતદારે મરનારને ખાટલા ઉપર ખેંચીને લાત મારી અને લાકડી વતી પાંસળની એક બાજુએ માર માર્યા જેથી કરીને મરનાર, જેની બરોળ વધેલી હતી તે મરી ગયો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું કે તહોમતદારે મહા વ્યથાનો ગુન્હો કર્યો હતો.૭

બુદ્ધિપુર્વક વ્યથા કરવી.

૩૨૧. જે માણસ કોઇ સખશને વ્યથા કરવાના ઈરાદાએ અથવા તેથી કોઇ સખશને પોતાથી વ્યથા થવાનો સંભવ છે એમ જાણ્યા છતાં કાંઇ કામ કરે અને તે કામથી કોઈ સખસ વ્યથા કરે તો તે માણસે બુદ્ધિપુર્વક વ્યથા કરી એમ સમજવું.

ટીકા.—જ્યાં એક માણસને માર મારવામાં આવ્યો હતો, અને તેની રોગીષ્ટ બરોલને લીધે તેનું મોત નીપજ્યું ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે ૩૦૪ અ. કલમ નહી પણ આ ૩૨૧ મી કલમ આ કેસને લાગતી હતી.૮

૩૨૨. કોઇ માણસ બુદ્ધિપુર્વક વ્યથા કરે અને વ્યથા કરવાને તેનો ઈરાદો

---

૧. રેજાઇના. વિ. મેથામીઆં. ૨. સધરલાન્ડઝ વીકલી રીપોર્ટસ પાનું. ૩૯.

૨. રેજાઈના. વિ. પરમાનન્દ. ૧૮ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટસ પાનું. ૨૨

૩. રેજાઈના. વિ. કામીની દાસી. ૧૨ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટસ પાનું. ૨૫.

૪. રેજાઇના. વિ. ન્ગાચેત. ૧ બરમા સીલેકટ રીપોર્ટસ પાનુ. ૨૯૨.

૫. રેજાઈના. વિ. પંચાનન. ૫. સધરલાન્ડઝ વીકલી રીપોર્ટસ. પાનું ૯૭; વળી જુઓ રેજાઈના. વિ. ઓબાયન (પાછળ પાનું. ૨૨૫)

૬. રેજાઇના. વિ. સેખ બાહાદુર. ૨ જી મદ્રાસ સેશન્સ. સને ૧૮૬૨.

૭. ઇ. લો. રિ. ૩ અલ્હાબાદ ૭૬૬ ઇ. લો. રિ. ૩ અલ્હાબાદ ૭૭૬.

૮. રેજાઈના. વિ. બાવાજી મુંબાઇ હાઇકોર્ટનાં ક્રીમીનલ. રૂલીંગ્ઝ તા. ૨૩-૨-૧૮૭૨.

બુદ્ધિપુર્વક મહાવ્યથા કરવી.

હોય અથવા જે વ્યથા પોતાથી થવાનો સંભવ તેના જાણ્યામાં હોય તે વ્યથા અગર મહાવ્યથા હોય તથા જે વ્યથા તે કરે તે વ્યથા મહાવ્યથા હોય તો તે માણુસે બુદ્ધિપુર્વક મહાવ્યથા કરી એમ સમજવું.

ખુલાસો— કોઇ સખશ આ બંને વાત કરે એટલે મહાવ્યથા કરે તથા મહાવ્યથા કરવાનો ઇરાદો કરે; અથવા મહાવ્યથા પોતાથી થવાનો સંભવ તેના જાણ્યામાં હોય તોજ તેણે બુદ્ધિપુર્વક મહાવ્યથા કરી એમ સમજવું નહીતો નહી. પણ અગર પ્રકારની મહાવ્યથા કરવાનો ઇરાદો કરીને અથવા એક પ્રકારની મહાવ્યથા પોતાથી થવાનો સંભવ જાણ્યા છતાં તે ખરેખર બીજાં પ્રકારની મહાવ્યથા કરે તો તેણે બુદ્ધિપુર્વક મહાવ્યથા કરી એમ સમજવું.

દ્રષ્ટાંત—જ નો ચહેરો જાથુ બદશીકલ કરવાના ઇરાદાથી અથવા તે પોતાથી બદશીકલ થવાનો સંભવ જાણ્યા છતાં **અ જ** ને એક સપાટો મારે અને તે સપાટાથી **જ** નો ચહેરો બદશીકલ નહી થાય પણ તેથી વીશ દીવસની મુદત સુધી જ ને શરીરનું ભારે દુઃખ ખમવું પડે તો **અ** એ બુદ્ધિપુર્વક મહાવ્યથા કરી **એમ** સમજવું.

૩૨૩. ૩૨૪ મી કલમમાં લખેલી બાબત શીવાય બીજી કોઇ પણ બાબતમાં જે માણુસ બુદ્ધિપુર્વક વ્યથા કરે તેને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

બુદ્ધિપુર્વક વ્યથા કરવાની શીક્ષા.

ટીકા—એક સ્ત્રીએ તેણીના ધણીને ગુસ્સો કર્યાથી તેણે તે સ્ત્રીને એક લાત અજાણે મારી, અને તે લાત તે સ્ત્રીની બરોલ ઉપર વાગવાથી તે મરી ગઈ, તે ધણીને ખબર નહોતી કે પોતાની સ્ત્રીની બરોલ રોગીષ્ટ હતી, અને તેણે લાત મારી તે ઉપરથી અને લાત માર્યા પછીની તેની વર્તણુક ઉપરથી એમ માલમ પડતુ હતુ કે મનુષ્યની જીંદગીને જોખમ થાય તેવી વ્યથા કરવાનો તેનો ઈરાદો નહોતો અથવા તેના કૃત્યથી મનુષ્યની જીંદગીને જોખમ થાય તેવી વ્યથા થવાનો સંભવ હતો એવી તેને ખબર નહોતી તેથી એવું ઠરાવવામાં આવ્યુ હતુ કે તે ધણી ૩૨૫ મી કલમ પ્રમાણે નહી, પણ ૩૨૩ મી કલમ પ્રમાણે ગુન્હેગાર હતો.૧

એક કેસમાં એક માણસે મરનારને એક લપડાક મારી, અને પડખામાં એક સેહેજ લાત મારી, જે ઘણું કરીને નીરપરાધી થાત (અર્થાત તેથી ઘણુ કરીને કાંઈ ગંભીર પ્રકારનું નુકશાન અથવા મોત થાત નહી) પરતુ મરનારની બરોળ અને બીજી ઇંદ્રિયો ઘણી રોગીષ્ટ સ્થિતિમાં હતી કે જે વાતની તહોમતદારને ખબર નહોતી અને તેને લીધે મરનારનુ મોત નીપજ્યું તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે બુદ્ધિપુર્વક વ્યથા કરવા બદલ ૩૨૩ મી કલમ પ્રમાણે તેને બરાબર રીતે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો, અને કલમ ૩૦૪ (અ) આ કેસને બીલકુલ લાગુ પડતી નહોતી.૨

૩૨૪. ૩૩૪ મ કલમમાં લખેલી બાબત શીવાય બીજી કોઈપણુ બાબતમાં ગોળી અથવા તીર મારવાનાં ખોશી ઘાલવાનાં

---

૧. રેજાઈના. વિ. બીસાગુ નોશ્યો. ૮ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું. ૨૯.

૨. રેજાઈના. વિ. રામદયાળ ૫ સેન્ટ્રલ પ્રોવીન્સીસ રીપોર્ટર. પાનુ. ૬૯; રેજાઇના વિ. શિવરતન આઉદ સીલેકટ કેસીસ. પાનુ. ૨૪૨. વળી જુઓ રેજાઈના. વિ. રાધીકાબદરૂ (પાછળ પાનું ૨૩૭), અને રેજાઈના વિ. બેસર બેવા (પાછળ પાનુ ૨૩૭).

ભયંકર શસ્ત્ર અથવા સાધન વડે બુદ્ધિપુર્વક વ્યથા કરવી.

અથવા કાપવાનાં કાંઇ હથીઆર વડે અથવા જે હથીઆર મારેથી સામાનું મોત થવાનો સંભવ હોય એવા કાંઇ હથીઆરવડે અથવા અગ્નિ કે કાંઈ ગરમ કરેલા પદાર્થ વડે અથવા કાંઇ ઝેર કે ખાઈ જાય એવા કાંઇ પદાર્થ વડે અથવા અવાજ સાથે ફુટે એવા કોઈ પદાર્થવડે અથવા દમ લેવાથી ગળી જવાથી અથવા લોહીમાં જવાથી જે પદાર્થ માણુસના શરીરનો નાશકારક હોય એવા કાંઇ પદાર્થવડે અથવા કોઈ જાનવરની મારફતે જે માણુસ બુદ્ધિપુર્વક વ્યથા કરે તે માણુસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

તહોંમતદારની પાસે હથીઆર એવું હોય કે જેનાથી મોત નીપજી શકે તેવું હોવાની આ કલમની રૂએ કંઈ જરૂર નથી. એવું કંઈ હથીઆર હોવાની હકીકત ઉપરથી જુદોજ ગુન્હો થાય.૧ પરંતુ હથીઆરનો પ્રકાર ધ્યાનમાં લેવાની બાબત છે. ૨ એકકામમાં તહોમતદારે એક માણસોના ટોળામાં, કોઇની સામે તાકયા વગર, પરંતુ ગમે તેને ઇજા થાય તેવા હેતુથી પીસ્ટલ ફોડી એમાં એક માણસને ઇજા થઇ તે ઉપરથી તહોંમતદારે આ કલમ મુજબ ગુન્હો કર્યાનું ઠરાવવામાં આવ્યું હતું.૩

૩૨૫. ૩૩૫ મી કલમમાં લખેલી બાબત શીવાય, બીજી કોઇપણ બાબતમાં જે માણુસ બુદ્ધિપુર્વક મહાવ્યથા કરે તેને સાત વરસની મુદત સુધીની બેમાંની ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

બુદ્ધિપુર્વક મહાવ્યથા કરવાની શીક્ષા.

ટીકા—જે કેદીના ઉપર "મહાવ્યથા" કરવાના ગુન્હાનું તહોમત મુકવામાં આવ્યું હોય તેને તેની તપાસને વાસ્તે સેશન્સ કોરટમાં નોંધવો જોઇએ.૪

આ ૩૨૫ મી કલમ પ્રમાણે બુદ્ધિપુર્વક મહાવ્યથાનો ગુન્હો સાબીત કરવા સારૂ બુદ્ધિપુર્વક કરેલી કોઈ ખાસ ઈજા હોવી જોઇએ, અને તે ૩૨૦ મી કલમમાં વર્ણવેલા આઠ પ્રકારમાંના કોઈ પ્રકારની અંદર આવી જવી જોઇએ.૫

એક અંધારી કોટડીમાં એક માણસ અને તેની સ્ત્રી જુદાં સુતાં હતાં ત્યાં એક બીજો માણસ તે સ્ત્રીની સાથે વ્યભિચાર કરવાના હેતુથી મધ્ય રાત્રે તે કોટડીમાં પેઠો. તેને તે સ્ત્રીના ધણીએ પ્રાણઘાતક હથીઆરના એકજ ઘાથી મારી નાખ્યો. તે કેસમાં તે સ્ત્રીના ધણીને ભારે અને આકસ્મીક ક્રોધને લીધે (ક્રોધને વશ થઇ) મહાવ્યથા કરવાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.૬

---

૧. ૭ મદ્રાસ હાઈકોર્ટ અપે.૧૧
૨. અપર બર્મા રિપોર્ટ ૩૧૧ (૧૮૯૭ થી ૧૯૦૧).
૩. ૯ કૉક્ષ ૪૭૧
૪. રેગ્યુલર્ઈના વિ. અન્તુબીન દાદોબા ૧ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ પાનું ૧૦૧.
૫. રેજીઈના વિ. બદ્રીરાય ૨૩ સધરલાન્ડઝ વીકલી રીપોટસ પાનું ૯૫.
૬. રેજીના વિ. ચુલન્દી પરમાણીક ૩ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું ૫૫.

૩૨૬. ભયંકર શસ્ત્ર અથવા સાધનવડે બુદ્ધિપુર્વક મહાવ્યથા કરવી. ૩૨૫ મી કલમમાં લખેલી બાબત સીવાય બીજી કોઇપણ બાબતમાં ગોળી અથવા તીર મારવાના, ખોસી ઘાલવાના અથવા કાપવાના કાંઇ હથીઆરવડે અથવા જે હથીઆર મારેથી સામાનું મોત થવાનો સંભવ હોય એવા કાંઇ હથીઆરવડે અથવા અગ્નિ કે કાંઇ ગરમ કરેલા પદાર્થવડે અથવા કાંઇ ઝેર કે ખાઇ જાય એવા પદાર્થવડે અથવા અવાજ સાથે ફુટે એવા કાંઇ પદાર્થવડે અથવા દમ લેવાથી, ગળી જવાથી, અથવા લોહીમાં જવાથી જે પદાર્થ માણુસના શરીરનો નાશકારક હોય એવાં કાંઇ પદાર્થવડે અથવા કોઇ જાનવરની મારફતે જે માણુસ બુદ્ધિપુર્વક મહાવ્યથા કરે તો તે માણુસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—જે માણુસ મુખ્ય કૃત્ય તે પોતેજ કરે, અર્થાત્ પીનલકોડમાં વર્ણવેલી મહાવ્યથા કરે એવો ફટકો મારે તેવા માણુસને માત્ર આ કલમ લાગુ પડે છે. ૧

મુંબઈમાં એક કેસમાં તહોમતદારે તેની સ્ત્રીનું નાક અને હોઠનો કેટલોક ભાગ ચપ્પુ વડે કાપી નાંખ્યો હતો તેને પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટે બે વર્ષની સજા કરી હતી તેમાં ઠરાવવામાં આવ્યું કે તહોમતદારને હાઇકોર્ટમાં (સેશન્સમાં) કમીટ કરવો જોઇતો હતો.૨

આ કલમ મુજબ ગુન્હાનો આરોપ અમુક શખસ ઉપર હોય ત્યારે ફરીયાદીને થયેલી ઈજાના સંબંધમાં વૈદ્યકીય તપાસ કરનાર દાક્તરની જુબાની લેવડાવવી જોઇએ.

૩૨૭. જબરાઇથી કાંઇ મીલકત કહડાવવા સારૂં અથવા કાંઈ કાયદાવીરૂદ્ધ કામ કરાવવા સારૂ બુદ્ધિપુર્વક વ્યથા કરવી. કોઇ સખશને વ્યથા કરીને તે સખશ પાસે અથવા તેની સાથે સંબંધ રાખનારા કોઈ શખસ પાસે જબરાઇથી કાંઈ મીલકત અથવા કીમતી દસ્તાવેજ કહાડવાના કારણુસર અથવા વ્યથા કરેલા શખસ પાસે કે તેની સાથે સંબંધ રાખનારા કોઇ શખસ પાસે જબરજસ્તીથી કાંઇ કાયદા વિરૂદ્ધ કામ અથવા જે કામથી કાંઇ ગુન્હો કરવો સહેલ થાય એવું કામ કરવાના કારણુસર જે માણુસ બુદ્ધિપુર્વક વ્યથા કરે તે માણુસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

૩૨૮. કાંઇ ગુન્હો કરવાના કરા- કોઇ સખશને વ્યથા કરવાના ઇરાદાથી અથવા કાંઇ ગુન્હો કરવાના કે કાંઈ ગુન્હો કરવો સહેલ કરવાના ઇરાદાથી અથવા તેથી પોતાથી વ્યથા થશે એવો સંભવ છે એમ

૧. રેજાઇના વિ. રામસરૂપ ૬ કલકતા વીકલી નોટસ પાનું ૯૮.
૨. ઈ. લો. રિ. ૧૬ મુંબઈ ૫૯૦.

દાથી ઝેર વગેરે પદાર્થવડે વ્યથા કરવી. જાણ્યા છતાં જે માણસ તે શખસને કાંઇ ઝેર અથવા બેહોશ કરે કે કેફ આવે અથવા અવગુણ કરે એવું કાંઇ વસાણું અથવા બીજી વસ્તુ આપે અથવા લેવડાવે તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—૩૨૮ મી કલમમાં વાપરેલા "અથવા બીજી વસ્તુ" શબ્દો પાછલા શબ્દોની સાથે લેવા જોઇએ, અને "અવગુણ કરે એવી વસ્તુ" એવા અર્થમાં તે શબ્દો લેવા જોઇએ, અને નહી કે (ગમે તેવી) બીજી વસ્તુ માત્ર આ કેસમાં જે પદાર્થ આપવામાં (ખવડાવવામાં) આવ્યો હતો તે કેવી જાતનો હતો તેના સંબંધમા કાંઈપણ પુરાવ આપવામા આવ્યો નહોતો, પરંતુ એક સ્ત્રીની સાથે આડો વ્યવહાર સેહેલ (સુલભ) કરવા સારૂ તાવીજ (વશીકરણ) તરીકે તેનો અમલ થાય એવો તે પદાર્થ આપવાનો ઇરાદો હતો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે પદાર્થ આપવાથી આ કલમ પ્રમાણે કાંઈપણ ગુન્હો થતો નહોતો.૧

હાઇકોર્ટે વધુમતે એવું ઠરાવ્યું છે કે નાશકારક (પ્રાણઘાતક) વસાણાં ખવડાવવાનો ગુન્હો, જ્યારે (તેથી) જીંદગી જોખમાય નહી ત્યારે આ ૩૨૮ મી કલમ પ્રમાણે સજાને પાત્ર છે, અને નહી કે ૩૨૬ મી કલમ પ્રમાણે.૨

એક કેસમાં કેદીઓએ ધંતુરાનો ભુકો એક સ્ત્રીને ખવડાવ્યો, અને તે સ્ત્રી જ્યારે બેભાન અવસ્થામાં હતી ત્યારે તેનું ઘરાણું તેઓએ કાઢી લીધું. તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ કલમ પ્રમાણે તે કેદીઓએ ગુન્હો કર્યો હતો.૩ અને જ્યાં એક માણસે કેટલાક ગામડીઆઓને તેઓએ અમુક ગુન્હો કર્યો હતો કે નહી તેની કસોટી (પરીક્ષા) કરવાને સારૂ કોઈક પાંદડાનો રસ ખવડાવ્યો, અને તેમાંના કેટલાક ગામડીઆઓને ઝેર ચડવાનાં ચિન્હ માલમ પડયાં ત્યાં પણ તે માણસે આ કલમ પ્રમાણે ગુન્હો કર્યો હતો એમ ઠરાવવામાં આવ્યું હતું.૪ પરંતુ જે માણસ ઝેર અને તે (ઝેર) નો ઉતાર બંને એકી વખતે ખવડાવે તે ઝેર ખવડાવવાનો ગુન્હેગાર થશે નહી.૫

એક કેસમાં એક માણસે પોતાના તાડીના દારૂના વાસણમાં ખરસાંડી (milk-bush) નું દુધ ભેળવ્યું એવું જાણીને કે જો કોઈ માણસ તે પીશે તો તેને ઇજા થશે. આમ કરવામાં તેનો ઈરાદો એક નહી પકડાતો ચોર કે જેને આવાં વાસણોમાંથી તાડી ચોરી લેવાની ટેવ હતી તે ચોરને પકડી કાઢવાનો હતો. તે વાસણમાંની તાડી કેટલાક સોલ્જરોએ એક અજાણ્યા વેચનારની પાસેથી વેચાતી લીધી, અને તે તેમણે પીવાથી તેમને ઈજા થઇ. તેથી તેમને ૩૨૮ મી કલમ પ્રમાણે "ઇજા કરવાના ઇરાદાથી અવગુણ કરે એવી વસ્તુ ખવડાવવાના" બરાબર રીતે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા, અને આ કેસને ૮૧ મી કલમ લાગુ પડતી નહોતી એવું ઠરાવવામાં આવ્યું હતું.૬

જ્યાં તહોમતદારે, એક સ્ત્રીની સાથે પોતે સંભોગ કરી શકે તેટલા સારૂ, તે સ્ત્રીને સંભોગ કરવાનો જુસ્સો અને ઈચ્છા ઉત્પન્ન કરવાને એક વસાણું ખવડાવ્યું ત્યાં તે સ્ત્રીને અવગુણ કરે એવું વસાણું તેણે ખવડાવ્યું હતું એવું ઠરાવવામાં આવ્યું હતું.૭

---

૧. રેજાઇના વિ. જોતી ૧ સધરલાન્ડઝ વીકેલી રીપોર્ટર પાનું ૭.
૨. રેજાઈના વિ. જયગોપાળ ૪ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૪.
૩. રેજાઇના વિ. નન્જુનન્દાખા વેર કૃત્ય લો ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો. પાનું ૧૯૭
૪. રેજાઈના વિ. દાસી વેરકૃત લૅ ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો પાનું ૧૯૮.
૫. રેજાઈના વિ. કલુડીરે ૪ કોકસ કૃત્ય ક્રીમીનલ કેસીસ પાનું ૮૪.
૬. રેજાઈના વિ. ધનીઆ દાજી ૫ બોમ્બે હાઈકોર્ટ રીપોર્ટસ પાનું ૫૯.
૭. રેજાઇના. વિ. વીલકીન્સ ૩૧ લો. જનરલ માજીસ્ટ્રેટસ કેસીસ પાનું ૭૨.

એક કેસમાં તહોમતદારોએ કેટલાક મુસાફરોને, પોતાને (તહોમતદારોને) લુંટ કરવાની સરળતા મળે તેટલા હેતુથી ધન્તુરાનું ઝેર આપવામાં આવ્યું હતું. તેની અસરથી તેમનામાંથી એક મરી ગયો ને બીજાઓને ગંભીર ઈજા થઈ. તેમાં ઠરાવવામાં આવ્યું કે—જે મરી ગયો તેના સંબંધમાં ક. ૩૨૫ મુજબનો અને જેમને ઇજા થઇ તેમના સંબંધમાં ક. ૩૨૮ મુજબનો ગુન્હો બન્યો હતો.૧ પરંતુ પાછળથી તેજ હાઇકોર્ટે તેવાજ સંજોગોમાં વધારે ધંતુરો આપ્યો હતો તેની અસરથી જેને તે આપવામાં આવ્યો હતો તે થોડાકજ કલાકમાં ગુજરી ગયો. તેમાં તહોમતદારને ક. ૩૦૨ મુજબ ગુન્હેગાર ઠરાવ્યો હતો.૨

જબરજસ્તીથી કાંઈ મીલકત કહાડવા અથવા કાંઈ કાયદા વિરૂદ્ધ કામ કરાવવા સારૂ બુદ્ધિપુર્વક મહાવ્યથા કરવી.

૩૨૯. કોઈ શખસને મહાવ્યથા કરીને તે શખસ પાસે અથવા તેની સાથે સંબંધ રાખનારા કોઇ શખસ પાસે જબરાઇથી કાંઇ મીલકત અથવા કીમતી દસ્તાવેજ કડાવવાના કારણસર અથવા મહાવ્યથા કરેલા શખસ પાસે કે તેની સાથે સંબંધ રાખનારા કોઇ સખશ પાસે જબરજસ્તીથી કાંઇ કાયદાવિરૂદ્ધ કામ અથવા જે કામથી કાંઇ ગુન્હો કરવો સહેલ થાય એવું કામ કરવાના કારણસર જે માણસ બુદ્ધિપુર્વક મહાવ્યથા કરે તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

જબરજસ્તીથી કબુલાત કરાવવા અથવા કાંઇ મીલકત પાછી અપાવવા સારૂ બુદ્ધિપુર્વક વ્યથા કરવી.

૩૩૦. કોઇ શખસને વ્યથા કરીને તે શખસ પાસે અથવા તે શખસની સાથે સંબંધ રાખનારા કોઇ શખસ પાસે જેથી કાંઇ ગુન્હો અથવા બદચાલ પકડાય એવી કાંઈ ખબર અથવા કબુલત જબરજસ્તીથી લેવાના કારણસર અથવા વ્યથા કરેલા શખસ પાસે કે તેની સાથે સંબંધ રાખનારા કોઈ શખસ પાસે જબરજસ્તીથી કાંઇ મીલકત અથવા કીમતી દસ્તાવેજ પાછો અપાવવા અથવા અપાવવાના કારણસર અથવા તે કાંઇ લેહેણું કે માગણું પતાવે અથવા જેથી કાંઇ મીલકત કે કીમતી દસ્તાવેજ પાછો મળી શકે, એવી કાંઇ ખબર આપે એમ કરવાના કારણસર જે માણસ બુદ્ધિપુર્વક વ્યથા કરે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

દ્રષ્ટાંત—(અ) જ ની પાસે કાંઈ ગુન્હો કર્યો કબુલ કરાવવા સારૂ જો અ પોલીસ અમલદાર જ ને શરીરવેદના કરે તો અ આ કલમમાં લખેલા ગુન્હાનો તકશીરવાર છે એમ સમજવું.

(બ) અમુક ચોરેલી મીલકત કયાં મુકેલી છે તે દેખડાવવાને બ લલચાય એટલા સારૂં જો

---

૧. ઇ. લો. રિ. ૩૦ અલહાબાદ ૫૦૮.
૨. ઇ. લો. રિ. ૩૧ અલહાબાદ ૧૪૮.

અ પોલીસ અમલદાર તેને શરીરવેદના કરે તો અ આ કલમમાં લખેલા ગુન્હાને તકશીરવાર છે એમ સમજવું.

(ક) જ ની પાસે મેહેસુલની કાંઈ બાકી લેહેણી છે તે તેની પાસે ભરાવવા સારૂ જો અ મેહેસુલનો અમલદાર જ ને શરીરવેદના કરે તો અ આ કલમમાં લખેલા ગુન્હાનો તકશીરવાર છે એમ સમજવું.

(ડ) એક રૈયતની પાસે તેનું ગણોત ભરાવવા સારૂ જો અ જમીનદાર તેને શરીરવેદના કરે તો અ આ કલમમાં લખેલા ગુન્હાનો તકશીરવાર છે એમ સમજવું.

ટીકા.—જો કે ધારવામાં આવતો ગુન્હો ન કરવામાં આવ્યો હોય તો પણ જે ખબરથી તેવો ગુન્હો પકડી કઢાય તેવી ખબર જબરજસ્તીથી મેળવવાના કામને સારૂ વ્યથા કરવાનું ૩૩૦ મી કલમ પ્રમાણે તહોમત મુકી શકાય. જે ગુન્હાનું બ્યાન કરવાનો આ કલમનો ઇરાદો છે તે કોઈ ગુન્હાના અથવા બદચાલના સંબંધમાં કોઈ માણસને વ્યથા કરીને કાંઈ હકીકત જાહેર કરવાને અથવા કબુલત કરવાને તેને લલચાવવાનો ગુન્હો છે અને તે ગુન્હો કરવામાં આવ્યો છે કે કેમ, અથવા તે બદચાલ ચલાવવામાં આવી છે કે કેમ, તે તદન બીન જરૂરનું છે.૧

અ એ તેની વહુને, તેણીએ તેને પોતાને ઘેર આવવું જોઇએ એવી તેની માગણી સ્વીકારવાની ફરજ પાડવા સારૂ, તેણીને બુદ્ધિપુર્વક વ્યથા કરી. તેથી તેને આ ૩૩૦ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી સજા કરી હતી. અપીલમાં હાઈકોર્ટે એવું ઠરાવ્યું હતું કે તેને ગુન્હેગાર ઠરાવી કરેલી સજા ગેરવ્યાજબી હતી કેમકે આ કલમમાં જણાવેલી ' માગણી ' કાંઈ મીલકતના સબંધમાં હોવી જોઇએ.૨

આ ૩૩૦ મી કલમની અંદર કોઈ કેસને લાવવા સારૂ એવું સાબીત કરવું જોઈએ કે પીનલકોડ મુજબ સજાને પાત્ર કોઇ ગુન્હાની અથવા બદચાલની કબુલાત જબરજસ્તીથી લેવાના ઈરાદાથી ફરીયાદીને વ્યથા કરવામાં આવી હતી. તેટલા માટે જે કેસમાં જબરજસ્તીથી લીધેલી કબુલાત જાદુમંત્રના તહોમતના સબંધમાં લેવામાં આવી હોય ત્યાં આ કલમ લાગુ પડતી નથી.૩

જ્યા એક કેદીની જબરજસ્તીથી કબુલત લેવાના કામને સારૂ બીજા પોલીસના સીપાઇએ તે કેદીના ઉપર કરેલા હુમલા વખતે તહોમતદાર પાસે ઉભો રહ્યો હતો અને તે જોઈ રહ્યો હતો અને તે હુમલાથી ખુશી થતો હતો ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેણે આ કલમ પ્રમાણેના ગુન્હામાં મદદગારી કરી હતી.૪

જબરજસ્તીથી કબુલાત કરાવવી અથવા કાંઇ મીલકત પાછી અપાવવા સારૂ બુદ્ધિપુર્વક મહાવ્યથા કરવી.

૩૩૧. કોઇ શખસને મહાવ્યથા કરીને તે શખસ પાસે અથવા તે શખસની સાથે સંબંધ રાખનારા કોઇ શખસ પાસે કાંઇ ગુન્હો અથવા બદચાલ પકડાય એવી જેથી કાંઇ ખબર અથવા કબુલાત જબરજસ્તીથી લેવાના કારણસર અથવા મહાવ્યથા કરેલા શખસ પાસે કે તેની સાથે સંબંધ રાખનારા કોઇ શખસ પાસે જબરજસ્તીથી કાંઇ મીલકત અથવા કીમતી દસ્તા-

---

૧. રેનાઇના વિ. નીમચંદ ૨૦ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનુ ૪૧.
૨. રેનાઈના વિ. ઇલાબોયાન ૧૧ મું. ૨૫૭.
૩. રેનાઈના વિ. બાબુમુન્ડુ ૧૩ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું ૨૩
૪. રેનાઈના વિ. લતીફખાન ૨૦ મું. ૩૯૪

વેજ પાછો અપાવવાના કારણુસર અથવા તે કાંઇ લેહેણું કે માગણું પતાવે અથવા જેથી કાંઇ મીલકત કે કીંમતી દસ્તાવેજ પાછો મળી શકે, એવી કાંઇ ખબર આપે એમ કરવાના કારણુસર જે માણુસ બુદ્ધિપુર્વક વ્યથા કરે તે માણુસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણુ લાયક થશે.

કોઇ સરકારી નોકરને ડરાવીને તેનો અમલ કરતો બંધ રાખવાને બુદ્ધિપુર્વક વ્યથા કરવી.

૩૩૨. કોઇ શખસ સરકારી નોકર હોય અને પોતાના સરકારી હોદ્દાનો અમલ ચલાવતો હોય તેવામાં તે શખસને જે માણુસ બુદ્ધિપુર્વક વ્યથા કરે અથવા તે શખસને અથવા કોઇ બીજા સરકારી નોકરને પોતાના સરકારી હોદ્દાનો અમલ ચલાવતાં અટકાવવા અથવા ડરાવીને અમલ ચલાવતો બંધ રાખવાના ઇરાદાથી અથવા તે શખસે પોતાના સરકારી હોદ્દાનો કાયદા મુજબ અમલ ચલાવતાં કાંઇ વસ્તુ કરી હોય અથવા કરવાની કોશીશ કરી હોય તેટલા વાસ્તે જે માણુસ તે શખસને બુદ્ધિપુર્વક વ્યથા કરે તે માણુસને ત્રણુ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—ફોજદારી કામ ચલાવવાના કાયદાની (૧૮૯૮ ના આકટ ૫ માની.) ૧૧૪ મી કલમ પ્રમાણે એક ઙ નામનાં માણસને પકડવા સારૂ એક માજીસ્ત્રેટે વારંટ કહાડયું હતું તે વારંટ બજાવવા સારૂ એક અમુક થાણામાં મોકલવામાં આવ્યું હતું. ત્યાં તે થાણામાં (વારંટ) નોંધી લેવાના કામને સારૂ રાખેલી એક ચોપડીમાં તે વારંટ નોંધી લીધા પછી તેને બજાવવા સારૂ અમુક કોન્સ્ટેબલને આપવામાં આવ્યું હતું. જે કોન્સ્ટેબલને તે વારંટ આપવામાં આવ્યું હતું તે કોન્સ્ટેબલ જ્યારે તે થાણું છોડીને ગયો ત્યારે એવું માલમ પડયું કે ઙ જે ગામમાં હતો એમ ધારવામાં આવતું હતું તે ગામમાં નહી પણ એક બીજાજ ગામમાં તે હતો. તે ઉપરથી જે અમલદારના હવાલામાં તે થાણું થોડા વખતને માટે હતું તે અમલદારે તે થાણામાંની ચોપડીમાંથી (પેલા વારંટની) નકલ કરી અને તે નકલની પુંઠે એક ન ના અને કેટલાક બીજા કોન્સ્ટેબલોના નામનો શેરો કર્યો, અને તે શેરાની નીચે પોતાની સહી કરીને આ કાગળીઆ (નકલ—શેરાવાળી) સાથે ન અને બીજા કોન્સ્ટેબલોને ઙ ને પકડવા સારૂ મોકલ્યા. ન અને તેના સોબતીઓએ ઙ ને પકડી કેદ કર્યો; પણ તેને પકડી તેને પોતાના હવાલામાં રાખી તેઓ જ્યારે પાછા ફરતા હતા ત્યારે ઙ ના કેટલાક મીત્રો કે જેમને ઙ એ પોતે મદદ કરી તેઓએ તે કોન્સ્ટેબલોના ઉપર હુમલો કર્યો, ઙ ને છોડાવ્યો અને તે પોલીસના કાન્સ્ટેબલોને વ્યથા કરી. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે ઉપર જણાવેલી સ્થીતીની અંદર ઙ ને પકડવામાં સામેલ થયેલા પોલીસના અમલદારો આ ૩૩૨ મી કલમના અર્થની અંદર આવી જાય તેવી રીતે પોતાના ઓદ્ધાનો કાયદા મુજબ અમલ ચલાવતાં (આ પ્રમાણે) વરત્યા નહોતા કે જેથી કરીને તહોમતદારો આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરી સજાને પાત્ર થાય, પરંતુ તેઓ તેમના ઓદ્ધાની રૂઇથી શુદ્ધ બુદ્ધિએ વર્ત્યા હતા તેથી ૯૯ મી કલમ લાગુ પડતી હતી, અને ઙ ને અને તેના સોબતીઓને ૧૪૭ મી અને ૨૨૩ મી કલમો મુજબ વ્યાજબી રીતે ગુન્હેગાર ઠરાવી શકાય. આ કલમના પહેલા ભાગમાં વપરાયેલા " તેવા સરકારી નોકર તરીકે પોતાના ઓદ્ધાનો અમલ ચલાવતાં. " શબ્દોનો અર્થ કોઇ અમુક ખાસ કેસમાં તેવા સરકારી નોકર ઉપર કાયદાથી નાંખેલા ઓદ્ધા (ફરજ) નો અમલ ચલાવતાં એવો થાય છે; અને તેના ઓદ્ધાની રૂઇથી

શુદ્ધબુદ્ધિએ તેણે કરેલા કૃત્યને। તે શબ્દોમાં સમાવેશ થતો નથી.૧

કોઇ સરકારી નોકરને ડરાવીને તેનો અમલ કરતો બંધ રાખવાને બુદ્ધિપુર્વક મહાવ્યથા કરવી.

૩૩૩. કોઈ શખસ સરકારી નોકર હોય, અને પોતાના સરકારી હોદ્દાનો અમલ ચલાવતો હોય તેવામાં તે શખસને જે માણુસ બુદ્ધિપુર્વક મહાવ્યથા કરે અથવા તે શખસને અથવા બીજા કોઈ સરકારી નોકરને પોતાના સરકારી હોદ્દાનો અમલ ચલાવતાં અટકાવવા અથવા ડરાવીને અમલ ચલાવતો બંધ રાખવાના ઈરાદાથી અથવા તે શખસે પોતાના સરકારી હોદ્દાનો કાયદા મુજબ અમલ ચલાવતાં કાંઇ વસ્તુ કરી હોય અથવા કરવાની કોશીશ કરી હોય તેટલા વાસ્તે તે માણુસ તે શખસને બુદ્ધિપુર્વક મહાવ્યથા કરે તે માણુસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ક્રોધ ઉત્પન્ન થએથી બુદ્ધિપુર્વક વ્યથા કરવી.

૩૩૪. ભારે તથા આકસ્મીક ક્રોધ ચડેથી કોઇ માણુસ બુદ્ધિપુર્વક વ્યથા કરે અને તે ક્રોધ ઉત્પન્ન કરનાર શીવાય બીજા કોઇ શખસને વ્યથા કરવાનો તેણે ઇરાદો કર્યો ન હોય તથા તે શીવાય બીજા કોઈ શખસને પોતાથી વ્યથા થવાનો સંભવ પણ તેના જાણવામાં ન હોય તો તે માણુસને ૧ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા પાંચસેં રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા—ભારે તથા આકસ્મીક ક્રોધ ચડેથી ક્રોધ ચડાવનાર માણસને વ્યથા કરવી તે બદલ ૩૨૪ મી કલમ પ્રમાણે નહી પણ ૩૨૪ મી કલમ પ્રમાણેના ગુન્હાનું તહોમત મુકવું જોઇએ.૨

ક્રોધ ઉત્પન્ન થએથી મહાવ્યથા કરવી.

૩૩૫. ભારે તથા આકસ્મીક ક્રોધ ચડેથી કોઈ માણુસ બુદ્ધિપુર્વક મહાવ્યથા કરે અને તે ક્રોધ ઉત્પન્ન કરનાર શીવાય બીજા કોઈ શખસને મહાવ્યથા કરવાનો તેણે ઇરાદો કર્યો ન હોય તથા તે શીવાય બીજા કોઇ શખસને પોતાથી મહાવ્યથા થવાનો સંભવ પણ તેના જાણવામાં ન હોય તો તે માણુસને ચાર વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા બે હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ખુલાસો—એ ઉપલી બે કલમોને પણ ૩૦૦ કલમના પહેલા અપવાદને જે સરતો લાગુ પડે છે તે સરતો લાગુ પડે છે.

---

૧. રેનાઇના વિ. દલીપ ૧૮ અ. ૨૪૬

૨. રેનાઈના વિ. લાલા ચુલા ૧ બોમ્બે હાઈકોર્ટ રીપોર્ટસ પાનું ૧૭.

ટીકા.—આવી (મહા) વ્યથા કરવાના કાંઇ પણ ઈરાદા વગર, અથવા આવી (મહા) વ્યથા થવાના સંભવની કાંઈપણ જાણ વગર ભારે તથા આકસ્મીક ક્રોધ ચડયેથી મહાવ્યથા કરવી તે આ કલમ પ્રમાણે સજાને પાત્ર છે૧

જે કામથી જીંદગી જોખમમાં આવે અથવા બીજાઓના શરીરની સલામતી જોખમમાં આવે તે કામને માટે શીક્ષા.

૩૩૬. જે માણુસ કાંઇ કામ એવી બેફીકરી અથવા ગફલતી ભરેલી રીતે કરે કે તેથી માણુસની જીંદગી અથવા બીજા શખસોના શરીરની સલામતી જોખમમાં આવે તે માણુસને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા—આ ૩૩૬ મી કલમ પ્રમાણે કોઈ માણસને ગુન્હેગાર ઠરાવવા સારૂ ફરીયાદી (કામ ચલાવનાર) પક્ષે તહોમતદારની પોતાની બેરીકરાઇ અથવા ગફલતી સાબીત કરવી જોઇએ, અને એ પણ સાબીત કરવું જોઇએ કે આવી બેરીકરાઇથી માણસની જીંદગી અથવા બીજા શખસોના શરીરની સલામતી ખરેખરી રીતે જોખમમાં આવી હતી. વળી એક માણસના ઘરના છાપરા ઉપર માત્ર પથરા ફેંકવા તે અવશ્ય કરીને ફોજદારી ગુન્હો થતો નથી, પણ જો માણસની જીંદગી અથવા બીજા શખસોના શરીરની સલામતી જોખમમાં આવે એવી રીતે બેફીકરાઈથી અથવા ગફલતીથી તે (પથરા ફેંકવાનું કામ) કરવામાં આવ્યું હોય તો તે ગુન્હો થશે.૨

મી. મેઇન સાહેબ કહે છે કે બેફીકરાઇ અને ગફલતી ભરેલા કૃત્યો જે માણસની જીંદગી અથવા બીજા શખસોના શરીરની સલામતીને જોખમમાં લાવે છે તે, જો કે તેથી કાંઇ પણ વ્યથા (ઈજા) ન થાય તો પણ, ૩૩૬ મી કલમ પ્રમાણે સજાને પાત્ર છે, અને જો તે (કૃત્યોથી વ્યથા અથવા મહાવ્યથા થાય તો વધારામાં તેઓ ૩૩૭ મી અને ૩૩૮ મી કલમો પ્રમાણે સજાને પાત્ર થશે.

૩૦૦ મી કલમ નીચેની ટીકામા જણાવેલા રેગ્જાઈના વિ. નીદામારતીઉના ફેસલામાં જસ્ટીસ હોલોવેએ કરેલી ટીકા આ કલમ તથા કલમો ૩૩૭ અને ૩૩૮ ને પણ લાગુ પડે છે.

જો કૃત્યોથી ઘણું કરીને અથવા સંભવીત રીતે, બીજા શખસોને જોખમ થાય, પણ જે પોતેજ ગુન્હા નથી તે કૃત્યો જો જોખમ ભરેલાં પરીણામોની સામે સાવચેતી રાખવામાં ઘટતી સંભાળ લીધા વગર કરવામાં આવ્યાં હોય તો તે (કૃત્યો) ૩૩૬, ૩૩૭, ૩૩૮, અથવા ૩૦૪ અ. કલમો પ્રમાણે ગુન્હા થઈ શકે.

જીંદગી અથવા બીજાઓના શરીરની સલામતી જોખમમાં આવે એવું કામ

૩૩૭. જેથી માણસની જીંદગી અથવા બીજા શખસોના શરીરની સલામતી જોખમમાં આવે એવી બેફીકરી અથવા ગફલતી ભરેલી રીતે કાંઇ કામ કરીને જે માણુસ કોઈ શખસને વ્યથા કરે તે માણુસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની

---

૧. રેગ્જાઇના વિ. અમ્બીકા ૪ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૨૧; વળી જુઓ રેગ્જાઈના વિ. ચુલન્દી (પાછળ પાનું ૨૪૧)

૨. રેગ્જાઇના વિ. ન્ગાથાકા ૧ બરમા સીકરેટ રીપોર્ટસ પાનું ૯૧

૩. ૭ મદ્રાસ હાઈકોરટ રીપોર્ટસ પાનું ૧૧૯ (પાછળ પાનું ૨૨૨)

કરીને વ્યથા કરવી. અથવા પાંચસેં રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—એક કામમાં તહોમતદારની સાથે એટલો પુરાવો હતો કે—તે જુલાઇ માસમાં જ્યારે લોકો ખેતરોમાં હોય (ત્યારે) શિકાર કરવા ગયો, અને એક માણસ ખેતરમાં બેઠો હતો તેને એક ગોળી વાગી. તેમાં એવું ઠરાવવામાં આવ્યું કે આ કલમની રૂએ તેને ગુન્હેગાર ગણી શકાય તેવી બેફીકરનો પુરાવો નહતો.૧

૩૩૮. જેથી માણસની જીંદગી અથવા બીજા શખસોના શરીરની સલામતી જોખમમાં આવે એવી બેફીકરી અથવા ગફલતી ભરેલી રીતે કાંઇ કામ કરીને જે માણસ કોઇ શખસને મહાવ્યથા કરે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

જીંદગી અથવા બીજાઓના શરીરની સલામતી જોખમમાં આવે એવું કામ કરીને મહાવ્યથા કરવી.

ટીકા.—એક બહેરા વૃદ્ધ માણસ ઉપર થઈને ગાડી ચલાવી જવા બદલ તે (ગાડી ચલાવી જનાર) માણસને આ કલમ મુજબ ગુન્હેગાર ઠરાવી શિક્ષા કરવા પહેલાં તહોમતદારે ગફલતીથી અને બેદરકારીથી કરેલા કૃત્યથી મરનારનું મોત થયું હતું એવું બતાવનારો કાંઇ પણ પુરાવ છે કે કેમ તે વાતનો કોર્ટે નીર્ણય કરવો જોઇએ.૨

એક માણસે પોતાની ગાડીને ગાડીવાન વગર એકલી રસ્તે ચાલવા દીધાથી એ ગાડી રસ્તા ઉપર ઉંઘી ગયેલા એક છોકરા ઉપર થઇને ચાલી ગઇ, તેમાં તે માણસને ૩૩૭ મી અથવા ૩૩૮ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.૩

એક કેસમાં એક માણસે તેની અગીઆર વરસની ઉમ્મરની બાળક સ્ત્રી સાથે સંભોગ કરવાથી તેથી થયેલી ઇજાઓને લીધે તે સ્ત્રી મરી ગઇ. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ ૩૩૮ મી કલમ પ્રમાણે બેદરકારી ભરેલું કૃત્ય કરીને મહાવ્યથા કરવાના ગુન્હાનો તે માણસ ગુન્હેગાર હતો, કેમકે કોઇપણ કાયદા પ્રમાણે એવો નીયમ નથી કે એક ધણીને પોતાની સ્ત્રીની સલામતીના સવાલ ઉપર (કાંઇપણ) ધ્યાન આપ્યા વગર તે સ્ત્રીના શરીરનો ઉપભોગ કરવાનો તેને કુલ સ્વતંત્ર હક છે.૪ હવે સંમતી વયનો કાયદો (સને ૧૮૯૧ નો આકટ ૪ થો) પસાર થયા પછી તે ધણી બળાત્કાર સંભોગનો પણ ગુન્હેગાર થશે.

ગેરવ્યાજબી અટકાવ તથા ગેરવ્યાજબી કેદ બાબત.

૩૩૯. કોઇ શખસનો જેની મેર જવાનો હક હોય તેણી મેર જતો તે શખસ અટકે એવી રીતે જે માણસ તે શખસને બુદ્ધિપુર્વક હરકત કરે તે માણસે તે શખસને ગેરવ્યાજબી અટકાવ કર્યો એમ સમજવું.

ગેરવ્યાજબી અટકાવ.

---

૧. ઇ. લો. રિ. ૨૮ અલ્હાબાદ ૪૬૪.

૨. ૬ મદ્રાસ હાઇકોર્ટ રીપોર્ટસ પરીશીષ્ટ પાનું ૩૨.

૩. રેજાઇના વિ. માલ કાજી રતનલાલ કૃત અન રીપોરટેટ ક્રીમીનલ કેસીસ પાનું ૧૯૮.

૪. રેજાઇના વિ. હરીમોહન ૧૮ ક. ૪૯

અપવાદ–જમીન અથવા પાણી ઉપરથી જવા આવવાનો કાંઇ ખાનગી રસ્તો હોય અને તે રસ્તો બંધ કરવાનો મારો કાયદા મુજબ હક છે એમ જે સખશ શુદ્ધ બુદ્ધિએ માનતો હોય તે શખસે તે રસ્તો બંધ કરવો એ આ કલમના અર્થ પ્રમાણે ગુન્હો નથી.

દૃષ્ટાંત––જે રસ્તા ઉપરથી જ ને જવાનો હક છે એવો એક રસ્તો અ બંધ કરે અને શુદ્ધ બુદ્ધિએ અ એ પ્રમાણે માનતો ન હોય કે રસ્તો બંધ કરવાનો મારો હક છે અને તે રસ્તો બંધ થવાથી જ તે ઉપરથી જતો અટકે તો અ એ જ ને ગેરવ્યાજબી અટકાવ કર્યો એમ સમજવું.

ટીકા.—એક કેસમાં એક પોલીસ અમલદારે એક માણસને જ્યાંસુધી તે જામીન ન આપે ત્યાંસુધી ઘેર જવા દેવાની ના પાડી તે કેસમાં તે પોલીસ અમલદારને ગેરવ્યાજબી અટકાવ કરવાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.૧

એક માણસ એક ઘરના છાપરા ઉપર ચડી ગયા પછી તેને ઉતરવાની નીસરણી તહોમતદારે લઈ લીધી, અને તેમ કરીને તે માણસને છાપરેથી ઉતરતા અટકાવ્યો. તેમાં તહોમતદારને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.૨

ફરીયાદીને પોલીસ સ્ટેશન (થાણા) માં લઇ ગયા, અને શકદાર માણસ તરીકે તેનું નામ નોંધી લીધા પછી તેને પોલીસના માણસોના હવાલામાં રાખીને એક પોલીસ ચોકીથી બીજી પોલીસ ચોકીએ લઈ ગયા તે કેસમાં પણ આ કલમ પ્રમાણે ગુન્હો બન્યો હતો એમ ઠરાવવામાં આવ્યું હતું.૩

એક ઈનસારી કામમાં જુબાની આપવાને તૈયાર રહેવા સારૂ બ ને અ એ પોતાને ઘેર બોલાવ્યો. બ ને ઘરમાં રોકી રાખવા સારૂ અ એ કાંઈપણ શારીરિક અટકાવ કર્યો નહોતો અથવા કોઇપણ પ્રકારની ધમકી આપી નહોતી. પરંતુ બ (જુબાની આપવાની) માત્ર સામાન્ય નાપસંદગીને લીધે અથવા અ ને ખોટું લગાડવાની બીકને લીધે ત્યાંજ (ઘરમાં) રહ્યો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે અ ની વર્તણુંકથી કાંઈ પણ ગુન્હો બનતો નહોતો.૪

બીજા લોકોને પોતાની જમીન ઉપર થઇને જતા આવતા અટકાવવાને સારૂ પોતાના મકાન આગળ પોતાની જમીન ઉપર દીવાલ બાંધવી તે કાંઈ ગુન્હો નથી.૫

ફરીયાદીએ પોતાનો કેટલોક સામાન લઈ જવાના ઈરાદાથી એક ગાડામાં ભર્યો; તહોમતદારે આવીને તે ગાડું ઉંધું કરી નાંખ્યું અને તેથી તેમાં ભરેલો સામાન જમીન ઉપર પડી ગયો, જે ઉપરથી ફરીયાદી ચાલ્યો ગયો, તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તહોમતદારે આ કલમ મુજબ કાંઈ ગુન્હો કર્યો નહોતો.૬

૩૪૦. કોઇ શખસ મુકરર કરેલી ચોતરફી હદની બહાર જતો અટકે એવી રીતે જે માણસ તે શખસને ગેરવ્યાજબી અટકાવ કરે તે માણસે તે શખસને "ગેરવ્યાજબી કેદ" કર્યો એમ સમજવું.

ગેરવ્યાજબી કેદ.

---

૧. શીવશરણ વિ. મહમદફાજલ ૧૦ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું ૨૦
૨. રેજાઇના વિ. તેલાપાલુ વેરકૃત લો ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો. પાનું ૨૦૧
૩. રેજાઈના વિ. સમીન્દા વેરકૃત લો ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો. પાનું ૨૦૧
૪. રેજાઇના વિ. લક્ષ્મણ મુંબાઇ હાઇકોરટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ તા. ૧૧ મી જાનેવારી સને ૧૮૭૫
૫. રેજાઇના વિ. હવેલી પંજાબ રેકર્ડઝ ૧૮૮૬ નું ૫૭ મું.
૬. જગેશ્વર વિ. કઇલાશ ૧૨ ક. ૫૫

દ્રષ્ટાંત--**અ** એક દીવાલ બાંધી લીધેલી જગામાં જ ને મોકલીને **અ** બહારથી તાળુ મારીને જ ને અંદર બંધ કરે અને તેમ કરવાથી તે હદ વાળી દેવાલની બહાર કોઈ પણ તરફ જ થી જઇ શકાય નહીં તો **અ** એ જ ને ગેરવ્યાજબી કેદ કર્યો એમ સમજવું.

(બ) એક ઇમારતના દરવાજાઓ આગળ **અ** બંદુકવાળા માણસો રાખે અને જ ને એ પ્રમાણે કહે કે જો તું એ ઇમારતમાંથી બહાર જવાની કોશીશ કરશે તો તને આ માણસો ગોળી મારશે તો **અ** એ જ ને ગેરવાજબી કેદ કર્યો એમ સમજવું.

ટીકા.—ગેરવ્યાજબી કેદનું તહોમત સાબીત કરવા સારૂ ખરેખર શારીરિક અટકાવ સાબીત કરવાની જરૂર નથી. દરેક કેસમાં એ સાબીત કરવું જોઇએ કે તે માણસના મનમાં એવી લાગણી ઉત્પન્ન થઈ હતી કે જેથી તે વ્યાજબી રીતે એવું માનવાને દોરાય કે તેને (ત્યાંથી) જવાની છુટ નહોતી, અને જો તે તેમ કરવાની (જવાની) કોશીશ કરશે તો તેને તરતજ અટકાવવામાં આવશે. જો તે માણસ એમ જાણતો હોય કે જવાને તે સ્વતંત્ર છે, અને રખેને ભવિષ્યમાં તેને કાંઇ નુકશાન ખમવું પડે એવી ધાસ્તીથી તે તેમ કરતો અટકે તો તેના જવાથી ભવીષ્યમાં તેને કાંઇ નુકશાન થવાની ધાસ્તી માત્ર બસ થશે નહી. પણ જો હકીકત એવી હોય કે જેથી તેનું એમ ધારવું વ્યાજબી ગણાય કે જો તે જશે તો તેને તુરતજ પકડશે તો એવા નિર્ણય ઉપર આવવું વ્યાજબી ગણાશે કે તેને અટકાવવામાં આવ્યો હતો અને કેદ કરવામાં આવ્યોહતો.૧

આ કલમમાં વર્ણવેલા ગેર વ્યાજબી કેદના ગુન્હામાં દ્વેષભાવ એ મુદ્દાનું (જરૂરનું) તત્વ નથી જ્યારે કોઈ માણસને એવી રીતે ગેરવ્યાજબી અટકાવ કરવામાં આવે કે મુકરર કરેલી ચોતરફી હદની બહાર જતો તે અટકે તેજ વખતે ગુન્હો પરિપુરણ રીતે બને છે અને જ્યારે કોઈ સખશને જેણીમેર જવાનો તેનો હક હોય તેણીમેર જતો તે સખશ અટકે એવી રીતે (તેને) બુદ્ધિપુર્વક હરકત કરવામાં આવે ત્યારે તેને ગેરવ્યાજબી રીતે અટકાવ કરેલો (ગણાય) છે. આ પ્રમાણે જ્યાં તહોમતદાર કે જે આબકારી ઇન્સ્પેકટર હતો તેણે એક માણસને (રાખીને) લાંચ અથવા ધમકી આપી ફોડી નાંખવામાં ન આવે તેટલા સારૂ આખી રાત અટકાવી રાખ્યો, ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જો તેનું કૃત્ય બીજી રીતે આ કલમમાં આપેલી વ્યાખ્યાની અંદર આવી જતું હોય તો તે દ્વેષભાવ વગર અને તેના અભિપ્રાય મુજબ તેને યોગ્ય લાગ્યું તેમ વર્ત્યો હતો તે વાતથીજ માત્ર તેનું રક્ષણ થશે નહી.૨

આ ગેરવ્યાજબી કેદના સંબંધમાં ચીફ જસ્ટીસ લોર્ડ કોલરીજ નીચે મુજબ ટીકા કરે છેઃ—"કેદખાનાની હદ વિસ્તીર્ણ અથવા સાંકડી હોય, અથવા દેખીતી કે બે માલુમ હોય, અથવા ખરેખરી "હોય અગર તો કલ્પનામાંજ માત્ર હોય; તે હદ ચલિત હોય અથવા સ્થાપીત હોય, પરંતુ તેની હદ "તો હોવીજ જોઇએ, અને તે હદના બહાર જતાં કેદ કરેલા સખસને અટકાવેલો હોવો જોઇએ........ "શરીરને કેદ કરવાની અને સ્વતંત્રતાના નાશ માત્રની વચ્ચે ગુચવાડો કરવાથી કેટલીક ગુચવણ ઉત્પન્ન "થતી મને લાગે છે; જ્યાં ખુશીમાં આવે ત્યાં જવાને શક્તિવાન હોવું તે સ્વતંત્રતાની વ્યાખ્યાનો એક "ભાગ છે; પરંતુ કેદ થવું તે આ શક્તિના માત્ર નાશ કરતાં કાંઇક વધારે છે; તેમાં આપણી પોતાની "શક્તિથી બહારની કોઈ (ની) શક્તિ અથવા ઈચ્છાથી મુકરર કરેલી અમુક હદની અંદર અટકાવના "ખ્યાલનો સમાવેશ થાય છે."૩

મદ્રાસમાં ચુકેલા એક કેસમાં લોર્ડ કોલરીજના આ છેલ્લા શબ્દો ટાંકીને કોરટ કહે છે કે "કેદ "(નો ગુન્હો) બનવા સારૂ દેખીતી રીતે એ જરૂરનું નથી કે ચડીઆતુ શારીરિક બળ ચાલુ વાપરેલું હોવું "જોઇએ. તેટલા માટે એ તદ્દન ચોખ્ખું છે કે કોઇ સખસને (તેની પોતાની નહી પણ) બાહારની

૧. રેજીના વિ. શામલાલ ૪ બોમ્બે લો રીપોરટર પાનું ૭૯.
૨. ગાલ્ના વિ. એફ એલ. કલીફરડ ૧૩ મું પાનું ૩૭૬.
૩. બરડ. વિ. જોન્સ. ૭ કવીન્સ બેન્ચ ડીવીઝન. પાનું. ૭૪૨.

"(બીજા માણસની) ઈચ્છાના બળથી, અમુક જગ્યામાં અટકાવી રાખવો અથવા અમુક દીશામાં જવાની
"તેને ફરજ પાડવી, (અને તેમ કરીને) તેનું પોતાનું ઈચ્છા પુર્વક વર્તન અટકાવવું અથવા બંધ પાડવું
"તે, જે માણસ તે બાહારની ઈચ્છા વાપરે તે માણસના તરફથી કેદ કરવું (ગણાય) છે."

આ મદ્રાસના કેસમાં હકીકત એવી હતી કે એક પોલીસ સુપરીન્ટેન્ડન્ટે એક માણસને ગેરકાયદેસર રીતે એક કાગળ લખીને તેને એક માજીસ્ટ્રેટ આગળ રજુ થવાને ફરમાવ્યું, અને તેની સાથે જવાને સારૂ તથા તેને કોઇ પણ માણસની સાથે વાત કરતો અટકાવવાને સારૂ બે કોન્સટેબલોને મોકલ્યા. આ ગેરવ્યાજબી કેદ હતી એવું ઠરાવવામાં આવ્યું હતું.૧

પીનલકોડ ઘડનારાઓ પોતાની નોટમાં ગેરવ્યાજબી કેદના સંબંધમાં નીચે મુજબ ટીકા કરે છે.

ગેરવ્યાજબી કેદ કે જે ગેરવ્યાજબી અટકાવનો એક પ્રકાર છે તે કોઈ માણસને જે હદની બાહાર તે જવા ઇચ્છતો હોય અને જે હદની બાહાર જવાનો તેનો હક હોય તે હદની અંદર રોકવો તે છે.૨

પોલોક સાહેબ ગેરવ્યાજબી કેદનું નીચે મુજબ વર્ણન કરે છે:—આ ગુન્હો બનવાને સારૂ "હાથ
"મુકીને (રોકવું તે) અથવા બીજો ખરેખર શરીરનો અટકાવ જરૂરનું તત્વ નથી........' માણસને હરેક
"પ્રકારે રોકવું તે તેને કેદ કરવું છે, પછી તે (રોકવું) સાધારણ કેદખાનામાં હોય, અથવા ખાનગી કેદમાં
"હોય, અથવા તો પગે ઘાલવાની હેડ (બેડી) માં હોય, અથવા જાહેર રસ્તા ઉપર તે માણસને જોર
"જુલમથી રોકી રાખવું હોય ' અને જ્યારે કોઇ માણસ કોઇ ઘરમાં કાયદેસર રીતે ગયેલો હોય ત્યારે
"જે ઓરડામાં તે હોય તે ઓરડો છોડીને જતો તેને અટકાવવો તે તેને કેદ કરવું છે. પરંતું તેને રોકી
"રાખવું એવી જાતનું હોવું જોઈએ કે જેથી સઘળી દીશાઓમાં જવાની તે માણસની સ્વતંત્રા મર્યાદિત
"થતી હોય માત્ર એકજ દીશામાં જવાનો કોઇ માણસનો રસ્તો બંધ કરવો તે તેને કેદ કરવું ગણાય નહી."

એક કેસમાં એક જુઠી હરાજીમાં હરાજી કરનારે એક સ્ત્રીએ એક ચિત્રની હરાજીમાં માગણી કરી નહોતી એવું જાણતાં છતાં તે ચિત્ર તે સ્ત્રીને માટે 'ત્રણવાર' કરી દીધું, અને તે ચિત્રની કીંમત તે સ્ત્રીએ આપી નહી ત્યાં સુધી તે હરાજીના મકાનમાંથી તે સ્ત્રીને જવા દીધી નહી. તેમાં તે હરાજી કરનારને ગેરવ્યાજબી કેદ કરવાના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.૩

એક કેસમાં કોરટે વધુ મતે એવું ઠરાવ્યું હતું કે એક સ્ત્રીને ગેરવ્યાજબી કેદ કરવા બદલ કેદીઓને વ્યાજબી રીતે ગુન્હેગાર ઠરાવી સજા કરવામાં આવી હતી, કેમકે તે કેસની હકીકત ઉપરથી એવું માલમ પડતું હતું કે તે સ્ત્રી કેદીઓને ઘેર કદી પોતાની ખુશીથી ગઇ નહોતી, અને તે ત્યાં હતી તે વખતે પોતાની ખુશીથી ત્યાં રહી નહોતી.૪

એક કેસમાં એક પોલીસ અમલદારે એક માણસને તેની પોતાની જાતે પકડવાને બદલે તેને પકડી લાવવાનો એક ખાનગી સખસને હુકમ કર્યો તેમાં તે પોલીસ અમલદારને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.૫ તેજ પ્રમાણે જ્યાં બ્રીટીશ હિન્દુસ્તાનની બહાર કરેલા વિશ્વાસઘાતના અથવા બીજા વારંટ વગર પકડી શકાય એવા ગુન્હાના તહોમત ઉપરથી એક ઇંગ્રેજી રાજ્યની પ્રજાને એક પોલીસ અમલદારે વારંટ વગર પકડયો ત્યાં પણ તેને આ કલમ મુજબ ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.૬

કેટલાક માણસો (બીજાના ખેતરમાં) પેસી જતાં માલમ પડેલાં (તેમનાં) ઢોરોને અટકાવવાની સામે થયા તેથી એક ગામડાના માજીસ્ટ્રેટે અને કરનલે તેમના હોદ્દાની રૂએ તેમને પકડવાનો હુકમ કર્યો

---

૧. પરાણ કુશમ. વિ. સ્ટુઅરટ ૨ મદ્રાસ હાઈકોરટ રીપોરટસ. પાનું. ૩૯૬.

૨. નોટ મ. પાનું ૮૧.

૩. રેજાઇના. વિ. મેકગ્રાથ. લો રીપોરટસ ૧ ક્રાઉન કેસીસ. પાનું. ૨૦

૪. રેજાઈના વિ. અમીર દરાઝ. ૪ સધરલાન્ડઝ વીકલી રીપોટેર. પાનું. ૩

૫. રેજાઈના. વિ. બિહારીસીંગ. ૭ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનું. ૪

૬. રેજાઇના. વિ. મુકંદ. ૧૯ સુ. ૭૨

તે કેસમાં તે માજીસ્ટ્રેટ તથા કરનલને તેમજ જે કોન્સ્ટેબલોએ તેમનો હુકમ માન્ય કર્યો હતો તે કોન્સ્ટેબલોને, ગેરવ્યાજબી કેદ કરવાના ગુન્હા બદલ વ્યાજબી રીતે ગુન્હેગાર ગણવામાં આવ્યા હતા એવું ઠરાવવામાં આવ્યું હતું.૧

જે પોલીસ અમલદાર તે કેસની સઘળી હકીકત ઉપરથી વ્યાજબી ગણાય એવા કોઈ યોગ્ય કારણ સીવાય કોઇ સખસને માત્ર એક કલાક સુધી પણ રોકી રાખે તો તે તે સખસને ગેરવ્યાજબી કેદ કરવાનો ગુન્હેગાર થશે, અને ૧૮૭૨ના આકટ ૧૦ માની કલમ ૧૨૪ મી (જે હાલના ૧૮૯૮ના આકટ ૫ ના ક્રીમીનલ પ્રોસીજરકોડની કલમ ૬૧ મી સાથે મળતી આવે છે તે) થી તેનું રક્ષણ થશે નહી.૨

એક કેસમાં એક માણસ પોલીસ થાણામાં ફરીયાદ કરવા ગયો, અને ત્યાંના પોલીસ અમલદારે કોઇક કારણને લીધે તેણે પોતાના ઉપરી (અમલદાર) ની સાથે મસલત કરી ત્યાં સુધી તે માણસને રોકી રાખ્યો અને પછી તેના હાથ મુચરકા લઈને તેને જવા દીધો તે કેસમાં તેણે (પોલીસ અમલદારે) કાંઈ પણ ગુન્હો કર્યો નહોતો એમ ઠરાવવામાં આવ્યું હતું.૩

એક કેસમાં એક પોલીસ કોન્સ્ટેબલે કેટલાક સખસોને શકદાર તરિકે કેટલાક દીવસ સુધી રોકી રાખ્યા. તેમને હાથકડી કરવામાં આવી ન હતી. પરંતુ તેમને અમુક મુકરર કરેલી જગામાંજ રાખવામાં આવ્યા હતા. તેમને માટે ખોરાક લાવવા દેવામાં આવતો, અગર પોલીસ અગર ચોકીયાત તેમને ઘેર ખાવા માટે લઇ જતા અને પાછા લાવતા. એ કામમાં એમ ઠરાવવામાં આવ્યું તહોમતદાર–પોલીસ કોન્સ્ટેબલે ગેરવાજબી કેદનો ગુન્હો કર્યો હતો.૪

કલમ ૨૧૧ (દ્વેષભાવથી ખોટી રીતે ફોજદારી કામ ચલાવવું) અને કલમ ૩૪૦ (ગેરવ્યાજબી કેદ) ની વચ્ચે ભેદ.

જસ્ટીસ વીલ્સે આ બે કલમો વચ્ચેનો ભેદ ઘણી સારી રીતે બતાવ્યો છે, તે કહે છે કે " તે બે " કલમો વચ્ચેના ભેદનું બહુ સારુ દ્રષ્ટાંત (નીચેનો) કેસ છે કે જ્યાં, બે પક્ષકારો માજીસ્ટ્રેટની આગળ " હોય, અને (તેમાંનો) એક બીજાના ઉપર તહોમત મુકે, જે ઉપરથી તે માજીસ્ટ્રેટ જે માણસના " ઉપર તહોમત મુકવામાં આવ્યું છે તે માણસને કેદ પકડવાનો હુકમ કરે, અને તે બાબત તપાસ " થાય ત્યાં સુધી તેને (કેદમાં) રોકી રાખવાનો હુકમ કરે. તહોમત મુકનાર માણસ ગેરવ્યાજબી " કેદ કર્યા બદલ (તેના ઉપર) કામ ચાલવાને પાત્ર નથી, કેમકે તે હુકમ અમલમાં લાવનાર અમલ-" દારને કામ બતાવતો નથી (ફરીયાદ કરતો નથી,) પરંતુ ન્યાય કરનાર અમલદારને કામ બતાવે છે " (ફરીયાદ કરે છે) ન્યાય કરનાર અમલદારનો અભીપ્રાય અને નીર્ણય તહોમતની અને કેદની વચ્ચે " મુકાયલાં છે. "૫ જો તહોમત મુકનાર માણસ પોતાની હકીકત કોઈ પોલીસ અમલદારને જાહેર કરે, અને તે ઉપરથી તે પોલીસ અમલદાર જેના ઉપર તહોમત મુકયું હોય તેને પકડે તો તે પોલીસ અમલદારે ગેરવ્યાજબી કેદ કરેલી કહેવાય, પણ તે તહોમત મુકનાર માણસ, જો કે તે તહોમતના તકતા ઉપર પોતાની સહી કરે તો પણ, ગેરવ્યાજબી કેદ કર્યાનો ગુન્હેગાર થશે નહી.૬ પરંતુ જો તે પોલીસ અમલદાર તે માણસને કેદ પકડવાની સાફ ના પાડે પણ જો તહોમત મુકનાર માણસ તે અમલદારને તેમ કરવાની (પેલા માણસને તે પકડે એવી) પોતાની મરજી બતાવે અને તે ઉપરથીજ તે અમલદાર પેલા માણસને પકડે તો તે તહોમત મુકનાર માણસ ગેરવ્યાજબી કેદ કરવાનો ગુન્હેગાર થશે.

---

૧. ૫ મદ્રાસ હાઇકોરટ રીપોરટસ. પરિશિષ્ટ પાનું. ૨૪
૨. રેજાઈના. વિ. સુપ્રસન્નો. ૬ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનું. ૮૮.
૩. રેજાઈના. વિ. બદરૂલ હુસેન. ૨૪ સધરલાન્ડઝ વીકલી રીપોટર પાનું. ૫૧.
૪. ઑગ્ઝે લૉ રિપોર્ટર. ७૯ (સને ૧૯૦૨).
૫. ઓરટીન. વિ. ડાઉલીંગ. લો રીપોરટસ. ૫ કોમનપ્લીઝ પાનું. ૫૩૪, પાને ૫૪૦ મે.
૬. ગ્રીંગહામ. વિ. વીલી. ૨૮ લો જનરલ એકસ્ચીકર. પાનું. ૨૪૩

૩૪૧. જે માણુસ કોઈ સખશને ગેરવ્યાજબી અટકાવ કરે તે માણુસને એક મહીનાની મુદત સુધીની આસન કેદની અથવા પાંચસે રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ગેરવ્યાજબી અટકાવની શીક્ષા.

ટીકા.—અ અને તેની વહુના કબજામાં એક ઘર હતું ન નામના તે ઘરના આગલા માલીકે કરેલા વીલની રૂઇએ તેઓ તે ઘર ઉપર હક રાખતાં હતાં. તહોમતદાર પોતે ન ના દત્તક લીધેલો છોકરો છે એવા કારણસર તેજ ઘર ઉપર પોતાનો હક જણાવતો હતો. અ ની ગેરહાજરીમાં તે (તહોમતદાર) તે ઘરમાં પેઠો, અ ની વહુને કાઢી મુકી, અને મકાન બંધ કરી તાળું માર્યું. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે શુદ્ધ બુદ્ધિથી તે ઘર ઉપર રાખવામાં આવતા હકની રૂઇએ તે ઘરને તાળું મારવામાં આવ્યું હતું તેથી આ કલમ પ્રમાણે કાંઈ પણ ગુન્હો બનતો નહોતો.૧

જ્યાં તહોમતદારોએ ફરીયાદીઓને તેમનાં ગાડાં સાથે અમુક દીશામાં જતાં અટકાવ્યાં, અને જુઠાં બહાનાં કાઢીને તેમની પાસે પૈસાની રકમ ઓકાવી ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે તહોમતદારો ચોરીના નહી, પણ ગેરવ્યાજબી અટકાવ કરવાના ગુન્હાના ગુન્હેગાર હતા.૨

એક કેસમાં તહોંમતદાર કે જે કોર્ટનો ઓફીસર (બેલીફ) હતો તેને એવો હુકમ કરવામાં આવ્યો હતો કે અમુક હુકમનામાના દેણદારને પકડીને કોર્ટ રૂબરૂ બનતી તાકીદે રજુ કરવો. તેણે દેણદારને પકડયો તે વખતે કોર્ટ ભરાયલી ન હતી તેથી હુકમનામાના લેણદારના ઘરમ. બીજા વખતે કોર્ટ બેઠી ત્યાં સુધી બેસાડી રાખ્યો. તેમાં ઠરાવવામાં આવ્યું કે—તેણે (કોર્ટના ઓફીસરે) ગે.વ્યાજબી કેદનો ગુન્હો કર્યો ન હતો.૩

કોઇ શખસે એક ઝુંપડું ઉભું કરી અગર બીજી રીતે હરકત કરી ગેરવ્યાજબી અટકાવ કર્યો હોય તે માટે એક માજીસ્ટ્રેટ તેને સજા કરે તે પ્રસંગે તે ઝુંપડું અથવા બીજું જે કંઇ હરકત કરતા હોય તે કઢાવી નાંખવાનો હુકમ તેનાથી થઇ શકે નહીં.૪

૩૪૨. જે માણુસ કોઇ સખશને ગેરવ્યાજબી કેદ કરે તે માણુસને એક વરસની મુદત સુધીની બેમાંની ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ગેરવ્યાજબી કેદની શીક્ષા.

ટીકા.—જે પોલીસ અમલદારને તકરારી (કામમાં) કેદ પકડવાની કાંઈ પણ સત્તા ન હોય તે અમલદાર જો કેદ પકડે તો તે આ કલમ પ્રમાણે ગેરવ્યાજબી અટકાવ ગણાશે.૫

૩૪૩. જે માણુસ કોઇ સખશને ત્રણ અથવા વધારે દીવસ ગેરવ્યાજબી કેદ કરે તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ત્રણ અથવા વધારે દીવસ ગેરવ્યાજબી કેદની શીક્ષા.

---

૧. રેજ[illegible]. વિ. હોવાના. મુંબાઈ હાઇકોર્ટનાં ક્રીમીનલ રેટ[illegible] ૧૮[illegible] નું ૧૦ મું.
૨. જવાહીર. વિ. ચ્રીધારી. ૧૦ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું. ૩૫.
૩. ઇ. લો. રિ. ૩૧ મદ્રાસ ૧૭૯.
૪. ઈ. લો. રિ. ૩૧ કલકત્તા ૬૯૧. ૫. કલકત્તા. વીકલીનોટસ ૪૩૧.
૫. રેજાઇના. વિ. મુકંદ ૧૯ મું. ૭૨.

૩૪૪. જે માણુસ કોઈ સખશને દશ અથવા વધારે દીવસ ગેરવ્યાજબી કેદ કરે તે માણુસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

દશ અથવા વધારે દીવસ ગેરવ્યાજબી કેદની શીક્ષા.

૩૪૫. ફલાણા શખસને છોડવવાને કાયદા મુજબ હુકમ સાદર થઇ ચુકયો છે એમ જાણ્યા છતાં જે માણુસ તે શખસને ગેરવ્યાજબી કેદમાં રાખે તે માણુસને આ કાયદાની કોઈ બીજી કલમ પ્રમાણે જેટલી મુદતની કેદને તે માણુસ લાયક હોય તે ઉપરાંત બે વરસની મુદત સુધીની બેમાંની ગમે તે પ્રકારની બીજી કેદ કરવામાં આવશે.

જે શખસને છોડવાનો હુકમ સાદર થયો હોય તે શખસને ગેરવ્યાજબી કેદમાં રાખવો.

૩૪૬. કોઇ માણુસ અગર કોઇ શખસને એવી રીતે ગેરવ્યાજબી કેદ કરે કે તેવી તે શખસની કેદની વાત તે કેદ થએલા શખસની સાથે સંબંધ રાખનારા કોઇ શખસના જાણ્યામાં અથવા કોઈ સરકારી નોકરના જાણ્યામાં ન આવે અથવા તે કેદનું ઠેકાણું ઉપર લખેલા પ્રકારના કોઇ શખસ અથવા સરકારી નોકરના જાણ્યામાં ના આવે અથવા તેને જડે નહી એવો ઇરાદો તે કેદ કરનારા માણુસના દીઠામાં આવે તો તે માણુસને ગેરવ્યાજબી કેદને માટે બીજી જે કાંઈ શીક્ષાને તે માણુસ લાયક હોય તેથી ઉપરાંત બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની બીજી શીક્ષા કરવામાં આવશે.

છાની ગેરવ્યાજબી કેદ.

ટીકા.—આ કલમ પ્રમાણે કોઈ માણસને જવાબદાર (ગુન્હેગાર) કરવાસારૂ એ સાબીત કરવું જોઇએ કે તે ગેરવ્યાજબી કેદ એવા પ્રકારની હતી કે જેથી તે કેદ કરેલો શખસ જડે નહી એવો ઈરાદો જણાઇ (દીઠામાં) આવે.૧

૩૪૭. કોઇ શખસને કેદ કરીને તે શખસ પાસે અથવા તેની સાથે સંબંધ રાખનારા કોઈ શખસ પાસે જબરાઈથી કાંઈ મીલકત અથવા કીમતી દસ્તાવેજ કહડાવાના કારણુસર અથવા કેદ કરેલા શખસ પાસે કે તેની સાથે સંબંધ રાખનારા કોઇ શખસ પાંસે જબરજસ્તીથી કાંઇ કાયદા વિરૂદ્ધ કામ કરાવાના અથવા જેથી કાંઇ ગુન્હો કરવો સેહેલ થાય એવી કાંઇ ખબર મેળવવાના કારણુસર જે માણુસ તે શખસને ગેરવ્યાજબી કેદ કરે તે માણુસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

જબરજસ્તીથી કાંઇ મીલકત કઢાવવાના અથવા કાંઇ કાયદા વિરૂદ્ધ કામ કરવાના કારણુસર ગેરવ્યાજબી કેદ.

---

૧. એમ્પ્રેસ. વિ. શ્રીનાથ બાનરજી. ૯ ક. ૨૨૧

એક પોલીસ આઉટ પોસ્ટના હેડકોન્સ્ટેબલે, એક શખસ કે જેને અમુક તહોમત માટે પકડવામાં આવ્યો હતો તેના સામેનું તહોમત તે અમુક રકમ આપે તો પડતું મૂકવા કબુલ્યું. તે ઉપરથી તહોમતદારને બે ચોકીયાતની સાથે નાણાં લેવા મોકલ્યો, અને એ હેતુ બર લાવવા માટે ચોકીયાતોએ તેને કેટલેક ઠેકાણે પૂરી રાખ્યો અને તેના ઉપર સખતાઇ કરી. તે સંજોગોમાં એમ ઠર્યું હતું કે ઉપર કહેલ હેડકોન્સ્ટેબલ આ કલમ મુજબના ગુન્હાની મદદગારીમાં સામેલ હતો એવું (તેણે તેમ કરવાના સ્પષ્ટ હુકમો આપ્યા હતા તેવું પુરવાર થયા સિવાય) ઠરાવી શકાય નહીં.[૧]

જબરજસ્તીથી કબુલાત કરાવવાના અથવા કાંઈ મીલકત પાછી અપાવવાના કારણસર ગેરવ્યાજબી કેદ.

૩૪૮. કોઈ શખસને કેદ કરી તે શખસ પાસે અથવા તે શખસની સાથે સંબંધ રાખનારા કોઇ શખસ પાસે જેથી કાંઇ ગુન્હો અથવા બદચાલ પકડાય એવી કંઇ ખબર અથવા કબુલાત જબરજસ્તીથી લેવાના કારણસર અથવા કેદ કરેલા શખસ પાસે કે તેની સાથે સંબંધ રાખનારા કોઈ શખસ પાસે જબરજસ્તીથી કાંઇ મીલકત અથવા કીમતી દસ્તાવેજ પાછો અપાવવાના કારણસર અથવા તે કાંઈ લેહેણું કે માગણું પતાવે અથવા જેથી કાંઇ મીલકત કે કીમતી દસ્તાવેજ પાછો મળી શકે એવી કાંઇ ખબર આપે એમ કરવાના કારણસર જે માણસ તે શખસને ગેરવ્યાજબી કેદ કરે તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

સાપરાધ બળ તથા હુમલા બાબત.

બળ.

૩૪૯. જો એક શખસ કોઇ બીજા શખસને ગતી આપે તેની ગતીમાં ફેરફાર કરે અથવા તેની ગતી બંધ કરે અથવા જો તે શખસ કાંઇ પદાર્થને એવી રીતે કાંઇ ગતી આપે કે તેની ગતીમાં ફેરફાર કરે અથવા તેની ગતી બંધ કરે કે તેથી તે પદાર્થ તે બીજા શખસના શરીરના કોઇ ભાગને અથવા તે બીજા શખશે કાંઇ વસ્તુ પહેરી હોય અથવા તે સાથે લઇ જતો હોય તે વસ્તુને અડકે અથવા બીજી કાંઈ વસ્તુને અડકે એવી રીતે કે તેથી તે બીજા શખસની સપરસેંદરી પર અસર થાય તો તે શખસે બીજા શખસપર બળ વાપર્યું એમ સમજવું પણ જે શખસ ગતી આપતો ગતીમાં ફેરફાર કરતો અથવા ગતી બંધ કરતો હોય તેણે નીચે બતાવેલા ત્રણ પ્રકારોમાંના કોઇ પ્રકારે તે ગતી આપવી અથવા ગતીમાં ફેરફાર કરવો અથવા ગતી બંધ કરવી જોઇએ.

પેહેલો—પોતાના શરીરની શક્તિથી.

બીજો—કોઇ પદાર્થ એવી રીતે મુકવો કે પછી પોતાની તરફથી અથવા બીજા કોઇ શખ-

---

૧. ઇ. લો. રિ. ૩૧ કલકત્તા ૭૧૦.

સની તરફથી કાંઈ બીજું કામ થયા શીવાય તે ગતી થાય અથવા ગતીમાં ફેરફાર થાય અથવા ગતી બંધ થાય એમ કાંઇ રચના કરીને

ત્રીજે–કાંઇ જાનવરને ગતીમાન કરીને, તેની ગતીમાં ફેરફાર કરીને અથવા ગતી બંધ કરીને.

ટીકા.—અણધારેલું અને અગાઉથી જાણી શકાય નહી તેવું પરીણામ હુમલો કરવાથી અથવા સાપરાધ બળ વાપરવાથી આવ્યું છે તે વાતથી ગુન્હાની જાત અથવા તેને લીધે થવાની સજામાં ફેરફાર થતો નથી. દાખલા તરીકે, તહોમતદારે મરનારને એક ધકકો માર્યો, જેથી તે પડી ગયો, અને પડવાથી તેનો અંગુઠો ભાંગી ગયો, અને પાછળથી તેનું જડબું ભીડાઇ જવાથી (દાંત બંધ થઇ જવાથી) તે મરી ગયો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે સાપરાધ બળના સીવાય બીજો કોઈ પણ ગુન્હો કરવામાં આવ્યો નહોતો.૧

સાપરાધ બળ.

૩૫૦. જો કોઇ શખસ કોઈ બીજા શખસની રજામંદી શીવાય તે બીજા શખસની ઉપર કાંઇ ઇરાદાથી બળ વાપરે અને તે કાંઈ ગુન્હો કરવા સારૂ અથવા તે બળ જે શખસની ઉપર વાપરે તે શખસને તે બળથી કાંઇ નુકશાન ભય અથવા દુખ કરવાના ઇરાદાથી અથવા તેને તે બળ વાપરવાથી પોતાથી કાંઇ નુકશાન ભય અથવા દુખ થવાનો સંભવ છે એમ જાણ્યા છતાં તો તે શખસે તે બીજા શખસની ઉપર સાપરાધ બળ વાપર્યુ એમ સમજવું.

દ્રષ્ટાંત—(**અ**) એક નદીમાં બાંધેલી હોડીમાં જ બેઠો હોય અને અ તેનાં દોરડાં છોડી નાંખે અને એ પ્રમાણે ઇરાદાથી તે હોડીને પ્રવાહથી ખેંચાઇ જવા દે તો એ ઠેકાણે અ એ ઇરાદાથી જ ને ગતી આપી અને તે પદાર્થોને એવી રીતે મુકવાથી કે પછી કોઇ શખશની તરફથી બીજું કામ થયા શીવાય તે ગતી ઉત્પન્ન થાય માટે અ એ ઇરાદાથી જ ની ઉપર બળ વાપર્યું એમ સમજવું અને અગર કોઇ ગુન્હો કરવા સારૂ અથવા જને કાંઈ નુકશાન ભય અથવા દુઃખ કરવાના ઇરાદાથી કે એ પ્રમાણે બળ વાપરેથી કાંઈ નુકશાન ભય કે દુઃખ થશે એવો સંભવ જાણ્યા છતાં તેણે એ કામ જ ની રજામંદી શીવાય કર્યું માટે અ એ જ ની ઉપર સાપરાધ બળ વાપર્યું એમ સમજવું.

(**બ**) જ એક સીગરામમાં બેસીને જાય છે તેના ઘોડાઓને અ ચાબક મારીને તેની ચાલ ઉતાવળી કરે તો એ ઠેકાણે જાનવરો પાસે પોતાની ગતી બદલાવીને અ એ જ ની ગતીમાં ફેરફાર કર્યો માટે અ એ જ ની ઉપર બળ વાપર્યું એમ સમજવું અ ને અગર જ ને કાંઇ નુકશાન ભય અથવા દુઃખ કરવાના ઇરાદાથી કે તેથી અને કાંઇ નુકશાન ભય અથવા દુઃખ થાય એવો સંભવ જાણ્યા છતાં તેણે એ કામ જ ની રજામંદી શીવાય કર્યું હોય તો અ એ જ ની ઉપર સાપરાધ બળ વાપર્યું એમ સમજવું.

(**ક**) જ એક પાલખીમાં બેસીને જાય છે તેની પાસેથી અપહરણ કરવાના ઇરાદાથી અ દોરો ઝાલીને તે પાલખીને અટકાવે તો એ ઠેકાણે અ એ જ ની ગતી બંધ કરી અને તેણે પોતાના શરીરની શક્તિથી કર્યું માટે અ એ જ ની ઉપર બળ વાપર્યું એમ સમજવું અને એ પ્રમાણે અ એ ઇરાદાથી જ ની રજામંદી સીવાય તથા ગુન્હો કરવા સારૂ કર્યું માટે અ એ જ ની ઉપર સાપરાધ બળ વાપર્યું એમ સમજવું.

---

૧. રેજાઈના. વિ. આચારજીસ. ૧ મ. ૨૨૪.

(ઙ) રસ્તામાં અ ઇરાદાથી જ ને ધક્કો મારે તો એ ઠેકાણે અ એ પોતાના શરીરની શક્તિથી પોતાના શરીરને એવી રીતે ગતી આપી કે તે જ ને અડકયું માટે તેને ઈરાદાથી જ ની ઉપર બળ વાપર્યું એમ સમજવું અને અગર જ ને કાંઈ નુકશાન ભય અથવા દુખ કરવાના ઇરાદાથી અથવા તેથી જ ને કાંઇ નુકશાન ભય કે દુખ થાય એવો સંભવ જાણ્યા છતાં તેણે જ ની રજામંદી શીવાય એ પ્રમાણે કર્યું હોય તો તેણે જ ની ઉપર સાપરાધ બળ વાપર્યું એમ સમજવું.

(ઇ) અ એક પથ્થર ફેંકે એવા ઇરાદાથી અથવા એવો સંભવ જાણીને કે તે પથ્થર જ ને અડકશે અથવા જ ના કપડાંને અડકશે અથવા જ કાંઈ વસ્તુ લેઈ જાય છે તેને અડકશે અથવા તે પથ્થર પાણીને લાગીને તે પાણીથી જ ના કપડાં અથવા જ કાંઇ વસ્તુ લઇ જાય છે તે છંટાશે તો એ ઠેકાણે અગર તે પથ્થર ફેંકવાથી કાંઈ પદાર્થ આવીને જ ને અથવા જ ના કપડાને અડકે તો અ એ જ ની ઉપર બળ વાપર્યું એમ સમજવું અને અગર જ ને કાંઇ નુકશાન ભય કે દુઃખ કરવાના ઇરાદાથી તેણે જ ની રજામંદી શીવાય એ પ્રમાણે કર્યું હોય તો તેણે જ ની ઉપર સાપરાધ બળ વાપર્યું એમ સમજવું.

(ફ) અ ઈરાદાથી કોઇ સ્ત્રીનો બુરખો ઉંચો ખેંચે તો એ ઠેકાણે તે સ્ત્રીની ઉપર ઈરાદાથી બળ વાપર્યું એમ સમજવું અને અગર તે તે સ્ત્રીને કાંઇ નુકશાની ભય કે દુઃખ કરવાના ઈરાદાથી અથવા તેથી નુકશાન ભય કે દુઃખ થાય એવો સંભવ જાણીને તેણે તે સ્ત્રીની રજામંદી શીવાય એ પ્રમાણે કર્યું હોય તો તેણે તે સ્ત્રીના ઉપર સાપરાધ બળ વાપર્યું એમ સસજવું.

(ગ) જ નાહાવા બેઠો છે તેવામાં પોતે ઉકળતુ જાણતો હોય એવું પાણી અ હમામખાનામાં રેડે તો એ ઠેકાણે અ એ ઈરાદાથી પોતાનાં શરીરની શક્તિ વડે તે ઉકળતા પાણીને એવી ગતી આપી કે તે પાણી જ ને અડકે અથવા બીજા પાણીને અડકે અને તે એવી રીતે કે તે અડકવાથી જ ની સ્પર્શેંદ્રિપર અસર થાયજ માટે અ એ ઇરાદાથી જ નો ઉપર બળ વાપરયું એમ સમજવું અને અગર જ ને કાંઈ નુકશાન ભય કે દુઃખ કરવાના ઇરાદાથી અથવા તેથી નુકશાન ભય કે દુઃખ થાય એવો સંભવ જાણીને તેણે જ ની રજામંદી શીવાય એ પ્રમાણે કર્યું હોય તો અ એ જ ની ઉપર સાપરાધ બળ વાપર્યું એમ સમજવું.

(હ) જ ની રજામંદી શીવાય અ એક કુતરાને જ ની ઉપર કુદાવે તો એ ઠેકાણે અ એ જ ને કાંઈ નુકશાન ભય કે દુઃખ કરવાનો અ નો ઇરાદો હોય તો તેણે જ ની ઉપર સાપરાધ બળ વાપર્યું એમ સમજવું.

હુમલો.

૩૫૧. જે માણુસ કાંઇ ચાળા અથવા તૈયારી કરે એવા ઈરાદાથી અથવા એવો સંભવ જાણીને કે તે ચાળા અથવા તૈયારીથી કોઇ શખસ હાજર હોય તેને એવો ભય ઉત્પન્ન થશે કે એ ચાળા અથવા તૈયારી કરનારો માણુસ મારી ઉપર હમણા સાપરાધ બળ વાપરવાનો છે તો તે માણુસે હુમલો કર્યો એમ સમજવું.

ખુલાસો—માત્ર શબ્દોથી હુમલો થતો નથી પણ કોઇ શખસ કાંઇ શબ્દો બોલે તે શબ્દો

તેના ચાળા અથવા તૈયારીનો એવો અર્થ ઉત્પન્ન કરી શકે તેથી તે ચાળા અથવા તૈયારી હુમલો ગણાય.

દ્રષ્ટાંત—(અ) અ મુઠીવાળીને જ ની તરફ ધરીને હલાવે એવા ઇરાદાથી અથવા એવો સંભવ જાણીને કે તેથી જ એમ માનશે કે અ હમણાં કુતરા પાસે મને કરડાવશે તો અ એ હુમલો કર્યો એમ સમજવું.

(બ) અ એક ભયંકર કુતરાનું મુખ છોડાવવા માંડે એવા ઇરાદાથી અથવા એવો સંભવ જાણીને કે તેથી જ એમ માનશે કે અ હમણાં તે કુતરા પાસે મને કરડાવશે તો અ એ જ ની ઉપર હુમલો કર્યો એમ સમજવું.

(ક) અ એક લાકડી લઇને જ ને એમ કહે કે હું તારી વલે કરૂંછું તો એ ઠેકાણે અ એ વાપરેલા શબ્દો કોઇપણ બાબતમાં હુમલો ગણાય નહી તથા માત્ર નીચુ વળીને લાકડી લેવી એ બીજી કાંઈ બીના શિવાય હુમલો ગણી ન શકાય એવું હોય તોપણ તે લાકડી લેવાના ચાળાનો અર્થ તે શબ્દોથી સમજાઇને તે હુમલો થઈ શકે.

ટીકા.—આ હુમલાના ગુન્હાના સંબંધમાં પીનલકોડ ઘડનારાઓ નીચે મુજબ ટીકા કરે છેઃ–"હુમ-"લાની વ્યાખ્યા આપવામાં અમોને ઘણી મુશ્કેલી પડી છે, અને જે વ્યાખ્યા અમે આપી છે તેથી અમે "કોઈપણ રીતે સંતોષ પામ્યા નથી. જે કૃત્યોને અમે હુમલાનું નામ આપ્યું છે તે કૃત્યોનું મોટું પ્રમાણ "વ્યથા અને અટકાવના વિષયોની અંદર આવી જશે આ પ્રમાણે છરીથી કરેલો જખમ વ્યથાના "વિષય તળે આવતો ગુન્હો છે, અને તે હુમલો પણ છે. કોઇ માણસને ગળેથી પકડવો, અને આ પ્રમાણે "તેને રસ્તે જતાં તેને અટકાવવો તે ગેરવ્યાજબી અટકાવ છે, અને તે હુમલો પણ છે. પણ એવા ઘણા "હુમલા છે કે જે બદલ સજા કરવી તે તદ્દન જરૂરનું છે, અને તો પણ જે શારીરિક વ્યથા કરતા નથી અથવા "ગેરવ્યાજબી અટકાવ કરતા નથી. જે સખસ કોઈ ગૃહસ્થ–સ્ત્રીની કંમરની આસપાસ અવિનયથી પોતાનો "હાથ નાંખે, જે સખસ ઘોડાના ચાબુકથી કોઈ માણસને એક મજબુત ફટકો લગાવવાનું ધારે, જે સખસ "કોઈ માણસની સામે દ્વેષભાવથી પથ્થર ફેંકે, અથવા કોઇ માણસના ઉપર ગંદુ પાણી નાંખે, અથવા "કોઈ માણસના ઉપર કુતરો છુટો મુકે, તે સખશ કાંઇ પણ વ્યથા અથવા અટકાવ કરતો નથી, તો પણ "એ ખુલ્લું છે કે આવા કૃત્યો અટકાવવાં જોઇએ."[1]

ભવિષ્યમાં વ્યથા કરવાની ધમકી માત્ર હુમલો નથી. જે માણસને ધમકી આપવામાં આવી હોય તે માણસના મન ઉપર વાસ્તવીક રીતે જે અસર થાય તે અસરમાં આ ગુન્હાનું તત્વ રહેલું છે. વળી એ પણ બતાવવાની જરૂર નથી કે પોતાની ધમકી અમલમાં લાવવાનો તહોમતદારનો ઇરાદો હતો, અથવા તો કે તે (ધમકી) અમલમાં મુકવાનાં તેની પાસે સાધન હતાં, પરંતુ આ બંને કેસમાં જે માણસને ધમકી આપવામાં આવી હોય તેણે ધારેલું હોવું જોઈએ કે ધમકી અમલમાં લાવવાનાં તે (તહોમતદાર) ની પાસે સાધન હતાં. ઇંગ્રેજી કાયદો પણ આ ટીકાને મળતો આવે છે. એક કેસમાં બેરન પારક ટીકા કરે છે કે "મારો "વિચાર એવો છે કે પીસ્તોલ ભરેલી હોય કે ખાલી હોય તો પણ તે પીસ્તોલ કોઇના સામી ધરવી (તા-"કવી) તે હુમલો છે, જો તમે નળીમાંથી દારૂ કાઢી નાંખો અથવા તો ટોટી લઇ લ્યો, અને (જેની સામે "પીસ્તોલ ધરી હોય) તે માણસને કહો કે 'આ ખાલી પીસ્તોલ છે' તો તે હુમલો ગણાશે નહી, કેમકે તે "માણસે જોયેલું હોવું જોઇએ કે તેને નુકશાન (ઇજા) થવાનો કાંઇ પણ સંભવ નહોતો, પરંતુ જે પીસ્તોલ "ભરેલી છે એમ દેખાતી હોય તેવી પીસ્તોલ જો કોઇ સખશ (બીજાની સામે) ધરે, અને તે બીજાને "ધાસ્તીમાં અથવા ભયમાં મુકે, તો તે એ (હુમલો) છે કે જે અટકાવવાનો કાયદાનો હેતુ છે."[2]

કેવળ શબ્દો હુમલો ગણાય નહીં, પરંતુ ધમકી આપનાર શખસ તે વખતે જે શબ્દો વાપરે તે

---

૧. પીનલકોડ ઘડનારાઓની નોટ મ. પાનાં ૮૭, ૮૮.
૨. રેજાઈના. વિ. સેન્ટ જેમ્સ, ૯ કેરીંગટન એન્ડપેન. પાનું, ૪૮૩, પાને ૪૫૦ મે.

તેણે કરેલા ચાળાની સાથે લેવા જોઇએ, અને તે બંને સાથે લેતાં તેમનો એવો અર્થ થાય કે તે હુમલો ગણાય, અથવા તે બંને સાથે લેતાં તેમાંથી એવો અથ નીકળે કે જેથી તે હુમલો ગણાતો. અટક.૧

કલકત્તાની હાઈકોર્ટ એવી ટીકા કરે છે કે અમુક માણસના ઉપર કરેલા હુમલાનું તહોમત સ્થાપીત કરવા સારૂ એટલું સાબીત કરવું બસ નથી કે તહોમતદારે વાપરેલા શબ્દો અને કરેલી તઈયારીઓ (જે માણસની સામે તે શબ્દો વાપરેલા હતા) તે માણસને એવું માનવાને પુરતા હતા કે જો તે અમુક પ્રકારની વર્તણુક ચલાવવાની હઠ કરશે તો તેના ઉપર સાપરાધ બળ વાપરવામાં આવશે; પરંતુ એવું બતાવનારો પુરાવો હોવો જોઈએ કે તહોમતદાર ત્યાંને ત્યાંજ તેજ વખતે તે માણસના ઉપર સાપરાધ બળ વાપરવાની તૈયારીમાં હતો.૨

ભારે ક્રોધ ઉત્પન્ન કર્યા છતાં કોઇની ઉપર સાપરાધ બળ વાપરવાની શીક્ષા.

૩૫૨. કોઇ માણુસે ભારે તથા આકસ્મીક ક્રોધ ઉત્પન્ન ન કર્યા છતાં તે શખસની ઉપર જે માણુસ હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે તે માણુસને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા પાંચસેં રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ખુલાસો—અગર તે ગુન્હો કરવાના બહાના દાખલ તે ક્રોધ ગુન્હેગારે માગી આણેલો અથવા બુદ્ધિપુર્વક ઉત્પન્ન થયો હોય અથવા.

અગર કાયદા મુજબ કે સરકારી નોકરીનો અખતીઆર અમલમાં લાવતાં કોઇ સરકારી નોકરે કરેલી કાંઇ વસ્તુથી તે ક્રોધ ઉત્પન્ન થયો હોય અથવા.

અગર ખાનગી બચાવનો હક કાયદા મુજબ અમલમાં લાવતાં કરેલી કાંઇ વસ્તુથી તે ક્રોધ ઉત્પન્ન થયો હોય તો તે ભારે તથા આકસ્મીક ક્રોધના સબબથી આ કલમ મુજબ કાંઇ ગુન્હાની શીક્ષા ઓછી થશે નહી.

તે ક્રોધ એવો ભારે તથા આકસ્મીક હતો કે તેથી તે ગુન્હો ઓછો થઈ શકે એ હકીકતની બાબત છે.

ટીકા—' ભારે અને આકસ્મીક ક્રોધ ' ના સંબંધમાં પાછળ કલમ ૩૦૦ ના અપવાદ પેહેલાની નીચેની ટીકા જુઓ પાનું ૨૧૪.

મી. નેસ્ન કૃત રેવન્યુ હેન્ડ બુકના પાને ૨૬ મે અને ૨૭ મે છાપેલા નિયમોને કાયદાનો અમલ આપેલો નથી. (અર્થાત તે કાયદો છે એમ ગણાય નહિં) અને તે નિયમોને તાબે થઈ ને વર્તનાર સરકારી નોકર, જો તેનું કૃત્ય બીજીરીતે ગેરકાયદેસર હોય તો, એક સરકારી નોકર તરીકે પોતાની ફરજ બજાવવામાં વર્તણી શકાય નહી. આ પ્રમાણે એક જંગલખાતાના અમલદાર (ફોરેસ્ટ–સેટલમેંટ ઓફીસર) ના ઉપયોગને સારૂ કેટલાંક ગાડાં વેઠે પકડવાને તે અમલદારે મોકલેલા સીપાઈએ ફરીયાદ કરી કે તહોમતદારે તેના ઉપર હુમલો કર્યો અને તેનું ગાડું પકડતાં તેને અટકાવ્યો; તે ફરીયાદ ઉપરથી ફર્સ્ટકલાસ માજીસ્ટ્રેટે સરકારી નોકર ઉપર હુમલો કરવા બદલ, અને તે સરકારી નોકરને તેની ફરજ બજાવવામાં અટકાવ કર્યા બદલ તે તહોમતદારને કલમ ૩૫૩ મુજબ ગુન્હેગાર ઠરાવીને તેને એકવીસ દીવસની સખ્ત મજુરીની કેદની સજા કરી તેમાં હાઇકોર્ટે એવું ઠરાવ્યું હતું કે ૩૫૩ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા રદ કરવી જોઇએ. પુરાવ

૧. કમા. વિ. મોરગન. ૧ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ. પાનું. ૧૦૫
૨. રેજીના વિ. ભીફલલ ૬ કલકત્તા વીકલી નોટસ પાનું. ૩૪૨

ઉપરથી તહોમતદાર જે ગુન્હાનો ગુન્હેગાર હતો તે માત્ર ૩૫૨ મી કલમ પ્રમાણે સાદા હુમલાનો ગુન્હો હતો.૧

હુમલાના કેસમાં ૫૦) રૂપૈયા દંડ કરવો, અને દંડ ન આપે તો એક મહિનાની કેદની સજા કરવી તે પીનલકોડની કલમો ૬૫ અને ૩૫૨ જોતાં ગેરકાયદેસર છે.૨

એટલુંજ પુરવાર કરવું બસ નથી કે તહોમતદારે વાપરેલા શબ્દો અને કરેલી તૈયારી એવા પ્રકારની હતી કે—ફરીયાદીને એમ લાગે કે તે બળ વાપરશે. પરંતુ એવું બતાવી આપનાર પુરાવો રજુ થવો જોઈએ કે તહોમતદાર ત્યાંને ત્યાંજ તે વખતે બળ વાપરવાની તૈયારીમાં હતો.૩

કોઇ સરકારી નોકરને ડરાવીને તેનો અમલ કરતો બંધ રાખવાને સાપરાધ બળ વાપરવું.

૩૫૩. કોઈ શખસ સરકારી નોકર હોય અને પોતાના સરકારી હોદ્દાનો અમલ ચલાવતો હોય તેવામાં તે શખસની ઉપર જે માણસ હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે અથવા તે શખસને પોતાના સરકારી હોદ્દાનો અમલ ચલાવતો અટકાવવા અથવા ડરાવીને તે અમલ ચલાવતો બંધ રાખવાના ઈરાદાથી અથવા તે શખસે પોતાના સરકારી હોદ્દાનો કાયદા મુજબ અમલ ચલાવતાં કાંઈ વસ્તુ કરી હોય અથવા કરવાની કોશીશ કરી હોય તેટલા વાસ્તે જે માણસ તે શખસની ઉપર હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—એક કલેકટર ખાતાનો પીઆદો કે જેને (મેહેસુલ વસુલ કરવા સારૂ) જપ્તી કરતાંની દરમીઆનમાં સુલેહ જાળવવા સારૂ મોકલવામાં આવ્યો હતો તેના ઉપર જ્યારે તે હુકમ બજાવવા સારૂ રસ્તામાં જતો હતો તે વખતે, કેદીઓએ હુમલો કર્યો, અને તેનો પરવાનો ખુંચવી લેવાની કોશીશ કરી તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે કલમ ૩૫૩ મુજબ સરકારી નોકરને તેની ફરજ બજાવતી વખતે હુમલો કરવા બદલ કેદીઓને બરાબર રીતે ગુન્હેગાર ઠરાવી સજા કરવામાં આવી હતી.૪

આ ૩૫૩ મી કલમ મુજબનો ગુન્હો માંડી વળાય એવો (રાજીનામું થાય એવો) નથી.૫

એક (પોલીસ થાણું જે અમલદારના હવાલામાં હતું તે) પોલીસ થાણાના અમલદારે બીજા પોલીસ થાણાના અમલદારને તેના થાણાની હદની અંદરના એક ઘરમાં જડતી લેવડાવવાનું ફરમાવ્યું અને તે ઉપરથી આ અમલદારે પોતાના હાથ નીચેના બે અમલદારોને, ૧૮૭૨ ના ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૭૯ (જે હાલના ક્રીમીનલ પ્રોસીજર કોડ ૧૮૯૮ ના ૫ માની કલમ ૧૬૬ મી સાથે મળતી આવે છે) માં ફરમાવ્યા મુજબ લખીત હુકમ તેમને આપ્યા વગર જડતી લેવાને મોકલ્યા, તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જે ઝડતી લેવાની કોશીશ કરવામાં આવી હતી તે ઝડતીના સામે થનારા સખસો આ ૩૫૩ મી અને ૧૪૩ મી કલમો મુજબ કાયદેસર રીતે ગુન્હેગાર થઈ શકતા નહોતા.૬

---

૧. રૈજાઇન્દ્રા વિ. રખમાજી ૯ મું. ૫૫૮; બુધો વિ. કેશો. મુંબાઇ હાઇકોરટનાં પ્રીન્ટેડ જજમેન્ટસ સને ૧૮૯૬; પાનુ ૨૩૮

૨. રૈજાઈના વિ. જીહાનબક્ષ ૧૬ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનુ ૪૨

૩. ૪. લો. રિ. ૩૦ કલકત્તા ૯૭.

૪. રૈજાઇના વિ. મીઠો મુલ્લા. ૧૩ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનું. ૪૯

૫. રૈજાઈના વિ. સોરાબજી. મુંબાઈ હાઈકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ. ૧૮૮૭ નું ૨૨ મું.

૬. રૈજાઈના વિ. નારાયણ. ૭ નોર્થ વેસ્ટ પ્રોવીન્સીસ રીપોર્ટસ. પાનું. ૨૦૯; અબદુલ ગફુર વિ. રૈજાઈના. ૨૩ ક. ૮૯૬; ગફુરઅલી, વિ. રૈજાઈના. ૨૬. ક. ૬૩૦

એક કેસમાં દીવાની પ્રોસેસ બજાવવામાં એક માણસને કેદ પકડવા સારૂ કાઢેલા વારંટ ઉપર દીવાની કામ ચલાવવાના કાયદાની ૨૫૧ મી કલમ પ્રમાણે તે વારંટ કાઢનાર અમલદારની પુરેપુરી આખી સહી નહોતી, પરંતુ તેના નામના પહેલા અક્ષરો (માત્ર સહીમાં) હતા, જ્યારે જે અમલદારને તે વારંટ બજાવવા સારૂ સોંપવામાં આવ્યું હતું તે અમલદાર તે વારંટ બજાવવા ગયો ત્યારે જે માણસના ઉપર તે બજાવવાનું હતું તે માણસ તે અમલદારની સામે થયો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે (સામે થનાર) માણસ આ કલમ પ્રમાણે ગુન્હેગાર હતો, અને વારંટમાં થયેલી પ્રાથમીક ખોડ (પુરી સહીને બદલે પહેલા અક્ષરોની સહી) થી તેનો કાંઈ બચાવ થતો નહોતો.૧

એક કેસમાં એક પરવાનાવાળા શીતળા કાઢનારે એક માણસના છોકરાને શીતળા કાઢવા સારૂ એક બીજા માણસ (આ કામનાં અરજદાર) ના છોકરા (ના હાથ) ઉપરથી રસી લેવાની કોશીશ કરી, અને તેના પરીણામે તે બીજા માણસે તેના ઉપર હુમલો કર્યો, અને તેથી તે (શીતળા કાઢનાર) ને સહેજ ઈજા થઇ તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જે માણસ વાંધો લે તેવા કોઈ પણ માણસના હાથ ઉપરથી રસી લેવાનો તેને હક નહોતો, અને તેણે તેમ કરવાને કરેલી કોશીશ ગેરકાયદેસર હતી, અને અરજદારો તેના ઉપર હુમલો કરવામાં વ્યાજબી હતા. ૨

ગામ લોક તરફથી અપાતા પૈસામાંથી પગાર ખાય તે પગી—ગામચોકીયાત આ કલમની રૂએ સરકારી નોકર છે.૩

કોઇ સ્ત્રીની લાજ લેવાના ઈરાદાથી તેની ઉપર હુમલો અથવા સાપરાધ બળ.

૩૫૪. કોઇ સ્ત્રીની લાજ લેવાના ઇરાદાથી અથવા પોતે તેમ કરવાથી તેની લાજ જવાનો સંભવ છે એમ જાણ્યા છતાં માણસ તે સ્ત્રીની ઉપર હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા—જો કોઇ માણસના ઉપર કોઈ સ્ત્રી ઉપર અસભ્ય હુમલો કરીને બળાત્કાળ સંભોગ કરવાની કોશીશ કરવાનું તહોમત મુકવામાં આવ્યું હોય, પરંતુ જો તે તહોમતદાર માણસે તેની દુષ્ટ વાન્છના ગમે તેમ કરીને પણ અને ગમે તેટલો અટકાવ થાય તો પણ પુરી પાડવાનો નીશ્ચય કર્યો હતો એવી કોર્ટની ખાતરી ન થતી હોય તો તેને આ ૩૫૪ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી સજા કરવી જોઈએ.૪

ભારે ક્રોધ ન ઉત્પન્ન કર્યા છતાં કોઇ શખસને બેઆબરૂ કરવાના ઈરાદાથી હુમલો અથવા સાપરાધ બળ.

૩૫૫. કોઇ શખસે ભારે તથા આકસ્મીક ક્રોધ ઉત્પન્ન ન કર્યા છતાં તે શખસને બેઆબરૂ કરવાના ઇરાદાથી જે માણસ તે શખસની ઉપર હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

---

૧. રેન્જાઈના. વિ. જાનકી પ્રસાદ. ૮ અ. ૨૯૩; રેન્જાઈના. વિ. પુકોટ, ૧૯ મ. ૩૪૯; રેન્જાઇના વિ. પુમાલાઈ ૨૧ મ. ૨૯૬.

૨. રેન્જાઇના વિ. માનગોવીંદ. ૩ કલકત્તા વીકલી નોટસ પાનું. ૬૨૭ વળી જુઓ ૫ કલકત્તા વીકલી નોટસ પાનું ૧૩૪.

૩. મુંબઇ અને રીપોર્ટેડ. ક્રીમીનલ રીવીઝન નંબર ૩૭૭ સને ૧૯૪૦.

૪. રેન્જાઇના વિ. શંકર. ૫ મું ૪૦૩.

ટીકા—એક કેસમાં તપાસ ચાલતાં દરમ્યાન એક તહોમતદારે એક પોલીસ સબઇન્સ્પેક્ટર કે જે તહોમતદારના વિરૂદ્ધ જુબાની આપતો હતો તેને માર્યો. તેમાં ઠરાવ્યું કે તહોમતદારે આ કલમ મુજબ ગુન્હો કર્યો હતો.[1]

કોઈ શખસ કાંઇ વસ્તુ લઇ જતો હોય તે વસ્તુની ચોરી કરવાની કોશીશ કરવામાં હુમલો અથવા સાપરાધ બળ.

૩૫૬. કોઇ શખસે કાંઈ વસ્તુ પેહેરી હોય અથવા તે લઇ જતો હોય તેની ચોરી કરવાની કોશીશ કરવામાં તે શખસની ઉપર જે માણુસ હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે તે માણુસને બે વરસની મુદ્દત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા—આ કલમ એવા ગુન્હાઓને લાગુ પડે છે કે જ્યારે ચોરી કરવાની કોશીશમાં સાપરાધ બળ વાપરવામાં આવ્યું હોય. જેમાં ચોરી કરવામાં આવી હોય તેવા સંજોગોમાં આ કલમ લાગુ પડતી નથી.[2]

કોઈ શખસને ગેરવાજબી કેદ કરવાની કોશીશમાં હુમલો અથવા સાપરાધ બળ.

૩૫૭. કોઇ શખસને ગેરવાજબી કેદ કરવાની કોશીશ કરવામાં જે માણુસ તે શખસની ઉપર હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે તે માણુસને એક વરસની મુદ્દત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કોઇએ ભારે તથા આકસ્મીક ક્રોધ ઉત્પન્ન કર્યા ઉપરથી તેની ઉપર હુમલો કરવો અથવા સાપરાધ બળ વાપરવું.

૩૫૮. કોઈ શખસે ભારે તથા આકસ્મીક ક્રોધ ઉત્પન્ન કર્યા ઉપરથી જે માણુસ તે શખસની ઉપર હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે તે માણુસને એક મહીનાની મુદ્દત સુધીની આસાન કેદની અથવા બસેં રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ખુલાસો—૩૫૨ મી કલમનો જે ખુલાસો લખેલો છે, તે આ છેલી કલમને પણ લાગુ પડે છે.

મનુષ્યહરણ, મનુષ્યનયન ગુલામી તથા વેઠ બાબત.

૩૫૯. મનુષ્યહરણ બે પ્રકારનું છે. એક બ્રીટીશ ઇન્ડીઆમાંથી અને બીજું કાયદેસર વાલીના હવાલામાંથી.

મનુષ્યહરણ.

ટીકા—આ કલમના સંબંધમાં પીનલકોડ ઘડી કાઢનારાઓ નીચે મુજબ ટીકા કરે છે.—"મનુષ્યહરણનો ગુન્હો કેટલીક વખતે હુમલા વડે કરવામાં આવે છે, અને કેટલીક વખતે અટકાવથી કરવામાં

---

૧. ૨૭ અલ્હાબાદ વીકલી નોટસ ૧૮૯.

૨. રતનલાલ અનરીપોર્ટેડ ક્રી. કેસીસ.૭

"આવે છે, પણ હંમેશ આમ થતું નથી. દાખલા તરીકે, એક બાળક કે જેને તેના વાલીઓની પાસેથી ફો- "સલાવી લઇ જવામાં આવે છે, અને જે તરતજ પોતાનું ઘર ભુલી જાય છે, અને જે તેને ફોસલાવી લઈ "જનારની સાથે રહેવા કબુલ કરે છે, તેના ઉપર હુમલો કરેલો અથવા તેને અટકાવ કરેલો કહી શકાય નહી.

"આ ગુન્હો બાળક ઉપર, તે બાળકને તેના કાયદેસર વાલી અથવા વાલીઓના રક્ષણ તળેથી ખસે- "ડવાથી થઇ શકે. પુખ્ત ઉમ્મરના સખસ ઉપર તેને કંપની સરકારના મુલકની હદની બાહાર લઈ જવાથી "અથવા તે કામને સારૂ તેને કોઇ વહાણ ઉપર બેસાડવાથીજ માત્ર થઈ શકે.

"પુખ્ત ઉમ્મરના સખસને જુઠાં વચનો આપીને કંપની સરકારના મુલકો અને મુલકોની અંદરજ "એક જગાએથી બીજી જગાએ જવા લલચાવવું તે દીવાની દાવાનો વિષય થઈ પડે, અને ખાસ અમુક હ- "કીકતની અંદર તેથી ફોજદારી ફરીયાદ પણ થઈ શકે; પરંતુ મનુષ્ય હરણના વિષય તળે બરાબર રીતે "આવતું તે અમને લાગતું નથી."[1]

બ્રીટીશ ઈંડીઆમાંથી મનુષ્યહરણ.

૩૬૦. જે માણસ કોઇ શખસને તે શખસની રજામંદી શીવાય અથવા તે શખસની વતી રજામંદી આપવાનો જેનો કાયદા મુજબ અખ્તીઆર હોય એવા કોઇ શખસની રજામંદી શીવાય બ્રીટીશ ઇંડીઆની હદની બહાર લઈ જાય તે માણસે બ્રીટીશ ઇંડીયામાંથી તે શખસનું હરણ કર્યું એમ સમજવું.

ટીકા.—જો કોઇ સ્વતંત્ર રાજ્યની પ્રજાએ બ્રિટીશ મુલકોમાંથી મનુષ્ય હરણ કરવાનો ગુન્હો કર્યો હોય, અને તે ગુન્હાનું તહોમત તેના ઉપર મુકવામાં આવ્યું હોય તો તેનો ન્યાય કરવાને બ્રીટીશ કોર્ટોને અધીકાર છે, અને તે તે ન્યાયને આધીન થવાને પાત્ર છે.[2]

કાયદેસર વાલીના હવાલામાંથી મનુષ્યહરણ.

૩૬૧. ચઉદ વરસથી ઓછી ઉંમરના કોઇ છોકરાને અથવા સોળ વરસથી ઓછી ઉંમરની કોઇ છોકરીને અથવા કોઇ દીવાના શખસના કાયદેસર વાલીના હવાલામાંથી તે વાલીની રજામંદી શીવાય જે માણસ લઈ જાય અથવા ફોસલાવીને તેડી જાય તેણે બાળક અથવા તે શખસનું કાયદેસર વાલીના હવાલામાંથી હરણ કર્યું એમ સમજવું.

ખુલાસો—આ કલમ મધે "કાયદેસર વાલી" એ શબ્દો લખ્યા છે તે શબ્દો મધે તે બાળક અથવા તે બીજા શખસને રાખવાનું અથવા તેની સંભાળ કરવાનું કામ કાયદા મુજબ જે શખસને સોપ્યું હોય એવા કોઇપણ શખસનો સમાવેશ થાય છે.

અપવાદ—કોઇ શખસ શુદ્ધબુદ્ધિએ એમ માનતો હોય કે લગ્ન સંબંધ વીના ઉત્પન્ન થએલા ફલાણા બચ્ચાનો હું બાપ છું, શુદ્ધબુદ્ધિએ એમ માનતો હોય કે તે બચ્ચાને કાયદેસર હવાલામાં રાખવાને મારો હક છે અને તે શખસ અગર કાંઇ અનીતિના અથવા કાંઇ કાયદા વિરૂદ્ધ કારણ-સર એવું કામ ન કરે તો તેના કામને આ કલમ લાગુ પડતી નથી.

ટીકા—"કાયદેસર વાલી":—મી. મેઇન સાહેબ ટીકા કરે છે કે "કાયદેસર વાલી" શબ્દોનો અર્થ સમજાવવા સારૂ આપેલા ખુલાસામ જે શબ્દો વાપર્યા છે તે શબ્દોમાં માબાપ અથવા સગાં-

---

૧. પીનલકોડ ઘડનારાઓની નોટ. મ. પાનાં ૮૯–૯૦–૯૧.

૨. રેજાઇના વિ. ધરમો નારાયણ. ૧ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનુ ૩૯.

વહાલાં કે જેમના ઘરનાં તે સગીર રહે છે અને ઉછરે છે તેમનો સમાવેશ થાય છે એટલુંજ નહી, પણ બીજું કોઇ પણ માણસ કે જેની સાથે તે સગીર, જે માણસોનો તેના ઉપર વધારે કાયદેસર હક છે તે માણસોની સ્પષ્ટ અથવા ગર્ભીત સંમતીથી રહે છે તેવા માણસનો પણ તેમાં સમાવેશ થાય છે. દાખલા તરીકે, નીશાળનો ઉપરી, જે શેઠ અથવા શેઠાણીની નોકરીમાં તે બાળકને મુકયુ હોય તે શેઠ અથવા શેઠાણી,

એક કેસમાં ચીફ જસ્ટીસ ગાર્થ કહે છે કેઃ—"અમે ધારીએ છીએ કે ૩૬૧ મી કલમ પ્રમાણે "કાયદેસર વાલી' શબ્દોનો કાંઇક વીસ્તીર્ણ ખુલાસાનો હેતુ, જો ફરીયાદ પક્ષને આવી જાતના "કેસમાં ચોકસ રીતે એવું સાબીત કરવાનું ફરમાવવામાં આવે છે કે જે શખસની સંભાળમાંથી અથવા "કબજામાંથી તે સગીરને ખસેડવામાં આવ્યો હતો અથવા હરણ કરવામાં આવ્યું હતું તે શખસ, "વાલી શબ્દના કાયદેસર અર્થ પ્રમાણે તે (વાલી) શબ્દના અર્થની અંદર ચોકસ રીતે આવી "જતો હતો, તો જે મુશ્કેલી બીજી રીતે ઉભી થાય તે મુશ્કેલી દુર કરવાનો છે." આ ખુલાસા પ્રમાણે અનઉરસ (વ્યભીચારથી ઉત્પન્ન થયેલા) બાળકની માતા તે બાળકના ઉછરવાંની મુદત દરમીઆન તે બાળકની યોગ્ય અને કુદરતી વાલી છે અને જ્યાં તેવી માતા તેણીની મરણ પથારી ઉપર તે બાળકને કોઈ શખસની સંભાળ તળે સોંપે, અને તે શખસ તે સુપરત કબુલ રાખીને તે બાળકનુ ભરણ પોષણ કરે ત્યાં આવા સખસને આ કલમના અર્થની અંદર આવી જાય તેમ તે બાળકને ખાવાનું તથા તેની સંભાળ કરવાનું કામ "કાયદેસર રીતે સોંપેલું" ગણાશે.૧

મદ્રાસ હાઇકોર્ટ કાયદેસર વાલીના સબંધમાં નીચે મુજબ ટીકા કરે છેઃ—"સમાવેશ થાય છે' શબ્દોનો હેતુ, માબાપ અને બાળકોનું જે રક્ષણ આ કમલથી થાય છે તે રક્ષણની હદ બાંધવાનો નથી, પરંતુ તે બાળકને રાખવાનું અથવા તેની સંભાળ કરવાનું કામ જે સખસને કાયદેસર રીતે સોંપેલું હોય તેવા કોઇ પણ સખસનો 'કાયદેસર વાલી' શબ્દોમાં સમાવેશ કરીને તે રક્ષણનો વિસ્તાર ફેલાવવાનો તે શબ્દોનો હેતુ છે. જો એક બાપ પોતાના બાળકને અમુક નીયમીત કામને સારૂ અને અમુક મુદતને વાસ્તે પોતાના ચાકરના અથવા મિત્રના હવાલામાં રહેવા દે તો તે વાતથી ફોજદારી કાયદાના કામને સારૂ વાલી તરીકેના તે બાપના હકોનો અથવા તેના કાયદેસર કબજાનો અંત આવેલો ગણાશે નહી. જો આજુબાજુની હકીકત તે બાળક ઉપરનો બાપનો કાયદેસર કબજો ચાલુ રહેવાની સાથે પ્રતિકુળ ન હોય તો, જો કે તે બાળક ઉપરનો ખરેખર વાસ્તવીક કબજો થોડા વખતને માટે કોઈ મિત્રનો અથવા બીજા શખસનો હોય તો પણ તે બાળક (તેના) બાપના કબજામાં અથવા રક્ષણમાં છે, એમ ઠરાવવું જોઇએ.૨

દશ વરસની અંદરનું બાળક, દેખીતી રીતેજ, વાલીના તાબામાં હોય છે, અને યોગ્ય રીતે લીધેલી વાલીની રજામંદી સીવાય આવા બાળકને ખસેડનાર કોઈ પણ માણસ આવા કામનું જોખમ પોતાને માથે લે છે; તે બાળકનો વાલી હતો કે નહી તેની તપાસ કરવાનું રહેવા દીધા (તપાસ ન કીધા) ની વાતથી, આ કલમ પ્રમાણે કાયદેસર વાલીપણામાંથી બાળકનું હરણ કરવાના તહોમતની સામે, તે માણસનો કાંઈ પણ બચાવ થશે નહી.૩

પરણેતર સ્ત્રીનો કાયદેસર વાલી તેનો ધણી છે. તેથી જો તે ધણી પોતાની વહુને લઇ જાય તો તેને માટે તેને મનુષ્ય હરણ કરવાનો ગુન્હેગાર ઠરાવી શકાય નહી, તેમજ જે માણસો તેમ કરવામાં તેને મદદ કરે તે પણ ગુન્હેગાર ઠરી શકે નહી.૪ તેજ મુજબ પંદર વરસની (પરણેલી) હિન્દુ છોકરીનો કાયદેસર વાલી તેનો ધણી છે, તેથી કરીને જો તે છોકરીનો બાપ તેણીને તેણીના ધણીના કબજા-

૧. રેજાઈના વિ. પીમેન્ટલ ૮ ક. ૮૭૧.
૨. જગન્નાથ. વિ. કામરાજી. ૨૪ મ. ૨૮૪.
૩. રેજાઇના. વિ. ઉમરાવ બક્ષ. ૩ મુ ૧૭૮.
૪. રેજાઈના. વિ. આસ્કર. સંરક્ષાન્ડઝ વીકલી રીપોરટર. વધારાના વાલ્યુમ પાનું ૧૨.

માંથી તે (ધણી) ની રજા સીવાય ખસેડે તો કાયદેસર વાલીપણામાંથી તેણીનું હરણ કરવાનો ગુન્હો તે કરે છે.૧

છોકરીનો માત્ર વિવાહ (સગાઈ) કર્યો હોય, પણ તેને પરણાવી ન હોય ત્યાં સુધી તેણીનો બાપ તેણીનો કાયદેસર વાલી છે. એક કેસમાં બાપે પોતાની છોકરીનો તહોમતદારની સાથે વિવાહ કર્યો હતો, અને તે (તહોમતદાર) ના ઘરમાં અવારનવાર (કોઈક પ્રસંગે) તે છોકરીને તે રહેવા દેતો હતો. પરંતુ તે (બાપે) પાછળથી એકદમ પોતાનો વિચાર ફેરવીને તહોમતદારની સાથે કરેલો વિવાહ તોડી નાંખ્યો. તે પછી તહોમતદાર તે છોકરીને તેણીના કાયદેસર વાલી (તેણીના બાપ) ની રજામંદી સીવાય લઈ ગયો. તેમાં તેને કાયદેસર વાલીપણામાંથી તે છોકરીનું હરણ કરવાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.૨

એક કેસમાં પ નામની એક હિન્દુ સ્ત્રી પોતાની સાથે પોતાની એક નાની બાળક છોકરીને લઈને, પોતાના ધણીનું ઘર મુકીને ચાલી ગઇ, અને અ નામના માણસને ઘેર જઇને રહી, અને તેને તેજ દીવસે તે છોકરીને તે છોકરીના બાપની રજામંદી સિવાય અ ના ભાઈ બ ની સાથે પરણાવી દીધી તેમાં મનુષ્ય હરણના ગુન્હામાં મદદગારી કરવાનો અ ને બરાબર રીતે ગુન્હેગાર ઠરાવ્યો હતો.૩

સગીર વયની હિંદુ છોકરીને માટે ધણી પસંદ કરવાનો અને લગ્નની ક્રિયા કરવાનો (તે છોકરીના બાપના) પીત્રાઈ સગાનો હક તે બાળક છોકરીની સામે અથવા તેણીના વાલીની સામે સ્વતંત્ર (અપ્રતીબંધક) નથી; અને તે સગો જો તે છોકરીની પોતાની ઈચ્છાની કાંઇપણ દરકાર કર્યા વગર અને તેણીની વાલીએ લીધેલી હરકત છતાં, તે છોકરીનું લગ્ન કરી નાંખવાને સારૂ લુચ્ચાઇ કરીને અથવા જોર જુલમથી તે છોકરીને ખસેડે તો તેમ કરવામાં તે હિંદુ ધર્મ શાસ્ત્ર પ્રમાણે વ્યાજબી કરતો નથી. એક કેસમાં એક બાર વરસની કુંવારી હિંદુ છોકરીના એક દુરના પીત્રાઇએ તે છોકરીની વાલીની મરજી વિરૂદ્ધ તે છોકરીને દગાથી તે વાલીની પાસેથી ખસેડી, અને એક ઘણા વયેવૃદ્ધ માણસની સાથે તે છોકરીનું લગ્ન ઉતાવળથી કરી નાખ્યું, અથવા કરી નાખવાનો પ્રયત્ન કર્યો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે હકીકત ઉપરથી આ ૩૬૧ મી કલમમાં વર્ણવેલો મનુષ્ય હરણનો ગુન્હો બનતો હતો, તેમજ ૩૬૧ મી કલમમાં જણાયેલો મનુષ્ય નયનનો ગુન્હો પણ બનતો હતો; અને આ કેસ ૩૬૨ મી કલમના અપવાદની અંદર આવતો નહોતો, કેમકે તે કેસમાં શુદ્ધબુદ્ધિનો કાંઇ પણ પુરાવો નહોતો, તેમજ આ કેસ ૩૬૬ મી કલમમાંથી લઈ લેવાતો નહોતો કેમકે તે છોકરીજ તે લગ્નની સામે વાંધો લેતી હતી, અને તે પીત્રાઇને તેણે પોતે ઠરાવેલા (પસંદ કરેલા) માણસની સાથે તે છોકરીનું લગ્ન, ગમે તેમ થાય તોપણ, કરવાની હઠ લેવાનો કાંઇ પણ અધીકાર નહોતો.૪

જો કાકો પોતાની બાળક ભત્રીજીને કાયદેસર વાલીપણામાંથી ખસેડી લે તો તેનું હરણ કરવાના ગુન્હાનો ગુન્હેગાર થઈ શકશે.૫

જ્યાં ચૌદ વરસથી ઓછી ઉમ્મરની એક માબાપ વીનાની છોકરી પહેલાં એક માણસની સંભાળ તળે રહેતી હતી, અને પછીથી બીજા માણસને ત્યાં જઇને રહી, અને છેવટે આ બીજા માણસના છોકરાની સાથે પોતાનો વિવાહ (સગાઇ) થવા દીધો; અને તેની પાસેથી કેદી તેણીને ફોસલાવી ગઇ ગયો, ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેણે (કેદીએ) કાંઈ પણ ગુન્હો કર્યો નહોતો, કેમકે જે માણસની પાસેથી તે તે છોકરીને લઈ ગયો હતો તે કોઇ પણ અર્થમાં તે છોકરીનો વાલી નહોતો, અથવા તો તેણીની સંભાળ કરવાનું કામ કાયદેસર રીતે તેને સોંપેલું નહોતું.૬

---

૧. રેજાઇના. વિ ધરણીધર ૧૭ ક. ૨૯૮.
૨. રેજાઇના. વિ. ગુરૂદાસ. ૪ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું ૭.
૩. રેજાઈના વિ. પ્રાણકૃષ્ણા ૮ ક. ૯૬૯.
૪. રેજાઈના. વિ. મહાકોર. મુંબાઈ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ. ૧૮૯૫ નું ૬૧ મું.
૫. રેજાઈના. વિ. મધુપાળ. ૭ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૯.
૬. રેજાઈના. વિ. બળદેવ. ૨ નોર્થ વેસ્ટ પ્રોવીન્સીસ રીપોર્ટસ. પાનું. ૨૮૬.

મુસલમાની કાયદા પ્રમાણે સુન્ની મહજબ મુજબ છોકરો સાત વર્ષનો થાય ત્યાં સુધી અને છોકરી જુવાન વયની થાય ત્યાં સુધી તે છોકરા તથા છોકરીને રાખવાનો બાપની સામે પણ માનો હક છે, અને શીઆ મહજબ મુજબ છોકરો તથા છોકરી સાત વર્ષનાં થાય ત્યાં સુધી તેમને રાખવાનો માનો હક છે. તેજ પ્રમાણે અનઉરસ બાળક (વ્યભીચારથી ઉત્પન્ન થયેલું) રાખવાનો તેની માનો હક છે.૧ તેથી તેવા અનઉરસ બાળકને અથવા ઉપર જણાવેલી ઉમ્મરની હદ સુધીના છોકરા અથવા છોકરીને બાપ માના કબજામાંથી માની સંમતી વગર લઈ જાય તો તે બાપ મુસલમાની કાયદાને અનુસરીને આ ૩૬૧ મી કલમ પ્રમાણે મનુષ્ય હરણના ગુન્હાનો ગુન્હેગાર થશે.૨

"**વાલીના હવાલામાંથી**":—તે બાળક તેને લઈ જતી વખતે તેના વાલીના હવાલામાં હોવું જોઈએ. તે વાલીના શારીરિક કબજામાં હોવું જોઇએ એમ કાંઇ જરૂરનું નથી, પરંતુ તે તેના ચાલુ હવાલા તળે હોવું જોઇએ, અને તે હવાલો પેહેલીજ વખતે ફરિયાદ થયેલા કૃત્યથી તુટેલો હોવો જોઈએ. જે વખતે બાળકને તેના કાયદેસર વાલીની પાસેથી ખરેખર લઇ લેવામાં આવે તેજ વખતે ગુન્હો પરિપુર્ણ થાય છે.૩ અને જ્યાં સુધી તે બાળકને વાલીના હવાલાની બાહાર રાખવામાં આવે ત્યાં સુધી ચાલુ રહે તો તે ગુન્હો નથી. જ નામની એક સગીર ઉમ્મરની છોકરીને તેણીના ધણીના ઘરમાંથી ર ના ઘરમાં લઇ જવામાં આવી હતી, અને ત્યાં બે દીવસ સુધી રાખવામાં આવી હતી. પછી એક મ નામનો માણસ આવીને તેણીને પોતાને ઘેર લઈ ગયો, અને તેણીને ૨૦ દીવસ સુધી ત્યાં રાખી, અને પાછળથી તેણીને અરજદાર નેમાઇ ચતરજીને ઘેર છુપી રીતે ખસેડવામાં આવી, અને તે અરજદારના ઘરમાંથી તે અરજદાર અને મ તેણીને જુદી જુદી જગ્યાએ થઇને કલકત્તે લઇ ગયા. નીચલી કોર્ટે તે અરજદારને તે છોકરીના ધણીના કાયદેસર વાલીપણામાંથી તે છોકરીનું હરણ કરવા બદલ અરજદારને ગુન્હેગાર ઠરાવ્યો હતો. પરંતુ ફુલબેન્ચે વધુ મતથી એવું ઠરાવ્યું હતું કે તે છોકરીને કલકત્તે લઇ જવામાં મુખ્ય ગુન્હેગારોની સાથે અરજદાર ભળ્યો તે પેહેલાં ધણીના વાલીપણામાથી તે છોકરીને લઈ લેવાનું કૃત્ય પરિપુર્ણ થઈ ગયું હતું, અને તેટલા માટે અરજદારને ૩૬૩ મી કલમ પ્રમાણે મનુષ્ય હરણ કરવાનો ગુન્હેગાર ઠરાવી શકાય નહી.૪ અલ્હાબાદ હાઇકોર્ટે પણ એવું ઠરાવ્યું છે કે આ મનુષ્ય હરણનો ગુન્હો ચાલુ રહેતો ગુન્હો નથી.૫ મદ્રાસ હાઇકોર્ટે આથી વિરૂદ્ધ અભીપ્રાય આપ્યો છે. એક કેસમાં બાળકે તેના માબાપની સંમતી વગર ઘર છોડ્યું હતું એવું જાણતાં છતાં અ એ એક ક નામનો માણસ કે જે ખરેખરો તે બાળકનું હરણ કરનાર શખસ હતો ની ઉશ્કેરણીથી તે બાળકને સીલોન (લંકામાં) લઇ જવાનું માથે લીધું, અને ત્યાં જતાં રસ્તામાંથી તે પકડાયો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જ્યાં સુધી તે બાળકને તેના કાયદેસર વાલીના હવાલાની બાહાર રાખવાનું કામ ચાલું રહ્યું ત્યાં સુધી તે છોકરીના હરણના ગુન્હામાં મદદગારીનો ગુન્હો થઇ શકતો હતો. (અને અ તેવી મદદગારી કરવાનો ગુન્હેગાર હતો).૬

જો કોઈ છોકરી પોતાના મોહોલ્લામાં અથવા ખેતરમાં એકલી જાય, અને તેનો પાછી ઘેર જવાનો તેણીનો ઇરાદો હોય તો તે તે પ્રમાણે બહાર ગયેલી હોય તોપણ તે તેના મા અથવા બાપના કાયદેસર હવાલામાં હતી એમ ગણાશે.૭ તેથી કરીને જાહેર રસ્તા ઉપર રમતા બાળકને ફોસલાવી લઇ જવું તે કાયદેસર વાલીપણામાંથી હરણ કરવું ગણાશે.૮ તેજ પ્રમાણે જ્યાં છોકરી પાડોશીને ઘેર મળવા ગઈ હોય તે વખતે

---

૧. મેકનાટનકૃત મુસલમાની કાયદો (મેહોમેડન લો) કલમો ૨૬૭, ૨૬૯.

૨. અમીદઅલી. વિ. ઇમતીઆઝાન. ૨ અ. ૭૨; રાજબેગમ. વિ. રીસાહુસેન. ૨ સધરલાન્ડ્ઝ [illegible] રીપોર્ટર. પાનું. ૭૬.

૩. રેંજાઇના. વિ. રખાલ નીકારી. ૨ કલકત્તા વીકલી નોટસ. પાનું ૮૧.

૪. નેમાઈ ચતરજ વિ. કવીન એમ્પ્રેસ ૨૭ ક. ૧૦૪૧.

૫. એમ્પ્રેસ. વિ. રામસુંદર ૧૯ અ. ૧૨૯.

૬. રેંજાઇના વિ. સામીઆ કઉન્દન ૧ મ. ૧૭૩.

૭. રેંજાઇના વિ. માઇકોક ૧૨ કોકસ કૃત ક્રીમીનલ કેસીસ. પા૦ ૨૮

૮. રેંજાઈના વિ. મુસામત ઉઝીરન ૭ સધરલાન્ડ્ઝ રીપોર્ટર પાનું ૬૨.

તેણીનું હરણ કરવું તે પણ તેણીને કાયદેસર વાલીપણામાંથી હરણ કર્યાનો ગુન્હો ગણાશે.૧

પરંતુ જ્યાં એક છોકરી તેના ઘરમાં તેને દુઃખ દેવાને લીધે ઘરમાંથી નાશી ગઈ, અને કેદીને મળી, અને તેની સાથે મંજુર તરીકે કામ કરવાનું માજીસ્ટ્રેટની આગળ યોગ્ય રીતે નોંધાવેલું સાટું કર્યું ત્યાં કેદીને ૩૬૧ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા રદ કરવામાં આવી હતી. તે કેસમાં જસ્ટીસ ગ્રોવરે એવી ટીકા કરી હતી કે "જ્યારે તે છોકરી તે કેદીને મળી તે વખતે તે તેણીના બાપના વાલીપણા નીચે હતી. હું ધારૂં છું કે "ના; તેણે પોતાની ઇચ્છા પુર્વક પોતાનું ઘર તજી દીધું હતું, અને નાશી જતી હતી. "તે ચૌદ વર્ષની ઉમ્મરની હતી,...........અને (બહારના) સઘળા દેખાવ ઉપરથી સ્વતંત્ર (રીતે કામ "કરવાને) મુખત્યાર હતી."૨

જો બાળક છોકરી તેણીના ઘરથી દુર ચાકરીમાં હોય તો તોહોમતનામામાં જણાવવું જોઇએ કે તેણીના માબાપના હવાલામાં નહી, પરંતુ તેણીના શેઠના કાયદેસર હવાલામાંથી તેણીને કહાડી લઈ જવામાં આવી હતી.૩

જો બાળક કાયદેસર વાલીના હવાલામાં ન હોય તો તે બાળકને લઈ જનારનું ગમે તેવું માનવું હોય તો પણ આ હરણ કરવાનો ગુન્હો બની શકતો નથી.૪

"**વાલીની રજામંદી સીવાય**"—વિરૂદ્ધ પુરાવો ન હોય તો એમ ધારી લેવામાં આવશે કે વાલીની સંમતી વિરૂદ્ધ તે બાળકને લઈ જવામાં આવ્યું હતું. તેથી કરીને જો તહોમતદાર એમ કહેતો હોય કે વાલીની રજામંદી હતી તો તેવી રજામંદી સાબીત કરવાનો બોજો તહોમતદાર ઉપર છે. એક કેસમાં એક છોકરીની માએ તે છોકરીને રાત્રે એકલી જવા દઇને અને દારૂનાં પીઠાંઓમાં નાચવા દઈને તેણીને આડે રસ્તે જવામાં ઉત્તેજન આપ્યું હતું. તે કેસમાં ચીફ જસ્ટીસ કોકબરને એવું ઠરાવ્યું હતું કે કાયદા (સ્ટેચ્યુટ)ના અર્થની અંદર આવી જાય તેમ તેણીની માની મરજી વિરૂદ્ધ તેણીને લઇ ગયેલી કહી શકાય નહી. સઘળી હકીકત ઉપરથી વ્યાજબી અનુમાન એ થતું હતું કે માએ પોતાની છોકરી ઉપરનો સઘળો નૈતીક દાબ છોડી દીધો હતો, અને તેણીની મરજી મુજબ ચાલવાને તેણીને છુટી મુકી દીધી હતી.૫

"**લઇ જાય અથવા ફોસલાવીને તેડી જાય**":—લઈ જવું અથવા ફોસલાવીને તેડી જવું બનવાને સારૂ તે બાળકની સંમતી બીલકુલ બીન જરૂરની છે (અર્થાત સંમતી હોય કે ન હોય પણ તે કશા કામમાં આવે તેવી નથી), તેમજ જોર જુલમની અથવા દગલબાજીની પણ જરૂર નથી.૬ લઇ જવું અથવા ફોસલાવીને તેડી જવું તે કાયદેસર વાલીના હવાલામાંથી તેની સંમતી વગર લઈ જવું અથવા ફોસલાવીને તેડી જવું હોવું જોઈએ ૭ તેમાં એ પણ જરૂરનું નથી કે તે બાળકનો ગેરકાયદેસર ઉપયોગ કરવાનો કાંઇપણ ઈરાદો હોવો જોઈએ.

જ્યારે બાળક પોતાનું ઘર તજી દેવાના ઇરાદાથી ઘર છોડે ત્યારે કેદીએ ત્યાં હાજર રહેવું જોઇએ તે આ ગુન્હાને માટે જરૂરનું નથી; ૮ પરંતુ જે વખતે તે બાળક છેવટનું પગલું લે તે વખતે તે પગલું તેની પાસે લેવડાવવાના કામને સારૂ તે બાળકની મનની વલણને કેદીની ઉશ્કેરણીથી ઉત્તેજન મળેલું હોવું જોઇએ, અથવા તે વલણને કેદીની ઉશ્કેરણી સાહાયકારી થયેલી હોવી જોઇએ. ઉપર જણાવેલા **નેમાઇ ચતરજ ૯**

---

૧. રેજાઇના વિ. કુદૃનસીંગ ૩ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૧૫.
૨. રેજાઈના વિ. ગંડરસીંગ ૪ સધરલાન્ડઝ રીપોર્ટર પાનું ૬.
૩. રેજાઇના વિ. હેન્કર્સ ૧૬ કોકસ કૃત ક્રીમીનલ કેસીસ પાનું ૨૫૭.
૪. રેજાઇના વિ. ખુદાબક્ષ પંજાબ રેકડરઝ ૧૮૮૭નું ૫૨ મું.
૫. રેજાઈના વિ. પ્રીમેલ્ટ ૧ ફ્રોસ્ટર એન્ડ ફીન્લેસન પાનું ૫૦.
૬. રેજાઈના વિ. ભંગી ૨ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૫.
૭. રેજાઈના વિ. ગંડરસીંગ ૪ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું ૬
૮. રેજાઇના વિ. રૈબ ૪ ફ્રોસ્ટર એન્ડ ફીન્લેસન પાનું ૫૯
૯. નેમાઈ ચતરજ વિ. કવીન એમ્પ્રેસ ૨૭ ક. ૧૦૪૧

ના કેસમાં જસ્ટીસ રામપીની નીચે મુજબ ટીકા કરે છે:—" જો કે કોઈ સખસ બાળકને વાલીના ઘર-" માંથી ખરેખર ખસેડવામાં ભાગ ન લે, અને જો કે તે બાળક તેની પોતાની ખુશીથી તેની પાસે આવે, " તથા જો કે જે કૃત્યને લીધે તે ૩૬૩ મી કલમમાં લખેલા ઠરાવ (શીક્ષા) ને પાત્ર થાય છે તે કૃત્ય " તે બનાવ (તે બાળકનું તેની પાસે આવવું) બન્યા પછી કરવામાં આવ્યું હોય તો પણ, જો તે બાળક " તેના વાલીના સીધા (સ્પષ્ઠ) અથવા ગરભીત હવાલાની બાહાર સંપુર્ણ રીતે જાય તે પેહેલાં (તે " કૃત્ય કરવામાં આવ્યું હોય) તો તે માણસને બરાબર રીતે આ ગુન્હાનો ગુન્હેગાર ઠરાવી શકાય."

જ્યાં પ્રતીવાદી રાતમાં છોકરીના બાપને ઘેર ગયો, અને બારીની સામે અઢેલીને એક નીસરણી મુકી, જે નીસરણીએ થઇને તે છોકરી નીચે ઉતરી અને તેની સાથે નાસી ગઇ ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જો કે તે છોકરીએ પોતેજ આ યુક્તિ તે પ્રતીવાદીને સુચવી હતી તોપણ તેણીના બાપના કબજામાંથી આ તેણીને લઈ જવાનુ થયું હતું. ૧ તેજ પ્રમાણે જ્યાં કેદીની સાથે આગળથી કરી રાખેલી ગોઠવણ પ્રમાણે એક છોકરી એકલી પોતાનું ઘર છોડીને ઠરાવેલી જગાએ ચાલી ગઇ જ્યાં તેણીને તે કેદી મળ્યો, અને પછી તેઓ બંને પાછા ફરવાના ઈરાદા વગર સાથે ચાલ્યાં ગયાં, ત્યાં તેણીના બાપના કબજામાંથી તે કેદી તેણીને લઈ ગયો હતો એમ ઠરાવવામાં આવ્યું હતું; કેમકે તે છોકરી તે કેદીને મળી તે પળ સુધી તેણીએ તેણીના બાપનું રક્ષણ સમુળગુ છોડી દીધું નહોતું. ૨

જો કેદીએ તે છોકરીને કોઇપણ રીતે સમજાવ્યા અથવા લલચાવ્યા વગર (પોતાની મેળેજ) તે છોકરી પોતાનું ઘર છોડે કે જેથી કરીને તે વાસ્તવીક રીતે પોતાના ઘરની બાહાર નીકળી ગઈ છે (એમ ગણાય) અને પછી તે કેદીની પાસે જાય તો, જો કે તેણીને, તેણીને ઘેર સમજાવીને મોકલવાની તેની નૈતીક ફરજ હોય તો પણ, તે તેમ નહી કરવાથી કોઈપણ રીતે કાયદાનો ભંગ કરતો નથી, કેમકે કાયદો એમ કહેતો નથી કે તે તેણીને સમજાવીને પાછી મોકલશે, પરંતુ માત્ર એટલુંજ કે તે તેણીને લઇ જશે નહી.૩

જ્યાં આ કલમમાં જણાવ્યા મુજબનું ' લઇ જવું ' થયેલું હોય ત્યાં તે લઇ જવું જાથુકનું હોય અથવા માત્ર થોડાજ વખતને માટે હોય તેથી કાંઇ ફેર પડતો નથી. એક કેસમાં હકીકત એવી હતી કે કેદીએ એક છોકરીને પોતાની સાથે આવવા કહ્યું, જે તે છોકરીએ કબુલ રાખ્યું, અને તે છોકરી તે કેદીની સાથે ત્રણ દીવસ સુધી પોતાના ઘરની બાહાર રહી. તે ત્રણે દીવસમાં દીવસે તેઓ બંને જાહેર જોવા જેવી જગાઓ જોતાં ફરતાં હતાં; અને રાતરે ભેગાં સુઈ રહેતાં હતાં, પછી તે કેદીએ તે છોકરીને તેણીને ઘેર જવાનું કહ્યાથી તેઓ છુટાં પડયાં. તે છોકરીના બાપે સોગન ઉપર કહ્યું કે તેની જાણ વગર અને તેની મરજી વિરૂદ્ધ તે છોકરી જતી રહી હતી. છોકરી તેની પોતાની ખુશીથી ગઈ હતી, અને જ્યુરીએ એવો અભી-પ્રાય આપ્યો કે તે છોકરીને હમેશને માટે તેણીના ઘરની બાહાર રાખવાનો તે કેદીનો ઇરાદો નહોતો. છતાં તેને ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા અપીલમાં બાહાલ રહી હતી. તે કેસમાં કોરટે એવી ટીકા કરી કે:—

" માબાપના હકનુ રક્ષણ કરવાને કાયદો પસાર કરવામાં આવ્યો હતો. એ સંપુર્ણ રીતે સ્પષ્ટ કાયદો " છે કે છોકરીની પોતાની વલણ, અથવા તેની તરફની કોઇ પણ જાતની સંમતી અથવા તત્પરતા આ કલમ " મુજબ કેદીની જવાબદારીના સવાલ ઉપર બીન ઉપયોગી છે. કાયદાના અર્થની અંદર આવી જાય તેવી " રીતે તેણીના બાપના કબજાની બહાર કેદી તેણીને લઈ ગયો હતો કે કેમ તે મુદા (પોઈન્ટ) ઉપરજ " મુશ્કેલી ઉભી થાય છે; તેણીના બાપના છાપરા (રક્ષણ) તળેથી, અને તેના કાબુ (અંકુશ) " બહાર ત્રણ દીવસ અને રાત્રી સુધી તે કેદી તે છોકરીને તેણીના બાપની પાસેથી લઈ ગયો, અને તે " વખત દરમીઆન તે તેણીના ભેગો સુઈ રહ્યો, અને તે વખતે તે તેણીના બાપના કબજામાં હોવાની " તદન વિરૂદ્ધ સ્થિતીમાં (અર્થાત જે સ્થીતીમાં તે તેણીના બાપના કબજામાં હોઇ શકેજ નહી) તેણીને " તેણે મુકી. અમે ધારીએ છીએ કે આ હકીકતની અંદર, જો કે તે તેણીના બાપની પાસે પાછી જાય એવો

---

૧. રેગ્જાઈના વિ. રોબીન્સ ૧ કેરીંગટન એન્ડ કરવાન પાનું ૪૫૬

૨. રેગ્જાઇના વિ. મેન્કલટો ૨૨ લો જનરલ માજીસ્ટ્રેટસ કેસીસ પાનું ૧૨૫

૩. રેગ્જાઈના વિ. ઓલીરીઅર ૧૦ કોકસ કૃત ક્રીમીનલ કેસીસ પાનું ૪૦૨

"તેનો ઇરાદો હતો તો પણ, તેણીના બાપના કબજામાંથી તે તેણીને લઇ ગયો હતો એવો અભીપ્રાય "આપવામાં જ્યુરીને વ્યાજબી બનાવવાને બસ હતું." ૧

બાળકની ઉમ્મરના સંબંધમાં એવો ફેંસલો કરવામાં આવ્યો છે કે છોકરી સોળ વરસની ઉપર હતી એવું યોગ્ય રીતે ધારીને શુદ્ધ બુદ્ધિથી માનવું તેથી પણ તહોમતદારનો કાંઇ પણ બચાવ થશે નહી.૨

એક અગીઆર અથવા બાર વર્ષની મુસલમાન છોકરીને તેણીની સાસુ કે જેના હવાલામાં તેને તેનો ધણી મૂકી ગયો હતો ત્યાંથી તે છોકરીની માની શીખવણીથી લઇ જવાનું કૃત્ય-કાયદેસરના વાલીના હવાલામાંથી મનુષ્ય હરણ ગણવામાં ન હતું આવ્યું. કારણ કે મુસલમાની સરેહ મુજબ એકમાનો કબજો, જ્યાં સુધી છોકરી મ્હોટી ઉંમરની થાય ત્યાં સુધી, તે છોકરીના ધણીના કબજા કરતાં બળવતર છે. ૩

૩૬૨. કોઇ શખસને કોઇ જગેથી જવાને જે માણસ બળથી જરૂર પાડે અથવા કાંઇ ફરેબી ઈલાજોથી લલચાવે તે માણસે તે શખસનું નયન કર્યું એમ સમજવું.

મનુષ્ય નયન.

ટીકા:—આ કલમ પ્રમાણે મનુષ્ય નયનના ગુન્હાને માટે બળ અથવા ફરેબ (દગલબાજી) ની જરૂર છે, જે મનુષ્ય હરણમાં જોઇતાં નથી. મનુષ્ય હરણમાં ગુન્હો વાલી (ના કબજા) ની સામે થાય છે, જ્યારે અહીંઆં નયન થયેલા માણસની પોતાની સામે ગુન્હો થાય છે, મનુષ્ય હરણમાં હરણ થયેલું સખસ સગીર વયનું બાળક હોવું જોઇએ, જ્યારે નયનનો ગુન્હો કોઇ પણ ઉમ્મરના સખસની સામે થઇ શકે.

પીનલકોડ મુજબ (એકલું) મનુષ્ય નયન એવો કોઈપણ ગુન્હો નથી, પરંતુ અમુક ઈરાદા સાથે કરેલું મનુષ્ય નયન ગુન્હો થાય છે.૪

૩૬૩. જે માણસ બ્રીટીશ ઇન્ડીઆમાંથી અથવા કાયદાસર વાલીના હવાલામાંથી કોઈ શખસનું હરણ કરે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

મનુષ્ય હરણની શીક્ષા.

ટીકા.—આ કલમ તથા ૩૬૧ મી કલમ મુજબ તહોમતદારને મનુષ્ય હરણનો ગુન્હેગાર ઠરાવવાને સારૂ એવું બતાવવું જોઇએ કે હરણ થયેલા સખસને તહોમતદાર કાયદેસર વાલીપણામાંથી લઈ ગયો હતો અથવા ફોસલાવી તેડી ગયો હતો,૫ અને વાલીની સંમતી વગર તેણે તેમ કર્યું હતું.૬

મનુષ્ય હરણનો અથવા નયનનો ગુન્હો જે કોર્ટની હદમાં જે મનુષ્યનું હરણ અથવા નયન કરવામાં આવ્યું હોય, તે કોર્ટથી અથવા સદરહુ સખસને જે કોર્ટની હકુમતમાં થઇને લઈ જવામાં આવ્યો હોય, અથવા રાખ્યો હોય, અગર સંતાડયો હોય તે કોર્ટથી તેનો ઈનસાફ થઈ શકે છે.

આ બાબતમાં પ્રથમ—
ઇ. લો. રિ. ૫ મુંબઈ ૩૧૨.
ઇ. લો. રિ. ૧૬ મુંબઈ ૨૦૦.

---

૧. રેનાઇના. વિ. ટીમીન્સ. ૩૦ લૉ જનરલ માજીસ્ટ્રેટસ કેસીસ. પાનું. ૧૫.
૨. રેનાઇના. વિ. પ્રીન્સ. લો રીપોરટસ. ૨ ક્રાઉન કેસીસ પાનું ૧૭૪.
૩. ઇ. લો. રિ. ૩૨ કલકત્તા પાનું ૪૪૪
૪. રેનાઈના. વિ. બીધુ મુખી ૧૫ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું. ૪
૫. રેનાઇના. વિ. નીલા બીબી. ૧૦ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનું. ૩૩
૬. રેનાઈના. વિ. મોહીમ ચન્દર ૧૬ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું. ૪૨.

ઈ. લો. રિ. ૧૮ અલ્હા. ૩૫૦.
૧૩. અલ્હા. વી. નોટસ. ૧૬૪.
ઇ. લો. રિ. ૧૭ મદ્રાસ ૪૦૨.

એ રીતે ઉપર મુજબના કેસોમાં મતભેદ હતો તે હવે સને ૧૯૯૮ થી સુધરેલી ક્રીમીનલ પ્રોસીજરની કલમ ૧૮૧થી દૂર થયો છે. સદરહુ ક. ૧૮૧ ક્રી. પ્રો. નીચે મુજબ છે:—

૧૮૧. (૧) ઠગ હોવાના, ઠગ થઇને ખુન કરવાના, ડાકાઇટી કરવાના, ખુન કરીને ડાકાઇટી કરવાના, ડાકાઈટોની ટોળીમાં હોવાના, અથવા પેહેરામાંથી નાહાસી જવાના ગુન્હાની ચોકસી અથવા ઇનસાફ જે કોર્ટની હકુમતની સ્થાનિક હદમાં તોહોમતવાળો શખસ હોય તે કોર્ટને કરવાનો અધિકાર છે.

(૨) સાપરાધ ખોટો ઉપયોગ કરવાના અથવા સાપરાધ વિશ્વાસઘાત કરવાના ગુન્હાની ચોકસી અથવા ઇનસાફ, જે મિલકત બાબત તે ગુન્હો કર્યો હોય તે મિલકતનો કોઈપણ ભાગ જે કોર્ટની હકુમતની સ્થાનિક હદમાં તોહોમતવાળા શખસે લીધો હોય અથવા રાખ્યો હોય તે કોર્ટને અથવા જે કોર્ટની હકુમતની સ્થાનિક હદમાં તે ગુન્હો કર્યો હોય તે કોર્ટને, કરવાનો અધિકાર છે.

(૩) કાંઈપણ વસ્તુ ચોરવાના ગુન્હાની ચોકસી અથવા ઈનસાફ, જે કોર્ટની હકુમતની સ્થાનિક હદમાં તે વસ્તુ ચોરી હોય અથવા ચોરના કબજામાં હોય અથવા તે ચોરેલી છે એવું જાણ્યાં છતાં અથવા એવું માનવાનું કારણ છતાં તે વસ્તુ લેનારા અથવા રાખનારા કોઈપણ શખસના કબજામાં હોય તે કોર્ટને કરવાનો અધિકાર છે.

(૪) હરણ કરવાના અથવા ફોસલાવી લેઈ જવાના ગુન્હાની ચોકસી અથવા ઇનસાફ, જે કોર્ટની સ્થાનિક હદમાં સદરહુ હરણ કરેલા અથવા ફોસલાવી ગઇ ગયેલા માણસનું હરણ કર્યુ હોય અથવા તેને ફોસલાવી લઈ ગયા હોય અથવા લઈ ગયા હોય અથવા સંતાડી રાખ્યા હોય અથવા અટકાવી રાખ્યા હોય તે કોર્ટને કરવાનો અધિકાર છે.

ખુન કરવા માટે મનુષ્ય હરણ અથવા મનુષ્ય નયન.

૩૬૪. કોઇ શખસનું ખુન કરવામાં આવે એટલા માટે અથવા પોતાનું ખુન થવાના જોખમમાં તે શખસ આવે એવી રીતે તેનો વગ કરવામાં આવે એટલા માટે જે માણસ તે શખસનું હરણ અથવા નયન કરે તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

દ્રષ્ટાંત—(અ) બ્રીટીશ ઇન્ડીઆમાંથી જ નુ હરણ કરે એવા ઇરાદાથી અથવા એવો સંભવ જાણીને કે એક મુરતીને જ નો ભોગ આપવામાં આવે તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવું.

(બ) બ નુ ખુન કરવામાં આવે એટલા માટે બ ને તેને ઘેરથી અ બળથી અથવા ફોસલાવીને લઈ જાય તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવું.

કોઇ શખસને છાની રીતે ગેર વાજબી કેદ કરવાના ઇરાદાથી તેનું હરણ અથવા નયન કરવું.

૩૬૫. કોઇ શખસને છાની રીતે ગેરવાજબી કેદ કરવાના ઇરાદાથી જે માણસ તે શખસનું હરણ અથવા નયન કરે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ સ્ત્રીનાં જુલમથી લગ્ન કરવાં વગેરે કારણ સારૂ તે સ્ત્રીનું હરણ કરવું અથવા નયન કરવું.

૩૬૬. કોઇ સ્ત્રીને તે સ્ત્રીની મરજી નહીં છતાં કોઇ પુરૂષની સાથે જુલમથી પરણાવવામાં આવે એવા ઈરાદાથી અથવા જુલમથી પરણાવવામાં આવશે એવો સંભવ છે એમ જાણીને અથવા જુલમથી ફોસલાવીને તે સ્ત્રીની જોડે જાર કરમ કરવામાં આવે એટલા માટે અથવા જુલમથી કે ફોસલાવીને તેની જોડે જાર કરમ કરવામાં આવશે એવો સંભવ છે એમ જાણીને જે માણુસ તે સ્ત્રીનું હરણ અથવા નયન કરે તે માણુસને દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—એક કેસમાં એક કુટ્ટિની (ભડવાઈ કરનાર સ્ત્રી) એ એક વીસ વરસની પરણેલી સ્ત્રીને તેના ધણીને છોડી દેવાને લલચાવી, અને હકીકત ઉપરથી એવું માલમ પડતું હતું કે "તેણીએ જાણી બુજીને "પોતાની (આવી) પસંદગી કરી હતી, અને તેણીની સ્વતંત્ર ઈચ્છાથી પોતાના ધણીને છોડી દેવાનો, અને "કલકત્તામાં વેશ્યા થવા (તરીકે રહેવાનો) તેણીએ નિશ્ચય કર્યો હતો." તે કેસમાં કલકત્તાની હાઇકોર્ટે એવું ઠરાવ્યું હતું કે ૩૬૬ મી કલમ પ્રમાણે તે સ્ત્રીને ગુન્હેગાર ઠરાવી શકાય નહી. પરંતુ ૪૯૮ મી કલમ પ્રમાણે તે સ્ત્રીને લલચાવવાનો કેદીને ગુન્હેગાર ઠરાવવાને જોઇએ તેટલો પુરાવો હતો, "કેમકે તે સ્ત્રીની "છાની ઇચ્છાઓ ગમે તેવી હતી તો પણ જો કેદી સ્ત્રી વચ્ચે પડી (તેની મદદે આવી) ન હોત તો તે "ઇચ્છાઓ અમલમા મુકવાની તેને કાંઇ પણ તક મળતી નહી." ૧

મી. મેઈન સાહેબ કહે છે કે આ કલમ અને ૪૯૮ મી કલમ વચ્ચેનો ભેદ એ છે કેઃ—જ્યાં સ્ત્રીનું નયન થતી વખતે તે સ્ત્રીનો પરણવાનો અથવા જાર કરમ કરવાનો કાંઇ પણ ઈરાદો ન હોય, પરંતુ (નયન કરનારની તરફથી) એવી ધારણા રાખવામાં આવી હોય કે પાછળથી તેના ઉપર વાપરેલા બળથી અથવા પાછળથી તેને આપેલી ફોસલામણી (લાલચ) થી તેનું લગ્ન અથવા તેની સાથે જાર કર્મ કરવામાં આવશે, તેવા કેસને આ કલમ લાગુ પડે છે. જ્યારે ૪૯૮ મો કલમમાં આવતા કેસોમાં સ્ત્રીને લઇ જવાનો અથવા ફોસલાવીને તેડી જવાનો હેતુ એ છે કે તે (પરણેલી) સ્ત્રી બીજા કોઈ માણસની સાથે જાર કર્મ કરવામાં તે સ્ત્રી પોતે સંમતા આપે છે.

એક કેસમાં જ નો ધણી ડ બીજે ગામ (પરગામ) ગયો ત્યારે જ પોતાની છોકરીને પોતાના બનેવીને ઘેર લઇ ગઇ, અને તે છોકરીને પરણાવી દીધી. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે ૩૬૬ મી કલમમાં વાપરેલા "સ્ત્રી" શબ્દમાં સગીર ઉમ્મરની સ્ત્રીનો સમાવેશ થતો હતો, અને તે છોકરીને ખસેડવામાં જ ની સંમતી છતાં ૩૬૧ મી અને ૩૬૬ મી કલમના અર્થમાં આવી જાય તેવી રીતે ડ ના કાયદેસર વાલીપણામાંથી તે છોકરીનું હરણ થયેલું હતું. ૨

બૌદ્ધ લોકના કાયદા પ્રમાણે કોઇ સખસ સગીર ઉમ્મરની છોકરીની સાથે તેણીના વાલીની સંમતી વગર કાયદેસર લગ્ન કરી શકે નહી. તેથી કરીને જો કે લગ્ન કરવાનો ઇરાદો રાખવામાં આવ્યો હોય તો પણ આવી સંમતી સીવાય (લગ્ન પછી) કરેલો સંભોગ ૩૬૬ મી કલમ પ્રમાણે જાર કર્મ ગણાશે. ૩

એક કેસમાં પહેલા કેદીએ એક અગીઆર વરસની છોકરીને તેના કાયદેસર વાલીના હવાલામાંથી કાઢી લીધી હતી, અને બીજા માણસને લગ્નમાં વેચાણ આપી, અને બીજા કેદીએ તે છોકરીને ગેરકાયદેસર

૧. રેજાઈના. વિ. શ્રીમતીપોડી. ૧ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું ૪૫

૨. ઘશાસીંગ વિ. મુંસામતખાનો. પંજાબ રેકરડઝ ૧૮૭૮ નું ૮ મું.

૩. રેજાઇના વિ. ન્ગાન્યુ. ૧ બરમાસીલેકટ રીપોરટસ પાનું ૨૦૧.

રીતે છુપાવી. તેમાં પહેલા કેદીને માત્ર ૩૬૩ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા મંજુર રાખવામાં આવી હતી, અને બીજા કેદીને માત્ર ૩૬૮ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા મંજુર રાખવામાં આવી હતી, પરંતુ તે બંનેને ૩૬૨ મી કલમ પ્રમાણે કરેલી જુદી શીક્ષા રદ કરવામાં આવી હતી કેમકે આ ૩૬૬ મી કલમ ૩૬૩ મી કલમ પ્રમાણેના ગુન્હાનું વધારે ભારે ગંભીર સ્વરૂપ માત્ર છે, અને એકજ માણસને એકને એકજ હકીકત ઉપરથી બંને કલમો મુજબ ગુન્હેગાર ઠરાવી શકાય નહી.૧

કોઇ શખસને માહાવ્યથા થાય, તેને ગુલામ કરવામાં આવે વગેરે કારણસર તેનું હરણ અથવા નયન કરવું.

૩૬૭. કોઇ શખસને માહાવ્યથા કરવામાં આવે છે અથવા તેને ગુલામ કરવામાં અથવા તેની ઉપર કોઈ કોઈ શખસની સૃષ્ટિ કર્મ વિરૂદ્ધ મૈથુન ઈચ્છા પુર્ણ થાય એટલા માટે અથવા તેના ઉપર એ પ્રમાણે ગુજારવાના જોખમમાં તે આવે એવી રીતે તેનો વગ કરવામાં આવે એટલા માટે અથવા તે શખસની ઉપર એ પ્રમાણે ગુજરશે અથવા તેનો એ પ્રમાણે વગ કરવામાં આવશે એવો સંભવ છે એમ જાણીને જે માણુસ તે શખસનું હરણ અથવા નયન કરે તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે. વળી તે દંડને પણ લાયક થાય.

હરણ થએલ શખસને ગેરવ્યાજબી રીતે સંતાડવો અથવા કેદમાં રાખવો.

૩૬૮. ફલાણા શખસનું હરણ અથવા નયન થએલું છે એમ જાણ્યા છતાં જે માણુસ તે શખસને ગેરવ્યાજબી રીતે સંતાડે અથવા કેદ કરે તે માણસને જે ઇરાદો કે જ્ઞાનથી અથવા જે કારણસર તે માણુસ તે શખસને સંતાડે અથવા કેદમાં રાખે તેજ ઇરાદા કે જ્ઞાનથી અથવા તેજ કારણસર જાણે તે માણસે તે શખસનું હરણ અથવા નયન કર્યું હોય એવી રીતે શીક્ષા કરવામાં આવશે.

ટીકા—જે સખસનું હરણ થયું હોય તેવા કોઇ પણ સખસને છુપાવવામાં જે માણસ મદદ કરે છે તેવા માણસને આ કલમ લાગુ પડે છે, અને હરણ કરનાર સખસોને તે લાગુ પડતી નથી. ૨

એક ઘરમાં તે ઘરના માલીકે કોઇ છોકરીને લીધી હોય અને તેને ત્યાં રાખી હોય, અને તે છોકરીનું હરણ થયું છે એવી તેને જાણ પડી હોય અથવા એવું માનવાને તેને કારણ માલમ પડયું હોય તે પછી પણ તેણે તેમ કર્યું હોય તો પણ તેથી તે છોકરીને છુપાવેલી ગણાશે નહી, પરંતુ જો તે છોકરીને શોધવા આવનાર માણસોની નજરની બહાર રાખવાનો તે ઘરના માલીકનો ઇરાદો ખુલ્લો હોય તો તેમ છુપાવવું ગણાશે ૩

જે છોકરીનું હરણ કરવામાં આવ્યું હતું તે છોકરી એક બે દીવસ સુધી એક માણસના ઘરમાં રહી હતી તેટલીજ હકીક્ત માત્ર એવું અનુમાન બાંધવાને ટેકો આપશે નહી કે તે છોકરીને ખોળી કાઢવાને વાસ્તે જે શોધ થાય તેવી કોઇ પણ શોધ નીષ્ફળ કરવાના હેતુથી તે માણસે તે છોકરીને ગેરવ્યાજબી રીતે છુપાવી રાખી હતી.૪

---

૧. રેજાઈના. વિ. ઇસ્રીપાન્ડે. ૭ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનું. ૫૬,
૨. રેજાઇના. વિ. શેખઉઝીર ૬ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું ૧૭.
૩. રેજાઇના. વિ. ઝુરૂપ. ૫ નોરથ વેસ્ટ પ્રોવીન્સીસ. રીપોરટસ. પાનું. ૧૩૩.
૪. રેજાઇના. વિ. મુસામત ચુણુઆ. ૫ નોરથવેસ્ટ પ્રોવીન્સીસ રીપોરટસ પાનું. ૧૮૯.

આ કલમના હેતુને સારૂ એવું સાબીત કરવાની જરૂર નથી કે જે સખસને કેદ કરવામાં આવેલ તેનું કોઈ પણ અમુક માણસે હરણ કર્યું હતું. જો એવી સાબીતી હોય કે હરણ કરવામાં આવ્યું હતું, અને તહોમતદારને તેની ખબર હતી, તો જો કે હરણ કરવાનું જે માણસ ઉપર તહોમત મુકવામાં આવ્યું હતું તે માણસ નીર્દોષ ઠર્યો હોય તોપણ એટલું બસ છે.[1]

દસ વરસથી ઓછી ઉંમરના કોઇ બચ્ચાના શરીર ઉપરથી જંગમ મીલકત ચોરવાના ઇરાદાથી તે બચ્ચાનું હરણ અથવા નયન કરવું.

૩૬૯. દસ વરસથી ઓછી ઉંમરના કોઇ બચ્ચાના શરીર ઉપરથી કાંઇ જંગમ મીલકત બદદાનતથી લેવાના ઇરાદાથી જે માણસ તે બચ્ચાનું હરણ અથવા નયન કરે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઇ શખસને ગુલામ દાખલ વેચવો અથવા આપવો.

૩૭૦. કોઇ શખસને ગુલામ દાખલ જે માણસ આ દેશમાં લાવે અથવા આ દેશમાંથી બહાર મોકલે અથવા ખસેડે અથવા ખરીદ કરે અથવા વેચે અથવા કોઈને આપે અથવા તે શખસની મરજી નહી છતાં તેને ગુલામ દાખલ કબુલે અથવા રાખે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંની ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—"ગુલામ" કોને કહેવો:—ગુલામ એ કાંઈ પણ બીલકુલ હક વગરનું અને દુનિઆમાં સ્થીતી વગરનું એક પ્રાણી છે, જે કેવળ (નિરજીવ) માલમતા તરીકે બીજાની મીલકત છે, અથવા બીજાની મીલકત થાય છે, કેમકે કોઈ પણ કાયદેસર અધીકારીને જવાબદાર થયા વગર, (તે ગુલામને) વેચી દેવાની બક્ષીસ કરી દેવાની અથવા બીજી રીતે તેનો નીકાલ કરી દેવાની તેમજ તેના જીવીત અને મોતની પણ તે (ગુલામના) માલીકને તે ગુલામ ઉપર કુલ સ્વતંત્ર સત્તા છે.[2]

આ કલમનો ઉદ્દેશ:—આ સામાન્ય કલમ છે, અને સઘળાં મનુષ્ય-પ્રાણીઓ, પછી તેઓ કુમળી વયનાં બાળક હોય કે પુખ્ત ઉમ્મરનાં માણસો હોય તોપણ, તેવાં સઘળાં મનુષ્ય પ્રાણીઓનો વેહેપાર કરવાની મનાઇ કરે છે, એવું ઘણીવાર બને છે કે માણસો દુકાળના વખતમાં, અથવા જ્યારે બીજા કારણોથી તદ્દન અનાથ દશા (ખાંથરેહાલ દશા) માં આવી જાય છે ત્યારે તે માણસો પોતાની જાતને તેમજ પોતાનાં છોકરાંઓને ભુખમરાથી બચાવવા સારૂ પોતાનાં છોકરાંઓને દાણા અથવા પઈસા બદલ આપી દે છે. એવું કહેવામાં આવે છે કે હિંદુ ધર્મશાસ્ત્ર (કાયદો) માબાપને (પણ બીજા કોઈ માણસને નહી) આવી સ્થીતીની અંદર તેમનાં બાળકોને વેચવાનો અથવા બદલે આપવાનો અધીકાર આપે છે; અને એ તો નક્કી છે કે આફતના વખતમાં છોકરાંઓને વેચાતાં આપવા લેવાનો રીવાજ (તેમની) મોટી સંખ્યાને ભુખમરામાંથી બચાવે છે. બીજી વખતે માબાપ પોતાનાં નાનાં બાળકોને (નાચ પાડનારી) નાયકાઓને અથવા અમુક જાતના લોકો કે જેઓ છોકરાંને પોતાના ધંધા અથવા રોજગારમાં કેળવવા સારૂ તે છોકરાં વેચાણ રાખે છે, અથવા બક્ષીસમાં લે છે તેવા લોકોને આપી દે છે. પોતાનાં છોકરાંઓને માત્ર વેચી દેવા બદલ અથવા આપી દેવા બદલ માબાપની સજાને કલમ લાગુ પડતી નથી (અર્થાત માબાપને આ કલમ

1. રેનાઇના. વિ. અમીર દરાઝ. ૪ સધરલાંન્ડઝ વીકલી રીપોરટર. પાનું. ૩.
2. રેનાઇના. વિ. રામકુંવર ૨ અ. ૭૩૧.

મુજબ સજા થતી નથી) જે ગુન્હો આ કલમ અટકાવે છે તે '**ગુલામ તરીકે**' બાળકને અથવા બીજા શખસને વેચી દેવાનો અથવા આપી દેવાનો (ગુન્હો) છે. થોડા વખત સુધી અથવા હંમેશને વાસ્તે બાળકને બીજા માણસને સ્વાધીન કરવાના કાયદેસર કરાર માબાપથી થઇ શકે; દાખલા તરીકે જે બાળકને તેનાં માબાપ બીજાં માણસોને દતક લેવા દે છે તે બાળકનો કેસ, અથવા જે બાળકને કાંઈ કાયદેસર ધંધો અથવા રોજગાર શીખવવાને સારૂ થોડા વખતને માટે શિખાઉ તરીકે કોઇ માણસને ત્યાં મુકવામાં આવે તે બાળકનો કેસ, વિગેરે. એ કહેવાની જરૂર નથી કે (પીનલ) કોડની આ કલમ અથવા બીજી કોઈપણ કલમની સામે આ ગુન્હાઓ નથી. પણ એ સંભાળ રાખવી જોઇએ કે કરારના બહાનાથી અથવા કરારની કોઇ યુક્તિ તળે કાયદાને બાજુએ મુકવામાં (ઠગવામાં) આવ્યો નથી. જ્યારે (કરેલા) વ્યવહારની મતલબ મનુષ્ય-પ્રાણીની જાત અને નોકરીમાં મીલકત (તબદીલ) આપવાની કોશીસ કરવાની હોય (અર્થાત તે માણસની જાત ઉપરનો અને તેની નોકરી ઉપરનો માલકી હક વેચાણ અથવા બક્ષીસ આપી દેવાની કોશીસ કરવાની હોય) ત્યારે તે વ્યવહારને બંને બાજુના માણસો ગમે તેવું રૂપ આપવાની કોશીશ કરે તોપણ, આ કલમના અર્થની અંદર (આવી જાય તેવી રીતે) '**ગુલામ તરીકે**' તે મનુષ્ય-પ્રાણી (માણસ) ને આપી દીધેલો (ગણાય) છે.૧

માણસોને ગુલામોની સ્થીતીમાં મુકવાની કોશીશની સામે, અથવા જે રીત તે માણસોની મીલકત, નોકરી અથવા વર્તનના સંબંધમાં દરેક બાબતે તે માણસો સ્વતંત્ર છે એવા વિચારની સાથે પ્રતીકુળ હોય તેવી રીતે તેમની સાથે વર્તવાની કોશીસની સામે આ કલમ લાગુ પાડેલી છે.૨

તેજ **રામકુંવર** ના કેસમાં જસ્ટીસ ઓલ્ડફીલ્ડ નીચે મુજબ ટીકા કરે છે:—" ગુલામગીરીનો ચોકસ " અને વાસ્તવીક અર્થ એટલે કે, જેથી કરીને બીજા (માણસ) ની જીંદગી, મીલકત અને છુટાપણા ઉપર " તેના શેઠને કુલ સ્વતંત્ર અને હદ વગરની સત્તા મળે છે એવી સ્થીતી, તેવા ચોકસ અને વાસ્તવીક " અર્થમાં " એટલુંજ નહી, પણ જેથી કરીને બીજા (માણસ) ના છુટાપણા ઉપર કુલ સ્વતંત્ર સત્તા રાખ- " વામાં આવે તેવા કોઈપણ ફેરફાર થયેલા રૂપમાં પણ ગુમાલગીરી બંધ પાડવાને સારૂ પીનલકોડની ગુ- " લામગીરીને લગતી કલમો ઘડી કાઢવામાં આવી હતી."

એક કેસમાં **અ** નામના એક માણસે એક હિંદુ છોકરીનું હરણ કર્યું. અને **બ** નામના મુસલમાનને તે છોકરી વેચી દીધી. તે મુસલમાને તેણીનું નામ બદલ્યું, અને તે છોકરીને તે ખોરાકી પોશાકી આપતો હતો; પરંતુ તેને કાંઇપણ પગાર આપતો નહી, તેમજ તે છોકરીને ઘર છોડીને જવા પણ દેતો નહી. ચાર વર્ષ સુધી આ પ્રમાણે રહ્યા પછી તે છોકરી નાશી ગઇ; તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ કલમ પ્રમાણે તે છોકરીને '**ગુલામ તરીકે**' વેચાણ રાખવા બદલ **બ** ગુન્હેગાર હતો.૩ આ કેસમાં કોર્ટે ટીકા કરી હતી કે, " જો બીજો (માણસ) કોઇ માણસની શારીરિક સ્વતંત્રતા લઈ લેવાનો, અને તે માણસની " મરજી વિરૂદ્ધ તેની મેહેનત (ગમે તેને) આપી દેવાનો કુલ સ્વતંત્ર હક રાખતો હોય તો તે માણસને " ગુલામ તરીકે ગણેલો ગણાશે, પણ જો તે હક, તેને કાયદાથી મળેલો હોય, દાખલા તરીકે બાપના, " વાલીના અથવા જેલરના કેસમાં-તો (તેમ ગણાશે નહી)."

મદ્રાસમાં ચુકેલા એક કેસમાં **સ** એ **બ** નામની એક તેર વર્ષની છોકરીની જાતમાં (રહેલા) પોતાના હકો પચાસ રૂપૈયા સારૂ **અ** ને વેચાણ આપી દીધા. જે દસ્તાવેજમાં આ વ્યવહાર (વેચાણ) નોંધાયો હતો તે દસ્તાવેજમાં **સ** એ **પ** પાસેથી ખરીદ કરેલી ગુલામ-છોકરી તરીકે **બ** નું વર્ણન કરવામાં આવ્યું હતું. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે ૩૭૦ મી કલમના અર્થની અંદર **બ** ને ગુલામ તરીકે ખરીદ કરવાનો **અ** ગુન્હેગાર હતો.૪

---

૧. મોરગન એન્ડ મેકફર્સન કૃત ઇન્ડીઅન પીનલકોડ.

૨. એમ્પ્રેસ. વિ. રામકુંવર ૨ અ. ૭૨૩, પાને ૭૩૧ મે.

૩. રૈનાઇના વિ. મીરઝા સીકંદર ૩ નોર્થવેસ્ટ પ્રોવીન્સીસ રીપોર્ટસ પાનું ૧૪૬.

૪. અમીન વિ. રૈનાઈના ૭ મ. ૨૭૭.

પરંતુ એક કેસમાં આશરે અગીઆર વર્ષની ઙ નામની છોકરીને ર નામના માણસે કબજે કર્યા પછી તેણીને એક ત્રીજા માણુસને કીંમત લઈને આપી દીધી, એવા ઇરાદાથી કે તે ત્રીજો માણસ તે છોકરીને પરણે, અને તે માણસે તે છોકરીને તેવા ઇરાદાથી રાખી લીધી, તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ કલમ પ્રમાણે ઙ ને ગુલામ તરીકે આપી દેવાનો ર ને ગુન્હેગાર ઠરાવી શકાય નહી.૧

આ કેસમાં જસ્ટીસ ઓલ્ડરીલ્ડ ટીકા કરે છે કેઃ—"તહોમતદારનું કૃત્ય ૩૭૦ મી કલમના અર્થની "અંદર લાવવાને સારૂ તે છોકરીને ગુલામ તરીકે વેચેલી અથવા આપી દીધેલી હોવી જોઇએ, અર્થાત "એવી રીતે વેચેલી અથવા આપી દીધેલી કે જેથી કરીને જે માણસ તે (છોકરી) ની જાતમાં ગુલામ તરી- "કેની મીલકત હોવાનો દાવો કરે છે તે માણસ તે મીલકત "બીજાને તબદીલ કરી આપે છે."

નિત્ય ગુલામોનો વેપાર કરવો.

૩૭૧. જે માણસ નિત્ય ગુલામોને આ દેશમાં લાવે અથવા આ દેશમાંથી બહાર મોકલે અથવા ખસેડે અથવા ખરીદ કરે અથવા વેચે અથવા તેઓનો વેપાર ધંધો કરે તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

જાર કરમને માટે કોઈ બાળકને વેચવું.

૩૭૨. સોળ વરસથી ઓછી ઉમરનું કોઈ બાળક જાર કરમના કારણુસર અથવા કાંઇ કાયદાવિરૂદ્ધ તથા અનીતિના કારણુસર રાખવામાં કે વાપરવામાં આવે એવા ઇરાદાથી અથવા તે બાળક તેવા કાંઇ કારણુસર રાખવામાં આવશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં જે માણુસ તે બાળકને વેચે અથવા ભાડે આપે અથવા બીજી રીતે કોઇને આપે તે માણુસને દસ વરસની મુદત સુધીની બેમાંની ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—કેટલાક સખસોએ એક ઉંચ વર્ણના હિન્દુને એવું ખોટું સમજાવ્યું કે એક નીચ જાતની બાળક છોકરી ઉંચ વર્ણની કન્યા હતી; અને તેમનું આ કહેવું ખરૂં હતું એવો સંપુર્ણ વિશ્વાસ રાખીને તે છોકરીની સાથે પરણવાને અને તે બદલ તે શખસોને પૈઇસા આપવાને તે ઉંચ વર્ણના હિન્દુને તેઓએ લલચાવ્યો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જો તે છોકરીને પરણાવવાના હેતુથી આપી દેવામાં આવી હોય તો એવું કહી શકાય નહી કે તે લગ્ન હિન્દુ ધર્મશાસ્ત્ર મુજબ ગેરકાયદેસર થાય તે કારણુથી તે શખસો એવા ઇરાદાથી વર્ત્યા હતા કે જોર કર્મના કારણુસર અથવા કાયદા વિરૂદ્ધ તથા અનીતિના કારણુસર તે છોકરીને રાખવામાં અથવા વાપરવામાં આવે, અને તેથી કરીને તેઓને આ કલમ અથવા ૩૭૩ મી કલમ મુજબના ગુન્હાના ગુન્હેગાર ઠરાવી શકાય નહી. આ કેસમાં જસ્ટીસ પીઅરસન કહે છે કે "(કોઈ "માણુસને) આ ગુન્હાનો ગુન્હેગાર ઠરાવવા સારૂં એવું સાબીત કરવું જોઇએ કે તહોમતદારનો એવો "ઈરાદો હતો કે તે બાળક (છોકરી) ને જાર કર્મના કારણુસર, અથવા કાયદા વિરૂદ્ધ અથવા અનીતિના "કારણુસર રાખવામાં અથવા વાપરવામાં આવે, અથવા તે બાળક તેમ રાખવામાં અથવા વાપરવામાં "આવશે એમ સંભવ છે એવું તે તહોમતદાર જાણતો હતો."૨

---

૧. એમ્પ્રેસ વિ. રામકુંવર ૨ અ. ૭૨૩

૨. રેજાઈના. વિ. શ્રીલાલ. ૨ અલાહબાદ ૬૬૪; રેજાઇના. વિ. દેબીસીંગ. ૬ સધરલાન્ડ્ઝ વીકલી રીપોર્ટર. પાનું ૫૫.

આ કલમ પ્રમાણે ગુન્હો બનવાને સારૂ એ જરૂરનું નથી કે બાળકની જાત ઉપર (કુલ) સત્તાની અથવા બાળકની જાત ઉપરના કબજાની તબદીલની બરાબર હોય તેવી રીતનું (તે બાળકનું) આપી દેવું હોવું જોઈએ; એક મંદીરની નાચનારી છોકરીઓ કે જેમનો ધંધો ઉઘાડી રીતે વેશ્યા કર્મનો છે તે છોકરીઓની અંદર તે બાળકને દાખલ કરવું તેજ માત્ર આ ગુન્હો બનવાને માટે પુરતું છે.૧

એક બાળક છોકરી ને નાચનારી તોકરી (નાયકા) બનાવવાને સારૂ દત્તક લેવી અથવા દત્તક આપવી તે જો તેને દત્તક લેનાર અથવા આપનારનો તે છોકરીને વેશ્યા કરવાનો ઇરાદો સ્થાપીત થાય તો, આ કલમ અને ૩૭૩ મી કલમ પ્રમાણે ગુન્હો છે.૨ જો તે છોકરીને વેશ્યા કર્મ કરાવવાનો ગુન્હા ભરેલો ઈરાદો એક વખતે સ્થાપીત થાય તો તે છોકરીની ઉમ્મર એટલી (નાની) છે કે તે ઈરાદો ઘણા વર્ષ સુધી અમલમાં મુકી શકાશે નહી તે વાત બીન ઉપયોગી છે અને ધ્યાનમાં લેવા જેવી નથી.૩

એક સ્ત્રી કે જે નાયકાઓની જાતની હતી તેણે એક બાળક વયની છોકરીને પોતાને કબજે લઇને તેને જાર કર્મના કામને સારૂ ઉપયોગમાં લીધી; પછીથી તે સ્ત્રીએ એક બીજી બાળક છોકરીને તેણીનાં માબાપ કે જે તેજ (નાયકાની) જાતનાં હતાં તેમની પાસેથી દત્તક લીધી, તે સ્ત્રી ઉપર અને તે બીજી છોકરીનાં માબાપ ઉપર કલમ ૩૭૨ તથા ૩૭૩ મુજબ ભેગું તહોમત મુકવામાં આવ્યું હતું તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે બંને ઉપરનાં તહોમતની ભેગી તપાસ થવી જોઈતી નહોતી પરંતુ તેમની આ પ્રમાણે ભેગી તપાસ કરવામાં થયેલા ગેરશીરસ્તાથી ન્યાય કોઇ પણ રીતે નીષ્ફળ થયો નહોતો; અને જ્યાં બાળક છોકરી નાયકા (નાચનારી છોકરીઓ) ની જાતની હોય તેવા કેસને પણ ૩૭૨ મી અને ૩૭૩ મી કલમ લાગુ પડે છે. આ કેસમાં જસ્ટીસ મુતુ સામી આયર નીચે મુજબ ટીકા કરે છેઃ—"જો ઇરાદો એવો હોય કે (પોતાની) "દીકરી તરીકે તે છોકરી ઉછરી મોટી થાય, અને જ્યારે તે છોકરી યોગ્ય ઉમ્મરની થાય ત્યારે પરણવાનું "અથવા તો તેની વેશ્યામાનોજ ધંધો કરવાનું તે બેમાંથી ગમે તે પસંદ કરવાની તેને છુટ હોય તો (છોકરીને દત્તક લેવાથી) કાંઇ પણ ગુન્હો બનતો નથી." ૪

એક કેસમાં સોળ વરસની અંદર એક બાળક છોકરીને 'શેજ'ની ક્રિયા કરીને એક હિન્દુ મંદીરની સેવામાં અર્પણ કરી હતી, જ્યાં એવું સાબીત કરવામાં આવ્યું હતું કે ઘણું કરીને હંમેશાં એવું બનતું હતું કે આ પ્રમાણે અર્પણ કરેલી છોકરીઓ વેશ્યાની જીંદગી ગાળતી હતી તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ પ્રમાણે છોકરીને અર્પણ કરવી તે, આ કલમના અર્થની અંદર આવી જાય તેવી રીતે જાર કર્મના કારણસર તે છોકરીને રાખવામાં આવશે અથવા વાપરવામાં આવશે એવું જાણીને તે છોકરીને આપી દેવાનું ગણાતું હતું. ૫

તહોમતદારે પોતાની બાળક છોકરીનું એક મુસ્તીની સાથે એક પ્રકારનું લગ્ન કરીને બાસીવી તરીકે તે છોકરીને અર્પણ કરી દીધી, એવું જણાતું હતું કે બાસીવી કાયદેસર લગ્ન કરવાને અયોગ્ય છે; અને સાધારણ રીતે ગમે તે માણસની સાથે વ્યવહાર ભોગવે છે, અને તેણીના છોકરાઓ તેણીના બાપને મીલકતના વારસ થાય છે. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તહોમતદારે આ કલમ પ્રમાણે ગુન્હો કર્યો હતો.૬

સોળ વરસની અંદરની બે બાળક છોકરીઓ જાર કર્મના કારણસર વપરાય એવા ઇરાદાથી તે છોકરીઓને આપી દેવાનો બે કેદીઓમાંના એકને ગુન્હેગાર ઠરાવ્યો હતો, અને બીજાને તેવા ઇરાદાથી તે છોકરીઓને રાખવાનો ગુન્હેગાર ઠરાવ્યો હતો. પુરાવ ઉપરથી એવું માલમ પડતું હતું કે નાચનારી છોકરીઓ

---

૧. રેંજાઇના. વિ. જેલી. ૬ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ. (ફોજદારી) પાનું. ૬૦; શ્રીનીવાસ વિ. અન્નાસા મી. ૧૫ મ. ૪૧; રેંજાઈના. વિ. બસાવા. ૧૫ મ. ૭૫; રેંજાઇના. વિ. ટીપા. ૧૬ મું ૭૩૭.

૨ રેંજાઇના વિ. પપાસાની. ૨૩ મ. ૧૫૮.

૩. રેંજાઈના. વિ. ચન્દા. ૧૮ અ ૨૪; ડેપ્યુટી લીગલરી મેમ્બ્રન્સર વિ. કારૂના, ૨૨ ક. ૧૬૪.

૪. રેંજાઇના. વિ. રામાના. ૧૨ મ ૨૭૩.

૫. રેંજાઈના વિ. જેલીસાવીન ૬ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ પાનું ૬૦

૬. રેંજાઈના વિ. બસાવા ૧૫ મ ૭૫

તરીકે કેળવવાને સારૂ એક મંદીરની નાચનારી છોકરીઓ તરીકે તે બાળક છોકરીઓને આપી દેવામાં આવી હતી, અને નોંધાવવામાં આવી હતી. તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ કલમ અને ૩૭૩ મી કલમ પ્રમાણે ગુન્હાઓ બન્યા હતા.[૧]

કલકત્તામાં ચુકેલા એક કેસમાં એક માણસને એકજ વખત ભોગવવાને વાસ્તે એક છોકરી જોઇએ, છીએ એમ તે કહેતો હતો; તહોમતદારોએ આશરે અગીઆર વરસની એક છોકરી તે માણસને સ્વાધીન કરી, અને તે માણસની પાસેથી પાંચ રૂપીઆ લીધા, એવું કહીને કે તે છોકરીને થોડા વખતને માટે રાખવા બદલ પાંચ રૂપીઆ કીમંત હતી. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તહોમતદારોએ તે છોકરીને આ પ્રમાણે ભાડે આપી તે આ કલમના અર્થની અંદર આવી જાય તેવું ભાડે આપવું થતું નહોતું; કેમકે કાંઇ પણ ફેર રાખ્યા વગર ગમે તે માણસની સાથે આડો વ્યવહાર ભોગવવાના કારણસર હમેશને માટે છોકરીને વાપરવાના ઈરાદાથી તે છોકરીને વેચવામાં અથવા ભાડે આપવામાં આવે અથવા બીજી રીતે આપી દેવામાં આવે તેવા કેસને આ કલમ લાગે છે, અને આવા એક વખતના વ્યવહારને આ કલમ લાગુ પડતી નથી.[૨]

જાર કરમને માટે કોઈ બાળકને ખરીદ કરવું.

૩૭૩. સોળ વરસથી ઓછી ઉંમરનું કોઇ બાળક જાર કરમના કારણસર અથવા કાંઇ કાયદા વિરૂદ્ધ તથા અનીતિના કારણસર રાખવામાં કે વાપરવામાં આવે એવા ઇરાદાથી અથવા તે બાળક તેવા કારણસર રાખવામાં કે વાપરવામાં આવશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં જે બાળકને ખરીદ કરે ભાડે લે અથવા બીજી રીતે પોતાના કબજામાં લે તે માણસને દસ વરસની મુદત સુધીની બેમાંની ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—આ કલમ તથા ૩૭૨ મી કલમ માત્ર વ્યભિચારના (જાર કર્મના) કેસને લાગુ પડે છે એમ નથી. જો નાની ઉમ્મરના છોકરાઓને ગુન્હા ભરેલા ધંધા, દાખલા તરીકે ચોરી કરવાનો, ઘર ફોડવાનો, ખુન કરવાનો અને એવાજ બીજા ધંધાઓની તાલીમ આપવાનો તહોમતદારનો ઇરાદો હોય તો તે આ કલમો પ્રમાણે ગુન્હેગાર થશે, દાખલા તરીકે ચાર્લ્સ ડીકન્શ કૃત " ઑલીવર ટ્વીસ્ટ " નામના વાર્તાના પુસ્તકમાં ફેગીન નામનો ચોરનો સરદાર નાનાં નાનાં છોકરાંઓને એકઠાં કરીને તેમને ખીસ્સાં કાતરવાના ધંધાની તાલીમ આપે છે. તે ફેગીન જો હિંદુસ્તાનમાં એવું કરતો હોત તો તેને આ કલમ મુજબ શિક્ષા થાત.

આ કલમમાં જણાવેલો ગુન્હો બનવાને સારૂ એ જરૂરનું છે કે પહેલું, સોળ વરસની અંદરના બાળકને કબજામાં લીધું હોય. બીજું, સદરહુ બાળક હજુ સોળ વરસની અંદરનું હોય તે વખતે ગેરકાયદેસર અને અનીતિના કારણસર તેને રાખવામાં અથવા વાપરવામાં આવશે એવું જાણ્યા છતાં તે બાળકને કબજે લીધું હોય. જો કે તે બાળક છોકરી તેણીની યોગ્ય ઉમ્મર થયા પછી વરસોનાં વરસો થઈ જાય ત્યાં સુધી જાર કર્મ કરે નહી, અથવા આવો જાર કર્મનો ધંધો કોઈ દીવસ સમુળગો કરે નહી તો પણ ઉપર જણાવેલા ઈરાદા અથવા જાણ સાથે તે બાળક છોકરીને કબજામાં લેવાનું પરીપુર્ણ થાય કે તરતજ ગુન્હો સંપુર્ણ બને છે [૩]

એક કેસમાં હકીકત એવી હતી કે તહોમતદાર એક અગીઆર વરસની છોકરીને રસ્તામાં મળ્યો, અને તેને એક પઈસો આપવાની લાલચ આપીને તેની સાથે એક વખત સંભોગ કરવાને સમજાવી. તે છોકરીએ તે વાત ખુશીથી કબુલ કરી, અને તહોમતદારના કહેવાથી તે છોકરી તેની સાથે તે કામને

---

૧. રેજાઇના વિ. પદ્માવતી ૫ મદ્રાસ હાઇકોર્ટ રીપોર્ટસ પાનું ૪૧૫
૨. રેજાઇના વિ સુકીરહર ૨૧ ક. ૯૭
૩. એમ્પ્રેસ. વિ ચન્દા. ૧૮ અ ૧૪.

સારૂ પોતાની મરજીથી એક વસ્તી વીનાના અવડ ઘરમાં ગઇ. ત્યાં તે કૃત્ય કરતાં તેઓ બંને પકડાઈ ગયાં, અને તે તહોમતદારને એકદમ કેદ પકડવામાં આવ્યો તે છોકરી કોઇની રજા વગર બહાર ગઈ હતી, અને યોગ્ય ઉમ્મરની થઇ નહોતી, તેમજ પુરાવ ઉપરથી એવું માલમ પડતું હતું કે તે છોકરીએ આગળ કોઈવાર સંભોગ કરેલો નહોતો. તે કેસમાં જડજોએ એવો અભીપ્રાય આપ્યો હતો કે તે તહોમતદારને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા ગેરકાયદેસર હતી. ચીફ જસ્ટીસ સ્કોટલાન્ડે આ કેસમાં નીચે મુજબ ટીકા કરી હતીઃ-"વેચાણુ રાખીને, ભાડે રાખીને અથવા બીજી રીતે મેળવેલો "બાળક છોકરીના શરીરનો સંપુર્ણ કબજો અને અખતીઆર એવી જાણ અથવા ઈરાદા સાથે કે આવા "કબજા અથવા અખતીઆરના પરીણામે તે બાળક છોકરી ઉપર જણાવેલા હેતુઓમાંના ગમે તે હેતુને માટે "પાછળથી રાખવામાં આવે, અથવા વાપરવામાં આવે, અથવા રાખવામાં આવશે અથવા વાપરવામાં આવશે "તેને ગુન્હા તરીકે સજા કરવાનો આ કલમનો ઈરાદો હતો." ૧

એક કેસમાં એક માણસે એક અગીઆર વરસની અંદરની છોકરીને એક કાગળ લખીને પોતાની સાથે સંભોગ કરવાને સારૂ સંકેત કરવાને લલચાવી હતી. તે માણસ વેશ્યાઓનો સાબીત હતો, પણ તે છોકરીએ એક વેશ્યા થવું તેવી તે કાગળ ઉપરથી તેની ઈચ્છા જણાતી નહોતી, તેમજ તેનો બીજો કાંઇ ઇરાદો અથવા હેતુ હોય તેવું પણ જણાતું નહોતું. તેમાં કોરટે એવું ઠરાવ્યું હતું કે તહોમતદારને જે આ કલમ પ્રમાણેના ગુન્હાની કોશીશ કરવાનો ગુન્હેગાર ઠરાવ્યો હતો તે કાયદેસર હતું. ૨

સોળ વરસની અંદરની એક મુસલમાન પરણેલી છોકરી કે જે સાધારણ રીતે તેણીની દાદી નુરજહાંનની સાથે રહેતી હતી તે છોકરીએ બે હિંદુઓની સાથે આડો વ્યવહાર બાંધ્યો, જે હિંદુઓએ તેણીની સાથે પોતાનો વ્યવહાર સુગમ (સવડ પડતો) કરવાને સારૂ તેણીને વેશ્યા થવાને સમજાવી. તે દાદીએ આ ગોઠવણમાં પોતાની સંમતી આપી, અને તે બંને (તે સ્ત્રી અને તેની દાદી) દુરના ગામડામાં ગયાં. જ્યાં તેમણે એક જગતતારા નામની સ્ત્રીની સાથે પોતાનું રહેઠાણ રાખ્યું. ત્યાં જગતતારા જે માણસોનું તે છોકરીની સાથે ઓળખાણ કરી આપતી હતી તે માણસોને આવકાર દઇ તે તેમને સંતોષ આપતી હતી. જે પઈસા તે છોકરીને મળતા હતા તે બધા જગતતારા લેઇ લેતી હતી, અને તેના બદલામાં તેણીને અને તેણીની દાદીને ધાન લુગડું પુરૂ પાડતી હતી, અને ઘરમાં રાખતી હતી. આ હકીકત ઉપરથી હાઇકોરટે વધુમતે એવું ઠરાવ્યું હતું કે નુરજહાંનને ૩૭૨ મી કલમ પ્રમાણે તથા જગતતારાને ૩૭૨ મી તથા ૩૭૩ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા રદ કરવી જોઇએ, કારણ કે આખા કામમાં અવલથી તે આખર સુધી તે છોકરી સ્વતંત્ર માલીક હતી, અને પોતાની મરજી મુજબ વર્તતી હતી. નુરજહાંને જાર કર્મને સારૂ તેણીને આપી દીધી નહોતી, વિશેષમાં વિશેષ તેણીએ તે છોકરીને પોતાની જાતને તે પ્રમાણે આપી દેવામાં મદદ કરી હતી. જગતતારાએ પણ આ કલમ પ્રમાણે તેણીને પોતાને કબજે લીધી નહોતી, પણ તે છોકરીના પોતાના કામને સારૂ તેણીને રાખી હતી. તેમજ તેણીએ તે છોકરીને આ કલમ પ્રમાણે ભાડે આપી નહોતી. ૩

મદ્રાસમાં થોડા વખત ઉપર ચુકાયલા એક કેસમાં એક બાળક છોકરીને જાર કર્મના કારણસર તે વાપરવામાં આવે તેવા ઇરાદાથી અથવા તે તે પ્રમાણે વાપરવામાં આવશે એવો સંભવ હતો એવું જાણીને તે છોકરીને વેચાણ રાખવા સારૂ એક નાયકા (નાચનારી છોકરી) ની સામે આ કલમ પ્રમાણે તહોમત મુકવામાં આવ્યું હતું. તે કામમાં અવેજ આપીને ખરીદ કર્યાનો પુરાવો આપવામાં આવ્યો હતો. અને એવો પણ પુરાવો આપવામાં આવ્યો હતો કે પડોશમાં રહેતી બીજી ઘણી નાયકાઓને છોકરીઓ રાખીને તેમને નાચનારી દીકરીઓ તરીકે અથવા વેશ્યાઓ તરીકે તાલીમ આપવાની ટેવ હતી, અને નાયકાઓએ ઉછેરેલી છોકરીઓ કદી પરણ્યાનો કાંઈ પણ દાખલો નહોતો તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે નાયકાને

---

૧. રેજાઇના. વિ. શેખ અલી. ૫ મદ્રાસ હાઈકોરટસ રીપોરટસ. પાનું ૪૭૩.
૨. રેજાઈના. વિ. મુસામત ભુતીઆ. ૭ નોર્થ વેસ્ટ પ્રોવીન્સીસ, રીપોરટસ, પાનું ૨૯૫.
૩. રેજાઈના વિ. નુરજાન ૧૪ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૩૯

આ કલમ મુજબ ગુન્હેગાર ઠરાવવા સારૂ તેણીના ઇરાદાનો જોઇએ તેટલો પુરાવો કોર્ટ આગળ પડયો હતો.૧

આ ૩૭૩ મી કલમમાં વપરાયેલા " બીજી રીતે " પોતાના કબજામાં લે " શબ્દો તેની પહેલાનાં શબ્દોની સાથે લેવા (વાંચવા) જોઈએ જ્યાં એક સ્ત્રી કેટલીક બાળક છોકરીઓને ફોસલાવીને પોતાને ઘેર તેડી ગઈ. ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેણીને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી શિક્ષા કરી શકાય નહી.૨

આ કલમ પ્રમાણે ગુન્હો બનવાને સારૂ એ જરૂરનું નથી કે જાર કર્મના કારણસર કોઇ બાળક છોકરીને વપરાવાના સંભવનો ઈરાદો કાંતો તુરત વપરાવાનો અથવા તો ઘણા દુર નહી એવા કોઈ અમુક ભવિષ્ય કાળમાં વપરાવાના સંબંધમાં હોવો જોઇએ, પરંતુ જો કે તે કામને સારૂ તે છોકરીની શારીરિક અયોગ્યતાના કારણને લીધે તેનો આ પ્રમાણે વપરાવાનો મુદામ કાળ દુર હોય તો પણ, જ્યારે તે હજુ સોળ વરસની અંદરની સગીર વયની છોકરી હોય તે વખતમાંજ તે છોકરી જાર કર્મના કારણસર વપરાશે એવા સંભવના ગુન્હેગારી ભરેલા ઈરાદાની સાથે જેવી તે છોકરીને વેચાણ રાખવામાં આવે કે તરતજ આ કલમ પ્રમાણે ગુન્હો પુરો બને છે તે આ કેસમાં બે સાથે જન્મેલી છોકરીઓના બાપે તે છોકરીઓ જ્યારે એક વરસની હતી ત્યારે તે બંને છોકરીઓને થોડા થોડા દીવસોને આંતરે એક વેશ્યાને ત્યાં વેચી દીધી. પુરાવ ઉપરથી એમ માલમ પડતું હતુ કે આગળ ઉપર પણ તે વેશ્યાએ બીજી એક બાળક છોકરીને વેચાણ રાખી હતી, અને તેને ઉછેરીને મોટી કરીને તેને પોતાનો ધંધો કરતાં શીખવી હતી. જે ગુન્હેગારી ભરેલી જાણ અને ઈરાદાથી તે વેચાણ કરવામાં આવ્યું હતું તે ગુન્હેગારી ભરેલી જાણ અને ઈરાદા સંબંધી તે છોકરીઓના બાપ અને વેશ્યા બંનેએ કબુલત આપી દીધી હતી. અને જો કે પાછળથી તેમણે તેમની કબુલત પાછી ખેંચી લીધી તો પણ આજુબાજુની પુરાવમાં પડેલી હકીકત ધ્યાનમાં લઇને હાઇકોર્ટે ઉપરનાં કારણો મુજબ તેમને આ કલમ અને ૩૭૨ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા બહાલ રાખી હતી. ૩

એક આશરે ચૌદ વરસની ઉમ્મરની છોકરીને તેણીના ધણીએ તજી દીધી હતી તેથી બ અને ક એ રાખેલા એક ખાંજરામાં તેણીએ પોતાનું રહેઠાણ રાખ્યું. ત્યાં બધા આવનારાઓની સાથે તે છોકરી વેશ્યા કામ કરતી હતી, અને તેણીના વેશ્યા કરમથી જે પૈસા આવે તે પૈસા લઇને તેના અવેજમાં બ અને ક તેને ઘરમાં રાખીને ધાન લુગડું પુરૂં પાડતા હતા, નીચલી કોર્ટે બ ને ૩૭૨ મી કલમ પ્રમાણે તે છોકરીને ભાડે આપવાના ગુન્હા બદલ અને ક ને ગુન્હામાં મદદગારી કરવાના ગુન્હા બદલ ગુન્હેગાર ઠરાવીને સજા કરી હતી. હાઈકોરટે તે સજા રદ કરીને એવું ઠરાવ્યું હતું કે તહોમતદારોને આ પ્રમાણે પૈસા લેવાથી ૩૭૨ મી કલમ પ્રમાણે તે છોકરીને ભાડે આપેલી ઠરાવી શકાય નહી. તે કલમમાં વાપરેલા "ભાડે આપવું" શબ્દો ૩૭૩ મી કલમમાં વાપરેલા " ભાડે રાખવું " શબ્દોના જોડીઆ શબ્દો છે "ભાડે આપવું" શબ્દો જીંદગી સુધી, અથવા અમુક મુદત સુધી બાળક છોકરીને (જાર કરમને સારૂ) સોંપી દેવાને લાગુ પડે છે, પણ તે શબ્દો વ્યભીચારનું એક (વાર) અનીતિભરેલું કૃત્ય કરવાને વાસ્તે સોંપી દેવાને લાગુ પડતા નથી.૪

તહોમતદાર લાહોર જીલ્લામાંથી નાની છોકરીઓને લાવીને બાનું જીલ્લામાં પૈસા લઈને તે છોકરીઓને લગ્નમાં આપી દેતો હતો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ હકીકત ઉપરથી કાંઈ પણ ગુન્હો બનતો નહોતો. ૫

૩૭૪. કોઈ શખસની મરજી નહી છતાં જે માણુસ તેની પાસે કાયદાવિરૂદ્ધ

---

૧. રેજાઇના. વિ. પપાસાની ૨૩ મ. ૧૫૮
૨. રેજાઈના વિ. મુસામત ગંગા ૧૧ સેનટ્રલ પ્રોવીન્સીસ રીપોર્ટસર પાનું ૬
૩. રેજાઈના વિ. કરૂણા બઇસ્તોબી ૨૨ ક. ૧૬૪
૪. રેજાઇના વિ. અહમદખાન. મુંબાઇ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ ૧૮૯૮ નું ૧૬ મું.
૫. રેજાઈના. વિ. ગણપત પંજાબ રેકર્ડઝ. ૧૮૮૪ નું ૨૦ મુ.

કાયદાવિરૂદ્ધ જબરાઇથી મજુરી કરાવવી.

જબરાઇથી મજુરી કરાવે તે માણસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા—તહોમતદારના જણાવ્યા મુજબ ફરીયાદીઓને તેની જુદી જુદી નાણાની રકમો દેવી હતી. તે ફરીયાદીઓને તહોમતદારે પોતાને ઘેર રહીને તે (તહોમતદાર) ની મજુરી કરીને તેનું દેવું અદા કરવાનું કબુલ કરવાને તેમને સમજાવ્યા, ફરીયાદીઓને કાંઇ પગાર આપવાનો નહોતો, અને ખરેખરી રીતે તેમને કાંઈ પગાર મળ્યો નહોતો, પણ તહોમતદાર તેમને પોતાના નોકર તરીકે ખવડાવતો હતો. પોતાને માટે તે ફરીયાદીઓ મજુરી કરે એવી હઠ લેતો હતો, અને જો તેઓ તેમ ન કરતા તો તેમને માર મારવાની સજા કરતો હતો, વધારામાં ફરીયાદીઓએ એવું જણાવ્યું કે તહોમતદારનું ઘર છોડતાં તેઓને અટકાવવામાં આવતા હતા, અને તેઓને રાત્રે મકાનમાં પુરી રાખવામાં આવતા હતા. તહોમતદારને ૩૭૪ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા બહાલ રાખવામાં આવી હતી, એવા કારણસર કે ફરીયાદીઓ પાસેનું લહેણું વધારે વધારે બતાવીને અને તેમનો હીસાબ કોઇ દીવસ નકી નહી કરીને, તહોમતદારે તે ફરીયાદીઓને તેમની મરજીવિરૂદ્ધ તેને માટે મજુરી કરવાની ફરજ પાડી હતી. આ કેસમાં જસ્ટીસ નોરીસ ટીકા કરે છે કે:—"આ કેસની હકીકત ઉપરથી ફરીયાદીઓએ તહોમતદારને માટે કામ કરવાની અને "મજુરી કરવાની પુરેપુરી અને સ્વતંત્ર રીતે સમંતી કદી આપી નહોતી, અને તેટલા માટે તહોમતદારે "તેઓનો તેઓની મરજીવિરૂદ્ધ મજુરી કરવાની ગેરકાયદેસર રીતે ફરજ પાડી હતી, અને ૩૭૪ મી કલમ પ્રમાણે તેને ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા વ્યાજબી હતી."[1]

મી. મેઇન સાહેબ કહે છે કે ફરજીઆત મજુરી કરવાની રૈયતને મોટા જમીનદારોની તરફથી આગળના વખતમાં ફરજ પાડવામાં આવતી હતી તે ફરજીઆત મજુરીના થતા દુરઉપયોગ અટકાવવાની ઘણું કરીને આ કલમની નેમ હતી. "ગેરકાયદેસર રીતે" શબ્દ જે માણસને ફરજ પાડવામાં આવી હોય તે માણસને અને જે સાધનોથી તેને ફરજ પાડવામાં આવી હોય તે સાધનો બંનેને લાગુ પડે છે. ચાકરને અથવા મજુરી કરવાને કરારથી બંધાયેલા માણસને તેની ઉપર શારીરીક જોર જુલમથી (કામ કરવાની) ફરજ પાડવી તે ગેરકાયદેસર છે, તો જો કે નૈતિક ફરજ પાડીને, જેવી કે કાયદેસર દબાણની ધમકી આપીને તેમ કરવું તે કાયદેસર થશે. શરીર ઉપર માર મારીને પણ બાળકને, વિદ્યાર્થીને અથવા શીખાઉ માણસને કામ કરવાની ફરજ પાડવી તે ગેરકાયદેસર નથી, પણ તે માર નરમ પ્રકારના હોવો જોઈએ. જે માણસ કરારથી બંધાયેલો ન હોય તેને તેની મરજીવિરૂદ્ધ કામ કરવાની ફરજ પાડવી પછી તે પાડેલી ફરજ ગમે તે જાતની હોય તો પણ, તે ગેરકાયદેસર ગણાશે.

બળાત્કાર સંભોગ બાબત.

૩૭૫. નીચે બાતલ કરેલી બાબત શીવાય બીજી સઘળી બાબતમાં જે પુરૂષ નીચે બ્યાન કરેલી પાંચ હાલતોમાંની કોઈ પણ હાલતમાં કોઇ સ્ત્રીની સાથે સંગ કરે તેણે બળાત્કાર સંભોગ કર્યો એમ સમજવું.

બળાત્કાર સંભોગ.

પહેલી—તે સ્ત્રીની મરજી નહી છતાં.

બીજી—તે સ્ત્રીની રજામંદી વગર.

---

૧. રેનાઈના વિ. મદનમોહન બિશ્વાસ. ૧૯ ક. ૫૭૨

ત્રીજી—તે સ્ત્રીને મોતનો અથવા વ્યથાનો ભય ઉત્પન્ન કરીને તેની રજામંદી લીધી હોય તો તે રજામંદી છતાં પણ.

ચોથી–તે પુરૂષ એમ જાણતો હોય કે હું એ સ્ત્રીનો વર નથી અને તે સ્ત્રી જે બીજા પુરૂષની સાથે કાયદા મુજબ પરણેલી છે અથવા 'પોતાને પરણેલી માને છે તે પુરૂષ હું છું એમ માનીને તેણે પોતાની રજામંદી આપી છે તો તે રજામંદી છતાં પણ.

પાંચમી—તે સ્ત્રી બાર વરસથી ઓછી ઉમ્મરની હોય તો પછી તેની રજામંદી હોય કે નહી તો પણ.

ખુલાસો—બળાત્કાર સંભોગના ગુન્હામાં જે સંગ થવો જરૂર છે તેમાં પ્રવેશ થયો તો બસ છે.

અપવાદ—કોઇ પુરૂષ પોતાની વહુની સાથે સંગ કરે અને તે સ્ત્રી બાર વરસથી ઓછી ઉમ્મરની નહી હોય તો તે બળાત્કાર સંભોગ નહી ગણાય.

☞ આ કલમ સને ૧૮૯૧ ના આકટ ૧૦માની કલમ ૧ લીથી સુધારી છે.

ટીકા.—આ ગુન્હાનું તત્વ તે સ્ત્રીની મરજી નહી છતાં અથવા તેણીની રજામંદી વગર કૃત્ય કરવામાં રહેલું છે. જ્યારે તે સ્ત્રી શું થાય છે તે જાણે છે, અને તેની સામે વાંધો લે છે અથવા તે અટકાવે ત્યારે તે કૃત્ય તે સ્ત્રીની મરજી વિરૂદ્ધ કરેલું ગણાય છે. રજામંદી કોને કહેવી તેના સંબંધમાં જુઓ કલમ ૯૦. જ્યારે કોઇ પણ કારણને લીધે તે સ્ત્રી શું થાય છે તે જાણવાને અશક્ત હોય અથવા એવું ધારે કે (ખરેખર થતા કૃત્યથી) કાંઇક જુદુજ થાય છે, અથવા એવું ધારે કે જેથી તે કૃત્ય નિર્દોષ કૃત્ય થાય તેવી સ્થીતીની અંદર તે કૃત્ય કરવામાં આવે છે. ખરેખર વાંધો લેતી તે સ્ત્રી બંધ પડી છે તે વાત માત્ર તેણીની સંમતીનો પુરાવો ગણાશે નહી.૧

એવા પણ કેસ બને કે જેમાં એક સ્ત્રી ખરેખર (શબ્દોમાં) પોતાની સંમતી આપે નહી, પરંતુ તેણીની વર્તણુંકજ એવી હોય કે જેથી તે માણસ વાસ્તવીક રીતે એમ માને કે તેણીની (તે કામમાં) સંમતી છે. ૨

એક સ્ત્રીની ખુલ્લી (સ્વતંત્ર) રજામંદી–એટલે કે તે સ્ત્રીને વ્યથા કરવાની ધાસ્તીમાં મુકયા વગર મેળવેલી રજામંદી—વગર તે સ્ત્રીની સાથે એક માણસે કરેલો સંભોગ બળાત્કાર સંભોગ ગણાય છે, અને જડજે તે સવાલ જ્યુરીની આગળ રહેવા દેવો જોઇએ. અને ઘણાં તરફડીઆં માર્યા પછી તે સ્ત્રીની સમતીથી બળાત્કાર સંભોગનું તહોમત નકામું થાય છે એવો અભીપ્રાય આપવાની તેમને સુચના કરવી જોઈએ નહી૩

બળાત્કાર સંભોગનો ગુન્હો કરવાને શરીરથી અશક્ત માણસને બળાત્કાર સંભોગ કરવાની કોશીશ કરવાનો ગુન્હેગાર ઠરાવી શકાય નહી. ઇંગ્રેજી કાયદા પ્રમાણે એ નિશ્ચયાત્મક અનુમાન બંધાય છે કે ચૌદ વરસની અંદરનો છોકરો બળાત્કાર સંભોગ કરી શકેજ નહીં. પરંતુ હિન્દુસ્તાનમાં જે શખસ ઉપર તે ગુન્હાનું તહોમત મુકવામાં આવેલું હોય તે શખસની (સંભોગ કરવાની) શક્તિ દરેક કેસમાં પુરાવથી સાબીત કરવાની છે, કેમકે ઇંગ્રેજી કાયદામાં છે તે પ્રમાણે અહીંઆં ઉમ્મરની એવી કોઈ પણ હદ સ્થાપીત કરેલી નથી કે જે (ઉંમર) ની નીચેનો કોઇ પણ શખસ બળાત્કાર સંભોગ કરવાને શારીરિક રીતે અશક્ત છે એવું કાયદો અનુમાન કરી લેશે. જે શખસની જનનેન્દ્રિ ટટાર ઉભી થવાની શક્તિ સાબીત થયેલી હોય તે શખસ બળાત્કારસંભોગ કરવાને શરીરથી શક્તિવાન છે એવું અનુમાન કરી લેવું જોઈએ.૪

અશ્લિલ બાબતોથી મોકળા રહેવાની પોતાની સઘળી સુઘડ લાગણીઓ બાજુએ મુકીને અને ન્યાયવૃતિ અને કર્તવ્યભાન તરફજ નજર રાખવાની સેશન્સ જડજોને વીનંતી કરવામાં આવે છે, અને જ્યારે જ્યારે

---

૧. રેજાઈના. વિ. અકબર ૧ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૨૧

૨. રેજાઇના. વિ. ફ્લેટરી. ૨ કવીન્સ બેન્ચ ડીવીઝન. પાનું ૪૧૦

૩. રેજાઇના. વિ. અકબર કાઝી. ૧ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું. ૨૧

૪. રેજાઇના. વિ. ગોપાળ. મુંબાઇ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ ૧૮૯૬ નું ૩૧ મું.

બળાત્કાર સંભોગ કરવાના ગુન્હાની તપાસ કરવાની તેમને કમનશીબે ફરજ પડે ત્યારે તે કેસમાં કોઈ પણ કારણથી ઝીણી બારીક તપાસ બંધ નહી કરવાની તેમને સુચના આંપવામાં આવે છે.૧

ખુલાસો—જો કે પ્રવેશથી યોનીની અંદરનો પડદો ફુટી ન જાય તો પણ જરીક સહેજ પ્રવેશ (આ ગુન્હાને વાસ્તે) બસ છે.૨ પરંતુ યોનીની અંદર ગમે તો ઘણોજ થોડો સેહેજ પણ પ્રવેશ થયા વગર આ ગુન્હો બનતો નથી.૩

એક કુમળી વયની છોકરી બળાત્કાર સંભોગમાં કરેલા કાંઈ પણ બળ (જોર જુલમ)ને લીધે મરી જાય અને બળ (જોર જુલમ)નાં કાંઇ પણ બહારનાં નીશાન (તેના શરીર ઉપર) માલમ પડે નહી એ અશકય અને શારીરિક રીતે અસંભવીત છે એમ ઠરાવવામાં આવ્યું હતું.૪

એક સ્ત્રી ઉપર કરેલો નિર્લજ (તે સ્ત્રીની લાજ લેવાના ઇરાદાથી કરેલો) હુમલો બળાત્કાર સંભોગ કરવાની કોશીશ ગણાશે નહી, પરંતુ જો કોર્ટની એવી ખાતરી થાય કે ગમે તેમ થાય તોપણ અને સ્ત્રી ગમે તેટલી સામે થાય તોપણ, પોતાની દુષ્ટ વાંચ્છના (કામ વિકાર) પરીપુર્ણ કરવાનો તહોમતદારનો નિશ્ચય હતો તો તે હુમલો બળાત્કાર સંભોગ કરવાની તેવી કોશીશ ગણાશે.૫

ઇંગ્લાંડના કાયદા પ્રમાણે જો સ્ત્રીએ અજાણમાં અથવા બેભાન સ્થીતિમાં પશુવત સંમતી આવી હોય તો તે સ્ત્રીની સાથેનો સંભોગ બળાત્કાર સંભોગ ગણાશે નહી,૬ પણ હિન્દુસ્તાનમાં પીનલકોડની કલમ ૯૦ મી ધ્યાનમાં લેતા એવી પશુવત સંમતિ આ કલમ પ્રમાણે બીલકુલ સંમતિ ગણાશે નહી, તે પ્રમાણે જો કોઇ માણસ સ્ત્રીને દવા આપીને અથવા દારૂ પાઇને તે સ્ત્રીને તે શું કરે છે તે જાણવાને અશક્ત બનાવે અને તેની તેવી સ્થીતિનો લાભ લઇને તે સ્ત્રીની સાથે સંભોગ કરે તો જે પ્રમાણે તે સ્ત્રીને નીચે પાડી નાખી તેને બેભાન બનાવીને તેણીની સાથે તે માણસે કરેલો સંભોગ બળાત્કાર સંભોગ ગણાય તેજ પ્રમાણે આ બળાત્કારસંભોગ ગણાશે.૭ અને જો તે સ્ત્રીને આવી દવા લીધેલી અથવા દારૂ લીધેલી સ્થીતિમાં જોઇને, તે માણસે તેણીની તે સ્થીતિનો લાભ લીધો હોત તો પણ તે બળાત્કારસંભોગ ગણાત. અને જ્યારે તે સ્ત્રી ઉંઘતી હોય ત્યારે તેના ઉંઘવાનો લાભ લઇને તેણીની સાથે સંભોગ કરવો તે પણ બળાત્કાર સંભોગ ગણાશે.૮

એક કેસમાં એક દાક્તરે એક ચૌદ વર્ષની ઉમ્મરની છોકરીની સાથે સંભોગ કર્યો, અને તે એવું બહાનું કાઢીને કે જે દર્દને વાસ્તે તે તેણીનું ઓસડ કરતો હતો તે દર્દ ઉપર તે તેમ (સંભોગ) કરીને વૈદ્યક ઉપચાર કરતો હતો તે છોકરીએ એ વાત ખરી હશે એમ કેવળ શુદ્ધબુદ્ધિથી માનીને તે દાક્તરના કામની સામે કાંઇ હરકત લીધી નહી, તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે દાક્તરે બળાત્કારસંભોગ કર્યો હતો.૯

એક કેસમાં એક બાપે પોતાના કુટુંબમાં એક પ્રકારનું ભયનું રાજ્ય સ્થાપિ દીધું હતું, તેથી જ્યારે તેણે તેની છોકરીની સાથે સંભોગ કરવા માંડયો ત્યારે તે છોકરી ભય અને બીકની મારી શાંત રહી, અને

---

૧. રેગ્નઈના. વિ. જાણુ, ૧ મોરીસકૃત રીપોર્ટસ ઓફ ધી સદર ફોજદારી અદાલત. પાનું ૩૭૪
૨. રેગ્નાઈના. વિ. હ્યુજીસ. ૨ મુડીઝ ક્રાઉન કેસીસ રીઝર્વ્ડ. પાનું ૧૯૦; રેગ્નાઈના. વિ. રસેલ. ૧ ઈસ્ટકૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન. પાનું. ૪૩૮.
૩. રેગ્નાઇના. વિ. લાઇન્સ, ૧ કેરીંગ્ટન એન્ડ કરવાન પાનું. ૩૯૩.
૪. રેગ્નાઇના. વિ. બેની માગ્રબ. ૧ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટ. પાનું ૨૯.
૫. એમ્પ્રેસ. વિ. શંકર ૫ મું. ૪૦૩.
૬. રેગ્નાઈના. વિ. ફલેચર. ૨૮ લૉ. જનરલ, માજીસ્ટ્રેટસ કેસીસ. પાનું ૮૫.
૭. રેગ્નાઇના. વિ. કેમ્પલીન. ૧ ડેનીસન્સ ક્રાઉન કેસીસ. પાનું. ૮૯.
૮. રેગ્નાઇના. વિ. મેયરસ, ૧૨ કોકસકૃત ક્રીમીનલ કેસીસ. પાનું ૩૧૧.
૯. રેગ્નાઇના. વિ. ફલેટરી. ૨ કવીન્સ બેન્ચ ડીવીઝન. પાનું. ૪૧૦ રેગ્નાઇના. વિ. કાર, ૪ કોકસકૃત ક્રીમીનલ કેસીસ. પાનું. ૨૨૩.

તે બાપના દુષ્ટ કામની સામે કાંઈ અટકાવ કર્યો નહી. તેમાં પણ એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેને બળાત્કાર સંભોગનો ગુન્હેગાર ઠરાવી શકાય.૧

કોઇ માણસ તેની પોતાની વહુ, જ્યારે તેણીની ઉમ્મર બાર વર્ષની ઉપરની હોય ત્યારે તે વહુની સાથે બળાત્કાર સંભોગ કરવાનો ગુન્હેગાર થઈ શકે નહી, કેમકે તેણીએ લગ્નની સંમતિ આપેલી છે, જે તે પાછી રદ કરી શકે નહી, તો પણ તે માણસ પોતાની વહુ સાથે બીજા માણસે કરેલા બળાત્કાર સંભોગમાં મદદગારી કરવાનો ગુન્હેગાર હોઇ શકે.૨ પરંતુ કોઈપણ માણસને તેની વહુની સલામતીના સવાલ ઉપર ધ્યાન આપ્યા વગર તેણીનું શરીર ભોગવવાનો કાંઇપણ હક નથી.૩

આ બળાત્કારસંભોગના તહોમતની તપાસ કરવામાં ઘણી સંભાળ તથા હોંશીઆરી રાખવાની જરૂર છે, કેમકે ઘણી વખતે આ તહોમત ખોટું મુકેલું હોય છે અને તે ખોટું પાડવાનો પુરાવો આપવો ઘણો મુશ્કેલ છે. લોર્ડ હેલ કહે છે કે "સેહેલાઈથી મુકાય એવું, અને મુશ્કેલીએ સાબીત થાય એવું તે તહોમત "છે, અને તહોમતદાર માણસ ગમે તેટલો નીર્દોષ હોય તોપણ, તે તહોમતદાર માણસથી (તે તહોમતની "સામે) બચાવ કરવો (તેથી પણ) વધારે મુશ્કેલ છે." તે આના સંબંધમાં એક કેસ જણાવે છે કે જે તેની પોતાની પાસે ચાલ્યો હતો. તે કેસમાં આશરે ત્રેસઠ વર્ષના એક પૈસાદાર વૃદ્ધ માણસ ઉપર બળાત્કાર સંભોગના ગુન્હાનું તહોમત મુકવામાં આવ્યું હતું, અને તે તહોમત એક ચૌદ વર્ષની નાની છોકરીથી, અને તે છોકરીનાં માબાપ અને બીજાં કેટલાંક સગાઓની જુબાનીઓથી સંપુર્ણ રીતે સાબીત કરવામાં આવ્યું હતું. જ્યારે બચાવનો પુરાવ લેવાનો વખત આવ્યો (અને તે વખતમાં કેદીને બારીસ્ટરની મદદ મળતી નહોતી) તે વખતે તે વૃદ્ધ ગૃહસ્થે જ્યુરીને તેમની નજર આગળ તેમની આંખે જોવાય તેવી સાબીતી આપી, અને (પોતાની જનનેન્દ્રિ ઉપર) એક મોટી ફાટ દેખાડીને જ્યુરીની ખાતરી કરી આપી કે તે સંભોગ કરવાને શરીરથીજ અશક્ત હતો.૪ અને આ નજરના પુરાવથીજ માત્ર તે ફાંશીએ જતો બચ્યો.

બળાત્કાર સંભોગની શીક્ષા.

૩૭૬. જે માણસ બળાત્કાર સંભોગ કરે તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દસ વરસની મુદ્દત સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

સૃષ્ટી કર્મ વિરૂદ્ધ ગુન્હો.

૩૭૭. જે માણસ બુદ્ધિ પુર્વક કોઈ પુરૂષ સ્ત્રી અથવા જાનવર સાથે સૃષ્ટી કર્મ વિરૂદ્ધ મૈથુન કરે તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દસ વરસની મુદ્દત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને તે દંડને પણ લાયક થશે.

ખુલાસો—આ કલમમાં બ્યાન કરેલા ગુન્હામાં જે મૈથુન થવું જરૂર છે, તેમાં પ્રવેશ થયો તો બસ છે.

ટીકા.—આ કલમ પ્રમાણે ગુન્હો સાબીત કરવાને સારૂ જે માણસના ઉપર ગુન્હો કરવામાં આવ્યો હોય તે માણસનો સંમતી તદ્દન બીન ઉપયોગી છે.૫ અને ગુન્હો કરનાર અને જે માણસના ઉપર ગુન્હો

---

૧. રેજાઇના. વિ. જોન્સ. ૪ લો ટાઇમ્સ પાનું. ૧૫૪.
૨. લોરડ કાસલ હેવનનો કેસ. ૩ સ્ટેટ ટ્રાયલ્સ. પાનું. ૪૦૧.
૩. રેજાઇના. વિ. હરીમોહન, ૧૮ ક. ૪૯.
૪. ૧ હેલકૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન. પાનું ૬૩૫.
૫. રેજાઇના. વિ. મથુરનાથ ગોસ. ૧ જોયગોબીન્દ શોમ્સ રીપોર્ટસ. પાનું ૪૩.

કરવામાં આવ્યો હોય તે બંને સરખી રીતે ગુન્હેગાર થશે.૧

એક માણસના ઉપર સૃષ્ટિકર્મવિરૂદ્ધ ગુન્હો કરવા બદલ કામ ચલાવવામાં આવ્યું હતું, અને તે ગુન્હાના તહોમતનો તેને ગુન્હેગાર ગણવામાં આવતો હતો, પરંતુ તે તહોમતમાં કયા વખતે અથવા કઇ જગ્યાએ તે ગુન્હો બન્યો હતો તે જણાવવામાં આવ્યું નહોતું, અને આ બાબતોની કાંઈ પણ સાબીતી આપવામાં આવી નહોતી. તે માણસની સામે જે હકીકત સાબીત કરવામાં આવી હતી તે માત્ર એટલીજ હતી કે તે માણસ ઘણું ખરૂં હમેશ સ્ત્રીનાં લુગડાં પહેરતો, અને સૃષ્ટિકર્મ વિરૂદ્ધ ગુન્હો કર્યાની તેના શરીર ઉપર નીશાનીઓ માલમ પડતી હતી. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે માણસને ગુન્હેગાર ઠરાવી શકાય નહી.૨

એક કેસમાં તહોમતદારે એક બાળકનું મોં જોરજુલમથી ઉઘાડીને તેમાં પોતાના ગુહ્ય ભાગ (જનનેન્દ્રિ વિગેરે) ઘાલ્યા, અને તે તહોમતદાર (તેમ કરીને) પોતાનો કામ વિકાર પરિતૃપ્ત કરવા લાગ્યો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેણે સૃષ્ટિકર્મવિરૂદ્ધ ગુન્હો કર્યો નહોતો.૩

જ્યાં એક માણસે પોતાની સ્ત્રી ઉપર ૪ અથવા એક બાળક ઉપર ૫ સૃષ્ટિ કર્મવિરૂદ્ધ ગુન્હો કર્યો હતો ત્યાં તે માણસને આવા ગુન્હાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.

બાબ ૧૭ મો.

મીલકત વિરૂદ્ધ ગુન્હાઓ બાબત, ચોરી બાબત.

ચોરી.

૩૭૮. જે માણસ કોઈ શખસના કબજામાંથી તે શખસની રજામંદી શીવાય કાંઇ જંગમ મીલકત બદદાનતથી લેવાનો ઇરાદો કરીને તે પ્રમાણે લેવા સારૂ તે મીલકતને ખસેડે તે માણસે ચોરી કરી એમ સમજવું.

ખુલાસો ૧ લો—કાંઇ વસ્તુ જ્યાં સુધી જમીનમાં ચોટેલી હોય ત્યાં સુધી તે જંગમ મીલકત નથી માટે તેની ચોરી થઇ શકે નહીં પણ જમીનથી તે જુદી પાડવામાં આવે કે પછી તેની ચોરી થઇ શકે.

ખુલાસો ૨ જો—જે કામથી જાુદુ પાડવું હોય તેજ કામથી જે ખસેડવું થાય તે ખસેડવું ચોરી થઇ શકે.

ખુલાસો ૩ જો—કોઇ શખસ ખરેખર કાંઇ વસ્તુને ખસેડે ત્યારે અને તેમજ તેનું ચલણ થવામાં અટકાવ કરનારી કાંઇ અડચણ દુર કરે અથવા તે વસ્તુને કાંઇ બીજી વસ્તુથી જુદી પાડે ત્યારે પણ તે શખસે તે વસ્તુ ખસેડી એમ સમજવું.

ખુલાસો ૪ થો—કોઇ શખસ કાંઇ પણ ઉપાયથી કોઇ જાનવરને ગતિમાન કરે તો તેણે તે જાનવરને ખસેડયું તથા તે જાનવરને ગતિ થયાથી તે જાનવરે જે જે વસ્તું ખસેડી હોય તે વસ્તુ ખસેડી એમ સમજવું.

---

૧. રેજાઈના. વિ. જેલીમેન ૮ કેરીંગટન એન્ડ પેઈન, પાનું ૬૦૪.

૨. રેજાઇના. વિ. ખેઈરાતી ૬ અ. ૨૦૪; રેજાઈના વિ. હાસીતા, ૪ અલાહાબાદ વીકલી નોટસ પાનું ૨૫.

૩. રેજાઈના. વિ. જેકબ્સ રસેલ એન્ડ રીયન્સ ક્રાઉન કેસીસ રીજર્વડ પાનું ૩૩૧.

૪. રેજાઈના. વિ. એલન ૩ કોકસ કૃત ક્રીમીનલ કેસીસ પાનું ૨૭૦.

૫. રેજાઈના. વિ. જેલીમાન ૮ કેરીંગટન એન્ડ પેન પાનું ૬૦૪.

ખુલાસો ૫ મો—ઉપલા લક્ષણુમાં રજામંદી લખી છે તે સાફ રજામંદી હોય અર્થાત સમજાય એવી રજામંદી હોય અને તે કબજેદાર શખસ અથવા તે કારણસર જેને સાફ અર્થાત સમજાય એવો અખ્તીઆર હોય તેવો કોઇ પણુ શખસ આપી શકે.

દ્રષ્ટાંત—(અ) (જ) ની જમીનપરનું એક ઝાડ જ ના કબજામાંથી બદદાનતથી લઇ જવાના ઇરાદાથી જ ની રજામંદી શીવાય અ કાપી નાખે તો એ ઠેકાણે તે પ્રમાણે લઇ જવા સારૂ અ એ તે ઝાડ જુદુ પાડયું કે તેણે ચોરી કરી એમ સમજવું.

(બ) કુતરાઓને લલચાવવાની કાંઇ વસ્તુ અ પોતાના ખીસામાં રાખે અને તેથી જ ના કુતરાને તેની પાછળ ચાલ્યો જવાને લલચાવે તો એ ઠેકાણે અગર અ નો ઇરાદો તે કુતરાને જ ના કબજામાંથી જ ની રજામંદી શીવાય બદદાનતથી લઇ જવાનો હોય તો જ ના કુતરાએ અ ની પાછળ ચાલવા માંડયું કે અ એ ચોરી કરી એમ સમજવું.

(ક) એક બળદને નગદી ભરેલી એક પેટી લઇ જતો જોઇને તે નગદી બદદાનતથી લેવા સારૂ તે બળદને એક તરફ જો અ હાંકી જાય તો તે બળદે ચાલવા માંડયુ કે અ એ તે નગદીની ચોરી કરી એમ સમજવું.

(ડ) અ જ નો ચાકર છે તેને જ એ પોતાની રૂપાની તબકડીઓ રાખવાની સોંપી છે તે તબકડીઓ લઇને જ ની રજામંદી શીવાય જો તે બદદાનતથી નાશી જાય તો અ એ ચોરી કરી એમ સમજવું.

(ઇ) જ એક મુસાફરી પર જાય છે તે એક વખારવાળા અ ને પોતાની રૂપાની તબકડીઓ સોંપે અને એમ કહે કે હું પાછો આવું ત્યાં સુધી એ તમે રાખજો. અ કોઈ ચોકશીને ઘેર જઇને તે તબકડીઓ વેચે તો એ ઠેકાણે તે તબકડીઓ જ ના કબજામાં નહતી માટે તે જ ના કબજામાંથી લઇ શકાય નહી અને અગર અ એ સાપરાધ વીશ્વાસઘાત કર્યો હોય તો પણુ અ એ કાંઇ ચોરી કરી એમ સમજવું નહી.

(ફ) જે ઘરમાં જ રહે છે તે ઘરમાં એક મેજ પર જ ની વીંટી પડેલી અ જોય તો એ ઠેકાણે તે વીંટી જ ના કબજામાં છે અને જો એ બદદાનતથી તે ખસેડે તો અ એ ચોરી કરી એમ સમજવું.

(ગ) એક ધોરી રસ્તા ઉપર કોઇ સખસના કબજામાં નહી એવી એક વીંટી પડેલી અ જોય તો તે વીંટી લેવાથી અગર અ તે મીલકતના સાપરાધ ખોટા ઉપયોગનો ગુન્હેગાર થાય તો પણુ અ એ કાંઇ ચોરી કરી એમ સમજવું નહી:

(હ) જ ના ઘરમાં જ ની એક વીંટી એક મેજપર પડેલી અ જોય અને તજવીજ થઇને પકડાવાના ભયથી તરત તે વીંટીનો ઉપયોગ કરવાની હીમ્મત નહી ચાલેથી તે એક એવી જગે તે વીંટી સંતાડે કે ત્યાંથી કોઈપણુ વખતે તે જ ને પાછી જડવાનો ઘણો અસંભવ હોય અને તે વેળાએ તેનો ઈરાદો એવો હોય કે એ વીંટીનું ખોવાઈ જવું સઉ ભુલી જશે ત્યારે સંતાડેલે ઠેકાણેથી તે વીંટી કહાડીને હું વેચીશ તો એ ઠેકાણે તે વીંટી પહેલી ખસેડતી વેળાએજ અ એ ચોરી કરી એમ સમજવું.

(ઇ) જ ઘડીઆળીને અ પોતાનું ઘડીઆળ ઠીક કરવા સારૂ આપે જ તે પોતાની દુકાને લઇ જાય પછી અ ની પાસે તે ઘડીઆળીનું કાંઇ એવું લહેણું નથી કે તેના અવેજમાં તે ઘ-

ડીઆળ કાયદા મુજબ અટકાવી શકે એમ છતાં અ ખુલી રીતે દુકાનમાં પેશી જ ના હાથમાં થી બળથી પોતાનું ઘડીઆળ છીનવી લઇને તે લઇ જાય તો એ ઠેકાણે અ સાપરાધ પરવેશ તથા હુમલો કરવો હોય તો પણ અ એ ચોરી કરી એમ સમજવું નહીં કેમકે તેણે જે કીધું તે બદદાનતથી કીધું નથી.

(જ) અગર તે ઘડીઆળ સમરામણીમાંના કાંઇ પૈસા જ ના અ ની પાસે લેહેણા હોય અને તે લેહેણાના અવેજમાં અગર જ તે ઘડીઆળ કાયદા મુજબ અટકાવી રાખે અને પછી જ ને પોતાના લહેણાના અવેજમાં રહેલી મીલકતથી રહિત કરવાના ઇરાદાથી અ તે ઘડીઆળ જ ના કબજામાંથી લઇ લે તો તેણે ચોરી કરી એમ સમજવું કેમકે તેણે ઘડીઆળ બદદાનતથી લીધું.

(ટ) વળી અગર એ પોતાનું ઘડીઆળ જ ને ઘરેણે આપ્યું હોય અને પછી જ ની રજામંદી સીવાય તથા જ ની પાસેથી તે ઘડીઆળ ઉપર કરજ લીધેલા રૂપીઆ પાછા ન આપ્યા છતાં તે ઘડીઆળ જ ના કબજામાંથી લઇ લે તો તે ઘડીઆળ તેની પોતાની મીલકત છે ખરી તો પણ તેણે ચોરી કરી એમ સમજવું કેમકે તેણે બદદાનતથી લીધું.

(લ) અ જ ના કબજામાંથી જ ની રજામંદી શીવાય જ ની કાંઇ વસ્તુ લે એવા ઈરાદાથી કે તે વસ્તુ પાછી આપવાના બદલામાં જ કાંઈ પૈસા આપે ત્યાંસુધી તે રાખવી તો એ ઠેકાણે અ એ તે વસ્તુ બદદાનતથી લીધી માટે તેણે ચોરી કરી એમ સમજવું.

(મ) અ જ નો દોસ્તદાર છે તે જ નહી છતાં બ ના કીતાબખાનામાં જાય અને માત્ર વાંચવા સારૂ તથા પાછી આપવાના વિચારથી જ એ સાફ રજામંદી આપ્યા શીવાય કોઈ ચોપડી તેમાંથી લઈ જાય તો એ ઠેકાણે જ ની ચોપડી વાપરવી એવી અર્થાત સમજાય એવી મને રજામંદી છે એમ અ ના મનમાં હોય એવો સંભવ છે જો એ પ્રમાણે અના મનમાં હોય તો તેણે ચોરી કરી એમ સમજવું નહી.

(ન) અ જ ની સ્ત્રી પાસે ભીખ માગે અને તે સ્ત્રી અને કાંઇ પૈસા ખાવાનું તથા કપડાં આપે અને તે સઘળું તેના વર જ નું છે એમ જાણતો હોય તો એ ઠેકાણે અ ની સ્ત્રીને ભીખ આપવાનો અખતીઆર છે એમ એના મનમાં હોય એવો સંભવ છે જો એ પ્રમાણે એના મનમાં હોય તો તેણે ચોરી કરી એમ સમજવું નહી.

(એ) અ જ ની સ્ત્રીનો યાર છે તે સ્ત્રી અ ને કાંઇ કીમતી મીલકત આપે અને તે મીલકત તેના વરનીજ છે તથા તે એવી છે કે જે આપવાનો જ એ તેને અખતીઆર આપેલો નથી એમ અ જાણતો હોય તો અગર અ તે મીલકત બદદાનતથી લે તો તેણે ચોરી કરી એમ સમજવું.

(ઓ) કાંઇ મીલકત જ ની હોય તે મીલકત મારી પોતાની છે એમ શુદ્ધબુદ્ધિએ માનીને અ મીલકત બ ના કબજામાંથી લઇ લે તો એ ઠેકાણે અ એ બદદાનતથી લીધી નથી માટે તેણે ચોરી કરી એમ સમજવું નહી.

ટીકા.—આ કલમ પ્રમાણે ગુન્હો બનવાને સારૂ ચાર બાબતો જરૂરની છે. (૧) જંગમ મીલકત; (૨) કોઇ પણ શખસના કબજામાંની; (૩) તે માણસના કબજામાંથી તે માણસની રજામંદી શિવાય તે લેવાનો બદદાનત ભર્યો ઇરાદો; (૪) અને આ પ્રમાણે લેવાને સાર તેને ખસેડવી.

જંગમ મીલકત કોને કહેવી તેના સંબંધમાં કલમ ૨૨ માં આપેલી વ્યાખ્યા જુઓ.

આ કલમના પેહેલા અને બીજા ખુલાસા ઉપરથી જણાય છે કે જમીન ઉપર ઉગતી (થતી) અથવા બાંધેલી કોઇ પણ વસ્તુને આ કલમ લાગુ પડે છે; ૧ એક કેસમાં એક ભેજવાળી ખારી જમીન સરકારની મીલકત હતી, અને તેમાં થતું મીઠું કોઇ લઇ ન જાય તેટલા સારૂ તે જમીનની આસપાસ સરકારે પોલીસ રખવાળ મુકયા હતા. તે જમીનમાં એમને એમ એની મેળે થતું મીઠુ સરકારની મરજીવિરૂદ્ધ અને તે મીઠાનો ગેર કાયદેસર લાભ મેળવવાના ઈરાદાથી લઇ જનાર માણસને ચોરીનો ગુન્હેગાર ઠરાવ્યો હતો.૨ મુંબાઇમાં પણ કુદરતી રીતે થતું મીઠુ ગેર કાયદેસર રીતે ખસેડવું તે ચોરીનો ગુન્હો ઠરાવવામાં આવ્યો છે, કેમકે જે ખાડામાંથી તે મીઠુ લેવામાં આવ્યું હતું તે ખાડો સરકારે પોતાને તાબે કરી લઇ તે ઉપર કસ્ટમ્સ ખાતાનો અમલદાર બેસાડયો હતો. ૩

જ્યાં તહોમતદાર ફરિયાદીની જમીનમાંથી ૧૦૦ ગાડાં માટી બદદાનતથી લઇ ગયો ત્યાં તેને ચોરીનો તહોમતદાર ઠરાવવામાં આવ્યો હતો. ૪ તો જો કે મદ્રાસમાં આના જેવાજ એક કેસમાં તહોમતદારે ચોરી કરી નહોતી એમ ઠરાવવામાં આવ્યું હતું. ૫

ચોરેલી ચીજની કાંઇ પણ જણાઈ આવે એવી એવી કીંમત હોવી જોઇએ એ જરૂરનું નથી પરંતુ તે ચીજ એવી હોવી જોઈએ કે જે મીલકતનો વિષય હોઈ શકે. જે કાંઈ વસ્તુ કોઇ માણસની પાસે હોય તે વસ્તુ તે માણસની પાસેથી ચોરી લેવી તે ગુન્હો છે.

તે મીલકત કોઇના કબજામાં હોવી જોઇએ:—આ ચોરીના તહોમતમાં એ સાબીત કરવું જોઇએ કે ચોરીનું કૃત્ય કર્યું તે વખતે ચોરેલી મીલકત ફરીઆદીના કબજામાં હતી. ૬

આ પ્રમાણે જંગલી પશુઓ પક્ષીઓ અથવા માંછલાં જ્યાં સુધી તેઓ છુટાં હોય ત્યાં સુધી, પછી તે ગમે તે માણસની જમીન ઉપર હોય તોપણ, તેમને લઈ જવાં તે ચોરીનો ગુન્હો નથી.૭ આ પ્રમાણે સાર્વજનીક નદીમાંનાં માંછલાં જે માણસને માંછલાં પકડવાનો હક મળ્યો હોય તે માણસના કબજામાંની મીલકત કહી શકાય નહી, અને તે હકનો ભંગ કરીને તે નદીમાંથી માંછલાં પકડવાં તે ચોરી ગણાશે નહી. ૮ તેજ પ્રમાણે એક નાની ખાડીમાંથી ગેરવ્યાજબી રીતે માંછલાં પકડવાં તે ચોરીનો ગુન્હો નથી.૯

એક કેસમાં ફરિયાદીને તાબેના તળાવમાંથી માંછલાં લેવાનું તહોમતદાર ઉપર તહોમત મુકવામાં આવ્યું હતું. હકીકત એવી માલમ પડી હતી કે તકરારી તળાવ બધી બાજુએથી બંધ કરેલું નહોતું, અને તેમાંના માંછલાંના જથા માટે પાસેના વહેળાના પાણી ઉપર તે તળાવનો આધાર હતો. વળી જે વખતે આ માંછલાં પકડવામાં આવ્યાં તે વખતે તે વહેળામાં જોસમાં પુર આવ્યું હતું, અને જે નદીઓમાંથી તે વેહેળો આવતો હતો તે નદીઓ અને તળાવ એકાકાર થઇ ગયાં હતાં કે જેથી તળાવનાં માછલાં પોતાની મરજી પડે તેમ તળાવ છોડી જઈ શકે તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે માંછલાં ફરીયાદીના "કબજામાં" નહોતાં, અને તહોમતદારના કૃત્યથી ચોરીનો ગુન્હો બનતો નહોતો. તેમાં વળી એવું ઠરાવવામાં આવ્યું હતું કે જે વખતે તે માંછલાંની કુદરતી સ્વતંત્રતા બંધ પડી હોય અને તે તળાવના માલીકની મરજીમાં

---

૧. ૫ મદ્રાસ હાઈકોરટ રૂલીંગ્ઝ, રૂલીંગ ૩૯ મું.
૨. રેંજાઈના. વિ, તામા. ૪ મ. ૨૨૮
૩. રેંજાઈના. વિ. માનસંગ ભાવસંગ, ૧૦ બૉમ્બે હાઇકોર્ટ રીપોર્ટર પાનું ૭૪.
૪. રેંજાઈના. વિ. શિવરામ. ૧૫ મું. ૭૦૨.
૫. રેંજાઇના. વિ. કોટાયા ૧૦ મ. ૨૫૫
૬. હુશેન શેખ વિ. રાજકૃષ્ણ ૨૦ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૮૦.
૭. રેંજાઈના. વિ. શીકલે લૉ રીપોર્ટર ૧ ક્રાઉન કેસીસ. પાનું ૧૫૮; રેંજાઇના વિ. ટાઉનલી લૉ રીપોર્ટરસ ૧ ક્રાઉન કેસીસ પાનું ૩૧૫.
૮, ભગીરામ. વિ. અબાર ૧૫ ક. ૩૮૮ હરિમતી, વિ. દિનાનાથ ૧૯ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૪૭ ગુરૂન વિ. દિનાનાથ ૨૦ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૧૫
૯. રેંજાઈના. વિ. રેવુ. ૫ મ. ૩૯૦

આવે તેમ પકડવાને પાત્ર હોય તે વખતે જો તહોમતદારે તે માંછલાં લીધાં હોત તો તેને ચોરીનો ગુન્હેગાર ઠરાવી શકાત.૧

સીરસી ગામની મ્યુનીસીપાલીટીના તાબાના એક બંધ કરેલા તળાવમાંથી તહોમતદારને માછલાં પકડવા બદલ ચોરીનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો, કેમકે ઉપરના કેસના પાછલા ભાગમાં કરેલી ટીકા તેને બરાબર લાગુ પડતી હતી.૨

પાળેલું જાનવર પડોશીની જમીન ઉપર જતું રહે, અથવા ગામ સમસ્તના ગઉચરા ઉપર જતું રહે તેથી તેના માલીકનો કબજો બંધ પડેલો ગણાશે નહી. ૩ કોઈ હિન્દુએ ધર્મની ક્રિયાના એક ભાગ તરીકે આખલાને (ડામીને) છુટો મુકી દીધો હોય તો તે આખલો ચોરીનો વિષય થશે નહી, કેમકે તે આખલાના માલીકે તેમાં પોતાનું માલકીપણું રાખ્યું નથી, અને તે બીજા કોઇની મીલકત થયો નથી. ૪ પરંતુ જે આખલો એક મુર્તીને અર્પણ કરવામાં આવેલો હોય, અને જેને મંદીરની તરફથી કબુલ રાખવામાં આવ્યો હોય તેને છુટો ફરવા દેવામાં આવે તોપણ તે ન ધણીઆતી ચીજ થતો નથી, પણ તે મંદીરના ટ્રસ્ટીઓની મીલકત ગણાય છે, તેથી જો તેવા આખલાને કોઈ માણસ લઇ જાય તો તે માણસ ચોરીનો ગુન્હેગાર થશે.૫

જો કોઇ માણસની કાંઈ વસ્તુ તેના મકાનમાં ખોવાઈ ગઈ હોય અથવા આડી અવળી મુકાઈ ગઇ હોય તો પણ તે વસ્તુ તે માણસના કબજામાં રહેલી ગણાય છે, અને જે શખસને તે જડે તે એમ માની લેવાને બંધાયેલો છે કે જે જગ્યાએથી તે જડી હોય તે જગ્યાના માલીકની તે માલકત છે. તેથી જો તે વસ્તુનો તે પોતે ઉપયોગ કરી જાય તો તે ચોરીનો ગુન્હેગાર થશે. ૬ એક કેસમા એક નહેરમાં ચાલનારા મછવામાંથી લોખંડ તે નહેરમા પડી ગયું, અને જ્યારે તે નહેરમાંથી પાણી કાઢી નાંખવામાં આવ્યું ત્યારે તે લોખંડ એક માણસને જડયું, અને તે પોતાને ઘેર લઇ ગયો. તેમાં એવું ઠરાવવામા આવ્યું હતું કે તે લોખંડ લઇ જવાથી તે માણસ ચોરીનો ગુન્હેગાર થતો હતો, કેમકે તે લોખંડ ઉપરની માલકી અને કબજો તે નેહેર કંપનીવાળાઓનો ચાલુ રહેલો હતો. ૭

એક કેસમાં નીચે મુજબ હકીકત હતી:—એક બળદને ઝેર દેવાથી તે મરી ગયો હતો એવો વેહેમ આણીને તે બળદનું મુડદુ તેના માલીકે એક જગ્યાએ દાટી દીધું, ત્યાંથી તે મુડદુ એક બીજા માણસે ખોદી કાઢયું અને તેને પોતે લઇ ગયો. તેનાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ હકીકત ઉપરથી તે બીજા માણસને ચોરીનો ગુન્હેગાર ઠરાવી શકાય નહી, કેમકે તે બળદના માલીકના કૃત્યથી તે બળદના મુડદામાં માલકીપણું અને કબજો બંને તજી દેવાનો તેનો ઈરાદો જણાતો હતો. ૮

જ્યારે મીલકતનો માલીક પોતાની મીલકત બીજા કોઈ માણસના હવાલામાં આપે, કે જે માણસને તે મીલકત તે માલીકે તેના પોતાના લાભને માટે સોંપી હોય, અને જેની પાસેથી તેની ખુશીમાં આવે ત્યારે તે વગર સરતે પાછી લઇ શકે, ત્યારે તે મીલકત તે માલીકનાજ કબજામાં રહેલી ગણાશે. દાખલા તરીકે

---

૧. મયારામ. વિ. નીચલા. ૧૫ ક. ૪૦૨

૨. રેજાઇના. વિ. શેખઆદમ. ૧૦ મુ. ૧૯૩

૩. ૧ હેલ કૃત પ્લીઝ ઓફ ધી કાઉન. પાનુ ૫૦૬.

૪. રોમેશ ચન્દર. વિ. હીરામંડલ. ૧૭ ક. ૮૫૨; રેજાઇના. વિ. નીપાલ. ૯ મ. ૩૪૮

૫. રેજાઇના. વિ. નલા. ૧૧ મ. ૧૪૫.

૬. રેજાઇના. વિ. કર. ૮ કેરીંગટન એન્ડ પેન. પાનું ૧૭૯; ૨ ઇસ્ટકૃત પ્લીઝ ઓફ ધી કાઉન. પાનું ૬૬૪.

૭. રેજાઈના. વિ. રો ૨૮ લો જનરલ. માજીસ્ટ્રેટસ કેસીસ, પાનું ૧૨૮; સાઉથ સ્ટેફરડશાયર કંપની વિ. શરમાન. (૧૮૯૬) ૨ કવીન્સ બેન્ચ પાનું ૪૪,

૮. ૪ મદ્રાસ હાઇકોર્ટ રૂલીંગ્ઝ. ૩૦

જ્યારે તેણે પોતાની મીલકત પોતાની વહુને અથવા ગુમાસ્તાને અથવા ચાકરને સોંપી હોય ત્યારે તે મીલકત ઉપર તેનો પોતાનો કબજો ગણાશે. એક કેસમાં એક સ્ત્રીને રેલવેની ટીકીટ લેવી હતી, તેથી પોતાની આગળ ટીકીટ ઓફીસની નજીકમાં ઉભેલા એક અજાણ્યા આદમીને પૈસા આપીને પોતાને માટે એક ટીકીટ લેવા કહ્યું. તે અજાણ્યો આદમી પૈસા લઇને પોબારા ગણી ગયો, તેમાં તે આદમીને તે પૈસાની ચોરીનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો, કેમકે તે પૈસાનું માલકીપણું તે સ્ત્રીએ છોડી દીધું નહોતું; માત્ર ટીકીટ લેવાને સારૂં પોતાના હાથને બદલે તે આદમીના હાથનો ઉપયોગ કર્યો હતો.૧

ફરીયાદીએ ગામના તળાવમાં પોતાની એક સેતરંજી ધોઇને સુકવવા સારૂ ત્યાં અધર લટકાવી દીધી, તહોમતદારે બદદાનતથી તે લઈ લીધી તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તહોમતદારે તે શેતરંજીની ચોરી કરી હતી, કેમકે તે શેતરંજી ફરીયાદીના કબજામાંથી કદી ગઈ નહોતી.૨

મજીઆરો કબજો:—હીન્દુ એકત્ર કુટુંબનો એક સહ-ભાગીદાર જો મજીઆરી મીલકત એકત્ર કબજામાંથી લઇ લે, અને આવા એકત્ર કબજાને બદલે તે મીલકત ઉપર પોતાનો જુદો કબજો કરી લે તો તેણે તે મીલકતની ચોરી કરી ગણાશે.૩

એક છોકરાએ પોતાનો બાપ કે જે (મજીઆરી) મીલકતનો કરતા (વહીવટદાર) હતો તેની મરજીવિરૂદ્ધ કુટુંબની મીલકતનો જે ભાગ તેની નજરમાં આવ્યો તે ભાગ પોતાના ખાનગી ઉપયોગમાં વાપરી ખાધો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આજુબાજુની હકીકત જોતાં તે છોકરાએ ચોરીનો ગુન્હો કર્યો હતો.૪

એક હિન્દુ પોતાના કુટુંબથી જુદો પડવાના ઈરાદાથી પરદેશ ચાલ્યો ગયો. ત્રીસ વરસ સુધી પરદેશમાં રહ્યા પછી તે પોતાના કુટુંબમાં પાછો આવ્યો, અને પરદેશમાં એક મજુર તરીકે જાત મહેનત કરીને જે પૈસા અને બીજી જંગમ મીલકત તેણે મેળવી હતી તે પોતાની સાથે લેતો આવ્યો પરદેશથી પાછો આવ્યા પછી તે પોતાના કુટુંબ ભેગો રહેવા લાગ્યો પરંતુ પરદેશથી તેણે રળીને આણેલી મીલકતને મજીઆરી કુટુંબની મીલકત નહી ગણતા તે મીલકતને તેણે પોતાની આગવી મીલકત તરીકે રાખી હતી. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ મીલકત તેની એકલાની સ્વતંત્ર મીલકત હતી, અને તેનો ભાઇ તે મીલકતનો સહીઆરો માલેક નહોતો, અને જો તે મીલકત તે ભાઇ લઈ જાય તો તેને બરાબર રીતે ચોરીનો ગુન્હેગાર ઠરાવી શકાય.૫

ધણી ધણીઆણી એક બીજાની મીલકત ચોરવાનાં ગુન્હેગાર થઇ શકે કે કેમ ?

આના સંબંધમાં ઇંગ્રેજી કાયદો હિન્દુ તથા મુસલમાન કાયદાથી વિરૂદ્ધ છે. હિંદુ કાયદા પ્રમાણે જો ધણી ધણીઆણીની આગવી મીલકત-દાખલા તરીકે તેનું સ્ત્રી ધન ચોરી લે તો તે ચોરીના ગુન્હાનો ગુન્હેગાર થશે, તેજ પ્રમાણે જો સ્ત્રી ધણીની મીલકત બદદાનતથી તેના ઘરમાંથી ખસેડે તો તે ચોરીની ગુન્હેગાર થશે, આના સંબંધમાં મદ્રાસ હાઇકોર્ટે નીચે મુજબ કાયદો સ્થાપીત કરેલો છેઃ–"કાયદાનું એવું કોઇ પણ "અનુમાન નથી કે ફોજદારી કાયદાને સારૂ હિંદુસ્તાનમાં ધણી અને ધણીઆણી એકજ માણસ ગણાશે. "ચોરી એ મીલકતની સામેનો ગુન્હો છે અને જ્યાં મીલકતનું (બંનેનું) સહમાલકીપણું ન હોય ત્યાં દરેક "જણ બીજાની મીલકતના સંબંધમાં ચોરી કરી શકે (અર્થાત) બીજાની મીલકત લેવા બદલ ચોરીનો "ગુન્હેગાર થઇ શકે. સવાલ માત્ર ઇરાદાનો સવાલ છે. જો ધણીઆણી પોતાના ધણીની મીલકત તેના "ઘરમાંથી ખસેડતી વખતે બદદાનત ભર્યો ઈરાદાથી તેમ કરે તો તે ચોરીની ગુન્હેગાર થાય છે" આ કેસમાં હકીકત એવી હતી કે એક હિંદુ સ્ત્રીએ તેણીના ધણીની ગેરહાજરીમાં, તેના ધણીની મીલકત તેના ઘરમાંથી ખસેડીને પોતાના યારને ઘેર લઇ ગઈ. ધણીએ પાછો આવ્યા પછી પોતાની સ્ત્રી અને પેલા યાર

---

૧. રેન્જાઈના. વિ. ટોમ્સન. ૩૨ લો જનરલ. માજીસ્ટ્રેટસ કેસીસ. પાનું ૫૩

૨. રેન્જાઈના. વિ. માથી. મુંબઈ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ ૧૮૮૬ નું ૭૦ મુ.

૩. રેન્જાઈના. વિ. પોનું રંગમ. ૧૦ મ. ૧૮૬; વીરાંકુત્તી. વિ. આયામુ. ૭ મ. ૫૫૭

૪. રેન્જાઈના. વિ. ગીરધારી. ૪ સેન્ટ્રલ પ્રોવીન્સીસ રીપોર્ટસ. પાનું ૧૭૪

૫. રેન્જાઈના. વિ. સીતારામરાય. ૩ અ. ૧૮૧

બંનેના ઉપર ચોરીનું તહોમત મુકયું તેમાં ઉપરની ટીકા કરીને હાઇકોર્ટે તે બંનેને ચોરીના ગુન્હેગાર ઠરાવ્યાં હતાં.[૧] જો કોઇ હીંદુ સ્ત્રી પોતાના ધણીના કબજામાંથી અને તેની સંમતી વગર પોતાનું પહ્લાનું ઘરાણું અથવા સ્ત્રી ધન લઈ લે તો તેણીને ચોરીનો ગુન્હેગાર ઠરાવી શકાય નહીં.[૨]

મુસલમાની કાયદા પ્રમાણે એવું ઠરાવવામાં આવ્યું છે કે મુસલમાન પરણેલી સ્ત્રી જો તેણીના ધણીની મીલકત તેની સંમતી વગર તેના કબજામાંથી ખસેડે તો તે ચોરીની ગુન્હેગાર થશે. કેમકે ઇંગ્રેજી કાયદાની માફક ધણીધણીઆણી વચ્ચેના હિતમાં અભેદ ગણવામાં આવતો નથી,[૩] મુસલમાન ધણી પણ પોતાની સ્ત્રીની આગવી મીલકત તેની મરજી વિરૂદ્ધ લઇ લેવા બદલ ચોરીનો ગુન્હેગાર થાય છે.

ઈંગ્રેજી કાયદો—ઇંગ્રેજી કાયદાએ ધણીધણીઆણી વચ્ચે અભેદ માની લીધેલો છે, અર્થાત ઇંગ્રેજી કાયદા પ્રમાણે ધણીધણીઆણી એકજ શખસ છે એમ ગણાય છે, તેથી ધણી અથવા ધણીઆણી એક બીજાની મીલકત ચોરવાના ગુન્હેગાર થઈ શકે નહીં, અને ધણી અથવા ધણીઆણી બે માંના બીજા (અર્થાત ધણીઆણી અથવા ધણી) ની પાસેથી ચોરેલી મીલકત બેમાંથી કોઇની પણ પાસેથી લેવા બદલ કોઇ ત્રીજો શખસ ગુન્હેગાર થઇ શકે નહીં, કેમકે જ્યાં ચોર ન હોય ત્યાં ચોરેલી મીલકત રાખનાર હોઇ શકે નહી[૪] તેજ પ્રમાણે જો કે ધણીઆણીનો ઇરાદો તેણીના ધણીની મીલકત બદદાનતથી લઇ લેવાનો હોય, અને જો કે તે તે (ધણી) ને છોડી જવાની તૈયારીમાં હોય તોપણ તે મીલકત ખસેડવામાં તેણીને મદદ કરનાર કોઈ પણ શખસ ચોરીનો ગુન્હેગાર થઈ શકે નહીં, પરંતુ કાંઈપણ વ્યભીચારના કામને સારૂ તે સ્ત્રી તેના ધણીને છોડી જતી હોવી ન જોઇએ [૫] કેમકે જે સ્ત્રીએ વ્યભીચાર કર્યો હોય અથવા વ્યભીચાર કરવાની તૈયારીમાં હોય તેવી સ્ત્રીને તેણીના ધણીની મીલકત બદદાનતથી ખસેડવામા જે માણસ મદદ કરે તે માણસ ચોરીનો ગુન્હેગાર થશે.[૬]

પીનલકોડ પ્રમાણે ચોરાયેલી મીલકત કોની માલકીની હતી તે સવાલ બીનજરૂરનો છે, પરંતુ એટલાજ સવાલનો નિર્ણય કરવાની જરૂર છે કે તે મીલકત ચોરાઈ તે વખતે તે મીલકત જે માણસના કબજામાં હતી તેના કબજામાંથી ગઇ છે કે કેમ.[૭]

બદદાનત ભર્યો ઇરાદો ચોરીનું કૃત્ય કરતી વખતે હોય નહી તો ચોરીનો ગુન્હો થતો નથી. "બદદાનત ભર્યો" શબ્દને માટે પીનલકોડની ૨૪ મી કલમ જુઓ. જ્યાં તહોમતદાર શુદ્ધબુદ્ધિથી, તો જો કે ભુલ ભરેલી રીતે, એવું ધારતો હોય કે તેને અમુક કામ કરવાનો હક છે, અને એવું ધારીને તે કામ કરે તો તે કામ તેણે બદદાનતભર્યા ઈરાદાથી કર્યું છે એમ કહી શકાય નહી આ પ્રમાણે જ્યાં એક ચાકરે પોતાના શેઠની જમીન ઉપર આવેલા એક તળાવમાં કેટલાક માછીઓને માંછલાં પકડતાં પકડયા, અને તેમની જાળો તેમની પાસેથી ખુંચવી લઇને તેના શેઠના હુકમ વગર તે પાછી આપવાની ના પાડી ત્યાં કલકત્તાની હાઈકોર્ટે એવું ઠરાવ્યું હતું કે તે ચાકરને ચોરીનો ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા રદ કરવી જોઇએ, કેમકે એ ખુલ્લું હતું કે કેદી કાંઇપણ બદદાનતભર્યા ઈરાદા વગર પોતાના શેઠના હિતને વાસ્તે શુદ્ધબુદ્ધિથી વર્ત્યો હતો.[૮] પરતુ તહોમતદાર જે હક બતાવતો હોય તે દેખીતી રીતેજ ખોટો હોય ત્યાં તેણે તે કામ શુદ્ધબુદ્ધિથી પોતાના હક અન્વયે કર્યું છે એમ તેનું કહેવું માનવામાં આવશે નહીં, અને તેનો ઈરાદો બદ-

---

૧. રેજાઈના. વિ. બુચી. ૧૭ મ ૪૦૧
૨. રેજાઇના. વિ. નાથા ૮ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટ. પાનું ૧૧
૩. રેજાઈના. વિ. ખાતાબાઇ ૬ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ. પાનું ૯
૪. રેજાઈના. વિ. કેની ૨ કવીન્સ બેન્ચ ડીવીઝન. પાનું. ૩૦૭
૫. રેજાઇના. વિ. એવરી. ૨૮ લો જનરલ માજીસ્ત્રેટસ કેસીસ. પાનું ૧૮૫.
૬. રેજાઈના. વિ. ફેધરસ્ટન. ૨૩ લો જનરલ માજીસ્ત્રેટસ કેસીસ. પાનું ૧૨૭.
૭. ૨ ઈસ્ટકૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન પાનું. ૬૫૨
૮. રેજાઈના. વિ. નોબીન ચન્દર. ૯ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૭૯.

દાનત ભર્યો હતો એમ જણાવામાં આવશે.૧ આ કેસમાં ફરીયાદી અને તહોમતદાર જે જમીનો ખેડતા હતા તે જોડાજોડ હતી. અને તે જમીનોની હદનાં સબંધમાં તકરાર હતી. ફરીયાદીએ પોતાના કબજાની જમીનમાં ડાંગેર વાવી, પણ જ્યારે તે તૈયાર થઈ ત્યારે તે તહોમતદારે પોતાનો શુદ્ધ દાનતથી તે જમીન ઉપર હક જણાવીને, ડાંગરનો પાક કાપીને તે લેવાનો પોતાનો હક હતો એમ કહીને પોતે લઈ ગયો તે કેસમાં જસ્ટીસ પ્રીન્સેપે એવી ટીકા કરી કેઃ—" જો હકીકત (માં જણાવ્યા) મુજબ ફરીયાદીના બરગાદારો (મા-" ણસો) એ તે પાક ઉગાડયો હોય, અને તેમ છતાં તહોમતદાર તે કાપીને લઇ ગયો હોય તો (તેમાં " તહોમતદારનું) શુદ્ધબુદ્ધિથી માનવું હોઈ શકે નહી કે ફરીયાદી તરફની તેની વર્તણુંક વ્યાજબી ગણાય " તેવી રીતે તે તેમ કરવાને હકદાર હતો. તહોમતદારે કાપી લીધેલો પાક ફરીયાદીએ ઉગાડેલો હોવાથી કબજો " ફરીયાદીનો હતો એ હકીકત જોતાં જો કે તે જમીન ધારણ કરવાનો તે હકદાર હોય તો પણ તે તહોમતદારને " આ પ્રમાણે કાયદો પોતાના હાથમાં લેવાનું કાંઇ વ્યાજબી કારણ નહોતું, કેમકે જમીનનો કબજો ખરેખર " તેની પાસે નહોતો " તેથી તેને ચોરીનો ગુન્હેગાર ઠરાવી કરેલી સજા બરાબર હતી.

જો જે હક હોવાનો દાવો કરવામાં આવે છે તે હક વ્યાજબી રીતે ભોગવાય છે એવું તે હક ઉપરથી ધારી શકાતું ન હોય (અર્થાત જે હક હોવાનો દાવો કરવામાં આવે છે તે હક ભોગવવાની રીત વ્યાજબી ન હોય તો) બીજાના કબજામા મીલકત ઉપર શુદ્ધબુદ્ધિથી રાખવામાં આવતા હકનો દાવો પણ ચોરીના તહોમતની સામે પુરતો બચાવ ગણાશે નહી.૨ એક કેસમા ચીફ જસ્ટીસ સ્કોટલાન્ડ કહે છે કે " જો તે મીલકત ફરી-" યાદીના કબજામાં એવી રીતે હોય કે કેદીની સામે તે (મીલકત) રાખવાનો તેનો હક હતો, એટલે કે, ફરી-" યાદીની સંમતી વગર કેદી તે લઇ શકે નહી, તો જો કેદી તે મીલકતનો (પોતાને માટે) ઉપયોગ કરવાના " ઇરાદાથી તે મીલકતનો પોતે બદદાનતથી કબજો કરી લે તો તે ચોરી થશે. " ૩ જ્યાં એક વખત આવો બદદાનતભર્યો ઈરાદો સાબીત થયો હોય ત્યાં તે કૃત્ય કરવામાં કેદીને પોતાની જાતને માટે કાંઇ પણ ફાયદો મેળવવાનો ઇરાદો નહોતો તે વાતથી કેદીના ગુન્હામાં કાંઈ ફેર પડતો નથી.

એક કેસમાં એક માણસના ઉપર ઘોડો ચોરવાનું તહોમત મુકવામાં આવ્યું હતું તે ઉપરથી તે માણસના સોબતીએ ફરિયાદીની હયશાળામાં (તબેલામાં) પેસીને એક બીજો ઘોડો લીધો, તેને એક કોલસાની ખાણ તરફ હાંકયો, અને તેમ કરીને તે ઘોડાને મારી નાંખ્યો તેમ કરવામાં તેનો એવું સુચવવાનો હેતુ હતો કે પેહેલા ઘોડાને (જે ઘોડો ચોરવાનું તહોમત પેલા માણસ ઉપર મુકવામાં આવ્યું હતું) પણ આના જેવોજ અકસ્માત થયો હતો તે કેસમાં જો કે તે પ્રાણીનો બીજો કાંઇ પણ ઉપયોગ કરવાનો તે સોબતીનો કદિ ઈરાદો નહોતો તો પણ તેને તે ઘોડો ચોરવાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.૪ બંગાળામાં ચુકેલા એક કેસમાં કેદીએ ફરિયાદીના બળદ તેની મરજીવિરૂદ્ધ લઇ લીધા, અને તે ફરિયાદીના લેહેણદારોમા તે બળદો તેણે વેહેંચી દીધા તેમાં પણ તે કેદીનો ચોરીનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.૫ અલ્હાબાદમાં ચુકેલા એક કેસમાં હિંદુઓના એક મોટા ટોળાએ કેટલાક મુસલમાનો કે જેઓ ગાયો બળદ વિગેરે લઇને જતા હતા તેમના ઉપર હુમલો કરીને તે ઢોરનો કબજો તે મુસલમાનોની પાસેથી જોરજુલમથી ખુંચવી લીધો અને હકીકત ઉપરથી તે ઢોર તેના કાયદેસર માલીકોને પાછાં સોપવામાં તે હિંદુઓનો કાંઈ પણ ઇરાદો જણાતો નહોતો તે કેસમાં અલ્હાબાદ હાઈકોર્ટે એવું ઠરાવ્યું હતું કે તે હિંદુઓ ચોરી કે જે ડાકાઈટીનું એક તત્વ છે તેના ગુન્હેગાર હતા કેમકે જે હેતુઓને લીધે પ્રજાના સામાજીક હકો ઉપર તરાપ મારવામાં આવે તે હેતુઓ ગમે તેવા (ઉચ્ચ) હોય તો પણ પ્રજાના તે સામાજીક હકોનું રક્ષણ કરવાને કાયદો ઘડવામાં આવ્યો છે, અને તે હિંદુઓના હેતુઓ ગમે તેવા શુદ્ધ અને

---

૧. પંડીતા. વિ. રહીમુલ્લા. ૨૭ ક. ૫૦૧

૨. મી. મેઈનકૃત ક્રીમીનલ લૉ.

૩. રેજાઇના. વિ. એમોયી. ૪ થી મદ્રાસ સેસન્સ સને ૧૮૬૨.

૪. રેજાઈના વિ. કેમ્બેજ. રસેલ એન્ડ રાયન્સ ક્રાઉન કેસીસ રીપોર્ટ પાનુ ૨૯૨; રેજાઈના વિ. વાઈની ૧૮ લૉ જનરલ માજીસ્ટ્રેટસ કેશીસ પાનું. ૫૧.

૫. રેજાઈના. વિ. મહારી. ૩ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર. પાનું ૨.

ઉમદા હતા તોપણ તેમનો ઈરાદો તે મુસલમાનોને ગેરવ્યાજબી નુકશાન કરવાનો હતો.૧ પરંતુ આ કેસ ચુકયા પહેલાં થોડાજ વખત પર ચુકેલા એક કેસમાં તેજ અલ્હાબાદ હાઇકોર્ટે જો કે કેસની હકીકત ઉપરના કેસને બરાબર મળતી હતી તો પણ; એવું ઠરાવ્યું હતું કે તે હિંદુઓ ચોરીના ગુન્હેગાર નહોતા.૨

તહોમતદારે અમુક જમીનમાંથી ડાંગર કાપીને લઇ લીધી, એવું જણાવીને કે તે જમીન અને ડાંગર તેના કાકાની માલકીની હતી. તેની વાતના ટેકામાં તેણે સાક્ષીઓ બોલાવ્યા, અને તેનો હક સ્થાપીત કરવાને સારૂ તેણે એક કરારનામાનો દસ્તાવેજ પણ રજુ કર્યો. માજીસ્ટ્રેટે બચાવના સાક્ષીઓ ઉપર ભરોંસો રાખ્યો નહીં, અને તેને એવું માલમ પડયું કે, તે જમીન અને ડાંગર ફરીયાદીની માલકીનાં હતાં અને રજુ કરેલો દસ્તાવેજ બીજી જમીનને લગતો હતો પરંતુ તેના જજમેન્ટમાં એવું બતાવનારૂ કાંઇપણ નહોતું કે તે ડાંગર તેના કાકાની હતી એવું તે તહોમતદાર શુદ્ધબુદ્ધિથી માનતો નહોતો તેમાં હાઇકોર્ટે એવું ઠરાવ્યું હતું કે માજીસ્ટ્રેટ જે નિર્ણય ઉપર આવ્યો હતો તે નિર્ણયથી તે તહોમતદારને ચોરીનો ગુન્હેગાર ઠરાવવાને ટેકો મળતો નહોતો. ચોરીનો ગુન્હો સાબીત થવાને સારૂ એ જરૂરનું હતું કે તેનું ડાંગર લઈ જવાનું બદદાનતથી થયેલું હોવું જોઇએ, એટલે કે એવી જાણુ સાથે થયેલું હોવું જોઈએ કે તે (ડાંગર) ફરિયાદીની માલકીની હતી અને તેના કાકાની માલકીની નહોતી.૩

ફરીયાદીએ એક ટાંગો અને એક ટટ્ટુ તહોમતદારની પાસેથી વેચાણ રાખ્યું અને તેમની મીલકત બદલ તે બંને પાછાં તહોમતદારને ત્યાં ઘરાણે મુકયાં એવો કરાર કરીને કે જ્યાં સુધી તેમની કીંમત અપાય ત્યાં સુધી તહોમતદારને ટાંગો અને ટટ્ટુ બંને પોતાને કબજે રાખવાનો હક હતો, પરંતુ હાલ તુરત તો તે ટાંગા તથા ટટ્ટુ ઉપર ફરીયાદીનો ખરેખરો કબજો હતો એક દીવસ જ્યારે ફરીયાદી તે ટાંગો તથા ટટ્ટુ જાહેર રસ્તા ઉપર હાંકી લઈ જતો હતો તે વખતે તહોમતદારે તે બંને પકડયાં, અને પાછળથી તેણે પોતાના પૈસાને વાસ્તે હુકમનામુ મેળવ્યું, અને કોર્ટથી એવું જાહેર કરાવ્યું કે તે ટાંગા તથા ટટ્ટુ ઉપર તેનો ધરાણીઆત હકનો બોજો હતો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેમની વચ્ચે થયેલા કરારની સરતો પ્રમાણે તે તહોમતદાર તે બંને કબજે લેવાને હકદાર હતો તેથી તેમને પકડી પોતાને કબજે કરવામાં તે બદદાનત ભરેલી રીતે વર્ત્યો નહોતો, અને તેથી કરીને તેણે ચોરી કરી નહોતી.૪

જ્યારે એક માણસ, બીજાની મીલકત લઈ લેવાનો તેને હક છે એવું કાયદાના અજાણપણામાં અને (સત્ય) વાતની ભુલથી માનીને તે બીજાની મીલકત લઇ લે તો તે ચોરીનો ગુન્હેગાર થશે નહીં, કેમકે જો કે તે (બીજા માણસને) ગેરવ્યાજબી નુકશાન કરે તો પણ તેમાં તેનો કાંઇ પણ બદદાનત ભર્યો ઇરાદો નથી. એક (માણસો લાવ લઇજા કરનાર) સાર્વજનીક હોડી ભાડે રાખનારના અ નામના ભાઈએ, ક નામના ફરીયાદીના મછવાની ગેરહાજરીમાં નદીની પાર જનારા માણસોને પોતાના ભાઇની હોડીમાં બેસવાની ફરજ પાડીને તે હોડીમાં બેસનારા ઉતારૂઓ જે ભાડુ આપે તેથી પોતાના ભાઈની પેંદાશમાં વધારો કરવાના ઇરાદાથી, તે ફરીયાદીનો મછવો પકડી કબજે કર્યો. તે મછવો પકડી કબજે કરવામાં તે વ્યાજબી કરતો હતો એવું માનવાને અ ને કાંઇ પણ કારણ નહોતું. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જો તે ફરીયાદીનો મછવો પોતાના ઉપયોગમાં લેવાનો અ નો ઇરાદો નહોતો અથવા તો ક ની પાસેથી તેના મછવાનો કબજો હમેશને માટે લઇ લેવાનો તેનો ઇરાદો નહોતો તોપણ અ ચોરીનો ગુન્હેગાર હતો.૫

ઇંગ્રેજી કાયદા પ્રમાણે "(લીધેલી) વસ્તુનો, માલીક તરીકે ઉપયોગ કરવાનો ઈરાદો" હોવો જોઇએ.૬ પરંતુ પીનલકોડ પ્રમાણે ચોરીનો ગુન્હો બનવાને સારૂ તે વસ્તુ લેવી તે હમેશને વાસ્તે લેવું જરૂરનું

---

૧. રેજાઇના. વિ. રામ બરણ. ૧૫ અ. ૨૯૯.

૨. રેજાઇના વિ. રઘુનાથરાય. ૧૫ અ. ૨૨.

૩. અબદુલ વિશ્વાસ. વિ. ખાતર મંડલ. ૩ કલકત્તા વીકલી નોટ્સ. પાનું ૩૩૨.

૪. રેજાઇના. વિ. મેઘરાજ મારવારી. ૧ સેન્ટ્રલ પ્રોવીન્સીસ રીપોર્ટસ પાનુ ૧૦૦.

૫. રેજાઈના. વિ. નગાપા ૧૫ મું. ૩૪૪.

૬. રેજાઈના. વિ. ટરેબીલકોક. ૨૭ લો જનરલ માજીસ્ટ્રેટ કેસીસ. પાનું ૧૦૩.

નથી, અગર તો માલીક તરીકે ઉપયોગ કરવો તે પણ જરૂરનું નથી; તેજ પ્રમાણે એવી પણ જરૂર નથી કે તે વસ્તુના ખરા માલીકને ગેરવ્યાજબી નુકશાન થવા ઉપરાંત કોઇ બીજા માણસને ગેરવ્યાજબી લાભ પણ થવો જોઈએ.૧ જો બદદાનત ભર્યો ઇરાદો, સંમતીની ગેરહાજરી, અને ખસેડવું એ ત્રણ વાનાં સાબીત થયાં હોય તો, તે વસ્તુ પોતાને કબજે રાખવાનું ગમે તેટલા થોડા વખતને વાસ્તે હોય તો પણ, ચોરીનો ગુન્હો પુરેપુરો બને છે.૨

કલકત્તા હાઇકોર્ટે નીચેની હકીકતની અંદર ભુલ ભરેલો વિચિત્ર ફેંસલો કર્યો હતો. તહોમતદાર ફરીયાદીની પાસે રૂ. ૧૪) ભાડાના માગતો હતો. તે ભાડાના રૂપીઆ તુરત આપી દેવાની ફરીયાદીને ફરજ પાડવા સારૂ તહોમતદારના હુકમથી તહોમતદારના માણસોજ ફરીયાદીના ઘરમાં પેસીને તેના રૂ. ૬૦)ની કીંમતના ત્રણ ઢોર લઈ ગયા. હાઇકોર્ટે એવો ફેંસલો કર્યો કે તહોમતદાર ચોરીનો ગુન્હેગાર ઠરતો નહોતો કેમકે દ્રષ્ટાંત 'લ' નો અર્થ એવો છે કે જો એક માણસ બીજાની મીલકત લે, અને તેનો હેતુ, તે લીધેલી વસ્તુના બદલામાં બીજી કાંઇ ચીજ કે જે માંગવાનો તે લેનારનો કાંઇ પણ હક નથી તે ચીજ (તેણે લીધેલી મીલકતના) માલીકની પાસેથી જબરાઈથી કઢાવવાનો હોય તો તે ચોરી છે. આ ઉપરથી એવું નીકળે છે કે કાંઈપણ ચીજ માગવાનો હક સ્પષ્ટ હોય અને તે સબંધે કાંઈ તકરાર ન હોય તો મીલકત લેવી તે ચોરી થઇ શકે નહી ૩

આ ફેંસલો અને જે કારણોસર તે ફેંસલો થયો છે તે બંને ઉંધા અને ભુલ ભરેલાં છે અને તે આડે રસ્તે દોરનારાં છે. થોડાજ વખત પછી તેની તેજ કોર્ટે ઉપરના ભુલ ભરેલા ફેંસલાની વિરૂદ્ધ અભિપ્રાય આપીને એવું ઠરાવ્યું છે કે જો કોઇ લહેણદાર તેના દેવાદારને તેનું દેવું આપી દેવાની ફરજ પાડવાના ઈરાદાથી તે દેવાદારની કાંઈ પણ જંગમ મીલકત તેના કબજામાંથી તેની રજામંદી વગર લઇ લે તો તે ચોરીનો ગુન્હો કરે છે. ૪ અલ્હાબાદ હાઇકોર્ટે પણ આ ફેંસલાને અનુસરીને ઉપરનો પ્રસન્નોકુમારવાળો ફેંસલો નામંજુર રદ બાતલ કર્યો છે ૫ ઉપર મુજબ કોઇ માણસનું બીજાની પાસે લેહેણું હોય, અને તે બીજાની મીલકત તેના કબજામાથી તેની રજામંદી વગર લઈ લે, અને તે પોતાના લહેણામાં વસુલ કરે તો પણ તે માણસ ચોરીનો ગુન્હેગાર થશે. ૬

તહોમતદાર ફરિયાદીનો નોકર હતો તે તહોમતદાર ઉપર તેના શેઠે એક પેટીની ચોરી કર્યાનું તહોમત મુકયું હતું. તહોમતદારે જણાવ્યું કે તેના શેઠને શીખામણ વળે તેટલા સાર તેણે તે પેટી ખસેડીને ગાયો બાંધવાના વાડામા છુપાવી રાખી હતી. સેશન્સ જડજે જ્યુરીને ચાર્જ (આદેશ) આપતી વખતે કહ્યું કેઃ—" જો જ્યુરીને એમ માલમ પડે કે તે પેટીના માલીકને ઉચાટ કરાવવાને સારૂ (હેરાન કરવાને સારૂ)
"તહોમતદારે તે પેટી ખસેડી હતી, તો તે માલીકને નુકશાન કરવું (ગણાય) છે, અને તે કૃત્ય ચોરી છે
" અને તહોમતદાર ગુન્હેગાર છે એવો ઠરાવ જ્યુરીએ કહી સંભળાવ્યો એવો અભિપ્રાય આપીને કે "
"માલીકને હેરાન કરવાના ઈરાદાથી (તે પેટીનું) લેવું થયેલું હતું. જ્યુરીના ઠરાવને અનુસરીને જડજે તેને
"ચોરીનો ગુન્હેગાર ઠરાવ્યો પરતુ હાઇકોરટે તેને ગુન્હેગાર ઠરાવીને કરેલી રજા રદ કરીને એવી ટીકા કરી કે
"અલબત થોડા વખતને માટે પણ (મીલકત) કબજે હોવાને લીધે થતો લાભ (તે મીલકતના) માલેકની
" પાસેથી ખુંચવી લેવાના હેતુથી જ્યારે (તે મીલકતના) માલીકને કબજા બહાર રાખવામાં આવે
" અર્થાત કબજો લેવા દેવામાં આવે નહી) ત્યારે તે કેસ (ચોરીની) વ્યાખ્યાની અંદર આવી જશે પરંતુ
" જ્યા આવા કોઇ પણ ઇરાદાથી નહી, પરંતુ માત્ર માનસીક ચિંતાના અર્થમાં તે (માલીક) ને હેરાન
" કરવાના હેતુથીજ માત્ર, અને (તેની પાસેથી કાંઈ પણ લાભ મેળવ્યા વગર અથવા જોર જુલમથી

---

૧. રેજાઇના વિ. નબીબક્ષ ૨૫ ક. ૪૧૬.
૨. રેજાઇના. વિ. નગાપા. ૧૫ મું. ૩૪૪.
૩. પ્રસન્નો કુમાર, વિ, ઉદોય સંત. ૨૨ ક. ૬૬૯.
૪. રેજાઇના. વિ શ્રી ચરણછંગો ૨૨ ક. ૧૦૧૭.
૫. રેજાઈના. વિ. આગા મહમદ યુસફ. ૧૮ અ. ૮૮.
૬. રેજાઈના વિ. પ્રિયોનાથ ૫ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૬૯.

"કઢાવ્યા વગર તે (માલીક) ને તે ચીજ પાછી આપી દેવાના છેવટના ઇરાદાથી થોડા વખતને માટે તે "માલીકને (તે ચીજના) કબજાની બહાર રાખવામાં આવ્યો હોય તો એ કહેવું મુશ્કેલ છે કે (તે ચીજ) "રાખવી તે કોઈ પણ અર્થમાં ગેરવ્યાજબી નુકશાન કર્યા બરાબર થાય છે." ૧

"**રજામંદી સિવાય**":—રજામંદી કેવી જોઇએ તેના સંબંધમાં જુઓ કલમ ૯૦ મી. જ્યાં અમુક વસ્તુનો માલીક તે વસ્તુ લેવાની ખરેખર રજામંદી આપે, અથવા તે વસ્તુ લેવાનો અધીકાર આપે ત્યાં ચોરી થઈ શકે નહી. એક કેસમાં અ એ પોતાને જાહેર રસ્તા ઉપર લુટવાને બે માણસો કે જેઓ તેના તરકડથી અજાણ્યા હતા, તેમને સમજાવવાને કેટલાક (લુચ્ચા) શખસોની સાથે કાવતરૂ રચ્યું કે જેથી જાહેર રસ્તા ઉપર લુટનાર લુટારાઓને પકડવાને આપવામાં આવતું ઈનામ તેને મળે તેના તથા પેલા શખસોના સમજાવવાથી તે બે માણસો તેમ કરવાને લલચાયા. અ તેમના ઠરાવ પ્રમાણે મુકરર કરેલી જગાએ ગયો જ્યાં ધરાવવામા આવતી (કલ્પિત) લુંટ થઇ તેમા એવું ઠરાવવામાં આવ્યુ હતું કે તે બે માણસોએ કાંઇપણ ગુન્હો કર્યો નહોતો કેમકે અ એ પોતાની રજામંદીથી પોતાને લુંટવા દીધો હતો.૨ તેજ પ્રમાણે એક કેસમાં અ એ બ ના શેઠની માલકતની ચોરી કરવાના ઈરાદાથી તે મીલકતમાં બ ની મદદ માગી બ એ પોતાના શેઠની જાણ અને સંમતીથી, અને અ ને સજા કરાવાના હેતુથી, અ ને તે મીલકત આપીને તેનો હેતુ પાર પાડવામા મદદ કરી. અ ના ઉપર ચોરીનું કામ ચલાવવાના આવતાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે, ખસેડેલા માલકત માલીકની જાણ અને સંમતાથી એ પ્રમાણે લેવામાં આવી હતી તેથી ચોરીનો ગુન્હો બનતો નહોતો. ૩

પરંતુ જ્યાં તે મીલકત લેવાનું કામ કેદીનું એકલાનુંજ હોય અને તે તેણે પોતેજ કરેલું હોય, ત્યાં ચોરને પકડવાની ખાતરી કરવા સારૂ તે માલકતના માલીકે તેને તે કામ કરવામા સગવડ આપી છે તે વાતથી કેદીનો કાંઈ બચાવ થશે નહી આ પ્રમાણે એક કેસમાં એક મીલકતના માલીકે ચોરોને બહારને બારણેથી આવવા દેવાની પોતાના રખવાળોની સાગે ગોઠવણ કરી, પરંતુ તેની દુકાનને તાળુ માર્યું અને તેમાં એકમેજ કે જેમાં થોડાંક નીશાન કરેલાં નાણાં મુકયા હતા તે મેજ પણ તાળુ મારીને બંધ કર્યો. ચોરો રાત્રે આવ્યા, બાહારને બારણેથી અંદર પેઠા, અને તાળા તોડીને તે નીશાનવાળા નાણા લઇ ગયા પછી તેમને પકડવામાં આવ્યા તેમા તેમને ચોરીના ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા. ૪

ખસેડવું:—મીલકત લેવાને સારૂ તે મીલકતનું ખસેડવું થવું જોઈએ, નહીં તો ચોરીના ગુન્હાને માટે જરૂરનું એક તત્વ અધુરૂં રહેશે. જે કૃત્યથી એક વસ્તુને છુટી પાડવામાં આવે તેજ કૃત્યથી તેને ખસેડવી તે ચોરી ગણાશે. ૫ ગમે તેટલા ટુંકા વખતને માટે પણ બદદાનતથા મીલકત ખસેડવી તે ચોરી છે.૬

જે માણસને અમુક મીલકત ઉપર દેખીતો હક હોય, અથવા હકનું મિષ (માત્ર—નામનો હક) હોય તે માણસના હવાલામાંથી તેની મરજીવિરૂદ્ધ જો તે મીલકત ખસેડવામાં આવે તો ચોરીનો ગુન્હો બનવાને તે બસ છે ૭

પોષ્ટ ઓફીસના કાગળો લઈ જનારા એક કેસમાં કાગળો વેંહેચતી વખતે જે કોથળીમાં કાગળો લઇ જવામાં આવતા હતા તે કોથળીમાંથી તે કાગળો લઈ જનારાએ એક કાગળ કાઢી લઈને તે પોતાના ખીસ્સામાં મુકી દીધો, તે ચોરીના ગુન્હાને સારૂ પુરતું ગણવામાં આવ્યું હતું, કેમકે જ્યુરીએ એવો અભીપ્રાય

---

૧. રેજાઈના વિ. નબીબક્ષ ૨૫ ક. ૪૧૬.

૨. રેજાઈના વિ. મેકડાની અલ ૨ ઈસ્ટકૃત પ્લીઝ ઓફ ધી કાઉન પાનુ ૬૬૫.

૩. રેજાઈના. વિ. ત્રૈલુક્યો નાથ. ૪ ક. ૩૬૬; રેજાઈના. વિ. બાનેન. ૧ કેરીંગ્ટન એન્ડ કરવાન. પાનુ ૩૦૧.

૪. રેકસ (રાજા) વિ. ઈગીંગટન ઈસ્ટકૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન પાનું ૬૬૬.

૫. ૫ મદ્રાસ હાઈકોર્ટ રીપોર્ટસ. પરિશીષ્ટ પાનુ ૩૬, અને ૩૭૮ મી કલમ નીચેનું દ્રષ્ટાંત અ.

૬. રેજાઇના, વિ. શોમા. મુંબાઈ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ. ૧૮૯૭ નુ ૧૯ મું.

૭. રેજાઇના. વિ. ગંગારામ. ૯ મું. ૧૩૫.

આપ્યો કે તે કાગળ ચોરી લેવાના ઇરાદાથી તેણે તે કાગળ પોતાના ખીસ્સામાં મુકયો હતો. ૧ તેજ પ્રમાણે મદ્રાસમાં ચુકલા એ કેસમાં એક કાગળો ગામવાર છુટા પાડનારા શખસે એક નાટ-પેડ કાગળ હમેશની રીત મુજબ વેહેંચવાને સારૂ સોંપી દેવાને બદલે તે કાગળ પોતાનાં કપડાંમા છુપાવ્યો એવા હેતુથી કાગળ વેહેંચનાર સીપાઇને તે કાગળ હાથો હાથ આપે કે જેથી તે કાગળ ઉપરના શીરનામાવાળાને જે પોષ્ટેજના પૈસા આપવા પડે તે પૈસા તે અને કાગળ વેહેંચનારો સીપાઇ બંને વેંહેંચી લે. તેમાં હાઇકોર્ટે એવું ઠરાવ્યું હતું કે તે કૃત્યથી દગલબાજી ભરેલા કામને સારૂ પોષ્ટ આફીસ સત્તાવાળાઓની રજામંદી વગર તેમના કબજામાથી તે શખસે તે કાગળ લઇ લીધો હતો, અને તેથી તેણે ચોરી કરી હતી. ૨

એક કેસમાં એવું માલમ પડ્યું હતું કે તહોમતદારે ઢોરોના વાડામાંથી રાત્રે ફરીયાદીના ઢોર છોડયાં, અને તેમને (ઢોરો પુરવાના) ડબા તરફ હાકી લઈ જઇને ત્યાં પુરી દીધાં, તેમ કરવામાં તેનો હેતુ ઢોરોને છોડવાને આપવા પડતા પૈસા તે ડબાના રખેવાળની સાથે વેંહેચી લેવાનો હતો. તેમાં તેને ચોરીનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. ૩ નીચેનાં કૃત્યોને આ કલમના અર્થની અંદર આવી જાય તેવી રીતે "ખસેડવું" ઠરાવવામાં આવ્યા હતાઃ—એક માણસના ગજવાનાંથી કાંઇ વસ્તુ એકજ ઇંચ બહાર કાઢવી. ૪ સામાન પેટીમાંથી બહાર કાઢીને જમીન ઉપર મુકવો; ૫ કોઇ માણસની વખારમાં કાંઇ સામાન ઉપરને માળેથી ઉતારી તેજ વખારમા નીચલા ઓરડામા આણવો; ૬ એક પીપમાંથી થોડોક બીરદાર કાઢી લેવો. ૭

એક પેટીમા જરૂરનું સાચાકામ ગોઠવીને એવી યુક્તિ કરી હતી કે તેને એક પેની (ઢબુ પૈસા જેટલો જાડો) જાય તેવડી એક ફાટ કરેલી હતી તે ફાટમાં કોઇ એક પેની નાંખે તો બીજી તરફના એક કાણામાંથી એક સીગારેટ (પીવાની બીડી) બાહાર આવતી હતી, જે તે પેની નાંખનારો લઈ લેતો હતો. તહોમતદારે એક પેનીના જેવડો અને પેનીના આકારનો પીતળનો કકડો તે પેટીની ફાટમાં નાંખીને બીજી તરફના કાણામા આવેલી સીગારેટ લઈ લીધી. તેમાં તેને ચોરીનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. ૮ ઉગતા ઘાસની બાબતમા જે કૃત્યથી તે ઘાસને વાઢીને જમીનથી છુંટુ પાડવામા આવે તેજ કૃત્યથી તેને ખસેડવું તે ચોરીનો ગુન્હો થાય છે. ૯

એક કેસમાં અ ને બ નુ દેવું હતું, અને અ ની ગેરહાજરીમાં અ ની વહુએ કેટલાંક કામ કરવાનાં ઓજારો બ ને આપી દીધા, અને બ પોતાના લેહેણાના એક ભાગ બદલ તે ઓજારોને ખરીદનાર તરીકે રાખી લેવાનો દાવો રાખતો હતો. અ જ્યારે પાછો આવ્યો ત્યારે બ ની સંમતી વગર બ ની વહુ પાસેથી તે ઓજારો પાછા લઇ ગયો. તેમાં અ ને ચોરીનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. ૧૦

તહોમતદાર એક વહાણનો માલીક હતો, તેણે એવું જણાવ્યું કે ફરીયાદીએ તેની સાથે કરેલી કેટલીક લેણદેણના અંગે ફરીયાદી પાસે તેનું લેહેણું પડતું હતું, તેથી તે તહોમતદારે ફરીયાદીનો કેટલોક માલ કે જે બીજા વહાણના માલીકની પાસે લઈ જવામાં આવતો હતો તે માલ પકડયો, અને તેને અટકાવી રાખ્યો, તેમાં એવું ઠરાવવામા આવ્યું હતું કે તે તહોમતદાર ચોરીનો ગુન્હેગાર હતો.૧૧

---

૧. રેજાઇના. વિ. પોઇન્ટન. ૩૨ લો જનરલ માજીસ્ટ્રેટસ કેસાસ. પાનું ૨૯.
૨. રેજાઇના. વિ. વેન્કટા સામી. ૧૪ મ ૨૨૯.
૩. પ્રયાગરાય. વિ. અરજુમાઆં. ૨૨ક. ૧૩૯.
૪. રેજાઈના. વિ. ટોમ્સન ૧ મુડીઝ ક્રાઉન કેસીસ રીઝર્વડ. પાનું ૭૮.
૫. રેકસ (રાજા) વિ. સીમ્પસન. સરજોન કેલી ગ્ઝ રીપોર્ટસ. પાનું ૩૧
૬. રેજાઇના. વિ હોલ. ૩ કોકસ કૃત ક્રીમીનલ કેસીસ પાનું ૨૪૫.
૭. રેજાઇના. વિ. વોલ્લસ. ૩ કાકસ કૃત ક્રીમીનલ કેસીસ પાનુ ૬૭.
૮. રેજાઇના. વિ. હેન્ડસ. ૧૬ કોકસ કૃત ક્રીમીનલ કેસીસ પાનું ૧૮૮.
૯. કવીન—એમ્પ્રેસ. વિ. સમસુદીન. ૨ બોમ્બે લો રીપોર્ટર પાનું ૭૫૨.
૧૦. રેજાઈના. વિ. ગંગારામ. ૯ મું ૧૩૫.
૧૧. રેજાઈના. વિ. સીનુર મહમદ. વેરકૃત લો ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો પાનું ૨૪૭.

ઢોરને ગેરકાયદેસર રીતે પકડીને ડબામાં પુરવાં તે જો કે તે ઢોરના માલીકને વધુ ખર્ચ કરાવવાના, અથવા અગવડ અને હેરાનગતી પાડવાના દ્વેષભર્યા ઈરાદાથી તેમ કરવામાં આવ્યું હોય તોપણ તે ચોરી ગણાશે નહીં.૧ તેમજ ગેરકાયદેસર રીતે અટકાવી રાખેલાં ઢોરને પાછા લઈ લેવાં તે પણ ચોરી ગણાશે નહીં.૨

કોઈ માણસ બેન્ક નોટોનાં અડધીયાં લઈ જાય,૩ અથવા જીવતાં ઘેટાં અને બકરાંના શરીર ઉપરથી ઉન ઉતારી લે.૪ તો તે ચોરીનો ગુન્હેગાર થશે.

જંગલ ખાતાનો ઇન્સ્પેકટર કે જે એક સરકારી નોકર છે તેના કબજામાંનું લક્કડ સરકારના પોતાના કબજામાં (ગણાય) છે; અને તે લક્કડ બદલ જરૂરની ફી આપ્યા વગર, તે લક્કડ તે ઈન્સ્પેકટરના કબજામાંથી, (બદદાનતથી ખસેડવું તે) જો કે તે ઇન્સ્પેકટરની ખરેખરી સંમતીથી તેમ કરવામાં આવ્યું હોય તોપણ જો તે સંમતિ વગર અધીકારની અને દગા ભરેલી હોય તો, ચોરીનો ગુન્હો ગણાશે.૫

વ નામના એક જંગલ ખાતાના ફેરી મારનારા રખેવાળે એક સરકારી જંગલ કે જે તેના ચાર્જ (હવાલા) માં હતું તે જંગલમાંથી સરકારની રજામંદી વગર બ નામના એક લાકડાના વેપારીને કેટલાંક ઝાડ કાપવા દીધાં. વ અને બ એ સરકારને આપવી પડતી યોગ્ય નાણાની રકમ આપ્યા વગર બદદાનતથી લાકડું કાપી લઇ જવાના કરેલા તરકટ અનવયે (તે જંગલના) ઝાડ કાપવામાં આવ્યાં, અને થોડું લક્કડ છુપાવવામાં આવ્યું અને બાકીનું લાકડું તદન ચોરી જવાના ઇરાદાથી તેને ખસેડી લઈ જવાની તૈયારી તરીકે એક ખુલ્લી જગામાં મુકવામાં આવ્યું તેમાં એવું ઠરાવવામા આવ્યું હતું કે આ હકીકતથી વિશ્વાસઘાત નહી, પણ ચોરી બનતી હતી.૬

સરકારી પડતર જમીન ઉપર ઉગેલા એક ઝાડની શીંગો (કે જે નહી જેવી કીંમતની હતી) તે શીંગો લેવા બદલ એક માણસને માજીસ્ટ્રેટે ચોરીનો ગુન્હેગાર ઠરાવીને સજા કરી હતી; હાઇકોર્ટે તે રદ કરી હતી, કેમકે તે તહોમતદારનું કૃત્ય ૯૫ મી કલમના અર્થમાં આવી જવાથી ગુન્હો બનતો નહોતો. ૭ પરંતુ એક કેસમાં એક માણસે ત્રણ પાઇઓની કીંમતના છાંણાં અને કેરીઓ ચોરેલી તેના કેસમાં એવું ઠરાવ્યું હતું કે તેને ૯૫ મી કલમ લાગુ પડતી નહોતી અને તેથી તેને ચોરીનો ગુન્હેગાર ઠરાવેલો બરાબર હતો.૮

ચોરીનો ગુન્હો અથવા ચોરાયેલી મીલકત બદદાનતથી રાખવાનો ગુન્હો સાબીત કરવાને સારૂ એટલુંજ બસ નથી કે કેદીના કબજામાં માલમ પડેલી મીલકત ચોરાયેલી મીલકતના જેવી હતી. માજીસ્ટ્રેટે એવી રીતે ઠરાવેલું હોવું જોઇએ કે તે (કેદીના કબજામાં માલમ પડેલી) મીલકત ચોરાયેલી મીલકતજ હતી.૯

માલકીપણું હોવાનો અથવા હક હોવાનો પ્રમાણીકપણે દાવો ધરાવવો તે માત્ર, અથવા તે હકના સંબંધમાં કાંઈ શંકા હોવી તેજ માત્ર ઉભો પાક લુંટી લેવાની બાબતમા ગુન્હેગારને નિર્દોષ ઠરાવવું વ્યાજબી ગણાવવાને માટે બસ નથી. માલકીપણું હોવાનો દાવો સારા અને ખુલ્લા પુરાવાથી સાબીત કરવો જોઇએ.૧૦

જેના ઉપર ચોરી કરવાનું તહોમત મુકવામાં આવ્યું હોય તે તહોમતદાર શખસ જણાવવામાં આવતી

---

૧. આશધુન. વિ. મીઆં. ૨૪ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૭
૨. રેજાઇના. વિ. યાગમુરતી. વેરકૃત લૉ ઓફ્ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લૉ પાનું ૨૪૪.
૩. રેજાઈના. વિ. મીડ. ૪ કેરીંગટન એન્ડ પેઇન પાનું ૫૩૫.
૪. રેજાઇના. વિ. મારટીન. ૧ લીચકૃત ક્રાઉન કેસીસ પાનું ૧૭૧.
૫. રેજાઇના. વિ. હન્મન્તા. ૧ મું. ૬૧૧.
૬. રેજાઇના. વિ. ભગુ જનું. મુંબાઈ હાઇકોર્ટના ક્રીમીનલ રૂલીંગ્ઝ સને ૧૮૯૭ નું ૩૯ મું.
૭. રેજાઇના વિ. કાસ્થાબીન વાવજી ૫ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ. પાનું ૩૫.
૮. રેજાઈના. વિ. રણછોડ ઝવેર મુંબાઇ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ સને ૧૮૮૯ નું ૬૧ મુ.
૯. રેજાઈના. વિ. બાવા ચેલા મુબાઇ હાઇકોર્ટના ક્રીમીનલ રૂલીંગ્ઝ સને ૧૮૮૬ નું ૫ મું.
૧૦. નસીબ. વિ. નન્નુ ૫ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર. પાનું ૧૮

ચોરાયેલી મીલકત ઉપર પોતાનો માલકી હોવાનો દાવો કરે તેજ માજીસ્ટ્રેટને ચોરીનું તહોમત મુકવાની ના પાડવાનું કાંઇ કારણ નથી. ૧

પરંતુ નીચેના બે ફેંસલા આ બે ફેંસલાથી વિરૂદ્ધ અભિપ્રાય દર્શાવે છે. મુંબાઇની હાઈકોર્ટે એવું ઠરાવ્યું છે કે કોઈ મીલકત ઉપર હક હોવાનો દાવો ધરાવીને પોતાનો તે હક બતાવી આપવામાં હક ધરાવનાર માણસ તે મીલકત ખસેડે તો પછી તે હક હોવાનો દાવો ગમે તેવો પાયા વગરનો હોય તો પણ તે મીલકત ખસેડવી તે ચોરીનો ગુન્હો થતો નથી.૨ અને તેજ મુંબાઈની હાઇકોર્ટે સને ૧૮૯૭ માં એવું ઠરાવ્યું છે કે હક હોવાનો દાવો ધરાવીને વર્તનાર માણસ (પછી આવો હક હોવાનો દાવો ગમે તેવો પાયા વગરનો હોય તોપણ તે હક પ્રતિપાદન કરવા સારૂ (અમુક રીતે) વર્તવામાં ચોરીનો ગુન્હેગાર થતો નથી. ૩

એક કેસમાં નીચે મુજબ બીના બની હતી. વાદીએ પોતાના દાવા સંબંધીની પ્રતિવાદી સાથેની તકરારોનો નીવેડો આણવાને પોતાની સંમતીથી પંચ નીમ્યા હતા તે પંચની આગળ એક સાક્ષીને તેણે પોતે એક ખત ઉપર કરેલો શેરો કે જે એવું બતાવતો હતો, કે પ્રતિવાદીએ જેટલા રૂપીઆ વસુલ આપેલા વાદી બતાવતો હતો તે કરતાં વધારે રૂપીઆ પ્રતિવાદીએ વાદીને વસુલ આપેલા હતા તે પંચોને બતાવતો અટકાવવાના હેતુથી તે વાદી તે ખત ઝુટવી લઇને દોડી ગયો અને તે ખત પંચોની આગળ રજુ કરવાની ના પાડી તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે વાદીએ કરેલો ગુન્હો ચોરીનો નહોતો, પરંતુ ૨૦૪ મી કલમ પ્રમાણે દસ્તાવેજ છુપાવવાનો હતો. ૪

કોઇ સખસ તેની પોતાની મીલકત ચોરવાનો ગુન્હેગાર થઇ શકે ?:—કોઈ પણ શખસ તેની પોતાની મીલકત તેના ચાકરની પાસેથી ચોરી લઈ લેવાનો ગુન્હેગાર થઈ શકે, પણ તે ક્યારે, કે જ્યારે તે મીલકત એવી રીતે કાઢી લેવામાં આવી હોય કે તે ચાકરને તે બાબતની જાણ ન હોવાથી તે મીલકત બદલ નુકશાની ભરી આપવી પડશે.૫

તહોમતદારના ઉપર તેની પોતાની મીલકત કે જે એક પોલીસ કોન્સ્ટેબલના હવાલામાં હતી તે મીલકત ચોરવાનું તહોમત મુકવામાં આવ્યું હતું. તેણે મીલકત લીધી હતી તે તો કબુલે કર્યું, પરંતુ તે મીલકત તેની પોતાની હતી એવા કારણસર પોતે બીન ગુન્હેગાર છે એમ જણાવ્યું. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે પોલીસ કોન્સ્ટેબલને તે મીલકતવાળું બંડલ (ગાંસડી) સોંપેલું હોવાથી અને તે બંડલને માટે તે પોલીસ-કોન્સ્ટેબલ જવાબદાર હોવાથી, તે મીલકતમાં તેનું ખાસ માલકીપણું હતું, અને તેટલા માટે તહોમતદાર ગુન્હેગાર હતો. ૬

સેવીગ્ની નીચેનો વિચિત્ર સવાલ મુકે છે:—એક માણસ અમુક મીલકત તેની પોતાની છે એ બાબતથી અજાણ છે, અને તે મીલકત ચોરી લેવાના ઇરાદાથી તે મીલકત એક ત્રીજા માણસ પાસેથી લઇ લે છે; ત્રીજા માણસને પોતાને તે મીલકત ઉપર કાંઇ હક નથી, અને કદાચને તે ત્રીજા માણસેજ તે મીલકત ચોરેલી છે હવે પેલો આ ત્રીજા માણસ પાસેથી મીલકત ચોરી લેનાર માણસ ચોરીનો ગુન્હેગાર થઇ શકે કે નહી. સેવીગ્ની કહે છે કે તે ગુન્હેગાર થઇ શકે નહી. તે કહે છે કે "તે (મીલકતના) માલકને ચોરી કરવાનો "ઈરાદો છે પણ ખરેખરી રીતે તે ચોરી કરતો નથી, કેમકે (તેમાં) ચોરીની જરૂરની શરતોમાંથી એક, "અર્થાત બીજાના હક ઉપર તરાપ મારવી, તે સરત બાકી છે. ચોરીનો ઇરાદો રાખનારા ચોર, તેની ભુલને

---

૧. રન્નુંસીંગ વિ. કાલી ચરણ ૧૬ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનું ૧૮
૨. રેજાઈના, વિ. બીકાજી કાશીનાથ. મુંબાઈ હાઇકોર્ટના ક્રીમીકલ રૂલીંગ્ઝ તા. ૧૬-૯-૧૮૬૯.
૩. રેજાઈના. વિ. હરી બાપુજી. મુંબાઈ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ સને ૧૮૯૭ નું ૨૪ મું.
૪. રેજાઈના. વિ સુબ્રમણ્યા ગણપતી. ૩ મ. ૨૬૧.
૫. રેજાઈના. વિ વેબ્સ્ટર. ૩૧ લો જનરલ માજીસ્ટ્રેટસ કેસીસ. પાનું ૧૭ રેજાઇના વિ. બરગોસ. ૩૨ લો જનરલ માજીસ્ટ્રેટસ કેસીસ પાનું ૧૮૫.
૬. રેજાઈના. વિ. શેખ હુસેન. મુંબાઈ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ સને ૧૮૮૭ નુ ૩૬ મુ.

" લીધે નહી. પણ ચોરીના વિષય (corpus delicti) ની ગેરહાજરીને લીધે બચી જાય છે." મી. મેઈન સાહેબ કહે છે કે જો પીનલકોડ પ્રમાણે થયેલા કોઈ કેસમાં આવી બીના હોય તો ઘણુ કરીને તે માણસને નિર્દોષ ઠરાવનારો ફેંસલો આપવામાં આવશે.

એક કેસમાં ફરીયાદીએ તહોમતદારને કેટલીક માછલાં પકડવાની જાળ ગીરો આપી. તે જાળો ફરીયાદીના કબજામાં રાખવાની હતી પરંતુ તહોમતદારનું દેવું ત્રણ વર્ષમાં પતે તો તે જાળો તે વેચી શકે એવો ઠરાવ હતો. ફરીયાદીએ ત્રણ વર્ષમા દેવું અદા ન કર્યું અને તહોમતદારે (ગીરો રાખનારે) સદરહુ જાળોમાંથી એક વેચી દીધી; તે ઉપરથી તહોમતદારે ફરીયાદીની ગેરહાજરીમાં તે જાળો ખસેડી તે ઉપરથી એમ ઠરાવવામાં આવ્યું કે તે ચોરીના ગુન્હા માટે ગુન્હેગાર નથી. કારણ કે એમ કહી શકાય કે તહોમતદારણ્યુ શુદ્ધબુદ્ધિથી એમ સમજતી હતી કે તે જાળો ખસેડવાનો તેને હક હતો.૧

ઢોર ચરતાં હોય ત્યાંથી તેમને ખસેડવાં તે ચોરીનો ગુન્હો થાય છે. બદદાનતથી મીલકતનો ખોટો ઉપયોગ કર્યાનો ગુન્હો ગણી શકાય નહી. ૨ અમુક મીલકત પોતાની હોવાનો હક માત્ર બચાવ તરીકે ખડો કરવો અને શુદ્ધ બુદ્ધિથી તેવી માન્યતા ધરાવવી એમાં ફેર છે. માત્ર એવો હક બતાવવાથીજ બચાવ થઈ શકતો નથી ૩ એક માણસ એક બતક પક્ષીની ચોરી કરે અને પછી તેને મારી નાખે તે ઉપરથી તે ચોરી અને બિગાડ એ બેઉ ગુન્હા માટે ગુન્હેગાર ઠરાવી શકાતો નથી.૪ કોઈ માણસના ગજવામાંથી ખોટો રૂપીઓ ચોરવાનું કૃત્ય પણ આ કલમની રૂએ ગુન્હાઈત કૃત્ય બને છે. કારણ કે તેવા રૂપીઆની કીંમત જો કે પૂરેપૂરી ન આવે તોપણ તેમાં વપરાયલી ધાતુ જેટલી કીંમતની ચોરી થઈ ગણાય ૫

કલમ ૩૮૦ અને ૪૧૪ મુજબનાં બેઉ ગુન્હા માટે ભેગાં તહોમત મુકવાં તે બરોબર નથી. ૬

ચોરીની શીક્ષા.

૩૭૯. જે માણુસ ચોરી કરે તેને ત્રણ વરસની મુદ્દત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

રેહેવાના ઘરમાંથી ચોરી કરવી.

૩૮૦ જે ઇમારત તંબુ અથવા વહાણ માણસના રહેવામાં આવતું હોય અથવા જેમાં કંઇ મીલકત રાખવામાં આવતી હોય એવી કોઇ ઈમારત તંબુ અથવા વાહાણમાંથી જે માણસ ચોરી કરે તેને સાત વરસની મુદ્દત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—આ કલમનો હેતુ ઘરના રક્ષણ તળે રહે તેવી રીતે ઘરમાં મુકેલી મીલકતનું માત્ર વધારે સારૂ રક્ષણ કરવાનો છે અને કોઈ શખસના શરીર ઉપર જે મીલકત હોય તે મીલકતને રક્ષણ આપવાનો આ કલમનો હેતુ નથી. તેથી કરીને રહેવાના ઘરમાં કોઈ શખસના શરીર ઉપરથી લીધેલી મીલકતની ચોરી ૩૭૯ મી કલમ પ્રમાણે સાદી ચોરી છે. ૭

---

૧. ૬ બૉમ્બે લૉ રિપોર્ટર; ૭૨૫. ૪ બૉમ્બે લૉ રિપોર્ટ ૨૪૩૩; ૬ બૉમ્બે લૉ રિપોર્ટર. ૩૬૬. ૬ બૉમ્બે લૉ રિપોર્ટર. ૫૧૭.

૨. કીંગએમ્પરર. વિ. ધકલુ ૪ બૉમ્બે લૉ. રિપોર્ટર. ૫૬.

૩. એમ્પરર, વિ. કરસન બાપું. ૪ બૉમ્બે લૉ રિપોર્ટર ૬૨૬.

૪. ૪ બૉમ્બે લૉ રિપોર્ટર. ૯૩૬.

૫. એમ્પર. વિ. રામલા રતનજી. ૫ બૉમ્બે લૉ રિપોર્ટર. ૪૬૦

૬. સને ૧૯૧૦ ની ક્રી. અપીલ નં. ૩૪૨ ફ્રાન્સીસ મેનીકમના કામમાં.

૭. રેખાઇના. વિ. તાડીરામ. પંજાબ રેકર્ડઝ ૧૮૭૯ નું ૨૧ મું.

આ કલમ પ્રમાણે ગુન્હો બનવાને સારૂ જે કાંઇ સાબીત કરવાની જરૂર છે તે એ છે કે મીલકત મકાનના રક્ષણ તળે હતી. તે મકાનમા ગેરકાયદેસર રીતે પેસવાનું સાબીત કરવાની જરૂર નથી.૧

તહોમતદાર અ ના રહેવાના ઘરમાં પેઠો, અને તેની રૂબરૂમાં અ ના ના કહેવા છતાં કેટલીક મીલકત બદદાનતથી લઇ લીધી તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ કલમ પ્રમાણે તે ચોરીનો ગુન્હો બનતો હતો. ૨

એક વેશ્યાએ એક શખસ કે જે તેણીની સાથે વ્યભિચાર કરવા આવ્યો હતો તે શખસે તે વેશ્યાના ઘરમાં એક મેજ ઉપર પોતાની ટોપીમાં પોતાનું ખીસ્સાનું ઘડીયાળ મુકયું હતું તે ઘડીયાળ ચોરી લીધું તેમાં તે વેશ્યાને આ કલમ પ્રમાણે મકાનમાં ચોરી કરવાની ગુન્હેગાર ઠરાવી હતી; ૩ તેજ પ્રમાણે જ્યાં તહોમતદારે એક માણસને પોતાની ઓરડીમાં બોલાવીને તેની માલમત્તા લઇ લીધી ત્યાં પણ તેને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. ૪.

તહોમતદારે એક રેલવેની ગાડી જ્યારે તે સ્ટેશનમાં હતી તે વખતે તે રેલવેની ગાડીમાંથી કેટલાક રોકડા રૂપીયા અને કેટલોક સામાન ચોરી લીધાં. તેમાં એવું ઠરાવવામા આવ્યું હતું કે તહોમતદારને આ કલમ પ્રમાણે બરાબર રીતે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો, કેમકે જો કે રેલવેની ગાડી મકાન કહી શકાય નહી, તો પણ રેલવે સ્ટેશન મકાન હતું. ૫

એક ઘરના છાપરા ઉપર એક લુગડું સુકાવા સારૂં પહોળું કર્યું હતું. કેદી દીવાલ ઉપર નીસરણી મુકીને ચડી જઈને છાપરા ઉપર ગયો. અને સુકવેલું લુગડું લઈ લીધું. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે ઘરમાં પેઠેલો ગણાય નહીં, અને તેથી કરીને તે કેદીનું કૃત્ય ઘર ફોડવું અથવા ઘરમાં ચોરી કરવી ગણી શકાય નહી, અને ઘરનાં કામકાજને સારૂ તે છાપરૂં ઉપયોગમા લેવામાં આવતું હતું તે વાતથી કાંઈ ફેર પડતો નહોતો. ૬

ઢોર બાંધવાનો વાડો આ કલમની અંદર આવી જાય તેવી રીતે " મીલકત રાખવાને સારૂ વાપરવામાં આવતુ મકાન " છે. ૭ પરંતુ એક ઓટલા ઉપરથી કરેલી ચોરી ઈમારતમાં ચોરી નથી. ૮

એક ઘરના માલીકે સુવા જતાં પેહેલાં પોતાના ખાટલાની બાજુએ પૈસા અને લુગડાં મુકયાં હતાં; તે પૈસા અને લુગડાં તહોમતદારે ચોરી લીધાં. તેમાં તેને આ કલમ પ્રમાણે ઇમારતમાંથી ચોરી કરવાનો ગુન્હેગાર ઠરાવ્યો હતો.૯

ફટકાની શિક્ષાના સંબંધમાં આ કલમ મુજબનો ગુન્હો ક. ૩૭૯ ના ગુન્હાથી ઇલાયદો સમજવાનો છે.૧૦

શેઠના કબજા માંહેલી મીલકતની મેહતા અથવા ચાકરે ચોરી કરવી.

૩૮૧. કોઇ માણસ મેહેતો અથવા ચાકર હોય અથવા મેહેતા દાખલ કે ચાકર દાખલ રાખેલો હોય તે માણસ અગર પોતાના શેઠ અથવા રાખનારના કબજા માંહેલી કાંઇ મીલકતની ચોરી કરે તો તેને સાત વરસની મુદત સુધીની બેમાંની ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

---

૧. રેજાઇના વિ. ઇશરી પ્રસાદ ૨૪ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૪૯.
૨. રેજાઈના વિ. કાશીનાથ ભાણશેઠ. મુંબાઈ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ તા ૭-૯-૧૮૭૧.
૩. રેજાઇના. વિ. હેમીલ્ટન ૮ કેરીંગ્ટન એન્ડ પેન પાનું ૪૯.
૪. રેજાઈના. વિ. ટેલર. પારલામેન્ટરી રીપોર્ટસ ક્રીમીનલ કેસીસ પાનું ૪૧૮.
૫. રેજાઇના. વિ. શેખ સાહેબ મુંબાઇ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ સને ૧૮૮૬ નું ૩૬ મું.
૬. વેરકૃત લૉ ઑફ ઑફેન્સીસ એન્ડ ક્રીમીનલ લૉ. પાનું ૯૧ (૧૪૯.)
૭. મદ્રાસ હાઇકોર્ટનું જાહેરનામું. ૨૪ મી નવેમ્બર સને ૧૮૬૬.
૮. મદ્રાસ હાઈકૉર્ટ રૂલીંગ્ઝ. ૨૮ મી અકટોબર સને. ૧૮૭૦.
૯. રેજાઇના. વિ ઓવેન. ૨ ઈસ્ટકૃત પ્લીઝ ઑફ ધી ક્રાઉન. પાનું ૬૪૫.
૧૦. ૮ બૉમ્બે લૉ રિપોર્ટર. ૮૫૦.

ટીકા.—નાણાંની રકમ એક પેટીમાં બંધ કરીને તે પેટી પોલીસ તીજોરીના મકાનમાં મુકવામાં આવી હતી; અને તે તીજોરીના મકાન ઉપર કેદીઓ બરકનદાઝ તરીકે રખેવાળી કરતા હતા તેઓએ તે પેટીમાં બંધ કરેલી નાણાંની રકમ ચોરી લીધી. તેઓને ૩૮૧ મી કલમ પ્રમાણે જે મીલકત નોકર તરીકે તેમના હવાલામાં હતી તે મીલકત ચોરવાના ગુન્હેગાર ઠરાવ્યા હતા. ૧

ભાડે કરેલી હોડીવાળો આ કલમમાં "મહેતો અથવા ચાકર" ની વ્યાખ્યામાં આવતો નથી, અને હોડી ઉપર તેણે કરેલી ચોરી ૩૮૦ મી કલમ પ્રમાણે ગુન્હો થાય છે. ૨

નીચેના શખસોને મેહેતા અથવા ચાકર ગણવામાં આવ્યા છેઃ—લીમીટેડ (નિયમીત જવાબદારી વાળી) કંપનીનો ડાઇરેક્ટર; ૩ જંગલમાંથી આંબલી ગાડાંમાં ભરી લાવવાને રાખેલો માણસ; ૪ દીવસની મજુરી કરવાને રોજે રાખેલો માણસ. ૫ (મજુર) કરાર કરીને પોતાને ત્યાં શીખવા રાખેલો શીખાઉ માણસ. ૬ પરંતુ ભાડાનું શીગરામ ફેરવનારો ગાડી હાંકનારો તે શીગરામ ભાડે રાખનારનો નોકર નથી. ૭

"**શેઠ અથવા રાખનારના કબજા માંહેલી મીલકત**":—જે મીલકત કોઇ પણ મેહેતો અથવા ચાકર કે જે તેના શેઠના વાસ્તે તે (મીલકત) ધારણ કરે છે તે મેહેતો અથવા ચાકરના કબજામાં હોય તો. ૮ તે મીલકત શેઠના અથવા રાખનારના કબજામાં ગણાય છે અથવા જો તે મેહેતા અથવા ચાકરે તે મીલકત પોતાના શેઠને સારૂ લીધી હોય, અને તે (શેઠ) ના ઉપયોગને સારૂ તે વાપરવામાં આવી હોય દાખલા તરીકે તેના શેઠના તાબાની મીલકતને સારૂ બનાવેલી પેટીમાં, ગાડામાં, હોડીમાં, દાણાના કોઠારમાં, અથવા મુકવાની બીજી કોઇ પણ જગામાં તે મીલકત મુકવામાં આવી હોય, અથવા તો હિસાબમાં તે (શેઠ) ને નામે જમે કરવામાં આવી હોય તો તે મીલકત શેઠના અથવા રાખનારના કબજામાં ગણાશે. ૯

ચોરી કરવા સારૂ મોત અથવા વ્યથા કરવાની તૈયારી કરીને ચોરી કરવી.

૩૮૨. જે માણસ ચોરી કરે તેણે અગર તે ચોરી કરવા સારૂ અથવા તે ચોરી કર્યા પછી નાશી જવા સારૂ અથવા તે ચોરીથી મળેલી મીલકત રાખવા સારૂ કોઈ શખસનું મોત આણવાની યા કોઇને વ્યથા કે અટકાવવાનો ભય ઉત્પન્ન કરવાની કાંઇ તૈયારી કરી હોય તો તે માણસને દશ વરસની મુદત સુધીની સખ્ત કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

દ્રષ્ટાંત.—(અ) અ જ ના કબજા માંહેલી કાંઈ મીલકતની અ ચોરી કરે અને એ ચોરી કરતી વેળાએ તેના કપડામાં રાખેલી એક ભરેલી પીસ્તોલ હોય અને તે પીસ્તોલ અગર

---

૧. રેજાઈના. વિ. જગરનાથ. ૨ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૫૫.
૨. રેજાઈના વિ. બાબુલ માનજી. ૮ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર. પાનું ૩૨.
૩. રેજાઈના. વિ. સ્ટુઅરટ (૧૮૯૪) ૧ કવીન્સ બેન્ચ પાનું ૩૧૦.
૪. વેર કૃત લો ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો. પાનું ૧૦૨.
૫. રેજાઇના. વિ. વિનહોલ. ૫ કોકસ કૃત ક્રીમીનલ કેસીસ. પાનું ૩૨૬.
૬. રેજાઇના. વિ. મેલીશ રસેલ એન્ડ રાયન્સ ક્રાઉન કેસીસ રીઝવર્ડ પાનું ૮૦.
૭. રેજાઇના વિ. હેડન. ૭ કેરીંગ્ટન એન્ડ પેન. પાનું ૪૪૫.
૮. રેજાઇના. વિ. મ્યુરે. ૧ મુડીઝ ક્રાઉન કેસીસ રીઝવર્ડ પાનુ ૩૭૬.
૯. રેજાઈના. વિ. રીડ. ૨૩ લો જનરલ. માજીસ્ટ્રેટસ કેસીસ. પાનું ૨૫, રેજાઇના. વિ. રાઇટ. ૨[illegible] લો જનરલ માજીસ્ટ્રેટસ કેસીસ. પાનું ૬૫.

જ સામે થાય તો જ ને વ્યથા કરવાના ઈરાદાથી રાખી હોય તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કરવા એમ સમજવું.

(બ) અ જ નું ખીસું કાતરે અને તેના પોતાના કેટલાએક સોબતીઓને આસપાસ રાખ્યા હોય એટલા સારુ કે અગર શું બને છે તે જ ના જાણવામાં આવે અને જ સામો થાય અથવા અ ને પકડવાની કોશીશ કરે તો તેઓ જ ને અટકાવે તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવું.

જબરાઈથી કહાડવા બાબત.

૩૮૩. જે માણસ ઇરાદાથી કોઇ શખસને પોતાને અથવા બીજા કોઇને નુકશાન કરવાનો ભય ઉત્પન્ન કરે અને તેમ કરીને તે ભય પામેલો શખસ કંઇ મીલકત અથવા કીમતી દસ્તાવેજ બનાવી શકાય એવી કાંઇ વસ્તુ કોઇ શખસને આપે એમ બદદાનતથી કરે તો તે માણસે જબરાઇથી કહાડવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

જબરાઇથી કહાડવું.

દ્રષ્ટાંત—(અ) તું મને પૈસા આપ નહી તો તારી આબરૂ જાય એવું હું કાંઇ છાપીશ એમ કહીને અ જ ને ધમકાવે અને એમ કરીને જ તેને પૈસા આપે એમ અ કરે તો અ એ જબરાઇથી કહાડવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

(બ) તું આટલા રૂપીઆ મને આપવાની એક ચીઠી લખી તેપર સહી કરી આપ નહી તો તારા બાળકને ગેરવ્યાજબી કેદમાં રાખીશ એવી રીતે અ જ ને ધમકાવે અને જ તેવી ચીઠી લખી તે ઉપર સહી કરી આપે તો અ એ જબરાઈથી કહાડવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

(ક) મારા ખેતરમાંના પાકનો આટલો ભાગ હું બ ને આપીશ અને તે ના આપુ તો આટલો દંડ આપીશ એવી શરતનું એક ખત કરીને તે તે પર સહી કરીને તું બ ને આપ નહી તો તારા ખેતર મધેના પાકનો નાશ કરવાને ડંગોરાવાળા માણસને મોકલીશ એવી રીતે અ જ ને ધમકાવે અને તેથી કરીને જ તેવું ખત લખી તે પર સહી કરી આપે એમ કરે તો અ એ જબરાઇથી કઢાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

(ડ) જ ને માહાવ્યથાનો ભય પમાડીને અ બદદાનતથી એવું કરે કે એક કોરા કાગળ ઉપર પોતાની સહી અથવા મહોર કરીને તે કાગળ જ અ ને આપે અને તે પ્રમાણે જ તે કાગળપર સહી કરીને તે કાગળ અ ને આપે તો એ ઠેકાણે તે સહી કરેલા કાગળનો કાંઇ મીલકતી દસ્તાવેજ બનાવી શકાય માટે અ એ જબરાઇથી કહડાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

ટીકા.—જબરાઇથી કહાડવાનો ગુન્હો બનવાને સાર કોઈ માણસને પોતાને નુકશાન થવાના ભયમાં ઈરાદા પુર્વક મુકીને અને તેમ કરીને તેની મીલકત આપી દેવાને તેને બદદાનતથી લલચાવીને મીલકત મેળવેલી હોવી જોઇએ. ૧

જબરાઈથી કહાડવાના કેસમાં એ જરૂરનું નથી કે જે માણસે ધમકી આપી હોય તેમ માણસે મીલકત લીધેલી હોવી જોઇએ. કેટલાક માણસોની વચ્ચે થયેલી ગોઠવણ પ્રમાણે થોડાક માણસોએ ધમકી

૧. રેજીઇના. વિ. મીઆજાન ૪ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૫.

આપી હોય, અને તે ધમકીથી મેળવેલી મીલકત બાકીનાઓએ લીધી હોય તો પણ સઘળા સરખી રીતે આ કલમ પ્રમાણેના ગુન્હાના ગુન્હેગાર થશે. ૧

જો ફરીયાદી પૈસા નહી આપે તો લોકોના તોફાનના વખતમાં ફરીયાદીના ઘરનો નાશ કરવાને સારૂ તેના ઘર ઉપર તોફાની લોકોનું ટોળું આણવાની ધમકી આપવી તે ૩૮૩ મી કલમ મુજબ ભય ઉત્પન્ન કરવો ગણાશે. ૨ તેજ પ્રમાણે કોઇ માણસના ઉપર ફોજદારી ગુન્હાનું તહોમત મુકવાની ધાસ્તી આપવી તે આ કલમના અર્થની અંદર આવી જાય તેવી રીતે નુકશાન કરવાનો ભય ઉત્પન્ન કર્યો ગણાય છે, અને મુકવા ધારેલા ગુન્હાનું તહોમત ખરૂં અથવા ખોટું હોય તો પણ જબરાઈથી કહાડવું સરખી રીતે થાય છે. ૩

એક માણસ બીજાની પાસેથી તેની મરજીવિરૂદ્ધ પૈસા મેળવવાને વાસ્તે તે બીજાને એવી ધમકી આપે કે જો તે (બીજો) તેને પૈસા આપવાની ના પાડશે તો તે પોતાની (ખરી અથવા કલ્પિત) વગ ચલાવીને તે બીજાની નોકરી ખોવરાવશે અને તે ધમકીને લીધે તે બીજો માણસ પૈસા આપે તો તે જબરાઇથી કહાડવુ ગણાશે. ૪

પરંતુ એક કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે બાળવાના લાકડાનાં ગાડાં જ્યાં સુધી તે બદલ લેહેણા નાંણાં આપવામાં ન આવે ત્યાં સુધી પકડીને રોકી રાખવાં તે, બતાવેલો હક ના પાયાદાર હતો એવું અનુમાન કરી લઇએ તો પણ. આ કલમના અર્થની અંદર આવી જાય તેવી રીતે નુકશાન કરવાનો ભય ઉત્પન્ન કર્યો ગણાશે નહીં. ૫

એક કેસમાં કેદીએ અ ના બાપને એવી ધમકી આપી કે, જો તે (અ નો બાપ) તેની પાસેથી એક ઘોડી ૩૫ પાઉન્ડની કીંમતે વેચાતી નહી રાખે તો તે ઘોડીની સાથે અ એ સૃષ્ટિક્રમવિરૂદ્ધ દૃષ્ટ કર્મ કર્યું હતું એવું તે અ ના ઉપર તહોમત મુકશે તેમાં તે કેદીએ જબરાઈથી કહાડવાનો ગુન્હો કર્યો હતો એવું ઠરાવવામાં આવ્યું હતું. ૬

તહોમતદારે એક જ નામના માણસને કેદ પકડીને તેને ગેર વ્યાજબી રીતે કેદ કર્યો અને જો તે તહોમતદારે રૂ. ૨૦૦) આપવામાં નહીં આવે તો તે (જ) ને છોડવામાં આવશે નહીં એવી તેને ધમકી આપીને તેની પાસેથી તહોમતદારે રૂ. ૨૦૦) જબરાઇથી કહડાવ્યા. તહોમતદારને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. ૭

એક વેશ્યાવાડામાં આવેલા એક ઘરમાં એક સ્ત્રી સાથે એક પાદરીએ વ્યભીચાર કરેલો તે વાત તેના ઉપરી બીશપને જાહેર કરી દેવાની, અને તેની બેઆબરૂ જાહેર છાપાંઓમાં પ્રસિદ્ધ કરવાની ધમકી આપવી તે આ કલમ પ્રમાણે નુકશાન કરવાનો ભય ઉત્પન્ન કરવો ગણાશે. ૮

આપેલી ધમકીથી ઉત્પન્ન થયેલા ભયને વશ થઇને મીલકત આપેલી હોવી જોઈએ બીજા કોઈ તુરતના કારણને લીધે મીલકત આપવામાં આવી હોય તો તે જબરાઇથી કહાડવું ગણાશે નહીં આ પ્રમાણે જો કોઇ શખસો એક માણસને લુંટવા આવે, અને તેને આંડો રાખીને, નાંણાંની રકમ તેમને આણી આપવાના તેને સોગન ખવડાવે, અને તે પ્રમાણે તે માણસ નાણાં આણી આપે તો, જો પાછળથી આણી આપેલા પૈસા સોગનના બંધનને લીધે આણી આપવામાં આવ્યા હોય તો તે જબરાઈથી કહાડવું નથી,

---

૧. રેગ્યુલના. વિ. શંકર ભાગવત ૨ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ. પાનું ૩૯૪
૨. આસ્ટલીઝ કેસ. ૨ ઈસ્ટ કૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન. પાનું ૭૨૯
૩. રેજાઈના. વિ. મુબારક ૭ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૨૮
૪. મીર આબાસ અલી વિ. ઉમેદ અલી ૧૮ સધરલન્ડઝ વીકલી રીપોર્ટર. પાનું ૧૭
૫. રેજાઈના. વિ. અબદુલ કાદર ૩ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ પાનું ૪૫.
૬. રેજાઇના. વિ. રેડમેન. લો રીપોર્ટસ ૧ ક્રીમીનલ કેસીસ પાનું. ૧૨
૭. અખોય. વિ. જગત. ૨૯ ક. ૬૨૫.
૮. રેજાઈના. વિ. મીઆરડ. ૧ કોક્સ કૃત ક્રીમીનલ કેસીસ પાનું ૨૨.

પરંતુ જો ભયની ચાલુ રહેલી લાગણીને લીધે પૈસા આણી આપવામાં આવ્યા હોય તો તે જબરાઇથી કહાડવું થશે.૧ તેજ પ્રમાણે જો મીલકત અગાઉથી કેદીને કબજે આવી ગઇ હોય તો પાછળથી આપેલી ધમકી કે જેથી તે મીલકતનો માલીક તે મીલકત પાછી માગતાં અટકે તે ધમકી જબરાઇથી કહાડવું અથવા લુંટ થતી નથી.

એક કેસમાં હ નામના માણસે ફરીયાદીના ગજવામાં હાથ નાંખીને તેની પૈસાની થેલી કાઢી લીધી. થેલી કાઢી લીધા પછી ફરીયાદીએ તે થેલી હ ના હાથમાં જોઈ, અને તે પછી માગી. હ એ જવાબ દીધો, "લુચ્ચા, જો તું તારી થેલી વિષે બોલીશ તો હું તારૂં ઘર ઉજડ કરી નાંખીશ, અને તને દેશની બાહાર "કાહાડી મુકીશ, કે જે પ્રમાણે મેં જોન સોમરસને કર્યું છે." આવું કહીને તે થેલી લઇને ચાલતો થયો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જો તે થેલી તેના કબજામાં આવી તે પહેલાં તેણે આવી ભાષા વાપરી હોત તો તે લુંટ થાત, પરંતુ ધમકી આપ્યા પેહેલાં ચોરી પરિપુર્ણ થઈ હતી તેથી તે માત્ર ચોરી (larceny) થઇ હતી.૨

એક કેસમાં કેદીએ ફરીયાદીને એવી ધમકી આપી કે તે ફરીયાદીને માજીસ્ટ્રેટની આગળ લઈ જઇને તેણે સૃષ્ટિકર્મવિરૂદ્ધ ગુન્હો કરવાની કોશીશ કરવાનું તેના ઉપર તહોમત મુકશે. તે ધમકીથી ઉત્પન્ન થયેલા ભયને લીધે ફરીયાદીએ કેદીને પૈસા આપ્યા. તેમાં તે કેદીને જબરાઈથી પૈસા કહડાવવાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.૩

જેથી ગુન્હો ન બને તેવી બદચાલનું કોઈ માણસના ઉપર તહોમત મુકવાની ધમકી, જો તેની આબરૂને નુકશાન કરવાને અથવા તેના ગૃહસંસારના સંબંધમાં તેને નુકશાન કરવાને યોજેલી (આપેલી) હોય તો, તે આ કલમની અંદર આવી જશે.૪

"**મીલકત આપે**"—કલકત્તામાં એવું ઠરાવવામાં આવ્યું છે કે જો મીલકતનો માલીક તે મીલકત તહોમતદારને ખરેખર **આપે નહીં** તો જબરાઈથી કહાડવું કદી થઈ શકે નહી; અને જો તહોમતદાર ફરીયાદીની રૂબરૂમાં તે લઇ લે તો તે આ ગુન્હાને માટે બસ નથી. આ કેસમાં હકીકત એવી હતી કે ફરીયાદીએ ધાસ્તી વીગેરેને લીધે તહોમતદારને તેની મીલકત લઈ જવા દેવામાં અટકાવ કર્યો નહી, પરંતુ તે મીલકત લઈ જનાર તહોમતદારને પોતાની કાંઇ પણ મીલકત તેણે (પોતાને હાથે) આપી નહી તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તહોમતદાર જબરાઇથી કહડાવવાનો નહી, પરંતુ લુંટનો ગુન્હેગાર હતો.૫

તહોમતદાર પોતાને મીલકત આપી દેવાની જે માગણી કરે તે માગણી કરવાને તે હકદાર હતો એમ તે શુદ્ધબુદ્ધિથી માનતો હોય, અને પુરાવ ઉપરથી પણ એમ માલમ પડતું હોય કે તે બદદાનતથી વર્ત્યો નથી તો જો કે તેણે કરેલી માગણીથી તેને મીલકત આપવામાં આવી હોય તો પણ, તે જબરાઇથી કહાડવાનો ગુન્હો કરતો નથી.૬

એક માજીસ્ટ્રેટના આગળ ચાલતા એક કેસમાં તહોમતદારે બે વકીલો પોતાના બચાવને માટે રોકયા. મુદતને દિવસે મોટો વકીલ બીજે ઠેકાણે રોકાયેલો હોવાથી તેણે પોતાની સાથેના નાના વકીલને તે કેસમાં મુદત માગવાની અરજી આપવાની સમજુત આપી. તે નાના વકીલે તહોમતદારને એવી ધમકી આપી કે જો તે તહોમતદાર તેને એક ખત લખી આપશે નહી તો તે તેના કામમાં ઉભો રહેશે નહી તેથી તે તહોમતદારે તેને એક ખત લખી આપ્યાથી તેણે મુદત માગવાને બદલે આખો કેસ ચલાવ્યો. પાછળથી તે ખત લખાવી લેવા બદલ તહોમતદારે તે નાના વકીલ ઉપર જબરાઇથી કહડાવવાની ફરીયાદ કરી તેમાં હાઈકોર્ટે

૧. ૧ હેલ કૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન. પાનું ૫૩૨; ૨ ઇસ્ટકૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન, પાનું ૭૩૩.
૨. હરમાનનો કેસ. ૧ હેલકૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન પાનું ૫૩૪.
૩. ડોનેલીનો કેસર ઇસ્ટકૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન પાનું ૭૧૫.
૪. રેજાઈના વિ. ટોમ્લીન્સન (૧૮૯૫) ૧ ક્વીન્સ બેન્ચ પાનું ૭૦૬.
૫. રેજાઈના. વિ. ફુલીલુદીન ૫ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૧૯.
૬. રેજાઇના વિ. અબદુલ કાદર ૩ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ પાનું ૪૫.

એવું ઠરાવ્યું હતું કે તે નાના વકીલને જબરાઇથી કહડાવવા બદલ ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા ગેરકાયદેસર હતી. ૧

જબરાઇથી કહડાવવાના અને ચોરીના ગુન્હાની વચ્ચે ભેદઃ—આ બે ગુન્હાઓ એક વાતમાં મળતા આવે છે. બંનેમાં બીજાની મીલકતનો કબજો બદદાનતથી લઈ લેવામાં આવે છે; પરંતુ (૧) ચોરીના ગુન્હામા તે મીલકત માત્ર જંગમ મીલકતજ હોવી જોઈએ; જ્યારે જબરાઇથી કહડાવવાના ગુન્હામાં તે કોઇ પણ મીલકત અથવા કીંમતી દસ્તાવેજ હોય; (૨) ચોરીના ગુન્હામાં ગુન્હેગાર માણસ મીલકતના માલીકની સમતી વગર મીલકત લે છે; જ્યારે જબરાઈથી કહડાવવાના તેમજ લુંટના ગુન્હામાં તે માલીકની મરજી પોતાને તાબે કરી લઈને, અને તેમ કરીને તેની પોતાની મીલકત આપી દેવાની તેને ફરજ પાડીને અર્થાત ગેરવ્યાજબી રીતે તે માલીકની સંમતી મેળવીને ૨ ગુન્હો કરવામાં આવે છે; (૩) ચોરીના ગુન્હામાં ગુન્હેગાર પોતે માલકત લઇ લે છે (ખસેડે છે) જ્યારે જબરાઇથી કહડાવવાના ગુન્હામાં તે મીલકતનો માલીક પોતે હાથે કરીને ગુન્હેગારને પોતાની મીલકત આપે છે.

જબરાઇથી કઢાવવાની શીક્ષા.

૩૮૪. જે માણુસ જબરાઇથી કઢાવવાનો ગુન્હો કરે તેને ત્રણ વરસની મુદત સુધીની બેમાંની ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

જબરાઇથી કઢાવવાનો ગુન્હો કરવા સારૂ કોઈ શખસને નુકશાનનો ભય ઉત્પન્ન કરવો.

૩૮૫. જબરાઇથી કઢાવવાનો ગુન્હો કરવા સારૂ જે માણુસ જે શખસને કાંઈ નુકશાનનો ભય ઉત્પન્ન કરે અથવા ભય ઉત્પન્ન કરવાની કોશીશ કરે તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

મોત અથવા મહાવ્યથાનો ભય કોઇ શખસને પમાડીને જબરાઇથી કઢાવવાનો ગુન્હો કરવો.

૩૮૬. કોઇ શખસને તે શખસને પોતાને અથવા બીજા કોઇને મોત અથવા મહાવ્યથા કરવાનો ભય ઉત્પન્ન કરીને જે માણુસ જબરાઇથી કહડાવવાનો ગુન્હો કરે તે માણુસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

જબરાઇથી કઢાવવાનો ગુન્હો કરવા સારૂ કોઇ શખસને મોત અથવા મહા વ્ય-

૩૮૭. જે માણુસ જબરાઇથી કઢાવવાનો ગુન્હો કરવા સારૂ કોઈ શખસને તે શખસને પોતાને અથવા બીજા કોઇને મોત અથવા મહાવ્યથા કરવાનો ભય ઉત્પન્ન કરે અથવા ભય ઉત્પન્ન કરવાની કોશીશ કરે તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકા-

૧. ૫ મદ્રાસ હાઇકોર્ટ રીપોર્ટસ પરીશીષ્ટ. પાનું ૧૪.
૨. પીનલકોડ ઘડી કાઢનારાઓની નોટ ન. પાનું ૨૮.

થાનો ભય ઉત્પન્ન કરવો. રની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—પૈસા જબરાઇથી કઢાવવાને સારૂ આપઘાત કરવાની કોશીશ કરવાનો ઢોંગ કરવો તે આ કલમ પ્રમાણે સજા યોગ્ય ગુન્હો છે.૧

૩૮૮. મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીના કેદની શીક્ષા થઇ શકતી હોય એવો કોઇ ગુન્હો કર્યાનું અથવા કરવાની કોશીશ કરવાનું અથવા એવો ગુન્હો બીજા કોઈ શખસ પાસે કરાવવાને તેને લલચાવવાની કોશીશ કર્યાનું તહોમત કોઇ શખસની પોતાની ઉપર અથવા કોઇ બીજાની ઉપર મુકવાનો ભય તે શખસને ઉત્પન્ન કરીને જે માણુસ જબરાઇથી કઢાવવાનો ગુન્હો કરે તે તે માણુસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે અગર ૩૭૭ મી કલમ મુજબ શીક્ષા થઇ શકે એવો તે ગુન્હો હોય તો તે માણુસને જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા થઈ શકે.

મોત અથવા સમુદ્રપાર વગેરેની શીક્ષા થઇ શકે એવા ગુન્હાનું તોહોમત મુકવાનો ભય ઉત્પન્ન કરીને જબરાઈથી કઢાવવાનો ગુન્હો કરવો.

૩૮૯. જબરાઇથી કઢાવવાનો ગુન્હો કરવા સારૂ મોતની અથવા જીવતા સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની કેદની શીક્ષા થઈ શકતી હોય એવો કોઇ ગુન્હો કરવાનું અથવા કરવાની કોશીશ કર્યાનું તોહોમત કોઇ શખસની પોતાની ઉપર અથવા કોઇ બીજાની ઉપર મુકવાનો ભય તે શખસને જે માણુસ ઉત્પન્ન કરે અથવા ઉત્પન્ન કરવાની કોશીશ કરે તે માણુસને દશ વરસની મુદત સુધીની બેમાંની ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે અને અગર ૩૭૭ મી કલમ મુજબ શીક્ષા થઇ શકે એવો તે ગુન્હો હોય તો તે માણુસને જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા થઇ શકે.

જબરાઇથી કઢાવવાનો ગુન્હો કરવા કોઇ શખસને કાંઈ ગુન્હાના તોહોમતનો ભય ઉત્પન્ન કરવો.

અપહરણ તથા ડાકાઇટી બાબત.

૩૯૦. સર્વે અપહરણમાં અગર તે ચોરી અથવા જબરાઇથી કહડાવવાનો ગુન્હો હોય છે.

અપહરણ.

અગર કાંઇ ચોરી કરવા સારૂ અથવા ચોરી કરવામાં અથવા ચોરીથી મળેલી મીલકત લઇ જવામાં અથવા લઇ જવાની કોશીશ

---

૧. રેજાઈના. વિ. ગુઝોરી. ૧ ઈન્ડીયન જ્યુરીસ્ટ ન્યુસીરીઝ પાનું ૪૨૩.

ચોરી ક્યારે અપહરણ થાય છે. કરવામાં તે ગુન્હેગાર મતલબસર બુદ્ધિપુર્વક કોઇ શખસનું મોત આણે અથવા તેને વ્યથા કે ગેરવ્યાજબી અટકાવ કરે અથવા મોત વ્યથા કે ગેરવ્યાજબી અટકાવ કરવાની કોશીશ કરે અથવા તાત્કાળીક વ્યથા કે ગેરવાજબી અટકાવ કરવાનો ભય ઉત્પન્ન કરે અથવા ભય ઉત્પન્ન કરવાની કોશીશ કરે તો તે ચોરી અપહરણ થાય છે એમ સમજવું.

જબરાઇથી કઢાવવું તે ક્યારે અપહરણ થાય છે. અગર જબરાઇથી કઢાવવાનો ગુન્હો કરતી વખતે તે ગુન્હો કરતી વખતે તે ગુન્હો કરનાર ભય પમાડેલા શખસની આગળ હાજર હોય અને તાત્કાલીક મોત અથવા તાત્કાલીક વ્યથા અથવા તાત્કાલીક ગેરવાજબી અટકાવ તે શખસે અથવા કોઇ બીજા શખસને કરવાનો ભય તે શખસને ઉત્પન્ન કરીને તે જબરાઇથી કઢાવવાનો ગુન્હો કરે અને એ પ્રમાણે ભય ઉત્પન્ન કરીને તે ભય પમાડેલા શખસનું મન એવું કરે કે તે શખસ તેજ વખતે અને તેજ ઠેકાણે જબરાઇથી કઢાવેલી વસ્તુ આપી દે તો તે જબરાઇથી કઢાવવું અપહરણ થાય છે એમ સમજવું.

ખુલાસો—અગર તે ગુન્હો કરનાર એટલો નજદીક હોય કે તેથી તે બીજા શખસને તાત્કાળીક મોતનો અથવા તાત્કાળીક વ્યથાનો અથવા તાત્કાળીક ગેરવ્યાજબી અટકાવનો ભય ઉત્પન્ન થાય તો તે હાજર છે, એમ સમજવું.

દ્રષ્ટાંત—(અ) **અ** જને નીચે દાબીને ઝાલી રહે અને **જ** ની રજામંદી શિવાય **જ** ના કપડામાંથી જ ના પૈસા તથા દાગીના દગલબાજીથી કહાડી લે તો એ ઠેકાણે **અ** એ ચોરી કરી અને તે ચોરી કરવા સારૂ તેને બુદ્ધિ પુર્વક **જ** ને ગેરવ્યાજબી અટકાવ કર્યો માટે તેણે અપહરણ કર્યું એમ સમજવું.

(બ) **અ જ** ને ધોરી રસ્તા ઉપર મળે અને એક પીસ્તોલ દેખાડીને કહે કે તારી નાણાના થેલી આપ અને તે ઉ રથી **જ** પોતાની થેલી આપી દે તો એ ઠેકાણે તાત્કાળીક વ્યથાનો ભય ઉત્પન્ન કરીને **અ જ** ની પાસેથી તે થેલી જબરાઇથી કઢાવવાનો ગુન્હો કર્યો અને તે ગુન્હો કરતી વખતે તે જની આગળ હાજર હતો માટે **અ** એ અપહરણ કર્યું એમ સમજવું.

(ક) **જ** પોતાના બાળકને લેઇ જાય છે. એવામાં ધોરી રસ્તાપર તેને **અ** મળે અને તે બાળકને લેઇને **અ જ** ને એમ કહે કે તું તારી નાણાંની થેલી આપ નહીં તો હું આ બાળકને પેલી ટેકરી ઉપરથી નીચે ફેંકી દઇશ અને તે ઉપરથી **જ** પોતાની થેલી આપી દે એ ઠેકાણે જે બાળક ત્યાં હાજર છે, તે બાળકને તાત્કાળીક વ્યથા કરવાનો ભય જને ઉત્પન્ન કરીને જની પાસેથી તેની થેલી **અ** એ જબરાઇથી કઢાવી માટે **અ** એ જની પાસેથી અપહરણ કર્યું એમ સમજવું.

(ડ) તારૂં બાળક મારી ટોળીના હાથમાં છે અને તું હમને દસહજાર રૂપીઆ મોકલે નહી તો અમે તારા બાળકનો જીવ લઇશું એમ કહીને **અ જ** ની પાસેથી કાંઇ મીલકત મેળવે

તો એનું નામ જબરાઇથી કઢાવવું અને તે માટે ગુન્હાની શીક્ષા થઇ શકે પણ પોતાના બાળ-કનું તાત્કાળીક મોત થવાનો ભય જ ને ઉત્પન્ન કરવામાં આવે નહીં તો એ અપહરણ ગણાય નહી.

ટીકા.—પીનલકોડ ઘડનારાઓ આ કલમ ઉપર નીચે મુજબ ટીકા કરે છેઃ—"એકને એકજ વર્ગના "કેસમાં ચોરી અને જબરાઇથી કઢાવવું એ બંને વાસ્તવિક વ્યવહારમાં એવી ગુંચવણ ભરેલી રીતે "ભેળશેળ કરી દેવામાં આવે છે કે કોઇ પણ જડજ તે ગમે તેટલો બુદ્ધિશાળી હોય તોપણ, તે બેને "છુટા પાડી શકે નહી, તેટલા માટે આ વર્ગમાં કેસ સઘળા દેશનાં ન્યાયશાસ્ત્રમાં તદ્દન ભિન્ન ગણવામાં " આવ્યા છે........તેટલા માટે અમે અપહરણને ભીન્ન ગુન્હો બનાવ્યો છે.

"અપહરણનો એવો કોઈ પણ કેસ હોઇ શકે નહી કે જે કાં તો ચોરીની વ્યાખ્યામાં અથવા તો "જબરાઇથી કઢાડવવાની વ્યાખ્યામાં પડતો ન હોય; પરંતુ વ્યવહારમાં, અપહરણનું અમુક કૃત્ય ચોરી "હતી કે જબરાઈથી કઢાડવવું હતું તે નિરંતર શંકાની વાત થઈ પડશે, અપહરણ (ના ગુન્હાઓ) નું "મોટું પ્રમાણ અડધી ચોરી અડધું જબરાઈથી કઢાડાવવું હોય છે. અ, ઝ ને પકડે છે, અને જો તે "(ઝ) તેની સઘળી મીલકત આપી નહી દે તો તેનું ખુન કરવાની ધમકી આપે છે અને ઝ નાં ઘરાણાં "ખેંચીને ઉતારી લેવા માંડે છે. ઝ ધાસ્તીમાં અ ને વિનંતી કરે છે કે 'મારાં બધાં ઘરેણાં લઈ લે "પણ મારી જીંદગી બચાવ,' અને પોતાની ધારણા ઉતારવામાં અ ને મદદ કરે છે, અને તે (ઘરાણાં "ઉતારીને) અ ને આપી દે છે. અહીંઆં જેટલાં ઘરેણાં અ એ ઝ ની સંમતી વગર લીધાં તેટલાં તેણે ચોરીથી "લીધેલા છે. જેટલાં ઝ એ મારવાની ધાસ્તીને લીધે આપી દીધાં તેટલાં જબરાઈથી કઢાવીને મેળવેલાં "છે, એ કોઈ પણ રીતે અસંભવિત નથી કે ઝ ની જમણા હાથની કલ્લી (અ એ) ચોરીથી મેળવેલી "હોય, અને ડાબા હાથની કલ્લી જબરાઇથી કઢાવેલી હોય; ઝ ના કમરપટામાંના રૂપીયા ચોરીથી મેળવેલા "હોય, અને તેની પાઘડીના રૂપીઆ જબરાઇથી કઢાવ્યા હોય." ૧

આ કલમના અર્થની અંદર આવી જાય તેવું અને આ કલમમાં જણાવેલા કોઈ પણ હેતુને સારૂ વાપરેલું બળ ચોરીને અપહરણ બનાવશે, દાખલા તરીકે નાકની વાળી અથવા કાનની વાળી ખેંચી લેવાના કૃત્યમાં ગુન્હેગાર તે વાળીના માલેકને વ્યથા કરે તો તે અપહરણ ગણાશે. ૨ પરંતુ જો કલમમાં ખાસ જણાવેલા હેતુઓ-માંના એકાદ હેતુને સારૂ તે બળ વાંપરવામાં ન આવ્યું હોય તો તે બળ વાપરવાથી ચોરીનો ગુન્હો અપહરણમા બદલાઇ જશે નહી.૩ આ પ્રમાણે એક કેસમાં એક ગાડાને બાંધેલી ટોપલી છોડીને ચોરી જવાની એક શખસ કોશીશ કરતો હતો, જે વખતે તે ચોર છરીથી તે ટોપલીની દોરી કાપી નાંખતો હતો તેજ પળે તે ટોપલી પકડી રાખવાને તે ટોપલીના માલીકે ટોપલી આગળ હાથ લંબાવ્યો, અને તે ટોપલીની દોરી કપાતાંની સાથે તે માલીકનો હાથ પણ ત્યાં આગળ હોવાથી તે કપાયો, જે ઉપરથી તે માલીકે તે ટોપલી પકડી રાખેલી મુકી દીધી, અને તે ચોર ટોપલી લઇને સટકી ગયો. આ કેસમાં તે ચોરને માત્ર ચોરીનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો, કેમકે વાગેલો ઘા કેવળ અકસ્માતથી થયો હતો.૪

ઉપરના કેસમાં જો તે ટોપલી પકડેલી મુકાવી દેવાને સારૂ છરીનો ઘા કરવામાં આવ્યો હોત તો તે ચોરનું તે કૃત્ય અપહરણ ગણાત. બીજા એક કેસમાં ત્યારે જોયું કે તે પકડાઇ ગયો છે ત્યારે, તેણે ચોરેલો માલ નાખી દીધો અને તે માલના માલીકને પોતાની પુંઠે પડતો અટકાવવાને તેની તરફ પથરા નાંખતો નાંખતો નાશી ગયો. તેમાં મદ્રાસ હાઈકોર્ટે એવું ઠરાવ્યું હતું કે તે અપહરણનો ગુન્હો નહોતો.૫ આ

---

૧. પીનલકોડ ઘડી કાઢનારાઓની નોટ ન. પાનાં ૨૮, ૨૯.

૨. લેપીઅરનો કેસ, ૨ ઈસ્ટકૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન પાનું ૫૫૭.

૩. વેરકૃત લો ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો પાનું ૨૫૪.

૪. રેજાઈના. વિ. એડવર્ડઝ ૧ કોક્સ કૃત ક્રીમીનલ કેસીસ પાનું ૩૨.

૫. વેર કૃત લો ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો. પાનું ૯૪.

કેસમાં પણ જો તેણે ચોરેલો માલ રાખ્યો હોત, અને તેની પુંઠ પકડનારાઓને પથ્થર મારીને તેની પાછળ આવતા અટકાવ્યા હોત તો તે અપહરણ થાત.

જો આ કલમમાં જણાવેલા હેતુઓમાંના એકાદ હેતુને સારૂ નહી, પણ જ્યારે ચોર પોતે ઝલાયો હોય ત્યારે પોતે પકડાતો અટકાવાને સારૂ વ્યથા કરવામાં આવી હોય તો ચોરનું અપહરણમાં બદલાઇ જશે નહી. ૧

જ્યાં ચોરી કરવામાં વ્યથા કરવાનો ઈરાદો અને તેની સાથે વ્યથા કરવાની કોશીશ નિ:સંશય હોય ત્યાં ગુન્હો અપહરણનો બને છે.૨

મહાવ્યથા કરવાથી ચોરી અપહરણનો ગુન્હો બને છે, અને તેમાં સામેલ રહેલા બધા શખસો શિક્ષાને પાત્ર થાય છે આ કેસમાં અ અને બ એક આંબાના ઝાડ ઉપરથી કેરીઓ ચોરતા હતા ત્યાં એક શખસે તેમને ઓચિંતા ઝાલ્યા, જે ઉપરથી અ એ શખસને એક લાકડીનો ફટકો મારીને નીચે જમીન ઉપર તોડી પાડયો તેમાં અ અને બ બંનેને અપહરણના ગુન્હેગાર ઠરાવ્યા હતા.૩

ઉત્પન્ન કરેલો ભય મીલકત લીધા પહેલાં ઉત્પન્ન કરેલો હોવો જોઇએ, કેમકે જો કોઇ ચોર કોઇ શખસના શરીર ઉપરથી પૈસા છુપી રીતે ચોરી લે, અને પછી તે શખસને ભય ઉપજાવીને તે પૈસા પોતાની પાસે રાખે તો તે અપહરણ નથી.૪

જે શખસોના કબજામાં કોઇ મકાન હોય તે મકાનનો કબજો તે શખસોની પાસેથી લઇ લેવાને સારૂ પાંચ અથવા વધારે માણસોથી વ્યથા કરવામાં આવી હોય, અથવા તાત્કાલીક વ્યથા કરવાનો ભય ઉત્પન્ન કરવામાં આવ્યો હોય, અને ચોરી કરવાની સાથે તેને કાંઇ સંબંધ ન હોય તો, જો કે એક તદ્દન સ્વતંત્ર કૃત્ય તરીકે તેજ વખતે ચોરી કરવામાં આવી હોય તો પણ, તે આ કલમમાં જણાવેલો અપહરણનો ગુન્હો થતો નથી.૫

અપહરણનો ગુન્હો બનવાને સારૂ આપવામાં આવતી ધમકીની બાબતમાં ફરીયાદીના મન ઉપર જે અસર વાસ્તવીક રીતે થઇ હોય તે ધ્યાનમાં લેવાની જરૂર છે, અને તેની ધમકી અમલમાં આણવાનો ગુન્હેગારનો ખરેખરો હેતુ જોવાની જરૂર નથી આના સબંધમાં ચીફ જસ્ટીસ લોર્ડ મેન્સફીલ્ડ ડોનોલીના કેસમાં ટીકા કરેલ છે કે "એ તો સ્પષ્ટ હતું કે (મીલકતના) માલીકને ખરેખરો ભય હોવાની જરૂર નથી, "કેમકે જો પીસ્તોલને બદલે દીવાસળીના ભુંગળાનો અથવા મીણબત્તીની દીવીનો ઉપયોગ કર્યો હોય તો પણ તે હજુ લુંટ હતી." ૬ વળી પીસ્તોલ દારૂથી ભરે તુટી ગઈ હતી એવું બતાવવાથી ગુન્હેગારનો કાંઈ બચાવ થશે નહી.

એક કેસમાં તોફાની લોકોના એક માણસને ફરીયાદીએ પૈસા આપવાની ના પાડવાથી તે તોફાની લોકોનું ટોળું તે ફરીયાદીને ઘેર આવ્યું, અને તેમના માગવા પ્રમાણે ફરીયાદીએ પૈસા આપ્યા ત્યારેજ તે પાછું ગયું. તેમાં તે લોકોને અપહરણના ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા, કેમકે જો કે તેમણે ખરેખરી ઉઘાડી ધમકી આપી નહોતી તો પણ તહોમતદારોની વર્તણુંક ગર્ભીત ધમકી હતી.૭

અપહરણનો ગુન્હો થવાને સારૂ લીધેલી વસ્તુઓ તેના માલીકના શરીર ઉપરથીજ લેવી જોઇએ એ

---

૧. રેજાઈના. વિ કાલીઓ મુંબાઇ હાઇકોર્ટના ક્રીમીનલ રૂલીંગ્ઝ. તારીખ ૨૭-૬-૧૮૭૨.

૨. રેજાઈના. વિ ટીકાઈ ભીર ૫ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર. પાનું ૯૫.

૩. રેજાઈના વિ. હશરત. ૬ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર. પાનું ૮૫.

૪. આર્ચીબોલ્ડ કૃત ક્રીમીનલ લો. વળી આના સંબંધમાં પાછળ ૩૮૩ મી કલમ નીચે આપેલો હરમાનનો કેસ જુઓ.

૫. ઓતારૂડી. વિ. કાલીકુડી. ૫ કલકત્તા વીકલી નોટસ. પાનું ૭૭૨.

૬. ૨ ઇસ્ટકૃત પ્લીઝ ઓફ ધી કાઉન પાને ૭૨૬ મે.

૭. ટેપ્લીન્સ કેસ. ૨ ઇસ્ટકૃત પ્લીઝ ઓફ ધી કાઉન પાનું. ૭૧૨

જરૂરનું નથી. જો જે વખતે તે માલીક ગુન્હેગારની વર્તણુંકથી ઉત્પન્ન થયેલા ભયને વશ હોય તે વખતે તેની રૂબરૂમાં તે વસ્તુઓ ગુન્હેગારે લીધી હોય તો તે અપહરણનો ગુન્હો બનવાને વાસ્તે બસ છે.૧

એક કેસમાં એક પોલીસના અમલદારે બે કેદીઓને છુટા કરવાનું વચન આપીને તેમની પાસેથી સાત રૂપીઆ લીધા, અને પછી તેમને એવી ધમકી આપી કે જો તેઓ તેને રૂ. ૨૦૦) નહી આપે તો તે તેમને કોટડીમાં પુરી દેશે; અને ઉપરના રૂપીઆ સાતની બાબતમાં તેમની સામે લાંચ આપવાન. ગુન્હાના તહોમતની તપાસ ચાલશે ત્યાં સુધી મહીનાના મહીના સુધી તે તેમને ત્યાં (કોટડીમાં કેદ) રાખશે, અને આ ધમકીની અસરથી પેલા કેદીઓએ તેને અમુક ઘરેણાં લેવા દીધાં. તેમાં તે અમલદારને અપહરણનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.૨

ઉપર જણાવેલા દુલી લુદીનના કેસમાં હકીકત એવી હતી કે કેટલાક માણસોએ એક હોડી અટકાવી એવું કહીને કે એક માજીસ્ટ્રેટને તે હોડી જોઇતી હતી, અને હોડીવાળાઓ કે જેઓને ગેરવ્યાજબી અટકાવનો ભય ઉત્પન્ન કરવામાં આવ્યો હતો તેમણે કાંઇ પણ સામા થયા વગર પેલા માણસોએ તે હોડી લુંટી લીધી તેમાં તે સઘળા માણસોને અપહરણના ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા.

જો કે લીધેલી વસ્તુ વેચાણ રાખવાનો ઢોંગ કરીને લેવામાં આવી હોય તો પણ જો ખરેખરી રીતે તે બળજ વાપરીને અથવા બળ વાપરવાનો ભય ઉત્પન્ન કરીને જબરાઇથી કહાડવામાં આવી હોય તો તે અપહરણ ગણાશે.૩ આ પ્રમાણે એક કેસમાં તહોમતદારે એક સ્ત્રીની પાસેથી આઠ શીલીંગની કીંમતનો માલ લઈ લીધો અને તે માલની કીંમત તરીકે જોરજુલમથી અને ધમકી આપીને તેણીને એક શીલીંગ લેવા ફરજ પાડી તેમાં તેને અપહરણનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.૪

દરેક અપહરણમાં ચોરીનું અથવા જબરાઇથી કહાડવાનું સંપુર્ણ કૃત્ય હોવું જોઈએ, અને આ બેમાંથી એક ગુન્હો બને તેવી રીતનો તહોમતદારનો (ચોરેલી અથવા જબરાઇથી કઢાવેલી મીલકત ઉપર) કબજો હોવો જોઇએ. એક કેસમાં હકીકત એવી હતી કે જ્યારે ફરીયાદી પીંછાનું બીછાનું પોતાના ખભા ઉપર મુકીને લઈ જતો હતો તે વખતે કેદીએ તેને અટકાવ્યો અને તેને તે બીછાનું નીચે મુકી દેવાનું કહ્યું, અને એવી ધમકી આપી કે જો તે તેમ નહી કરે તો તે તે (ફરિયાદી) ને પીસ્તોલની ગોળીથી મારી નાંખશે, તે ઉપરથી ફરિયાદીએ તે બીછાનું જમીન ઉપર મુકી દીધું; પરંતુ જે જગ્યોએ તે બીછાનું પડયું હતું તે જગ્યાએથી તેને ખસેડાય તેવી રીતે કેદી તેને લઇ લે તે પેહેલાં તેને પકડવામાં આવ્યો હતો તેમાં જડજોનો એવો અભિપ્રાય હતો કે ગુન્હો પરિપુર્ણ થયો નહોતો તેથી કેદીને છોડી મુકવામા આવ્યો હતો.૫ પીનલકોડ પ્રમાણે તેને અપહરણની કોશીશ કરવાની સજા થાત. પરતુ જો તે વસ્તુ ઉપર તહોમતદારનો એક ક્ષણને વાસ્તે પણ કબજો હોય તો પછી જો કે તે વસ્તુનો કબજો તહોમતદાર મુકી દે, અથવા તેના માલીકને તે પાછી આપે તો પણ આ ગુન્હાને માટે તે બસ છે.૬

જે કેદીઓનું પોતાનું હતું તે તેઓ લેતા હતા એવું શુદ્ધબુદ્ધિથી માનીને, તેઓ ધમકી આપીને અથવા જોર જુલમથી કાંઇ વસ્તુ લે તો તેઓને અપહરણના ગુન્હાના ગુન્હેગાર ઠરાવી શકાય નહી.૭ પરંતુ જે બીજાની મીલકત છે એવું તે જાણતા હતા છતા નૈતિક અથવા ધાર્મિક વૃત્તિઓથી દોરવાઇ જઇને તે બીજાની તે મીલકત તેની પાસેથી તેઓ ખુંચવી લે તો તેઓનો બદદાનત ભર્યો ઈરાદો નહોતો પણ તેમની

---

૧. રેજાઇના. વિ. દુલીલુદીન. ૫ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૧૯; ૨ ઇસ્ટ કૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન પાનું ૭૦૭.

૨. રેજાઇના વિ. બસંતરાય. પંજાબ રેકર્ડઝ ૧૮૯૬ નું ૧૨ મું.

૩. ૧ હેલ કૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન. પાનું ૫૩૨.

૪. સાઇમન્સ કેસ ૨ ઈસ્ટ કૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન. પાનુ ૭૧૨.

૫. ફેરલ્સ કેસ. ૨ ઇસ્ટ કૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન. પાનું. ૫૫૭.

૬. લેપીઅર્સ કેસ. ૨ ઇસ્ટ કૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન પાનું ૫૫૭.

૭. એકસ પારટી કરાકા નગીઆર. ૩ મદ્રાસ હાઇકોર્ટ રીપોર્ટસ પાનું ૨૫૪.

તેવી વૃત્તિઓથી દોરાઈ જઇને તેમણે તે કામ કર્યું હતું તેથી તેમનો બચાવ થશે નહી, અને તેઓને અપહરણના ગુન્હેગાર ઠરાવવામાં આવશે.૧

ડાકાઇટી.

૩૯૧. અગર પાંચ અથવા વધારે શખસો એકઠા મળીને કંઈ અપહરણ કરે અથવા કરવાની કોશીશ કરે અથવા જે શખસો એકઠા મળીને અપહરણ કરતા અથવા કરવાની કોશીશ કરતા હોય તથા જે શખસો હાજર હોય અને તે અપહરણ તથા કોશીશ કરવામાં સાહાય કરતા હોય તો એ બને મળીને તેઓની આખી સંખ્યાં પાંચ અથવા વધારે થાય તો એ પ્રમાણે અપહરણ કરનાર કોશીશ કરનાર અથવા સાહાય કરનાર હર એક શખસે “ ડાકાઇટી કરી ” એમ સમજવું.

ટીકા—અપહરણ કરવામાં ગુન્હેગાર માણસો ભેગા મળેલા હોવા જોઈએ. જો તેઓ અપહરણ ન કરતા હોય તો તેઓ ડાકાઈટી પણ કરતા નથી.૨

જ્યાં અપહરણ અથવા ડાકાઈટી કરવામાં વ્યથા કરવામાં આવી હોય ત્યાં તેનું જુદા ગુન્હા તરીકે તહોમત મુકવું જોઈએ નહી, કેમકે અપહરણના ગુન્હાની વ્યાખ્યામાં તેનો સમાવેશ થઈ જાય છે.૩ પરંતુ અપહરણ અથવા ડાકાઈટી કરવામાં બુદ્ધિપુર્વક કરેલી વ્યથા અથવા મહાવ્યથા તે ગુન્હાનું ગંભીર સ્વરૂપ બને છે, અને તેનું ૩૯૪મી અથવા ૩૯૭મી કલમ પ્રમાણે તહોમત મુકવું જોઇએ.૪

એક કેસમાં કેટલાક માણસો એક ઘર ઉપર હુમલો કરીને તેમાંની મીલકત લઇ ગયા, પરંતુ તે ઘરમાં રેહેનારાઓને તે વાતની અગાઉથી ખબર પડેલી હોવાથી તેઓ હુમલો થતા પેહેલાં નાશી ગયા. તેમાં હાઇકોર્ટે એવું ઠરાવ્યું હતું કે તે ઘરનાં માણસો નાશી જવાની વાત વ્યથાના ભયની, અથવા ગેરવ્યાજબી અટકાવના ભયની પુરતી સાબીતી હતી, અને તહોમતદારો ડાકાઈટી કરવાના ગુન્હેગાર હતા.૫

હિન્દુઓના એક મોટા સમુદાયે એકત્ર થઇને, અને ધાર્મિક લાગણીને વશ થઇને કેટલાક મુસલમાનો કે જેઓ ગાયો, બળદ વિગેરે ઢોર જાહેર રસ્તા ઉપર થઇને હાંકી લઇ જતા હતા તેમના ઉપર હુમલો કરીને તે ઢોરનો કબજો તેમની પાસેથી જોર જુલમથી ખુંચવી લીધો અને તે એવી સ્થિતિની અંદર કે જેથી તે ઢોર તે મુસલમાનોને પાછાં આપવાનો તેમનો ઇરાદો જણાતો નહોતો. તેમાં હિન્દુઓને ડાકાઇટીના ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા.૬ તેવીજ હકીકતવાળા બીજા એક કેસમાં ગેરવ્યાજબી લાભ મેળવવાના કામને સારૂ નહી, પરંતુ તે ગાયોને મારી નાંખવામાં આવતી અટકાવવાને સારૂ તે ગાયોને લઈ લેવામાં આવી હતી; ત્યાં તેજ અલ્હાબાદ હાઇકોર્ટે એવું ઠરાવ્યું હતું કે તે હિન્દુઓને ડાકાઇટીના નહી પરંતુ હુંગામો કરવાના ગુન્હેગાર ઠરાવવા જોઇએ.૭

આ ગુન્હાને માટે બે તત્વો સાબીત થવાની જરૂર છે. (૧) ચોરી, અને (૨) સાપરાધ બળ વાપરવું અગર સાપરાધ બળ વાપરવાની ધમકી બતાવવી. સાપરાધ બળ વાપરવાની ધમકીનું અનુમાન સામનો કરનાર ટોળાના વર્તન ઉપરથી થઇ શકે છે. કોઈ પ્રકારના ખુલ્લા કૃત્યવડે સાપરાધ બળ વપરાયલું હોવું જોઇએ એમ સાબીત થવું કંઇ જરૂરનું નથી. અને અમુક ડાકાયટીમાં કંઇ વ્યથા કોઈને કરવામાં આવતી નથી (કારણ કે કોઈ સામું થઇ શકયું નહિં) એ કંઈ બચાવ નથી અથવા તેથી કંઈ ગુન્હા સ્વરૂપનું

---

૧. રેજાઇના. વિ. રામ બરણ ૧૫ અ. ૨૯૯.
૨. રેજાઇના વિ. રીવાટ. સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર સને ૧૮૬૪, પાનું ૩૯.
૩. રેજાઇના. વિ. અબીલાખ. ૧ રેવન્યુ જ્યુડીશીયલ એન્ડ પોલીટીકલ જનરલ પાનુ ૬૫.
૪. મી. મેઈન સાહેબ કૃત ક્રીમીનલ લો.
૫. રેજાઇના. વિ. કીશોરી પેતર. ૭ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટ પાનું ૨૫.
૬. રેજાઇના. વિ. રામબરણ ૧૫ અ. ૨૯૯.
૭. રેજાઇના. વિ. રઘુનાથરાય. ૧૫ અ. ૨૨.

ભયંકરપણું ઓછું થતું નથી. જે લોકોની ફરજ અમુક મીલકતનું રક્ષણ કરવાની હતી તેમને ધમકાવવામાં આવ્યા હતા તેટલી હકીકત ગુન્હો બનવા માટે પુરતી છે. ૧

અપહરણની શીક્ષા.

૩૯૨. જે માણસ અપહરણ કરે, તેને દશ વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે અને અગર તે અપહરણ ધોરી રસ્તાપર સૂર્ય અસ્ત તથા સૂર્યોદયની વચ્ચે કરવામાં આવે તો ચોદ વરસ સુધીની કેદ થઈ શકે.

અપહરણ કરવાની કોશીશ.

૩૯૩. જે માણસ અપહરણ કરવાની કોશીશ કરે તેને સાત વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

અપહરણ કરવામાં બુદ્ધિપુર્વક વ્યથા કરવી.

૩૯૪. અગર કોઈ શખસ અપહરણ કરવામાં અથવા અપહરણ કરવાની કોશીશ કરવામાં બુદ્ધિપુર્વક વ્યથા કરે તો તે શખસને તથા બીજો કોઇ શખસ તેનાં સાથે અપહરણ કરવામાં અથવા અપહરણ કરવાની કોશીશ કરવામાં સામીલ હોય તે શખસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—૩૯૧ મી કલમમાં વર્ણવેલા ગુન્હાનો આ કલમમાં સમાવેશ થઈ જાય છે, અને તેટલા માટે, અને જે કેદીએ એકજ વ્યવહારના ભાગ તરીકે બંને ગુન્હા કર્યા હોય તેને આ કલમ પ્રમાણેજ માત્ર સજા કરવી જોઈએ.૨

ડાકાઇટીના શીક્ષા.

૩૯૫. જે માણસ ડાકાઇટી કરે તેને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુનની સાથે ડાકાઇટી.

૩૯૬ અગર પાંચ અથવા વધારે શખસો સાથે મળીને ડાકાઇટી કરતા હોય તેઓમાંનો કોઇ તે પ્રમાણે ડાકાઇટી કરવામાં ખુન કરે તો તે શખસોમાંના હરએકને મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારના અથવા દશ વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—આ કલમ પ્રમાણેના ગુન્હાનું પેહેલું જરૂરનું તત્વ એ છે કે ડાકાઈટી તેમાં સામેલ માણસોનું એકત્ર કૃત્ય છે અને આ ગુન્હાનું બીજું જરૂરનું તત્વ એ છે કે ડાકાઇટી કરવાની દરમીઆનમાં ખુન કરવામાં આવ્યું છે.

અલ્હાબાદ હાઇકાર્ટે એક વખતે એવો ભુલ ભરેલો અભિપ્રાય દર્શાવ્યો હતો કે તહોમતદાર બીજાઓની સાથે મળીને ડાકાઈટી કરતો હતો એવું સાબીત કરવું જોઇએ એટલુંજ નહી પણ ખુન તેની હાજરીમાં

---

૧. ૧૦ બૉમ્બે લૉ રિપોર્ટર ૬૩૨.

૨. રેજાઈના. વિ. દુરગા. મુંબાઇ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ સંને ૧૮૯૦ નું ૩૧ મુ.

(રૂબરૂમાં) કરવામાં આવ્યું હતું તે પણ સાબીત કરવું જોઇએ.૧ પરંતુ તેજ કોરટે પાછળથી એવું ઠરાવ્યું છે કે જો ડાકાઇટી કરવાની દરમીઆનમાં ખુન કરવામાં આવ્યું હોય તો તે ખુન ઘરની અંદર કરવામાં આવ્યું હતું કે ઘરની બાહાર કરવામાં આવ્યું હતું, અથવા આ કલમ પ્રમાણે જે ગુન્હેગાર ઉપર તહોમત મુકવામાં આવ્યું હોય તે ગુન્હેગાર ત્યાં ખરેખરી રીતે હાજર હતો કે નહી તે બીન જરૂરનું છે, કેમકે ખુન ઘરની અંદર અથવા ઘરની બાહાર કરવામાં આવ્યું હોય તોપણ, અને તે ગુન્હેગાર ત્યાં ખરેખર હાજર હોય કે ન હોય તોપણ, તેને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી શીક્ષા કરવામાં આવશે.૨ પંજાબમાં પણ તેજ પ્રમાણે અભિપ્રાય દર્શાવવામાં આવ્યો છે. પંજાબની ચીફ કોર્ટે એવી ટીકા કરી છે કે જો ડાકાઈટી કરવામાં આગળ વધીને અથવા તે ડાકાઇટીને અનુસરીને તે અન્વયે એક ડાકાઇટ (ડાકાઇટી કરનારો શખસ) ખુન કરે તો તેના સઘળા સોબતીઓ કે જેઓ તે ડાકાઈટી કરવામાં તેની સાથે સામેલ હોય તે સઘળા, જો કે ડાકાઇટીમાં સામેલ રહ્યાની હકીકત સીવાય, તેઓએ તે ખુનમાં કોઈ પણ રીતે ભાગ ન લીધો હોય તોપણ, આ કલમ પ્રમાણે ગુન્હેગાર થશે.૩ મુંબાઈની હાઇકોર્ટે પણ આવાજ અભિપ્રાય આપ્યા છે.૪ બંગાળાની હાઇકોર્ટે પણ ઠરાવ્યું છે કે જ્યારે ડાકાઇટી કરવામાં ખુન કરવામાં આવે ત્યારે ડાકાઇટીમાં સામેલ હોય તેવો દરેક શખસ મોતની સજાને પાત્ર છે.૫

જ્યારે ડાકાઇટી થયાના છ કલાકની અંદર કેટલાક માણસોના કબજામાં લુટેલા માલના થોડાક ભાગ માલમ પડે ત્યારે કાયદો એવું અનુમાન કરે છે કે તેઓ ડાકાઈટી કરવામાં ભાગ લેનારા છે, અને નહીં કે માત્ર લુટેલો માલ રાખનારા. ૬

આ કલમની ટીકામાં ઉપર બતાવેલ રેજાઈના વિ. તેજાવાળા રૂલીંગને મુંબાઇ હાઇકોર્ટે અનુમતિ આપી છે. ૭

ખુનની અથવા મહાવ્યથા કરવાની કોશીશની સાથે અપહરણ અથવા ડાકાઇટી.

૩૯૭. અપહરણ અગર ડાકાઇટી કરતી વખતે તે ગુન્હેગાર કાંઈ ભયંકર શસ્ત્ર વાપરે અથવા કોઇ શખસને મહાવ્યથા કરે અથવા કોઇ શખસનું મોત આણવાની કે તેને મહાવ્યથા કરવાની કોશીશ કરે તો તે ગુન્હેગારને જે કેદની જે શીક્ષા કરવામાં આવશે તે સાત વરસથી ઓછી થશે નહી.

ટીકા.—મુંબાઈની હાઇકોર્ટે એવું ઠરાવ્યું છે કે આ કલમ અને ૩૯૮ મી કલમ પ્રમાણે કોઇ શખસને ગુન્હેગાર ઠરાવવા સારૂ એ સાબીત કરવું જરૂરનું છે કે લુંટ કરતી વખતે તે તહોમતદાર શખસ પ્રાણઘાતક (ભયકર) શસ્ત્ર વડે હથીઆર બંધ થયો હતો. તે તહોમતદારને ગુન્હેગાર ઠરાવવાને સારૂ માત્ર એટલુંજ બતાવવું બસ નથી કે લુટારાઓમાંનો એક કે જે તે વખતે તહોમતદારની સાથે હતો તેની પાસે એક ભયંકર શસ્ત્ર હતું. ૮ વળી તેજ કોર્ટે એવો અભિપ્રાય દર્શાવ્યો છે કે જે ગુન્હેગાર શખસો ખરેખર મહાવ્યથા કરે તેજ માત્ર આ કલમ પ્રમાણે વધારે ભારે શિક્ષાને પાત્ર થાય છે. ૯ મુંબઈ હાઇકોર્ટના આ અભિપ્રાય મુજબ

---

૧. રેજાઈના. વિ. ઉમરાવસીંગ. ૧૬ અ ૪૩૭.
૨. રેજાઈના. વિ. તેજા ૧૭ અ. ૮૬.
૩. રેજાઈના વિ ચીન્તુ ૧ પંજાબ લો રીપોર્ટર પાનુ ૪૪.
૪. રેજાઇના. વિ. સખારામ. ૨. બોમ્બે લો રીપોર્ટર પાનું ૬૧૩.
૫. રેજાઈના. વિ. રચી આહેન. ૨ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૩૯.
૬. રેજાઈના. વિ. મોતીજોલાહા. ૫ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૬૬.
૭. ૬ બૉમ્બે લૉરિપોર્ટર. ૨૪૯.
૮. રેજાઇના. વિ. ભાવોજીયા. મુંબઇ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ સને ૧૮૯૫ નું ૫૪ મું.
૯. રેજાઈના. વિ. દેવજી. મુંબાઈ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ તા. ૧-૮-૧૮૭૨.

મદ્રાસ હાઇકોર્ટે પણ ઠરાવ્યું છે કે જે ગુન્હેગાર પ્રાણઘાતક (ભયંકર) શસ્ત્રનો ખરેખર ઉપયોગ કરે, અથવા ખરેખર મહાવ્યથા કરે તેવા ગુન્હેગારનેજ માત્ર આ કલમ લાગુ પડે છે, અને એકજ ગુન્હામાં આવા ગુન્હેગારની સાથે જે શખસો સામેલ હોય તે શખસોના કેસને આ કલમ લાગુ પડતી નથી. ૧ પરંતુ આ બધાથી વિરૂદ્ધ પડીને અલ્હાબાદ હાઇકોર્ટે એવું ઠરાવ્યું છે કે "તે ગુન્હેગાર" શબ્દોમાં તે ડાકાઇટીમાં ભાગ "લેનાર (સામેલ રહેનાર) કોઇ પણ શખસ, કે જે, જો કે જેથી મહાવ્યથા થાય તેવો ફટકો તેણે પોતે ન "માર્યો હોય તોપણ ૩૪ મી કલમ પ્રમાણે તે કૃત્યને માટે જવાબદાર છે, તેવાં કોઈ પણ શખસોનો સમાવેશ "થાય છે" ૨ પરંતુ પાછળથી તેજ વરસમાં ચુકેલા એક કેસમાં અલ્હાબાદ હાઈકોર્ટે પોતાનો અભિપ્રાય ફેરવીને એવું ઠરાવ્યું છે કે ડાકાઇટીમાં ભાગ લેનાર જે શખસોએ 'પોતે' પ્રાણઘાતક (ભયંકર) શસ્ત્રોનો ઉપયોગ કર્યો હોય અથવા મહાવ્યથા કરી હોય તે શખસોજ માત્ર આ કલમમાં જણાવેલી ભારે શીક્ષાને પાત્ર થાય છે, અને તે ડાકાઇટીમાં ભાગ લેનારા બીજા શખસો જેમણે ભયંકર શસ્ત્રોનો ઉપયોગ ન કર્યો હોય, અથવા મહાવ્યથા ન કરી હોય તેમને આ કલમ લાગુ પડતી નથી. ૩

એક કેસમાં તહોમતદારે એક સ્ત્રીના હાથ ઉપર લાકડીના એક બે ફટકા મારીને તેણીનો એક હાથ ભાગી નાખ્યો, અને તેમ કરવાથી જે ટટુ ઉપર તે સ્ત્રી બેઠી હતી તે ઉપરથી તે નીચે જમીન ઉપર પડી ગઈ. તેમ કરવામાં તે તહોમતદારનો હેતુ તે ટટુને ચોરી લઈ જવાનો હતો પછી તે તોહોમતદારે તે ટટુ ઉપર બેસીને તેને દોડાવી મુકવાની કોશીશ કરી, પરંતુ તે ટટુના જીનનો તંગ તુટી જવાથી તે તેમ કરતાં અટક્યો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે આ કલમ પ્રમાણે વધારે ભારે સજાને પાત્ર હતો.૪

અલ્હાબાદમાં થોડા વખત ઉપર ચુકેલા એક કેસમાં કેટલાક શખસો એક ઘર ફાડીને તેની અંદર પેસવાની કોશીશ કરતા માલમ પડયા હતા, અને તેઓમાંના કેટલાક હથીઆરબંધ હોવાથી તેઓએ પકડાઇ જતા બચી જવાની કોશીશ કરવામાં માત્ર (હથીઆરોનું) બળ વાપર્યું. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેમને ૫૧૧ મી કલમની સાથે આ કલમને લઇને તે બે કલમો પ્રમાણે વ્યાજબી રીતે તેઓને ગુન્હેગાર ઠરાવી શકાય નહી. ૫

૩૯૮. અગર અપહરણ અથવા ડાકાઇટી કરવાની કોશીશ કરતી વખતે તે ગુન્હેગારે કાંઇ ભયંકર શસ્ત્ર ધારણ કર્યું હોય તો તે ગુન્હેગારને કેદની શીક્ષા કરવામાં આવશે તે સાત વરસથી ઓછી થશે નહી.

કાંઇ ભયંકર શસ્ત્ર ધારણ કર્યું હોય તે અપહરણ અથવા ડાકાઇટી કરવાની કોશીશ.

ટીકા—જો તહોમતદાર શખસો ઉપર આ કલમ પ્રમાણે સજાને પાત્ર ગુન્હાનું ખાસ કરીને તહોમત મુકવામા ન આવ્યું હોય અથવા તે ગુન્હાના ખાસ કરીને તેમને ગુન્હેગાર ઠરાવવામાં ન આવ્યા હોય તો પુરાવા ઉપરથી એમ માલમ પડે કે હથીઆરો સાથે રાખવામાં આવ્યાં હતાં તેટલાજ કારણ ઉપરથી માત્ર તે તહોમતદાર શખસોને આ કલમ પ્રમાણે સાત વરસની કેદની સજા કરવાની કોઈપણ કોર્ટની ફરજ નથી. ૬

૩૯૯. જે માણસ ડાકાઇટી કરવાની કાંઇ તૈયારી કરે તેને દશ વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામાં આવશે અને

---

૧. રેજાઈના. વિ. કોમાટ્ટી. વેરફૂત લૉ ઑફ ઑફેન્સીસ એન્ડ ક્રીમીનલ લૉ પાનું ૨૬૧.
૨. રેજાઈના. વિ. મહાબીર ૨૧ અ. ૨૬૩.
૩. રેજાઇના. વિ. સેન્તા ૧૯ અલ્હાબાદ વીકલી નોટસ પાનું ૧૮૯.
૪. રેજાઈના વિ. હરનામાન ૨ પંજાબ લૉ રીપોર્ટર પાનું ૪૯.
૫. રેજાઇના. વિ. બેની ૨૩ અ. ૭૮.
૬. રેજાઈના. વિ. પુનીઆ સખારામ મુંબાઇ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ સને ૧૮૯૭ નું ૨૫ મુ.

વળી તે દંડને પણ લાયક થશે.

ડાકાઇટી કરવાની તૈયારી કરવી.

ડાકાઇટીની ટોળીમાં હોવાની શીક્ષા.

૪૦૦. આ આકટ પસાર થયા પછી કોઇ વખતે નિત્ય ડાકાઇટી કરવાના કારણસર મળેલા શખસોની કોઇ ટોળીમાં જે માણુસ હશે તેને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—આ કલમ પ્રમાણેના ગુન્હાનું તહોમત સાબીત કરવાને સારૂ એવું બતાવવું જરૂરનું છે કે ખાસ જણાવેલા વખતે નિત્ય ડાકાઇટી કરવાના કારણસર એકઠા મળેલા શખસોની ટોળી હયાતીમાં હતી, અને તહોમતદાર તે ટોળીમાનો એક હતો. ૧ માત્ર એટલુંજ સાબીત કરવું બસ નથી કે તહોમતદારે ડાકાઇટી કરનારા શખસોને વારવાર આશરો આપ્યો હતો, અને મદદ કરી હતી. ૨

જે શખસોને તેમની પોતાની કબુલત ઉપરથી ડાકાઈટી કરનારાઓની ટોળીમાં હોવા બદલ ગુન્હેગાર ઠરી શીક્ષા થઈ એ તેવા ચાર શખસોની સાથે માત્ર એક હોડીમાં બેસતા જણાવું તે જેઓ આ પ્રમાણે બેસતા જણાયા હતા તેઓની સામે, તેમને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવાને સારૂ પુરતો પુરાવો. ૩

સ્ત્રીઓ, ડાકાઇટી કરનારા શખસોની વહુઓ તરીકે અથવા રાખેલી બઇરીઓ તરીકે તેમની સાથે રહે છે તે વાત માત્ર, જો તે સ્ત્રીઓ પોતે નિત્ય ડાકાઈટી કરવાના કારણસર તેમના ધણીઓની સાથે મળેલી છે એવી સાબીતી ન હોય તો, તે સ્ત્રીઓને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવાને માટે બસ નથી. ૪

ચોરોની ભટકતી ટોળીમાં હોવાની શીક્ષા.

૪૦૧. આ આકટ પસાર થયા પછી કોઈ પણ વખતે નિત્ય ચોરી અથવા અપહરણ કરવાના કારણસર મળેલા શખસોની કોઈ ભટકતી અથવા બીજી ટોળીમાં જે માણુસ હશે અને તે ટોળી ઠગ અથવા ડાકાઇટી ટોળી નહી હશે તો તે માણુસને સાત વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—આ કલમ પ્રમાણે નિત્ય ચોરી અથવા અપહરણ કરવાના કારણસર મળેલા સખસોની ટોળીમાં હોવાનો ગુન્હો સાબીત કરવાને સારૂ એવું બતાવવાનું જરૂરનું છે કે આવી એક ટોળી ખરેખર (હયાતીમાં) હતી, અને તહોમતદારો તે ટોળીને લગતા સખસો હતા. ૫

આ કલમ મુજબના કેસમાં પેહેલું એકઠા મળવું સાબીત કરવાની જરૂર છે; બીજું, એ સાબીત કરવું જરૂરનું છે કે નિત્ય ચોરી કરવાના કારણસર એકઠું મળવું થયેલું છે; ત્રીજું તે (ચોરા કરવાની) ટેવ ઘણા કૃત્યોના સમુહથી સાબીત કરવાની છે. ૬

---

૧. રેગ્જાઇના. વિ. મુક્તારામ સીરદાર ૨૩ સધરલાન્ડ્ઝ વીકલી રીપોર્ટર પાનું ૧૮; રેગ્જાઇના વિ. નબાકુમાર ૧ કલકતા વીકલી નોટસ પાનું ૧૪૬.

૨. રેગ્જાઇના વિ. વીઠુ ૧ બોમ્બે લૉ રીપોર્ટર પાનું ૧૫૬.

૩ રેગ્જાઇના વિ. કમાલ ફકીર ૧૭ સધરલાન્ડ્ઝ વીકલી રીપોર્ટર પાનું ૫૦.

૪ રેગ્જાઇના. વિ. યેલી મુંબાઈ હાઇકોર્ટના ક્રીમીનલ રૂલીંગ્ઝ સને ૧૮૯૬ નું ૨૬ મું.

૫. રેગ્જાઇના વિ બળદેવ. ૫ સેંટ્રલ પ્રોવીન્સીલ રીપોર્ટસ. પાનું ૨૪.

૬. રેગ્જાઇના. વિ. શ્રીરામ વેંકટાસામી. ૯ મદ્રાસ હાઈકોર્ટ રીપોર્ટર પાનું ૧૨૦.

જ્યાં તહોમતદારોની વિરૂદ્ધ પુરાવો માત્ર એટલોજ હતો કે, તેમનાં ઘરથી કેટલેક દુર તેઓ એકઠા માલમ પડયા હતા. તેઓ સઘળા એક બીજાની સાથે ગાઢો સંબંધ (મૈત્રી) ધરાવતા હતા, તેઓને એકઠા થઇને મેળાઓ જોવા જવાની ટેવ હતી, તેઓમાંનો એક, એક સખસનું ખીસ્સુ કાતરવાના કૃત્યમાં પકડાયો હતો, અને જ્યારે તેઓને પકડવામાં આવ્યા ત્યારે તેઓમાંના ઘણાઓએ જુઠાં નામ અને ઠેકાણાં આપ્યાં, ત્યાં બંગાળાની હાઈકોર્ટે એવું ઠરાવ્યું હતું કે, તેમને લગતી હકીકત ગમે તેટલી શક પડતી હોય તોપણ, આ કલમ પ્રમાણે તેમને ગુન્હેગાર ઠરાવવાને સારૂ જેટલી હકીકત જરૂરની હતી તે કરતાં તે ઘણીજ ઓછી હતી, કેમકે તેમના કેસમાં એવી કાંઇ પણ સાબીતી (પુરાવો) નહોતી કે તહોમતદારો નિત્ય ચોરી કરવાના કારણસર મળેલા માણસોની ટોળીને લગતા સખસો હતા. ૩

ડાકાઇટી કરવાના કારણસર એકઠું થવું.

૪૦૨. આ આકટ પસાર થયા પછી કોઇ પણ વખતે ડાકાઇટી કરવાના કારણસર એકઠા થએલા પાંચ અથવા વધારે શખસોમાંનો જે માણસ હશે તેને સાત વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—આગ્રા શહેરની બહાર પાસેજ એક રસ્તા ઉપર રાત્રે અગીઆર વાગે કેટલાક માણસો માલમ પડયા હતા, અને સઘળાઓની પાસે તેમનાં લુગડાની નીચે છુપાવેલાં હથીઆરો (બંદુકો તથા તરવારો) હતાં તેઓમાંના કોઈની પાસે પણ હથીઆરો રાખવાનો પરવાનો નહોતો, અને તેઓમાંથી કોઇ પણ ખાસ તે સ્થિતિની અંદર તે જગ્યાએ તેમની હાજરીનો કાંઈ પણ યોગ્ય (માનવા જોગ) ખુલાસો આપી શક્યા નહી. તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે ડાકાઈટી કરવાના ઈરાદાથી એકઠા મળવા બદલ આ માણસોને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી શીક્ષા કરવામાં આવી હતી તે બરાબર હતું. ૪

મીલકતના સાપરાધ ખોટા ઉપયોગ બાબત.

બદદાનતથી મીલકતનો ખોટો ઉપયોગ.

૪૦૩. જે માણુસ બદદાનતથી કાંઇ પણ જંગમ મીલકતનો ખોટો ઉપયોગ કરે અથવા તે પોતાને કામે લગાડે તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત-(અ) જ ની મીલકત જ ના કબજામાંથી લે અને તે લેતી વખતે શુદ્ધબુદ્ધિથી તે એમ માનતો હોય કે એ મીલકત મારી છે તો અ એ ચોરીના તકશીરવાર નથી પણ પોતાની ભુલ માલમ પડયા પછી અગર અ બદદાનતથી તે મીલકત પોતાને કામે લગાડે તો તેણે આ કલમ મુજબ ગુન્હો કર્યો એમ સમજવુ.

(બ) અ ને જની સાથે દોસ્તી છે અને તે જના કીતાબખાનામાં જ નહી હોય એવી વેળાએ જઇને જ ની સાફ રજામંદી શિવાય તેમાંથી એક ચોપડી લઈ જાય હવે એ ઠેકાણે અગર અના મનમાં એમ હોય કે તે ચોપડી વાંચવાના કારણસર લેવાની મને જના અર્થાત તે સમજાય એવી રજામંદી છે તો અ એ ચોરી કરી નથી પણ પાછળથી અ પોતાના

---

૧. મંકુશ પાસી. વિ. રેનાઈના ૨૭ ક. ૧૩૯.

૨. રેનાઇના. વિ. ભોલુ ૨૧ અલ્હાબાદ વીકલી નોટસ. પાનું ૧૯.

ફાયદાને સારૂ તે ચોપડી વેચે તો તેણે આ કલમ મુજબ ગુન્હો કર્યો એમ સમજવું.

(ક) અ તથા બ એ બંને એક ઘોડાના એકઠા માલીક છે, અને અ વાપરવાનો ઇરાદો કરીને તે ઘોડાને બના કબજામાંથી લઇ જાય તો એ ઠેકાણે તે ઘોડો વાપરવાનો અ નો હક છે માટે તેણે બદદાનતથી તે ઘોડાનો ખોટો ઉપયોગ કર્યો એમ સમજવું નહી પણ અગર અ તે ઘોડો વેચે અને તેની કીમત સઘળી પોતાને કામે લગાડે તો તેણે આ કલમ મુજબ ગુન્હો કર્યો એમ સમજવું.

ખુલાસો ૧ લો—ફક્ત થોડીવાર સુધીજ ખોટો ઉપયોગ કર્યો હોય તે પણ આ કલમના અર્થ મુજબનો ખોટો ઉપયોગ છે એમ સમજવું.

દ્રષ્ટાંત—જ ની એક સરકારી પ્રોમીશરી નોટ ખાલી શેરાવાળી અ ને જડે, અને તે નોટ જની છે એમ જાણ્યા છતાં અ એક સરાફને ત્યાંથી કાંઇ રૂપીઆ કાહાડીને તેના અવેજમાં તે નોટ ગીરો મુકે એવા ઇરાદાથી કે પછી તે છોડાવીને હું જ ને આપીશ તો અ એ આ કલમ મુજબ ગુન્હો કર્યો એમ સમજવું.

ખુલાસો ૨ જો—જે મીલકત કોઇ બીજા શખસના કબજામાં ન હોય એવી કાંઇ મીલકત કોઇ શખસને જડે અને તે મીલકત સાચવવાના અથવા તેના માલીકને પાછી આપવાના કારણસર તે શખસ તે મીલકત લે તો તે શખસ તે મીલકત બદદાનતથી લીધી અથવા તેનો ખોટો ઉપયોગ કર્યો નથી અને તેણે ગુન્હો કર્યો એમ સમજવું નહી પણ તે મીલકતનો માલીક કોણ છે એ વાતની તેને ખબર હોય અથવા શોધી કાહાડવાનો તેની પાસે ઇલાજ હોય તે છતાં અથવા માલીકને શોધી કહાડીને તેને ખબર આપવાના ઘટતા ઇલાજ વાપર્યા પહેલાં તથા માલીક આવીને તે મીલકતનો દાવો કરે એટલા સારૂ ઘટતી મુદત સુધી તે મીલકત રાખ્યા પહેલાં અગર તે શખસ તે મીલકત પોતાને કામે લગાડે તો તેણે ઉપર બીયાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવું.

એવી બાબતમાં ઘટતા ઉપાય તે કયા અથવા ઘટતી મુદત તે કેટલી એ હકીકતની બાબત છે. મીલકત જેને જડે તે શખસે તે મીલકતનો ધણી કોણ છે અથવા તેનો ધણી કોઇ અમુક શખસ છે એમ જાણવું જોઇએ એવું કાંઈ જરૂર નથી અગર તે મીલકત કામે લગાડવી વખતે તે મીલકત પોતાની છે એમ તે માનતો ન હોય અથવા તેનો ખરો માલીક જડતો નથી એમ જો તે શુદ્ધબુદ્ધિથી માનતો ન હોય તો બસ છે.

દ્રષ્ટાંત—(અ) ધોરી રસ્તા ઉપર પડેલો એક રૂપીઓ અ જોય તે કોનો છે તે અ ને ખબર નહી હોય અને અ તે રૂપીઓ ઉચકી લે, તો અ એ આ કલમમાં બ્યાન કરેલો ગુન્હો કર્યો એમ સમજવું.

(બ) ધોરી રસ્તા ઉપર પડેલો એક કાગળ અ ને જડે તે કાગળમાં એક બેંક નોટ હોય અને તે કાગળના શરનામાપરથી તથા તેમાં લખેલી બીના પરથી તે નોટ કોની છે એ વાત તેના જાણવામાં આવે અને પછે તે નોટ તે વાપરે તો તેણે આ કલમ મુજબ ગુન્હો કર્યો એમ સમજવું.

(ક) આ લાવે તેને નાણાં આપજો એવી તરેહનો અ ને એક ચેક જડે તે ચેક કોનો ગયો છે એ વાતની અટકળ થઇ શકે નહી પણ જે શખસે તે ચેક લખ્યો હોય તે સખસનું નામ તે ચેકમાં લખેલું હોય અને અ એમ જાણતો હોય કે તે શખસ મને બતાવી શકશે કે ફલાણાં

ધણીને માટે એ ચેક લખ્યો હતો તેવું છતાં તે માલીકને શોધી કહાડવાની કોશીશ ન કરતાં અ તે ચેક વાપરે, તો તેણે આ કલમ મુજબ ગુન્હો કર્યો એમ સમજવું.

(ડ) જ ની પૈસા ભરેલી એક થેલી જ ના હાથમાંથી નીકળી પડી. અ જોય અને તે જ ને પાછી આપવાના ઇરાદાથી અ ઉચકી લે પણ પાછળથી તે તેને પોતાને કામે લગાડે તો અ એ આ કલમ મુજબ ગુન્હો કર્યો એમ સમજવું.

(ઇ) અ ને એક પૈસા ભરેલી થેલી જડે તે થેલી કોની છે એ વાત અ જાણતો નહી હોય પણ પાછળથી તેને ખબર પડે કે તે જ ની છે અને તેવું છતાં તે થેલી પોતાને કામે લગાડે તો અ એ આ કલમ મુજબ ગુન્હો કર્યો એમ સમજવું.

(ફ) અ ને એક કીમતી વીંટી જડે તે વીંટી કોની છે એ વાત અ જાણતો નહી હોય પણ તેનો માલીક શોધી કહાડવાની કોશીશ કર્યા શીવાય તુરત અ તે વીંટી વેચે તો અ એ આ કલમ મુજબ ગુન્હો કર્યો એમ સમજવું.

ટીકા.—આ ગુન્હો બનવાને સારૂ પેહેલાં તો નિર્દોષ કબજો હોવો જોઇએ અને પાછળથી લેનારનો બદલાવેલો ઇરાદો હોવો જોઈએ, અથવા જે નવી વાતની તહોમતદારને પેહેલાં ખબર નહોતી, અને જેથી કબજામાંની વસ્તુને વધારે વાર રાખવી તે ગેરવ્યાજબી થાય છે, તેવી કોઈ નવી વાતની જાણ પડેલી હોવી જોઇએ. ૧

જ્યારે કોઇ માણસ જે મીલકત તેની પોતાની ન હોય તે મીલકતને પોતાના ઉપયોગમાં લઇ લે ત્યારે, જો કે કોઈ ભવિષ્યના વખતે તેના માલીકને પાછી સોંપવાનો તેનો ઈરાદો હોય તો પણ, એ પ્રમાણે ઉપયોગ કરવો તે બદદાનતભર્યું છે. ૨

આ કલમની અંદર કેદીને લાવવાને સારૂ કામમાં લીધેલી વસ્તુનો કેદીએ ખરેખર ઉપયોગ કરેલો હોવો જોઇએ. તેટલા માટે જ્યાં તહોમતદારને એક વસ્તુ જડી અને માત્ર તેને પોતાના કબજામાં રાખી મુકી ત્યાં તેને સાપરાધ ખોટો ઉપયોગ કરવાના ગુન્હાનો નિરદોષ ઠરાવવામાં આવ્યો હતો. ૩

આ ગુન્હો બનાવાને સારૂ જંગમ મીલકતનો ખોટો ઉપયોગ કરેલો હોવો જોઇએ, અને ખોટો ઉપયોગ **બદદાનતથી** એટલે, કોઇ માણસને ગેરવ્યાજબી લાભ કરવાના ઈરાદાથી, અથવા બીજા માણસને ગેરવ્યાજબી નુકસાન કરવાના ઇરાદાથી" કરેલો હોવો જોઇએ. ૪ તે વસ્તુ રાખવામાં કેદી વ્યાજબી કરતો હતો એવા તેના ભુલ ભરેલા અભિપ્રાયથી આ ગુન્હો બનશે નહી. ૫

બદદાનત ભર્યો ઇરાદો;—એક ગામના માહાર (ઢેડ) લોકોએ એક ભેંસ કે જેનો માલીક જડી શકયો નહી તે ભેંસનું ચામડું તેમના પોતાના ઉપયોગમાં લીધું તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે માહાર લોકો સાપરાધ ખોટા ઉપયોગના ગુન્હેગાર નહોતા, કેમકે તેમનો કાંઇ પણ બદદાનતભર્યો ઇરાદો નહોતો. ૬

૨ એક સરકારી નોકર હતો અને તેની ફરજ અમુક નાણાં લેવાની અને તે લઇને સરકારી તીજોરીમાં ભરી દેવાની હતી. તેણે કબુલ કર્યું કે કેટલાક મહિનાથી તેણે નાણાંની બે રકમો પોતાના કબજામાં રાખી મુકી હતી, અને પછી તેને પકડાઈ જવાની ધાસ્તી લાગવાથી તેણે તે રકમો તીજોરીમાં ભરી દીધી

---

૧. ભગીરામ ડોમ. વિ. અબાર ડોમ. ૧૫ ક. ૩૮૮.
૨. રેજાઇના. વિ. ન્ગારવે લાઇગ. ૧ બરમા સીલેકટ જજમેન્ટસ. પાનું ૫૦૫.
૩. રેજાઈના. વિ. અબદુલ. ૧૦ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું. ૨૦.
૪. રેજાઈના. વિ. પરશોતમદાસ. ૧ અલ્હાબાદ વીકલી નોટસ પાનું ૮૦.
૫. રેજાઇના. વિ. ખંડેરાવ. મુંબાઇ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ સને ૧૮૯૪ નું ૩૦ મું.
૬. રેજાઇના. વિ. જોગા સાયુ. મુંબઈ હાઇકોર્ટના ક્રીમીનલ રૂલીંગ્ઝ. તારીખ ૧-૫-૧૮૭૨

તેમાં હાઇકોર્ટે ઠરાવ્યું હતું કે તેને આ કલમ પ્રમાણે સાપરાધ ખોટા ઉપયોગના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા બરાબર હતી. ૧

જ્યાં એક માણસને ભુલથી નાણાં આપવામાં આવ્યાં હોય, અને પાછળથી કોઇ પણ વખતે તે નાણાં પાછાં આપ્યા પહેલા તે માણસને ભુલ માલમ પડે, અને તે છતાં તે નાણાં પોતાના કામમાં લગાડી દેવાનો નિશ્ચય કરે ત્યાં તે ઠગાઇનો નહી, પણ સાપરાધ ખોટા ઉપયોગના ગુન્હાનો ગુન્હેગાર છે. ૨

જ્યા એક નોકરને પોતાના શેઠની તરફથી નાણાં એકઠાં કરવાનો અધીકાર મળ્યો હોય, અને તે નાણાં એકઠાં કરે, પરંતુ પોતાનો પગાર લેહેણો થયો હોય તે પેટે તે એકઠાં કરેલાં નાણાં તે નોકર પોતાના હાથમાં રાખે અને શેઠને આપે નહી ત્યાં તે સાપરાધ ખોટા ઉપયોગના ગુન્હાનો ગુન્હેગાર થશે. ૩

મજીઆરી મીલકતઃ—મજીઆરા હિંદુ કુટુંબમાં કોઇ પણ સહભાગીદારને મજીઆરી કુટુંબની મીલકતની વેહેંચણી થાય તે પેહેલાં તે મીલકતની કોઇ અમુક વસ્તુમાં કાંઇ પણ મુકરર ભાગ હોવાનો હક નહ હોવાથી, જ્યા સુધી મીલકતનો હિસાબ જોઇને તે મીલકતના ભાગ જુદા પાડીને સર્વને તેમના ભાગ આપી દીધા નથી ત્યા સુધી તે કુટુંબના વહીવટદારની સામે બદદ્યાનત ભર્યા ખોટા ઉપયોગ બાબત ફરીયાદ ચાલી શકે નહી. ૪

જ્યારે અમુક મીલકતમાં તહોમતદારનું બીજાઓની સાથે એકઠું હિત રહેલું હોય ત્યારે જો તે તે મીલકતનો કબજો લઇને તેનો નીકાલ કરી દે તો તે અવશ્ય કરીને ગુન્હા ભરેલા કૃત્યનો ગુન્હેગાર થતો નથી. ૫ પરંતુ જો કોઇ ભાગીદાર (પેઢીમાં ભાગીઓ—partner) ને પેઢીની સહીઆરી મીલકત સોંપી હોય અથવા તે મીલકત તેના કબજામાં હોય, અને તે સહીઆરી મીલકતનો કોઇ પણ ભાગનો તે ભાગીદાર બદદાનતથી ખોટો ઉપયોગ કરે, અથવા તે પોતાને કામે લગાડે, અથવા તેનો નીકાલ કરી દે, તો તે સાપરાધ ખોટા ઉપયોગના ગુન્હાનો ગુન્હેગાર થશે. ૬

જે વસ્તુઓ ખરેખર તજી દેવામાં આવી હોય તે વસ્તુઓના સંબંધમાં સાપરાધ ખોટા ઉપયોગનો ગુન્હો થઇ શકે નહી. ૭ આ પ્રમાણે આવી તજી દીધેલી અથવા ફેંકી દીધેલી વસ્તુઓ જે માણસને જડે, અને જે માણસ લઈ લે તે માણસ તે વસ્તુઓમાં માલકી મેળવે છે અને તે માલકી હક જો તે વસ્તુઓનો આગલો માલીક તે વસ્તુઓમાં પોતાનું માલકીપણુ પાછું ચાલુ કરવાનું મન કરે તોપણ તે આગલા માલીકની સામે પણ કાયમ રહે છે, પરંતુ જ્યારે કોઇ વસ્તુ અચાનક ખોવાઇ હોય ત્યારે તે વસ્તુનું માલકીપણું બંધ પડયું નથી, પણ જે માણસે તે વસ્તુ ખોઈ હોય તે માણસની માલકી તેના ઉપર રહે છે. ૮ આ પ્રમાણે એક હિંદુના શ્રાદ્ધ વખતે આકીને છુટો મીકી દીધેલો આ કલમના અથવા ૩૭૮ મી કલમના અર્થની અંદર જગમ મીલકત નથી, અને તેથી તે ચોરીનો સાપરાધ ખોટા ઉપયોગનો અથવા બીગાડનો વિષય થતો નથી. ૯ પરંતુ જ્યાં એક આખલાને એક મુરતીને અર્પણ કરી દઇને પછી છુટો રખડવા મુકી દીધો હોય ત્યાં તે આખલો જે મંદીરમાં તે મુરતી પુજાતી હોય તે મંદીરના ટ્રસ્ટીના માલકીપણાની મીલકત ગણાશે; કેમકે તે મંદીરના ટ્રસ્ટીને તે મંદીરની મીલકતને લગતા હકો અને જવાબદારીઓ છે. ૧૦

---

૧. રેંજાઈના. વિ. રામકૃષ્ણ. ૧૨ મ. ૪૯.

૨. રેંજાઇના. વિ. શામ સુંદર. ૧ નોર્થ. વેસ્ટ પ્રોવીન્સીસ રીપોર્ટર પાનુ. ૪૭૫

૩ રેંજાઇના. વિ. બીશેશર રોય ૧૨ સરલાલાન્ડ્ઝ વીકલી રીપોર્ટર. પાનું ૫૧

૪. રેંજાઈના. વિ. પાનીઆ. ૧ અલાહબાદ વીકલી નોટસ. પાનુ ૮૯; વેર કૃત લો ઓફ ઓફીન્સીસ એન્ડ ક્રીમીનલ લો પાનુ ૨૬૩

૫. રેંજાઈના વિ. પારબતી ચરણ. ૧૪ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર. પાનું ૧૩

૬ નૃગેન્દ્રરોલાલ વિ અખોયકુમાર ૨૧ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનુ ૫૯

૭. રેંજાઇના વિ. ગ્રેડ ૧૧ કોકસ કૃત ક્રીમીનલ કેશીસ પાનુ ૧૦૩; રેંજાઈના વિ. નીહાલ ૯ અ. ૩૪૮.

૮. રેંજાઈના વિ. ગ્લાઈડ લો રીપોર્ટસ ક્રીમીનલ કેસીસ પાનુ ૧૩૯

૯. રોમેશચન્દર વિ. હિરમન્ડલ ૧૭ ક. ૮૫૨

૧૦. રેંજાઇના. વિ. નાલા. ૧૧ મ. ૧૪૫.

મુંબાઈમાં ચુકેલા એક કેસમાં, અહમદનગરની નજીકના એક ગામડામાં એક ખુલ્લા મેદાનમાંથી તહોમતદારને એક સોનાની મોહોર જડી, અને તે મોહોર તેણે બીજેજ દીવસે એક સરાફને વેચી દીધી. તે મોહોર તેણે તા. ૧૨ મી અકટોમ્બર સને ૧૮૯૨ ના રોજે વેચી દીધી; અને ૧૮૯૨ ના ડીસેમ્બરની ૧૨ મી તારીખે તે તહોમતદારને આ કલમ પ્રમાણે સાપરાધ ખોટા ઉપયોગ બદલ ગુન્હેગાર ઠરાવીને શિક્ષા કરવામાં આવી હતી. અપીલમાં હાઈકોર્ટે આ કેસનો જે દીવસે (તા ૯ મી માર્ચ સને ૧૮૯૩) ચુકાદો કર્યો તે દીવસ સુધીમાં તે મોહોરમાં માલકીપણાનો દાવો કરવાને કોઈ પણ માણસ આગળ આવ્યું નહોતું. આ સ્થિતિની અંદર તે તહોમતદારને ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા હાઇકોરટે રદ કરીને એવું ઠરાવ્યું હતું કે સને ૧૮૯૨ ના અકટોબરની ૧૨ મી તારીખે તે મોહોરનો કોઈ માલીક હતા એ અર્થમા તે કોઇની પણ મીલકત હતી એવું પુરતી રીતે સાબીત થયું નહોતું. ૧

ફરીયાદીએ કેદીને તેનો હીસાબ મેળવીને લેહેણી પડતી રકમ તે ફરીયાદીને આપી દેવાની તક આપી તે વાત માત્ર બદદ્યાનત ભર્યા ખોટા ઉપયોગને માટે તેને ગુન્હેગાર ઠરાવવું ગેરવ્યાજબી બતાવતી નથી, અથવા તો તે તકરાર દીવાની કોર્ટ લાયકની છે એવું બતાવતી નથી. ૨

એક કેસમાં તહોમતદાર, એક ગામનો કર્નલ હતો, તેણે સરકારી તીજોરીમાં મોકલવા સારૂ તે ગામના નાયકની પાસેથી નાંણા લીધાં, પરંતુ તે ગામના લોકોની પાસે લેહેણી થયેલી ચડેલી જમાની રકમના સંબંધમાં તપાસ ચાલી ત્યાં સુધી તેણે તે નાંણાં તીજોરીમાં ભરી દીધેલાં નહોતાં. તેમાં તેને આ કલમ પ્રમાણે સાપરાધ ખોટા ઉપયોગના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. ૩

એક માણસે જાહેર હરાજીમાંથી એક ખાંનાંવાળી પેટી ખરીદ કરી; અને તેને તે પેટીમાં એવી મીલકત માલમ પડી કે જે ખુલ્લી રીતે તે પેટીની સાથે વેચવાનો ઇરાદો ધારી લેવાય નહી. છતાં તેણે તે મીલકત પોતાના ઉપયોગમાં લઇ લીધી. તેમા તેણે સાપરાધ, ખોટા ઉપયોગનો ગુન્હો કર્યો હતો એમ ઠરાવવામાં આવ્યું હતું. ૪

જ્યાં એક જમીનદાર પોતાના કારભારીને તેણે ઉઘરાવેલાં નાંણાં તેના પોતાનાં નાંણાં સાથે ભેળી દેવાની રજા આપે ત્યાં, જો તે કારભારી આ પ્રમાણે તેણે ઉઘરાવેલાં નાંણાં દગલબાજીથી અથવા બદદ્યાનતથી તેના પોતાના ઉપયોગને સારૂ વાપરે, અને પોતાની દગલબાજી છુપાવવાને સારૂ જુદા હીસાબ લખીને તે હીસાબમાં ઘોટાળો કરે તો તે સાપરાધ ખોટા ઉપયોગનો (પુરતો) પુરાવ થશે. ૫

એક માણસના ઉપર કાગળ અથવા પાર્સલ (બંગી) આવવાનું હતું તેથી તે તેની રાહ જોતો હતો તેણે પોસ્ટ ઑફીસમાં જઇને કહ્યું કે મારા ઉપર એક કાગળ અથવા પાર્સલ આવવાનું હતું તે આવ્યું છે ? તે ઉપરથી પોસ્ટ ઑફીસના કલાર્કે તેના જેવાજ નામવાળા એક બીજા માણસના શીરનામાવાળુ પાર્સલ કાઢીને તેને આપ્યું, અને તે પાર્સલ તેના નામનું નહોતું અથવા તેને મોકલવામાં આવ્યું નહોતું એવું તેને માલમ પડયા પછી પણ તેણે તે પાર્સલ રાખી મુક્યું તેમાં તેને આ કલમ પ્રમાણેના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. ૬

તહોમતદાર પોસ્ટ ખાતામાં નોકર હતો. તેણે કાગળો ગામવાર છુટા પાડવામાં મદદ કરતી વખતે તેમાંથી બે કાગળો, કાગળો વેહેંચનાર સીપાઇને હાથો હાથ આપીને તે બે કાગળો ઉપર તે કાગળો લેનારને આપવાના નાણાં તે સીપાઈના સાથે વેહેંચી લેવાના ઈરાદાથી ત પોતાનાં લુગડામાં છુપાવ્યા. તેમા એવું ઠરાવ-

---

૧. રેજાઇના. વિ. સીતા. ૧૮ મુંબાઇ ૨૧૨; રેજાઇના. વિ. જય માહાર. ૫ સેન્ટ્રલ પ્રોવીન્સીસ રીપોર્ટસ. પાનુ ૪૭.

૨. રેજાઈના. વિ. શ્રીકાન્ત બીસ્વાસ. ૫ સધરલાન્ડઝ વિકલી રીપોર્ટ પાનુ ૫૬.

૩. રેજાઈના. વિ. માહુરી. વેરકૃત લૉ ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લૉ પાનુ ૨૬૫.

૪. મેરી, વિ. ગ્રીન. ૧૦ લૉ જનરલ માજીસ્ટ્રેટસ કેસીસ પાનુ ૧૫૪.

૫. રેજાઈના. વિ. કરીમબક્ષ. ૩ નોરથ–વેસ્ટ પ્રોવીન્સીસ રીપોર્ટસ પાનુ ૩૦.

૬. રેજાઈના. વિ. કે. ડાસ્લીં એન્ડ બેલ્સ રીપોર્ટસ પાનુ ૨૩૧.

વામાં આવ્યું હતું કે તહોમતદારે મીલકતનો બદદાનત ભર્યો ખોટો ઉપયોગ કરવાની કોશીશ કરવાનો, અને ચોરીનો ગુન્હેગાર હતો. ૧

એક કેસમાં, એક નદીમાં જબરૂ પુર આવ્યું ત્યારે તે નદીમાં તણાઇ આવેલી લાકડાની બે ગાંઠો તહોમતદારે જોઈ, અને તે બે ગાંઠો કાઢીને તેણે પોતાને કબજે લીધી. તે બે ગાંઠો તહોમતદારે કેટલાક મહીના સુધી પોતાના ઘરની આગળ વગર વાપરે ખુલ્લી નાખી મુકી હતી તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી શકાય નહી. ૨

મદ્રાસમાં થોડા વખત ઉપર ચુકેલા એક કેસમાં તહોમતદાર કે જે હુકમનામનો દેણદાર હતો તેને ઉભો પાક જપ્ત કરવામાં આવ્યો હતો છતાં જપ્તી અમલમાં હતી તે વખતે ત પાક કાપીને તે લઈ ગયો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેણે કરેલો ગુન્હો આ કલમના અર્થની અંદર આવી જાય તેવો સાપરાધ ખોટો ઉપયોગ, તથા ૪૨૪ મી કલમ પ્રમાણે મીલકત બદદાનતથી ખસેડી લઇ જવાનો ગુન્હો હતો. ૩

જે નાણાં એક માણસને સોંપવામાં આવ્યાં હોય તે નાણાંની દરેક જુદી જુદી રકમનો ખોટો ઉપયોગ ભિન્ન ભિન્ન ગુન્હો બને છે, અને દરેક રકમની સાથે સંબંધ ધરાવતી હકીકત જુદી જુદી તપાસનો વિષય થવો જોઇએ. ૪

ચોરી સાપરાધ ખોટો ઉપયોગ, સાપરાધ વિશ્વાસઘાત તથા ઠગાઈ એ ચાર ગુન્હાઓની વચ્ચેના પરસ્પર ભેદની બાબતમાં જુઓ કલમ ૪૧૫ મી નીચેની ટીકાનો છેલ્લો ભાગ.

કોઈ શખસ મરી જાય તે વખતે તેની પાસે જે મીલકત હોય તે મીલકતનો બદદાનતથી ખોટો ઉપયોગ.

૪૦૪. જો કોઇ માણુસ બદદાનતથી કાંઈ મીલકતનો ખોટો ઉપયોગ કરે અથવા તેને પોતાને કામે લગાડે અને તે એમ જાણતો હોય કે ફલાણો શખસ ગુજરી ગયો તે વખતે એ મીલકત તેના કબજામાં હતી તથા ત્યાર પછી તે કબજામાં લેવાને કાયદા મુજબ જેને હક હોય એવા કોઇ શખસના કબજામાં લેવાને કાયદા મુજબ જેનો હક હોય એવા કોઈ શખસના કબજામાં આવી નથી. તો તે માણુસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે. અને અગર તે ગુન્હો કરનારને તે શખસે તે મુઓ ત્યારે મેહેતા અથવા ચાકર દાખલ રાખેલો હોય તો તે કેદ સાત વરસની થઇ શકે.

દ્રષ્ટાંત—જના કબજામાં કેટલોએક ઘરનો સામાન તથા નાણું છતાં જ ગુજરી જાય પછી તે નાણું કબજામાં લેવાને જેને હકક હોય એવા કોઇ શખસના કબજામાં તે આવતાં પહેલાં જ નો ચાકર બદદાનતથી તેનો ખોટો ઉપયોગ કરે તો બ એ આ કલમ મુજબ ગુન્હો કર્યો એમ સમજવું.

ટીકા.—જે માણસ જીવતો હોય તેના સંબંધમાં તેની મીલકતનો સાપરાધ ખોટા ઉપયોગનો ગુન્હો

---

૧. રેગ્યુલેશન વિ. વેન્કટાસામી ૧૪ મ. ૨૨૯.
૨. રેજાઇના વિ. મુરૂગાન વેર કૃત લૉ ઓફ઼ ઑફેન્સીસ એન્ડ ક્રીમીનલ લૉ પાનુ ૨૬૪.
૩. રેજાઇના વિ. ઓટાયા ૨૨ મ ૧૫૧.
૪. રેજાઇના. વિ. સી. એ. ચેત્તર ૧૫ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટ ૨ પાનુ ૫.

બનવાને સારૂ જે જે તત્વો જરૂરનાં છે તે સઘળાં તત્વો આ કલમ પ્રમાણે ગુન્હો બનવાને સારૂ પણ હાજર હોવાં જોઈએ. ૧.

મરનાર માણસે કોઇ શખસને સોંપેલાં નાણાંનો તે શખસ બદદાનતથી ખોટો ઉપયોગ કરે તો, જો કે તે શખસ તે નાણાં તેના પોતાના ઉપયોગને સારૂ લે નહી તોપણ, તે મરનાર માણસના મરણ વખતે તેના કબજામાંની મીલકતના બદદાનત ભર્યા ખોટા ઉપયોગનો ગુન્હો તે શખસ કરે છે એમ ગણાશે. ૨.

આ કલમમાં વપરાએલો 'મીલકત' શબ્દ સ્થાવર મીલકતને લાગુ પડતો નથી, પણ માત્ર જંગમ મીલકતનેજ લાગે છે. તેથી જ્યાં એક માણસને બીજા મરનાર માણસનું ઘર પચાવી પડવાનો (ખોટો ઉપયોગ કરવાનો) ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ પ્રમાણે તે માણસને ગુન્હેગાર ઠરાવવું તે ગેરકાયદેસર હતું.૩

ઉપરનાજ ૬ મુંબઇ હાઈકોર્ટ પાને ૩૩ ને લગતા કેસને અનુસરીને કલકત્તાની કોર્ટ પણ એક કેસમાં તેવીજ રીતે નિર્ણય કર્યો છે ૪

સાપરાધ વિશ્વાસઘાત.

૪૦૫. જે માણસને કોઇ પણ રીતે કાંઇ મીલકતપરનો અખ્તીઆર સોંપ્યો હોય તે માણસ અગર બદદાનતથી તે મીલકતનો ખોટો ઉપયોગ કરે અથવા તે પોતાને કામે લગાડે અથવા તે સોંપણ શી રીતે બજાવવી એ વિષે કાયદાએ કાંઇ હુકમ ફરમાવ્યો હોય તે હુકમ તોડીને અથવા સોંપણ બજાવવા વિષે તેણે સાફ અર્થાત્ સમજાય એવો કાંઇ કાયદેસર કરાર કર્યો હોય તે કરાર તોડીને બદદાનતથી તે મીલકત વાપરે અથવા તેનો વગ કરે અથવા જાણી જોઇને કોઇ બીજા માણસને તેમ કરવા દે તે માણસે સાપરાધ વિશ્વાસઘાત કર્યો એમ સમજવું.

સાપરાધ વિશ્વાસઘાત.

દૃષ્ટાંત—(અ) એક મરનાર સખશના વીલમાં અ ને વકીલ ઠરાવેલો છે તે અગર તે મરનારની મીલકતની વહેંચણ તે વીલ પ્રમાણે કરવાને કાયદાના હુકમ બદદાનતથી નહી માનીને તે મીલકત પોતાને કામે લગાડે તો અ એ સાપરાધ વિશ્વાસઘાત કર્યો એમ સમજવું.

(બ) અ એક વખારવાળો છે અને બ કેથાં ગામ જાય છે તે પોતાનો સામાન અ ને સોંપે એવો કરાર કરીને કે એ સામાન રાખવા માટે હું તમને આટલું વખારનું ભાડું આપું ત્યારે તમારે એ સામાન મને પાછો આપવો. અ બદદાનતથી તે માલ વેચી નાંખે તો અ એ સાપરાધ વિશ્વાસઘાત કર્યો એમ સમજવું.

(ક) અ કલકત્તામાં રહીને જ દીલ્હીમાં રહે છે, તેના આડતીઆ દાખલ કામ કરે છે અને અ તથા જ ની વચ્ચે સાફ અર્થાત્ સમજાય એવે એક રીતનો કરાર થએલો છે કે જ જેટલું નાણું મોકલે તેટલું સઘળું અ એ જ ના હુકમ મુજબ વાપરવું. પછી જ એક લાખ રૂપીઆ અ ને મોકલે અને એમ લખી મોકલે કે અ એ તે રૂપીઆની કંપનીની નોટો લેવી. અ બદ-

---

૧. રેજાઇના. વિ. નોબીન ચન્દર. ૧૨ સધરલાન્ડ્ઝ વિકલી રીપોર્ટર પાનુ ૩૯,

૨. રેજાઇના. વિ. ઇનાયત હુસેન. ૧૧ સધરલાન્ડ્ઝ વીકલી રીપોર્ટર પાનુ ૧.

૩. રેજાઇના. વિ. ગીરધર ધરમદાસ ૬ મુંબઇ હાઇકોર્ટ રીપોર્ટસ પાનુ ૩૩.

૪. ઇ. લો. રિ. ૨૩ કલકત્તા ૩૭૨.

દાનતથી તે હુકમ નહી માને અને તે રૂપીઆ પોતાના ધંધામાં વાપરે તો અ એ સાપરાધ વિશ્વાસઘાત કર્યો એમ સમજવું.

(ડ) પણ ઉપલા દ્રષ્ટાંતમાં અગર એમ બને કે બદદાનતથી નહી પણ બંગાળાની બેંકના શેર રાખવામાં જ ને વધારે ગુણ થશે. એવું માનીને શુદ્ધબુદ્ધિથી કંપનીની નોટો નહીં ખરીદ કરતાં જ ને માટે તે બંગાળાની બેંકના શેર અ ખરીદ કરે તો એ ઠેકાણે અગર જ ને હાની થાય અને તે હાનીને માટે અ ની ઉપર દીવાનીમાં ફરીઆદ કરવાનો તેનો હક હોય તોપણ અ એ બદદાનતથી કામ કર્યું નથી માટે તેણે સાપરાધ વિશ્વાસઘાત કર્યો નથી એમ સમજવું.

(ઇ) અ એક મેહેસુલી અમલદાર છે તેને સરકારી નાણું સોંપેલું છે, અને જે નાણું તેના હવાલામાં હોય તે તેણે ફલાણી તીજોરીમાં ભરવું એવો તેને કાયદાનો હુકમ છે અથવા એમ કરવાને તે સરકારની સાથેના સાફ અથવા અર્થાત્ સમજાય એવી રીતે કરેલા કોઇ કરારથી બંધાએલો છે એમ છતાં અ બદદાનતથી તે નાણું વાપરે તો અ એ સાપરાધ વિશ્વાસઘાત કર્યો એમ સમજવું.

(ફ) અ એક ભારવાહક છે તેને ખુશકી કે તરીને રસ્તે લઇ જવાને કાંઇ મીલકત જ એ સોંપી છે તે મીલકતનો તે બદદાનતથી ખોટો ઉપયોગ કરે તો તેણે સાપરાધ વિશ્વાસઘાત કર્યો એમ સમજવું.

ટીકા.—સાપરાધ વિશ્વાસઘાતનો ગુન્હો બનવાને સારૂ, જે મીલકતના સંબંધમાં વિશ્વાસઘાતનું તહોમત મુકવામાં આવ્યું હોય તે મીલકતના હવાલાને સારૂ અથવા વહીવટને સારૂ જે માણસ ઉપર ભરોસો રાખવામાં આવ્યો હોય તે માણસે તે મીલકતનો બદદાનત ભર્યો ખોટો ઉપયોગ કરેલો હોવો જોઇએ.૧

જે મીલકતના સંબંધમાં તહોમતદારે સાપરાધ વિશ્વાસઘાતનો ગુન્હો કરેલો જણાવવામાં આવતો હોય તે મીલકત, જે સ્થિતી એવું બતાવે કે તે મીલકત અમુક રીતે વાપરવાને તે ગુન્હેગાર બંધાયેલો હતો તેવી સ્થિતિની અંદર તે ગુન્હેગારને મળેલી હતી એવું સાબીત કરવું જોઇએ.૨

આ સાપરાધ વિશ્વાસઘાતનો ગુન્હો સાબીત કરવાને સારૂ બે બાબતો બતાવવાની જરૂર છેઃ—(૧) અસલ સોંપણ (સુપ્રત) અને (૨) સોંપેલી મીલકતનો બદદાનત ભર્યો ઉપયોગ.

સોંપણની નીચે મુજબ વ્યાખ્યા આપી શકાયઃ—જેથી એક માણસને બીજા માણસના લાભને સારૂ કોઇ મીલકતની વ્યવસ્થા કરવાને અધિકાર આપવામાં આવ્યો હોય તેવી કોઈ ગોઠવણ લોર્ડ કોક, સોંપણની નીચે મુજબ વ્યાખ્યા આપે છેઃ—" કોઇ બીજા માણસમાં મુકેલો વિશ્વાસ " તેથી જ્યાં અસલ વિશ્વાસ મુકવામાં ન આવ્યો હોય, ત્યાં કાંઈ પણ સોંપણ નથી, અને ખોટો ઉપયોગ, જો સજાને પાત્ર હોય તો, તે ૪૦૩ મી કલમ પ્રમાણે સજાને પાત્ર થશે. ૩

જ્યારે કોઇ મીલકતનો ખોટો ઉપયોગ કરવાથી તે મીલકતના માલીકને ભારે અથવા દેખીતું નુકશાન થાય અથવા તહોમતદારને લાભ થાય ત્યારે તે મીલકતનો આવો ઉપયોગ આ કલમની અંદર આવી જશે. ૪ દાખલા તરીકે તહોમતદારોને કેટલુંક રૂપું ઘરેણાં કરવાને સારૂ સોંપવામાં આવ્યું હતું; અને તેમણે તે ઘરેણામાં રૂપુ કાઢી લઈને તેને બદલે તાંબુ ભેળવ્યું તેમાં તેમને સાપરાધ વિશ્વાસઘાતના ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા. ૫. તેજ પ્રમાણે એક મીલકત ગીરો મુકેનાર સખસે તે મીલકત ગીરો રાખનાર સખસને

---

૧. ઇસર ચન્દર. વિ. પીઆરી મોહન. ૧૯ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટ પાનુ. ૩૯.
૨. રેજાઈના. વિ. લલીત મોહન. ૨૨ ક. ૩૧૩.
૩. વેર કૃત લૉ ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લૉ પાનું ૨૯૭.
૪. રેજાઇના. વિ. કેશબ ચન્દ્ર. ૯ કલકત્તા વીકલી નોટસ. પાનું ૨૦૩.
૫. રેજાઇના. વિ. બાબાજી ૪ બોમ્બે હાઇ કોર્ટ રીપોર્ટસ પાનું ૧૯.

શેવડાવવાના હેતુથી, તે મીલકત સરકારની ચઢેલી મહેસુલ બદલ જાણી બુજીને વેચાઈ જવા દીધી, અને બીજાના નામથી તે મીલકત તેણે પોતે રાખી લીધી ત્યાં પણ તે ગીરો મુકનારે આ કલમ મુજબ સાપરાધ વિશ્વાસઘાતનો ગુન્હો કર્યો હતો એમ ઠરાવવામાં આવ્યું છે. ૧.

આ કલમમાં જણાવેલી મીલકત, કલમ ૪૦૩ ની માફક જંગમ મીલકત છે, અને સ્થાવર મીલકતના સંબંધમાં સાપરાધ વિશ્વાસઘાત થઈ શકે છે.

જે માણસને ત્યાં કાંઇ માલ સાનમાં મુકયો હોય તે માણસને તે માલ બીજાને ત્યાં આડ ઘરાણે મુકે તો તે સાપરાધ વિશ્વાસઘાતનો ગુન્હેગાર થઈ શકે તેમાં બે તત્વો રહેલાં છે. (૧) કરેલી સોંપણ શી રીતે બજાવવી એ વિશે કાયદાએ કાંઇ હુકમ ફરમાવ્યો હોય તે હુકમ તોડીને અથવા તે સોંપણ શી રીતે બજાવવી એ વિશે કાંઈ સ્પષ્ટ અથવા ગર્ભીત કરાર કર્યો હોય તે કરાર તોડીને સોંપેલી મીલકત વગે કરવી; (૨) બદદયાનતથી આ પ્રમાણે વગે કરવું. ૩

પરંતુ કોઇ માણસે એક પાઘડી બીજાને ત્યાં ઘરાણે મુકી હોય અને તે પાઘડી તે બીજો માણસ વાપરે તો તે પાઘડી પહેરવા બદલ તે માણસને સાપરાધ વિશ્વાસઘાતના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવી શકાય નહી. ૪.

એ તો સ્પષ્ટ છે કે આ કલમમાં વાપરેલાં શબ્દો એટલા વિસ્તીર્ણ છે કે તેમાં દરેક જાતના ટ્રસ્ટીઓનો સમાવેશ થઇ જાય છે. અર્થાત કોઈક નોકરી કે જે બદલ તેમને કાંઈ લવાજમ મળતું હોય તેવી કોઈક નોકરીને લીધે એટલુંજ નહિ પણ, ખાસ દસ્તાવેજ કરીને કરેલા કોઇ ટ્રસ્ટ (સુપ્રત)ને આધારે અથવા જો કે તે (ટ્રસ્ટીનો) ઓદ્દો વગર લવાજમનો હોય તો પણ માત્ર ગર્ભીત કાયદાથી પણ જેઓ ટ્રસ્ટીઓ હોય તેવા (ટ્રસ્ટીઓ નો સમાવેશ થઈ જાય છે,) ત્રીજા સખશના લાભના અર્થે મીલકતનો ખોટો ઉપયોગ કરીને જે માણસ આ ગુન્હો કરે છે તે માણસના કેસનો પણ તેમાં સમાવેશ થાય છે. ૫

જે નોકર ગેરવ્યાજબી નુકશાન કરવાના ઇરાદાથી પોતાના શેઠની મીલકત બગડવા દે છે તેવા નોકરના કેસને આ કલમ લાગુ પડશે નહી. ૬.

એક દારૂના કંટ્રાકટરના નોકરને તેના શેઠે દારૂ વેચવાને સારૂ સોંપ્યો હતો. તે દારૂ વેચવા બદલ તેમાંથી અમુક વજનનો દારૂ તે નોકરને પોતાને લેવાનો હતો; અને બાકીનાને માટે તેને તેના શેઠને હીસાબ આપવાનો હતો. તેણે તેના શેઠની સાથે કાયદેસર એવો કરાર કર્યો હતો કે તે દારૂ વેચતાં પહેલાં તે તેમાં પાણી ભેળવશે નહી. પણ તે કરાર તોડીને તેણે દારૂમાં પાણીની ભેળસેળ કરી, અને આ પ્રમાણે દારૂનો જથ્થો વધારીને જે ભાવે પાણીની ભેળસેળ વીનાનો ચોખ્ખો દારૂ વેચવાનો હતો તેજ ભાવે તેણે તે ભેળસેળવાળો દારૂ વેચ્યો, અને આ પ્રમાણે જે નફો રહ્યો તે તેણે પોતાના ઉપયોગમાં કામે લગાડયો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જે પૈસા લેવાને તે કાયદેસર રીતે હકદાર નહોતા તે પૈસા ગેરકાયદેસર સાધનોથી તેણે મેળવવાથી તે પીનલકોડના અર્થની અંદર બદદાનતથી વર્ત્યો હતો, અને તેને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવો જોઈએ. ૭.

એક કેસમાં એક ચાકરને તેની સાથના બીજા ચાકરોએ તે બધાના એકજ શેઠની પાસેથી તેમનો પગાર લેવાને મોકલ્યો હતો. તે ચાકર શેઠની પાસેથી બીજા બધા ચાકરોનો પગાર લઇને નાશી ગયો;

---

૧. રામા માનીક વિ. બ્રિન્દ્રાબન. ૫ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર. પાનું ૨૩૦.
૨. રેજાઇના વિ. જગદાઉનસીંગ ૨૩ ક. ૩૭૨.
૩. ૯ મદ્રાસ હાઇ કોર્ટ રીપોર્ટસ પરીશિષ્ઠ પાનું ૨૮.
૪. ૩ મદ્રાસ હાઈ કોર્ટ રીપોર્ટસ પરિશિષ્ઠ. પાનું ૯.
૫. રેજાઇના. વિ. નોબીના ચન્દર. ૧૨ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટ પાનું. ૩૯.
૬. હિંદુસ્તાનના લો. કમીશનરોનો ૧ લો રીપોર્ટ કલમ. ૫૬૧.
૭. રેજાઇના વિ. જમસેદજી મુંબાઇ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ સને ૧૮૮૮ નું ૫૭ મું.

ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે આ કલમ પ્રમાણે સાપરાધ વિશ્વાસઘાતના ગુન્હાનો ગુન્હેગાર હતો.[1]

અલ્હાબાદમાં ચુકેલા એક કેસમાં કેદી એક સરકારી નોકર હતો. સરકારે કલકત્તાની એક પેઢીની સાથે ગાઝી નામની એક વસ્તુ દર કકડાના એક રૂપૈઓ સાડાબાર આનાના ભાવથી સરકારને બે વરસ સુધી પુરી પાડવાનો કંટ્રાકટ (કરાર) કર્યો હતો. કેદી એક સરકારી નોકર હતો, જેની ફરજ કંટ્રાકટરે પુરી પાડેલી વસ્તુ નમુના પ્રમાણે હતી એવું ખાતરી પત્ર (સરટીફીકેટ) આપવાની અને તે બદલ લહેણાં થવાં નાણાં સરકાર તીજોરીમાંથી લઇને તે કંટ્રાકટરોને આપવાની હતી. તેના ઉપર એવું તહોમત મુકવામાં આવ્યું હતું કે તેણે સરકારથી છાની તેની સાથે એક નવી ગોઠવણ કરવાને કંટ્રાકટરોને સમજાવ્યા, જે ગોઠવણની રૂઇએ સરકારને જેટલી જોઇએ તેટલી ગાઝી એક અલ્હાબાદની પેઢી પાસેથી દર કકડાના એક રૂપૈઓ છ આનાના ભાવથી તે ખરીદતો, અને સરકારની પાસેથી કંટ્રાકટનો ભાવ એટલે દર કકડાના રૂ. ૧-૧૨-૬ લેતો, અને સરકાર તીજોરીમાંથી તે રકમ મળતી એટલે જાણે કે તે આખી રકમ કલકત્તાની કંટ્રાકટરોની પેઢીને આપી દીધી છે તેમ તે જમે કરતો, જ્યારે તે ખરેખર અલ્હાબાદની પેઢીને દર કકડાના રૂ. ૧-૬-૦ના ભાવેજ માત્ર જે નાણાં થાય તે તે પેઢીને આપી દેતો, અને જે વધારો રહે તે પોતાના ખીસામા મુકતો હતો. તેમાં કોર્ટે એવું ઠરાવ્યું હતું કે "જો આવી હકીકતની સ્થિતિ સાબીત થઈ હોત "તો, તે સાપરાધ વિશ્વાસઘાતનો ગુન્હો બનત (બને છે). તેને ગમે તેવું સાંકેતીક નામ આપવામાં "આવે તોપણ, તે એક સરકારી નોકરથી બે કીંમતો વચ્ચેનો ફેર (વધારો) ચોરી લેવાનું, અને "તે ગુન્હો છુપાવવાના હેતુથી ખોટો હીસાબ બનાવવાનું, થાય છે." પરંતુ આ કેસમાં કોર્ટે એવું ઠરાવ્યું હતું કે આ કેસમાં એવી હકીકતની સ્થિતિ પુરવાર કરવામાં આવી નહોતી. એક નોકર પોતાના શેઠની તરફથી વેપારીઓનાં બીલો ચુકવે તેમાં તેની જવાબદારીના સબંધમાં ચીફ જસ્ટીસ પેથેરામે નીચે મુજબ પોતાનો અભિપ્રાય દર્શાવ્યો છે:—

"હવે જો હીસાબ ખુલ્લો હોય, અર્થાત તે એવો હીસાબ હોય કે જેની' રકમો મેળવીને તે હીસાબ "કદી નક્કી કરવામાં આવ્યો ન હોય, અને જો તે વ્યવહાર બીલમાં જે વધઘટ હોય તે જોઇને ચાકરે "કીંમતમાં ઘટાડો કરીને તે બીલ નક્કી કર્યા (બરાબર) હોય તો એ ખુલ્લું છે કે ચાકરે જે ઘટાડો "(કર્યો હોય) તે તેના શેઠને વાસ્તે તે લે છે; તેના હાથમાંના નાણાં હંમેશાં તેના શેઠની મીલકત રહે છે, "અને જો તે નાણાં તે તેના પોતાના ઉપયોગમાં લે તો તે નાંણાની તે ચોરી કરે છે, પરંતુ જો શેઠે "પોતેજ વેપારીની સાથે હિસાબ નક્કી કરીને, તેને અમુક ચોકસ રકમ આપવાની ઠરાવી હોય, અને નાણાં "(ની તે રકમ) લઇને ચાકરને વેપારીને ત્યાં મોકલે, અને તે ચાકર, તે વેપારીને તે (આખી) રકમ "આપ્યા પછી, તે વેપારીની પાસે કાંઈ ઈનામ માગે, અને પછી જો તે ઇનામ તે ચાકર લે, અને પોતાની "પાસે રાખે તો તે ચોરી કરવાનો ગુન્હેગાર નથી, કેમકે ચોરવાનો તેનો બીલકુલ ઇરાદો છે નહી; જે "માણસને નાણાં આપવાનો હક છે એવું તે માને છે તે માણસે તેને નાણાં આપેલાં છે.........અને હું "ધારતો નથી કે, ચાન્સરી કોર્ટના માત્ર ઇન્સાફી (ઇકવીટીના) નીયમ પ્રમાણે (તેણે ઇનામ તરીકે "લીધેલા નાણાનો) હીસાબ આપવાનું તેને માથે ફરજીઆત હતું એટલાજ કારણથી માત્ર, તેને સાપરાધ "વિશ્વાસઘાતના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવી શકાય."[2]

એક કોન્સ્ટેબલે તેને સોંપેલો તેના થાણાની પોલીસનો પગાર બદદાનતથી તેના પોતાના ઉપયોગમાં વાપરી ખાધો તેમાં તેને સાપરાધ વિશ્વાસઘાતના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.[3]

એક કેસમાં મ્યુનીસીપાલીટીના સત્તાવાળાઓએ એક ટટ્ટુને કામ કરવાને નાલાયક (અશક્ત) ઠરાવવાથી માજીસ્ટ્રેટે તે ટટ્ટુ એક માણસ કે જે અસાધ્ય રોગવાળાં પ્રાણીઓનું રક્ષણ કરનારી મંડળીનો પોતે સેક્રેટરી છે એમ જણાવતો હતો તે માણસને સોંપી દીધું; અને તે સેક્રેટરીએ તે ટટ્ટુને પોતાના હવા-

---

૧. રેન્જીના વિ. બારનીઝ; લો રીપોર્ટસ ૧ ક્રીમીનલ કેસીસ પાનું ૪૫.

૨. રેન્જીના, વિ. ઈમદાદખાન. ૮ અ. ૧૨૦, ૧૩૫, ૧૩૮

૩. રેન્જીના વિ. સુબદાર મીઆ, ૩ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું. ૪૪

આમાં લેવાનું કબુલ કર્યું પણ પછીથી તે ટટ્ટુને એક એકકો હાંકનારને ત્યાં વેચી દીધું તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે સેક્રેટરીએ સાપરાધ વિશ્વાસઘાતનો ગુન્હો કર્યો હતો.૧

એક થોડાજ વખત ઉપર શીતળા કાઢેલા છોકરાની માએ શીતળા કાઢનારની પાસેથી બે આના લીધા, અને એક બીજું ગામડું કે જ્યાં તે શીતળા કાઢનારને તે છોકરાનો ચેપ લેવાની જરૂર હતી તે ગામડામાં પોતાના છોકરાને લઈ જવાનું વચન આપ્યું પરંતુ પાછળથી તેણીએ પોતાના છોકરાને ત્યાં લઈ જવાની ના પાડી તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે સ્ત્રીએ આ કલમ પ્રમાણે વિશ્વાસઘાતનો ગુન્હો કર્યો નહોતો.૨

તહોમતદાર એક ધોબી હતો તેને એક લુગડું ધોવાને સારૂ સોંપવામાં આવ્યું હતું, અને તેની સાથે તેને એવી ચેતવણી આપવામાં આવી હતી કે અમુક વર્ગના માણસોને તે લુગડું પેહેરવા આપવું નહી. આવી ચેતવણી છતાં તે ધોબીએ ના કહેલા વર્ગનાં માણસને તે લુગડું પેહેરવા દીધું અને તેથી તે લુગડું તેના માલીકને નકામું થઇ પડયું તેમાં પણ તહોમતદાર આ કલમ પ્રમાણે ગુન્હેગાર બનતો નહોતો એમ ઠરાવવામાં આવ્યું હતું.૩

બે માણસોએ શરત બકી હોય, અને તે શરતમાં જીતનારાને આપવાનાં નાણાં ત્રીજા માણસને ત્યાં અનામત મુકયાં હોય, અને તે નાંણાં અનામત રાખનારે જીતનારને તે નાણાં આપવાની કબુલતથી તે નાણાં પોતાને ત્યાં રાખ્યાં હોય, અને પછી તે નાણાં (જીતનારને) આપવાની ના પાડે તો તે સાપરાધ વિશ્વાસઘાતના ગુન્હાનો ગુન્હેગાર નથી. તે નાણાં અનામત મુકનાર માણસ દીવાની દાવો કરીને તે પાછાં મેળવી શકે.૪

તહોમતદારની પાસે જે પૈસા ઉપર ફરિયાદી તેમજ બીજો માણસ દાવો કરતા હોય અને જે પૈસા ફરિયાદીના લેહેણા હોવાની તહોમતદાર ના પાડતો હોય તે પૈસા જો ફરિયાદીને આપવાની તહોમતદાર ના પાડતો હોય તો તેને સાપરાધ વિશ્વાસઘાતનો ગુન્હેગાર ઠરાવવો જોઈએ નહી. તે બીજા માણસે તહોમતદારની પાસે માગેલી રકમ વસુલ કરવાને તહોમતદારની સામે દાવો કર્યો છે તે વાત તહોમતદાર ઉપર મુકેલા સાપરાધ વિશ્વાસઘાતના તહોમતની સામે તથા તે બીજા માણસે કરેલો દાવો ખોટો દાવો હતો એવો કોર્ટના ઠરાવની સામે સંપુર્ણ જવાબ છે.૫

આવા સ્પષ્ટ અથવા ગર્ભીત સોંપણ (ટ્રસ્ટ) ના કેસમાં જો એક પક્ષકાર (તહોમતદાર) જો કે ભુલથી તો પણ પ્રમાણીકપણે, અને પોતાની ફરજો અને હકોના ભુલ ભરેલા વિચારથી વર્તે અથવા તો જે વ્યવહારમાંથી કહેવાતી સોંપણ (ટ્રસ્ટ) ઉત્પન્ન થઇ હોય તે આખા વ્યવહારની સામે શુદ્ધબુદ્ધિથી વાંધો લેવામાં આવતો હોય તો કાંઇ પણ ગુન્હા ભરેલી જવાબદારી ઉત્પન્ન થઈ શકે નહી.૬ પરંતુ જ્યાં સોંપણ અને તે સોંપણનો બદદાનત ભર્યો ભંગ બંને સ્થાપિત કરવામા આવ્યાં હોય ત્યાં મીલકતમાં તહોમતદારનું હિત રહેલું હતું એવો આ કલમ પ્રમાણેના તહોમતની સામે બચાવ કામમાં આવશે નહી; પણ જો તે હિત એવું હોય કે જેથી તે મીલકતની વ્યવસ્થા કરવાની તેની રીત વ્યાજબી ગણાય તો તેનો આવો બચાવ યોગ્ય અને પુરતો ગણાશે.૭

વિશ્વાસઘાતના ગુન્હા સંબંધી પુરાવો:—જ્યારે જે નાણાંનો તહોમતદારે ખોટો ઉપયોગ કર્યાનું જણાવવામાં આવે છે તે નાંણાં લીધાનું તહોમતદાર કબુલ કરતો હોય, પણ એવું કહીને પોતાનો બચાવ

---

૧. રેજાઇના. વિ. ગવરીશંકર. ૧૪ અલ્હાબાદ વીકલી નોટસ. પાનું. ૧૯૭.
૨. રેજાઈના. વિ. શરતાવા. રતનલાલ કૃત અન રીપોર્ટર ક્રીમીનલ કેસીસ પાનું ૫૫૭
૩. વેર કૃત લો ઓફ ઓફેન્સીઝ એન્ડ ક્રીમીનલ લો. પાનું ૨૬૯
૪. રેજાઈના. વિ. ન્ગા પો ટવે ૧ બરમા સીલેકટ જજમેન્ટસ. પાનું ૧૩૦
૫. રાજકીશોર. વિ. જેય કૃષ્ણ. ૨૮ ક. ૩૬૨.
૬. રેજાઈના. વિ. જહીર નાયક. ૨ બોમ્બે હાઇ કોર્ટ રીપોર્ટ. પાનું. ૧૩૩
૭. મેઈન કૃત ક્રીમીનલ લો.

કરતો હોય કે તે નાંણાં તેણે યોગ્ય (જેને આપવાં જોઈએ તે) માણસને આપી દીધાં છે ત્યારે તે નાણાં આપી દીધાનું સાબીત કરવાનો બોજો તેને માથે રહેતો નથી, પણ તે નાણાં તેણે આપ્યાં નથી એવું સાબીત કરવાનો બોજો ફરિયાદ પક્ષને માથે રહે છે.૧

હિસાબ આપવામાં માત્ર કસુર કરવી તે એકલું સાપરાધ વિશ્વાસઘાત નથી, પણ જો એમ જણાતું હોય કે નાણાં બદદાનતથી (છુપાવી) રાખી મુકવામાં આવ્યાં છે, અને તહોમતદારે બદદાનતથી તે પોતાના ઉપયોગમાં લીધાં છે તો આવી કસુરથી સાપરાધ વિશ્વાસઘાતનો ગુન્હો બનશે.૨

નાણાં નહી આપવાં તે અને તેની સાથે તે નાંણાં લીધાના સંબંધમાં અથવા તે વાપરવાના સંબંધમાં જુઠો હિસાબ આ ગુન્હાનો નિશ્ચયાત્મક પુરાવો છે.૩

જ્યાં પૈસા એકદમ અથવા કોઇ જુદા જુદા વખતે આપી દેવાની તહોમતદારની ફરજ હોય ત્યાં તહોમતદાર પૈસા ન આપે તે વાત, તેણે તે પૈસા ગેરવ્યાજબી રીતે પોતાના ઉપયોગમાં લીધા છે તેનો દેખીતો પુરાવો છે૪ પરંતુ આવું અનુમાન, પૈસા આપવામાં થયેલી ઢીલ ભુલી જવાથી થયેલી હતી અથવા જે માણસના પૈસા લહેણા હતા તેની સંમતીથી થયેલી હતી એવા પુરાવાથી ખોટું પડી શકે.૫

જ્યારે તહોમતદારને હિસાબ આપવા બોલાવવામાં આવે ત્યારે જો સામાન્ય રીતે સીલીકમાં ઘટાડો માલમ પડે, અને જો પુરાવાથી એવું સાબીત થાય કે આવો ઘટાડો તહોમતદારની દગલબાજી ભરેલી વર્તણુકને પરિણામે થયેલો છે તો તેટલું આ ગુન્હો સાબીત થવાને સારૂ બસ છે.૬

જે કામને સારૂ નાણાં વાપરવાનાં હતાં તે કામમાં તહોમતદારે એકદમ તે નાણાં વાપર્યા નહી તેટલીજ હકીકતથી માત્ર સાપરાધ વિશ્વાસઘાતનો ગુન્હો બનતો નથી; પરંતુ તેની સાથે (૧)દગલબાજી ભરેલા ઈરાદાની, (૨) પ્રપંચ ભરેલા હેતુથી સોંપણ (ટ્રસ્ટ) ના જાણીબુજીને કરેલા ભંગની, અને (૩) દરમીઆનમાં નાણાંના કોઈ બદદાનત ભર્યા ઉપયોગની ચોકસ સાબીતી હોવી જોઇએ; વિશ્વાસનો દીવાની રીતનો ભંગ માત્ર બસ થશે નહી.૭

ઉચાપત કરેલાં નાણાં પાછાં ભરી આપવામાં આવશે એવો તહોમતદારે ફરિયાદીની સાથે કરેલા કરારથી ફરિયાદ અટકશે નહી. ૮

એક કેસમાં તહોમતદાર ઉપર ત્રણ જૂદી જૂદી રકમોના સંબંધમાં વિશ્વાસઘાતનું તહોમત મૂકવામા આવ્યું હતું; અને જે જે રાખસો પાસેથી તે લેવામાં આવેલ તે ત્રણે રકમો બદલ એકત્ર તહોમતનામું ક. ૪૦૯ મુજબનું ફરમાવવામાં આવ્યું હતું અને તેને તે બદલ અમુક એક મુદતની સજા ફરમાવવામાં આવી હતી. તેમાં ઠરાવવામાં આવ્યું કે તેવી રીતે ચાર્જ ફરમાવવાનું કૃત્ય ગેરકાયદે નહતું પરંતુ ક્રી. ક્રી. પ્રો. ક. ૨૨૨ (૨) અને ક. ૨૩૪ ને અનુસરીને હતું.૯

આ કલમની રૂએ થયેલ ગુન્હા બદલ ક. ૬૨ મુજબ તહોમતદાર કેદમાં રહે તે દરમ્યાન તેની

---

૧. રેનાઈના. વિ. હરિદગડુ. મુંબાઇ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ સંને ૧૮૯૬ નું ૪૭ મું.

૨. રેનાઈના વિ. મરરી. ૯ અ. ૬૬૬

૩. રેનાઈના. વિ. લલિત મોહન. ૨૨ ક. ૩૬૩.

૪. રેનાઈના. વિ. જેકશન ૧ કેરીંગટન એન્ડ કરવાન પાનું ૩૮૪.

૫. રેનાઈના. વિ. ગણપત. ૧૦ મું. ૨૫૬.

૬. રેનાઇના. વિ. કેલી. ૧૭ અ. ૧૫૩.

૭. રેનાઇના. વિ. અરદેશર મેરવાનજી. મુંબાઇ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ. ૧૮૮૯ નું ૫૦ મું. રેનાઇના. વિ. ગણપત. (ઉપર)

૮. રેનાઈના. વિ. મયાન્ડ્રી, વેર કૃત લો. ઓફ. ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ. લો. પાનું ૨૭૧

૯. ઈ. લો. રિ. ૩૨ કલકતા ૧૦૮૫.

મીલકતનું ઉત્પન્ન સરકારમાં જાય તેવો હુકમ થઇ શકે નહીં એટલે કે આ કલમ મુજબ કરેલ ગુન્હાઇત કૃત્યને માટે મુજબની શીક્ષા થઇ શકતી નથી.૧

સાપરાધ વિશ્વાસઘાતની શિક્ષા.

૪૦૬. જે માણુસ સાપરાધ વિશ્વાસઘાત કરે તેને ત્રણુ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

આ કલમ મુજબ કરેલ ગુન્હાઈત કૃત્યની તપાસ દરમ્યાન એમ પુરવાર થવું જોઈએ કે તહોમતદારને સોંપેલ મીલકત પૈકી એકાદની બાબતમાં તે સંતોષકારક જવાબ આપતો નથી.૨

ભારવાહક વગેરે સાપરાધ વિશ્વાસઘાત કરવો.

૪૦૭. કોઇ સખસને ભારવાહક દાખલ અથવા ડક્કાવાળા કે વખારવાળા દાખલ કાંઇ મીલકત સોંપી હોય અને તે મીલકત બાબત સાપરાધ વિશ્વાસઘાત કરે તો તે સખસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણુ લાયક થશે.

ટીકા.—"ડક્કાવાળો," કોને કહેવો:— જે માણુસના તાબામાં ડકકો હોય અથવા જે ડકકો રાખતો હોય, અને લોકોને સોંપવાને સારૂ અથવા વહાણમાં ચડાવવાને સારૂ માલની સંભાળ રાખતો હોય તે માણુસ ડક્કાવાળો કહેવાય છે.૩

કોઇ મહેતા અથવા ચાકરે સાપરાધ વિશ્વાસઘાત કરવો.

૪૦૮. કોઇ માણુસ મહેતો અથવા ચાકર હોય અથવા કોઇને મહેતા કે ચાકર દાખલ રાખ્યો હોય અને તે દરજાની તેને કાંઈ મીલકત ઉપર અખ્તીઆર કોઇ પણુ રીતે સુંપ્યો હોય તે માણુસ તે મીલકત બાબત સાપરાધ વિશ્વાસઘાત કરે તો તે સખસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવાસાં આવશે અને વળી તે દંડને પણુ લાયક થશે,

ટીકા—"ચાકર":—આ કલમ પ્રમાણે ગુન્હો બનવાને સારૂ તહોમતદારને તેના "ચાકર"ના અધિકારમાં મીલકત સોંપેલી હોવી જોઈએ.૪ "ચાકર" શબ્દ નીચેનાં માણસોને લાગુ પડે છે, એમ ઠરાવવામાં આવ્યું છે; કોઇ વેપારી પેઢીને સારૂ મુસાફરી કરનાર, ૫ વેરો ઉઘરાવનાર, ૬ અને ગરીબો ઉપર દેખરેખ રાખનારો મદદનીશ ઓવરશીઅર.૭

"મહેતા અથવા ચાકર દાખલ રાખ્યો હોય" શબ્દો તેની આગળના શબ્દો કરતાં વધારે વિસ્તીર્ણ છે. જ્યાં કોઇ માણુસ પછી તે મહેતો અથવા ચાકર હોય કે ન હોય તો પણ, મહેતા અથવા

૧. ઈ. લો. રિ. ૨૯ અલ્હાબાદ ૨૫.
૨. બોમ્બે લો રિપોર્ટ ૨
૩. વ્હારટન્શ લો લેકસીકન.
૪. સધરલાન્ડ્ઝ વીકલી રીપોરટર. પાનું. ૧૨
૫. રેજાઈના. વિ. બેલી. ૧૨ કોકશ કૃત ક્રીમીનલ કેસીસ પાનું ૫૧
૬. રેજાઇના. વિ. આદી. ૧૯ લો જનરલ. માજીસ્ટ્રેટશ કેસીશ પાનું ૧૪૯
૭. રેજાઈના. વિ. કારપેન્ટર લો રીપોર્ટસ ૧ ક્રીમીનલ કેસીસ પાનું ૨૯.

ચાકરની ફરજો બજાવવાનું માથે લે. પછી જો કે તેણે તે ફરજો બજાવવાને કાંઈ પણ કરાર કર્યા ન હોય તો પણ અને તે ફરજો બજાવવા બદલ તે કાંઈ પણ મેહેનતાણું ન લે તો પણ તેવા સઘળા કેસને આ શબ્દો લાગુ પડે છે. દાખલા તરીકે, એક સી. એફ. નામનો માણસ એક લોકલ બોર્ડનો કારકુન હતો. તહોમતદાર તેનો છોકરો હતો, અને તેના ઓદ્ધાની ફરજોમાં તેના બાપને તે છોકરો અવારનવાર મદદ કરતો હતો, અને બોર્ડની મીટીંગો વખતે તેનો બાપ ગેરહાજર હોય ત્યારે તેને બદલે કામ કરતો હતો. બોર્ડથી અથવા તેના બાપથી તેની નીમણુક કરવામાં આવી નહોતી, અથવા બોર્ડ કે તેનો બાપ તેને પગાર આપતા નહોતા. બોર્ડના ઉપયોગને સારૂ તેના બાપની ઓફીસમાં તેને કેટલાંક નાણાં આપવામાં આવ્યાં હતાં તે તેણે ઉચાપત કર્યા "સી. એ. ફ. ના મહેતા તરીકે તેને રાખેલો હોવાથી" સી. એફ. નાં નાણાં તેને ઉચાપત કર્યા હતાં એવું તેના ઉપર તહોમત મુકવામાં આવ્યું હતું. તેમાં તેને આ કલમને મળતીજ ઇંગ્લાંડના ફોજદારી કાયદાની કલમ મુજબ ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. તે કેસમાં જસ્ટીસ બરેટે એવી ટીકા કરી હતી. કે "જે કામ એક મેહેતો પોતાના શેઠને સારૂ કરે છે, તે કામ તેના બાપને સારૂ કરવાનું અને "જે રીતે એક મેહેતો તે કામ કરે છે તેજ રીતે તે કામ કરવાનું કેદીએ માથે લીધું હતું હવે એવું "અનુમાન કરીએ કે તે કામ કરવાનું ચાલુ રાખવાનો કાંઇ પણ કરાર નહોતો પણ જ્યાં સુધી તેના "બાપની સમતીથી તે કામ તે કરતો હતો ત્યાં સુધી મેહેતાના જેવા જ પ્રમાણીકપણાથી તે કામ કરવાને "તે બંધાયેલો હતો, કેમકે તેને મેહેતા દાખલ રાખ્યો હતો."[1]

એ ધ્યાનમાં રાખવાનું છે કે જે ઉમેદવારો ભવિષ્યમાં નોકરી મળવાની આશાએ સરકારી આફીસોમાં વગર પગારે કામ કરે છે તેમનો આ શબ્દોમાં સમાવેશ થઈ જાય છે.[2]

ખાસ અમુક કામને સારૂ જો ચાકર પૈસા લે, અને તે કામને સારૂ તે પૈસાનો ઉપયોગ ન કરે, અને તે પૈસાનો હિસાબ આપવાને સારૂ જ્યારે તેને બોલાવવામાં આવે ત્યારે તે એવું જુઠું બોલે કે તેણે તે કામમાં તે પૈસા વાપર્યા છે ત્યાં તે આ કલમ પ્રમાણે સાપરાધ વિશ્વાસઘાતનો ગુન્હેગાર બને છે.[3]

એક કેસમાં એક સખસે પોતાનું કેટલૉગ (સુચિપત્ર) છાપવાને સારૂ લાકડાના કોતરકામ વાળાં વુડકટ (લાકડાનાં મોટાં છાપાં) બીજા માણુસને સોંપ્યાં અને તે બીજા માણસે તે સખસના હરિફોની પેઢીનું કેટલૉગ છાપવામાં તે વુડ-કટ વાપર્યા અથવા બીજા માણસોને તે વુડ-કટ વાપરવા દીધાં. તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે વુડ-કટનો આવો ઉપયોગ કરવો તે ગર્ભીત કરાર તોડયા બરાબર હતું, અને તેથી તહોમતદારને ગેરવ્યાજબી લાભ થયો હતો. કેમકે તેને ઓછા ખરચમાં કેટલૉગ થયું હતું અને માલીકને ગેરવ્યાજબી નુકશાન થયું હતું કેમકે તેની મીલકતનો કીંમતમાં ઘટાડો થયો હતો, અને તેટલા માટે તહોમતદારનું તે કૃત્ય સાપરાધ વિશ્વાસઘાતનો ગુન્હો થતો હતો.[4]

એક કેસમાં એક માણસને એક વેપારીએ પોતાને માટે ઑર્ડર (વરાકી) મેળવવાને રાખ્યો હતો પણ જ્યારે ત્યારે અને જ્યાં ત્યાં તેને ફાવે ત્યારે ત્યારે અને ત્યાં ત્યાં ઑર્ડરો મેળવવાની તે માણસને છુટ હતી અને જો તેની મરજી ન હોય તો ઑર્ડરો મેળવવાની તજવીજ કરવાની તેને માથે બીલકુલ ફરજ નહોતી. તેને પગારને બદલે કમીશન આપવામાં આવતું હતું. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જો કે એક બાબતમાં ફરિયાદી શીવાય બીજા કોઈ પણ માણસનું કામ નહી કરવાને તે બંધાયેલો હતો; અને ઠરાવેલી રીત મુજબ તેને પૈસા લઈને તેનો હીસાબ આપવાનો હતો તો પણ, તે એક ચાકર (નોકર) નહોતો. તેમાં ચીફ જસ્ટીસ બોવીલે નીચે મુજબ પોતાનો અભિપ્રાય દર્શાવ્યો છે:—"સઘળા આધારો (પ્રમાણ) એવું "સાબીત કરતા જણાય છે કે (ચાકર બનવાને સારૂ) એ જરૂરનું નથી કે પગારથી (મેહેનતાણું) અપાઇ

---

૧. રેજાઈના. વિ. કુલફીઝ લો. રીપોર્ટસ ૨ ક્રીમીનલ કેસીસ. પાનું ૧૫૦.

૨. રેજાઈના. વિ. પરમેશર દત ૮ અ. ૨૦૧.

૩. વોટસન. વિ. ગોલાબખાન ૧૦ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનું ૨૮.

૪. રેજાઇના વિ. કેશબચન્દ્ર ૬ કલકત્તા વીકલી નોટસ પાનું ૨૦૪.

"હોવું જોઇએ—કેમકે કમીશન (આપવામાં આવતું હોય તો તે પણ) ચાલશે—અને સઘળો (આખો) "વખત નોકરી કરવી જોઇએ, તેમજ નોકર રાખવાનું જાથુકનું હોવું જોઇએ—કેમકે તે પ્રાસંગિક (કોઈ "કોઈ વખતે) હોય, અથવા એકજ વખતને વાસ્તે હોય—(પણ તે કયારે જરૂરનું નથી કે) જો; તે વખતે 'તહોમતદારને નોકર તરીકે રાખ્યો હોય તો.'૧.

જ્યાં એક માણસ અમુક નોકરી બજાવવાનો બીજાની સાથે કરાર કરે છે, અને તે માણસે તે નોકરી બજાવવાને સારૂ પોતાના ચાકરને મોકલે ત્યાં તે ચાકર જો કે તે બીજો માણસ કે જેની નોકરી કરવાની હોય તે બીજા માણસનો થોડા વખત સુધી હુકમ માનવાને બંધાયેલો છે તો પણ તે માણસનો તે ચાકર ગણાશે નહી. ૨. દ્રષ્ટાંત. એક ભાડાની ગાડીઓ ફેરવનાર માણસ કોઈ મુસાફરને અમુક જગાએ પોતાની ગાડીમાં બેસાડી લઇ જવાનો કરાર કરે, અને પછી પોતાની ભાડાની ગાડી હાંકવાને સારૂ પોતાના નોકરને મોકલે ત્યાં જ્યાં સુધી તે મુસાફર ઠરાવેલી જગાએ પહોંચે ત્યાં સુધી તે હાંકનારો તે મુસાફરના હુકમમાં રહેવાને બંધાયેલો છે, પરંતુ તેથી તે મુસાફરનો તે ચાકર ગણાશે નહી.

મદ્રાસમાં ચુકેલા એક કેસમાં તહોમતદાર મદ્રાસ લોરેન્સ એશાઈલમ પ્રેસનો ચોપડા લખનારો હતો. અને ચોપડા લખનાર તરીકે શીલીક રાખવી તે તેની નોકરીનો એક ભાગ નહોતો. શીલીક રાખવા બદલ તેને કાંઇ મેહેનતાણું આપવામાં આવતું નહોતું, અને તે શીલીક રાખતો હતો એ વાતની તેને નોકર રાખનારાઓને ખબર નહોતી, અને (જો તેમને ખબર પડી હોત તો) તેને શીલીક રાખવા દેવાની તેઓ મંજુરી આપત નહી. પરંતુ તે પ્રેસનો સુપ્રીન્ટેન્ડેન્ટ કે જે ખરો કીલીદાર હતો તેની અને ચોપડા લખનારની વચ્ચે થયેલી ગોઠવણની રૂઈએ તે તહોમતદારે કીલીદારની ફરજો પોતાને માથે લીધી હતી, અને સાત વરસ સુધી કીલીદારની ફરજો અદા કરી હતી તેના ઉપર આ કલમ પ્રમાણે સાપરાધ વિશ્વાસઘાતનું તહોમત મુકવામાં આવ્યું હતું. ચીફ જસ્ટીસ સ્કોટલાન્ડે, ઑારીસમાં લાંબા વખત સુધી તેણે કરેલું કામ ધ્યાનમાં લઇને તહોમતદારે તેની બીજી ફરજો ઉપરાંત કીલીદારની ફરજ પોતાને માથે લીધી હતી કે નહી, અને તે ઓદ્ધાની રૂઇએ તેને મળેલાં નાણાં બદલ કીલીદાર તરીકે હીસાબ આપવાની જવાબદારી તેણે ધારણ કરી હતી કે નહી તે હકીકતનો સવાલ જ્યુરીના નિર્ણયને માટે રહેવા દીધો.

"આવા દરજ્જાથી **કોઇ પણ રીતે** (અખત્યાર) સોંપ્યો હોય" તે શબ્દો તરફ ધ્યાન ખેંચીને તેણે કહ્યું કે તે શબ્દો એવું બતાવતા હતા કે જે કેસમાં, ખરેખરી રીતે, ચાકરે ચાકર તરીકે પૈસા લીધા હોય તે કેસમાં આ કલમનો ઉદાર (વિસ્તીર્ણ) રીતે અર્થ કરવાની કાયદા બાંધનાર મંડળની ઈચ્છા હતી.૩

કોઇ સરકારી નોકરે અથવા સરાફે વેપારીએ કે આડતીઆએ સાપરાધ વિશ્વાસઘાત કરવો.

૪૦૯. કોઈ માણુસને તેના દરજ્જાથી સરકારી નોકર દાખલ અથવા તેના ધંધાસર તેનો સરાફ વેપારી કે કોઠીદાર દલાલ વકીલ કે આડતીઆ દાખલ કાંઈ મીલકત અથવા કાંઈ મીલકત ઉપર અખ્તીઆર કોઇ પણ રીતે સોંપ્યો હોય તે માણુસ તે મીલકત બાબત સાપરાધ વિશ્વાસઘાત કરે તો તેને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશવરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

---

૧. રેજાઈના વિ. નીગશ, લો રીપોર્ટસ ૨ ક્રીમીનલ કેસીસ પાનુ ૩૪, પાને ૩૬ મે; રેજાઇના. વિ. બાવરસ લો રીપોર્ટસ ૧ ક્રીમીનલ કેસીસ પાનું ૪૧.

૨. રેજાઇના વિ. હેડન. ૬ કેરીંગટન એન્ડ પેન પાનું ૪૪૫.

૩. રેજાઇના. વિ. વેનન્ત. ૩ જી મદ્રાસ સેશન્સ સને ૧૮૬૯.

ટીકા:—આ કલમ પ્રમાણે ગુન્હો બનવાને સારૂ એ જરૂરનું નથી કે મીલકત સરકારની હોવી જોઇએ, પરંતુ તે મીલકત કોઈ સરકારી નોકરને તેના તે હોદ્દાની રૂઇએ સોંપેલી હોવી જોઇએ.૧

એક કેસમાં રેકર્ડ રૂમના એક કારકુન ઉપર એવું તહોમત મુકવામાં આવ્યું હતું કે અમુક દસ્તાવેજ જે એક અરજદારને મળી શકે તેવો હતો પરંતુ સ્ટામ્પ સાથે અરજ રજુ થયા વગર તે ગણી શકે તેમ નહતો તે છતાં તહોમતદારે તે વગર અરજે તેને સ્વાધીન કરી દીધો તે ઉપરથી તેને આ કલમ મુજબ ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.૨

જ્યાં એક મંદિરનો ટ્રસ્ટી અથવા વહીવટદાર મંદિરનાં ઘરેણાંનો ખોટો ઉપયોગ કરે ત્યાં તે ૪૦૮, ૪૦૯ અને ૪૦૫ કલમો પ્રમાણે સાપરાધવિશ્વાસઘાતના ગુન્હાનો ગુન્હેગાર છે, અને ૩૮૦, ૩૮૧ અને ૪૫૭ કલમો પ્રમાણેના ગુન્હાનો ગુન્હેગાર નથી.૩

ઇંડીયન કંપનીઝ આકટ મુજબ રજીસ્ટર થયેલી એક બેન્કીંગ કંપનીના ડાયરેકટરો, કે જેઓ નફો ન હોય તો ડીવીડેન્ડ (વ્યાજ) નહી આપવાને બંધાયેલા છે તેઓએ જ્યારે કંપનીમાં કાંઈ પણ નફો નહોતો તે વખતે ડીપોઝીટો (લોકોએ જમે મુકાવેલી રકમો) માંથી વ્યાજ વહેંચ્યું તેમાં તેઓને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા, કેમકે તેમ કરીને, જે લાભ મેળવવાને લોકો (શેર-હોલ્ડરો) હકદાર નહોતા તે લાભ, તેમણે તે લોકોને અપાવ્યો હતો, અને ડીપોઝીટ મુકનારાઓને ગેર-વ્યાજબી નુકશાન કર્યું હતું.૪ પરંતુ જે અમલદારો ડાયરેકટરોની હાથ નીચેના હોય તેઓને આવા કેસમાં મીલકત સોંપેલી ગણાશે નહી, પણ જો ડીપોઝીટમાંથી વ્યાજ આપવાના કાવતરામાં તેઓ ડાયરેકટરોની સાથે સામેલ થાય તો તેઓ આ કલમ અને ૧૦૯ મી કલમ મુજબ ગુન્હેગાર થશે.૫

જ્યાં એક કોર્ટના ઈન્સ્પેકટરે (પોતાની પાસે રાખવાનું) સરકારી નાણું ગેરવ્યાજબી રીતે એક કોન્સ્ટે-બલના હવાલામાં સોંપ્યું; (અને કદાચ તે નાણાં ઉચાપત થાય તો પોતાની જાતને નુકશાનમાંથી બચાવ-વાને સારૂ ખાનગી રીતે તે કોન્સ્ટેબલની પાસેથી જામીન લીધા) અને પછી તે કોન્સ્ટેબલે બદદાનતથી તે સરકારી નાણું તેના પોતાના ઉપયોગમાં વાપરી ખાધું ત્યાં, જો કે પાછળથી તે નાણું તેણે પુરેપુરૂં ભરી આપ્યું તો પણ એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે કોન્સ્ટેબલ આ ૪૦૯ મી કલમ પ્રમાણે નહી, પરંતુ ૪૦૮ મી કલમ પ્રમાણે ગુન્હેગાર થતો હતો.૬

નાયબ-નાઝર આ કલમના અર્થની અંદર આવી જાય તેવી રીતે સરકારી નોકર છે અને નાજરનો માત્ર ખાનગી નોકર નથી.૭

કઇ રીતે સોંપણ (ટ્રસ્ટ) ઉત્પન્ન થશે તે રીત આ કલમથી મર્યાદિત થતી નથી, ખાસ અમુક હુક-મથી ટ્રસ્ટ ઉત્પન્ન થઇ શકે અથવા સરકારી અધિકારીની યોગ્ય ફરજનો તે એક ભાગ હોવાના સબબથી પણ ટ્રસ્ટ ઉત્પન્ન થઇ શકે. દાખલા તરીકે, જે કારકુનને ઑફીસમાં સ્ટાંપનો વહીવટ સોંપ્યો હોય તે જો સ્ટાંપ ઉચાપત કરી જાય તો આ કલમ પ્રમાણે ગુન્હેગાર થશે.૮

આડતીયા તરીકે સાપરાધ વિશ્વાસઘાત કરવાના ગુન્હાની તપાસમાં એવું સાબીત થયું હતું કે જે રકમોનો ખોટો ઉપયોગ કરેલો (ઉચાપત કરેલી) જણાવવામાં આવતો હતો તે રકમો કેવી રીતે મુખ્ય

---

૧. રેજાઇના. વિ. રામસુંદર પોદર. ૨ કલકત્તા લો રીપોર્ટસ પાનું ૫૧૫.
૨. ઈ. લો. રિ. ૨૭ અલ્હાબાદ ૨૬૦.
૩. રેજાઇના. વિ. મુથુસામી ૯ મદ્રાસ લો જનરલ પાનું ૧૪.
૪. એમ્પ્રેસ. વિ. મોસ. ૧૬ અ. ૮૮.
૫. એમ્પ્રેસ વિ. મોસ. (ઉપર)
૬. રેજાઈના. વિ. બેની માધવ. ૮ સધરલાન્ડ વીકલી રીપોર્ટર પાનું ૧.
૭. રેજાઇના. વિ. મહમુદ હુસેન ૨ નોર્થ-વેસ્ટ પ્રોવીન્સીસ રીપોર્ટસ પાનું ૨૯૮.
૮. રેજાઇના. વિ. રામધન. ૧૩ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૭૭.

ધણીને અથવા તેને હિસાબે બીજા લોકોને આપવામાં આવી હતી તેવું બતાવનારો હિસાબ તહોમતદારે તેના મુખ્ય ધણી (Principal) ને આપ્યો હતો, અને ફર્યાદ પક્ષ તરફથી એવું સાબીત કરવાને સારૂ કાંઇ પણ પુરાવ આપવામાં આવ્યો નહોતો કે હિસાબ લખ્યા પ્રમાણે અને બતાવ્યા પ્રમાણે રકમો આપવામાં આવી નહોતી તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે કાંઇ પણ વિશ્વાસઘાત થયાનો બીલકુલ પુરાવો નહોતો, અને તહોમતદારે તેના મુખ્ય ધણીને નાણાં આપ્યાં હતાં એવું સાબીત કરવામાં તે નિષ્ફળ ગયો એટલાજ કારણથી પુરાવનો બોજો તહોમતદાર ઉપર મુકવો, અને તેને ગુન્હેગાર ઠરાવીને સજા કરવી તે ગેરકાયદેસર હતું.૧

સાપરાધ ખોટા ઉપયોગની સ્પષ્ટ સાબીતી વગર, મીઠામાં ઘણી ઘટ પડેલી હોવાની વાત માત્ર મીઠાના જે દારોગાના હવાલામાં (મીઠાના) ગોળા હોય તે દારોગાને આ કલમ પ્રમાણે સાપરાધ વિશ્વાસઘાતના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવવાને પુરતી નથી.૨

તહોમતદાર ઢોરોના ડબાનો રખેવાળ હતો તેણે પોતાના હવાલામાંની પાંચ ભેંસો બદલ રૂ. ૫) લીધા પરંતુ તે ઢોરના માલીકને તેણે ફક્ત ચાર રૂપીઆનીજ પહોંચ આપી, અને તેના હિસાબના ચોપડામાં પણ ફક્ત ચાર રૂપીઆ જમે કર્યા, પણ પાછળથી હિસાબ ચેરીને ખરી રકમ એટલે રૂ. ૫) જમે કર્યા તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું, કે તહોમતદારને આ કલમ અને ૫૨૧ મી કલમ મુજબ ગુન્હેગાર ઠરાવવો જોઇતો હતો. ૩.

એક કેસમાં એવું ઠરાવવામાં આવેલું છે કે જે માણસના ઉપર આ કલમ પ્રમાણે તહોમત મુકવામાં આવેલું હોય તે માણસને, તેના હિસાબમાં સામાન્ય (એકંદર) ઘટની સાબીતી ઉપરથી આ કલમમાં જણાવેલા ગુન્હા બદલ કાયદેસર રીતે ગુન્હેગાર ઠરાવી સજા કરી શકાય, અને ખાસ અમુક રકમો લઇને તેનો હિસાબ નહી આપવાનું તેના ઉપર તહોમત મુકીને તે સાબીત કરવું જોઇએ એ જરૂરનું નથી. ૪.

તહોમતદાર કેન્ટોન્મેન્ટ (કાંપના) માજીસ્ટ્રેટની કોર્ટનો નાજર હતો. તેના હવાલામાં જે સરકારી નાણું હતું તેમાંથી રૂ. ૫૨–૬–૩ ગુન્હેગારી ભરેલી રીતે ઉચાપત કરી જવા બદલ તેને ગુન્હેગાર ઠરાવી સજા કરવામાં આવી હતી તે કેસમાં એવું માલમ પડયું હતું કે આ પૈસા સરકારને પાછા આપવાનો તેનો ઈરાદો હતો, વળી એવું પણ માલમ પડયું હતું, કે ચોપડામાં હિસાબ બરાબર ખરો રાખવામાં આવ્યો હતો, અને લાંબા વખતથી તે આફીસના અમલદારોમાં એવો રીવાજ માલમ પડતો હતો કે તહોમતદારની પાસે જે રોકડ સીલીક રહેતી હતી તેમાંથી તે ઑફીસના અમલદારો સામાન્ય રીતે પરસ્પરના સ્નેહ ભાવને લીધે તેમને જોઇએ તે પ્રમાણે નાણાં અગાઉથી લેતા હતા, અને જ્યારે તીજોરીમાંથી તેઓ પોતાનો પગાર લેતા ત્યારે તે અગાઉથી લીધેલા નાણાં વાળતાં હતાં, અને એવું પણ જણાતું હતું કે જે વખતે સીલીકમાં ઘટ પકડવામાં આવી તે વખતે તહોમતદારે આ પ્રમાણે કેટલાક અમલદારોને અગાઉથી નાણાં આપ્યાં હતાં. જ્યારે કેન્ટોન્મેન્ટ માજીસ્ટ્રેટે ખુટતાં નાણાં પુરાં કરી આપવાનો હુકમ કર્યો ત્યારે તહોમતદારે તે નાણાં પુરાં કરી આપ્યાં હતાં તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તહોમતદાર આ ગુન્હાનો ગુન્હેગાર નહોતો કેમકે ૪૦૫ મી કલમના અર્થની અંદર આવી જાય તેવી રીતે કાંઈ પણ બદદાનત ભર્યો ખોટો ઉપયોગ અથવા તેને કામે લગાડવું હતું નહી. ૫.

એક નાયબ–હાઝરને કેટલાક ખોરાકીમાં આપવાના પૈસા મળ્યા તે પૈસાનો કાંઈક ભાગ તેની પાસે ખરચાયા વગર પડી રહ્યો હતો, તેના સંબંધમાં તેને પુછતાં તેણે તે પૈસા મળ્યાનું કબુલ કર્યું અને વધેલી

---

૧. રેજાઈના. વિ. રામચન્દ્ર મુંબાઈ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ. ૧૮૯૬ નું ૨૭ અ
૨. રેજાઇના. વિ. બ્રીન બાધુર પ. સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૨૧.
૩. રેજાઈના. વિ. ભુલા રતનલાલ કૃત અનરીપોર્ટેડ ક્રીમીનલ કેસીસ પાનું ૬૩૨.
૪. બુધુ. વિ. બાબુલાલ. ૧૮ અ. ૧૧૬; રેજાઇના. વિ. કેલી ૧૭ અ. ૧૫૩.
૫. એમ્પ્રેસ. વિ. ઈમામદીન. ૩ પંજાબ લો. રીપોર્ટસ. પાનુ ૧૫૭.

રકમ એકદમ આપી દીધી, તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેણે સાપરાધ વિશ્વાસઘાતનો ગુન્હો કર્યો નહોતો. ૧

એક કેસમાં ચોખાનો કોઇ વેપારીએ મોકલેલો અમુક માલ ગોદીમાં ન ધણીઆતો (કોઇએ તેના ઉપર હક દર્શાવ્યા વગર) પડી રહ્યો અને તે બારા (બંદર)ના કમીશનરોએ તે માલ જાહેર હરરાજીથી વેચી નાંખવાનાં જાહેરનામાં કાઢયાં, પરંતુ તે ચોખા હરાજ કરવામાં આવ્યા તે પહેલાં તે સડી ગયેલી સ્થિતિમાં માલમ પડયા હતા. તે ચોખાને રદ બાતલ ઠરાવવામાં આવ્યા હતા, અને બારાના કમીશનરોની સંમતીથી કલકત્તાની કોરપોરેશનના તનદુરસ્તી ખાતાના અમલદારોએ તે ચોખા પકડીને તેને નાશ કરવાનો હુકમ કર્યો હતો. તહોમતદારો કે જેઓ તનદુરસ્તી ખતામાં નોકરીએ રહેલા ઇન્સપેકટરો હતા તેમણે તે ચોખાનો નાશ કરવાને બદલે તે ચોખા વેચી નાખ્યા, અને તેમાં ઉપજેલા પૈસા પોતાની પાસે રાખ્યા. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તનદુરસ્તી ખાતાના સુપ્રીન્ટેન્ડેન્ટે તે ચોખા તહોમતદારોને નાશ કરવાને સારૂ સોંપ્યા હતા. એવું અનુમાન કરી લઇએ તો પણ તેઓએ સરકારી નોકરો તરીકે સાપરાધ વિશ્વાસઘાતનો ગુન્હો કર્યો નહોતો. વળી કોર્ટે સાથે સાથે (semble) એવો પણ અભીપ્રાય દર્શાવ્યો હતો કે જો કે ખાતાનો નીયમ તોડવાના તેઓ ગુન્હેગાર હોય, તોપણ પીનલકોડ પ્રમાણે તેઓએ કાંઇ પણ ગુન્હો કર્યો નહોતો. ૨

એક કેસમાં એક ગામડાના અમલદારો કે જેઓને સરકારી જમાબંદીના ભરણામાં પૈસા લેવાનોજ માત્ર અધીકાર હતો તેઓએ રૈયત પાસેથી ભરણામાં દાણા લીધા અને ખાનગી ગોઠવણથી તેઓએ એવું કબુલ કીધું કે તે (ની કીંમત) ને એટલા પૈસા ગણવામાં આવશે. પાછળથી તેઓએ આ દાણા પોતાના ઉપયોગમાં લીધા; તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેઓને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી શકાય નહી, કેમકે આ કલમ પ્રમાણે ગુન્હો બનવાને સારૂ સરકારી નોકરને સોંપેલી મીલકત એવી મીલકત હોવી જોઈએ કે જે સરકારી નોકર તરીકે લેવાને તેને અધીકાર હોય.૩

મુંબાઈમાં ચુકેલા એક કેસમાં તહોમતદારે રેવન્યુ ખાતાના પટેલના પોતાના હોદ્દાની રૂઇએ અમુક મંદીરોમાં અપાતાં વર્ષાસનને માટે નાની નાની નાણાંની રકમો સરકારી તીજોરીમાંથી લીધી, અને તે નાણાં લેવાને જે લોકો હકદાર હતા તે લોકોને તેણે એકદમ તે રકમો આપી દીધી નહી, કે જેમ કરવાને તે બંધાયેલો હતો, પરંતુ એવું જણાતું હતું કે તે લોકો (તેની પાસે પૈસા રહેવા દઇ) તેના ઉપર ભરોંસો રાખવાને ખુશી હતા, અને ખરેખર તે લોકોએ પહોંચો સુદ્ધાંત પણ આપી હતી, કે જે પહોંચો તે તહોમતદારે રેવન્યુ (મુલ્કી) સત્તાવાળાઓ તરફ મોકલાવી દીધી હતી. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે સરકારે તેનામાં મુકેલો વિશ્વાસ તેણે પરીપુર્ણ કર્યો હતો, અને થોડા વખતને વાસ્તે પૈસા માત્ર રાખવા તેથી, બદદાનતથી કાંઈ પણ પુરાવની ગેરહાજરીમાં સાપરાધ વિશ્વાસઘાતનો ગુન્હો થતો નહોતો.૪

એક કેસમાં રેકર્ડ રૂમના એક કારકુન ઉપર એવું તહોમત મૂકવામાં આવ્યું હતું કે અમુક દસ્તાવેજ જે એક અરજદારને મળી શકે તેવો હતો પરંતુ સ્ટામ્પ સાથે અરજ રજુ થયા વગર તે ટાળી શકે તેમ નહતો તે છતાં તહોમતદારે તે વગર અરજે તેને સ્વાધીન કરી દીધો તે ઉપરથી તેને આ કલમ મુજબ ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.૫

ચોરીની મીલકત લેવા બાબત.

૪૧૦. જે મીલકતનો કબજો ચોરીથી અથવા જબરાઇના કઢાડવાથી અથવા અપહરણથી એકની પાસેથી બીજાની પાસે ગયો

---

૧. રેજાઇના. વિ. રામાજી ૨ સેન્ટ્રલ પ્રોવીન્સીસ રીપોર્ટસ પાનું ૧૬૧.

૨. રેજાઈના. વિ. વીલકીન્સન ૨ કલકત્તા વીકલી નોટસ પાનુ ૨૧૬.

૩. ૪ મદ્રાસ હાઇકોર્ટ રીપોર્ટ પરીશીષ્ટ. પાનું ૩૨.

૪. રેજાઈના. વિ. ગણપત તાપીદાસ ૧૪ મુ. ૨૫૬.

૫. ઇ. લૉ. રિ. ૨૭ અલ્હાબાદ. ૨૯૦.

ચોરીની મીલકત. હોય તે મીલકત તથા જે મીલકતનો સાપરાધ ખોટો ઉપયોગ થયો હોય અથવા જે બાબત સાપરાધ વીશ્વાસઘાત થયો હોય તે મીલકતનું નામ ચોરીની મીલકત પાડયું છે પછી બ્રીટીશ ઇંડીઆની માંહે અથવા બહાર તે કબજો એકની પાસેથી બીજાની પાસે ગયો હોય અથવા તે સાપરાધ ખોટો ઉપયોગ અથવા વીશ્વાસઘાત થયો હોય તોપણ અગર તે મીલકત જે શખસનો પોતાના કબજામાં લેવાનો કાયદા મુજબ હક હોય તેવા કોઇ શખસના કબજામાં પાછળથી આવે તો પછી તે ચોરીની મીલકત સમજવી નહી.

ટીકા.—ચોરીની મીલકત " કોને કહેવીઃ—" ચોરીની મીલકત " ચોરી જબરાઈથી કઢાવવું, અપહરણ, સાપરાધ ખોટો ઉપયોગ, અથવા સાપરાધ વિશ્વાસઘાત આ પાંચમાંથી કોઇપણ ગુન્હો કરીને તેના માલીકની પાસેથી લીધેલી હોવી જોઇએ; અને આ પાંચમાંથી કોઈપણ ગુન્હો થયાને પરીણામે કોઇ માણસના કબજામાં આવેલી તે હોવી જોઇએ, પછી તે ગુન્હો બ્રીટીશ હિંદુસ્તાનની અંદર થયો હોય કે બ્રીટીશ હિંદુસ્તાનની બહાર થયો હોય તેની કાંઇ ફીકર નહી. જે મીલકત બીજો કોઇ પણ ગુન્હો કરીને દાખલા તરીકે ખોટા દસ્તાવેજ બનાવીને ૧ અથવા ઠગાઇ કરીને, ગેરકાયદેસર રીતે મેળવવામા આવી હોય તે મીલકત ચોરીની મીલકત થશે નહી.

જે ચોરીની મીલકત લેવામાં આવી હોય તે જે મીલકત ચોરાયેલી હોય તેની તેજ વાસ્તવિક રીતે હોવી જોઈએ. તેને બદલે તે મીલકત (બદલેલા રૂપમાં) ચાલશે નહી. દાખલા તરીકે જો ઘેટું ચોરાયું હોય તો ગુન્હેગારી ભરેલી જાણ સાથે તેનું માંસ રાખવું તે ચોરીની મીલકત રાખેલી ગણાશે. ૨ જો ઘરેણાંની ચોરી થઈ હોય તો તે ઘરેણાંના હીરા રાખનાર તેમજ તે ઘરેણાનું સોનું રાખનાર બંને ચોરીની મીલકત રાખ્યાના ગુન્હેગાર થશે; પરંતુ જો તે ઘરેણાંના સોનાને ગાળી નાખીને તેની રણી પાડવામાં આવી હોય તો તે રણી રાખનાર ચોરીની મીલકત રાખવા બદલ ગુન્હેગાર થશે નહી. ૩

ખોટા બનાવેલા મનીઑર્ડરના લીધેલા પૈસા, ૪ અથવા ચોરેલા ચેકનાં લીધેલાં નાણું, અથવા ચોરેલી બેન્ક–નોટને વટાવીને લીધેલા રોકડા રૂપીઆ ચોરેલી મીલકત ગણાશે નહી. ૫ કેમકે ચોરેલી મીલકતનું રૂપાંતર કરવાથી જે મીલકત થાય, અથવા ચોરેલી મીલકત આપીને તેને બદલે જે મીલકત લીધી હોય તે ચોરીની મીલકત થતી નથી.

કોઇ ખરીદદારે ચોરની પાસેથી ચોરીની મીલકત શુદ્ધબુદ્ધિથી વેચાણ રાખવાથી પણ તે વેચાણ રાખેલી વસ્તુ ઉપર કબજો રાખવાનો તેને કાયદેસર હક મળતો નથી. ૬ પરંતુ જો ચોરેલા રૂપીઆનું ચોરને શુદ્ધબુદ્ધિથી પરચુરણ આપવામાં આવ્યું હોય, અથવા ચોરાયેલી બેન્ક નોટના શુદ્ધબુદ્ધિથી રોકડા રૂપીઆ આપવામાં આવ્યા હોય, અથવા હંમેશના લે આપના વ્યવહારમાં તે રૂપીઆ અથવા તે નોટો શુદ્ધબુદ્ધિથી લેવામાં આવ્યાં હોય, તો તે વ્યવહાર વેચાણનો વ્યવહાર નથી, અને તે નોટો અથવા નાણાં રાખનારને તેના ખરા માલીકની સામે તેનો કાયદેસર રીતે કબજો રાખવાનો હક છે. ૭

---

૧. રેજાઈના. વિ. મનમોહનરોય, ૨૪ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનુ ૩૩.
૨. કોવેલસકેસ ૨ ઈસ્ટકૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન પાનુ ૬૧૭.
૩. રેજાઈના. વિ. સુભાચંદ. પંજાબ રેકર્ડઝ ૧૮૮૧ નું ૩૯ મુ.
૪. રેજાઈના. વિ. મનમોહનરોય ૨૪ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનુ ૩૩.
૫. રેજાઈના. વિ. વીકલી. ૪ કેરીંગટન એન્ડ પેન પાનું ૧૩૨.
૬. હિન્દુસ્તાનનો કરારનો આક્ટ (૧૮૭૨ નો આક્ટ ૯ મો) કલમ ૧૦૮ દ્રષ્ટાંત અ.
૭. રેજાઈના. વિ. જોગેસર મોચી. ૩ ક. ૩૭૯.

ખરેખરો ચોર કોણ હતો તે સાબીત કરવાની જરૂર નથી, અને તહોમતનામું મુકવામાં આ એ માલ ચોર્યો હતો, અને તેની પાસેથી કેદીએ તે માલ રાખ્યો હતો એવું જણાવવું ડહાપણ ભરેલું નથી, કેમકે જો એવું સાબીત થાય કે તેણે આ ની પાસેથી માલ રાખ્યો નહોતો, અથવા તો આ ચોર ન હોય તો તો કેદીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો ઠરાવ કરવો પડશે.૧ પરંતુ એ બતાવવું જરૂરનું છે કે માલીકના કબજાની અને મીલકત રાખનારના કબજાની વચ્ચે દરમીઆનમાં કોઇનો પણ ગુન્હેગારી ભરેલો કબજો હતો.૨ આ દરમીઆનનો ગુન્હેગારી ભરેલો કબજો ઘણીજ ચોકસ રીતે સાબીત કરવો જોઇએ. મુખ્ય ગુન્હેગાર માણસ ગુન્હો કબુલ કરે તોપણ તેથી ચોરીની મીલકત રાખનાર માણસ (બીજા સ્વતંત્ર પુરાવા વગર) ગુન્હેગાર બનતો નથી.૩

ચોરીની મીલકત બદદાનતથી લેવી.

૪૧૧. કોઈ માણસ બદદાનતથી કાંઈ ચોરીની મીલકત લે અથવા રાખે, અને તે ચોરીની મીલકત છે એમ તે જાણતો હોય અથવા એમ માનવાનું તેને કારણ હોય તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—આ કલમ પ્રમાણેનો ગુન્હો બનવાને સારૂ ત્રણ તત્વો જરૂરનાં છે:—(૧) મીલકત ચોરેલી મીલકત હોવી જોઇએ; તે મીલકત ચોરીની મીલકતનું રૂપાંતર થયેલી, અથવા તેને બદલે બીજી મીલકત હોવી જોઇએ નહી;૪ (૨) તે મીલકત બદદાનતથી લીધેલી અથવા રાખેલી હોવી જોઈએ; (૩) અને તે ચોરીની મીલકત હતી એવું તહોમતદાર જાણતો હોવો જોઇએ, અથવા તેમ માનવાને તેને કારણ હોવું જોઇએ. ૫

" મીલકત લે ":—" જ્યારે માલ ચોરાયો છે એવું જાણીને કોઇ માણસ કાંઈ ખોટા હેતુને સારૂ " તે માલનો કબજો મેળવે–ત્યારે આકટના અર્થની અંદર (આવી જાય તેવી રીતે) તે લેવું છે તે માલમાં " તેનું કાંઈ પણ માલકીપણું હોવાનો તે દાવો રાખે છે કે કેમ તે બીન જરૂરનું છે.''૬ જો છુપાવી રાખવાના કારણસર અથવા ચોરને મદદ કરવાને સારૂ કેદી મીલકત પોતાના કબજામાં લે તો, જો કે તે પોતાને માટે કાંઇ પણ લાભ કે ફાયદો મેળવવા માગતો ન હોય તો પણ, તે પુરતુ " લેવું " થશે.૭

જ્યાં સુધી ચોરેલો માલ તહોમતદારના કબજામાં અથવા દાબ તળે ન આવ્યો હોય ત્યાં સુધી તે માલ લીધેલો કહી શકાય નહી. જ્યાં સુધી ત્રીજા માણસનો વિરૂદ્ધ કબજો વચમાં હોય ત્યાં સુધી " લેવું" અપુર્ણ રહે છે. દાખલા તરીકે, એક કેસમાં કેદીએ એક ભાર વાહકની ઑફીસમાં એક પાર્સલ પોતાને મળવાની માગણી કરી જે પાર્સલમાં તે જાણતો હતો કે ચોરેલો માલ હતો, અને તે પાર્સલ તેને દેખાડવા ઉપરથી તે પાર્સલ પોતાનું હોવાનો તેણે હક બતાવ્યો, જે ઉપરથી (તેને પાર્સલ સોંપવામાં આવ્યું તે પહેલાં) તેને તુરતજ કેદ પકડવામાં આવ્યો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેણે ચોરેલો માલ (તે

---

૧. એલ્સ વર્સીઝકેસ. ૧ લેવીન્સ ક્રાઉન કેસીસ પાનું ૧૧૭.

૨. રેકસ. વિ. કોર્ડી. ૨ રસેલકૃત ક્રાઈમ્સ એન્ડ મીસડીમીનર્સ પાનું ૧૧૭; ઈશાનમુચી વિ. રેજાઇના. ૧૫ ક. ૫૧૧.

૩. રેજાઈના. વિ. ટરનર. ૧ મુડીઝ ક્રાઉન કેસીસ રીઝવર્ડ પાનું ૩૪૭.

૪. રેજાઈના. વિ. મનમોહનરોય (ઉપર); રેજાઈના. વિ. સુભાચંદ. (ઉપર)

૫. રેજાઈના. વિ. બાલીઆ સોમીઆ. ૧૫ મુ. ૩૬૯.

૬. રેજાઈના વિ. વાઇલી ૨૪ લૉ જનરલ માજીસ્ટ્રેટસ કેસીસ પાનું ૪.

૭. રેજાઇના. વિ. ડેવીસ. ૬ કેરીંગ્ટન એન્ડ પેન. પાનું ૧૭૭

પાર્સલ) લીધો નહોતો.૧ તેજ પ્રમાણે એક ઘડીયાળી કોઇ ચોરની સાથે તેણે ચોરેલી વેચાતી ઘડીયાળ લેવાની સાંજગડ કરતો હોય તે વખતે તેને પકડવામાં આવ્યો હોય તો તે ચોરીનો માલ "લીધા"નો ગુન્હેગાર થશે નહી, અને ઘડીયાળીએ તે ઘડીયાળ જોવાને સારૂ પોતાના હાથમાં લીધું હોય તો પણ, જો તે ઘડીયાળ ઉપરનો દાબ અને સોદો ન બને તો તે ઘડીયાળ પાછી લેવાનો હક ચોરનોજ હોય તો, તેથી કાંઇ ફેર પડતો નથી. ૨

જો ચોરેલી મીલકતનો કબજો અથવા તે ઉપરનો દાબ અસલ લેનારનો ચાલુ હોય તો, તે અસલ લેનારને તે લીધી હોય તેમાં ખુશી બતાવવી અથવા પસંદગી બતાવવી તે પસંદગી અથવા ખુશી બતાવનાર માણસે તે લીધેલી ગણાશે નહી.૩ તેજ પ્રમાણે તહોમતદારે જે જગા તેની પોતાની નહોતી તે જગામાં છુપાવેલી ચોરીની મીલકત બતાવી તે વાત માત્ર તેને ગુન્હેગાર બનાવવાને વાસ્તે પુરતો પુરાવ નથી.૪

ચોરીની મીલકત લેવાનો ગુન્હો બનવાને સારૂ એવી કાંઈક પણ સાબીતી હોવી જોઇએ કે તહોમતદારના કબજામાં તે મીલકત આવી તે પેહેલાં તે મીલકત ઉપર તહોમતદાર સિવાય બીજા કોઇ માણસનો કબજો હતો. ૫

જો કોઇ માણસે ચોરીની મીલકતનો કબજો પ્રમાણીકપણે લીધો હોય, પણ પાછળથી તે ચોરાયેલી મીલકત હતી એવું તેને માલમ પડયા પછી તેણે તે મીલકત રાખી હોય તો તેણે તે મીલકત બદદાનતથી રાખવાનો ગુન્હો કરેલો ગણાશે. ૬

કબજો:—નજીવી કીંમતની ચોરેલી વસ્તુઓનો કબજો માત્ર એવું અનુમાન બાંધવાને ટેકો આપતો નથી કે તે વસ્તુઓ ડાકાઇટીમાં મેળવેલો માલ હતો એવું તહોમતદાર જાણતો હતો અથવા જે માણસ ડાકાઇટી કરનારો છે એવું તે જાણતો હતો અથવા માનતો હતો તેવા માણસ પાસેથી તેણે તે વસ્તુઓ લીધી હતી. ૭

જ્યાં આજુબાજુની હકીકત ઉપરથી એવું અનુમાન ઉત્પન્ન થતું ન હોય કે મીલકત ચોરીની છે એવું જાણીને તહોમતદારે તે વસ્તુઓ રાખી હતી ત્યાં અમુક મીલકત તે તહોમતદારના કબજામાં છે અને તે મીલકત તેના કબજામાં શી રીતે આવી તે બાબત તે ખુલાસો કરી શકતો નથી એટલાજ કારણસર તેને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી શકાય નહી.૮

જ્યારે કોઈ ચોરેલી મીલકત ચોરીની મીલકત છે એવી જાણ સાથે કોઇ માણસ રાખે તે પહેલાં તે ચોરીની મીલકતનો કબજો તે મીલકતના માલીકે પાછો મેળવેલો હોય તો ચોરીનો માલ રાખ્યાનો ગુન્હો બની શકે નહી.૯

જે મીલકત તેના માલીકની પાસેથી ચોરાયેલી હોય તે મીલકતનો કબજો સામાન્ય રીતે વધુમાં વધુ ચોરીનો પુરાવો માત્ર છે, અને તે પણ કયારે, કે જ્યારે ચોરી થયાની તારીખ એટલી થોડા વખત ઉપરની હોય કે જેથી કાંઇ પણ ખુલાસાની ગેરહાજરીમાં એવા અનુમાન ઉપર આવવું વ્યાજબી ગણાય કે જે માણસના કબજામાં તે મીલકત માલમ પડી છે તે માણસે ચોરી કરીને તેનો કબજો મેળવેલો હોવો જોઇએ.૧૦

---

૧. રેજાઇના. વિ. હીલ ૧૮ લો જનરલ. માજીસ્ટ્રેટસ. કેસીસ. પાનું ૧૯૯
૨. રેજાઇના. વિ. વાઇલી. (ઉપર)
૩. રેજાઇના. વિં. ડરીંગ. ડરસ્લી એન્ડ બેલ. પાનું ૩૨૯.
૪. રેજાઈના વિ. ગોબીન્દા. ૧૭ અ. ૫૭૬
૫. રેજાઇના. વિ. ઇશાન મુચી. ૧૫ ક. ૫૧૧
૬. ૪ મદ્રાસ હાઈ કોરટ રીપોર્ટસ. પરિશિષ્ઠ. પાનું ૪૨
૭. રેજાઈના. વિ. સમીરૂદીન. ૧૮ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૨૫
૮. રેજાઇના. વિ. ટી બુકે. ૬ અ. ૨૨૪.
૯. રેજાઇના. વિ. વેલેન્સકી. (૧૮૯૨) ૨ કવીન્સ બેન્ચ ડીવીઝન. પાનું ૫૯૭
૧૦. રેજાઇના. વિ. પરમેશ્વર આહીર. ૨૩ સધરલાન્ડઝ વિકલી રીપોર્ટર પાનું ૧૬

ચોરી થયા પછી તરતજ ચોરીની મીલકતના કબજાથી જે માણસના કબજામાં તે મીલકત હોય તે માણસે ચોરી કર્યાનું અનુમાન ઉત્પન્ન થાય છે, પરંતુ ચોરી થયા પછી એક વરસ અને નવે મહિને ચોરાયેલાં ઢોરનો કબજો હોવાથી આવું કોઇ પણ અનુમાન ઉત્પન્ન થતું નથી.૧

ચોરીના માલનો કબજો હોવાથી ચોરીની મીલકત બદદાનતથી રાખ્યાનુ અનુમાન ઉત્પન્ન થાય છે કે કેમ તે બાબતનો નિર્ણય કરવામાં, (તે મીલકતનો) કબજો સ્પષ્ટ રીતે તહોમતદારની પાસેથી નીકળ્યો છે એવી પોતાની ખાતરી કરી લેવાની જરૂર તરફ જ્યુરીનું ધ્યાન ખેંચવું જોઇએ, ચોરીની મીલકત કોઇ માણસના ઘરમાં છુપાવેલી માલમ પડી હતી તે વાત તે મીલકત ચોરીની મીલકત હતી એમ તે માણસ જાણતો હતો એવું અનુમાન ઉત્પન્ન કરવાને પુરતી થશે. પણ તે વાત એવું બતાવવાને બસ નથી કે તે મીલકત ડાકાઇટી કરીને મેળવવામાં આવી હતી. ૨

એક સાધારણ પીતળનો પાણી પીવાનો પ્યાલો સંને ૧૮૮૩ ના અકટોબરમાં ચોરાયો હતો, સને ૧૮૮૪ના સપટેમ્બર માસમાં તહોમતદારના કબજામાં તે માલમ પડયો હતો. તહોમતદારના ઉપર ચોરીની મીલકત રાખ્યાનું તહોમત મુકીને તેની તપાસ ચલાવવામાં આવી હતી. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે ચોરીની મીલકતનો તેનો કબજો, અને તેની સાથે તે મીલકત (પીતળનો પ્યાલો) તેના કબજામાં શી રીતે આવી તે બાબતમાં ખુલાસો આપવાની તેની અશક્તિ એ બે એકઠાં મળવાથી સાધારણ સ્થીતીની અંદર તેની ગુન્હેગારીનું સંભવિત અનુમાન ઉત્પન્ન કરે છે, પરંતુ આ કેસની માફક જ્યાં આવો કબજો તાજો (ચોરી થયા પછી થોડાજ વખત પછીનો) ન હોય ત્યાં તે તહોમતદારની સામેનું અનુમાન એટલું નિર્બળ છે કે તે અનુમાન એટલું લેતાં તે પ્યાલાનો કબજો તેને શી રીતે મળ્યો તે બાબતનો ખુલાશો કરવાનું તેને કહેવું (ફરજ પાડવી) જોઇએ નહી. ચોરીની મીલકતનો તાજો કબજો કીયો અને તાજો કબજો કીયો નહી તે સવાલનો, ચોરાયેલી વસ્તુની જાતે ધ્યાનમાં રાખીને, નિર્ણય કરવો જોઈએ.૩

અપહરણ લુંટ થયા પછી ચાર વરસની મુદત પછી કેદીના કબજામાં ચોરીની મીલકત માલમ પડે તે તેણે અપહરણ (લુંટ) કર્યાનો અનુમાની પુરાવો ગણી શકાય નહી.૪

એક પરણેલી સ્ત્રીએ ચોરીની મીલકત રાખ્યા બાબતમાં જે પુરાવો હતો તે માત્ર એટલોજ હતો કે જે ઘરમાં તે સ્ત્રી તેના ધણીની સાથે રહેતી હતી તે ઘરમાં તે મીલકત માલમ પડી હતી. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે કબજો તે સ્ત્રીનો તો નહી, પરંતુ ધણીનો ગણાતો હતો.૫

ગુન્હેગારી ભરેલી જાણ;—ચોરીની મીલકત બદદાનતથી રાખવાના તહોમત ઉપરથી તહોમતદારને ગુન્હેગાર ઠરાવવાને સારૂ ગુન્હેગારી ભરેલી જાણનો પુરાવો જરૂરનો છે.૬

ફરિયાદ પક્ષે એ સાબીત કરવું જોઇએ કે મીલકત ચોરીની હતી અને તેની સાથે એ પણ સાબીત કરવું જોઈએ કે તહોમતદારે તે મીલકત બદલ નથી (ગુન્હેગારી ભરેલી જાણ સાથે રાખી હતી.૭

જ્યાં અમુક મીલકત એક સખસની મીલકત છે એવું પુરતી રીતે સાબીત થયા પછી તે મીલકત બીજા માણસના કબજામાં, તે સખસની રજા અથવા પરવાના વગર, અથવા તો તે માલીકની કાંઈ પણ કાયદેસર સંમતી સીવાય માલમ પડી હોય ત્યાં જે (બીજા) માણસના કબજામાં તે મીલકત માલમ પડી હોય તે માણસને તેના કબજા બાબત યોગ્ય રીતે ખુલાસો આપવાની ફરજ છે, અને જો તે તેમ ન કરી શકે તો,

---

૧. રેંજાઇના. વિ. કાનાનટ ૬ સેનટ્રલ પ્રોવીન્સીસ રીપોર્ટસ. પાનું ૨૯
૨. રેંજાઈના. વિ. મલ્હારી. ૬ ૭૩૧.
૩. રેંજાઈના. વિ. ઈના શેખ ૧૧ ક. ૧૬૦.
૪. રેંજાઇના. વિ. સંતરામ ૧ બેલાસીસ રીપોર્ટસ. પાનું ૬
૫ રેંજાઇના. વિ. ડીસીલ્વા. ૫ નોરથ વેસ્ટ પ્રોવીન્સીસ રીપોર્ટસ.
૬. રેંજાઇના. વિ. દયાળ શીલીદાર. ૬ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૮૭
૭. રેંજાઈના. વિ. ટી. બુરક ૬ અ. ૨૨૪.

આવી સ્થીતીની અંદર જ્યુરી વ્યાજબી રીતે એવું અનુમાન કરશે કે જે વસ્તુ કેદીની પોતાની નહોતી એવું તે કેદી જાણતો હતો તે વસ્તુ તેણે ગુન્હેગારી ભરેલી જાણ સાથે લીધી હતી.૧

જે કેસમાં તહોમતદાર ઉપર ચોરીની મીલકત રાખ્યાનું તહોમત મુકવામા આવ્યું હોય તે કેસમાં એ સ્પષ્ટ રીતે સાબીત કરવું જોઈએ કે ગુન્હેગારી ભરેલી જાણ સાથે તે તહોમતદારે તે મીલકત રાખી હતી.૨

જે મીલકત ચોરીની છે એવું અમુક માણસો જાણે છે, અથવા તે ચોરીની મીલકત છે એમ માનવાને તેમને કારણ હોય તે મીલકત છુપાવવામાં અથવા વગે કરવામાં મદદ કરવાનું તે માણસો ઉપર જ્યાં તહોમત મુકવામાં આવ્યું હોય ત્યાં તે મીલકત કેવા પ્રકારની હતી તેમજ જે સ્થીતીની અંદર તે મીલકત ઉડાવી દેવામાં આવી હતી તે સ્થીતી ધ્યાનમાં લેવી જોઇએ.૩

૪૧૪ મી કલમ (કે જે કલમના શબ્દો આ કલમના શબ્દો જેવાજ છે તે કલમ) પ્રમાણેના એક કેસમાં "જસ્ટીસ, મેલવીલે કહ્યું કે:—એટલુંજ બતાવવાનું બસ નથી કે તહોમતદાર બેદરકાર હતો અથવા "તો તે મીલકત ચોરીની હતી એવી શંકા લાવવાનું તેને કારણ હતું અથવા તે મીલકત પ્રમાણીકપણે "મેળવવામાં આવી હતી કે કેમ તે બાબત નિર્ણય કરવાને તેણે પુરતી તપાસ કરી નહોતી. ૪૧૪ મી કલ-"મમાં (તેમજ આ કલમમાં) વપરાયેલો "માનવાનું" શબ્દ, "વહેમ લાવવો" શબ્દ કરતાં ઘણો "વધારે ભારે છે, અને તેમાં એવું સાબીત કરવાની જરૂર રહે છે કે આજુબાજુની સ્થીતી એવી હતી કે "સાધારણ બુદ્ધિવાળા માણસની તેના મનમાં ખાતરી થઈ હોત કે જે મીલકતની તે વ્યવસ્થા કરતો હતો "તે ચોરીની મીલકત હતી."૪

જે મીલકત ૪૧૦ મી કલમમાં આપેલી વ્યાખ્યા મુજબ ચોરીની મીલકત ન હોય તે મીલકત જો તહોમતદાર રાખે તો, જો કે તે મીલકત રાખતી વખતે તે એમ માનતો હોય કે તે ચોરીની મીલકત હતી તોપણ, તે આ કલમ પ્રમાણેના ગુન્હાનો ગુન્હેગાર થતો નથી.૫

એક કેસમાં એક માણસને ચોરીની મીલકત બદદાનતથી રાખવા બદલ આ કલમ મુજબ ગુન્હેગાર ઠરાવીને સજા કરવામાં આવી હતી; પરંતું દફતરમાં એવું બતાવનારો કાંઈ પણ પુરાવ નહોતો કે તે મીલકત ખરેખરી રીતે ચોરીની મીલકત હતી. તેમાં આ કલમ પ્રમાણે તે માણસને ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા રદ કરવામાં આવી હતી. ૬

એક કેસમાં એક માણસના ઉપર ચોરીની મીલકત (કાચારબબરનાં સરકારી જંગલોની નીપજ—રબબર) લીધાનું આ કલમ મુજબ તહોમત મુકવામાં આવ્યું હતું; પરંતુ તેમાં એમ સાબીત કરવામાં આવ્યું નહોતું કે તે રબબર સરકારી જંગલોમાંથી આવ્યું હતું. અથવા તો તે ચોરાયેલી મીલકત હતી અને કેદી જાણતો હતો હતો કે તે ચોરીની મીલકત હતી. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે કેદીને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા ગેરવ્યાજબી હતી, અને તેને દાણ—ચોરી કર્યાનો ગુન્હેગાર ઠરાવી શકાય નહી, કેમકે ઈન્ડીયા (હીન્દુસ્તાનના) રબબરની દાણ—ચોરી કરવી તે પીનલકોડ મુજબ ગુન્હો થતો નહોતો.૭

તે મીલકત સરકારી મીલકત હતી, અથવા તે ચોરીની મીલકત હતી. અથવા તે ચોરાયેલી મીલકત હતી એવું તહોમતદાર જાણતો હતો, અથવા એવું માનવાનું તેને કારણ હતું, એવો દફતરમાં કાંઈ પણ

---

૧. રેનાઇના. વિ. સરફુદીન. ૧૩ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર. પાનુ. ૨૬
૨. રેનાઈના. વિ. મીર યારઅલી ૧૩ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર. પાનું ૭૦
૩. રેનાઈના. વિં. હરિશંકર ફકીર ભટ. ૨ બોમ્બે હાઈ કોર્ટ રીપોર્ટસ. પાનું ૧૩૦
૪. રેનાઈના. વિ. રંગો તીમાજી. ૬ મું, ૪૦૨.
૫. રેનાઇના વિ. ઈસુપ સુલેમાન. મુંબઇ હાઈકોર્ટના ક્રીમીનલ રૂલીંગ્ઝ સંને ૧૮૮૮નું ' ૪૧ મુ.
૬. રેનાઇના. વિ. બળદેવ પરસાદ. ૨ નોરથ-વેસ્ટ પ્રોવીન્સીસ રીપોર્ટર પાનુ ૧૮૭.
૭. રેનાઈના. વિ. બાજો હરી. ૧૯ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનુ ૩૭.

પુરાવ ન હોવાથી, તહોમતદારને આ કલમ પ્રમાણેના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા રદ કરવામાં આવી હતી.૧

હકુમતઃ—એક કેસમાં એક તહોમતદારના ઉપર ચોરીની મીલકત તે ચોરીની માલકત છે, એવું જાણીને અથવા એમ માનવાનું તેને કારણ હોઇને, બદધાનતથી લીધાનું અને રાખ્યાનું તહોમત મુકીને આ ૪૧૧ મી કલમ પ્રમાણે મુંબઈમાં તેના ઉપર કામ ચલાવવામાં આવ્યું હતું, ૧૦૮ મી કલમ (ના ત્રીજા ખુલાસા) અને ૧૦૯ મી કલમ પ્રમાણે તે ગુન્હામાં મદદગારી કર્યાનું પણ તેના ઉપર તહોમત મુકવામાં આવ્યું હતું તેની તપાસમાં એવું માલમ પડયું હતું કે મોરીશીઅસના ટાપુમાં પોર્ટલુઇમાં આવેલી એક વેપારી પેઢીની નોકરીમાં તે તહોમતદાર એક કારકુન હતો. સને ૧૮૭૯ ના અકટોબરની ૨૯ મી તારીખે તથા નવેમ્બરની ૧ લી તારીખે તે પેઢીએ તેમના મુંબાઈના કમીશન એજંટ ઉપર લખેલા કેટલાક કાગળો પોર્ટલુઇની પોસ્ટ ઑફીસમાંથી ગુમ થયાં હતા (કોઈએ કાઢી લીધા હતા) તે પેઢીની માલીકીની છ હુંડીઓ એકંદર રૂપઇઆ ૨૬૫૫૦) ની રકમની તે કાગળોની અંદર હતી. ૧૮૭૯ ના નવેમ્બરની ૧ લી તારીખે તે તહોમતદારે તે છ એ હુંડીઓ એક કાગળ સાથે મુંબાઈમાં એક બેન્કના મેનેજર (વહીવટદાર) ઉપર મોકલી, અને તે હુંડીઓની જુદી જુદી રકમો તે તહોમતદારને પોતાના હીસાબે વસુલ કરીને, જે રૂપૈઆ એકઠા થાય તેની મોરીશીઅસની હુંડીઓ લઇને તેના પોતાના ઉપર બીડી દેવાની તે મેનેજરને વિનંતી કરી. તે પ્રમાણે તે બેન્કે તે હુંડીઓનાં નાંણાં વસુલ કર્યાં, અને યોગ્ય રીતે તહોમતદાર ઉપર મોકલાવ્યાં. તહોમતદારે તે નાંણાં પોતાને કબજે લઈને તેનાં પોતાનાં નાણાં તરીકે તે વાપરી ખાધાં હતાં તે બાબતની ના પાડવામાં આવી નહોતી. પરંતુ તે તહોમતદાર એવો બચાવ કરતો હતો કે તેના લહેણા પેટે તે હુંડીઓ તેને આપવામાં આવી હતી. તહોમતદારને તેના ઉપર મુકવામાં આવેલાં બધાં તહોમત બદલ ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો પરંતુ તે મુંબાઈની કોર્ટની હકુમતના સંબંધમાં સવાલ ઉઠતાં જસ્ટીસ સારજંટ અને જસ્ટીસ મેલવીલે (જસ્ટીસ વેસ્ટ તે બેના અભિપ્રાયની વિરૂદ્ધ હતો) એવું ઠરાવ્યું હતું કે " મોરીશીઅસ કે જે ટાપુમાં પીનલકોડ અમ-" લમાં મુકવામાં આવ્યો નથી તે મોરીશીઅસમાં હુંડીઓની ચોરી થયેલી હોવાથી તે હુંડીઓ ૪૧૦ મી " કલમની શરતો મુજબ ચોરીની મીલકત' ગણી શકાય નહી, કે જેથી કરીને મુંબાઇમાં તે હુંડીઓ લેનાર " ધણી આ કલમ પ્રમાણે જવાબદાર થઇ શકે; તેટલા માટે મુંબાઇની હાઇકોર્ટને આ કેસમાં બીલકુલ હકુમત " નહોતી, અને તહોમતદારને ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા રદ કરી નાંખવી જોઇએ." ૨

જંજીરાના દેશી રાજ્યના અ નામના રહેવાશી ઉપર રાજકોટમાં થયેલી તેના શેઠના કબજામાંની મીલકતની ચોરીના ગુન્હાનું, તહોમત મુકવામાં આવ્યું હતું તે તહોમત બદલ થાણાના સેશન્સ જડજે તેને ગુન્હેગાર ઠરાવીને સજા કરી હતી. અપીલમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે રાજકોટનું સીવીલ સ્ટેશન (ઈનસાફીથાંણુ) ૨૧ અને ૨૨ વિક્ટોરીઆ બાબ ૧૦૬ના કાયદાના અર્થની અંદર આવી જાય તેવી રીતે બ્રિટીશ હિંદુસ્તાનનો એક ભાગ નથી, અને અ જંજીરાના દેશી રાજ્ય રઇયત હોવાથી થાણાના સેશન્સ જડજને ચોરીને વાસ્તે તેના ઉપર કામ ચલાવવાની કાંઈ પણ હકુમત નહોતી. સને ૧૮૮૨ ના આકટ ૮ માંથી સુધારેલી કલમ ૪૧૦ પ્રમાણે ચોરીની મીલકતની વ્યાખ્યામાં બ્રીટીશ હિંદુસ્તાનની બહાર ચોરાયેલી મીલકતનો સમાવેશ થાય છે. તેટલા માટે અ ના ઉપર ૪૧૧મી કલમ મુજબ તહોમત મુકી શકાત, તેથી અ ને ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા રદ કરીને સુધારેલા (૪૧૧ મી કલમ મુજબના) તહોમત બદલ તેની ફરી તપાસ કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. ૩

એક નેપાળના રહેવાશીએ (કે જે નેપાળની રઇયત હતો તેણે) નેપાળમાં ઢોરની ચોરી કરીને તે ઢોર તેણે ઇંગ્રેજી હદની અંદર આણ્યાં તેને ઇંગ્રેજી હદમાંથી પકડવામાં આવ્યો હતો, અને તેને એક વરસની સખત કેદની સજા કરવામાં આવી હતી. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે ચોરીના ગુન્હાને માટે તેના

---

૧. રેજાઇના વિ. દસરતદાસ ૧૮ સધરલાન્ડ્ઝ વીકલી રીપોર્ટર પાનું ૬૩.

૨. રેજાઇના. વિ. મુરગાચેટી. ૫ મું. ૩૩૮.

૩. રેજાઈના વિ. અબદુલલતીફ મુંબાઈ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ તા. ૨૪ મી નવેમ્બર સને ૧૮૮૫

ઉપર ઇંગ્રેજી હદમાં કામ ચલાવી શકાય નહી, પરંતુ ચોરીની મીલકત બદઈરાદાનતથી રાખવા બદલ તેને ગુન્હેગાર ઠરાવી શકાય. ૧

મહારાજા ગાયકવાડના મુલકના એક વી નામના ગામડામાં ડાકાઇટીનો ગુન્હો બન્યો હતો, અને તે ડાકાઈટીમાં કરેલી લુંટનો માલ ચોરી (ચોરીની મીલકત) તહોમતદારે ઇંગ્રેજી મુલકમાં સંતાડયો હતો તે ત્યાંથી પકડાયો, તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે તહોમતદારને ડાકાઇટીના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવી શકાય-નહી કેમકે તે મુખ્ય ગુન્હો જેવો બન્યો તેવોજ પરિપુર્ણ થયો હતો, તો જો કે વી ગામડું ઇંગ્રેજી હદની અંદર હોત તો લુંટનો માલ લઇ જવાના કામમાં પાછળનાં કૃત્યો કાયદેસર અર્થ પ્રમાણે પેહેલા અને મુખ્ય ગુન્હામાં ભળી ગએલાં ગણાત, કે જેથી કરીને જે દરેક પ્રાંતમાં મીલકત લઇ જવામા આવત તે દરેક પ્રાંતમાં કામ ચલાવવાની ફોજદારી કામ ચલાવવાના કાયદા (સને ૧૮૯૮ નો આકટ ૫ મા) ની કલમ ૬૭ મુજબ હકુમત મળત, પરંતુ એવું પણ ઠરાવવામાં આવ્યું હતું કે ચોરીની મીલકત રાખ્યા બદલ ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા કાયમ રાખી શકાય, કેમકે ચોરીનો માલ રાખ્યાનું ઇંગ્રેજી હદમાં થયું હતું.૨

જ્યારે ચોરીની મીલકત લીધાનો ગુન્હો ઇંગ્રેજી હદની બાહાર બનેલો હોય ત્યારે પરદેશી રાજ્યની રઇ-યત ઉપર આવી ચોરીની મીલકત લેવા બદલ કામ ચલાવવાની, માજીસ્ટ્રેટને ફોજદારી કામ ચલાવવાના કાયદાની કલમ ૩૧ મી મુજબ હકુમત મળતી નથી.૩

જે પરદેશી રાજ્યની પ્રજા ઇંગ્રેજી રાજ્યની રૈયત ન હોય, અને પરદેશી રાજ્યમાં રહેતો હોય તેને તે પરદેશી રાજ્યમાં કેદ પકડવામાં આવ્યો હોય તો તેની, બ્રીટીશ હિંદુસ્તાનની કોર્ટમાં આવા પર-દેશી મુલકમાં ચોરીની મીલકત તેને કબજે હોવાના ગુન્હા બદલ તપાસ થઇ શકે નહી, કેમકે તેવા તહો-મતની ફરીયાદ લેવાની તે માજીસ્ટ્રેટને હકુમત નથી.૪

જ્યાં બીજે કોઈ ઠેકાણે ચોરેલી મીલકત ઇંગ્રેજી હિંદુસ્તાનમાં બદદાનતથી રાખવામાં આવી હોય ત્યાં તહોમતદારથી એવો બચાવ થઈ શકે નહી કે તે પરદેશી રાજ્યની રઈયત હતો, અને મીલકત તેણે પોતેજ ચોરી હતી તેથી ચોરી બદલ ઇંગ્રેજી કોર્ટથી તેની તપાસ થવાને, ગુન્હેગાર ઠરાવાને, અને સજા ખમવાને તે પાત્ર નથી. ૫

એક કેસમાં એક માણસના કબજામાં ચોરીની મીલકત માલમ પડી હતી, અને તે જુદા જુદા માલી-કોની માલકીની હતી એવું નક્કી થયું હતું, પરંતુ એવું જણાતું નહોતું કે તેણે આ મીલકત જુદા જુદા વખતે લીધી હતી. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે દરેક માલીકે પોતાની કહી બતાવેલી મીલકતના સંબંધમાં આવા માણસની જુદી જુદી તપાસ કરી આ ૪૧૧ મી કલમ પ્રમાણે જુદા જુદા ગુન્હાનો ગુન્હેગાર તેને બરાબર રીતે ઠરાવી શકાય નહી.૬

એક માણસને, એક આખલાનો સાપરાધ ખોટો ઉપયોગ કરવામાં આવ્યો હતો એવું જાણીને તે આખલો બદદાનતથી લીધા બદલ આ કલમ મુજબ ગુન્હેગાર ઠરાવીને સજા કરવામાં આવી હતી. તેમાં એવું માલમ પડયું હતું કે કેહેવાતા ખોટા ઉપયોગ વખતે, તે આખલાને કોઈ હિંદુએ તેના કોઈ સગાની ઉતર ક્રીયા (મરણ ક્રિયા) કરતી વખતે હિંદુઓના ધરમના રીવાજને અનુસરીને, છુટો મુકી દીધો હતો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આખલો, કહેવાતા ખોટા ઉપયોગની વખતે, પીનલકોડના અર્થની

---

૧. રેજાઇના વિ. શંકર ગોપી ૬ક. ૩૦૭
૨. રેજાઈના વિ. લાખીઆ ગોવીન્દ ૧ મું. ૫૦
૩. રેજાઈના વિ. બેચર માવા ૪ બોમ્બે હાઈકોર્ટ રીપોર્ટસ પાનું ૩૮
૪. રેજાઇના વિ. સામન્દ પંજાબ રેકર્ડઝ ૧૮૮૮ નું ૨૨ મુ.
૫. રેજાઈના વિ. જાફરઅલી પંજાબ રેકર્ડઝ ૧૮૯૪ નું ૯૯ મુ.
૬. એમ્પ્રેસ વિ. મખન ૧૫ અ. ૩૧૭

અંદર આવી જાય તેવી રીતે, "મીલકત" નહોતો, કેમકે તે કોઈપણ માણસની માલકીનો વિષય નહો
એટલુંજ નહી પણ તેના અસલ માલીકે તે આખલામાં માલકીપણાના સઘળા હકો છોડી દીધા હતા; તે
માટે તે "ન ધણીઆતી વસ્તુ" હતો, અને તેથી તે આખલાની બાબતમાં ચોરી કરવાનું અશક્ય હ
અને તે માણસને ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા રદ કરવી જોઈએ.૧

એક બાળક ઉપર ચોરીના તહોમત બદલ કામ ચલાવીને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાના કાર
(સને ૧૮૭૨ નો આક્ટ ૧૦ મા) ની કલમ ૨૧૫ મુજબ, પીનલકોડની કલમ ૮૨ મીના અર્થની અ
આવી જાય તેવી રીતે સમજ શક્તિની ગેરહાજરીના કારણસર, તેને છોડી મુકવામાં આવ્યો હતો પ
તે વાત, જે મીલકત ચોરાયેલી કહેવામાં આવતી હોય તે મિલકત લીધાનું આ ૪૧૧ મી કલમ પ્રમ
જે માણસ ઉપર તહોમત મુકવામાં આવ્યું હોય તે માણસને ગુન્હેગાર ઠરાવવામાં અટકાવ કરતા નથી.૨

ફરિયાદીએ, જે મિલકત તેની પોતાની પાસેથી ચોરાયાનો તેને વહેમ હતો તે મિલકત તરીકે, કેટ
લાકડાની ગાંડો પોલીસના હવાલામાં સોંપી. તહોમતદારે બળ વાપરીને તે ગાંડો પોલીસના હવાલામ
છોડાવી તે તહોમતદારોને ચોરીની મિલકત બદદાનતથી લેવાના ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા. અ
લમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે લાકડાની ગાંડો છોડવવામાં તહોમતદારની વર્તણુક, તે લા
ચોરીનું હતુ એવું તે જાણતો હતો અથવા એવું માનવાનું તેને કારણ હતું, એ બાબતનો પુરાવો થઈ શ
પરંતુ તેની વર્તણુક એવી વાત સાબીત કરી શકે નહી કે તે લાકડું ખરેખર રીતે ચોરાયેલુંજ હતું, ૨
તેથી તેને ગુન્હેગાર ઠરાવેલું ટકી શકતું નથી ૩

એકજ ચોરીના કૃત્યમાંથી જુદી જુદી રકમો જુદા જુદા સખસોએ રાખી હોય તે માટે તેમની એ
તપાસ ન થઈ શકે. કારણ કે તેવાં (મીલકત જુદા જુદા સખસોએ મીલકત રાખવાનાં) કૃત્યો એ
કૃત્યમાંથી ઉત્પન્ન થયેલાં ગણી શકાય નહીં.૪

ડાકાઈટી કરતાં ચોરેલી મીલકત બદદાનતથી લેવી.

૪૧૨. કોઇ માણસ બદદાનતથી કાંઇ ચોરીની મીલકત લે અથવા રાખે અ
તે મીલકતનો કબજો ડાકાઇટી કરવાથી એક
પાસેથી બીજાની પાસે આવેલો છે એમ તે માણ
જાણતો હોય અથવા એમ માનવાનું તેને કાર
હોય અથવા જે શખસ ડાકાઇટીની ટોળીમાં
અથવા તેઓની ટોળીમાં હતો એવું જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં એ
કોઇ શખસ પાસેથી કોઈ માણસ બદદાનતથી કાંઇ મીલકત લે અને ત મીલકત ચે
રેલી છે એમ તે જાણતો હોય અથવા એમ માનવાનું તેને કારણ હોય તો તે માણસ
જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષ
કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—કેટલાક માણસો કે જેઓ ઇંગ્રેજી રાજ્યની પ્રજા છે એવું સાબીત કરવામાં આવ્યું નહોં
તે લોકોના કબજામાં એક દેશી રાજ્યમા, જે મીલકતના સબંધમાં બ્રિટીશ હિંદુસ્તાનમાં ડાકાઈટી કરવા
આવી હતી, તે મીલકત માલમ પડી હતી. તે લોકોએ ડાકાઇટી કરવામાં ભાગ લીધો હતો એવું સાબ
થયું નહોતું, અને એવો કાંઇ પણ પુરાવો નહોતો કે તેઓએ બ્રિટીશ હિંદુસ્તાનમાં કાંઈ પણ ચોરીની મી

૧. રેજાઈના વિ. બન્ડુ ૮ અ. ૫૧, રેજાઈના વિ નિહાલ ૯ અ. ૩૪૮
૨. રેજાઈના વિ. કૃષ્ણ ૬ મ. ૩૭૩
૩. રેજાઈના વિ શિવરામ રઘુનાથ મુંબાઇ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ તારીખ ૨૫ મી નવેમ્બર ૧૮
૪. બોમ્બે લૉ રિપોર્ટર પરછ. ઇ. લો. રિ. ૨૯ મુંબઈ ૪૪૯.

કત લીધી હતી, અથવા રાખી હતી, તેઓને આ ૪૧૨મી કલમ પ્રમાણે સજા થઈ શકે એવા ગુન્હાના ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા. અપીલમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે ઇંગ્રેજી કોર્ટની હકુમતની અંદર કાંઈ પણ ગુન્હો થયલો સાબીત કરવામાં આવ્યો નહોતો. ૧

આ કલમ પ્રમાણે કોઈ પણ માણસને ગુન્હેગાર ઠરાવવાને સારૂ એટલુંજ સાબીત કરવું બસ નથી કે તે મીલકત ચોરીની મીલકત છે એવું તહોમતદારો જાણતા હતા. એ પણ સાબીત કરવું જોઇએ કે, તેઓ જાણતા હતા કે અથવા તેઓને એવું માનવાનું કારણ હતું કે તે મીલકતનો કબજો ડાકાઈટી કરવાથી એકની પાસેથી બીજાની પાસે આવેલો હતો અથવા જે શખસ ડાકાઇટી કરનારની ટોળીમાં છે અથવા તેઓની ટોળીમાં હતો એવું જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં એવા કોઇ શખસ પાસેથી, તે મીલકત ચોરીની મીલકત હોઈને, તેઓએ તે મીલકત લીધી હતી. ૨

આ કલમ પ્રમાણે તહોમતદાર શખસ ડાકાઈટી કરનારાઓથી જુદોજ માણસ હોવો જોઇએ. ડાકાઇટી કરનાર જો પોતે ડાકાઇટી કરીને જે મીલકત તેણે મેળવી હોય તે મીલકત રાખે તો, ડાકાઇટીથી ભિન્ન આ કલમ પ્રમાણેના ગુન્હા બદલ તેને શીક્ષા કરી શકાય નહી. ૩.

ખરેખરા ડાકાઈટી કરનારાઓ કરતાં બીજાજ માણસોને આ કલમ લાગુ પડે છે. આ કલમ પ્રમાણે એવું સાબીત કરવું જોઇએ કે તહોમતદાર જાણતો હતો કે, અથવા તેને એવું માનવાને કારણ હતું કે ડાકાઇટી કરવામાં આવી હતી, અથવા જે માણસોની પાસેથી તેણે મીલકત મેળવી હતી, તે માણસો ડાકાઈટી કરનારા હતા. ૪.

નિત્ય ચોરીની મીલકતનો ધંધો કરવો.

૪૧૩. જે મીલકત ચોરીની મીલકત છે એમ જાણીને અથવા એમ માનવાનું પોતાને કારણ છતાં જે માણસ નિત્ય તેવી મીલકત લે અથવા તેનો ધંધો કરે તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—એક કેસમાં એક માણસને નીચેની કોર્ટે આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા રદ કરીને હાઇકોર્ટે એવી ટીકા કરી હતી કે " અમે ધારતા નથી કે જે માણસ એકજ દીવસે બાર જુદા જુદા " ચોરો પાસેથી બાર જુદાં જુદાં અપહરણ (લુંટ)ની મીલકત રાખે તે માણસ નિત્ય ચોરીની મીલકત " લે છે એમ કહી શકાય. પરંતુ જુદા જુદા માણસો પાસેથી (ચોરીની મીલકત) લીધા ઉપરાંત, જુદે જુદે " પ્રસંગે અને જુદી જુદી તારીખોએ (દીવસોએ) તે મીલકત લીધેલી હોવી જોઇએ. ૫.

ચોરીની મીલકત સંતાડવામાં મદદ કરવી.

૪૧૪. કાંઇ મીલકત ચોરીની મીલકત છે એમ જાણીને અથવા એમ માનવાનું પોતાને કારણ છતાં તે મીલકત સંતાડવામાં અથવા તેનો વગ કરવામાં કે તે ખસેડવામાં જે માણસ બુદ્ધિ પુર્વક મદદ કરે તે માણસને ત્રણ વરસની

---

૧. રેજાઇના વિ. કીરપાલસીંગ ૯ અ. ૫૨૩

૨. રેજાઈના વિ. દાજી મુંબાઇ હાઇ કોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ સને ૧૮૯૫ નું ૧૯ મું; રેજાઈના વિ. બીશુમનજી ૯ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૧૯.

૩. રેજાઇના વિ. અબદુલહુસેન ૧૨ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનુ ૪૮.

૪. રેજાઈના વિ. જગેસર. ૭ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૧૦૯

૫. રેજાઇના. વિ. બાબુરામ. ૧૯ ક. ૧૯૦

મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા—એક કેસમાં અરજદારને એક માણસના ઘરમાં અને ખેતરમાં, તે નિર્દોષ માણસને ગુન્હેગાર તરીકે સજા કરાવવાના હેતુથી, ચોરાયેલા રેલવેના પાટામાં જડવાના ખીલા સંતાડવામાં બુદ્ધિપુર્વક મદદ કરવા બદલ ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે ૧૯૩ મી કલમ પ્રમાણે ઇનસાફી મુકદમાના એક ભાગમાં ઉપયોગ કરવાને વાસ્તે જુઠો પુરાવો બનાવવાનો ગુન્હો, અને આ ૪૧૪ મી કલમ પ્રમાણે ચોરીની મીલકત સંતાડવામાં બુદ્ધિપુર્વક મદદ કરવાનો ગુન્હો, એવા બે જુદા જુદા ગુન્હા બદલ અરજદારને ગુન્હેગાર ઠરાવી સજા કરવામાં માજીસ્ટ્રેટે બરાબર કર્યું હતું વળી આ કલમ પ્રમાણેના ગુન્હાના સંબંધમાં કોર્ટે એવી ટીકા કરી હતી કે આ કલમ પ્રમાણે ગુન્હો કરવામાં એટલુંજ બસ છે, કે જે મીલકત ચોરીની મીલકત હતી એવું તહોમતદાર જાણતો હતો અથવા એવું માનવાનું તેને કારણ હતું તે મીલકત સંતાડવામાં, વગે કરવામાં અથવા ઉડાવી દેવામાં તેણે બુદ્ધિપુર્વક મદદ કરી હતી, એવું સાબીત થયું હોય. ૧.

આ કલમ એવા કેસને લાગુ પડવાનો ઇરાદો છે કે જ્યાં એવો કબજો ન હોય કે જેથી તહોમતદારને ૪૧૧ મી કલમ પ્રમાણે ચોરીની મીલકત લેનાર તરીકે ગુન્હેગાર ઠરાવી શકાય. ૨

"**માનવાનું**" એ શબ્દના અર્થને વાસ્તે જુઓ પાછળ ૪૧૧ મી કલમ નીચેની ટીકામાં આપેલો રેજાઇના વિ. રંગો. ૯ મું, ૪૦૨ વાળો ફેંસલો.

ઠગાઈ બાબત.

૪૧૫. **ઠગાઇ.** જે માણુસ કોઈ શખસ સાથે ફરેબ કરીને દગલબાજીથી અથવા બદદાનતથી એવું કરે કે જેની સાથે ફરેબ કર્યો હોય તે શખસ કોઇ શખસને કાંઇ મીલકત આપે અથવા અગર ફરેબ નહી કર્યો હોય તો જે વસ્તુ તે શખસ કરે નહી અથવા કરવામાં કસુર કરે નહી એવી કાંઇ વસ્તુ તે ફરેબ દીધેલા શખસને કરવાને અથવા તે કરવામાં કસુર કરવાને ઇરાદે લલચાવે અને તે કામ અથવા કસુર એવી હોય કે તેથી તે શખસને શરીર મન આબરૂ કે મીલકત તરફની કાંઇ નુકશાની કે હાની થાય અથવા થશે એવો સંભવ હોય તો તે માણસે ઠગાઈ કરી એમ સમજવું.

ખુલાસો—કાંઈ હકીકતને બદદાનતથી છુપાવવી તે પણ આ કલમના અર્થ પ્રમાણેનો ફરેબ છે એમ સમજવું.

દ્રષ્ટાંત—(અ) હું સીવીલ સર્વીસમાં છું એવો ખોટો ઢોંગ કરીને અ ઇરાદાથી જ ને ફરેબ દે, અને તે પ્રમાણે બદદાનતથી એમ કરે કે જ તેને કાંઇ માલ ઉધાર લઇ જવા દે, અને અ તે માલના નાંણા આપવાનો ઇરાદો રાખતો નહી હોય તો અ એ ઠગાઇ કરી એમ સમજવું.

(બ) અ કોઈ વસ્તુ ઉપર એક ખોટી નીશાની કરીને ઇરાદાથી જ ને ફરેબ દે, અને

૧. રેજાઈના. વિ રામેશરરાય. ૧ અ, ૩૭૯.
૨. રેજાઇના વિ. ખોના. પંજાબ રેકર્ડઝ સને ૧૮૭૯ નું ૮૩ મું.

તેના મનમાં એવો ભરૂંસો ઉત્પન્ન કરે કે એ વસ્તુ ફલાણા નામીચા કારીગરે બનાવેલી છે અને એમ કરીને તે વસ્તુ ખરીદ કરીને તેની કીંમત આપવાને જ ને બદદાનતથી લલચાવે તો અ એ ઠગાઇ કરી એમ સમજવું.

(ક) અ કાંઈ માલનો ખોટો નમુનો બતલાવીને ઇરાદાથી જ ને ફરેબ દે અને તેના મનમાં એવો ભરૂંસો ઉત્પન્ન કરે કે તે માલ નમુના જેવોજ છે અને એમ કરીને તે માલ ખરીદ કરીને તેની કીંમત આપવાને જ ને બદદાનતથી લલચાવે તો અ એ ઠગાઇ કરી એમ સમજવું.

(ડ) અ એ કાંઇ માલ ખરીદ કર્યો છે તેની કીંમત આપવાને બદલે અ એક પહેડી ઉપર હુંડી લખી આપે અને તે પહેડીમાં અ નું કાઇ નાણું હોય નહી અને તેથી અ ને ઉમેદ હોય કે હું જે હુંડી આપું છું તે શીકારવાની નથી તેમ છતાં તે હુંડી આપીને અ ઇરાદાથી જ ને ફરેબ દે, અને એમ કરીને તે માલ આપવાને જ ને બદદાનતથી લલચાવે અને તેને નાણું આપવાનો પોતાનો ઇરાદો હોય નહી તો અ એ ઠગાઇ કરી એમ સમજવું.

(ઇ) કાંઈ વસ્તુ હીરા નથી એમ અ જાણુતો હોય તે વસ્તુ હીરા છે એમ કહીને અ તે ગીરો મુકે અને તે ઈરાદાથી જ ને ફરેબ દે અને એમ કરીને રૂપીઆ ધીરવાને જ ને બદદાનતથી અ લલચાવે તો અ એ ઠગાઇ કરી એમ સમજવું.

(ફ) અ ઇરાદાથી જ ને ફરેબ દેઇને તેના મનમાં એવો ભરૂંસો ઉત્પન્ન કરે કે હું અ ને જે રૂપીઆ ધીરીશ તે અ મને પાછા આપશે અને એમ કરીને રૂપીઆ ધીરવાને જ ને બદદાનતથી અ લલચાવે અને તે રૂપીઆ પાછા આપવાનો પોતાનો ઈરાદો નહીં હોય તો અ એ ઠગાઇ કરી એમ સમજવું.

(ગ) અ ઇરાદાથી ફરેબ દઇને જ ના મનમાં એવો ભરૂંસો ઉત્પન્ન કરે કે અ મને આટલા ગળીના છોડવા આપવાનો ઈરાદો રાખે છે અને અ નો કાંઈ આપવાનો ઇરાદો નહીં હોય અને એમ કરીને તે આપવાના ભરોંસા ઉપર કાંઇ નાણું આગળથી આપવાને જ ને બદદાનતથી લલચાવે તો અ એ ઠગાઈ કરી એમ સમજવું પણ અગર તે રૂપીઆ લેતી વખતે અ નો ઈરાદો તે છોડવા આપવાનો હોય અને પછી પોતાનો કરાર તોડીને તે છોડવા નહીં આપે તો તેણે ઠગાઇ કરી એમ સમજવું નહીં પણ તેની ઉપર કરાર તોડવાની દીવાનીમાં ફકત ફરીઆદી ચાલી શકશે.

(હ) અ એ જ ની સાથે કાંઇ કરાર કર્યો છે, તે કરારમાંનો જેટલો ભાગ અ એ બજાવવાનો છે તેટલો અ બજાવી ચુકયો એ પ્રમાણે અ ફરેબ દઇને જ ના મનમાં ભરૂંસો ઉત્પન્ન કરે અને એમ કરીને પૈસા આપવાને જ ને બદદાનતથી લલચાવે તો અ એ ઠગાઇ કરી એમ સમજવું

(આઇ) અ એક સ્થાવર મીલકત બ ને વેચીને તેના નામનું ખત કરી આપે પછી તે મીલકત વેચી માટે હવે મારો તે પર કાંઇ હક રહ્યો નથી એમ જાણ્યા છતાં આગળ થયેલા વેચાણ તથા ખતની જ ને ખબર નહીં આપતાં તે મીલકત અ જ ને વેચાતી અથવા ગીરો આપે અને જ ની પાસેથી તેની કીંમતના કે ગીરો બાબતનાં નાણાં લે તો અ એ ઠગાઈ કરી એમ સમજવું.

ટીકા.—પીનલકોડ ઘડી કાઢનારાઓ આ કલમ ઉપર નીચે મુજબ ટીકા કરે છેઃ—"જબરાઇથી કઢ-
"ડાવવાની માફક, ઠગાઇનો (પણ) ગેરવ્યાજબી રીતે રજામંદી (સંમતી) મેળવીને કરેલો હોવો જોઇએ

" ફેર એટલે (જ) છે કે જબરાઇથી કઢાવનાર ધાસ્તી આપીને રજામંદી મેળવે છે, અને ઠગનાર ફરેબ
" કરીને રજામંદી મેળવે છે.

" જ્યાં જ્યાં મીલકત દગલબાજીથી મેળવવામાં આવી હોય, અર્થાત જ્યાં જ્યાં જે સખશે ફરેબથી
" મીલકત મેળવી હોય તે શખસનો ઈરાદો મીલકતની જે વેંહેંચણી ગેરવ્યાજબી વેંહેંચણી છે એમ
" કાયદો જાહેર કરે છે તેવી વેંહેંચણી કરવાનો હોય તેવા સઘળા કેસમાં (અને બીજા કોઈ પણ કેસમાં
" નહી) ફરેબ કરીને મીલકત મેળવવી તે ઠગાઈ (નો ગુન્હો) ઠરાવવાનું અમે નક્કી કરીએ છીએ. ઠગાઇ
" ગમે તેટલી અનીતિયુક્ત હોય તો પણ જો તે (ઠગાઇ) નો હેતુ, મીલકતની વેંહેંચણી વ્યાજબી
" (કાયદેસર) છે એમ કાયદો ગણાતો હોય તેવી વેંહેંચણી કરવાનો માત્ર હોય તો મીલકતના હકની સામે
" અમે તેને ગુન્હો ગણતા નથી."

" જે માણસ જુઠી હકીકતથી, પઈસા પાછા નહી આપવાના ઈરાદાથી પૈસા ઉછીના લે છે તે માણ-
" સને ઠગાઇ (કરવા) ના ગુન્હેગાર તરીકે સજા કરવાનો અમે ઠરાવ કરીએ છીએ; (તેમજ) જે માણસ
" જુઠી હકીકતથી, પૈસા અગાઉ લે છે, અને (તે બદલ) નોકરી કરવાનો ઇરાદો રાખતો નથી, અથવા જે
" (વસ્તુ) બદલ પૈસા અગાઉ આપેલા હોય તે વસ્તુ આપવાનો ઈરાદો રાખતો નથી તે માણસને (અને)
" જે માણસ જે કામ કરવાને તેને મજુરીએ રાખ્યો હતો તે કામ કરી દીધાનો જુઠો ઢોંગ કરીને,
" જે પગાર લેવાનો તેનો હક નથી તે પગાર મેળવે તે માણસને, ઠગાઈ કરવાના ગુન્હેગાર તરીકે સજા
" કરવાનો અમે ઠરાવ કરીએ છીએ."

ઠગાઇના ગુન્હા બદલ ગુન્હેગાર ઠરાવાનું વ્યાજબી ગણાવા સારૂ જ્યારે વચન આપવામાં આવે (કે જે વચન પ્રમાણે ચાલવાની કસુર કરવાથી ઠગાઈનો ગુન્હો પરીપુર્ણ થાય છે) તે વખતે ઠગાવાના (ફરેબ કરવાના) ઈરાદાનો કાંઈ પણ પુરાવ હોવો જોઇએ.૨

ઠગાઇનો ગુન્હો બનવાને સારૂ, જે માણસને ફરેબ દેવામાં આવી હોય તે માણસને મન, શરીર, આબરૂ અથવા મીલકત તરફની જે નુકશાની કે હાની થાય, અથવા જે નુકશાની કે હાની થશે એમ સંભવ હોય તે નુકશાની કે હાની કરેલી ફરેબને અંગે જે કૃત્ય કરવામાં આવ્યું હોય તે કૃત્ય તે કૃત્યનું અવશ્યનું (સીધુ) પરીણામ હોવું જોઇએ, અને ઘણુંજ દુરનું (આડકતરૂ) પરીણામ હોવું જોઇએ નહી, અથવા તે નુકશાની કે હાની તે કૃત્યથી અવશ્ય કરીને થવાનો સંભવ હોવો જોઇએ.૩

ફરેબ કરવી:—જે અસત્ય છે તે માનવાને જે માણસ દોરાય તે માણસ ઠગાયેલો કહેવાય; પરંતુ જો ઠગાઈ કરનાર માણસ, જે અસત્ય છે એવું તે પોતે જાણતો હોય, અથવા જે સત્ય છે એવું તે પોતે માનતો ન હોય તે માનવાને બીજાને લલચાવે તોજ તે બીજાને ઠગવા બદલ તેના ઉપર ફરીયાદ ચાલી શકે, અથવા ઠગવા બદલ તેના ઉપર તહોમત મુકી શકાય, નહી તો તેના ઉપર તેવું તહોમત મુકી શકાય નહી.૪

જો કોઈ માણસ પોતાને જાગીર છે, અથવા પોતાને જાગીર મળવાની તઈયારીમાં છે; અથવા પોતાને શ્રીમંત વહુ છે, અથવા તો તે શ્રીમંત સ્ત્રી સાથે પરણવાની તઈયારીમાં છે, એવું ખોટું જણા-વીને ઉધારે રકમો મેળવે તો તે પણ ઠગાઈ છે.૫

જ્યાં અમુક દાગીનો માત્ર છ કેરટ (હલકા) સોનાનો હતો એવું પ્રતીવાદી જાણતો હતો તે છતાં તેણે ખોટી રીતે એવું જણાવ્યું કે તે પંદર કેરટ (ઉંચા) સોનાનો હતો, અને તેમ કરીને તેના ઉપર કામ

---

૧. પીનલકોડ ઘડનારાઓની નોટ ન. પાનાં ૩૨-૪૬.
૨. રેજાઇના. વિ. હરગોવનદાસ. ૯ બાઅમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ પાનું ૪૪૮.
૩. રેજાઈના. વિ. મોઝે. ૧૭ ક. ૬૦૬.
૪. ડેરી. વિ. પીક. લો રીપોર્ટસ ૧૪ અપીલ કેસીસ પાનું ૩૩૭.
૫. રેજાઈના. વિ. હોવાર્થ. ૧૧ કોકસ કૃત ક્રીમીનલ કેસીસ પાનુ ૫૮૮.

ચલાવનાર માણસને તે દાગીનો ખરીદવાને લલચાવ્યો, ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે ઠગાઇનો ગુન્હો હતો.૧ તેજ પ્રમાણે જ્યાં એક માણસે એવું (ખોટું) જણાવ્યું કે ચાના પડીકામાં "સારી ચ્હા" હતી. જ્યાને ખરેખરી રીતે તે પડીકામાંની પુણા ભાગની ચા પીવાને અયોગ્ય અને તન્દુરસ્તીને નુકશાનકર્તા હતી, ત્યાં પણ એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે માણસે ઠગાઇ કરી હતી.૨

એક કેસમાં એક માણસે એક દગલબાજી ભરેલી જાહેર ખબર ઉપર ભરોંસો રાખી તેનો જવાબ આપ્યો અને તેમાં પોતાના પૈસા ઠગાઇને લીધે ગુમાવ્યા તેમાં એવું સ્થાપીત કરવામાં આવ્યું હતું કે સામાન્ય રીતે જાહેર પ્રજાને જણાવેલી ખોટી હકીકત (જાહેર ખબર) જે જે માણસોની જાણમાં આવે અને જે તે હકીકત ઉપર અમુક રીતે વર્તવાને ઇચ્છે તેવા બધા માણસોને જણાવેલી તે ગણાય; અને જો અમુક માણસ, તે જાહેર ખબર જોયા અથવા સાંભળ્યા પછી તે જાહેર ખબર મુજબ વર્તે, અને જે માણસે તે જાહેર ખબર કઢાવી હોય તે માણસની પાસે જાય અને તે ઉપર વિશ્વાસ રાખીને પોતાના પૈસા અથવા માલ આપી દે તો ખાસ તે માણસને આપેલી તે જાહેર ખબર ગણાય છે, કેમકે જે વર્ગનાં માણસોમાં તે જાહેર ખબર પ્રસીદ્ધ કરવાનો ઇરાદો હતો તે વર્ગનો તે એક છે તેથી તે જાહેર ખબર કાઢનાર તે અમુક માણસને ગુન્હાનો ગુન્હેગાર થશે.૩

એક માણસે એક લગનમાં વાપરવાને સારૂ અમુક સામાન ભાડે લીધો, થોડાક ભાડાના પૈસા અગાઉથી આપ્યા અને લગન થઇ ગયા પછી ભાડાના બાકીના પૈસા આપવાનું, અને તે સામાન પાછો સોંપી દેવાનું તે માણસે લખીત વચન આપ્યું પરંતુ તે સારી પેઠે જાણતો હતો કે લગન બગન કાંઇ થવાનું નહોતું, અને તે સામાન તેને મળે (તેના કબજામાં આવે) એટલે તેણે જણાવેલા લેહેણાના સંબંધમાં તેણે કરેલા એક દીવાની દાવામાં તે સામાન જપ્તીમાં લેવાની અરજી કરવાનો તેનો ઇરાદો હતો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે માણસ ઠગાઇ કરવાનો ગુન્હેગાર હતો.૪

જો કોઇ માણસ વ નામના માણસે (કે જે હયાતીમાં ન હોય અને માત્ર કલ્પિત હોય તે માણસે) લખેલા પુસ્તક તરીકે એક પુસ્તકની જાહેર ખબર છપાવે, અને તે પુસ્તકના ગ્રાહકો તે પુસ્તકની કીંમત તરીકે વ ને આપવાના જે નાણાં મનીઆડરના રૂપમાં મોકલે તે નાણાં વ એ સહી કરેલી અરજી પોસ્ટ ઓફીસમાં બતાવીને તે માણસ પોસ્ટ ઓફીસમાંથી લે તો તે પોસ્ટ માસ્તર કે જે તેને તે નાણાં આપે છે તે પોસ્ટ માસ્તરને ઠગવાનો ગુન્હેગાર થશે.૫

એક કંપનીના ડાયરેકટરો વિગેરે પોતાની કંપનીમાં વ્યાજુકાં નાણાં (ડીપોઝીટો) મુકવાને અથવા વ્યાજુકાં નાણાં જે મુકયાં હોય તે રાખવાને લોકોને લલચાવવાના ઇરાદાથી જુઠાં બેલેન્સ શીટો (સરવૈયાં) પ્રસિદ્ધ કરે તો તેઓ ઠગાઇ કરવાનાં ગુન્હેગાર થાય છે.૬

જે વેશ્યા ચાંદીના રોગથી હેરાન હોય અને પોતે તદ્દન તનદુરસ્ત છે એવું જણાવીને કોઈ માણસને પોતાની સાથે સંભોગ કરવાને લલચાવે અને તેમ કરીને તે ચાંદીનો રોગ તે માણસને ચડાવે તે વેશ્યા ઠગાઈ કરવાની ગુન્હેગાર થાય છે ૭.

તહોમતદારે અમુક જમીનનો કકડો પાંચ વરસ સુધી વગર મહેસુલે પટેથી પોતાને આપવાની તેહેસી-

---

૧. રેજાઇના. વિ. આડર્લી. લો રીપોર્ટસ ૧ ક્રીમીનલ કેસીસ પાનું ૩૦૧.
૨. રેજાઇના. વિ. ફોસ્ટર. ૨ કવીન્સ બેન્ચ ડીવીઝન પાનુ ૩૦૧.
૩. રેજાઈના. વિ. સીલ્વર લોક (૧૮૯૪) ૨ કવીન્સ બેન્ચ પાનું ૧૬૬
૪. રેજાઈના. વિ. કાદીરબક્ષ. ૩ નોર્થ વેસ્ટ પ્રોવીન્સીસ રીપોર્ટસ પાનું ૧૬
૫. રેજાઇના. વિ. પીરા રાજુ. ૧૩ મ. ૨૭
૬. એમ્પ્રેસ. વિ. મોસ ૧૬ અ. ૮૮
૭. રેજાઈના. વિ. રખમા ૧૧ મુ. ૫૯

લદારને અરજી કરી, અને એવું ખોટું જણાવ્યું કે તે જમીન પડતર જમીન હતી તેમાં તેને ઠગાઇ કરવાનો ગુ-ન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. ૧.

કેદીઓએ એક સરકારી પ્રોમીસરી નોટ લીધી, અને તેમને ત્યાં ગીરો મુકેલા અમુક દાગીના પાછા આપવાનું વચન આપ્યું. પરંતુ તેમનો તેમ કરવાનો ઇરાદો નહોતો, અને પાછળથી તે નોટ રાખવાનો પોતાનો હક બતાવ્યો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેઓ ઠગાઇ કરવાના ગુન્હેગાર હતા. ૨.

તહોમતદારોએ નીચ વર્ણની કન્યાઓને તે બ્રાહ્મણીઓ છે. એવું ખોટું સમજાવીને ઉંચ વર્ણના માણસો (બ્રાહ્મણો)ની સાથે પરણાવી આપી, અને તે બદલ તે માણસોની પાસેથી પૈસા મેળવ્યા તેમા તે માણસો-ને ઠગવાના તેમને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા. ૩.

કાંઈ પણ શબ્દો બોલ્યા વગર વર્તણુંકથી ઠગાઇનો ગુન્હો કરી શકાય. દાખલા તરીકે એક યુનીવર્સીટી-વાળા શેહેરમાં કોઈ સખસ અન્ડર-ગ્રેજ્યુએટ (જે કૉલેજમાં ભણતો હોય તે)નો જભ્ભો અને ટોપી પહેરીને કોઇ દુકાનમાં જઈને ઉધારે ચીજો મેળવે તો તે ઠગાઇનો ગુન્હેગાર થશે, કેમકે તે અન્ડર-ગ્રેજ્યુએટનો જભ્ભો તથા ટોપી પેહેરવાથી તે દુકાનદારને એવું ખોટું જણાવે છે કે હું અન્ડર-ગ્રેજ્યુએટ છુ ૪ તેજ પ્રમાણે એક કેસમાં તહોમતદારે પોતે ઇસ્ટઇન્ડીઆ કંપનીમા નોકર છે એવો ખોટો ઢોંગ કર્યો હતો ત્યાં જસ્ટીસ કોલરીજે કહ્યું હતું કે તેણે પોતાના વિશે કાંઇ પણ કહ્યા વગર માત્ર યુનીફૉર્મ (અમુક નોકરી જણાવનારો ખાસ એક સરખો પોશાક) પેહેરીને હાજર થયો હોતતો તે બસ હતું. ૫

એક તહોમતદારે એક વીશીના નોકરનો વેશ ધારણ કરીને એક પારસલ (બેગી) જાણે કે તે દુર દેશાવરથી આવેલું હોય તેમ એક માણસને આપ્યું. તે પારસલના ઉપર એક છાપેલી ટીકીટ ચોડી હતી, અને તે ટીકીટમાં ગાડી ભાડાના તથા હેલના પૈસા માંડેલા હતા તે પૈસા તેણે લીધા; તે પારસલ કાંઇ પણ કીંમત વગરનું જુઠુ પારસલ નીકળ્યું. તેમાં તેને ઠગાઇનો ગુન્હેગાર ઠરાવીને ચીફ જસ્ટીસ લોર્ડ એલે-નબરોએ ટીકા કરી કે "જે ટીકીટ પારસલની સાથે તે લાવ્યો હતો તે ટીકીટમા લખેલો દરએક શબ્દ તે તહોમતદાર બોલ્યો હતો એમ હું ગણુછું."૬

દગલબાજીથી:—બદદાનતભર્યો અથવા દગલબાજી ભરેલા ઇરાદા વગર આ ગુન્હો બની શકે નહી. આ પ્રમાણે જ્યાં એક વિદ્યાર્થીએ, ચાલચલગતનું જુઠું સર્ટીફીકેટ રજુ કરીને, તેને એક પરીક્ષામાં બેસવા દેવાને યુનીવરસીટીના સત્તાવાળાઓને લલચાવ્યા ત્યા એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેણે આ કલમ પ્રમાણે ગુન્હો કર્યો નહતો કેમકે પોતાને ગેરવ્યાજબી લાભ કરવાનો અથવા બીજા કોઇને પણ ગેરવ્યાજબી નુકશાન કરવાનો તેનો ઇરાદો નહોતો.૭

પરંતુ જો જુઠી હકીકત જાહેર કરવાનો હેતુ, જે વસ્તુ સરટીફીકેટ વગર મળી શકે એવી ન હોય તેવી કોઈ પણ વસ્તુ લેવાનો તેને હક કરી આપનાર સરટીફીકેટ મેળવવાનો હોય તો તે કૃત્ય ઠગાઇ ગણાશે.૮

એક માણસે બીજાને જમીન વેચવાનો કરાર કર્યો હતો તે માણસ તે બીજાને વેચાણ ખત રજીષ્ટર કરાવી આપવા ઘેરથી નીકળ્યો, પરંતુ રસ્તામાં તે માંદો પડી જવાથી તેણે તહોમતદારને પોતાને બદલે મોકલ્યો તે તહોમતદારે પોતે તે અસલ ખત લખી આપનાર માણસ છે એવો ખોટો વેશ ધારણ કરીને

---

૧. ૬ મદ્રાસ હાઇ કોર્ટ રીપોર્ટરસ. પરિશિષ્ઠ. પાનું ૬૨
૨. રૈજાઈના વિ. શીવદર્શનદાસ. ૩ નોર્થ-વેસ્ટ પ્રોવીન્સીસ રીપોર્ટસ પાનુ ૧૭.
૩. રૈજાઈના વિ પદમની બોઇસ્નોબી. ૫ સધરલાન્ડ્ઝ વીકલી રીપોર્ટર પાનુ ૯૮.
૪. રૈજાઇના વિ. બરનાડ ૭. કેરીંગટન એન્ડ પેન પાનું ૭૮૪.
૫. રૈજાઈના. વિ. વીકહામ. ૧૦ એડોલ્ફસ પાનું ૮૪.
૬. રૈજાઈના. વિ. ડગ્લાસ, ૭ કેરીંગટન એન્ડ પેન પાનું ૭૮૫.
૭. રૈજાઇના. વિ. હરધન. ૧૯ ક. ૩૮૦; રૈજાઈના. વિ. આબાસ અલી. ૨૫ ક. ૫૧૨.
૮. રૈજાઈના. વિ. રોસી ભુશન. ૧૫ અ. ૨૧૦.

તે ખત લખી આપનારના નામથી ખત રજીસ્ટર કરાવ્યું. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જોકે તહોમતદારે રજીસ્ટરેશન આકટ (નો ધણીનો કાયદો–૧૮૬૬ નો આકટ ૨૦ મો) ની ૯૩ મી કલમ પ્રમાણે ગુન્હો કર્યો હતો તોપણ તે ૪૧૯ મી કલમ પ્રમાણે વેશ ધારણ કરીને ઠગાઈ કરવાનો ગુન્હેગાર નહોતો.૧

કોઈ છોકરાને તેના બાપનું દેવું આપવાને સમજાવવો, અને તેના બાપને થનારાં (માઠાં) પરીણામની ધાસ્તી માત્ર આપીને તેમ કરવું તે ઠગાઇ નથી. તે પરીણામ ખરેખરી રીતે જેવાં થવાનો સંભવ હોય તે કરતાં તેમને વધારે ગંભીર પ્રકારનાં જણાવવાં તે ફરેબ કરવાને માટે હોય, પરંતુ જો કાંઈ પણ દગલબાજી ભરેલાં અથવા બદદાનત ભર્યા ઇરાદા વગર તેમ કરવામાં આવ્યું હોય તો તે ઠગાઈ નથી.૨

"દગલબાજીથી" અને "બદદાનતથી" ઠગાઇની આખી વ્યાખ્યા સાથે જતા નથી, આ કલમ બે ભાગમાં વેંહેંચી નાંખવામાં આવેલી છે, જેમાંનો બીજો ભાગ, જે માણસ બીજાને ફરેબ કરીને કાંઈ કૃત્ય કે જે નુકશાની અથવા હાની કરે અથવા જેથી નુકશાની કે હાંની થશે એવો સંભવ હોય તેવું કૃત્ય કરવાને એવા ફરેબ કરેલા માણસને ઈરાદા પુર્વક લલચાવે તેવા માણસના કેસને, પછી જો કે ફરેબ કરનાર દગલબાજીથી અથવા, બદદાનતથી વર્ત્યો ન હોય તો પણ લાગુ પડે છે.૩

ફરીયાદીને તહોમતદારના શેઠનું દેવું હતું, અને તે તહોમતદારનો શેઠ તે લેહેણું વસુલ કરી શકતો નહોતો. તે તહોમતદાર, તેના શેઠને પોતાનું લેહેણું વસુલ કરી લેવાનું સાધન મેળવી આપવા સારૂ, તે ફરીયાદીની ગેરહાજરીમાં તે ફરીયાદીની સ્ત્રીની પાસે ગયો, અને તેણીને કહ્યું કે તેના શેઠે તેણીના ધણી પાસેથી મોલ્ટ (પલાળી કોહોવરાવેલા જવ) ના બે કોથળા ખરીદ કર્યા હતા, અને તે કોથળા લેવાને સારૂ તેને મોકલ્યો હતો, જે ઉપરથી તે સ્ત્રીએ મોલ્ટના બે કોથળા તહોમતદારને સોંપ્યા. આ કેસમાં જસ્ટીસ કોલરીજે જ્યુરીને એવું કહ્યું હતુ કે "જો કે, દેખીતી રીતે, દરેક માણસ તેનાં પોતાનાં કૃત્યોના કુદરતી પરીણામ લાવવાનો ઈરાદો "રાખે છે એમ ધારી લેવું જોઇએ, તો પણ જો આ કેસમાં તમારી ખાતરી થઇ હોય કે ફરીયાદીને ફરેબ "કરવાનો તહોમતદારનો ઇરાદો નહોતો, પરંતુ વ્યાજબી દેવું આપવાની તે (ફરીયાદી) ને ફરજ પાડવાનું "તેના શેઠની સત્તામા મુકવાનો માત્ર (તે તહોમતદારનો ઇરાદો હતો) તો તને બીન ગુન્હેગાર ઠરાવવાની "તમારી ફરજ થશે. એટલુંજ બસ નથી કે તહોમતદારે જે જુઠું હતું તે જાણી બુજીને કહ્યું. અને તેમ "કરીને મોલ્ટ (જવ) મેળવ્યા. તમારી ખાતરી થવી જોઇએ કે ફરીયાદીને છેતરવાનો તહોમતદાર તે વખતે "ઇરાદો રાખતો હતો." આ સમજુતને અનુસરીને જ્યુરીએ તહોમતદારને ઠગાઈના ગુન્હાનો નિર્દોષ ઠરાવ્યો હતો. ૪

મદ્રાસમા ચુકેલા એક કેસમાં ફરિયાદીની પાસેથી જુઠુ બાહાનું કાઢીને એક ગાડી મેળવવાનું તહોમતદાર ઉપર તહોમત મુકવામાં આવ્યું હતું. તહોમતદારે ગાડી મેળવ્યાની વાત કબુલ કરી, પરંતુ કહ્યું કે તે ફરિયાદીની પાસે નાણાં માગતો હતો અને ફરિયાદીને દેવાં નાણાં આપી દેવાની ફરજ પાડવાને સારૂ તેણે તે ગાડી મેળવી હતી, જસ્ટીસ બીટલ્સટને જ્યુરીને કહ્યું હતું કે "તહોમતદારે તેના પોતાના ઉપયોગમાં "તે (મીલકત ગાડી) સમુળગી વાપરવાના ઈરાદાથી તે મીલકત મેળવી હતી. એવી તમારી ખાતરી ન "થતી હોયતો તહોમતદારને ગુન્હેગાર નહી ઠરાવવાની હું તમોને સલાહ આપું છું. જો તમો એમ "ધારતા હો કે તે (ગાડી) રાખવાના ઈરાદાથી તેણે તે (ગાડી) મેળવી નહોતી, પરંતુ તે (ફરિયાદી) "ને દેવાં પડતાં નાણાં આપવાની તેને ફરજ પાડવાને સારૂ તે ફરિયાદીને દાબ દેવાના ઈરાદાથી (તે "ગાડી તેણે મેળવી હતી.) તો હું ધારૂં છું કે તે આ ગુન્હાનો ગુન્હેગાર નથી........જો તમે એમ "ધારતા હો કે દાબ દેવાના કારણસર માંડેલું (રચેલું) તે એક છટકુ (કાવતરૂ) માત્ર હતું તો "તહોમતદારને નિર્દોષ ઠરાવવાની હું તમને ભલામણ કરૂં છું. જ્યાં કેસમાં દિવાની તકરારની બાબત

---

૧. રેજાઈના. વિ. હુથી બેવા. ૨ બંગાલ લૉ રીપોર્ટસ એપેલેટ ક્રીમીનલ પાનું ૨૫.

૨. રેજાઈના. વિ. રાજકુમાર બાનરજી. સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર ખાસ વાલ્યુમ પાનું ૨૫.

૩. રેજાઇના. વિ. મોહોબત. પંજાબ રેકર્ડઝ ૧૮૮૯ નું ૨૦ મુ.

૪. રેજાઇના. વિ. વીલીઅમ્સ. ૭ કેરીંગટન એન્ડ પેઈન પાનું ૩૫૪.

"માત્ર હોય ત્યાં કોઇ માણસ ઉપર ફોજદારી તહોમત મુકીને તેને ગુન્હેગાર ઠરાવવો તે ઘણું જોખમ ભરેલું છે."૧

પુરાવોઃ—લૉર્ડ વિ. હૉબ્સ ના કેસમાં લોર્ડ જસ્ટીસ બ્રામવેલ ટીકા કરે છે કે "કોઈ માણસ "દગલબાજી સંબંધી ફરિયાદ કરે તે પહેલાં તેણે બતાવવું જોઇએ કે એક માણસ તરીકે, અથવા એક "વર્ગના સખસ તરીકે અથવા સમસ્ત પ્રજાના એક માણસ તરીકે તેને ફરેબ કરવાને સારૂ કાંઇ પણ "ઇરાદા પુર્વક કરવામાં આવ્યું હતું; અને એટલુંજ બસ નથી કે તે અમુક વર્તણુંક બતાવે કે જે તે "હેતુ અથવા ઈરાદાથી ચલાવેલી ન હોય, પરંતુ જેનું તે પરિણામ હોય."૨

જાહેર બાંધકામ ખાતામાં (પબ્લીક વર્કસ ડીપાર્ટમેન્ટમાં) એક કંટ્રાકટરે જે કામ તે વખતે તેણે પુરૂ નહી કરેલું જણાવવામાં આવતું હતું તે કામ બદલ જે નાણાંની રકમ તેણે લીધી તે રકમના સંબંધમાં ઠગાઈ કરવાનું તેના ઉપર તહોમત મુકવામાં આવ્યું હતું. પરંતુ પુરાવા ઉપરથી તેને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવ્યો હતો, કેમકે એવું સાબીત થયું નહોતું કે (૧) તહોમતદારે ખોટા બહાનાનો ઉપયોગ કર્યો હતો. (૨) તે ખોટા બાહાનાનો ઉપયોગ કરતો હતો એવું તે જાણતો હતો, અથવા દગલબાજી કરવાનો તેનો ઇરાદો હતો; (૩) જાહેર બાંધકામ ખાતાવાળાઓ તે (બાહાના) ને ખરૂ માનવાને લીધે તે બાહાનાથી ઠગાયા હતા; અને (૪) સરકારને ગેરવ્યાજબી નુકશાન કરવાના ઈરાદાથી તહોમતદારે નાંણાં મેળવ્યાં હતાં.૩

એક દિવસે માત્ર પૈસા લઇને બીજે દિવસે તે પૈસા આપ્યા વગર બદદ્યાનતથી નાશી જવું તે અવશ્ય કરીને ઠગાઈ થતી નથી. પૈસા લેતી વખતે ફરેબ કરવાનો અને દગલબાજી કરવાનો ઇરાદો હોવો જોઇએ, અને કેદીની પાછલી વરતણુક પહેલાંનો બદદાનત ભર્યો ઇરાદો બતાવનારો પુરાવો માત્ર થશે.૪

જે વસ્તુઓ ખરીદ કરી હોય તે વસ્તુઓની કીંમતનાં નાણાં ઠરાવેલે દિવસે આપવાની કોઈ માણસની અશક્તિને લીધે તે માણસ નાંણાં ન આપે તે ઉપરથી તેનો દગલબાજી ભરેલો ઈરાદો છે એ એમ અનુમાન કરી લેવું તે સલામતી ભરેલું નથી. ૪૨૦ મી કલમ પ્રમાણે કોઇ માણસને ગુન્હેગાર ઠરાવવા સારૂ એવું સાબીત કરવું જોઇએ કે જ્યારે તહોમતદારે તે વસ્તુઓ ખરીદ કરી તે વખતે તે વસ્તુઓની કીંમત આપવાનો તેનો ઈરાદો નહોતો.૫

જો જે માણસને ફરેબ કરવામાં આવી હોય તે માણસે ઠગાઈ પારખી કાઢી હોય, અને તહોમતદારના ઉપર ફોજદારી કરવાને સારૂ મીલકત તેને સોંપી હોય તો ઠગાઈનો ગુન્હો બનતો નથી.૬ તેજ પ્રમાણે જો જે હકીકત તેને કહેવામાં આવી હોય તે હકીકતના ખરાપણા ઉપર તેણે ભરોસો રાખ્યો ન હોય, પરંતુ એવું માન્યું હોય કે કોઈ પણ રીતે તેના પૈસા તેને આપવામાં આવશે તો. ૭ અથવા જો તેને આપવામાં આવતી વસ્તુની કીમત વિષે તહોમતદારે કહેલી હકીકત ઉપર ભરોંસો નહી રાખતાં તે વસ્તુની કીમત વિષે તેણે પોતાનો સ્વતંત્ર અભિપ્રાય બાંધ્યો હોય, અને તહોમતદારના કહેવા મુજબ તે તેટલી કીંમતની છે એ કારણસર નહી પરંતુ તેના ધારવા પ્રમાણે તે તેટલી કીંમતની છે એ કારણસર તેના ઉપર પૈસા આપ્યા હોય તો. ૮ આ ઠગાઈનો ગુન્હો બનતો નથી.

---

૧. રેજાઈના. વિ. શેખ અહમદ. ૪ થી મદ્રાસ સેશન્સ સને ૧૮૯૦.
૨. ૩ કવીન્સ બેન્ચ ડીવીઝન. પાનુ ૧૫૦ પાને ૧૫૭ મે.
૩. રેજાઈના. વિ. કાલી પુડો ૨૩ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર. પાનુ ૪૩.
૪. રેજાઈના. વિ. હીરામણ હલવાઇ. ૫ સધરલાન્ટઝ વીકલી રીપોર્ટર. પાનુ ૫
૫. રેજાઇના. વિ. ફાઝલ ધનજી. મુંબાઇ હાઇ કોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ. ૧૮૮૯ નુ ૯૬ મુ.
૬. રેજાઇના. વિ. મીલ્સ ૨૬ લો જર્નલ. માજીસ્ટ્રેટસ. કેસીસ. પાનું ૭૯
૭. રેજાઈમા. વિ. ડેહલ. ૭ કેરીંગ્ટન એન્ડ પેન પાનું ૩૫૨
૮. રેજાઈના. વિ. રોબક ૨૫ લો જર્નલ. માજીસ્ટ્રેટ કેસીસ. પાનું ૧૦૧

ઠગાઇ કરવાની કોશીશ:—જે હકીકત જુઠી છે એમ તહોમતદાર જાણતો હોય એવી હકીકત કહીને પોલીસમાં દાખલ થવાની કોશીશ કરવી તેથી ઠગાવાની કોશીશ કરવાનો ગુન્હો થતો નથી ૧

એક જંગલ પટે રાખનારાએ સરકારને ઠગવાને સારૂ જંગલ ખાતાના અમલદારની આગળ જુઠો હીસાબ રજુ કર્યો હતો. તેના ઉપર ત્રણ તહોમત મુકવામાં આવ્યાં હતાં:-(૧) સરકારી નોકર તરીકે સાપરાધ વિશ્વાસઘાત કરવાની કોશીશ કરવાનું; (૨) નુકશાન કરવાને સારૂ સરકારી નોકર તરીકે ખોટો લેખ બનાવવાનું અને (૩) કોઇ માણસને સજામાંથી બચાવવાને સારૂ તેવા સરકારી નોકર તરીકે ખોટા લેખ બનાવવાનું. તે કેસમાં જો કે જડજને એવું માલમ પડયું હતું કે દગલબાજી ભરેલા ઇરાદાથી તેણે તે લેખ બનાવ્યો હતો તોપણ તે સરકારી નોકર નહોતો એવા કારણસર તેને નિર્દોષ ઠરાવવામાં આવ્યો હતો. અપીલમાં હાઇકોર્ટે એવું ઠરાવ્યું હતું કે ઠગાઇ કરવાની કોશીશ કરવાનો તે માણસને જડજે ગુન્હેગાર ઠરાવવો જોઈતો હતો.૨

કલકત્તાની કરન્સી (રોકડાં નાણાં આપનારી) ઓફીસમાં મ એ એક કાગળ લખ્યો, અને તેમાં સરકારી કરન્સી (ચલણી) નોટોનાં બે અડધીઆં બીડયાં, અને એવું જણાવ્યું કે બાકીનાં બે અડધીઆં ખોવાયાં હતાં, અને તે ઓફીસમાં તેણે પુછાવ્યું કે તે નોટનાં નાણાં લેવાને વાસ્તે તેણે શા પગલાં લેવાં. તપાસ કરતાં કરન્સી ઓફીસને એવું માલમ પડયું કે તે નોટોનાં બીજાં અડધીઆં જે માણસની પાસે હતાં તેને નોટોનાં નાણાં આપી દેવામાં આવ્યાં હતાં, અને તે નોટોને ચલણમાંથી પાછી ખેંચી લઇને તે રદ કરવામાં આવી હતી. કરન્સી ઓફીસવાળાઓએ હક દાવાનું હમેશનું ફારમ ભરીને તેમના ઉપર પાછું મોકલાવી દેવાને સારૂ, મ ઉપર મોકલ્યું. પુરાવા ઉપરથી એવું જણાતું હતું કે કરન્સી ઓફીસનો તે નોટો બદલ મ ને નાણાં આપવાનો કદી વિચાર નહોતો. મ એ તે ફારમ ભરીને પોતાની સહી કરીને, કરન્સી ઓફીસ ઉપર પાછું મોકલાવી દીધું. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જો કે તે નોટોનાં નાણાં આપવાનો કરન્સી ઓફીસવાળાઓનો બીલકુલ ઇરાદો નહોતો, તોપણ ઠગાઈ કરવાની કોશીશ કરવાને મ ગુન્હેગાર હતો.૩

એક માણસે એક જુના પાસમાં તારીખ અને માણસની સંખ્યા ફેરવીને તે પાસ બતાવીને રેલવે ભાડુ આપવામાંથી છટકી જવાની કોશીશ કરી હતી. તેમાં એવું ઠરાવવામા આવ્યું હતું કે તેને ઠગાઈ કરવાની કોશીશ કરવાનો ગુન્હેગાર ઠરાવ્યો હતો તે બરાબર હતું. ૪

જ્યાં તહોમતદાર ટીકીટ ખરીદ કર્યા વગર પ્રદર્શનના મકાનમાં છુપી રીતે પેઠો, અને મકાનની અંદરથી પકડાયો, ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેનું કૃત્ય આ કલમ પ્રમાણે ઠગાઈનો ગુન્હો બનતો નહોતો.૫.

એક દેવાદારે તેના લેહેણદારના ચોપડામાં અમુક નાણાંની રકમ તે દેવાદારને તે લેહેણદારની દેવી હતી એવું લખાણ કરવાને બદલે, તે લેહેણદારથી અજાણી ભાષામાં એવું જુઠું લખાણ કર્યું કે તે લેહેણદારને તેણે તે અમુક રકમ આપી દીધી હતી તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે દેવાદાર ખોટો લેખ બનાવવાના ગુન્હાનો નહી, પણ ઠગાઇ કરવાની કોશીશ કરવાનો ગુન્હેગાર છે. ૬

એક કેસમાં દુધમાં પાણીનો ભેળ કર્યો છે એવું જાણીને તે ભેળ કરનારના ઉપર ફોજદારી કરવાના હેતુથી એક માણસે તે દુધ ખરીદ કરવાને પોતાના નોકરને જાણી બુઝીને મોકલ્યો હતો તેમાં એવું ઠરાવવામાં

---

૧. રેન્જાઇના. વિ. દ્વારકાપ્રસાદ. ૬ અ. ૯૭

૨. રેન્જાઇના. વિ. રામજીરાવ. ૧૨ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ પાનું ૧

૩. ગવરમેન્ટ ઓફ બેન્ગાલ. વિ. ઉમેશચન્દર. ૧૬ ક. ૩૧૦.

૪. રેન્જાઈના. વિ. ગણપત. પંજાબ રેકર્ડઝ ૧૮૯૮ નું ૯ મુ.

૫. રેન્જાઈના વિ. મહેરવાનજી બેજનજી. ૬ બોમ્બે હાઈકોર્ટ રીપોર્ટસ પાનું ૬.

૬. રેન્જાઈના. વિ. કુન્જા. ૧૨ મ. ૧૧૪.

આવ્યું હતું કે તેમાં કાંઈ પણ ઠગાઇ નહોતી તેથી ઠગાઇને માટે ગુન્હેગાર ઠરાવવું રદ થશે. ૧

તહોમતદારે તેના શેઠના ભાઇને જુઠું કહ્યું કે તેનો શેઠ એક અમુક ગામડામાં માંદો થઇ ગયો હતો અને તેમ કહીને તેના શેઠના ભાઇને તે ગામડામાં લઈ જવાને લલચાવ્યો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે આ કલમ પ્રમાણે ગુન્હેગાર નહોતો, કેમકે આ કલમના અર્થની અંદર આવી જાય તેવી રીતે તહોમતદાર દગલબાજીથી અથવા બદદ્યાનતથી વર્ત્યો નહોતો. ૨

એક ગુન્હા બદલ થતી ફોજદારીમાંથી પોતાને બચાવી લેવાને સારૂ તહોમતદારે જુઠું નામ અને ઠેકાણું આપ્યું હતું તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેને આ આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી સજા કરી સકાય નહિ. કેમકે તહોમતદારનો ઈરાદો દગલબાજી ભરેલો હતો એમ સાબીત કરવામાં આવ્યું નહોતું, અને જે માણસને તે જુઠી ખબર આપવામાં આવી હતી તે માણસને કૃત્યથી નુકશાની અથવા હાની થવાનો સંભવ નહોતો. ૩

જ્યાં એક માણસે જુઠા નામથી સ્ટાંપ વેન્ડર (વેચનાર)ની પાસેથી સ્ટાંપનો કાગળ ખરીદયો, ૪ તેમ જ જ્યાં એક માણસે રેલ્વેની ગાડીમાં જે વર્ગનું તેણે ભાડું આપ્યું હતું તેથી ઉંચા (ચઢતા) વર્ગની ગાડીમાં બેસીને મુસાફરી કરી હતી ત્યાં તે માણસ ઠગાઇના ગુન્હાનો ગુન્હેગાર નહોતો એવું ઠરાવવામાં આવ્યું હતુ. ૫ તેજ પ્રમાણે એક કેસમાં એક માણસે જે મીઠાઇ જો કે ઘણી ખરાબ હતી તો પણ તનદુરસ્તીને નુકશાન કરે એવી કાંઈ પણ ચીજ તેમાં નહોતી, તે કેસમાં પણ એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે માણસે ઠગાઈનો ગુન્હો કર્યો નહોતો. ૬

૪૧૯. વેશ લઇને ઠગાઇ કરવી. પોતે કોઇ બીજો શખસ હોવાનો ઢોંગ કરીને અથવા જાણીબુજીને એક શખસને ઠેકાણે બીજો શખસ મુકીને અથવા પોતે એ અથવા કોઇ બીજો શખસ ખરેખર જે હોય તેથી જુદોજ શખસ છે, એવું બતાવીને અગર કોઇ માણસ ઠગાઇ કરે તો તેણે વેશ લઇ ઠગાઈ કરી એમ સમજવું.

ખુલાસો—જે શખસનો વેશ લીધો હોય તે શખસ ખરેખર કોઇ હોય અથવા નહી હોય તો પણ એ ગુન્હો થયો એમ સમજવું.

દ્રષ્ટાંત.—**અ** હું **ક્ષ** નામનો ફલાણો માતબર સરાફ છું એમ કોઇ ઢોંગ કરીને ઠગાઇ કરે તો **અ** એ વેશ લઇને ઠગાઇ કરી એમ સમજવું.

(બ) હું **બ** છું એમ ઢોંગ કરીને **અ** ઠગાઇ કરે અને **બ** તો મરી ગએલો શખસ હોય તો **અ** એ વેશ લઇને ઠગાઇ કરી એમ સમજવું.

ટીકા.—એક યુનીવર્સીટીની પરિક્ષામાં **અ** પોતે **બ** ને એવું જુઠું જણાવ્યું અને બ ના નામે પરિક્ષા-

---

૧. તમીઝુદીન. વિ. કન્ગલી. ૧૮ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૬૧.

૨. રેજાઇના. વિ. પુજીઆ. રતનલાલ કૃત અનરીપોર્ટેડ ક્રીમીનલ કેસીસ પાનુ ૪૨૩.

૩. રેજાઇના. વિ. લડકા. મુંબાઇ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ ૧૮૯૩ નું ૧૦ મું.

૪. રેજાઇના. વિ. રઘોજી. ૫ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ પાનુ ૪૩; રેજાઈના. વિ. ગીરધારી પંજાબ રેકર્ડઝ ૧૮૭૯ નુ ૮૩ મુ.

૫. રેજાઇના. વિ. ડાયાભાઈ ૧ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ પાનુ ૧૪૦.

૬. રેજાઇના. વિ. કાશીમોદક. ૧૮ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર, પાનુ ૬૧.

ના મંડપમાં પેસવાની ટીકીટ મેળવીને બ ના નામથી સવાલ પત્રકો લખ્યાં તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે અ એ ખોટો લેખ બનાવવાના તથા ઠગાઇ કરવાના ગુન્હા કર્યા હતા. ૧

જ્યાં બે છોકરીઓને દુર દેશાવરમાં લઇ જવામાં આવી હતી, અને તેઓ ખરી રીતે જે નાતની હતી તેના કરતાં ઘણી ઉંચી નાતની સ્ત્રીઓ તરીકે બીજાઓને સોંપવામાં આવી હતી, અને ખાવાના રૂપીઆ લઇને તે છોકરીઓને પરણાવવામાં આવી હતી, ત્યા એવું ઠરાવવામાં આવ્યું હતું કે, તહોમતદારોને ૩૭૩ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી શકાય નહી, પરંતુ તેમને ૪૧૫ મી અને ૪૧૬ મી કલમ પ્રમાણે ઠગાઇ અને વેશ ધારણ કરવાના ગુન્હેગાર ઠરાવી શકાય. ૨

એક કેસમાં તહોમતદારે ફરિયાદીને એવું ખોટું જણાવ્યું કે એક છોકરી બ્રાહ્મણની દીકરી હતી, અને તેમ કરીને તે (ફરિયાદી) ના ભાઈની સાથે તે છોકરીને પરણાવવાના અવેજમાં તેને નાણાં આપવાને તે ફરીયાદીને લલચાવ્યો તે છોકરી ખરી રીતે શુદ્ર જાતની હતી તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે તહોમતદાર આ કલમ પ્રમાણે ખોટો વેશ ધારણ કરીને ઠગાઈ કરવાનો ગુન્હેગાર હતો. ૩

એક શખસે એક છોકરી એક સ્ત્રીની દીકરી હતી એવું ખોટું જણાવ્યું જ્યારે ખરી રીતે તે બીજી સ્ત્રીની દીકરી હતી એવું તેની જાણમાં હતું, તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે આ કલમ પ્રમાણે ગુન્હેગાર હતો. ૪

અ એક આહીર જાતનો હતો. તેણે આહીર જાતના શખસોને પોલીસમાં રાખવાની મના છે એવું જાણીને પોતે જાટ છે એવું કહીને પોલીસમાં દાખલ થઇ ગયો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે વેશ ધારણ કરીને ઠગાઈ કરવાનો ગુન્હો કરવામાં આવ્યો નહોતો, પરંતુ તે અને ૧૮૨ મી કલમ મુજબ ગુન્હેગાર ઠરાવી શકાય. ૫

ઠગાઇની શીક્ષા.

૪૧૭. જે માણસ ઠગાઇ કરે તેને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—એક કેસમાં તહોમતદારે તે પોતે અમુક જાગીરનો દીવાન છે, અને ફરીયાદીને મેનેજરની અમુક ખાલી જગા છે તે તેને અપાવી શકે તેમ છે એમ ઠસાવી જામીનગીરી માટે અમુક ડીપોઝીટ રકમ લીધી તે કામમાં ઠરાવવામાં આવ્યું કે તેણે પ્રથમ બીજાં કામોમાં એવીજ રીતે પૈસા કઢાવેલા તેને લગતા દાખલા—સદરહુ ગુન્હો પુરવાર કરવા માટે નહી પરંતુ તહોમતદારે તેવીજ ઢબથી કટલાંક કામો કરેલાં તે બતાવવા માટે પુરાવાની ક. ૧૪ અને ૧૫ મુજબ, રજુ કરવા દેવામાં આવ્યા હતા. ૬

જેનો લાભ જાળવવાની જે શખસની ફરજ હોય તેને

૪૧૮. કોઇ શખસ ઠગાઇ કરે અને તે એમ જાણતો હોય કે જે પ્રકરણમાં હું ઠગાઇ કરૂં છું તે પ્રકરણમાં ફલાણા શખસનો લાભ જાળવવાની કાયદા પ્રમાણે અથવા કાંઇ કાયદાસર કરાર પ્રમાણે મારી ફરજ છે તે શખસને

---

૧. રેગ્નાઈના. વિ. આપાસામી. ૧૨ મ. ૧૫૧; રેગ્નાઇના. વિ. ગણેશ ૧૫ મુ. ૫૦૬; રેગ્નાઈના વિ. આબાદાઅલી. ૨૫ ક. ૫૧૨; રેગ્નાઈના. વિ. શોશી ભુષણ ૧૫ અ. ૨૧૦.

૨. રેગ્નાઇના. વિ. દાબી સીંગ ૭ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર. પાનુ ૫૫; રેગ્નાઇના વિ. ભાઈજી બેચર મુંબાઇ હાઈકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ સને ૧૮૮૬ નું ૪૯ મુ.

૩. રેગ્નાઈના વિ. મોહીમ ચન્દર. ૧૬ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર. પાનુ ૪૧.

૪. રેગ્નાઈના. વિ. ધનપત ઓઝાહ ૭ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર. પાનુ. ૫૧.

૫. રેગ્નાઇના. વિ. બુદ્ધ. પંજાબ રેકર્ડઝ સને ૧૮૮૦ નુ ૫ મુ.

૬. ઇ. લો. રિ. ૩૬ કલકત્તા. ૫૭૮.

ગેરવ્યાજબી હાની થશે એવું જાણીને તે શખસે ઠગાઇ કરવી. એ ઠગાઇથી ગેરવ્યાજબી હાની માશાથી થાય એવો સંભવ છે તો તે શખસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં; આવશે.

ટીકા.—વાલી, ટ્રસ્ટી, સોલીસીટર અથવા એજંટે (આડતીઓ) અથવા હિંદુ કુટુંબના વહીવટદારે (મેનેજર) અથવા મલબારમાં કોઇ તારવાડના કારનાવને અથવા શેર હોલ્ડરોને ફરેબ કરીને કોઇ બેન્કના ડાઇરેકટરોએ અથવા વહીવટદારો (મેનેજરો) એ કરેલી ઠગાઈના કેસોને આ કલમ લાગુ પડશે. ૧

૪૧૯. **વેશ લઇને ઠગાઈ કરવાની શીક્ષા.** જે માણસ વેશ લેઇને ઠગાઇ કરે તેને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા—કેદી એ પોતે પોલીસનો અમલદાર છે એવો ડોળ કરીને કેટલાક ગામડીઆઓની પાસેથી પૈસા ઠગી લીધા તેમાં તેને સરકારી નોકરનો જુઠો વેશ ધારણ કરવાનો અને ઠગાઈ કરવાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. ૨.

૪૨૦. **ઠગાઇ કરીને બદદાનતથી કાંઇ મીલકત અપાવવી.** કોઇ માણસ ઠગાઇ કરે અને તેથી કરીને બદદાનતથી એમ કરે કે તે ફરેબ દીધેલો સખશ કાંઈ મીલકત કોઇ સખશને આપે અથવા કાંઈ કીમતી દસ્તાવેજ અથવા સહી કે મોહોર કરેલી કાંઇ વસ્તુ જેનો કીમતી દસ્તાવેજ બની શકે તે આખી કે થોડી ઘણી બનાવે ફેરવે કે તેનો નાશ કરે તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—બજારના ચાલુ ભાવનો રીપોર્ટ કરવાની જે માણસની ફરજ હોય, અને જે માણસ કેટલાક માણસોની સાથે સમજુત કરીને બજારમાં ખરેખરી રીતે જે ભાવ ચાલતા હોય તેના કરતાં વધારે ભાવનો (ચાલુ ભાવ તરીકે) રીપોર્ટ કરે, કે જેથી કરીને વેચનારાઓને જે ભાવ લેવાના હક હોય તે કરતાં વધારે ભાવ તે વેચનારાઓને આપવો પડે તે માણસ આ ૪૨૦મી કલમ પ્રમાણે ઠગાઈ કરવાનો ગુન્હેગાર થાય છે. ૩.

તહોમતદાર પોતે કમીશન એજન્ટ છે, અને એક બાઇશીકલ ઉત્તર તરફના એક ખરીદનાર ઘરાકને માટે જોઇએ છે. એવું ખોટું જણાવીને તેને એક બાઈશીકલ આપવાને ફરિયાદીને લલચાવ્યો પરંતુ તે બાઈશીકલ તહોમતદારે પોતે લીધા પછી તે બાઇશીકલ મુંબાઇનાજ એક ઘરાકને વેચી દેવાનું સાટું કર્યું તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે બાઇસીકલ સોંપવામાં આવી કે તરતજ ઠગાઇ કરવાનો અને બદદાનતથી મીલકત અપાવવાનો ગુન્હો સંપુર્ણ થયો હતો. ૪.

---

૧ એમ્પ્રેસ. વિ. મોસ. ૧૬ અ. ૯૮

૨ રેજાઈના. વિ. સદાનન્દ. ૨ રઘરલાન્ડઝ વીકલી રીપોર્ટર, પાનુ ૨૦.

૩ રેજાઈના વિ. પરમેશર. ૮ અ. ૨૦૧.

૪ રેજાઈના વિ. બનાજી. ૨ બોમ્બે લો રીપોર્ટર પાનુ ૬૨૧.

એક માણુસે એક ઢબ્બુ પૈસા ઉપર પારો ચડાવ્યો કે જેથી કરીને તે રૂપીઆ જેવો દેખાય, અને તેનું પરચુરણ લાવવાને સારૂ તેણે તે એક ક નામના માણસને આપ્યો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જો તે સીક્કાને રૂપીઆ તરીકે વાપરવાનો વીચાર પાછળથી આવ્યો હોય તો જે માણસની પાસે પરચુરણ લેવાને સારૂ ક ને મોકલ્યો હતો તે માણસને ઠગવામાં ક ને મદદગારી કરવાનો ગુન્હેગાર ઠરાવી સકાય. ૧.

એક કેસમાં તહોમતદારે, તે પોતે કલકત્તા મ્યુનીસીપાલ કૉરપોરેશનમાં નોકર છે એમ બતાવી તે કૉરપોરેશનના હેલ્થ ઓફીસર પાસેથી એક ધર્માદાખાતામાં રૂ. ૧૦) દશ ઉઘરાણા તરિકે લીધા. તેણે તે રૂપીઆ તે ધરમાદા ખાતે આપી દીધા હતા પરંતુ પાછળથી તેના ઉપર આ કલમ મુજબ તહોમત મુકી સજા કરવામાં આવી હતી તેમાં હાઇકોર્ટે ઠરાવ્યું કે તે સજા રદ થવી જોઈએ કારણ કે તહોમતદારના સદ્દરહુ કૃત્યથી કોઇને ગેરવાજબી લાભ કે ગેરવાજબી હાની થઈ ન હતી. ૨.

દગાનાં ખતો તથા મિલકતની વ્યવસ્થા બાબત.

માગનારાઓમાં વહેચણુ થતી અટકાવવાને માટે કાંઇ મીલકતનું બદદાનતથી અથવા દગલબાજીથી ખસેડવું અથવા છુપાવવું.

૪૨૧. જે માણુસ બદદાનતથી કે દગલબાજીથી કાંઈ મીલકત ખસેડે અથવા છુપાવે અથવા પુરેપુરી કીમત લીધા વીના કોઇ સખશને આપે કે તેને નામે કરી આપે કે કરાવી આપે એવા ઇરાદાથી કે તેમ કરીને પોતાના કે કોઇ બીજા શખસના માગનારાઓમાં તે મીલકત કાયદા મુજબ વેચાતી અટકે અથવા તેમ કરવાથી તે વેચાતી અટકશે એવો સંભવ છે, એમ જાણ્યા છતાં તો તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—આ કલમ પ્રમાણે માગનારાઓ (લેહેણદારો)માં કાયદા મુજબ મીલકત વેંહેંચાતી અટકાવવાનો ઈરાદો હોવો જોઇએ.

પ્રેસીડેન્સી ટાઉન્સ ઇન સોલવન્સી એકટ (૧૯૦૯) ના થી આ કલમની રૂએ ફરીયાદ લેવા માટે બાધ આવતો નથી. માજીસ્ટ્રેટ તેવી ફરીયાદ લઈ શકે છે.૩

કોઇનું કાંઇ લેણું કે માગણું હોય તે પોતાના માગનારાઓને મળતું તે મળવું બદદાનતથી અથવા દગલબાજીથી અટકાવવું.

૪૨૨. પોતાનું અથવા કોઇ બીજા શખસનું કાંઈ લેણું કે માગણુ હોય તે પોતાનું અથવા તે શખસનું કરજ અદા કરવાના કાયદા મુજબ કામે આવતું જે માણુસ બદદાનતથી અથવા દગલબાજીથી અટકાવે તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

---

૧. રેન્જાઇના. વિ. મીહરબાન. પંજાબ રેકર્ડઝ સંને ૧૮૮૪નું ૧૧ મું.
૨. ઈ. લો રિ. ૩૩ કલકત્તા ૫૦
૩. મુલશંકર હરીનંદ ભટ્ટ ૧૨ બૉમ્બે લૉ. રિપોર્ટર પાનું ૭૫૦.

ટીકા.—આ કલમમાં, કરજ અદા કરવા સારૂ કાયદા મુજબ લેહેણું અથવા માગણું કામે આવતું અટકાવવાનો ઈરાદો હોવો જોઈએ. વળી જુઓ હરકુમારી ચૌધરાણી ઇ. લો. રિ. ૨૮ કલકત્તા પાનું ૩૧૪.

એક કેસમાં **અ** એ **બ** ની સાથે એવો કરાર કર્યો કે તેણે (**અ**, એ) ક ની સાથેના દાવાનું અંદર પૈટે સમાધાન કરી દેવું નહીં કેમ કે નાણાંનાં કેટલાક માસીક હપતા યોગ્ય રીતે વસુલ આપવા બદલ જામીનગીરી તરીકે **અ** એ તે દાવામાંનું પોતાનું હીત **બ** ને તબદીલ કરી આપ્યું હતું પરંતુ **અ** એ તેમ છતાં પણ પાછળથી ક ની સાથે દાવાનું સમાધાન કરી લીધું હતું તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે **અ** ને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી શકાય નહીં, પણ જો **બ** ની તરફ દગલબાજી કરીને અથવા બદદાનતથી ક ની સાથે સમાધાન કર્યું હોય તોજ **અ** ને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી શકાય. ૧

કોઇના નામની કાંઇ મીલકત કરી આપવાના જે ખતમાં કીંમતનો જીકર ખોટો લખ્યો હોય એવા ખતપર બદદાનતથી કે દગલબાજીથી સહી કરવી.

૪૨૩. જે ખત કે દસ્તાવેજ કાંઇ મીલકત અથવા તે માંહેલો કાંઇ હક કોઇ શખસના નામપર કરી આપવાની મતલબનો અથવા કાંઈ મીલકતમાંથી કે તે માંહેલા કાંઇ હકમાંથી કાંઇ રકમ અપાતી થાય એવી મતલબનો હોય અને જેમાં તે નામપર કરી આપવાની અથવા તે રકમ અપાતી થવાની કીમત બાબત કે જે સખસ અથવા સખસોના ઉપયોગ અથવા લાભમાં તે ખત અથવા દસ્તાવેજનો અમલ થવાને ખરેખર ઇરાદો કર્યો હોય તે સખશ અથવા સખસો બાબત કાંઈ ખોટો જીકર લખેલો હોય એવા કોઇ ખત કે દસ્તાવેજપર જે માણસ બદદાનતથી અથવા દગલબાજીથી સહી કરે અથવા એવું ખત કે દસ્તાવેજ લખી આપે અથવા લખી આપનાર કે લખાવી લેનાર થાય તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—આ કલમમાં વર્ણવેલો ગુન્હો બનવાને સારૂ બે તત્વોની જરૂર છે: (૧) દગલબાજી ભરેલો ઇરાદો; (૨) દસ્તાવેજના અવેજના સબંધમાં જુઠી હકીકત અથવા જે માણસના લાભમાં તે દસ્તાવેજ કરવામાં આવ્યો હોય તે માણસ સબંધી જુઠી હકીકત.

આ કલમ પ્રમાણે બીજાના નામથી બદદાનતથી ખત લખાવી લેવું તે સજાને પાત્ર થશે. આ કલમ પ્રમાણે ફોજદારી કોર્ટમાં તહોમત મુકવાને માટે દીવાની દાવો કરવો તે જરૂરની સરત નથી. ૨.

સ્થાવર મીલકતને લગતા એક વેચાણ ખતમાં ખરીદદારની સંમતિથી અવેજ બાબત અતિશયોક્તિ કરવામાં આવી હતી અને તેમ કરીને સફીલદારીનો એક સખસનો હક ડુબાવવાનો ઈરાદો હોવાનું જણાયું હતું તેમાં ઠરાવવામાં આવ્યું કે ખરીદદારે આ કલમ મુજબ ગુન્હો કર્યો હતો. ૩

---

૧. ગુરદીત્તામલ. પંજાબ રે. સને ૧૯૦૨નો ૦. ૧૦. લછમનદાસ. પંજાબ રે. ૧૯૦૭ નો ૭. ૧૬. ઇ. લો. રિ. ૨૫ અલ્હાબાદ. ૩૧.

૨. રેનાઇના. વિ. નોબીનચન્દર. ૨૨ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનુ ૪૬.

૩. રેનાઈના. વિ. ઉમરાવસીંગ. ૩ અલ્હાબાદ વીકલી નોટસ. પાનુ ૨૦૯.

કોઇ મીલકતનું બદદાનતથી અથવા દગલબાજીથી ખસેડવું કે છુપાવવું.

૪૨૪. પોતાની અથવા બીજા કોઇ સખશની કાંઇ મીલકત જે માણુસ બદદાનતથી અથવા દગલબાજીથી છુપાવે કે ખસેડે અથવા તે છુપાવવામાં કે ખસેડવામાં જે માણુસ બદદાનતથી અથવા દગલબાજીથી મદદ કરે અથવા કાંઇ માગણી કે લેંહેણાપર પોતાનો હક હોય તે જે માણુસ બદદાનતથી કે દગલબાજીથી મુકી દે તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેનો શીક્ષા કરવામાં આવશે.

ટીકા—આ કલમમાં એ સંભાળ રાખવી જોઈએ કે દીવાની હક્ક બદલ ફોજદારી ફરીયાદ થાય નહીં. ૧

જે જગ્યાએ મીલકત રાખી હોય તે જગ્યાએથી તે મીલકતનું જે છુપાવવું અથવા ખસેડવું દગલબાજી ભરેલું ગણી શકાય તેવા છુપાવવા અથવા ખસેડવાના ગુન્હાને, પછી તે દગલબાજી માગનારાઓ (લેહેણદારો) ઉપર અથવા તો ભાગીદારો ઉપર કરવાંના ઈરાદો હોય, તો પણ આ કલમ લાગુ પડે છે. ૨ અને જે માણસોને ફરેબ દેવાનો ઇરાદો હોય તે માણસો બાબત પુરાવ હોવો જોઈએ. ૩.

એક હુકમનામાંના દેણદારનો ઉભો પાક જપ્ત કરવામાં આવ્યો હતો તે દેણદારે જે વખતે જપ્તી કાયમ હતી તે વખતે તે ઉભો પાક કાપી લીધો, અને તેમાં તેને ચોરીનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો. અપીલમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તહોમતદાર ચોરીનો ગુન્હેગાર નહોતો, પરંતુ આ કલમપ્રમાણે બદદાનતથી મીલકત ખસેડવાના ગુન્હાનો ગુન્હેગાર હતો. જસ્ટીસ બેન્સને એવો અભિપ્રાય આપ્યો હતો કે ૪૦૩ મી કલમના અર્થની અંદર સાપરાધ ખોટા ઉપયોગનો પણ તે ગુન્હો બનતો હતો.૪

કેટલાક ભાગીદારોમાંના એક ભાગીદારે એક રાત્રે સહીઆરા ચોપડા ખસેડ્યા (ઉડાવ્યા) અને તેને પુછતાં તેણે તેમ કર્યાની ના પાડી તેમાં તેને આ કલમ પ્રમાણેના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.૫

બીગાડ બાબત.

બીગાડ.

૪૨૫. લોકોને અથવા કોઇ શખસને ગેરવ્યાજબી હાની અથવા નુકશાની કરવાના ઇરાદાથી અથવા તેવી હાની કે નુકશાની કરવાથી થવાનો સંભવ છે એમ જાણીને જે માણુસ કાંઇ મીલકતનો નાશ કરે અથવા કાંઇ મીલકતમાં કે તેની સ્થીતીમાં એવો કાંઇ ફેરફાર કરે કે તેથી તે મીલકતની કીમતનો અથવા ઉપયોગીપણાનો નાશ થાય અથવા તેની કીમત કે ઉપયોગીપણું ઓછું થાય અથવા તેથી તે ઉપર નુકશાન ભરેલી અસર થાય તો તે માણુસે બીગાડો કર્યો એમ સમજવું.

---

૧ રેજાઈના. વિ. બરોઝોકીશોર. ૮ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનુ ૭૦

૨ રેજાઇના. ગદર બીનોદદત્ત. ૨૧ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૧૦.

૩ રેજાઇના. વિ. રામ દાયા, પંજાબ રેકર્ડઝ સને ૧૮૬૮ નુ ૧૬ મુ.

૪. રેજાઇના. વિ. ઓંબાયા. ૨૨ મ. ૧૫૧; રેજાઈના. વિ. ડાયા કરસન. ૧ બોમ્બે લૉ રીપોર્ટર પાનુ ૫૧૫

૫. રેજાઇના. વિ. ગદર બિનોદ. ૨૧ સધરલાન્ડઝ વિકલી રીપોર્ટર પાનુ ૧૦

ખુલાસો ૧ લો—જે મીલકતને નુકશાન કર્યું હોય અથવા જેનો નાશ કર્યો હોય તે મીલકતના ધણીને કાંઇ હાની અથવા નુકશાની કરવાનો ઇરાદો તે ગુન્હો કરનારે કરવો જોઇએ. એવું કાંઈ બીગાડના ગુન્હામાં જરૂર નથી અગર મીલકતને નુકશાન કરીને કોઈ પણ સખશને ગેરવ્યાજબી હાની અથવા નુકશાની કરવાનો તેનો ઇરાદો હોય અથવા તેવી હાની કે નુકશાની પોતાથી થવાનો સંભવ છે એમ તેના જાણવામાં હોય તો બસ છે, પછી તે મીલકત તે સખશની હોય કે નહી તોપણ.

ખુલાસો ૨ જો—પોતાનીજ અથવા પોતાનીજ સાથે બીજા સખશોના રાશ ખાતાની કાંઇ મીલકત બાબત કાંઇપણ કામ કરીને તે કામ કરનાર તે કામથી બગાડ કરી શકે.

દ્રષ્ટાંત--(**અ**) જ ને ગેરવ્યાજબી હાની કરવાના ઇરાદાથી જ નો એક કીમતી દસ્તાવેજ **અ** બુદ્ધિપુર્વક બાળી નાખે તો **અ** એ બીગાડ કર્યો એમ સમજવું.

(**બ**) જ ને ગેરવ્યાજબી હાની કરવાના ઈરાદાથી જ ની એક બરફની વખારમાં **અ** પાણી દાખલ કરે, અને તેથી કરીને તે બરફ પીંગળી જાય તો **અ** એ બીગાડ કર્યો એમ સમજવું.

(ક) જ ને ગેરવ્યાજબી હાની કરવાના ઇરાદાથી જની એક વીંટી **અ** બુદ્ધિપુર્વક એક નદીમાં નાંખી દે તો **અ** એ બીગાડ કર્યો એમ સમજવું.

(ડ) મારી પાસે જ ના આટલા રૂપીઆ નીકળે છે તે અદા થવા સારૂ હુકમનામું બજીને મારી મીલકત જપ્ત થવાની છે એમ **અ** ના જાણ્યામાં હોય અને જ ને રૂપીઆ મળતા અટકાવવાના તથા એમ કરીને જ ને નુકશાની કરવાના ઇરાદાથી અગર તે મીલકત બાળી નાંખે તો **અ** એ બીગાડ કર્યો એમ સમજવું.

(ઇ) **અએ** એક વહાણનો વીમો ઉતરાવ્યો છે. હવે વીમાવાળાઓને નુકશાની કરવાના ઈરાદાથી અગર **અ** તે વહાણને બુદ્ધિપુર્વક ખરાબાપર ચઢાવી દે તો તે બીગાડ કર્યો એમ સમજવું.

(ફ) જ એ એક વહાણપર જોખમી નાણાં ધીર્યા છે તેને નુકશાની કરવાના ઇરાદાથી અગર **અ** તે વાહાણને ખરાબા ઉપર ચડાવી દે તો **અએ** બીગાડ કર્યો એમ સમજવું.

(ગ) એક ઘોડા **અ** તથા જ એ બંનેની રાશ ખાતાની મીલકત છે તે ઘોડાને **અ** ગોળી મારે એવા ઇરાદાથી કે તેમ કરીને બ ને ગેરવ્યાજબી હાની કરવી તો **અ** એ બીગાડ કર્યો એમ સમજવું.

(હ) **અ** જના ખેતરમાં કેટલાએક ઢોરને મોકલે એવા ઇરાદાથી અથવા એવો સંભવ જાણીને કે તેથી જ ના પાકને નુકશાની થાય તો **અએ** બીગાડ કર્યો એમ સમજવું.

ટીકા.—બીગાડનો ગુન્હો બનવાને સારૂ કરેલા કૃત્યથી કોઈ મીલકતનો નાશ થયેલો બતાવવો જોઇએ અથવા તે મીલકતમાં અથવા તેની સ્થીતિમાં એવો ફેરફાર થયેલો બતાવવો જોઇએ કે જેથી તે મીલકતની કીંમતનો અથવા ઉપયોગીપણાનો નાશ થાય, અથવા તેની કીંમત કે ઉપયોગીપણુ ઓછું થાય અથવા જેથી તે ઉપર નુકશાની ભરેલી અસર થાય. બીજી મીલકતને નુકશાન થવાનું સંભવિત પરિણામ એકલું બીગાડનો ગુન્હો બનશે નહી ૧

---

૧. ૪ મદ્રાસ હાઇકોર્ટ રીપોર્ટસ પરિશિષ્ઠ પાનુ ૧૫.

બીગાડનાં કૃત્યોને વાસ્તે માણસોને સજા કરવાનો ફોજદારી કોર્ટોને આપેલો અધિકાર એવો છે કે જેનો ઘણી સંભાળ (સાવચેતી) થી અમલ થવો જોઈએ; અને તહોમતદારને ગુન્હેગાર ઠરાવી સજા કરતાં પહેલાં, એ ઘણું સ્પષ્ટ હોવું જાઈએ કે તહોમતદારે પોતે ૪૨૫ મી કલમના અર્થની અંદર પોતાની જાતને આણેલી હોવી જોઇએ. ૧

બીગાડના ગુન્હા બદલ કોઇ માણસને ગુન્હેગાર ઠરાવવાને સારૂ એ ફરિયાદ પક્ષે સાબીત કરવું જોઇએ કે ગેરવ્યાજબી (ખોટા) ઈરાદાથી—તેમ કરવામાં તે વ્યાજબી કરતો નહોતો એવી જાણ સાથે—તહોમતદારે નુકશાન કર્યું હતું, અને જે પક્ષકારના હુકમને આધીન રહી તે વર્તતો હતો તે માણસને કાંઇ પણ ખરેખરો હક નહોતો. ૨

જ્યારે કેદીની જાણની બાબત ઉપર (કોર્ટનો) સ્પષ્ટ ઠરાવ હોય ત્યારે બીગાડની વ્યાખ્યા આપતી ૪૨૫ મી કલમની સરતો પરિપુર્ણ થયેલી ગણાય છે. ઈરાદાનો સવાલ સજા કરવાની બાબતમાંજ માત્ર ઉપયોગી છે. ૩

આ કલમ પ્રમાણે તહોમતદારને ગુન્હેગાર ઠરાવવા સારૂ એ સાબીત કરવું જોઇએ કે ગેરવ્યાજબી હાની અથવા નુકશાની કરવાના ઇરાદાથી નાશ કરવામાં આવ્યો હતો. ૪ અથવા તો એ સાબીત કરવું જોઇએ કે, તહોમતદાર જાણતો હતો કે ફરિયાદીને ગેરવ્યાજબી હાની અથવા નુકશાની કરવાનો સંભવ હતો. ૫ માત્ર બેદરકારી, દાખલા તરીકે ઢોરને જોડેની જમીનમાં રખડતાં જવા દેવાં તે, જો કે તેના સંબંધના ખાસ કાયદાઓથી સજાને પાત્ર હોય તો પણ આ ૪૨૫ મી કલમ પ્રમાણે ગુન્હો નથી. ૬

હકનો ભોગવટો:—કોઇ હક હયાતીમાં છે એવું વ્યાજબી રીતે ધારીને, તે હકનો શુદ્ધ બુદ્ધિથી ભોગવટો કરવામાં નુકશાની કરવામાં આવી હોય તો તેવી નુકશાની કરવી તે આ કલમ પ્રમાણે સજાને પાત્ર નથી. ૭ તેમજ જ્યાં તે હક સ્થાપીત કરવાને સારૂ અથવા તે હકનું રક્ષણ કરવાને સારૂ તહોમતદાર યોગ્ય રીતે જેટલી નુકશાની જરૂરની ધારે તેટલી નુકશાની કરતાં વધારે નુકશાની તહોમતદાર કરે નહી ત્યાં પણ તેટલી નુકશાની કરવી તે આ કલમ મુજબ શિક્ષાને પાત્ર નથી. ૮ પરંતુ હક હોવાનો માત્ર દાવો કરવો તે, જો હકીકત તે હકને એવી, સ્પષ્ટ રીતે નાસાબીત કરે કે જેથી બીજાને નુકશાન થાય તેવી રીતે તે હક હોવાનું જણાવવું તે વધારાનો ગુન્હો થશે, તો બસ નથી. ૯ જસ્ટીસ ટરનર આના સંબંધમાં એવી ટીકા કરે છે કે "ફોજદારી કોર્ટની "એ નિર્ણય ઉપર આવવાની ફરજ છે કે કહેવાતા ગુન્હેગારનો ઈરાદો શો હતો; અને જો તે એવા અનુ- "માન ઉપર આવે કે તે (તહોમતદાર) હક હોવાનો શુદ્ધબુદ્ધિથી દાવો ધરાવીને વર્ત્યો નહોતો તો તે "તહોમતદારને સજા કરવાની તે ના પાડી શકે નહિ, અલબત્ત એવું ધારી લઈને કે બીજી (બધી) "હકીકત કે જેથી ગુન્હો બને છે તે હકીકત સ્થાપિત થયેલી છે." ૧૦

નુકશાની:—અમે ધારીએ છીએ કે એ જરૂરનું નથી કે આ કલમ પ્રમાણે જરૂરની (જોઈએ તે) " નુકશાની નાશ થાય તેવા પ્રકારની હોવી જોઇએ. જે સઘળું જરૂરનું છે તે એ છે કે (કોઈના) હક

---

૧. રેજાઇના. વિ. રામ ગોલામ. ૬ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનુ. ૫૯
૨. ઈસર ચન્દર. વિ. રહીમ શેખ. ૨૫ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનુ ૬૫
૩. રેજાઇના. વિ. રેવસીંગ. મુંબાઈ હાઈ કોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ. સને ૧૮૯૪ નું ૧૩ મું.
૪. રીઆરાઝ સીરકાર. ૧૦ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું. ૨૯; રેજાઈના વિ. શેખસાજી ૯ મું ૧૯૩
૫. રેજાઈના. વિ. રાજ કીસ્તો. ૧૬ સધરલાન્ડજ વીકલી રીપોર્ટર પાનું ૬૨,
૬. રીઆરાઝ સરકાર (ઉપર)
૭. બાકર હલસાના. વિ. દીનબંધુ. ૧૨ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું. ૧
૮. રેજાઇના. વિ. કલેમેન્સ. (૧૮૯૯) ૧ કવીન્સ બેન્ચ પાનું ૫૫૬.
૯. રામકૃષ્ણ. વિ. પલાનીયાન્ડી. ૧ મદ્રાસ ૨૬૨.
૧૦. રેજાઈના. વિ. બુંધસીંગ. ૨ અ. ૧૦૧, પાને ૧૦૩ મે.

" ઉપર હુમલો કરેલો હોવો જોઇએ, અને તે હુમલાથી થયેલો કોઇની મીલકતની કીંમતમાં ઘટાડો કે જે " ઘટાડો તે (હુમલો) કરનાર માણસે જે વખતે હુમલો કર્યો તે વખતે ઇરાદા પુર્વક ધ્યાનમાં રાખેલો " હોવો જોઇએ, તેવો ઘટાડો હોવો જોઈએ" જે કેસમાં કોર્ટે આ ટીકા કરી છે તે કેસમાં હકીકત એવી હતી કે માલ ખસેડી લઈ જવાનું કામ ચાલતું હતું, એવામાં તહોમતદાર આવ્યો અને તે માલને ગાડામાંથી રસ્તાપર ફેંકી દીધો તેમાં તેને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા કાયમ રાખી હતી. કોર્ટે એવું કહ્યું હતું કે તે માલની સ્થીતીમાં ગેરકાયદેસર ફેરફાર કરવાથી તે માલના માલીકને થયેલી અગવડથી, તે (માલ) મુકરર કરેલે ઠેકાણે જતા રસ્તા ઉપરના માલ તરીકે, તે (માલ) ના ઉપયોગીપણામાં ઘટાડો થયો હતો.૧

આ ૪૨૫ મી કલમમાં જણાવેલું નુકશાન, હયાતીમાં હોય તેવો હક્કનો અને સંપુર્ણ હક ઉલ્લંઘન (ભંગ) કરીને થયેલું હોવું જોઇએ એ જરૂરનું નથી, પરંતુ હયાતીમાં આવવાની તૈયારીમાં હોય તેવો હક રદ કરાવવાના અને નીષ્ફળ (નીરૂપયોગી) કરાવવાના ઇરાદાથી હમણાં કરેલા કૃત્યથી તે નુંકસાન કરી શકાય. જે કોઇ માણસ મીલકત ખરીદ કરવાનો કરાર કરીને ખરીદનાં નાણાંનો એક ભાગ (અગાઉથી) આપે તે માણસનો હક (title) જો કે સંપુર્ણ થયો ન હોય, અથવા તેનો હક છેવટનો અને નિશ્ચયાત્મક થયો ન હોય તોપણ તે મીલકતમાં તેનું એવું હીત રહેલું છે કે આવી મીલકતનો નાશ આ ૪૨૫ મી કલમના અર્થની અંદર તેને ગેરવ્યાજબી હાની કે નુકશાની કરે.૨ આ ધર્મદાસના કેસમાં સરકારની ચઢેલી મેહેસુલ બદલ એક મીલકત હરાજ કરી વેચી નાંખવામાં આવી હતી, અને રીતસર ચોથાઇના રૂપૈયા ભરાઈ ગયા હતા; અને તે હરાજીમાંથી તે મીલકત ખરીદ કરનારને હાની કરવાના હેતુથી તે મીલકતના માલીકે ૬૦ દીવસ પુરા થયા પેહેલાં, (કે સાઠ દીવસ પુરા થયે વેચાણનું સરટીફીકેટ [હરાજી કબાલો] આપવામા આવે છે,) તે મીલકત ઉપરનાં ફળાઉ ઝાડ કાપી નાંખ્યાં. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે માલીકને આ કલમ પ્રમાણે બરાબર રીતે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.

મીલકત એટલે બળ વાપર્યાથી નાશ થવા યોગ્ય કોઇ સ્પૃશ્ય (tangible) મીલકત પરંતુ 'આ મીલકત શબ્દમાં સુખાધિકારનો સમાવેશ થતો નથી.૩

જો કોઇ માણસ એક મીલકત તેની પોતાની છે એવું શુદ્ધ બુદ્ધિથી માનીને તે મીલકતને નુકશાન થાય તેવી રીતે વર્તે તો તેને બીગાડનો ગુન્હેગાર ઠરાવી શકાય નહી.૪

જ્યાં એક મીલકતના સહીઆરા માલીકે કરેલું કૃત્ય જાતેજ સ્વચ્છન્દી અને દ્વેષ ભરેલું હોય, અને તે એવું હોય કે બીજા સહીઆરા માલીકોને હાંની થાય તેવી રીતે તે મીલકતનો નાશ કરવા સિવાય અથવા નુકશાન કરવા સિવાય તેનો બીજો કાંઇ હેતુ હોય નહી ત્યાં તે મીલકતના સહીઆરા માલીકથી બીગાડ થઈ શકે. ૫

એક કેસમાં વાંસડા કાપીને લઇ જવાનું તહોમતદાર ઉપર તહોમત મુકવામાં આવ્યું હતું, પરંતુ તે વાંસડા કાપી લઈ જવાના હકના સંબંધમાં તકરાર હતી, તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે તહોમતદારને આ કલમ પ્રમાણે બીગાડનો ગુન્હેગાર ઠરાવી શકાય નહી. ૬

જ્યાં કોઇ જમીન ઉપર એક માણસ હક રાખતો હોય, પરંતુ હુકમનામાની બજાવણીમાં તે જમીનનું વેચાણ થઈ ગયા પછી, તે જમીનનો કબજો કાયદેસર રીતે બીજા માણસને સોંપી દેવામાં આવ્યો

---

૧. જગેશ્વરદાસ. વિ. કોયલાશ ચન્દર. ૧૨ ક. ૫૧
૨. ધરમદાસ. વિ. નાશીરૂદીન. ૧૨ ક. ૬૬૦.
૩. રેંજાઇના વિ. કેરૂ. રતનલાલ કૃત અનરીપોર્ટેડ ક્રીમીનલ કેસીસ. પાનું ૩૮૭.
૪. રેંજાઇના. વિ. બુધસીંગ. ૨ અ. ૧૦૧
૫. ૩ બંગાલ લૉ રીપોર્ટસ. (એપેલેંટ ક્રીમીનલ) પાનું. ૨૦.
૬. શંકર મહમદ. વિ. ચન્દર મોહન. ૨૧ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૩૮.

હોય, અને તે હક રાખનારા માણસે કાંઈ પણ હરકત લીધી ન હોય, અથવા તે કાયદેસર રીતે વચ્ચે આવ્યો ન હોય ત્યાં જો તે માણસ તે જમીન ઉપરનાં ઝાડ કાપે તો તે બીગાડ કરવાનો ગુન્હેગાર થશે.૧

વરસની અમુક રૂતુઓમાં તહોમતદારો તેમની જમીનને પાણી પાવાને સારૂ અમુક નીક વાટે પાણી લેતા હતા બીજી રૂતુ વખતે તે નીક બંધ કરવામાં આવતી હતી, અને પાણીને બીજા ખેડુતોની જમીન ઉપર વેહેવા દેવામાં આવતું હતું. રેવન્યુ (મુલ્કી) સત્તાવાળાઓએ આ ગોઠવણ નિર્દિષ્ટ કરી હતી. બીજા ખેડુતોની જમીનોને પાણી પુરૂ પાડવા સારૂ નકકી કરેલી રૂતુઓ । અંદર તહોમતદારોએ તેમની નીક ઉઘાડી રાખીને રેવન્યુ સત્તાવાળાઓએ કરેલી ગોઠવણ તોડી તેમાં હાઇકોર્ટે એવું ઠરાવ્યું હતું કે તેમના કૃત્યથી બીગાડનો ગુન્હો બનતો નહોતો કેમકે આ કલમમાં આપેલી વ્યાખ્યાની અંદર તહોમતદારોથી મીલકતનો કાંઈ પણ નાશ થયો નહોતો, અથવા તે મીલકતની કીંમતમાં અથવા ઉપયોગીપણામાં ઘટાડો થયો નહોતો. ૨

એક કેસમાં માજીસ્ત્રેટને એવું માલમ પડયું હતું કે તહોમતદાર જે ગામનો હતો તે ગામમાં કોઇ પણ મરેલા બળદનું ચામડુ મહારને, તેના હક તરીકે લેવાનો તે ગામનો સ્થાપિત રીવાજ હતો. તહોમતદારનો એક બળદ મરી ગયો. તેણે તે બળદનું ચામડુ નાશ કરવાના અને તે ફરિયાદી મહારને તે બળદનું ચામડુ લેતો અટકાવવાના ખાસ હેતુથી તે બળદનું મુડદુ દાટી દીધું. માજીસ્ત્રેટે તહોમતદારને બીગાડના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવ્યો પણ હાઇકોર્ટે તેને ગુન્હેગાર ઠરાવવું રદ કરીને ટીકા કરી કે " ......તે " કૃત્ય એવું હતું કે તેનો નીકાલ ફોજદારી કાયદા પ્રમાણે થાય નહી, પરંતુ તેને વાસ્તે દીવાની કોર્ટમાં " દાદ માગવાની હતી. " ૩

થાણા જીલ્લામાં આવેલા એક ગામડાના કેટલાક રેહેવાસીઓ હોડીઓમાં બેસીને દરીયામાં ફરવા નીકળ્યા, અને જોડેના ગામમાં રેહેનારા લોકોએ કીનારાથી ત્રણ માઈલની અંદર દરીઆમા કાયદેસર રીતે નાંખેલા માંછલાં પકડવાના ગળ ઉખાડી કાઢી નાંખ્યા તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ કલમ અને ૪૨૭ મી કલમના અર્થની અંદર તે બીગાડનો ગુન્હો થતો હતો.૪

જે મકાનના સંબંધમાં દીવાની કોર્ટે એવો ઠરાવ કર્યો હતો કે તે મકાન બાંધવું જોઇતુ નહોતું. તે મકાનને પાડી નાંખવું તે બીગાડ નથી કેમકે તેમાં કાંઇ પણ ગેરવ્યાજબી નુકશાન થતું નથી. ૫

એક કેસમાં હકીકત એવી હતી કે એક પુલની અંદર થઈને લાકડુ તરતુ પસાર કરવામાં તહોમતદારોને રોકવામાં આવ્યા હતા. તે પુલની કામની સાથે લાકડાની કેટલીક ગાંઠો અથડાઈ, તેથી પુલને કાંઈક નુકશાન થયું. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તહોમતદારોને ગુન્હેગાર ઠરાવવું ગેરવ્યાજબી હતું.૬

એક દસ્તાવેજમાં કરારનું લખાણ હોય, પરંતુ તે કરાર તેની અનીતિ ભરેલી શરતોને લીધે રદ બાતલ (ગેરકાયદેસર) હોય તોપણ તે દસ્તાવેજનો નાશ કરવો તે બીગાડનો ગુન્હો થશે, કેમકે તે દસ્તાવેજ તેના મુખ્ય હેતુને સારૂ તો નહી, પરંતુ તેની સાથેના અંગભુત કામ (collateral purpose) ને સારૂ વાપરી શકાતા.૭

એક નાતની જમણવારમાં એકઠા થયેલા કેટલાક હિન્દુઓ જે જમણ તેમને પીરસવામાં આવ્યું હતું તે જમણ જમવા સારૂ બેઠા, એટલામાં તે નાતના બીજા કેટલાક માણસો આવ્યા, અને જે લોકો (જમવા) બેઠા હતા તેમને તે જગ્યાએથી ઉઠી બીજી જગ્યાએ જવાનું કહ્યું, પણ તે બેઠેલા માણસોએ તેમ

---

૧. સોનાઇ સરદાર. વિ. બખ્તાર સરદાર ૨૫ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું. ૪૬
૨. મદ્રાસ હાઇકોરટ રીપોર્ટર પરિશિષ્ઠ. પાનું ૩૯.
૩. રેજાઇના વિ. ગોવિન્દા પુંજા ૮ મુ. ૨૯૫.
૪. રેજાઇના વિ. કાસત્યા રામા. ૮ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ પાનું. ૬૩.
૫. દીનોનાથ. વિ. રાજકુમાર. ૩ ક. ૫૭૩
૬. ૫ મદ્રાસ હાઇકોર્ટ રીપોર્ટસ પરીશીષ્ટ પાનું ૪૦.
૭. રેજાઇના. વિ. વ્યાપુરી. ૫ મ. ૪૦૧.

કરવા ના પાડી, તેથી પેલા નવા આવેલા માણસોએ જે લોકો બેઠા હતા તે લોકોની વચ્ચે એક ખાસડું નાંખ્યું. જે માણસોએ ખાસડુ નાંખ્યું તેમને બીગાડના ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા, કેમકે તેમના કૃત્યથી જમણ બગાડ્યું હતું, અને હિન્દુઓના ધરમના વીચાર પ્રમાણે તે ખોરાક ખાવાને અયોગ્ય થયો હતો. અપીલમાં હાઈકોર્ટે એવું ઠરાવ્યું હતું કે તે માણસોને ગુન્હેગાર ઠરાવવું ગેરવ્યાજબી હતું; અને જણાવેલી હકીકત ઉપરથી તહોમતદારોને ૨૯૮ મી અથવા ૫૦૪મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી શકાય નહીં૧.

ઢોરોના અતીક્રમણથી થયેલા નુકશાનને લીધે બીગાડના ગુન્હા બદલ આ કલમ પ્રમાણે કોઈ માણસને જવાબદાર (ગુન્હેગાર) બનાવવાને સારૂ, ફરીયાદીના ખેતરમાં ઢોરોને પેસાડવાથી (ફરીયાદીને) નુકશાન થવાનો સંભવ છે એવું જાણીને તે માણસે તે ફરીયાદીના ખેતરમાં કોઇ પણ રીતે ઢોરને પેસાડેલાં હોવ જોઇએ. ઢોરોને રખડતાં જતાં અટકાવવામાં માત્ર બેદરકારી કરવી તે આ ગુન્હાને માટે બસ નથી.૨

જે ઢોર બીજાની જમીન ઉપર રઝળતુ રઝળતુ પેસી જાય, અને તે જમીન ઉપરના પાકને નુકશાન કરે તે ઢોરનો માલીક, જો તેણે જાણીબુજીને તે જમીન ઉપર હાંકી મુક્યું ન હોય તો, આ કલમ પ્રમાણે બીગાડનો ગુન્હો કરતો નથી.૩ પરંતું જો તહોમતદાર ત્યાં હાજર હોય, અને પાકનો નાશ કરતાં ઢોરને અટકાવવાને તે શક્તિવાન હોવા છતાં તેમ કરવામાં તે કસુર કરે તો રસ્તામાં તે ઢોરને હાંકી મુકવાં અને પછી તેમને હાથમાં (દાબમાં) નહી રાખવાં તે નુકશાન કર્યા બરાબર ગણાશે.૪

એક ગીરો મુકનારના તેના પછી (ગીરો મુકનારની મીલકતનો) ભોગવટો કરનારે, ગીરો મુકેલા ઘરની કેટલીક ઇંટો જે નીકળી પડી હતી તે ઇંટો વેચીને તેની કીંમત પોતાના ઉપયોગમાં લીધી. માજીસ્ટ્રેટે તેને મીલકતના સાપરાધ ખોટા ઉપયોગના ગુન્હાનો અને બીગાડના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવ્યો હતો. પરંતુ હાઇકોર્ટે એવું ઠરાવ્યું હતું કે ગુન્હેગારને કાંઇ પણ બદદાનત ભર્યો ઇરાદો સાબીત કરવામાં આવ્યો નહોતો અથવા ગીરો મુકેલી મીલકતને કાંઇ પણ ગંભીર પ્રકારનું નુકશાન બતાવવામાં આવ્યું તેથી તેને ગુન્હેગાર ઠરાવવું ગેરવ્યાજબી હતું.૫

એક માણસે તેની જમીન ઉપર બાંધેલી દીવાલનું બાંધવું દીવાની કોર્ટ લાયક અતિક્રમણ (trespass) થતું હતું એવું શુદ્ધબુદ્ધિથી માનીને તે બાંધેલી દીવાલ તોડી નાંખી. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેણે બીગાડનો ગુન્હો કર્યો નહોતો. ૬

પરંતુ મુંબઈ હાઈકોર્ટે એક કેસમાં ઠરાવ્યું છે કે, અમુક જમીનનો માલીક તેની જમીનમાં ગેરકાયદે પ્રવેશ કરનાર કંઇ મીલકત મૂકીને જાય તો તે મીલકતનો (તે જમીનનો માલીક) નાશ કરે તો તે આ કલમ મુજબ ગુન્હાઈત કૃત્ય થાય છે. દાખલા તરિકે એક ગેરકાયદે પ્રવેશ કરનાર એક ઓરડીમાં પોતાનું ઘડીયાળ મૂકીને જાય તો ઓરડીનો માલીક તેના કકડે કકડા કરી નાંખે તે વ્યાજબી ગણાય નહી.૭

બીગાડ કરવાની શીક્ષા. ૪૨૬. જે માણસ બીગાડ કરે તેને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

---

૧. એમ્પ્રેસ. વિ. મોતીલાલ. ૨૧ અલ્હાબાદ વીકલી નોટસ પાનુ ૨૧૨.

૨. મેજોર ફોરબીસ. વિ. શ્રીશ ચન્દર ૧૪ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૩૧.

૩. રેજાઈના. વિ. શેખ રાજુ ૯ મુ. ૧૭૩.

૪. રેજાઇના વિ. વીઠુ. મુંબાઇ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ સને ૧૮૮૭ નું ૫ મુ.

૫. ભુબન મોહન. વિ. તનસુખ ૬ કલકત્તા વીકલી નોટસ પાનુ ૩૪.

૬. રેજાઇના. વિ. શંકર. ૭ અલ્લાબાદ વીકલી નોટસ પાનું ૧૦૧; રેજાઇના વિ. રૂસ્તમલી ૨ અલ્હાબાદ વીકલી નોટસ પાનું ૨૦૯.

૭. દીનકર સીતારામ પટકર. ૭ બૅમ્બે લૉ. રિપોર્ટર પાનું ૮૬.

બીગાડ કરીને ૫૦ રૂપીઆની નુકશાની કરવી.

૪૨૭. જે માણસ બીગાડ કરે અને તેથી ૫૦ રૂપીઆની કે તેથી વધારેની હાની અથવા નુકશાની કરે તે માણસને બે વરસથી મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—ફરીયાદી દરેક ઢોરના માથા દીઠ જે ફી લેવાને હકદાર હતો તે ફી આપ્યા વગર એક પડતર જમીન ઉપર તહોમતદારોએ પોતાનાં ઢોર ચરાવ્યાં. તે તહોમતદારોને આ કલમ પ્રમાણે બીગાડના ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા. પરંતુ હાઈકોર્ટે એવું ઠરાવ્યું હતું તહોમતદારોએ બીગાડ કર્યો એવો કાંઈ પણ પુરાવ નહોતો. ૧.

દશ રૂપીઆની કીમતના કોઇ જાનવરને મારી નાખીને અથવા લંગડુ લુલુ કરીને બીગાડ કરવો.

૪૨૮. દશ રૂપીઆની અથવા તેથી વધારે કીંમતના કાંઇ જાનવર અથવા જાનવરોને મારી નાંખીને અથવા ઝેહેર દેઇને અથવા લંગડાં લુલા કરીને જે માણસ બીગાડ કરે તેને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—"લંગડાં લુલાં કરીને"—જ્યાં એક ટટ્ટુની પાંસળીઓ એવી રીતે ભાંગી નાંખવામાં આવી હતી કે હમેશને માટે તેની કીંમત અને ઉપયોગીપણું ઓછુ થયું હતું ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે ટટ્ટુને લુલુ લંગડુ કરવામાં આવ્યું હતું ૨ તેજ પ્રમાણે એક ઘોડીના કાનમાં થોડોક નાટ્રસ આસીડ (સુરાખારનો તેજાબ) રેડવો તો તે ઘોડીને લંગડી લુલી કરવું બને છે. ૩

ઘાયલ કરવું તે અવશ્ય કરીને લંગડુ લુલુ કરવું નથી, કેમકે લંગડુ લુલુ કરવામાં હમેશની ઈજા રહેલી છે. અને જે ઇજાઓથી શરીરના કોઈ અવયવ અથવા ભાગનો ઉપયોગ જતો રહે છે (નાશ થાય છે) તેવી ઇજાઓને લંગડુ લુલુ કરવું લાગુ પડે છે. ૪

પરંતુ કોઇ સખસ કોઈના જાનવરને એવી જાતની ઇજા કરે કે જેથી તે જાનવર થોડાક દીવસોને માટે અશક્ત રહે તો તેનું કૃત્ય ક. ૪૨૬ મુજબનો ગુન્હો બને છે. ૫

ઢોરો વીગેરેને અથવા ૫૦ રૂપીઆની કીમતના કોઈ જાનવરને મારી નાંખીને લંગડુ લુલુ કરીને બીગાડ કરવો.

૪૨૯. કોઇ હાથી, ઉંટ, ઘોડા, ખચર, ભેંસ, અથવા પાડો ગોધો ગાય અથવા બળદ એ જાનવરની પછી ગમે તે કીંમત હોય તો પણ તેને અથવા ૫૦ રૂપીઆની કે તેથી વધારે કીંમતનાં કોઇ બીજા જાનવરને મારી નાંખીને ઝેર દઇને અથવા લંગડું લુલુ કરીને અથવા નકામુ કરીને જે માણસ બીગાડ કરે તેને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

---

૧. ૫ મદ્રાસ હાઈકોર્ટ રીપોર્ટસ પરીશીષ્ટ પાનુ ૨૯.

૨. રેજાઇના. વિ. ન્ગાસાનયુન. ૧ બરમા સીલેકટ જજમેન્ટસ પાનું ૪૦૪.

૩. રેજાઈના વિ. ઓવેન્સ. ૧ મુડીઝ કાઉન કેસીસ રીઝર્વડે પાનું ૨૦૫.

૪. રેજાઇના. વિ. ફતેહદીન પંજાબ રેકર્ડઝ ૧૮૮૧ નુ ૮૯ મુ.

૫. ૭ ઑક્સ લૉ. રિપોર્ટર ૫૦૩.

ટીકા.—મદ્રાસ હાઇ કોર્ટે એવું ઠરાવેલું છે કે વાછડો વાછડી (ગાયનું બચ્ચુ) " ગોધો " " ગાય " અથવા " બળદ " શબ્દોમાં આવી જતો નથી, અને તેટલા માટે જો તે વાછડો કે વાછડી પચાસ રૂપીઆની કીંમતનો ન હોય તો તેનો નાશ થાય તે તેની કીંમત પ્રમાણે ૪૨૫ મી અથવા ૪૨૮ મી કલમની અંદર લેવું જોઇએ ૧ પરંતુ કલકત્તાની હાઇ કોર્ટે આ ફેંસલાને અનુસરવાની ના પાડી છે. આ કલમમાં વાપરેલા " ઘોડો ' અને " ગાય " શબ્દોમાં તે પ્રાણીઓનાં બચ્ચાંનો સમાવેશ થઈ જાય છે એવો અભિપ્રાય દર્શાવીને હાઈ કોર્ટે ટીકા કરી છે કે " અમને લાગે છે કે આ કલમમાં ઉમ્મર ઉપર ધ્યાન " આપ્યા વગર પાળેલાં જનાવરોમાંનાં વધારે કીંમત જનાવરો ખાસ દર્શાવેલાં બીજી જાતનાં જનાવરોના " સંબંધમાં જો તકરારમાં હોય તે અમુક જનાવર પચાસ રૂપીઆની અથવા તેથી વધારે કીંમતનું બતા- " વવામાં ન આવ્યું હોય તો (આ) કલમ લાગુ પડશે નહી. ૨

જ્યાં એક માણસ ભાલા વડે એક પ્રાણી ઉપર ઘા કરે છે કે જેથી કરીને તે પ્રાણી કેટલાક દિવસ સુધી અશક્ત (નકામુ) થઇ પડે છે ત્યાં તે માણસનો ગુન્હો ૪૨૯ મી કલમમાં નહી, પણ ૪૨૬ મી કલમમાં પડે છે. ૩

પાણી સીંચવાના કામોનું નુકશાન કરીને અથવા ગેર-વ્યાજબી રીતે પાણીનો રસ્તો બદલી બીગાડ કરવો.

૪૩૦. ખેતીવાડીના કારણસર અથવા માણસોના અથવા જે જાનવરો કોઈની મીલકત હોય એવા જાનવરોના ખાવા પીવાના કારણસર અથવા સ્વચ્છતાના કારણસર અથવા કોઇ કારખાનાનું કામ ચલાવવાના કારણસર પહોચતું પાણી જેથી ઓછું થાય અથવા જેથી તે ઓછું થવાનો સંભવ પોતાને માલુમ હોય તેવું કાંઈ કામ કરીને જે માણસ બીગાડ કરે તે માણસને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા—આ કલમ પાણી પુરૂ પાડવાની નેહેરો (કાંસ) ને તેમજ પાણી આપવાનાં બીજાં સાધનો જેવાં કે કુવાઓ અને તળાવોને લાગુ પડે છે.૪

ખેતીવાડીના કામને સારૂ પહોચતું પાણી ઓછું કરવાના ગુન્હાનો એ એક ભાગ નથી કે તહોમતદારનું કૃત્ય નુકશાન કરવાનું માત્ર નાહક સ્વચ્છન્દી કૃત્યો હોવું જોઈએ. એટલુંજ બસ છે કે હકના કાંઈ પણ બાહાના વગર તે કૃત્ય કરવામાં આવ્યું હતું.૫

એક કેસમાં પુરાવ ઉપરથી એવું આલમ પડતું હતું કે ફરિયાદી એક પાણી જવાના માર્ગનો એકલો સ્વતંત્ર માલીક હતો અને તહોમતદારને તે માર્ગ ઉપર દાવો રાખવાનો કોઇ પણ પ્રકારનો હક નહોતો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તહોમતદારે જો કે પોતાનો હક જણાવીને તો પણ પોહોચતા પાણીનો જથો ઓછો કર્યો તે વધારાનું અપકૃત્ય (નુકશાની) હતું અને તે આ કલમના અર્થની અંદર બીગાડ થતો હતો. ૬

જે પાણી લેવાનો તહોમતદારને હક નહોતો તે પાણી તે તહોમતદારે ખેતીવાડીના કામને સારૂ લીધું,

---

૧. રેજાઇના. વિ. ચોલે ૪ થી મદ્રાસ સેશન્સ સને ૧૮૬૪.
૨. હરિ મંડલે વિ. જાફર. ૨૨ ક. ૪૫૭.
૩. રેજાઇના. વિ. સુબરાવ. ૩ બોમ્બે લૉ રીપોર્ટર પાનું. ૫૦૩
૪. રેજાઇના. વિ. સીપુ ચિન્ના. વેર કૃત લૉ ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લૉ. પાનુ ૩૦૮.
૫. રામ કૃષ્ણ. વિ. પલાની યાન્ડી. ૧ મ. ૨૯૨.
૬. રેજાઇના વિ જગંનાથ ભીકાજી. ૧૦ મુ ૧૮૩.

અને તેમ કરીને બીજા માણસો કે જેઓને પાણી લેવાને હકદાર હતા, તેમને પહોચતું પાણી ઓછું કર્યું તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે તહોમતદારને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા યોગ્ય હતી.૧

જ્યાં તહોમતદારે જે પાણીના માર્ગથી ફરિયાદીની જમીનને પાણી પુરૂ પડતું હતું તે પાણીનો માર્ગ બંધ કર્યો ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેણે આ ગુન્હો કર્યો નહોતો, કેમકે તે જમીન ઉપરના કોઇ પણ પાકને પાણીના બંધ થવાથી (અટકાવાથી) કાંઈ પણ નુકશાન થયેલું જણાવવામાં આવતું નહોતું.૨

કોઈ શરીઆમ રસ્તાને પુલને અથવા નદીને નુકશાન કરીને બીગાડ કરવો.

૪૩૧. કોઇ સરીઆમ રસ્તો પુલ નઉકાગમ્ય નદી અથવા નઉકાગમ્ય નદી નેહર પછી તે કત્રીંમ હોય કે જેથી અગમ્ય થાય અથવા મુસાફરી કરવાને કે માલ લઇ જવાને ઓછી સલામતી ભરેલી થાય અથવા જેથી તે તેવી થવાનો સંભવ પોતાના જાણવામાં હોય તેવું કાંઇ કામ કરીને જે માણસ બીગાડ કરે તે માણસને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

નુકશાની થાય એવી રીતે કોઈ સરીઆમ ગટરને રેલાવીને અથવા બંધ કરીને બીગાડ કરવો.

૪૩૨. જેથી કોઇ શરીઆમ ગટરમાંથી પાણી રેલાઈ જાય અથવા તે ગટર બંધ થઇ જાય અને તેથી નુકશાન કે હાની પણ થાય અથવા જેથી તેમ થવાનો સંભવ પોતાના જાણ્યામાં હોય એવું કાંઈ કામ કરીને જે માણસ બીગાડ કરે તે માણસને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કાંઈ દાંડીનો દીવો અથવા દરીઆની નીશાની હોય તેનો નાશ કરીને તેને ખસેડીને અથવા ઓછી ઉપયોગી કરીને અથવા ખોટી રોશની બતાવીને બીગાડ કરવો.

૪૩૩. કાંઇ દાંડીનો દીવો અથવા બીજી રોશની દરીઆની નીશાની દાખલ કરવામાં આવતી હોય અથવા કાંઇ દરીઆની નીશાની અથવા બોયુ અથવા વાહણ ચલાવનારાને સુચના દાખલ મુકેલી બીજી કાંઇ વસ્તુ હોય તેનો નાશ કરીને અથવા તેને ખસેડીને અથવા જેથી તે દાંડીનો દીવો દરીઆની નીશાની બોયું અથવા ઉપર લખેલા પ્રકારની બીજી વસ્તુ વાહાણ ચલાવનારાઓને સુચના દાખલ ઓછી ઉપયોગી થઇ પડે એવું કાંઇ કામ કરીને જે માણસ બીગાડ કરે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેને શીક્ષા કરવામાં આવશે.

૧. રેનાઈના વિ. આઇવાના ગડડ વેર કૃત લો ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો. પાનુ ૩૦૪.
૨. ગવર્મેન્ટ ઓફ બોમ્બે. વિ. કલાસા. રતનલાલ કૃત અન રીપોર્ટેડ ક્રીમીનલ કેસીસ પાનુ ૨૧૭.

સરકારી અખતીઆરથી ઉભી કરેલી કાંઇ જમીનની નીશાની કરીને તેને ખસેડી વગેરે કરીને બીગાડ કરવો.

૪૩૪. કોઇ સરકારી નોકરના અખતીઆરથી ઉભી કરેલી કાંઇ જમીનની નીશાનીનો નાશ કરીને અથવા તેને ખસેડીને અથવા જેથી તે જમીનની નીશાની દાખલ ઓછી ઉપયોગી થઇ પડે એવું કાંઇ કામ કરીને જે માણુસ બીગાડ કરે તે માણુસને એક વરસની મુદ્દત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા—જો કોઈ માણસ તેના ઘરની આગળ એક જમીનના કકડા ઉપર મ્યુનીસીપાલીટીએ મુકેલી અડચણ કે જેથી સદરહુ તેના ઘરમાં જવામાં તથા તે ઘરમાંથી બહાર આવવામાં તેને હરકત થતી હોય તે અડચણ નિર્દોષપણે ખસેડે તો તેથી તે આ કલમ પ્રમાણેનો ગુન્હો કરતો નથી.૧

પ્રથમની કલમ દરીયામાંનાં કંઈ નીશાન રદ કરવા અથવા ખસેડવાને લગતી છે—આ કલમ જમીન ઉપરનો નિશાન ખસેડવાને લગતી છે. દરીયાનાં નિશાનો ખસેડવાનાંપરિણામે વધારે ગંભીર ભયંકર અને જાનમાલની ખુવારી કરનારાં હોય છે, જમીન ઉપરનાં તેટલાં ભયંકર હોતાં નથી—આથી દેખીતા કારણુસર સજાઓમાં ફેરફાર રાખેલો છે.

ક્રી. પ્રો. ૧૪૫ મુજબ જે મીલકના સંબંધમાં તકારાર ચાલતી હોય તે દરમ્યાન તે મીલકતનાં હદ નીશાન સદરહુ ક્રી. પ્રો. ૧૪ મુજબનો હુકમ કરજો દરસ્યાન કરાવવાની માજીસ્ટ્રેટને સત્તા નથી. તેથી તેવાં નિશાન રદ કરનાર આ કલમ મુજબ ગુન્હેગાર ઠરતો નથી.

૧૦૦ રૂપીઆની નુકશાની કરવાના ઈરાદાથી અગ્નિ વડે અથવા અવાજ સાથે ફુટે એવા પદાર્થ વડે બીગાડ કરવો.

૪૩૫. જો કોઇ માણુસ અગ્નિથી અથવા અવાજ સાથે ફુટે એવા કાંઇ પદાર્થથી બીગાડ કરે અને તેથી કાંઈ મીલકતનો સો અથવા વધારે રૂપીઆની અથવા (જ્યારે મીલકત ખેતમાં ઉત્પન્ન થએલો માલ હોય ત્યારે) દસ અથવા વધારે રૂપીઆની નુકશાની થાય એવો સંભવ છે એમ તે જાણુતો હોય તો તે માણુસને સાત વરસની મુદ્દત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

એક સખસે પોતાના ખેતરમાં કચરાનો ઢગલો હતો તેને સળગાવી મૂકયો. સદરહુ ખેતરથી નજીક એક સંરક્ષિત જંગલ હતું. પવનના જોરથી ઢગલાનો અગ્ની ત્યાં પહોંચ્યો અને ઉપર કહેલા પ્રમાણે રખાચલા જંગલનો કેટલોક ભાગ સળગાવી મૂકયો તેમાં મુંબઈ હાઇકાર્ટે ઠરાવ્યું કે એવી જાતની નિર્દોષ ગફલત એમ આ કલમ મુજબ ગુન્હો નથી.૨

૪૩૬. જો કોઇ માણુસ અગ્નિથી અથવા અવાજ સાથે ફુટે એવા કાંઈ પદાર્થથી બીગાડ કરે અને તેથી જે ઇમારત ઘણું

---

૧. રેજાઈના. વિ. અબદુલ અઝીઝ. રતનલાલ કૃત અનરીપોર્ટેડ ક્રીમીનલ કેસીસ. પાનું. ૭૪૫.
૨. નંદેપ્પાગૌડા ૮ બૅામ્બે લૅા. રિપોર્ટર. ૮૫૨.

કાંઇ ઘર વગેરેનો નાશ કરવાના ઇરાદાથી અગ્નિ વડે અથવા અવાજ સાથે ફુટે એવા પદાર્થ વડે બીગાડ કરવો.

કરીને પુજાના ઠેકાણા દાખલ અથવા માણસના રહેવાના ઠેકાણા દાખલ અથવા માલ ભરવાના ઠેકાણા દાખલ વપરાતી હોય એવી કોઇ ઇમારતનો નાશ કરવો એવો તેનો ઇરાદો અથવા તેથી તેનો નાશ થશે એવો સંભવ છે એમ તે જાણતો હોય તો તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દસ વર્ષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—'ઈમારત' શબ્દ ખસુસ કરીને સંપુર્ણ થયેલું બાંધકામ નથી.૧

૪૩૭. કોઇ તુતકવાળાં વાહાણને અથવા વીસ ટનના કે તેથી વધારે ભારના વાહાણને જો કોઇ માણસ બીગાડ કરે અને તેથી તે વાહાણનો નાશ કરવાનો અથવા તેને જોખમ ભરેલું કરવાનો તે માણસનો ઇરાદો હોય અથવા તેથી વાહાણનો નાશ થશે અથવા તે જોખમ ભરેલું થશે એવો સંભવ છે, એમ તે જાણતો હોય તો તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

તુતકવાળા વાહાણને અથવા ૨૦ ટનના ભારના વાહાણનો નાશ કરવાના ઇરાદાથી અથવા તે વાહાણને જોખમભરેલું કરવાના ઇરાદાથી બીગાડ કરવો.

ટીકા.—એક વહાણ ઉપરનો એક ખલાસી દારૂવાળા ઓરડામાં પેઠો, અને રમ દારૂ ચોરી લીધો, પરંતુ તેમ કરતી વખતે તેણે પોતાના હાથમાં રાખેલી એક સળગતી દીવાસળી સળગી ઉઠે એવા દારૂના સંબંધમાં આવવાથી તે દારૂ સળગી ઉઠયો અને તેથી લ્હાય થઈ જે લ્હાયથી આખુ વાહાણ બળીને નાશ થઇ ગયું તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે ખલાસીએ દ્વેષ ભાવથી વાહાણ સળગાવી નાશ કરવાનો ગુન્હો કર્યો નહોતો. ૨

૩૩૮. ઉપલી કલમમાં જે બગાડનું બ્યાન કર્યું છે એવો બીગાડ જે માણસ અગ્નિ વડે કે અવાજ સાથે ફુટે એવા કાંઇ પદાર્થ વડે કરે અથવા કરવાની કોશી કરે તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વર્સની મુદત સુધીની બેમાની ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

છેલ્લી કલમમાં બ્યાન કરેલો બીગાડ અગ્નિવડે અથવા અવાજ સાથે ફુટે એવા કાંઈ પદાર્થવડે કરવાની શીક્ષા.

૪૩૯. કોઇ વહાંણમાં જે કાંઇ માલ હોય તે માલની ચોરી કરવાના ઈરાદાથી અથવા તે માલનો બદદાનતથી ખોટો ઉપયોગ

---

૧. રેજાઈના. વિ. મેનીંગ. લો. રીપોર્ટસ. ૧ ક્રીમીનલ કેસીસ પાનુ ૩૩૮.

૨. રેજાઇના. વિ. ફેકનર. ૧૩ કોકસ. ક્રૂ. ક્રીમીનલ કેસીસ. પાનું ૫૫૦.

ચોરી વગેરે કરવાના ઇરાદાથી વાહાણને જમીનપર કે કીનારાપર ચડાવી દેવું તેની શીક્ષા.

કરવાના ઇરાદાથી અથવા તે માલની ચોરી કે ખોટો ઉપયોગ કરવામાં આવે એવા ઇરાદાથી જે માણસ જાણી જોઇને તે વાહાણને જમીનપર અથવા કીનારાપર ચડવા દે તે માણસને દશ વર્ષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

મોત અથવા વ્યથા કરવાની તૈઆરી કરીને બીગાડ કરવો.

૪૪૦. કોઇ શખસનું મોત આણવાની અથવા કોઇને વ્યથા કરવાની કે ગેરવ્યાજબી અટકાવ કરવાની અથવા મોતની વ્યથાનો કે ગેરવ્યાજબી અટકાવવાનો ભય ઉત્પન્ન કરવાની તૈઆરી કરીને જે માણસ બીગાડ કરે તે માણસને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

સાપરાધ પ્રવેશ બાબત.

સાપરાધ પ્રવેશ.

૪૪૧. જે શખસના કબજામાં કાંઈ મીલકત હોય તે શખસને ધમકી દેવાના, તેનો તીરસ્કાર કરવાના અથવા તેને દુઃખ આપવાના ઇરાદાથી અથવા કાંઈ ગુન્હો કરવાના ઇરાદાથી તે મીલકત મધ્યે અથવા તે ઉપર જે માણસ પ્રવેશ કરે અથવા તે મીલકત મધ્યે કે તે ઉપર કાયદા મુજબ પ્રવેશ કર્યા પછી તેવા કોઇ શખશને ધમકી દેવાના, તેને તીરસ્કાર કરવાના અથવા તેને દુખ આપવાના ઇરાદાથી જે માણસ કદાચ કાયદા વિરૂદ્ધ ત્યાં રહે તે માણસે સાપરાધ પ્રવેશ કર્યો એમ સમજવું.

ટીકા.—પીનલકોડ ઘડનારાઓ આ કલમ ઉપર નીચે મુજબ ટીકા કરે છે;— "મીલકત ઉપરની, "ગમે તેવી થોડી પણ, સત્તા બળાત્કારથી છીનવી લેવાના દરેક કૃત્યને અમે પ્રવેશનું નામ આપ્યું છે. જે "મીલકત ઉપર પ્રવેશ કરવામાં આવ્યો હોય તે મીલકતમાં હિત ધરાવતા કોઇ પણ માણસને નુકશાન- "કારક કોઇ પણ ગુન્હો કરવાને સારૂ અથવા આવા માણસને દુઃખ આપવાને સારૂ જ્યારે પ્રવેશ કરવામાં "આવ્યો હોય તે સિવાય, પ્રવેશ તરીકે ગુન્હો ગણવાનું અમે ઠરાવતા નથી તે વખતે (એટલે, "ગુન્હો કરવાને સારૂ અથવા દુઃખ આપવાને સારૂ પ્રવેશ કરવામાં આવ્યો હોય ત્યારે) પણ જો તે "(પ્રવેશ) ની સાથે વધારે ભારે (ગંભીર) હકીકત સામેલ ન હોય તો, તે બદલ હલકી સજા કરવાનો "અમે ઠરાવ કરીએ છીએ." ૧

સાપરાધ વિશ્વાસઘાતની વ્યાખ્યામાં પ્રવેશ અને જે ઈરાદાથી કોઇ માણસ પ્રવેશ કરે તે ઇરાદો એ બે જરૂરનાં તત્વો છે. આ પ્રમાણે જ્યાં ક અને ખ કાંઈ પણ ભાડુ આપ્યા વગર એક સરોવરમા માછલાં પકડવાનો પ્રાચીન ભોગવટાથી પ્રાપ્ત થયેલો પોતાનો હક મુળથી જણાવતા હતા, અને ક એ તેમની પાસેથી

---

૧. પીનલકોડ ઘડનારાઓની નોટ. પાનું નં ૬૨.

ભાડુ લેવાને આણેલા દાવામાં માલીક અને ભાડુતનો સંબંધ સ્થાપિત કરવામાં ક નિષ્ફળ ગયો હતો ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે અ અને બ સાપરાધ પ્રવેશના ગુન્હેગાર નહોતા. ૧

દરેક કેસમાં એવી હકીકત હોવી જોઈએ કે જેથી એવું અનુમાન નીકળે કે કેદીનો કાંઈ પણ સાપરાધ (ગુન્હેગારી ભરેલો) ઈરાદો હતો, અથવા જે ઈરાદાનું તેના ઉપર તહોમત મુકવામાં આવ્યું હોય તે ખાસ અમુક ઈરાદો હતો, કેમકે પુરાવની ગેરહાજરીમાં કાંઇ પણ સાપરાધ (ગુન્હેગારી ભરેલો) ઈરાદો ધારી લઇ શકાય નહી. દાખલા તરીકે, જો કેટલાક માણસોની ટોળી બીજા માણસની જમીન ઉપર કરેલી ઉજાણીમાં મજા ભોગવતા માલમ પડ્યા હોય તો, સાપરાધ પ્રવેશનો દેખીતો પુરાવો પણ આ થશે (ગણાશે) નહી પણ જો એવું સાબીત કરવામાં આવ્યું હોય કે પેહેલાં તેમને કરેલી મનાની ખુલ્લી રીતે દરકાર ન કરતાં તેઓ ત્યાં ગયા હતા, તો તે અપમાન કરવાના અથવા દુઃખ આપવાના ઇરાદાનો પુરાવો ગણાશે.૨

" દુઃખ આપવાના ઇરાદાથી ":—જસ્ટીસ સ્ટરેટ ટીકા કરે છે કેઃ—'૪૪૧ મી કલમમાં દુઃખ " આપવું ' શબ્દનો, જેથી ખાસ કરીને અને એકલા અમુક માણસને કંટાળો ઉપજે (દુઃખ થાય) તેવું " દુઃખ નહિ પણ જે દુઃખથી સામાન્ય રીતે અને વ્યાજબી રીતે કોઈ સાધારણ માણસને અસર થાય તેવું " દુઃખ એવો અર્થ લેવો જોઇએ." ૩

ગેરવ્યાજબી લાભ મેળવવાનો ઇરાદો (દાખલા તરીકે ગેરકાયદેસર રીતે જમીન મેળવીને) અવશ્ય કરીને " દુઃખ આપવાનો ઈરાદો ' નથી; આ દુઃખ આપવાનો ઈરાદો " કોઇ સ્વતંત્ર પુરાવાથી બતાવવો (સાબીત કરવો જાઇએ. ૪

જો કે પ્રવેશ કરનાર " જાણતો હોય " કે તેનું કૃત્ય, જો પકડાઇ જશે તો તેથી દુઃખ ઉપજવાનો સંભવ થશે, તોપણ તે ઉપરથી એવું અનુમાન નીકળતુ નથી કે તે પ્રવેશ કરનાર તે (દુઃખ આપવાના) ઈરાદાથી તે કૃત્ય કરે છે. અમુક ઈરાદો રાખવો તે એક વાત છે, અને પોતાના કૃત્યનું સંભવીત રીતે અમુક પરીણામ થશે તેની જાણ હોવી તે જુદીજ વાત છે. આ કલમના શબ્દો એવી રીતે મુકવામાં આવ્યા છે કે જેથી એવું જણાય છે કે (અમુક) ઈરાદાથી તે કૃત્ય કરેલું હોવું જોઈએ, અને બીજી કલમો (દાખલા તરીકે કલમ ૪૨૫) ની માફક આ કલમમાં અમુક પરીણામના સંભવની જાણ સાથે કરેલા કૃત્યના કેસનો સમાવેશ થતો નથી. ૫.

પ્રવેશના કૃત્યથી દુઃખ થવાનો સંભવ છે એવી જાણ માત્ર પ્રવેશની વ્યાખ્યાની અંદર તે કેસને આણવાને બસ નથી.

એક કેસમાં તહોમતદારે એક દફનાવવાની (દાટવાની) જગ્યાના એક ભાગમાં વાડ ભરી લઈ તેમાં ખેડાણ કરવું શરૂ કર્યું હતું પરંતુ આ કલમમાં જણાવ્યો છે તેવો (તહોમતદારનો) કાંઇ પણ ખાસ અમુક ઈરાદો સ્થાપીત કરવામાં આવ્યો નહોતો તેમાં મદ્રાસ હાઇકોર્ટે એવું ઠરાવ્યું હતું કે સાપરાધ વિશ્વાસઘાતનો ગુન્હો સાબીત થતો હતો, કેમકે તે દફનાવવાની ભુમી વાપરવાનો જે પ્રજા સમસ્તનો હક હતો તેના એક ભાગને દુઃખ આપવાના તે (તહોમતદાર) ના ઇરાદાનો પુરાવો (તે કેસમાં) હતો; " કારણ " કોર્ટે ટીકા કરી હતી કે " તહોમતદારના ઈરાદાનુ તેના કૃત્યોની જાત ઉપરથી અનુમાન કરવું જોઇએ, અને " મરનારનાં પાછળ તેવાં નીશાનને પવીત્રતા લાગુ પાડનારા ધર્મ—વહેમી લોકોને ખાસ કરીને દફનાવવાની "ભુમી ખેડી નાંખવાના કૃત્ય કરતાં વધારે દુઃખ આપનારાં કૃત્યો હોવાનું ધારવું તે ભાગ્યેજ સંભવીત છે." ૬ મી. મેઈન સાહેબ આ ફેંસલાની સામે વાંધો લઇને ટીકા કરે છે કે આ કલમ પ્રમાણે તહોમ-

---

૧. શ્રી રુધીધર. વિ. ઇન્દરો ભુસન ૧૮ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનુ ૨૫.

૨. રેજાઈના. વિ. રાયાપદીઆચી. ૧૯ મ. ૨૪૦.

૩. કલાશચન્દર.લવિ. રેજાઈના. ૧૬ ક. ૬૫૭; બાલમકન્દરામ. વિ. ધનશામરામ. ૨૨ ક. ૩૯૧

૪. રીગોબીન્દ પ્રસાદ. ૨ અ. પાનુ ૪૬૭.

૫. રેજાઈના. વિ. રાયાપદાયાચી. ૧૯ મ. ૨૪૧.

૬. ૬ મદ્રાસ હાઈકોર્ટ રીપોર્ટસ પરીશીષ્ટ પાનું ૨૫.

તહોમતદારને ગુન્હેગાર ઠરાવવા સારૂ દુઃખ આપવાનો ઈરાદો ખાસ પુરાવાથી સાબીત કરવો જોઇએ નહીતો આ ગુન્હો બનતો નથી.

એક કેસમાં જે હોલ (દીવાનખાના) માં મ્યુનીસીપાલ કાઉન્સીલરો મીટીંગ ભરીને બેઠેલા હતા તે હોલમાં, એક કર ભરનાર તેના ઉપર બેસાડેલો કર ફરી તપાસમાં લેવાની તેમને વિનંતી કરવાને સારૂ, જોરજુલમથી અંદર પેઠો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે કર ભરનારનું તે હોલની અંદર આવવાનું ગમે તેટલું દુઃખ (કંટાળો) આપનારૂ હોય તો પણ સાપરાધ પ્રવેશ બનવાને સારૂ જરૂરના ઈરાદાઓમાંના કોઇ પણ ઈરાદાથી તે અંદર આવેલો ગણી શકાય નહી. ૧

અમુક તકરારી જમીન કે જે ઉપર અ દાવો રાખતો હતો તે જમીનના એક ભાગ ઉપર અ એ ઝુંપડું બાંધ્યું, અને તે જમીન ઉપર એક બીજા હક રાખનાર માણસે તેના ઉપર ફરીયાદ કરવાથી અ ને આ કલમ પ્રમાણે સાપરાધ પ્રવેશનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. અપીલમાં હાઇકોર્ટે એવું ઠરાવ્યું હતું કે તેને ગુન્હેગાર ઠરાવવું ગેરવ્યાજબી હતું, કેમકે ઝુંપડું બાંધવામાં કોઇને દુઃખ આપવાનો તહોમતદારનો ઈરાદો નહોતો. વળી તેમાં એવો પણ અભીપ્રાય દર્શાવવામાં આવ્યો હતો કે હાની અથવા નુકશાની કુદરતી રીતે દુઃખ ઉપજાવશે, પણ તે આ કલમમાં જણાવેલા પ્રકારનું દુઃખ નહી. ૨

કબજો:—જે માણસના કબજામાં ઘર હોય તેવા કોઇ પણ માણસને ધમકી આપવાનો, તિરસ્કાર કરવાનો અથવા દુઃખ આપવાનો ઈરાદો તેનો અર્થ, જે માણસનો તે મકાન ઉપર ગર્ભીત કબજો હોય તેવો નહી, પણ જે માણસનો ખરેખર વાસ્તવીક કબજો હોય તેવા માણસને તિરસ્કાર કરવાનો, અથવા દુઃખ આપવાનો, એવો અર્થ થાય છે. ૩

કહેવાતા પ્રવેશ કરનારના કરતાં કોઈ બીજાજ માણસનો ખરેખર વાસ્તવીક કબજો હોવો જોઇએ. ૧૮૮૨ના ફોજદારી કામ ચલાવવાના કાયદા (સને ૧૮૮૨નો આક્ટ ૧૦ મો) ની કલમ ૧૪૫ ના અર્થની અંદર તે ખરેખરો વાસ્તવીક કબજો હોવો જોઇએ. ૪

ક નામનો એક મ્યુનીસીપાલીટીનો કર ભરનાર કે જેણે પોતાના ઉપર બેસાડેલા કરની સામે મ્યુનીસીપાલીટીને એક અરજી કરી હતી તે કર ભરનાર જે હોલ (ઓરડામાં) માં મ્યુનીસીપાલીટીના કાઉન્સીલરોની એક કમીટી ભરાઈ હતી તે ઓરડામાં, પોતાના ઉપર બેસાડેલા કરને ફરી તપાસમાં લેવા સારૂ અરજી આપવાના ઈરાદાથી, અંદર પેઠો. તે કમીટીના ચેરમેન (પ્રમુખે) તેને તે હોલ છોડી જવાનો હુકમ કીધો, અને તેમ કરવાની તેણે ના પાડવાથી તેને હોલમાંથી કાઢી મુકવામાં આવ્યો હતો. હોલની બાહાર ઓટલા ઉપર ઉભા રહીને ત્યાં એકઠા થયેલા લોકોનાં ટોળાની આગળ તેણે મોટેથી બોલીને ફરીયાદ કરી કે તે કમીટીની પાસેથી કાંઈ પણ ન્યાય મળવાનો નહોતો. આ હકીકત ઉપરથી તે કમીટીના ચેરમેનની ફરમાશથી ક ઉપર ફરીયાદ માંડવામાં આવી, અને માજીસ્ટ્રેટે તેને ૪૪૮ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવ્યો. પરંતુ હાઇકોર્ટે એવું ઠરાવ્યું કે તેને ગુન્હેગાર ઠરાવવું ગેરવ્યાજબી હતું અને કાંઈ પણ ગુન્હો કરવામાં આવ્યો નહોતો. ૪૪૧ મી અથવા ૪૪૨ મી કલમ પ્રમાણેના તહોમતનો ગુન્હો સાબીત કરવા સારૂ ફરિયાદ પક્ષ એ સાબીત કરવાને બંધાયેલો હતો કે જે મીલકત ઉપર પ્રવેશ કરવામાં આવ્યો હતો તે મીલકત તે વખતે ફરિયાદીના કબજામાં હતી, અને તે ફરિયાદી સને ૧૮૯૮ના ફોજદારી કામ ચલાવવાના કાયદા (સને ૧૮૯૮ના આક્ટ ૫ મા) ની કલમ મુજબ તે ગુન્હાનું રાજીનામુ કરી તે ગુન્હો માંડીવાળી શકાવે એવો હતો, અને ફરિયાદી એવું સાબીત કરવામાં નીષ્ફળ ગયો હતો કે તે હોલ તેના કબજામાં હતો. વળી એવું પણ ઠરાવવામાં આવ્યું હતું કે જો કે તે હોલ ફરિયાદીના કબજામાં હતો એવું ઠરાવી શકીએ

---

૧. ચન્ડી પરસાદ વિ ઈવાન્સ. ૨૨ ક. ૧૨૩.

૨. શંભુનાથ વિ રામ કલમ. ૧૩ કલકત્તા લો રીપોર્ટસ પાનું ૨૧૨; રેજાઈના. વિ. શીવનાથ બાનરજી ૨૪ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૫૮.

૩. ઈશરચન્દર. વિ શીતલદાસ. ૧૭ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું ૪૭.

૪. રેજાઇના વિ. ગોબીન્દ પ્રસાદ: ૨ અલ્હાબાદ ૪૬૫.

તોપણ ગુન્હો કરવાના, અથવા કોઈ માણસને ધમકી આપવાના, તિરસ્કાર આપવાના, અથવા દુઃખ આપવાના કાંઇ પણ ઇરાદાનો બીલકુલ પુરાવ નહોતો, કેમકે તેમાં એવું જણાતુ હતું કે તે હોલમાં જવામાં અને ત્યાં રહેવામાં ગુન્હેગારનો હેતુ ફરીયાદી અને તેના સોબતીઓએ કરેલો (કર સબંધી) ઠરાવ ફરીથી ધ્યાનમાં લેવાનું તેમને સમજાવવાનો પ્રયત્ન કરવાનો હતો, અને જે મોઢાના તિરસ્કાર ઉપરથી તેને ગુન્હેગાર ઠરાવેલો માલમ પડતો હતો તે ક એ તે હોલ છોડયા પછી બોલવામાં આવ્યો હતો.૧

બીજા માણસના કબજામાં જે મીલકત હોય તે મીલકત ઉપર કોઈ માણસ જબરજસ્તીથી પેસે અને આ પ્રમાણે તે કબજાવાળા માણસને દુઃખ આપવાના ઇરાદાથી કાંઇ કૃત્ય કરે તો તે જમીન ઉપરનો હક છેવટે તે બેમાંથી કીયા માણસનો માલમ પડશે તે સવાલ ઉપર ધ્યાન આપ્યા વગર (તે સવાલને બાજુએ મુકીને) તે જબરાઇથી પેસનાર માણસને સાપરાધ પ્રવેશનો ગુન્હેગાર ઠરાવવામાં આવશે. ૨

જો તકરારી જમીન ફરીયાદીના ખરેખરા કબજામાં હોય તો તે જમીન ઉપર તે ફરીયાદી તેનો માલકી હક સ્થાપીત કરી શકયો નથી તેટલા કારણસર માજીસ્ટ્રેટે આ કલમ પ્રમાણે સાપરાધ પ્રવેશના ગુન્હાની તપાસ કરવાની ના પાડવી જોઇએ.૩

જમીન ઉપર પેસી જઇને અને તે ઉપર તંબુ ઠોકીને કરેલો, અથવા એક નોટીસ ચોડીને કરેલો, અથવા કબજો માગીને બતાવેલો, લાક્ષણીક કબજો માત્ર બસ નથી.૪ આ પ્રમાણે જ્યાં એક વિસ્તીર્ણ જગા ઉપર કોઈ પણ પોઇન્ટ (અમુક જગ્યા) જે તે પસંદ કરે તે પોઇન્ટે ખાણુ ખોદવા જેવાં અમુક કામ કરવાનો કોઈ માણસનો હક હોય ત્યાં જે ખાસ જગ્યાઓએ તેણે કામ કરવાનું શરૂ કર્યું હોય તે ખાસ જગ્યાઓ સીવાયના બીજા કોઈ પણ ભાગ ઉપર તેનો કબજો ગણાશે નહી.૫ તેજ પ્રમાણે કોઈ સાર્વજનીક નદીમાં અથવા કોઇ સાર્વજનીક તળાવમાં માંછલાં પકડવાના કુલ સ્વતંત્ર હકનો ભંગ કરવો તે કદી સાપરાધ પ્રવેશ થઇ શકે નહી, કેમકે નદી અથવા તળાવ કોઈ પણ માણસના કુલ સ્વતંત્ર કબજામાં હોઇ શકે નહી, અને માંછલાં પકડવાનો હક મીલકત નથી, કે જે મીલકત આ કલમના અર્થની અંદર કોઇ પણ માણસના કબજામાં છે એમ કહી શકાય.૬

કોઈ પ્રવેશ કરનાર માત્ર, કોઇ મીલકત ઉપર પેસી જવાના કૃત્યથી અથવા તે કૃત્ય ચાલુ રાખવાથી પણ જ્યાં સુધી તે કૃત્યની સામે વાંધો લેવામાં આવે અને તેની સામે થવામાં આવે ત્યાં સુધી, જે કાયદા પ્રમાણે કબજો કહેવામાં આવે છે તે (કબજો) મેળવી શકે નહી. આ પ્રમાણે એક કેસમાં એક નીશાળના ટ્રસ્ટીઓ કે જેઓને તે નીશાળના મેહેતાજીને રજા આપવાનો (કાઢી મુકવાનો) હક હતો, પણ જેઓ તેને અગાઉથી નોટીસ આપવાને બંધાયેલા હતા, તે ટ્રસ્ટીઓએ તે મેહેતાજીને નોટીસ આપ્યા વગર અને તેટલા માટે ગેરવ્યાજબી રીતે કાઢી મુકયો. તે મેહેતાજી જવાની ના પાડી શકતો હતો, પરંતુ તે શાંતીથી (કાંઇ પણ હરકત લીધા વગર) ચાલ્યો ગયો, અને પોતાનો ઓરડો છોડી દીધો. બીજે દીવસે એટલે જુલાઇની ૧ લી તારીખે તે પાછો આવ્યો અને તે ઓરડાનું તાળુ તોડી તે ઉઘાડી તેનો કબજો કર્યો. ટ્રસ્ટીઓએ એકદમ ખાલી કરી જવાની તેને નોટીસ આપી, અને ૧૧ મી જુલાઇએ તેને કાઢી મુકયો. તેના છેલ્લા કબજા ઉપર આધાર રાખીને તે પ્રવેશનો દાવો લાવ્યો; ટ્રસ્ટીઓએ તેમના આગલા કબજા ઉપર આધાર રાખી જવાબ આપ્યો. હવે તેમાં સવાલ એટલોજ રહ્યો હતો કે બેમાંથી જે પક્ષકાર ૧ લી અને ૧૧ મી જુલાઈની દરમીઆનમાં પોતાનો (કાયદેસર) કબજો સાબીત કરી શકે તેના લાભમાં ફેંસલો થવાનું નક્કી હતું તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે વાદીનો દાવો રદ છે. ચીફ જસ્ટીસ લોર્ડ ડેનમેને ટીકા

---

૧. ચન્ડી પરશાદ વિ. ઈવાન્સ. ૨૨ ક. ૧૨૩.

૨. રેંજાઈના. વિ. રામદયાળ મંડલે. ૭ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું ૨૮.

૩. રેંજાઇના. વિ. સરત્રાનસીંગ. ૧૧ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૧૧.

૪. સધરલાન્ડ. વિ. ક્રાઉડી. ૧૮ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૧૧; રેંજાઇના. વિ. ઠાકુર દયાળસીંગ. ૩ ક. ૩૨૦.

૫. બીજોયનાથ ચતરજી. વિ બેન્ગાલ કોલ કંપની ૨૮ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૪૩.

૬. રેંજાઇના વિ. ચાર. ૨ ક. ૩૫૪.

કરી હતી કે "માત્ર પ્રવેશ કરનાર માણસ, પ્રવેશનાજ કૃત્યથી, જે માણસને તે કાઢી મુકે તે માણસની "સામે, તુરત અને તેની રજામંદી વગર, જેને કાયદો કબજો સમજે છે તે મેળવી શકે નહી, અને જો "(જે માણસને તેણે કાઢી મુકયો હોય) તે માણસ વગર ઢીલે તેનો આગલો કબજો મેળવી શકે તો "તેનો હક સાબીત કરવાની તેને ફરજ પાડી શકાય નહી. અહીંઆં વાદીની સંમતીથી, પ્રતીવાદીઓએ "તેની સામે શાંતીથી અને કાયદેસર રીતે (તે ઓરડો) કબજે કર્યો હતો. તે પ્રવેશ કરીને પાછો "પેઠો હતો; અને જો તે ટ્રસ્ટીઓએ તેના ઉપર તે પ્રવેશ બદલ તુરતજ દાવો કર્યો હોત તો ખાતરીથી "તેમનો કબજો ઈનકાર કરવાની તેની પાસે કાંઈ દલીલ રહેત નહી."૧

તેજ પ્રમાણે સને ૧૮૮૨ના ફોજદારી કામ ચલાવવાના કાયદાની કલમ ૧૪૫ ને મળતી સને ૧૮૭૨ ના ફોજદારી કામ ચલાવવાના કાયદાની કલમ ૫૩૦ મુજબના કેસમાં બંગાળાની હાઇકોર્ટે એવું ઠરાવ્યું હતું કે જે માણસનો કોઇ મીલકત ઉપર કાયદેસર કબજો હોય તે માણસને બીજો કોઈ શખસ કાઢી મુકે તો તેના તેવા કાઢી મુકવાથી તે કાઢી મુકનાર માણસને તે મીલકત કબજે રાખવાનો કાંઈ પણ હક મળી "શકતો નથી. જે કબજો શાંતી ભરેલો ગણાય તે કબજા તરફ પાછળ આજસ્રોટે જોવું જોઇએ. જે વખતે "તકરાર ઉત્પન્ન થઈ તે વખત તેણે ધ્યાનમાં લેવો જોઇએ, અને નહી કે તે તકરારનું પરીણામ."૨

એક કેસમાં લોઝ નામનો માણસ એક ઘર કબજાગીરો રાખનાર હતો. તે ઘર ગીરો મુકનારે એક ટેલફરડ નામના માણસને ભાડે આપ્યુ, જેણે તે ઘરનો કબજો લીધો. ઇંગ્રેજી કાયદા પ્રમાણે આ ભાડે આપવુ ગીરો રાખનારની સામે તદન નકામું હતું કેમકે તે ગીરો રાખનાર તેની ખુશી પડે ત્યારે કાયદેસર બજવણી વગર તે ઘર કબજે લેવાને હકદાર હતો. લોઝ એક રાતરે તે ઘર આગળ ગયો; તેનુ તાળુ તોડીને તે ઘરમાં પેઠો, અને ભાડે રાખનારની ગેરહાજરીમાં તે ઘર પોતાને કબજે કરી લીધું; પછીથી તુરતજ ટેલફરડ બીજા માણસોને સાથે લઇને બારીએ થઈને તે ઘરની અંદર પેઠો, અને જોર જુલમથી કબજો પાછો લેવાની કોશીશ કરી જોર જુલમથી પેસવાનું તેના ઉપર તહોમત મુકવામાં આવ્યું હતું અને તે ઉપર પાછળથી થયેલા દીવાની દાવામાં તેના ઉપર મુકવામાં આવેલું તહોમત બરાબર હતું કે નહી તે સવાલનો એક બીજો સવાલ અર્થાત લોઝનો કાયદેસર કબજો હતો કે નહી તે સવાલ ઉપર, આધાર રાખવામાં આવ્યો હતો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે ઘર ઉપર લોઝનો કાયદેસર કબજો હતો. જોન્સ વિ. ચેપમેન ૩ માં જસ્ટીસ મોલે નીચે મુજબના કરેલા ટીકા લોરડ સેલબોરને ટાંકી બતાવ્યા હતા:—"જેવો કોઈ માણસ કબજો મેળવવાને હકદાર થાય અને તે કબજો બતાવીને (મકાનની અંદર) પેશે, અથવા જે તદ્દન એકનું એકજ છે–કબજો મેળવવાને આ પ્રમાણે હકદાર એવા કાયદેસર માલીકના હુકમથી બીજો કોઈ માણસ અંદર પેસે કે તરતજ કાયદો જે માણસ અંદર પેઠો હોય તે માણસને તરત ખરેખર કબજો આપે છે. (આરોપીત કરે છે) જો એક ખેતર "માં બે માણસો પેઠા હોય, અને દરેક જણ એવું જણાવતો હોય કે તે ખેતર તેનું પોતાનું છે. અને કબજાનો "(પોતાનો) હક બતાવવામાં દરેક જણે કાંઇ કૃત્ય કર્યું હોય, અને જો સવાલ એવો હોય કે, આ બેમાંથી કયા "માણસનો ખરેખર કબજો છે તો હું જવાબ દઉં છું કે જે માણસનો માલકી હક (title) છે તે માણસ-"નો ખરેખરો કબજો છે, અને બીજો માણસ પ્રવેશ કરનારો છે" લોરડ સેલબોરને આ ટીકાને અનુંસરીને "લોઝનો કાયદેસર કબજો ઠરાવ્યો હતો અને કહ્યું હતું કે "તે (લોઝ) નો કાયદેસર માલકી હક (title) "હતો. (જ્યારે કોઈ પણ માણસ તેની સામે થવાને હાજર નહોતું ત્યારે) નિ:શંક કબજો લેવાના કાર-"ણસર તે તે મકાનની અંદર ખરેખર પેઠો હતો......મને (બીલકુલ) શક નથી કે (તેનો) કબજો કાયદેસર "રીતે સંપુરણ અને એકલો સ્વતંત્ર હતો, અને પ્રતિવાદીઓએ તે (કબજો) જોર જુલમથી તોડયો હતો,"૪

---

૧. બ્રાઉન. વિ. ડોસન. ૧૨ એડોલફસ એન્ડ એલીસીસ રીપોર્ટસ પાનું ૬૨૪.

૨. રેજાઇના. વિ. મોહેશ ચન્દર. ૪ ક. ૪૧૭; દાદાભાઇ વિ. સબકલેકટર ઓફ બરોચ ૭. બોમ્બે હાઇકોર્ટ રીપોરટસ (એપેલેટ સીવીલ) પાનું ૮૨

૩. લો રીપોટરસ ૨ એકસચીકર ડીવીઝન પાનું ૮૨૧

૪. લોઝ વિ. ટેલફરડ લો રીપોટરસ ૧ અપીલ કેસીસ પાનું ૪૧૪ પાને ૪૨૬, ૪૨૭ મે

આ કલમમાં વાપરેલા "કોઇ પણ માણસના કબજામાં" શબ્દોનો અર્થ ફરિયાદીના કબજામાં એવો થતો નથી. અર્થાત ફરિયાદ કરનારનો મીલકત ઉપર કબજો હોવો જોઇએ એ જરૂરનું નથી, કેમકે મીલકત જે માણસને કબજે હોય તેના સિવાય બીજા કોઈ પણ માણસથી પણ ફરિયાદ થઈ શકે. ૧ પરંતુ ઉપર ચન્ડી પરશાદ ૨ ના ફેંસલામાં જણાવ્યા મુજબ કલકત્તામાં એવું ઠરાવવામાં આવ્યું છે કે આ કલમ પ્રમાણે ગુન્હો સાબીત કરવામાં એ બતાવવાની જરૂર છે કે જે મીલકત ઉપર પ્રવેશ કરવામાં આવ્યો છે તે મીલકત તે વખતે ફરિયાદીના કબજામાં હતી, અને તે ફરિયાદી ફોજદારી કામ ચલાવવાના કાયદા (સને ૧૮૯૮ ના ૫ મા) ની કલમ ૩૪૫ મુજબ ગુન્હો માંડી વાળી શકતો હતો.

જો કોઇ માણસ હકનો શુદ્ધબુદ્ધિથી દાવો ધરાવીને પણ જે બીજા માણસના કબજામાં જમીન હોય તે માણસને ધમકી આપવાના, તિરસ્કાર આપવાના, અથવા દુઃખ આપવાના કાંઈ પણ ઇરાદા વગર, અથવા કાંઇ ગુન્હો કરવાના કાંઇ પણ ઈરાદા વગર તે બીજા માણસના કબજામાંની જમીન ઉપર જાય. તો જો કે તે જમીન ઉપર તેનો કાંઇ હક ન હોય તો પણ તેને સાપરાધ પ્રવેશનો ગુન્હેગાર ઠરાવી શકાય નહી કેમકે જે ઇરાદાથી ગુન્હો બને છે એવા કોઈ પણ ઈરાદાથી પ્રવેશ કરવામાં આવ્યો નહોતો. ૩

તહોમતદારે તેની પોતાની જમીનની અંદર સાર્વજનીક પગથી (રાહદારીઓને પગરસ્તે ચાલી જવાનો બાજુ ઉપરનો રસ્તો ફુટ—પાથ) નો કેટલોક ભાગ લઈ લીધો હતો તેથી તેને સાપરાધ વિશ્વાસઘાતનો ગુન્હેગાર ઠરાવ્યો હતો તેમાં હાઈકોર્ટે એવું ઠરાવ્યું હતું કે જાહેર પ્રજાને સામાન્ય રીતે તે પગથી (ફુટપાથ) વાપરવાનો હક હતો તેથી બીજા માણસના કબજામાંની મીલકત ઉપર તે કબજાવાળા માણસને દુઃખ આપવાના ઈરાદાથી તહોમતદારે કાંઈ પણ ગેર કાયદેસર પ્રવેશ કર્યો નહોતો અને તેથી કરીને તે તહોમતદારને ગુન્હેગાર ઠરાવવું ગેરવ્યાજબી હતું. ૪

અમુક જંગમ મીલકત ક, ગ અને એક બીજા માણસની મજીઆરી વગર વહેંચાયેલી મીલકત હતી. ર નામના માણસે આવી મીલકતનો કબજો લેવાને સારૂ ગ ની સામે હુકમનામું મેળવ્યું, અને આવી મીલકત તેને સોંપી દેવામાં આવી. ક શુદ્ધબુદ્ધિથી અને તેણીનો પોતાનો હક સ્થાપીત કરવાના ઇરાદાથી અને ર ને ધમકી આપવાના, તિરસ્કાર આપવાના અથવા દુઃખ આપવાના કાંઈ પણ ઇરાદા વગર અથવા ગુન્હો કરવાના કાંઇ પણ ઈરાદા વગર આ મીલકત ઉપર રહી અને ગ પણ તેજ પ્રમાણે, તેના સહ-માલીકોનો હક સ્થાપીત કરવાના ઈરાદાથી તે મીલકત ઉપર રહ્યો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આવી સ્થીતીની અંદર સાપરાધ પ્રવેશના તેમને ગુન્હેગાર ઠરાવી શકાય નહી. જે જમીન ઉપરથી એક માણસને દીવાની બજાવણી કરીને કાઢી મુકવામાં આવ્યો હોય, તે જમીન ઉપર જો તે માણસ જે હક તેને એકલાને હોય અથવા બીજા માણસોની સાથે મજીઆરા હોય તે હક સ્થાપીત કરવાના કારણસર, પાછો પ્રવેશ કરે અથવા તે જમીન ઉપર રહે તો તેથી તે સાપરાધ પ્રવેશનો ગુન્હો કરતો નથી. ૫

કેટલાક લેહેણદારો તેમના હુકમનામાની બજાવણીમાં યોગ્ય અધીકારવાળા બેલીફને સાથે લઇને, ફરીયાદીની મીલકત જપ્ત કરવાના ઇરાદાથી સુર્ય ઉદય થયા પહેલાં ફરીયાદીનાં બારણાનું તાળુ તોડીને અંદર પેઠા તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેઓ સાપરાધ પ્રવેશના ગુન્હેગાર નહોતા. ૬

એક દીવાની દાવો ચાલતાની દરમીઆનમાં વાદીની તરફથી કેટલાક માણસો પ્રતીવાદીની સામે એક વીરૂદ્ધ અરજી કરવાને જોઈતા સાધનો મેળવવાને સારૂ પ્રતીવાદીની માલકીના મકાન ઉપર ગયા તેઓમાંના કેટલાક હથીઆર બંધ થઇને તેઓ પ્રતીવાદીની ગેરહાજરીમાં અને પ્રતીવાદીની રજામંદી વગર ત્યાં ગયા,

---

૧. રેજાઈના વિ. કેશવલાલ ૨૧ મુ ૫૩૬

૨. ચન્ડી પરસાદ વિ. ઈવાન્સ ૨૨ ક, ૧૨૩

૩. રેજાઇના વિ. બુધસીંગ. ૨ અ. ૧૦૧; ગોકુલચન્દ વિ. શેઠ રોશનલાલ ૨ નોરથ વેસ્ટ પ્રોવીન્સીસ રીપોરટસ. પાનું ૮૨ રેજાઈના વિ. સુરામણી. ૧૪ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પા. ૨૫

૪. ૬ મદ્રાસ હાઇકોરટ રીપોટરસ પરિશિષ્ઠ પાનું ૨૬

૫. રેજાઈના. વિ. ગોબીન્દ પ્રસાદ. ૨ અ. ૪૬૫

૬. રેજાઇના વિ. જોથારામ દવે. ૧ મ. ૩૦

અને જ્યારે પ્રતીવાદીના ચાકરોએ તેમના કબજા સામે વાંધો લીધો, ત્યારે તેઓએ તે મકાન ઉપર પ્રવેશ ચાલું રાખવાની હઠ લીધી અને જે સત્તાને આધારે તેઓ વરતતા હતા તે સત્તાના સબંધમાં જુઠી હકીક્ત જણાવવાને તેમને અડચણ થતી અટકાવવાની કોશીશ કરી; તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેમનું વરતન સાપરાધ પ્રવેશ બનતુ હતું. ૧

એક કેસમાં અ કે જેને બની જમીન ઉપરથી ચાલી જવાની અને તે જમીન ઉપર પ્રવેશ નહી કરવાની ચેતવણી આપવામાં આવી હતી, તેણે પાછળથી બ ની જમીનના સીમાડાની પાસે એક હરણને ગોળી મારી અને તે હરણ બ ની જમીન ઉપર દોડી ગયાથી તે હરણને મારી નાંખવાના કારણસર અ તે જમીન ઉપર તે હરણની પુંઠે પડયો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેનું તેમ કરવું તે સાપરાધ પ્રવેશ નહોતો. ૨

૧૮૭૯ ના મુંબાઇના આકટ ૫ માની કલમ ૩૭ પ્રમાણે સઘળા જાહેર રસ્તાઓ સરકારી મીલક્ત છે, અને તે જાહેર રસ્તાઓ સ્થાનીક સરકારી અધીકારીઓના કબજામાં છે એમ ગણી લેવું જોઇએ તેટલા માટે જો આ કલમમાં જણાવેલા કોઈ પણ ઇરાદાથી તે રસ્તાનું દબાણ કરવામાં આવ્યું હોય તો તે રસ્તા ઉપર સાપરાધ પ્રવેશનો ગુન્હો થયેલો ગણાશે. ૩

મ્યુનીસીપલ કમીશનરોએ કાઢેલા હુકમનો ભંગ કરીને એક ખુલ્લા લીલોતરી મેદાન (green) માં થઇને ગાડા હાંકવા બદલ તહોમતદારોને સાપરાધ પ્રવેશના ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા હતા તેમાં હાઇકોર્ટે એવું ઠરાવ્યું હતું કે આવો હુકમ કાઢવાને મ્યુનીસીપાલ કમીશનરોને સત્તા હતી એવું બતાવનારો કાંઈ પણ પુરાવ નહોતો, અને તે હુકમનો ભંગ ફોજદારી રાહે સજાને પાત્ર નહોતો.૪

એક માણસ બીજાની મીલકત ઉપર પ્રવેશ કરે અને તેની સાથે તે મીલકત ઉપરનાં ઝાડ કાપી નાંખે તો તે સાપરાધ પ્રવેશ કરે છે. ૫

એક પ્રદર્શનના મકાનમાં ટીકીટ લીધા વગર છાનામાના પેસવું તે સાપરાધ પ્રવેશ અથવા ઠગાઈ નથી.૬

જ્યારે કોઇ પરાયો આદમી તેને બોલાવ્યા વગર, અને ત્યાં આવવાના કાંઇ પણ હક વગર, એક સ્ત્રી કે જે એક આબરૂદાર કુટુંબની સ્ત્રી હોય તે સ્ત્રીના સુવાના ઓરડામાં મધ્ય રાત્રિએ પ્રવેશ કરે, અને જ્યારે તેને પકડવાની કોશીશ કરવામાં આવે ત્યારે નાસી છુટવાના તેના પ્રયત્નમાં ઘણું બળ વાપરે ત્યારે કોર્ટે એવું અનુમાન કરી લેવું જોઇએ કે આ કલમમાં જે ઇરાદો જણાવ્યો છે તે ઈરાદાથી તેણે પ્રવેશ કર્યો હતો.૭

એક કેસમાં એક માણસે એક ગામની પડતર જમીનનું ખેડાણ કરવાની કલેકટરે મના કરી હતી તે છતાં પણ તે પડતર જમીન ખેડી તેમાં સાપરાધ પ્રવેશના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.૮

એક હુકમનામુ મેળવેલો લેહેણદાર જ્યારે તેનું હુકમનામુ બજાવવાને ગયો ત્યારે તેને માલમ પડયું કે તેના હુકમનામાના દેણદારનું ઘર બંધ વાસેલું હતું તેથી તે હુકમનામાવાળાએ ફરિયાદીની સંમતી વગર અને ફરિયાદીએ ના કહ્યા છતાં ફરિયાદીના ઘરમાં થઈને તેના હુકમનામાના દેણદારના આંગણામાં પ્રવેશ કર્યો તે ઉપરથી ફરિયાદીએ તેને પોતાને દુઃખ દેવાના ઈરાદાથી સાપરાધ પ્રવેશ કરવાનું તે હુકમનામાવાળા ઉપર તહોમત મુકયુ તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તહોમતદાર પ્રવેશનો ગુન્હેગાર હતો કેમકે જ્યારે ફરિયાદીએ ના કહ્યા છતાં તે હુકમનામાવાળો તે ફરિયાદીના ઘરમાં પેઠો ત્યારે એક સાધારણ

---

૧. ગોલાપ પાન્ડે. વિ. બોડામ. ૧૬ ક. ૭૧૫

૨. ચન્દ્ર નારાયણ વિ. જે. જી. ફારકયુ હારસન. ૪ ક. ૮૩૭

૩. રેજાઇના. વિ. ફકીર ગવડા મુંબઇ હાઇકોરટની ક્રીમીનલ રૂલીંગ્ઝ સને ૧૮૮૮ નું ૪૯ મુ.

૪. ૫ મદ્રાસ હાઇકોર્ટ રીપોર્ટસ. પરિશિષ્ઠ પાનું ૩૮

૫. રેજાઈના. વિ. જીનત બીબી ૧ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર. પાનું ૪૬

૬. મેહેરવાનજી. વિ. બેજનજી ૬ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ. પાનું ૬

૭. રેજાઇના. વિ કઇલાશ ચંદ્ર ૧૬ ક. ૬૫૭; બાલમકન્દ. વિ. ધનસામરામ ૨૨ ક. ૩૯૧

૮. ૫ મદ્રાસ હાઇકોટ રીપોર્ટસ પરિશિષ્ટ. પાનું. ૧૭

બુદ્ધિવાળા માણસ તરીકે તેણે જાણેલું હોવું જોઇએ કે તે ફરિયાદીને દુઃખ આપશે (અર્થાત તેના કૃત્યથી ફરિયાદીને દુઃખ થશે.)૧

અમુક ખેતીવાડીની જમીન ઉપરથી એક માણસને કાયદાના યોગ્ય અમલથી કાઢી મુકવામાં આવ્યા પછી તેણે તે જમીન ઉપર પ્રવેશ કરવાની જાણી બુઝીને હઠ કરી ત્યાં તેને સાપરાધ પ્રવેશનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.૨

હિસાબ આપવાની એક માણસને ફરજ પાડવા સારૂ તેને એડતો અટકાવવાને તહોમતદાર તે માણસની જમીન ઉપર ગયો તેમાં તેનું તે પ્રમાણે પેસવું સાપરાધ પ્રવેશ થતો હતો એવું ઠરાવવામાં આવ્યું હતું.૩

એક કેસમાં ફરિયાદી, કબજા વાળા ગીરો રાખનારના અને તેની પેહેલાંના હકદાર માણસના હકો ખરીદનાર હતો, અને (ગીરોવાળી) અમુક ખેતીવાડીના જમીન કેટલાંક વરસથી શાંતિથી તેને કબજે હતી બાદ ગીરો મુકનારના એક સગાએ તે જમીનમાં હિંદુ ધરમશાસ્ત્ર પ્રમાણે ભાગ લેવાને તે હકદાર હતો, અને તે જમીન કબજા સાથે ગીરો મુકવાનો ગીરો મુકનારને કાંઈ પણ હક નહોતો એવી દલીલ આણીને ફરિયાદીને જોર જુલમથી તે જમીન ઉપરથી કાઢી મુકયો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે ગીરો મુકનારના સગાનું ફરિયાદીને તે જમીનનો કબજો છોડાવી કાઢી મુકવાનું કૃત્ય સાપરાધ પ્રવેશ થયું હતું.૪

એક કેસમાં તહોમતદારોએ તેમના શેઠ કે જેને દીવાની કોર્ટથી જાહેરનામું કાઢીને કબજો સોંપવામાં આવ્યો હતો તે શેઠની તરફથી અથવા તે શેઠના હકના બાહાનાથી તેમના શેઠને જાહેરનામાથી કબજો આપવામાં આવેલી જમીન ઉપર પ્રવેશ કર્યો તે જમીન ખેડુતોના પોતાની જાતના કબજામાં અથવા બીજાઓ કે જેઓ કાયદાના યોગ્ય ક્રમથી તેમને કાઢી મુકવામાં આવે ત્યાં સુધી તે જમીનનો કબજો રાખવાને દેખીતી રીતે હકદાર હતા તે બીજાઓના જાતના કબજામાં હતી તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ કલમ પ્રમાણે તહોમતદારોએ સાપરાધ પ્રવેશનો ગુન્હો કર્યો હતો. ૫

જ્યાં એક નાત બહાર મુકેલી (કાઢી મુકેલી) હિન્દુ સ્ત્રી ખોરાકી પોશાકી લેવાને સારૂ પોતાના ધણીના ઘરમાં પેઠી ત્યાં તેણે સાપરાધ પ્રવેશ કર્યો નહોતો એમ ઠરાવવામાં આવ્યું હતું.૬

એક હુકમનામાના દેણદારની સામે થયેલા હુકમનામાની બજાવણીમાં એક માણસ મુનસફની કોરટના પટાવાળા બેલીફની સાથે ગયો, અને હુકમનામાના દેણદારની માલીકીની કહેવાતી મીલકત બાહાર આણવાને તે પટાવાળાના કહેવાથી એક ઘરની અંદર પેઠો. તેમાં તેને સાપરાધ પ્રવેશના ગુન્હાનો બીજ ગુન્હેગાર ઠરાવ્યો હતો.૭

એક કેસમાં એક માણસે જંગલ ખાતાવાળાની પાસેથી લીધેલા પટાની રૂઇએ અમુક જમીન કેટલાક વરસ સુધી ખેડી, અને તેના કબજાની દરમીઆન તેણે તે જમીન ઉપર એક રહેવાનું ઘર બાંધ્યું, અને બીજા પણ સુધારા કર્યા, અને તેણે કરેલા સુધારા બદલ તેને કંપનશેશન (બદલો) આપવામાં ન આવે ત્યાં સુધી તે જમીનનો કબજો સોંપી દેવાની તેને નોટીસ આપ્યા પછી પણ તે જમીનનો કબજો છોડવાની તેણે ના પાડી. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે સાપરાધ પ્રવેશના ગુન્હાનો ગુન્હેગાર થતો નહોતો. ૮

કોઈ મીલકતના સહ ભાગીદારને તેનો મજમુ કબજો દીવાની કોર્ટથી મેળવવાને તે હકદાર છે, પરંતુ

---

૧. લક્ષ્મણ. વિ રઘુનાથ ૪ બોમ્બે લો રીપોર્ટર પાનું ૨૮૦
૨. રેજાઈના વિ. ટીકા રામ ૨૨ અલાહબાદ વીકલી નોટસ. પાનું ૯
૩. વેરકૃત લો ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો પાનું ૨૦૪
૪. રેજાઈના. વિ. નન્દન. ૨૨ અલાહબાદ વીકલી નોટ પાનું ૪૨.
૫. રેજાઈના. વિ. શ્રીનીવાસ આયંગર. વેરકૃત લો ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો પાનું ૩૨૧.
૬. રેજાઇના. વિ. મરીમુતુ, ૪ મ. ૨૪૩.
૭. રેજાઈના. વિ. સુબામણી. ૧૪ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૨૪
૮. રેજાઈના. વિ. ફોજદાર. પંજાબ રેકરડઝ સને ૧૮૭૮ નું ૬૮ મુ.

કાયદો હાથમાં લઇને તે તેમ કરી શકતો નથી તેમ છતાં તે તેમ કરે તો તેથી તે સાપરાધ પ્રવેશનો ગુન્હો કરે છે. ૧

૪૪૨. કાંઈ ઇમારત તંબુ અથવા વહાણુ જે માણુસને રહેવાનાં ઠેકાણાં દાખલ વાપરાતુ હોય તેમાં અથવા કાંઇ ઇમારત પુજાસ્થાન અથવા માલ રાખવાના ઠેકાણા દાખલ વપરાતી હોય તેમાં પેશીને અથવા તે મધે રહીને જે માણુસ સાપરાધ પ્રવેશ કરે તેને "ગ્રહ પ્રવેશ કર્યો" એમ સમજવું.

ઘર પ્રવેશ.

ખુલાસો—પેસવામાં તે સાપરાધ પ્રવેશ કરનારના શરીરનાં કાંઇ પણ ભાગને પ્રવેશ થયો તો ગ્રહપ્રવેશ થવામાં તેટલો પ્રવેશ બસ છે.

ટીકા—જે રેહેઠાણોમાં માણસો વસે છે, અને જે મકાનોમાં માણસો પોતાનો સામાન રાખે છે તે રેહેઠાણો અને મકાનો જેવી બીજી કોઈ પણ પ્રકારની મીલકત નથી કે જેનું ગેરકાયદેસર ઘુસવાની (પ્રવેશની) સામે રક્ષણ કરવું એટલું બધુ જરૂરનું છે. આ જગાઓ ઉપર પ્રવેશ કરવાના ગુન્હાને અમે ઘર-પ્રવેશનું નામ આપ્યું છે, અને અમે તેને સાપરાધ પ્રવેશનું ગંભીર રૂપ ગણીએ છીએ.

મી. હેમીલટન સાહેબ પોતાના પીનલકોડમાં આ કલમ ઉપર નીચે મુજબ ટીકા કરે છે:—કાંઈ પણ જડીત અને જથુને માટે હોય તેને ઇગ્રેજી કાયદો ઈમારત ગણે છે અને થોડા વખતને માટે ઉભા કરેલા છાપરાં (ઝુપડી) ને અથવા તંબુને માત્ર નહી (અર્થાત તેને ઇંગ્રેજી કાયદો ઈમારત ગણતો નથી) પીનલકોડમાં તંબુઓનો સમાવેશ થાય છે, પણ સાધારણ ઝુપડાંના સંબંધમાં તે કાંઈ કહેતો નથી (ચુપ છે) તોપણ હીન્દુસ્તાનના લૉ (કાયદાના) કમીશનરોએ ઠરાવ્યું છે કે ટાટાંના તથા વાંસનાં ઝુંપડાં તથા તંબુઓને ઇમારતો ગણવી જોઇએ નહી, અને કાયદા બાંધનાર મંડળે તેમની સુચના ધ્યાનમાં લીધી નથી તેથી એવું ધારી લેવાય કે ઈમારત શબ્દને વિશાળ (વિસ્તીર્ણ) અર્થમાં લેવાનો (સમજવાનો) તેમનો (કાયદા બાંધનાર મંડળનો) હેતુ હતો.

એક કેશમા કોરટે એવું ઠરાવવાની વલણ દેખાડી હતી કે એક ઢોર બાંધવાનો વાડો જેને અસલ ચારે બાજુએ ભીંતો હતી અને જેની એક બાજુ પડી જવાથી ત્યાં પડેલું છીંડુ કાંટાની વાડથી બંધ કરવામાં આવ્યું હતું તે આ કલમના અરથની અંદર માલ રાખવાના ઠેકાણા તરીકે વાપરવામાં આવતી ઇમારત હતી. ૨

માણસને રહેવાનું ઠેકાણુ:—તે એવી જગા હોવી જોઈએ કે તેમાં કોઇ પણ માણસ રહે છે; તે એવી જગા હોવી જોઇએ નહી કે જેમાં તે કોઇ કોઈ વખતે જાય છે, અથવા માત્ર દીવસેજ જાય છે, અને રાત્રે બીજે ઠેકાણે જતો રહે છે (સુઈ રહે છે) લોર્ડ હેલ કહે છે કે જો દુકાનદાર અથવા તેનો નોકર સાધારણ રીતે અથવા વારંવાર રાત્રે દુકાનમાં રહે તો પછી તે રહેવાનું ઠેકાણું છે. કે જેમાં ચોરી થઇ શકે; પણ જો તે કદી ત્યાં રહેતો ન હોય, પરંતુ માત્ર દીવસના વખતમાં તેમાં તે કામ કરતો હોય અથવા વેહેપાર કરતો હોય, અને તે અથવા તેના ચાકરો કોઇ દીવસ રાત્રે ત્યાં રહેતા ન હોય તો તે તેમ (માણસને રહેવાનું ઠેકાણું) ગણાશે નહી. ૩

કોઇ માણસ કોઇ ખાસ કામને સારૂ, દાખલા તરીકે મીલકતની સંભાળ રાખવાને સારૂ અને સુઈ રહેવાની જગા તરીકે માત્ર નહી, કોઈ ઘરમાં રાત ગાળે તે કારણથી તે ઘર તે માણસનું રહેવાનું ઘર થતું નથી. ૪

એક કેસમાં એક મોટી ઇમારતમાં એક મધ્યનું ઘર, અને બે બાજુએ બે પાંખનાં ઘર હતાં. તે ત્રણે ઉપર બોલ્ટન નામના માણસની માલકી હતી. મધ્યના ઘરને તે કારખાના તરીકે વાપરતો, અને તેમાં

---

૧. ગોપાલ રાઓ વેંકટેશ. (૧૯૦૮) ૧૦ બૉમ્બે લૉ. રિપોર્ટ પાનું ર. ૫.

૨. રૈનાઈના વિ. દુલી. ૬ નોરથ વેસ્ટ પ્રોવીન્સીસ રીપોરટસ પાનું. ૩૦૭

૩. રૈનાઇના. લિ. દુલી ૬ નોરથ-વેસ્ટ પ્રોવીન્સીસ રીપોર્ટસ પાનું ૩૦૭.

૪. ૧ હેલકૃત પ્લીઝ ઓફ ધી કાઉન પાનુ ૫૫૮.

નાંણાં ગણવાનો ઓરડો માલ ભરવાનો ઓરડો વીગેરે હતાં. પાંખના ઘરને બોલ્ટન રેહેવાનાં મકાન તરીકે વાપરતો હતો. અને તેમાં તે તેનો ભાગીઓ અને તેની હાથ નીચેનાં માણસો રહેતાં હતાં. મધ્યના ઘરની અને પાંખના ઘરની વચ્ચે અંદરથી જવા આવવાનો માર્ગ નહોતો. મધ્યના ઘરમાં ચોરો તાળાં તોડી ઉઘાડીને પેઠા અને ચોરી કરી તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે મધ્યનું ઘર બોલ્ટનનું કે કોઇ બીજા માણસનું રહેવાનું ઘર નહોતું. ૧

એક આંગણાને ચારે તરફ ભીંતો ભરી લીધેલી હતી, અને તેમાં ચાર કોઠા અથવા ઓરડા હતા કે જે તે આંગણામાં પડતા (ઉઘડતા) હતા, અને જોડેના મોહોલ્લામાં પડતો તે આંગણાને એક દરવાજો (બારણું) હતો તેને ઇમારત ઠરાવવામાં આવી હતી. ૨

મકાનમાં પેસવાનો ઓરડો, કે જેની ચારે બાજુએ દીવાલ હોય, અને જેમાં બારણાના માર્ગ કરી મુકયા હોય, પણ જેમાં બારણાં બેસાડેલાં ન હોય, અને જે માલ રાખવાને વાસ્તે વાપરવામાં આવતો હોય તે ઈમારત ગણાશે. ૩ પરંતુ એક રેહેવાશ વગરના ઘરનું આંગણું "માણસોના રેહેઠાણ તરીકે વપરાતું" મકાન કહી શકાય નહી. ૪

જ્યાં એક માણસે કાચી કેદમાં રહેલાં કેદીને ખાવાનું આપવાના અથવા ખાવાનું આપવાની કોશીશ કરવાના ઇરાદાથી હવાલત (કાચી જેલની કેદીઓને રાખવાની કોટડી) માં પ્રવેશ કર્યો ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેના આવા કૃત્યથી આ કલમ પ્રમાણેનો ગુન્હો બનતો નહોતો. ૫

મજીઆરા હિન્દુ કુટુંબનો એક માણસ કુટુંબના રહેવાના ઘરમાં પ્રવેશ કરે તો તે સાપરાધ પ્રવેશ થઇ શકે નહી તેજ પ્રમાણે કોઇ ત્રાહીત માણસ કુટુંબના એક માણસની રજામંદીથી તે ઘરમાં પ્રવેશ કરે તો તે પણ સાપરાધ પ્રવેશ ગણાશે નહીં. ૬

બે અથવા વધારે સહીઆરા માલીકોમાંનો એક, બીજા સહ-માલીકે મજીઆરી મીલકત ઉપર કરેલું બાંધકામ તે બીજા સહ--માલીકની રજામંદી વગર તોડી નાંખે તો તે સાપરાધ પ્રવેશનો ગુન્હેગાર નથી. ૭

ઘર પ્રવેશ કરવાના ઇરાદાથી ચોર બારણું (ચોર-દાદર) ખસેડવું તે ઘર-પ્રવેશ કરવાની કોશીશનો ગુન્હો બને છે. ૮

ગુપ્ત ઘર પ્રવેશ.

૪૪૩. કોઈ માણસ ઘર પ્રવેશ કરે અને આગળથી તેણે તદબીર કરી હોય કે જે ઇમારત તંબુ અથવા વહાણ તે પ્રવેશનું સ્થાન હોય તે મધે તે પ્રવેશ કરનારને જતો બંધ કરવાનો અથવા તે મધેથી તેને બહાર કહાઢી મુકવાનો જેનો હક હોય એવા કોઈ સખશથી તે ઘર પ્રવેશ છાનો રહે તે માણસે ગુપ્ત ઘર પ્રવેશ કર્યો એમ સમજવું.

ટીકા.—પીનલકોડ ઘડી કાઢનારાઓ આ કલમ ઉપર નીચે મુજબ ટીકા કરે છે;—"ઘર પ્રવેશ વળી "છુપી રીતે અથવા જબરાઇ ભરેલી રીતે કરવાથી તે ગંભીર (ગુન્હો) બને. ઘર-પ્રવેશના પેહેલા (છુપી "રીતના) ગંભીર રૂપને અમે ગુપ્ત ઘર-પ્રવેશનું નામ આપીએ છીએ; પાછલા (જબરાઇથી ભરેલી રીતના)ને

---

૧. રેજાઇના વિ. ઇગીન્ટન. ૨ ઇસ્ટકૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન પાનું ૪૯૪.

૨. રેજાઇના. વિ. શેરા. પંજાબ રેકર્ડઝ સને ૧૮૭૯ નું ૩૫ મુ.

૩. રેજાઇના. વિ. દાદ. પંજાબ રેકર્ડઝ સને ૧૮૭૯ નું ૧૦ મુ.

૪. રેજાઈના. વિ. સુરંજા ૨ અલ્હાબાદ વીકલી નોટસ પાનુ ૨૨૪.

૫. રેજાઈના વિ. લાલાઈ. ૨ અ. ૩૦૧.

૬. રેજાઈના. વિ. પ્રાણકૃષ્ણ ચન્દ્ર ૧૫ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૬.

૭. દીનોનાથ. વિ. રાજકુમારસીંગ. ૩ ક. ૫૭૩.

૮. રેજાઈના વિ નરસી. રતનલાલ કૃત અનરીપોરટેડ ક્રીમીનલ કેસીસ પાનું ૧૮૮.

" અમે ઘર ફોડવાનું નામ આપીએ છીએ. વળી, ઘર-પ્રવેશ, દરેક રૂપમાં જે વખતે તે કરવામાં આવે "તે વખતથી ગંભીર બની શકે" ૧

એક ઇમારતના છાપરા ઉપર પ્રવેશ કરવો તે સાપરાર પ્રવેશ થઈ શકે, પણ તે ગુપ્ત ઘર-પ્રવેશનો ગુન્હો થઈ શકે નહીં. ૨

રાતે ગુપ્ત ઘર પ્રવેશ.

૪૪૪. સુર્યનો અસ્ત થયા પછી તથા સુર્યનો ઉદય થતાં પેહેલાં જે માણુસ ગુપ્ત ઘર પ્રવેશ કરે "તેને રાતે ઘર પ્રવેશ કર્યો" એમ સમજવું.

ઘર ફોડવું.

૪૪૫. કોઇ સખશ ઘર પ્રવેશ કરે તે અગર તે ઘર મધે અથવા તેના કોઇ પણ ભાગ મધે પોતાનો પ્રવેજ નીચે બ્યાન કરેલા છ પ્રકારોમાંના કોઇ પણ પ્રકારે અથવા તાંહાં કાંઇ ગુન્હો કરવાના કારણુસર તે ઘર મધે અથવા તેના કોઇ પણ ભાગ મધે ગયા પછી અથવા તે મધે કાંઈ ગુન્હો કરી રહ્યા પછી અગર તે સખસોને તે ઘર મધેથી અથવા તેમાંના કોઇ પણ ભાગ મધેથી તે છ પ્રકારોમાંના કોઇ પણ પ્રકારે બહાર નીકળે તો તે સખસે ઘર ફોડવાનો ગુન્હો કર્યો એમ સસજવું. પ્રકારોની વીગત.

પહેલો—તે ઘર પ્રવેશ કરવા સારૂ પોતેજ જે રસ્તો કર્યો હોય અથવા તે ઘર પ્રવેશ મધે મદદગારી કરનારા કોઇ માણુસે જે રસ્તો કર્યો હોય એવા કોઇ રસ્તે થઇને અગર તે માંહે પેસે અગર બહાર નીકળે તો.

બીજો—પોતે અથવા તે ગુન્હામાં મદદગારી કરનાર કોઈ માણુસ એ શીવાય બીજા કોઇ સખશને માણુસને પેસવા માટે કર્યો નહિ હોય એવે કોઇ રસ્તે થઇને અગર તે માંહે પેસે અગર બહાર નીકળે અથવા કોઇ ભીંત અથવા ઇમારતપર શીડીથી અથવા બીજી રીતે ચડી જઇને જે રસ્તો હાથ લાગે એવે કોઇ રસ્તે થઇને અગર તે માંહે પેસે અથવા બહાર નીકળે તો.

ત્રીજો—ઘર પ્રવેશ કરવા માટે તે ઘર મધે રહેનાર માણુસે જે સાધન વડે કાંઈ રસ્તો ઉઘાડવાનો ઇરાદો રાખ્યો નહી હોય એવા કોઇ સાધન વડે પોતે અથવા તે ઘર પ્રવેશમાં મદદગારી કરનારા કોઇ સખસે જે રસ્તો ઉઘાડયો હોય એવે કોઇ રસ્તે થઇને અગર તે માંહે પેસે અથવા બહાર નીકળે તો.

ચોથો—તે ઘર પ્રવેશ કરવા માટે અથવા કાંઈ ઘર પ્રવેશ કર્યા પછી તે ઘરમાંથી બહા-નીકળવા માટે અગર તે કાંઇ કળ ઉઘાડીને માંહી જાય અથવા બહાર નીકળે તો.

પાંચમો—સાપરાધ બળ વાપરીને અગર હુમલો કરીને અથવા કોઇ શખસને હુમલાનો ડર દેખાડીને અગર તે માંહે જાય અથવા બહાર નીકળે તો.

છઠો—જે રસ્તેથી કોઇ એ પ્રમાણે આવે જાય નહિ એટલા માટે તે બંધ કરેલો છે એમ તે જાણતો હોય તથા જે રસ્તાને પોતેજ અથવા તે ઘર પ્રવેશમાં મદદગારી કરનાર કોઇ

---

૧. પીનલકોડ ઘડનારાઓની નોટ નં. પાનું ૫૩.

૨. રેજાઈના. વિ. મુલ્હુઆ ૨૦ અલ્હાબાદ વીકલી નોટસ પાનું ૧૫૧.

સખશે ઉઘાડેલો છે એમ તે જાણતો હોય એવા કોઇ રસ્તે થઇને અગર તે માંહે જાય અથવા બહાર નીકળે તો.

ખુલાસો—કાંઇ ઉપગ્રહ અથવા ઇમારત કોઇ ઘરની સાથે ઉપભોગમાં આવતી હોય ને તે ઉપગ્રહ તથા ઘર એઓની વચ્ચે બીજે કેથા ન જતાં એકમાંથી બીજામાં જવાનો રસ્તો હોય તો તે ઉપગ્રહને તે ઘરનો આ કલમના અર્થ પ્રમાણેનો ભાગ સમજવો.

દ્રષ્ટાંત—(અ) જ ના ઘરની ભીંતમાં એક ખાતર પાડીને તે બાકા મધે પોતાનો હાથ ઘાલીને અગર અ ઘર પ્રવેશ કરે તો તે ઘર ફોડવાનો ગુન્હો સમજવો.

(બ) અગર કોઇ વહાણના બે તુંતકાની વચેની એક બારીમાંથી ઘુશીને અ ઘર પ્રવેશ કરે તો તે ઘર ફોડવાનો ગુન્હો સમજવો.

(ક) અગર એક બારીમાંથી જ ના ઘરમાં પેસીને અ ઘર પ્રવેશ કરે તો તે ઘર ફોડવાનો ગુન્હો સમજવો.

(ડ) અગર કોઇ દરવાજો બંધ કરેલો હોય તે ઉઘાડીને જ ના ઘરના દરવાજામાંથી જના ઘરમાં પેશીને અ ઘર પ્રવેશ કરે તો તે ઘર ફોડવાનો ગુન્હો સમજવો.

(ઇ) એક દરવાજા મધે કાણું છે તે કાણા મધે એક તાર ઘાલીને તે દરવાજાની આગલી ઉઘાડી નાંખીને અગર તે દરવાજામાંથી જ ના ઘરમાં પેસીને અ ઘર પ્રવેશ કરે તો તે ઘર ફોડવાનો ગુન્હો સમજવો.

(ફ) જ થી પોતાના ઘરના દરવાજાની કુંચી ખોવાઇ ગઇ છે તે અગર અ ને જડે અને તે કુંચી વડે દરવાજો ઉઘાડીને જ ના ઘરમાં પેસીને અ ઘર પ્રવેશ કરે તો તે ઘર ફોડવાનો ગુન્હો સમજવો.

(ગ) જ પોતાના દરવાજામાં ઉભો છે તેને નીચે પાડી નાખીને જબરાઇથી અ રસ્તો કરે અને ઘરમાં પેસીને ઘર પ્રવેશ કરે તો તે ઘર ફોડવાનો ગુન્હો સમજવો.

(હ) જ ય નો દરવાન છે તે બ ના દરવાજામાં ઉભો છે તેને મારવાનો ડર દેખાડીને સામો થતો અટકાવી અગર અ તે ઘરમાં પેસીને ઘર પ્રવેશ કરે તો તે ઘર ફોડવાનો ગુન્હો સમજવો.

ટીકા:—ભીંત ઉપર નીસરણી મુકીને ચડી જઇ રાત્રે ઘરમાં પ્રવેશ કરવો તે આ કલમ પ્રમાણે રાત્રે ઘર ફોડવાનો ગુન્હો બને છે.૧

જો કોઈ માણસ ઉઘાડામાં બારણામાં થઇને એક ઘરમાં પેઠો હોય, અને પછીથી તે ઘરના અંદરના બીજા ઓરડામાં પેસવાના કારણસર તે અંદરનું કોઇ પણ બારણું તોડે અથવા તેનું તાળુ ઉઘાડી નાંખે તો તે પણ ઘરફોડવું ગણાશે.૨

૪૪૬. જે માણસ સુરજનો અસ્ત થયા પછી તથા સુરજનો ઉદય થતાં પહેલાં ઘર ફોડવાનો ગુન્હો કરે તેણે રાતે ઘર ફોડવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

રાતે ઘર ફોડવું.

૪૪૭. જે માણસ સાપરાધ પ્રવેશ કરે તેને ત્રણ મહીનાની મુદત સુધીની

---

૧. રેનાઇના. વિ. ઈમદાદઅલી ૨ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનુ ૬૫.

૨. ૨. ઈસ્ટ કૃત પ્લીઝ ઓફ ધી કાઉન પાનુ ૪૮૮.

સાપરાધ પ્રવેશની શીક્ષા.

એમાંના ગમે તે પ્રકારની કેદની અથવા પાંચસે રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ઘર પ્રવેશની શીક્ષા.

૪૪૮. જે માણુસ ઘર પ્રવેશ કરે તેને એક વરસની મુદ્દત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—જો કે પ્રવેશ કરનાર જાણુતો હોય કે તેનું કૃત્ય, જો પકડાઈ જશે તો, તેથી દુઃખ થવાનો સંભવ છે, તો પણ તે ઉપર એવું નીકળતું નથી કે તે પ્રવશ કરનાર તે (દુઃખ આપવાના) ઈશાદાથી તે કૃત્ય કરે છે.૧

મોતની શીક્ષા થઇ શકે એવો કોઈ ગુન્હો કરવા સારૂ ઘર પ્રવેશ.

૪૪૯. મોતની શીક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવા સારૂ જે માણુસ ઘર પ્રવેશ કરે તે માણુસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દસ વરસની મુદ્દત સુધીની સખત કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવા સારૂ ઘર પ્રવેશ કરવો.

૪૫૦. જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવા સારૂ જે માણુસ ઘર પ્રવેશ કરે તે માણુસને દસ વરસની મુદ્દત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

કેદની શીક્ષા થઈ શકે એવો કોઇ ગુન્હો કરવા સારૂ ઘર પ્રવેશ કરવો.

૪૫૧. કેદની શીક્ષા થઇ શકે, એવો કોઇ ગુન્હો કરવા સારૂ જે માણુસ ઘર પ્રવેશ કરે તે માણુસને બે વરસની મુદ્દત સુધીની બેમાની ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણુ લાયક થશે અને અગર ચોરીનો ગુન્હો કરવાનો ઈરાદો કર્યો હોય તો તે કેદની મુદ્દત સાત વરસ સુધીની શીક્ષા થઇ શકે.

ટીકા.—કલમો ૪૪૯, ૪૫૦, તથા ૪૫૧ પ્રમાણેના ગુન્હાના તહોમતમાં તે તે કલમમાં જણાવેલા દરજ્જા પ્રમાણે સજાને પાત્ર ગુન્હો કરવાનો ઇરાદો જણાવવો જોઇએ અને સાબીત કરવો જોઈએ; કારણ કે નહી તો ઘર-પ્રવેશના ગુન્હા સીવાય બીજું કાંઈ રહેતું નથી.૨

જ્યારે ઘર-પ્રવેશ કરનારાએ કરવા ધારેલો ગુન્હો છીનાળાનો હોય ત્યારે એ સાબીત કરવું જરૂરનું છે

---

૧. રેન્જાઇના. વિ. રાયા પદાયાચી. ૧૯ મ. ૨૪૦.

૨. રેજીઇના. વિ. મેહશ દોવાલીઆ. ૨૬ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૬૩.

કે જે સ્ત્રીની સાથે છીનાળું કરવાના ઈરાદાનું તહોમત તહોમતદાર ઉપર મુકવામાં આવ્યું હોય તે સ્ત્રીના ધણીની તરફથી તે કૃત્યમાં રજામંદી અથવા આંખમીચામણી હતી નહી.૧

જ્યારે તહોમતદાર છીનાળું કરવાના કારણસર કોઇ ઘરમાં પેસે ત્યારે જો કે જે સ્ત્રીની સાથે તહોમતદારે છીનાળું કરવાનો ઈરાદો રાખ્યો હોય તે સ્ત્રીના ધણીએ ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાના કાયદાની કલમ ૧૯૯ મુજબ કાંઈ પણ ફરિયાદ ન કરી હોય તોપણ તે તહોમતદારને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી સજા કરી શકાય,૨ પરંતુ જ્યારે ધણી ફરીયાદ કરવાની નાજ પાડતો હોય ત્યારે તહોમતદારને ગુન્હેગાર ઠરાવવાની ના પાડવામાં માજીસ્ટ્રેટ વ્યાજબી કરે છે.૩

કોઇ શખસને વ્યથા કરવાની તૈયારી કર્યા પછી ઘર-પ્રવેશ કરવો.

૪૫૨. કોઈ શખસને વ્યથા કરવાની અથવા કોઇ શખસની ઉપર હુમલો કરવાની અથવા કોઈ શખસને ગેરવ્યાજબી રીતે અટકાવવાની અથવા કોઇ શખસને વ્યથા હુમલો અથવા ગેરવ્યાજબી રીતે અટકાવવાનો ભય ઉત્પન્ન કરવાની તૈયારી કરીને જે માણસ ઘર પ્રવેશ કરે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—એક કેસમાં તહોમતદાર અને તેની વહુની વચ્ચે લડવાડ થવાથી તે તહોમતદાર તેની વહુને મારવા દોડયો. તેની વહુ એક પાડોશીના ઘરમાં ભરાઇ ગઈ તે સ્ત્રીને મારવાના હેતુથી તહોમતદાર તે ઘરમાં પેઠો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તહોમતદારનો તે ઘરમાં પેસવાનો ઇરાદો કાયદેસર નહી હોવાથી તેણે કરેલા પ્રવેશથી આ ગુન્હો બનતો હતો.૪

જ્યાં એક માણસ એક ખોટું બનાવેલું કેદ વારંટ લઈને એક ઘરમાં જાય અને આવા વારંટની અધીકારની રૂઇએ તે ઘરના એક સખસને તેની મરજી વિરૂદ્ધ લઇ જાય ત્યાં તે માણસ આ કલમ પ્રમાણે આવા શખસને ગેરવ્યાજબી અટકાવના ભયમાં મુકીને ઘર પ્રવેશનો ગુન્હો કરે છે.૫

ગુપ્ત ઘર પ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.

૪૫૩. જે માણુસ ગુપ્ત ઘર પ્રવેશ કરે અથવા ઘર ફોડવાનો ગુન્હો કરે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

કેદની શીક્ષા થઈ શકતી હોય એવો કોઇ ગુન્હો કરવા સારૂ ગુપ્ત ઘર પ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.

૪૫૪. કેદની શીક્ષા થઇ શકતી હોય એવો કોઇ ગુન્હો કરવા સારૂ જે માણસ ગુન્હો કરે તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે અને અગર ચોરીનો ગુન્હો કરવાનો ઇરાદો કર્યો હોય તો તે કેદની મુદત વરસ દશ સુધીની થઇ શકે.

---

૧. રેજાઈના. વિ. પ્રીજબાસી. ૧૯ અ. ૭૪.
૨. ૮ મદ્રાસ હાઇકોર્ટ રીપોરટસ પરીશીષ્ટ પાનું ૬.
૩. ૫ મદ્રાસ હાઇકોર્ટ રીપોર્ટસ પરીશીષ્ટ પાનું ૫.
૪. રેજાઈના. વિ. કટાકાન. વેરકૃત લો ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો પાનું ૩૨૯.
૫. રેજાઈના વિ. નન્દ મોહન. ૧૨ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું ૭૩.

ટીકા.—જે ગુપ્ત ઘર પ્રવેશ કરનારાઓએ અને ગુપ્ત ઘર ફોડનારાઓએ ચોરી કરવાનો ઈરાદો રાખ્યો હોય એટલુંજ નહી, પણ જેમણે ખરેખર ચોરી કરી હોય તેવા ગુપ્ત ઘર પ્રવેશ કરનારાઓનો અને ગુપ્ત ઘર-ફોડનારાઓનો સમાવેશ કરવાને સારૂ આ કલમનો પાછલો ભાગ ઘડવામાં આવ્યો છે.૧

કોઇ શખસને વ્યથા કરવાની તૈયારી કરીને ગુપ્ત ઘર પ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.

૪૫૫. કોઇ શખસને વ્યથા કરવાની અથવા કોઇ શખસની ઉપર હુમલો કરવાની અથવા કોઇ શખસને ગેરવ્યાજગી રીતે અટકાવવાની અથવા કોઇ શખસને વ્યથા હુમલો અથવા ગેરવ્યાજબી અટકાવવાનો ભય ઉત્પન્ન કરવાની તૈયારી કરીને જે માણસ ગુપ્ત ઘર પ્રવેશ અથવા ઘર ફોડવાનો ગુન્હો કરે તે માણસને દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે,

રાતરે ગુપ્ત ઘર પ્રવેશ કરવો અમવા ઘર ફોડવું તેની શીક્ષા.

૪૫૬. જે માણસ રાત્રે ગુપ્ત ઘર પ્રવેશ કરે અથવા રાત્રે ઘર ફોડવાનો ગુન્હો કરે તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—તહોમત ફરમાવતી વખતે અમુક ઈરાદો ખાસ કરીને જણાવ્યો ન હોય તેટલા સારૂ આ કલમ પ્રમાણે રાતરે ગુપ્ત ઘર-પ્રવેશના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા ગેરવ્યાજબી (ગેર કાયદેસર) થતી નથી પરંતુ કલમ ૪૫૭ મી પ્રમાણે ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા અમુક ઇરાદો આ પ્રમાણે ખાસ જણાવ્યા વગર કાયમ રાખી શકાય નહી. આ કલમ પ્રમાણેના ગુન્હામાં જો કે ગુન્હેગારી ભરેલો ઈરાદો સાબીત કરવો જોઈએ, તોપણ એ સાબીત કરવું જરૂરનું નથી કે કેટલાએક ગુન્હેગારી ભરેલા ઈરાદાનો કીયો ઇરાદો તહોમતદારનો હતો. જો કે કીયો ઇરાદો હતો એ ચોકસ ન હોય તોપણ તે ઈરાદો ૪૪૧ મી કલમમાં ખાસ જણાવેલા ઈરાદામાંનો એકાદો હતો એટલું બતાવવામાં આવે તો તે બસ થશે.૨

આ કલમ મુજબના ગુન્હાની તપાસમાં તહોમતદાર એમ બચાવ ખડો કરે કે તેનો ઇરાદો તદ્દન નિર્દોષ હતો તો તે તેણે પુરવાર કરી આપવું જોઇએ.૩

અ નામના સખસે ચાર સ્ત્રીઓને સુવા બેસવાના એક ઓરડામાં મધ્ય રાત્રીએ પ્રવેશ કર્યો. ભયની બુમ પડવા ઉપરથી અ ને પકડવાની કોશીશ કરવામાં આવી, પરંતું તે નાશી છુટયો તેના ઉપર આ કલમ પ્રમાણેના ગુન્હાનું તહોમત મુકવામાં આવ્યું હતું. આપેલો બચાવનો પુરાવ નીચલી બને કોર્ટોએ માન્યો નહોતો (ભરોસો રાખ્યો નહોતો) જે ઈરાદાથી તહોમતદાર તે ઓરડામાં પેઠો હતો તે શો ઇરાદો હતો તે બેમાંથી એકે કોરટે ખાસ જણાવ્યું નહોતું, પરંતું એવો ઈશારો કરવામાં આવ્યો હતો કે તેમાંની એક સ્ત્રીની સાથે ખટપટ ચલાવવાના કારણસર ઘણું કરીને પ્રવેશ કરવામાં આવ્યો હતો. એવો કાંઈ પણ પુરાવ નહોતો કે ત્યાં જવાને તે સ્ત્રીએ તેને આમંત્રણ કર્યું હતું. નીચલી કોરટે અ ને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી સજા કરી હતી. અપીલમાં તહોમતદાર તરફથી એવી તકરાર લેવામાં આવી હતી કે કાંઇ પણ ગુન્હો કરવાના ઈરાદાથી પ્રવેશ કરવામાં આવ્યો હતો એવું સાબીત કરવામાં ફરીયાદ પક્ષ નીષ્ફળ ગયો

---

૧. રત્નઈના. વિ. ઝોરસીંગ. ૧૦ અ. ૧૪૯.

૨. બાલમકન્દ. વિ. ઘનસામરામ. ૨૨ ક. ૩૯૧.

૩. ઈ. લો. રિ. ૨૯ અલ્હાબાદ ૪૯.

હતો તેથી તેને ગુન્હેગાર ઠરાવી કરેલી સજા ગેરકાયદેસર હતી. પરંતુ હાઇકોર્ટે એવું ઠરાવ્યું હતું કે સાબીત થયેલી હકીકત ઈરાદાનો, અને ૫૦૯ મી કલમ મુજબ સ્ત્રીની એકાંત જગામાં વગર રજાએ ઘુસવાનો પુરતો (સારો) પુરાવ હતો અને તેટલા માટે ૪૧૧ મી કલમના અર્થની અંદર આવી જાય તેવી રીતે ગુન્હો કરવાનો ઇરાદો સાબીત થતો હતો.૧

એક આખા ગંભીર પ્રકારના ગુન્હાના જુદા જુદા નાના ગુન્હામાં કકડા કરી નાંખવા જોઇએ નહી, દાખલા તરીકે ૪૫૭ મી કલમ પ્રમાણે ચોરી કરવાને સારૂ કરેલા ગુપ્ત ઘર-પ્રવેશના ગુન્હાના બે ભાગ પાડી નાંખીને તેને આ કલમ પ્રમાણે ગુપ્ત ઘર પ્રવેશના અને ૩૮૦ મી કલમ પ્રમાણે ચોરીના ગુન્હામાં વેંહેંચી નાંખવો જોઇએ નહી.૨

કેદની શીક્ષા થઈ શકતી હોય એવો ગુન્હો કરવા સારૂ રાતે ગુપ્ત ઘરપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.

૪૫૭. કેદની શક્ષા થઇ શકતી હોય એવો કોઇ ગુન્હો કરવા સારૂ જે માણસ રાતે ગુપ્ત ઘર પ્રવેશ કરે અથવા રાતે ઘર ફોડવાનો ગુન્હો કરે તે માણસને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે અને અગર ચોરીનો ગુન્હો કરવાનો ઈરાદો કર્યો હોય તો તે કેદની મુદત ચૌદ વરસ સુધીની થઇ શકે.

ટીકા.—એક કેસમાં આ કલમ પ્રમાણે છીનાળુ કરવાના ઇરાદાથી તહોમતદારને રાતરે ઘર ફોડવાના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવામાં આવ્યો હતો. પરંતુ ફરીયાદી કે જે તે ઘરનો માલીક હતો તે જે સ્ત્રીની સાથે છીનાળુ કરવાનું હતું તે સ્ત્રીનો ધણી નહોતો, અને છીનાળા સીવાય બીજો કોઇ પણ ગુન્હો કરવાનો તહોમતદારનો ઈરાદો નહોતો. હાઇકોર્ટે એવું ઠરાવ્યું હતું કે છીનાળા બદલ ફરીયાદ કરવામાં તે સ્ત્રીના ધણીએ કસુર કરવાથી આ કલમ પ્રમાણેની ફોજદારી જવાબદારીમાંથી કેદી છુટતો નહોતો.૩

ટ નામનો માણસ તેના કાકાના ઘરમાં રહેતો હતો, તેણે એક પેટીનું તાળુ તોડીને પેટી ઉઘાડી, અને તેમાંથી મીલકત કાઢી લીધી. માજીસ્ત્રેટે તેને આ કલમ પ્રમાણેના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવ્યો હતો. હાઇકોર્ટે એવું ઠરાવ્યું હતું કે આ કલમ પ્રમાણે તેને વાજબી રીતે ગુન્હેગાર ઠરાવી શકાય નહીં પરંતુ તેને ક. ૪૬૧ મુજબ ગુન્હેગાર ઠરાવી શકાય.૪

કોઇ શખશને વ્યથા કરવાની તૈયારી કરીને રાતે ગુપ્ત ઘર પ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.

૪૫૮. કોઇ શખસને વ્યા કરવાની અથવા કોઇ શખસની ઉપર હુમલો કરવાની અથવા કોઈ શખસને ગેરવ્યાજબી રીતે અટકાવવાની અથવા કોઇ સખશને વ્યથા હુમલો અથવા ગેરવ્યાજબી અટકાવનો ભય ઉત્પન્ન કરવાની તૈઇયારી કરીને માણસ રાત્રે ગુપ્ત ઘર પ્રવેશ કરે અથવા રાતે ઘર ફોડવાનો ગુન્હો કરે તે માણસને ચઉદ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

૪૫૯. કોઈ માણસ ગુપ્ત ઘર પ્રવેશ અથવા ઘર ફોડવાનો ગુન્હો કરતો હોય

---

૧. પ્રેમાનન્દો. વિ. બ્રિન્દાબન. ૨૨ ક. ૯૯૪.

૨. રેજાઈના. વિ. રામચરણ ૬ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૩૯; એમ્પ્રેસ. વિ. અજુધ્યા. ૨ અલાહબાદ ૬૪૪.

૩. રેજાઈના. વિ. બન્દુ. મુંબાઈ હાઈકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ સંને ૧૮૯૪નું ૧૧ મુ.

૪. રેજાઈના. વિ. તાસુદક હુસેન. ૬ નોર્થ વેસ્ટ પ્રોવીન્સીસ રીપોર્ટસ પાનું ૩ ૧.

ગૃપ્ત ઘરપ્રવેશ અથવા ઘર ફોડવાનો ગુન્હો કરતાં કોઇને મહાવ્યથા કરવી.

તેવામાં જો તે કોઇ શખસને મહાવ્યથા કરે અથવા કોઈ શખસનું મોત આણવાની કે કોઇને મહાવ્યથા કરવાની કોશીશ કરે તો તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—ઘર ફોડવાનો ગુન્હો જે વખતે બનતો હોય તે વખતની દરમીઆનમાં અને નહી કે તે ગુન્હો સંપુરણ થઈ ગયો હોય; અને ગુન્હેગાર મકાન છોડી ગયો હોય તે પછી મહાવ્યથા વિગેરે કરેલી હોવી જોઇએ; અથવા કોશીશ કરેલી હોવી જોઈએ. ૧

ઘણા શખસો ઘર ફોડવા વીગેરેમાં સામીલ હોય અને તેઓમાંનો કોઇ એક મોત અથવા મહા વ્યથા કરે તો તે સઘળા સખશને તેની શીક્ષા થઇ શકે.

૪૬૦. અગર રાત્રે ગુપ્ત પ્રવેશ કરતી વખતે અથવા રાત્રે ઘર ફોડવાનો ગુન્હો કરતી વખતે તે ગુન્હો તકસીરવાર કોઇ શખસ બુદ્ધી પુર્વક કોઇનું મોત આણે અથવ. કોઈને મહાવ્યથા કરવાની કોશીશ કરે તો જે જે શખસ રાતે તે ગુપ્ત ઘર પ્રવેશ કરવામાં અથવા રાતે ઘર ફોડવાનો ગુન્હો કરવામાં જોડે સામેલ હોય તે હરેક સખસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દસ વરર્સની મુદત સુધીની બેમાંની ગમે તે પ્રકારની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—આ કલમ તથા કલમ ૪૫૯ મી સંયુકત ગુન્હાને માટે ઠરાવ કરે છે; જેની મુખ્ય શરત એ છે કે ગુપ્ત ઘર પ્રવેશ અથવા ઘર ફોડવું કરવાની સાથે જે માણસ મહાવ્યથા કરે; અથવા મોત કે મહા વ્યથા કરવાની કોશીશ કરે તે માણસને આ કલમો મુજબ જવાબદાર બનાવવા સારૂ તે ગુપ્ત ઘર પ્રવેશ અથવા ઘર ફોડવું સંપુરણ રીતે કરેલાં હોવાં જોઇએ. આ બંને કલમો ચોકસ (સાંકડા) અરથમાં લેવી જોઇએ; અને જ્યાં તહોમતદાર માણસે કરેલું મુખ્ય કૃત્ય; ગુપ્ત ઘર પ્રવેશ કરવાની અથવા ઘર ફોડવાની માત્ર કોશીશ કરતાં વધારે ન હોય ત્યાં તે કલમો લાગુ પડતી નથી. ૨

જે કેદી રાતરે ગુપ્ત ઘર પ્રવેશ કરવામાં; તે ઘરનો માલીક કે જે તેને પકડવાની કોશીશ કરે તે માલીકને બુદ્ધિ પુર્વક મહાવ્યથા કરવાની કોશીશ કરે તે ૪૫૭ મી અને ૩૨૪ મી કલમો પ્રમાણે નહી પણ આ ૪૬૦ મી કલમ પ્રમાણે સજાને પાત્ર થશે.૩

પાંચ હથીઆરબંધ માણસો રાતરે ઘર ફોડવાનું કૃત્ય કરતાં માલમ પડયા હતા. તેઓમાંનો એક તે ઘરની દીવાલમાં બાકુ પાડવામાં રોકાયેલો હતો, જ્યારે બાકીનાઓ સાચવવા ઉભા હતા. જ્યારે ભયની બુમ પાડવામાં આવી ત્યારે પાડોશીઓ દોડી આવ્યા; અને હરામખોરોમાંના એક દોડી આવેલા એક માણસને કાપી નાંખ્યો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે કેદીઓ ડાકાઇટીના નહી પણ રાતરે ઘર ફોડવાના ગુન્હેગાર હતા. ૪

---

૧. રેજાઈના. વિ. ઈમામુદીન. પંજાબ રેકરડઝ સને ૧૮૭૯ નું ૨૫ મુ.
૨. રેજાઇના. વિ. ઇસ્માઈલખાન. ૮ અ. ૬૪૯.
૩. રેજાઇના, વિ. લખનદાસ, ૨ સધરલાન્ડઝ વીકલી રીપોરટર બાનું ૫૨
૪. રેજાઈના. વિ. દેવત રાજવર વીકલી રીપોરટર ખાસ વાલ્યુમ પાનું ૩૯.

કાંઈ બંધ કરેલા નીધાનમાં કાંઈ મીલકત હોઈ અથવા કાંઇ મીલકત છે એમ ધાર્યું હોય તે નીધાનને બદદાનતથી ફોડીને ઉઘાડવું.

૪૬૧. જે નીધાન મધે કાંઇ મીલકત રહેલી હોય અથવા જે મધે કાંઈ મીલકત રહેલી છે એમ પોતે માનતો હોય એથી કાંઇ બંધ કરેલા નીધાનને જે માણુસ બદદાનતથી અથવા બગાડ કરવાના ઈરાદાથી ફોડીને ઉઘાડે અથવા તેનો બંધ છોડે તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—નિધાન—આ નીધાન શબ્દમાં ઓરડાનો અથવા ઓરડાના ભાગનો અથવા એકાંત નાની ઓરડીનો સમાવેશ થાય છે એટલુંજ નહિ પણ પેટી અથવા બંધ કરેલી ગાંસડી (બંડલ) નો પણ સમાવેશ થઇ જાય છે. ૧

તેજ ગુન્હો નીધાન જયારે તે જેને સોંપ્યું હોય તે માણુસ કરે ત્યારે તેની શીક્ષા.

૪૬૨. જે નીધાન મધે કાંઇ મીલકત રહેલી હોય અથવા જે મધે કાંઇ મીલકત રહેલી છે એમ પોતે માનતો હોય એવું બંધ કરેલું કાંઇ નીધાન કોઇ માણુસને સોંપ્યું હોય અને તે માણુસને તે ઉઘાડવાનો અખતીઆર નહી છતાં અગર તે માણુસ બદદાનતથી અથવા બીગાડ કરવાના ઇરાદાથી તે નીધાનને ફોડીને ઉઘાડે અથવા તેના બંધ છોડે તો તે માણુસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

બાબ ૧૮ મો.

લેખ સંબંધી તથા વેપારના અથવા મીલકતની નીશાનીઓ સંબંધી ગુન્હાઓ બાબત.

ખોટો લેખ બનાવવાનો ગુન્હો.

૪૬૩. જો કોઇ માણુસ કાંઇ લેખ અથવા લેખનો કાંઇ ભંગ ખોટો બનાવે એવા ઇરાદાથી કે લોકને અથવા કોઈ શખસને કાંઇ હાની કે નુકશાન કરવું અથવા કાંઇ દાવાને કે હકને મજબુતી આપવી અથવા કોઇ સખસ પાસે કાંઇ મીલકત છોડાવવી અથવા તેની પાસે કાંઈ માફ કે અરથાત સમજાય એવો કરાવવો અથવા એવા ઇરાદાથી કે દગો કરવો અથવા દગો કરવામાં આવે તો તે માણુસે ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

ટીકા.—ખોટો લેખ—જો કોઈ લેખ જે માણસે તે લખ્યો ન હોય અથવા તેના ઉપર સહી કરી ન હોય; અને જેણે બીજા કોઇ પણ માણસને પોતાની તરફથી તે ઉપર સહી કરવાનો અધીકાર ન આપ્યો

---

૧. મોરગન એન્ડ મેકફરસન્સ ઈન્ડીયન પીનલકોડ.

હોય તે માણસની સહી થયેલો; અથવા તે માણસનો સીક્કો થયેલો અથવા બીજી કોઇ પણ રીતે તે માણસે તે ખરો કરી લીધેલો જણાય તો તે લેખ જુઠો લેખ છે. સામાન્ય રીતે જે માણસ બીજાના અખીકાર સાથે તે બીજાના નામની સહી કરે તે માણસે કાંઈ પણ ખોટો લેખ બનાવેલો ગણાય નહી.

એક માણસ એક લેખ ઉપર તેના પોતાના નામની સહી કરે અને તે એટલા સારૂ કે તેજ નામના બીજા માણસની સહી થયેલો લેખ તેને ધારવામાં આવે, અને તેવા સહી થયેલા લેખ તરીકે તેનો અમલ થાય તો તે ખોટો લેખ છે. ૧

'ખોટો લેખ બનાવે'—ખોટા લેખનું માત્ર બનાવવું તે આ કલમ પ્રમાણે ખોટો લેખ બનાવવાનો ગુન્હો બને છે, અને એ જરૂરનું નથી કે કોર્ટમાં રજુ કરીને અથવા કોઈ પણ માણસને બતાવીને કોઈ પણ માણસની આબરૂને નુકશાન થાય તેવી રીતે તે લેખ બહાર આણવો જોઈએ અથવા પ્રસીદ્ધ કરવો જોઈએ. કલ્પિત માણસના નામથી ખોટો લેખ બનાવી શકાય. ૨ પરંતુ કલ્પિત માણસના નામથી સહી કરેલા બધા લેખ ખોટા લેખ બનતા નથી. આના સંબંધમાં ઇંગ્લાંડમાં એક કેસમાં જડજોએ નીચે મુજબના નિયમો સ્થાપીત કર્યા છે. 'પેહેલો, જો કોઈ માણસ તેની પોતાની નોટ અથવા દસ્તાવેજની (સીકયુરીટી) તરીકે " કાંઇ નોટ અથવા બીજો દસ્તાવેજ આપે, અને તે ઉપર (રાખેલો) ઇતબાર બીજા કાંઈ પણ સંબંધ " વગર તેની પોતાની જાત ઉપર રાખવામાં આવ્યો હોય, તો આવી નોટ ઉપર કલ્પિત નામથી તે પોતાની " સહી કરે તે ખરેખર ઠગાઇ થાય, પણ તે ખોટો લેખ બનાવવા (નો ગુન્હો) બનશે નહી; કારણ કે તે " કેસમાં જે શખસનું કૃત્ય તેને જણાવવામાં આવતું હોય તે શખસનોજ દસ્તાવેજ ખરેખરી રીતે તે " છે, અને લેહેણદારના ધ્યાનમાં બીજી કોઇ સીકયુરીટી (દસ્તાવેજ) નથી. પરંતુ, બીજો, ખરેખર હયા-" તીમાં હોય તેવા અથવા હયાતીમાં છે એવું જણાવવામાં આવતા બીજા શખસના નામથી જો એક નોટ " આપવામાં આવે, અને તે રીતીએ તે (નોટ) ને વધારે સારો ઇતબાર મળે (રાખવામાં આવે,) " અથવા તે માણસને પોતાને જે વિશ્વાસ મળત નહી તેવો વિશ્વાસ તેથી રાખવામાં આવે તો તે " ખોટો દસ્તાવેજ છે, અને ખોટો દસ્તાવેજ બનાવવા તરીકે તે સજાને પાત્ર છે, '' ૩ તેજ પ્રમાણે ત્યાં રોબર્ટ મારટીન નામના તહોમતદારે વીલીઅમ મારટીન નામના કલ્પિત માણસના નામથી, જે બેન્કમાં તે સહીવાળા માણસના નામનું કાંઈ પણ ખાતું નહોતું તે બેન્ક ઉપર લખેલો ચેક આપ્યો, પણ તે તહોમત-દારના નામથી લખેલો હતો એવું માનીને ફરીયાદીએ તે ચેક લીધો ત્યાં 'ડન'ના કેસમાં સ્થાપીત કરેલા નીયમને અનુસરીને કોર્ટે એવું ઠરાવ્યું હતું કે કાંઇ ખોટો લેખ બનાવવામાં આવ્યો નહોતો. ૪

પરંતુ બીજા એક કેસમા તહોમતદારે, કાંતો તે દસ્તાવેજ (હુંડી) ની દેખીતી કીંમતમાં વધારો કરવાને સારૂ, અથવા જો તે હુંડીના વેચાણ કરનાર તરીકે પકડાતો અટકાવવા સારૂ, એક હુંડી ઉપર એક કલ્પિત નામથી શેરો કર્યો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે ખોટો લેખ બનાવવું થતું હતું.૫

એ જરૂરનું છે કે ખોટો લેખ જ્યારે બનાવવામાં આવે ત્યારે તે દેખીતી રીતે એવો જણાવો જોઇએ, અથવા ખરેખર એવો હોવો જોઇએ કે. જો તે ખરો હોત તો, તેને કાંઈક કાયદેસર ખરાપણું હોત, અથવા બીજા શબ્દોમાં બોલીએ તો તે ખોટો લેખ, કરવા ધારેલી દગલબાજી પરીપુર્ણ કરવાને કાયદેસર રીતે યોગ્ય હોવો જોઇએ. ૬

ખોટો લેખ શબ્દોમાં, લખાણોનોજ માત્ર નહી, પણ ખોટા સીક્કા (સીલ) સ્ટેમ્પ અને ભેદભાવની બીજી

---

૧. મીડ. વિ. યંગ. ૪ ડરન ફોરડ એન્ડ ઇસ્ત કૃત ટરમ રીપોર્ટસ પાનું ૨૮.

૨. રેજાઇના. વિ. શીફાયતઅલી. ૧૦ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૬૧; રેજાઇના. વિ. પીરા રાજુ. ૧૩ મદ્રાસ ૨૭.

૩. ડન્સકેસ ૨ ઇસ્ટકૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન પાનું ૯૬૧; ૯૬૨.

૪. રેજાઈના. વિ. મારટીન. લો રીપોર્ટસ ૫ ક્વીન્સ બેન્ચ ડીવીઝન પાનું ૩૪.

૫. બોલેન્ડઝ કેસ. ૨ ઈસ્ટ કૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન. પાનું. ૯૫૮.

૬. પંજાબ રેકડરઝ. સંને ૧૮૯૫ નું ૧૨ મુ.

સઘળી દેખીતી નીશાનીઓ કે જેથી કોઈ પણ વાતની સત્યતા ખરી કરી આપવામાં આવે છે તેમનો પણ સમાવેશ થઈ જાય છે.૧

દગો કરવામાં આવે એવા ઇરાદાથી:—" દગો " શબ્દનો અર્થ ફરેબ દેવાનો ઈરાદો એવો થાય છે, પછી તે પક્ષકારને પોતાને કાંઈ લાભ મળવાની આશાથી તેમ કરવામાં આવ્યું હોય, અથવા બીજાની તરફ કાંઇ શત્રુવટથી તેમ કરવામાં આવ્યું હોય તેથી કાંઈ ફેર પડતો નથી. ૨

જ્યાં ફરેબ કરવાનો ઈરાદો, અને તે ફરેબ કરીને કાંઇ લાભ મેળવવાનો ઈરાદો હોય ત્યાં દગો છે, અને જો આવા ઇરાદાથી એક લેખ ખોટો બનાવવામાં આવ્યો હોય તો તે ખોટા લેખ બનાવવું થાય છે.૩

કાયદા પ્રમાણે દગો કરવાનો ઈરાદો બનવાને સારૂ જો ગુન્હો કરનાર માણસના કૃત્યનાં પરિણામ, અવશ્ય કરીને અથવા સંભવિત રીતે, કોઇ પણ માણસને ફરેબ દેવાનાં થાય તો તે ગુન્હો કરનાર માણસના મનમાં અમુક માણસને ફરેબ કરવાનો ઇરાદો હાજર હોવો જોઇએ એ જરૂરનું નથી, પરંતુ ખોટો લેખ બનાવવાથી કોઈ માણસને દગો થવાનો સંભવ કોઇ પણ રીતે, હોવો જોઇએ.૪

દગો કરવાનો સામાન્ય ઈરાદો, કોઈ માણસને ગેરવ્યાજબી નુકશાન કરવાના અથવા બીજા માણસને ગેરવ્યાજબી લાભ કરવાના ઇરાદા વગર પણ, જો સાબીત થાય તો તહોમતદારને ગુન્હેગાર ઠરાવવાને વાસ્તે બસ થશે; અને આવો ઈરાદો આવશ્યક અનુમાન છે કે જે અનુમાન કરવાનું જો જ્યુરીના ગૃહસ્થોની ખાતરી થઇ હોય કે તહોમતદારે એક ખોટા બનાવેલા લેખને ખોટો બનાવેલો જાણીને અને તે લેખને ખરા લેખ તરીકે બતાવવાના હેતુથી તે ખોટા બનાવેલા લેખને ખરા લેખ તરીકે ચલાવી દીધો છે તો, તે જ્યુરીના ગૃહસ્થોને ફરમાવવું જોઇએ. ૫

ખોટો લેખ બનાવવાનો ગુન્હો બનવાને સારૂ એ જરૂરનું નથી કે ભવિષ્યમાં દગો અથવા બદદ્યાનત કરવાના ઇરાદાથી ખોટો લેખ બનાવેલો હોવો જોઇએ અને જો જે ઇરાદાથી ખોટો લેખ બનાવવામાં આવ્યો હોય તે ઇરાદો આગળ (પેહેલા) કરવામાં આવેલું દગલબાજી ભરેલું કૃત્ય છુપાવવાનો હોય તો તે ઈરાદો દગો કરવા સિવાય બીજો હોઇ શકે નહી અને તેથી આ કલમમા વર્ણવેલો ખોટો લેખ બનાવવાનો ગુન્હો બને છે. ૬

ખોટો લેખ બનાવવાના તહોમતની સામે એ કાંઇ પણ બચાવ ગણાશે નહી કે તે દસ્તાવેજ ગેરકાયદેસર રદ બાતલ હતો૭ અથવા જે મીલકત વેચાણ આપેલી તેમાં જણાવેલી હતી તે ખોટા નામથી તેમાં વરણવેલી હતી.૮ અથવા તો જે માણસ હજુ જીવતો હતો તે માણસનું તે વીલ (વસીયતનામુ) હતું અને તેટલા માટે તે બીલકુલ નિરૂપયોગી (અમલ ન થઇ શકે એવું) હતું.૯

એક કેસમાં જસ્ટીસ બ્લેકબર્ન ... આ સંબંધમાં એવી ટીકા કરી છે કે " રેકરડરે એવો વિચાર કરેલો "જણાય છે કે દંગો કરવાનો ઈરાદો સાબીત કરવા સારૂ ઠગાયેલો (દગો થયેલો) કોઈ પણ માણસ હોવો "જોઇએ, અથવા જે માણસને સભવીત રીતે દગો થાત એવો કોઈ માણસ હોવો જોઇએ. પરંતુ તે જરીકે જરૂરનું છે એવું હું ધારતો નથી. દગો કરવાનો ઈરાદો કોઈ માણસનો હોય, અને છતાં પણ તેના કૃત્યથી ઠગાય એવો કોઈ પણ માણસ હોય નહી. " દ્રષ્ટાંત તરીકે, જે સરાફોને ત્યાં તેનું ખાતુ ન હોય તેવા

---

૧. મોરગન એન્ડ મેક ફરસન કૃત ઈન્ડીઅન પીનલકોડ.
૨. હેકકેફ્ટ વિ. ક્રીસી. ૨ ઇસ્ટ કૃત રીપોર્ટસ પાનું. ૧૦૮; રેજાઇના. વિ. ગણેશ ખંડેરાવ. ૧૩ મુ. ૫૧૪.
૩. રેજાઈના. વિ, મહમદ સાઇદખાન ૨૧ અ. ૧૧૪
૪. રેજાઇના. વિ. મારકસ ૨ કેરીંગ્ટન એન્ડ કરવાન. પાનું ૩૫૬
૫. રેજાઇના. વિ. ધનન કાઝી ૯ ક. ૫૩
૬. વિ. લલિત મોહન સરકાર વિ. રેજાઈના. ૨૨ ક. ૩૧૩
૭. કુકસ કેસ. ૨ ઇસ્ટકૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન. પાનું ૯૨૧
૮. ૧ હોકીન્સ કૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન. પાનુ ૨૬૫
૯. કોગન્સ કેસ. ૨ ઈસ્ટકૃત પ્લીઝ ઓફ ધી ક્રાઉન પાનુ ૯૪૮

સરાફો ઉપર લખેલા ચેકમાં બીજાનું નામ ખોટું લખનાર સખસનો દાખલો તેણે આપ્યો હતો.૧ આ અભિપ્રાય પ્રમાણેજ કલકત્તામાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જ્યાં ખોટો બનાવેલો લેખ કદી બીલકુલ વપરાવાનો નથી ત્યાં જે બીજો માણસ ખોટો લેખ બનાવનાર માણસને (ફસાવવાને) વાસ્તે જાળ માત્ર પાથરે છે તે બીજા માણસની ફરમાશથી તે માણસ ખોટો લેખ બનાવે તો તે માણસ ખોટો લેખ બનાવવાનો ગુન્હેગાર થશે. ૨

જ્યા તહોમતદારના કૃત્યથી કાંઇ પણ ગેરવ્યાજબી પરીણામ આણવાનો ઈરાદો ન હોય અથવા તેવા કૃત્ય કાંઈ પણ ગેરવ્યાજબી પરિણામ ઉત્પન્ન થઈ શકે એમ ન હોય ત્યાં દગો કરવાનો કાંઇ પણ ઈરાદો હોઇ શકે નહી આ પ્રમાણે અલાહબાદ હાઇ કોરટે એવું ઠરાવ્યું છે કે એક જમીનના વેચાણ ખતમાં જે (ખોટા) સરવે નંબરથી તે જમીનનું ભુલ ભરેલી રીતે વર્ણન કરવામાં આવ્યું હતું તે (ખોટો) સરવે નંબર ફેરવીને તેને બદલે ખરો સરવે નંબર તે ખતમાં દાખલ કરવો તે ખોટો લેખ બનાવવાનો ગુન્હો બનતો નથી,અનેઆવોફેરફાર કરેલું તે ખત એક દાવામાં પુરાવ તરીકે દાખલ કરવું તે ૪૭૧ મી કલમ પ્રમાણે સજાને પાત્ર નથી. ૩ તે જ પ્રમાણે જ્યાં ભાડાની ખરી પોહોંચો ખોવાઇ ગઇ હોય ત્યાં તે ખરી પહોંચોની જગાએ ખોટી પહોંચો બનાવવી તે ખોટો લેખ બનાવવુ થતું નથી;૪ અને જ્યાં એક જાગીરના માલીકના ખેડુતો પાસેથી ભાડુ વસુલ કરવાને સારૂ ૧૮૨૭ ના ૧૭ મા રેગ્યુલેશન પ્રમાણે મામલતદારની સંક્ષેપ (તુરત મળે તેવી) સહાય લેવાની વીનતી કરવાને તે મામલતદારને કરેલી અરજીમાં તે જાગીરનો વહીવટ કરનાર તે માલીકના નામની સહી કરે ત્યાં જો કે તે વહીવટદારને તે માલીકના નામની સહી કરવાનો કાઇ પણ અધિકાર ન હોય અને જો કે તે માલીકે પોતે તે અરજી ઉપર સહી કરી હતી એવું માનવાને મામલતદારને દોરવાની તે વહીવટદારની ઇચ્છા હોય તો પણ જો કોઈ પણ માણસને દગો કરવાનો તેનો કાંઇ પણ ઈરાદો ન હોય, અથવા જો કાંઇ પણ ગેરવ્યાજબી લાભ અથવા ગેરવ્યાજબી નુકશાન તે વહીવટદારને અથવા તે માલીકને થઈ શકે એવું ન હોય તો તે વહીવટદારનું કૃત્ય ખોટો લેખ બનાવવું થતું નથી.૫

"**નુકશાની કરવાના ઈરાદાથી**"—આ કલમમાં જણાવેલા ઈરાદા વગર ખોટો લેખ માત્ર બનાવવો તે ખોટો લેખ બનાવવું થતું નથી.૬

આ કલમમાં વરણવેલો ખોટો લેખ બનાવવાનો ગુન્હો બનવાને સારૂ એટલુંજ સાબીત કરવું બસ નથી કે જે લેખના સબંધમાં તે ગુન્હાનું તહોમત મુકવામાં આવ્યું છે તે લેખ બનાવવામાં તહોમતદાર જાણતો હતો કે તે લેખ (કોઈને) નુકશાન કરશે, પરંતુ એ સાબીત કરવું જોઇએ કે તે લેખ બીજાને નુકશાન કરે એવો તેનો ઈરાદો હતો.૭

કોઈ દસ્તાવેજ અથવા દસ્તાવેજનો ભાગ જે માણસના અધીકારથી તેના જાણવા પ્રમાણે, બનાવવામાં આવ્યો નહોતો તે દસ્તાવેજ અથવા દસ્તાવેજનો ભાગ તે માણસના અધીકારથી બનાવવામાં આવ્યો છે એવું મનાવવાના (માનવાને દોરવાના) ઇરાદાથી તહોમતદારે પોતે તે દસ્તાવેજ અથવા દસ્તાવેજનો ભાગ બનાવ્યો છે એવું જો સાબીત ન થાય તો તહોમતદારને ખોટો લેખ બનાવવા બદલ ગુન્હેગાર ઠરાવી શકાય નહી.૮

એક કેસમાં કેદીએ પુરાવમાં એક હીસાબનો ચોપડો રજુ કર્યો જે ચોપડાનું એક પાનુ દગાથી કાઢી

---

૧. રેજાઈના વિ. નેશ. ૨૧ લો. જનરલ માજીસ્ટ્રેટસ, કેસીસ પાનુ ૧૪૭
૨. હરધન મઈતી વિ. રેજાઈના ૧૪ ક. ૫૧૩
૩. રેજાઇના. વિ. ફતેહ ૫ અ. ૨૧૭
૪. રેજાઈના વિ. શિવદયાળ, ૭ અ. ૪૫૯
૫. રેજાઈના વિ. ભાવનીશંકર ૧૧ બોમ્બે હાઇકોરટ રીપોરટસ પાનું ૩.
૬. વેર કૃત લો ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો. પાનુ ૨૧૧
૭. રેજાઇના વિ. રીદાહુસેન. ૧૦ કલકત્તા લો રીપોરટસ પાનુ ૧૮૪
૮. રેજાઇનાવિ. રામગોપાલ ધુર ૭ સધરલાન્ડઝ વીકલી રીપોરટસ. પાનુ ૭

-લઇ તેને બદલે બીજું પાનું મુકવામાં આવ્યું હતું તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જો ખોટો લેખ બનાવવાનું તે જાણતો ન હોય, અને જો તે ચોપડો રજુ કરવામાં આવ્યો ત્યારે તકરારી મુદ્દા ઉપરના ફેંસલાને અસર કરવાના (ફેરફાર કરાવવાના) હેતુથી ખોટો બનાવેલો પુરાવો ઉપયોગમાં લેવાનો તેનો ઇરાદો ન હોય તો ખોટો બનાવેલો પુરાવ, ખરા તરીકે વાપરવાની કોશીશ કરવાના ગુન્હાનો તે ગુન્હેગાર થશે નહી.૧

"દાવો" અથવા "મીલકત"—'દાવો' શબ્દ લાગુ પાડતી વખતે મીલકતના દાવાને (જ માત્ર) મર્યાદીત થતો નથી; કાંઇ પણ વસ્તુ ઉપરનો તે દાવો હોઈ શકે, દાખલા તરીકે, દાવો રાખનારની વહુ તરીકે એક સ્ત્રી ઉપર દાવો, દાવો રાખનારનું બાળક હોવા તરીકે તે બાળકને કબજામાં રાખવાનો દાવો, અથવા કોઇ કોલેજમાં લો ક્લાસ (કાયદાનો અભ્યાસ કરાવનારી ક્લાસ) માં હાજરી આપવા સારૂ દાખલ થવા દેવાનો દાવો અથવા કોઈ યુનીવરસીટીમા દાખલ થવા દેવાનો અથવા કોઇ પરીક્ષામાં બેસવા દેવાનો દાવો અથવા સ્થાવર મીલકત અથવા બીજી કોઇ પણ પ્રકારની મીલકત કબજે લેવાનો દાવો "મીલકત" શબ્દમાં લખીત સરટીફીકેટનો સમાવેશ થઇ જાય છે. ખોટા લેખથી જે મીલકત કોઇ માણસની પાસે છોડાવવાનો ઈરાદો રાખવામાં આવ્યો હોય તે મીલકત જે વખતે ખોટો લેખ બનાવવામાં આવ્યો હતો તે વખતે હયાતિમાં હોવી જોઈએ એ કાંઈ જરૂરનું નથી. એક સ નામના માણસે, કેનીંગ કોલેજના પ્રીન્સીપાલે (અધ્યક્ષે) આપેલું જણાવવામાં આવતું એક ખોટું સરટીફીકેટ કવીંન્સ કોલેજના પ્રીન્સીપાલની આગળ બે વાર રજુ કર્યું પહેલી વખત તેણે કવીન્સ કોલેજમાં હાજર થવાની રજા મેળવીને પહેલા વરસનાં ભાષણોમાં હાજરી આપ્યા વગર, અથવા પહેલા વરસને વાસ્તે જરૂરની ફી આપ્યા વગર તે કોલેજના બીજા વરસનાં ભાષણોનો ક્રમ સાંભળવા સારૂ હાજરી આપી બીજી વખતે સરટીફીકેટ રજુ કર્યું ત્યારે (કે જે વખતે તેની દગલબાજી પકડાઇ ગઇ હતી) તેણે એક સરટીફીકેટ મેળવ્યું હોત કે જે સરટીફીકેટથી જડજની કોર્ટના વકીલોની પરિક્ષામાં ઉમેદવાર થવા (તરીકે બેસવા) તે શક્તિવાન થયો હોત. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે બને વખતે ૪૭૧ મી કલમમાં જણાવેલા ગુન્હાનો (સ) ગુન્હેગાર હતો.૨

એક કેસમાં અ નામના માણસે પોલીસ ફોજમાં નોકરી મેળવવા સારૂ પોલીસ સુપરીન્ટેન્ડેન્ટને અરજી કરી તેની અરજીના ટેકામાં તેણે બે સરટીફીકેટો રજુ કર્યાં, કે જે જુઠાં છે એમ તે જાણતો હતો આ બેમાંનું એક સરટીફીકેટ તદન ખોટો બનાવેલો લેખ હતો જ્યારે બીજા સરટીફીકેટમાં તે સરટીફીકેટ આપ્યા પછી કરેલા કેટલાક વધારાથી ફેરફાર કરવામાં આવ્યો હતો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે અ આ કલમ અને ૪૭૧ મી કલમ પ્રમાણેના ગુન્હાનો ગુન્હેગાર હતો.૩.

" જે દેવાદાર દેવું આપવાની જવાબદારીમાંથી પોતાની જાતને બચાવવા સારૂ એક ફારકતી (પહોંચ) "જુઠી બનાવે તે ખોટો લેખ બનાવવાનો ગુન્હેગાર નથી એવું કહી શકાય નહી, કેમકે ખોટો લેખ બના- "વીને બદદ્યાનત ભર્યો હેતુ પાર પાડવાનો તેનો ઇરાદો હતો જે કેસમાં આ ટીકા કરવામાં આવી હતી તે કેસમાં એક પોસ્ટ માસ્તરે એક મનીઆર્ડરની રકમ ઉચાપત કરી (ખોટો ઉપયોગ કર્યો) અને તેમની આર્ડરનાં નાંણાં લેનાર સખસે આપેલી જણાતી એક પહોચ ખોટી બનાવી તેમાં તેને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવીને કોરટે વળી વધારે ટીકા કરી હતી કે—"નાણાં લેનાર સખસે નાંણાં લીધાની કબુલત "તે પહોંચમાં હતી એવી ખોટી અસર ઉત્પન્ન કરીને સરકારને ગેરવ્યાજબી નુકસાન કરવાનો (તહોમતદાર "પોસ્ટ માસ્તરનો) ઈરાદો ખુલ્લો હતો; અને અમારાં અભિપ્રાય પ્રમાણે, ઉચાપત કર્યા (ખોટો ઉપયોગ "કર્યા) ની વાત માત્ર એટલું બતાવે છે કે (તહોમતદારને) પોતાને ગેરવ્યાજબી લાભ મેળવવાનો ઈરાદો હતો"૪

જ્યાં ગુન્હો સંપુરણ રીતે થઈ ગયો હોય ત્યાં જે રીત, બીજી બધી વાતે, ખોટો લેખ બનાવવાની વ્યાખ્યાની અંદર આવી જાય છે. તે રીતે સરકારી દફતરો ખોટાં બનાવવાં તેમાં દગાના જરૂરના તત્વ (એક

---

૧. રેજાઈના. વિ. મધુસુદનરાવ, ૭ સધરલાન્ડ્ઝ વીકલી રીપોર્ટર પાનું ૨૩
૨. રેજાઈના વિ. શોશી ભુષણ. ૧૫ અ. ૨૧૦.
૩. રેજાઈના વિ. ખંડુસીંગ. ૨૨ મુ. ૭૬૮.
૪. રેજાઈના વિ. સબાપતિ ૧૧ મ. ૪૧૧

જરૂરના તત્વ, અર્થાત દગા) ની ખામી રહે છે કેમકે તહોમતદારનો ઇરાદો સજામાંથી પોતાની જાતને બચાવી લેવાનો માત્ર છે, અને " દગલબાજીથી અથવા બદદાનતથી ' શબ્દો પીનલકોડમાં જે પ્રમાણે સમજાવ્યા છે તે પ્રમાણે તે શબ્દોની અંદર આ ઇરાદો આવી જતો નથી. ૧

તેવાજ કારણસર એક કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે એક દસ્તાવેજમાં નાંખેલી તારીખ એટલી મોડી (પાછળ નાંખેલી) હતી કે તે દસ્તાવેજમાં રજીસ્ટર થઇ (નોધાઇ) શકે નહી તે તારીખમાં ફેરફાર કરીને તે દસ્તાવેજ રજીસ્ટર કરાવવાની મુદતની અંદર હતો એવું જણાય એમ કરવું તે ખોટો લેખ બનાવવાનો ગુન્હો નથી ૨ તેમજ તહોમતદારને માન ભર્યો ઇલ્કાબ બક્ષનારી સણંદ એક દેશી રાજાએ આપેલી જણાવીને તે સણંદ ખોટી ઉભી કરીને, તે માન ભર્યા ઇલ્કાબનો તેનો હક કબુલ રાખવા સેટલમેન્ટ અમલદારને સમજાવવાના કામને સારૂ તે સણંદ વાપરવી તે ખોટો લેખ બનાવવાનો ગુન્હો થતો નથી. ૩

રેજાઈના. વિ. હરધન૪ ના ફેંસલામાં કલકત્તા હાઈકોર્ટે એવું ઠરાવ્યું હતું કે સારી ચાલનું સરટીફીકેટ કે જે એન્ટ્રન્સ (મેટ્રીકયુલેશન) ની પરીક્ષામાં બેસવાને તહોમતદારને હકદાર બનાવવાને સારૂ જરૂરનુ હતું તે સારી ચાલનું ખોટું બનાવેલું સરટીફીકેટ તહોમતદારે યુનીવરસીટીના સત્તાવાળાઓ ઉપર મોકલ્યુ તેથી તે આ કલમ પ્રમાણે ગુન્હેગાર થતો નહોતો. પરંતુ તેજ કલકત્તા હાઇકોર્ટે આવીજ હકીકતવાળા રેજાઈના વિ. આબાશઅલી ૫ ના ફેંસલામાં આ હરધનનો ફેંસલો રદ કર્યો છે.

સહીઆરા હુકમનામાના લેહેણદારોએ આપેલા તેમ કરવાના અધીકાર વગર તે સહીઆરા હુકમનામાના લેહેણદારોના નામથી વકીલાત નામા ઉપર સહી કરવી, અને દેલુ વસુલ થઇ ગયું છે એવું જણાવનારી ફાઈલ (દફતર) માંથી તે કેસને કાઢી નાંખવાની વિનંતી કરનારી અરજી આપવાની સુચના સાથે તે વકીલાતનામુ એક વકીલને આપવું તે આ કલમના અર્થની અંદર ખોટો લેખ બનાવવો થશે. ૬

અ નામના માણસે પોતાના ખાતાવહીના ચોપડામાં કેટલી રકમો ઉધારી દીધી, જે એવું બતાવતી હતી કે, નાણાંની અમુક રકમો બ ને આપી દેવામા આવી હતી, કે જે રકમો ખરેખરી રીતે તેને આપવામાં આવી નહોતી, તેમાં અ એ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો હતો એમ ઠરાવવામાં આવ્યું હતું. ૭

ખોટા બનાવેલા દસ્તાવેજો ચલાવવાના ગુન્હા બદલ આ દેશમાં કાયદામાં ફરમાવેલી ભારેમાં ભારે સજા કરવાની જરૂર છે. ૮

જે લેખ જુઠો બનાવેલો જણાવવામાં આવતો હોય તે લેખ ઉપર જે દેખીતા ફેરફાર અથવા ડાઘા જેવું જણાય તેવું કાંઇ પણ હોય તો તે તરફ જ્યુરીનું ધ્યાન ખેંચવાનો જડજને દરેક હક છે, બંને પક્ષકારોની પરસ્પર સલામતીને વાસ્તે સામસામા લખી આપેલાં ખતોમાંના એક ખતમાં ફેરફાર કરવાનો ગુન્હો સખત રીતે સજા કરવા યોગ્ય છે. ૯

---

૧. રેજાઇના. વિ લાલગુમુલ. ૨ નોરથ--વેસ્ટ પ્રોવીન્સીસ રીપોર્ટસ પાનુ ૧૧; રેજાઈના વિ. શંકર ૪ મું, ૬૫૭; રેજાઈના. વિ. જીવાનન્દ. ૫ અ. ૨૨૧; રેજાઈના વિ. ગીરધારી લાલ. ૮ અ ૬૫૩; રેજાઇના વિ જગેશર પરસાદ. ૬ નોર્થ--વેસ્ટ પ્રોવીન્સીસ રીપોર્ટસ પાનુ ૫૬; અબદુલ હમીદ. વિ રેજાઈના ૧૩ ક. ૩૪૯.

૨. રેજાઇના. વિ. મીર ઇકરારઅલી. ૬ ક ૪૮૨.

૩. જાનમહમદ. વિ. રેજાઈના ૧૦ ક. ૫૮૪.

૪. ૧૯ ક. ૩૮૦.

૫. ૨૫ ક. ૫૧૨.

૬. રેજાઇના. વિ. ગાયનીરામ. ૬ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનુ ૭૮.

૭. ૧ ઇન્ડીયન જ્યુરીસ્ટ ન્યુસીરીઝ પાનું ૪૬.

૮. રેજાઈના. વિ. મોહેશચન્દર સીરકાર. ૩ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૧૩.

૯. રેજાઇના. વિ. કીશોરમોહન દત્ત ૧૭ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૫૮.

સરકારી ખાતામાં નોકરી મેળવવા સારૂ પોતાની ઉમ્મર ૨૩ વરસની નહી, પણ ૨૦ વરસની છે એમ બતાવવાને સરટીફીકેટમાં કોઈ માણસ ફેરફાર કરે તો તે ખોટા લેખ બનાવવું થશે. ૧

એક કેસમાં કેદી પોસ્ટ આફીસના તારખાતામાં કલારક હતા, અને તેણે એક ચોપડી બનાવનારને તાર કર્યો, અને તે તારમાં અમુક શરતમાં દોડનારા અમુક ઘોડા ઉપર હોડ કરવાની માગણી કરી. તે શરત દોડયા પહેલાં તેને શીરનામે તાર મોકલવામાં આવેલો જણાવવામાં આવતો હતો, અને તે ચોપડી બાંધનારાએ તે હોડ કબુલ કરી, અને તેવી સમજુત ઉપરથી પોતે હોડમાં હારેલી નાણાંની રકમ છેવટે પુરી કરી આપી ખરેખરી રીતે શરત દોડવામાં આવી હતી, અને તકરારી ઘોડો જીત્યો હતો એવી ખબર તેને મળ્યા પછી તે કેદીએ તાર મુકયો હતો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે તાર ખોટો બનાવેલો લેખ હતો.૨

જ્યાં એક કલારક કે જેણે સાપરાધ વિશ્વાસઘાત કર્યો હતો તેણે પાછળથી આવો ગુન્હો છુપાવવાના ઈરાદાથી હીસાબના ચોપડામાં જુઠી રકમો લખી તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ ગુન્હો કરવામાં આવ્યો નહોતો. ૩

એક પોલીસ કોન્સ્ટેબલની ચાલચલગતનું અને નોકરીનું દફતર જે તેના હવાલામાં હતું તેમાં પાછળથી આ પ્રમાણે ફેરફાર થયેલો માલમ પડયો હતો. દેખીતી રીતે તે કોન્સ્ટેબલના ગેરલાભ (વિરૂદ્ધ) ની ટીકાવાળુ પાનું કાઢી લેવામાં આવ્યું હતું, અને પોલીસના જુદા જુદા ઉપરી અમલદારોએ લખેલી અને સહી કરેલી જણાવવામાં આવતી લાભની ટીકાઓવાળુ નવું પાનું તે (કાઢી લીધેલા પાનાની) જગાએ દાખલ કરવામાં આવ્યું હતું, અને તેમ કરવામાં તેનો પગાર વધવાની તક સાધવાનો ઈરાદો હતો; તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ પાછળથી ખોસી ઘાલેલું (દાખલ કરી દીધેલું) પાનું ખોટો લેખ બનતુ હતું, પરંતુ કોન્સ્ટેબલે પોતેજ ખોટું પાનું તૈયાર કરીને દાખલ કર્યું હતું એવું સાબીત કરવામાં આવ્યું નહોતું તેથી તેને માત્ર મદદગારી કરવાનો ગુન્હો ઠરાવ્યો હતો તે બરાબર હતું. ૪

જે માણસ એક લેખ તૈયાર કરવામાં આગળ પડતો ભાગ લે, પણ મતુ કરનારનું નામ ખોટું બનાવવામાં કાંઈ પણ ભાગ ન લે તે માણસ ખોટા લેખ બનાવવાનો ગુન્હો કરતો નથી, પણ ખોટા લેખ બનાવવાના ગુન્હામાં મદદગારી કરવાનો ગુન્હો માત્ર કરે છે.૫

૪૬૪. જે માણસ નીચે લખ્યા પ્રમાણે કરે તેણે ખોટો લેખ બનાવ્યો એમ સમજવું. **લેખ ખોટા બનાવવો એટલે શું ?**

પહેલું--જે માણસ બદદાનતથી અથવા દગલબાજીથી કાંઇ લેખ અથવા લેખનો ભાગ બનાવે તે ઉપર સહી કરે મહોર કરે અથવા તે લખી આપે અથવા કોઇ લેખ લખી આપ્યો છે, એવું બતાવવાની કાંઇ નીશાની કરે એવા ઇરાદાથી કે જે શખસે અથવા જેના અખ્તીઆરથી તે લેખ અથવા તેનો તે ભાગ બન્યો નથી અથવા તેપર સહી કે મહોર થઇ નથી અથવા તે લખી આપ્યો નથી એવું તે માણસ પોતે જાણતો હોય તે સખશે અથવા તેના અખ્તીઆરથી તે લેખ અથવા તેનો તે ભાગ બન્યો છે. અથવા તેપર સહી કે મહોર થઈ છે. અથવા તે લખી આપ્યો છે. આવો વિશ્વાસ ઉત્પન્ન કરવો અથવા જે વખતે તે બન્યો નથી તે પર સહી કે મહોર થઇ નથી અથવા તે લખી આપ્યો નથી એવું તે માણસ જાણતો હોય તે એવે

---

૧. રેજાઇના વિ. વીઠલ નારાયણ. ૧૩ મુ. ૫૫૧.

૨. રેજાઈના. વિ. રાયલી. (૧૮૯૬) ૧ કવીન્સ બેન્ચ પાનું ૩૬૯.

૩. રેજાઇના. વિ. જીવાનન્દ. ૫ અ. ૨૨૧; પરંતુ રેજાઇના વિ સભાપતી. ૧૧ મ. ૪૧૧ના અને રેજાઈના વિ. લલીત મોહન. ૨૨ ક. ૩૧૩ ના ફેંસલામાં આ ફેંસલાથી વિરૂદ્ધ અભીપ્રાય દર્શાવવામાં આવ્યો છે.

૪. રેજાઇના. વિ. મહમદ સાઈદખાન. ૨૧ અ. ૧૧૩.

૫. રેજાઇના. વિ. કાશીનાથ નાઇક. ૨૫ ક. ૨૦૭.

વખતે તે બન્યો છે, તે પર સહી કે મહોર થઇ છે અથવા તે લખી આપ્યો છે એવો વિશ્વાસ ઉત્પન્ન કરવો, અથવા.

બીજું—જે માણસ કાંઇ લેખ પોતે ખુદ કે બીજા કોઈ સખશે કર્યાં અથવા લખી આપ્યા પછી ચોરીને અથવા બીજી રીતે કાંઇ જરૂરના ભાગમાં તે લેખને કાયદેસર અખ્તીઆર શીવાય બદદાનતથી અથવા દગલબાજીથી ફેરવે પછે ફેરવતી વખતે તે બીજો શખસ હયાત હોય કે મરી ગયો હોય તો પણ.

ત્રીજું—જે માણસ બદદાનતથી અથવા દગલબાજીથી કોઈ સખશ પાસે કાંઇ લેખ ઉપર સહી કે મહોર કરાવે અથવા કાંઇ લેખ તે સખશ લખી આપે એમ કરે અથવા તેની પાસે કાંઇ લેખને ફેરવાવે એવું જાણ્યા છતાં કે તે લેખમાં શું લખ્યુ છે અથવા હું શો ફેરફાર કરૂછું એ વાત તે સખશ દીવાનગી અથવા કેફના સબબથી જાણવાને શક્તિમાન નથી અથવા તેને ફરેબ દીધો છે તે સબબથી તે વાત તે શખસ જાણતો નથી.

દ્રષ્ટાંત—(અ) અ ની પાસે જ નો લખેલો બ ની ઉપરનો ૧૦૦૦૦ રૂપીઆનો એક ભલામણનો કાગળ છે હવે બ ને દગો દેવા સારૂ અગર અ તે ૧૦૦૦૦ પર ૧ મીંડુ વધારીને તે રકમને ૧૦૦૦૦૦ કરે એવા ઈરાદાથી કે તે કાગળ જ એ તેટલી રકમનો લખ્યો છે એમ બ માને તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

(બ) કાંઇ સ્થાવર મીલકત જ એ અ ને લખી આપી હોય એવી મતલબના એક ખત પર જ ના અખ્તીઆર સીવાય અ જ ની મહોર કરે એવા ઇરાદાથી કે તે મીલકત બ ને વેચીને તેની કીંમતના રૂપીઆ બ પાસેથી લેવા તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

(ક) એક ચેકપર બ ની સહી છે અને તે ચેક જે લઇ આવે તેને તે નાંણું મળે એવી તરેહનો છે પણ તે મધે કાંઇ રકમ ભરેલી નથી તે ચેક લઇને અ દગલબાજીથી તે મધે દશ હજાર રૂપીઆની રકમ ભરે તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

(ડ) અ એ પોતાના માણુસ બ ને એક સરાફ ઉપર ચેક લખીને તેપર સહી કરીને આપે પણ તેમાં આપવાની કાંઇ રકમ લખે નહિ અને બ ને એવો અખ્તીઆર આપે કે ફલાણા ફલાણા લોકોના રૂપીઆ આપવા છે માટે દશ હજાર રૂપીઆ સુધીની રકમ તું ચેકમાં ભરજે પછે બ દગલબાજીથી તે ચેકમાં વીશ હજાર રૂપીઆની રકમ ભરે તો બ એ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

(ઇ) બ ના અખ્તીઆર સીવાય અ, બના નામથી પોતાની ઉપર એક હુંડી લખે એવા ઇરાદાથી કે તે હુંડીને ખરી હુંડી દાખલ કોઇ સરાફને ત્યાં વટાવવી તથા તે હુંડી પાકેથી તે સરાફ પાસેથી તે લઇને તેનાં નાંણાં અપાવવાં તો એ ઠેકાણે બ ની જામીની છે; એવો પોતાના મનમાં વિચાર ઉત્પન્ન થઇને તે સરાફ તે હુંડીનાં નાંણાં આપે એ રીતે તેને છેતરવા સારૂ અ એ તે હુંડી લખી માટે અ એ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

(ફ) જ ના વીલમાં આ શબ્દો લખેલા છે, હું ફરમાવુંછું કે મારી સઘળી બાકી રહેલી મીલકત અ બ અને ક એઓની વચ્ચે સરખે હીસ્સે વહેંચાય, અ બદદાનતથી વીલ મધેથી બનું નામ છીલી નાંખે એવા ઇરાદાથી કે તેથી એમ માનવામાં આવે કે સઘળી મીલકત અ

તથા ક ને માટે જ લખી ગયો છે તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

(ગ) જ ને અથવા તે ફરમાવે તેને આપજો એ પ્રમાણે એક સરકારી પ્રોમીસરી નોટની પાછળ શેરો કરી તે શેરાપર સહી કરીને તેનાં નાણાં જ ને અથવા જ ફરમાવે તેને મળે એવું અ કરે પછે જ ને અથવા ને ફરમાવે તેને આપજો એ શબ્દો બ બદદાનતથી છીલી નાંખે અને એ પ્રમાણે તે ખાસ શેરાનો ખાલી શેરો કરે તો બ એ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

(હ) અ એક સ્થાવર મીલકત જ ને વેચીને તેનું ખત કરી આપે પછે જ ને દગો દઇને તેની પાસેથી તે મીલકત જાય એવું કરવા સારૂ તેજ મીલકતનું અ એક ખત બ ને લખી આપે અને તે ખત ઉપર જ ને કરી આપેલા ખતની તારીખથી છ મહીનાની પહેલાંની તારીખ લખે એવા ઇરાદાથી કે તે મીલકતનું ખત જ ને કરી આપ્યા પહેલાં તેણે તે મીલકતનું ખત બ ને કરી આપ્યું છે એમ માનવામાં આવે તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

(ઇ) જ બોલે બોલ બોલીને પોતાનું વીલ અ પાસે લખાવે તેમાં વશીઅત આપવાને જેનું નામ લખવાનું જ એ કહ્યું હોય તેનું નામ નહિ લખતાં અ ઇરાદાથી એક બીજા શખ-સનું નામ લખે. અને તમારા કહ્યા મુજબ આ વીલ લખ્યું છે એમ અ જ ને સમજાવીને તે વીલપર જ ની સહી કરાવે તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

(જ) અ એક પાસે કાગળ લખીને બ ના અખ્તીઆર સિવાય તેપર બ ના નામની સહી કરે અને તેમાં એમ લખે કે અ સારી આબરૂનો માણસ છે અને નહિ ધારેલી કમનશીબી-થી માઠી હાલતમાં આવી પડેલો છે અને તેનો ઇરાદો એવો હોય કે તે તે કાગળ બતાવીને જ પાસે તથા બીજા શખસો પાસે ભીખ મેળવવી તો એ ઠેકાણે જ ને પોતાની મીલકત છો-ડાવવાને લલચાવવાને સારૂ અ એ લેખ ખોટો બનાવ્યો માટે અ એ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

(ટ) બ ના અખ્તીઆર સિવાય અ એક કાગળ લખીને તેપર બ ના નામની સહી કરે અને તે કાગળ મધે એમ લખે કે અ ની આબરૂ સારી છે અને તેનો ઇરાદો એવો હોય કે તે કાગળ બતાવીને જ ના હાથ તળે કાંઇ નોકરી મેળવવી તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું કેમકે તે બનાવટના સરટીફીકેટથી જ ને છેતરીને જ ની પાસે નોકરી બા-બતનો કાંઇ સાફ કે અર્થાત્ સમજાય તેવો કરાર કરવાનો અ નો ઇરાદો છે.

ખુલાસો ૧ લો—કોઇ માણુસ પોતાના નામની સહી કરે તો તે પણ ખોટો લેખ બના-વવાનો ગુન્હો થઈ શકે છે.

દ્રષ્ટાંત—(અ) એક હુંડીપર અ પોતાના નામની સહી કરે એવા ઇરાદાથી કે તેજ ના-મના એક બીજા શખસે તે હુંડી લખી છે. એમ માનવામાં આવે તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

(બ) એક કાગળના કકડાપર ' સરકાર ' એટલો શબ્દ લખીને તે પર અ ઝ ના નામની સહી કરે એટલા સારૂ કે પછી તે કાગળપર ઝ ની ઉપરની એક હુંડી બ લખે અને તે હુંડી જાણે ઝ એ શીકારી હોય એ રીતે બજારમાં ચલાવે તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું અને અગર તે હકીકત જાણીને અ ના ઇરાદા મુજબ બ તે કાગળ ઉપર

હુંડી લખે તો બ એ પણ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

(ક) અ ના નામનોજ કોઈ બીજો શખસ ફરમાવે તે ધણીને નાણાં આપવાં એવી એક હુંડી અ ને જડે અને તેની પાછળ અ પોતાનાજ નામનો શેરો કરે એવા ઇરાદાથી કે એ શખસ ફરમાવે તે ધણીને નાણાં આપવાની એ હુંડી છે. તેજ શખસે એ શેરો કર્યો છે એમ માનવામાં આવે તો એ ઠેકાણે અ એ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

(ડ) બ ના ઉપર એક હુકમનામું થયેલું બજે તેમાં એક સ્થાવર મીલકત વેચાય તે અ ખરીદ કરે હવે તે મીલકત જપ્ત થયા પછી બ ઝ ની સાથે મળી જઇને કાંઇ જુજ ભાડે આપે તે મીલકતની લાંબી મુદતનું એક ભાડાનામુ ઝ ને લખી આપે અને તે ભાડાનામામાં તે જપ્તીની તારીખથી છ મહિના આગળની તારીખ ભરે એવા ઈરાદાથી કે અ ને દગો કરવો તથા જપ્તી થતાં પહેલાં તે ભાડાનામું લખી આપ્યું છે એમ માનવામાં આવે તો અગર બ એ તે ભાડાનામાપર પોતાના નામની સહી કરી છે તો પણ તેણે આગળની તારીખ લખી તેથી તેણે ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

(ઇ) દેવાળુ કાહાડવાનો આગળથી વીચાર કરીને અ વેપારી પોતાના ફાયદાને સારૂ તથા પોતાના માગનારાઓને દગો દેવાના ઇરાદાથી કાંઇ મીલકત બ ની પાસે રાખે અને તે કામ બહારથી વ્યાજબી જણાય એટલા સારૂ તે બ ને એક ચીઠી લખી આપે કે તમારી પાસેથી અવેજ લીધો છે તે બાબતની મારે તમને આટલી રકમ દેવી અને તે ચીઠીપર આગળની તારીખ નાંખે એવા ઇરાદાથી કે અ દેવાળુ કહાડવાની તૈયારીમાં હતો ત્યાર પહેલાં એ ચીઠી તેણે લખી છે એમ માનવામાં આવે તો અ એ ઉપર લખેલા લક્ષણના પહેલા પ્રકાર પ્રમાણે ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

ખુલાસો. ૨ જો—કોઇ માણસ કોઇ ખોટા શખસના નામથી કાંઇ ખોટો લેખ કરે એવા ઇરાદાથી કે તે લેખ કોઇ ખરા શખસે કરેલો છે એવું માનવામાં આવે અથવા કોઇ મુએલા શખસના નામથી કરે એવા ઇરાદાથી કે તે શખસે પોતાની હયાતીમાં તે લેખ કર્યો છે એવું માનવામાં આવે તો તે પણ ખોટો લેખ બનાવવાનો ગુન્હો થઇ શકે.

દ્રષ્ટાંત.—(અ) એક ખોટા શખસની ઉપર એક હુંડી લખે અને તે ચલાવવાના ઇરાદાથી તે ખોટા શખસના નામે તે હુંડી દગલબાજીથી શીકારે તો અ એ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કર્યો એમ સમજવું.

ટીકા.—" **દગલબાજીથી** "—આ કલમમાં વપરાયેલો 'દગલબાજીથી' શબ્દ 'બદદાનતથી' શબ્દના જેવોજ છે એમ સમજવું જોઇએ નહી, અને ગેરવ્યાજબી લાભ અથવા ગેરવ્યાજબી હાનીનો તેમાંથી અર્થ નીકળે છે એવું સમજવું જોઇએ નહી, પરંતુ " દગો કરવાના ઈરાદાથી" એવો તેનો અર્થ લેવો જોઈએ ૧

લેખ અથવા લેખનો ભાગ " **બનાવવો** " તેનો અર્થ તે " લખવો " અથવા તે " છાપવો ' એવો થતો નથી, પરંતુ સહી કરવી, અથવા બીજી કોઇ પણ રીતે તેના ઉપર મતુ કરવું એવો તેનો અર્થ થાય છે.૨

જો કોઇ લેખ દગલબાજીથી અથવા બદદાનતથી બનાવવાનાં આવ્યો છે એવું બતાવવામાં આવતુ ન હોય તો ફરેબ કરવાના કામને સારૂ અમુક બાબતોમાં તે લેખ જુઠો બનાવવો તે આ કલમ પ્રમાણે ગુન્હો બનવાને વાસ્તે બસ નથી ૩.

---

૧. રેજાઈના વિ. લલીતમોહન સરકાર. ૨૨. ક. ૩૧૩.

૨. રેજાઈના. વિ. રીઆસત અલી, ૭૯. ૩૫૨.

૩. રેજાઇના. વિ. ગુડાપા. વેરકૃત લૉ ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લૉ પાનુ ૩૩૨.

મુંબાઈની હાઇકોરટે એવું ઠરાવ્યું છે કે દગો ન થતો હોય એવું ગફલતીનું પેહેલાનું કૃત્ય છુપાવવાને સારૂ (સરકારી) દફતરમાં કરેલો ફેરફાર ખોટો લેખ બનાવવાનો ગુન્હો થતો નથી. ૧ આના સબંધમાં બીજી હાઇકોરટોના અભીપ્રાયના સબંધમાં પાછળ કલમ ૪૬૩ નીચે આપેલો જીવાનન્દર નો ફેંસલો તથા તેની સાથેની ટીકા જુઓ.

એક કેસમાં જમીન કબજે લેવાના દાવામાં તહોમતદારે પોતાના પેઢી-નામાના ટેકામાં એક પટ્ટા-પેહે રામણીનો દસ્તાવેજ તથા એક જામીન ખત કે આગળના એક દાવામાં રજુ કરેલા અસલ દસ્તાવેજોની નકલો જણાવવામાં આવતી હતી તે પુરાવમાં દાખલ કર્યાં; અને તેમાં એવું માલમ પડ્યું હતું કે બંને નકલોમાં અસલ કરતાં બે વધારે સાક્ષીઓનાં નામ હતાં તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તહોમતદાર ખોટો લેખ બનાવવાનો ગુન્હેગાર હતો. ૩

જો કે એક ખતમાં કરેલો ફેરફાર તે ખતને મુદતની અંદર આણવાને જરૂરનો નહોતો તો પણ જ્યાં તહોમતદારે તે ખતની તારીખમાં ફેરફાર કર્યો હતો ત્યાં તેણે આ કલમ મુજબ લેખ ખોટો બનાવ્યો હતો. એવુ ઠરાવવામાં આવ્યું હતું. ૪ તેજ પ્રમાણે જો કે તે દસ્તાવેજ વાપરનાર પક્ષકારનો કેસ સાબીત કરવાને વાસ્તે તે દસ્તાવેજ જરૂરનો ન હોય તો પણ તે દસ્તાવેજમાં કાંઇ પણ ફેરફાર કરવો તે આ કલમ પ્રમાણે ખોટો લેખ બનાવવાનો ગુન્હો થાય છે. ૫

જે તારીખે એક લેખ ખરેખરી રીતે લખાયો હોય તે તારીખના પેહેલાની તારીખ તે લેખમાં નાંખવી તે આ કલમ પ્રમાણે ગુન્હો બને છે. આ કેસમાં કેદીએ તેને અપીલ કરવાની મુદત ગયા પછી આસેસરોના અભિપ્રાયની નકલ લેવા સારૂ સ્ટાંપનો કાગળ રજુ કર્યો; પણ અપીલ કરતી વખતે સોગન ઉપર એવું જણાવ્યું કે અપીલ કરવાની મુદત ગયા પેહેલાં સ્ટાંપનો કાગળ તેણે રજુ કર્યો હતો, અને દગલબાજીથી તેવી મતલબનું એક સરટીફીકેટ તેણે મેળવ્યું હતું કે જેમાં આગળની તારીખ નાંખી હતી તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ કલમ અને ૪૬૩ મી કલમના અંદર આવી જાય તેવી રીતે એક લેખ ખોટો બનાવવામાં મદદગારી કરવાનો તે કેદી ગુન્હેગાર હતો. ૬

આ કલમ પ્રમાણે તહોમતદારને ખોટો લેખ બનાવવાનો ગુન્હેગાર ઠરાવી શકાય તે પહેલાં એવુ સાબીત કરવું જોઇએ કે જેથી કરીને કોઇ માણસ તે લેખ કેવા પ્રકારનો છે તે જાણતાં અટકે તેવી રીતનો દગો તહોમતદારે કર્યો હતો. ૭

એક કેસમાં બ ની પાસેથી પૈસા જબરાઇથી કઢાવવા સારૂં બ ના ઉપર ખુનનું તહોમત મુકીને એક કલ્પિત માણસના નામથી એક ખોટો લેખ બનાવવાના કૃત્યમાં તહોમતદારો પકડાયા હતા. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેઓ આ કલમ પ્રમાણે ગુન્હેગાર હતા. ૮

તહોમતદાર નોંધણી ખાતા (રજીસ્ટ્રેશન) ની આરીસમાં મોહોર શિક્કો કરનારો હતો અમુક દસ્તવેજોની પીઠ ઉપર નોંધણના ખોટા શેરા કરાવાનું તેના ઉપર તહોમત મુંકવામાં આવ્યુ હતુ. અને તે શેરા નીચે રજીસ્ટારે પોતાની સહીઓ કરી હતી તેમાં એવુ ઠરાવવામાં આવ્યુ હતુ કે તહોમતદારને આ કલમના ત્રીજા પેરેગ્રાફ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી સજા કરી શકાય તે પેહેલાં એવું બતાવવું જોઇએ કે રજીસ્ટાર, તેના

---

૧. રેજાઈના વિ શંકર. ૪ મું. ૬૫૭.
૨. ૫ અ. ૨૨૧.
૩. ઇસનચન્દર. વિ. બાબુ પ્રાણનાથ ૨૭ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનુ ૭૧.
૪. રેજાઇના. વિ. રામ નારાયણ પંજાબ રેકડરઝ. સને ૧૮૮૧ નું. ૧૪ મું.
૫. રેજાઈના. વિ. દયારામ પંજાબ રેકર્ડઝ સને. ૧૮૮૫ નું ૧૬ મું.
૬. રેજાઈના. વિ. સુકમોય ઘોસ. ૧૦ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનું. ૨૩.
૭. રેજાઈના. વિ. નજીબુતુલ્લા. ૯ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનુ ૨૦.
૮. રેજાઇના. વિ. શીફાયત અલી ૧૦ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનું. ૬૧.

ઉપર તહોમતદારે કરેલા દગાને લીધે, જે દસ્તાવેજ ઉપર તે સહી કરતો હોય તે દસ્તાવેજની વિગત (અંદરની હકીકત) જાણતો નહોતો. ૧

એક કેસમાં તહોમતદાર એક જગા ઉપર જે માણસ નોકર હતો તે જગાએથી તેને બરતરફ કરાવી તે જગા પોત મેળવવાના હેતુથી જે અમલદારને તે જગાની નોકરી આપવાનો અધિકાર હતો તે અમલદાર ઉપર એક ખોટો લેખ મોકલ્યો અને તે લેખને ખરાપણાનો આભાસ (દેખાવ) આપવાની મતલબથી એક સ્ટાંપના સિક્કાથી પોસ્ટની ટીકીટ ઉપર સિક્કો માર્યો તેમ કરવામાં તે તહોમતદારનો એવો ઇરાદો હતો કે અમુક તારીખે પોસ્ટ આફીસમાં થઇને તે સ્ટાંપ (ની ટીકીટ) પસાર થઈ હતી એવુ માનવામાં આવે તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે ખોટો લેખ બનાવવાના ગુન્હાનું તહોમત ટકી શકતું નહોતું, અને કલમ ૧૮૨ મુજબ તહોમતદાર ઉપર તહોમત મુકવું જોઈતુ હતુ. ૨

એક કેસમાં એક દસ્તાવેજ ઉપર " જી. એલ. પટવારી " ની સહી થયેલી જણાતી હતી, પરંતુ એવુ કહેવામાં આવતુ હતુ કે જે વખતે જી. એલ. પટવારી થયો નહોતો તે વખતે જી. એલ. સહી કરી હતી તેમાં એવુ ઠરાવવામાં આવ્યુ હતુ કે તે દસ્તાવેજ આ કલમની અંદર ખોટો લેખ થતો હોતો, કેમકે એક માણસની દુનીઆની અંદરની સ્થીતી (દરજ્જા)નુ ખોટુ વરણન કરીને જુઠી હકીકત (Misrepresentation) જણાવવી તે ખોટા લેખના મથાળા નીચે નહી, પરંતુ ઠગાઇના મથાળા નીચે આવે છે. ૩

પાછળ જણાવેલા નાજીબુલુલ્લા. ૪ ના કેસમાં હકીકત એવી હતી કે સહીઓ કરનાર માણસની આગળ સહીઓ કરવા સારૂ મુકલા કાગળોના થોકડામા એક ખોટો દસ્તાવેજ ઘાલી દઇને તહોમતદારે તે દસ્તાવેજ ઉપર ખરી સહી મેળવી. તેમાં એવુ ઠરાવવામાં આવ્યુ હતુ કે તહોમતદારે આ કલમ પ્રમાણે કાંઇ પણ ગુન્હો કર્યો નહોતો, કારણ કે તે દસ્તાવેજ કેવી મતલબનો હતો તે જાણતો તે માણસને અટકાવવા સારૂ તે માણસ ઉપર કાંઈ પણ ઠગાઈ કરવામાં આવી નહોતી.

એક કેસમાં એક પોલીસનો અમલદાર કે જેના હવાલામાં એક ઢોર પુરવાનો ડબો હતો તે અમલદારે ભેંસોની સંખ્યા ૭૩ ની હતી તે ફેરવી (ચેરી) ને ૧૩ કરી તેમ કરવામાં ૬૦ ભેંસોને છોડવાનાં નાંણાં પોતે ઉચાપત કરી જવાનો તેનો ઈરાદો હતો તેમાં તેને આ કલમ પ્રમાણે ખોટો લેખ બનાવવાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. ૫

એક કેસમાં તહોમતદાર બદરકમાં પેટા વિભાગ (સબ–ડીવીઝન) ની ઓફીસમાં ખાલી પડેલી એક કારકુનની જગ્યાને માટે ઉમેદવાર હતો, પ્રથમ તેણે સબ–ડીવીઝન (પેટાવિભાગ) ના અમલદારનો કલેકટર ઉપરનો ભલામણ પત્ર ખોટો બનાવ્યો અને પછી તે જગ્યાને માટે કલેકટરે તેને પસંદ કર્યો હતો એવું જણાવનારો કલેકટરનો સબ–ડીવીઝનલ અમલદાર ઉપરનો બીજો કાગળ ખોટો બનાવ્યો. કોર્ટે આ કેસમાં એવી ટીકા કરી કે:—" ઉપર જણાવેલી સ્થીતીની અંદર એપેલેન્ટે ' બદદાનતથી ' આ લેખ ખોટા બનાવેલા કહેવાય કે ન કહેવાય તો પણ, એ તો અમને સ્પષ્ટ જણાય છે કે હિંદુસ્તાનના પીનલકોડમાં " આપેલા તે શબ્દની વ્યાખ્યાના અર્થમાં આવી જાય તેવી રીતે દગા ભરેલી રીતે તેણે તે લેખ ખોટા " બનાવેલા હતા. તેનો હેતુ બદરકની સબ–ડીવીઝનલ ઓરીસમાં ખાલી પડેલી જગા મેળવવાનો હતો. " તેટલા માટે આ બે ખોટા લેખ બનાવવામાં તેનો ઈરાદો સબ—ડીવીઝનલ અમલદારને તેમજ કલેકટરને " છેતરીને (ઠગીને) કાંઈ પણ નાણાં સંબંધી લાભ મેળવવાનો હતો. " ૬

એક માણસે અમુક કંપની વાપરતી હતી તેના જેવાંજ પોહોચનાં ફારમો છાપવાને વાસ્તે હુકમ

---

૧. રેનાઇના વિ. દ્વારકાનાથ ઘોસ. ૨૦ સધરલાન્ડઝ વીકલી રીપોરટર, પાનું. ૪૯.

૨. રેનાઈના. વિ. કૃષ્ણાઈ યાન વેર કૃત લો ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો. પાનું. ૩૩૧.

૩ જોય કુરન સીંગ. વિ. માન પાટુક. ૩૧ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટ પાનું. ૪૧.

૪. ૯ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું. ૨૦.

૫. રેનાઈના વિ. રઘુ બારીક. ૧૧ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનું. ૪૪.

૬. અબદુલ હમીદ. વિ. રેનાઇના. ૧૩ ક. ૩૪૯.

આપ્યા અને તે ફારમોનાં પ્રુફ પણ સુધાર્યાં, તેમ કરવામાં દગો કરવાને સારૂ તે પોહોચનાં ફારમોનો ઉપયોગ કરવાનો તેનો ઈરાદો હતો. તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જ્યાં સુધી છાપેલાં ફારમોમાંનું એક ફારમ ખોટા દસ્તાવેજમાં બદલવામાં ન આવ્યું હોય ત્યાં સુધી તેનો ખોટો લેખ બનાવવાનો ગુન્હેગાર ઠરાવી શકાય નહી, તેમજ જ્યાં સુધી એકાદા ફારમને ખોટો લેખ બનાવવાને માટે તેણે કાંઇ કૃત્ય ન કર્યું હોય ત્યાં સુધી ખોટો લેખ બનાવવાની કોશીશ કરવાનો પણ તેને ગુન્હેગાર ઠરાવી શકાય નહી; જ્યાં સુધી ફારમનું લેખ (દસ્તાવેજ) માં રૂપાંતર ન થયું હોય ત્યાં સુધી જે કાંઈ કરવામાં આવ્યું હતું તે ગુન્હો કરવાને સારૂ તૈયારી માત્ર થતી હતી. ૧

(વળી આ કલમના સંબંધમાં પાછળ કલમ ૪૬૩ નીચે આપેલી ટીકા અને ફેંસલા જુઓ.)

ખોટો લેખ બનાવવાની શીક્ષા.

૪૬૫. જે માણુસ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કરે તેને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—પ્રથમના કોઈ ફરેબવાળા અથવા અપ્રમાણિક કૃત્યને છુપાવવાના હેતુથી કોઈ રજીસ્ટરમાં અથવા ચોપડીમાં કંઈ ખોટી નોંધ કરવામાં આવે તો તે ગુન્હાઈત કૃત્યનો ક. ૩૭૭ અમાં સમાવેશ થાય છે ૨

કોઈ ઈનસાફની કોર્ટનું દફતર અથવા જનમ વગરે બાબતનો સરકારી રજીસ્ટર ખોટો બનાવવો.

૪૬૬. કોઇ ઈનસાફની કોર્ટનું દફતર અથવા તે કોર્ટ મધે ચાલેલા કામનો કાગળ હોય એવી મતલબનો કોઈ લેખ અથવા બાપતીઝમ લગન કે ગાડવા બાબતનો કાંઈ રજીસ્ટર અથવા કોઇ સરકારી નોકર પોતાના સરકારી હોદ્દાના જોરથી રખાતો હોય એવો કાંઇ રજીસ્ટર અથવા કોઇ સરકારી નોકરે પોતાના સરકારી હોદ્દાના જોરથી કરેલો હોય એવી મતલબનો કાંઇ દાખલો કે લેખ અથવા કાંઇ ફરીઆદી કે જવાબ કરવાનો અથવા તેમાં કાંઇ પણ કામ ચલાવવાનો અથવા કબુલતથી હુકમનામુ થવા દેવાનો જેમાં અખ્તીઆર આપ્યો હોય એવો લેખ અથવા વકીલાતનામું અથવા મુખ્તીઆર નામું જે માણુસ ખોટું બનાવે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—જ્યાં સરકારી નોકર, કે જેની ફરજ સરકારી દફતરમાં લખાણ કરવાની હોય તે નોકર જાણી જોઈને જુઠું લખાણ (entry) કરે તેવા કેસને લાગુ પડવાનો આ કલમનો હેતુ નથી, પરંતુ જ્યાં સરટીફીકેટ અથવા બીજો કોઈ દસ્તાવેજ તે સરટીફીકેટ અથવા દસ્તાવેજ કોઇ સરકારી નોકરે યોગ્ય રીતે કાઢેલો છે એવું દેખડાવવાના હેતુથી કોઈ વગર અધીકારવાળા માણુસે ખોટો બનાવેલો હોય તેવા કેસને લાગુ પડવાનો આ કલમનો હેતુ છે. તહોમતદારે એક મીલકતને સરકાર જપ્તીમાંથી બચાવી લેવાના હેતુથી, તે જીલ્લામાં કોનું કોનું મેહેસુલ વસુલ આવ્યું હતું, અને કઇ કઈ મીલકતોનો જમો બાકી હતો એ બાબતમાં કલેકટરની જાણને સારૂ તેણે રાખેલા (તેને સોંપેલા) એક સરકારી દફતરમાં તે મીલકતનું મેહેસુલ વસુલ આવ્યાનો જુઠો શેરો કર્યો. શેશન્સ જડજે આ ૪૬૬ મી કલમ પ્રમાણેના ગુન્હાનો તેને ગુન્હેગાર ઠરાવી સજા કરી હતી. પણ અપી-

---

૧. રેજાઇના વિ. રીઆસત અલી. ૭ ક. ૩૫૨.

૨. રાશબિહારીદાસ. ઈ. લો. રિ. ૩૫ કલકત્તા. ૪૫૦.

જેમાં હાઈકોર્ટે એવું ઠરાવ્યું હતું કે તહોમતદારને ખરેખરી રીતે ૧૯૨ મી કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી સજા કરવી જોઇતી હતી; કેમકે તે (૧૯૨ મી) કલમની શરતો ઇનસાફી કામમાં ઉપયોગમાં લેવાયેલા અથવા લેવાના જુઠા પુરાવનેજ માત્ર મરયાદીત થતી નથી.૧

જ્યાં એક માણસ કે જે કોઇ પણ દસ્તાવેજની ખરી નકલ આપવાને બંધાયેલો હોય તે આવા દસ્તાવેજની ખરી નકલ આપે ત્યાં અસલ દસ્તાવેજ કે જેની ખરી નકલ તે આપે છે તે અસલ દસ્તાવેજમાં, ખોટી હોય એવી હકીકત જણાવી હોય, અને તે એવી (ખોટી) છે એવું તે માણસ જાણે છે અથવા માને છે એટલાજ કારણસર માત્ર તે માણસને આ કલમ પ્રમાણે સજાને પાત્ર ખોટો લેખ બનાવવાના ગુન્હાનો કાયદેસર રીતે ગુન્હેગાર ઠરાવી શકાય નહી.૨

જો એક દસ્તાવેજ સરકારી નોકરની પાસેથી આવેલો ઉઘાડી રીતે જણાતો હોય તો, તેના ઉપરનો સીક્કો અને સહી ઉકલી શકે એવાં ન હોય તે છતાં પણ તે દસ્તાવેજ સરકારી નોકરે કરેલો ગણાય એવો દસ્તાવેજ છે. ૩

કાંઇ કીંમતી દસ્તાવેજ અથવા વીલ ખોટું બનાવવું.

૪૬૭. જે લેખ કાંઇ કીંમતી દસ્તાવેજની મતલબનો અથવા કાંઇ વીલની મતલબનો અથવા દતક લેવાની અખતીઆરનામાની મતલબનો હોય અથવા જે લેખ કોઇ સખસને કાંઇ કીમતી દસ્તાવેજ કરવાનો અથવા બીજાના નામનો કરી આપવાનો અથવા તેના મુદલ રૂપીઆ વ્યાજ કે નફાની વેચાણ લેવાનો અખ્તીઆર આપવાની મતલબનો હોય અથવા કાંઇ નાણું જંગમ મીલકત અથવા કીમતી દસ્તાવેજ લેવાનો કે આપવાનો અખ્તીયાર આપવાની મતલબનો હોય અથવા જે લેખ કંઇ ફારગતી અથવા નાણાં ભર્યાની પહોંચની મતલબનો અથવા કાંઇ ફારગતી કે કાંઇ જંગમ મીલકત અથવા કાંઈ કીમતી દસ્તાવેજ આપ્યાની પહોચની મતલબનો હોય એવો કાંઈ લેખ જે માણસ ખોટો બનાવે તેને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વર્ષની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—કલેકટરની ઑફીસમાંથી નીકળેલા ચલનમાં દગા ભરેલી રીતે ફેરફાર કરવો તે આ કલમમાં જણાવેલું લેખ ખોટો બનાવવું થાય છે. ૪

આ કલમ પ્રમાણે ગુન્હો પુરવાર કરવા સારૂ, ખોટો બનાવેલો દસ્તાવેજ આ કલમમાં જણાવેલા પ્રકારમાંના એક પ્રકારનો હોવો જોઈએ. ૫ અને તેની સાથે એવું પણ બતાવવું જોઇએ કે આ કલમના અર્થની અંદર આવી જાય તેવી રીતે તે દસ્તાવેજ ખોટો દસ્તાવેજ છે; અને ૪૬૩ મી કલમમાં જણાવેલા કોઈ પણ ઇરાદાથી તહોમતદારે તે દસ્તાવેજ ખોટો બનાવ્યો હતો તે પણ સાબીત કરવું જોઇએ હકીકત ઉપરથી કોઈ પણ સંભવીત ઇરાદાનું અનુમાન કરી લેવાય એટલુંજ બસ નથી, પણ એ જરૂરનું છે કે આવો ઈરાદો પુરાવાથી સાબીત કરવો જોઇએ. ૬

---

૧. રેજાઇના. વિ. જગનલાલ. ૭ કલકત્તા લો રીપોરટસ પાનુ ૩૫૬.

૨. રેજાઇના. વિ. મેરીગઉડા. મુંબાઇ હાઈકોરટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ સને ૧૮૯૧ નુ ૪૨ મું.

૩. રેજાઇના. વિ. પ્રસન્નો. ૫ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનુ ૯૬.

૪. રેજાઈના. વિ. હરિશ્ચન્દ્ર. સધરલાન્ડઝ વીકલી રીપોરટર સંને ૧૮૬૪ પાને ૨૨.

૫. ૧ વીકલી રીપોરટર ક્રીમીનલ લેટર્સ પાનુ ૯.

૬. રેજાઇના. વિ. કઇલાસ ચન્દ્ર ૬ કલકત્તા વીકલી નોટસ પાનુ ૩૮૨.

એક લેખ કે જે એક કીંમતી દસ્તાવેજની મતલબનો હતો તે લેખ ખોટો બનાવવા બદલ તહોમતદારોને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી સજા કરવામાં આવી હતી. તે લેખ એક વેચાણ ખત હતું, જેને નોંધાવવા (રજીસ્ટર કરાવવા) નું નોંધણીના (રજીસ્ત્રેશન) આક્ટ ની ૧૭ મી કલમ પ્રમાણે ફરજીઆત હતું, પણ જે રજીસ્ટર કરાવેલો નહી હોવાથી જે સ્થાવર મીલકતના સંબંધમાં તે લખાયેલો હતો તે સ્થાવર મીલકતને તે કાંઈ પણ અસર કરી શકતો નહોતો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેને ગુન્હેગાર ઠરાવી કરેલી સજા બરાબર હતી, અને તે લેખ એક કીંમતી દસ્તાવેજ હતો. ૧

જે દસ્તાવેજ દેખીતી રીતે માત્ર નકલની મતલબનો હોય, અને જે જો કે ખરેખરી નકલ હોય તો પણ જંગમ મીલકત આંપી દેવાનો અધીકાર આપતો ન હોય તેવો દસ્તાવેજ ખોટો બનાવવો તે આ કલમ પ્રમાણે સજાને પાત્ર નથી. ૨

કોરો કાગળ અથવા મુદતની બહાર ગયેલું ખત આ કલમમાં વર્ણવેલી જાતનો લેખ નથી. ૩

ઉપર જણાવેલા **કૈલાસચન્દ્ર** ૪ ના કેસમાં હકીકત એવી બની હતી કે તહોમતદારના કબજામાં બે દસ્તાવેજો મળી આવ્યા હતા; તેમાંનો એક દસ્તાવેજ અ નામનાં માણસની પાસેથી તહોમતદારની વહુને મળેલી અમુક જમીનોના સંબંધમાં રજીસ્ટર કરાવેલું વેચાણ ખત હતું; બીજો દસ્તાવેજ તેની તેજ જમીનના સંબંધમાં તેના તેજ વેચાણ આપનારે તહોમતદારને પોતાને કરી આપેલા વેચાણ ખતની મતલબનો હતો, પણ આ દસ્તાવેજ રજીસ્ટર કરાવેલો નહોતો. તહોમતદારે એક નીશાળે જતા છોકરાને પેહેલા દસ્તાવેજમાં કરેલો નોંધણીનો શેરો બીજા દસ્તાવેજમાં ઉતારી લેવાની (નકલ કરી લેવાની વીનંતી કરી) અને તે ઉપરથી તેને પકડીને તેના ઉપર ૧૧૬ મી કલમની સાથે આ ૪૬૭ મી કલમનું અને ૪૭૪ મી કલમનું તહોમત મુકવામાં આવ્યું હતું. તપાસની વખતે અ એ સોગન ઉપર જણાવ્યું કે તેણે કોઈ દીવસ બીજું વેચાણ ખત લખી આપ્યું નહોતું પણ પેહેલા વેચાણ ખતના સંબંધમાં તેણે કહ્યું કે તહોમતદારની વહુને તેણે તે ખત લખી આપ્યું હતું, પરંતુ તે જમીનોનો કબજો તહોમતદારનો હતો, અને અવેજનાં નાંણાં પણ તહોમતદારે તેને આપ્યાં હતાં. હાઈકોર્ટે એવું ઠરાવ્યું હતું કે ૪૬૩ મી કલમમાં જણાવેલા કોઈ પણ ઈરાદાથી બીજો દસ્તાવેજ બનાવવામાં આવ્યો હતો એવું અથવા તો તેને દગા ભરેલી રીતે અથવા બદદાનતથી વાપરવાનો ઈરાદો હતો એવું સાબીત કરવામા આવ્યું નહોતું તેથી તેને ઉપરની કોઈ પણ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા કાયમ રહી શકતી નહોતી.

ઠગાઈ કરવાના કારણુસર ખોટો લેખ બનાવવો.

૪૬૮. જો કોઇ માણુસ ખોટો લેખ બનાવે એવા ઇરાદાથી કે તે બનાવટનો લેખ ઠગાઇ કરવાના કારણુસર વપરાય તો તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાંની ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી દંડને પણુ લાયક થશે.

ટીકા.—એક કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જ્યાં એક માણસનો હેતુ, જે હીસાબના ચોપડા તેના હવાલામાં હતા તે હીસાબના ચોપડા ખોટા બનાવીને તેના શેઠને ઠગવાનો હતો, અને જ્યાં આવી ઠગાઇથી તેના શેઠને નુકશાન થવાનો સંભવ હતો ત્યાં માત્ર ખોટો લેખ બનાવવા બદલ ૪૬૫ મી કલમ પ્રમાણે તેને ગુન્હેગાર ઠરાવવાને બદલે ઠગાઈ કરવાના ઇરાદા સાથે ખોટો લેખ બનાવવા બદલ તેને

---

૧. રેજાઈના. વિ. ગોવીન્દ. મુંબાઇ હાઇકોર્ટનાં ક્રીમીનલ રુલીંગ્ઝ સંને ૧૮૮૯ નું ૨૫ મુ; રેજાઈના. વિ. કાશીનાથ નાયક ૨૫ ક. ૨૦૭.

૨. રેજાઈના. વિ. નારા ગોપાલ. ૫ બોમ્બે હાઇકોર્ટ રીપોરટસ પાનું ૫૬.

૩. રેજાઇના. વિ. રઘુનન્દ. ૧૫ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું ૧૯.

૪. ૬ કલકત્તા વીકલી નોટસ પાનું ૩૮૨.

આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવીને સજા કરવામાં આવી હતી તે બરાબર હતું. ૧

સરકારી ગ્રાન્ટ (નાણાંની મદદ) મેળવવાના કારણસર નિશાળનું હાજરી પત્રક ખોટું બનાવવું તે આ કલમ પ્રમાણે સજાને પાત્ર છે. ૨.

કોઈ શખસની આબરૂને હાની કરવાના કારણસર લેખ ખોટો બનાવવો.

૪૬૯. જો કોઇ માણસ ખોટો લેખ બનાવે એવા ઇરાદાથી કે તે બનાવટનો લેખ કોઇ ધણીને આબરૂને હાની કરે અથવા તે લેખ તેવા કારણસર વાપરવામાં આવશે એવો સંભવ છે એમ જાણ્યા છતાં તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—ખોટો લેખ માત્ર બનાવવો તે ૪૬૩ મી કલમ પ્રમાણે ખોટો લેખ બનાવવાનો ગુન્હો બને છે અને તેમા એ જરૂરનું નથી કે તેને કોરટમાં રજુ કરીને અથવા કોઇ પણ માણસને બતાવીને કાઇ સખશની આબરૂને નુકશાન થાય તેવી રીતે તે લેખ બહાર પાડવો જોઇએ, અથવા પ્રસિદ્ધ કરવો જોઇએ. કલ્પિત માણસના નામથી ખોટો લેખ બનાવી શકાય જયાં ;અમુક બાબતના પુરાવા તરીકે વાપરવાના ઈરાદાથી એક અરજીના મુસદો તૈયાર કરવામાં આવ્યો હતો ત્યાં એવું ઠરાવવામા આવ્યું હતું કે તે મુસદો પીનલકોડના ૨૯ મી કલમની અંદર આવી જતો હતો. અને એક માણસની આબરૂને નુકસાન કરવાની મતલબથી ખોટી હકાકત તેમા સમાયેલી હતી તેથી તે ગુન્હો આ કલમની અંદર પડતો (આવી જતા) હતો એવું ઠરાવવામા આવ્યુ હતું.૩

બનાવટના લેખ.

૪૭૦. જે ખોટો લેખ સઘળો કે થોડો ઘણો ખોટો લેખ બનાવવાના ગુન્હાથી બન્યો હોય તેનું નામ બનાવટનો લેખ પાડયું છે.

બનાવટનો લેખ ખરા દાખલ વાપરવો.

૪૭૧. જે લેખ બનાવટનો લેખ છે એમ પોતે જાણતો હોય અથવા એમ માનવાનું પોતાને કારણ હોય એવો કાંઇ લેખ જે માણસ દગલબાજીથી અથવા બદદાનતથી ખરા દાખલ વાપરે તે માણસને જાણે તેણે તે લેખ ખોટો બનાવ્યોજ હોય એવી રીતે શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—આ કલમ પ્રમાણે ગુન્હો સાબીત કરવાને સારૂ જે માણસ જાણતો હોય કે અથવા તેને એવું માનવાને કારણ હોય કે એક દસ્તાવેજ ખોટો બનાવેલો છે તે માણસે તે દસ્તાવેજ વાપરેલો હોવો જોઇએ.૪

એક માણસ જોકે તેણે પહેલી વખતે એક દસ્તાવેજની નકલની નકલજ માત્ર રજુ કરી હોય તો પણ

---

૧. રેજાઇના. વિ. બાનીસર બિસ્વાસ. ૧૮ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનુ ૪૬

૨. રેજાઈના. વિ. કુપાના પીલાઇ. વેરફૂત લો ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો. પાનુ ૩૩૬.

૩. રેજાઈના. વિ. શીફાયત અલી. ૧૦ સધરલાન્ડઝ વીકલી રીપોરટર. પાનુ ૬૧; રેજાઈના. વિ. પીરા રાજુ ૧૩ મ. ૨૭.

૪. રેજાઇના. વિ. ભોલે પ્રમાનીક. ૧૭ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું ૩૨; રેજાઇના. વિ. ખોરશેદકાઝી ૮ કલકતા લો રીપોર્ટસ ૫૪૨.

જો તે દસ્તાવેજ ખોટો બનાવેલો હતો એવું તે જાણતો હોય તો જે દસ્તાવેજ ખોટો બનાવેલો હતો એવું તે જાણતો હતા તે દસ્તાવેજને ખરા દસ્તાવેજ તરીકે વાપરવાના ગુન્હેગાર થઈ શકે.૧

એક અ નામના સખશે નોકરી મેળવવાને સારૂ કલેકટરને કરેલી અરજીની સાથે એક પરિક્ષામાં પોતે પાસ થયાના સરટીફીકેટની નકલ કલેકટરને મોકલી. અસલ સરટીફીકેટમા તેની ઉમ્મર ૨૩ વરસની નાંખેલી હતી, પણ નકલમા તેણે ફેરફાર કરીને ૨૦ વરસની લખી. તેમાં તેને આ કલમ પ્રમાણે બનાવટનો લેખ વાપરવાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.૨

જો કે જે સખશ ખોટો દસ્તાવેજ વાપરતો હોય તેના કેસને વાસ્તે તે દસ્તાવેજ જરૂરનો ન હોય અને જો કે ખરેખરી રીતે, તે દસ્તાવેજ વગર તેનો સંપુર્ણ સારો હક હોય તો પણ તેવો બનાવટનો દસ્તાવેજ વાપરવો તે આ કલમ પ્રમાણે દગા ભરેલું અને બદદાનત ભરેલું થશે.૩

ખરેખરી રીતે મીલકત ખુચવી લેવી અથવા મીલકત ખુંચવી લેવાનો ઈરાદો રાખવો તે એક લેખ કે જે બનાવટી છે એવું તહોમતદાર જાણતો હતો અથવા એવું માનવાને તેને કારણ હતું તેવો લેખ ખરા દાખલા દગા ભરેલી રીતે વાપરવાના ગુન્હાનું જરૂરનું તત્વ નથી.૪

એક કેસમા એક પોલીસ કોન્સટેબલના લહેણદારોએ પોલીસના ડીસ્ટ્રીકટ સુપરીન્ટેન્ડન્ટને એવી અરજ કરી કે જ્યાં સુધી તે (પોલીસ—કોન્સ્ટેબલનું) દેવું વસુલ થઈ જાય ત્યાં સુધી તે દેવાદાર (પોલીસ કોન્સટેબલ) ના પગારમાથી દર માસે રૂ. ૨) કાપી લેવા જે પગાર કાપવાની માગણી કરવામાં આવી હતી તે પગાર કાપવાના હુકમ થયા પછી તે દેવાદાર (પોલીસ કોન્સ્ટેબલે) તના કુલ દેવા રૂપૈયા ૧૮ બદલ પાવતી (પહોચ) રજુ કરી. પાછળથી એવું માલમ પડયું કે તે પહોચ રૂપીઆ ૮) આઠ બદલ આપવામાં આવેલી હતા અને તે પહોંચની અંદર "૧" નો આંકડો વધારીને દેવાદારે તેમાં ફેરફાર કર્યો હતો, તેમાં એવું ઠરાવવામા આવ્યું હતું કે, કેદીના મનનો ખરો ઈરાદો તેના પગારનો એક ભાગ અટકાવવાના ગેર કાયદેસર કૃત્ય કરતા બંધ રહેવા તેના ઉપરી અમલદારને સમજાવવાનો હોવાથી આ ઇરાદા ઉપરાત બીજો કોઇ ઈરાદો કે જે તના મનમાં આવ્યો હોય તેવા બીજા કોઇ ઇરાદા વિષે ફોજદારી કેસમાં કોરટે અનુમાન બાંધવું જોઇએ નહિ, એવું અવશ્ય કરીને નીકળવું નહોતુ કે તેના લહેણદારનો હક ડુબાવવાને સારૂ, બદલેલી પહોંચ આગળ ધરવાનો તેનો વીચાર હતો; અને તેટલા માટે આ કલમ પ્રમાણેના ગુન્હાનો તેને ગુન્હેગાર ઠરાવી સજા કરવી જોઇતી નહોતી.૫

છેડા છુટકાનો દસ્તાવેજ પીનલકોડની કલમ ૩૦ ના અર્થની અંદર "કીંમતી દસ્તાવેજ" છે આવા પ્રકારનો બનાવટી દસ્તાવેજ રજીસ્ટર કરાવવાને સારૂ રજુ કરવો, અને તેને રજીસ્ટર કરાવવો તે આ કલમની અંદર "વાપરવું" થશે.૬

પંજાબની ચીફ કોર્ટે સૈયદહુસેન૭ ના ફેંસલાથી વિરૂદ્ધ અભીપ્રાય દરશાવીને એવું ઠરાવ્યું છે કે અમુક હક ગમે તેવો યોગ્ય અને વ્યાજબી હોય તો પણ તેવા હકને કોર્ટમા સાબીત કરવા સારૂ કોઇ દસ્તાવેજ જાણી બુઝીને ફેરફાર કરવો તે કોર્ટ તેમજ સામાવાળા બનેના ઉપર દગો થાય છે, અને બીજા સામેના દગાને નિષ્ફળ કરવા સારૂ તેમ કરવામાં આવ્યું છે તે. કારણસર તે દગો કોઇ પણ રીતે ઓછો (ગુન્હાને પાત્ર) થતો નથી.૮

---

૧. રેજાઈના વિ. નુરમઅલી. ૬ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું ૪૧
૨. રેજાઈના. વિ. વીઠલ નારાયણ ૧૩ મુ. ૫૧૫
૩. રેજાઇના. વિ. ધનનકાઝી ૯ ક. ૫૩; રેજાઈના. વિ દયારામ પંજાબ રેકરડઝ સને ૧૮૮૫ નુ ૩૭ મુ
૪. રેજાઈના, વિ. હરધન. ૧૯ ક. ૩૮૦ પણ આ ફેંસલો રેજાઇના. વિ. આબાસ અલી ૨૫ ક. ૫૧૨ માં રદ કરવામાં આવ્યો છે.
૫. રેજાઇના. વિ. સઈયદ હુસેન ૭ અ ૪૦૩
૬. રેજાઈના. વિ. અઝીમુદીન. ૧૧ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનુ ૧૫
૭. ઉપર
૮. રેજાઇના. વિ. ગોબિન્દ મલ પંજાબ રેકરડઝ સને ૧૮૯૫ નુ ૨૧ મુ.

આ કલમ પ્રમાણે કોઈ માણસને ગુન્હેગાર ઠરાવીને સજા કરી શકાય તે પહેલાં કોઇ લેખને ખરા દાખલ દગા ભરેલી રીતે અથવા બદદાનતથી વાપરેલો હોવો જોઇએ.૧

ખોટા સિક્કા (મોહોર છાપ—સીલ) અને બનાવટી લેખો કેદીના કબજામાંથી મળી આવ્યા હતા; અને તે તેના કબજામાં કેવી રીતે આવ્યાં તે બાબતમાં તે કાંઇ પણ સંતોષકારક ખુલાસો કરી શકતો નહોતો તેથી એવું અનુમાન કરી લેવામાં આવ્યું હતુ કે દગા ભરેલી રીતે તેમને વાપરવાના ઇરાદાથી તેણે તે (પોતાની પાસે) રાખ્યાં હતાં.૨

તહોમતદારે પોલીસ ફોજમાં નોકરી મેળવવાને સારૂ પુનાના પોલીસ સુપરીન્ટેન્ડેન્ટને અરજી કરી તેની અરજીના ટેકામાં તેણે બે સરટીફીકેટ મોકલાવ્યાં કે જે સરટીફીકેટ જુઠાં (બનાવટી) છે એમ તે જાણતો હતો. આમાંનુ એક સરટીફીકેટ તદન બનાવટી લેખ હતો, જ્યારે બીજુ, સરટીફીકેટ નીકળ્યા પછી પાછળથી તેમાં કેટલાક સુધારા વધારા કરીને ફેરફાર કરવામાં આવ્યો હતો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તહોમતદાર આ કલમ અને ૪૬૩ મી કલમ પ્રમાણેના ગુન્હાનો ગુન્હેગાર હતો.૩

બનાવટી લેખ ઉપરનો મોહોર સીકકો અને સહી ઉકલી શકે એવાં ન હોય તો પણ તે લેખ એક સરકારી નોકરે કરેલો જણાવવામાં આવતો હોય તો તેવા બનાવટી લેખને ખરા દાખલ વાપરવા બદલ વાપરનાર માણસને ગુન્હેગાર ઠરાવી શકાય.૪

એક કોન્સ્ટેબલે પોલીસ ડાયરીમાં કરેલો ખોટો ફેરફાર, તેના સરકારી ઓદ્ધાની રૂઇએ એક સરકારી નોકરે કરેલા લેખના ખોટા બનાવવા દાખલ આ કલમની અંદર પડે (આવે) છે એમ ઠરાવવામાં આવ્યું હતું.૫

એક કેસમાં તહોમતદારે તેના વકીલને એક દસ્તાવેજની નકલ આપી; પરતુ તેના દાવાની તપાસ વખતે તે (નકલ) ને વાપરવાના કામને સારૂ તેમાં સુધારો વધારો કરીને તે ખોટી બનાવવામાં આવી હતી તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે તહોમતદાર આ કલમ પ્રમાણેનો ગુન્હો કરવાની કોશીશનો નહિ પણ આ કલમ પ્રમાણેના ગુન્હાનોજ ગુન્હેગાર હતો.૬

જ્યાં એક માણસે જે લેખ બનાવટી છે એવું તે જાણતો હતો તે લેખ ખરા દાખલ વાપર્યો હોય, અને તે કેસ એવો હોય કે તેને જો ખરા દાખલ મંજુર રાખે તો તેથી દગો થાય તો કોર્ટ એવું ધારી લેવાને બંધાયેલી છે કે તેનો દગો કરવાનો હેતુ હતો.૭

જ્યાં કેદીએ ભાડુ આપ્યાની ખરી પહોચો કે જે તેણે ખોઈ નાંખી હતી તે પહોચોની જગ્યાએ ખોટી પહોચો બનાવી, અને પછી તે બનાવટી પહોચોને ખરા દાખલ વાપરી ત્યા અલ્હાબાદની હાઈકોર્ટે તેને ગુન્હેગાર ઠરાવી કરેલી સજા રદ કરી હતી, એવા કારણસર કે તે દસ્તાવેજ કાંઈ પણ દગા ભરેલા અથવા બદદાનત ભરેલા ઇરાદાથી બનાવવામાં આવેલો નહી હોવાથી તે કદી બનાવટી લેખ બનતો નહોતો.૮

૪૭૨. જો કોઈ માણસ કાંઇ મોહોર અથવા પતરૂ અથવા છાપ પાડવાનું કાંઇ બીજુ હથીઆર બનાવે અથવા ખોટું બનાવે

૪૬૭ મી કલમ મુજબ એવા ઇરાદાથી કે તે ૪૬૭ મી કલમ મુજબ

---

૧. રેંજાઇના વિ. જહાનબક્ષ ૮ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનુ ૮૧
૨. રેંજાઈના વિ. ફીસ્તોં સુંદર દેબ ૨ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનુ ૫
૩. રેંજાઇના વિ. ખંડુસીંગ ૨૨ મું. ૭૬૮
૪. રેંજાઈના વિ. પ્રસન્નો બોઝા ૫ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનુ ૯૬
૫. રેંજાઇના વિ. રઘુબારીક ૧૧ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનુ ૪૪
૬. રેંજાઈના વિ. લાલા ઓઝા ૨૬ ક. ૮૬૩
૭ રેંજાઈના વિ. હીલ ૮ કેરીંગ્ટન એન્ડ પેન પાનુ ૨૭૪ રેંજાઇના વિ. ક. ૮ કેરીંગ્ટન એન્ડ પેન પાનુ૫૮૨
૮. રેંજાઇના વિ. શીવદયાળ ૭ અ. ૪૫૯.

શીક્ષા થઇ શકે એવા ખોટા લેખ બનાવવાનો ગુન્હો કરવાના ઇરાદાથી ખોટી મોહોર પતરૂં વીગેરે બનાવવું અથવા કબજામાં રાખવું.

શીક્ષા થઇ શકે, એવો કોઈ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કરવાના કારણસર વાપરવામાં આવે અથવા તે મોહોર પતરૂ અથવા બીજું હથીઆર ખોટું બનાવેલું છે, એમ જાણીને ઉપલા ઇરાદાથી અગર કોઇ માણુસ તે મહોર પતરૂ કે બીજું હથીઆર પોતાના કબજામાં રાખે તો તે માણુસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણુ લાયક થશે.

બીજી કોઈ કલમ મુજબ શીક્ષા થઇ શકે એવો ખોટો લેખ બનાવવાનો ગુન્હો કરવાના ઇરાદાથી ખોટી મહોર પતરૂં વગેરે બનાવવું અથવા કબજામાં રાખવું.

૪૭૩. જો કોઇ માણુસ કાંઇ મહોર પતરૂ અથવા છાપ પાડવાનું કાંઇ બીજું હથીઆર બનાવવા ખોટું બનાવે એવા ઇરાદાથી કે તે આ બાબ માંહેલી ૪૬૭ મી શીવાયની કોઇ પણુ કલમ મુજબ શીક્ષા થઈ શકે એવો કોઇ ખોટો લેખ બનાવવાનો ગુન્હો કરવાના કારણુસર વાપરવામાં આવે અથવા તે મહોર પતરૂ અથવા બીજું હથીઆર ખોટું બનાવેલું છે એમ જાણીને ઉપલા ઇરાદાથી અગર કોઇ માણુસ તે મોહોર પતરૂ અથવા બીજુ હથીઆર પોતાના કબજામાં રાખે તો તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણુ લાયક થશે.

ટીકા.—જ્યાં ખોટા લેખ બનાવવાના ઈરાદાથી તહોમતદારના કબજામાંથી જુદી જુદી જાતના કેટલાક મોહોર સીક્કાઓ જડી આવ્યા હતા ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે મળી આવેલા દરેક મોહોર સીક્કાના સંબંધમાં સંપુરણ અને ભીન્ન ગુન્હો બનતો હતો, અને કેદીઓને દરેક મોહોર સીક્કાના સંબંધમાં જુદા જુદા ગુન્હાના કાયદેસર રીતે ગુન્હેગાર ઠરાવી સજા કરી શકાય પરંતુ જો એવું જણાતુ હોય કે અમુક એકજ બનાવટી લેખ બનાવવાના કારણુસર આવા કેટલાક મોહોર સીક્કા તેમના કબજામાં હતા તો તેમને એકજ ગુન્હાના ગુન્હેગાર ઠરાવી શકાશે. ૧

કાંઇ કીંમતી દસ્તાવેજ અથવા વીલ ખોટું બનાવેલું છે એવું જાણીને તે ખરા દાખલ વાપરવા ના ઇરાદાથી કબજામાં રાખવું.

૪૭૪. જો કોઈ માણુસના કબજામાં કાંઇ લેખ હોય અને તે લેખ ખોટો બનાવેલો છે એમ તે જાણુતો હોય તો તથા તે લેખ ખરા દાખલ દગલબાજીથી અથવા બદદાનતથી વાપરવામાં લેવો એવો તે માણુસનો ઇરાદો હોય તો અગર તે લેખ ૪૬૬ મી કલમમાં લખેલા પ્રકારનો હોય તો તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણુ લાયક

૧. રેજાઈના વિ. ગોલક ચન્દર ૧૩ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું ૧૬.

થશે અગર તે લેખ ૪૬૭ મી કલમમાં લખેલા પ્રકારનો હોય તો તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા સાત વરસની મુદત સુધીની બેમાંની ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—આ કલમ પ્રમાણેના ગુન્હાનું તહોમત સાબીત કરવાને સારૂ ફરિયાદ પક્ષે નીચેની બાબતો સાબીત કરવાની જરૂર છે (૧) લેખો ખોટા બનાવેલા છે (૨) તે ખોટા બનાવેલા છે એવું તહોમતદાર જાણતો હતો; (૩) દગા ભરેલી રીતે અથવા બદદાનતથી તેમને ખરા દાખલ વાપરવાનો તેનો ઈરાદો હતો, અને (૪) દરેક લેખ ૪૬૬ મી અથવા ૪૬૭ મી કલમમાં જણાવેલા પ્રકારનો છે. હક-સંબંધના દસ્તાવેજો કે જેમાંના કેટલાક ખોટા બનાવેલા બતાવવામાં આવે છે તે દસ્તાવેજો એક મીલકત ખરીદનારના કબજામાં છે તેટલીજ હકીકત માત્ર તેના ગુન્હાની કાંઈ પણ સાબીતી ગણાશે નહી. ૧

એકજ ગામમાંનો બીજો માણસ કે જેનો તહોમતદારની સાથે માત્ર એટલોજ સંબંધ હતો કે તેને તે (તહોમતદાર) ના સાક્ષી તરીકે બોલાવવામાં આવ્યો હતો તે માણસના કબજામાં ખોટા બનાવેલા દસ્તાવેજો મળી આવે તે વાત તહોમતદારની સામે ગુન્હેગારી ભરેલી માહીતીનો પુરાવ થતો નથી. તેમજ આવો પુરાવ એવું બતાવતો હોય કે ખોટા લેખ બનાવવાનું તે ગામમાં સાધારણ હતુ તે વાત તેની સામે મુદ્દાને લગતી (relevant) વાત ગણી શકાશે નહી. ૨

જ્યાં એક માણસ એક કેસના સંબંધમાં એક ખોટો બનાવેલો લેખ કોરટમાં લઇ ગયો હતો, પણ તેનો ખરેખર ઉપયોગ કર્યો નહી તો જો કે જરૂર પડે તેનો ઉપયોગ કરવાનો તેનો ઈરાદો હતો ત્યાં તેને આ કલમ પ્રમાણેના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. ૩

આ કલમ પ્રમાણે કોઇ માણસને ગુન્હેગાર ઠરાવવા સારૂ એટલુંજ કહેવું બસ નથી કે ફેરફાર કરેલો દસ્તાવેજ કેદીએ સંભવીત રીતે (કદાચને) વાપર્યો હોત, ગુન્હેગારી ભરેલો ઇરાદો સાબીત કરવો જોઇએ, ધારી લેવો જોઈએ નહી. ૪

૪૬૭ મી કલમમાં લખેલા પ્રકારની લેખનું ખરાપણું દેખાડવા સારૂ વપરાતી હોય એવી કાંઇ મુદ્રા અથવા નીશાની ખોટી બનાવવી અથવા ખોટી નીશાની કરેલો પદાર્થ કબજામાં રાખવો.

૪૭૫. ૪૬૭ મી કલમમાં લખેલા પ્રકારના કોઇ લેખનું ખરાપણું દેખાડવાના કારણસર વપરાતી હોય એવી કાંઇ મુદ્રા કે નીશાની કોઈ માણસે કાંઇ પદાર્થ ઉપર અથવા કાંઇ પદાર્થ મધે ખોટી બનાવે એવા ઈરાદાથી કે તે પદાર્થ ઉપર તે વખતે કાંઇ લેખ ખોટો બનાવેલો હોય અથવા ત્યાર પછી ખોટો બનાવવાનો હોય તે લેખ ખરાપણાનો આભાસ આપવાના કારણસર તે મુદ્રા અથવા નીશાની વાપરવામાં આવે અથવા જે પદારથ ઉપર અથવા જે પદારથ મધે એવી કાંઈ મુદ્રા અથવા નીશાની ખોટી બનાવવામાં આવી હોય તેવો કાંઇ પદાર્થ ઉપર લખેલા ઇરાદાથી અથવા કોઇ માણસ પોતાના કબજામાં રાખે તો તે માણસને જીવતાં સુધીની સમુદ્ર પારની અથવા સાત

૧. રેજાઈના વિ. આબાજી રામચન્દ્ર ૧૯ મું. ૧૯૫; રેજાઇના વિ. બળવંત મુંબઇ હાઇકોરટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ સને ૧૮૯૫ નુ ૨૫ મુ.

૨. રેજાઈના વિ. આબાજી ૧૫ મું ૧૮૯.

૩. રેજાઈના વિ. હાતીમ ૮ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનુ ૧૧.

૪. રેજાઈના વિ. લોકનાથ સધરલાન્ડઝ વીકલી રીપોરટર ખાસ વાલ્યુમ પાનું ૧૨.

વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—આ કલમ પ્રમાણે તહોમતદારને ગુન્હેગાર ઠરાવવા સારૂ, જે દસ્તાવેજ તહોમતદારના કબજામાં હોય તે દસ્તાવેજ ઉપર કાંઈ બનાવટી (ખોટી બનાવેલી) મુદ્રા અથવા નીશાની હોવી જોઈએ, અને એવું સાબીત કરવું જોઈએ કે તે દસ્તાવેજને ખરાપણાનો આભાસ (દેખાવ) આપવાના કારણસર આવી મુદ્રા અથવા નીશાની કરવાના ઈરાદાથી તે દસ્તાવેજ તહોમતદારના કબજામાં હતો તે દસ્તાવેજ ૪૬૭ મી કલમમાં જણાવેલી જાતનો હોવો જોઇએ. ૧

આ કલમ મુજબના ગુન્હાની તપાસમાં કલમનો જે ભાગ તે કેસને લાગુ પડતો હોય તે ભાગ તહોમતનામામાં સ્પષ્ટ રીતે ખાસ જણાવવો જોઇએ, અને ખોટી બનાવેલી મુદ્રાવાળા અમુક કાગળો કે જે તહોમતદારના કબજામાં હતા એવું જણાવવામાં આવતુ હતુ તે કાગળો સ્પષ્ટ રીતે જણાવવા જોઇએ. ૨

૪૬૭ થી કલમમાં લખેલા પ્રકારથી જુદા પ્રકારના લેખનું ખરાપણું દેખાડવા સારૂ વપરાતી હોય એવી કાંઇ મુદ્રા અથવા નીશાની ખોટી બનાવવી અથવા ખોટી નીશાની કરેલો પદાર્થ કબજામાં રાખવો.

૪૭૬. ૪૬૭ મી કલમમાં લખેલા પ્રકારથી જુદા પ્રકારના કોઇ લેખનું ખરાપણું દેખાડવાના કારણસર વપરાતી હોય એવી કાંઈ મુદ્રા કે નીશાની કોઇ માણસ કાંઇ પદાર્થ ઉપર અથવા કાંઇ પદાર્થ મધે ખોટી બનાવે એવા ઈરાદાથી કે તે ઉપર તે વખતે કાંઇ લેખ ખોટો બનાવેલો હોય અથવા ત્યાર પછી ખોટો બનાવવો હોય તે લેખને ખરાપણાનો આભાસ આપવાના કારણસર તે મુદ્રા અથવા નીશાની વાપરવામાં આવે અથવા જે પદાર્થ ઉપર અથવા જે પદાર્થ મધે એવી કાંઈ મુદ્રા અથવા નીશાની ખોટી બનાવવામાં આવી હોય તેવો કાંઇ પદાર્થ ઉપર લખેલા ઇરાદાથી કોઇ માણસ પોતાના કબજામાં રાખે તો તે માણસને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઈ વીલને દગલબાજીથી ચહેરી નાંખવું અથવા તેનો નાશ કરવો વગેરે.

૪૭૭. કાંઇ લેખ વીલ હોય કે વીલની મતલબનો હોય અથવા લેવાનું અખતીઆર નામું હોય કે તેવી મતલબનો હોય અથવા કાંઇ કીમતી દસ્તાવેજ હોય કે તેવી મતલબનો હોય તેવા કોઇ લેખને અગર કોઇ માણસ દગલબાજીથી કે બદદાનતથી અથવા લોકને કે કોઇ શખસને હાંની અથવા નુકસાન કરવાના ઇરાદાથી છેકી નાંખે તેનો નાશ કરે અથવા છેકી નાંખવાની નાશ કરવાની કે ચેરી નાખવાની કોશીશ કરે અથવા છુપાવે કે છુપાવવાની કોશીશ કરે અથવા તે લેખ સંબંધી બીગાડ કરે તો તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા સાત વરસની

૧. રેજાઇના વિ. રઘુનન્દન ૧૫ સધરલાન્ડ્ઝ વીકલી રીપોર્ટર પાનુ ૧૯.

૨. રેજાઇના વિ. આબાજી ૧૫ સું. ૧૮૯.

મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—"ની મતલબનો હોય" શબ્દો આ કલમને છએજી ફેંસલાની અંદર આણે છે કે જે ફેંસલા એવુ સ્થાપીત કરે છે કે જે દસ્તાવેજ વગર સ્ટાંપનો હોય અને તેટલા માટે પુરાવ તરીકે દાખલ ન થઇ શકતો હોય તે દસ્તાવેજ કીંમતી દસ્તાવેજ થતો અટકતો નથી. ૧

આ કલમના કામને સારૂ પટો એક કીંમતી દસ્તાવેજ છે. માટે તેવો પટો ફાડી નાંખવો તે આ કલમના અરથની અંદર કીંમતી દસ્તાવેજનો નાશ કરવો થાય છે. ૨

ઉપર પ્રમાણેજ જ્યાં એક દસ્તાવેજ રજીસ્ટર થયેલો ન હોય અને તેથી પુરાવામાં દાખલ થઈ શકે તેમ ન હોય તોપણ તેથી તે આ કલમના અર્થની અંદર કીંમતી દસ્તાવેજ થતો અટકતો નથી. ૩

પ્રોમીસરી નોટ કીંમતી દસ્તાવેજ છે, અને પ્રોમીસરી નોટ ફાડી નાંખવી તે આ કલમ પ્રમાણે ગુન્હો થાય છે. ૪

હિસાબ ખોટા કરવા બાબત.

૪૭૭ અ. જે કોઇ પણ માણુસ કારકુન, અમલદાર અથવા નોકર હોય, અથવા જેને કારકુન અમલદાર અથવા નોકર તરીકે કામે રાખ્યો હોય અથવા જે રીતે કામ કરતો હોય તે માણુસ, તેને કામે લગાડનાર સખશની અથવા તેવા શખસના કબજામાંની અથવા તે શખસની તરફથી અથવા વતી પોતાની પાસે આવેલી કોઇ પણ બુક, કાગળ લેખ કિમતી દસ્તાવેજ અથવા હિસાબનો બુદ્ધિ પુર્વક તથા દગો કરવાના ઈરાદાથી નાશ કરશે, તેમાં ફેરફાર કરશે, તે છીન્નવિછીન્ન કરશે, અથવા તે ખોટા કરશે, અથવા બુદ્ધિ પુર્વક તથા દગો કરવાના ઇરાદાથી એવી કોઈ પણ બુકમાં કાગળમાં લેખમાં કિમતી દસ્તાવેજમાં અથવા હિસાબમાં કાંઇ પણ ખોટી નોંધ કરશે અથવા કરવાંમાં મદદગારી કરશે. અથવા એવી કોઇ પણ બુકમાં, કાગળમાં લેખમાં કિમતી દસ્તાવેજમાં અથવા હિસાબમાં કોઇ પણ મુદ્દાની નહી લખશે અથવા તેમાંની કોઈ પણ મુદ્દાની બાબતમાં ફેરફાર કરશે, અથવા તે નહિ લખવામાં અથવા તેમાં ફેરફાર કરવામાં મદદગારી કરશે, તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, દંડની, અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

ખુલાસો.—આ કલમ મુજબના કોઇ પણ તહોમતનામામાં કોઇ પણ મુકરર માણુસને દગો દેવાનો ઇરાદો હોય તે માણુસનું નામ ન લખતાં અથવા નાણાની કોઇ પણ મુકરર રકમના સંબંધમાં તે દગો કરવાનો ઇરાદો હોય તે રકમ ન લખતાં અથવા સદરહુ ગુન્હો કોઇ પણ અમુક દીવસે કર્યો હોય તે દીવસ ન લખતાં દગો કરવાનો સાધારણ ઇરાદો જણાવવો બસ છે.

☞ આ કલમ ૧૮૯૫ ના આકટ ૩ જાની કલમ ૪ થી થી નવી દાખલ કરેલી છે.

---

૧. ૭ મદ્રાસ હાઇકોરટ રીપોરટસ પરીશીષ્ટ પાનું ૨૭; રેજાઇના વિ. રામસામી ૧૨ મ. ૧૪૮.

૨. રેજાઈના વિ. નીતર ૩ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૩૮.

૩. રેજાઇના વિ. કાશીનાથ ૧ કલકત્તા વીકલી નોટસ પાનું ૬૮૧.

૪. રેજાઈના વિ. મદુરાય ૧૨ મ. ૫૪.

વેપારની, મીલકતની તથા બીજી નીશાનીઓ બાબત.

વેપારની નીશાની.

૪૭૮. આ માલ ફલાણા કારીગરે બનાવેલો છે, અથવા ફલાણા કારીગરના વેપારની જણસ છે એ બતાવવાને માટે જે નીશાની વાપરવામાં આવે તેનું નામ "વેપારની નીશાની" પાડયું છે, આ કાયદાના કારણ સારૂ "વેપારની નીશાની" આ શબ્દોમાં સને ૧૮૮૩ ના પેટન્ડ ડીઝાઈન અને ટ્રેડમારકસ આકટ મુજબ રાખેલા રજીષ્ટરમાં જે કોઇ પણ વેપારની નીશાની નોંધી હોય તે નીશાનીનો, તથા સને ૧૮૮૩ ના પેટન્ટ ડીઝાઇન અને ટ્રેડ મારકસ આકટની કલમ ૧૦૩ માંના ઠરાવ કૅાંસીલમાં કરેલા હુકમની રૂયે વિદ્યમાન કાળે જે કોઇ પણ બ્રિટીશ મુલકને અથવા પારકા રાજ્યને લાગુ હોય તે મુલકમાં અથવા રાજ્યમાં નોંધેલી અગર વગર નોંધેલી વેપારની જે નીશાનીનું કાયદાથી રક્ષણ થતું હોય તે નીશાનીનો સમાસ થાય છે.

કોઇના વેપારની નીશાનીનો ભંગ કરવાના સંબંધમાં મદ્રાસ હાઈકોરટ નીચે મુજબ ટીકા કરે છેઃ–

"સાધારણ રીતે વેપારની નીશાનીનો ભંગ કરવો તે ફોજદારી ગુન્હા કરતાં (ગુન્હો નહી પણ) "દીવાની અપકૃત્ય છે, પરંતુ દીવાની રાહે કામ ચલાવવામાં તે કામનો છેડો આવતા સુધીમાં ઘણો "વખત અને ખરચ થઈ જાય તેથી, કાયદા બાંધનાર મંડળે, વેપારીઓનું રક્ષણ કરવાની તેમની ફીકરમાં, "જે કેસમાં જે પક્ષકારને નુકશાન થયું હોય તે પક્ષકાર કાળજીવાળો હોય (તુરત પગલાં લે,) અને પો- "તાની વરતણુકથી એવુ ન બતાવે કે તે કેસ તાકીદનો કેસ નથી તેવા કેસમાં તુરતનો ઉપાય લેવાને સારૂ "ફોજદારી કોરટનો આશરો લેવાની પરવાનગી આપી છે. તેટલા માટે જો જે માણસને નુકશાન થયું હોય "તે માણસ તે ગુન્હાની તેને જાણ થયા પછી એક વરસની અંદર ફોજદારી કોરટનો આશરો લેવામાં "કસુર કરે તો કાયદો એવુ અનુમાન કરી લે છે કે તે કામ તાકીદનું કામ નથી, અને મનાઈ હુકમ "(તાકીદ હુકમ) નો દાવો લાવીને દીવાની દાદ (મેળવવાનુ) તેને (માટે) રહેવા દે છે." ૧

ટીકા.—ટ્રેડ-માર્ક (વેપારની નીશાની) શબ્દ વેચાણ થઈ શકે એવી વસ્તુને લાગુ પડેલી નીશાનીઓ અથવા ચીન્હોનું નામ છે. ટ્રેડ-માર્કમાં મીલકત તે અમુક બનાવટના સંબંધમાં અથવા અમુક વેચાણ થઈ શકે એવી વસ્તુના સંબંધમાં કાંઈ નીશાન, નામ, અથવા ચીન્હનો કુલ સ્વતંત્ર ઉપયોગ કરવાનો હક છે; તેથી કરીને જુદી વસ્તુના સંબંધમાં તેના તેજ નીશાનનો ઉપયોગ કરવો તે આવા માલકી હકનો ભંગ નથી તેટલા માટે જો ટ્રેડ-માર્કમાં જે વસ્તુને ટ્રેડ-માર્ક લગાડયો હોય તે વસ્તુનું ચોખ્ખુ અને સ્પષ્ટ વર્ણન હોય તો જે નીશાની (માર્કો) જો કે બીજી વાતે મળતી આવતી હોય તો પણ તેનું તેજ વર્ણન તેમાં ન હોય અથવા તેનું તેજ વર્ણન આપતી ન હોય, અને જે નીશાની જે વસ્તુ તે પ્રમાણે વર્ણવેલા પ્રકારની અથવા જાતની ન હોય તેવી વસ્તુને લગાડેલી હોય તે નીશાનીના ઉપયોગથી તે ટ્રેડ-માર્કની ચોરી કરી કહેવાય નહી. ૨

એક નીશાની ટ્રેડ-માર્ક (વેપારની નીશાની) થવાને સારૂ, અમુક માલ અમુક માણસની બનાવટનો છે અથવા અમુક માણસનો પોતાનો માલ છે એવું બતાવવાને વાસ્તે વાપરેલી નીશાની (માર્કો) હોવી જોઇએ. ૩

૪૭૯ આ જંગમ મીલકત ફલાણા શખસની છે. એ બતાવવાને માટે જે

---

૧. રૂપેલ વિ. પોન્નુ સામી. ૨૨ મ. ૪૮૮.

૨. લેધરક્લોથ કંપની વિ. અમેરીકન લેધરક્લોથ કંપની. ૩૩ લો જનરલ ચાન્સરી ડીવીઝન. પાનું ૨૦૧.

૩. રેળાઇના વિ. અનુકુરચન્દરનની ૨૭ ક. ૭૭૬.

મીલકતની નિશાની. નીશાની વાપરવામાં આવે તેનું નામ "મીલકતની નીશાની" પાડયું છે.

ટીકા.—વેપારની નિશાની અને મીલકતની નિશાની વચ્ચે ભેદ:—"વેપારની નીશાની" શબ્દ અંગ્રેજી કાયદાને અનાણ્યો છે, અને ૪૮૨ મી કલમમાં આપ્યા મુજબ તેના ગેરવ્યાજબી ઉપયોગનું વર્ણન, જો દરેક સંભવિત કેસમાં નહી તો ઘણા ખરા કેસમાં, ઇંગ્રેજી કાયદાની મર્યાદાની અંદર આવી જશે, કેમકે ઇંગ્રેજી કાયદો કાંતો તેને ગુન્હો ગણશે, અથવા તો દીવાની (શાહે થયેલું) નુકશાન ગણશે. પીનલકોડમાં "વેપારની નીશાની" અને 'મીલકતની નીશાની' ની વચ્ચે ભેદ એ છે કે વેપારની નીશાની જે માલને તે નિશાની લગાડેલી હોય તે માલની બનાવટ અથવા જાત બતાવે છે અને મીલકતની નીશાની તે માલનું માલકીપણુ બતાવે છે, અથવા વધારે ટુંકામાં કહીએ તો ટ્રેડ–માર્ક (વેપારની નીશાની) ને માલની પોતાની સાથે સંબંધમાં છે, જ્યારે મીલકતની નીશાનીને તે માલના માલીકની સાથે સંબંધ છે ૪૮૧ મી કલમથી એવું સમજાય છે કે આ ભેદનું પરિણામ વ્યાખ્યાનુ વધારે ચોકસપણુ જાળવવામાં આવે છે પણ તેનું પરિણામ, ઇગ્રેજી ધારા શાસ્ત્રીઓને જાણીતું છે તે મુજબ ટ્રેડ–માર્કના કાયદાને વધારે વિસ્તારવામાં નથી. ૧

વેપારની ખોટી નિશાની વાપરવી. ૪૮૦. જે કોઇ માણસ કાંઇ માલ ઉપર, અથવા માલ ભરેલી કોઈ પેટી કે ઘર ઉપર, ગાંસડી ઉપર, કે બીજા કોઇ બારદાન ઉપર કાંઈ નીશાની કરે તે અથવા જે પર કાંઈ નીશાની હોય એવી પેટી કે ઘર, ગાંસડી કે બીજુ બારદાન વાપરે તે એવી રીતે કે સદરહુ પ્રમાણે નીશાની કરેલો માલ અથવા સદરહુ પ્રમાણે નીશાની કરેલો માલ, અથવા સદરહુ પ્રમાણે નીશાની કરેલા એવા કોઇ પણ બારદાનમાં ભરેલો કાંઈ માલ જે કારીગરે બનાવ્યો ન હોય તેણે બનાવ્યો છે એવો, અથવા જે કારીગરના વેપારની જણુસ ન હોય તે તેની જણુસ છે એવો વાજબી રીતે વિશ્વાસ ઉત્પન્ન થાય તો તે માણસે વેપારની ખોટી નીશાની વાપરી એમ સમજવું.

ટીકા.—ટ્રેડ—માર્કનો ઉપયોગ, વેપારની અમુક વસ્તુ કે જે કોઇ ભિન્ન નિશાનો વગર તેને લગભગ મળતી બીજી વસ્તુઓ સાથે સેહેલાઇથી ભેળશેળ થઈ જાય તે અમુક વસ્તુનો બનાવનાર અથવા ફીનીશ કરનાર (છેલ્લી સફાઈ લાવનાર) ને ઓળખવાની સગવડ ભરેલી રીત છે. કયાં, કોનાથી, અથવા કીયા કારખાનામાં એક વસ્તુ બનાવવામાં આવી હતી તે બતાવનારી આ ઓળખ લોક સમસ્તને આપવાની આ વ્યાજબી (યોગ્ય, બરાબર) રીત છે, અને છેતરપીંડી અને દગલબાજી અટકાવવામાં તે કામ આવે છે તેથી તે નીશાની (માર્ક) ના ઉપયોગનું રક્ષણ કરવામાં અને આ પ્રમાણે તે માલની કીંમત વધારવામાં અને ખરીદનારાઓ જે વસ્તુ ખરીદવાનું ધારતા હોય તેજ વસ્તુ તેમને મેળવી આપવામાં કાયદો પોતાની મદદ આપે છે. જ્યાં કોઈ માલ બનાવનારને અમુક મારકો અથવા નીશાની પોતાના માલને લગાડવાની ટેવ હોય કે જેથી કરીને તે પ્રકારનો માલ ખરીદનારા માણસો તે માલ તેની પોતાની બનાવટનો છે એવું જાણી શકે ત્યાં બીજા કોઈ પણ માલ બનાવનારને તેજ મારકો અથવા નીશાની વાપરવાનો હક નથી. ૨

અહીંઆં એ વીચારવું જરરનુ થઈ પડે છે કે ટ્રેડ–માર્કમાં માલકીપણાના હક ઉપર તરાપ મારવી (હુમલો કરવો) શી રીતે બને છે. ટ્રેડ–માર્કના માલીકે બનાવીને વેચેલી વસ્તુના જેવીજ જાતની વસ્તુ બનાવવી અને વેચવી તે, અને તેની જાતમાં તે તેની તેજ વસ્તુ છે એવું જાહેર કરવું તે પણ ખુલ્લી રીતે, આવા હક ઉપરાંત

---

૧. કોલેટ કૃત કોમેન્ટસ ઓન ધી ઇન્ડીયન પીનલકોડ.

૨. પેટરસન કૃત લીબર્ટી ઓફ ધ સબજેકટ.

તરાપ મારવુ થતુ નથી; ટરેડ–માર્કથી રક્ષણ થયેલી વસ્તુના જેવી વસ્તુ બનાવીને વેચવી તે આખી દુનીયાંને માટે ખુલ્લુ છે. એ (ટરેડ–માર્કનું રક્ષણ) પેટંટને આપવામાં આવેલા રક્ષણના જેવું નથી, કે જ્યાં પેટંટની મુદતની દરમીઆન તે વસ્તુ જાતેજ બનાવવાની મનાઇ કરવામાં આવે છે. ખરા ટરેડ–માર્કની સાથે તે વસ્તુનુ એટલુ બધું જુઠુ મળતાપણુ હોય કે જેથી બીજાઓનું એવું ધારવું થાય કે આ પ્રમાણે વેચેલી વસ્તુ તે ટરેડ–માર્કના માલીકેજ ખરેખર બનાવેલી વસ્તુ છે, એવા જુઠા મળતાપણાવાળી વસ્તુ વેચવામાં તરાપ મારવાનું (હુમલો કરવાનુ) રહેલુ છે......ફોજદારી જવાબદારીને સારૂ તરાપ મારવાનુ, દગા ભરેલુ હોવાના અર્થમાં, ઈરાદા પુર્વક હોવુ જોઈએ; કેમકે, જાણીબુઝીને પણ, પરંતુ તે વાપરવાનો પોતાનો હક છે એવું પ્રમાણીકપણે માનીને તેના તેજ મારકાનો ઉપયોગ કરવો તે દગાભરેલુ ગણાશે નહી. જુઠો ટરેડ–માર્ક ખરા ટરેડ–માર્કની સાથે બરાબર ચોકસ મળતો આવવો જોઈએ એ આવશ્યક નથી. વ્યવહારની અંદર અને ખાસ કરીને દગલબાજી ભરેલા કેસમાં આવુ બરાબર ચોકસ મળતાપણુ ભાગ્યેજ હોય છે. સવાલ (માત્ર) એટલોજ છે કે સાધારણ ખરીદનારાઓ તેથી છેતરાઈ જાય એમ છે કે કેમ, અને ફોજદારી કામને સારૂ, સવાલ એટલો છે કે તેથી એ પ્રમાણે દગલબાજી થાય એવો ઇરાદો જેથી જણાય એવુ તે (મળતાપણુ) છે કે કેમ..........કલમો ૪૮૦ અને ૪૮૧ માં જરૂરના જુઠા ઇરાદા સાથે વાપરેલી કોઇ પણ નીશાની' બસ (પુરતી) ગણવામાં આવી છે; તેથી કરીને સ્પષ્ટ રીતે ખરી નીશાનીને ચોકસ મળતાપણાની જરૂર નથી..........એટલુંજ બસ છે કે "કોઈ પણ માણસ"—પછી તે તુરતનો ખરીદનારો હોય, અથવા તો તે (ખરીદનારા) ની પાસેથી બીજા ખરીદનારા હોય તે તેથી ઠગાયેલા અથવા નુકશાન પામેલા હોવા જોઇએ. ખરો ટરેડ–માર્ક, તે (ટરેક માર્ક) ના માલીકે નહી બનાવેલા એવા બીજા માલને લગાડવો તે, અથવા તેના બનાવેલા, પરંતુ જેને તે મારક લગાડવાનો ઇરાદો રાખવામાં આવ્યો નહોતો તેવા હલકા માલને લગાડવો તે, તે (ટરેક માર્ક) ના હકની ઉપર, અને પીનલકોડની શરતોની અંદર તરાપ મારવાનુ સ્પષ્ટ રીતે થશે. ૧

એક કેસમાં વાદી એક કંપની હતી, કે જે ન્યુજર્સીના રહેનાર એક મી. સીંગર નામના માણસના હક ધરાવતી હતી. તે મી. સીંગર સીવવાના જુદી જુદી તરેહના સાંચાનો બનાવનાર હતો, અને તે સાંચાને તે પોતાનું નામ આપતો હતો. પ્રતીવાદી કે જે એક સીવવાનો સાંચો બનાવનાર હતો તેણે પોતાના સાંચાની જાહેર ખબર આપી, અને તેમાંના એકને "સીંગરના સીવવાના સાંચા" તરીકે વર્ણવ્યો પરંતુ દરેક સાંચા ઉપર તેણે એક પીતળનું ચકતુ મુકયું હતુ, કે જેમાં તે સાંચો તેણે પોતે બનાવ્યા તરીકે વર્ણવેલો હતો. પ્રતીવાદીએ "સીંગરના સીવવાના સાંચા" ના નામના કરેલા ઉપયોગની સામે મનાઇ હુકમ મેળવવાને વાસ્તે કરેલા દાવાની તપાસમાં પ્રતીવાદીએ એવી તકરાર લીધી કે અમુક બનાવટનો સાંચો એટલોજ માત્ર તે નામનો અર્થ હતો, કે જે બનાવવાનો, તેનું પેટંટ મેળવેલું નહી હોવાથી તેને સંપુર્ણ હક હતો. વાદીએ એવી તકરાર લીધી કે વેહેપારમાં (સીંગરનો સીવવાનો સાંચો) એ શબ્દો એવા અર્થમાં સમજવામાં આવતા હતા કે દરેક સાંચો તેની પેઢીએ બનાવેલો હતો. કોર્ટ એવા નીર્ણય ઉપર આવી હતી કે જો દરેક પક્ષકાર તેણે જણાવેલી હકીકત સાબીત કરી શકે તો દરેક પક્ષકાર હુકમનામુ મેળવવાને હકદાર થયે. ૨

આના જેવાજ બીજા એક કેસમાં વગર રજીસ્ટર કરેલા ટ્રેડ–માર્ક તરીકે "ઉંટના વાળનો કમરબંધ" (કેમલ-હેર બેલ્ટીંગ) શબ્દનો એકલો સ્વતંત્ર ઉપયોગ કરવાનો વાદીએ દાવો કર્યો તેમાં લોર્ડ જસ્ટીસ લીન્ડલીએ કહ્યું કે "પેહેલો સવાલ એ છે કે 'ઉંટના વાળનો કમર બંધ' શું બતાવે છે? જો તે વાદી- "ઓએ બનાવેલોજ માત્ર કમરબંધ બતાવતો હોય તો, જો પ્રતીવાદીઓ, ખરીદનારાઓ ભુલ થાપમાં "પડતા અટકે તેટલા સારૂ, જોઇતી સંભાળ ન લે તો, પ્રતીવાદીઓને તેજ નામથી તેમના કમરબંધ "વેચવાનો કાંઈ પણ હક નથી. પરંતુ જો 'ઉંટના વાળનો કમરબંધ' શબ્દો અમુક જાતનો કમરબંધ

---

૧. કોલેટ કૃત કોમેન્ટસ ઓન ધી ઇન્ડીયન પીનલકોડ.
૨. સીંગર મશીન મેન્યુફેકચરસ વિ. વિલ્સન એ રીપોરટસ ૩ અપીલ કેશીસ પાનુ ૩૭૬.

"બતાવતા હોય કે જે કોઈ પણ માણસ બનાવી શકે, તો જે કોઈ માણસ એવી જાતનો કમરબંધ બનાવે "તે માણસ તે (કમરબંધ) ને તે નામ આપી શકે." ૧

એક કેસમાં એક અમુક જાતનો આર (લુગડાં અક્કડ બનાવવાની કાંજી) કે જે ગ્લેન ફીલ્ડ નામના એક નાના ગામડામાં બનાવવામાં આવ્યો હતો, તેને ' ગ્લેન ફીલ્ડ ડબલ રીફાઇન્ડ પાઉડર સ્ટારચ ' (ગ્લેન ફીલ્ડનો બેવડો સાફ કરેલો આરનો ભુકો) એવું નામ આપવામાં આવ્યુ હતુ; તે ઘણો પ્રખ્યાત થઇ ગયો, અને તે ' ગ્લેન ફીલ્ડ સ્ટાર્ચ ' ના નામથી સાધારણ રીતે ઓળખાતો હતો પછીથી તેની બનાવટ બીજી જગ્યાએ ખસેડવામાં આવી હતી, પણ તેનુ તેજ નામ કાયમ રાખવામાં આવ્યું હતું ત્યાર પછી કરી નામના એક બીજા બનાવનારે ગ્લેન ફીલ્ડમાં એક કારખાનુ કાઢયું, અને તે વસ્તુને તેણે પોતાના લેબલ (ચીઠીઓ) ઉપર ' ડબલ–રીફાઇન્ડ પાઉડર સ્ટારચ, કરી એન્ડ કો. સ્ટારચ એન્ડ કોરન મેન્યુફેકચર્સ, ગ્લેનફીલ્ડ ' (બેવડો શોધેલો આરનો ભુકો, કરી અને કંપની, આર અને ધાન્યના બનાવનારાઓ, ગ્લેનફીલ્ડ) એ નામથી વરણવી. ' ગ્લેનફીલ્ડ ' શબ્દ વાદીના લેબલની માફક મથાળે મુકવાને બદલે લેબલને છેડે મુકયો હતો, અને તેમાં બીજા પણ કેટલાક નજીવા ફેરફાર હતા. તે કેસમાં હાઉસ ઓફ લોર્ડઝ (ઉમરાવોની સભા) એ એવુ ઠરાવ્યું હતું કે તે ફેરફાર દેખીતોજ માત્ર (દાંભીક, જુઠો નામનો) હતો, કેમકે તેમ કરવાનો હેતુ, અસલ ગ્લેનફીલ્ડ સ્ટારચ તરીકે પ્રતીવાદીનો સ્ટારચ (આર) ખરીદવાને લોકોને લલચાવવાનો હતો. ૨ તેના જેવાજ એક બીજા કેસમાં હિન્દુસ્તાનમાં મોકલવામાં આવતા લોકપ્રીય સુતરે, લેબલ ઉપર મુકેલા આગળ પડતા બે હાથીઓ ઉપરથી, બે હાથી સુતર તરીકે નામ મેળવ્યું હતુ. તેના પ્રતીસ્પર્ધી કારખાનાવાળાએ પોતાના લેબલ ઉપર રંગસાં અને આકારમાં તે લોકપ્રીય સુતરવાળા લેબલને મળતા બે હાથીઓ મુક્યા. તેમાં જો કે જ્યારે બંને લેબલો સાથે સાથે મુકવામાં આવે ત્યારે તેમાંનો ફેરફાર તુરતજ માલમ પડી આવે એવો હતો તોપણ તેને દગા ભરેલી નકલ તરીકે, તે લેબલનો ઉપયોગ કરવાની તે કારખાનાવાળાને મનાઇ કરવામાં આવી હતી. ૩

તહોમતદારે આ કલમ મુજબ ગુન્હાઇત કૃત્ય કરેલ છે કે કેમ તે તપાસવાની કસોટી એ છે કે—જે કૃત્યવડે વેપારની ખોટી નિશાની બનાવ્યાનું કહેવામાં આવતું હોય તે કૃત્ય એવા પ્રકારનું છે કે જેનાથી પ્રજા એમ છેતરાય કે એ નીશાની, સૌથી પ્રથમ જે માણસે વાપરેલ તે નિશાનીવાળી તે બનાવટ છે.

માલકતની ખોટી નિશાની વાપરવી.

૪૮૧. જો કોઇ માણુસ કાંઇ જંગમ મીલકત કે માલ ઉપર, અથવા જંગમ મીલકત કે માલ ભરેલી કાંઇ પેટી કે ઘર ઉપર, ગાંસડી ઉપર અથવા બીજાં કાંઇ બારદાન ઉપર કાંઇ નિશાની કરે તે અથવા જે પર કાંઈ નીશાની હોય એવી કાંઇ પેટી કે ઘર, ગાંસડી કે બીજુ બારદાન વાપરે તે એવી રીતે કે સદરહુ પ્રમાણે નીશાની કરેલી મીલકત અથવા માલ, અથવા સદરહુ પ્રમાણે નીશાની કરેલાં એવા કોઇ પણ બારદાનમાં રાખેલી કાંઈ મીલકત કે માલ જે શખસનો ન હોય તે શખસનો છે એવો વાજબી રીતે વિશ્વાસ ઉત્પન્ન થાય, તો તે માણુસે મીલકતની ખોટી નીશાની વાપરી એમ સમજવું.

ટીકા.—જે માણસ માલ બનાવનાર ન હોય, પણ માલ પરદેશથી મંગાવનાર હોય તે કોઇ પણ ભેદ–દર્શક નીશાની પોતે પરદેશથી મંગાવેલા માલને લગાવી શકે, અને જે સઘળા માલ ઉપર તે નીશાની હોય તે સઘળો માલ તેણે પરદેશથી મંગાવેલો છે એવું બતાવનાર તરીકે તે નીશાનીમાં તેને માલકીપણું

---

૧. રેડાવે વિ. બેન્થામ (૧૮૯૨) ૨ કવીન્સ બેન્ચ પાનુ ૬૩૯, પાને ૬૪૩ મે.

૨. વોધર સ્પુન વિ. કરી. લો રીપોર્ટસ. ૫ હાઉસ ઓફ લોડરઝ. પાનુ ૫૨૪.

૩. જોનસ્ટન વિ. ઓર યુઇગ લો રીપોર્ટસ. ૭ અપીલ કેસીસ. પાનું ૨૧૯.

મળશે તેણે એક બન્દરમાંજ માત્ર તે માલ પરદેશથી આણ્યો છે તે વાત બીજા બન્દરોમાં તે નીશાનીમાંનુ તેનું માલકીપણુ ખુચવી લેશે નહી. (તેનું માલકીપણુ નષ્ટ થશે નહી) ૧

અમુક વેપારીની અમુક નિશાની હોય તે નિશાનીવાળો માલ વેચાયા પછી પણ તે નિશાનીના સંબંધમાં તેનું સ્વામિત્વ તેના ઉપર રહે છે.૨

વેપારની અથવા મીલકતની કાંઈ ખોટી નીશાની વાપરવાની શીક્ષા.

૪૮૨. જે માણસ વેપારની કંઇ ખોટી નીશાની અથવા મીલકતની કાંઇ ખોટી નીશાની વાપરે તે માણસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની શીક્ષા કરવામાં આવશે, પરંતુ તે માણસે દગલબાજી કરવાના ઇરાદાથી તેમ કર્યું નથી, એવું તે સાબીત કરશે તો તે સદરહું શીક્ષાને પાત્રથશે નહી.

ટીકા.—ફરીયાદી શ્રી ચન્દુનો વંશજ હતો, તે દર વરસ જોધપુરમાં " શ્રી ચન્દુ પંચાંગ" ના નામવાળાં પંચાંગ તૈયાર કરતો અને હિંદુસ્તાનના જુદાજુદા ભાગમાં ચોપડીઓ પ્રસિદ્ધ કરનારાઓને આ પંચાંગની અકેક નકલ દરે વરસ મોકલતો અને જોધપુરમાં ચન્દુના વંશજો એ તૈયાર કરેલાં પંચાંગ બતાવવાને સારૂ " શ્રી ચન્દુ પંચાંગ" નામ વાપરવાની તેમને પરવાનગી આપતો. તે પંચાંગ તે ચન્દુના વંશજો થી અને તેમની સત્તા અન્વયે તૈયાર થતાં હતાં એવી આ પંચાગોએ પ્રસિદ્ધ મેળવી હતી. પ્રતીવાદી,મુંબાઇમાં એક પુસ્તકો પ્રસિદ્ધ કરનાર હતો; તેણે એક પંચાંગ, જો કે તે ચન્દુના વંશજોથી તૈયાર થયેલું નહોતું તો પણ, તેના પુઠા ઉપર ' શ્રી ચન્દુ પંચાંગ" શબ્દો લખીને (વાપરીને) તે પ્રસિદ્ધ કર્યું. ફરીયાદીએ તે ઉપરથી પ્રતીવાદીની સામે આ કલમ પ્રમાણે કામ ચલાવ્યું તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કેપ્રતીવાદીનું કૃત્ય આ કલમની અંદર આવી શકે નહી, કેમકે " શ્રી ચન્દુ પંચાંગ " એવું તેનું નામ (title) ૪૭૮ મી કલમ પ્રમાણે ટરેડ—માર્ક (વેપારની નીશાની) ની વ્યાખ્યાની અંદર આવી શકે નહી. ૩

કોઈ બીજો માણસ કાંઇ વેપારની અથવા મીલકતની નીશાની વાપરતો હોય તેવી નીશાની ખોટી બનાવવી.

૪૮૩. જે માણસ બીજો કોઇપણ સખશ વાપરતો હોય એવી કાંઈ વેપારની અથવા મીલકતની નીશાની ખોટી બનાવે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે.

કોઈ સરકારી નોકર જે નીશાની વાપરતો હોય તેવી નીશાની ખોટી બનાવવી.

૪૮૪. કોઇ સરકારી નોકર વાપરતો હોય તેવી કાંઇ મીલકતની નીશાની અથવા આ મીલકત ફલાણા કારીગરે અથવા ફલાણી વખતે કે ઠેકાણે બનાવેલી છે અથવા તે ફલાણી જાતની છે અથવા ફલાણી આફીસમાંથી પાસ થઇ છે અથવા કાંઇ માફીને લાયક છે એવું બતાવવાને સારૂં કોઇ સરકારી નોકર જે નીશાની વાપરતો હોય તેવી કાંઇ નીશાની જો કોઇ માણસ ખોટી બનાવે અથવા એવી કાંઇ

---

૧. શાલી વિ. ફલેમીંગ ૩ ક. ૪૧૭; લેવર્ની. વિ. હુપર. ૮ મ. ૧૪૮.

૨ ૬ બૉમ્બે લૉ રિપોર્ટર. ૫૧૩.

૩. રાધા કૃષ્ણ, વિ. કીસનલાલ. ૩ બામ્બે લા રીપોર્ટર, પાનુ ૮૮૩.

નીશાની ખોટી બનાવેલી છે એમ જાણ્યા છતાં તેને ખરી દાખલ વાપરે તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

વેપારની નીશાની અથવા મીલકતની નીશાની ખોટી બનાવવાનું હથીઆર બનાવવું અથવા કબજામાં રાખવું.

૪૮૫. વેપારની નીશાની અથવા મીલકતની નીશાની ખોટી બનાવવાના કારણસારૂ કાંઇ છાપ પતરૂં અથવા બીજુ હથીયાર જો કોઇ માણસ બનાવે અથવા પોતાના કબજામાં રાખે અથવા કાંઇ માલ જે કારીગરે બનાવ્યો ન હોય તેણે તે બનાવ્યો છે એમ અથવા તે જે કારીગરના વેપારની જણસ ન હોય તેની જણસ છે એમ અથવા જે શખસનો તે માલ અથવા જણસ ન હોય તે શખસનાં છે એમ બતાવવાના કારણસર કાંઈ માણસ કાંઈ વેપારની નીશાની અથવા મીલકતની નીશાની પોતાના કબજામાં રાખે તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

વેપારની ખોટી નીશાની અથવા મીલકતની ખોટી નીશાની જે પર હોય અથવા માલ વેચવો.

૪૮૬. વેપારની ખોટી નીશાની અથવા મીલકતની ખોટી નીશાની જે કાંઇ માલ ઉપર અથવા પદાર્થ ઉપર અથવા એવા માલવાળી કાંઇ પેટી કે ઘર ગાંસડી અથવા બીજા બારદાન ઉપર ચોહોડેલી અથવા પાડેલી હોય તે માલ અથવા પદારથ જે કોઇ માણસ વેચે અથવા વેચવા સારૂં અથવા વેપારના અગર તેમાંથી બીજી જણસ તૈયાર કરવાનાં કોઈપણ કારણસારૂ માંડી મુકે અથવા પોતાના કબજામાં રાખે તે માણસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

માત્રઃ—

(અ) આ કલમ વિરૂદ્ધ કાંઇ પણ ગુન્હો ન કરવા બાબત સઘળાં પુર્વોપાય લીધા પછી જે ગુન્હો કર્યાનું તહોમત આવ્યું છે તે ગુન્હો કરતી વખતે સદરહુ નીશાનના ખરાપણા બાબત વહેમ લાવવાને મને કંઈ પણ કારણ નહોતું, અને

(બ) જે માણસો પાસેથી સદરહુ પ્રકારનો માલ અથવા પદાર્થ મને મળ્યો તે માણસો સબંધી મેં મારી પોતાની યથાશક્તિ પ્રમાણે સઘળી હકીકત ફરીયાદીએ અથવા તેના તરફથી બીજા કોઇએ પુછી એટલે આપી હતી અથવા.

(ક) બીજી બધી રીતે હું પોતે નીષ્કપટી ચાલ્યો હતો.

એમ કોઇ માણસ સાબીત કરી આપશે તો તે સદરહુ શીક્ષાને પાત્ર થશે નહિ.

ટીકા.—આ કલમ પ્રમાણે અથવા આના પહેલાની કલમ પ્રમાણે કોઇ માણસને ગુન્હેગાર ઠરાવવા સારૂ તે નીશાનીનો ઉપયોગજ માત્ર નહી, પરંતુ તે નીશાનીમાં માલકી પણું પણ સાબીત કરવાની જરૂર છે.[૧]

---

૧. કવીન. એમ્પ્રેસ. વિ. અનુકુલ ચન્દર નન્દી. ૨૭ ક. ૭૭૬.

'માલ' શબ્દમાં પુસ્તકોનો સમાવેશ થઇ જાય છે. [૧]

જ્યાં કોઈ માણસના ઉપર આ કલમ પ્રમાણે ગુન્હો કરવાનું તહોમત મુકવામાં આવ્યું હોય, અને આ કલમના પેહેલા પેરેગ્રાફમાં જણાવેલી હકીકત સાબીત થયેલી હોય ત્યાં તહોમતદાર એક નહી તો બીજો એમ બે પ્રકારના બચાવ લાવી શકે; પેહેલો, આ કલમની પેટા કલમો (અ) અને (બ) ને ભેગી વાંચવાથી જે જણાવવામાં આવ્યો છે તે, અને બીજો, પેટા કલમ (બ) માં જણાવવામાં આવ્યો છે તે પેહેલો બચાવ એવું ધારી લે છે કે તહોમતદાર માણસ તકરારી ટ્રેડ—માર્ક ખરો ટ્રેડ—માર્ક છે એમ માનતો હતો બીજો બચાવ એવું ધારી લે છે કે તકરારી ટ્રેડ—માર્ક કોઇ પણ પેઢી અથવા માણસનો ટ્રેડ—માર્ક હતો એવું તહોમતદાર માણસ જાણતો નહોતો.[૨]

ઉપર જણાવેલા અનુકુલ ચન્દર[૩] ના કેસમાં એક બેન્ક (વાળા) સોનાની લગડીઓ તેમના ઉપર અમુક છાપ મારીને પરદેશથી આયાત કરીને વેચતા હતા. એ છાપ અસલ તે બેન્કની પોતાની નહોતી, પરંતુ એક બીજી બેન્ક કે જે બંધ પડી હતી તેની તે છાપ હતી. હવે તે છાપ આ બેન્કને તબદીલ કરી આપવામાં અથવા આપી દેવામાં આવી હતી એવો કાંઈ પણ પુરાવો નહોતો, અને બંધ થયેલી બેન્ક બીજુ નામ ધારણ કરીને ચાલુજ હતી એવા અર્થમાં, અથવા તે બંધ થયેલી બેન્કનું કામકાજ અથવા ઘરાકી તે (નવી) બેન્કને મળી હતી એવા અર્થમાં જુની બેન્કની જગ્યાએ આ નવી બેન્ક હતી એવો પણ કાંઈ પુરાવ નહોતો. તેમાં એહું ઠરાવવામાં આવ્યું હતું કે સોનાની લગડીઓને તે છાપ મારીને પરદેશથી મંગાવી વેચવાની વાત માત્ર એવું સ્થાપીત કરવાને બસ નહોતી કે તે છાપ નવી બેન્કની વેપારની નીશાની (ટ્રેડ—માર્ક) હતી.

જો તહોમતદારના કબજામાં વેચવાને વાસ્તે, અથવા વેહેપારના અથવા બનાવટના કોઈ પણ કામને વાસ્તે ખોટી વેપારની નીશાની (ટ્રેડ માર્ક) વાળો માલ હોય તો, જો કે વેચાણ અથવા વહેપાર, અથવા બનાવટ કે જેના કામને સારૂ તે માલ તહોમતદારના કબજામાં હોય તે વેચાણ, વહેપાર અથવા બનાવટ, જે કોરટમાં ફરીયાદ દાખલ કરવામાં આવી હોય તે કોર્ટની હુકુમતની અંદર, કરવાનો ઇરાદો ન રાખવામાં આવ્યો હોય તો પણ (તે કોર્ટના) માજીસ્ત્રેટને આ કલમ પ્રમાણે ગુન્હાની તપાસ કરવાનો અધિકાર છે.[૪]

કોઈ બારદાન મધે માલ હોય તે ઉપર ખોટી નીશાની કરવી.

૪૮૭. કોઇ માલ ભરેલી પેટી કે ઘર, ગાંસડી અથવા બીજા કોઇ બારદાન ઉપર જો કોઇ માણસ ખોટી નીશાની કરે તે એવી રીતે કે કોઇ સરકારી નોકર અથવા કોઇ બીજા શખસના મનમાં એવો વાજબી રીતે વીશ્વાસ ઉત્પન્ન થાય કે તે બારદાન મધે જે માલ ન હોય તે તે મધે છે, અથવા તે મધે જે માલ હોય તે તે મધે નથી, અથવા તે બારદાન મધેનો માલ ખરેખર જે જાતનો અથવા તરેહનો હોય તેથી જુદી જાતનો અથવા તરેહનો છે તો તે માણસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની, શીક્ષા કરવામાં આવશે, પરંતુ તે માણસે દગલબાજી કરવાના ઇરાદાથી તેમ કર્યું નથી એમ તે સાબીત કરી આપશે તો તે સદરહુ શીક્ષાને પાત્ર થશે નહીં.

---

૧. કનઇદાસ વિ. શધા શીયાન. ૧૬ ક. ૨૩૨.

૨. એમ્પ્રેસ વિ. ઇલાહીબક્ષ ૧૭ અલાહબાદ વીકલી નોટસ પાનું ૯૯

૩. ૨૭ ક. ૭૭૬

૪. યુસફ મહમદ વિ. બંસીધર ૨૫ ક. ૬૩૯

તેવી કાંઈ ખોટી નીશા-નીનો ઉપયોગ કરવાની શીક્ષા.

૪૮૮. કોઇ માણુસ ૪૮૭ મી કલમ ઉપરથી મના કરેલી કોઈપણ રીતે એવી કાંઈપણ ખોટી નીશાનીનો ઉપયોગ કરે તો તે માણુસે સદરહુ કલમ વીરૂદ્ધ ગુન્હો કર્યો છે એમ જાણી તેને શીક્ષા કરવામાં આવશે પરંતુ તે માણુસે દગલબાજી કરવાના ઇરાદાથી તેમ કર્યું નથી એમ તે સાબીત કરી આપશે તો તે સદરહું શીક્ષાને પાત્ર થશે નહી.

નુકશાન કરવાના ઇરાદાથી મીલકતની નીશાનીમાં કમીજાસ્તી કરવું.

૪૮૯. કોઈ માણુસ કાંઈ મીલકતની નીશાની કાહાડી નાંખે, તેનો નાશ કરે, તેને ચેહેરી નાંખે અથવા તેમાં ઉમેરો કરે એવા ઇરાદાથી અથવા એવો સંભવ જાણીને કે એમ કરવાથી પોતાથી કોઇ શખસને નુકશાન થાય તો તે માણુસને એક વર્ષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

☞ આ ૪૭૮ થી તે ૪૮૯ સુધીની કલમો સને ૧૮૮૯ ના આકટ ૪ થા ની કલમ ૩ જી થી નવી દાખલ કરેલી છે.

ચલણી નોટો તથા બેંક નોટો બાબત.

ચલણી નોટો અથવા બેંક નોટો ખોટી બનાવવા બાબત.

૪૮૯ અ. જે માણુસ ચલણી નોટ અથવા બેંક નોટ ખોટી બનાવે અથવા અથવા જાણી બુઝીને ખોટી બનાવવાની ક્રીયાનો કાંઇ પણ ભાગ કરે તે માણુસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરષની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુલાસો—આ કલમના તથા કલમો ૪૮૯ (બ) ૪૮૯ (ક) તમા ૪૮૯ (ડ) નાં કારણ સારૂં "બેંક નોટ" એ શબ્દનો અર્થ દુનીઆના કોઇ પણ ભાગમાં સરાફી ધંધો ચલાવનાર માણુસે અથવા કોઇ પણ સ્ટેટ અથવા રાજ્ય કર્તાએ જાતે અથવા તેના અધીકારની રૂયે લાવનાર ધણીને માગે ત્યારે નાણાં આપવાની આપેલી ને તે નાણાં તરીકે અથવા નાણાંને બદલે વાપરવાનો ઇરાદો હોય એવી વાયદા ચીઠી અથવા કરાર પત્ર.

ખોટી અથવા બનાવટી ચલણી નોટો અથવા બેંક નોટો ખરી તરીકે વાપરવા બાબત.

૪૮૯. બ. કોઇ ખોટી અથવા બનાવટી ચલણી નોટ અથવા બેંક નોટ, તે ખોટી છે અથવા બનાવટી છે એમ જાણીને, અથવા એમ માનવું કારણ છતાં જે માણુસ તે નોટ બીજા કોઇ માણુસને વેચે અથવા તેની પાસેથી ખરીદ કરે અથવા તેનો બીજી કોઇ રીતે વેપાર કરે અથવા ખરી નોટ દાખલ વાપરે તે માણુસને

જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

ખોટી અથવા બનાવટી ચલણી અથવા બેંક નોટો કબજામાં રાખવા બાબત.

૪૮૯. ક. કોઇ ખોટી અથવા બનાવટી ચલણી નોટ અથવા બેંક નોટ તે ખોટી છે અથવા બનાવટી છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં તેને ખરી નોટ દાખલ વાપરવાના ઇરાદાથી અથવા તે ખરી નોટ દાખલ વાપરવામાં આવે એટલા માટે જે માણસ તે નોટ પોતાના કબજામાં રાખે તે માણસને સાત વરસની મુદત સુધીની કેદની અથવા દંડની બેમાંના ગમે તે પ્રકારની અથવા બંને શીક્ષા કરવામાં આવશે.

ચલણી નોટો અથવા બેંક નોટો ખોટી અથવા બનાવટી બનાવવા સારૂ હથીઆરો અથવા પદાર્થો બનાવવા અથવા કબજામાં રાખવા બાબત.

૪૮૯ ડ. કોઇ પણ ચલણી નોટ અથવા બેંક નોટ, ખોટી અથવા બનાવટી બનાવવાના કારણસર વાપરવાને વાસ્તે અથવા તે કારણસર વાપરવાનો ઇરાદો કરેલો છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં જે માણસ કાંઇ યંત્ર, હથીઆર અથવા પદાર્થ બનાવે, અથવા તે બનાવવાની ક્રિયાનો કાંઇ પણ ભાગ કરે અથવા તે ખરીદ કરે, વેચે અથવા તેની વ્યવસ્થા કરે અથવા તે પોતાના કબજામાં રાખે તે માણસને જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

☞ આ કલમ ૪૮૯ અ. બ. ક. ડ. સુધીની કલમો સને ૧૮૯૯ ના આક્ટ ૧૨ મા થી નવી દાખલ કરેલી છે.

ટીકા.—આ ચારે કલમો (૪૮૯ અ, બ, ક, અને ડ) ચલણી નોટો ખોટી બનાવવાનો આક્ટ (સને ૧૮૯૯ ના આક્ટ ૧૨ મા) થી નવી દાખલ કરવામાં આવી છે.

બાબ ૧૯ મો.

નોકરી કરવાના કરાર તોડવાના ગુન્હા બાબત.

તરી અથવા ખુસકીના રસ્તાની મુસાફરીમાં નોકરી કરવાનો કરાર તોડવો.

૪૯૦. કોઇ સખસને અથવા કાંઇ મીલકતને એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવા અથવા પહોચાડવામાં પોતાના અંગની નોકરી કરવાને અથવા તરી કે ખુશકીના રસ્તાની કાંઇ મુસાફરીમાં કોઇ શખસને નોકર દાખલ કામ કરવાને અથવા તરી કે ખુશકીના રસ્તાની કોઇ મુસાફરીમાં કોઇ સખસને કે કાંઇ મીલકતને

સંભાળવાને જે માણુસ કાયદેસર કરારથી બંધાયો હોય તે માંદગી અથવા પોતાની સાથે માઠી વરતણુંકના સબબ શીવાય તે પ્રમાણે કરવામાં બુદ્ધિપુર્વક કસુર કરે તો તે માણુસને એક મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એકસો રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

આ દીવાની જવાબદારીની બાબતને ફોજદારી ગુન્હામાં નાંખવા બદલ પીનલકોડ ઘડી કાઢનારાઓ નીચે મુજબ ખુલાસો કરે છેઃ—

" ધરમ શાસ્ત્ર વેત્તાઓના મોટા ભાગની સાથે એવો વીચાર કરવામાં અમે મળતા આવીએ છીએ " કે સાધારણ રીતે માત્ર કરાર તોડવો તે ગુન્હો ગણવો જોઈએ નહી. પરંતુ તે દીવાની દાવાનોજ " માત્ર વિષય થવો જોઇએ.

" પરંતુ આ સામાન્ય નીયમના કેટલાક અપવાદ છે. કેટલાક કરાર તોડવાથી એટલુ નુકશાન થવાનો " સંભવ છે કે ગમે તેટલી નુકશાની આપવાથી તેનો બદલો વળી શકે નહી, અથવા ઘણી ભારે નુકશાની " અપાવવાથીજ માત્ર તેનો બદલો વળી શકે, અને વળી ઘણું કરીને તેવા કરાર તોડવાનું એવા માણુ- " સોથી થાય કે જેમની પાસેથી કાંઈ પણ નુકશાની મળી શકે એ ઘણું અસંભવીત છે. અમે ધારીએ " છીએ કે આવા કરાર તોડવા તે ફોજદારી કાયદાના યોગ્ય વિષયો છે.

" ઇંગ્લાંડમાં જે ટપ્પા ગાડીવાળો, અમે તેટલી ઈચ્છાથી અથવા બદદાનતથી, જે ઉતારૂ (બેસનાર) " ને લઈ જવાને તે બંધાયેલો હોય તે ઉતારૂને પાછળ મુકીને પોતાની ગાડી આગળ હાંકી જાય તેવા " ગાડીવાળાને માટે સજા ઠરાવવી તે બીન જરૂરનું થશે (ઉતારૂને) જે હેરાનગતી પડે તે ભાગ્યેજ ઘણી " ગંભીર હોય છે; દેશ દરેક જગ્યાએ સારો વસ્તીવાળો હોય છે; રસ્તાઓ સલામતી ભરેલા હોય છે. " જવા આવવાનાં સાધનો (વાહનો) સહેલાઈથી મેળવી શકાય એમ હોય છે, અને જે કાંઈ અગવડ " પડી હોય, અથવા જે ખરચ થયું હોય તેનો બદલો વાળવા પુરતી નુકશાની ભાડાની ગાડીઓના માલીકો " પાસેથી સેહેલાઈથી મેળવી શકાય છે. પરંતુ આ દેશમાં મુસાફરી કરવાની રીત અને જનમંડળની " હાલત તદન જુદાં છે. ઉપલા વર્ગના મુસાફરોને અને દેશી ભાષાઓથી કદાચ અજાણી, અને ધાવતાં " નાંનાં બાળકો વાળી અંગ્રેજ સ્ત્રીઓને પણ, વસ્તી વગરના ઉજડ પ્રદેશ ઉપર, અને જેમાં એક પળવાર " પણ ખોટી થતું જોખમ ભરેલું છે તેવાં જંગલોમાં થઇને હલકામાં હલકી જાતીનાં માણસોએ ઉચકેલી " પાલખીઓમાં બેસીને, ઘણા માઈલોની મુસાફરી કરવાની ઘણી વખત જરૂર પડે છે. જેમ કોઈ કોઇ " વખત બને છે તેમ જો આવા માણુસો કોઇ એકાંત ઉજડ જગામાં પાલખી મુકીને નાશી જાય તો તેમને " નોકર રાખનાર (પાલખીમાં બેસનાર) શખસની જે હાલત થશે તેના કરતાં વધારે દુઃખી હાલતનો " ખ્યાલ કરવાનું (કોઈબી હોવાનો વીચાર કરવાનું) મુશ્કેલ છે ઘણી ભારે નુકસાની સીવાયની કોઇ પણ " નુકસાની આવી ઈજાને માટે પુરતો બદલો થશે નહીં પરંતુ જે વર્ગના લોકો એકલાની તરફથી આવું નુક- " શાન થવાનો સંભવ છે તે વર્ગના લોકો કાંઇ પણ નુકશાની આપી શકે એવા હોતા નથી. બધા કસુર " કરનારાઓની આખી મીલકત પણ ઘણું કરીને તેમના ઉપર દીવાની કોર્ટમાં કામ ચલાવવાના ખર્ચ " પુરતી થશે નહી. તેટલા માટે અમને એમ જાણાય છે કે આ પ્રકારના કરાર તોડવા તે ચોકસ યોગ્ય " રીતે ગુન્હા તરીકે ગણી શકાય.

" એવું માલમ પડશે કે આ વિષય ઉપર અમે જે કાયદો ઘડયો છે તે માત્ર એવાજ કેસને લાગુ " પડે છે કે જેમાં ઉચકનારાઓની સાથેનો કરાર કાયદેસર હોય તેટલા માટે જે લાગુ મુસાફર તેની પાલખી " ઉચકાવી, અથવા તેનો સામાન ઉચકવાની (ઉચકનારા) માણસોને તેમની મરજી વિરૂદ્ધ ગેરકાયદેસર " રીતે ફરજ પાડવાની ઘણીજ નિંધ, પરંતુ અમને ધાસ્તી લાગે છે કે ઘણીજ સાધારણ રીતે પકડે છે તે " મુસાફરનું કાયદાથી રક્ષણ થશે નહી, જો તે (ઉચકનારા)ઓ તો (મુસાફર) ને છોડીને નાશી જાય " તો જે કરવાનો તેમને કાયદેસર હક છે તે તેઓ કરે છે અને તેઓના નાશી જવાનાં ગમે તેવા પરિ- " ણામ થાય તો પણ તેઓને સજા થશે નહી.

"વળી અમે એમ ધારીએ છીએ કે જે શખસો બાળકોની, માંદાં માણસોની, અને લાચાર માણ-
" સોની સંભાળ લેવાનો કરાર કરે છે તે શખસો ઘણી વિચિત્ર જાતની જવાબદારીમાં પોતાની જાતને
" મુકે છે અને જો તેઓ તેમની ફરજ બજાવવામાં કસુર કરે તો યોગ્ય રીતે તેઓને સજા થઈ શકે
" તેમની બે દરકારીથી જે દુઃખ અને પીડા થાય તે એવાં છે. કે (નુકસાની તરીકે) ભારેમાં ભારે નાં-
" ણાંની રકમ આપવાથી તેનો બદલો વળશે નહી. તે શખસો સાધારણ રીતે હલકી વર્ણોમાંથી આવે
" છે અને કાંઇ (બદલો) આપવાને અશક્ત હોય છે તેટલા માટે આવી જાતના કરારને ફોજદારી કાય-
" દાની છાપ મારવાનો (ફોજદારી કાયદાની અંદર આણવાનો) અમે ઠરાવ કરીએ છીએ."[1]

દ્રષ્ટાંત—(અ) એક પાલખી ઉચકનારો જ ને એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવાને કાયદેસર કરારથી બંધાએલો છતાં રસ્તામાંથી અધવચ નાશી જાય તો અ એ આ કલમમાં લખેલો ગુન્હો કર્યો એમ સમજવું.

(બ) અ એક મજુર જ નો સામાન એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવાને કાયદેસર કરારથી બંધાએલો છતાં તે સામાન ફેંકી દે તો અ એ આ કલમમાં લખેલો ગુન્હો કર્યો એમ સમજવું.

(ક) અ એક બળદીઆઓનો માલીક પોતાના બળદીઆ ઉપર ભરીને કાંઇ માલ એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવાને કાયદાસર કરારથી બંધાએલો છતાં તેમ કરવામાં કાયદા વીરૂદ્ધ કસુર કરે તો અ એ આ કલમમાં લખેલો ગુન્હો કર્યો એમ સમજવું.

(ડ) અ કાયદા વીરૂદ્ધ ઉપાયથી પોતાનો સામાન લઇ જવાની બ મજુરને જરૂર પાડે અને બ ચાલતાં ચાલતાં રસ્તામાં તે સામાન મુકીને ન્હાસી જાય, તો એ ઠેકાણે બ એ કાંઈ ગુન્હો કર્યો એમ સમજવું નહિ; કેમકે તે સામાન લઇ જવાની કાયદા પ્રમાણે તેવી ફરજ નથી.

ખુલાસો—આ ગુન્હામાં એવું કાંઇ જરૂરનું નથી કે જે શખસને સારૂ નોકરી કરવી છે તેની જ સાથે કરાર થવો જોઇએ. જે શખસ તે કરવાનો છે, તે સખસે કાયદા પ્રમાણે કોઇ પણ શખસની સાથે સાફ રીતે કે અર્થાત સમજાય એવી રીતે તે કરાર કીધો હોય તો બસ છે.

દ્રષ્ટાંત—અ એક ડાક કંપનીની સાથે એક મહીના સુધી પોતાની ગાડી હાંકવાનો કરાર કરે અને તે ડાક કંપનીની સાથે ખુસકાંએ કાંઈ મજલપર પોતાને પહોંચાડવાનો બંદોબસ્ત કરે અને પેલી એક મહીનાની મુદત સુધી તે કંપની બ ને અ હાંકે એવી એક ગાડી આપે અને અ રસ્તામાં અધવચ તે ગાડી બુધીપુર્વક મુકીને જતો રહે તો એ ઠેકાણે અગર અ એ બ ની સાથે કરાર કર્યો નથી તો પણ અ એ આ કલમ મુજબ ગુન્હો કર્યો એમ સમજવું.

ટીકા—મહીનાને માટે અથવા રોજ કરીને અને કરાર બંધ પાડવામાં આવે ત્યાં સુધી નોકરી કરવાના ચાલુ ગર્ભીત કરાર સાથે, રાખેલા નોકરને આ કલમ લાગુ પડતી નથી. આ કલમનો પહેલો ભાગ ભાડે રહેવાના અથવા પોહોચાડવાના અમુક એક કૃત્યને માટે કરેલા ખાસ કરારની શરતો પ્રમાણે એક જગ્યાએથી બીજી જગાએ થઈ જવાનો અથવા પહોંચાડવાનો ખાસ કરાર સ્પષ્ટ રીતે સુચવે છે (બતાવે છે) 'જો તરી અથવા ખુશ્કીના રસ્તાની મુસાફરી દરમીઆન' તેના કરારમાં નોકર કસુર કરે તોજ માત્ર તે (આ કલમ પ્રમાણે)જવાબદાર થાય છે.[2]

ગળીને ખેતરમાં મોટાં પીપમાં (નાંખવા) લઇ જવામાં જાતી મહેનત (નોકરી) કરવાનો કરેલો કરાર એવો કરાર નથી કે જે કરાર તોડવાથી આ કલમ પ્રમાણે સજા થઇ શકે કેમકે 'તરી અથવા ખુશ્કીના રસ્તાની મુસાફરી' શબ્દો આખી કલમને લાગુ પડે છે અને તે આખી કલમની સાથે વાંચવા જોઈએ.[3]

---

૧. પીનલકોડ ઘડી કાઢનારાઓની નોટ, ૫.

૨. રેજાઈના વિ. વીરા સામી વેર કૃત લૉ ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લૉ પાનુ ૩૩૮–૩૩૯

૩. રેજાઇના વિ. નવતીવારી ૧ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનુ ૮૭

આગળથી મળેલા મંજુરીના પૈસા જેટલું કામ કર્યા પેહેલાં નોકરી છોડી દેવી તેજ માત્ર આ કલમ પ્રમાણે સજા થાય તેવો ગુન્હો થતો નથી. આ કલમ પ્રમાણે તહોમતદારને ગુન્હેગાર ઠરાવવા સારૂ એવુ સાબીત કરવું જોઇએ કે આ કલમમાં જણાવેલાં ખાસ કામોમાંનુ કોઈ એકાદ કામ કરવાને તે કાયદેસર કરારથી બંધાયેલો છતાં તેવુ એકાદ કામ કરવામાં તહોમતદારે કસુર કરી હતી. ૧

આ કલમ ફોજદારી કાયદાનો ભાગ હોવાથી તે તેના દેખીતા સ્પષ્ટ ઉદેશની બાહાર ગર્ભીત રીતે વીસ્તારવી (લાગુ પાડવી) જોઇએ નહી અમુક છેટા સુધી માલ લઈ જવાને સારૂ નક્કી કરેલા અમુક ભાડાના દરથી એક જગ્યાએ ગાડાનો ઉપયોગ (ભાડે) આપવા સારૂ તે જગ્યાએ બીજી એક જગાથી જવાના કરારને તે કલમ લાગુ પડતી નથી, પરંતુ અમુક માલ એક નક્કી કરેલી જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જવાના કરારનેજ માત્ર તે કલમ લાગુ પડે છે. ૨

અ એ કરાર કર્યા મુજબ પોતાના મછવામાં ડાંગેર લઈ જવામાં કસુર કરી, તેથી તેને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી સજા કરવામાં આવી હતી. અપીલમાં હાઇકોરટે એવું ઠરાવ્યુ હતુ કે અ ની જાતની નોકરીનો કાંઇ પણ કરાર નહોતો તેથી તેને ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા ગેરકાયદેસર હતી. ૩

એક કેસમાં એક ગાડાવાળાએ ફરીઆદીના કોલસા એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જવાનો કરાર કર્યો, અને વળી બે વરસ સુધી સાધારણ રીતે તેના કોલસા તેની નજરમાં આવે તે જગાએથી તેની ખુશી પડે તે જગા સુધી લઈ જવાનો પણ કરાર કર્યો પણ તે ગાડાવાળાએ (પોતે જાતે) લઈ જવાનો કરાર કર્યો નહોતો, પણ તે (બીજાની મારફતે પણ) મોકલાવી આપવાનો કરાર કર્યો હતો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે કરાર આ કલમની શરતોની અંદર આવતો નહોતો. ૪

એક માણસની સાથે કરાર કરીને તેને આગળથી પૈસા આપવામાં આવ્યા, અને તે આગળથી પૈસા લેનાર માણસે હોડીમાં મીઠુ લઇ જવાનુ માથે લીધુ, પણ જાતી મેહેનત કરવાની તેણે બંધણી કરી નહોતી પાછળથી તે માણસે કરાર તોડયો તેમાં એવુ ઠરાવવામાં આવ્યુ હતું કે તે કરાર કરનારા પક્ષકારો નોકરીએ રાખનાર અને નોકરીએ રહેનાર નહોતા. ૫

એક કેસમાં અરજદારે મારમાગોઆ રેલવે ઉપર માલ ગાડામાં ભરીને લઈ જવાનો કંટ્રાકટ મેળવ્યો, અને તેણે કેટલાક ગાડાવાળા લોકો સાથે એવો કરાર કર્યો કે તેઓએ આઠ ગાડાં પુરા પાડવા, અને અમુક મુદત સુધી તે ગાડાં કામે લગાડવાં (થી કામ લેવું) તેને માટે તેઓને દરેક ગાડે રૂ. ૨૩) ત્રેવીસ રૂપઈઆ અગાઉથી મળ્યા, અને તેઓ તેમનો કરાર પાળવામાં નિષ્ફળ ગયા. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેઓને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી શકાય નહી. ૬

લાચાર સખસોની ખીજમત કરવા તથા તેઓની હાજતો પુરી પાડવાનો કરાર તોડવો.

૪૯૧. જે શખસ પોતાની નહાની ઉંમરના અથવા ગાંડાપણાના અથવા રોગ કે કાંઇ શરીરની નબળાઇના સબબથી લાચાર અથવા પોતાની સલામતીનો બંદોબસ્ત રાખવાને અથવા પોતાની હાજતો પુરી પાડવાને અશકત હોય તેની ખીજમત કરવાને અથવા તેની હાજતો પુરી પાડવાને જે માણસ કાયદાસર કરારથી બંધાએલો છતાં તેમ કરવામાં બુદ્ધિપુવક કસુર કરે તેને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાંના

---

૧. રેજાઇના વિ. રામનીધ. આઉદ રીપોટરસ. પાનુ ૮૭.

૨. રેજાઇના વિ. કેશવ રામચન્દ્ર રાનાડે મુંબઈ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ સને ૧૮૮૭ નુ ૩૯ મું.

૩. રેજાઈના વિ. વીઠુ ગોવીન્દ મુંબઇ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ સને ૧૮૯૨ નું ૨૬ મું.

૪. સેજ વિ. નિરંજન ચતરજી ૯ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનુ ૧૨.

૫. કાલુ રામ વિ. ચેન્નાપા. ૧૩ મ. ૩૫૧.

૬. રેજાઇના વિ. કેશવ રામચન્દ્ર, મુંબાઇ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ, સને ૧૮૮૭નું ૩૯ મું.

ગમે તે પ્રકારની કેદની અથવા બસે રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—આ કલમના ઉપર લૉ કમીશનરો નીચે મુજબ ટીકા કરે છેઃ—"દરેક ચાકર કે જે, સાધારણ "સ્થીતીની અંદર, જેટલી મુદતને વાસ્તે તેને ચાકરીએ રાખવામાં આવ્યો હોય તેટલી મુદત પુરી થયે "ચોકસ નોટીસ આપ્યા વગર તેના શેઠને છોડીને જતો રહે તેવા દરેક ચાકરને ગુન્હેગાર તરીકે સજા કરવાને "અમે તઈયાર નથી પણ અમે ધારીએ છીએ કે આ કલમ એક બાબતમાં સુધારી શકાય જે પ્રમાણે (હા-"લમાં) છે તે પ્રમાણે એમ જણાય છે કે જે ચાકરોએ ખાસ કરીને માંદાં દિવાનાં વગેરે માણસોની ચા-"કરી ઉઠાવવાનો (માવજત કરવાનો) કરાર કરેલો હોય તેવા ચાકરો સિવાઈના બીજા કોઈપણ સખસને "(આ કલમ) લાગુ પડતી નથી, પરંતુ અમે ધારીએ છીએ કે જે ચાકરો જો કે તેઓએ તેમના શેઠની "સાથે જ્યારે તે (શેઠ) તનદુરસ્ત શરીરનો અને તનદુરસ્ત મનનો હતો ત્યારે સાધારણ રીતિએ (નોકરી "કરવાનો)જ માત્ર કરાર કર્યો હોય તો પણ, તેમના માંદા અથવા દીવાના શેઠની નોકરી ઉઠાવે છે, અથવા "જે ચાકરોએ નોકરી ઉઠાવવી જોઈએ તે ચાકરોને તે (કલમ) લાગુ પાડવી જોઇએ અને જે ચાકરોને પછી "તેઓને ખાસ કરીને તે કામને સારૂ રાખવામાં આવ્યા હોય કે ન હોય તો પણ, તેઓને ચાકરીએ રા-ખનારા (શેઠો) ના કાયદેસર હુકમ પ્રમાણે નાનાં બાળકોની સંભાળ લેવાનું ફરમાવવામાં આવ્યું હોય અને "જેમણે તેમ કરવાનો વાંધો ન લીધો હોય તે ચાકરોને (પણ) તે કલમ લાગુ પાડવી જોઇએ."૧

એક કેસમાં તહોમતદાર કે જે એક રસોયો હતો તેણે, એક દીવસ સવારમાં જ્યારે ફરીયાદીની વહુ માંદી હતી અને તેણીની પોતાની હાજતો પુરી પાડવાને અશકત હતી ત્યારે આગળથી ખબર આપ્યા વગર અથવા રજા લીધા વગર પોતાની નોકરી છોડી દીધી તેમાં એવું જણાવવામાં આવતું હતું કે તેથી કરીને ફરીયાદીની વહુનો મંદવાડ વધ્યો હતો. તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તહોમતદાર એક કુટુંબના સાધારણ રસોઈઆ તરીકેજ માત્ર ચાકરીએ રહ્યો હતો. અને કોઈ પણ લાચાર માણસની ખીજમત કરવાને અથવા હાજતો પુરી પાડવાને તે બંધાયેલો નહોતો, અને તેટલા માટે આવા કેસને આ કલમ લાગુ પડતી નહોતી.૨

કોઇ દુર જગાપર ચાકરી કરવાનો કરાર કર્યો હોય અને તે જગોપર શેઠને ખરચે ચાકરને લઈ ગયો હોય તેવો કરાર તોડવો.

૪૯૨. બ્રીટીશ ઈંડીઆ માંહેની કોઈ પણ જગાપર કોઈ શખસને વાસ્તે ત્રણ વરસ સુધીની કોઇ પણ મુદત સુધી કારીગર કામ કરનાર અથવા મજુર દાખલ કામ કરવાને જે સખશ લખેલા કાયદેસર કરારથી બંધાએલો હોય અને તે કરારની શરત મુજબ તેને તે જગોપર તે બીજા સખશને ખરચે લઇ ગયા અથવા લઇ જવાના હોય તે સખશ પોતાનો કરાર કાયમ છે તે દરમીઆનમાં બુદ્ધિપુર્વક તે બીજા સખશની ચાકરી છોડી દે અથવા કબુલ કરેલી ચાકરી વ્યાજબી અને યોગ્ય સબબ છતાં વ્યાજબી સબબ વગર તે ચાકરી કરવાની ના કહે તો તે સખશને એક મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની અથવા તે ખરચથી બમણી રકમ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે પણ જો

---

૧. હિંદુસ્તાનના લૉ (કાયદાના) કમીશનરોનો બીજો રીપોર્ટ કલમ ૩૨૯.

૨. રેજાઇના વિ. સોલેમાન મુંબાઈ હાઇકોર્ટના ક્રીમીનલ રૂલીંગ્ઝ સને ૧૮૮૭નું ૪૩ મું.

તેના શેઠે તેની સાથે કાંઇ માઠી વર્તણુંક કરી હોય અથવા પોતેજ તે કરાર મુજબ અમલ કરવામાં ગફલત કરી હોય, તો તે ચાકરને કાંઈ શીક્ષા કરવામાં આવશે નહી.

ટીકા.—આ કલમ પ્રમાણે એ જરૂરનું છે કેઃ—(૧) કરાર લખીત હોવો જોઈએ, (૨) નોકરીએ રાખનારના ખરચે નોકરી કરવાની જગાએ મજુરને લઈ જવાનું તેમાં થયેલું હોવું જોઇએ; અને (૩) નોકરીની મુદત ત્રણ વરસ કરતાં વધારે હોવી ન જોઇએ જે કરારના ભંગની સામે (આ કલમમાં ઠરાવ કરવામાં આવ્યો છે તે બે જાતનો છે.—(અ) કરાર કાયમ હોય તે દરમીઆન ચાકરી છોડી દેવી; અને (બ) કરાર પ્રમાણે વ્યાજબી અને યોગ્ય ચાકરી કરવાની ગેરવ્યાજબી ના કહેવી આ બેમાંથી ગમે તે કેસમાં બે પ્રકારનો બચાવ કામ આવી શકે એમ છે; (ય) શેઠની માઠી વર્તણુંકથી; અથવા (ક) કરારનો તે (શેઠ) ને બજાવવાનો ભાગ તેણે (શેઠે) નહી બજાવવો. ૧

‘ **કારીગર કામ કરનાર અથવા મજુર** ’:—“ જે માણસ સાધારણ રીતે, જે કામ કરવાનો તેણે કરાર “ કર્યો હોય તે કામમાં પોતેજ ભાગ લે તે માણસ કારીગર, કામ કરનાર અથવા મજુર છે.” ૨ આ શબ્દો કુશળતા (હોંશીઆરી) વાળી તેમજ વગર હોંશીઆરીની મજુરી (દાખલા તરીકે નવા સ્નસ્થાન–બગીચામાં રાખેલો મજુર–plantation coolie) નો સમાવેશ થઇ જાય છે. ૩ કોઈ કારખાનામાં રેશમ કાઢનારાનો પણ આ શબ્દોમાં સમાવેશ થઇ જાય છે. ૪ ઘરના ચાકરો તરીકે કામ કરવાના કરારોને૫ અથવા લાકડું પુરૂ પાડવાના કરારોને, ૬ અથવા ચામડું પુરૂ પાડનારા ખાટકીને, ૭ અથવા જે માણસ પોતે જાતે કામ કરવાનું માથે લેતો નથી, પરંતુ ગમે તે બીજા માણસની પાસે તે કામ કરાવી આપવાનોજ માત્ર કરાર કરે છે તે માણસને ૮ આ કારીગર, કામ કરનાર, અથવા મજુર, શબ્દો લાગુ પડતા નથી તેજ પ્રમાણે જે માણસ એક વરસ સુધી ‘ ખેતીનાં અને બીજાં કામને સારૂ બીજાની નોકરી ’ કરવાને તે બીજા માણસની સાથે પોતે બંધાય તે માણસને પણ તે શબ્દો લાગુ પડતા નથી. ૯ વળી તે શબ્દો હાથીના માવતને ૧૦ તેમજ ગળીની ખેતી કરાવનાર માણસના ગુમાસ્તાને લાગુ પડતા નથી.૧૧

કારીગરની નીચે મુજબ વ્યાખ્યા આપવામાં આવી છેઃ—“ જે માણસ કોઈ કામ કે જેને વાસ્તે તેને “ મજુરી આપવામાં આવે છે તે કામ જાતે કરવાનો હોય, અને આ અસલ કરાર અથવા ફરજને અનુસરીને “ થવું જોઇએ–તે માણસ.” ૧૨

કામ કરનાર અથવા મજુર શબ્દો માત્ર તેવાજ માણસોને લાગુ પડે છે કે જેઓ ખરેખર **મજુર**

---

૧. કોલેટ કૃત કોમેન્ટસ ઓન ધી ઇન્ડીયન પીનલકોડ.
૨. રી અમીરખાન મુંબઈ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ ૨૪ મી જુલાઇ ૧૮૮૪.
૩. ૩ મદ્રાસ હાઈકોર્ટ રૂલીંગ્ઝ. ૨૫; રેજાઈના. વિ. ગોરા. ૮ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું ૯. .
૪. કુંજબીહારી વિ. રાજા દુમની. ૧૪ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું ૨૯.
૫. રેજાઇના વિ. સુભોઇ. ૧૨ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું ૨૬.
૬. અપર આસામ ટી. કંપની. વિ. થોંપુર. ૪ બંગાલ લો. રીપોરટર પરિસિષ્ટ પાનું. ૧
૭. ૭ મદ્રાસ હાઈકોર્ટ રૂલીંગ્ઝ. ૧૩
૮. રી બાલકૃષ્ણ. ૧૦ મું. ૯૬; જીવ્ગી. વિ. સુબુપીલાઇ ૭ મ. ૧૦૦.
૯. રેજાઇના વિ. ભગવાન ભાવસેન ૭ મું. ૩૭૯
૧૦. મુનીચન્દ્ર વિ. હરીરામ ૮ કલકત્તા લો રીપોર્ટસ પાનું ૨૫૪
૧૧. નીઝામત અદાલત કેસીસ બંગાળા પાનું ૯૨૪
૧૨. શરમન વિ. સાન્ડરસ ૨૨ લો જનરલ કોમન પ્લીઝ પાનું ૮૭

તરીકે કરાર કરતા હોય, અર્થાત, જેઓ તેમની પોતાની જાતી નોકરી ભરવાનો, અને તે નોકરી બદલ મજુરીનાં નાણાં લેવાનો કરાર કરતા હોય. ૧

જે માણસને આ કલમ પ્રમાણે એક વખત સજા થઇ હોય તે માણસ તેની પેહેલી વખતની કેદ ભોગવીને છુટો થયા પછી તેનો તેજ (અસલ) કરાર પુરો કરવાની ના પાડે તો તેને તે બદલ બીજી વખત સજા થઈ શકે નહી. ૨

બાબ ૨૦ મો.

લગન સંબંધી ગુન્હાઓ બાબત.

કાયદા મુજબ લગન થવાનો કપટથી વીશ્વાસ બેસાડીને દંપતીભાવે રહેવું.

૪૯૩. પોતાની સાથે કાયદા મુજબ જે સ્ત્રી પરણી નથી તે સ્ત્રીને કપટથી તે પુરૂષ એવો વીશ્વાસ બેસાડે કે હું એ પુરૂષની સાથે કાયદા મુજબ પરણી છું અને એવો વીશ્વાસ છતાં તે સ્ત્રી તેની સાથે તેની વહુ હોય એવી રીતે રહે અથવા સંભોગ કરે એમ તે પુરૂષ કરે તો તેને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.—જ્યારે પરણેલો અથવા વગર પરણેલો માણસ કોઇ સ્ત્રીને તેણીના ધારવા પ્રમાણે તેની વહુ થવાને, પણ ખરેખરી રીતે તેની રાખેલી સ્ત્રી થવાને લલચાવે ત્યારે તે માણસથી કરવામાં આવતા ગુન્હા બદલ આ કલમ સજા કરે છે. લગ્ન કરનારાં માણસો જે જાત અથવા ધરમનાં હોય તે જાત અથવા ધરમ ઉપર લગ્નની ક્રીયાનું સ્વરૂપ આધાર રાખે છે. જ્યારે જાતો હિંદુસ્તાનમાં છે તેની માફક ભેળસેળ થઈ ગયેલી હોય અને ધરમ બદલી અથવા છુપાવી શકાય ત્યારે કોઈ માણસ પોતે તે સ્ત્રીના જેવીજ જાત અને ધરમનો છે એવું તે સ્ત્રીને ખોટું સમજાવીને અને આ પ્રમાણે જે લગ્ન ખરેખરી રીતે ગેર કાયદેસર છે, પણ જે કાયદાની અંદર તે સ્ત્રી રહેતી હોય તે પ્રમાણે કાયદેસર હોય તેવું લગ્ન કરવાને તેણીને લલચાવવાથી આ ગુન્હો બને છે. જે સ્ત્રી જે લગ્ન તેણીના જાણવા પ્રમાણે ગેર કાયદેસર છે તેવું લગ્ન પોતાની સાથે કરવાને કોઈ માણસને છેતરીને લલચાવે તે સ્ત્રીને સજા કરવાને વાસ્તે આને મળતી આવતી બીજી કલમ નથી. ૩

આ કલમમાં બે તત્વો રહેલાં છેઃ—(૧) દગો અથવા પ્રપંચ કે જેથી લગ્નની સ્થીતીની હયાતીમાં ખોટું માનવું થાય; અને (૨) સાથે રહેવું અથવા સંભોગ કરવો કે જે આવા માનવાનું પરિણામ હોય આ બંને સાથે (થયેલાં) હોવાં જોઇએ. ૪

૧૯૩. (૧) આ કાયદાથી અથવા બીજા હરકોઇ ચાલુ કાયદાથી બીજી રીતે સ્પષ્ટ ઠરાવ કર્યો હોય તે શિવાય, આ અર્થે યોગ્ય અધિકાર મળેલા કોઇ માજીસ્ટ્રેટે તોહોમતવાળા શખસને કમિટ કર્યા વગર કોઇપણ સેશન કોર્ટે અસલ હકુમતની કોર્ટ દાખલ કોઇપણ ગુન્હો સાંભળવો નહિ.

---

૧. વાઇલી વિ. વારડ લો રીપોટરસ ૨ એકસચીકર ડીવીઝન પાનું ૫૯

૨. ૨ વીકલી રીપોરટર ક્રીમીનલ લેટરસ પાનું ૨૪

૩. સ્ટોકસ કૃત એન્ગ્લો ઇન્ડીયન કોડઝ.

૪. કોલેટ કૃત કામેન્ટસ ઓન ધી ઈન્ડીયન પીનલકોડ.

(૨) આડિશનલ સેશન જડજોએ તથા આસિસ્ટંટ સેશન જડજોએ ફક્ત જે મુકદમાનો ઇન્સાફ કરવાનું સ્થાનિક સરકાર સામાન્ય અથવા વિશેષ હુકમ કરીને તેમને ફરમાવે, તેવાજ મુકદમાનો ઇન્સાફ તેમને કરવો અથવા આસિસ્ટંટ સેશન જડજોની બાબતમાં જે મુકદમામાં તે તુકડીનો શેશન જડજ સામાન્ય અથવા વિશેષ હુકમ કરીને ઈન્સાફ કરવાસારૂ તેમને સોંપે, તેવાજ મુકદમાનો તેમને ઈન્સાફ કરવો.

વર અથવા વહુની હયાતીમાં લગન કરવું.

૪૯૪. જેનો વર અથવા જેની વહુ હયાત હોય તે જો પરણે અને તે એવી રીતે કે તે વર અથવા વહુની હયાતીમાં થયાના સબબથી તે લગન થએલું રદ ગણાય તો તેને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

અપવાદ—જે શખસનો વર અથવા વહુ હયાત છે પણ જેનું તેની સાથે થએલું લગન કોઇ મુખતીઆર કોર્ટે રદ ઠરાવ્યું છે તેને આ કલમ લાગુ પડતી નથી અને જે શખસનું તે પાછળનું લગન થતા પહેલાં સાત વરસની મુદત સુધી નીરંતર તેનો વર અથવા વહુ બહાર રહ્યો હોય અથવા રહી હોય અને તે દરમીયાનમાં તે શખસને તે વર અથવા વહુ હયાત છે એવી ખબર નહિ મળી હોય અને તે શખસ પોતાના આગલા વર અથવા વહુની હયાતીમાં લગન કરે તેને પણ આ કલમ લાગુ પડતી નથી. પરંતુ જે શખસ એ પ્રમાણે પાછળનું લગન કરે તેણે જેની સાથે તે લગન કરે તેને તે લગન થતા પહેલાં સર્વે બીના ખરેખરી પોતાના જાણવામાં હોય તેટલી જણાવવી જોઇએ.

ટીકા—આ કલમ હિંદુ અથવા મુસલમાન પુરૂષોને લાગુ પડતી નથી, કેમકે તેમને એક કરતાં વધારે સ્ત્રીઓ પરણવાની છુટ આપવામાં આવેલી છે પરંતુ તે હિંદુ અને મુસલમાન સ્ત્રીઓને લાગુ પડે છે. ૧ અને ખ્રીસ્તી અને પારસી સ્ત્રીઓ તેમજ પુરૂષોને લાગુ પડે છે.

આ કલમ પ્રમાણે તહોમતદારને ગુન્હેગાર ઠરાવવા સારૂ ચાર બાબતો સાબીત કરવાની જરૂર છેઃ—

(૧) પ્રથમ થયેલું લગ્ન; (૨) બીજીવાર કરેલું લગ્ન; (૩) જ્યારે બીજીવારનું લગ્ન કર્યું હોય ત્યારે પેહેલીવારની સ્ત્રીની હયાતી; અને (૪) તહોમતદારને લાગુ પડતા કાયદા પ્રમાણે પેહેલીવારનું લગ્ન કાયમ હોવાને લીધે બીજીવારનું રદ બાતલ લગ્ન.

જ્યાં પેહેલું લગ્ન કાયદેસર (અમલમાં) હોય ત્યાં ફરીથી લગ્ન કરવું, એટલે કે, કાયદાની જાણમાં કાયદેસર લગ્ન બનવાજોગ હોય તેવા લગ્નની ક્રીયા કરવી, તે બે ધણી અથવા બે બાઈડીઓ કરવી થશે પછી જો કે બે ધણી અથવા બે બાઇડીઓ કરવાના કારણ ઉપરાંત બીજા પણ કારણને લીધે તે બીજું લગ્ન ગેર કાયદેસર હોય. ૨

મુંબઈની હાઇકોરટે એવો ઠરાવ કર્યો છે કે જે ધણીને એક સ્ત્રી પેહેલાં પરણી હોય તે ધણીને છોડી દેવાની, અને તે (છોડી દીધેલા) પેહેલા ધણીની હયાતીની અંદર તેની રજા વગર બીજા માણસની સાથે બીજીવાર લગ્ન (નાતરૂ) કરવાની તે સ્ત્રીને રજા આપવી જોઇએ એવો તળપદા કોળીની નાતનો રીવાજ ગેરકાયદેસર હતો, કેમકે હિંદુ ધર્મશાસ્ત્રના ઉદ્દેશથી તે તદન વિરૂદ્ધ હતો; અને આવું લગ્ન "આવા ધણીની હયાતીની અંદર થવાને લીધે ગેરકાયદેસર" હતું, અને તેટલા માટે તે સ્ત્રીની બાબતમાં આ કલમ

---

૧. ગવર્નમેન્ટ ઓફ બોમ્બે વિ. ગંગા, ૪ મું. ૩૩૦; રેનાઈના વિ. જદુ ૬ સધરલાન્ડ્ઝ વીકલી રીપોરટર પાનુ ૫૦.

૨. ગુરબક્ષ વિ. શામા પંજાબ રેકડરઝ. ૧૮૭૬ નું ૨૭ મું.

પ્રમાણે સજાને પાત્ર હતું. અને જે માણસની સાથે સ્ત્રીએ આ પ્રમાણે બીજીવાર લગ્ન કર્યું હતું તે તે માણસે તે સ્ત્રીની સાથે સંભોગ કરેલો હોવાથી અને તે સ્ત્રી તેની વહુ થઈ હતી એવું તે પ્રમાણીકપણે માનતો નહોતો એવું માલમ પડવાથી તે માણસ ૪૯૭ મી કલમ પ્રમાણે છીનાળાનો ગુન્હેગાર હતો. ૧ પરંતુ જ્યાં તે બીજીવારનો ધણી પ્રમાણીકપણે એવું માનતો હોય કે તે સ્ત્રીને ફરી પરણવાની છુટ હતી ત્યાં તે છીનાળાનો ગુન્હેગાર થશે નહી. ૨

બીજા એક કેસમાં તેજ મુંબાઈ હાઈ કોરટે એવું ઠરાવ્યું છે કે એક લગન રદ બાતલ છે એવું ઠરાવવાનો અથવા એક સ્ત્રીને બીજી વાર પરણવાની રજા આપવાનો નાતનો અધીકાર કાયદાની કોરટો કબુલ રાખશે નહી. નાતની રજાથી બીજી વારનું લગન કાયદેસર થયું છે એમ શુદ્ધબુદ્ધિથી માનવુ તે આ કલમ પ્રમાણે, અથવા આ કલમ અને તેની સાથે ૧૦૯ મી કલમ પ્રમાણેના ગુન્હાના તહોમતની સામે બચાવમાં કામ આવશે નહી. ૩

જો પક્ષકારોના સગીરપણાની દરમીઆનમાં લગ્ન કરવામાં આવ્યુ હોય, પણ તે સાથે રહી દુનિઆનો વ્યવહાર (સંભોગ) કરીને કદી પરિપુરણ કરવામાં ન આવ્યુ હોય તો બેમાંથી ગમે તે પક્ષકાર બીજી વાર લગ્ન કરે તો તેથી બીજી વાર પરણવા બદલ ફોજદારી રાહે શિક્ષાને પાત્ર થશે નહી. ૪

મદ્રાસ હાઇ કોરટે એવુ ઠરાવ્યુ છે કે નાતના જે રીવાજથી એક પક્ષકાર બીજાને તેના અસલ લગ્નમાં થએલુ ખરચ આપીને આમન સામન કબુલત કરીને છેડા છુટકો આપવાની અને ફરી પરણવાની છુટ આપવામાં આવી હોય તેવા નાતના રીવાજમાં અનીતિ ભરેલુ કાંઈ નથી. ૫

ખાનદેશમાં રહેતા આંજણા રજપુત ગુજરની જાતના એક માણસે તેની વહુને છેડા છુટકાનો દસ્તાવેજ કરી આપ્યો તેમાં પુરાવ ઉપરથી કોરટે એવું ઠરાવ્યું કે દસ્તાવેજ સાબીત થયો હતો અને આ નાતમાં વ્યભિચારી પણાના જેવા કોઇ પુરતા કારણ સર ધણીને તેની સ્ત્રીને છેડાછુટકો આપવાની છુટ હતી; આ કેસમાં દસ્તાવેજ પુરતા કારણસર કરી આપવામાં આવ્યો નહોતો, અને તેથી કરીને બીજી વાર લગન કરનારા પક્ષકારો આ કલમ પ્રમાણેના ગુન્હાના ગુન્હેગાર હતા, અને જે ગોરે તે લગનની ક્રીયા કરી હતી તે આ કલમ પ્રમાણે તથા ૧૦૯ મી કલમ પ્રમાણે મદદગાર હતો. ૬

જ્યાં એવુ બતાવનારો પુરાવ હોય કે નાતના રીવાજ મુજબ સગાઇ અથવા નીકા લગન કબુલ થઈ શકે એવુ હતુ અને ધણીએ તેની વહુને તજી દીધી હતી ત્યાં આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવવું કાયમ રહી શકશે નહી. ૭

નીકા (કરીને કરેલુ) લગન આ કલમના ઉપદેશની અંદર આવી જાય છે. ૮

બ નામની મુસલમાન છોકરી કે જેનો બાપ ગુજરી ગયો હતો તે છોકરીને તેની માએ જ નામના સખસની સાથે પરણાવી હતિ. હવે આ જ નામનો માણસ બ ની સગીર ઉમ્મરની દરમીઆનમાં જેલમાં ગયો. બ પુખ્ત ઉમ્મરની થયા પછી પ ને પરણી. જ તે વખતે કેદખાનામાં હતો. પ સાથેનું લગન દુનિઆનો વ્યવહાર ભોગવી પરિપુરણ કરવામાં આવ્યુ નહોતુ (consummated). જ એ બ અને પ ની સામે એક ધણી હયાત છતાં બીજી વાર પરણવાના અને છીનાળાના ગુન્હા બદલ ફોજદારીમાં કામ ચલાવ્યું તેમાં

---

૧. કરસન ગોજા, વિ. બાઇ રૂપા ૨ બોમ્બે હાઇકોરટ રીપોટરસ. પાનુ ૧૨૪

૨. રેજાઇના વિ. મનોહર રાજી ૫ બોમ્બે હાઇકોરટ રીપોશ્ટરસ પાનુ ૧૭

૩. રેજાઇના વિ. શંભુ ૧ મુ. ૩૪૭

૪. રેજાઈના વિ. નઇન સુખ. આઉદ રીપોર્ટસ, નં. ૧૬

૫. સંકર લીંગમ વિ. સુબાન ચેટી. ૧૭ મ. ૪૭૯.

૬. રેજાઇના વિ. ઉંબી. ૬ મુ. ૧૨૬

૭. રેજાઇના વિ. જુકની, ૧૯ ક. ૬૨૭

૮. રેજાઇના વિ. જદુ મુસલમાની ૬ સધરલાન્ડઝ વીકલી રીપોટરસ પાનુ ૬૦.

એવું ઠરાવવામાં આવ્યું હતું કે બ ને જ ની સાથે થયેલુ લગન નાકબુલ (રદ) કરવાનો હક હતો, અને પીનલકોડ મુજબ તેઓ સજાને પાત્ર નહોતા. ૧

મુસલમાન પરણેલી બાળક છોકરીનો મુસલમાન વાલી જે વખતે તે છોકરીનો ધણી જીવતો હોય તે વખતે તેણીના નામથી બીજા માણસની સાથે લગ્નની ક્રીયા કરાવે, અને તે છોકરી તે વ્યવહારમાં કાંઇ પણ ભાગ ન લે તો તે વાલી આ કલમ અને તેની સાથે ૧૦૯ મી કલમ પ્રમાણે મદદગાર કરવાનો ગુન્હો કરતો નથી. ૨

જે લગન રદ કરી શકાય એવું હોય પણ જે રદ બાતલ ન હોય તે લગ્ન જ્યાં સુધી તેને રદ કરવામાં ન આવે ત્યાં સુધી સારૂ કાયદેસર લગ્ન છે, અને જ્યા બંને પક્ષકારો (ધણી ધણીઆણી)જીવતાં હોય ત્યાં આવા લગનની હયાતીથી બેમાંથી ગમેતે સખસે(ધણીએ અથવા ધણીઆણીએ)કરેલુ બીજી વારનું લગ્ન આ કલમ પ્રમાણે બીજી વારનુ લગ્ન થશે; ૩ દાખલા તરીકે જ્યાં લગ્ન એવી દગલબાજીથી અથવા ઠગાઇથી કરવામાં આવ્યું હોય કે જેથી તેને રદ કરવામાં કોરટ વ્યાજબી ઠરશે, ૪ ત્યાં પહેલુ લગન અમલમાં હોય તેની દરમીઆનમાં તેવા લગ્નને લીધે જે પક્ષકાર આ પ્રમાણે છેતરાયો હોય અથવા ફરજ પડી હોય તે પક્ષકાર ફરીથી (બીજી વાર) પરણવાને હકદાર થશે નહી.

ધર્મ બદલવાથી આ કલમને અંગે નીપજતાં પરિણામ:—એક કેસમાં એક હિંદુ છોકરીને તેના બચપણમાં ખ્રીસ્તી ધરમ પ્રમાણે જળ સંસ્કાર કરવામાં આવ્યો હતો (બેપ્ટીઝમ આપવામાં આવ્યુ હતુ,) પરંતુ પાછળથી તે છોકરી પાછી હીન્દુ ધરમમાં ગઇ હતી. તે છોકરી એક હિન્દુને પરણી, અને તે હિન્દુ ધણીએ તેણીના ખ્રીસ્તી ધરમ પ્રમાણેના જળ–સંસ્કારને લીધે પાછળથી તેણીને કાઢી મુકી પછી તેણીને ખ્રીસ્તી ધરમમાં ફરીથી દાખલ કરવામાં આવી, અને તેણીનો પેહેલો ધણી જીવતો હતો તે છતાં તેણીને એક ખ્રીસ્તીની સાથે પરણાવવામાં આવી તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેણીએ આ કલમ પ્રમાણે એક ધણી હયાત છતા બીજીવાર પરણવાનો ગુન્હો કર્યો હતો. ૫ આના જેવાજ બીજા એક કેસમાં એક હિન્દુ પરણેલી સ્ત્રી મુસલમાન ધરમમાં વટલી ગઈ, અને પછીથી તેણીનો પેહેલો (હિન્દુ) ધણી જીવતો હોવા છતાં તે એક મુસલમાનને પરણી. તેમાં પણ તેણીને આ કલમ પ્રમાણે એક ધણીની હયાતીમાં બીજી વાર પરણવાના ગુન્હાની ગુન્હેગાર ઠરાવવામાં આવી હતી. ૬

મદ્રાસમાં ચુકેલા એક કેસમાં ખ્રીસ્તી ધરમમાં વટલી ગયેલો એક હિન્દુ ખ્રીસ્તી ધરમની ક્રીયા મુજબ એક સ્ત્રીને પરણ્યો પછીથી તે હિન્દુ ધરમમાં પાછો ગયો, અને તેની પેહેલી (ખ્રીસ્તી) સ્ત્રી હયાત હતી છતાં તે હિન્દુ રીત રીવાજ મુજબ એક મુર્તીપુજક (હિન્દુ) બીજી સ્ત્રી પરણ્યો. શેશન્સ જડજે તેને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવી સજા કરી હતી, પરંતુ અપીલમાં હાઇકોરટે તેને ગુન્હેગાર ઠરાવીને કરેલી " સજા રદ કરી હતી. ૭ આ કેસમાં જસ્ટીસ ઇન્સે એવી ટીકા કરી હતી કે " પછી કોઈ માણસને એવું " લાગતુ નથી કે પેહેલા લગ્ન ની સ્ત્રી હજુ હયાત હોવાના સબબથી બીજીવારના લગ્નને હિન્દુ કાયદો રદ " બાતલ ગણી શકે; કેમકે હિન્દુ કાયદો તે કેદીને નાતમાં ફરીથી દાખલ કરવામાં જે સ્થીતી તેણે હમ- " ણાંજ (થોડા વખત ઉપર) તજી દીધી હતી તે સ્થીતી, અને તેની સાથે તે સ્થીતી અન્વયે કરાર કરીને " માથે લીધેલી સઘળી ફરજો (જવાબદારીઓ) બીલકુલ ધ્યાનમાં લેશે નહી (રદ બાતલ ગણશે,) અને " જે લગ્ન એક હિન્દુ તરીકે અને હિન્દુ રીત રીવાજો અને ક્રિયાઓથી કરવામાં આવ્યુ નહોતુ તે લગ્ન " (તરીકે કોઇ પણ લગ્ન) ને કબુલ રાખશે નહી." તેજ કેસમાં જસ્ટીસ હોલોવે એમ ધારતા હતા કે

---

૧. બદાલ અઉરત વિ. રેજાઇના ૧૯. ક. ૭૯
૨. રેજાઈના વિ. અબદુલ કરીમ ૪ ક. ૧૦.
૩. રેજાઇના વિ. જેકબ્સ ર મુડીઝ ક્રાઉન કેસીસ રીઝવરડ પાનુ ૧૪૦.
૪. સ્કોટ વિ. સીબ્રાઈટ ૧૨ કોમન પ્લીઝ પાનું ૨૧.
૫. ઈનરી મીલારડ ૧૦ મ. ૨૧૮.
૬. ઈનરી રામકુમારી ૧૩ ક. ૨૬૪.
૭. ૩ મદ્રાસ હાઇકોરટ રીપોરટસ પરિશીષ્ટ પાનું ૭.

એ તો દેખીતુ હતુ કે જો કેદી ખરેખરી રીતે હિન્દુ કાયદાની અંદર આવ્યો હોય તો પછી તેનું બીજી વારનું લગ્ન તેનું પેહેલુ લગ્ન થયેલુ હોવાના સબબથી રદ બાતલ થતુ નથી, કેમકે હિન્દુ કાયદો એકથી વધારે સ્ત્રીઓ પરણવાની છુટ આપે છે. પરંતુ જો તે હજુ પણ ખ્રીસ્તી કાયદાની અંદર ચાલુ રહ્યો હોય તો હિન્દુ ક્રીયા મુજબ તેનું લગ્ન તદન રદ બાતલ હતુ, અને તેનુ બીજીવારનુ લગ્ન, તેના (અંદરના) પોતાના ગેરકાયદેસર પણાને લીધે, અને નહી કે પેહેલુ લગ્ન કાયમ હોવાને લીધે, રદ બાતલ હતુ.

એક કેસમાં એક દેશી ઓલાદની સ્ત્રી ખ્રીસ્તી દેવળમાં (ખ્રીસ્તી ક્રિયા મુજબ) એક યુરોપીયન બ્રીટીસ પ્રજાના માણસને પરણી, અને તે યુરોપીયનના જીવતા સુધી તેણીએ ખ્રીસ્તી ધરમ પાળ્યો. તેણીના ધણીના મરણ પછી તેણીએ એક ખ્રીસ્તીની સાથે સંબંધ બાંધ્યો, કે જે જડજની કોરટમાં એક હલકા કારકુન તરીકે ઓળખવામાં આવતો હતો, અને ઘણુ કરીને ઇસ્ટ ઇન્ડીયન (પુરવ હિન્દુસ્તાનનો વટલી જઈ થયેલો ખ્રીસ્તી) હતો; તે પણ ખ્રીસ્તી ધર્મ પ્રમાણે ખ્રીસ્તી સ્ત્રીને પરણ્યો હતો, કે જે સ્ત્રી હજુ જીવતી હતી. તેમનો વ્યભીચારી સંબંધ કાયદેસર બનાવવાને સારૂ તે ઇસ્ટ ઈન્ડીયન ખ્રીસ્તીને અને પેલી વિધવાને એમ લાગ્યું કે આપણે મુસલમાન થઈ જઇને પછી પરણવું તે કેસમાં પ્રીવીકાઉન્સીલે એવું ઠરાવ્યું હતું કે '(તે બંનેના) લગ્નના કાયદેસરપણા વિષે હાઇકોર્ટને શંકા હતી જે શંકા રાખવામાં તે નામદાર " લોર્ડ સાહેબો (પ્રીવીકાઉન્સીલના મેમ્બરો) ધારે છે કે હાઈકોર્ટ વ્યાજબી કરતી હતી."૧

એક હિન્દુ સ્ત્રીનું મુસલમાન ધરમાં વટલી જવું તેથી તેણીના ધણીની સાથેનું તેનું લગ્ન રદ થતું નથી. તેટલા માટે તેણીના ધણીની હયાતી દરમીઆન તે સ્ત્રી બીજો કોઇ પણ કાયદેસર લગ્નનો કરાર કરી શકે નહી. તેથી કરીને કોઈ મુસલમાનની ક્રિયાથી લગ્ન કરવું તે આ કલમ પ્રમાણે ગુન્હો છે.૨

બંને ધણી ધણીઆણી હિન્દુ ધર્મમાંથી વટલી જઈ ખ્રીસ્તી ધર્મ અંગીકાર કરે તેથી જે વખતે બંને પક્ષકારો (ધણીધણીઆણી) ધરમે હિન્દુ હતા તે વખતે થયેલું લગ્ન ફોક (રદ) થતું નથી.૩

એક કેસમાં કેદીએ, જ્યારે તેની યોગય સ્ત્રી હયાત હતી તે વખતે, એક બીજી સ્ત્રીની સાથે લગ્ન ક્રિયા કરી પણ તે બીજી સ્ત્રી તે કેદીની એટલી નજદીકની સગી હતી કે તેના ધર્મ પ્રમાણે તે સ્ત્રીને પરણવાની મના હતી, તેથી કરીને જો કે બંને પક્ષકારો છુટાં હોય (તે કેદીની સ્ત્રી જીવતી નહોત) તોપણ તેઓ એક બીજાને પરણવાને કાયદેસર અશક્ત હોત તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આવી અશક્તી છતાં તે કેદી એક સ્ત્રી હયાત છતાં બીજી સ્ત્રીને પરણવાના ગુન્હાનો ગુન્હેગાર હતો. ૪

જો કે બીજીવારનું લગ્ન પેહેલા લગ્નથી સ્વતંત્ર રીતે અને બીજા કારણસ ગેરકાયદેસર હોય તોપણ તે બીજીવારનું લગ્ન એક સ્ત્રી (અથવા ધણી) ની હયાતીમાં બીજીવાર પરણવાનો ગુન્હો થાય છે.૫

એક યાહુદી તેની પેહેલી વારની સ્ત્રીની હયાતીમાં કાયદેસર રીતે પરણી શકે.૬

અપવાદઃ—એક તહોમતદાર સ્ત્રી ઉપર એક ધણીની હયાતીમાં બીજીવાર પરણવાનું તહોમત મુકવામાં આવ્યું હતું. તેમાં એવું સાબીત થયું હતું કે તે સ્ત્રી સંને ૧૮૪૩ માં તેણીના ધણીને છોડી ગઇ અને સંને ૧૮૪૭ માં ફરી પરણી. ૧૮૪૮ માં પેહેલો ધણી જીવતો હતો કે નહી તેના સંબંધમાં કાંઈ પણ પુરાવ આપવામાં આવ્યો નહોતો. તેની ઉંમરના સંબંધમાં પણ કાંઈ પણ પુરાવ આપવામાં આવ્યો નહોતો. જસ્ટીસ. લશે જ્યુરીને એવું ફરમાવ્યું કે તે હજુંપણ જીવતો છે એવું અનુમાન કરી લેવું જોઇએ. આ પ્રમાણે જ્યુરીને ફરમાવેલું ભુલ ભરેલું હતુ. કોરટે ટીકા કરી હતી કેઃ—" એક ધણી અથવા ધણીઆણીની " હયાતીમાં બીજી વખત પરણવાના તહોમતમાં જ્યુરીની ખાતરી થાય તેમ ફરીયાદ પક્ષને એવુ સાબીત " કરવાનું જરૂરનું છે કે ધણી અથવા ધણીઆણી જે હોય તે બીજી વારના લગ્નના દીવસે જીવતાં હતાં."૭

---

૧. સ્કીનર વિ ઓરડ ૧૪ મુરસ ઈન્ડીઅન અપીલ્સ પાનું ૩૦૯, પાને ૩૨૪ મે.

૨. ગવરમેન્ટ ઓફ બોમ્બે વિ. ગંગા ૪ મું ૩૩૦.

૩. ગોબરધન વિ. જસદામની ૧૮ ક. ૨૫૨.

૪. રેજાઈના વિ. એલન સરલીઝ લીડીંગ કેસીસ ઇન ક્રીમીનલ લો પાનું ૧૭.

૫. ગુરબક્ષસીંગ વિ. શામસીંગ પંજાબ રેકર્ડઝ સંને ૧૮૭૯ નું ૧૯ મું.

૬. ગેબ્રીઅલ વિ. મારદીર ક. ૧૪૮.

૭. રેજાઇના. વિ. લમ્લી, લો રીપોટરસ. ૧ કાઉન કેસીસ પાનું ૧૯૬.

આની પછી ચુકેલા એક કેસમાં નીચે મુજબ હકીકત બની હતી. કેદી અ નામની સ્રીને ૧૮૬૪ માં પરણ્યો અને ૧૮૬૮ માં બ નામની સ્રીને પરણ્યો, તે વખતે અ હજુ જીવતી હતી. તેને એક સ્રીની હયાતીમાં બીજી સ્ત્રી પરણવાના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. પછીથી ૧૮૭૯ માં ક નામની સ્રીને પરણ્યો; સને ૧૮૮૦ માં ડ નામની સ્રીને પરણ્યો, તે વખતે ક હજુ જીવતી હતી. છેલ્લા લગ્નના સંબંધમાં તેના ઉપર તહોમત મુકવામાં આવ્યું હતુ, કેમકે તેની વહુ ક હજુ જીવતી હતી. એ ખુલ્લું છે કે જો ક ની સાથેનાં લગ્ન વખતે અ હજુ જીવતી હોય તો ક તેની વહું (કાયદેસર રીતે) કદી થઈ શકે નહી. ૧૮૭૯ માં અ જીવતી હતી કે ગુજરી ગઇ હતી તે બાબતમાં કાંઇ પણ પુરાવ આપવામાં આવ્યો નહોતો, અને જ્યુરીએ તે બાબતમાં કાંઇ પણ ઠરાવ કર્યા વગર તે કેદીને ગુન્હેગાર ઠરાવ્યો. દેખીતી રીતે એવા નિયમ ઉપર કે તે જીવતી હતી એવું કેદીએ સાબીત કરવું જોઇતું હતું. અપીલમાં તેને તે પ્રમાણે ગુન્હેગાર ઠરાવેલું રદ કરવામાં આવ્યું હતું. કોર્ટે એવી ટીકા કરી હતી કે ૧૮૭૯ માં અ જીવતી હતી કે નહી તે બાબતમાં જ્યુરીએ ઠરાવ કરવો જોઇતો હતો. તે જીવતી હતી એવું સાબીત કરવાનું કેદીને માથે નહોતું. ચીફ જસ્ટીસ લોરડ કોલરીજે કહ્યું હતું કે " (જીવતી હોવાનો બચાવ) લાવવાને કેદી માત્ર બંધાયલો હતો. તેનો ગુન્હો સાબીત કરવાનું કામ ફરિયાદ પક્ષનું હતું." ૧

સાત વરસની ગેરહાજરી સાબીત કરવાનો બોજો:—જ્યાં પુરાવ માત્ર એટલોજ હતો કે કેદી તેની પેહેલી વહુને ૧૮૬૫ માં પરણ્યો, કેટલોક વખત સુધી તેઓ ભેગાં રહ્યાં, પણ કેટલા વખત સુધી તેઓ ભેગાં રહ્યાં તે બતાવવામાં આવ્યું નહોતું, અને ૧૮૮૨ માં તે બીજી સ્રીને પરણ્યો, અને કેદી અને તેની પેહેલી સ્રી વચ્ચે ખરેખર જુદા થવાનો કાંઇપણ પુરાવ આપવામાં આવ્યો નહોતો. ત્યા એવું ઠરાવવામાં આવ્યું હતું કે (પેહેલી સ્રી) જીવતી હોવાનું અનુમાન કાયમ રહેતું હતું, અને ફરીયાદ પક્ષ એવું સાબીત કરવાને બંધાયેલો નહોતો કે તેના બીજીવારના લગ્નથી સાત વરસની અંદર તેની પેહેલીવારની વહુ જીવતી હતી એવું કેદી જાણતો હતો. ૨

જ્યાં સાત વરસનું અથવા વધારે વખત જુદુ પડવાનું સાબીત થયું હોય ત્યાં સાત વરસની અંદર તેની વહુની હયાતી વીષે કેદી જાણતો હતો એવું સાબીત કરવાનો બોજો ફરીયાદ પક્ષને માથે રહે છે. ૩

આ કલમ પ્રમાણેનો ગુન્હો બીજુ લગ્ન કરવામાં રહેલો છે તેથી જે જગ્યાએ બીજું લગ્ન થયું હોય તે જગ્યા ઉપર જે કોર્ટની હકુમત હોય તે કોરટમાં આ બાબતની ફરીયાદ લાવવી જોઇએ. ૪

જ્યાં એવો કોઈ પણ પુરાવ નહોતો કે તેણીનો ધણી જીવતો હતો એવું એક સ્રી જાણતી હતી, પરંતુ તેણીએ જે સાધનો હતાં તે સાધનોનો ઉપયોગ કરવાનું પસંદ કર્યું હોત તો તે બાબતમાં માહીતી મેળવવાનાં તેણીને સાધનો હતાં ત્યાં તેણીને ગુન્હેગાર ઠરાવી સજા કાયમ રાખવામાં આવી હતી. ૫

સાત વરસની અંદર બીજીવાર પરણનારી સ્રી એવું સાબીત કરવાને બંધાયેલી છે કે તેણીના પેહેલા ધણીના મરણ વિષે માહીતી મેળવવાને તેનાથી બની શકયા એટલા બધા ઉપાય કર્યા હતા. ૬

મદદગારી:—ગેરકાયદેસર લગ્નમાં હાજર રહેવાની માણસોની કબુલત માત્ર, અથવા આવી કબુલતને અનુસરીને તેમની હાજરી, અથવા લગ્ન કરવાને વાસ્તે એક ઘરમાં સગવડ કરી આપવી તે, અવશ્ય કરીને આવા લગ્નમાં મદદગારી કરવાનો ગુન્હો બનતો નથી. ૭

---

૧. રેનાઈના વિ. વીલશાયર લો રીપોટરસ ૬ કવીન્સ બેન્ચ ડીવીઝન પાનું ૩૬૬.
૨. રેનાઇના વિ. જોન્સ લો રીપોરટસ ૧૧ કવીન્સ બેન્ચ ડીવીઝન પાનું ૧૧૮.
૩. રેનાઈના વિ. કરગરવેન લો રીપોરટસ ૧ ક્રાઉન કેસીસ પાનું ૧.
૪. મેકલી ઓડ વિ. એટારને જનરલ ઓફ ન્યુ સાઉથ વેલ્સ (૧૮૯૧) અપીલ કેસીસ પાનું ૪૫૫.
૫. રેનાઈના વિ. મહમદ નીસા ૧ પંજાબ લો રીપોરટર ફોજદારી પાનું ૧.
૬. રેનાઇના વિ. ઇનાઈબીબી ૪ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું ૨૫.
૭. રેનાઇના વિ. ઉમી ૬ મું. ૧૨૬.

જો કે પરણુ નાર છોકરી પોતે બુદ્ધિ અથવા જ્ઞાનની ગેરહાજરીને લીધે, આ ગુન્હો કરવાને અશક્ત (નાલાયક) હોય તોપણ, તેને મદદ કરનાર માણસ મદદગારીનો ગુન્હેગાર થઈ શકે. ૧

જે 'સખસને નુકશાન પહોચ્યું હોય તેવા કોઈ સખસસે કરેલી ફરીયાદ સીવાય, પીનલકોડની કલમો ૪૯૩ ૪૯૬ ની અંદર આવી જતા કોઇ પણ ગુન્હાની તપાસ કોઈ પણ કોર્ટે કરવી નહી. ૨ તેટલા માટે જ્યાં એક દીવાના માણસની સ્ત્રી ઉપર તે દીવાના માણસના ભાઈની ફરીયાદ ઉપરથી આ કલમ પ્રમાણે એક ધણી હયાત છતાં બીજી વાર પરણવાના ગુન્હા બદલ કામ ચલાવવામાં આવ્યું હતું ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું ફરીયાદી તે દીવાના માણસના ભાઈ તરીકેજ માત્ર, ફોજદારી કામ ચલાવવાનો કાયદા (સંને ૧૮૯૮ ના આકટ ૫ મા) કલમ ૧૯૮ ના અરથની અંદર "આવા ગુન્હાથી જે સખસને નુકશાન પળોંચ્યું હોય તેવો સખસ" નહોતો, અને તેથી તેની ફીરયાદ ચાલી શકતી નહોતી. ૩

અમુક જ્ઞાતિ કોઇ લગ્નને રદ ઠરાવે અથવા પુનર્લગ્ન કરવાની પરવાનગી આપે તો તે જ્ઞાતિની તેવી સત્તા કોર્ટ સ્વીકારી શકતી નથી.૪

તેજ ગુન્હો પણ જે શખ્સની સાથ પાછળનું લગ્ન થાય તેમની આગળના લગ્નની વાત છુપાવીને કરેલો.

૪૯૫ જેની સાથે પાછળનું લગ્ન કરવામાં આવે તેનાથી આગલા લગ્નની વાત છુપાવીને જે શખસ ઉપરની કલમમાં લખેલો ગુન્હો કરે તેને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ખોટાં અથવા ઢોંગવાળાં લગ્નોથી થતાં ગુન્હાઇત કૃત્યો બદલ શીક્ષા કરવા માટે આ કલમ છે અને તે તત્વમાં તે ૪૯૪ થી જૂદી છે.

કાયદા મુજબ લગ્ન થતાં દગલબાજીના ઇરાદાથી થવા દીધેલી લગ્ન વીધી.

૪૯૬. જે માણુસ બદદાનતથી અથવા દગલબાજીના ઇરાદાથી પોતાનો લગ્ન વીધી થવાદે એવું જાણીને કે તેમ થવાથી કાયદા મુજબ લગ્ન થતું નથી તો તેને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા—આ કલમ એવા કેસને લાગુ પડે છે કે જેમાં અમુક ક્રિયા કરવામાં આવી હોય કે જે ક્રિયાથી (કાયદેસર) લગ્ન કોઇ પણ રીતે બનતુ નથી, અને જેમાં બેમાંથી એક પત્રકાર બીજાથી ઠગાયેલો હોય જ્યાં આગળનું (પહેલી વારનું) લગ્ન થયું ન હોતતો, કરવામાં આવેલી ક્રિયાથી કાયદેસર લગ્ન બનત, અને પહેલીવારના લગ્નની બંને પક્ષકારો (પરણનાર સ્ત્રી–પુરૂષ) ને ખબર હોય તો, બરાબર રીતે કલમ ૪૯૪ લાગુ પડે છે. ૫

આ કલમ પ્રમાણે લગ્નનો વિધી ખોટી રીતે થવા દેવા બદલ કોઈ માણસને ગુન્હેગાર ઠરાવવાને સારૂ બદદાનત ભર્યો અથવા દગલબાજી ભરેલો ઇરાદો સાબીત કરવાની જરૂર છે ૬

આ કલમના સંબંધમાં સ્ટોકસ સાહેબ નીચે મુજબ ટીકા કરે છેઃ—જે માણસ દગલબાજી ભરેલા ઈરાદાથી–દાખલા તરીકે કોઇ મીલકત (પલ્લુ, પેહેરામણી) ની એવી રીતે વ્યવસ્થા કરી હોય કે લગ્ન

---

૧. રેગ્નાઇના વિ. નન્દલાલ ૬ કલકત્તા વીકલી નોટસ પાનું ૩૪૩.

૨. ફોજદારી કામ ચલાવવાના કાયદા (સને ૧૮૯૮ ના આકટ ૫ મા) ની કલમ ૧૯૮.

૩. રેગ્નાઈના વિ. બાઈ રૂક્ષ્મણી ૧૦ મું. ૩૪૦.

૪. ઈ. લો. રિ. ૧ મુંબઈ ૩૪૭.

૫. રેગ્નાઇના વિ. શામા સોમા મુંબઈ હાઈકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ તા. ૨૪ મી. જુલાઇ સને ૧૮૭૩.

૬. રેગ્નાઈના વિ. કુઆઉમ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર ખાસ વાલ્યુમ પાનુ ૧૩.

થયા પછી પરણનાર જોડામાંથી એકને તે મળે તેથી મીલકત મેળવવાને શક્તિવાન થવાને સારૂ-પરણવાની ક્રિયા પોતે થવા દે છે, એવું જાણીને કે તેથી તે કાયદેસર રીતે પરણેલો થતો નથી તેવા દરેક માણસને આ કલમ સજા કરે છે. જ્યારે સ્ત્રી ઉપર કાંઇપણ દગો કરવામાં ન આવ્યો હોય, અને જ્યારે કાંઇ પણ " બદદ્યાનત ભરેલો અથવા દગલબાજી ભરેલો " ઈરાદો ન હોય, ત્યારે લગ્નના વિધીનો માત્ર ગેર ઉપયોગ કરવો તે. આવા પ્રકારનો વિધી હોય કે ન હોય તોપણ, પીનલકોડ પ્રમાણે ગુન્હો નથી. ૧

૧૯૮. જે ગુન્હો હિંદુસ્તાનના ફોજદારી કાયદાના ૧૯ મા અથવા ૨૧મા બાબતોમાં અથવા તેજ કાયદાની ૪૯૩ થી ૪૯૬ સુધીની (એ બન્ને કલમો સુદ્ધાં) કલમોમાં આવતો હોય તે ગુન્હાથી જે શખસને નુકશાન પહોંચ્યું હોય તે શખસે કરેલી ફરીયાદવગર કોઇપણ કોર્ટ તે ગુન્હો સાંભળવો નહિ.

છીનાળું.

૪૯૭. આ શખસ બીજા પુરૂષની સ્ત્રી છે એવું જે જાણે છે અથવા એવું માનવાનું જેને કારણ છે તે માણસ તે શખસની સાથે પેલા બીજા પુરૂષની રજામંદી સીવાય અથવા તે પુરૂષે જાણ્યું અજાણ્યું ન કરતાં સંભોગ કરે અને તે સંભોગ બળાત્કાર સંભોગનો ગુન્હો ન થતો હોય તો તે માણસે છીનાળાનો ગુન્હો કર્યો એમ સમજવું અને તેને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે એવી બાબતમાં તે સ્ત્રીને મદદગારીની માફક શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—દરેક ધણીનો એવો હક છે કે બીજો કોઈપણ માણસ, જોર જુલમથી અથવા લાલચ આપીને તે (ધણી) ની વહુની સોબત (નો લાભ) તેની પાસેથી લઇ લેશે અને તેથી પણ ઓછુ તેણીની સાથે વ્યભીચારી વ્યવહાર રાખશે. લગ્ન કરનારા બેમાંથી એક પક્ષકારના મરણથી, અથવા તેમના છેડા છુટકાથી આ હકનો અંત આવે છે. (અ) કોઈ (માણસની) સ્ત્રીનું નયન કરવાથી અથવા તેને ઘરમાં રાખવાથી; (બ) અથવા જેથી તેણીના ધણીને તેણીની નોકરી (નો લાભ) મળે નહી તેવી રીતે તેણીને ઈજા કરવાથી; અને (ક) તેણીની સાથે વ્યભીચારી વ્યવહાર રાખવાથી તે હકનો ભંગ થાય છે (હક ઉપર તરાપ મારવામાં આવે છે) આ છેલ્લા ભંગ વિષે આ કલમમાં ઠરાવ કરવામાં આવ્યો છે. ૨

" **રજામંદી** " :—જ્યારે કોઇ સ્ત્રીનો ધણી તે સ્ત્રીની સાથે તેણીના જારને સંભોગ કરવાની પરવાનગી આપે ત્યારે તે પરવાનગી આપવી તે રજામંદી છે. " જાણ્યું અજાણ્યું કરવું " તે મુંગે મોંએ રજામંદી આપવી થાય છે, તે જે વર્તણુંક બાબત ફરીયાદ કરવામાં આવતી હોય તે વર્તણુંકની જાણ અને તેની મંજુરી છે. ૩

મી. કોલેટ સાહેબ કહે છે કેઃ—માત્ર બેદરકારી અથવા ગફલતીના પુરાવાથી, બચાવ તરીકે રજામંદી બનતી નથી; તેમજ આગળ પડીને વચ્ચે આવવાનો અભાવ બતાવવાથી અથવા માત્ર એકલી જાણ બતાવવાથી રજામંદી બનતી નથી. તેમાં ચંચળ અને બગડેલી..........મનની સ્થીતી આવી જાય છે. ૪

" **જાણ્યું અજાણ્યું કરવું** " :—આની બાબતમાં નીચે મુજબ કાયદો સ્થાપીત કરવામાં આવ્યો હતો. " જાણ્યું અજાણ્યું કરેલું હોવાનો ઠરાવ કરવા સારૂ પુરાવમાં સાબીત થયેલી હકીકત ઉપરથી તમારી " ખાતરી થયેલી હોવી જોઈએ કે ધણીએ તેની વહુના છીનાળા તરફ એટલું બધું જાણ્યું અજાણ્યું કર્યું " હતું કે જેથી તેમાં તેણે ખુશીથી રજામંદી આપેલી ગણાય. (છીનાળાની) હકીકત બનતા પહેલાં તે

---

૧. સ્ટોક્સ કૃત એંગ્લો ઇન્ડીયન કોડઝ.

૨. સ્ટોકસ કૃત એન્ગ્લો ઇન્ડીઅન કોડઝ.

૩. બોલ્ડીંગ વિ. બોલ્ડીંગ ૩૩ લૉ જરનલ મેટ્રીમોનીઅલ કેસીસ પાનું ૩૩.

૪. કોલેટ કૃત કોમેન્ટસ ઓન ધી ઇન્ડીયન પીનલકોડ.

" મદદગાર હતો કે નહી ? માત્ર ગફલતી, માત્ર બે ધ્યાન, માત્ર સમજ શક્તિની સુસ્તી, માત્ર બેદરકારી
" પુરતી થશે નહી; તેનો એવો ઇરાદો હોવો જોઇએ, કે તેણી છીનાળુ કરે....................જો ધણી,
" છીનાળાનું પરીણામ આવવું જોઈએ એવો ઇરાદો રાખીને, જે વખતે તેની પોતાની આબરૂ જાળવવાને
" સારૂં તેને વચ્ચે પડવું જોઈતું હતું તે વખતે વચ્ચે ન પડે તો તે જાણ્યું અજાણ્યું કરવાનો
" ગુન્હેગાર થાય છે. " ૧

સર ચાર્લ્સ ક્રેસવેલ કહે છે કે--" છીનાળું (છો) કરવામાં આવે એવી ખુશીથી આપેલી રજા-
" મંદી એવો તે (જાણ્યુ અજાણ્યુ કરવાનો નો હું અર્થ કરી શકતો નથી. તે પોતાની મરજી વિરૂદ્ધની
" રજામંદી છે, અને તે રજામંદી એટલા કારણસર આપેલી કે તે સ્ત્રીને વ્યભીચારી સંબંધ છોડી દેવાની
" તે જે હઠ લેતો હતો તે શરત તે સ્ત્રી પાળશે નહી. " જાણ્યું અજાણ્યું કરવું " તેથી ધણીએ ખુશીથી
" આપેલી રજામંદી હું સમજુ છું; તેથી હું એવું સમજાુછું કે જો કે તે (ધણી) (વ્યભીચાર) ની વાત
" બન્યા પહેલાં મદદગાર ન હોય તોપણ તે કામ તે પોતાની ખુશીથી રજામંદી આપે છે; જો કે તે
" (વ્યભીચાર) કરાવવા તરફ તે આગળ પડતો ભાગ લેતો નથી તોપણ તે પોતાની ખુશીથી રજામંદી
" આપે છે, અને તે કરવાની પોતાની ઈચ્છા રાખે છે. ૨.

જાણ્યું અજાણ્યું કરવામાં અવશ્ય કરીને રજામંદી આવી જાય છે. જાણ્યુ અજાણ્યુ કરવું તે સાધારણ રીતે છીનાળામાં મદદગારી કરવી અને તેમાં વધારો કરવો થશે.૩

લગ્નની સાબીતી:—પુરાવના કાયદાની ૫૦ મી કલમનો ઠરાવ એવું બતાવે છે કે જ્યાં કોઇ ગુન્હામાં, જેવા કે એક ધણી અથવા ધણીઆણી હયાત છતાં બીજીવાર પરણવામાં, છીનાળામાં અને પરણેલી સ્ત્રીઓને ફોસલાવી લઇ જવામાં લગ્ન એક (જરૂરનું) તત્વ હોય ત્યાં લગ્નની વાત ચોકસ રીતે સાબીત કરવી જોઈએ. ૪

જ્યાં ફરીયાદીએ તે સ્ત્રીએ અને તેણીની માએ સોગન ઉપર લગ્નની વાત જણાવી હતી અને ફરીયાદીએ આ બાબત ઉપર તેમની ઉલટ તપાસ કરી નહોતી ત્યાં તે ફરીયાદીની, તે સ્ત્રીની અને તેણીની માની જુબાનીઓ લગ્ન સાબીત કરવાને માટે બસ હતી એમ ઠરાવવામાં આવ્યું હતું. ૫

ડ અને ડ ની વહુ ૫ એ એક ક નામના માણસની સામે ૫ ની સાથે બળાત્કાર સંભોગ કરવાનું તહોમત મુકયુ, અને બળાત્કાર સંભોગ નહીતો છીનાળાનું તેના ઉપર તહોમત મુકીને તેને સેશન્સમાં તપાસવાને સારૂ નોંધવામાં (કમીટ કરવામાં) આવ્યો હતો. ડ અને ૫ ની વચ્ચેના લગ્નના પુરાવામાં તેઓ એક બીજાને પરણ્યાં હતાં એવી તેમની જુબાની, અને ૫ ડ ની વહુ હતી એવી ક ની જુબાની હતી. ક ને છીનાળાના તહોમત ઉપર ગુન્હેગાર ઠરાવીને સજા કરવામા આવી હતી. અપીલમાં હાઇકોરટે એવું ઠરાવ્યુ હતુ કે પુરાવના આકટની ૫૦ મી કલમ ઉપર ધ્યાન રાખીને એટલુજ નહી પણ બધા ફોજદારી કેસોમાં (ગુન્હો બન્યાની) ચોકસ સાબીતી હોવાની જરૂર છે એ નીયમ ઉપર ધ્યાન રાખીને એવું ઠરાવવું જોઇએ કે ડ અને ૫ વચ્ચેનો લગ્ન સબંધ સ્થાપીત કરવાને આટલો પુરાવ બસ નહોતો. ૬

જે માણસના ઉપર છીનાળાનુ તહોમત મુકવામાં આવ્યું હોય તે માણસ તેની નાતના રીવાજ પ્રમાણે તે સ્ત્રીની સાથે કરેલા નાતરાનો બચાવ આણે ત્યાં જે સવાલનો કોર્ટને નીર્ણય કરવાનો છે તે એ છે કે નાતરૂ કરતી વખતે તહોમતદાર **પ્રમાણીકપણે એવું માનતો હતો કે નહી** કે તે સ્ત્રી બીજા

---

૧. એલન વિ. એલન ૩૦ લો જનરલ મેટ્રીમોનીઅલ કેસીસ પાનું ૨.
૨. મેરીસ વિ. મેરીસ ૩૧ લો જનરલ મેટ્રીમોનીઅલ કેસીસ. પાનું. ૬૯.
૩. કોલેટ કૃત કોમેન્ટસ ઓન ધી ઇન્ડીયન પીનલકોડ.
૪. રેજાઇના વિ. પીતાંબરસીંગ ૫ ક. ૫૬૬; રેજાઈના; વિ. જી. આર. સ્મીથ ૪ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનુ ૩૧; રેજાઈના વિ. આરશદ અલી ૧૩ કલકત્તા લો રીપોરટસ પાનું ૧૨૫.
૫. રેજાઈના વિ. સુબારાયન ૯ મ. ૯.
૬. રેજાઈના વિ. કાલુ ૫ અ. ૨૩૩.

માણસની વહુ હતી. આ કેસમાં હકીકત એવી હતી કે જે સ્ત્રીની સાથે તહોમતદારે નાતરૂ કર્યું હતુ તે સ્ત્રીનો અસલ જે (પરણેત) ધણી હતો તેણે તે સ્ત્રીની સામે લગ્નના હક પુરા કરવાનો દાવો કર્યો હતો. તેમાં તેના લાભમાં હુકમનામુ કરી આપવામાં આવ્યુ હતુ, પરંતુ તેમાં તે સ્ત્રીને એવી છુટ (option) આપવામાં આવી હતી કે તેણીની ખુશી પડે તો તે તેના ધણીને ઘેર રહેવા જાય, અને તેમ કરવાની તેની મરજી ન હોય તો તે તેણીના ધણીને નાંણાંની અમુક રકમ આપે. તે સ્ત્રીએ આ બીજો (પાછલો) મારગ લીધો, અને તેણે તે મારગ લીધા પછી તે સ્ત્રીની સાથે છીનાળુ કરવાનુ તે તહોમતદાર ઉપર તહોમત મુકવામાં આવ્યુ હતુ તેમાં એવું ઠરાવવામાં આવ્યુ હતુ કે તે સ્ત્રી (ફરીથી) પરણવાને છુટી (મુખત્યાર) હતી એવુ તે તહોમતદારે જાણેલુ હોવુ જોઈએ, અને જો તેમ હોય તો તેણે કાંઇ પણ ગુન્હો કર્યો નહોતો.૧

છીનાળાના કેસમાં, બળાત્કાર સંભોગની માફકજ તેટલેજ દરજ્જે સંભોગ (સંગ) સાબીત કરવો જોઇએ. એ જરૂરનું નથી કે છીનાળના કૃત્યનો સીધો પુરાવો હોવો જોઇએ, તેમજ જે છીનાળુ કરનાર સખસ તે સ્ત્રી પરણેલી સ્ત્રી હતી એટલુ જાણતો હોય તો તે સ્ત્રી કોની સ્ત્રી હતી એ છીનાળુ કરનાર સખસ જાણતો હોવો જોઇએ એ જરૂરનું નથી. ૨

જે સ્ત્રીના ધણીએ તે સ્ત્રીનો છીનાળાનો ગુન્હો દર ગુજર (માફ) કર્યો હોય તે સ્ત્રી સાથે સંભોગ કરવો તે છીનાળુ નથી. ૩

છીનાળાની ફરીયાદમાં તે સ્ત્રીના ધણીએ ફરીયાદ કરેલી હોવી જોઇએ. ૪

ધણીના મરણથી અવશ્ય કરીને છીનાળાની ફરીયાદનો અંત આવતો નથી. ૫

જ્યારે તહોમતદાર ઉપર કલમો ૪૯૪ અને ૪૯૮ મુજબના ગુન્હાનું તહોમત એક સ્ત્રીના ધણીએ મુક્યુ હતુ ત્યારે તેમાં એવું ઠરાવવામાં આવ્યુ હતુ કે ૪૯૪ મી અને ૪૯૮ મી કલમો મુજબની ફરીયાદમાં આ ૪૯૭ મી કલમ મુજબની ફરીયાદ સમાઈ જતી નહોતી; અને તહોમતદાર ઉપર આ કલમ પ્રમાણેના ગુન્હા બદલ કામ ચલાવવાની ફોજદારી કામ ચલાવવાના કાયદાની કલમ ૧૯૯ પ્રમાણે કાંઈ પણ હકુમત નહોતી. ૬

જ્યાં એક પરણેલી સ્ત્રી એક માણસને મળવા ચાલી, પણ છીનાળુ કરવામાં આવ્યુ તે પહેલાં તે સ્ત્રીને તેણીનો ધણી તેડી લઈ ગયો ત્યાં એવું ઠરાવવામાં આવ્યુ હતું કે તે માણસને છીનાળુ કરવાની કોશીશ કરવાનો ગુન્હેગાર ઠરાવી શકાય નહી. ૭

છીનાળુ કરનાર સ્ત્રીને મદદગાર તરીકે ગુન્હેગાર ઠરાવી શકાય?—આના સંબંધમાં પીનલકોડ ઘડી કાઢનારાઓ નીચે મુજબ ટીકા કરે છે—" જો કે અમે સારી રીતે જાણીએ છીએ કે મનુષ્ય " જાતના વહાલામાં વહાલા હીતનો સ્ત્રીઓની પવીત્રતા (પતીવ્રતાપણુ) અને લગ્નના કરારની પવિત્રતાની " સાથે નીકટનો સબંધ રહેલો છે, તોપણ અમને એમ લાગ્યા વગર રહી શકતુ નથી કે આ દેશમાં " જનમંડળ ની સ્થીતી (બંધારણ) માં કેટલીક એવી વિચીત્રતાઓ છે કે જેથી કોઇ પણ દયાળુ માણસ " સ્ત્રીઓનું અપતિવ્રતાપણુ (વ્યભીચારીપણુ) સજાને પાત્ર કરવાનો નીર્ણય કરે તે પેહેલાં વ્યાજબી રીતે " અટકે, આ દેશની સ્ત્રીઓની સ્થીતિ, કમનસીબે, ઇંગ્લાંડ અને ફ્રાન્સની સ્ત્રીઓની સ્થીતિથી ઘણી

---

૧. રેજાઇના વિ. મનોહર રાયજી ૫ બોમ્બે હાઇકોરટ રીપોરટસ પાનું ૧૭; રેજાઈના વિ. બાલુ બોધુ ૫ બોમ્બે હાઈકોરટ રીપોરટસ ૧૯ ન.

૨. રેજાઈના વિ. માધબચન્દર ૨૧ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનુ ૧૩.

૩. રેજાઈના વિ. જી. આર. સ્મીથ ૪ વીકલી રીપોરટર પાનુ ૩૧; રેજાઈના વિ. બીજબાસી ૧૯ અ. ૭૪.

૪. રેજાઇના વિ. જી. આર. સ્મીથ (ઉપર)

૫. ૪ મદ્રાસ હાઇકોરટ રીપોરટસ પાનું ૫૫

૬. રેજાઇના વિ. નલીઆ મુંબાઈ હાઇકોરટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ તા. ૪ થી ડીસેમ્બર સને ૧૯૧૬

૭. રેજાઈના વિ. ગુલામ મહમદ પંજાબ રેકરડઝ સને ૧૮૭૯ નું ૩૬ મુ.

" જુદી છે; તે સ્ત્રીઓને જ્યારે તેઓ હજુ બાળક હોય છે ત્યારે પરણાવી દેવામાં આવે છે. કેટલીક " શોકયોની સાથે તેઓ એક ધણીની સાથે રહે છે (ના સ્નેહમાં ભાગ પાડે છે.) પોતાનો જનાનો " સ્ત્રીઓથી ભરી દેવાનો ધણીનો હક જ્યારે કાયદો કબુલ રાખે છે તેજ વખતે સ્ત્રીઓના વ્યભિચારી- " પણા બદલ સજા કરવાને સારૂ કાયદો કરવો તે એવો મારગ છે કે જે મારગ લેવાને અમે ઘણાજ " નાખુશ છીએ." ૧

જે સ્ત્રીની સાથે સંભોગ કરવાનું તહોમત કોઈ માણસ ઉપર મુકવામાં આવ્યુ હોય તે સ્ત્રિને તે માણસ પોતાની તરફથી સાક્ષીમાં બોલાવી શકે. ૨

જે માણસને છીનાળાનો ગુન્હેગાર ઠરાવીને સજા કરવામાં આવી હોય તે માણસ જો પોતાનો વ્યભીચારી સંબંધ (તેની જોડે છીનાળુ કરનાર સ્ત્રીની સાથે) જારી રાખે તો, તે સ્ત્રી તેણીનો જાર ગુન્હેગાર ઠર્યા પછી તેણીના ધણીના રક્ષણ તળે પાછી ન ગઈ હોય તે છતાં પણ, તે માણસ (જાર) છીનાળાના નવા કૃત્ય બદલ બીજી વાર ગુન્હેગાર ઠરીને સજાને પાત્ર થાય છે. ૩ પરંતુ મી. મેઇન સાહેબનો અભિપ્રાય આ ફેંસલાથી વિરૂદ્ધ છે. ગીપ્સ. વિ. ગીપ્સ ૪ ના કેસમાં લોર્ડ ચેમ્સફરડે કરેલી ટીકા ટાંકીને તેઉ સાહેબ કહે છે કે ધણીએ એક વખત ગુન્હેગારની સામે છીનાળા બદલ કાયદા મુંજબ પુરેપુરી સજા અમલમાં આણી હોય તે પછી જે વ્યભીચારી વ્યવહારથી તે ધણીને કાંઇ નવું નુકશાન થતુ નથી તે વ્યભીચારી વ્યવહાર પાછો ચાલુ કરવા બદ્દલ તે ગુન્હેગારને બીજી વાર તે ધણી સજા કરી શકે નહી. પરંતુ અલબત, જો તેણે એક વખત પોતાની વહુનો ગુન્હો માફ કરીને તેને પોતાની સોબતમાં (ઘેર) પાછી રાખી હોય અને તે પછી તે સ્ત્રીએ તેણીના આગલા જાર સાથે ફરી વ્યભીચાર કરયો હોય તો તે જાર ફરી ગુન્હેગાર થશે. ૫

સાપ્રાધ ઇરાદાથી કોઇ પરણેલી સ્ત્રીને ફોસલાવી લઈ જવી અથવા રોકી રાખવી.

૪૯૮. જે સ્ત્રી કોઇ બીજા પુરૂષની સ્ત્રી છે એવું જે માણસ જાણે છે અથવા એવું માનવાનું જેને કારણ છે તે અગર તે સ્ત્રીને તે પુરૂષ પાસેથી અથવા તે પુરૂષની વતી જે સખસના હવાલામાં તે સ્ત્રી હોય તે સખસ પાસેથી લઈ જાય અથવા ફોસલાવીને લઇ જાય એવા ઇરાદાથી કે તે સ્ત્રી કોઇ સખસની સાથે જાર કરમ કરે અથવા એવી કોઈ સ્ત્રી તેને ઇરાદાથી સંતાડી અથવા રોકી રાખે તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા—આ ગુન્હો બનવાને સારૂ નીચેની ચાર બાબતો સાથે હોવી જોઇએ, (૧) લઈ જવી, અથવા ફોસલાવી લઇ જવી, અથવા સંતાડી રાખવી અથવા રોકી રાખવી, (૨) એવા ઈરાદાથી કે તે સ્ત્રી કોઈ સખસની સાથે જાર કરમ કરે; (૩) જે સ્ત્રી કોઈ બીજા પુરૂષની સ્ત્રી છે, અથવા જે સ્ત્રી કોઈ બીજા પુરૂષની સ્ત્રી છે એવું જાણવામાં આવ્યુ હોય અથવા એવુ માનવાને કારણ હોય તેવી કોઇ પણ સ્ત્રી, (૪) તે બીજા માણસની પાસેથી અથવા તે બીજા માણસની તરફથી જે માણસની સંભાળ તળે તે સ્ત્રી હોય તેવા માણસની પાસેથી લઇ જવી, ફોસલાવી લઇ જવી વિગેરે.)

---

૧. પીનલકોડ ઘડી કાઢનારાઓની નોટ કયુ પાનુ ૧૯.

૨. રેનાઇના વિ. શેખ બીચુ ૬ સધરલાન્ડઝ વિકલી રીપોરટર પાનુ ૯૨.

૩. રેનાઇના વિ. ઈમાજી વલદ વિઠુ મુંબાઇ હાઈ કોરટનાં ક્રિમીનલ રૂલીંગ્ઝ તારીખ ૨૮ મી અકટોબર સંને ૧૮૮૦.

૪. ૩૩ લો જરનલ મેટ્રિમોનિઅલ કેસીસ પાનુ ૧૬૯.

૫. ૩૩ લો જરનલ પી. અને એમ. માં લોરડ વેસ્ટબરિની ટીકા જુઓ.

આ કલમ પ્રમાણેના ગુન્હાને માટે એ જરૂરનું છે કે તે સ્ત્રીને તેણીના ધણીની પાસેથી અથવા તેના તરફથી બીજાને કોઇ માણસની સંભાળ તળે તે સ્ત્રી હોય તેવા બીજા કોઇ માણસની પાસેથી લઈ જવામાં આવેલી હોવી જોઇએ. દેખીતી રીતે જે સ્ત્રી બરાબર ચાલતી હોય તે હમેશાં તેણીના ધણીની સત્તા નીચે અથવા તેણીના ધણીના કાયદેસર કબજામાં હોય છે એ જરરનું નથી. તે તેણીની સાથે રહેતો હોવો જોઇએ તે કાંઈ કામ પ્રસંગે બાહાર ગયેલો હોય, અથવા તેની નોકરીને લીધે તેને જુદા રહેવાની ફરજ પડી હોય. ૧

પરંતુ જો તે સ્ત્રીએ તેણીના ધણીને તજી દીધો હોય, અને તેની સામે થઈને તેનાથી જુદી રહેતી હોય, અને તેથી પણ વધારે જો તે વ્યભિચારી જીંદગી ગુજારતી હોય, તો એવું કહી શકાય નહી કે બીજા માણસના કોઈ પણ કૃત્યથી તેણીને તેણીના ધણીની પાસેથી લઇ જવામાં અથવા ફોસલાવી લઇ જવામાં આવી હતી. ૨

લગ્નનો સવાલ:—આ કલમ પ્રમાણેના ગુન્હાના તહોમતની તપાસમાં માજીસ્ટ્રેટ લગ્નના સવાલનો નિર્ણય કરવાને બંધાયેલો છે. લગ્ન સાબીત કરવાને સારૂ ફરિયાદીને તે દીવાની કોર્ટમાં જવાનુ કહી શકે નહી. ૩

પરણેલી સ્ત્રીને લઇ જવાના આ કલમ પ્રમાણેના તહોમતમાં એક સ્ત્રી અને પુરૂષ ભેગાં રહે છે તે વાત ઉપરથી તથા તે સ્ત્રી તે માણસની કાયદેસર પરણેલી સ્ત્રી છે એવી તેમની પોતાની જુબાની (કે જે તદન જુઠી પાડયા વગર રહેવા દીધેલી હોય) ઉપરથી લગ્નનું અનુમાન કરી લેવું જોઇએ. ૪

જ્યાં આ કલમ પ્રમાણે પરણેલી સ્ત્રીને ફોસલાવી લઈ જવાનું તહોમત મુકવામાં આવ્યું હોય ત્યાં ફરીયાદી અને તે સ્ત્રીનીજ માત્ર હકીકત કરતાં વધારે સારો લગ્નનો પુરાવો કોરટે માગવો જોઇએ. ૫ એટલુંજ નહી પણ કલકત્તા હાઇકોરટે એવું ઠરાવ્યું છે કે તે (લગ્ન) ચોકસ રીતે સાબીત થયેલું હોવું જોઇએ. ૬ પરંતુ મદ્રાસ હાઇકોરટે એવું ઠરાવ્યું છે કે ફરીયાદીની જુબાની, તે સ્ત્રીની જુબાની અને તેણીની માની જુબાની કે જેમણે લગ્નની વાત સોગન ઉપર જણાવી હતી, તેમની જુબાની, જ્યારે તહોમતદારે તે લગ્નની વાતના સંબંધમાં અથવા તે લગ્નના કાયદેસરપણા અથવા ગેરકાયદેસરપણાના સંબંધમાં તે લોકોની ઉલટ તપાસ કરી નહી ત્યારે લગ્નની પુરતી સાબીતી હતી. ૭

મુસલમાની કાયદા પ્રમાણે કાયદેસર લગ્નનાં જરૂરી તત્વો:—આ કલમ પ્રમાણે ફરીયાદનું કામ ચલાવવામાં લગ્નની ચોકસ સાબીતીની જરૂર છે. મુસલમાની કાયદા પ્રમાણે કાયદેસર લગ્નને સારૂ એ જરૂરનું છે કે ધણી કાયદેસર સંમતી આપવા યોગ્ય હોવો જોઇએ, અથવા તો જે કોઇ માણસ તેની તરફથી કાયદેસર રીતે સંમતી આપી શકે તેવો કોઈ પણ માણસ તેના તરફથી હાજર થયેલો હોવો જોઈએ; અને છોકરી પણ જ્યારે સગીર હોય ત્યારે તેને બાંધી લેવાના કારણસર યોગ્ય રીતે અધીકારવાળો કોઈ માણસ તેણીની તરફથી હાજર થયેલો હોવો (represented) જોઇએ. ૮

જે સ્ત્રીને તેણીના ધણીએ તજી દીધી હોય તેવી સ્ત્રી જો પોતાની સ્વતંત્ર ખુશીથી બીજા માણસની સાથે રહેવા જાય તો તે માણસને આ કલમ પ્રમાણે ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા કાયમ રહી શકે નહી. ૯ તેજ પ્રમાણે ઈંગ્લાંડમાં પણ ઠરાવવામાં આવ્યું છે કે જો કોઇ સ્ત્રી, તેણીની પોતાની ખુશીથી અને પ્રતીવાદીએ તેણીને

---

૧. મુતીખાન વિ. મંગલુ ૫ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનુ ૫૦.

૨. રેજાઈના વિ. ગન્દરસીંગ ૪ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું ૬.

૩. રેજાઇના વિ. બઝાઇ પંજાબ રેકરડઝ ૧૮૭૯ નુ ૨જુ.

૪. રેજાઈના વિ. વઝીરા ૧૭ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનુ ૫.

૫. રેજાઇના વિ. દાલસીંગ ૨૦ અ. ૧૬૬.

૬. રેજાઈના વિ. પીતાંબરસીંગ ૫ ક. ૫૬૬

૭. રેજાઈના વિ. સુબારાયન ૯ મ. ૯.

૮. સોબ્રાજી વિ. જંગલી ૨ કલકત્તા વીકલી નોટસ પાનુ ૨૪૫.

૯. રેજાઇના વિ. પોકનચંગ ૨ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનુ ૩૫.

કાંઇ પણ સમજાવ્યા અગર લાલચ આપ્યા વગર, અને પ્રતીવાદી પોતે તેમાં સામેલ રહ્યા વગર પોતાના ધણીનું ઘર છોડી પ્રતીવાદીને ત્યાં જાય, અને પ્રતીવાદી તેણીને પોતાની સાથે રહેવા દે તો આ કલમ પ્રમાણે ગુન્હો થશે નહી. જો કે તેણીને તેણીના ઘેર પાછી મોકલવાની તેની લૌકીક (moral) ફરજ છે તે પણ કાયદો એવું કહેતો નથી કે તેણે તેણીને પાછી મોકલવીજ જોઇએ, પણ તે તો માત્ર એટલુંજ કહેછે કે તેણે તેણીને લઇ જવી નહી. ૧

જે સ્ત્રી તેણીના ધણીના ઘરમાં અથવા તેણીના ધણીએ તેણીના વસવાટને (રહેવાને) સારૂ પોતાના ખરચે ભાડે રાખેલા ઘરમાં રહેતી હોય તે સ્ત્રી તે (ધણી) ની થોડા વખતની ગેરહાજરી દરમીઆન તેના રક્ષણ તળે રહેતી ગણાય છે, અને તેથી કરીને, જો પ્રતીવાદી જાણતો હોય અથવા તેને જાણવાને કારણ હોય કે જે માણસના રક્ષણમાંથી તે તેણીને લઈ ગયો હતો તે માણસની, અથવા જે માણસની તરફથી તે સ્ત્રીને તે જેની પાસેથી લઇ ગયો હતો તે સખસની સંભાળ તળે તે (સ્ત્રી) હતી તે માણસની તે સ્ત્રી હતી તો, અને વળી જો આકટમાં જણાવેલા ઇરાદાથી તે તેણીને લઇ ગયો હોય તો આ કલમના અર્થની અંદર તે કેસ આવશે. આ સીવાય બીજી રીતનો ઠરાવ કરવો તે ફોસલાવી લઇ જવાના ખરાબમાં ખરાબ કેસને આ પીનલ કોડ મુજબ વગર સજાએ જતા ઠરવાનું જાહેર કર્યા બરાબર થશે. ૨

એક કેસમાં એક કુટણી (ભડવાઈ કરનાર સ્ત્રી) એ એક ૨૦ વરસની પરણેલી સ્ત્રીને તેણીના ધણીનું ઘર છોડી જવાને લલચાવી, અને હકીકત ઉપરથી એવું માલમ પડતું હતું કે તે (સ્ત્રી) એ પોતાની મેળે જાણી બુઝીને પસંદગી કરી હતી, અને તેણીની પોતાની સ્વતંત્ર ખુશીથી, પોતાના ધણીનું ઘર છોડીને કલકત્તામાં વેશ્યા થવાનો (વેશ્યાનો ધંધો કરવાનો) તેણીએ નિશ્ચય કર્યો હતો. તેમાં હાઈકોરટે એવું ઠરાવ્યું કે તે કુટણીને ૩૬૬ મી કલમ પ્રમાણે મનુષ્યહરણ કરવાની ગુન્હેગાર ઠરાવી શકાય નહી, પરંતુ તે કુટણી આ કલમ પ્રમાણે પરણેલી સ્ત્રીને ફોસલાવી લઈ જવાના ગુન્હાની ગુન્હેગાર હતી, " કારણ કે તે સ્ત્રીની " છુપી ઇચ્છા ગમે તે હોય તો પણ જો કેદી સ્ત્રી (કુટણી) વચ્ચે પડી ન હોત તો તે સ્ત્રીને પોતાની ઈ-" ચ્છાઓ પાર પાડવાની કાંઈ પણ તક મળી હોત નહી. " ૩

" લઈ જાય ":--એક કેસમાં આ કલમ પ્રમાણે એક કેદી ઉપર એવું તહોમત મુકવામાં આવ્યું હતું કે તે કેદી અ નામની એક સ્ત્રીને લઇ ગયો તે સ્ત્રી તે વખતે એક મ નામના માણસની વહુ હતી, અને તે અ તે વખતે મ ની વહુ હતી એવું તે કેદી જાણતો હતો. તે કેદીનો એવો ઇરાદો હતો કે સદરહુ અ ની સાથે તે (કેદી) વ્યભિચારી વ્યવહાર ભોગવે, પુરાવ ઉપરથી જ્યુરીએ એવો અભીપ્રાય આપ્યો હતો કે સ્ત્રીએ પોતાને કેદીની સાથે જવા દેવાનું કેદીને કહ્યું હતું, બધી આજીજી તેણીએજ કરી હતી, અને કેટલાક વખત સુધી કેદીએ તેણીની વિનંતી સ્વીકારવાને ના પાડી હતી, પરંતુ છેવટે જ્યારે તેણીએ મ નું ઘર છોડયું, ત્યારે તે (કેદી) તેણીને મળ્યો, અને તેણીની સાથે રેલ્વે ઉપર ચાલ્યો ગયો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ કલમના અર્થની અંદર તે લઇ જવું થતું હતું, અને આ કલમ પ્રમાણેનો ગુન્હો સંપુરણ રીતે બન્યો હતો. આ કેસમાં ચીફ જસ્ટીસ સ્કોટલાન્ડે એવી ટીકા કરી હતી કેઃ—" જ્યારે સ્ત્રી તેણીના ધણીની "સાથે રહેતી હોય ત્યારે જો કોઇ માણસ જાણી જોઇને કલમમાં જણાવેલા ઈરાદાથી એવી રીતે તેણીને સાથે "લઇને જતો રહે કે જેથી કરીને (તેણીના) ધણીની તેણીના ઉપરની સત્તા રહે નહી તો હું ધારૂંછું કે તે " આ કલમના અર્થની અંદર ધણીની પાસેથી ' લઇ જવું ' થાય છે. તે કામમાં તે સ્ત્રીની સામેલગીરી "છીનાળાના તહોમતમાં જેટલી ધ્યાનમાં લેવા જોગ છે તે કરતાં આ કલમ પ્રમાણેના તહોમતમાં વધારે " ધ્યાનમાં લેવા જોગ નથી. " (અર્થાત બને તહોમતોમાં તે સરખી રીતે ધ્યાનમાં નહી લેવા યોગ્ય છે). ૪

" ફોસલાવી લઈ જવું "—ફોસલાવી લઇ જવામાં લાડ કરવાનું અને પટાવવાનું રહેલું છે. ૫

---

૧. રેન્જાઈના વિ. ઓલીફીઅર ૧૦ કોકસ કૃત ક્રીમીનલ કેસીસ પાનુ ૪૦૨.

૨. મુતીખાન વિ. મંગલુ ૫ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાને ૫૦ મે જસ્ટીસો જેકસન એન્ડ ગ્લોવરના ટીકા.

૩. રેન્જાઈના વિ. શ્રીમતીપોડી ૧ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું ૪૫.

૪. રેન્જાઈના વિ. કુમારસામી ૨ મદ્રાસ હાઇકોર્ટ રીપોટરસ પાનું ૩૩૧.

૫. રેન્જાઈના વિ. સુંદરદાસ ૪ મદ્રાસ હાઇકોર્ટ રીપોટરસ પાનું ૨૦.

જ્યાં સુધી ફોસલાવી લઈ જવાનું સાબીત થયું ન હોય ત્યાં સુધી ફોસલાવી લઈ જવામાં આવેલી સ્ત્રીને રોકી રાખવા બદલ આ કલમના પાછલા ભાગ પ્રમાણે તહોમતદારને ગુન્હેગાર ઠરાવી શકાય નહી. ૧

"**સંતાડી અથવા રોકી રાખે**":—આ કલમ પ્રમાણેના તહોમતમાં 'સંતાડી અથવા રોકી રાખે' એ શબ્દો કોઈ સ્ત્રીને તેણીના ધણીથી છુપી રહેવા અથવા સંતાઇ રહેવાને લલચાવવાને અથવા સમજાવવાને, અને તેમ કરવામાં તેણીને મદદ કરવાને, તેમજ તેણીની મરજીને અથવા કૃત્યને જબરાઈથી રોકી રાખવાને અથવા અટકાવવાને લાગુ પડે છે એમ સમજવું જોઇએ. વ્યભીચારી વ્યવહારના કારણસર ધણીની તેની વહુ ઉપરની સત્તા છીનવી લેવી તે આ ગુન્હાનું તત્વ છે, અને જેથી આવું સત્તાનું છીનવી લેવું થાય તેવું રોકી રાખવું લાલચ અને લાડના બળે કરીનેજ માત્ર થઇ શકે. ૨

"**એવી સ્ત્રી**"—આ કલમમાં વાપરાયેલા 'એવી સ્ત્રી' શબ્દોનો અર્થ એવો થતો નથી કે આ કલમમાં જણાવ્યા મુજબ લલચાવવામાં આવી હોય એવી સ્ત્રી; પણ તે શબ્દોનો અર્થ એવો થાય છે કે જે સ્ત્રી કોઇ બીજા માણસની સ્ત્રી છે એવું તહોમતદાર જાણતો હોય અથવા એવું માનવાનું તેને કારણ હોય તેવી સ્ત્રી આ કલમમાં વર્ણવેલા ખાસ ઇરાદાથી એવી સ્ત્રીને રોકી રાખવી તે આ કલમ પ્રમાણે સજાને પાત્ર કરેલા ગુન્હાઓમાંનો એક ગુન્હો છે.૩

આ કલમ પ્રમાણેના ગુન્હાની બાબતમાં ફરીઆદ કોણ લાવી શકે વિગેરે હકીકતના સબંધમાં ૪૯૭ મી કલમ નીચેની છેલ્લા ભાગની નોટમાં જુઓ.

અમુક સ્ત્રી પોતાની ખુશીથી તહોમતદારની સાથે જાય તેટલા ઉપરથી ગુન્હાઇત કૃત્ય માટેની તહોમતદારની જવાબદારી ઓછી થતી નથી. ૪ એક કેસમાં તહોમતદાર ઉપર ઈ. પી. કો. ક. ૩૬૩—૩૬૬ મુજબ તહોમત હતું. કેસની છેવટના ભાગમાં તેના ઉપર ક. ૪૯૮ મુજબનું તહોમત વધારવામાં આવ્યું તેમાં ઠરાવવામાં આવ્યું હતું કે તેમ કરવું ગેરકાયદે હતું.૫

બાબ ૨૧ મો.

આબરૂ લેવી બાબત.

આબરૂ લેવી.

૪૯૯. જે માણુસ બોલેલા અથવા વાંચવાને ઇરાદો રાખેલા શબ્દોથી અથવા કાંઇ ચીન્હો કે આકારોથી કોઇ શખસની બાબત કાંઇ આરોપ મુકે અથવા પ્રકટ કરે એવા ઇરાદાથી કે તે આરોપથી તે શખસની આબરૂને હાની પહોંચાડવી અથવા હાની પહોંચશે એવું જાણીને અથવા એવું માનવાનું કારણ છતાં તો તેણે તે શખસની આબરૂ લીધી એમ સમજવું પણ નીચેના અપવાદો મધેની બાબતોમાં એમ સમજવું નહી.

ખુલાસો ૧ લો—કોઇ મુએલા શખસની ઉપર કાંઇ આરોપ મુકવો એ આબરૂ લેવી થઇ શકે. જો તે આરોપ એવો હોય કે તેથી તે શખસ જીવતો હોય તો તેની આબરૂને હાની પહોંચે તથા એવા ઇરાદાથી તે આરોપ મુકયો હોય કે તેથી તે શખસના કુટુંબને અથવા પાસેના બીજા સગાઓને માઠું લાગે.

---

૧. રેંજાઈના વિ. ટીકાસીંગ ૩ અ. ૨૫૧.
૨. રેંજાઈના વિ. સુંદરાદાસ તીવાન ૪ મદ્રાસ હાઇકોર્ટ રીપોટરસ ૨૦.
૩. રેંજાઈના વિ. નીઆદર ૧૦ અ. ૫૮૦
૪. ૪ ઑાઅ્મે લૉ રિપોર્ટર પાનુ ૪૩૫.
૫. ઈ. લો. રિ. ૩૧ મુંબઈ ૨૧૮.

ખુલાસો ૨ જો—કોઈ કંપની અથવા મંડળી અથવા મનુષ્ય સમુદાય વીશે કાંઇ આરોપ મુકવો એ આબરૂ લેવી થઇ શકે.

ખુલાસો ૩ જો—વઇકલપીક રીતે અથવા વાજોકતીની રીતે મુકેલો આરોપ આબરૂ લેવી થઈ શકે.

ખુલાસો ૪ થો—જે આરોપ પોતેજ અથવા દવારાંતરે બીજાઓની નજરમાં જે સખશની નીતિ અથવા બુદ્ધિ વીશે હલકો વીચાર ઉત્પન્ન ન કરે અથવા જે શખસનું પોતાની જાતી અથવા ધંધા સબંધી માન ઓછું ન કરે અથવા જે શખસની સાખ ઓછી ન કરે અથવા જે શખસનું શરીર કંટાળો ઉપજાવે એવી હાલતમાં અથવા જે હાલત ઘણા માણસોના વીચાર પ્રમાણે શરમ ભરેલી ગણાય છે તેવી હાલતમાં છે એવું માનવાનું કારણ ન થઇ પડે તે આરોપથી તે શખસની આબરૂને હાની પહોચી એમ સમજવું નહિ.

દ્રષ્ટાંત--(**અ**) " જ ભલો માણસ છે તેણે કદી **બ** નું ઘડીયાળ ચોર્યું નથી, " એ પ્રમાણે **અ** બોલે એવા ઇરાદાથી કે જ એ **બ** નું ઘડીઆળ ચોર્યું એમ માનવામાં આવે તો એ આબરૂ લેવી છે પણ જો એકાદ અપવાદમાં એ દાખલ થાય તો નહી.

(**બ**) બ નું ઘડીઆળ કોણે ચોર્યું એવો સવાલ **અ** ને પુછતાં **અ** જ ની તરફ આંગળી કરે એવા ઈરાદાથી કે **બ**નું ઘડીઆળ જ એ ચોર્યું એમ માનવામાં આવે તો **અ** એ આબરૂ લેવી છે પણ જો એકાદ અપવાદમાં દાખલ થાય તો નહી.

(ક) **બ** નું ઘડીઆળ લઇને જ નાશી જતો હોય એવું **અ** એક ચીતર પાડે એવા ઇરાદાથી કે **બ** નું ઘડીઆળ જ એ ચોર્યું એમ માનવામાં આવે તો એ આબરૂ લેવી છે, પણ જો તે એકાદ અપવાદમાં દાખલ થાય તો નહિ.

લોક કલ્યાણાર્થે જે સાચો આરોપ મુકવો અથવા પ્રગટ કરવો જરૂર હોય તે તેની બાબત છે.

પહેલો અપવાદ—જે કાંઇ સાચી વાતનો આરોપ જે શખસની ઉપર મુકવો અથવા પ્રગટ કરવો લોક કલ્યાણાર્થે જરૂર હોય તે આરોપ મુકવો અથવા પ્રગટ કરવો એ આબરૂ લેવી છે એમ સમજવું નહિ તેમ કરવું લોક કલ્યાણાર્થે જરૂર છે કે નહિ એ હકીકતની બાબત છે.

સરકારી નોકરોની સરકારી અમલ સબંધીની ચાલ.

બીજો અપવાદ--પોતાનો સરકારી અમલ ચલાવવા સબંધીની કોઇ સરકારી નોકરની ચાલ બાબત, અથવા તે ચાલ ઉપરથીજ નજર આવતી તેની આબરૂ બાબત શુદ્ધ બુદ્ધિથી કાંઇ પણ અભીપ્રાય આપવો એ આબરૂ લેવી છે એમ સમજવું.

કાંઈ સાર્વજનીક વિષય સબંધી કોઈ પણ શખસની ચાલ.

ત્રીજો અપવાદ--કાંઇ સાર્વજનીક વિષય સબંધી કોઇ પણ શખસની ચાલ બાબત અથવા તે ચાલ ઉપરથીજ નજર આવતી તેની આબરૂ બાબત શુદ્ધબુદ્ધિથી કાંઇ પણ અભીપ્રાય આપવો એ આબરૂ લેવી એમ સમજવું નહિ.

દ્રષ્ટાંત—કાંઇ સાર્વજનીક વિષય સબંધી સરકારને અરજી કરવામાં અથવા કાંઇ સાર્વજનીક વિષય સબંધી એક મંડળી મેળવવાની દરખાસ્ત ઉપર સહી કરવામાં અથવા તે મંડળીમાં અથવા તે મંડળીના પ્રમુખ થવામાં અથવા લોકનો આશ્રય માગનારી કોઇ સભા ઉભી કરવામાં અથવા તેમાં સામીલ થવામાં અથવા જે જગાનું કામ સારી રીતે ચલાવવામાં લોકોનો ફાયદો

હોય એવી કોઇ જગાને કોઇ ઉમેદવારની તરફ સમન માગવા અથવા આપવામાં જ ની ચાલ સબંધી શુદ્ધ બુદ્ધિથી અ ગમે તે અભીપ્રાય આપે તો તે આબરૂ લેવી છે એમ સમજવું નહિ.

ઇનસાફની કોર્ટમાંના મુકદમાઓની હકીકત છાપવી.

ચોથો અપવાદ--કોઇ ઇનસાફની કોર્ટમાંનો અથવા તેવા કોઇ મુકદમાનો નીવેડાનો મતલબ બરાબર હોય એવો ખરેખરો હેવાલ જાહેર કરવો એ આબરૂ લેવી છે એમ સમજવું નહિ.

ખુલાસો—કોઇ ઇનસાફની કોર્ટમાં ચોકશી થતાં પહેલાં ખુલી કોર્ટમાં કોઇ સુલેહનો અમલદાર અથવા બીજો અમલદાર કાંઇ તજવીજ કરતો હોય તે ઉપલી કલમના અર્થ પ્રમાણેની કોર્ટ છે એમ સમજવું.

કોઇ ઇનસાફની કોરટ મધે ફેંસલ થએલા મુકદમાની કેફીયત અથવા તે માંહેલા સાહેદો તથા બીજા સબંધ રાખનારાની ચાલ.

પાંચમો અપવાદ—કોઇ ઇનસાફની કોર્ટમાં જે દીવાની કે ફોજદારી મુકદમાનો ફેંસલો થઇ ચુકયો હોય તે મુકદમાની કેફીયત બાબત અથવા એવા કોઇ મુકદમામા પક્ષકાર સાહેદ અથવા મુખ્તીઆર દાખલ કોઈ પણ શખ્સની ચાલ બાબત અથવા તે ચાલ ઉપરથીજ નજર આવતી તે શખ્સની આબરૂ બાબત શુદ્ધબુદ્ધિથી ગમે તે અભીપ્રાય આપવો એ આબરૂ લેવી છે એમ સમજવું નહિ.

દ્રષ્ટાંત--(અ) 'પેલા' મુકદમામાં જ એ આપેલી સાહેદી એવી ઉલટી છે કે મને એમ લાગે છે કે તે મુર્ખ અથવા અપ્રમાણીક હોવો જોઇએ, એ પ્રમાણે જો અ શુદ્ધબુદ્ધિથી કહે તો તે આ અપવાદમાં દાખલ થાય છે કેમકે જે અભીપ્રાય તે આપે છે તે સાહેદ દાખલ જ ની ચાલ ઉપરથીજ નજર આવતી જ ની આબરૂ બાબત છે.

(બ) પણ જો તે એ પ્રમાણે કહે કે તે મુકદમામાં જ એ જે કહ્યું તે હું ખરૂ માનતો નથી કેમકે હું જાણું છું કે એ અપ્રમાણીક માણુસ છે તો અ આ અપવાદમાં દાખલ થતો નથી કેમકે જ ની આબરૂ બાબત જે અભીપ્રાય તે આપે છે તે સાહેદ દાખલ જ ની ચાલ ઉપરથી આધાર રાખતો અભીપ્રાય નથી.

પ્રસિદ્ધ કૃતિના ગુણ દોષ.

છઠો અપવાદ—જે કૃતી તેના કર્તાએ લોકોના વિચાર પર રજુ કરી છે એવી કોઇ કૃતીના ગુણ દોષ વિષે અથવા તે કૃતીમાંજ નજર આવતી તેના કરતાની આબરૂ વિષે શુદ્ધબુદ્ધિથી કાંઇ પણ અભીપ્રાય આપવો એ આબરૂ લેવી છે એમ સમજવું નહિ.

ખુલાસો—કાંઇ કૃતી લોકના વિચાર પર સ્પષ્ટ રીતે રજુ થાય અથવા તેના કરતાના કામો ઉપરથી તે લોકોના વિચાર પર રજુ કરી એવું અનુમાન થઇ શકે.

દ્રષ્ટાંત--(અ) જે શખ્સ કોઇ પુસ્તક પ્રગટ કરે છે તે તે પુસ્તક લોકના વિચાર પર રજુ કરે છે.

(બ)—જે શખ્સ જાહેર રીતે કાંઇ ભાષણ કરે છે, તે ભાષણ લોકના વિચારપર રજુ કરે છે.

(ક)—જે નાટકવાળો અથવા ગાનારો લોકની આગળ નાટકમાં વેશ લઇને આવે તે પોતાની નાટકની અથવા ગાયનની કૃતી લોકના વીચાર પર રજુ કરે છે.

(ડ)—જ એ એક પુસ્તક પ્રગટ કર્યું તો તે વીશે અ એમ કહે છે કે "જ નું પુસ્તક એવકુફી ભરેલું છે માટે જ મંદબુદ્ધિ હોવો જોઇએ. જ નું પુસ્તક બીભસ્ત છે માટે જ નઠારા

મનનો માણસ હોવો જોઇએ હવે જો એ પ્રમાણે અ શુદ્ધબુદ્ધિથી કહેતો હોય તો તે આ અપવાદમાં દાખલ થાય છે કેમકે જ બાબત જે અભીપ્રાય તે આપે છે તે ફક્ત જ ના પુસ્તકમાંજ નજર આવતી જ ની આબરૂ બાબત છે.

(ઇ)—પણ જો તે એમ કહે કે "જ નું પુસ્તક બેવકુફી ભરેલું તથા બીભસ્ત છે એ જોઇને મને કંઇ આશ્ચર્ય લાગતું નથી કેમકે તે જાતેજ મંદબુદ્ધિ તથા સોદો છે, તો અ આ અપવાદમાં દાખલ થતો નથી કેમકે જ ની આબરૂ બાબત જે અભીપ્રાય તે આપે છે તે જ ના પુસ્તક ઉપર આધાર રાખતો અભીપ્રાય નથી.

જે શખસનો બીજા શખસની ઉપર કાયદા પ્રમાણે અખ્તીયાર છે તેણે શુદ્ધબુદ્ધિથી બીજા શખસને દીધેલો ઠપકો.

સાતમો અપવાદ—જે શખસને કોઇ બીજા શખસની ઉપર કાયદાએ આપેલો કાંઈ અખ્તીઆર હોય અથવા તે બીજા શખસની સાથે કરેલા કાંઇ કાયદેસર કરારનામાથી નીકળતો અખ્તીઆર હોય તે શખસ જે બાબતોને કાયદેસર અખ્તીઆર છે તે બાબતોમાં તે બીજા શખસની ચાલ સબંધી શુદ્ધબુદ્ધિથી કાંઇ ઠપકો દે તો તે આબરૂ લેવી છે એમ સમજવું નહિ.

દ્રષ્ટાંત—જે જડજની કોઇ સાહેદની અથવા કોર્ટની કોઇ અમલદારની ચાલ સબંધી શુદ્ધબુદ્ધિથી ઠપકો દે તે કોઇ ખાતાનો ઉપરી પોતાના હુકમ તળેના માણસને શુદ્ધબુદ્ધિથી ઠપકો દે તે મા અથવા બાપ પોતાના છોકરાને બીજા છોકરાઓના દેખતાં શુદ્ધબુદ્ધિથી ઠપકો દે તે કોઇ મહેતાજી જેનો અખત્યાર મા અથવા બાપથી મળેલો છે તે કોઇ નીશાળીઆને બીજા નીશાળીઆઓના દેખતાં શુદ્ધબુદ્ધિથી ઠપકો દે કે નોકરીમાં આળસ કરવા સારૂ કોઇ શેઠે પોતાના ચાકરને શુદ્ધબુદ્ધિથી ઠપકો દે કે કોઇ શરાફ પોતાની પેઢીના કીલીદારને તે કીલીદારની કીલીદારી બાબતની કાંઇ ચાલને વાસ્તે શુદ્ધબુદ્ધિથી ઠપકો દે તે એ સઘળા આ અપવાદમાં દાખલ થાય છે.

કાયદા પ્રમાણે અખ્તીયાર પામેલા શખસની આગળ શુદ્ધબુદ્ધિથી મુકેલું તહોમત.

આઠમો અપવાદ—કોઇ પણ શખસની ઉપર તહોમતની બાબતમાં તે શખસની ઉપર જે શખસોનો કાયદા પ્રમાણે અખ્તીઆર હોય તે શખસોમાંના કોઇ શખસની આગળ શુદ્ધબુદ્ધિથી કાંઇ તહોમત મુકવું એ આબરૂ લેવી છે એમ સમજવું નહિ.

દ્રષ્ટાંત—જો અ કોઇ માજીસ્ત્રેટની આગળ જ ની ઉપર શુદ્ધબુદ્ધિથી કાંઇ તહોમત મુકે, જો અ કોઇ જ ચાકરની ચાલ બાબત જ ના શેઠની આગળ શુદ્ધબુદ્ધિથી ફરીઆદ કરે તો આ અપવાદમાં દાખલ થાય છે.

કોઇ શખશે પોતાનો લાભ જાળવવા શુદ્ધબુદ્ધિથી મુકેલો આરોપ.

અપવાદ નવમો—બીજાની આબરૂપર કાંઇ આરોપ મુકવો એ આબરૂ લેવી ન ગણાય પણ કયારે કે તે આરોપ મુકનાર સખશ પોતાનો અથવા કોઈ બીજા શખસનો લાભ જાળવવાને અથવા લોક કલ્યાણાર્થે શુદ્ધબુદ્ધિથી તે આરોપ મુકતો હોય તો.

દ્રષ્ટાંત—(અ) એક દુકાનદાર પોતાના ગુમાસ્તા બ ને એ પ્રમાણે કહે કે જ રોકડાં નાણાં તેને ન આપે તો તેને કાંઇ માલ તું વેચીશમાં કેમકે તેના પ્રમાણીકપણા વીશે મારો વીચાર સારો નથી. હવે જો પોતાનો લાભ જાળવવા સારૂ શુદ્ધબુદ્ધિથી અ એ જ ની ઉપર આ આરોપ મુકયો હોય તો અ આ અપવાદમાં દાખલ થાય છે.

(બ) આ એક માજીસ્ટ્રેટ પોતાના ઉપરી અમલદારને રીપોર્ટ કરવામાં જ ની આબરૂ બાબત કાંઇ આરોપ મુકે હવે શુદ્ધબુદ્ધિથી લોકકલ્યાણાર્થે તે આરોપ મુકયો હોય તો આ આ અપવાદમાં દાખલ થાય છે.

દસમો અપવાદ—ફલાણાથી હોંશીયાર રહેજે એવી શુદ્ધબુદ્ધિથી કોઈ શખસને સુચના આપવી એ આબરૂ લેવી ગણાય નહિ પણ કયારે કે જે શખસને તે સુચના આપી હોય તે સખશનો અથવા જે સખશની સાથે તેનો સંબંધ હોય એવા કોઇ શખસનો ફાયદો થાય એવા ઇરાથી અથવા લોકકલ્યાણના ઇરાદાથી તે સુચના કરી હોય તો,

સુચના જે શખસને આપી હોય તે શખસનો ફાયદો થાય એવા ઇરાદાથી અથવા લોકકલ્યાણાર્થે આપી હોય તો.

ટીકા—પીનલકોડ ઘડી કાઢનારાઓ આ કલમના સંબંધમાં નીચે મુજબ ખુલાસો કરે છે:—આબરૂ લેવા (બદનક્ષી કરવા) ના ગુન્હાનું તત્વ, જે માણસ પોતાના જાત-ભાઈઓના પ્રતીકુળ ઉલટા વિચારોનો પોતે વિષય થઇ પડયો છે એવું જાણતો હોય તેવા માણસને જેવા પ્રકારનું દુ:ખ લાગે તેવા પ્રકારનું દુ:ખ ઉત્પન્ન કરવાની તેની વલણમાં, અને જે માણસ આવા પ્રતીકુળ વિચારોનો વિષય થઇ પડયો હોય તે માણસને જે જે અગવડો વેઠવી પડે તે તે અગવડો ઉત્પન્ન કરવાની તેની વલણમાં રહેલું છે. ૧

આ ગુન્હો બનવાને સારૂ એ જરૂરનું નથી કે એવું બતાવનારો પુરાવો હોવો જોઈએ કે આવી કહેવાતી બદનક્ષીથી ફરિયાદીને નુકસાન થાય તેવી રીતે અસર થઇ હતી. એટલુંજ બસ છે કે એવો ઇરાદો હોવો જોઇએ કે જે માણસે કાંઈ પણ આરોપ મુકેલો અથવા પ્રગટ કરેલો હોય તે માણસે આવા શખસને (ફરીયાદીને) હાંની પોચાડવાના ઈરાદાથી, અથવા આવો આરોપ તે શખસની આબરૂને હાંની પોચાડશે એવું જાણીને અથવા એવું માનવાનું કારણ હોવા છતાં એ પ્રમાણે કર્યું હતું. ૨

" બોલેલા અથવા વાંચવાને ઈરાદો રાખેલા શબ્દો ":—લખીત બદનક્ષી અથવા મોઢેથી બોલેલી બદનક્ષીની વચ્ચે પીનલકોડમાં કાંઈ પણ ભેદ રાખ્યો નથી.૩

બદનક્ષી ભરેલા શબ્દો એવી સ્થીતીની અંદર વાપરેલા હોવા જોઇએ કે જેથી તહોમતદારના મનમાં વ્યાજબી ધાસ્તી ઉત્પન્ન થાય કે તેની આબરૂને હાની પોહોચી છે, અને જેથી આવા માનવાને પરિણામે તેને દુ:ખ ઉપજે. ૪

જ્યારે આરોપવાળા શબ્દો લખાણમાં (લેખી) હોય છે, ત્યારે એ જરૂરનું છે કે આરોપ મુકનારનો એવો ઈરાદો હોવો જોઈએ કે તે શબ્દો વંચાય, અર્થાત, જે માણસની બદનક્ષી કરવામાં આવી હોય તે માણસ સીવાય બીજા કોઇ માણસથી તે શબ્દો વંચાય, અથવા બીજા શબ્દોમાં બોલીએ તે શબ્દો પ્રસીદ્ધ થાય, કારણ કે આ ગુન્હાનું તત્વ આબરૂને હાની પોચાડવાના ઇરાદામાં રહેલું છે, અને તેમાં અવશ્ય કરીને આરોપને પ્રસીદ્ધિ આપવાની જરૂર છે.૫

બોલેલા શબ્દો વખાણના શબ્દો પણ હોય, પરંતુ જો તેઓ એવી રીતે ઉચ્ચારવામાં આવ્યા હોય કે જે તે શબ્દોના અર્થોથી ઉલટોજ અરથ બતાવવાનો તેમનો ઈરાદો માલમ પડે તો તેઓ બદનક્ષી ભરેલા થશે. જસ્ટીસ બુલર આના સંબંધમાં ટીકા કરે છે કે "આવી જાતના પ્રસંગો વખતે લૉર્ડ મેન્સફીલ્ડે જ્યુરીના ગૃહસ્થોને વારમવાર જે નિયમ જણાવ્યો છે તે નિયમ કરતાં બીજો કોઇ નિયમ મેં કદી લાગુ પાડયો નથી; તે એ છે કે સાધારણ સમજના માણસો તરીકે બદનક્ષી જણાવવામાં આવતો હોય

---

૧. પીનલકોડ ઘડી કાઢનારાઓની નોટ ૨. પાનુ ૧.
૨. રેજાઇના વિ. ગોવિન્દ પ્રસાદ ૫ કલકત્તા વિકલી નોટસ પાનું ૮૧૯.
૩. રેજાઇના વિ. મહંત પરસોરામ ૨ સધરલાન્ડઝ વિકલી રીપોરટર પાનુ ૩૬
૪. પરવથી વિ. મનાર ૮ મ. ૧૭૫
૫. રેજાઇના વિ. તાકીહુસેન ૭ અ. ૨૨૨

તે કાગળ વાંચવાની અને તેથી (વાંચવાથી) તેમના મનમાં આરોપ મુકેલો વિચાર આવે છે કે કેમ તે કહેવાની તેમને (જ્યુરીના ગૃહસ્થોને) ભલામણ કરવી."૧

તેજ પ્રમાણે કોઈ પણ શબ્દો ચીન્હો અથવા આકારોનો એ અર્થ લેવાય છે કે જે સાધારણ સમજના માણસો કે જેઓને તે (શબ્દો આકારો અથવા ચીન્હો) સમજવાને શક્તિવાન થાય તેટલી માહીતી મળી હોય તેમને લાગતો હોય આજ અર્થ ફરિયાદીના કેસમાં લાગુ પાડવામાં આવશે, અને તહોમતદારને તેણે જે કહ્યું અથવા કર્યું તેથી આખી દુનિઆ જે સમજતી હોય તેનાથી જુદોજ કુદરતી ન હોય તેવો કોઇ પણ અર્થ બતાવવામાં આવશે નહી. ૨

આ નિયમોનું ઘણું સારૂ દૃષ્ટાંત **મોન્સન. વિ. ટુસોડ** નો કેસ છે.

બંદુક મારવા નીકળેલા કેટલાક માણસોની એક ટોળીમાં એક લેફ્ટેનન્ટ હેમ્બરગ નામનો માણસ હતો જેના માથામાં ગોળી વાગી તે મરી ગયેલો માલમ પડયો હતો. તેનુ ખુન કરવા બદલ મી. મોન્સન નામના એક માણસના ઉપર સ્કોટલાન્ડમાં કામ ચલાવવામાં આવ્યુ હતુ. ફરિયાદ પક્ષનુ કહેવું એવું હતુ કે મી. મોન્સને તેને ગોળીથી મારી નાંખ્યો હતો; તહોમતદાર પક્ષનું કહેવું એવુ હતુ કે તેની બંદુક અકસ્માતથી ફુટી જવાથી તેનું મરણ નિપજ્યું હતુ. જ્યુરીએ "સાબીત થતુ નથી" એવો અભીપ્રાય આપ્યો હતો, જેનો અર્થ એવો હતો કે કેદી નિરદોષ હતો કે ગુન્હેગાર તે બાબતમાં તેમનું મન ચોકસ નિર્ણય ઉપર આવતુ નહોતું. આ કેસનો તહોમતદાર ટુસો એક પ્રસીદ્ધ મીણના પુતળાના પ્રદરશનનો માલીક હતો. ભયના ઓરડા તરીકે ઓળખાતા ઓરડાની જોડેના ઓરડામાં તહોમતદારે મી. મોન્સનને દરશાવતી આકૃતી ખડી કરી દીધી, અને તેની પાસે એક બંદુક પડી હતી તેજ ઓરડામાં તેની સાથે પેહેલા નેપોલીયનની આકૃતી મીસીસ મેબીક, એક સજા પામેલી ખુની સ્ત્રીની આકૃતી, પીગટ એક જુઠા સોગન ખાનાર અને આપઘાત કરનાર શાહેદની આકૃતી, અને સ્કોટ કે જેના ઉપર તે ખુનમાં મોન્સનના મદદગાર તરીકે તહોમત મુકવામાં આવ્યું હતું તેની આકૃતી, એ પ્રમાણે બીજી આકૃતીઓ હતી. ભયના ઓરડામાં ખુનીઓ અને ખુનીની સાથે સબંધ ધરાવતી વસ્તુઓ દરશાવવામાં આવતી હતી તે ઓરડામાં જે જગ્યાએ લેફ્ટેનન્ટ હેમ્બર્ગનું મુડદુ જડી આવ્યું હતું તે જગ્યાનો ચીતાર, "આરડ લામન્ટનો છુપો ભેદ કરૂણાજનક બનાવનો દેખાવ" એવા વર્ણન સાથે દર્શાવવામાં આવ્યો હતો. મી. મોન્શને ટુસો ઉપર ફરિયાદ કરી, એવું જણાવીને કે આખા દેખાવથી તેની સામે બદનક્ષી કરવામાં આવી હતી. કેસ ચાલ્યો તે વખતે ચીફ જસ્ટીસ લોરડ રસલે જ્યુરીને ચારજ આપતી વખતે કહ્યું કે "તે દેખાવ સ્પષ્ટ અને ભુલ ન થાય તેવી "રીતે એવું બતાવતો હતો કે આ મોન્શન છે, કે જે માણસના ઉપર સ્કાટલાન્ડમાં જ્યુરીની મારફતે "સેસીલ હેમ્બરગનું ખુન કરવા બદલ કામ ચલાવવામાં આવ્યું હતું, જે તે ગુન્હાનો નિરદોષ ઠર્યો નહોતો, "અને જેની સામે સાબીત થતું નથી એવોજ અભીપ્રાય માત્ર આપવામાં આવ્યો હતો, એમાં કોઇ પણ "માણસને શંકા રહી શકે ? જો તેનો તેવોજ અર્થ થતો હોય અને તેનો બીજો કોઈ પણ અર્થ થઇ શકે "નહી તો જ્યુરીને એવું કહેવામાં કાંઈ પણ આંચકો રહે કે તે બદનક્ષી ભરેલી પ્રસિદ્ધી હતી."૪

" મુકે અથવા પ્રગટ કરે ":—જે કોઈ માણસ બદનક્ષી રચે (બનાવે), લખાવે, લખે અથવા બીજી કોઈ પણ રીતે બદનક્ષી કરવામાં મદદ કરે તેવો દરેક માણસ બદનક્ષી કરનારો છે. બદનક્ષી ભરેલી બાબત પ્રગટ કરવી જોઇએ, એટલે કે, જે માણસને તે બદનક્ષી વાળી બાબત કહેવામાં આવી હોય (addressed) તે માણસ સિવાય બીજા કોઈ માણસને તે જણાવેલી હોવી જોઇએ. જે માણસથી બદનક્ષી કરવામાં આવી હોય તે માણસનેજ માત્ર બદનક્ષીવાળી બાબત બંધ કરેલા પાકીટમાં જણાવવી તે પ્રગટ કરવું થતું નથી.૫

---

૧. રેકસ વિ. વોટસન ૨ ડરન ફરડ એન્ડ ઈસ્ટ કૃત ટરમ રીપોરટસ પાનુ ૨૦૬

૨. રેજાઇના વિ. રામાનન્દ ૩ અ. ૬૬૪

૩. (૧૮૯૪) કવીન્સ બેન્ચ પાનુ ૬૭૧

૪. ૧૮૯૫ ના જાન્યુઆરીની ૩૧ મી તારીખનાં 'ડેલીગ્રાફીક' માં આ કેસ નોંધવામાં આવેલો છે.

૫. રેજાઈના. વિ. ટાંકી હુસેન. ૭ અ. ૨૦૫; રેજાઇના. વિ. સદાશિવ આત્મારામ. ૧૮ મુ.૨૦૫

મુંબાઇ હાઈકોર્ટે એવું ઠરાવ્યું છે કે કોઈ માણસને માત્ર નોટીસ મોકલવી જો કે તેમાં બદનક્ષી ભરેલું લખાણ હોય તો પણ, "જે માણસને તે (નોટીસ) મોકલવામાં આવી હોય તે માણસની આબ-"રૂને હાની પહોચાડવાના ઇરાદાથી, અથવા તે માણસની આબરૂને તે (આરોપ)થી હાની પહોચશે એવું "જાણીને અથવા એવું માનવાનું કારણ હોવા છતાં" તે આરોપ મુકવા અથવા પ્રગટ કરવા બરાબર છે એવું ઠરાવી શકાય નહિ. અને તહોમતદાર કે જેણે જુઠી આરોપવાળી આ નોટીસ મોકલાવી હતી તે બદનક્ષી કરવાનો ગુન્હેગાર નહોતો. ૧

કોઈ માણસના સબંધમાં બદનક્ષી ભરેલી બાબત જેની અંદર હોય તેવી અરજી કોરટમાં દાખલ કરવી એવા ઇરાદાથી કે તે બીજા માણસોથી વંચાય તે પ્રગટ કરવું થાય છે.૨ તેજ પ્રમાણે એક પોસ્ટ કારડ ઉપર બદનક્ષી ભરેલું લખાણ કરીને કોઈના ઉપર મોકલવું તે, ૩ તેમજ તેવું લખાણ કાગળો ઉપર છાપીને તે છુટા હાથે વહેંચવા તે૪ પ્રગટ કરવું થાય છે.

જે માણસની બદનક્ષી કરવામાં આવી હોય તે માણસની વહુ ઉપર તેની બદનક્ષીવાળું લખાણ મોકલવું તે પ્રગટ કરવું થાય છે,૫ પરંતુ કોઇ માણસ પોતાની વહુની આગળ બીજાની બદનક્ષી કરે તે પ્રગટ કરવું ગણાતું નથી.૬ કેમકે ધણી ધણીઆણીને ઇંગ્રેજી કાયદાએ એકજ માનેલા છે.

આ કલમ બીજા અથવા ત્રીજા (બીજી વાર અથવા ત્રીજી વાર) પ્રગટ કરવાની તરફેણમાં અપવાદ બતાવતી નથી. પેહેલાંની સાથે સરખાવતાં જે આગળ પ્રગટ કરેલું હોય તેનુ ફરીથી પ્રગટ કરવુંજ માત્ર તે છે.૭

વર્તમાન પત્ર પ્રસિદ્ધ કરનાર તેના વર્તમાન પત્રમાં બદનક્ષી ભરેલી બાબત પ્રસિદ્ધ કરવા બદલ, તે વરતમાન પત્રની અંદરના વિષયોની તેને જાણ હોય કે ના હોય તો પણ જવાબદાર છે.૮

૧૮૬૭ ના ૨૫ મા આકટની ૫ મી કલમ પ્રમાણે એક વર્તમાન પત્રના અધીપતીએ કરેલી કબુલત (પ્રતીજ્ઞા) ની સાક્ષીઓવાળી નકલ જેમાં એવી મતલબનું લખાણ હોય કે તે વર્તમાન પત્રનો તે છાપનાર અને પ્રસીદ્ધ કરનાર હતો તે જો વિરૂદ્ધ પુરાવો ન હોય તો અધીપતીએ પ્રગટ કરવાનો દેખીતો પુરાવો છે. જો અધીપતી એવું સાબીત કરે કે તેની ગેરહાજરીમાં અને તેની માહીતી વગર બદનક્ષીવાળું લખાણ પ્રગટ કરવામાં આવ્યું હતું, અને તેની ગેરહાજરી દરમીઆન કોઈ યોગ્ય માણસને તેણે થોડા વખતને માટે વહીવટ શુદ્ધ બુદ્ધિથી સોંપ્યો હતો તો તે તેના ઉપર મુકેલા તહોમતની સામે પુરતો બચાવ થશે.૯

બદનક્ષી કરનારની સાથે સંબંધ નહી ધરાવનાર માણસને (જાણમાં આવે તેમ) પ્રસીદ્ધિ કરેલી હોવી જોઈએ. પરંતુ જ્યાં ઘણાં માણસો બદનક્ષી કરવાના કૃત્યમાં સામેલ થાય, દાખલા તરીકે જ્યાં એક માણસ બદનક્ષીવાળી હકીકત જણાવે, બીજો તે લખી લે, ત્રીજો માણસ તે લઇ જાય, અને ચોથો તે હકીકત છાપે, ત્યાં દરેક માણસ પ્રકટ કરવાનો ગુન્હેગાર થાય છે. પરંતુ જે માણસ આખા વ્યવહારનો એક ભાગ અમલમાં મુકવામાં નીર્દોષ (અજાણપણે) મદદગાર હોય તે માણસને આ લાગુ પડતું નથી; દાખલા તરીકે, એક પોર્ટર (મજુર) કે જે બદનક્ષી ભરેલાં હેન્ડબીલો (સુચીપત્રો) તેમની અંદરની હકીકત જાણ્યા વગર લઈ જાય તે મજુર અથવા એક માત્ર છાપાં વેચનારો કે જે તે છાપાંની અંદરના વિષયો જાણતો નથી, અથવા જાણવાને કારણ નથી તે. ૧૦

---

૧. રેંજાઈના. વિ. સદાશીવ આત્મારામ. ૧૮ મુ ૨૦૫.
૨. અબદુલ હકીમ વિ. તેજ ચન્દર. ૩ અ. ૮૧૫.
૩. રેંજાઇના. વિ. શ્રી વિદાય ૬ મ ૩૮૧.
૪. થી આગરાય. વિ. ક્રીષ્ણશામી. ૧૫ મ. ૨૧૪
૫. વેન્મેલ. વિ. આરકી. ૧૩ કોમન બેન્ચ રીપોટરસ પાનુ. ૮૩૬.
૬. વેન્હાક વિ. મોરગન લો રીપોરટસ, ૨૦ કવીન્સ બેન્ચ ડીવીઝન પાનુ ૬૮૫.
૭. રેંજાઈના વિ. હાવરડ. ૧૨ મુ. ૧૬૭
૮. રેંજાઇના. વિ. મેકલીઓડ. ૩ અ. ૩૪૨.
૯. રામસામી વિ. લોકનાદ ૯ મ. ૩૮૭.
૧૦. ઇમેન્સ વિ. પોટલ લો. રીપોર્ટસ ૧૬ કવીન્સ બેન્ચ ડીવીઝન પાનું ૩૫૪.

બદનક્ષીની વ્યાખ્યા બે વર્ગના લોકોને લાગુ પડે છેઃ—(૧) જે માણસો બદનક્ષી કરે છે તે; (૨) અને જે માણસો બીજાએ કરેલી બદનક્ષી ફેલાવે છે તે, પરંતુ બેમાંથી એકે કેસમાં જ્યાં સુધી બદનક્ષીવાળા શબ્દો કોઇ બીજા માણસને જણાવવામાં આવ્યા ન હોય ત્યાં સુધી કાંઈ પણ બદનક્ષી થતી નથી.૧

જે માણસ આરોપ પ્રગટ કરે તે માણસ અવશ્ય કરીને આરોપ મુકનાર માણસ હોવાની જરૂર નથી. જે માણસ આરોપ પ્રગટ કરે તે, અને જે માણસ આરોપ મુકે તે, બંને સરખી રીતે ગુન્હેગાર છે. ૨

એક કેસમાં એક નાતના પટેલે (શેઠે) તે નાતના એક અમુક માણસ ઉપર એક નોટીસ કાઢી, અને તેમાં તેને એવું જણાવ્યું કે તેની છોકરીએ અમુક માણસની સાથે છીનાળુ કર્યું હતું એવી નાતને ફરિયાદ થઈ હતી, અને તેની છોકરીની ચાલચલગત સારી છે એમ બતાવી આપવા સારૂ તેની છોકરીને લઇને નાતની આગળ હાજર થવાનું તેને ફરમાવ્યું. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે નોટીસ આપવાથી બદનક્ષીનું તહોમત આણવાનુ કારણ ઉત્પન્ન થતું નહોતુ. ૩

એક કેસમાં બદનક્ષી કરવાના તહોમતમાં એવું માલમ પડયું હતું કે જે બદનક્ષીવાળી બાબતવિષે ફરિયાદ કરવામાં આવી હતી, તે બદનક્ષીવાળી બાબત તહોમતદારે પંજાબના લેફ્ટેનન્ટ ગવર્નરને કરેલી તહોમતદારની પોતાની સહીવાળી અરજીમાં જણાવેલી હતી, તે અરજીમાં જણાવેલાં તહોમતોની સત્યતા વિષે અમ્રીતસરના દેશી ગ્રહસ્થોથી તેમજ ત્યાં વેહેપાર કરનારા બે માણસોથી તપાસ કરવાની તે અરજીમાં લેફ્ટેનન્ટ ગવર્નરને વિનંતી કરવામાં આવી હતી; અને આ વિનંતીને પરીણામે તે બદનક્ષી ભરેલું લખાણ અમ્રીતસર મોકલવામાં આવ્યું હતું. અને ત્યાં પ્રગટ થતું હતું. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે અમ્રીતસરની કોર્ટોને તે કેસ ચલાવવાની હકુમત હતી. ૪

કલકત્તા કે જ્યાં એક વર્તમાનપત્ર પ્રગટ થતું હોય ત્યાંથી બદનક્ષી ભરેલા લખાણવાળુ તે વર્તમાનપત્ર અલાહબાદ તે પત્રના ગ્રાહક ઉપર ટપાલ માર્ગે મોકલવું તે આવું બદનક્ષી ભરેલું લખાણ અલાહબાદમાં પ્રગટ કરવું થાય છે. ૫

એક વર્તમાનપત્રનો અધીપતી કે જે પોતાનું પત્ર એક ગામમાં છાપે, અને તેને ટપાલ માર્ગે બીજે ગામ મોકલે તે તેના વર્તમાનપત્રમાં બદનક્ષી ભરેલા આરટીકલ (વિષય) ને માટે બંને ગામમાં જવાબદાર થાય છે. ૬

બદનક્ષીનું તહોમત સાબીત કરવા સારૂ એ બતાવવાની જરૂર નથી કે મુકેલા નિંદા યુક્ત આરોપથી સીધી અથવા આડકતરી રીતે ફરિયાદીને ખરેખર ખમવું પડયું હતું. એટલુંજ બતાવવું બસ છે કે તહોમતદારે મુકેલા આરોપથી ફરીયાદીની આબરૂને હાની પોચશે એવો તે તહોમતદારનો ઇરાદો હતો, અથવા એવું તે જાણતો હતો, અથવા એવું માનવાને તેને કારણ હતું. ૭

" હાંની ":—આ શબ્દને જે અર્થ લાગુ પાડવાનો છે તે તેનો સાધારણ રીતે વપરાતો અર્થ નથી. 'હાંની' નો અર્થ જેથી બીજા માણસોના અભીપ્રાયમાં કોઇ માણસ હલકો પડે તેવી રીતે બીજા માણસોને કહેલો અને જણાવેલો તે માણસની ચાલ ચલગત ઉપરનો આરોપ એવો થાય છે; અને જે કાંઇ આરોપ તેના પોતાના વીચાર પ્રમાણેજ માત્ર તેને હલકો પાડે તેવો આરોપ બદનક્ષીનો ગુન્હો બનતો નથી. ૮

---

૧. મોરગન્સ ઇન્ડીયન પીનલકોડ.

૨. રેંજાઇના વિ. જનારધન દામોદર ૧૯ મું. ૭૦૩.

૩. રેંજાઇના વિ. ભીકાજી ગોવિન્દ મુંબાઇ હાઈકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ સને ૧૮૮૮ નું ૩૯ મું.

૪. રેંજાઇના વિ. મોહેશદાસ ૨૦ પંજાબ રેકરડઝ સંને ૧૮૮૫ નું ૪૪ મું.

૫. રેંજાઈના વિ. મેકલીઓડ ૩ અ. ૩૪૨; રેંજાઈના વિ. કાલીદાસ મીતર ૫ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૪૪.

૬. રેંજાઇના વિ. ગીરજાશંકર કાશીરામ ૧૫ મું. ૬૨૮.

૭. રેંજાઈના વિ. ઠાકુરદાસ ૬ નોર્થ-વેસ્ટ પ્રોવીન્સીસ હાઇકોર્ટ રીપોર્ટસ પાનું ૮૬.

૮. રેંજાઇના વિ. ટીકાહુસેન ૭ અ. ૨૦૫ માં જસ્ટીસ મહમુદના ટીકા.

ખુલાસો પહેલો:—ગુજરી ગયેલા માણસના કુટુંબને જાણીબુજીને દુઃખ ઉપજાવવાને સારૂ તે ગુજરેલા માણસના દુર્ગુણો બાહાર જાહેરમાં લાવવા તે ગુન્હા ભરેલું થશે; પરંતુ કોઈ પણ હકીકત, પછી તે ગમે તેટલી હાંની કર્ત્તા હોય તોપણ, જો તે શુદ્ધબુદ્ધિથી લખતાં ઈતીહાસ અથવા જન્મ ચરીત્રની દરમીઆનમાં જણાવેલી હોય (કે જે ઈતીહાસ અથવા જન્મ ચરીત્રનો વિષય જેનો ઈતીહાસ અથવા જન્મ ચરીત્ર લખાતું હોય તે માણસ ગુજરી ગયેલો હોય) તો ગુન્હેગારી ભરેલી થશે નહી. ગુજરી ગયેલા માણસને લગતી બદનક્ષીવાળી બાબતને આ ખુલાસાની સરતોની અંદર આણવાને સારૂ; મરનારે એ બાબત ફરિયાદ કરી હોત એ સાબીત કરવું જોઈએ એટલુંજ નહી પણ તે બાબત તેનાં જીવતાં રહેલાં સગાને અપમાન આપવાના ઇરાદાથી લખવામાં અથવા બોલવામાં આવી હતી એવું પણ સાબીત કરવું જોઇએ. ૧

આ ખુલાસાના સંબંધમાં મુંબાઈની હાઇકોર્ટે એવું ઠરાવ્યું છે કે જો કે ગુજરી ગયેલા માણસની બદનક્ષી કરવા બદલ ફોજદારી ફરીયાદ ચાલી શકે તો પણ તે બાબતમાં નુકશાની મેળવવાનો દીવાની દાવો ચાલી શકશે નહી. આ પ્રમાણે એક કેસમાં એક ગુજરી ગયેલા હિન્દુના વારસ અને નજીકના સગાએ તે મરનાર વિષે કોઈએ કહેલી બદનક્ષીવાળી બાબતના સંબંધમાં તે કહેનાર ઉપર દાવો કર્યો, અને તેમાં એવું જણાવ્યું કે તે મરનારના કુટુંબના એક માણસ તરીકે વાદીને તેથી નુકશાન થયું હતું તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે દાવો ચાલી શકતો નહોતો. ૨

ખુલાસો બીજો:—" કોઈ મંડળ અથવા કંપનીને બદનક્ષી (libelor Slander) બદલ દાવો " લાવવાને શક્તિવાન કરવાને સારૂ જે શબ્દો બાબત ફરિયાદ કરવામાં આવી હોય તે શબ્દો એ જે વ્યક્તિઓ " (જુદા જુદા માણસો)નું તે મંડળ અથવા કંપની બનેલી હોય તે વ્યક્તિઓથી ભીન્ન રીતે તે મંડળ" ને અથવા કંપનીને, નુકશાન થાય તેવી રીતે અસર કરેલી હોવી જોઈએ. ખુનના, અથવા નજીકનાં સગાંની " સાથે વ્યભિચારના, છીનાળાના તહોમતની બાબતમાં મંડળ અથવા કંપની ઉપર દાવો ચાલી શકે નહી, " કેમકે મંડળ અથવા કંપની તે ગુન્હાઓ કરી શકેજ નહી. જે શબ્દો વિષે ફરિયાદ કરવામાં આવી હોય " તે શબ્દોથી મંડળ અથવા કંપની ઉપર તેનું કામકાજ ચલાવવાની રીત વીષે હુમલો થયેલો હોવો " જોઇએ, દગલબાજી અથવા ગેરવ્યવસ્થાનું તેના ઉપર તહોમત મુકેલું હોવું જોઈએ, અથવા તેની નાંણાં " સંબંધી સ્થીતિની બાબતમાં હુમલો થયેલો હોવો જોઇએ. " ૩

જે લખાણથી સઘળા ઇંગ્રેજી બીશપોની બદનક્ષી કરવામાં આવી હતી. ૪ અને ડરહામના સઘળા પાદરીઓની બદનક્ષી કરવામાં આવી હતી. ૫ તે લખાણ કરનારને બદનક્ષીના ગુન્હાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. આ ફેંસલા ઉપર આધાર રાખીને કલકત્તામાં નીલ દરપણ કેસનો ફેંસલો ચુકવવામાં આવ્યો હતો તે કેસમાં છાપામાં એમ લખવામાં આવ્યું હતું કે, " ગળી વાવનારાઓનો અરીસો (દરપણ) ગળી વાવનારાઓના હાથમાં હું મુકું છું. તેઓમાંના દરેક જણને (અરીસામાં) પોતાનું મોં જોઇને, પોતાના કપાળમાંથી " સ્વાર્થીપણાના ડાઘાનું ચાહુ ભુશી (લુછી) નાંખવા દો. " આ શબ્દો ઉપર સર બાર્નીઝ પીકોકે એવી ટીકા કરેલી જણાય છે કે "ખરેખર ગળી વાવનારાઓને આ એવું બતાવતુ મને લાગે છે કે જો તેઓ આ પત્રમાં જોશે " તો દરેક જણને પોતાનું ખરેખરૂ પ્રતિબિંબ તેમાં માલમ પડશે. આ અમુક વરગ ઉપર એક આક્ષેપ નથી? " દરેક જણને તેનુ પોતાનુ ચીત્ર (તેમાં) માલમ પડવા સારૂ તેની અંદર જોવાનું હતુ. " ૬

જે માણસોની બદનક્ષી કરવામાં આવી હોય તે માણસોનુ મંડળ (સમુદાય) કોઈ અમુક નિયમીત મર્યાદીત મંડળ હોવું જોઇએ, અને નહી કે સામાન્ય રીતે મનુષ્ય જાત, અથવા અમુક કોમનાં માણસો

---

૧. રેકસ વિ. ટોપહામ ૪ ડરનફરડ એન્ડ ઈસ્ટ કૃત ટરમ રીપોર્ટસ પાને ૧૨૨ મે લોર્ડ કેનીયનના ટીકા.

૨. લકમસી વિ. હરલમ. ૫ મુંબાઇ. ૫૮૦.

૩. સાઉથ હેટન કોલ કંપની વિ. નોર્થ-ઇસ્ટરન ન્યુઝ એસોસીએશન (૧૮૯૪) ૧ કવીન્સ બેન્ચ પાનું ૧૩૩, પાને ૧૪૧ મે લોર્ડ જસ્ટીસ લોપ્સના ટીકા.

૪. રેકસ વિ. બેકસ્ટર ૧ લોર્ડ રેમંડ પાનું ૮૭૯.

૫. રેકસ વિ. વિલીઅમ્સ ૫ બારનવેલ એન્ડ આલ્ડરસન્સ રીપોર્ટસ પાનું. ૫૯૫.

૬. કલકત્તાની સુપ્રીમ કોરટનો ફેંસલો તા. ૨૪ મી જુલાઈ સને ૧૮૬૧.

દાખલા તરીકે, જબ્બાવાળાં માણસો (બારીસ્ટરો) બદનક્ષીવાળા શબ્દો આખા વરગને લાગુ પડતા હોવા જોઇએ, પરંતુ તે બદનક્ષીવાળુ લખાણ તે વર્ગને તે વરગતરીકે નામ દઇ જણાવે એવી કાંઇ જરૂર નથી. જો શબ્દોનો માત્ર એવી રીતે અર્થ નીકળતો હોય કે જેથી તે વર્ગનાં સઘળાં માણસો ઉપર આક્ષેપ આવતો હોય તો તેટલુજ બસ છે. ૧

એક કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતુ કે એક મુસલમાને તેના વાડા (કંપાઉન્ડ) માં એક ગાય મારી નાંખી હતી એવો તેને માથે મુકેલો આરોપ એવો ગણી શકાય નહી કે જે આ ખુલાસાના અર્થની અંદર આવી જાય તેવી રીતે તેની આબરૂને હાની પોહોચાડે, અથવા તેની જાતી અથવા ધંધાના સબંધમાં તેની નીતિ અથવા બુદ્ધિવિષે હલકો વિચાર ઉત્પન્ન કરે, અથવા તેની સાખ ઓછી કરે. ૨

જ્યારે વાપરેલા શબ્દો તેમની મેળેજ બદનક્ષી ભરેલા હોય ત્યારે આ ચોથો ખુલાસો લાગુ પડતો નથી; પરંતુ જ્યારે તેમનો અર્થ શક પડતો (અચોકસ) હોય અને તેમનું પરિણામ (અસર) નક્કી કરવાને પુરાવો આપવાની જરૂર રહેતી હોય ત્યારે એ સંભવીત છે કે આ ખુલાસો લાગુ પડી શકશે. ૩

અપવાદ ૧ લો:—પીનલકોડ ઘડી કાઢનારાઓએ આ અપવાદ ઉપર નીચે મુજબ ટીકા કરી છે.
" જે માણસ કેપ ગામમાં ઉડાઉગીરપણા (ધુર્તતા)નાં કૃર કામ કરવાનો ગુન્હેગાર થયેલો હોય તે માણસ
" કલકત્તામાં આવે છે, અને આડતની દુકાન ઉઘાડવાનો વિચાર કરે છે. જે માણસને તેના ખરાબ દુર્ગુણોને
" લીધે ઇંગ્લાંડમાંથી નાશી જવાની ફરજ પડી હોય તે હિન્દુસ્તાનમા આવીને એક નીશાળ ઉઘાડે છે, અને
" વિદ્યાર્થીઓ મેળવવાનો ઉદ્યોગ કરે છે. એક વહાણનો નાખુદો (કેપટન) દેશીઓને પરદેશ જવા લલચાવે છે,
" અને તેઓને એવું વચન આપે છે કે જ્યાં તેઓને કામ થોડું અને પગાર સારો મળશે તેવા દેશમાં તે-
" મને તે લઈ જશે, તે તેમને એક પરદેશના સંસ્થાનમાં લઈ જાય છે, જ્યાં તેમની સાથે ગુલામ તરીકે
" વર્તન કરવામાં આવે છે, અને બીજાઓને તેના જેવીજ લાલચો આપવાને સારૂ તે પાછો હિંદુસ્તાનમાં
" આવે છે. એક માણસ ઇલાકાની બધી સારામાં સારી આબરૂદાર સન્નારીઓની મંડળીમાં એક સામાન્ય
" વેશ્યાને પોતાની વહુ તરીકે દાખલ કરે છે. એક ઉંચી પદવીવાળા (દરજ્જાવાળા) માણસને તે કંપ-
" નીના જુવાન નોકરોમાં નાશકારક (જુગાર વિગેરેની) રમત રમવાનું ઉત્તેજન આપવાની ટેવ છે. આ
" બધા કેસમાં અમે ધારીએ છીએ કે જે લખનારા સત્ય વાત પ્રગટ કરે તે લોક સમસ્તનું મોટું કામ કરે
" છે, અને દરેક સારા નિયમનું ઉલ્લંઘન કર્યા વગર, તેને ગુન્હેગાર તરીકે ગણી શકાય નહી.

" નિઃસંશય એવા ઘણા કેસ છે કે જેમાં કોઇ સખસની ચાલ ચલગતને નુકશાન કરતા હોય તેવી
" ખરી હકીકત ફેલાવવી તે, બીજે કોઇ પણ ઠેકાણે બદલો વાળે એવો લાભ કર્યા વગર, તે સખસની લાગણીઓ
" દુખવશે. એક માણસે રાંડ રાખી છે તેને દારૂની ઘણી ખરાબ લત લાગેલી છે. તે તેનુ ઘર ચલાવ-
" વામાં કંજુસ છે, તે તેના શરીરે ગંદો છે એવુ એવુ દુનિઆને જાહેર કરવું તેથી જે માણસના ઉપર
" તે હુમલો કરવામાં આવ્યો હોય તે માણસને અને જે લોકો તેની સાથે સંબંધ ધરાવતા હોય તે
" લોકોને, થતા દુઃખ બદલ બદલો વળવા પુરતો કાંઈ પણ લાભ જાહેર પ્રજાને કદી થશે નહી " ૪

જણાવેલી વાતની સત્યતા સાબીત કરવાનો બોજો, અથવા તે હકીકત સાચી હતી, એવુ માનવાને તેને યોગ્ય કારણ હતુ, અને તે હકીકત જણાવવામાં તે ઇરષ્યા ભરેલા ઉદ્દેશથી નહી પણ સાર્વજનીક હિતને વાસ્તે હોંશીઆરી ભરેલા ઉત્સાહને લીધે દોરાયો હતો કે જેથી કરીને એવું માલમ પડે કે તે આરોપ શુદ્ધબુદ્ધિથી મુકવામાં આવ્યો હતો. એવું સાબીત કરવાનો બોજો તે હકીકત જણાવનાર માણસ ઉપર રહેલો છે. ૫.

---

૧. ઇસ્ટવુડ વિ. હોમ્સ ૧ ફોસ્ટર એન્ડ ફીનલેશન પાનુ ૩૪૯.
૨. સીકંદર વિ. જમુમ ૫ સેન્ટ્રલ પ્રોવીન્સીસ રીપોરટસ પાનુ ૫૩.
૩. રેજાઈના. વિ. મેકકાર્થી ૯ અ. ૪૨૦.
૪. પીનલકોડ ઘડી કાઢનારાઓની નોટ ૨.
૫. અલ્તફ હુસેન. વિ. તાસાદુક ૨ આગ્રા હાઇકોર્ટ રીપોટરસ. પાનુ ૮૭ રેજાઇના વિ. ઠીકાભાઈ પરભુદાસ સ. ૯ બોમ્બે હાઇકોરટ રીપોટરસ. પાનું ૪૫૧.

આ કલમ પ્રમાણે જે માણસ આરોપ પ્રગટ કરે અને જે માણસ આરોપ મુકે તે બન્ને બદનક્ષી કરવાના સરખી રીતે ગુન્હેગાર છે. કોરટ એવું ઠરાવે કે મુકેલો આરોપ ખરો છે અને તે સાર્વજનીક હિતને સારૂ મુકેલો છે, પરંતુ તે (દાખલા તરીકે, એક વર્તમાન પત્રમાં) પ્રગટ કરવાની રીત ધ્યાનમાં લઇને તે એવો ઠરાવ કરે કે ખાસ અમુક પ્રગટ કરવું તે સાર્વજનીક હિતને સારૂ નથી, અને તેટલા માટે તે ખાસ હક તરીકે રક્ષિત થતુ નથી. ૧

એક આરોપ જો કે તે ખરો હોય તો પણ તે મુકવાને માટે તેજ માત્ર સારૂ કારણ ગણાશે નહી. ૨

જે માણસને હાંનિ પોચ્યાનું જણાવવામાં આવતુ હોય તે માણસની આબરૂ બતાવવાનું, અને એકંદર હકીકત જોતાં તે ખરી વાત છે એવું બતાવવાનુ બચાવ (તહોમતદાર) પક્ષને માટે ખુલ્લું છે. ૩

જો આરોપ મુકનાર માણસ જે વાતો, (ખરી હોઈ) રક્ષિત થતાં હોય તેવી વાતો ઉપરાંત આગળ વધીને જુઠી અને વગર જરૂરની હકીકત જાહેર કરે તો તે જવાબદારીમાંથી મુકત થશે નહી, કેમકે તે શુદ્ધબુદ્ધિથી વર્તતુ ગણી શકાશે નહી. ૪

ઉપર જણાવેલા **રામાનન્દ** ના કેસમાં નીચે મુજબ બીના બની હતી. ક નામના માણસને તેના નાત ભાઇઓના પંચે મળીને નાત બહાર મુકયો હતો એવા કારણસર કે તેની અને તે નાતની એક સ્ત્રીની વચ્ચે વ્યભીચારી સ્નેહ હતો. આવા પંચના કેટલાક માણસોએ સાધારણ રીતે તેમની નાતના લોકોને એક કાગળ વાચવા સારૂ મોકલ્યો, જેમાં, ક અને તે સ્ત્રીને નાત બહાર મુકવામાં આવ્યા હતા એવું જણાવીને તથા તેનું કારણ જણાવીને એને નાતના લોકોને તે બે માણસોને ઘરમાં દાખલ નહી કરવાની અથવા તેમની સાથે નહી જમવાની વિનંતી કરીને તેઓએ ક અથવા તે સ્ત્રીને સરખી રીતે લાગુ પડે તેવી કેટલીક હકીકત (તે કાગળની) અંદર દાખલ કરી હતી આ હકીકત બદનક્ષી ભરેલી હતી. તેમાં એવું ઠરાવવામાં આવ્યુ હતુ કે જે ભાષા ક ને લાગુ પડે તેવી હતી, તેવી ભાષા વાપરવા પુરતા જો તેવા માણસો બેદરકાર રહ્યા હોય તો તેઓએ તેમના પોતાના જોખમે તે પ્રમાણે કર્યું હતું, અને આવી ભાષા તે સ્ત્રીને લાગુ પાડવાનો ઇરાદો હતો એવુ કહેવાથી તેઓ ક ની બદનક્ષી કર્યા બદલની જવાબદારીમાંથી મુક્ત થઈ શકતા નહોતા; જો આવા માણસોએ પંચનો ઠરાવ જાહેર કરીને, અને જે કારણોસર આવો ઠરાવ કરવામાં આવ્યો હતો તે કારણો જણાવીને, સંતોષ પ્રકટયો હોત તો તેઓનું રક્ષણ થાત, પરંતુ આગળ વધીને ક ના સબંધમાં જુઠી અને વગર જરૂરની હકીકત બહાર પાડી તેથી તેઓ શુદ્ધબુદ્ધિથી વર્ત્યા નહોતા એવું જે ઠરાવવામાં આવ્યું હતું તે બરાબર હતું.

શુદ્ધબુદ્ધિઃ—શુદ્ધબુદ્ધિથી નહી મુકેલુ જુઠુ તહોમત તે તહોમત મુકનાર માણસને બદનક્ષી કરવાના ગુન્હાને માટે જવાબદાર બનાવે છે. ફરીયાદી નીચ વર્ણનો છે તે વાતથી તેના ઉપર ચોરીનું તહોમત મુકવા બદલ તે તહોમત મુકનારની સામે બદનક્ષીના ગુન્હા બદલ ફોજદારી કામ ચલાવતાં તે માણસને અટકાવવામાં આવશે નહિ. ૫

શુદ્ધબુદ્ધિના સવાલનો નીર્ણય કરવામાં જે ખરેખરી બાબતનો નીકાલ કરવાનો છે તે બદનક્ષી ભરેલા લખાણના ટેકામાં તહોમતદારે જાહેર કરેલી હકીકત વાસ્તવીક રીતે ખરી છે કે કેમ તે નથી, પરંતુ આવી હકીકત ખરી હતી એવી તે (તહોમતદાર)ને માહીતી મળી હતી કે કેમ, અને યોગ્ય સંભાળ અને ધ્યાન આપ્યા પછી તેવી હકીકત ખરી હતી એવું માનવાને તેને સારૂ કારણ હતુ કે કેમ, તે છે. ૬

એક બદનક્ષી કરવાના કેસમાં ફરીઆદીએ જે તહોમતો ઉપર પોતાની ફરીઆદ ઘડી હતી તે સઘળાં વધારે ગંભીર તહોમતો તેણે કબુલ કર્યાં હતાં. પરંતુ બદનક્ષી કરવાના ગુન્હાના અગત્યના તત્વ (અર્થાત

---

૧. રેજાઈના. વિ. જનારધન. ૧૯ મુ. ૭૨૩.

૨. ગોપાલસાએ. વિ. મુસામત પીઆરી. ૫ સેન્ટ્રલ પ્રોવીન્સસ રીપોટરસ પાનુ ૫૫.

૩. લેડમેન. વિ. હરસી. ૧૭ અ. ૯૦૬

૪. રેજાઈના. વિ. રામાનન્દ. ૩ અ. ૬૬૪.

૫. રેજાઇના વિ. નોબીન ડોમ ૨ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું ૩૫.

૬. રેજાઇના વિ. શીબપ્રસાદ ૪ હ. ૧૨૪

તહોમતદારે મુકેલું તહોમત શુદ્ધબુદ્ધિથી મુકવામાં આવ્યું નહોતું તે) ઉપર બીલકુલ ધ્યાન આપવામાં આવ્યું નહોતું તેથી તે તહોમતદારને ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા રદ કરવામાં આવી હતી. ૧

જે માણસ પોતાના છોકરાનું હીત જાળવવાને સારૂ બદનક્ષી ભરેલા શબ્દો વાપરે તેનું જો મુકેલો આરોપ શુદ્ધબુદ્ધિથી, એટલે યોગ્ય સંભાળ અને ધ્યાનથી મુકવો ન હોય તો ખાસ હક તરીકે રક્ષણ થતું નથી. ૨

અપવાદ ૨ જોઃ—અભિપ્રાય આપવોઃ—આપેલો અભિપ્રાય વ્યાજબી હોવો જોઇએ અડધુ સત્ય (ને અડધુ જુઠ) કહેવું જોઇએ નહી. ૩

પ્રજાના દરેક માણસને, સરકારી માણસોનાં જે કૃત્યોની સાથે રાજ્યની પ્રજા તરીકે તેને સંબંધ હોય તેવાં કૃત્યો ઉપર ટીકા કરવાનો હક છે, પણ તે કયારે કે જો તે પોતાની ટીકાને ઇરષા અને બદબોઇ (બદનક્ષી) ને માટે અંધાર પીછોડી તરીકે વાપરે નહી તો એક જાહેર વર્તમાન પત્રમાં લખનારને બીજા કોઇ પણ માણસના જેટલોજ હક છે અને સરકારી માણસોનાં જે કૃત્યો તેની સાથે સંબંધ ધરાવે છે. એટલુંજ નહી પણ, જેનો જાહેર પ્રજાની સાથે સંબંધ છે અને જે બાબતમાં વિવાદ કરવો તે જાહેર પ્રજાના ભલાને માટે છે, તેવા કૃત્યો ઉપર ટીકા કરવી તે જો ખરેખર તેની ફરજ ન હોય તો તે તેનો ખાસ હક તો છેજ અને જ્યાં કોઈ માણસ કોઈ સરકારી માણસની જાહેર વર્તણુકને ટીકાનો વિષય કરે, અને જ્યાં તે જાહેર પ્રજાના ભલાને માટે હોય ત્યાં જો (તેણે કરેલી) ટીકા પ્રમાણીક પણે કરવામાં આવી હોય, અને હકીકત તેણે જણાવ્યા મુજબજ છે એવું તે પ્રમાણીકપણે માનતો હોય, અને જો તેણે સાધારણ સંભાળ લીધી હોત તો જે ખોટી હકીકત હતી એવી તેને જાણ થાત તેવી કોઇ પણ ખોટી હકીકત જાણી બુઝીને તેણે ન જણાવી હોય, અથવા કોઈ પણ બીના જાણી જોઈને ખોટી રીતે ન દર્શાવી હોય તો તે તેના ઉપર ફરિયાદ થાય તે બદલ તે જવાબદાર થશે નહી. ૪

અપવાદ ૩ જોઃ—પીનલકોડ ઘડી કાડનારાઓ આ અપવાદ પર નીચે મુજબ ટીકા કરે છેઃ—"એવા " સરકારી માણસો છે કે જેઓ સરકારી અધીકારીઓ નથી. જે માણસો કાંઇ પણ અધિકાર ધારણ કરતા " ન હોય તે પણ જે કામો (ઈલાજો)માં પ્રજા મંડળનું ઉંડુ હીત રહેલું હોય તેવાં કામો કરવાનો આગ્રહ " કરવામાં અથવા તેવાં કામો કરવાની સામે થવામાં ઘણો આગળ પડતો ભાગ લે, તેટલા માટે એ સ્પષ્ટ " છે કે, દરેક માણસને જાહેર પ્રજાના સરકારી નોકરોના કામકાજ ઉપર જેટલી છુટથી ટીકા કરવા દેવામાં " આવે છે. તેટલીજ છુટથી દરેક જણને જાહેર પ્રજાના આ પોતાની ખુશીથી થયેલા નોકરોના કામ કાજ " ઉપર શુદ્ધબુદ્ધિથી ટીકા કરવા દેવા જોઈએ. " ૫

હ નામના એક દાકતરી ધંધા વાળા માણસે એક જાહેર ખબર પ્રગટ કરી, જેમાં એક ઈસ્પીતાલ કે જેનો તે સરજન (દાકતર) હતો તે ઇસ્પીતાલમાં નાણાં ભરવા જાહેર પ્રજાને વીનંતી કરી, અને જેટલાં વાઢાડ કાપ (ઓપરેશન—Operation) નાં કામ તેને હાથે ફતેહમંદ ઉતર્યાં હતાં તેની સંખ્યા પણ તેણે જાહેર ખબરમાં જણાવી હતી **મ** નામના એક બીજા દાકતરી ધંધાવાળા માણસે તે જાહેર ખબર ઉપર વિરૂદ્ધ ટીકા કરી તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આવી જાહેર ખબરનું પરિણામ આવી ઇસ્પીતાલને "એક જાહેર સવાલ " બનાવવાનું અને તેને જાહેર પ્રજાના નિર્ણય ઉપર સોંપવાનું હતું તેથી **મ** ત્રીજા અને છઠા અને સાતમા અપવાદની અંદર આવતો હતો. ૬

અપવાદ ૪ થોઃ—આ અપવાદના સંબંધમાં લોર્ડ હેલ્સબરી ટીકા કરે છે કેઃ " ન્યાયની કોર્ટમાં શું બને " છે તેનો ખરો રીપોર્ટ કરવાનો હક જે કારણસર આપવામાં આવેલો છે તે કારણ એ છે કે ન્યાયની " કોર્ટનાં કામકાજ આ દેશમાં જાહેર પ્રજાને માટે ખુલ્લાં છે, અને ત્યાં જે બને છે તે પ્રગટ કરવાની જો

---

૧. અસુરદી વિ. બાલુ ૧ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૬.

૨. રેજાઈના વિ. પરસોતમદાસ, ૩ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૪૫.

૩. રેજાઇના વિ. કકડે. ૪ મુ. ૨૯૮.

૪. હાવરડ વિ. મુલ. ૧ બોમ્બે હાઈ કોર્ટ રીપોર્ટર પરિશિષ્ઠ પાનું ૧ માં જસ્ટીસ, કાઉચની ટીકા.

૫. પીનલકોડ ઘડનારાઓની નોટ. ૨ પાનું ૩૬.

૬. રેજાઇના વિ. મેકલીઓડ ૩ અ. ૩૪૨.

" કે કોઇ પણ માણસની બદનક્ષીવાળી બાબતો બીજી રીતે જાહેર થાત તેના કરતાં વધારે વિસ્તારમાં "તેથી ફેલાય છે તોપણ છુટ આપવામાં આવેલી છે કારણ કે આ પ્રમાણે પ્રગટ કરવું તે જે વાત " સઘળાને જાણવાનો હક છે તે બધાને જણાવવું થાય છે." પરંતુ બીજા પક્ષના પુરાવાના રીપોર્ટ વગર એક પક્ષના પુરાવાનો રીપોર્ટ એક શાક્ષીની ઉલટ તપાસનો રીપોર્ટ આપ્યા વગર તેની મુખ્ય તપાસનો રીપોર્ટ, કોઇ પણ કેસના દિગ્દર્શન (સારાંશ) અથવા જજમેન્ટનો રીપોર્ટ કે જ્યાં આવા દિગ્દર્શનમાં અથવા જજમેન્ટમાં તે કેસની એકજ બાજુનો અભિપ્રાય માત્ર જણાવેલો હોય તે વ્યાજબી રીપોર્ટ ગણાશે નહી, અને તેટલા માટે તે ખાસ હક તરીકે રક્ષિત થશે નહી. ૧ તોપણ જો તે રીપોર્ટ વાસ્તવીક રીતે વ્યાજબી અને ખરો હોય તો તે અક્ષરશઃ હોવાના અર્થમાં સંપુર્ણ હોવો જોઇએ તે જરૂરનું નથી. ૨

ખોટી પ્રતીજ્ઞા લીધા બાબતના ગુન્હાને વાસ્તે સમન્સ કાઢવાને સારૂ કરેલી એક તરફી અરજી ઉપરથી માજીસ્ટ્રેટની આગળ ખુલ્લી કોર્ટમાં ચાલતા કામનો ખરો અને પ્રમાણીક રીપોર્ટ પ્રગટ કરવો તે ખાસ હક તરીકે રક્ષિત થાય છે. ૩

ન્યાયની કોર્ટમાં શું બને છે તેની સીધી ખરી હકીકત રક્ષિત થયેલી છે, અને આનું કારણ એ છે કે તે પ્રગટ કરવાથી થતો જાહેર લાભ મોટો છે એ ઘણી અગત્યનું છે કે કોર્ટો કે જ્યાં સઘળુ કામકાજ જડજોના અખત્યાર હેઠળ હોય છે તેમાં શું બને છે તે જાહેર પ્રજાએ જાણવું જોઈએ. ૪

અપવાદ ૫ મો—એક કેસનો ચુકાદો થઇ ગયો હોય તે પછી તે ઉપર આપેલા અભીપ્રાયને આ અપવાદ લાગુ પડે છે. જ્યારે એક કેસ ફેંસલ થયો હોય ત્યારે તેના પરિણામ ઉપર છુટથી ટીકા કરી શકાય પરંતુ જો લખનાર તેની પોતાની હકીકત અને જ્ઞાન હોવાનું જણાવે તો તે બદનક્ષી ભરેલો આરોપ થવાનું જોખમ તેને માથે રહેશે.૫

અપવાદ ૬ ઠો:—પ્રમાણીક ટીકા તે એવી ટીકા છે કે જે ખરી ટીકા હોય અથવા જે, જો ખોટી થાય તો તે (ટીકા) ના કરનારનો ખરો અભીપ્રાય દરશાવતી હોય, અને આવો અભીપ્રાય યોગ્ય પ્રકારની સંભાળથી અને વ્યાજબી કારણોસર બંધાયેલો હોય ૬ અમુક ટીકાકારે કરેલી ટીકાની વાસ્તવીક અસર શું થાય તે જોવાનું છે તે જાહેર કરે કે તેનો ઇરાદો તેમ તેવી અસર થાય તેવો ન હતો તે ન ચાલે.૭

અપવાદ ૭ મો:—જે માણસની સત્તા નીચે બીજા માણસો તેમની પોતાની સંમતીથી અગર કાયદાથી મુકાયેલા હોય તે માણસને જે બાબતની સાથે તે સત્તા સંબંધ રાખતી હોય તે બાબતમાં તેમને શુદ્ધબુદ્ધિથી ઠપકો દેવાની આ અપવાદ છુટ આપે છે.૮

ક જે જ્ઞાતીનો હતો તે જ્ઞાતીના ગુરૂ બએ કના ગામના બીજા લોકો ઉપર એવી મતલબનો કાગળ લખ્યો કે કની વહુ એક હલકી જાતના માણસની :સાથે (સંબંધ રાખતી) પકડાઈ હતી તેથી તેણીના બીજા ધર્મ ભાઇઓ (એક ધર્મના લોકો)માંથી કોઈ પણ માણસે તેણીની સાથે કાંઇ પણ વ્યવહાર કે સંસર્ગ રાખવો નહી. કએ બ ની સામે બદનક્ષીની ફરિયાદ કરી, અને બ એ એવો બચાવ આણ્યો કે તેણે લખેલી હકીકત શુદ્ધબુદ્ધિથી અને જાહેર લાભને સારૂ જણાવેલી હોવાથી તે ખાસ હક તરીકે રક્ષિત થતી હતી. ક એ એટલુ કબુલ કર્યું કે બ ને તેની તરફ અથવા તેની વહુની તરફ કાંઈ પણ શત્રુવટ નહોતી, અને તેની વહુના સબંધમાં જે બાબત ઉત્પન્ન થઇ હતી તેના જેવી બાબતોનો નીકાલ કરવાનો તે ગુરૂનો

---

૧. મેકડાઉગલ વિ. નાઈટ લો રીપોરટસ ૧૪ અપીલ કેસીસ પાનું ૧૯૪, પાને ૨૦૦ મે ટીકા.

૨. હોર વિ. સીલ્વર લો ક. ૯ કોમનબેન્ચ રીપોરટસ પાનુ ૨૦.

૩. કીમ્બર વિ. પ્રેસ એસોસીએશન (૧૮૯૩) ૧ કવીન્સ બેન્ચ પાનું ૬૫.

૪. ડેવીડશન વિ. ડન્કાન ૨૬ લો જનરલ કવીન્સ બેન્ચ પાનું ૧૦૪.

૫. ગુડમેટ વિ. રીડાઉટ ૪ ફોસ્ટર એન્ડ ફીન્લેસન પાનું ૨૧૬.

૬. સ્ટીવન્સ હીસ્ટરી ઓફ ધ ક્રીમીનલ લો ઓફ ઇગ્લાંડ.

૭. ૯ બોમ્બે લો રીપોર્ટર પાનું ૨૩૦ (પાને ૨૩૬ મે આ વિચારો બતાવેલા જણાશે.

૮. પીનલકોડ ઘડી કાઢનારાઓની નોટ ૨. પાનુ ૪૦.

રીવાજ હતો, અને તેમાં એવું સાબીત થયુ હતુ કે તે હકીકતના ખરાપણા વિશે તપાસ કર્યા પછી અ. એ તે કાગળ લખ્યો હતો. તેમાં એવુ ઠરાવવામાં આવ્યુ હતુ કે તે કેસ આ અપવાદની અંદર આવતો હતો. ૧.

એક શેઠ તેના નોકરોને વાંચવા સારૂ એક અઠવાડીક સરકયુલર પ્રગટ કરતો હતો. તે શરકયુલરના એક અંકમાં એક નોકરને તેની ગેરવરતણુંકને માટે કહાડી મુકવામાં આવ્યો હતો તે વાત અને તેની સામે મુકેલા તહોમતો જણાવ્યાં હતાં. તેમાં એવું ઠરાવ્યું હતું કે તે બદનક્ષી ભરેલુ લખાણ ગણી શકાય નહી. કેમકે તે આ અપવાદ નીચે આવી રક્ષિત થતુ હતુ.૨

એક ગુરૂ (ગોર)ના ગુમાસ્તાને, ફરીયાદીને તેની નાતમાંથી નાત બહાર મુકવાનો તેનો શેઠ (ગુરૂ) નો હુકમ પ્રગટ કરવા બદલ બદનક્ષીનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. નાત બહાર મુકવાનો ઠરાવ જે કાગળમાં પ્રગટ કરવામાં આવ્યો હતો, તે કાગળમાં એવું લખાણ હતું કે ફરીયાદીએ કોઈની ના ફરમાની કરી હતી, અને તે (ફરિયાદી) તેની સાથે અપમાન ભરેલી રીતે વરત્યો હતો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેમની મેળે બદનક્ષીવાળા હોય તેવા કોઈ પણ શબ્દો તે કાગળમાં નહોતા, અને તેથી તે કાગળ આ સાતમા અપવાદની અંદર આવી જતો હતો. ૩

ન નામના માણસે એક હિન્દુ વિધવાનું પુનરલગ્ન (કે જે સને ૧૮૫૬ ના આકટ ૧૫માંથી કાયદેસર ગણાય છે તે) માં હાજરી આપ્યાથી તેના ગુરૂ સ એ એક નોટીસ પ્રગટ કરી અને તેમાં એવું જાહેર કર્યું કે ન નાત બહાર હતો અને જ્યા સુધી ન તેના ગુરૂએ ફરમાવેલું પ્રાયશ્ચિત કરે નહી ત્યાં સુધી સ એ પોતાના ચેલાઓને તેમજ જે ગામમાં ન રહેતો હતો તે ગામના બધા લોકોને ન ની સાથે સંસર્ગ રાખવાની મના કરી. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે આ નોટીસનું લખાણ સાતમા અપવાદ પ્રમાણે રક્ષિત થતુ હતું.૪

એક કેસમાં એક માણસે તેની નાતના શેઠ તરીકે તેના ઉપર રહેલી ફરજ બજાવવામાં એક સ્ત્રીને તેણીની ગેરવરતણુંકને લીધે નાત બહાર મુકેલી જાહેર કરી હતી તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે બદનક્ષી કરવાનો ગુન્હેગાર નહોતો.૫

અપવાદ ૮ મો:—આ અપવાદમાં આપેલુ રક્ષણ મેળવવા સારૂ તહોમતદાર સખશના ઉપર જે માણસની સત્તા હોય, તે માણસની આગળ તહોમત મુકેલુ હોવું જોઈએ; તે તહોમત શુદ્ધ બુદ્ધિથી એટલે કે, તે તહોમત મુકનાર માણસે તે તહોમતની સત્યતા અને ન્યાયીપણા વિષે પ્રથમ પોતાની ખાતરી કરી લેવામાં જેવી સંભાળ અને ધ્યાન એક સાધારણ માણસે રાખવાં જોઇએ, તેવીજ ઘટતી સંભાળ અને ધ્યાનથા–તે તહોમત મુકેલુ હોવું જોઈએ.૬

જ નામના માણસે ડેપ્યુટી કમીશનરને કહ્યું કે ડ નામનો એક દાકતરી ધંધાવાળો માણસ અનીતિ ભરેલી જીંદગી ગુજારતો હતો. અને તેને કાઢી મુકવાનું તેણે ડેપ્યુટી કમીશનરને સુચવ્યું તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે બદનક્ષી નહોતી કેમકે તે કેસ આ આઠમા અપવાદની અંદર આવી જતો હતો.૭

એક બ્રાહ્મણે પડોશની બ્રાહ્મણ જ્ઞાતિને એક કાગળ લખ્યો. તે કાગળ લખવામાં તેના પોતાના તેમજ તે બ્રાહ્મણ જ્ઞાતિના ધર્મ સંબંધી હિતને અસર કરનારી બાબત ઉપર તેમનો નિર્ણય મેળવ-

---

૧. બસુમતી વિ. બુધ્ધરામ ૨૨ ક. ૪૬.

૨. હન્ટ વિ. ગ્રેટ નોર્ધર્ન રેલવે કંપની (૧૮૯૧) કવીન્સ બેન્ચ પાનુ ૧૮૯.

૩. ૬ મદ્રાસ હાઇકોર્ટ રીપોર્ટસ પરિશીષ્ઠ પાનું ૪૬; રેજાઈના વિ. શ્રી વિદ્યાશંકર ૬ મ. ૩૮૧.

૪. રેજાઇના વિ. શ્રી વિદ્યાશંકર (ઉપર)

૫. શેઠ કેશવલાલ વિ. બાઇ ગીરજા, ૨૪ મુ. ૧૩.

૬. રેજાઇના વિ. ધમસીંગ ૬ અ. ૨૨૦

૭. જંગીલાલ વિ. દેવજી. ૭ સેન્ટ્રેલ પ્રોવીન્સીસ રીપોર્ટસ પાનું ૨૦

વાનો તેનો હેતુ હતો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જો તે કાગળ શુદ્ધબુદ્ધિથી લખાયો હોય તો તે આ અપવાદ અને ૧૦ મા અપવાદ નીચે આવતો હતો.૧

એક ગામડાના મુનસફને બદલી નહી કરતાં ત્યાંજ કાયમ રાખવાની વિનંતી કરનારા ગામડીયાઓએ કરેલી અરજીમાં એવું જણાવ્યું હતું કે જે જમીનદાર તે મુનસફની બદલી કરાવાની કોસીસ કરતો હતો તે ગેરવ્યાજબી (અ પ્રમાણીક) હેતુઓથી તેમ કરવા દોરાયો હતો તેમાં તે અરજીઓનું લખાણ આ કલમ પ્રમાણે રક્ષિત થતુ હતું એમ ઠરાવવામાં આવ્યું હતું.૨

માજીસ્ટ્રેટોને અથવા પોલીસ અમલદારોને કરેલી ફરિયાદો જો શુધ્ધબુધ્ધિથી કરવામાં ન આવી હોય તો તે રક્ષિત થતી નથી.૩

અપવાદ ૯ મો:—ખાસ હક (Privilege) જે જાહેર રાજદ્વારી નીતિ ઉપર આ અપવાદ રચાયેલો છે તે નીતીનો નિયમ એવો છે કે વ્યાપારી કામકાજના અને સંસારીક સબંધના પ્રમાણીક વ્યવહારનું જે રક્ષણ તેમને મળવું જોઇએ તે રક્ષણ, જો આ પ્રમાણે અપવાદ ન હોય તો નષ્ટ થઇ જશે. ૪

એક કેસમાં તહોમતદાર તેના ભાગીઆની તરફથી એક ચાલતા દિવાની કેસ ઉપર ધ્યાન રાખતો હતો. તે કેસ ચાલતાની દરમીઆનમાં (ચાલતો હતો તે વખતે) તહોમતદારે સબોર્ડીનેટ જડજને ખબર આપી કે ફરિયાદી "સાક્ષીઓને ફોડી નાંખવાની" તજવીજ કરતો હતો, અને તેણે સબોર્ડીનેટ જડ-જને એવી વિનંતી કરી કે ફરિયાદીને કોરટની અંદર બેસાડવો તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે ઇર્ષા અથવા બદદાનતની ગેરહાજરીમાં તે બદનક્ષીનો ગુન્હેગાર ઠરતો નહોતો.૫

આ અપવાદ પ્રમાણે તહોમતદારનો બચાવ સાબીત કરી આપવા સારૂ એટલુજ બતાવવું બસ છે કે મુકેલો આરોપ શુદ્ધબુદ્ધિથી, અને તહોમતદારના હિતનું રક્ષણ કરવાને સારૂ મુકવામાં આવેલો હતો. જ્યાં એક વિમા કંપનીએ એક વહાણના માલીકને જણાવ્યું કે જો અ તે વહાણનો નાખુદા (કેપ્ટન) કાયમ રહેશે તો તેઓ તે વહાણનો વિમો ઉતારવાની ના પાડશે, કેમકે અ અનીયમીત (દારૂ વગેરે પીવાની) ટેવ-વાળો માણસ હતો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે વિમા કંપનીનું કહેવું ખાસ હક તરીકે રક્ષિત થતુ હતું.૬

એક કેસની તકરાર કરતી વખતે એક વકીલે સાક્ષીઓમાંના કેટલાક ઉપર ટીકા કરીને તેમને લોફરો (નીચ લોકો) કહ્યા તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે સ્પષ્ટ ખુલ્લી ઇર્ષા (કે જેનું અપમાન કરી લેવાનું નહોતુ તે)ની ગેરહાજરીમાં તે વકીલનું આ અપવાદથી રક્ષણ થતુ હતુ. તેમાં વળી એવું ઠરાવ-વામાં આવ્યું હતું કે તેમાં શુધ્ધબુદ્ધિ (એટલે ઘટતી સંભાળ અને ધ્યાન) હતી કે કેમ તેનો વિચાર કરવામાં તે આરોપ મુકનાર માણસનો દરજ્જો ધ્યાનમાં લેવો જોઇએ. એક એડવોકેટ (દેશી બારીસ્ટર) ના કેસમાં કે જ્યા ખુલ્લી ઇર્ષા ગેરહાજર હોય ત્યાં જાહેર રાજદ્વારી નીતિ ઉપર ઘટતું ધ્યાન આપીને એક કોર્ટે આ અપવાદથી તેને મળતુ રક્ષણ તેની પાસેથી લઇ લેતાં પહેલાં ઘણી સાવચેતી રાખશે. વળી સાથે સાથે (જરૂર નહોતી તો પણ) કોર્ટે એવો અભીપ્રાય દરશાવ્યો છે કે ઇંગ્રેજી કાયદા તરફ ધ્યાન આપ્યા વગર (થી સ્વતંત્ર રીતે) આ ૪૯૯ મી કલમનો અર્થ કરવો જોઈએ.૭

---

૧. રેજાઇના વિ. કાશીનાથ બચાજી. ૮ બોમ્બે હાઇકોરટ રીપોટરશ પાનુ ૧૬૮.
૨. વેન્કટા નરસીંહ વિ. કોટાયા ૧૨ મ. ૩૭૪.
૩. અબદુલ હકીમ વિ. તેજ ચન્દર. ૩ અ. ૮૧૫.
૪. વેન્કટા નરસીંહ વિ. કોટાયા. (ઉપર)
૫. રેજાઈના વિ. પુરશોતમ કાળા. ૯ મુ. ૨૬૯.
૬. રેજાઇના વિ. ઈ. એમ સ્લેટર ૧૫ મુ. ૩૫૧.
૭. રેજાઇના વિ. નાગરજી ત્રીકમજી ૧૯ મું. ૩૪૦; રેજાઇના વિ. ક્રીસ્ટીન ૨ નોર્થ વેસ્ટ પ્રોવીન્સી-સ હાઈકોર્ટ રીપોરટસ પાનું ૪૭૩.

એક અમલદારે તેના ઉપરીની તરફથી તેને મળેલા હુકમને પરિણામે અને પોતાની ફરજ બજાવવામાં કરેલા રીપોર્ટ કે જેમાં બીજાઓની સામે ઘણા ગંભીર આરોપો હોય પરંતુ જે રીપોર્ટ ઉપરથી એવું માલમ પડતુ ન હોય કે તે આરોપો બેદરકારીથી અથવા ગેરવ્યાજબી રીતે મુકવામાં આવ્યા હતા તેવો રીપોર્ટ બદનક્ષીવાળુ લખાણ થતુ નથી, અને તે આ અપવાદની અંદર આવી જાય છે.૧

એક કેસમાં તહોમતદારે નીચેનો આરટીકલ પ્રગટ કર્યો તેની (ફરિયાદીની) ચાલચલગતની તપાસ કરવામાં આવી છે ? કોઈ પણ માણસને યાદ નથી કે આજ માણસને સબોર્ડીનેટ જડજે તેના ઉપર ફોજદારી કામ ચલાવવાને સારૂ મોકલ્યો હતો ? સબોર્ડીનેટ જડજે તેની સામે જે કામ લીધું હતું તે દફતરમાં માલમ પડે એમ નથી ? માજીસ્ટ્રેટને માલમ પડયું કે ફરિયાદીને તેના ઉપર કામ ચલાવવા સારૂ મોકલવામાં આવ્યો હતો તે વાત અક્ષરશઃ ખરી હતી, પરંતુ એ વાત પણ ખરી હતી અને ફરિયાદી પણ તે જાણતો હતો કે તે ફોજદારી ફરિયાદ પાછી ખેંચી લેવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જો કે તે લખાણમાં માત્ર સત્ય વાતજ જણાવવામાં આવી હતી તો પણ તે લખાણ અપુર્ણ અને આડે રસ્તે દોરનાર હતું, અને તે તહોમતદાર એવો બચાવ લાવી શકતો નહોતો, કે ફરીયાદીની ચાલ ઉપર તેણે મુકેલો આરોપ શુધ્ધબુદ્ધિથી અને સાર્વજનીક લાભને સાર મુકવામાં આવ્યો હતો.૨

આ નવમો અપવાદ **ખાસ હક** (Privilege)ના સામાન્ય મથાળા નીચે ઘણો આવે છે, અને આ ખાસ હકનો લાભ જડજો, શાક્ષીઓ, વકીલ બારીસ્ટરો, અને પક્ષકારોને બહુ ભાગે મળે છે.

ખાસ હકઃ—ફરિયાદી કે જેને નાત બહાર મુકવામાં આવ્યો હતો તેને પાછો નાતમાં દાખલ કરવામાં આવ્યો હતો. તહોમતદારને તે વાત પસંદ પડી નહી, અને તેણે નાતનું તડ પાડયું. અને તે (તડવાળા) ઓએ છ મહિના ગયા પછી બજારમાં સઘળી જાતના લોકોમાં છાપેલાં કાગળીઆં વેંહેંચ્યાં, અને તે કાગળીઆંમાં ફરીઆદીને "દોષી" અથવા પાપવાળો વરણવવામાં આવ્યો હતો, તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તહોમતદાર શુદ્ધબુદ્ધિથી વરત્યો નહોતો, અને તે કાગળીઆં પ્રગટ કર્યાં તે આજુબાજુની હકીકત જોતાં આ કલમ પ્રમાણે ખાસ હક તરીકે રક્ષીત થતું નહોતું. અને તહોમતદાર બદનક્ષી કરવાનો ગુન્હેગાર હતો.૩

ફરીયાદીનાં સગાંઓએ ભેગી કરેલી પંચાયતે, ફરીયાદીની બાબતમાં બદનક્ષીવાળી ટીકા એક માણસે શા માટે કરી હતી તેનો ખુલાસો કરવા સાર, તે માણસને જ્યારે બોલાવ્યો, ત્યારે તે માણસે ખુલાસા તરીકે કેટલીક હકીકત જણાવી. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે માણસ ગુન્હેગાર થતો નહોતો.૪

જડજોઃ—જડજે જડજ તરીકે કાંઇપણ કહ્યું હોય તેની બાબતમાં બદનક્ષી બદલ સરકારની મંજુરી સિવાય તેના ઉપર કામ ચલાવી શકાય નહી.૫

કોર્ટમાં એક કેસની તપાસ કરતી વખતે જડજે વાપરેલા શબ્દો બદલ, જો કે આવા શબ્દો જુઠા, ઈર્ષા ભરેલા અને વ્યાજબી કારણ વગર ઉચ્ચારેલા જણાવવામાં આવતા હોય તોપણ, તે જડજની સામે બદનક્ષી બાબત ફરીયાદ ચાલી શકતી નથી. કાયદાનો આ ઠરાવ ઇર્ષ્યાવાળા અથવા લાંચીઆ (બગડેલા) જડજના રક્ષણને સારૂ અથવા લાભને માટે નથી, પરંતુ જાહેર પ્રજાના લાભને વાસ્તે છે, કેમકે જડજો સ્વતંત્રતાથી અને પરીણામની ધાસ્તી રાખ્યા વગર પોતાની ફરજો બજાવે તેમાં જાહેર પ્રજાનું હીત રહેલું છે.૬ જે કારણ ઉપર અસલના વખતથી આ નિયમ આધાર રાખતો જણાવવામાં આવે છે તે એ છે કે જો આવી ફરીયાદ ચાલી શકતી હોય તો જડજો તેમની સ્વતંત્રતા ખોશે, અને બીજું કારણ એ છે કે ન્યાય કરવામાં જડજોને કુલ સંપુર્ણ છુટ અને સ્વતંત્રતા જરૂરની છે.૭

---

૧. રાજનારાયણ વિ. દીગોંબર ૧૪ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનું ૨૨.
૨. રેનાઈના. વિ. બી. કકડે ૪ મું. ૨૯૮.
૩. થીઆગરાયા વિ. ક્રીષ્ણાસામી ૧૫ મ. ૨૧૪.
૪. રેનાઈના વિ. ગોવિન્દાપા નાયક ૭ મ. ૩૯.
૫. રેનાઇના વિ. ગુલામમહમદ ૯ મ. ૪૩૯.
૬. રમણ વિ. સુબ્રહ્મણ્ય ૧૭ મ. ૮૭.
૭. એન્ડરસન વિ. ગોરી ૧૮૯૫. ૧ ક્વીન્સ બેન્ચ ડીવીઝન પાને ૬૬૮ મે લોર્ડ ઈશરના ટીકા.

વકીલો, બારીસ્ટરો વિગેરેઃ—એક વકીલ અથવા બારીસ્ટર ઉપર વકીલ અથવા બારીસ્ટર તરીકેની તેની ફરજ બજાવતી વખતે બોલેલા જુઠા અથવા ઈર્ષ્યા ભરેલા, કેસને લગતા અથવા નહી લગતા શબ્દો બદલ દીવાની અથવા ફોજદારી રાહે કામ ચલાવી શકાય નહી. ૧ મુંબાઇ હાઇકોર્ટે એવું ઠરાવ્યું છે કે જ્યાં સ્પષ્ટ ઈર્ષ્યા ન હોય (ગેરહાજર હોય, અને સ્પષ્ટ ઈર્ષ્યા કદી ધારી લેવી જોઇએ નહી) ત્યાં કોર્ટે જાહેર રાજદ્વારી નીતીને યોગ્ય રીતે ધ્યાનમાં રાખીને, વકીલ બારીસ્ટરને નવમા અપવાદથી મળતું રક્ષણ નષ્ટ કરવામાં (ખુંચવી લેવામાં) આવે તે પહેલાં ઘણીજ સંભાળ રાખવી જોઇએ. ૨ પરંતુ તેજ હાઇકોર્ટે હમણાં થોડાજ વખત ઉપર ચુકેલા એક કેસમાં એવું ઠરાવ્યું છે કે ઇંગ્લાંડમાં એડવોકેટ (વકીલ, બારીસ્ટર. સોલીસીટર વિગેરે કાયદાનો હીમાયતી) જેટલે દરજ્જે છુટ સ્વતંત્રતા ભોગવે છે તેટલેજ દરજ્જે આ દેશમાં પણ એડવોકેટ છુટ સ્વતંત્રતા ભોગવે છે. જ્યારે તેને આપવામાં આવેલી સુચના (ઈન્સ્ટ્રકશન–Instruction) જુઠી હતી એવું તે જાણતો ન હોય, અને જાણી શકતો ન હોય ત્યારે તે સુચના પ્રમાણે વર્તવા બદલ તેને સજા કરી શકાય નહી. જ્યાં સુધી તેની ભાષા તેની સુચના પ્રમાણે અથવા પુરાવ પ્રમાણે અથવા દફતર ઉપરના કામકાજ પ્રમાણે વ્યાજબી હોય ત્યાં સુધી બોલવાની (ગમે તેવી ભાષા વાપરવાની) તેને સંપુરણ છુટ છે. તેના શબ્દો બદનક્ષી ભરેલા છે. અથવા તો બીજા માણસની લાગણીઓ દુઃખવવાની તેમની વલણ છે, અથવા તો તે શબ્દો છેવટ તદન કાંઈ પણ મજબુત (સંગીન) પાયા વગરના માલમ પડે તેજ વાત માત્ર તેને જવાબદાર બનાવશે નહી, અથવા તેથી કોઇપણ દીવાની અથવા ફોજદારી ફરીયાદમાં તે સજાને પાત્ર થશે નહી. ૩

ઉપર જણાવેલા નાગરજીના કેસમાં એક વકીલે એક તહોમતદારની તરફથી મામલતદારની આગળ તકરાર કરતી વખતે ફરીયાદ પક્ષના કેટલાક સાક્ષીઓ ઉપર ટીકા કરી, અને તેમને લોફરો (નીચ લોકો) કહ્યા અને તેથી તેના ઉપર બદનક્ષી કર્યા બદલ ફરીઆદ માંડવામાં આવી, તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે સ્પષ્ટ ઈર્ષા (કે જેને પહેલેથી ધારી લેવાની નહોતી તે) ની ગેરહાજરીમાં તે વકીલનું આ નવમા અપવાદથી રક્ષણ થતું હતું, અને શુદ્ધબુદ્ધિ હતી કે નહી તે બાબતનો વીચાર કરવામાં આરોપ મુકનાર માણસનો દરજ્જો (position) ધ્યાનમાં લેવો જોઈએ. ૪

એક કેસમાં એક વકીલે એક મુકદમો કે જેમાં તેનો અસીલ હાર્યો તે મુકદમાની તપાસ પુરી થયા પછી તરતજ તેના અસીલને કાગળ લખ્યો, અને તેમાં એવું જણાવ્યુ કે (ગામમાં) એવી અફવા ચાલતી હતી કે સામાવાળા પાસેથી જડજે લાંચ લીધી હતી, અને ફરીયાદી કે જે જડજને ત્યાં લાંચ લઇ ગયો હતો. તે તે લાંચના નાણાંનો થોડોક ભાગ પોતે પચાવી બેઠો. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જો એવી અફવા ખરેખર હયાતીમાં હોય તો તે અફવા યોગ્ય સંભાળ અને ધ્યાનથી બીજાને જણાવવામાં તે વકીલ વ્યાજબી કરતો હતો; પરંતુ જે પ્રમાણે જણાતું હતું તે પ્રમાણે તે વકીલે અફવાને ફેલાવતા પહેલાં તે અફવાની સત્યતાની ખાતરી કરવાની કાંઈ પણ તસ્દી નહી લીધેલી હોવાથી, અને વળી તેના જે અસીલને તેણે કાગળ લખ્યો હતો તે અસીલને તે (અફવાની) વાત બીજાને જણાવી દેતો અટકાવવાને સારૂ ઘણીજ થોડી તસ્દી લીધેલી હોવાથી તે વકીલ શુદ્ધબુદ્ધિ ગણાવાને જરૂરની સંભાળ અને ધ્યાનથી વર્ત્યો નહોતો, અને તેટલા માટે નવમા અને દસમા અપવાદથી તેનું રક્ષણ થતું નહોતું. ૫

એક કેસમાં તહોમતદાર એક મુખત્યાર હતો, તેણે એક ખ નામના માણસના કહેવાથી એક અરજી ઘડી કાઢી કે જેમાં ક ની સામે બદનક્ષી ભરેલા આરોપો મુકેલા હતા. તેણે ખ ની તરફથી મુખત્યારનામુ લેવાની ના પાડી, અને તે અરજી રજુ કરવા સારૂ તેણે ખ ને આપી. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જો કે એક મુખત્યાર જો તેના અસીલની હકીકત ઉપર ભરોંસો રાખીને, શુદ્ધબુધિથી બદનક્ષીવાળી હકી-

---

૧. મન્સ્ટર વિ. લેમ્બ લો રીપોર્ટસ ૧૧ કવીન્સ બેન્ચ ડીવીઝન પાનું ૫૮૮.
૨. રેજાઈના વિ. નાગરજી ત્રીકમજી ૧૯ મું. ૩૪૦.
૩. ભાઈશંકર નાનાભાઈ વિ. એલ. એમ. વાડીઆ ૨ બોમ્બે લો રીપોર્ટર પાનુ ૪.
૪. ૧૯ મું. ૩૪૦.
૫. વેર કૃત લો ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો પાનું ૩૭૮.

ફત કામમાં દાખલ કરે તો તે બદનક્ષી કરવાના તહોમતને પાત્ર થતો નથી, તોપણ તહોમતદારને તે કેસમાં મુખત્યાર તરીકે રોકવામાં આવ્યો નહોતો તેથી, અને મુખત્યારનામુ લેવાની ના પાડવાથી એવું માલમ પડતું હતું કે જે બદનક્ષી કરવાનું તેના ઉપર તહોમત મુકવામાં આવ્યું હતું તે બદનક્ષી (વાળી બાબત) કોઇ પણ ફરજ બજાવવામાં તેણે પ્રગટ કરી નહોતી તેથી આ નવમો અપવાદ તેને લાગુ પડતો નહોતો.૧

સાક્ષીઓ:—ઇનસારી કામમાં જુબાની આપતી વખતે સાક્ષીએ કહેલી હકીકતની બાબતમાં બદનક્ષી કરવા બદલ તે સાક્ષીના ઉપર ફોજદારી કામ ચલાવી શકાય નહી. ૨ જો તેણે કહેલી હકીકત જુઠી હોય તો તે સાક્ષીની સામે જુઠી પ્રતિજ્ઞા કર્યા બદલ ફોજદારી ફરીઆદ આણી શકાય. ૩

એક પોલીસ અમલદારે કરેલી તપાસની દરમીઆનમાં ફોજદારી કામ ચલાવવા (સને ૧૮૯૮ ના આકટ ૫ મા) ના કાયદાની કલમ ૧૬૧ પ્રમાણે તે પોલીસ અમલદારે પુછેલા સવાલના જવાબમાં સાક્ષીએ કહેલી હકીકત ખાસ હક તરીકે રક્ષિત થયેલી છે, અને તે ઉપરથી બદનક્ષીના ગુન્હાનું તહોમત આણી શકાશે નહી. ૪

જો કે સાક્ષીએ કહેલી હકીકત ખોટી રીતે અને ઇર્ષાથી કહેલી જણાવવામાં આવતી હોય તોપણ જો તેણે સાક્ષીઓના પાંજરામાં રહીને જુબાની આપતી વખતે તે હકીકત જણાવી હોય તો બદનક્ષી કર્યા બદલ તેના ઉપર ફરીઆદ ચાલી શકશે નહી. ૫

રીપોર્ટ:—એક અમલદારે પોતાના ઉપરીના હુકમ પ્રમાણે પોતાની ફરજ બજાવવામાં કરેલો રીપોર્ટ કે જેમાં બીજાઓની સામે બદનક્ષી ભરેલા આરોપો હોય પરંતુ જે બેદરકારી ભરેલી રીતે અથવા ગેરવ્યાજબી રીતે કરેલો જણાતો ન હોય તેનો આ નવમા અપવાદની અંદર સમાવેશ થાય છે.૬

એક કેસમાં એક પોલીસ ઇન્સ્પેકટરને, અમુક માણસ ડાકાઇટી કરનારાનો સરદાર હતો તે વાત ખરી હતી કે કેમ તે બાબતની તપાસ કરવાને મોકલવામાં આવ્યો હતો, તે પોલીસ ઈન્સ્પેકટરે એવો રીપોર્ટ કર્યો કે તે વાત જુઠી હતી, અને તે ગામના વાણીઆઓ તે માણસની સાથે શત્રુવટને લીધે તેને સજા કરવાની કોશીશ કરતા હતા, પરંતુ તે ઈન્સ્પેકટરે પોતાના રીપોર્ટમાં ઉમેર્યું કે "ખાનગી તપાસથી મને "એવું માલમ પડયું કે વાણીઆઓનાં ઘરમાં એવી એક પણ સ્ત્રી ભાગ્યેજ હશે કે જેણે પ્રતિવાદી (તે "માણસ) ની સાથે એક બે રાત્રિ ન ગાળી હોય" તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે ઇન્સ્પેકટરનું આ નવમા અપવાદથી રક્ષણ થતું નહોતું.૭

જ્યારે કોર્ટ તરીકે નહી બેસનાર અમલદારની આગળ સરકારી (ઑફીસીયલ-Official) અથવા ખાતા મારફતની તપાસ દરમીઆન કોઈ માણસ બદનક્ષીભરેલી હકીકત જણાવે ત્યારે ઇનસારી કામમાં એક સાક્ષીની માફક બદનક્ષીના તહોમતમાંથી તદ્દન (સંપુર્ણ) રક્ષણ માગવાનો તે માણસનો હક નથી. આ ૪૯૯ મી કલમના અપવાદો ઉપર આધાર રાખતા મર્યાદિત રક્ષણ માગવાનોજ માત્ર તે હકદાર છે.૮

મુંબાઇ હાઇકોર્ટે એવું ઠરાવ્યું છે કે, એક દાવામાં બતાવેલી તકરારો (દલીલો) માં જણાવેલી હકીકત ઇંગ્રેજી સામાન્ય કાયદા (કોમન લો-common law) ના નિયમ પ્રમાણે તદ્દન (સંપુર્ણ રીતે) સુરક્ષિત છે.૯ આ પ્રમાણે જુઠી અને બદનક્ષી ભરેલી હકીકતવાળાં એફીડેવીટો, દલીલો અને વકીલને આપેલી સુચનાઓ (instructions) ખાસ હક તરીકે રક્ષિત થયેલી છે.

---

૧. રેજાઈના વિ. ક્રીસ્ટીન ૨ નોર્થવેસ્ટ પ્રોવીન્સીસ હાઇકોર્ટ રીપોર્ટસ પાનું ૪૭૩.

૨. રેજાઈના વિ. બાબાજી. ૧૭ મુ. ૧૨૭. રેજાઇના વિ. બાલ કૃષ્ણ. ૧૭ મું. ૫૭૩; મંજાયા વિ. સેશ. ૧૧ મ. ૪૭૭.

૩. મંજાયા વિ. સેશ. (ઉપર)

૪. રેજાઇના વિ. ગોવિન્દા પીલાઈ. ૧૬ મ. ૨૩૫.

૫. દાવાનસીંગ વિ. મહીપસીંગ. ૧૦ અ; ૪૩૪; ચીદામ્બર. વિ. થીરૂમતી. ૧૦ મ. ૮૯.

૬. રાજ નારાયણ સેન. વિ. ડીગો બાર પાલ, ૧૪ સધરલાન્ડઝ વીકલી રીપોર્ટર પાનું ૨૨.

૭. રેજાઇના વિ, રાજ નારાયણસેન. ૬ બંગાળ લો રીપોર્ટસ પાનુ ૪૨.

૮. રેજાઈના વિ. કારી ગઉડા. ૧૯ મુ. ૫૧.

૯. નાથજી. વિ. લાલભાઈ ૧૪ મુ. ૯૭

ઇનસાફી કામની અંદર આપેલી અરજીમાં બદનક્ષી ભરેલી હકીકત જણાવવામાં આવી હોય તેટલાજ કારણથી માત્ર તેવી બદનક્ષીવાળી હકીકત રક્ષિત થતી નથી. બદનક્ષીનો જે કાયદો હિંદુસ્તાનમાં થતી ફરિયાદોને લાગુ પાડવો જોઇએ તે ઇંગ્રેજી કાયદો નહિ, પણ પીનલકોડની અંદરનો કાયદો છે.૧

એક કેસમાં ફરિયાદીએ એક સાક્ષીને એવો સવાલ પુછવાની માજીસ્ટ્રેટને વિનંતી કરી કે તેને આગળ સજા થઇ હતી કે કેમ તે સવાલની સામે વાંધો લેવામાં આવ્યો હતો અને તે સવાલ પુછવો જોઇએ કે નહી તે બાબતમાં માજીસ્ટ્રેટ પોતાનો ચુકાદો આપે તે પહેલાં તે સાક્ષી બોલી ઉઠયો, "મને ગુન્હેગાર ઠરાવીને સજા કરવામાં આવી હતી, કારણ કે કાસીમ સાહેબની વહુ મારા ઘરમાં રહી હતી." અને જો કે માજીસ્ટ્રેટે તે શબ્દો ફરી નહિ બોલવાની તેને ચેતવણી આપી તો પણ તે શબ્દો તે ફરીથી બોલ્યો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતુ કે કાસીમની વહુની બદનક્ષી કરવાનો તે ગુન્હેગાર હતો. ૨

એક કેસમાં ફરિયાદણ બાઇ અને તહોમતદાર બંને જે નાતના હતા તે નાતના પટેલોએ તે નાતના લોકોને ફરિયાદણની સાથે કાંઈ પણ સંસર્ગ (વેહેવાર) રાખવાની મના કરી. ફરિયાદણની ભત્રિજી આ મનાઈથી અજાણ હોવાથી તેણીએ તેણીના કુટુંબની ક્રિયામાં ભાગ લેવા સારૂ ફરિયાદણ બાઇને બોલાવી. તહોમતદારે ફરીયાદણને ત્યાં જોયાથી જણાવ્યું કે તેણી (ફરીયાદણ) ને નાત બહાર મુકવામાં આવી હતી, અને તેણીએ ત્યાંથી જતા રહેવું જોઇએ એવી તહોમતદારે હઠ લીધી તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે નાતની સજામાંથી પોતાનું રક્ષણ કરવાને સારૂ તે તહોમતદારે તે હકીકત શુદ્ધબુદ્ધિથી જણાવી હતી અને તે તહોમતદાર બદનક્ષી કરવાનો ગુન્હેગાર નહોતો.૩

જ્યાં એક માણસે કાંઇ પણ યોગ્ય કારણ વગર, માજીસ્ટ્રેટને એવી મતલબની અરજી આપી કે અમુક માણસો તેની સામે જુઠાં તહોમતો આણવાની તૈયારી કરતા હતા કે ત્યાં તેને બદનક્ષી કરવાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો.૪

એક ફોજદારી કેસ ટ્રાન્સફર કરાવવાની એક અરજીમાં અરજદારોએ કેટલાક દેખીતા કારણોથી એવું જણાવ્યું કે એક દિવાની મુકદમો કે જે તેમની સામે ડ નામના એક માણસે દાખલ કરાવ્યો હતો તે મુકદમાની સામે તેમના બચાવને નુકશાન કરવાને સારૂ તે ડ ની ઉશ્કેરણીથી તે ફોજદારી કેસ ફરિયાદીએ તેમની સામે જુઠો ઉભો કર્યો હતો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતુ કે તેમણે જણાવેલી આ હકીકત બદનક્ષી બનતી નહોતી, કેમકે તે નવમા અપવાદની અંદર આવતી હતી.૫

જ્યારે કોઇ હકીકત બંધ કાગળમાં મોકલી હોય ત્યારે ખાસ હક તરીકે રક્ષિત હોય તેજ હકીકત જ્યારે (ખુલ્લી) પોસ્ટ કાર્ડ ઉપર લખી મોકલી હોય, ત્યારે રક્ષિત થતી નથી.૬

અપવાદ ૧૦ મો:—ડ નામની એક સ્ત્રી તેણીના પહેલા ધણીને છોડીને ચાલી ગઈ, અને જ નામના માણસની સાથે તેણીએ છુપી રીતે પાટલગ્ન કર્યું, પરંતુ પક્ષકારો જે જાતના હતા તે જાતના તે વખતના સ્વામીએ તેમના તે પાટલગ્ન સંબંધને વ્યભિચારી ઠરાવ્યો. કેટલાંક વરસ પછી તેજ જાતના બીજા સ્વામીએ તે પાટલગ્નને કાયદેસર ઠરાવ્યુ. પરંતુ તે જાતના કેટલાક લોકોએ તે સ્વામીના આ કામ તરફ પોતાની નાપસંદગી જણાવી, અને તેને કેટલાક કાગળો લખ્યા, પરંતુ તે સ્વામીની તરફથી તે કાગળોના કાંઈ પણ જવાબ મળ્યા નહિ. તે ઉપરથી તે ગામના બાર ગામડીઆઓએ એક વર્તમાન પત્રમાં એક નોટીસ (જાહેર ખબર) પ્રગટ કરી, જે નોટીસ એવા શબ્દોથી શરૂ થઇ હતી કે " જ એ ડ

૧. ડાકટર જે. એ. ગ્રીન. વિ. જે. પી. ડીલાની ૧૪ સધરલાન્ડઝ વીકલી રીપોરટર પાનુ ૨૭.
૨. વેર કૃત લૉ ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લૉ. પાનુ ૨૨૪.
૩. વેર કૃત લૉ ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લૉ. પાનુ ૨૨૫
૪. રેન્જાઇના વિ. શિબ પ્રસાદ પન્ડા. ૩ કલકત્તા લૉ. રીપોર્ટસ પાનુ. ૧૨૩,
૫. ઇસરી પ્રસાદ. વિ. ઉમરાવસીંગ. ૨૨. અ, ૨૩૪.
૬. રેન્જાઇના વિ. શ્રી 'વિદ્યાશંકર. ૬ મ. ૩૮૧.

નામની એક શંડ શખી છે, અને તેનાથી તેને છોકરાં થયાં છે." તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે, તે ગામડીઆઓ બદનક્ષી કર્યાના ગુન્હેગાર હતા, કેમકે સમસ્ત પ્રજાના એક ભાગના હિતને ખાતર તે હકીકત જાહેર કરવામાં આવી હતી એવું કબુલ રાખીએ તોપણ જે માણસોનો સંભવીત રીતે તે હકીકતમાં સ્વાર્થ રહેલો હોય તેવા માણસો કરતાં વધારે બહોળા (વિસ્તીર્ણ) વાંચનાર મંડળમાં તે હકીકત ફેલાવવાનો તહોમતદારોને કાંઈપણ ખાસ હક (privilege) નહોતો. ૧

જે માણસના ઉપર બદનક્ષી કરવાનું તહોમત મુકવામાં આવ્યું હોય તે માણસે પ્રસિદ્ધ કરેલો બદનક્ષીવાળો આરટીકલ (વિષય) માં જણાવેલા બધા ભિન્ન ભિન્ન આરોપો, જો દિવાની દાવામાં તે પ્રતિવાદી હોત તો જેટલી ચોકસાઇથી તે આરોપો સાબીત કરવાનું તેને ફરમાવવામાં આવત તેટલીજ ચોકસાઈથી સાબીત કરવાનું તે તહોમતદારને જડજ ફરમાવે તેમાં કાયદાની ભુલ નથી (અર્થાત તે બરાબર કાયદેસર છે.) ૨

જ્યાં બદનક્ષીના કેસમાં તહોમતદાર બદનક્ષી વાળી બાબતની સત્યતા સાબીત કરવાને સારૂ પુરાવો લાવવાનો ઇરાદો રાખતો હોય ત્યાં તે તહોમતદારના વકીલે જે જે બાબત ઉપર પુરાવો લાવવાનો ઇરાદો હોય તે દરેક બાબત ઉપર ફરિયાદીની ઉલટ તપાસ કરવી જોઈએ. જો તે તેમ ન કરે તો જે મુદ્દાની બાબત ઉપર તેણે ફરિયાદીની ઉલટ તપાસ ન કરી હોય તેના સબંધમાં તે તહોમતદારને પાછળથી પુરાવો આપવા દેવો કે કેમ તે ઘણા ગંભીર વિચારની વાત છે.૩

એક માણસની સ્ત્રી ઉપર તે વ્યભિચારી હોવાનો આરોપ મુકવા બદલ તે આરોપ મુકનાર તહોમતદારની સામે તે સ્ત્રીનો ધણી (એટલે તે માણસ) બદનક્ષીની ફરીયાદ માંડવાનો હકદાર છે. ૪

એક કેસમાં વ્યભીચાર કરીને ગર્ભવંતી હોવાનું એક સ્ત્રી ઉપર તહોમત મુકવા બદલ તે તહોમત મુકનાર માણસની સામે તે સ્ત્રીની બદનક્ષી કરવાનું તહોમત મુકવામાં આવ્યું હતુ પોતે કહેલી હકીકતની સત્યતાની ખાતરી કરવા સારૂ તે સ્ત્રીને દાકતરની પાસે તપાસ કરાવવાની તે તહોમતદારે કોર્ટને વિનંતી કરી, તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે અરજ નામંજુર કરવામાં કોરટે વાજબી કર્યું હતું.૫

આબરૂ લેવાની શીક્ષા.

૫૦૦ જે માણસ કોઇ બીજા માણસની આબરૂ લે તેને બે વરસની મુદત સુધીની આસાન કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કાંઇ બાબત આબરૂ લેવા જેવી છે એવું જાણીને તે છાપવી અથવા કોતરવી.

૫૦૧. કાંઇ બાબત કોઈ શખસની આબરૂ લેવા જેવી છે એવું જાણીને અથવા એવું માનવાનું સારૂ કારણ છતાં જે માણસ તે બાબત છાપે અથવા કોતરે તેને બે વરસની મુદત સુધીની આસાન કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

આ કલમ સાથે ફો. પ્રો. ક. ૫૨૧ વાંચવાની છે, જે નીચે મુજબ છે.

આબરૂ લેવા જેવી તથા

૫૨૧. (૧) હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૯૨ મી, ૨૯૩ મી, ૫૦૧ લી, અથવા ૫૦૨ જી કલમ પ્રમાણે ગુન્હો સાબીત થયાનો ઠરાવ કરવામાં આવે, ત્યારે જે વસ્તુના સંબંધમાં તે ગુન્હો સાબિત થયાનો

---

૧. રેજાઈના વિ. શિવ ગઢડા. ૩ બામ્બે લો. રીપોરટર પાનુ. ૧૮૮.
૨. રેજાઈના વિ. ફીકાભાઈ પરભુદાસ. ૯ બામ્બે હાઇકોર્ટ રીપોર્ટસ. પાનું ૪૧૧.
૩. રેજાઈના વિ. ધમસીંગ. ૬ બ. ૨૨૦.
૪. છોટાલાલ વિ. નાથાભાઇ ૨૫ મું. ૧૫૧.
૫. રેજાઇના વિ. પલ્લન મુંબાઈ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ સને ૧૮૮૯ નું ૩૩ મુ.

બીજી બાબતનો નાશ કરવા વિશે.

ઠરાવ કર્યો હોય તે વસ્તુની જે નકલો કોર્ટના હવાલામાં હોય અથવા ગુન્હો સાબિત થયેલા શખસની કબજામાં અથવા અખત્યારમાં રહેલી હોય તે સઘળી નકલોનો નાશ કરવાનો હુકમ કરવાને કોર્ટ મુખત્યાર છે.

(૨) તેવીજ રીતે, હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૨૭૨ મી, ૨૭૩ મી, ૨૭૪ મી, અથવા ૨૭૫ મી કલમ પ્રમાણે ગુન્હો સાબિત થયાનો ઠરાવ કરવામાં આવે, ત્યારે ખાવાની અથવા પીવાની જે વસ્તુના સંબંધમાં, અથવા જે વસાણાના સંબંધમાં, અથવા તૈયાર કરેલાં જે ઔષધના સંબંધમાં તે ગુન્હો સાબિત થયાનો ઠરાવ કર્યો હોય તેનો નાશ કરવાનો હુકમ કરવાને તે કોર્ટ મુખત્યાર છે.

આબરૂ લેવા જેવી બાબતવાળી છાપેલી અથવા કોતરેલી વસ્તુ વેચવી.

૫૦૨. કાંઇ પણ છાપેલી અથવા કોતરેલી વસ્તુમાં આબરૂ લેવા જેવી કાંઈ બાબત છે. એવું જાણીને જે માણસ તે વસ્તુ વેચે અથવા વેચવા માંડે તેને બે વરસની મુદત સુધીની આસાન કેદની અથવા દંડની અથવા બે બંનેની શીક્ષા કરવામાં આવશે.

બાબ ૨૨ મો.

સાપરાધ ધમકી, તીરસ્કાર તથા દુઃખ બાબત.

સાપ્રાધ ધમકી.

૫૦૩. જે શખસ કોઇ બીજા શખસને તેના શરીરને આબરૂને અથવા મીલકતને કાંઈ નુકશાન કરવાને અથવા જેની સાથે તે બીજા શખસને સંબંધ હોય તેના શરીરને અથવા આબરૂને કાંઈ નુકશાન કરવાને ડર દેખાડે એવા ઈરાદાથી કે તે શખસને ગભરાટ પેદા થાય અગર તે ડર અમલમાં ન આવે એટલા માટે જે કામ કરવાની તેની કાયદા પ્રમાણે ફરજ ન હોય તે કામ તે શખસ કરે અથવા જે કામ કરવાનો તેનો કાયદા પ્રમાણે હક હોય તે કામ કરવામાં તે શખસ કસુર કરે તેણે સાપ્રાધ ધમકીનો ગુન્હો કર્યો એમ સમજવું.

ખુલાસો--કોઇ મુવેલા શખસની સાથે જે શખસને સબંધ હોય તે શખસને તે મુવેલા શખસની આબરૂને નુકશાન કરવાનો ડર દેખાડવો તે આ કલમમાં દાખલ થાય છે.

દૃષ્ટાંત—અ એક દીવાની મુકદમો ચલાવતો બંધ થાય એવા હેતુથી અ બ ને ડર દેખાડે કે હું તારૂં ઘર બાળી નાંખીશ તો અ સાપ્રાધ ધમકીના ગુન્હાનો તકસીરવાર છે, એમ સમજવું.

ટીકા:—જે માણસના ઉપર ધમકીની અસર થવાનો ઈરાદો રાખવામાં આવ્યો હોય તે માણસના મન ઉપર મુકેલા દબાણમાં આ ગુન્હાનું તત્વ રહેલું છે.

સાપરાધ ધમકીના ગુન્હામાં જે માણસને ડર દેખાડવામાં આવ્યો હોય તે માણસ, અને કોઇ બીજો માણસ કે જેની સાથે ખાસ કરીને તેનો સબંધ હોય તેવો બીજો માણસ એમ બંને હોવાની જરૂર છે એમ જણાય

છે તે પછી તે બીજાએ નુકશાન કરવામો તે (પેહેલા) માણસને ડર દેખાડીને તે(પેહેલા) માણસને ગભરાટ ઉત્પન્ન કરવાનો ઇરાદો હોવો જોઇએ. જો કે તે ઇરાદો અમલમાં મુકી શકાય એમ ન હોય તો પણ તે ઈરાદો પોતે સંપુરણ હોઇ શકે. પરંતુ તે ગુન્હો કરવાની કોશીશ પ્રમાણેજ હિત સબંધની હયાતી પણ આ ગુન્હાને વાસ્તે જરૂરની લાગે છે, કેમકે તેમ ન હોય તો તે કોશીશ, ગુન્હો ન બને એવું કાંઈ પણ કરવાની (કોશીશ) થશે. ૧

ડર દેખાડેઃ—આ કલમમાં " બીજાને ડર દેખાડે " શબ્દોનો અરથ એવો થાય છે કે દેખાડેલો ડર (ધમકી) ફરીયાદીને પોતાને અથવા જે માણસ તેને તે જણાવશે એવા ત્રીજા માણસને દેખાડેલો હોવો જોઈએ. જ્યારે કોઈ માણસ તેની સામે હુકમનામુ બજાવનારા વકીલને ડર દેખાડે ત્યારે એ વ્યાજબી રીતે ધારી લેવાય કે તે વકીલ ડર દેખાડયાની વાત પોતાના અસીલને જણાવશે. ૨

આ કલમમાં જણાવેલી ધમકી, જે માણુને ડર દેખાડવામાં આવ્યો હોય તે માણસના મન ઉપર અસર કરવાને સારૂ તે માણસને જણાવેલી હોવી જોઈએ, અથવા તે માણસને જણાવવાના ઇરાદાથી તે ધમકી મોઢેથી ઉચ્ચારેલી (બોલેલી) હોવી જોઈએ. ૩

જુઠી ફરીયાદો કરીને તે વેર વાળવાનો છે એવુ એક માણસનું બીજાને કહેવુ તે ડર દેખાડવો તે અથવા સાપરાધ ધમકી બની શકતી નથી, દેખાડેલો ડર ગુન્હેગારી ભરેલો બનવાને સારૂ, ફરીયાદીને " ગભરાટ પેદા કરવાના ઈરાદાથી " દેખાડેલો હોવો જોઈએ. ૪

એક કેસમાં મોહોરમ (તાબુત) ના તહેવારની દરમીઆનમાં સલાહ શાંતિ રાખવાને હિન્દુઓ અને મુસલમાનો બંને પક્ષકારો વચ્ચે થયેલા ઈકરારનામાની શરતો પ્રમાણે જો તેઓ બંને ચાલશે તો તેમને ઝગડામાં નાંખીને કેદ કરાવશે એવી એક માણસે તે બંનેને ધમકી આપી તે કેસમાં તે માણસને આ ગુન્હાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. ૫

નુકશાન કરવાની ધમકીઃ—એક કેસમાં ફરીયાદી એક પુખ્ત ઉમ્મરની સ્રીનો ભાઇ થતો હતો તેની પાસે તહોમતદાર ગયો, અને તેને કહ્યું કે તે સરકારને ત્યાંથી આવ્યો હતો, અને જો તે ફરીયાદી તેની બેનને તે (તહોમતદાર) ની સાથે જવા નહી દે તો તે (તહોમતદાર) તે (ફરીયાદી) ને છ મહીનાની કેદ અપાવશે. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતુ કે આ શબ્દો આ કલમના અરથની અંદર સાપરાધ ધમકી બનતી નહોતી (કેમકે પીનલકોડના અરથની અંદર આવે તેવી નુકશાન કરવાની કાંઈ પણ ધમકી તેમાં નહોતી,) અથવા તો તે શબ્દોથી કાયદાને જાણીતો એવો બીજો કોઇ પણ ગુન્હો બનતો નહોતો. ૬

એક પોલીસ કોન્સ્ટેબલને પોલીસની નોકરીમાંથી કાઢી મુકાવવાની ધમકી આપવી તે આ કલમની અંદર આવીને ૫૦૬ કલમ પ્રમાણે સજાને પાત્ર થાય તેવી નુકશાન કરવાની ધમકી નથી. ૭

જ્યાં અમુક માણસોએ અ ને એવું કહ્યું કે તેણે પોતાનું ખેતર છોડી દેવું; નહી તો તેઓ તેને નાત બહાર મુકશે, ત્યાં એવું ઠરાવવામાં આવ્યુ હતુ કે તે સાપરાધ ધમકીનો ગુન્હો બનતો નહોતો, કેમકે જે નુકશાન કરવાનો ડર બતાવવામાં આવ્યો હતો તે નુકશાન ૪૪ મી કલમમાં આપેલી વ્યાખ્યાની અંદર આવતુ નહોતુ. ૮

જ્યાં જે નુકશાનની બાબતમાં ફરીયાદ કરવામાં આવી હોય તે નુકશાન સાંપ્રદાયીક (રૂઢી પ્રમાણે ચાલતી) સજા કે જે (સજા) કરવાને તે નાતનો પટેલ (ઉપરી) તે નાતના રીવાજથી તેને મળેલો અધીકાર બજાવવામાં મુખત્યાર છે તેવી સાંપ્રદાયીક સજામાંથી ઉત્પન્ન થતુ દુઃખ (માત્ર) હોય ત્યાં કાંઇ પણ સાપરાધ

---

૧. રેજાઈના વિ. મંગેશ જીવા ૧૧ મું ૩૭૯ માં જસ્ટીસ વેસ્ટના ટીકા.
૨. સઈયદ મહમદ વિ. સરવરખાન ૫ સેન્ટ્રલ પ્રોવીન્સીસ રીપોર્ટસ પાનુ ૫૦.
૩. ગંગા ચન્દર વિ. ગફરચન્દર ૧૫ ક. ૬૭૧.
૪. રેજાઇના વિ. ગોવિન્દ ૨ બોમ્બે લો રીપોર્ટર પાનુ ૫૫.
૫. રેજાઈના વિ. આતાહુસેન ૬ અલાહબાદ વીકલી નોટસ પાનું ૪૧.
૬. રેજાઇના વિ. સોરોબા ભાસ્કરજી ૮ બોમ્બે હાઇકોરટ રીપોર્ટસ પાનુ ૧૦૧.
૭. રેજાઇના વિ. દાદા હનમન્ત ૨૦ મું. ૭૯૪.
૮. રેજાઇના વિ. આલ્યા ધરમ મુંબાઇ હાઈકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ તા. ૧૭ મી અગસ્ટ સને ૧૮૭૦.

ધમકીનો ગુન્હો થઈ શકે નહી. અને જો તે પટેલની સમજશક્તિ પ્રમાણે આપેલા ચુકાદામાં કાંઇ ચુક હોય તો તેથી સાંપ્રદાયીક નૈતીક કૃત્ય ફોજદારી ગુન્હામાં બદલાઇ જતુ નથી. ૧

એક કેસમાં તહોમતદારે કમીશનરને એક અરજી મોકલી, અને તે અરજીમાં એવો ડર દેખાડયો કે જો અમુક જંગલ ખાતાના અમલદારને બીજે ઠેકાણે ખસેડવામાં (બદલી કરવામાં) નહી આવે તો તે (અમલદાર)ને મારી નાંખવામાં આવશે. તહોમતદારની સામે ૫૦૭ મી કલમ પ્રમાણે સાપરાધ ધમકીના ગુન્હાનું તહોમત મુકવામાં આવ્યુ હતુ. સેશન્સ જડજે એવું ઠરાવ્યુ હતુ કે તે જંગલ ખાતાના અમલદારની સાથે તે કમીશનરને અધીકારની રૂઈએ અથવા જાતીકો કાંઇ પણ સબંધ નહોતો, તેટલા માટે તેણે તહોમતદારને સાપરાધ ધમકીના ગુન્હાનો નિર્દોષ ઠરાવ્યો, પરંતુ ૫૦૭ મી કલમ પ્રમાણે સજાને પાત્ર થતો ગુન્હો કરવાની કોશીશ કરવાનો તે તહોમતદારને તેણે ગુન્હેગાર ઠરાવ્યો. અપીલમાં હાઇકોર્ટે આ પ્રમાણે તેને ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા રદ કરીને એવું ઠરાવ્યું કે જે માણસને (કમીશનરને) તે અરજી મોકલવામાં આવી હતી તે માણસને; જે માણસ (અમલદાર)ને મારી નાંખવાની ધમકી આપવામાં આવી હતી તે માણસની સાથે કાંઇ પણ સંબંધ નહોતો તેથી તહોમતદારે કરવા ધારેલું અને કરેલું કૃત્ય આ કલમના અર્થની અંદર સાપરાધ ધમકીનો ગુન્હો બનતું નહોતું. ૨

તહોમતદાર જે માણસોએ તેને પકડયો હતો તે માણસોમાં ગભરાટ ઉત્પન્ન કરવાને સારૂ નદીમાં પડયો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તહોમતદારના કૃત્યથી તેના પોતાના સિવાય બીજો કોઈ પણ માણસને નુકશાન કરવાની તે ધમકી બનતી નહોતી તેથી આ કલમ પ્રમાણેના ગુન્હા બદલ તેને ગુન્હેગાર ઠરાવવું કાયમ રહી શકતું નહોતું. ૩

એક કેસમાં તહોમતદાર અને તેના ભાઇને કજીઓ થવાથી તહોમતદાર દોડીને એક તરવાર લઈ આવ્યો, પરંતુ તેને બીજા માણસોએ ઝાલી રાખીને તેની પાસેથી તરવાર લઈ લીધી, અને પછી જો તેને છુટો કરવામાં આવે તો પોતાના ભાઇને મારી નાંખવાનો પોતાનો ઇરાદો જણાવ્યો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે, તહોમતદારે વાપરેલા શબ્દોનો અર્થ આ કલમની અંદર આવે તેવી ધમકીનો કરી શકાય નહીં. ૪

જ્યાં એક ગુરૂ અથવા ધર્મના વડાએ તેના પંથના એક માણસને નાત બહાર મુકેલો જાહેર કર્યો, અને તે માણસ ઉપર ઈશ્વરી કોપ (પરમેશ્વરની ઇતરાજી) ઉતરશે એવું લોકોને મનાવવાની કોશીશ કરી ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેના તેમ કરવાથી તે સાપરાધ ધમકીનો ગુન્હેગાર બનતો નહોતો. ૫

એક કેસમાં જે માણસને ધમકી આપવામાં આવી હતી તે માણસની ગેરહાજરીમાં તહોમતદારે તે માણસને માર મારવાની અને તેનું ઘર બાળી મુકવાની ધમકી આપી, પરંતુ તે ધમકીની વાત તેને જણાવવાનો ઇરાદો હોય એમ જણાતું નહોતું અને તે ધમકી વિષે તેણે કદી સાંભળ્યું નહોતું તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તહોમતદારે કાંઇ પણ ગુન્હો કર્યો નહોતો. ૬

જો એક સખસ એકને એકજ વખતે ત્રણ જુદા જુદા માણસોને સાપરાધ ધમકી આપે અને તે દરેક માણસ તે સખશની સામે જુદું જુદું તહોમત આણે તો તે ત્રણે જુદા જુદા ગુન્હાનો ગુન્હેગાર ઠરી સજાને પાત્ર થશે. ૭

૫૦૪. જે માણસ ઈરાદાથી કોઇ સખસનો તીરસ્કાર કરીને તેને ક્રોધ ઉત્પન્ન કરે એવા ઈરાદાથી કે તે ક્રોધને લીધે તે

---

૧. રેજાઇના વિ. શ્રી વિદ્યાશંકર ૬ મ. ૩૮૧.
૨. રેજાઈના વિ. મંગેશ જીવાજી, ૧૧ મું. ૩૭૬.
૩. રેજાઇના વિ. ચીકાતી. વેર કૃત લો ઓફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો પાનું. ૩૯૦
૪. રેજાઈના વિ. દત્તારામ પંજાબ રેકર્ડઝ. સને ૧૮૮૨ નું ૪૫ મું.
૫. રેજાઇના વિ. શ્રી વિદ્યા શંકર (ઉપર).
૬. ગંગા વિ. ગૌર. ૧૫ ક. ૬૭૨.
૭. રેજાઇના વિ. ગુલઝારખાન. ૯ સધરલાન્ડઝ વિકલી રીપોર્ટર પાનું ૩૦

સમાધાનીને ભંગ કરવાના ઈરાદાથી જાણી જોઇને કોઈનો તીરસ્કાર કરવો. લોકની સુલેહમાં ભંગ કરે અથવા કાંઇ બીજો ગુન્હો કરે અથવા એમ જાણીને કે તે શખસ તે ક્રોધને લીધે લોકની સુલેહમાં ભંગ અથવા કાંઈ બીજો ગુન્હો કરશે એવો સંભવ છે તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—આ કલમ પ્રમાણેનો ગુન્હો બનવાને સારૂ, જો તિરસ્કાર એવી જાતનો હોય કે જેની વલણ સામા ધણીને તેનો મીજાજ ખોવડાવીને તેની પાસે કાંઇ પણ જુસ્સા ભરેલું (ક્રોધ ભરેલું) કૃત્ય કરાવવાની અથવા જુસ્સા ભરેલું વેણ (વચન) કહેવડાવવાની હોય તો તેટલુંજ બસ છે. ક્રોધ ભર્યા શબ્દો તેમજ કૃત્યોથી લોકની સુલેહનો ભંગ થઈ શકે છે. ૧

આ ગુન્હાને માટે એટલુંજ સાબીત કરવું બસ છે કે ઈરાદા પુર્વક તીરસ્કાર એવો છે કે જેથી ફરિયાદીની સ્થીતી અને ચાલ ચલગતવાળો માણસ સુલેહનો ભંગ કરવાને સાધારણ રીતે દોરાશે. ૨

અમુક હિન્દુ સોનીઓ કે જેઓ શમ્સી તરીકે ઓળખાતા એક પંથના લોકો હતા તેઓએ ફોજદારી ફરીયાદ કરી અને તેમાં એવું જણાવ્યું કે જે ગામમાં તેઓ રહેતા હતા તે ગામના બીજા હિન્દુ રેહેવાશીઓએ તેઓની સાથે હિન્દુઓ તરીકે કાંઇ પણ વેહેવાર રાખવાની ના પાડી હતી, અને હિન્દુઓથી વપરાતા કુવાનો ઉપયોગ કરતાં તેમને અટકાવ્યા હતા તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે ફરિયાદ આ કલમ પ્રમાણે ચાલી શકતી નહોતી. ૩

અ એ બ ને એટલી બધી (એટલે દરજ્જે) ગાળો દીધી કે તેથી બ બેહદ ધાસ્તીની સ્થીતીમાં આવી ગયો (ઘણી શેહે ખાઈ ગયો) તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે અ એ બ ને એવો ક્રોધ ઉત્પન્ન કર્યો હતો કે તેથી સાધારણ સ્થીતીની અંદર સુલેહનો ભંગ થાત, અને તેથી કરીને અ આ કલમ પ્રમાણેના ગુન્હાનો ગુન્હેગાર હતો. ૪

એક કેસમાં પોલીસ કોન્સ્ટેબલે એક સખસને જાહેર રસ્તા ઉપર ગરબડ ન કરવા કહ્યું. ફરીયાદી તે મુજબ કરવા-ગરબડ કરતો બંધ પડવા ના પાડયા ;ઉપરથી કોન્સ્ટેબલે તેનું નામ અને સરનામું માંગ્યું તે આપવા ફરીયાદીએ ના પાડી. તે ઉપરથી કોન્સ્ટેબલે ફરીયાદીને "સુવર" કહી તેને પકડયો અને પોલીસ ચોકી સુધી તાણ્યો અને તેનું નામ ઠામ મુકરર થયું ત્યાં સુધી તેને ત્યાં રોકી રાખ્યો. તેમાં ઠરાવવામાં આવ્યું કે તહોમતદારને આ કલમ મુજબ ગુન્હેગાર ઠરાવવામાં બરોબર થયું હતું.૫

૫૦૫. જે કોઇ—

લોકો તરફથી બીગાડ થવા સરખી વાત.

(અ) રાણી સાહેબની જમીનપસ્તી અથવા દરીયાઇ ફોજ માંહેલા અથવા રાયલ ઇંડીયન મરીન માંહિલા અથવા ઇમ્પીરીયલ સર્વીસ ટ્રુપ્સ માંહિલા કોઇ ઓફીસર, સોલજર અથવા ખલાસી બંડ કરે અથવા એવો ઓફીસર, સોલજર અથવા ખલાસી એવા

---

૧. રેજાઈના વિ. ચુનીભાઈ ૪ બોમ્બે લો. રીપોર્ટર પાનું ૭૮.
૨. રેજાઇના વિ. ચીદામ્બર પીલાઇ વેર કૃત લો. ઑફ ઓફેન્સીસ એન્ડ ક્રીમીનલ લો. પાનું ૩૯૧.
૩. રામ દીતા વિ. કીરપાસીંગ પંજાબ રેકર્ડઝ સંને ૧૮૮૩ નું ૩ જું.
૪. રેજાઈના વિ. જોગાયા ૧૦ મ. ૩૫૩.
૫. બોમ્બે લો રિપોર્ટર પાનું ૫૦૭.

સબંધથી પોતાના કામ તરફ બીજી રીતે દુર્લક્ષ કરે અથવા, પોતાનું કામ ન કરે એવા ઈરાદાથી, અથવા

(બ) લોકોમાં અથવા લોકોના કોઇ પણ ભાગમાં ભય અથવા ગભરાટ, પેદા થઇને કોઇ શખસને રાજ્ય વિરૂદ્ધ અથવા લોકોની સમાધાની વિરૂદ્ધ કાંઇ ગુન્હો કરવાનું મન થાય એવા ઇરાદાથી, અથવા

(ક) કોઇ પણ વર્ગના અથવા જમાતના માણસોને બીજા કોઇ પણ વર્ગ વિરૂદ્ધ અથવા જમાત વિરૂદ્ધ કાંઇ ગુન્હો કરવાને ઉશ્કેરવાના ઇરાદાથી,

અથવા એ પ્રમાણે થવાનો સંભવ હોય એવી કાંઇ વાત, અફ્વા, અથવા બુમ કરે, પ્રગટ કરે અથવા ચલાવે, તેને બે વરસ સુધીની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

અપવાદઃ—એવી કાંઇ પણ વાત, અફ્વા અથવા બુમ કરનારા, પ્રગટ કરનારા અથવા ચલાવનારા શખસને જ્યારે એવી વાત, અફ્વા અથવા બુમ ખરી છે એવું માનવાને વાજબી સબબ હોય અને તે શખસ એવી વાત, અફ્વા અથવા બુમ ઉપર કહેલા પ્રકારના કોઇ પણ ઇરાદાવગર કરે, પ્રગટ કરે અથવા ચલાવે, ત્યારે તેમ કરવું આ કલમના અર્થ પ્રમાણે ગુન્હો થતો નથી.

☞ આ કલમ સને ૧૮૯૮ ના આકટ ૪ થા ની કલમ ૬ ઠીથી નવી દાખલ કરેલી છે.

ટીકા.—લોકોમાં અથવા લોકોના અમુક ભાગમાં ભય અથવા ધાસ્તી માત્ર ઉત્પન્ન કરવી તે આ કલમ પ્રમાણે ગુન્હો બનતો નથી. પરંતુ એ જરૂરનું છે કે ભય અથવા ધાસ્તી એવી સ્થીતીની અંદર ઉત્પન્ન કરેલી હોવી જોઇએ કે જેથી એવો સંભવ હોય કે રાજ્યની સામે અથવા લોકોની શાંતિની સામે ગુન્હો કરવાને કોઈ માણસ દોરાય. આવી જાતના કેસમાં, ધાસ્તીથી મનની જે સ્થીતિ થઇ હોય તે સ્થીતીથી કોઈ માણસ લોકોની શાંતિની સામે ગુન્હો કરવાને સહેલાઈથી દોરાશે એવો અનીશ્ચિત (દુરનો) સંભવ ધ્યાનમાં લઇ શકાય નહી. આ વાત કોઇ પણ અમુક કેસની આજુબાજુની હકીકત ઉપર આધાર રાખશે. તહોમતદાર દારજીલીંગમાં આવેલા એક ન્હાના બગીચાનો દફેદાર હતો તે થોડાજ વખત ઉપર નેપાળથી આવેલો હતો; તેણે બગીચાના મજુરોની અંદર એવી અફ્વા (રીપોર્ટ) ફેલાવી કે અંગ્રેજી સરકાર અને નેપાળના રાજ્યની વચ્ચે લડાઈ થવાની તઈયારી હતી, સરહદ ઉપર નેપાળી સીપાઇઓને મુકવામાં આવ્યા હતા અને સઘળા મજુરોને ઇંગ્રેજો મારી નાખશે તે અફ્વાનું પરિણામ એ થયું કે આશરે દોઢસો મજુરો તરતજ નાશી ગયા તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તહોમતદારે જે અફ્વા ફેલાવી હતી તેના સંભવિત પરિણામ—જે પરિણામ ખરેખરી રીતે થયું હતું તે કરતાં કાંઇ વધારે (થવા) નો તે તહોમતદારનો ઈરાદો હતો એવું ગણી શકાય નહી અને તેથી કરીને તે દફેદારને આ કલમની પેટા કલમ (બ) પ્રમાણે ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા રદ કરવામાં આવી હતી. ૧

આ કલમ સાથે ક્રી. પ્રો. ક. ૧૯૮ મી કલમ વાંચવાની છે, જે નીચે મુજબ છે.

કરાર તોડવા બાબત આબરૂ લેવા બાબત અને લગ્નવિરૂદ્ધ ગુન્હા બાબત ફરીયાદીનું કામ ચલાવવું.

૧૯૮. જે ગુન્હો હિંદુસ્તાનના ફોજદારી કાયદાના ૧૯ મા અથવા ૨૧ મા બાબમાં અથવા તેજ કાયદાની ૪૯૩ થી ૪૯૬ સુધીની (એ બન્ને કલમો સુદ્ધાં) કલમોમાં આવતો હોય તે ગુન્હાથી જે સખશને નુકસાન પહોંચ્યું હોય તે સખશે કરેલી ફરીયાદ વગર કોઇ પણ કોર્ટે તે ગુન્હો સાંભળવો નહિ.

૫૦૬. જે માણસ સાપરાધ ધમકીનો ગુન્હો કરે તેને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા

---

૧ રેજાઈના વિ. મનબીર ૩ કલકત્તા વીકલી નોટસ. પાનું ૧.

સાપરાધ ધમકીના ગુન્હાની શીક્ષા જો તે ધમકી મોત અથવા મહાવ્યથા વગેરે કરવાની હોય તો.

દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે અને અગર મોત અથવા મહાવ્યથા કરવાનો અથવા આગથી કાંઇ મીલકતનો નાશ કરવાનો અથવા મોતની સમુદ્રપારની અથવા સાત વરસની મુદત સુધીની કેદની શીક્ષા થાય એવો કાંઈ ગુન્હો કર્યાનો અથવા કોઈ સ્ત્રીની સાથે વ્યભીચારનો દોષ મુકવાનો ડર દેખાડયો હોય તો તેને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા—જો કે આ કલમના પાછલા ભાગ પ્રમાણેનો ગુન્હો કર્યાની ફરીયાદનું સહેજ સહેજ સમજાનામુ થઇ શકે નહિ તો પણ યોગ્ય કેસમાં ફરિયાદ પાછી ખેંચી લેવા દેવાની પરવાનગી મળી શકે. ૧

એક ચોરીના સબંધમાં કેટલાંક માણસોથી (મારફતે) તપાસ કરવાની એક પોલીસ ઈન્સ્પેકટરની ઈચ્છા થવાથી તે પોલીસ ઇન્સ્પેકટરે તે માણસોને તેડી લાવવાને એક કોન્સ્ટેબલને મોકલ્યો. જ્યારે તે કોન્સ્ટેબલ બે માણસોને પોતાની સાથે તેડી જતો હતો તે વખતે ૫ નામના માણસે તે કોન્સ્ટેબલને અને તે માણસોને બંનેને ધમકી આપી, અને તેના પરિણામે તે બે માણસોએ તે કોન્સ્ટેબલની સાથે જવાની ના પાડી તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે ૫એ આ ૫૦૬ ઠી કલમ પ્રમાણે ગુન્હો કર્યો હતો. ૨

નનામા સંદેશાની મારફતે સાપરાધ ધમકી.

૫૦૭. કોઇ નનામા સંદેશાવડે અથવા ડર દેખાડનાર શખસનું નામ કે તેનું રહેવાનું ઠેકાણું છુપાવવાની આગળથી તદબીર કરીને જે માણસ સાપરાધ ધમકીનો ગુન્હો કરે તેને તે ગુન્હાને માટે ઉપલી કલમમાં ઠરાવેલી શીક્ષાથી ઉપરાંત બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા બીજી શીક્ષા કરવામાં આવશે.

મારી ઉપર ઈશ્વરની અપ્રસંન્નતા થશે એવો ભય ઉત્પન્ન કરીને કોઈ શખસ પાસે કાંઇ કામ કરાવવું.

૫૦૮. કોઈ પણ શખસની જે વસ્તુ કરવાની કાયદા પ્રમાણે ફરજ નહી હોય તે વસ્તુ જે માણસ બુદ્ધિપુર્વક તે શખસ પાસે કરાવે અથવા કરાવવાની કોશીશ કરે અથવા જે વસ્તુ કરવાનો તે શખસનો કાયદા પ્રમાણે હક હોય તે વસ્તુ કરવામાં તેની પાસે કસુર કરાવે અથવા કસુર કરાવવાની કોશીશ કરે અને તે એવી રીતે કે જે વસ્તુ મારી પાસે કરાવવાની એ ગુન્હેગારની મતલબ છે તે હું નહી કરૂં તો અથવા જે વસ્તુ કરવામાં મારી પાસે કસુર કરાવવાની એ ગુન્હેગારની મતલબ છે તે હું કરૂં તો મારી ઉપર અથવા જેની સાથે મારો સંબંધ છે એવા કોઇ શખસની ઉપર ઇશ્વરની અપ્રસન્નતા થશે અથવા એ ગુન્હેગાર કાંઈ કરીને ઇશ્વરની અપ્રસન્નતા કરાવશે એવો ભય તે શખસના મનમાં

---

૧. રેગ્યુલર વિ. વિઠોબાબીન બાબાજી મુંબાઈ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ સને ૧૮૮૭ નુ ૨૦ મુ.

૨. રેગ્યુલર વિ. પુરશોતમ મુંબાઇ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ સને ૧૮૯૬ નું ૧૮ મુ.

બેસાડી અથવા બેસાડવાની કોશીશ કરીને તે એ પ્રમાણે કરે તો તે માણસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

દૃષ્ટાંત—(અ) અ જ ને આંગણે લાંઘવા બેસે એવા ઇરાદાથી કે એમ તેને બારણે બેસવાથી જ ની ઉપર ઇશ્વરની અપ્રસન્નતા થશે એવો સંભવ ઉત્પન્ન થાય તો આ કલમમાં બયાન કરેલો ગુન્હો અ એ કીધો એમ સમજવું.

(બ) અ જ ને એવી રીતે ડરાવે કે જો તું ફલાણું કામ નહિ કરે તો હું મારા છોકરાઓમાંના એક છોકરાનો જીવ તને આપીશ અને તે એવી હાલતમાં હોય કે તે પોતાના છોકરાનો જીવ આપશે તો તેથી જ ની ઉપર ઇશ્વરની અપ્રસન્નતા થશે એવો ભય ઉત્પન થાય તો અ એ આ કલમમાં બીયાન કરેલો ગુન્હો કીધો એમ સમજવું.

ટીકા—પીનલકોડ ઘડી કાઢનારાઓ આ કલમ ઉપર એવી ટીકા કરે છે કે ધરણા અને ત્રાગા ના નામથી દેસીઓમાં ઓળખાતી રીતો અટકાવવાનો આ કલમનો ઇરાદો છે.૧

આ કલમ પ્રમાણે સજાને પાત્ર થાય તેવો ગુન્હો બનવાને સારૂ એવું બતાવવું જોઇએ કે તહોમતદારે કાંઈ ભવિષ્યમાં (હવે પછીનું) કૃત્ય કરવાની ધમકી આપી હતી, અથવા કાંઇ કૃત્ય કરવામાં ગેરકાયદેસર રીતે કસુર કરવાની ધમકી આપી હતી, અને આવી ધમકી આપીને જે માણસને ધમકી આપવામાં આવી હતી તે માણસને તેણે એવું માનવાને લલચાવ્યો અથવા લલચાવવાની કોશીશ કરી, કે તે કૃત્યથી અથવા ગેરકાયદેસર કસુરથી જે માણસને ધમકી આપવામાં આવી હતી તે માણસ, અથવા જેને ધમકી આપવામાં આવી હતી તે માણસને જેની સાથે સબંધ હોય એવો બીજો કોઇ માણસ ઈશ્વરી કોપનો વિષય થશે (અર્થાત તેના ઉપર પરમેશ્વરની ઇતરાજી ઉતરશે.)૨

કોઇ સ્રી લજવવાના ઇરાદાથી બોલેલા શબ્દ અથવા કરેલા ચાળા.

૫૦૯. કોઇ સ્રીને લજવવાનો વીચાર કરી જે માણસ કાંઈ શબ્દ બોલે અથવા કાંઈ અવાજ કે ચાળા કરે અથવા કાંઈ વસ્તુ દેખાડે એવા ઇરાદાથી કે તે સ્રી શબ્દ અથવા અવાજ સાંભળે અથવા તે ચાળા અથવા વસ્તુ જોય અથવા તે તેની એકાંત જગા પર જે માણસ વગર રજાએ ઘુસે તેને એક વરસની મુદત સુધીની આસાન કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા—આ કલમની અંદર આવતા ગુન્હા જીલ્લા (ડીસ્ત્રીકટ) ના માજીસ્ત્રેટથી તપાસ થઈ શકે એવા છે.

આ કલમ ઉપર મેઈન સાહેબ ટીકા કરે છે કે—

આ કલમ સ્રીની લાજ મર્યાદા અને તેને લજવવાનો ઇરાદો ધારી લે છે. તેટલા માટે જ્યાં કોઈ સ્રીનો ધંધો અથવા ચાલચલગત એવી હોય કે જે ચોકસ લાજશરમની હયાતીની ના પાડે (અર્થાત જેને લીધે લાજ શરમ હોવાનુ ધરાય નહિ) ત્યાં કાંઈ પણ ગુન્હો બનતો નહિ. તેમજ જો કે સ્રી સદ્‌ગુણી (પવીત્ર, સતી) હોય તો પણ જો તે કેસની હકીકતની અંદર, તે (સ્રીને લજવનાર) માણસ શુદ્ધબુદ્ધિથી અને વ્યાજબી રીતે એવું માનતો હોય કે તેની માગણીઓ સારી રીતે ધ્યાનમાં લેવામાં આવશે (સ્વીકાર-

૧. પીનલકોડ ઘડી કાઢનારાઓની નોટ જ.

૨. રેબ્બઇના વિ. શ્રી વિધાશંકર ૬ મ. ૩૯૪ માં ચીફ જસ્ટીસ ટરનરના ટીકા.

વામાં આવશે.) અને તેનાં પરિણામ તેના ધાર્યા મુજબ થશે તો તે માણસ તેથી આ કલમ પ્રમાણે કાંઈ પણ ગુન્હો કરતો નથી. કારણ કે આવા કેસમાં તેનો ઇરાદો તે સ્ત્રીને લજવવાનો નહિ. પરંતુ તેની પાસે માગણી (વિનંતી) કરવાનો અથવા તે (ના વિકાર) ને ઉશ્કેરવા (ઉત્તેજવા) નો છે.

આ કલમ મુજબનો ગુન્હો બનવા માટે તહોમતદારનો ઈરાદોજ સાબીત થવો બસ છે.–તેણે વાપરેલા શબ્દો વગેરે જે સ્ત્રીના સબંધમાં તે વપરાયા હોય તેણીએ સાંભળ્યા કે નહિ તે જોવાનું નથી. માત્ર તેમ કરવાનો તહોમતદારનો ઈરાદો હતો તે જોવાનું છે.૧

ખુલ્લી રીતે પીધેલા શખસની બે મુનાસબ ચાલ.

૫૧૦. જે માણસ કેફની હાલતમાં છતાં કોઈ જાહેર જગામાં જાય અથવા જે જગામાં તેણે વગર રજાએ જવું કાયદા વિરૂદ્ધ હોય એવી કોઇ જગામાં જાય અને ત્યાં કોઈ શખસને દુઃખ થાય એવી રીતે ચાલે તેને ચોવીસ કલાકની મુદત સુધીની આસાન કેદની અથવા દશ રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.—આ કલમમાં બતાવ્યા મુજબના કૃત્યને માટે તહોમતદાર દારના કે કેફના નીશામાં હતો એ બચાવ ચાલી શકતો નથી. કારણ કે એના પોતાનાજ કૃત્યવડે તેણે આ કલમ મુજબના ગુન્હાઇત કૃત્ય માટેની અશક્તિ પોતા ઉપર ઉભી કરી ગણાય છે.

માત્ર એકલો નીશો કરવાનું કૃત્ય ઇન્ડીયન પીનલકોડ મુજબ ફોજદારી રીતે શિક્ષાને પાત્ર ગણવામાં આવેલું નથી; પરંતુ તે માટે જુઓ સને ૧૮૬૧ નો એકટ ૫ મો. ક. ૩૪. (૬)

બાબ ૨૩ મો.

ગુન્હા કરવાની કોશીશ બાબત.

જે ગુન્હાઓને માટે સમુદ્રપારની અથવા કેદની શીક્ષા ઠરાવી છે તે ગુન્હા કરવાની કોશીશ કરવાની શીક્ષા

૫૧૧. જે ગુન્હાને માટે આ કાયદામાં સમુદ્રપારની અથવા કેદની શીક્ષા ઠરાવી હોય એવો કોઈ ગુન્હો કરવાની અથવા એવો કોઈ ગુન્હો કરાવવાની જે માણસ કોશીશ કરે અને તે કોશીશ તે ગુન્હો કરવા તરફ કાંઇ કામ કરે તે માણસને તેવી કોશીશને માટે શીક્ષા સંબંધી આ કાયદામાં કાંઈ સાફ ઠરાવ ન કર્યો હોય તેવે ઠેકાણે તે ગુન્હાને માટે જે પ્રકારની કેદની શીક્ષા ઠરાવી હોય તે પ્રકારની તથા તે ગુન્હાને માટે કેદની અથવા સમુદ્રપારની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની અડધી મુદત સુધીની કેદની અથવા સમુદ્રપારની અથવા તે ગુન્હાને માટે ઠરાવેલા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

દૃષ્ટાંત—(અ) અ એક પેટી ફોડીને કાંઇ ઝવેર ચોરવાની કોશીશ કરે અને તે પેટી ફો-

---

૧. ઇ. લો. રિ. ૨૨ કલકત્તા. ૩૯૧.
જુ બોમ્બે લો રિપોર્ટર. પાનું ૫૦૨.

ડયા પછી તેને માલમ પડે કે માંહે કાંઇ ઝવેર નથી તો તેણે ચોરી કરવા તરફ એ કામ કીધું માટે આ કલમ પ્રમાણે તે તકસીરવાર થયો એમ સમજવું.

(બ) જ ના ખીસામાં હાથ ઘાલીને તેમાંથી ચોરી કરવાની અ કોશીશ કરે અને જના ખીસામાં કાંઇ વસ્તુ ન હોવાને લીધે અ તે કોસીશમાં પાર ન પડે તો આ કલમ પ્રમાણે અ તકસીરવાર થયો એમ સમજવું.

ટીકા.—આ કલમ પ્રમાણે કોશીશ કરવાનો ગુન્હો બનવાને સારૂ ગુન્હો કરવાના ઇરાદાથી, અને તે ગુન્હો કરવાના કારણસર કાંઇ કૃત્ય કરેલું હોવું જોઇએ, અને તે ગુન્હે કરવાની કોશીશમાં તે કરેલું હોવું જોઇએ. માત્ર તૈયારીનો ભાગ ગણાય ત્યાં સુધી કરેલાં કૃત્યને કોશીશ તરીકે સજાને પાત્ર કરવા આ ૫૧૧ મી કલમની શરતો લાગતી નથી. જો કે આવા કૃત્યો ગુન્હો કરવા તરફ નિઃસંશય કરવામાં આવે છે તો પણ આ કલમમાં વાપરેલા "કોશીશ" શબ્દના અર્થની અંદર ગુન્હો કરવાની કોશીશમાં તે કરવામાં આવતાં નથી. ૧

ગુન્હો પુર્ણ કરવા તરફ તેના પેહેલાંજ કરેલા કૃત્યનોજ માત્ર સમાવેશ કરવાનો, અને તે કૃત્યના પેહેલાંનાં કૃત્યોનો સમાવેશ નહી કરવાનો આ કલમનો હેતુ નહોતો. જો તે કૃત્યના પેહેલાંનાં કૃત્યો ગુન્હો કરવાની કોશીશ કરવાના અરસામાં (દરમીઆનમાં) કરવામાં આવ્યાં હોય, તે ગુન્હો કરવાના ઈરાદાથી કરવામાં આવ્યાં હોય, અને તે ગુન્હો કરવા તરફ કરવામાં આવ્યાં હોય તો તેમનો આ કલમની અંદર સમાવેશ થઈ જાય છે. કોઇ પણ અમુક કૃત્ય અથવા કૃત્યોની સંખ્યા, કાયદો ધ્યાનમાં લઇ શકે તેવી કોશીશ થાય છે કે માત્ર તૈયારીજ થાય છે તે નિર્ણય કરવાનો સવાલ દરેક કેસમાં હકીકતનો સવાલ છે. (અર્થાત આજુબાજુની હકીકત ઉપર આધાર રાખે છે.) ૨

જે કોશીશ કરવાનું તહોમત મુકવામાં આવ્યું હોય તે કોશીશ જો ફતેહમંદ નીવડી હોત તો ગુન્હો બન્યો હોત એવું જો હોય તોજ તે કોશીશ કરનાર માણસને આ કલમ પ્રમાણે ગુન્હો કરવાની કોશીશનો ગુન્હેગાર ઠરાવી શકાય, નહીં તો તેને કોશીશ કરવાનો ગુન્હેગાર ઠરાવી શકાય નહી. ૩

મેઈન સાહેબ ટીકા કરે છે કે ગુન્હો સંપુર્ણ બનતા પેહેલાં તેના પેહેલાંના ત્રણ ભાગ (Stage) થયેલા હોવા જોઇએ:—(૧) ગુન્હો કરવાનો ઇરાદો રાખવો; (૨) ગુન્હો કરવાને સારૂ તૈયારી કરવી, (૩) અને ગુન્હો કરવાની કોશીશ કરવી.

ઈરાદો:—ગુન્હો કરવાનો માત્ર ઈરાદોજ રાખવામાં આવ્યો હોય અને તેની પાછળ કાંઇ પણ કૃત્ય કરવામાં ન આવ્યું હોય તો તેથી ગુન્હો બની શકે નહી. ૪

મનુષ્યના કાયદાની અંદર આવી જાય તેવી રીતે ગુન્હો સંપુર્ણ કરવાને સારૂ ઈચ્છા (ઈરાદો) અને કૃત્ય બંને હોવાં જોઇએ......સઘળી મનુષ્ય માત્રની હકુમતો (અધીકાર)ની અંદર કાંઇ ઉઘાડું કૃત્ય, અથવા કરવા ધારેલા ગુન્હાનો કાંઈ ખુલ્લો પુરાવો તે માણસ સજાને પાત્ર થઈ શકે તે પેહેલાં તેની ઇચ્છાની દુષ્ટતા (નીચપણું) સાબીત કરવાને સારૂ, જરૂરનો છે, તેથી મનુષ્યના કાયદાની સામે ગુન્હો બનવાને સારૂ પ્રથમ તો દુષ્ટ (નીચ) ઈચ્છા હોવી જોઇએ; અને બીજું આવી દુષ્ટ ઇચ્છાના પરીણામે (ની પછી) કરેલું ગેર કાયદેસર કૃત્ય હોવું જોઇએ. ૫

લોર્ડ મેન્સ ફીલ્ડે સ્થાપીત કરેલો એ નીયમ છે કે જ્યાં સુધી કોઇ કૃત્ય ઇરાદા માત્રમાં રહેલું હોય ત્યાં સુધી તે કાયદાથી સજાને પાત્ર થતું નથી; પરંતુ જ્યારે કૃત્ય કરવામાં આવ્યું હોય ત્યારે કાયદો એ

---

૧. રેંજાઈના વિ. રામસરણ ચૌબે ૪ નોર્થ વેસ્ટ પ્રોવીન્સીસ હાઇકોર્ટ રીપોર્ટસ પાનું. ૪૬.

૨. રેંજાઈના વિ. મેકકીઆ ૧૫ અ. ૧૭૩.

૩. રેંજાઈના વિ. રીઆસત અલી. ૭ ક. ૩૫૨; પરંતુ રેંજાઇના વિ. ઉમેશ ચન્દર મીતર ૧૬ ક. ૩૧૦ માં આની વિરૂદ્ધ ફેંસલો થયો છે.

૪. રેંજાઈના વિ. બકુ ૨૪ મું. ૨૮૭.

૫. સ્ટીવન કૃત હીસ્ટરી ઓફ ધી ક્રીમીનલ લૉ ઓફ ઇંગ્લાંડ.

કૃત્ય એકલુંજ નહી પણ જે ઈરાદાથી તે કૃત્ય કરવામાં આવ્યું હોય તે ઇરાદો પણ ધ્યાનમાં લે છે, અને જો તે કૃત્યની સાથે ગેરકાયદેસર અને ઇર્ષા ભરેલો ઈરાદો સામેલ હોય તો જો કે તે કૃત્ય એકલું બીજી રીતે નિર્દોષ હોય તો પણ ઈરાદો ગુન્હેગારી ભરેલો હોવાથી તે કૃત્ય પણ તેજ પ્રમાણે ગુન્હેગારી ભરેલું અને સજાને પાત્ર થાય છે. ૧

એવું ઘણીવાર બને છે કે જ્યાં કોઇ માણસનો ઇરાદો સાબીત કરવાનું જરૂરનું હોય ત્યાં ઉઘાડાં (ખુલ્લાં) કૃત્યોનો પુરાવો આપવો તે બસ છે; કેમકે દરેક માણસ દેખીતી રીતે તેનાં કૃત્યોનાં આવશ્યક, અથવા સ્વાભાવીક, અથવા સંભવીત પરીણામો લાવવાનો ઇરાદો રાખવાનું ધારી લેવામાં આવે છે. ૨

તૈયારી:—ગુન્હો કરવાને સારૂ જરૂરના ઉપાયો યોજવા તે, અને સાધનો ગોઠવવાં તે "**તૈયારી**" બને છે. ૩ તૈયારીના અમુક ભાગ (stage) માંજ માત્ર કરેલાં કૃત્યો સજાને પાત્ર થતાં નથી. ૪ કાયદો પશ્ચાતાપની જગા રહેવા દે છે, અને જ્યાં સુધી તૈયારીનો ભાગ કરી દઇને (મુકીને) તે માણસ આગળ ગયો ન હોય ત્યાં સુધી તે માણસે ગુન્હો કરવાની કોશીશ કરી છે એવું કાયદો ઠરાવશે નહીં. ૫

જે આડકતરી તૈયારી એવું કૃત્ય ન હોય કે જે ગુન્હાની શરૂઆત છે એમ ગણી શકાય તે આડકતરી તૈયારી મુખ્ય ગુન્હો બનતો નથી, અથવા તે ગુન્હાની કોશીશ અથવા મદદગારી બનતી નથી. ૬

જ્યારે તૈયારી ડાકાઇટી કરવાની હોય ત્યારેજ માત્ર ગુન્હો કરવાની તૈયારી સજાને પાત્ર થાય છે. ૭

કોશીશ અને તૈયારી વચ્ચે ભેદ:—" કોશીશ કરવાની તૈયારી અને કોશીશ એ બેની વચ્ચે " ઘણો ભેદ છે. ગુન્હો કરવાને સારૂ જરૂરનાં સાધનો મેળવવાં અને ઉપાયો યોજવા તે તૈયારી કહેવાય છે; " તૈયારીઓ થયા પછી (ગુન્હો) કરવા તરફ સીધી હીલચાલ કરવી તે કોશીશ કહેવાય છે. દાખલા તરીકે " કોઇ માણસ તેના પાડોશીને ગોળીથી મારી નાંખવાના ખુલ્લા ઇરાદાથી એક બંદુક ખરીદ કરીને તેને ભરે; " પરંતુ જ્યાં સુધી તેણે મારવા ધારેલા માણસના શરીર ઉપર તે હથીઆર વાપરવાની કાંઈ પણ હીલચાલ ન " કરી હોય ત્યાં સુધી માત્ર તૈયારીજ છે, અને કોશીશ બનતી નથી." ૮

" કોશીશ શબ્દ ખુલ્લી રીતે એવો અર્થ જણાવે છે કે જો કોશીશ ફતેહમંદ નીવડી હોત તો જે " ગુન્હાનું તહોમત મુકવામાં આવ્યું છે તે ગુન્હો બન્યો હોત. કોશીશ તે કરવાની હોવી જોઇએ કે જે, જો " ફતેહમંદ થાય તો, જે ગુન્હાનું તહોમત મુકવામાં આવ્યું હોય તે ગુન્હો બને." ૯

" જો વ્યવહારે ખરેખરો શરૂ થઈ ગયો હોય, કે જેનું પરીણામ, જો તે અટકાવવામાં ન આવ્યો હોત " તો ગુન્હામાં આવત, તો ખુલ્લી રીતે તે ગુન્હો કરવાની કોશીશ બને છે." ૧૦

ચીફ જસ્ટીસ જેન્કીન્સ થોડાજ વખત ઉપર પોતે ચુકવેલા કેસમાં કોશીશ સંબંધી નીચે મુજબ ટીકા કરે છે:—**કોશીશ** એટલે ઈરાદા પુર્વક તૈયારીવાળું કૃત્ય કે જે તેના હેતુમાં નિષ્ફળ જાય છે,—જે માણસ તે હેતુ પાર પાડવા માંગતો હોય તે માણસના હાથમાં ન હોય તેવી (સ્વતંત્ર) હકીકતને લીધે જે એ પ્રમાણે નિષ્ફળ જાય છે. ૧૧ જ્યાં અમુક હેતુ પાર પાડવાની મતલબથી કોઈ માણસ કાંઈ ઇરાદા પુર્વક કૃત્ય

---

૧. રેજાઈના વિ. સ્કોફીલ્ડ ૨ ઈસ્ટકૃત પ્લીઝ ઓફ ધી કાઉન ૧૦૨૮.

૨. મુલીન્સ વિ. કોલીન્સ લો રીપોર્ટસ ૯ ક્વીન્સ બેન્ચ ડીવીઝન પાનું ૨૯૨.

૩. મોર્લીંઝ ડાઈજેસ્ટ.

૪. રેજાઈના વિ. રામસરણ ૪ નોર્થ-વેસ્ટ પ્રોવીન્સીસ રીપોર્ટસ પાનું. ૪૬.

૫. રેજાઈના વિ. પદ્દાલા ૩ મ. ૬.

૬. રેજાઇના વિ. બાકુ ૨૪ મું. ૨૮૭,

૭. રેજાઈના વિ. શેરા પંજાબ રેકર્ડઝ સને ૧૮૯૮ નું ૧૮ મું.

૮. પીપલ વિ. મ્યુરે ૧ બીશપ કૃત ક્રીમીનલ લૉ પાનું ૬૮૬. ન. ૩.

૯. મેકફરસન્સ કેસ ૨ ડર્સ્લી એન્ડ બેલ પાનું ૨૬૨ માં ચીફ જસ્ટીસ કોકબરનના ટીકા.

૧૦. રેજાઇના વિ. ચીઝમેન લે એન્ડ કેવ્ઝ કાઉન કેસીઝ પાને ૧૪૫ મે લોર્ડ જસ્ટીસ બ્લેક-બર્નના ટીકા.

૧૧. રેજાઇના વિ. લક્ષ્મણ ૨ બોમ્બે લૉ રીપોર્ટર પાનું ૨૮૬.

કરે, અને તેને પોતાની મરજીથી સ્વતંત્ર હોય (મરજીને આધીન ન હોય) તેવી કોઇ હકીકતને લીધે તે તેના હેતુમાં નિષ્ફળ જાય ત્યાં જે હેતુ પાર પાડવાની તેની મતલબ હતી તે હેતુ પાર પાડવાની કોશીશ તેણે કરેલી (ગણાય) છે. ૧.

'તે ગુન્હો કરવા તરફ કાંઈ પણ કામ કરે':—મેઈન સાહેબ આના સંબંધમાં નીચે મુજબ ટીકા કરે છેઃ-દેખીતી રીતે કોશીશ અવશ્ય કરીને ગુન્હેગારી ભરેલી નથી જ્યારે કોશીશ અમુક હદ સુધી પોહોચે છે કે જ્યાં (જે હદે) ગુન્હો કરવા તરફ કાંઈ કામ કરવામાં આવે છે ત્યારે તે તેવી ગુન્હેગારી ભરેલી થાય છે. આ દેખીતી રીતે મુદ્દાની વાત છે કે જે તરફ લક્ષ દોરાવું જોઇએ. એક માણસ એવી કોશીશ કરવા સારૂ સજાને પાત્ર થતો નથી કે જેનો અર્થ પીનલકોડની ભાષામાં, ગુન્હો કરવાનો યત્ન કરવા કરતાં કાંઈ પણ વિશેષ થતો જણાતો નથી પરંતુ જ્યારે તેનો ઇરાદો પાર પાડવામાં કંઇ પણ ચોકસ કામ તેણે કર્યું હોય ત્યારે તેણે જે કર્યું છે તેને માટે નહી પણ જો તે ફતેહમંદ થયો હોત તો તેણે જે કર્યું હોત તેના સંબંધમાં તેને સજા થાય છે.

બની ન શકે તેવા (અસંભવિત) ગુન્હાઓઃ—જ્યારે જે ગુન્હો કરવાની કોશીશ કરવામાં આવી હોય તે કરી ન શકાય તેવો હોય ત્યારે પણ કોશીશ સંભવીત (બની શકે એવી) છે; દાખલા તરીકે, જ્યારે કોઈ માણસ બીજા માણસનું ખીસ્સુ કાતરવાનો ઇરાદો કરીને તે ખીસ્સામાં પોતાનો હાથ ઘાલે પણ તેને તે ખાલી માલમ પડે આવું કૃત્ય ગુન્હેગારી ભરેલી કોશીશ બનશે તે વાત આ કલમ નીચે આપેલાં દૃષ્ટાંતોથી જણાઇ આવે છે. પરંતુ આવું કૃત્ય કરવામાં તહોમતદારનો ઇરાદો સંપુર્ણ ગુન્હો કરવાનો હોય છે, અને કાંઈ અકસ્માત બનાવ કે જેને લીધે તે ગુન્હો સંપુર્ણ રીતે બનતો અટકયો હોય તેવા કોઈ અકસ્માત બનાવના કારણથી તેનું કૃત્ય ગુન્હો બનવામાં કાંઈક ઓછું રહે છે. ૨

ગુન્હો કરવામાં મદદગારી કરવાની કોશીશનો આ કલમમાં સમાવેશ થઇ જાય છે. પંજાબમાં એક કેસમાં એવું ઠરાવવામાં આવ્યું છે કે ગુન્હો કરવામાં મદદગારી કરવાની કોશીશ કરવાનું કાયદેસર રીતે અસંભવિત નથી, કેમકે ગુન્હો કરવામાં મદદગારી કરવી તે પોતેજ ગુન્હો છે. ૩

પીનલકોડ પ્રમાણે સજાને પાત્ર હોય તેવા ગુન્હા કરવાની કોશીશનેજ માત્ર આ કલમ લાગુ પડે છે. જે કૃત્ય, જો કરવામાં આવ્યું હોત તો, પીનલકોડ મુજબ ગુન્હો બનત નહી તે કાર્ય કરવાની કોશીસ કરવાથી પણ ફોજદારી જવાબદારી માથે આવી શકે નહી. ૪.

ખુન કરવાની કોશીશના સંબંધમાં જુઓ કલમ ૩૦૭ નીચેના ટીકા (પાછળ પાનાં ૨૨૭, ૨૨૮)

એક ગામમાં ચીંથરાનો દડો અને તેની અંદર મુંકેલા અંગારા (દેવતા) થી કેટલીક વખતે લહાય લગાડેલી જણાઇ હતી. એક વખત સાંજરે કેદીને તેના ધોતીઆમાં છુપાવેલા તેવાજ પ્રકારના દડા સાથે પકડવામાં આવ્યો હતો અને તે દડામાં બળતો અંગારો હતો. હાઇ કોરટે વધુ મતે એવુ ઠરાવ્યુ હતુ કે આગ લગાડીને બીગાડ કરવાના ગુન્હાની કોશીશ કરવાનો તે ગુન્હેગાર હતો. તે કેસમાં જસ્ટીસ ઓવરે એવુ અનુમાન કર્યું કે "આગ લગાડીને બીગાડ કરવાને સારૂ ખાસ રીતે યોગ્ય સાહિત્ય લઈને "રાતરે આમ તેમ જનાર માણસ તે બીગાડ કરવાનો ઇરાદો રાખે છે, અને પોતાનો હેતુ પાર પાડવા "તરફ તેણે ક્યારની હીલચાલ કરવા માંડી છે, અને તે કોશીશ બનવાને સારૂ બસ છે." ૫ પરંતુ આ કેસમાં જસ્ટીસ મીતરે વિરૂદ્ધ અભિપ્રાય દરશાવ્યો છે અને તે અભીપ્રાયની સાથે મેઇન સાહેબ મળતા આવે છે.

એક કેસમાં તહોમતદારે એક ખાડો કરીને તેમાં મીઠું મુકવાના ઈરાદાથી તે ખાડો ખોદયો, એટલા સારૂ કે તે મીઠુ પકડાય તે એક ઈન્સાફી કામમાં ફરિયાદીની સામે પુરાવમાં ઉપયોગમાં લેવાય. તેમાં

---

૧. રેજાઈના વિ. વિનાયક ૨ બોમ્બે લો રીપોર્ટર પાનું ૩૦૪.
૨. રેજાઇના વિ. મંગેસ જીવાજી ૧૧ મુ. ૩૮૦ માં જસ્ટીસ બરડવુંડના ટીકા.
૩. રેજાઇના વિ. સ્પીઅર પંજાબ રેકર્ડઝ, સને ૧૮૮૭ નુ ૪૯ મુ.
૪. રેજાઇના વિ. મંગેશ જીવાજી (ઉપર)
૫. રેજાઇના વિ. દયાળ બાવરી ૩ બંગાલ લો રીપોર્ટસ પાનુ ૫૭.

એવું ઠરાવવામાં આવ્યું હતું કે ૧૯૩ મી કલમ પ્રમાણે પુરાવ ખોટો બનાવવાની કોશીશ કરવાનો તે તહોમતદાર ગુન્હેગાર હતો, કારણ કે ખાડો ખોદીને ગુન્હો કરવા તરફ કાંઇ કામ તેણે કર્યું હતું. ૧

કલકત્તામાં ચુકેલા એક કેસમાં મ નામના માણસે કલકત્તાની કરંસી આફીસ (નોટો બદલીને રોકડા રૂપઈઆ આપનારી આફીસ) ઉપર એક કાગળ લખ્યો, અને તે કાગળમાં બે સરકારી ચલણી નોટોનાં અડધીઆં બીડયાં, અને એવું જણાવ્યું કે બીજાં અડધીઆં ખોવાયાં હતાં, અને તે નોટોની કીંમત પાછી મેળવવાને સારૂ તેણે શાં પગલાં લેવાં તે તેણે આફીસમાં પુછાવ્યું. કરંસી આફીસને તપાસ કરતાં એવું માલમ પડયુ કે તે નોટોની કીંમતનાં નાંણાં જે માણસની પાસે બીજાં બે અડધીઆં હતાં તે માણસને આપી દેવામાં આવ્યાં હતાં અને તે ચલણી નોટો ચલણમાંથી પાછી ખેંચી લઇને રદ કરવામાં આવી હતી તોપણ કરંસી આફીસે મ ને તેમનુ હમેશનું નાંણાં લેવાનું ફારમ ભરીને મોકલી દેવા સારૂ મોકલાવ્યુ, પુરાવ ઉપરથી એવુ માલમ પડતુ હતુ કે તે નોટોના સબંધમાં મ ને નાણાં આપવાનો કરંસી આફીસનો બીલકુલ વીચાર નહોતો તે ફારમ ભરીને મ એ તે ઉપર સહી કરીને કરંસી આફીસમાં પાછું મોકલાવ્યુ તેમા એવું ઠરાવવામાં આવ્યુ હતુ કે જો કે તે નોટોનાં નાંણાં આપવાનો કરંસી આફીસનો કાંઈ પણ ઈરાદો નહોતો તો પણ ઠગાઈ કરવાની કોશીશ કરવાનો મ ગુન્હેગાર હતો. ૨

એક રેજીમેન્ટ (રીજ મીટ) ને માંસ પુરૂ પાડનાર કન્ટ્રાકટરના ચાકરને દરેક ખાણા વખતે માંસ અમુક પ્રમાણમાં તોળી આપવાનું હતુ, અને વધે તે માંસ પોતાના શેઠને ત્યાં પાછું મોકલવાનું હતું; તે ચાકરે ઓછું તોળીને પંદર પાઉંડ માંસને બદલે સાઠ પાઉન્ડ માંસ બાજુ ઉપર મુકયું, તેમાં પીસતાળીસ પાઉન્ડ માંસ ચોરી જવાનો તેનો ઇરાદો હતો. તે માંસ લઈ શકે તે પહેલાં તેની ઠગાઈ પકડાઈ ગઈ હતી તેમાં એવું ઠરાવવામાં આવ્યુ હતું કે તેણે ચોરવાની કોશીશ કરી હતી. ૩

એક કેસમાં તહોમતદારે ભરેલી રીવોલ્વર (બંદુક) સાંમી તાકી, અને તેનો ઘોડો (ચાંપ) દાબવાની કોશીસ કરી, પરંતુ તે બંદુકને તેના હાથમાંથી ખુચાવી લેવામાં આવી હતી, તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે કોશીશ સંપુર્ણ રીતે બની હતી. ૪

એક માણસને ગુન્હો કરવાને ઉશ્કેરવાના ઇરાદાથી તે માણસને કાગળ લખીને મોકલવો તે જો કે જે માણસને તે કાગળ મોકલવામાં આવ્યો હોય તેણે ન વાંચ્યો હોય તો પણ, ઉશ્કેરવાની કોશીસ છે એમ ઠરાવવામાં આવ્યું હતુ. ૫

જ્યાં તહોમતદારે એક રીવોલ્વર (છ નળીની બંદુક) કે જે તેની કેટલીક નળીઓમાં ભરેલી હતી તે બંદુક ફરિયાદીની સામે તાકી એવું કહીને કે તે તે (ફરિયાદી) ને ગોળીથી મારી નાખશે અને ઘોડો ચડાવ્યો પણ જે નળી ખાલી હતી (ભરેલી ન હતી) તે નળી ઉપર ઘોડો (ચાંપ) પડયો ત્યાં તહોમતદારને ખુન કરવાની કોશીશ કરવાનો ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. ૬

એક ચ નામનો માણસ પોતે ક છે એવું જણાવીને ડ ની જોડે એક સ્ટેમ્પ વેચનારને ત્યાં ગયો અને તે સ્ટાંપ વેચનારની પાસેથી ક ના નામથી એક સ્ટાંપનો કાગળ લીધો. ચ એ પોતે ક છે એવું જેણે ડ ને કહેલું અને જ્યારે એક અરજીઓ લખનારની પાસે ડ ને ક નાણાં આપે (અર્થાત્ ક ને ડ ના રૂપઇઆ દેવા) એવુ એક ખત લખાવતા હતા તે વખતે તેઓ ઝલાઈ ગયા હતા તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે ડ ને ખોટો લેખ બનાવવાની કોશીશ કરવાનો, અને ચ ને તેમાં મદદગારી કરવાનો વ્યાજબી રીતે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. ૭

---

૧. રેજાઇના. વિ. નન્દ ૪ નોરથ-વેસ્ટ પ્રોવીન્સીસ હાઇકોર્ટ રીપોર્ટસ પાનુ ૧૩૩
૨. ગવર્મેન્ટ ઓફ બંગાલ વિ. ઉમેશ ચન્દ્ર ૧૬ ક. ૩૧૦.
૩. રેજાઇના વિ. ચીઝમેન (ઉપર.)
૪. રેજાઇના. વિ. ડક વર્થ (૧૮૯૨) ૨ કવીન્સ બેન્ચ ડીવીઝન. પાનું. ૮૩.
૫. રેજાઇના વિ. રેન્સફર્ડ રોસ્કોઝ ક્રીમીનલ એવીડન્સ પાનું ૨૯૪.
૬. રેજાઇના વિ. જેકસન ૧૭ કોકસ કૃત ક્રીમીનલ કેસીસ.
૭. રેજાઇના વિ. કલ્યાણસીંગ ૧૬ અ. ૪૦૯.

એક માણસે એક ઘાનના ઓઘલાને સળગાવી મુકવાના ઈરાદાથી એક દીવાસળી સળગાવી, પરંતુ તેના ઉપર બીજા લોકો તપાસ રાખતા હતા એવુ જોઇને તેણે તે દીવાસળી ઓલવી નાખી ત્યાં એવુ ઠરાવવામાં આવ્યું હતુ કે તે આગ લગાડીને બીગાડ કરવાની કોશીશ કરવાનો ગુન્હેગાર હતો. ૧

જો કે તહોમતદાર માણસ જે સખસને ફરેબ દઇ ઠગવાની કોશીશ કરે છે તે સખસને અગાઉથી ચેતવણી મળી ગઇ હોય અને તેટલા માટે ઠગાય નહી તો પણ તે તહોમતદાર તે સખસને ઠગવાની કોશીશ કરવાનો ગુન્હેગાર થાય છે. ૨

બીજા માણસોની સાથે મળીને એક કરવા ધારેલા ખોટા લેખની નકલ (મુસદ્દો) તઇયાર કરવો, અને આવો ખોટો લેખ લખવાના કામને સારૂ સ્ટાંપનો કાગળ ખરીદવો, અને આવા ખોટા લેખની અંદર દાખલ કરવાની કોઇ હકીકતના સંબંધમાં માહીતી મેળવવી તે ખોટો લેખ બનાવવાનુ બનતુ નથી અથવા તો ખોટો લેખ બનાવવાની કોશીશ કરવાનું બનતુ નથી, પરંતુ તે એવી વાતો છે કે જે ગુન્હો કરવાની સુગમતા (સગવડ) કરી આપવા સારૂ કરેલાં કૃત્યો તરીકે ખોટો લેખ બનાવવામાં મદદગારી કરવા બદલ ગુન્હેગાર ઠરાવવું કાયમ રાખશે. ૩

જ્યાં એક માણસના ઉપર (૧) સરકારી નોકર તરીકે સાપરાધ વિશ્વાસઘાત કરવાની કોશીશ કરવાનું (૨) નુકશાન કરવાને સારૂ સરકારી નોકર તરીકે ખોટું લખાણ બનાવવાનું અને (૩) એક માણસને સજામાંથી બચાવવાને સારૂ આવા સરકારી નોકર તરીકે ખોટો લેખ બનાવવાનું એમ ત્રણ તહોમત મુકવામાં આવ્યાં હતાં ત્યાં હાઈકોર્ટે એવું ઠરાવ્યું હતું કે ઠગવાની કોશીશ કરવાનો તેને ગુન્હેગાર ઠરાવવો જોઇતો હતો. ૪

એક તહોમતદારના ઉપર એક કીંમતી દસ્તાવેજ ખોટો બનાવવાની કોશીશ કરવાનું તહોમત મુકવામાં આવ્યું હતું. તેને જ્યુરીએ ખોટો લેખ બનાવવાની કોશીશ કરવાનો ગુન્હેગાર ઠરાવ્યો. જ્યુરીએ તેમના ઠરાવનો એવું કહીને ખુલાસો કર્યો કે બંગાલ કોલ કંપની વાપરતી હતી તેના જેવાજ (તેને મળતાં) અમુક પહોચનાં ફારમો છાપવાનો તહોમતદારે હુકમ કર્યો હતો અને એમાંનું એક ફારમ ખરેખર છપાઈને તેની પ્રુફ (કાચી નકલ) પણ તેનાથી સુધારવામાં આવી હતી; જેથી તે ખોટો લેખ બને તેવો તે છાપેલા ફારમમાં વધારો કરવાનો તેનો ઇરાદો હતો; અને બદદાનતથી અને ઠગાઇ કરવાના ઈરાદાથી તેણે આ કર્યું હતુ. સેશન્સ જડજે જ્યુરીના આ અભીપ્રાય સાથે મળતા થઇ તહોમતદારને ખોટો લેખ બનાવવાની કોશીશ કરવાનો ગુન્હેગાર ઠરાવી સજા કરી હતી પણ અપીલમાં હાઇકોરટે એવું ઠરાવ્યું હતુ કે તેને ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા ગેરવ્યાજબી હતી, અને તે રદ કરવી જોઇએ.૫

લાંચ માગવી તે લાંચ મેળવવાની કોશીશ કરવા બરાબર છે; અને સ્પષ્ટ શબ્દોમાં તેમજ ગર્ભીત રીતે લાંચ માગી શકાય. બ પેન્શન ખાતામાં કારકુન તરીકે નોકર હતો. અ એ પોતાનું પેન્શન બંધાવાને અરજ કરી હતી તેની સાથેની વાતચીતમાં બ એ તે ખાતામાં પોતાનો લાગવગ કહી બતાવ્યો, અને પોતાની તે લાગવગથી બે જણાને વધુ પેન્શનની રકમો મળી હતી તેના દાખલા આપ્યા, અને અ ને જણાવ્યું કે " કાર-રવાઇ " (પાન સોપારી) થી કાંઇ પણ થઈ શકે; પરંતુ અ એ તેની માગણી નહિ સ્વીકારવાથી તેણે અ ને કહ્યું કે આને માટે તેને પસ્તાવુ પડશે. તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે લાંચ મેળવવાની કોશીશ કરવાનો ગુન્હો સંપુર્ણ રીતે બન્યો હતો. ૬

પીનલકોડની કલમો ૪૧૭ અને ૫૧૧ પ્રમાણે ઠગાઈ કરવાની કોશીશ કરવા બાબતની ફરિયાદમાં અમુક કુપ્પા (ચામડાના કુલ્લાં) માં ભરેલી ચીજો બાબત જકાત ખાતાની મુખ્ય ઓફીસમાં ખોટી હકીકત જણાવવાનું તહોમતદારના ઉપર તહોમત મુકવામાં આવ્યું હતુ તેમ કરવામાં તેનો હેતુ જકાત પાછી મેળવવાને તેને હકદાર બનાવનાર સરટીફીકેટ મેળવવાનો હતો. તેને સરટીફીકેટ આપતા પહેલાં જકાત

---

૧. રેનાઈના વિ. ટેલર ૧ ફોસ્ટર એન્ડ ફીન્લેસન. પાનું ૫૧૧.

૨. રૈનાઇના વિ. ઉમેશ ચન્દર મીતર ૧૬ ક. ૩૧૦.

૩. રેનાઈના વિ. પાદલ વેંકટાસામી ૩. મ. ૪

૪. રેનાઈના વિ. રામજીરાવ જીવાજીરાવ ૧૨ બોમ્બે હાઇકોર્ટ રીપોર્ટસ પાનું ૧.

૫. રેનાઈના વિ. રીઆસત અલી ૭. ક. ૩૫૨.

૬. રેનાઈના વિ. બલદેવ શાઈ ૨ અ. ૨૫૩.

ખાતાના અમલદારોએ તે કુપ્પામાં ભરેલી ચીજો તપાસી, અને તેમના સબંધમાં તહોમતદારે જણાવેલી હકીકત જુઠી હતી એમ તેમને માલમ પડયું. આ પ્રમાણે તેમને માલમ પડવાથી સરટીફીકેટ કાંઈ તેને આપવામાં આવ્યું નહોતું અને ઉપર પ્રમાણે તેના ઉપર તહોમત મુકીને તેને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. જકાતનાં નાંણાં પાછાં મેળવવાને જરૂરનો ક્રમ (રીત રીવાજ) એ હતો કે રજુ કરેલી ચીજો જણાવેલી જાતની હતી એ બાબતની ખાત્રી કર્યા પછી મુખ્ય ઓફીસ એક સરટીફીકેટ આપતી, અને તે સરટીફીકેટ ઉપર, જ્યારે તે માલ ગામની બહાર જતો (કે જે પછી જકાત પાછી મેળવવાનો હક થતો) ત્યારે, બાહારનો કારકુન શેરો કરતો, અને આ પ્રમાણે શેરો થયેલુ સરટીફીકેટ માલધણીને મુખ્ય ઓફીસમાં પાછુ લઇ જવું પડતુ, અને તેનાં નાણાં લેવાને સારૂ તે તેને રજુ કરવુ પડતુ તે કેસમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જણાવ્યા મુજબ તે કુપ્પાની ચીજો તહોમતદારે ખોટી બતાવી હતી એવું એક વખત ધારી લઈએ તો પણ તેણે ઠગવાની કોશીશ સંપુરણ (રીતે) કરી નહોતી, પરંતુ ઠગાઇ કરવાને માટે તઈયારી માત્ર કરી હતી, અને તેટલા માટે તેને ગુન્હેગાર ઠરાવીને કરેલી સજા રદ્દ કરવી જોઈએ. ૧

તહોમતદારની સાથે એકજ ઓરડામાં એક સ્રીની હાજરી છીનાળુ કરવાની કાંઇ પણ કોશીશ સાબીત કરવાને માટે પુરતી નથી એમ ઠરાવવામાં આવ્યું હતું. ૨

એક કેસમાં ચેપી રોગોના આકટના ઠરાવોને અનુસરીને ભરૂચના ડીસ્ટ્રીકટ માજીસ્ત્રેટે એક એવું જાહેરનામુ કાડયું કે કોલાબા અને કોસામ્બાની વચ્ચેના કોઇ પણ સ્ટેશનેથી ભરૂચ આવનાર માણસો કવોરન્ટાઇનમાં રોકાવાને પાત્ર થતા હતા. બે તહોમતદારો ઉપર કવોરન્ટાઇનના કાયદામાંથી છટકી જવાની કોશીશ કરવામાં મદદગારી કરવાનું તહોમત મુકવામાં આવ્યું હતું. એવી રીતે કે તેઓએ ભરૂચથી અંકલેશ્વર સુધીની ચાર સેકન્ડ કલાસ રીટરન (બીજા વર્ગની જવા આવવાની) ટીકીટો ભરૂચમાં ખરીદ કરી, આમ કરવામાં તેમનો હેતુ સંજાણનું સ્ટેશન કે જે કોલાબા અને કોસામ્બાની વચ્ચે છે ત્યાંથી આવતા બે ઉતારૂઓ (પેસેન્જરો) ને આમાંની બે ટીકીટો અંકલેશ્વરમાં આપવાનો હતો. ભરૂચ પાછા ફરતા પહેલાં તહોમતદારોને બે વધારાની ટીકીટોના માલીકોનાં નામ પુછવામાં આવ્યા હતાં, અને તેઓએ તેમના બે મિત્રોનાં નામ આપ્યાં અને તેઓ વેટીંગ રૂમમાં બેઠા છે એવું જણાવીને (પણ તે જુઠું હતું એમ તરતજ માલમ પડી આવ્યું હતુ) તેમના મિત્રોનાં નામ મરકીના ઇન્સ્પેકટરના લીસ્ટમાંથી કાઢી નંખાવ્યાં પરંતુ જયારે તેમના મિત્રો સંજાણથી અંકલેશ્વર આવ્યા ત્યાંરે તહોમતદારોએ પેલી બે વધારાની ટીકીટો તેમને આપી દેવાની કાંઇ પણ કોશીશ કરી નહી અને તેમના મિત્રો કવોરન્ટાઈનમાં ગયા તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે પીનલકોડની કલમો ૧૮૮, ૫૧૧ અને ૧૧૬ મુજબ તહોમતદારોએ કાંઇ પણ ગુન્હો કર્યો નહોતો, કેમકે તેમના મિત્રો અંકલેશ્વર આવી પહોચ્યા તે પહેલાં તેમને ટીકીટો આપવાનો વિચાર તહોમતદારોએ છોડી દીધો હતો. ૩

લગ્નના બેન્સ (banns—ત્રણ રવીવાર સુધી દરેક રવીવારે દેવળની અંદર પાદરી અમુક સ્રી અને અમુક પુરૂષની વચ્ચે લગ્ન થવાનું છે તેમાં કોઇને હરકત છે? એવું જાહેર કરે તે) જાહેર કરાવવાનું કૃત્ય લગ્ન કરવાની તૈયારીમાં કરેલું કૃત્ય છે પણ તે લગ્ન કરવાની કોશીશ બનતી નથી. તેટલા માટે જ્યાં એક માણસે એક સ્રી જીવતી હોવા છતાં પોતાની અને એક બીજી સ્રીની વચ્ચે લગ્નના બેન્સ (પાદરી પાસે) જાહેર કરાવ્યા ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તેની એક સ્રીની હયાતીની અંદર ફરિથી લગ્ન કરવાની કોશીશ કરવા સારૂ તેને સજા કરી શકાય નહી. ૪

જે માણસનું નામ ખોટું લખવાનો (forge) ઇરાદો હોય તે માણસના નામથી સ્ટાંપનો કાગળ માત્ર ખરીદવો તે કોશીશ બનતી નથી એમ ઠરાવવામાં આવ્યું હતું. ૫ પરંતુ આની પછી ચુકેલા કેસમાં

૧. રેજાઈના વિ. બ્રુન્ડી. ૮ અ. ૩૦૪.
૨. રેજાઈના વિ. ગુલામ મહુમદ પંજાબ રેકર્ડઝ ૧૮૭૯ નુ ૧૩ મું.
૩. રેજાઈના વિ. માણેકશા મુંબાઇ હાઇકોર્ટનાં ક્રીમીનલ રૂલીંગ્ઝ ૧૮૯૮ નું ૨૧ મુ.
૪. રેજાઇના વિ. પીટરસન ૧ અ. ૩૧૬.
૫. રેજાઈના વિ. રામસરણ ૪ નોર્થ–વેસ્ટ પ્રોવીન્સીસ હાઇકોર્ટ રીપોર્ટસ પાનું ૪૯.

આનાથી વિરૂદ્ધ અભિપ્રાય આપવામાં આવ્યો છે મ એ જ ને સ નો વેશ ધારણ કરીને સ ના નામથી અમુક સ્ટાંપનો કાગળ લેવાને ઉશ્કેર્યો અને તેને લીધે સ્ટાંપના કાગળ વેચનારાએ આવા કાગળ ઉપર તે કાગળના ખરીદનાર તરીકે સ ના નામનો શેરો કર્યો. એક ઇન્સાફી કામની અંદર આવો શેરો સ ની સામે વાપરવામાં આવે એવા ઇરાદાથી મ (આ પ્રમાણે) વરત્યો હતો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે ખોટો પુરાવો ઉભો કરવાનો ગુન્હો ખરેખર રીતે બન્યો હતો અને આવો ગુન્હો કરવામાં મદદગારી કરવા બદલ મ ને વ્યાજબી રીતે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો હતો. ૧

એક કેસમાં તહોમતદારને અને તેના ભાઇને કજીઓ થવાથી તહોમતદાર દોડીને એક તરવાર લઈ આવ્યો પરંતુ તેને બીજા માણસોએ ઝાલી રાખીને તરવાર તેની પાસેથી છુટાવી લીધી તો પણ જો તેને છુટો મુકવામાં આવે તો પોતાના ભાઇને મારી નાખવાનો પોતાનો ઇરાદો જણાવ્યો તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તરવાર લાવવી તે આ કલમની અંદર કોશીશ થતી નહોતી. કેમકે તે એવુ " નજીકના પ્રકારનું " કૃત્ય નહોતું કે જે ખુન અથવા મહાવ્યથા કરવાની કોશીશ બને એટલું તો કહી શકાય (કબુલ કરી શકાય) " કે આવો કોઇ ગુન્હો કરવા તરફ તૈયારી થઈ હતી, પરંતુ તૈયારી માત્ર ૫૧૧મી કલમ પ્રમાણે કોશીશ " કરવાનો ગુન્હો સંપુર્ણ બનાવવાને માટે બસ નથી. ૨

તહોમતદાર બાઇએ તેણીના જમાઈને ઝેર દઈ મારી નાંખવાના કામને સારૂ તેણીને દવા આપવાનું એક દેશી વૈદને કહ્યું તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે તે બાઈએ કરેલો ગુન્હો ખુન કરવાની કોશીશ નહોતી કેમકે ગુન્હો કરવાની તૈયારી કરવાનુંજ માત્ર તે કૃત્ય હતું અને તે એવું કામ નહોતું કે જે, જો અટકાવવામાં ન આવ્યું હોત તો અવશ્ય કરીને તેનું પરીણામ ખુનમાં આવત. પરંતુ આવું કૃત્ય ખુન કરવામાં તહોમતદાર બાઇને મદદગારી કરવા તે દેશી વૈદને ઉશ્કેરવાનું કૃત્ય ગણી શકાય, અને ૧૦૮ મી કલમનો ૪ થો ખુલાસો ધ્યાનમાં લેતાં કલમો ૧૧૬ અને ૩૦૨ મુજબ તે સજાને પાત્ર થયું હોત.૩

એક કેસમાં સોળ વરસની ઉંમર અંદરની એક સગીર છોકરીને બીજા નંબરના તહોમતદારના ફરમાન પ્રમાણે ૧ લા નંબરનો તહોમતદાર સોલાપુરથી તુળજાપુર (નીઝામના રાજ્યમાં) લઈ ગયો, અને પછી તે સગીર છોકરી જાર (વ્યભીચાર) કરમના કારણ સર વાપરવામાં આવે એવા ઈરાદાથી, અથવા તે છોકરી જાર કર્મના કારણસર વાપરવામાં આવવાનો સંભવ હતો એવું જાણીને તે છોકરીને અંબા માતાને અરપણ કરી તેમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે જ્યારે તહોમતદારો સોલાપુરમાં રહેતા હતા તે વખતે તેમનો ઈરાદો કાંઇ પણ ગુન્હો બનતો નહોતો, અને તે છોકરીની સાથે તેમનું તુળજાપુર જવું તે એકલું મદદગારી બનતી નહોતી તે કેસમાં સ્વર્ગસ્થ જસ્ટીસ રાનાડેએ એવી ટીકા કરી હતી કે " આ કેસમાં માત્ર ઇરાદો " અને આડકતરી તૈયારી સિવાય બ્રીટીશ હિન્દુસ્તાનની બહાર કરેલા કૃત્યમાં ઉશ્કેરણી કરવાથી બીજો કોઈ " પણ ભિન્ન ગુન્હો બન્યો નહોતો માત્ર ઇરાદોજ હોય અને તેની પાછળ કાંઈ પણ કૃત્ય કરવામાં ન " આવ્યું હોય તો તે ગુન્હો બનતો નથી અને આડકતરી તૈયારી કે જે, ગુન્હાની શરૂઆત ગણાય એવું " કોઇ કૃત્ય હોતુ નથી તે મુખ્ય ગુન્હો અથવા તે ગુન્હાની કોશીશ અથવા મદદગારી બનતી નથી. " ૪

(વળી આ કલમના સંબંધમાં કોશીસને માટે જુઓ રેજાઇના વિ. ચીમા. પાછળ પાનુ. ૩૦૬; રેજાઈના વિ. કાસી ડી પાછળ પાનુ. ૩૦૫; રેજાઇના વિ. નિધા પાછળ પાનું ૩૦૫; રેજાઈના વિ. રમાક્કા પાછળ પાનુ ૩૦૭ (કલમ ૩૦૭) ની ટીકામાં.

---

૧. રેજાઇના વિ. મુલા ૨ બ. ૧૦૫

૨. રેજાઇના વિ. દત્તારામ પંજાબ રેકર્ડઝ. ૧૮૮૨ નું ૪૫ મુ.

૩. રેજાઇના વિ. બખ્તાવર પંજાબ રેકર્ડઝ ૧૮૮૨ નું ૨૪ મુ.

૪. રેજાઈના વિ. બાકુ. ૨૪ મું. ૨૯૧.

સુચના—આ સુધારો જે કલમને લાગુ છે ત્યાં ચોડવા સારૂ તે પાનાં એક બાજુએ છાપેલાં છે તે ફાડી જયાં લાગુ થાય ત્યાં ચોડવાં.

૧. આ આકટને સન ૧૯૧૩ નો હિંદુસ્તાનનો ફોજદારી કામ સંબંધી કાયદો સુધારવા બાબતનો આકટ કહેવો. — ટુંકું નામ.

૨. હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૦મી કલમમાં **"૪થા બાબમાં"** એ આંકડા તથા શબ્દ પછી **"બાબ ૫ અ માં"** એ શબ્દ, આંકડો તથા અક્ષર ઉમેરવા. — હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૦ મી કલમનો સુધારો.

૩. સદરહુ કાયદાના **૫ મા બાબ** પછી હેઠળનો **બાબ** ઉમેરવો, એટલે કેઃ- — હિંદુસ્તાનના ફોજદારી કાયદામાં નવો બાબ ઉમેરવા બાબત.

"બાબ ૫ અ મો."

સાપરાધ કાવતરૂં.

૧૨૦ અ. જ્યારે બે અથવા વધારે શખસો— — સાપરાધ કાવતરાની વ્યાખ્યા.

(૧) કાંઇ કાયદા વિરૂદ્ધ કામ કરવાનું અથવા કરાવવાનું, અથવા

(૩) કાયદા વિરૂદ્ધ ન હોય એવું કામ કાયદાવિરૂદ્ધ સાધનોથી કરવાનું અથવા કરાવવાનું,

કબુલ કરે ત્યારે, તેની કબુલતને સાપરાધ કાવતરૂં કહેવું:-

પણ એવું ઠરાવ્યું છે કે ગુન્હો કરવા માટેની કબુલત શિવાયની કોઇ પણ કબુલત, એવી કબુલતના એક અથવા વધારે પક્ષકારો, તે કબુલતને અનુસરીને તે કબુલત શિવાય કાંઇ પણ કૃત્ય કરે નહિ તો, સાપરાધ કાવતરૂં ગણાશે નહિ.

ખુલાસો.—એવું કાયદાવિરૂદ્ધ કામ એવી કબુલતનો છેવટનો ઉદ્દેશ હોય અથવા તે ઉદ્દેશને માત્ર પ્રાસંગિક હોય તે વાત કાંઇ મહત્વની નથી.

૧૨૦ બ. (૧) જે ગુન્હા માટે મોતની, સમુદ્રપારની અથવા બે અથવા વધારે વર્ષની સખત મજુરીની કેદની શિક્ષા થઇ શકે તેવો ગુન્હો કરવા માટે સાપરાધ કાવતરૂં કરવામાં જે કોઇ શખસ પક્ષકાર હોય તેને, એવા કાવતરા માટે શિક્ષા કરવાસારૂ આ કાયદામાં કોઇ પણ વિશેષ ઠરાવ કર્યો ન હોય ત્યારે, તે શખસે તેવો ગુન્હો કરવામાં મદદગારી કરી હોત તો તેને જેવી રીતે શિક્ષા થતે તેવીજ રીતે શિક્ષા કરવામાં આવશે. — સાપરાધ કાવતરા માટે શીક્ષા.

(૨) ઉપર લખ્યા પ્રમાણે શિક્ષા થઇ શકે તેવો ગુન્હો કરવા માટેના સાપરાધ કાવતરા શિવાયના સાપરાધ કાવતરામાં જે કોઇ શખસ પક્ષકાર હોય તેને ૭ મહિનાની મુદ્દત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બન્નેની શિક્ષા કરવામાં આવશે. "

૪. સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૧૯૫ મી કલમની પેટા કલમ ૩ માં "ઠરાવો" એ શબ્દ પછી "એવા ગુન્હા કરવાના સાપરાધ કાવતરાને તથા" એ શબ્દો દાખલ કરવા.

સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૧૯૫મી કલમનો સુધારો.

૫. સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાની ૧૯૬ મી કલમ પછી હેઠળની કલમ દાખલ કરવી, એટલે કે:-

સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદામાં કલમ ૧૯૬ અ નવી દાખલ કરવા બાબત.

"૧૯૬ અ. હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૧૨૦ બ કલમના રૂએ શિક્ષા થઇ શકે એવા સાપરાધ કાવતરાનો કોઇ પણ ગુન્હો કોઇ પણ કોર્ટે હેઠળ પ્રમાણે ન હોય તો સાંભળવો નહીં.-

કેટલાક વર્ગના સાપરાધ કાવતરા બાબત ફોજદારીમાં કામ ચલાવવું.

(૧) સદરહુ કાવતરાનો ઉદ્દેશ ગુન્હો ન હોય એવું કાયદા વિરૂદ્ધ કામ, અથવા કાયદા વિરૂદ્ધ સાધનોથી કાયદા પુર્વક કામ, અથવા ૧૯૬ મી કલમના ઠરાવો લાગુ પડતા હોય એવો ગુન્હો કરવાનો હોય એવા મુકદમામાં, ગવર્નર જનરલ ઇન કૌંસિલના, સ્થાનિક સરકારના અથવા ગવર્નર જનરલ ઇન્ કૌંસિલે આ બાબતમાં અધિકાર આપ્યો હોય તે અમલદારના હુકમથી અથવા અખત્યારથી ફરિયાદ કરવામાં ન આવી હોય તો, અથવા

(૨) સદરહુ કાવતરાનો ઉદ્દેશ કોઈપણ નૉન કૉગનીઝેબલ ગુન્હો અથવા મોતની, સમુદ્રપારની અથવા બે અથવા વધારે વર્ષની સખત મજુરીની કેદની શિક્ષા થઇ ન શકે એવો કૉગનિઝેબલ ગુન્હો કરવાનો હોય એવા મુકદ્દમામાં સ્થાનિક સરકારે, અથવા સ્થાનિક સરકાર તરફથી આ અર્થે અધિકાર મળેલા ચીફ પ્રેસિડન્સી માજિસ્ટ્રેટે અથવા જિલ્લા માજિસ્ટ્રેટે લેખી હુકમ કાઢીને ફરિયાદનું કામ ચલાવવાની મંજુરી આપી ન હોય તો;

પણ એવું ઠરાવ્યું છે કે જ્યારે સદરહુ સાપરાધ કાવતરૂં એવું હોય કે જેને ૧૯૫ મી કલમની પેટા કલમ (૩) ના ઠરાવો લાગુ પડતા હોય ત્યારે, એવી મંજુરીની જરૂર પડશે નહિ.

૬. (સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના) કાયદાના ૨ જા પરિશિષ્ઠમાં ૫ મા બાબને લગતી નોંધ પછી આને જોડેલા પરિશિષ્ઠમાંની નોંધ દાખલ કરવી.

સન ૧૮૯૮ ના ફોજદારી કામ ચલાવવાની રીત બાબતના કાયદાના ૨ જાપરીશીષ્ઠનો સુધારો.

પરિશિષ્ટ ૨ જું.

ગુન્હાઓની વિગતનું કોષ્ટક.

ખુલાસો:—"ગુન્હો" "તથા હિંદુસ્તાનના ફોજદારી કાયદા મુજબ શિક્ષા" એવા મથાળાના આ પરિશિષ્ટના બીજા તથા સાતમા આસન મધ્યે જે મજકુર લખ્યો છે તે તેમના સબંધની હિંદુસ્તાનના ફોજદારી કાયદાની જુદી જુદી કલમોમાં બ્યાન કરેલા ગુન્હાઓ તથા શિક્ષાઓની વ્યાખ્યા દાખલ લખ્યો છે એમ, અથવા તે કલમોના સાર દાખલ લખ્યો છે એમ પણ સમજવું નહિ; તે તો પેહેલા આસન મધ્યે જે કલમની સંખ્યા લખી છે તે કલમમાં શો વિષય છે તેની માત્ર સુચનાર્થ લખ્યો છે.

આ પરિશિષ્ટનું ત્રીજુ આસન કલકત્તા તથા મુંબઇ એ શેહેરોની પોલીસને પણ લાગુ છે.

બાપ ૫ મો—મદદગારી બાબત.

૧	૨	૩	૪	૫	૬	૭	૮
કલમ.	ગુન્હો.	વગર વારંટે પોલીસ પકડી શકે કે નહી.	ઘણું કરીને પ્રથમ વારંટ નીકળે કે સમન.	જામીન લઇ શકાય કે નહિ.	માંડીવાળી શકાય કે નહી.	હિંદુસ્તાનના ફોજદારી-કાયદા મુજબ શીક્ષા.	કઇ કોર્ટથી ઇન્સાફ થઇ શકે.
૧૦૯	કોઇ ગુન્હાની મદદગારી, જો તે મદદગારીપરથી મદદગારી કરેલું કામ કરવામાં આવે, અને તેવી મદદગારીને માટે સાફ શિક્ષા નહી ઠરાવી હોય તો.	જે ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાને માટે વગર વારંટે પકડી શકતા હોય તો વગર વારંટે પ-	જે ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાને માટે વારંટ નીકળી શકતું હોય તો વારંટ, અથવા સમન નીક-	જે ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાને માટે જામીન લઈ શકાતો હોય તો લઇ શકાય, નહી તો નહી.	જે ગુન્હાની મદદગારી કરી હોય તે માંડીવાળી શકાતા હોય તો માંડીવાળી શકાય નહિ તો નહિ	જે ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાને માટે જે શીક્ષા હોય તેજ શીક્ષા.	જે ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાનો ઇનસાફ જે કોર્ટથી થઇ શકે તે કોર્ટ.

		કડી શકે, નહી તો નહી.	ળી શકતો હોય તો સમન.				
૧૧૦	કોઇ ગુન્હાની મદદગારી, જો મદદગારી કરેલો શખસ તે કામ મદદગારના ઇરાદા કરતાં જુદા ઇરાદાથી કરે તો.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૧૧૧	કોઇ ગુન્હાની મદદગારી, જ્યારે એક કામમાં મદદગારી કરી હોય અને જુદુજ કામ બને ત્યારે; શરતને પાત્ર.	એજ.	એજ.	એજ.	એજ.	જે ગુન્હાની મદદગારી કરવાનો ઈરાદો કર્યો હોય તે ગુન્હાને માટે જે શીક્ષા હાય તેજ શીક્ષા.	એજ.
૧૧૩	કોઇ ગુન્હાની મદદગારી જ્યારે મદદગારી કરેલા કામથી મદદગારના ધાર્યા કરતાં જુદી અસર પેદા થાય ત્યારે.	એજ.	એજ.	એજ.	એજ.	કરેલા ગુન્હાને માટે જે શીક્ષા હોય તેજ શીક્ષા.	એજ.
૧૧૪	કોઇ ગુન્હાની મદદગારી, જો ગુન્હો થતી વખતે મદદગાર હાજર હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	કરેલા ગુન્હાને માટે જે શીક્ષા હોય તેજ શીક્ષા.	એજ.
૧૧૫	મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા થઇ શકે એવા ગુન્હામાં મદદગારી કરવી, જો તે ગુન્હો તે મદદગારી ઉપરથી નહી થાય તો.	એજ.	એજ.	જામીન નહિ લઇ શકાય.	એજ.	૭ વર્ષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.
	જેથી વ્યથા થાય એવું કાંઇ કામ તે મદદગારી ઉપરથી કરવામાં આવે તો.	એજ.	એજ.	એજ.	એજ.	૧૪ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.

૧૧૬	કેદની શિક્ષા થઇ શકે એવા ગુન્હામાં મદદગારી કરવી જો તે ગુન્હો તે મદદગારી ઉપરથી નહિ થાય તો.	એજ.	એજ.	જો ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાને માટે જામીન લઈ શકાતો હોય તો લઇ શકાય નહિ તો નહિ.	એજ.	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની ¼ મુદત સુધી કેદ, અથવા દંડ અથવા બન્ને.	એજ.
	જો તે મદદગાર અથવા મદદગારી કરેલો શખસ સરકારી નોકર હોય, અને તેની ફરજ તે ગુન્હો અટકાવવાની હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની ½ મુદત સુધી કેદ, અથવા દંડ અથવા બન્ને.	એજ.
૧૧૭	લોકો અથવા દશથી વધારે માણસો કાંઇ ગુન્હો કરે તેમાં મદદગારી કરવી.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વર્ષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બન્ને.	એજ.
૧૧૮	મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવાની ધારણા છુપાવવી, જો તે ગુન્હો થાય તો.	એજ.	એજ.	જામીન નહિ લઇ શકાય.	એજ.	૭ વર્ષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.
	જો તે ગુન્હો નહિ થાય તો.	એજ.	એજ.	એજ.	એજ	૩ વર્ષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	એજ.
૧૧૯	જો ગુન્હો અટકાવવાની પોતાની ફરજ હોય એવો ગુન્હો કોઈ સરકારી નોકરે છુપાવવો, જો તે ગુન્હો થાય તો.	એજ.	એજ.	જો ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાને માટે જામીન લ-	એજ.	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની ½ મુદત સુધી	એજ.

				ઇ શકાતો હોય તો લઇ શકાય નહી તો નહી.		કેદ, અથવા દંડ અથવા બન્ને.	
	જો તે ગુન્હો મોત અથવા સમુદ્રપારની શિક્ષા જોગ હોય તો.	એજ.	એજ.	જામીન નહી લઇ શકાય.	એજ.	૧૦ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ.	એજ.
	જો ગુન્હો નહી થાય તો.	એજ.	એજ.	જે ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાને માટે જામીન લઇ શકાતો હોય તો લઇ શકાય નહી તો નહી.	એજ.	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની ૧/૪ મુદત સુધી કેદ, અથવા દંડ, અથવા બન્ને.	એજ.
૧૨૦	કેદની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવાની ધારણા છુપાવવી, જો તે ગુન્હો થાય તો.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
	જો ગુન્હો નહિ થાય તો.	જે ગુન્હાની મદદગારી કરી હોય તે ગુન્હાને માટે વગર વારંટે પકડી શકતા હોય તો વગર વારંટે પકડી શકે, નહિ તો નહિ.	એજ.	એજ.	એજ.	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની ૧/૮ મુદત સુધી કેદ, અથવા દંડ અથવા બન્ને.	એજ.

પરિશિષ્ટ.

"બાબ ૫ અ.

સાપરાધ કાવતરૂં.

૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧૨૦બ	મોતની, સમુદ્રપારની અથવા બે અથવા તેથી વધારે વર્ષની સખત મજુરીની કેદની શિક્ષા થઇ શકે એવો ગુન્હો કરવા માટેનું સાપરાધ કાવતરૂં.	સદરહુ કાવતરાનો ઉદ્દેશ જે ગુન્હો કરવાનો હોય તે ગુન્હા માટે વગર વારંટે પકડી શકાતું હોય તો વગર વારંટે પકડી શકાય, નહીં તો નહીં.	સદરહુ કાવતરાનો ઉદ્દેશ જે ગુન્હો કરવાનો હોય તે ગુન્હા માટે વારંટ નીકળી શકતું હોય તો વારંટ અથવા સમન નીકળી શકતો હોય તો સમન.	સદરહુ કાવતરાનો ઉદ્દેશ જે ગુન્હો કરવાનો હોય તે ગુન્હામાટે જામીન લઈ શકાતો હોય તો લઇ શકાય, નહીં તો નહીં.	માંડી વાળી નહીં શકાય.	સદરહુ કાવતરાનો ઉદ્દેશ જે ગુન્હો કરવાનો હોય તે ગુન્હાની મદદગારી માટે જે શિક્ષા ઠરાવી હોય તેજ શિક્ષા.	સદરહુ કાવતરાનો ઉદ્દેશ જે ગુન્હો કરવાનો હોય તે ગુન્હાનો ઇન્સાફ ફક્ત સેશન કોર્ટથી થઇ શકતો હોય તો, તે કોર્ટ બીજા સઘળા ગુન્હાની બાબતમાં સેશન કોર્ટ, પ્રેસિડન્સી માજિસ્ટ્રેટની કોર્ટ અથવા ૧ લા વર્ગના માજિસ્ટ્રેટની કોર્ટ.
	બીજું કોઇ સાપરાધ કાવતરૂં.	વગર વારંટે પકડાય નહીં.	સમન.	જામીન લઇ શકાય.	એજન.	બન્નેમાંના કોઇપણ પ્રકારની છ મહિનાની કેદ તથા દંડ અથવા બન્ને.	પ્રેસિડેન્સિ માજિસ્ટ્રેટ અથવા પહેલા વર્ગનો માજિસ્ટ્રેટ."

બાબ ૬ ઠો—રાજ્ય વિરૂદ્ધ ગુન્હા.

૧૨૧	રાણીની સામાં લઢાઇ કરવી, અથવા લઢાઇ કરવાની કોશીશ કરવી અથવા લઢાઇ કરવામાં મદદગારી કરવી.	વગર વારંટે પકડાય નહિ.	વારંટ.	જામીન લઇ નહિ શકાય.	માંડીવાળી નહિ શકાય.	મોત, અથવા જીવતાં સુધી સમુદ્રપાર, તથા મિલકત સરકાર જપ્ત થવી.	સેશન કોર્ટ.
૧૨૧ અ	રાજ્યવિરૂદ્ધ કેટલાએક ગુન્હા કરવાસારૂ સંપ કરવો.	એજ.	એજ.	એજ.	એજ.	જીવતાં સુધી અથવા હરકોઇ થોડી મુદ્દત સુધી સમુદ્રપારની શિક્ષા અથવા ૧૦ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ.	એજ.
૧૨૨	રાણીની સામાં લઢાઇ કરવાના ઇરાદાથી હથિયારો વિગેરે એકઠાં કરવાં.	એજ.	એજ.	એજ.	એજ.	જીવતાંસુધી સમુદ્રપાર, અથવા ૧૦ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા મીલકત સરકાર જપ્ત થવી.	એજ.
૧૨૩	લડાઇનું કામ સહેલ કરવાના ઇરાદાથી લઢાઇની ધારણા છુપાવવી.	એજ.	એજ.	એજ.	એજ.	દશ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.
૧૨૪	કાંઈ કાયદેસર અખત્યાર અમલમાં અણાવવા અથવા નહિ અણાવવાના ઇરાદાથી ગવર્નર જનરલ, ગવર્નર વગેરે પર હુમલો કરવો.	એજ.	એજ.	એજ.	એજ.	૭ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારનીકેદ તથા દંડ.	એજ.

૧૨૪ અ	દંગો	એજ.	એજ.	એજ.	એજ.	જીવતાંસુધી અથવા હરકંઇ થોડી મુદતસુધી સમુદ્રપારની શીક્ષા તથા દંડ, અથવા ૩ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ, અથવા દંડ.	સેશન કોર્ટ ચીફ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા જીલ્લા માજીસ્ત્રેટ અથવા આ અર્થે સ્થાનીક સરકારે ખાસ અધીકાર આપ્યો હોય એવો ૧ લા વર્ગનો માજીસ્ત્રેટ.
૧૨૫	રાણીની સાથે મૈત્રી અથવા સલાહ રાખનારા એશિયાના કોઈ રાજાની ઉપર લઢાઇ કરવી, અથવા તેવી લઢાઇ કરવામાં મદદગારી કરવી.	એજ.	એજ.	એજ.	એજ.	જીવતાંસુધી સમુદ્રપાર તથા દંડ, અથવા ૭ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદતથા દંડ અથવા દંડ.	સેશન કોર્ટ.
૧૨૬	રાણીની સાથે મૈત્રી અથવા સલાહ રાખનાર કોઇ રાજાના મુલકપર લુટ કરવી.	એજ.	એજ.	એજ.	એજ.	૭ વર્ષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ તથા કાંઈ મુકરર મીલકત સરકાર જપ્ત થવી.	એજ.
૧૨૭	૧૨૫ મી તથા ૧૨૬ મી કલમોમાં કહેલી લઢાઇ અથવા લુટથી મળેલી મીલકત લેવી.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૧૨૮	સરકારી નોકર બુદ્ધિપુર્વક પોતાના હવાલામાંના કોઇ રાજકીય અથવા લઢાઇના કેદીને નાશી જવા દે તો.	એજ.	એજ.	એજ.	એજ.	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ.

૧૨૯	સરકારી નોકર ગફલતથી પોતાના હવાલામાંના કોઇ રાજકીય અથવા લડાઈના કેદીને નાસી જવા દે તો.	એજ.	એજ.	જામીન લઇ શકાય.	એજ.	૩ વર્ષસુધી આસન કેદ તથા દંડ.	સેશન કોર્ટ, અથવા પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.
૧૩૦	તેવા કેદીને નાસી જવામાં સાહ્ય કરવું, છોડાવવો અથવા ઘરમાં રાખવો, અથવા તેને પાછો પકડે તેમાં સામા થવું.	એજ.	એજ.	જામીન નહીં લઇ શકાય.	એજ.	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેશન કોર્ટ.

ભાગ ૭ મો.—જમીનપરની તથા દરિયાઇ ફોજ સબંધી ગુન્હા.

૧૩૧	બંડમાં મદદગારી કરવી, અથવા કોઈ ઓફીસરને, સોલજરને અથવા ખલાસીને પોતાના પ્રજાધર્મથી અથવા સેવાધર્મથી ભ્રષ્ટ કરવાની કોશીશ કરવી.	વગર વારંટે પકડી શકે.	વારંટ.	જામીન નહિ લઇ શકાય.	માંડીવાળી નહી શકાય.	જીવતાં સુધી સમુદ્રપાર, અથવા ૧૦ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ.
૧૩૨	બંડ કરવામાં મદદગારી કરવી, જો તેથી બંડ થાય તો.	એજ.	એજ.	એજ.	એજ.	મોત, અથવા જીવતાં સુધી સમુદ્રપાર, અથવા ૧૦ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ	એજ.
૧૩૩	કોઈ ઉપરી અમલદાર પોતાનો હોદ્દો ચલાવતો હોય તે દરમીયાનમાં તેની ઉપર કોઇ ઓફીસરે, સોલજરે અથવા ખલાસીએ હુમલા કરવામાં મદદગારી કરવી.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ, પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.

૧૩૪	આવા હુમલામાં મદદગારી કરવી, જો હુમલો થાય તો.	એજ.	એજ.	એજ.	એજ.	૭ વર્ષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ.
૧૩૫	કોઇ ઓફીસર, સોલજર અથવા ખલાસીને નાસી જવામાં મદદગારી કરવી.	એજ.	એજ.	જામીન લઇ શકાય.	એજ.	૨ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનો માજીસ્ત્રેટ.
૧૩૬	નાસી આવેલા સદરહુ પ્રકારના કોઇ ઓફીસર, સોલજર અથવા ખલાસીને ઘરમાં રાખવો.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૧૩૭	કોઇ વેપારી વહાણમાં માસ્તરની અથવા જેના હવાલામાં તે વહાણ હોય તેની ગફલતથી કોઇ નાસી જનારો સંતાયો હોય તો.	વગર વારંટે પકડાય નહિ.	સમન.	એજ.	એજ.	૫૦૦ રૂપીયાનો દંડ.	એજ.
૧૩૮	કોઇ ઑફીસર સોલજર અથવા ખલાસીને નાફરમાનીનું કાંઇ કામ કરવામાં મદદગારી કરવી, જો તેથી તે ગુન્હો થાય તો.	વગર વારંટે પકડી શકે.	વારંટ.	એજ.	એજ.	૬ મહિના સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બન્ને	એજ.
૧૪૦	સોલજરમાં ખપવાના ઇરાદાથી સોલજરનો પોશાક પેહેરવો, અથવા સોલજરનું કાંઇ ચીન્હ ધારણ કરવું.	એજ.	સમન.	એજ.	એજ.	૩ મહીના સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૫૦૦ રૂપીયાનો દંડ અથવા બન્ને.	કોઇ પણ માજીસ્ત્રેટ.

બાબ ૮ મો—લોકોની સમાધાની વિરૂદ્ધ ગુન્હા.

૧૪૩	કાયદા વિરૂદ્ધ મંડળીના અંગભુત હોવું	વગર વારંટે પકડી શકે.	સમન.	જામીન લઇ શકાય.	માંડીવાળી નહીં શકાય.	૬ મહીના સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બન્ને.	કોઇ પણ માજીસ્ટ્રેટ.
૧૪૪	જીવ લે એવું કાંઇ હથીઆર પાસે રાખીને કોઈ કાયદા વિરૂદ્ધ મંડળીમાં સામીલ થવું.	એજ.	વારંટ.	એજ.	એજ.	૨ વર્ષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	એજ.
૧૪૫	કોઇ કાયદા વિરૂદ્ધ મંડળીને વિખરાઇ જવાનો હુકમ થયો છે એમ જાણ્યા છતાં તેમાં સામીલ થવું અથવા જારી રહેવું.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૧૪૭	હંગામો કરવો.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૧૪૮	જીવ લે એવું હથીઆર પાસે રાખીને હંગામો કરવો.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બન્ને.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.
૧૪૯	એકાદી કાયદા વિરૂદ્ધ મંડળીનો કોઇ અંગભુત કાંઇ ગુન્હા કરે તો તે મંડળીના બીજા પ્રત્યેક અંગભુતને તે ગુન્હાનો તકસીરવાર સમજવો.	તે ગુન્હાને માટે વગર વારંટે પકડી શકતા હોય તો પકડી શકાય નહી તો નહી.	તે ગુન્હાને માટે વારંટ નીકળી શકતું હોય તો વારંટ અને સમન નીકળી શકતો હોય તો સમન.	તે ગુન્હાને માટે જામીન લઇ શકાતો હોય તો લઇ શકાય નહી તો નહી.	એજ.	તે ગુન્હાને માટે જે હોય તેજ.	તે ગુન્હાનો જે કોર્ટથી ઇનસાફ થઇ શકતો હોય તે કોર્ટ.

૧૫૦	કોઇ કાયદા વિરૂદ્ધ મંડળીમાં સામીલ થવાને કોઈ શખસોને ભાડે રાખવા, રોકવા અથવા કામે લગાડવા.	વગર વારંટે પકડી શકે.	તે ભાડે રાખેલા રોકેલા અથવા કામે લગાડેલા શખસે જે ગુન્હો કર્યો હોય તે મુજબ.	એજ.	એજ.	તે મંડળીના અંગભુતનીજ શિક્ષા તથા તે મંડળીનો કોઇપણ અંગભુત જે ગુન્હો કરે તેની જે શીક્ષા હોય તેજ.	તે ગુન્હાનો જે કોર્ટથી ઇનસાફ થઇ શકતો હોય તે કોર્ટ.
૧૫૧	પાંચ અથવા વધારે શખસોની કોઇ મંડળીને વીખરાઇ જવાનો હુકમ થયા પછી જાણીબુઝીને તે મંડળીમાં સામીલ થવું અથવા જારી રહેવું.	એજ.	સમન.	જામીન લઇ શકાય.	એજ.	૬ મહીના સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	કોઇ પણ માજીસ્ટ્રેટ.
૧૫૨	હંગામો બંધ પાડવા વગેરેનું કામ કરતો હોય તેવામાં કોઇ સરકારી નોકરની ઉપર હુમલો કરવો અથવા તેને હરકત કરવી.	એજ.	વારંટ.	એજ.	એજ.	૩ વર્ષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	સેશન કોર્ટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ, અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.
૧૫૩	હંગામો કરાવવાના ઇરાદાથી દુષ્ટતાથી કોઇના મનમાં ક્રોધ ઉત્પન્ન કરવો, જો હંગામો થાયતો.	એજ.	એજ.	એજ.	એજ.	૧ વર્ષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	કોઈ પણ માજીસ્ટ્રેટ.
	જો નહીં થાય તો.	એજ.	સમન.	એજ.	એજ.	૬ મહીના સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને	એજ.
૧૫૩ અ	વર્ગો વચ્ચે દુશ્મનાઇ વધારવી.	વગર વારંટે પકડાય નહી.	વારંટ.	જામીન લઇ નહી શકાય.	એજ.	૨ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ, અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.

૧૫૪	જમીનનો માલીક અથવા કબજેદાર હંગામા વગેરેની ખબર નહીં આપે, તો.	એજ.	સમન.	જામીન લઇ શકાય.	એજ.	૧,૦૦૦ રૂપિયાનો દંડ.	પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનો માજીસ્ત્રેટ.
૧૫૫	જે શખશના ફાયદાને સારૂ, અથવા જેની વતી કાંઈ હંગામો કરવામાં આવે, તે શખશ તે અટકાવવાને સઘળા કાયદેસર ઇલાજો નહીં કરે તો.	એજ.	એજ.	એજ.	એજ.	દંડ.	એજ.
૧૫૬	જે માલીક અથવા કબજેદારના ફાયદાને સારૂ કાંઈ હંગામો કરવામાં આવે, તેનો મુખત્યાર તે અટકાવવાને સઘળા કાયદેસર ઇલાજો નહીં કરે તો.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૧૫૭	કોઇ કાયદા વીરૂદ્ધ મંડળીને સારૂ ભાડે રાખેલા શખસોને ઘરમાં રાખવા.	વગર વારંટે પકડી શકે.	એજ.	એજ.	એજ.	૬ મહીના સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બન્ને.	એજ.
૧૫૮	કોઇ કાયદાવીરૂદ્ધ મંડળીમાં અથવા હંગામામાં સામીલ થવા સારૂ પૈસા લેવા કરીને રહેવું.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૧૫૯	અથવા હથીયારબંદ થઇને ફરવું.	એજ.	વારંટ.	એજ.	એજ.	૨ વર્ષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	એજ.
૧૬૦	બખેડો કરવો.	વગર વારંટે પકડાય નહી.	સમન.	એજ.	એજ.	૧ મહીનાસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૧૦૦ રૂપીઆનો દંડ, અથવા બંને.	કોઇ પણ માજીસ્ત્રેટ,

ભાગ ૯ મો—સરકારી નોકરોના અથવા તેઓ સંબંધી ગુન્હા.

૧૬૧	સરકારી નોકર હોય અથવા થવાની ઉમેદ હોય અને કાંઇ સરકારી નોકરીના કામ સંબંધી કાયદેસર મેહેનતાણા શિવાય કાંઈ બીજો અવેજ લેવો.	વગર વારંટે પકડાય નહી.	સમન.	જામીન લઇ શકાય.	માંડી વાળી નહી શકાય.	૩ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બંને.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ત્રેટ.
૧૬૨	કોઈ સરકારી નોકરના ઉપર લાંચના અથવા કાયદા વિરૂદ્ધ ઉપાયથી વગ ચલાવવા માટે કાંઈ અવેજ લેવો.	વગર વારંટે પકડાય નહી.	સમન.	એજ.	એજ.	૩ વર્ષસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ત્રેટ.
૧૬૩	કોઇ સરકારી નોકરના ઉપર ખુદ પોતાનો વગ ચલાવવા સારૂ કાંઇ અવેજ લેવો.	એજ.	એજ.	એજ.	એજ.	૧ વર્ષસુધીની આસન કેદ અથવા દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ત્રેટ.
૧૬૪	સરકારી નોકર પોતાની બાબતમાં ઉપલી છેલ્લી બે કલમોમાં બ્યાન કરેલા ગુન્હામાં મદદગારી કરે, તો.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વર્ષસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ત્રેટ.
૧૬૫	કોઈ સરકારી નોકર કોઇ મુકદ્દમો અથવા મામલો ચલાવતો હોય તેમાં નિસબત રાખનારા કોઇ શખસ પાસેથી તે સરકારી નોકરે અવેજ આપ્યા વગર કાંઇ કીમતી વસ્તુ લેવી.	એજ.	એજ.	એજ.	એજ.	૨ વર્ષસુધીની આસાન કેદ અથવા દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનો માજીસ્ત્રેટ.

૧૬૬	કોઇ શખસને નુકશાન કરવાના ઈરાદાથી કોઇ સરકારી નોકરે કાયદાનો હુકમ નહીં માનવો.	એજ.	એજ.	એજ.	એજ.	૧ વર્ષસુધીની આસાન કેદ, અથવા દંડ, અથવા બંને.	એજ.
૧૬૭	નુકશાન કરવાના ઇરાદાથી કોઇ સરકારી નોકરે ખોટો લેખ બનાવવો.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વર્ષસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.
૧૬૮	સરકારી નોકરે કાયદા વિરૂદ્ધ વેપાર કરવો.	એજ.	એજ.	એજ.	એજ.	૧ વર્ષસુધીની આસાન કેદ, અથવા દંડ અથવા બંને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.
૧૬૯	સરકારી નોકરે કાયદા વિરૂદ્ધ કોઇ મીલકતની ખરીદી અથવા માગણી કરવી.	એજ.	એજ.	એજ.	એજ.	૨ વર્ષસુધીની આસાન કેદ અથવા દંડ, અથવા બંને, તથા જો મીલકત ખરીદ કરી હોય તો તે સરકાર જપ્ત થવી.	એજ.
૧૭૦	કોઇ સરકારી નોકરનો વેશ લેવો.	વગર વારંટે પકડી શકે.	વારંટ.	એજ.	એજ.	૨ વર્ષસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	કોઇ પણ માજીસ્ટ્રેટ.
૧૭૧	કોઈ સરકારી નોકર જેવો પોશાક પેહેરતો હોય અથવા જેવી નિશાનીસાથે રખાતો હોય, તેવો પોશાક અથવા તેવી નિશાની દગલબાજીના ઇરાદાથી પેહેરવો અથવા સાથે રાખવી.	એજ.	સમન.	એજ,	એજ.	૩ મહીના સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૨૦૦ રૂપિયાનો દંડ, અથવા બંને.	એજ.

૧૭૨	કોઇ સરકારી નોકરની તરફથી થયલો સમન કે હુકમ નહી પોહોચે એટલા માટે નાશી જવું.	વગર વારંટે પકડાય નહી.	સમન.	જામીન લઇ શકાય.	માંડીવાળી નહી શકાય.	૧ મહીનાસુધીની આસાન કેદ અથવા ૫૦૦ રૂપિયાનો દંડ અથવા બંને	કોઇ પણ માજીસ્ટ્રેટ.
	જો તે સમન અથવા નોટીસમાં કોઇ સખસને કોઇ ઇનસાફની કોર્ટમાં જાતે હાજર થવા વગેરે ફરમાવ્યું હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	૬ મહીનાસુધીની આસાન કેદ અથવા ૧,૦૦૦ રૂપિયાનો દંડ, અથવા બંને.	એજ.
૧૭૩	સમન અથવા નોટીસ પોહોંચતી કે ચોહોડાતી અટકાવવી, અથવા ચોહોડયા પછી તે કાહાડી નાંખવી, અથવા જાહેર નામું નહી થવા દેવું.	એજ.	એજ.	એજ.	એજ.	૧ મહિનાસુધીની આસાન કેદ, અથવા ૫૦૦ રૂપિયાનો દંડ અથવા બંને	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.
	જો તે સમન વગેરેમાં કોઈ સખસને કોઈ ઇનસાફની કોર્ટમાં જાતે હાજર થવા વગેરે ફરમાવ્યું હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	૬ મહીનાસુધીની આસાન કેદ, અથવા ૧,૦૦૦ રૂપિયાનો દંડ અથવા બંને.	એજ.
૧૭૪	કોઇ ઠેકાણે જાતે અથવા મુખત્યારની મારફતે હાજર થવાનો કાયદેસર હુકમ થયો હોય તે નહી માનવો, અથવા તે ઠેકાણેથી વગર રજાએ જવું.	એજ.	એજ.	એજ.	એજ.	૧ મહીનાસુધીની આસાન કેદ,અથવા ૫૦૦, રૂપિયાનો દંડ અથવા બંને.	કોઇ પણ માજીસ્ટ્રેટ.
	જો તે હુકમમાં કોઇ શખસને કોઇ ઇનસાફની કોર્ટમાં જાતે હાજર થવા વગેરે ફરમાવ્યું હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	૬ મહીનાસુધીની આસાન કેદ અથવા ૧,૦૦૦ રૂપિયાનો દંડ અથવા બંને.	એજ.

૧૭૫	કોઇ સરકારી નોકરની આગળ કાંઈ લેખ હાજર કરવાની અથવા સ્વાધીન કરવાની જે શખસને કાયદા મુજબ ફરજ હોય તે શખસે તે લેખ હાજર કરવામાં ઇરાદાથી કસુર કરવી.	વગર વારંટે પકડાય નહીં.	સમન.	જામીન લઇ શકાય.	માંડીવાળી નહીં શકાય.	૧ મહીનાસુધીની આસાન કેદ, અથવા ૫૦૦ રૂપિયાનો દંડ અથવા બંને.	જે કોર્ટમાં તે ગુન્હો થયો હોય તે કોર્ટ, ૩૫ મા બાબના ઠરાવોને અનુસરીને અથવા તે ગુન્હો કોઇ કોર્ટમાં નહી થયો હોય તો પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનો માજીસ્ત્રેટ.
	જો તે લેખ કોઈ ઇનસાફની કોર્ટમાં હાજર કરવાનું અથવા સ્વાધીન કરવાનું ફરમાવ્યું હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	૬ મહીનાસુધીની આસાન કેદ, અથવા ૧,૦૦૦ રૂપીયાનો દંડ અથવા બંને.	એજ.
૧૭૬	કોઇ સરકારી નોકરને નોટીસ અથવા ખબર આપવાની જે શખસની કાયદા મુજબ ફરજ હોય તે શખસને તે નોટીસ અથવા ખબર ઇરાદાથી નહી આપવી.	એજ.	એજ.	એજ.	એજ.	૧ મહીનાસુધીની આસાન કેદ, અથવા ૫૦૦ રૂપિયાનો દંડ અથવા બંને.	પ્રેસિડેન્સિ માજિસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનો માજિસ્ટ્રેટ.
	જો નોટીસ અથવા ખબર આપવી જોઇએ તે કાંઇ ગુન્હો થયા વગેરેની હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	૬ મહીનાસુધીની આસાન કેદ, અથવા ૧૦૦૦ રૂપીયાનો દંડ અથવા બંને.	એજ.
૧૭૭	જાણીબુઝીને કોઇ સરકારી નોકરને ખોટી ખબર આપવી.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.

	જે ખબર આપવી જોઇએ તે કાંઇ ગુન્હો થયા વગેરેની હોય, તો.	એજ.	એજ.	એજ.	એજ.	૨ વર્ષસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	એજ.
૧૭૮	કોઇ સરકારી નોકરે કાયદા મુજબ સોગન ખાવાનું ફરમાવ્યા છતાં સોગન ખાવાની ના કહેવી. *	એજ.	એજ.	એજ.	એજ.	૬ મહીનાસુધીની આસાન કેદ, અથવા ૧૦૦૦ રૂપીયાનો દંડ અથવા બંને.	જે કોર્ટમાં તે ગુન્હો થયો હોય તે કોર્ટ, ૩૫ મા બાબના ઠરાવોને અનુસરીને; અને જો તે ગુન્હો કોઇ કોર્ટમાં નહીં થયો હોય તો પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.
૧૭૯	સાચું બોલવાને કાયદા પ્રમાણે બંધાયા છતાં કોઇ સવાલોના જવાબ દેવાની ના કહેવી.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૧૮૦	કોઇ સરકારી નોકરની આગળ કહેલા કાંઇ મજકુર ઉપર સહી કરવાને કાયદામુજબ ફરમાવ્યા છતાં તેમ કરવાની ના કહેવી.	એજ.	એજ.	એજ.	એજ.	૩ મહીના સુધીની આસાન કેદ અથવા ૫૦૦ રૂપીયાનો દંડ અથવા બંને.	એજ.
૧૮૧	કોઇ સરકારી નોકરની આગળ સોગન ખાઇને જુઠો મજકુર ખરા તરીકે જાણીબુઝીને કહેવો.	એજ.	એજ.	એજ.	વારંટ.	૩ વર્ષસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અને દંડ.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.

૧૮૨	કોઇ સરકારી નોકરને, તેનો કાયદેસર અખત્યાર અમલમાં અણાવીને બીજા શખસને નુકશાન અથવા ઇજા કરાવવાસારૂ ખોટી ખબર આપવી.	એજ.	સમન.	એજ.	એજ.	૬ મહીનાસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૧,૦૦૦ રૂપીયાનો દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.
૧૮૩	કોઇ સરકારી નોકરના કાયદેસર અખત્યારથી કાંઇ મીલકત લેવાતી હોય તેમાં સામાં થવું.	વગર વારંટે પકડાય નહી.	એજ.	જામીન લઇ શકાય.	માંડીવાળી નહી શકાય.	૬ મહીનાસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૧૦૦૦ રૂપીયાનો દંડ, અથવા બંને.	એજ.
૧૮૪	કોઇ સરકારી નોકરના અખત્યારથી વેચવા કહાડેલી મીલકતના વેચાણમાં અડચણ કરવી.	એજ.	એજ.	એજ.	એજ.	૧ મહીનાસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૫૦૦ રૂપીયાનો દંડ અથવા બંને.	એજ.
૧૮૫	કોઇ કાયદેસર અખત્યારથી વેચવા કહાડેલી મીલકત ખરીદ કરવાને જે શખસ કાયદા પ્રમાણે અશક્ત હોય તે શખસે તેની માગણી કરવી, અથવા માગણી કર્યાથી જે ફરજ પોતાની ઉપર આવતી હોય તે અદા કરવાનો ઇરાદો નહી છતાં માગણી કરવી.	એજ.	એજ.	એજ.	એજ.	૧ મહીનાસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૨૦૦ રૂપિયાનો દંડ અથવા બંને.	એજ.
૧૮૬	કોઇ સરકારી નોકરને તેનાં સરકારી કામ કરવામાં અડચણ કરવી.	એજ.	એજ.	એજ.	એજ.	૩ મહીનાસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૫૦૦ રૂપિયાનો દંડ; અથવા બંને.	એજ.

૧૮૭	કાયદા મુજબ મદદ કરવાની ફરજ છતાં કોઇ સરકારી નોકરને મદદ કરવામાં કસુર કરવી.	એજ.	એજ.	એજ.	એજ.	૧ મહીના સુધીની આસાન કેદ, અથવા ૨૦૦ રૂપૈયાનો દંડ અથવા બંને.	એજ.
	પ્રોસેસ બજાવવાના, ગુન્હો અટકાવવાના વગેરે કામોમાં કોઇ સરકારી નોકરે મદદ માગ્યા છતાં તેને જાણીજોઇને મદદ કરવામાં કસુર કરવી.	એજ.	એજ.	એજ.	એજ.	૬ મહીનાસુધીની આસાન કેદ, અથવા ૫૦૦ રૂપિયાનો દંડ અથવા બંને.	એજ.
૧૮૮	કોઇ સરકારી નોકરે કાયદામુજબ જાહેર કરેલો હુકમ નહી માનવા, જો તે નહી માનવાથી કાયદાસર રહેલા શખસોને અડચણ દુઃખ અથવા નુકશાન થાય તો.	એજ.	એજ.	એજ.	એજ.	૨ મહિનાસુધીની આસાન કેદ, અથવા ૨૦૦ રૂપીયાનો દંડ, અથવા બંને.	એજ.
	તે નહી માનવાથી માણસની જીંદગીને, તંદુરસ્તીને, અથવા સલામતી વગેરેને જોખમ થાય તો.	એજ.	એજ.	એજ.	એજ.	૬ મહીનાસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૧,૦૦૦ રૂપિયાનો દંડ અથવા બંને.	એજ.
૧૮૯	કોઇ સરકારી નોકર પોતાના હોદાનું કામ કરવાને અથવા નહી કરવાને લલચાય એટલા સારૂ ખુદને તેને અથવા જેની સાથે તેનો સંબંધ હોય તેને નુકસાન કરવાનો ડર દેખાડવો.	એજ.	એજ.	એજ.	એજ.	૨ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	એજ.
૧૯૦	નુકશાનમાંથી રક્ષણ થવા સારૂ કાયદાસર અરજ કરવાથી દુર રેહેવાને કોઇ શખસને લલચાવવા સારૂ તેને ડર દેખાડવો.	એજ.	એજ.	એજ.	એજ.	૧ વર્ષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	એજ.

બાબ ૧૧ મો—ખોટા પુરાવા તથા સરકારી ઇનસાફ વિરૂદ્ધ ગુન્હા બાબત.

૧૯૩	કોઇ ઇનસાફી કામમાં ખોટી શાહેદી આપવી અથવા ખોટો પુરાવો બનાવવો.	વગર વારંટે પકડાય નહી.	વારંટ.	જામીન લઇ શકાય.	માંડીવાળી નહી શકાય.	૭ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.
	બીજા કોઇ કામમાં ખોટી શાહેદી આપવી અથવા ખોટો પુરાવો બનાવવો.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ.
૧૯૪	દેહાંત શિક્ષા જોગ ગુન્હો કોઇની ઉપર સાબીત કરાવવાના ઇરાદાથી ખોટી સાહેદી આપવી અથવા ખોટો પુરાવો બનાવવો.	એજ.	એજ.	જામીન નહી લઇ શકાય.	એજ.	જીવતાંસુધી સમુદ્રપાર, અથવા ૧૦ વર્ષ સુધી સખત કેદ તથા દંડ.	સેશન કોર્ટ.
	તેમ કરવાથી કોઇ બીનગુન્હેગાર શખસની ઉપર ગુન્હો સાબિત થઇને તેનો જીવલેવામાં આવતો.	એજ.	એજ.	એજ.	એજ.	મોત અથવા ઉપર મુજબ	એજ.
૧૯૫	જીવતાંસુધી સમુદ્રપારની અથવા સાતવર્ષની અથવાતેકરતાં વધારે કેદની શીક્ષા થઇ શકે એવો ગુન્હો કોઇની ઉપર સાબીત કરાવવાના ઇરાદાથી ખોટી શાહેદી આપવી અથવા ખોટો પુરાવો બનાવવો.	એજ.	એજ.	જામીન લઇ શકાય.	એજ.	તે ગુન્હાને માટે હોય તેજ.	સેશન કોર્ટ,
૧૯૬	કોઇ ઇનસાફના કામમાં બનાવટી અથવા ખોટો છે એમ જાણેલો પુરાવો વાપરવો.	એજ.	એજ.	તેવી શાહેદી આપવાના ગુન્હાને માટે જામીન લઇ શકાતો હોય તો લઇ શકાય,નહી તો નહી.	એજ.	ખોટીસાહેદી આપવા અથવા ખોટો પુરાવો બનાવવા માટે જે હોય તેજ.	સેશન કોર્ટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ. અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.

૧૯૭	જે હકીકતના પુરાવામાં કાયદા મુજબ તેવું સર્ટિફિકેટ લઇ શકાતું હોય તે હકીકત બાબત જાણીબુઝીને કોઇ ખોટું સરટીફીકેટ આપવું અથવા તેપર સહી કરવી	વગર વારંટે પકડાય નહી.	વારંટ.	જામીન લઇ શકાય.	માંડી વાળી નહીં શકાય.	ખોટી શાહેદી આપવા માટે જે હોય તેજ.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.
૧૯૮	કાંઇ જરૂરની બાબતમાં ખોટું છે એવું જાણેલું સરટિફીકેટ ખરાની માફક વાપરવું.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૧૯૯	કાયદા પ્રમાણે પુરાવમાં લઇ શકાય એવા કોઇ એકરારમાં લખેલી ખોટી કેફીયત.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૨૦૦	એવો કોઇ એકરાર ખોટો છે એમ જાણ્યા છતાં તે એકરાર ખરાની માફક વાપરવો.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૨૦૧	કોઇ ગુન્હો કરનારને બચાવવાના ઇરાદાથી તે ગુન્હો થયાનો પુરાવો ઉડાવવો અથવા તે બાબત ખોટી ખબર આપવી, જો તે ગુન્હો દેહાંત શીક્ષા જોગ હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	૭ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ.
	જીવતાંસુધી સમુદ્રપારની શીક્ષા જોગ, અથવા ૧૦ વરસની કેદની શીક્ષા જોગ હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વરસસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ,તથા દંડ.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.
	૧૦ વર્ષથી ઓછી મુદતની કેદની શીક્ષા જોગ હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	તે ગુન્હા માટે ઠરાવેલા પ્રકારની તથા ધણામાં ધણી જે મુદત ઠરાવી હોય	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ અથ-

						તેની ¼ મુદતસુધીની કેદ, અથવા દંડ, અથવા બંને.	વા જે કોર્ટથી તે ગુન્હાનો ઇનસાફ થઇ શકતો હોય તે કોર્ટ.
૨૦૨	કાંઇ ગુન્હા બાબત ખબર આપવાની જેની કાયદેસર ફરજ હોય તેણે ઇરાદાથી તે બાબત ખબર આપવામાં કસુર કરવી.	એજ.	સમન.	એજ.	એજ.	૬ મહીના સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનો માજીસ્રેટ.
૨૦૩	કાંઇ ગુન્હો થયો હોય તેની ખોટી ખબર આપવી.	એજ.	વારંટ.	એજ.	એજ.	૨ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	એજ.
૨૦૪	કોઇ લેખને પુરાવા દાખલ હાજર થતો અટકાવવાને તેનો નાશ કરવો, અથવા તેને સંતાડવો.	એજ.	એજ.	એજ.	એજ,	એજ.	પ્રેસીડેન્સી માજીસ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્રેટ.
૨૦૫	કાઇ દીવાની કે ફોજદારી મુકદમા મધ્યે કાંઇ કામ કરવાસારૂ, અથવા જામીન થવા સારૂ ખોટો વેષ લેવો.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વર્ષસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્રેટ, અથવા ૧ લા વર્ગનો માજીસ્રેટ.
૨૦૬	કાંઇ મીલકત સરકારમાં જપ્ત થતી, અથવા શીક્ષાના હુકમથી દંડમાં વસુલ થતી, અથવા હુકમનામું બજાવવામાં લેવાતી અટકાવવાસારૂ તે મીલકત દગલબાજીથી ખસેડવી અથવા છુપાવવી, વગેરે.	એજ.	એજ.	એજ.	એજ.	૨ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનો માજીસ્રેટ.

૨૦૭	કાંઇ મીલકત સરકારમાં જપ્ત થતી, શીક્ષાના હુકમથી દંડમાં વસુલ થતી, અથવા હુકમનામુ બજાવવામાં લેવાતી અટકાવવા સારૂ તે મીલકતપર હક્ક નહી છતાં દાવો કરવો, અથવા તેના કાંઇ હક બાબત ઠગાઇ કરવી.	એજ.	એજ.	એજ.	એજ.	૨ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	એજ.
૨૦૮	જે રકમ લહેણી નથી તેને સારૂ દગલબાજીથી હુકમનામું થવા દેવું અથવા હુકમનામું પુરૂં થયા પછી તે બજવા દેવું.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.
૨૦૯	કોઇ ઇનસાફની કોરટમાં ખોટો દાવો કરવો.	એજ.	એજ.	એજ.	એજ.	૨ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ,તથા દંડ	એજ.
૨૧૦	જે રકમ લહેણી નહી હોય તેને સારૂ દગલબાજીથી હુકમનામું કરાવી લેવું, અથવા હુકમનામું પુરૂં થયા પછી તે બજવાવવું.	એજ.	એજ.	એજ.	એજ.	૨ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	એજ.
૨૧૧	નુકશાન કરવાના ઇરાદાથી ગુન્હાનું ખોટું તહોમત મુકવું.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
	ગુન્હાનું તોહોમત મુકયું હોય તે ગુન્હા સાત વરસની કેદની શીક્ષા જોગ હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	૭ વર્ષસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેશન કોર્ટ, પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ, અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.
	ગુન્હાનું તોહોમત મુકયું હોય તે ગુન્હો દેહાંત શીક્ષા જોગ, અ-	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	સેશન કોર્ટ,

	થવા જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા જોગ હોય તો.						
૨૧૨	કોઇ ગુન્હેગારને ઘરમાં રાખવો, તે ગુન્હો જો દેહાંત શીક્ષા જોગ હોય તો.	વગર વારંટે પકડી શકે.	એજ.	એજ.	એજ.	૫ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેશન કોર્ટ, પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.
	તે ગુન્હો જો જીવતાંસુધી સમુદ્રપારની, અથવા ૧૦ વર્ષ સુધી કેદની શીક્ષા જોગ હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ.	એજ.
	તે ગુન્હો ૧૦ વર્ષસુધી નહીપણ ૧ વર્ષસુધી કેદની શીક્ષા જોગ હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી મુદ્દત જે ઠરાવી હોય તેની ¼ મુદ્દત સુધી કેદ, અથવા દંડ અથવા બન્ને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ અથવા જે કોર્ટથી તે ઈન્સાફ થઇ શકતો હોય તે કોર્ટ.
૨૧૩	કોઇ શખસને શીક્ષાથી બચાવવાને બક્ષિસ વગેરે લેવી, તે ગુન્હો દેહાંત શિક્ષાજોગ હોય તો	એજ.	એજ.	એજ.	એજ.	૭ વર્ષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ
	તે ગુન્હો જો જીવતાં સુધી સમુદ્રપારની, અથવા ૧૦ વર્ષ સુધીની કેદની શીક્ષા જોગ હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વર્ષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા વર્ગનો માજીસ્ટ્રેટ.
	જો ૧૦ વરસ કરતાં ઓછી મુદ્દતની કેદની શીક્ષા જોગ હોય તો.	એ.જ	એજ.	એજ.	એજ.	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી મુદ્દત જે ઠરાવી હોય તેની ¼ મુદ્દત સુધી કેદ, અથવા દંડ, અથવા બન્ને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ અથવા જે કોરટથી તે ગુન્હાનો ઇન્સાફ થઈ શકતો હોય તે કોરટ.

૨૧૪	કોઇ ગુન્હેગારને બચાવવાના બદલામાં કાંઇ બક્ષીસ આપવી અથવા મીલકત પાછી આપવી, તે ગુન્હો જો દેહાંત શીક્ષા જોગ હોયતો.	એજ.	એજ.	એજ.	એજ.	૭ વર્ષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોરટ.
	તે ગુન્હો જો જીવતાં સુધી સમુદ્રપારની, અથવા ૧૦ વરસની કેદની શીક્ષા જોગ હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લા વરગનો માજીસ્ત્રેટ.
	જો ૧૦ વર્ષ કરતાં ઓછી મુદતની કેદની શીક્ષા જોગ હોયતો.	વગર વારંટે પકડાય નહી.	વારંટ.	જામીન લઇ શકાય.	માંડીવાળી નહિ શકાય.	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ધણામાં ધણી જે મુદત ઠરાવી હોય તેની ¼ મુદત સુધી કેદ, અથવા દંડ અથવા બન્ને.	પ્રેસીન્સી માજીસ્ત્રેટ અથવા ૧લા વરગનો માજીસ્ત્રેટ અથવા જે કોરટથી તે ગુન્હાનો ઇનસાફ થઇ શકતો હોય તે કોરટ.
૨૧૫	ગુન્હાથી થયેલી જંગમ મીલકત પાછી મેળવવામાં મદદ કરવા સારૂ કાંઇ બક્ષીસ લેવી, અને ગુન્હેગારને પકડાવવો નહી.	એજ.	એજ.	એજ.	એજ.	૨ વર્ષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લા વરગનો માજીસ્ત્રેટ.
૨૧૬	જે ગુન્હેગાર કેદમાંથી નાઠો હોય, અથવા જેને પકડવાનો હુકમ થયો હોય તે ગુન્હેગારને ઘરમાં રાખવો તે ગુન્હો દેહાંત શીક્ષા જોગ હોય તો.	વગર વારંટે પકડી શકે.	એજ.	એજ.	એજ.	૭ વર્ષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોરટ, પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લા વરગનો માજીસ્ત્રેટ.
	જીવતાં સુધી સમુદ્રપારની અથવા	એજ.	એજ.	એજ.	એજ.	૩ વર્ષ સુધી એમાંના ગમે	એજ.

	૧૦ વરસ સુધી કેદની શીક્ષા જોગ હોય તો.					તે પ્રકારની કેદ તથા દંડ કરે અથવા ન કરે.	
	જો ૧૦ વરસ સુધી નહી પણ ૧ વરસ સુધી કેદની શીક્ષા જોગ હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી જે મુદ્દત ઠરાવી હોય તેની ૄ મુદ્દત સુધી કેદ, અથવા દંડ અથવા બન્ને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા વરગને માજીસ્ટ્રેટ અથવા જે કોરટથી તે ગુન્હાને ઇનસાફ થઇ શકતો હોય તે કોરટ.
૨૧૬અ	અપહરણ અથવા ડેકોઇટી કરનારાઓને ઘરમાં રાખવા.	એજ.	એજ.	એજ.	એજ.	૭ વરસસુધી સખત મજુરીની કેદ, તથા દંડ.	સેશન કોરટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા વરગને માજીસ્ટ્રેટ.
૨૧૭	કોઇ શખસને શીક્ષાથી અથવા કાંઇ મીલકત સરકાર જપ્ત થતી બચાવવાના ઇરાદાથી કોઇ સરકારી નોકર કાયદાને હુકમ નહી માને તો.	વગર વારંટે પકડાય નહિ.	સમન.	એજ.	એજ.	૨ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા અથવા ૨જા વરગને માજીસ્ટ્રેટ.
૨૧૮	સરકારી નોકર કોઇ શખસને શાક્ષીથી અથવા કાંઇ મીલકતને સરકાર જપ્ત થતી બચાવવાના ઇરાદાથી કાંઇ ખોટું દફતર અથવા લખાણુ બનાવે તો.	એજ.	વારંટ.	એજ.	એજ.	૩ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બન્ને.	સેશન કોરટ.
૨૧૯	કાંઇ ઇનસાફી મુકદમા મધ્યે કોઇ સરકારી નોકર કાંઇ હુકમ,	એજ.	એજ.	એજ.	એજ.	૭ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા	એજ.

	રીપોર્ટ, ફેસલો અથવા ઠરાવ કાયદા વિરૂદ્ધ છે એમ જાણીને તે હુકમ, રીપોર્ટ ફેંસલો અથવા ઠરાવ લાંચ લઇને કરે, અને કહી સંભળાવે તો.					દંડ, અથવા બન્ને.	
૨૨૦	જે શખસને અખત્યાર હોય તે શખસ પોતે કાયદાથી વિરૂદ્ધ ચાલે છે એમ જાણીને, ઇનસાફ થવા સારૂ કોઇને કમિટ કરે અથવા કેદમાં મોકલે તો.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૨૨૧	જે સરકારી નોકરની કાયદા મુજબ કોઇને પકડવાની ફરજ હોય તે સરકારી નોકર તેને પકડવામાં ઇરાદાથી કસુર કરે, અને તે ગુન્હો દેહાંત શિક્ષા જોગ હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	૭ વર્ષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ કરે અથવા ન કરે.	એજ.
	જીવતાં સુધી સમુદ્રપારની અથવા ૧૦ વર્ષ સુધી કેદની શિક્ષા જોગ હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વર્ષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ કરે અથવા ન કરે.	સેશન કોરટ, પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લા વરગનો માજીસ્ત્રેટ.
	૧૦ વરસ કરતાં ઓછી મુદત સુધીની કેદની શીક્ષા જોગ હોય તો	એજ.	એજ.	એજ.	એજ.	૨ વર્ષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ કરે અથવા ન કરે.	પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લા અથવા ૨જા વરગનો માજી.
૨૨૨	જે શખસની ઉપર કોઇ ઇનસાફની કોર્ટે શિક્ષાનો હુકમ કર્યો હોય, તે શખસને પકડવાની જે સરકારી નોકરની કાયદા મુજબ ફરજ હોય, તે શખસને પકડવામાં ઇરાદાથી કસુર કરે, અને તેની ઉપર મોતની શીક્ષાનો હુકમ થયો હોય તો,	એજ.	એજ.	જામાન નહી લઇ શકાય.	એજ.	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૪ વર્ષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ કરે અથવા ન કરે.	સેશન કોરટ.

	જીવતાં સુધી સમુદ્રપારની અથવા શાસનિક દાસત્વની અથવા ૧૦ વરસની કે તેથી વધારે મુદતની સમુદ્રપારની, કેદની અથવા શાસનિક દાસત્વની શિક્ષાનો હુકમ થયો હોય તો.	વગર વારંટે પકડાય નહિ.	વારંટ.	એજ.	માંડીવાળી નહિ શકાય.	૭ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ કરે અથવા ન કરે.	સેશન કોરટ.
	૧૦ વરસ કરતાં ઓછી કેદની શિક્ષાનો હુકમ થયો હોય તો, અથવા કાયદાસર રીતે કેદમાં મોકલ્યો હોય તો.	એજ.	એજ.	જામીન લઇ શકાય.	એજ.	૩ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બન્ને.	સેશન કોરટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા વરગનો માજીસ્ટ્રેટ.
૨૨૩	સરકારી નોકર ગફલતથી કોઇ કેદીને કેદમાંથી નાશી જવા દેતો.	એજ.	સમન.	એજ.	એજ.	૨ વરસ સુધીની આસાનકેદ અથવ દંડ અથવા બંન્ને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા અથવા ૨જા વરગનો માજીસ્ટ્રેટ.
૨૨૪	કોઇ શખસને કાયદા મુજબ પકડતા હોય તેમાં તેણે સામા થવું અથવા હરકત કરવી.	વગર વારંટે પકડી શકે.	વારંટ.	એજ.	એજ.	૨ વરષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બન્ને	એજ.
૨૨૫	કોઇ શખસને કાયદા મુજબ પકડતા હોય તેમાં કોઇ બીજા શખસે સામા થવું અથવા હરકત કરવી, અથવા કાયદેસર કેદમાંથી તેને છોડાવવો.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
	તેની ઉપર જીવતાં સુધી સમુદ્રપારની અથવા ૧૦ વર્ષ સુધી કેદની શીક્ષા થઇ શકે એવા ગુન્હાનું તહોમત હોય તો.	એજ.	એજ.	જામીન નહી લઇ શકાય.	એજ.	૩ વર્ષસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	સેશન કોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા વરગનો માજીસ્ટ્રેટ.
	દેહાંત શીક્ષા થઇ શકે એવા ગુન્હાનું તહોમત હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	૭ વર્ષસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોરટ.
	તે શખસની ઉપર જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષાનો અથવા	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.

	૧૦ વરસ કે તેથી વધારે મુદત સુધી સમુદ્રપાર, શાસનીક દાસત્વ અથવા કેદની શીક્ષાનો હુકમ થયો હોય તો.						
	મોતની શિક્ષાનો હુકમ થયો હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	જીવતાંસુધી સમુદ્રપાર, અથવા ૧૦ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ.
૨૨૫ અ	બીજી રીતે ઠરાવ કર્યો ન હોય એવા પ્રસંગોમાં સરકારી નોકર કોઇ શખસને પકડવાની કસુર કરે અથવા નાશી જવાદે—						
	(અ) ઇરાદાથી કસુર કરે અથવા નાશી જવા દે તો,	વગર વારંટે પકડાય નહી.	એજ.	જામીન લઇ શકાય.	એજ.	૩ વર્ષસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંન્ને.	સેશન કોરટ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લા વરગનો માજીસ્ત્રેટ.
	(બ) ગફલતીથી કસુર કરે અથવા નાશી જવા દે તો.	એજ.	સમન.	એજ.	એજ.	૨ વર્ષ સુધીની આસાન કેદ, અથવા દંડ અથવા બન્ને.	પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લા અથવા ૨જા વરગનો માજીસ્ત્રેટ.
૨૨૫બ	બીજી રીતે ઠરાવ કર્યો ન હોય એવા પ્રસંગોમાં કાયદેસર પકડવાની સામા થવું અથવા હરકત કરવી, અથવા નાશી જવું અથવા છોડાવવું.	વગર વારંટે પકડી શકે.	એજ.	એજ.	એજ.	૬ મહીના સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને	એજ.
૨૨૬	સમુદ્રપારથી કાયદા વીરૂદ્ધ પાછું આવવું.	એજ.	એજ.	જામીન લઇ નહી શકાય.	એજ.	જીવતાં સુધી સમુદ્રપાર, તથા દંડ તથા સમુદ્રપાર જતા પેહેલાં ૩ વરસ સુધીની સખત કેદ.	સેશન કોરટ.

૨૨૭	શિક્ષાની માફીની શરત તોડવી.	વગર વારંટે પકડાય નહી.	સમન.	એજ.	એજ.	અસલ હુકમની શીક્ષા અથવા જો તે માંહેલી કાંઇ ભોગવી હોય તો બાકી રહી હોય તે.	જે કોરટથી અસલ ગુન્હાનો ઇનસાફ થઇ શકતો હોય તે કોરટ.
૨૨૮	કોઇ સરકારી નોકર કાંઇ ઇનશાફીમુકદ્દમાના કોઇ પણ ભાગમાં બેઠો હોય તેનું ઇરાદાથી અપમાન કરવું અથવા તેને હરકત કરવી.	એજ.	એજ.	જામીન લઇ શકાય.	એજ.	૬ મહીના સુધીની આસાન કેદ,અથવા ૧૦૦૦ રૂ.નો દંડ અથવા બંન્ને.	જે કોરટમાં ગુન્હો થયો હોય તે કોરટ ૩૫મા બાબમાં લખેલા ઠરાવોને અનુસરીને.
૨૨૯	જ્યુરર અથવા આસેસરનો વેષ લેવો.	એજ.	એજ.	એજ.	એજ.	૨ વરસસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા વરગનો માજીસ્ટ્રેટ.
૨૩૧	સિકકો ખોટો બનાવવો, અથવા સીકકો ખોટો બનાવવાની ક્રિયાનો કાંઇ પણ ભાગ કરવો.	વગર વારંટે પકડી શકે.	વારંટ.	જામીન નહી લઈ શકાય.	માંડીવાળી નહીં શકાય.	૭ વરસસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેશન કોરટ.
૨૩૨	રાણીનો સીકકો ખોટો બનાવવો અથવા તે ખોટો બનાવવાની ક્રીયાનો કાંઈપણ ભાગ કરવો.	એજ.	એજ.	એજ.	એજ.	જીવતાં સુધી સમુદ્રપાર, અથવા ૧૦ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.
૨૩૩	સીકકો ખોટો બનાવવાના કારણશર હથીયાર બનાવવું, ખરીદવું અથવા વેચવું.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વરસ સુધીની એમાંનાગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ, અથવા ૧લા વરગનો માજીસ્ટ્રેટ.
૨૩૪	રાણીનો સીકકો ખોટો બનાવવાના કારણશર હથીયાર બનાવવું, ખરીદવું અથવા વેચવું.	એજ.	એજ.	એજ.	એજ.	૭ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોરટ.
૨૩૫	સીકકો ખોટો બનાવવાના કારણશર કાંઈ હથીયાર અથવા સામન પાસે રાખવો.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેશન કોરટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા વરગનો માજીસ્ટ્રેટ.

	રાણીના સિક્કા બનાવવાના કારણુશર હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	૧૦ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોરટ.
૨૩૬	બ્રિટીશ હિંદુસ્તાનમાં રહીને બ્રિટીશ હિંદુસ્તાનની બહાર કોઇ સિક્કા ખોટા બનાવવામાં મદદગારી કરવી.	એજ.	એજ.	એજ.	એજ.	બ્રિટિશ હિંદુસ્તાન મધે સીક્કો ખોટા બનાવવામાં મદદગારી કરવાને માટે જે શિક્ષા ઠરાવીછે તે શીક્ષા.	એજ.
૨૩૭	સીક્કા ખોટા બનાવેલો છે એમ જાણીને તે આ દેશમાં લાવવો અથવા આ દેશમાંથી બહાર લઈ જવો.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વર્ષસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેશન કોરટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા વરગનો માજીસ્ટ્રેટ.
૨૩૮	રાણીનો સીક્કા ખોટા બનાવેલો છે એમ જાણીને તે આ દેશમાં લાવવો અથવા આ દેશમાંથી બહાર લઈ જવો.	એજ.	એજ.	એજ.	એજ.	જીવતાં સુધી સમુદ્રપાર, અથવા ૧૦ વર્ષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેશન કોરટ.
૨૩૯	કોઈ સીક્કા ખોટા છે એમ તે લેતી વખત જાણીને રાખવો, કથા તે બીજાને આપવો,વગેરે.	એજ.	એજ.	એજ.	એજ.	૫ વર્ષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેશન કોરટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા વરગનો માજીસ્ટ્રેટ.
૨૪૦	રાણીના કોઈ સીક્કા બાબત તેમ કરવું.	એજ.	એજ.	એજ.	એજ.	૧૦ વર્ષસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ.
૨૪૧	કોઇ માણસની પાસે કોઈ સીક્કો પેહેલાં આવે તે વખતે તે એમ જાણતો નહી હોય કે આ સીક્કો ખોટો છે, તે સીક્કો તે માણસે કોઇને જાણી બુઝીને ખરા દાખલ આપવો.	એજ.	એજ.	એજ.	એજ.	૨ વરશ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા જેટલી કીંમતનો તે ખોટો સીક્કો કર્યો હોય તેથી દશગણો દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા અથવા ૨જા વરગનો માજીસ્ટ્રેટ.
૨૪૨	કોઈ સીક્કો કોઈ શખસની પાસે આવતી વખતે તેણે એમ જાણ્યુ હોય કે આ સીક્કો ખોટો	એજ.	એજ.	એજ.	એજ.	૩ વદશ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેશન કોરટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા વર-

	છે, તે શખસે તે ખોટો સીકકો પાસે રાખવો.						ગનો માજીસ્ત્રેટ.
૨૪૩	રાણીનો કોઈ સીકકો કોઈ શખસની પાસે આવતી વખતે તેણે એમ જાણ્યુ હોય કે તે સીકકો ખોટો છે, તે શખસે તે ખોટો સીકકો પાસે રાખવા.	એજ.	એજ.	એજ.	એજ.	૭વરશસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ,તથાદંડ.	એજ.
૨૪૪	ટંકસાળમાં નોકર રહેલા માણસે કાયદામાં ઠરાવેલા વજન અથવા મેળવણીથી જુદા વજન અથવા મેળવણીનો સીક્કો બનાવવા.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	સેશન કોર્ટ.
૨૪૫	સિક્કા પાડવાનું કાંઇ હથીયાર કોઇ ટંકશાળમાંથી કાયદા વિરૂદ્ધ લઇ જવું.	એજ.	એજ.	એજ.	એજ,	એજ.	એજ.
૨૪૬	દગલબાજીથી રાણીના સીક્કાનું વજન ઓછું કરવું અથવા તેની મેળવણીમાં ફેરફાર કરવો.	એજ.	એજ.	એજ.	એજ.	૩વર્ષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેશન કોર્ટ, પ્રેસિડેન્સી માજીસ્ત્રેટ, અથવા ૧ લા વર્ગનો માજીસ્ત્રેટ.
૨૪૭	દગલબાજીથી કોઈ સીક્કાનું વજન ઓછું કરવું અથવા તેની મેળવણીમાં ફેરફાર કરવો.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વર્ષસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ,તથા દંડ	એજ.
૨૪૮	કોઇ સીક્કો બીજા સીક્કાને ઠેકાણે ચાલે એવા ઇરાદાથી તે સીક્કાનું રૂપ બદલવું.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વર્ષસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ત્રેટ.
૨૪૯	રાણીનો કોઇ શીક્કો બીજા સીકકાને ઠેકાણે ચાલે એવા ઇરાદાથી તે સીક્કાનું રૂપ બદલવું.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વર્ષસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથાદંડ.	એજ.

૨૫૦	અમુક શીકકામાં ફેરફાર થયેલો છે એમ જાણીને તે પાસે રાખીને બીજાને આપવો.	એજ.	એજ.	એજ.	એજ.	૧૦વર્ષસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.
૨૫૧	અમુક રાણીના સીકકામાં ફેરફાર થયેલો છે એમ જાણીને તે પાસે રાખીને બીજાને આપવો.	એજ.	એજ.	એજ.	એજ.	૧૦ વર્ષસુધીનીએમાંનાગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.
૨૫૨	કોઇ શખસની પાસે કાંઇ ફેરફાર થયલો સીકકો આવતી વખતે તેમાં ફેરફાર થયલો છે એમ તેણે જાણ્યા છતાં તે પાસે રાખવો.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વર્ષસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.
૨૫૩	કોઇ શખસની પાસે કાંઇ ફેરફાર થયલો રાણીનો સીકકો આવતી વખતે તેમાં ફેરફાર થયેલો છે એમ તેણે જાણ્યા છતાં તે પાસે રાખવો.	એજ.	એજ.	એજ.	એજ.	૫ વર્ષસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.
૨૫૪	જે શીકકો કોઇ માણસની પાસે પહેલાં આવતી વખતે તેમાં ફેરફાર થયેલો છે એમ તેણે જાણ્યું નહી હોય તે સીકકો તેણે બીજાને ખરા સીકકા દાખલ આપવો.	એજ.	એજ.	એજ.	એજ.	૨ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા જેટલી કીંમતનો તે સીક્કો હોય તેથી દશગણો દંડ.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા અથવા ૨જા વરગનો માજીસ્ટ્રેટ.
૨૫૫	સરકારી સ્ટાંપ ખોટા બનાવવો.	એજ.	એજ.	એજ.	એજ.	જીવતાં સુધી સમુદ્રપાર, અથવા ૧૦ વષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદઅથવા દંડ,	સેશન કોરટ.
૨૫૬	કોઈ સરકારી સ્ટાંપ ખોટા બનાવવાના કારણસર કાંઇ હથીયાર અથવા સામાન પાસે રાખવો.	એજ.	એજ.	એજ.	એજ.	૭ વર્ષસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.

૨૫૭	કોઇ સરકારી સ્ટાંપ ખોટા બનાવવાના કારણસર હથીયાર બનાવવું ખરીદવું, અથવા વેચવું.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૨૫૮	સરકારી સ્ટાંપ ખોટો બનાવેલો વચવો.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૨૫૯	સરકારી સ્ટાંપ ખોટો બનાવેલો પાસે રાખવો.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ, અથવા ૧ લા વર્ગનો માજીસ્ત્રેટ.
૨૬૦	કોઇ સરકારી સ્ટાંપ ખોટો બનાવેલો છે એમ જાણ્યા છતાં તે ખરા દાખલ વાપરવો.	એજ.	એજ.	એજ.	એજ.	૭ વર્ષસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ અથવા બંને.	એજ.
૨૬૧	સરકારને હાની કરવાના ઇરાદાથી જેપર સરકારી સ્ટાંપ હોય એવા કોઇ પદાર્થ ઉપરથી કાંઈ લખાણ ચહેરી નાંખવું અથવા કોઇ લેખને માટે જે સ્ટાંપ વાપર્યો હોય તે તે લેખ ઉપરથી કહાડી નાંખવો.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વર્ષસુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	એજ.
૨૬૨	કોઇ સરકારી સ્ટાંપ આગળ વાપરેલો છે એમ જાણ્યા છતાં તે પાછો વાપરવો.	એજ.	એજ.	એજ.	એજ.	૨ વર્ષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનો માજીસ્ત્રેટ.
૨૬૩	સ્ટાંપ વાપરેલો છે એવી રીતની કાંઇ નિશાની છોલી નાંખવી.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વર્ષસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	સેશન કોરટ, પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લા વરગનો માજીસ્ત્રેટ.
૨૬૩અ	બનાવટી સ્ટાંપ.	એજ.	એજ.	એજ.	એજ.	૨૦૦ રૂપીયાનો દંડ.	પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ, અથવા ૧ લા વર્ગનો માજીસ્ત્રેટ.

બાબ ૧૩ મો—કાટલાં તથા માપ સંબંધી ગુન્હા.

૨૬૪	તોળવાનું ખોટું યંત્ર દગલબાજીથી વાપરવું.	વગર વારંટે પકડાય નહી.	સમન.	જામીન લઇ શકાય.	માંડીવાળી નહી શકાય.	૧ વર્ષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.
૨૬૫	ખોટું કાટલું અથવા માપ દગલબાજીથી વાપરવું.	એજ.	એજ.	જામીન નહીં લઇ શકાય.	એજ.	એજ.	એજ.
૨૬૬	ખોટાં કાટલાં અથવા માપ દગલબાજીથી વાપરવાને પાસે રાખવાં.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૨૬૭	ખોટાં કાટલાં અથવા માપ દગલબાજીથી વાપરવાને બનાવવાં, અથવા વેચવાં.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.

બાબ ૧૪ મો—લોકના તન્દુરસ્તી, સલામતી, અનુકુળતા, લજ્જા તથા નીતિ સંબંધી ગુન્હા.

૨૬૯	જીંદગીને જોખમ પહોંચે એવા રોગનો ચેપ જેથી પસરવાનો સંભવ છે એમ માલમ હોય એવું કોઇ કૃત્ય ગફલતથી કરવું.	વગર વારંટે પકડી શકે.	સમન.	જામીન લઇ શકાય.	માંડીવાળી નહીં શકાય.	૬ મહીના સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.
૨૭૦	જીંદગીને જોખમ પહોંચે એવા રોગનો ચેપ પસરવાનો સંભવ છે એમ માલમ હોય એવું કાંઇ કૃત્ય દ્વેષબુદ્ધિથી કરવું.	એજ.	એજ.	એજ.	એજ.	૨ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બન્ને.	એજ.

૨૭૧	રાગના સબબથી દુર રહેવા સંબંધીની કાંઈ કાનુન જાણીબુઝીને નહી માનવી.	વગર વારંટે પકડાય નહી.	એજ.	એજ.	એજ.	૬ મહીના સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	એજ.
૨૭૨	વેચવાને ઇરાદો રાખેલી માણસને ખાવાની અથવા પીવાની વસ્તુમાં કાંઇ ભેળ કરીને તે અવગુણકારક કરવી.	એજ.	એજ.	એજ.	એજ.	૬ મહીનાસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૧,૦૦૦ રૂપિયા સુધીનો દંડ અથવા બંને.	એજ.
૨૭૩	માણસને ખાવાની અથવા પીવાની કાંઇ વસ્તુ અવગુણકારક છે એમ જાણીને તે ખાવાની તથા પીવાની વસ્તુ દાખલ વેચવી.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૨૭૪	કાંઇ વેચવાના વસાણામાં અથવા ઓસડમાં ભેળ કરવી. એવી રીતે કે તેથી તેના ગુણ ઓછો થાય, અથવા તેની અસર બદલાય, અથવા તે અવગુણકારક થાય.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૨૭૫	કાંઇ વસાણામાં અથવા ઓસડમાં ભેળ કરેલો છે એમ જાણીને તે વેચવા કાહાડવું અથવા કોઇ દવાખાનામાંથી આપવું.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૨૭૬	જાણી બુઝીને કાંઇ વસાણાને અથવા ઓસડને જુદાં વસાણાં અથવા તૈયાર કરેલાં ઓસડ તરીકે વેચવું, અથવા દવાખાનામાંથી આપવું.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૨૭૭	સાર્વજનીક ઝરા અથવા જલાશયનું પાણી મેલું કરવું.	વગર વારંટે પકડી શકે.	એજ.	એજ.	એજ.	૩ મહીનાસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા૫૦૦ રૂપીયા સુધીનો દંડ અથવા બંને.	કોઇ પણ માજીસ્ટ્રેટ.

૨૭૮	હવાને તંદુરસ્તીમાં બિગાડ કરે એવી કરવી.	વગર વારંટે પકડાય નહી.	એજ.	એજ.	એજ.	૫૦૦ રૂપીયા સુધીનો દંડ.	એજ.
૨૭૯	સરિયામ રસ્તાપર બેપીકરાઇ અથવા ગફલત ભરેલી રીતે હાંકવું અથવા સ્વારી કરવી, એવી રીતે કે તેથી માણસની જીંદગી જોખમમાં આવે વગેરે.	વગર વારંટે પકડી શકે.	એજ.	એજ.	એજ.	૬ મહીનાસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૧,૦૦૦ રૂપીયા સુધીનો દંડ અથવા બંને.	એજ.
૨૮૦	બેપીકરાઇ અથવા ગફલત ભરેલી રીતે વાહાણ ચલાવવું, એવી રીતે કે તેથી માણસની જીંદગી જોખમમાં આવે, વગેરે.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા અથવા ૨ જા વર્ગનો માજિસ્ટ્રેટ.
૨૮૧	ખોટું અજવાળું, નિશાની અથવા બોયું દેખાડવું.	એજ.	વારંટ.	એજ.	એજ.	૭ વર્ષસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	સેશન કોર્ટ.
૨૮૨	ઘણો ભાર ભરેલાં અથવા દેહેશતવાળાં વાહાણમાં ભાડુ કરીને કોઇ શખશને જળમાર્ગે લઇ જવો, જેથી તેની જીંદગી જોખમમાં આવે.	એજ.	સમન.	એજ.	એજ.	૬ મહીનાસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૧૦૦૦ રૂપીયા સુધીનો દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.
૨૮૩	સરિયામ રસ્તામાં અથવા વહાણના રસ્તામાં ભય અથવા અડચણ અથવા નુકશાન કરવું.	એજ.	એજ.	એજ.	એજ.	૨૦૦ રૂપીયા સુધીનો દંડ.	એજ.
૨૮૪	કાંઇ ઝેહેરી પદાર્થથી એવું કામ કરવું કે તેથી માણસની જીંદગી વગેરે જોખમમાં આવે વગેરે.	વગર વારંટે પકડાય નહી.	એજ.	એજ.	એજ.	૬ મહીનાસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૧,૦૦૦ રૂપિયા સુધીનો દંડ અથવા બંને.	એજ.
૨૮૫	અગ્નિ અથવા શીઘ્ર જ્વાળાગ્રાહી પદાર્થથી એવું કામ કરવું કે	વગર વારંટે પકડી શકે.	એજ.	એજ.	એજ.	એજ.	કોઇપણ માજીસ્ટ્રેટ.

	તેથી માણુસની જીંદગી જોખમમાં આવે, વગેરે.						
૨૮૬	કોઇપણ બારીક પદાર્થથી એવું કામ કરવું.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૨૮૭	કાંઇ સાંચાથી એવું કામ કરવું.	વગર વારંટે પકડાય નહી.	એજ.	એજ.	એજ.	એજ.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.
૨૮૮	જે ઇમારતને તોડી પાડવાનો અથવા મરામત કરવાનો જે સખસનો હક્ક હોય તે શખસ તે ઇમારત તુટી પડીને માણુસની જીંદગીને જે નુકસાન થવાનો સંભવ હોય તે નહીં થવા દેવાનો બંદોબસ્ત કરવામાં કસુર કરે તો.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૨૮૯	કોઇ સખસના કબજામાં કોઇ જાનવર હોય તે જાનવરથી માણુસની જીંદગીને કાંઇ નુકશાન થાય નહી અથવા તેથી કોઇને મહાવ્યથા થાય નહી એવો બંદોબસ્ત રાખવામાં તે શખસ કસુર કરે તો.	વગર વારંટે પકડી શકે.	એજ.	એજ.	એજ.	એજ.	કોઈપણુ માજીસ્ટ્રેટ.
૨૯૦	કાંઇ લોકાપકારક કૃત્ય કરવું.	વગર વારંટે પકડાય નહી.	એજ.	એજ.	એજ.	૨૦૦ રૂપીયાનો દંડ.	એજ.
૨૯૧	બંધ કરવાની તાકીદ થયા પછી અપકારક કૃત્ય જારી રાખવું.	વગર વારંટે પકડી શકે.	એજ.	એજ.	એજ.	૬ મહીના સુધીની આસાન કેદ અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.

૨૯૨	બીભત્સ પુસ્તકો વગેરેનું વેચાણ, વગેરે.	એજ.	વારંટ.	એજ.	એજ.	૩ મહીનાસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	એજ.
૨૯૩	વેચવા અથવા દેખાડવા સારૂ બીભત્સ પુસ્તક વગેરે કબજામાં રાખવું.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૨૯૪	બીભત્સ ગીતો.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૨૯૪ અ	સોરટીની આફીસ રાખવી.	વગર વારંટે પકડાય નહી.	સમન.	એજ.	એજ.	૬ મહીના સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	કોઈપણ માજીસ્ટ્રેટ.
	સોરટી બાબતના ઠરાવ પ્રસિદ્ધ કરવા.	એજ.	એજ.	એજ.	એજ.	૧,૦૦૦ રૂપીયા સુધીનો દંડ.	એજ.

બાબ ૧૫ મો.—ધર્મસંબંધી ગુન્હા.

૨૯૫	કોઇપણ જાતિના લોકોને ધર્મને અપમાન કરવાના ઇરાદાથી કોઇ પુજાના ઠેકાણાનો અથવા પવિત્ર વસ્તુનો નાશ કરવો, અથવા તેને નુકશાન કરવું અથવા તેને ભ્રષ્ટ કરવી.	વગર વારંટે પકડી શકે.	સમન.	જામીન લઇ શકાય.	માંડીવાળી નહી શકાય.	૨ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા અથવા બીજા વર્ગનો માજીસ્ટ્રેટ.
૨૯૬	કોઇ ધર્મસંબંધી મંડળી પુજાના કામમાં છતાં તેને અડચણ કરવી.	એજ.	એજ.	એજ.	એજ.	૧ વરસસુધીની એમાંના ગમ તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	એજ.
૨૯૭	પૂજાની જગા અથવા કબરસ્તાનમાં વગર રજાએ જવું, અથવા કોઇ શખસના મનને	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.

	દુઃખ કરવાના અથવા તેના ધર્મને અપમાન કરવાના ઇરાદાથી પ્રેત સંસ્કાર થતો હોય ત્યાં ગડબડ કરવી, અથવા કોઇ પ્રેતનું અપમાન કરવું.						
૨૯૮	ધર્મસંબંધી કોઇપણ શખસનું દિલ દુખવવાના ઇરાદાથી તે સાંભળે તેમ કાંઇ શબ્દ બોલવો અથવા ધ્વની કરવો, અથવા તે દેખે તેમ કાંઇ ચાળા કરવા અથવા કાંઇ વસ્તુ મુકવી.	વગર વારંટે પ કડાય નહી.	એજ.	એજ.	માંડીવાળી શ-કાય.	એજ.	એજ.

બાબ ૧૬ મો.—માણુસના શરીર સંબંધી ગુન્હા.
જીંદગી સંબંધી ગુન્હા બાબત.

૩૦૨	ખુન.	વગર વારંટે પ-કડી શકે.	વારંટ.	જામીન નહી લઇ શકાય.	માંડી વાળી નહીં શકાય.	મોત અથવા જીવતા સુધી સમુદ્રપાર તથા દંડ.	સેશન કોર્ટ.
૩૦૩	જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષાના ગુન્હેગારે કરેલું ખુન.	એજ.	એજ.	એજ.	એજ.	મોત.	એજ.
૩૦૪	ખુનથી ઉતરતા દરજ્જાનો શિક્ષણીય મનુષ્યવધ, જો જે કામથી મોત થયું હોય તે મોત આણુવાના ઇરાદાથી કર્યું હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	જીવતાં સુધી સમુદ્રપાર, અથવા ૧૦ વરસ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ.
	જો તે કામ મોત આણુવાના ઇરાદાથી નહીં પણ તેથી મોત થવાનો સંભવ છે, એમ જાણીને કર્યું હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	૧૦ વર્ષ સુધી બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	એજ.

૩૦૪ અ	અવિચારનું અથવા ગફલત ભરેલું કામ કરીને મોત આણવું.	એજ.	વારંટ.	જામીન લઇ શકાય.	માંડીવાળી નહી શકાય.	૨ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	સેશન કોર્ટ અથવા પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ, અથવા ૧લા વર્ગનો માજીસ્ટ્રેટ.
૩૦૫	કોઇ બાળક અથવા દિવાનો અથવા ચળેલો અથવા જન્મથી ગાંડો અથવા કેફવાળો શખસ આત્મઘાત કરે તેમાં મદદગારી કરવી.	એજ.	એજ.	જામીન નહી લઇ શકાય.	એજ.	મોત અથવા જીવતાં સુધી સમુદ્રપાર અથવા દશ વર્ષ સુધી કેદ તથા દંડ	સેશન કોર્ટ.
૩૦૬	આત્મઘાત કરવામાં મદદગારી.	એજ.	એજ.	એજ.	એજ.	૧૦ વર્ષસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.
૩૦૭	ખુનની કોશીશ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
	જો તે કામથી કોઇ શખસને વ્યથા થાય તો.	એજ.	એજ.	એજ.	એજ.	જીવતાંસુધી સમુદ્રપાર, અથવા ઉપર મુજબ.	એજ.
	જન્મટીપના ગુન્હેગારે ખુનની કોશીશ કરવી, જો તેથી વ્યથા થાય તો.	એજ.	એજ.	એજ.	એજ.	મોત અથવા ઉપર મુજબ.	એજ.
૩૦૮	શીક્ષણીય મનુષ્ય વધ કરવાની કોશીશ.	એજ.	એજ.	જામીન લઇ શકાય.	એજ.	૩ વર્ષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	એજ.
	જો તે કામથી કોઇ શખસને વ્યથા થાય તો.	એજ.	એજ.	એજ.	એજ.	૭ મહીનાસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બંને.	એજ.
૩૦૯	આત્મઘાત કરવાની કોશીશ.	એજ.	એજ.	એજ.	એજ.	૧ વરસ સુધીની આસાન કેદ, અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.
૩૧૧	ઠગ હોવું.	એજ.	એજ.	જામીન નહી લઇ શકાય.	એજ.	જીવતાં સુધી સમુદ્રપાર અથવા દંડ.	સેશન કોર્ટ.

ગર્ભપાત કરવા બાબત; નહીં જન્મેલાં બચ્ચાંઓને નુકશાન બાબત; બચ્ચાંઓને ખુલ્લાં મુકવા બાબત; તથા જન્મ છુપાવવા બાબત.

૩૧૨	ગર્ભપાત કરવો.	વગર વારંટે પકડાય નહી.	વારંટ.	જામીન લઇ શકાય.	માંડીવાળી નહી શકાય.	૩ વર્ષ સુધીનીએમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	સેશન કોર્ટ.
	જો તે સ્ત્રી ચલિતગર્ભા થઇ હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	૭ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.
૩૧૩	સ્ત્રીની રજામંદી વગર ગર્ભપાત કરવો.	એજ.	એજ.	જામીન નહી લઈ શકાય.	એજ.	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.
૩૧૪	ગર્ભપાત કરવાના ઈરાદાથી કરેલાં કંઈ કામથી થયેલું મોત.	એજ.	એજ.	એજ.	એજ.	૧૦ વરષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ.
	તે સ્ત્રીની રજામંદી વગર તે કામ કર્યું હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ઉપર મુજબ.	એજ.
૩૧૫	કોઇ બચ્ચું જીવતું જન્મતાં અટકાવવાના અથવા જનમ્યા પછી તે મરી જાય એવું કરવાના ઈરાદાથી કરેલું કામ.	એજ.	એજ.	એજ.	એજ.	૧૦ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ. અથવા બંને.	એજ.
૩૧૬	જે કામ શિક્ષણીય મનુષ્યવધ ગણાતું હોય એવા કામથી કોઈ નહી જન્મેલાં જીવતાં બચ્ચાંનું મોત આણવું.	એજ.	એજ.	એજ.	એજ.	૧૦ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ.
૩૧૭	કોઇ ૧૨ વરસથી ઓછી ઉમરના બચ્ચાંને તેના માબાપે અ-	વગર વારંટે પકડી શકે.	એજ.	જામીન લઇ શકાય.	એજ.	૭ વરસ સુધીની એમાંના ગમ તે પ્રકારની કેદ અ-	એજ.

	થવા જે સખસના હવાલામાં તે બચ્ચું હોય તે શખસે તેને બીલકુલ તજી દેવાના ઇરાદાથી ખુલ્લું મુકવું.					થવા દંડ અથવા બંને.	
૩૧૮	મુડદું છાની રીતે વગે કરી દઇને જન્મ છુપાવવો.	એજ.	એજ.	એજ.	એજ.	૨ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનો માજીસ્ત્રેટ.

વ્યથા બાબત.

૩૨૩	બુદ્ધિપુર્વક વ્યથા કરવી.	વગર વારંટે પકડાય નહી.	સમન.	જામીન લઇ શકાય.	માંડીવાળી શકાય.	૧ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૧,૦૦૦ રૂપીયા સુધીનો દંડ. અથવા બંને.	કોઇ પણ માજીસ્ત્રેટ.
૩૨૪	ભયંકર શસ્ત્ર અથવા સાધનવડે બુદ્ધિપુર્વક વ્યથા કરવી.	વગર વારંટે પકડી શકે.	એજ.	એજ.	જે કોર્ટમાં ફરીયાદીનું કામ ચાલુ હોય તે કોર્ટ પરવાનગી આપે ત્યારે માંડી વાળી શકાય.	૩ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બન્ને.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લા અથવા ૨જા વરગનો માજીસ્ત્રેટ.
૩૨૫	બુદ્ધિપુર્વક મહા વ્યથા કરવી.	એજ.	એજ.	એજ.	એજ.	૭ વર્ષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ.
૩૨૬	ભયંકર શસ્ત્ર અથવા સાધનવડે બુદ્ધિપુર્વક મહાવ્યથા કરવી.	એજ.	એજ.	જામીન લઇ નહી શકાય.	માંડી વાળી નહી શકાય.	જીવતાં સુધીની સમુદ્રપાર, અથવા ૧૦ વર્ષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ત્રેટ.
૩૨૭	જબરાઇથી કાંઇ મીલકત અથવા કીંમતી દસ્તાવેજ કઢાવવા	એજ.	એજ.	એજ.	એજ.	૧૦ વર્ષસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોરટ.

	સારૂ, અથવા કાંઇ કાયદા વીરૂદ્ધ કામ અથવા જે કામથી ગુન્હો કરવો સેહેલ થાય એવું કામ કરાવવા સારૂ બુદ્ધિપુર્વક વ્યથા કરવી.						
૩૨૮	વ્યથા કરવાના ઇરાદાથી બેહોશ કરે એવી કાંઇ વસ્તુ ખવડાવવી વિગેરે.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૩૨૯	જબરજસ્તીથી કાંઇ મિલકત અથવા કિંમતી દસ્તાવેજ કહડાવવા, અથવા કાંઇ કાયદા વિરૂદ્ધ કામ અથવા જે કામથી ગુન્હો કરવો સેહેલ થાય એવું કામ કરાવવાસારૂ બુદ્ધિપુર્વક મહા વ્યથા કરવી.	એજ.	એજ.	એજ.	એજ.	જીવતાં સુધી સમુદ્રપાર, અથવા ૧૦ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.
૩૩૦	જબરજસ્તીથી કબુલાત કરાવવા અથવા કાંઈ ખબર મેળવવા કે મિલકત પાછી અપાવવા સારૂ બુદ્ધિપુર્વક વ્યથા કરવી, વગેરે.	એજ.	એજ.	જામીન લઇ શકાય.	એજ.	૭ વર્ષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ.
૩૩૧	જબરજસ્તીથી કબુલાત કરાવવા અથવા કાંઈ ખબર મેળવવા કે મિલકત પાછી અપાવવા સારૂ બુદ્ધિપુર્વક મહા વ્યથા કરવી.	એજ.	એજ.	જામીન નહી લઇ શકાય.	એજ.	૧૦ વર્ષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ.
૩૩૨	કોઇ સરકારી નોકરને ડરાવીને તેને કામ કરતો બંધ રાખવાને બુદ્ધિપુર્વક વ્યથા કરવી.	એજ.	એજ.	જામીન લઇ શકાય.	એજ.	૩ વર્ષસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોરટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા વરગનો માજીસ્ટ્રેટ.
૩૩૩	કોઇ સરકારી નોકરને ડરાવીને તેનું કામ કરતો બંધ રાખવાને	એજ.	એજ.	જામીન નહી લઇ શકાય.	એજ.	૧૦ વર્ષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા	સેશન કોર્ટ.

	બુદ્ધિપુર્વક મહા વ્યથા કરવી.					દંડ.	
૩૩૪	ભારે તથા આકસ્મિક ક્રોધ ઉત્પન્ન થયેથી ક્રોધ ઉત્પન્ન કરનાર શીવાય બીજાને વ્યથા કરવાનો ઇરાદો નહીં છતાં બુદ્ધિપુર્વક વ્યથા કરવી.	વગર વારંટે પકડાય નહી.	સમન.	જામીન લઇ શકાય.	માંડીવાળી શકાય.	૧ મહીનાસુધી એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૫૦૦ રૂપિયા સુધીનો દંડ અથવા બંને.	કોઇપણ માજીસ્ત્રેટ.
૩૩૫	ભારે તથા આકસ્મિક ક્રોધ ઉત્પન્ન થએથી ક્રોધ ઉત્પન્ન કરનાર શીવાય બીજાને વ્યથા કરવાનો ઇરાદો નહીં છતાં મહા વ્યથા કરવી.	વગર વારંટે પકડી શકે.	એજ.	એજ.	જે કોરટની આગળ ફરીયાદીનું કામ ચાલુ હોય તે કોરટ પરવાનગી આપેત્યારે માંડીવાળી શકાય.	૪ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૨,૦૦૦ રૂપિયા સુધીનો દંડ અથવા બંને.	સેશન કોરટ, પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ, અથવા ૧ લા અથવા બીજા વર્ગનો માજીસ્ત્રેટ.
૩૩૬	જે કામથી માણસની જીંદગી જોખમમાં આવે અથવા બીજાઓનાં શરીરની સલામતી જોખમમાં આવે તે કામ કરવું.	એજ.	એજ.	એજ.	માંડીવાળી નહિ શકાય	૩ મહીના સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૨૫૦ રૂપિયા સુધીનો દંડ, અથવા બંને.	કોઈપણ માજીસ્ત્રેટ.
૩૩૭	માણુસની જીંદગી વગેરે જોખમમાં આવે એવું કામ કરીને વ્યથા કરવી.	એજ.	એજ.	એજ.	જે કોરટની આગળ ફરીયાદીનું કામ ચાલુ હોય તે કોરટ પરવાનગી આપે ત્યારે માંડીવાળી શકાય.	૬ મહીના સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૫૦૦ રૂપિયા સુધીનો દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લા અથવા ૨જા વરગનો માજી.
૩૩૮	માણુસની જીંદગી જોખમમાં આવે એવું કામ કરીને મહા વ્યથા કરવી.	એજ.	એજ.	એજ.	એજ.	૨ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૧,૦૦૦ રૂપિયા સુધીનો દંડ અથવા બંને.	એજ.

ગેરવ્યાજબી અટકાવ તથા ગેરવ્યાજબી કેદ.

૩૪૧	કોઇને ગેરવાજબી અટકાવ કરવો.	વગર વારંટે પકડી શકે.	સમન.	જામીન લઇ શકાય.	માંડીવાળી શકાય.	૧ મહીનાસુધીની આસાન કેદ, અથવા ૫૦૦ રૂપિયા સુધીનો દંડ અથવા બંને.	કોઇ પણ માજીસ્ટ્રેટ,
૩૪૨	કોઇને ગેરવાજબી કેદ કરવો.	એજ.	એજ.	એજ.	એજ.	૧ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૧,૦૦૦ રૂપિયા સુધીનો દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.
૩૪૩	ત્રણ અથવા વધારે દીવસ ગેરવાજબી કેદ.	એજ.	એજ.	એજ.	માંડીવાળી નહી શકાય.	૨ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	એજ.
૩૪૪	દશ અથવા વધારે દીવસ ગેરવાજબી કેદ.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વર્ષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોરટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા અથવા ૨જા વ. નો માજી.
૩૪૫	કોઇ શખસને છોડવાનો હુકમ સાદર થયા છે એમ જાણ્યા છતાં તે શખસને ગેરવાજબી કેદમાં રાખવો.	વગર વારંટે પકડાય નહી.	એજ.	એજ.	એજ.	૨ વર્ષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા બીજી કોઇ કલમ મુજબ જે કેદ થતી હોય તે.	એજ.
૩૪૬	છાની ગેરવાજબી કેદ.	વગર વારંટે પકડી શકે.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૩૪૭	જબરજસ્તીથી કાંઇ મીલકત કઢાવવાનાં અથવા કાંઇ કાયદા વિરૂદ્ધ કામ કરાવવા વગેરેનાં કારણસર ગેરવાજબી કેદ.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.
૩૪૮	જબરજસ્તીથી કબુલાત કરાવવાનાં અથવા ખબર મેળવવાનાં	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	સેશન કોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ

	અથવા કાંઇ મીલકત પાછી અપાવવા વગેરેના કારણસર ગેરવાજબી કેદ.						અથવા ૧લા વર્ગનો માજીસ્ટ્રેટ.

બાબ ૧૬ મો.—માણસના શરીર સંબંધી ગુન્હાઓ, સાપરાધ બળ તથા હુમલા બાબત.

૩૫૨	ભારે ક્રોધ, ઉત્પન્ન નહિ કર્યા છતાં કોઇની ઉપર હુમલો કરવો અથવા સાપરાધ બળ વાપરવું.	વગર વારંટે પકડાય નહિ.	સમન.	જામીન નહીં લઇ શકાય.	માંડીવાળી નહી શકાય.	૩ મહીના સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૫૦૦ રૂપિયા સુધીનો દંડ અથવા બંને.	કોઇ પણ માજીસ્ટ્રેટ.
૩૫૩	કોઇ સરકારી નોકરને ડરાવીને તેનું કામ કરતો બંધ રાખવાને હુમલો કરવો અથવા સાપરાધ બળ વાપરવું.	વગર વારંટે પકડી શકે.	વારંટ.	એજ.	માંડીવાળી નહિ શકાય.	૨ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.
૩૫૪	કોઇ સ્ત્રીની લાજ લેવાના ઇરાદાથી તેની ઉપર હુમલો અથવા સાપરાધ બળ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૩૫૫	ભારે તથા આકસ્મિક ક્રોધ નહી ઉત્પન્ન કર્યાં છતાં કોઇ શખ્સને બેઆબરૂ કરવાના ઇરાદાથી તેના ઉપર હુમલો કરવો અથવા સાપરાધ બળ વાપરવું.	વગર વારંટે પકડાય નહી.	સમન.	એજ.	માંડીવાળી શકાય.	એજ.	એજ.
૩૫૬	કોઇ શખ્સે કાંઇ વસ્તુ પેહેરી હોય અથવા લઇ જતો હોય તે વસ્તુની ચોરી કરવાની કોશીશ કરવામાં હુમલો અથવા સાપરાધ બળ.	વગર વારંટે પકડી શકે.	વારંટ.	જામીન નહી લઇ શકાય.	માંડીવાળી નહી શકાય.	એજ.	કોઇપણ માજીસ્ટ્રેટ.
૩૫૭	કોઇ શખ્સને ગેરવાજબી કેદ કરવાની કોશીશમાં હુમલો કરવો અથવા સાપરાધ બળ વાપરવું.	એજ.	એજ.	જામીન લઇ શકાય.	એજ.	૧ વર્ષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૧,૦૦૦ રૂપીયા સુધીનો દંડ અથવા બંને.	એજ.

૩૫૮	કોઇએ ભારે તથા આકસ્મિક ક્રોધ ઉત્પન્ન કર્યા પરથી તેની ઉપર હુમલો કરવો અથવા સાપરાધ બળ વાપરવું.	વગર વારંટે પકડાય નહી.	સમન.	એજ.	માંડીવાળી શકાય.	૧ મહિના સુધીની આસાન કેદ, અથવા ૨૦૦ રૂપીયા સુધીનો દંડ, અથવા બંને.	એજ.

મનુષ્યહરણુ, મનુષ્યનયન, ગુલામી તથા વેઠ બાબત.

૩૬૩	મનુષ્ય હરણુ.	વગર વારંટે પકડી શકે.	વારંટ.	જામીન નહી લઈ શકાય.	માંડીવાળી શકાય.	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેશન કોર્ટ પ્રેસીડેન્સી માજી. અથવા ૧લા વર્ગનો માજી.
૩૬૪	ખુન કરવા માટે મનુષ્યહરણુ અથવા મનુષ્યનયન.	એજ.	એજ.	એજ.	એજ.	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વર્ષસુધીની સખત કેદ તથા દંડ.	સેશન કોર્ટ
૩૬૫	કોઇ સખસને છાની અને ગેરવાજબી રીતે કેદ કરવાના ઇરાદાથી તેનું હરણુ અથવા નયન કરવું.	એજ.	એજ.	એજ.	એજ.	૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ.
૩૬૬	કોઇ સ્ત્રીનાં જુલમથી લગ્ન કરાવવાં અથવા તેની ઉપર જુલમ કરાવવો વીગેરે કારણુસારૂ તે સ્ત્રીનું હરણુ અથવા નયન કરવું.	એજ.	એજ.	એજ.	એજ.	૧૦ વર્ષસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેશન કોરટ.
૩૬૭	કોઈ શખસને મહાવ્યથા થાય તેને ગુલામ કરવામાં આવે, વગેરે કારણુસર તેનું હરણુ અથવા નયન કરવું.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૩૬૮	હરણુ થયેલા સખસને સંતાડવો અથવા કેદમાં રાખવો.	એજ.	એજ.	એજ.	એજ.	મનુષ્યહરણુ અથવા મનુષ્યનયનની શિક્ષા.	એજ.
૩૬૯	કોઇ બચ્ચાંના શરીરપરથી કાંઇ મીલકત ચોરવાના ઈરાદાથી તે બચ્ચાંનું હરણુ અથવા નયન કરવું.	એજ.	એજ.	એજ.	એજ.	૭ વર્ષ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ પ્રેસીડે. માજી. તથા ૧લા વર્ગનો માજી.

૩૭૦	કોઈ સખસને ગુલામ દાખલ ખરીદવા અથવા આપવો.	વગર વારંટે પકડાય નહી.	એજ.	જામીન લઇ શકાય.	એજ.	એજ.	સેશન કોરટ.
૩૭૧	નિત્ય ગુલામનો વેપાર કરવો.	વગર વારંટે પકડી શકે.	એજ.	જામીન નહી લઇ શકાય.	એજ.	જીવતાં સુધી સમુદ્રપાર, અથવા ૧૦ વર્ષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.
૩૭૨	જાર કર્મને માટે કોઇ બાળકને વેચવું અથવા ભાડે આપવું વગેરે.	એજ.	એજ.	એજ.	એજ.	૧૦ વર્ષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોરટ, પ્રેસીડેન્સી માજી. અથવા ૧લા વરગનો માજી.
૩૭૩	તેવાંજ કામ માટે કોઇ બાળકને ખરીદ કરવુ અથવા કબજામાંલેવું.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૩૭૪	કાયદા વિરૂદ્ધ જબરાઈથી મજુરી કરાવવી.	એજ.	એજ.	જામીન લઇ શકાય.	માંડીવાળી શકાય	૧ વર્ષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	કોઈપણ માજીસ્ટ્રેટ.

બલાત્કાર સંભોગ બાબત.

૩૭૬	બલાત્કાર સંભોગ— જો કોઇ મનુષ્યે પોતાની સ્ત્રી સાથે સંભોગ કર્યો હોય તો.	વગર વારંટે પકડાય નહી.	સમન.	જામીન લઇ શકાય.	માંડીવાળી નહી-શકાય.	જીવતાં સુધી સમુદ્રપારની અથવા ૧૦ વર્ષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેશન કોર્ટ.
	બીજે કોઇપણ પ્રસંગે.	વગર વારંટે પકડી શકે.	વારંટ.	જામીન નહિ લઇ-શકાય	એજ.	એજ.	એજ.

સૃષ્ટિક્રમ વિરૂદ્ધ ગુન્હા.

૩૭૭	સૃષ્ટિક્રમ વિરૂદ્ધ ગુન્હા.	વગર વારંટે પકડી શકે.	વારંટ.	જામીન લઇ શકાય.	માંડીવાળી શકાય.	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશનકોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.

બાબ ૧૭ મો—મિલકત વિરૂદ્ધ ગુન્હા. ચોરી બાબત.

૩૭૯	ચોરી	વગર વારંટે પકડી શકે.	વારંટ.	જામીન નહી લઇ શકાય.	માંડીવાળી નહી શકાય.	૩ વરષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	કોઇપણ માજીસ્ટ્રેટ.
૩૮૦	કોઇ ઇમારત, તંબુ અથવા વહાણમાં ચોરી.	એજ.	એજ.	એજ.	એજ.	૭ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારનીકેદ તથાદંડ	એજ.
૩૮૧	શેઠ અથવા રાખનારના કબજા માંહેલી મીલકતની મહેતા અથવા ચાકરે ચોરી કરવી.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	સેશનકોર્ટ,પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ, અથવા ૧લા અથવા ૨જા વર્ગનો માજીસ્ટ્રેટ.
૩૮૨	ચોરી કરવા સારૂ, અથવા ચોરી કર્યા પછી નાસી જવા સારૂ, અથવા ચોરીથી મળેલી મીલકત પાસે રાખવા સારૂ મોત, અથવા વ્યથા અથવા અટકાવ કરવાની અથવા મોત, અથવા વ્યથા, કે અટકાવવાનો ભય ઉત્પન્ન કરવાની તૈયારી કરીને પછી ચોરી કરવી.	એજ.	એજ.	એજ.	એજ.	૧૦ વરસ સુધીની સખત કેદ તથા દંડ.	સેશન કોરટ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા વરગનો માજીસ્ટ્રેટ.

જબરાઇથી કહાડવા બાબત.

૩૮૪	જબરાઇથી કહાડાવવું.	વગર વારંટે પકડાય નહી.	વારંટ.	જામીન લઇ શકાય.	માંડીવાળી નહી શકાય.	૩ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨જા વર્ગનો માજીસ્ટ્રેટ.

૩૮૫	જબરાઇથી કહડાવવાનો ગુન્હો કરવા સારૂ કોઇ શખસને નુકશાનનો ભય ઉત્પન્ન કરવો. અથવા તેમ કરવાની કોશીશ કરવી.	એજ.	એજ.	એજ.	એજ.	૨ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	એજ.
૩૮૬	મોત અથવા મહા વ્યથાનો ભય કોઇ શખસને પમાડીને જબરાઇથી કહડાવવાનો ગુન્હો કરવો.	એજ.	એજ.	જામીન નહી લઇ શકાય.	એજ.	૧૦ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ.
૩૮૭	જબરાઇથી કહડાવવાનો ગુન્હો કરવા સારૂ કોઇ શખસને મોત અથવા મહા વ્યથાનો ભય ઉત્પન્ન કરવો અથવા તેમ કરવાની કોશીશ કરવી.	એજ.	એજ.	એજ.	એજ.	૭ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.
૩૮૮	મોત, જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસની કેદની શીક્ષા થઇ શકે એવા ગુન્હાનું તોહોમત મુકવાનો ડર દેખાડીને જબરાઇથી કહડાવવાનો ગુન્હો કરવો.	એજ.	એજ.	જામીન લઇ શકાય.	એજ.	૧૦ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.
	જો સૃષ્ટિક્રમ વીરૂદ્ધ ગુન્હાનો ડર દેખાડયો હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	જીવતાં સુધી સમુદ્રપાર,	એજ.
૩૮૯	જબરાઇથી કહડાવવાનો ગુન્હો કરવા સારૂ મોત, અથવા જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વર્ષની કેદની શીક્ષા થઇ શકે એવા ગુન્હાનું તહોમત મુકવાનો કોઇ શખસને ડર દેખાડવો	એજ.	એજ.	એજ.	એજ.	૧૦ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.
	જો સૃષ્ટિક્રમ વિરૂદ્ધ ગુન્હો થયો હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	જીવતાં સુધી સમુદ્રપાર.	એજ.

અપહરણ તથા ડેકોઇટી બાબત.

૩૯૨	અપહરણ	વગર વારંટે પકડી શકે.	વારંટ.	જામીન નહી લઇ શકાય.	માંડીવાળી નહી શકાય.	૧૦ વરસ સુધીની સખત કેદ તથા દંડ.	સેશન કોર્ટ, પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ,અથવા૧લાવ.નો માજી.
	જો સુરજ આથમ્યા પછી તથા સુરજ ઉગ્યા પહેલાં કોઇ ધોરી રસ્તાપર કર્યું હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	૧૪ વરસ સુધીની સખત કેદ તથા દંડ.	એજ.
૩૯૩	અપહરણ કરવાની કોશીશ.	એજ.	એજ.	એજ.	એજ.	૭ વરષ સુધીની સખત કેદ તથા દંડ.	એજ.
૩૯૪	અપહરણ કરવામાં અથવા કરવાની કોશીશમાં બુદ્ધિપુર્વક વ્યથા કરવી, અથવા બીજા કોઇ શખસે આવું અપહરણ કરવામાં સામીલ રહેવું.	એજ.	એજ.	એજ.	એજ.	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરષ સુધી સખત કેદ તથા દંડ.	એજ.
૩૯૫	ડેકોઇટી.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	સેશન કોર્ટ.
૩૯૬	ડેકોઇટીમાં ખુન.	એજ.	એજ.	એજ.	એજ.	મોત, જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરષ સુધીની સખત કેદ તથા દંડ.	એજ.
૩૯૭	ખુન અથવા મહાવ્યથા કરવાની કોશીશની સાથે અપહરણ અથવા ડેકોઇટી.	એજ.	એજ.	એજ.	એજ.	૭ વરષ કરતાં ઓછી નહી હોય એટલાં વરષ સુધીની સખત કેદ.	એજ.
૩૯૮	કાંઇ ભયંકર શસ્ત્ર ધારણ કર્યું હોય તે વખતે અપહરણ અથવા ડેકોઇટી કરવાની કોશીશ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૩૯૯	ડેકોઇટી કરવાની તૈયારી કરવી.	એજ.	એજ.	એજ.	એજ.	૧૦ વરષ સુધીની સખત કેદ તથા દંડ.	એજ.
૪૦૦	નિત્ય ડેકોઇટી કરવાના કારણસર એકઠા મળેલા શખસોની ટોળીમાં હોવું.	એજ.	એજ.	એજ.	એજ.	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરષ સુધીની સખત કેદ તથા દંડ.	એજ.

૪૦૧	નિત્ય ચોરી કરવાના કારણસર એકઠા મળેલા શખસોની ભટક્તી ટોળીમાં હોવું.	એજ.	એજ.	એજ.	એજ.	૭ વરષ સુધીની સખત કેદ તથા દંડ.	સેશન કોર્ટ પ્રેસી. માજી. અથવા ૧લા વ. નો માજીસ્ટ્રેટ.
૪૦૨	ડેકોઇટી કરવાના કારણસર એકઠા થયલા પાંચ અથવા વધારે શખસોમાંના એક હોવું.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	સેશન કોર્ટ.

મિલકતના સાપરાધ ખોટા ઉપયોગ બાબત.

૪૦૩	બદદાનતથી જંગમ મીલકતનો ખોટો ઉપયોગ કરવો, અથવા તે પોતાને કામે લગાડવી.	વગર વારંટે પકડાય નહી.	વારંટ.	જામીન લઇ શકાય.	માંડીવાળી નહી શકાય.	૨ વરષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બને.	કોઇપણ માજીસ્ટ્રેટ.
૪૦૪	કોઇ શખસ મરી જાય તે વખતે તેની પાસે જે મીલકત હોય, અને જે તેના વારસના કબ્જામાં આવી નથી એમ જાણવામાં હોય તે મીલકતનો બદદાનતથી ખોટો ઉપયોગ.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વર્ષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોરટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા અથવા ૨જા વરગનો માજીસ્ટ્રેટ.
૪૦૫	જો તે મરનારની નોકરીમાં કોઇ મહેતો અથવા બીજો સખસ હોય તે ઉપલો ગુન્હો કરે તો.	એજ.	એજ.	એજ.	એજ.	૭ વર્ષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.

સાપરાધ વિશ્વાસઘાત બાબત.

૪૦૬	સાપરાધ વિશ્વાસઘાત.	વગર વારંટે પકડી શકે.	વારંટ.	જામીન નહી લઇ શકાય.	માંડીવાળી નહી શકાય.	૩ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ, અથવા બંને.	સેશન કોરટ પ્રેસીડેન્સી માજી. અથવા ૧લા તથા બીજા વરગનો માજી.
૪૦૭	ભારવાહક, ડક્કાવાળા વગેરેએ સાપરાધ વિશ્વાસઘાત કરવો.	એજ.	એજ.	એજ.	એજ.	૭ વર્ષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોરટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા વરગનો માજીસ્ટ્રેટ.

૪૦૮	કોઇ મેહેતા અથવા ચાકરે સાપરાધ વિશ્વાસઘાત કરવો.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	સેશનકોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા અથવા ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.
૪૦૯	કોઈ સરકારી નોકરે અથવા શરાફે, વેપારીએ કે આડતીયાએ સાપરાધ વિશ્વાસઘાત કરવો, વગેરે,	એજ.	એજ.	એજ.	એજ.	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વર્ષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશનકોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા વરગનો માજીસ્ટ્રેટ.

ચોરીની મિલકત લેવા બાબત.

૪૧૧	ચોરીની મીલકત ચોરીની જાણીને બદદાનતથી લેવી.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	સેશનકોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા અથવા ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.
૪૧૨	ચોરીની મિલકત, ડેકોઇટી કરતાં મળેલી મીલકત છે એમ જાણીને તે બદદાનતથી લેવી.	વગર વારંટે પકડી શકે.	વારંટ.	જામીન નહી લઇ શકાય.	માંડીવાળી નહી શકાય.	જીવતાં સુધી સમુદ્ર પાર, અથવા ૧૦ વરસ સુધીની સખ્ત કેદ તથા દંડ.	સેશન કોર્ટ.
૪૧૩	નિત્ય ચોરીની મીલકતનો ધંધો કરવો.	એજ.	એજ.	એજ.	એજ.	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વર્ષ સુધીની એમાંનાં ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.
૪૧૪	ચોરીની મીલકત જાણીને તે સંતાડવામાં અથવા વગે કરવામાં મદદ કરવી.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વર્ષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	સેશનકોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વરગનો માજીસ્ટ્રેટ

ઠગાઇ બાબત.

૪૧૭	ઠગાઇ.	એજ.	એજ.	જામીન લઇ શકાય.	એજ.	૧ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ. અ.૧લા અ. ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.

૪૧૮	જે શખસનો લાભ જાળવવાની, કાયદાથી કે કાયદેસર કરારથી જે શખસની ફરજ હોય તે શખસે તેની સાથે ઠગાઇ કરવી.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બંને.	સેશનકોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.
૪૧૯	વેષ લઇને ઠગાઇ કરવી.	વગર વારંટે પકડી શકે.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૪૨૦	ઠગાઇ કરીને બદદાનતથી કોઇ મિલકત અપાવવી, અથવા કાંઇ કિંમતી દસ્તાવેજ કરાવવો, ફેરવાવવો અથવા તેનો નાશ કરાવવો.	એજ.	એજ.	એજ.	એજ.	૭ વર્ષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશનકોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા વર્ગનો માજીસ્ટ્રેટ.

દગાનાં ખતો તથા મિલકતની વ્યવસ્થા બાબત.

૪૨૧	માગનારાઓમાં વહેંચણ થતી અટકાવવાને માટે કાંઇ મિલકતનું દગલબાજીથી ખસેડવું અથવા છુપાવવું વગેરે.	વગર વારંટે પકડાય નહી.	વારંટ.	જામીન લઇ શકાય.	માંડીવાળી નહી શકાય.	૨ વર્ષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા અથવા ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.
૪૨૨	ગુન્હેગારનું કાંઇ લેહેણું કે માગણું હોય તે પોતાના માગનારાઓને મળતું તેણે દગલબાજીથી અટકાવવું.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૪૨૩	કોઇના નામની કાંઈ મિલકત કરી આપવાના જે ખતમાં કિંમતનો જીકર ખોટો લખ્યો હોય એવા ખતપર દગલબાજીથી સહી કરવી.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૪૨૪	પોતાની કે પારકી કાંઇ મિલકતનું દગલબાજીથી ખસેડવું કે છુપાવવું અથવા તેમ કરવામાં મદદ કરવી, અથવા	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.

	ખરૂં લેહેણું કે દાવો બદદાનતથી મુકી દેવો.						

બિગાડ બાબત.

૪૨૬	બિગાડ.	વગર વારંટે પકડાય નહી	સમન.	જામીનલઇશકાય.	જે હાની અથવા નુકશાન થયું તે હાની અથવા નુકશાન માત્ર કોઇ ખાનગી માણસને થયું હોય તો માંડીવાળી શકાય.	૩ મહીના સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	કોઇ પણ માજીસ્ત્રેટ.
૪૨૭	બિગાડ કરીને ૫૦ રૂપીયાની અથવા વધારે નુકશાની કરવી.	એજ.	વારંટ.	એજ.	એજ.	૨ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સિ મા. અથવા ૧ લા અથવા ૨ જા વ. નો માજી.
૪૨૮	૧૦ રૂપિયાની કે તેથી વધારે કિંમતના કોઇ જાનવરને મારી નાખીને, ઝેર દઇને અથવા લંગડુ લુલું કરીને કે નિરૂપયોગી કરીને બિગાડ કરવો.	વગર વારંટે પકડી શકાય.	એજ.	એજ.	માંડીવાળી નહી શકાય.	એજ.	એજ.
૪૨૯	કોઇપણ કિંમતના હાથી, ઊંટ, ઘોડા વગેરેને અથવા ૫૦ કે વધારે રૂપીયાના કિંમતનાં કોઇ બીજાં જાનવરને મારી નાખીને અથવા ઝેર દઇને અથવા લંગડુ લુલું કરીને કે નિરૂપયોગી કરીને બિગાડ કરવો.	એજ.	એજ.	એજ.	એજ.	૫ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	સેશન કોર્ટ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧ લા અથવા બીજા વર્ગનો માજીસ્ત્રેટ.
૪૩૦	ખેતીનાં કામોને પાણીનું પોહોચવું ઓછુ કરીને બિગાડ કરવો, વગેરે.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.

४३१	मुसाफरी करवाने अथवा माल लई जवाने अगम्य थाय अथवा ओछो सहीसलामत थाय एम कोई सरियाम रस्ताने, पुलने, नौकागम्य नदीने अथवा नौकागम्य नेहरने नुकशान करीने बिगाड करवो.	एज.	एज.	एज.	एज.	एज.	एज.
४३२	नुकशानी थाय एवी रीते कोई सरियाम गटरने रेलावीने अथवा बंध करीने बिगाड करवो.	एज.	एज.	एज.	एज.	एज.	एज.
४३३	कोई दांडीनो दीवो अथवा दरियाई निशानी होय तेनो नाश करीने अथवा तेने खसेडीने अथवा ओछी उपयोगी करीने अथवा खोटी रोशनी बतावीने बीगाड करवो.	एज.	एज.	एज.	एज.	७ वरस सुधीनी एमांना गमे ते प्रकारनी केद, अथवा दंड, अथवा बंने.	सेशन कोर्ट.
४३४	सरकारी अखत्यारथी उभी करेली कोई जमीननी निशानीनो नाश करी, तेने खसेडी, वगेरे करीने बिगाड करवो.	वगर वारंटे पकडाय नही.	एज.	एज.	एज.	१ वरस सुधीनी एमांना गमे ते प्रकारनी केद, अथवा दंड अथवा बंने.	प्रेसीडेन्सी माजीस्ट्रेट अथवा १ ला अथवा २ जा वर्गनो माजीस्ट्रेट.
४३५	१०० अथवा वधारे रुपिआनी नुकशानी अथवा खेतीना उत्पन्नी बाबतमां १० अथवा वधारे रुपियानी नुकसानी करवाना इरादाथी अग्निवडे अथवा बारी पदार्थवडेबीगाड करवो	वगर वारंटे पकडी शके.	एज.	एज.	एज.	७ वरष सुधीनी एमांना गमे ते प्रकारनी केद, तथा दंड.	सेशन कोर्ट, प्रेसीडेन्सी माजीस्ट्रेट अथवा १ ला वर्गनो माजीस्ट्रेट.
४३६	कोई घर वगेरेनो नाश करवाना इरादाथी अग्निवडे अथवा बारी पदार्थवडे बीगाड करवो.	एज.	एज.	जामीन नही लई शकाय.	एज.	जीवतां सुधी समुद्रपार अथवा १० वरस सुधी एमांना गमे ते प्रकारनी केद तथा दंड.	सेशन कोर्ट.

૪૩૭	તુતકવાળા વહાણનો અથવા ૨૦ ટનના ભારના વાહણનો નાશ કરવાના ઇરાદાથી અથવા તેવા વાહાણને જોખમભરેલું કરવાના ઇરાદાથી બીગાડ કરવો.	એજ.	એજ.	એજ.	એજ.	૧૦ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.
૪૩૮	છેલ્લી કલમમાં બ્યાન કરેલો બીગાડ અગ્નિવડે અથવા કોઇ બારી પદાર્થવડે કર્યો હોય તો.	વગર વારંટે પકડી શકે.	વારંટ.	જામીન નહી લઇ શકાય.	માંડીવાળી નહી શકાય.	જીવતાં સુધી સમુદ્રપાર, અથવા ૧૦ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ
૪૩૯	ચોરી વગેરે કરવાના ઇરાદાથી વાહાણને કીનારા પર ચહડાવી દેવું.	એજ.	એજ.	એજ.	એજ.	૧૦ વરષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ.	એજ.
૪૪૦	મોત અથવા બ્યથા કરવાની તૈયારી કરીને બીગાડ કરવો વગેરે	એજ.	એજ.	એજ.	એજ.	૫ વર્ષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ, પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.

સાપરાધ પ્રવેશ બાબત.

૪૪૭	સાપરાધ પ્રવેશ.	વગર વારંટે પકડી શકે.	સમન.	જામીન લઇ શકાય.	માંડીવાળી શકાય.	૩ મહીના સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા ૫૦૦ રૂપીયા સુધીનો દંડ અથવા બંને.	કોઇ પણ માજીસ્ટ્રેટ.
૪૪૮	ગૃહ પ્રવેશ.	એજ.	એજ.	એજ.	એજ.	૧ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૧૦૦ રૂપીયા સુધીનો દંડ અથવા બંને.	એજ.
૪૪૯	મોતની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવા સારૂ ગૃહ પ્રવેશ કરવો.	એજ.	એજ.	એજ.	એજ.	જીવતાં સુધી સમુદ્રપાર, અથવા ૧૦ વરષ સુધીની સખત કેદ તથા દંડ.	સેશન કોર્ટ.

૪૫૦	જીવતાં સુધી સમુદ્રપારની શિક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવા સારૂ ગૃહપ્રવેશ કરવો.	એજ.	એજ.	એજ.	એજ.	૧૦ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.
૪૫૧	કેદની શીક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવા સારૂ ગૃહપ્રવેશ કરવો.	એજ.	એજ.	જામીન લઇ શકાય.	એજ.	૨ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ	કોઇપણ માજીસ્ટ્રેટ.
❀	જો તે ગુન્હો ચોરીનો હોય તો.	એજ.	એજ.	જામીન નહી લઇ શકાય.	એજ.	૭ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોરટ પ્રેસીડેન્સી માજી. અથવા ૧લા તથા બીજા વરગનો માજી.
૪૫૨	વ્યથા અથવા હુમલો વગેરે કરવાની તૈયારી કર્યાં પછી ગૃહપ્રવેશ કરવો.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૪૫૩	ગુપ્ત ગૃહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.	એજ.	એજ.	એજ.	એજ.	૨ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨જા વર્ગનો માજીસ્ટ્રેટ.
૪૫૪	કેદની શીક્ષા થઇ શકે એવો કોઇ ગુન્હો કરવા સારૂ ગુપ્ત ગૃહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોરટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા અથવા ૨ જા વરગનો માજીસ્ટ્રેટ.
	જો તે ગુન્હો ચોરીનો હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	૧૦ વરસ સુધીની એમાંના ગમેતે પ્રકારની કેદ તથા દંડ.	એજ.
૪૫૫	વ્યથા અથવા હુમલો વગેરે કરવાની તૈયારી કરીને ગૃહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.

૪૫૬	રાત્રે ગુપ્ત ગૃહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા અથવા ૨જા વરગનો માજીસ્ટ્રેટ.
૪૫૭	કેદની શીક્ષા થઇ શકે એવો ગુન્હો કરવા સારૂ રાત્રે ગુપ્ત ગૃહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.	એજ.	એજ.	એજ.	એજ.	૫ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.
	જો તે ગુન્હો ચોરીનો હોય તો	એજ.	એજ.	જામીન નહી લઇ શકાય.	માંડીવાળી નહી શકાય.	૧૪ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.
૪૫૮	વ્યથા વગેરે કરવાની તૈયારી કરીને રાત્રે ગુપ્ત ગૃહપ્રવેશ કરવો અથવા ઘર ફોડવું.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	સેશન કોરટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા વરગનો માજીસ્ટ્રેટ.
૪૫૯	ગુપ્ત ગૃહપ્રવેશ અથવા ઘર ફોડવાનો ગુન્હો કરતાં કોઇને માહાવ્યથા કરવી.	એજ.	એજ.	એજ.	એજ.	જીવતાં સુધી સમુદ્રપાર, અથવા ૧૦ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ.
૪૬૦	ઘણા શખસો રાત્રે ઘર ફોડવા વગેરેમાં સામીલ હોય, અને તેઓમાંનો કોઇ એક મોત અથવા મહાવ્યથા કરે તો.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૪૬૧	કાંઇ બંધ કરેલા નિધાનમાં કાંઇ મીલકત હોય અથવા કાંઇ મીલકત છે એમ ધાર્યું હોય તે	એજ.	એજ.	જામીન લઇ શકાય.	એજ.	૨ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા અથવા ૨જા વર્ગનોમાજીસ્ટ્રેટ

૪૬૨	નિધાનને બદદાનતથી ફોડીને અથવા બીજી રીતે ઉઘાડવું. જે નિધાનમાં કાંઇ મીલકત હોય અથવા કાંઇ મીલકત છે એમ ધરાયું હોય તે નિધાન જે માણસને સોંપ્યું હોય તે માણસ કપટથી તે નિધાન ઉઘાડે ત્યારે.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.

બાબ ૧૮ મો—લેખ સંબંધી તથા વેપારની અથવા મિલકતની નિશાનીઓ સંબંધી ગુન્હા.

૪૬૫	લેખ ખોટો બનાવવો.	વગર વારંટે પકડાય નહી.	વારંટ.	જામીન લઇ શકાય.	માંડીવાળી નહી શકાય.	૨ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	સેશન કોરટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા વરગનો માજીસ્ટ્રેટ.
૪૬૬	કોઇ ઇનસાફની કોર્ટનું દફતર, અથવા જન્મ વગેરે બાબતોનો સરકારી નોકર રાખતો હોય તેવો રજીસ્ટર, ખોટો બનાવવો.	એજ.	એજ.	જામીન નહિ લઇ શકાય	એજ.	૭ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ.
૪૬૭	કાંઇ કીંમતી દસ્તાવેજ, વીલ અથવા કોઇ પણ કીંમતી દસ્તાવેજ કરવાનો અથવા બીજાના નામપર કરી આપવાનો અથવા કાંઇ નાણું વગેરે લેવાનો અખત્યાર ખોટો બનાવવો.	એજ.	એજ.	એજ.	એજ.	જીવતાં સુધી સમુદ્રપાર અથવા ૧૦ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ.
	તે કીંમતી દસ્તાવેજ હિંદુસ્તાન સરકારની પ્રોમિસરી નોટ હોય તો.	વગર વારંટે પકડી શકે.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૪૬૮	ઠગાઇ કરવાના કારણસર ખોટો લેખ બનાવવો.	વગર વારંટે પકડાય નહી.	એજ.	એજ.	એજ.	૭ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોર્ટ પ્રેસી. માજી. અથવા ૧લા વ. નો માજીસ્ટ્રેટ.

૪૬૯	કોઇ શખસની આબરૂને હાનિ કરવાના કારણસર, અથવા તેટલા માટે વાપરવામાં આવશે એમ જાણીને, ખોટો લેખ બનાવવો.	એજ.	એજ.	જામીન લઇ શકાય.	એજ.	૩ વરસ સુધીની એમાંના ગમે તે પકારની કેદ, તથા દંડ.	એજ.
૪૭૧	બનાવટનો લેખ ખોટો બનાવેલો છે એમ જાણીને ખરા દાખલ વાપરવો.	એજ.	એજ.	એજ.	એજ.	આવો લેખ ખોટો બનાવવાની શીક્ષા.	જે કોર્ટથી લેખ ખોટો બનાવવા બદલ ઈનસાફ થઇ શકતો હશે તે કોર્ટ.
	તે ખોટો બનાવટનો લેખ હિંદુસ્તાન સરકારની પ્રોમિસરી નોટ હોય, તો.	વગર વારંટે પકડી શકે.	એજ.	એજ.	એજ.	આવો લેખ ખોટો બનાવવાની શિક્ષા.	સેશન કોર્ટ.
૪૭૨	હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૬૭ મી કલમ મુજબ શિક્ષા થઇ શકે એવો ખોટો લેખ બનાવવાનો ગુન્હો કરવાના ઇરાદાથી ખોટી મોહોર, પતરૂં, વગેરે બનાવવું અથવા ખોટું બનાવવું અથવા એવી મોહોર પતરૂં, વગેરે ખોટું બનાવેલું છે એમ જાણીને એવા ઇરાદાથી કબજામાં રાખવું.	વગર વારંટે પકડાય નહી.	એજ.	એજ.	એજ.	જીવતાં સુધી સમુદ્રપાર, અથવા ૭ વરસ સુધીની એમાંના ગમે તે પકારની કેદ તથા દંડ.	એજ.
૪૭૩	હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૬૭ મી કલમ સીવાય બીજી કોઇ કલમ મુજબ શીક્ષા થઇ શકે એવો ખોટો લેખ બનાવવાનો ગુન્હો કરવાના ઇરાદાથી ખોટી મોહોર, પતરૂં, વગેરે	એજ.	એજ.	એજ.	એજ.	૭ વરસ સુધીની એમાંની ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.

	બનાવવું અથવા ખોટું બનાવવું અથવા એવી મોહોર, પતરું, વગેર ખોટું બનાવેલું છે એમ જાણીને એવા ઇરાદાથી કબજામાં રાખવું.						
૪૭૪	કોઇ લેખ ખોટો બનાવેલો છે એવું જાણીને તે ખરા દાખલ વાપરવાના ઇરાદાથી કબજામાં રાખવો; જો તે દસ્તાવેજ હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૬૬ મી કલમમાં કહેલા કોઇ પ્રકારમાંનો હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
	જો તે દસ્તાવેજ હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૬૭ મી કલમમાં કહેલા કોઈ પ્રકારમાંનો હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	જીવતાં સુધી સમુદ્રપાર, અથવા ૭ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.
૪૭૫	હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૬૭ મી કલમમાં લખેલા પ્રકારના લેખોનું ખરાપણું દેખાડવા સારૂ વપરાતી હોય એવી કાંઇ મુદ્રા અથવા નિશાની ખોટી બનાવવી, અથવા ખોટી નીશાની કરેલો પદાર્થ કબજામાં રાખવો.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૪૭૬	હિંદુસ્તાનના ફોજદારી કાયદાની ૪૬૭ મી કલમમાં લખેલા પ્રકારથી જુદા પ્રકારના લેખોનું ખરાપણું દેખાડવાં સારૂ વપરાતી હોય એવી કાંઇ મુદ્રા અથવા	એજ.	એજ.	જામીન નહી લઇ શકાય.	એજ.	૭ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ.

	નિશાની ખોટી બનાવવી અથવા ખોટી નિશાની કરેલો પદાર્થ કબજામાં રાખવો.						
૪૭૭	દગલબાજીથી કોઇ વિલ વગેરેનો નાશ કરવો અથવા તેને ચેહેરી નાંખવું અથવા નાશ કરવાની કે ચેહેરી નાંખવાની કોશીશ કરવી, અથવા તે છુપાવવું.	એજ.	એજ.	એજ.	એજ.	જીવતાં સુધી સમુદ્રપાર અ-થવા ૭ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.
૪૭૭અ	હિસાબ ખોટા બનાવવા.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
	વેપારની તથા મીલકતની નિશાનીઓ બાબત.						
૪૮૨	કોઇ શખસને છેતરવા અથવા નુકશાન કરવાના ઇરાદાથી કાંઇ ખોટી વેપારની અથવા મીલકતની નિશાની વાપરવી.	વગર વારંટે પકડાય નહી.	વારંટ.	જામીન લઇ શ-કાય.	માંડીવાળી નહી શકાય.	૧ વર્ષસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સિ મા. અ-થવા ૧ લા અથવા રજા વ. નો માજી.
૪૮૩	કોઇ બીજો માણુસ કાંઇ વેપારની અથવા મીલકતની નિશાની વાપરતો હોય તેવી નિશાણી હાનિ અથવા નુકશાન કરવાના ઇરાદાથી ખોટી બનાવવી.	એજ.	એજ.	એજ.	એજ.	૨ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ અ-થવા દંડ અથવા બંને.	એજ.
૪૮૪	કોઇ સરકારી નોકર જે મિલકતની નિશાની વાપરતો હોય, અથવા કાંઇ મિલકતની બનાવટ, જાત, વગેરે બતાવવા સારૂ તે જે નિશાની વાપરતો હોય તેવી નિશાણી ખોટી બનાવવી.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વરસ સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	સેશનકોર્ટ, પ્રેસી-ડેન્સી માજીસ્ટ્રેટ અથવા૧ લા વર્ગ-નો માજીસ્ટ્રેટ.
૪૮૫	કોઇ છાપ, પતરૂં અથવા કાંઇ	એજ.	એજ.	એજ.	એજ.	૩ વરસ સુધીની બેમાંના	એજ.

	સરકારી કે ખાનગી મીલકતની અથવા વેપારની નિશાણી ખોટી બનાવવાનું કાંઇ બીજું હથીયાર, દગલબાજીથી બનાવવું અથવા કબજામાં રાખવું.					ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	
૪૮૬	ખોટી મીલકતની અથવા વેપારની નિશાની જે ઉપર હોય એવો માલ જાણી બુઝીને વેચવો.	એજ.	એજ.	એજ.	એજ.	૧ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧લા અથવા ૨જા વરગનો માજી.
૪૮૭	કાંઇ ગાંસડી કે બારદાન મધ્યે માલ હોય તે ઉપર દગલબાજીથી કાંઇ ખોટી નિશાની કરવી એવા ઇરાદાથી કે તે મધ્યે જે માલ નહી હોય તે માલ તે મધ્યે છે એમ માનવામાં આવે, વગેરે.	એજ.	એજ.	એજ.	એજ.	૩ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બંને.	સેશન કોર્ટ પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧ લા અથવા બીજા વર્ગનો માજીસ્ત્રેટ.
૪૮૮	તેવી કાંઈ ખોટી નિશાનીનો ઉપયોગ કરવો.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૪૮૯	નુકશાન કરવાના ઇરાદાથી કાંઇ મિલકતની નિશાની કાહાડી નાંખવી, અથવા તેનો નાશ કરવો, અથવા તે ચેહેરી નાંખવી.	એજ.	એજ.	એજ.	એજ.	૧ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ,અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ત્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનો માજીસ્ત્રેટ.
૪૮૯અ	ચલણી નોટો અથવા બેંક નોટો ખોટી બનાવવી.	વગર વારંટે પકડી શકાય.	વારંટ.	જામીન લઈ શકાય નહીં.	માંડીવાળી શકાય નહીં.	જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા તથા દંડ.	સેશન કોર્ટ.
૪૮૯બ	ખોટી અથવા બનાવટી ચલણી નોટો અથવા બેંક નોટોને ખરી નોટ તરીકે વાપરવી.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.

૪૮૯ક	ખોટી અથવા બનાવટી ચલણી નોટો અથવા બેંક નોટો કબજામાં રાખવી.	એજ.	એજ.	જામીન લઇ શકાય.	એજ.	સાત વરસ સુધી કેદની અથવા દંડની એમાંના ગમે તે પ્રકારની શીક્ષા અથવા બંને.	એજ.
૪૮૯ડ	ચલણી નોટો અથવા બેંક નોટો ખોટી બનાવટી બનાવવા સારૂ કાંઇ પણ હથીઆર અથવા પદાર્થ બનાવવા અથવા કબજામાં રાખવા.	એજ.	એજ.	જામીન નહી લઇ શકાય.	એજ.	જીવતાં સુધી સમુદ્રપારની અથવા દશ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.

બાબ ૧૯ મો—નોકરી કરવાના કરાર તોડવાના ગુન્હા બાબત.

૪૯૦	તરી અથવા ખુશકીના રસ્તાની મુસાફરીમાં પોતાના અંગની નોકરી કરવાનો અથવા કોઇ સખસ કે મિલકતને કેથાં લઇ જવાનો અથવા તેને સંભાળવાને કરાર કરીને બંધાયા છતાં તે કરાર મુજબ બુદ્ધિપુર્વક નહી ચાલવું.	વગર વારંટે પકડાય નહી.	સમન.	જામીન લઇ શકાય.	માંડીવાળી શકાય	૧ મહિના સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૧૦૦ રૂપીઆનો દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.
૪૯૧	બાળપણુ, ગાંડપણુ, અથવા રોગના સબબથી લાચાર હોય તેવા સખશોની ખિદમત કરવા અથવા તેઓની હાજતો પુરી પાડવાનો કરાર કરીને બંધાયા છતાં તે કરાર મુજબ બુદ્ધિપુર્વક નહી ચાલવું.	એજ.	એજ.	એજ.	એજ.	૩ મહિના સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા ૨૦૦ રૂપીયાનો દંડ અથવા બંને.	એજ.
૪૯૨	મુકરર મુદત સુધી કોઇ દુર જગોપર અંગની ચાકરી કરવાનો કરાર કર્યો હોય, અને તે જગો	એજ.	એજ.	એજ.	એજ.	૧ મહિના સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા થયેલા ખરચથી	એજ.

	પર શેઠને ખરચે ચાકરને લઇ ગયા હોય, તેવા કરારથી બંધાયા છતાં બુદ્ધિપુરવક તે ચાકરી છોડવી અથવા કામ કરવાની ના કહેવી.					બમણો દંડ અથવા બંને.	

બાબ ૨૦ મો—લગ્ન સંબંધી ગુન્હા.

૪૯૩	જે પુરૂષની સાથે જે સ્ત્રીનાં કાયદા મુજબ લગ્ન થયાં નથી તે પુરૂષે તે સ્ત્રીને કાયદા મુજબ લગ્ન થયાનો કપટથી વિશ્વાસ બેસાડીને તેની જોડે દંપતી ભાવે રહેવું.	વગર વારંટે પકડાય નહી.	વારંટ.	જામીન નહી લઇ શકાય.	માંડીવાળી નહી શકાય.	૧૦ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	સેશન કોરટ.
૪૯૪	વર અથવા વહુની હયાતીમાં ફરીથી લગ્ન કરવું.	એજ.	એજ.	જામીન લઇ શકાય.	એજ.	૭ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.
૪૯૫	તેજ ગુન્હો, પણ જે શખશની સાથે પાછળનું લગ્ન થાય તેનાથી આગળના લગ્નની વાત છુપાવીને કરેલો.	એજ.	એજ.	જામીન નહીં લઇ શકાય.	એજ.	૧૦ વર્ષ સુધી એમાંના ગમે તે પ્રકારની કેદ તથા દંડ.	એજ.
૪૯૬	કાયદાં મુજબ લગ્ન થતું નથી એમ જાણીને કોઇ શખસે દગલબાજીના ઇરાદાથી થવા દીધેલો લગ્ન વિધિ.	એજ.	એજ.	એજ.	એજ.	૭ વર્ષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, તથા દંડ.	એજ.
૪૯૭	છિનાળું.	એજ.	એજ.	જામીન લઇ શકાય.	માંડીવાળી શકાય.	૫ વર્ષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	સેશન કોરટ, પ્રેસી. માજી. અથવા ૧લા વર્ગનો માજીસ્ટ્રેટ.
૪૯૮	સાપરાધ ઇરાદાથી કોઇ પરણેલી સ્ત્રીને ફોસલાવી જવી, અથવા લઇ જવી અથવા રોકી રાખવી.	એજ.	એજ.	એજ.	એજ.	૨ વર્ષ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા અથવા ૨જા વ. નો માજી.

બાબ ૨૧ મો—આબરૂ લેવા બાબત.

૫૦૦	આબરૂ લેવી	વગર વારંટે પકડાય નહી.	વારંટ.	જામીન લઇ શકાય.	માંડીવાળી નહી શકાય.	૨ વર્ષ સુધીની આસન કેદ તથા દંડ તથા બંને.	સેશનકોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા વર્ગનો માજીસ્ટ્રેટ.
૫૦૧	કાંઇ બાબત આબરૂ લેવા જેવી છે એવું જાણીને તે છાપવી, અથવા કોતરવી.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.
૫૦૨	આબરૂ લેવા જેવી બાબતવાળી છાપેલી અથવા કોતરેલી વસ્તુ તે તેવી છે એમ જાણ્યા છતાં વેચવી.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.	એજ.

બાબ ૨૨ મો.—સાપરાધ ધમકી, તિરસ્કાર તથા દુઃખ બાબત.

૫૦૪	સુલેહનો ભંગ કરવાના ઇરાદાથી કોઇનો તીરસ્કાર કરવો.	વગર વારંટે પકડાય નહી.	વારંટ.	જામીન લઇ શકાય.	માંડીવાળી શકાય.	૨ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	કોઇ પણ માજીસ્ટ્રેટ.
૫૦૫	બંડ અથવા લોકની સુલેહની વિરૂદ્ધ કાંઇ ગુન્હો કરાવવાના ઇરાદાથી ખોટી વાત, અફવા વગેરે ચલાવવી.	એજ.	એજ.	જામીન નહી લઇ શકાય.	માંડીવાળી નહી શકાય.	૨ વરસ સુધીની એમાંનાં ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.
૫૦૬	સાપરાધ ધમકી	એજ.	એજ.	જામીન લઇ શકાય.	માંડીવાળી શકાય.	એજ.	એજ.
	જો તે ધમકી મોત અથવા મહાવ્યથા વગેરે કરવાની હોયતો	એજ.	એજ.	એજ.	માંડીવાળી નહી શકાય.	૭ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ, અથવા દંડ અથવા બંને.	સેશન કોર્ટ, પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.

૫૦૭	નનામા સંદેશાની મારફતે, અથવા ધમકી કયાંથી આવે છે તેની ખબર નહી પડે એવી તદબીરકરીને,સાપરાધધમકીઆપવી	એજ.	એજ.	એજ.	એજ.	ઉપલી કલમ મુજબની શીક્ષાની ઉપરાંત ૨ વરસ સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ.	એજ.
૫૦૮	મારી ઉપર ઇશ્વરની અપ્રસન્નતા થશે એવો ભય ઉત્પન્ન કરીને કોઇ શખસ પાસે કાંઇ કામ કરાવવું.	એજ.	એજ.	એજ.	એજ.	૧ વરસસુધીની એમાંના ગમે તે પ્રકારની કેદ અથવા દંડ, અથવા બંને.	પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા અથવા ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.
૫૦૯	કોઇ સ્ત્રીને લજાવવાના ઇરાદાથી બોલેલા શબ્દ અથવા કરેલા ચાળા, વગેરે.	એજ.	એજ.	એજ.	એજ.	૧ વરસ સુધીની આસાન કેદ, અથવા દંડ અથવા બંને.	પ્રેસિડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧ લા વર્ગનો માજીસ્ટ્રેટ.
૫૧૦	કોઇ જાહેર જગા વગેરેમાં પીને આવવું, અને કોઇ શખસને દુઃખ દેવું.	એજ.	એજ.	એજ.	એજ.	૨૪ કલાક સુધીની આસાન કેદ અથવા ૧૦ રૂપીયાનો દંડ અથવા બંને.	કોઈપણ માજીસ્ટ્રેટ.

બાબ ૨૩ મો—ગુન્હા કરવાની કોશીશો બાબત.

૫૧૧	જે ગુન્હાઓને માટે સમુદ્રપાર અથવા કેદની શીક્ષા ઠરાવી છે તે ગુન્હા કરવાની કોશીસો કરવી તથા તે કોશીસો કરવામાં તે ગુન્હો કરવા તરફ કાંઇ કામ કરવું.	તે ગુન્હાને માટે વગર વારંટે પકડવાનો પોલીસને અખત્યાર હોય તો પકડી શકે, નહિ તો નહિ.	તે ગુન્હાને માટે ઘણું કરીને સમન નિકળતો હોય તો સમન અને વારંટ નીકળતું હોય તો વારંટ.	જે ગુન્હાનો તકસીરવાને વીચાર કર્યો હોય તે ગુન્હાને માટે જામીન લઇશકાતો હોય તો લઇ શકાય નહી તો નહી.	જે ગુન્હો કરવાની કોશીશ કરી તે ગુન્હો માંડીવાળી શકાતો હોય તો માંડીવાળી શકાય.	તે ગુન્હાને માટે ઠરાવેલા પ્રકારની તથા ઘણામાં ઘણી મુદત જે ઠરાવી હોય તેની અરધી મુદત સુધીની કેદ, અથવાસમુદ્રપાર અથવા દંડ અથવા બંને.	કોશીશ કરેલા ગુન્હાનો ઇનસાફ જે કોરટથી થઇ શકતો હોય તે કોરટ.

બીજા કાયદા તોડીને કરેલા ગુન્હા.

મોતની અથવા સમુદ્રપાર અથવા ૭ વરષ સુધીની અથવા તે કરતાં વધારે મુદતની કેદની શિક્ષા જોગ હોય તો.	વગર વારંટે પકડી શકે.	વારંટ.	જામીન નહી લઇ શકાય.	માંડીવાળી નહિ શકાય.	...	...	...	સેશન કોરટ.
૩ વરષની અથવા તે કરતાં વધારે મુદતની પણ ૭ વરષથી ઓછી મુદતની કેદની શિક્ષા જોગ હોય તો.	એજ.	એજ.	એજ. સન ૧૮૭૮ ના હિંદુસ્તાનના હથીયારબાબતના આકટની ૧૯ મી કલમ મુજબના મુકદમાઓ, જે જામીન લઇ શકાય તેવા છે તે શીવાના બીજા.	એજ.	...	...	...	સેશન કોર્ટ પ્રેસીડેન્સી માજી. અથવા ૧લા વર્ગનો માજી.
એક વરષની અથવા તે કરતાં વધારે મુદતની પણ ત્રણ વરષથી ઓછી મુદતની કેદની શીક્ષા જોગ હોય તો.	વગર વારંટે પકડાય નહી.	સમન.	જામીન લઇ શકાય.	એજ.	...	...	...	સેશનકોર્ટ,પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ અથવા ૧લા અથવા ૨ જા વર્ગનો માજીસ્ટ્રેટ.
એક વરષથી ઓછી મુદતની કેદની શીક્ષા અથવા ફક્ત દંડની શીક્ષા જોગ હોય તો.	એજ.	એજ.	એજ.	એજ.	...	...	...	કોઇ પણ માજીસ્ટ્રેટ.

જૈન ધર્મનાં પુસ્તકોનું લીસ્ટ.

નંબર.	નામ.	રૂ.	આ.	પા.
૧	ચોવીસી વીસી સ્તવન સંગ્રહ.	૧	૮	૦
૨	ચૈત્ય વંદન ચોવીસી.	૦	૪	૦
૩	શ્રીપાળનો રાસ મોટા ચીત્ર તથા અર્થ સાથે.	૨	૦	૦
૪	વિવિધ પૂજા સંગ્રહ ભાગ ૧-૨ સોનેરી પુંઠું.	૦	૧૨	૦
૫	વિવિધ પૂજા સંગ્રહ ભાગ ૧-૨ કાચુ પુંઠું.	૦	૮	૦
૬	ચંદ રાજાનો રાસ.	૦	૮	૦
૭	ચંદ્રશીખરનો રાસ.	૧	૦	૦
૮	કુમારપાળનો રાસ.	૧	૦	૦
૯	ધન્ના સાલીભદ્રનો રાસ (ગુજરાતી)	૧	૦	૦
૧૦	ધન્નાસાલી ભદ્રનો રાસ (શાસ્ત્રી)	૧	૪	૦
૧૧	સઝાયમાળા ભાગ ૧ લો.	૧	૦	૦
૧૨	સઝાયમાળા ભાગ ૨ જો.	૧	૦	૦
૧૩	સઝાયમાળા ભાગ ૩ જો.	૧	૮	૦
૧૪	સઝાયમાળા ભાગ ૪ થો.	૧	૪	૦
૧૫	વિવિધ પૂજા સંગ્રહ ભાગ ૧-૨-૩-૪	૧	૦	૦
૧૬	પંચ પ્રતિક્રમણુ સુત્ર.	૦	૪	૦
૧૭	પંચ પ્રતિક્રમણુ સુત્ર (શાસ્ત્રી)	૦	૧૨	૦
૧૮	પંચ પ્રતિક્રમણુ સુત્ર અર્થ સાથે.	૦	૧૨	૦
૧૯	દેવસીરાઇ પ્રતિક્રમણુ (ગુજરાતી)	૦	૩	૦
૨૦	દેવસીરાઇ પ્રતિક્રમણુ (શાસ્ત્રી)	૦	૪	૦
૨૧	દેવસીરાઇ પ્રતિક્રમણુ અર્થ સાથે	૦	૪	૦
૨૨	વિધિયુક્ત દેવસીરાઇ પ્રતિક્રમણુ.	૦	૧૦	૦
૨૩	રસીકસ્તવનાવલી ભાગ ૧-૨-૩	૦	૪	૦
૨૪	મનોરંજક સ્તવનાવલી ભાગ ૧-૨-૩ ચીત્ર સાથે.	૦	૬	૦
૨૫	જૈન લાવણી સંગ્રહ.	૦	૬	૦
૨૬	જૈન ગહુલી સંગ્રહ.	૦	૬	૦
૨૭	જૈન સલોકા સંગ્રહ.	૦	૪	૦
૨૮	વિધાચંદ્ર-સુમતી નોવેલ.	૦	૧૨	૦
૨૯	નવસ્મરણ ગુજરાતી અર્થ સાથે.	૦	૨	૦
૩૦	નવસ્મરણુ શાસ્ત્રી મોટા અક્ષરના	૦	૬	૦
૩૧	કેવલકૃત નેમવીવાહ.	૦	૨	૦
૩૨	લીલાવતીનો રાસ.	૦	૧	૦
૩૩	છ ભાઇનો રાસ.	૦	૧	૦
૩૪	અંજના સતીનો રાસ.	૦	૧	૦
૩૫	મોતીશાના ઢાલીયા.	૦	૧	૦
૩૬	સામાયકસુત્ર અર્થ સહીત.	૦	૧	૦
૩૭	મલ્લીનાથનું વર્ણન.	૦	૧	૦
૩૮	આનંદઘન બહોતેરી શાસ્ત્રી સોનેરી પુંઠું.	૦	૧૨	૦
૩૯	જૈન લગ્નગીત.	૦	૧	૦
૪૦	સુધારસ સ્તવન સંગ્રહ શાસ્ત્રી ભાગ. ૧-૨-૩	૦	૬	૦
૪૧	દેવચંદજી કૃત ચોવીસી.	૦	૧	૦
૪૨	મોહનવીજયજી કૃત ચોવીસી.	૦	૧	૦
૪૩	આનંદઘનજી કૃત ચોવીસી.	૦	૧	૦
૪૪	જસોવીજયજી કૃત ચોવીસી.	૦	૧	૦
૪૫	માનતુગ માનવતી નોવેલ.	૦	૫	૦
૪૬	પ્રદ્યુમન કુમાર નોવેલ.	૦	૫	૦
૪૭	શ્રીપાળ નોવેલ.	૦	૬	૦
૪૮	હરીબલ મચ્છી નોવેલ.	૦	૬	૦
૪૯	રાજ કુમારી સુદર્શના નોવેલ.	૦	૮	૦
૫૦	મલયાસુંદરી નોવેલ.	૦	૧૦	૦
૫૧	રતનપાલ વહેવારીઆનો રાસ.	૦	૪	૦
૫૨	વસ્તુપાલ તેજપાલનો રાસ.	૦	૪	૦
૫૩	માનતુગ રાજા ને માનવતી રાણીનો રાસ.	૦	૪	૦
૫૪	એલાયચી કુમારનો રાસ.	૦	૨	૦
૫૫	એલાયચી કુમારના ઢાળીઆ.	૦	૨	૦
૫૬	શેત્રુંજય તીર્થમાળાનો રાસ.	૦	૨	૦
૫૭	હરીચંદ રાજાનો રાસ.	૦	૨	૦
૫૮	પરદેશી રાજાનો રાસ.	૦	૨	૦
૫૯	ધરમબુદ્ધિ રાજાનો રાસ.	૦	૨	૦
૬૦	ઉત્તમચરીત્ર કુમારનો રાસ.	૦	૨	૦
૬૧	કયવન્નાશાહનો રાસ.	૦	૨	૦
૬૨	રતનચુડ વહેવારીઆનો રાસ.	૦	૨	૦

કાયદા (કાનુન) નાં તથા લાયબલ કેસો.

અફીણનો એક્ટ-સને ૧૮૭૮નો૧લો. ૦–૪ ૦–૦॥

અપકૃત્ય અને ઇઝમેંટનો એક્ટ-ગુજરાતીમાં. ૨–૮ ૦–૪

અર્થશાસ્ત્ર-અંબાલાલ સાકરલાલ દેસાઇ કૃત. ૩–૮ ૦–૩

આબકારી એક્ટ-નવો ટીકાવાળો. ૦–૮ ૦–૧

ઇઝમેન્ટ એક્ટ-સને ૧૮૮૨ નો ૫ મો ને ૧૮૯૧ નો ૮ મો. ૦–૮ ૦–૧

કરજ સારૂ કેદ કરવા બાબતનો એક્ટ ૦–૨ ૦–૦॥

કરાર એક્ટ-સને ૧૮૭૨ નો ૯ મો (વકીલ ગો. બા). ૧–૦ ૦–૩

કરાર એક્ટ-સને ૧૮૭૨ નો ૯ મો ટીકાવાળો એક્ટ. ૩–૮ ૦–૪

કાયદાનો શિક્ષક-(જે. દે. દવેકૃત) જેમાં ફોજદારી રેવન્યુ, દિવાની અને પરચુરણ વિષયોના ન્હાના મોટા લગભગ ૮૦ ઉપરાંત કાયદાઓનો સંગ્રહ હોવાથી ઘર બેઠા વકીલી કામ ચલાવી શકાય છે. ૫–૦ ૦–૮

કારખાનાનો એક્ટ-સને ૧૮૮૧નો ૧૫ મો. ૦–૪ ૦–૦॥

ક્રીમીનલ પ્રોસીજર કોડ-સને૧૮૯૮ નો ૫ મો વગર ટીકાનો ૧–૮ ૦–૩

ક્રીમીનલ પ્રોસીજર કોડ-સને ૧૮૯૮ નો ૫ મો-કલકતાના પ્રિન્સેસસાહેબનાં ઈંગ્રેજી પુસ્તક ઉપરથી ગુજરાતી ભાષામાં. ૬–૦ ૦–૧૨

કોપીરાઇટના હક્ક બાબતનો એક્ટ. ૦–૪ ૦–૦॥

કોર્ટફી એક્ટ-સને ૧૮૭૦ નો ૭ મો ટીકાવાળો. ૦–૫ ૦–૧

કોર્ટ ઓફ વોર્ડસ સ્થાપવાનો એક્ટ સને ૧૯૦૫ નો ૫ મો. ૦–૪ ૦–૧

ખેડુતના કાયદાનો ખુલાસો-(મોટો) જમીનદારો તથા ખેતી કરનારાઓને આથી વકીલ બેરીસ્ટરની સલાહ લેવાની જરૂર નથી. ૨–૦ ૦–૪

ગાઇડ ટુ ડીપાર્ટમેન્ટ પરીક્ષા-બી. એમ. ક્રોટ કૃત. ૧–૦ ૦–૩

ગામની આરોગ્યતાનો એક્ટ-સને ૧૮૮૯ નો ૧ લો. ૦–૨॥ ૦–૦॥

ગામ (વિલેજ) પોલીસ એક્ટ સને ૧૮૬૭ નો ૮ મો. ૦–૨॥ ૦–૦॥

ગુજરાતના તાલુકદારો બાબતનો એક્ટ-સને ૧૮૮૮ નો ૬ ઠ્ઠો, ૧૯૦૫ નો ૨ જો નવો સુધારો અને સંપુર્ણ ટીકાવાળો. ૦–૧૨ ૦–૨

ઘર વકીલ-દીવાની, ફોજદારી રેવન્યુ તથા દરરોજ ઉપયોગમાં આવતા કાયદાઓનો સંગ્રહ હોવાથી ઉપયોગી છે. ૬–૦ ૦–૧૨

ઘી-તથા બીજી ખાવાની ચીજોમાં ભેળસેળ નહીં કરવા દેવાનો એક્ટ સને ૧૮૯૯ નો ૨ જો ૦–૪ ૦–૦॥

ચલણી નાણાનો એક્ટ-સને ૧૯૦૫ નો ૩ જો. ૦–૪ ૦–૦॥

છાપખાના તથા વર્તમાન પત્રોનો એક્ટ. સને ૧૮૬૭ નો ૧૦ મો ૦–૪ ૦–૦॥

જનાવર તરફ થતું ઘાતકીપણું અટકાવવાનો એક્ટ સને ૧૮૯૦ નો ૧૧ મો. ૦–૨॥ ૦–૦॥

જમીન લેવા બાબતનો એક્ટ સને ૧૮૯૪ નો ૧ લો. ૦–૬ ૦–૦॥

જુગાર એક્ટ. સને ૧૮૮૭ નો ૪ થો ને ૧૮૯૧ નો ૧ લો. ૦–૨ ૦–૦॥

જેલ બાબતનો એક્ટ. સને ૧૮૯૪ નો ૯ મો. ૦–૪ ૦–૦॥

જંગલી પક્ષીઓનો એક્ટ. સને ૧૮૮૭ નો ૨૦ મો. ૦–૩ ૦–૦॥

ઝેરી જણસો કબજામાં રાખવા બાબતનો એક્ટ સને ૧૯૦૪ નો ૧ લો ૦–૨ ૦–૦॥

ટ્રસ્ટ એક્ટ સને ૧૮૮૨નો ૨ જો ૦–૮ ૦–૧

ટ્રાન્સફર પ્રોપરટી એકટ, ટીકાવાળો સને ૧૯૦૩ નો.	૨–૮	૦–૪
ડીસ્ટ્રીકટ પોલીસ એકટ નવો. સને ૧૮૯૦ નો ૨ જો.	૦–૬	૦–૧
ડીસ્ટ્રીકટ મ્યુનીસીપાલ એકટ સને ૧૯૦૧ નો ૩ જો.	૦–૧૨	૦–૨
ઢોરના અતિક્રમણ એકટ. સને૧૮૭૧ નો ૧ લો સને ૧૮૭૩ નો ૪થો અને ૧૮૯૧ નો ૧ લો.	૦–૨	૦–૦॥
તાલુકદારી એકટ સને ૧૮૮૮ નો છઠો ૧૯૦૫ નો ૨ જો.	૦–૪	૦–૦॥
તાર (ટેલીગ્રાફ) એકટ. સને૧૮૮૫ નો ૧૩ મો.	૦–૪	૦–૦॥
દક્ષિણના કેટલાક ભાગોમાંના કરજદાર ખેડુતોને મદદ કરવાનો એકટ. સને ૧૮૭૮ નો ૧૭ મો,	૦–૬	૦–૧
ધરમાદા કામનાં ટ્રસ્ટના બે કાયદા સને ૧૮૯૦ નો ૬ ઠો	૦–૬	૦–૧
નાદારી લેવા બાબતનો એકટ. સને ૧૯૦૭ નો ૩ જો ટીકાવાળો. (વકીલ પોપટલાલ અ. કૃત.)	૧–૧૨	૦–૩
નાદારી લેવાનો એકટ સને૧૯૦૭નો ૩ જો	૦–૬	૦–૧
પરરાજ્યના આસામીઓને સ્વાધીન કરવા બાબતનો એકટ. સને૧૮૭૯ નો ૨૧ મો.	૦–૨	૦–૦॥
પ્રાચીન ઇમારતોનો એકટ. સને ૧૯૦૪ નો ૧ લો.	૦–૪	૦–૦॥
પુખ્ત ઉંમરનો એકટ. સને ૧૮૭૫ નો ૯ મો.	૦–૨	૦–૦॥
પુનર્લગ્નનો એકટ.	૦–૨	૦–૦॥
પુરાતન ઇમારતોનું રક્ષણ કરવાનો એકટ સને ૧૯૦૪ નો ૭ મો	૦–૪	૦–૦॥
પુરાવાનો એકટ. સને ૧૮૭૨ નો ૧ લો વગર ટીકાનો.	૦–૧૨	૦–૧
પુરાવાનો એકટ. સને ૧૮૭૨ નો ૧ લો ટીકાવાળો.	૨–૮	૦–૪
પુરાવાનો એકટ. સને ૧૮૭૨ નો ૧ લો. મહેરબાન અમીરઅલ્લી સાહેબનાં અંગ્રેજી પુસ્તકનું ગુજરાતી ભા.	૭–૦	૧–૦॥
પેનલકોડ (ફોજદારી)સને ૧૮૬૦નો ૪૫મો ટીકા વગરનો.	૧–૦	૦–૨॥
પેનલકોડ. (ફોજદારી) કાયદો સને ૧૮૬૦ નો ૪૫ મો ટીકાવાળો સંપુર્ણ હાઇકોર્ટના ફેંસલા સહિત.	૭–૦	૦–૮
પોલીસઅમલદારોને માટે ઉપયોગી પુ.	૧–૦	૦–૨
પોલીસ પટેલ. પોલીસ પટેલને અતી ઉપયોગી કાયદો.	૧–૦	૦–૨
પોસ્ટલ (ટપાલ) ખાતાનો સને ૧૮૯૮ નો ૬ ઠો.	૦–૫	૦–૦॥
ફટકાની શીક્ષા કરવા બાબતનો એકટ	=–૩	૦–૦॥
બચાવ બાંધ કામનો એકટ. સને ૧૯૦૩ નો ૭ મો.	૦–૪	૦–૦॥
બોઇલર બાબતનોએકટ સને ૧૮૯૧ નો ૨ જો.	૦–૪	૦–૦॥
ભટકતા અંગ્રેજો બાબતનો એકટ. સને ૧૮૭૪ નો ૯ મો.	૦–૪	૦–૦॥
મતાદારોનો એકટ સને ૧૮૮૬ નો ૬ ઠો.	૦–૩	૦–૦॥
મનુસ્મૃતિ. હિંદુ ધર્મ શાસ્ત્રનો કાયદો	૨–૮	૦–૪
મામલતદારોની કોર્ટોનો અથવા કબજા વહીવટનો એકટ. સને–૧૯૦૬ નો ૨જો ટીકા તથા ફેંસલા સહિત.	૧–૦	૦–૨
મામલતદારોની કોર્ટોના અધિકારનો ૧૯૦૬ નો ૨ જો.	૦–૪	૦–૧
મીઠા(સોલ્ટ)નો એકટ સને ૧૯૦૧ નો ૧ લો,૧૮૯૦ નો ૨ જો.	૦–૬	૦–૧
મુદતનો એકટ. સને૧૯૦૮નો૯મો.	૦–૮	૦–૧
મુદતનો એકટ સને૧૯૦૮ નો ૯મો ટીકાવાળો મોટો.	૩–૦	૦–૫
મુંબાઇ હાઇકોર્ટના દિવાની વટહુકમો ગુજરાતીમાં,	૨–૦	૦–૪
મુંબાઇ હાઇકોર્ટના ફોજદારી વટહુકમો ગુજરાતીમાં.	૨–૦	૦–૪

મુસલમાની સરેહ (મહમદીલો)વકીલ
બો. ના. કૃત, ૧—૪ ૦—૩
મેઇન હિંદુ લો મેઈન સાહેબનાં ઇંગ્રેજી
હિન્દુ લોની ૬ ઠી આવૃતિ ઉપરથી
ગુજરાતી ભાષાન્તર, ૭—૦ ૧—૦
મોટાર (વાહન) ગાડી એક્ટ સને
૧૯૦૪નો ૨ જો. ૦—૨ ૦—૦।।
યુનિવરસીટી એક્ટ સને ૧૯૦૪ નો
૮ મો. ૦—૪ ૦—૦।।
રજીસ્ટ્રેશન એક્ટ ટીકાવાળો નવો, ૦—૮ ૦—૧
રાજકુમાર અને કાયદાનાં ભાષણો
ગુ, મ. મુનશી. બેરીસ્ટર. ૧—૦ ૦—૧
રેવન્યુ કોડ સને ૧૮૭૯નો ૫ મો. ૦-૧૨ ૦—૧
રેવન્યુ ડીપાર્ટમેન્ટલ પરિક્ષાનું પુ-
સ્તક (જે. હ. કૃત). ૧—૦ ૦—૨
રેવન્યુ ડીપાર્ટમેન્ટલ સબોર્ડિનેટ ને-
ટીવ એસ્ટાબ્લીસમેન્ટ પરિક્ષાનું
પુસ્તક—કર્ત્તા જેઠાલાલ દેવશંકર
દવે કૃત. ૧—૮ ૦—૩
રેલવે એક્ટ—સને ૧૮૯૦ નો ૯ મો
રૂલ સાથેનો. ૦—૮ ૦—૧
વકીલો બાબતનો એક્ટ—સને ૧૯૦૭
સાલ સુધીનો. ૦—૪ ૦-૦।।
વતન—ઇનામ સંબંધી કાયદો—ટીકા
તથા ફેંસલા સહિત. ૨—૦ ૦—૦
વ્યવહાર મયુખ—ગાયકવાડી રાજ્યમાં
વકીલોની પરિક્ષા માટે. ૧—૮ ૦—૩
વારસાના સર્ટીફીકેટનો એક્ટ—સને
૧૮૮૯ નો ૭ મો. ૦—૪ ૦-૦।।
વાલી અને વાર્ડનો એક્ટ—સને૧૮૯૦
નો ૮ મો. ૦—૬ ૦·૦।।
વિશેષ ન્યાયનો એક્ટ—સને ૧૮૭૭
નો ૧ લો. ૦—૮ ૦—૧
વહેંચાણ કરાવવાનો એક્ટ—સને
૧૭૯૨ નો ૪ થો. ૦—૨ ૦-૦।।

સરકારી છુપી વાતોનો એક્ટ—સને
૧૯૦૪ નો ૫ મો. ૦—૨ ૦-૦।।
સ્ટાંપ એક્ટ—સને ૧૯૦૪ નો ૧૫મો ૦—૬ ૦—૧
સીતલા કાઢવાનો એક્ટ—સને ૧૮૯૨
નો ૧ લો. ૦-૨।। ૦-૦।
સીવીલ પ્રોસીજર કોડ—૧૯૦૮ નો
૫ મો ટીકા વીનાનો. ૨—૦ ૦—૪
સીવીલ પ્રોસીજરકોડ—સને ૧૯૦૮
નો ૫ મો સંપૂર્ણ ટીકાવાળો
વકીલ પોપટલાલ અમથાશા કૃત. ૭—૦ ૧—૦
સીવીલ પ્રોસીજરકોડ ,, વકીલ
નીમચંદ કૃત. ૭—૦ ૧—૦
સીવીલ પ્રોસીજરકોડ ,, ટીકા-
વાળો મોટો. ૭· ૦ ૧—૦
સોગન બાબતનો એક્ટ સને ૧૮૭૩
નો ૧૦ મો. ૦—૪ ૦—૦।।
હથીયાર એક્ટ સને ૧૮૭૮ નો
૧૧ મો. ૦—૪ ૦—૦।।

લાયબલ કેસો—

નામદાર આગાખાન જી. સી. આઇ.
ઇ. નો હાજી બીબીવાલો પ્રખ્યાત
કેસ તેમના પેઢી નામ સામે. ૦-૧૦ ૦—૨
બાળગંગાધર તીલક કેસ બુદ્ધિ સા-
મર્થ્યની પરીસીમા. ૦—૪ ૦—૦
બેંગી કેસ વૈષ્ણવોનો ગુરૂનાં અસદ્
ચરિત્રનો હેવાલ. ૧—૪ ૦—૩
ભાયંદરી કેસ. ૦—૧૨ ૦—૨
મહારાજા લાયબલ કેસ તથા તે
સાથે સબંધ રાખતો ભાટિયા કો-
ન્સ્પીરસી કેસ વાંચવા યોગ્ય મુ-
કરદમો. ૨—૦ ૦—૩
વાડીલાલ મુનસફનો કેસ—આ કેસમાં
તેમની સ્ત્રીએ લગ્નના હક્ક પુરા
કરવા કરેલા દાવાની ચાલેલી વિચિત્ર
હકીકતવાળો પ્રખ્યાત કેસ. ૧—૦ ૦—૨